# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદસહિત)

## ભાગ-૭



રચયિતા
શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી

ટીકાકાર
શ્રીમદ્ હરિભદ્રસૂરિ

ભાષાંતર કર્તા
મુનિશ્રી આર્યરક્ષિતવિજય

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રીમદ્ વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ચન્દ્રશેખર-જિતરક્ષિતગુરુભ્યો નમઃ ॥

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીપ્રણીત
શ્રીમદ્ હરિભદ્રસૂરિરચિતશિષ્યહિતાવૃત્તિયુક્ત

# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદ સહિત)

**ભાગ-૪**
(નિ. ૮૮૦ થી ૧૦૫૫)


*ભાષાંતર કર્તા :*
શાસનપ્રભાવક પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન સરળસ્વભાવી પૂ.પં.શ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન
મુનિ આર્યરક્ષિતવિજય

સંશોધક
પ.પૂ.આ.ભ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મ. સાહેબ



પ્રકાશક
શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા
અમદાવાદ - તપોવન

❀ દિવ્યકૃપા ❀

સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબ
વર્ધમાન તપોનિધિ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ
શાસનપ્રભાવક પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

❀ શુભાશિષ ❀

સિદ્ધાન્તદિવાકર શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

*સુકૃતાનુમોદના*

પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબના ઉપકારોની સ્મૃત્યર્થે
પ. પૂ. આ. ભ. યશોરત્નસૂરીશ્વરજી મ. સાહેબની પ્રેરણાથી

**ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ**

*ઉમરા-સુરત*

આપશ્રીએ જ્ઞાનખાતાની ઉપજમાંથી ભાષાંતરસહિત આ ગ્રંથના ચોથા ભાગના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે. આપની આ શ્રુતભક્તિની
અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પ્રથમ પ્રકાશન : વિ. સં. ૨૦૬૭ ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી વર્ષ તા. ૧-૧૦-૨૦૧૧

નકલ : ૬૦૦

મૂલ્ય : રૂ. ૨૨૫/–

**પ્રાપ્તિસ્થાન**

**શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર,
પો.સુઘડ, તા.જી. ગાંધીનગર - ૩૮૨૪૨૪
ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮

દીક્ષિત આર. શાહ
સીમંધર મેડિકલ સ્ટોર
૨, વ્રજપ્લાઝા કોમ્પ્લેક્ષ,
ઉત્સવ રેસ્ટોરન્ટની સામે, પાલડી-ભઠ્ઠા,
અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૬૨૦૬૧

ભાગ્યવંતભાઈ સંઘવી
C/o. વર્ધમાન સંસ્કાર ધામ,
૧-૨, વીતરાગટાવર, ૬૦ ફૂટ રોડ,
બાવન જિનાલયની સામે, ભાયંદર (વેસ્ટ) થાણા,
ફોન : ૨૮૦૪૧૮૬૬ મો : ૯૮૧૯૧૬૯૭૧૯

મુદ્રક : શ્રી રામાનંદ ઓફસેટ, અમદાવાદ. મો. : ૯૮૨૪૦ ૫૩૭૭૨

# समर्पयामि

જેમણે

સેંકડોને અગારમાંથી અણગાર બનાવ્યા,

હજારોને અવિરતમાંથી દેશવિરત બનાવ્યા,

લાખોને શેતાનમાંથી ઈન્સાન બનાવ્યા.

જેમના નામથકી

શાસન પ્રેમીઓના હૃદયો ગુંજી રહ્યા છે,

તો

શાસન શત્રુઓના હૃદયો કંપી રહ્યા છે.

જેમની વાણી થકી

કેટકેટલાયના હૃદયોમાં ભગવદાજ્ઞાનુરાગ વધ્યો,

તો

કેટકેટલાયના હૃદયોમાં દોષાનુરાગ ઘટ્યો.

જેમના આશીર્વચને

મારા જેવા મંદમતિવાળાઓને કપરાકાર્યો

કરવામાં સમર્થ બનાવ્યા.

એવા મારા વ્હાલા ગુરુદેવશ્રી

પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબના

કરકમલોમાં સાદર

સમર્પણ.



॥ ॐ ह्रीं अर्हं नमः ॥

ज्ञान क्रियाभ्यां मोक्षः　　　　　　　　　　　　　　　　ज्ञानस्य फलं विरतिः

સમ્યગ્જ્ઞાન આપતી, ધાર્મિક અધ્યાપકોને તૈયાર કરતી અને ભાવિપેઢીને ઉજ્જવલ કરતી

શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી

સંસ્કૃતી પ્રચારક ટ્રસ્ટ સંચાલિત,

# આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી

## સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા : **શાસન પ્રભાવક પ.પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ**

સંયોજક : **પૂ. પંન્યાસશ્રી જિતરક્ષિત વિજયજી મ. સાહેબ**

સૌજન્ય : **સ્વ.માતુશ્રી સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**

### પાઠશાળાની વિશેષ વિશેષતાઓ

* ૩ થી ૫ વર્ષનો ઠોસ અભ્યાસ, વિશિષ્ટ અભ્યાસ સાથે વિશિષ્ટ સ્કોલરશીપ
* અભ્યાસુઓને વિશિષ્ટ સ્કોલરશીપ તથા ઈનામો
* મુમુક્ષઓને સુંદર તાલીમ
* ન્યાય-વ્યાકરણનો અભ્યાસ કરનારને પ્રતિમાસ વિશિષ્ટ શિષ્યવૃત્તિ
* ધાર્મિક અભ્યાસ સાથે English, કમ્પ્યૂટર, સંગીતનો અભ્યાસ
* પર્યુષણ પર્વમાં દેશવિદેશમાં આરાધના
* રહેવું, જમવું સંપૂર્ણ ફ્રી (નિઃશુલ્ક)

ભાર વિનાના ભણતર સાથે સમ્યગ્ જ્ઞાન સહિતનું ઘડતર એટલે

## તપોવન ગૃહદીપક વિદ્યાલય

* ધો. ૫ થી ૧૨ સુધીનું સ્કૂલનું ડીગ્રીલક્ષી ભાર વિનાનું ભણતર
* સંસ્કૃત-તત્ત્વજ્ઞાન આદિનો વિશિષ્ટ અભ્યાસ
* ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા
* શાળામાં ગયા વિના અનુભવી શિક્ષકો પાસે અભ્યાસ

આપશ્રીના પરીચિતોમાંથી આ બંને યોજનામાં બાળકોને મૂકીને આપ નિશ્ચિંત બનો.
આપનો બાળક ભવિષ્યમાં જિનશાસનનો સેવક તથા માતાપિતાનો ભક્ત બનશે.


**સંપર્ક સ્થળ :**

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમીયાપુર, પોસ્ટ-સુઘડ, જિ. ગાંધીનગર ગુજરાત,

ફોન (૦૭૯) ૩૨૫૧૨૬૪૮, ૨૯૨૮૯૭૩૮ મો.-૯૩૨૮૬૮૧૧૪૫

web site - www.tapovanpathshala.com Email : tapovanpathshala@gmail.com

# મનોમંથન

'નિયતિને સલામ' આ શબ્દો પૂજ્યપાદ ગુરુદેવશ્રી પાસે ઘણીવાર સાંભળવા મળ્યો. પરંતુ ક્યારેય વિચાર્યું નહોતુ કે આ શબ્દો ગુરુદેવશ્રી કદાચ મારી માટે જ બોલી રહ્યા છે. 'ભાગ-૪' ગુરુદેવશ્રીના કરકમલોમાં સમર્પણ કરવાની તીવ્ર ભાવના હતી. એક બાજુ પ્રસ્તુત ભાગનું કાર્ય શરું થયું, તો બીજી બાજુ અચાનક સમાચાર મળ્યા કે ગુરુદેવશ્રીની તબિયત નાજુક બનતી જાય છે. મારા મનમાં ફાળ પડી. વિચાર્યું ગમે તે થાય ગુરુદેવશ્રી વિદાય થાય તે પહેલાં આ ભાગ એમના કરકમળમાં મુકવો છે. પરંતુ વારંવાર સાંભળેલા 'નિયતિને સલામ' એ શબ્દો ત્યારે મારા સર્વ આત્મપ્રદેશોને વળગી ગયા જ્યારે 'ગુરુદેવશ્રીનો કાળધર્મ થયો' એ શબ્દો મારા કર્ણકોટરમાં પ્રવેશ્યા.

મારી ભાવના મારા અંતઃકરણમાં પુનઃ ઊંડાઈમાં ઊતરી ગઈ. મારા મુખમાંથી તે શબ્દો સરી પડ્યા – 'નિયતિને સલામ.' ખેર હવે તે ભાગને સાક્ષાત્ સમર્પણ કરી શક્યો નથી. પરંતુ ઓ ગુરુમા ! આપશ્રી જ્યાં હો ત્યાં આ ભાગ આપશ્રીને સમર્પણ કરું છું.

આ પ્રસ્તુત ચોથા ભાગમાં અશુદ્ધિસ્થળો ઘણા જોવા મળ્યા. જેની શુદ્ધિ **પૂ. પુણ્યવિજયજી** દ્વારા સંશોધિત પ્રતિના આધારે કરી છે. આ સમયે પૂ. જંબૂવિજય વિ. મ. સાહેબના શિષ્યરત્ન **પ.પૂ. પં. પુંડરિકવિજયજી મ. સાહેબ**નો ખાસ-ખાસ આભાર માનું છું. જેમના થકી પૂ. પુણ્યવિજયજી દ્વારા સંશોધિત પ્રતિ પ્રાપ્ત થઈ. આ પ્રતિને મુખ્ય રાખી શ્રી કૈલાસસાગરસૂરી જ્ઞાનમંદિર (કોબા-અમદાવાદ) તરફથી પ્રાપ્ત થયેલ બીજી અન્ય પાંચ-સાત અલગ-અલગ હસ્તલિખિત પ્રતિઓની સહાયથી પ્રસ્તુત ગ્રંથમાં અશુદ્ધિઓને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

એ જ રીતે પ્રસ્તુત ભાગમાં જ્યાં જ્યાં પાણિનીવ્યાકરણના નિયમો આવ્યા ત્યાં ત્યાં બધે તેને અનુસરનારા સિદ્ધહેમવ્યાકરણના નિયમોનું સંકલન કરી આપનારા પૂ. હિતરૂચિ વિ. મ. સાહેબના શિષ્યરત્ન-હાલમાં પૂ. પં. જિતરક્ષિત વિ.ના આજ્ઞાવર્તી એવા **મુ. તેજસકામ વિ.**ને પણ ખૂબ-ખૂબ ધન્યવાદ.

પ્રથમ ભાગથી લઈને અત્યાર સુધીની આ યાત્રામાં સહાય કરનારા મારા વિદ્યાર્થી પંડિતવર્ય **પ્રિયંકભાઈ (દિયોદરવાળા)**ને પણ આ સમયે હું ખાસ યાદ કરું છું. તેને પણ મારા ખૂબ-ખૂબ ધન્યવાદ.

અંતમાં પ્રથમ ત્રણ ભાગને જે રીતે શ્રમણસંઘમાં સફળતા મળી છે એ જ રીતે આ ચોથા ભાગને પણ શ્રમણસંઘ સ્વીકારે અને છદ્મસ્થપણાને કારણે જે કંઈ પણ ભૂલો દેખાય તે ભૂલોનું દર્શન કરાવવા દ્વારા મારા ભ્રમાત્મક જ્ઞાનને દૂર કરે તેવી શ્રમણસંઘના વિદ્વદ્વર્યોને વિનંતી સાથે ......

ગુરુપાદપદ્મરેણુ

**મુ. આર્યરક્ષિત વિ...**

**ભા. સુ. ૧૦ ગુરુદેવશ્રીની પ્રથમ માસિક તિથિ**

# વિષયાનુક્રમણિકા


| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૮૮૦ | સૂત્રનું લક્ષણ | ૧ | ૯૩૬-૯૩૭ | યાત્રા-અભિપ્રાય(બુદ્ધિ) સિદ્ધ | ૧૨૩ |
| ૮૮૧-૮૮૬ | સૂત્રના દોષો અને ગુણો | ૨ | ૯૩૮-૯૩૯ | ઔત્પત્તિકી વિગેરે બુદ્ધિના ચાર પ્રકારો, ઔત્પત્તિકીબુદ્ધિનું સ્વરૂપ | ૧૨૫ |
| ● | સૂત્રાનુગમાદિનું પ્રયોજન | ૯ | | | |
| | **★ નમસ્કારનિર્યુક્તિ ★** | | ૯૪૦-૯૪૨ | ઔત્પત્તિકીબુદ્ધિના દૃષ્ટાન્તો | ૧૨૬ |
| ૮૮૭ | નમસ્કારની વક્તવ્યતાસંબંધી દ્વારગાથા | ૧૧ | ૯૪૩-૯૪૫ | વૈનયિકીબુદ્ધિનું સ્વરૂપ અને દૃષ્ટાન્તો | ૧૫૦ |
| ૮૮૮-૮૮૯ | ઉત્પત્તિદ્વાર અને નમસ્કારની ઉત્પત્તિના કારણો | ૧૨ | ૯૪૬-૯૪૭ | કાર્મિકીબુદ્ધિનું સ્વરૂપ અને દૃષ્ટાન્તો | ૧૬૩ |
| | | | ૯૪૮ | પારિણામિકીબુદ્ધિનું લક્ષણ | ૧૬૬ |
| ૮૯૦ | નમસ્કારના નિક્ષેપાદિ દ્વારો | ૧૫ | ૯૪૯-૯૫૧ | પારિણામિકીબુદ્ધિના દૃષ્ટાન્તો | ૧૬૮ |
| ૮૯૧-૯૦૨ | નમસ્કાર શું છે ? કોનો છે ? કેવી રીતે પ્રાપ્ત થાય ? ક્યાં હોય ? કેટલા કાળ સુધી હોય ? કેટલા પ્રકારનો હોય ? એ રૂપે છ પ્રકારની પ્રરૂપણા, બીજી રીતે નવ અને પાંચ પ્રકારે પ્રરૂપણાદ્વાર | ૧૯ | ૯૫૨ | તપઃસિદ્ધ | ૧૯૫ |
| | | | ૯૫૩ | કર્મક્ષયસિદ્ધનું સ્વરૂપ | ૧૯૭ |
| | | | ૯૫૪ | સમુદ્ઘાતમાં સંપૂર્ણ કર્મક્ષય | ૨૦૧ |
| | | | ૯૫૫ | સમુદ્ઘાતનું સ્વરૂપ | ૨૦૨ |
| | | | ૯૫૬ | સમુદ્ઘાતમાં વિશિષ્ટકર્મક્ષય માટેની યુક્તિ | ૨૦૭ |
| ૯૦૩ | અરિહંતાદિને નમસ્કાર કરવાના માર્ગદેશકાદિ કારણો | ૩૩ | ૯૫૭ | તુંબડા વિગેરેની જેમ સિદ્ધોની સ્વાભાવિક ઊર્ધ્વગતિ | ૨૦૮ |
| ૯૦૪-૯૧૮ | અરિહંતના ગુણો | ૩૫ | ૯૫૮-૯૭૭ | સિદ્ધોનું સ્થાન, સિદ્ધશિલાનું સ્થાન, સ્વરૂપ અને પ્રમાણ, સિદ્ધોની અવગાહનાનું સ્થાન, સિદ્ધોનો આકાર, સિદ્ધોની અવગાહનાનું પ્રમાણ, જ્યાં એક સિદ્ધ ત્યાં અનંતા સિદ્ધો, સિદ્ધોનું સ્વરૂપ | ૨૧૦ |
| ● | નયોને આશ્રયીને ક્રોધાદિનો રાગ-દ્વેષમાં સમાવેશ | ૫૩ | | | |
| ● | બાવીસ પરિષહોની ભાવના | ૯૧ | | | |
| ● | ઉપસર્ગોના પ્રકાર | ૯૫ | | | |
| ૯૧૯-૯૨૨ | અર્હત્ શબ્દનો નિરુક્તિ-અર્થ | ૧૦૦ | | | |
| ૯૨૩-૯૨૬ | અરિહંતનમસ્કારનું ફલ | ૧૦૨ | | | |
| ૯૨૭ | કર્મ વિગેરે સિદ્ધોના નિક્ષેપા | ૧૦૬ | ૯૭૮-૯૯૨ | કેવલજ્ઞાન-દર્શનની સંપૂર્ણ વિષયતા, કેવલિને એક સાથે બે ઉપયોગનો નિષેધ, સિદ્ધોના સુખનું સ્વરૂપ, સિદ્ધના પર્યાયવાચી શબ્દો, સિદ્ધનમસ્કારનું ફલ | ૨૨૦ |
| ૯૨૮-૯૨૯ | કર્મસિદ્ધ અને તેનું દૃષ્ટાન્ત | ૧૦૭ | | | |
| ૯૩૦ | શિલ્પસિદ્ધ અને તેનું દૃષ્ટાન્ત | ૧૦૯ | | | |
| ૯૩૧-૯૩૨ | વિદ્યાસિદ્ધ - ખપુટાચાર્ય | ૧૧૪ | | | |
| ૯૩૩ | મંત્રસિદ્ધ | ૧૧૭ | | | |
| ૯૩૪ | યોગસિદ્ધ - સમિતાચાર્ય | ૧૧૮ | ૯૯૩ | આચાર્યના નિક્ષેપા | ૨૨૯ |
| ૯૩૫ | આગમ-અર્થસિદ્ધ | ૧૨૦ | ૯૯૪-૯૯૫ | લોકોત્તર ભાવાચાર્યનું સ્વરૂપ | ૨૩૦ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૯૯૬-૯૯૯ | ઉપાધ્યાયનિક્ષેપાઓ, ઉપાધ્યાયશબ્દનો અર્થ, | ૨૩૨ | ૧૦૩૦-૩૧ | સામાયિકદ્વાર | ૩૧૦ |
| ૧૦૦૦ | સાધુનિક્ષેપાઓ | ૨૩૪ | ૧૦૩૨ | ભાવસામાદિનું સ્વરૂપ | ૩૧૧ |
| ૧૦૦૧-૦૫ | દ્રવ્ય-ભાવસાધુનું સ્વરૂપ અને નમસ્કાર | ૨૩૪ | ૧૦૩૩ | સામાયિકના પર્યાયવાચી શબ્દો | ૩૧૨ |
| ૧૦૦૬-૦૭ | પંચવિધનમસ્કાર માટે શંકા-સમાધાન | ૨૩૬ | ૧૦૩૪-૩૬ | સામાયિકના કર્તાદિ | ૩૧૩ |
| ૧૦૦૮-૧૧ | અરિહંતાદિનો ક્રમ, પ્રયોજન, ફલ | ૨૪૦ | ૧૦૩૭ | સર્વશબ્દનું નિરૂપણ | ૩૨૦ |
| ૧૦૧૨ | નમસ્કારના ઈહ-પરલોક દૃષ્ટાન્તો | ૨૪૩ | ૧૦૩૮-૪૧ | સાવદ્યાદિશબ્દોનું નિરૂપણ | ૩૨૪ |
| | ★ સામાયિકસૂત્ર ★ | | ૧૦૪૨ | 'જાવજ્જીવાએ' શબ્દનું નિરૂપણ | ૩૨૮ |
| ૧૦૧૩-૧૪ | સૂત્રમંગલ અને સંબંધ | ૨૪૯ | ૧૦૪૩-૪૪ | દશ પ્રકારના જીવન | ૩૨૮ |
| ● | કરેમિ ભંતે !.... સૂત્રનો અર્થ | ૨૫૧ | ૧૦૪૫ | 'ત્રિવિધં - ત્રિવિધેન' શબ્દનું નિરૂપણ | ૩૩૫ |
| ૧૦૧૫-૧૬ | સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને કરણાદિ પદો | ૨૫૬ | ● | ગૃહસ્થપચ્ચક્ખાણના ભાંગાઓ | ૧૪૭ ૩૩૫ |
| ભા. ૧૫૧-૬૧ | નામકરણાદિનું સ્વરૂપ, ઔદારિક શરીરાદિનું ઉત્તરકરણ | ૨૫૬ | ● | શ્રાવકને પણ ત્રિવિધ-ત્રિવિધે પચ્ચક્ખાણ | ૩૩૬ |
| ભા. ૧૬૨-૭૩ | ઔદારિકાદિશરીરને આશ્રયી સંઘાતાદિનું કાલમાન | ૨૬૩ | ૧૦૪૬ | કરેમિ ભંતે ! સૂત્રમાં ત્રણે કાલનું ગ્રહણ | ૩૪૨ |
| ભા. ૧૭૪ | જીવપ્રયોગનિષ્પન્ન ચતુર્વિધકરણ | ૨૭૪ | ● | 'तस्स भंते ! पडिक्कमामि' પદનો અર્થ | ૩૪૩ |
| ૧૦૧૭-૧૯ | ક્ષેત્રાદિકરણોનું સ્વરૂપ | ૨૭૬ | ૧૦૪૭ | 'ત્રિવિધેન' શબ્દ વધારાનો નથી. | ૩૪૪ |
| ● | બવ, બાલવાદિ કરણોને જાણવાનો ઉપાય | ૨૭૯ | ૧૦૪૮ | દ્રવ્ય અને ભાવથી મિથ્યા-દુષ્કૃત અને તેના ઉદાહરણો | ૩૪૬ |
| ૧૦૨૦-૨૩ | બદ્ધ-અબદ્ધશ્રુત, પાંચસો આદેશો પૈકી અમુક આદેશો | ૨૮૧ | ૧૦૪૯-૫૦ | નિંદા-ગર્હા શબ્દોનું નિરૂપણ | ૩૫૦ |
| ૧૦૨૪-૨૬ | નોશ્રુતકરણાદિ | ૨૮૬ | ૧૦૫૧ | 'वोसिरामि' = વ્યુત્સર્ગનું નિરૂપણ | ૩૫૩ |
| ૧૦૨૭ | સામાયિકને આશ્રયી કૃતાકૃતાદિ દ્વારો | ૨૮૯ | ● | પ્રસન્નચંદ્રરાજર્ષિનું દૃષ્ટાન્ત | ૩૫૩ |
| ૧૦૨૮-૨૯ | કરેમિ ભંતે ! સૂત્રના કકારનો લાભ કેવી રીતે થાય ? | ૩૦૫ | ૧૦૫૨ | સામાયિકના કર્તાનું સ્વરૂપ | ૩૫૬ |
| | | | ૧૦૫૩-૫૪ | જ્ઞાન અને ક્રીયાનય | ૩૫૭ |
| | | | ૧૦૫૫ | સ્થિતપક્ષ = પ્રમાણનય | ૩૬૨ |
| | | | ● | મ. હેમચન્દ્રસૂરિકૃત ટીપ્પણી પરિશિષ્ટ-૧ | ૩૬૪ |
| | | | ● | ઉદ્ધૃતકથા પરિશિષ્ટ-૨ | ૩૯૯ |
| | | | ● | ભાગ-૧,૨, ૩ની દૃષ્ટાન્તાનુ-ક્રમણિકા પરિશિષ્ટ-૩ | ૪૦૫ |

# દૃષ્ટાન્તાનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | અરિહંતના માર્ગદેશકત્વગુણ ઉપર અટવીનું દૃષ્ટાન્ત | ૩૬ |
| ૨. | રાગને વિશે અર્હન્મિત્ર | ૪૭ |
| ૩. | દ્વેષ ઉપર નંદનાવિક | ૫૦ |
| ૪. | ક્રોધ ઉપર જમદગ્નિ | ૫૬ |
| ૫. | માન ઉપર સુભૂમચક્રવર્તી | ૬૧ |
| ૬. | માયા ઉપર પંડરાર્યા | ૬૨ |
| ૭. | માયા ઉપર સર્વાંગસુંદરી | ૬૩ |
| ૮. | માયા ઉપર પોપટ | ૬૮ |
| ૯. | લોભ ઉપર નંદશ્રેષ્ઠિ | ૭૫ |
| ૧૦. | શ્રોત્રેન્દ્રિય-પુષ્પશાલ | ૭૭ |
| ૧૧. | ચક્ષુ-ઈન્દ્રિય-શ્રેષ્ઠિપુત્ર | ૭૯ |
| ૧૨. | દુર્લભ અર્થોની પ્રાપ્તિ-જિનદત્તસાર્થવાહ | ૮૧ |
| ૧૩. | ઘ્રાણેન્દ્રિય-કુમાર | ૮૬ |
| ૧૪. | રસનેન્દ્રિય-સોદાસરાજા | ૮૭ |
| ૧૫. | સ્પર્શેન્દ્રિય-સુકુમાલિકા | ૮૮ |
| ૧૬. | કર્મસિદ્ધ-સહ્યગિરિક | ૧૦૮ |
| ૧૭. | શિલ્પસિદ્ધ - કોકાશ | ૧૧૦ |
| ૧૮. | વિદ્યાસિદ્ધ - ખપુટાચાર્ય | ૧૧૪ |
| ૧૯. | મંત્રસિદ્ધનું દૃષ્ટાન્ત | ૧૧૮ |
| ૨૦. | યોગસિદ્ધ - સમિતાચાર્ય | ૧૧૯ |
| ૨૧. | અર્થસિદ્ધ - મમ્મણશેઠ | ૧૨૧ |
| ૨૨. | યાત્રાસિદ્ધ - તુંડિક | ૧૨૩ |
| ૨૩. | ઔત્પત્તિકીબુદ્ધિના દૃષ્ટાન્તો | ૧૨૭ |
| ૨૪. | વૈનયિકીબુદ્ધિના દૃષ્ટાન્તો | ૧૫૨ |
| ૨૫. | કાર્મિકીબુદ્ધિના દૃષ્ટાન્તો | ૧૬૪ |
| ૨૬. | પારિણામિકીબુદ્ધિના દૃષ્ટાન્તો | ૧૬૮ |
| ૨૭. | તપઃસિદ્ધ-દૃઢપ્રહારી | ૧૯૫ |
| ૨૮. | ★ નમસ્કારના ઉદાહરણો ★ | |
| | • આલોકમાં-ત્રિદંડી | ૨૪૩ |
| | • આલોકમાં - દેવનું સાનિધ્ય | ૨૪૪ |
| | • આલોકમાં - બીજોરાનું વન | ૨૪૫ |
| | • પરલોકમાં - ચંડપિંગલ | ૨૪૭ |
| | • પરલોકમાં - હુંડિકયક્ષ | ૨૪૮ |
| ૨૯. | કુરુટ - ઉત્કુરુટ બે ભાઈઓ | ૨૮૪ |
| ૩૦. | પ્રત્યાખ્યાન ઉપર - રાજપુત્રીનું દૃષ્ટાન્ત | ૩૨૭ |
| ૩૧. | 'મિચ્છા મિ દુક્કડં' - કુંભાર | ૩૪૬ |
| ૩૨. | 'મિચ્છા મિ દુક્કડં'-મૃગાવતીજી | ૩૪૭ |
| ૩૩. | કાયોત્સર્ગ - પ્રસન્નચંદ્રરાજર્ષી | ૩૫૩ |


**• નિર્યુક્તિગાથાઓનું વર્ગીકરણ •**

| | |
|---|---|
| ભાગ - ૧ | ૧-૧૮૫ |
| ભાગ - ૨ | ૧૮૬-૬૪૧ |
| ભાગ - ૩ | ૬૪૨-૮૭૯ |
| ભાગ - ૪ | ૮૮૦-૧૦૫૫ |

**શેષ ભવિષ્યમાં**

अथ सूत्रस्पर्शिकनिर्युक्त्यवसरः, सा च प्राप्तावसराऽपि नोच्यते, यस्मादसति सूत्रे कस्यासाविति, ततश्च सूत्रानुगमे वक्ष्यामः । आह–यद्येवं किमिति तस्याः खल्विहोपन्यासः ?, उच्यते, निर्युक्तिमात्रसामान्यात्, एवं सूत्रानुगमोऽप्यवसरप्राप्त एव, तत्र च सूत्रमुच्चारणीयं, तच्च किम्भूतं ? तत्र लक्षणगाथा –

**अप्पग्गंथमहत्थं बत्तीसादोसविरहियं जं च ।**
**लक्खणजुत्तं सुत्तं अट्ठहि य गुणेहिं उववेयं ॥८८०॥**

**व्याख्या :** अल्पग्रन्थं च महार्थं चेति विग्रहः, 'उत्पादव्ययध्रौव्ययुक्तं सदि'त्यादिवत्, अधिकृतसामायिकसूत्रवद्वा, द्वात्रिंशद्दोषविरहितं यच्च, क एते द्वात्रिंशद्दोषाः ?, उच्यन्ते–

---

**અવતરણિકા :** હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો અવસર છે. અલબત્ત તેનો અવસર હોવા છતાં તે કહેવાશે નહિ, કારણ કે સૂત્ર જ ન હોય તો કોનું વર્ણન સૂત્રસ્પર્શિકનિર્યુક્તિમાં કરવું. (આશય એ છે કે – સૂત્રસ્પર્શિકનિર્યુક્તિમાં સૂત્રના દરેક પદોનું વર્ણન કરવાનું હોય છે અને તે સૂત્ર હોય તો જ સંભવી શકે છે. સૂત્ર જ ન હોય તો કોનું વર્ણન કરવું ?) તેથી જ્યારે સૂત્રાનુગમનો અવસર આવશે ત્યારે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અમે કહીશું.

**શંકા :** જો તેનો અવસર અહીં ન હોય તો તેનો ઉપન્યાસ અહીં શા માટે કર્યો ?

**સમાધાન :–** નિર્યુક્તિનો જ એક પ્રકાર હોવાથી તેનો અહીં ઉપન્યાસ કરેલ છે. (અર્થાત્ નિર્યુક્તિના પ્રકાર જણાવવાના હતા એટલે ભેગો આનો પણ સમાવેશ કરી લીધો.)

આ રીતે હવે સૂત્રાનુગમનો અવસર પ્રાપ્ત થયો છે. (અર્થાત્ અનુયોગના ચાર પ્રકાર – ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. તેમાં ઉપક્રમ અને નિક્ષેપ દ્વાર કહ્યા. ત્યાર પછી અનુગમનો અવસર આવ્યો. તે અનુગમ બે પ્રકારે – ૧. નિર્યુક્તિઅનુગમ અને ૨. સૂત્રાનુગમ. તેમાં પણ નિર્યુક્તિઅનુગમ ત્રણ પ્રકારે – ૧. નિક્ષેપનિર્યુક્તિઅનુગમ જે નિક્ષેપદ્વારમાં કહી ગયા. ૨ ઉપોદ્‌ઘાતનિર્યુક્તિ – જે હમણાં જ પૂર્ણ થઈ. ૩. સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ – જેનો અવસર પછી આવશે. આમ હવે સૂત્રાનુગમનો અવસર પ્રાપ્ત થયો છે.) તેમાં પ્રથમ સૂત્રનું ઉચ્ચારણ કરવા યોગ્ય છે. પરંતુ તે સૂત્ર કેવા પ્રકારનું હોય ? (અર્થાત્ સૂત્રના લક્ષણો કયા કયા હોય ?) તે જણાવવા લક્ષણગાથાને કહે છે ⇨

**ગાથાર્થ – જે અલ્પ અક્ષરો અને મહાન અર્થવાળું હોય, બત્રીસ દોષોથી રહિત હોય (તે સૂત્ર કહેવાય છે.) તથા આઠ ગુણોથી યુક્ત એવું સૂત્ર લક્ષણયુક્ત કહેવાય છે.**

**ટીકાર્થ :** 'અલ્પ અક્ષરો અને મહાનાર્થવાળું હોય' એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો. જેમ કે, 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી જે યુક્ત હોય તે સત્ કહેવાય' વગેરે સૂત્રો અથવા પ્રસ્તુત સામાયિકનું સૂત્ર જેમ અલ્પ અક્ષરોવાળું અને મહાન અર્થવાળું છે. તથા જે બત્રીશ દોષોથી રહિત હોય (તે સૂત્ર કહેવાય.) ॥૮૮૦॥ આ બત્રીશદોષો કયા છે ? તે કહેવાય છે ⇨

अलियमुवघातजणयं निरत्थयमवत्थयं छलं दुहिलं ।
निस्सारमधियमूणं पुणरुत्तं वाहयमजुत्तं ॥८८१॥
कमभिण्णवयणभिण्णं विभत्तिभिन्नं च लिंगभिन्नं च ।
अणभिहियमपयमेव य सभावहीणं ववहियं च ॥८८२॥
कालजतिच्छविदोसा समयविरुद्धं च वयणमित्तं च ।
अत्थावत्तीदोसो य होइ असमासदोसो य ॥८८३॥
उवमारूवगदोसाऽनिद्देस पदत्थसंधिदोसो य ।
एते उ सुत्तदोसा बत्तीसं होंति णायव्वा ॥८८४॥

व्याख्या : तत्र 'अनृतम्' अभूतोद्भावनं भूतनिह्नवश्च, अभूतोद्भावनं—प्रधानं कारणमित्यादि, भूतनिह्नवः—नास्त्यात्मेत्यादि १, 'उपघातजनकं' सत्त्वोपघातजनकं, यथा वेदविहिता हिंसा धर्मायेत्यादि २, वर्णक्रमनिर्देशवत् निरर्थकमारादेसादिवत्★ डित्थादिवद्वा ३,

ગાથાર્થ : અલીક, ઉપઘાતજનક, નિરર્થક, અપાર્થક, છળ, દ્રુહિલ, નિસ્સાર, અધિક, હીન, પુનરુક્ત, વ્યાહત, અયુક્ત.

ગાથાર્થ : ક્રમભિન્ન, વચનભિન્ન, વિભક્તિ અને લિંગભિન્ન, અનભિહિત, અપદ, સ્વભાવહીન, વ્યવહિત.

ગાથાર્થ : કાળદોષ, યતિદોષ, અલંકારદોષ, સમયવિરુદ્ધ, વચનમાત્ર, અર્થાપત્તિદોષ અને અસમાસદોષ.

ગાથાર્થ : ઉપમાદોષ, રૂપકદોષ, અનિર્દેશદોષ, પદાર્થદોષ અને સંધિદોષ આ પ્રમાણે સૂત્રના બત્રીશ દોષો જાણવા યોગ્ય છે.

ટીકાર્થ : (૧) અલીક – એટલે કે ખોટું, અર્થાત્ જે સૂત્રમાં અસદ્‌ભૂત પદાર્થનું કથન કર્યું હોય કે સદ્‌ભૂત પદાર્થને છુપાવવામાં આવ્યા હોય (તે સૂત્ર અલીકદોષથી દુષ્ટ કહેવાય છે.) તેમાં અસદ્‌ભૂતનું કથન આ પ્રમાણે – 'પ્રધાન (સાંખ્યોએ માનેલું એક તત્ત્વ) એ જગતનું કારણ છે. (અર્થાત્ જગતની ઉત્પત્તિ પ્રધાનનામના તત્ત્વમાંથી થઈ છે.) સદ્‌ભૂતનું છૂપાવવું, તે આ પ્રમાણે – આત્મા નથી વગેરે.

(૨) ઉપઘાતજનક – જીવોના ઉપઘાતને કરનારું હોય, જેમ કે – 'વેદમાં કહેવાયેલી હિંસા ધર્મ માટે છે.' વગેરે.

(૩) નિરર્થક – વર્ણોના ક્રમનિર્દેશની જેમ જે અર્થ વિનાનું એટલે કે નિરર્થક હોય જેમ કે, આર્, આત્, એસ્ વિગેરે. (અર્થાત્ (H)आर्, आत्, एस् વગેરે આદેશો છે. આ આદેશોમાં વર્ણોનો ક્રમનિર્દેશ જ છે પરંતુ કોઈ અભિધેય = અર્થ આ આદેશોથી જણાતો નથી. તેથી આવા પ્રકારનું સૂત્ર નિરર્થક કહેવાય છે.) અથવા ડિત્થાદિ વચનોની જેમ નિરર્થક જાણવું.

(H) આ પદાર્થ પરિશિષ્ટ-૧માં આપેલ ટિપ્પણમાં છે. ★ अतः परं मुद्रितप्रतिवर्ती 'आर् आत् एस्' इत्यादि पाठो हस्तादर्शेषु नास्तीत्यस्माभिरपि नादृतः ।

**पौर्वापर्यायोगादप्रतिसम्बन्धार्थमपार्थकं, यथा दश दाडिमानि षडपूपाः कुण्डमजाजिनं पललपिण्डः त्वर कीटिके ! दिशमुदीचीं, स्पर्शनकस्य पिता प्रतिसीन इत्यादि ४, वचन-विघातोऽर्थविकल्पोपपत्त्या छलं वाक्छलादि, यथा नवकम्बलो देवदत्त इत्यादि ५, द्रोहस्वभावं द्रुहिलं, यथा-**

*"यस्य बुद्धिर्न लिप्येत, हत्वा सर्वमिदं जगत् ।*
*आकाशमिव पङ्केन, नासौ पापेन युज्यते ॥१॥"*

**कलुषं वा द्रुहिलं, येन पुण्यपापयोः समताऽऽपाद्यते, यथा–'एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचरः' इत्यादि ६, 'निःसारं' परिफल्गु वेदवचनवत् ७, वर्णादिभिरभ्यधिकम्-अधिकं ८, तैरेव हीनम्-ऊनम् ९, अथवा हेतूदाहरणाधिकमधिकं, यथाऽनित्यः शब्दः कृतकत्व-प्रयत्नानन्तरीयकत्वाभ्यां घटपटवदित्यादि, एताभ्यामेव हीनम्-ऊनं यथा-अनित्यः शब्दो घटवत् अनित्यः शब्दः कृतकत्वादित्यादि ८-९, शब्दार्थयोः पुनर्वचनं पुनरुक्तम् अन्यत्रानुवादात्,**

---

(૪) **અપાર્થક**.— આગળ–પાછળનો કોઈ સંબંધ ન હોવાથી સંબંધ વિનાના અર્થવાળું જે સૂત્ર તે અપાર્થક કહેવાય, જેમ કે – દસ દાડમો, છ પૂડલા, (પાણી વગેરેનો) કુંડ, બકરાનું ચામડું, માંસનો પિંડ, હે કીડી ! ઉત્તર દિશા તરફ ઉતાવળે જા, સ્પર્શનકના પિતા, પ્રતિસીન (અહીં આપેલા શબ્દોનો પરસ્પર કોઈ જ સંબંધ નથી તેથી આવું સૂત્ર અપાર્થક કહેવાય છે.)

(૫) **છળ** – જુદા જુદા અર્થો કાઢીને વચનનો નાશ કરવો તે છળ અર્થાત્ વાક્છળ વગેરે. જેમ કે – નવકંબળવાળો દેવદત્ત (અહીં નવી કંબળ અથવા નવ (સંખ્યા) કાંબળ એમ બંને અર્થો નીકળતા હોવાથી આ વાક્ય છળદોષથી દુષ્ટ છે.)

(૬) **દ્રુહિલ** – દ્રોહના સ્વભાવવાળું જે હોય તે. જેમ કે – "આ સર્વ જગતને હણીને પંકવડે આકાશની જેમ જેની બુદ્ધિ લેપાતી નથી, તેને પાપનો બંધ થતો નથી ॥૧॥" અથવા જે કલુષિત હોય તે દ્રુહિલ, અર્થાત્ જેનાવડે પુણ્ય અને પાપમાં સમાનતાની બુદ્ધિ થાય. જેમ કે – જેટલો ઇન્દ્રિયથી દેખાય છે તેટલો જ લોક છે (પરલોક જેવું કશું નથી,) વગેરે.

(૭) **નિસ્સાર** – વેદના વચનોની જેમ જે નકામું હોય = સાર વિનાનું હોય.

(૮) **અધિક** – વર્ણાદિવડે જે સૂત્ર અધિક હોય તે.

(૯) **હીન** – વર્ણાદિવડે જ જે હીન હોય (તે હીનદોષથી દુષ્ટ કહેવાય) અથવા હેતુ–ઉદાહરણ જેમાં વધારે હોય તે અધિક. જેમ કે – કાર્ય હોવાથી તથા પ્રયત્નજન્ય હોવાથી શબ્દ અનિત્ય છે. જેમ કે ઘટ–પટ. (અહીં કાર્ય હોવાથી અથવા પ્રયત્નજન્ય હોવાથી એમ બેમાંથી એક કારણ આપવાથી જ પોતાની વાત સિદ્ધ થઈ શકે છે, એ માટે બે–બે હેતુઓ આપવાની જરૂર નથી. એ જ પ્રમાણે 'ઘટ–પટ' ઉદાહરણમાં પણ બે માંથી એક જ પર્યાપ્ત હોવા છતાં અધિક ઉદાહરણ આપવું કે અધિક હેતુ આપવો એ અધિક દોષ છે.) હેતુ – ઉદાહરણવડે જ હીન સૂત્ર એ હીન દોષવાળું કહેવાય. જેમ કે – શબ્દ ઘટની જેમ અનિત્ય છે. (અહીં કારણ આપવામાં આવ્યું નથી. તેથી આ વાક્ય હેતુહીન હોવાથી દુષ્ટ છે), શબ્દ કાર્ય હોવાથી અનિત્ય છે. (અહીં ઉદાહરણ નથી.) વગેરે.

**अर्थादापन्नस्य स्वशब्देन पुनर्वचनं, तत्र शब्दपुनरुक्तम्-इन्द्र इन्द्र इति, अर्थपुनरुक्तम्-इन्द्रः शक्र इति, अर्थादापन्नस्य स्वशब्देन पुनर्वचनं, यथा-पीनो देवदत्तो दिवा न भुङ्क्ते बलवान् पटिवन्द्रियश्च, अर्थादापन्नं रात्रौ भुङ्क्त इति, तत्र यो ब्रूयात्-दिवा न भुङ्क्ते रात्रौ भुङ्क्त इति स पुनरुक्तमाह १०, 'व्याहतं' यत्र पूर्वेण परं विहन्यते, यथा-'कर्म चास्ति फलं चास्ति, कर्ता नास्ति च कर्मणा'-मित्यादि ११, 'अयुक्तम्' अनुपपत्तिक्षमं, यथा-**

*"तेषां कटतटभ्रष्टैर्गजानां मदबिन्दुभिः ।*
*प्रावर्तत नदी घोरा, हस्त्यश्वरथवाहिनी ॥१॥"*

**इत्यादि १२, 'क्रमभिन्नं' यत्र यथासङ्ख्यमनुदेशो न क्रियते, यथा 'स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणामर्थाः स्पर्शरसगन्धवर्णशब्दा' इति वक्तव्ये स्पर्शरूपशब्दगन्धरसा इति ब्रूयात् इत्यादि १३, 'वचनभिन्नं' वचनव्यत्ययः, यथा वृक्षावेतौ पुष्पिताः इत्यादि १४, 'विभक्तिभिन्नं'**

**(૧૦) પુનરુક્ત દોષ –** અનુવાદ સિવાય શબ્દ અથવા અર્થનું ફરી કથન કરવું. તે પુનરુક્ત દોષ કહેવાય છે. (અનુવાદમાં ફરીવાર અર્થાદિનું કથન કરવા છતાં આ દોષ આવતો નથી.) (અથવા) – અર્થાપત્તિથી પ્રાપ્ત થયેલ અર્થનું પોતાના શબ્દથી ફરી કથન કરવું તે પુનરુક્ત દોષ કહેવાય, જેમ કે – શબ્દનું પુનરુક્ત આ પ્રમાણે – ઇન્દ્ર, ઇન્દ્ર (અહીં 'ઇન્દ્ર' શબ્દ બે વાર આવતો હોવાથી પુનરુક્ત દોષ આવે છે.) અર્થનું પુનરુક્ત આ પ્રમાણે – ઇન્દ્ર, શક્ર (અહીં ઇન્દ્ર અને શક્ર બંનેનો અર્થ એક હોવાથી અર્થનું પુનરુક્ત થયું છે.) અર્થાપત્તિથી પ્રાપ્ત થયેલ અર્થનું સ્વશબ્દવડે પુનઃ કથન આ પ્રમાણે – સ્થૂળ, બળવાન અને પટુ ઇન્દ્રિયવાળો દેવદત્ત દિવસે ખાતો નથી. અહીં અર્થાપત્તિથી જણાય છે કે તે રાત્રે ખાય છે. (અન્યથા સ્થૂળ, બળવાન કેવી રીતે થાય ?) તેથી અહીં કોઈ એમ કહે કે – 'દિવસે ખાતો નથી, રાત્રીએ ખાય છે.' આ રીતે બોલનાર પુનરુક્ત દોષને કહે છે. (કારણ કે દિવસે ખાતો નથી અને હૃષ્ટપુષ્ટ છે. એનાથી જણાય છે કે રાત્રીએ ખાય છે છતાં 'રાત્રીએ ખાય છે' એ પ્રમાણે શબ્દથી કહેવું તે પુનરુક્ત છે.)

**(૧૧) વ્યાહત –** જેમાં પૂર્વ કથન દ્વારા પછીનું કથન હણાતું હોય જેમ કે – (પહેલા કહ્યું કે–) કર્મ છે, અને તેનું ફળ પણ છે. (પછી એમ કહ્યું કે) કર્મોનો કર્તા નથી. (અહીં જો કર્તા ન હોય તો તેનું કર્મ થાય જ શી રીતે ? અને કર્મ ન હોય તો ફળની વાત જ ક્યાં રહી.)

**(૧૨) અયુક્ત –** યુક્તિયુક્ત ન હોવું તે. જેમ કે – તે હાથીઓના ગંડસ્થળથી નીકળેલા મદના બિંદુઓવડે જેમાં હાથી, ઘોડા, રથ તણાય એવી ઘોર નદી વહેવા લાગી. ॥૧॥ વગેરે.

**(૧૩) ક્રમભિન્ન –** જેમાં ક્રમ સાચવવામાં આવ્યો ન હોય તે. જેમ કે – સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રેન્દ્રિયના વિષયો સ્પર્શ–રસ–ગંધ–વર્ણ અને શબ્દ એ પ્રમાણે ક્રમ બતાવવાને બદલે સ્પર્શ–રૂપ–શબ્દ–ગંધ–રસ એ પ્રમાણે ક્રમ વિના બોલે તે ક્રમભિન્ન દોષદુષ્ટ જાણવું.

**(૧૪) વચનભિન્ન –** વચનને બદલવું. જેમ કે – 'वृक्षावेतौ पुष्पिताः' અહીં વૃક્ષ શબ્દને દ્વિવચન છે જ્યારે 'पुष्पिताः' શબ્દ બહુવચનમાં છે.

विभक्तिव्यत्ययः, यथैष वृक्ष इति वक्तव्ये एष वृक्षमित्याह १५, लिङ्गभिन्नं लिङ्गव्यत्ययः, यथेयं स्त्रीति वक्तव्येऽयं स्त्रीत्याह १६, 'अनभिहितम्' अनुपदिष्टं स्वसिद्धान्ते, यथा सप्तमः पदार्थो दशमं द्रव्यं वा वैशेषिकस्य, प्रधानपुरुषाभ्यामभ्यधिकं साङ्ख्यस्य, चतुःसत्यातिरिक्तं शाक्यस्येत्यादि १७, अपदं पद्यविधौ पद्ये विधातव्येऽन्यच्छन्दाधिकारे★ऽन्यच्छन्दोऽभिधानं, यथाऽऽर्यापदे वैतालीयपदाभिधानं, १८, 'स्वभावहीनं' यद्वस्तुनः स्वभावतोऽन्यथावचनं, यथा शीतोऽग्निर्मूर्तिमदाकाशमित्यादि १९, 'व्यवहितम्' अन्तर्हितं, यत्र प्रकृतमुत्सृज्याप्रकृतं व्यासतोऽभिधाय पुनः प्रकृतमभिधीयते, यथा हेतुकथनमधिकृत्य सुप्तिङन्तपदलक्षणप्रपञ्चमर्थशास्त्रं वाऽभिधाय पुनर्हेतुवचनमित्यादि २०, कालदोषः अतीतादिकालव्यत्ययः, यथा रामो वनं प्राविशदिति वक्तव्ये विशतीत्याह २१, यतिदोषः-अस्थानविच्छेदः तदकरणं वा २२, 'छविः' अलङ्कारविशेषस्तेन शून्यमिति २३, 'समयविरुद्धं

(૧૫) **વિભક્તિભિન્ન** – વિભક્તિ બદલવી. જેમ કે 'एष वृक्षः' આ પ્રમાણે કહેવાને બદલે 'एष वृक्षं' કહેવું. (અહીં વૃક્ષ શબ્દને દ્વિતીયા કરી છે માટે વિભક્તિભિન્ન દોષ છે.)

(૧૬) **લિંગભિન્ન** – લિંગ બદલવું. જેમ કે – 'इयं स्त्री' કહેવાને બદલે 'अयं स्त्री' કહેવું.

(૧૭) **અનભિહિત** – એટલે પોતાના સિદ્ધાન્તમાં કહેલું ન હોય તે. જેમ કે વૈશેષિકો છ પદાર્થ અને ૯ દ્રવ્યો માને છે. તેની સામે કોઈ સાતમો પદાર્થ અને દશમું દ્રવ્ય કહે તો વૈશેષિકો માટે આ કથન અનભિહિત કહેવાય છે. એ જ રીતે સાંખ્યો માટે પ્રધાન અને પુરુષ સિવાયના તત્ત્વનું કથન, બૌદ્ધો માટે ચાર સત્યોથી વધારે સત્યોનું કથન.

(૧૮) **અપદ** – (અહીં પદ એટલે છંદ જાણવો.) કાવ્ય રચતી વખતે અન્ય છંદનો અધિકાર હોય અર્થાત્ અન્ય છંદમાં કહેવાનું હોય તેની બદલે બીજા છંદમાં કહેવું તે અપદદોષદુષ્ટ સૂત્ર જાણવું. જેમ કે આર્યાછંદમાં કહેવાને બદલે વૈતાલીયછંદમાં કથન કરવું.

(૧૯) **સ્વભાવહીન** – વસ્તુના વાસ્તવિક સ્વભાવને બદલે અન્ય સ્વભાવ કહેવો તે. જેમ કે – ઉષ્ણ અગ્નિને શીત કહેવો (અર્થાત્ અગ્નિ શીત છે એમ કહેવું.) આકાશ મૂર્ત છે વગેરે.

(૨૦) **વ્યવહિત** – એટલે અંતર પાડવું, અર્થાત્ જેમાં પ્રસ્તુત વાતને છોડીને અપ્રસ્તુત વાતનું વિસ્તારથી વર્ણન કરીને ફરી પ્રસ્તુત કહેવાય તે. જેમ કે – પ્રસ્તુત એવી હેતુની વ્યાખ્યાને છોડીને અપ્રસ્તુત એવા સુપ્ અંતવાળા પદો (અર્થાત્ પ્રથમા, દ્વિતીયાદિ વિભક્તિ અંતવાળા પદો) અને તિઙન્ત પદોના (અર્થાત્ મિ, વસ્, મસ્ વગેરે પ્રત્યયાન્ત પદોના) લક્ષણનો વિસ્તાર કહીને અથવા અર્થશાસ્ત્રને કહીને ફરી હેતુસંબંધી કથન કરવું વગેરે.

(૨૧) **કાળદોષ** – ભૂતકાળાદિને બદલવા, જેમ કે – 'રામ વનમાં પ્રવેશ્યા' એમ કહેવાને બદલે 'રામ વનમાં પ્રવેશે છે' એમ કહેવું.

(૨૨) **યતિદોષ** – (શ્લોકમાં વચ્ચે–વચ્ચે વિરામસ્થાનો આવે તેને યતિ કહેવાય છે. તેથી) અસ્થાને અટકવું અથવા વિરામ ન લેવો એ યતિદોષ છે.

(૨૩) **છવિ** – એક પ્રકારનો અલંકાર. જે સૂત્રમાં અલંકાર ન હોય તે સૂત્ર છવિ દોષથી

★ 'अन्यच्छन्दाधिकारे' पदं मुद्रितप्रतौ नास्ति ।

**च' स्वसिद्धान्तविरुद्धं यथा साङ्ख्यस्यासत् कारणे कार्यं सद् वैशेषिकस्येत्यादि २४, वचनमात्रं निर्हेतुकं यथेष्टभूदेशे लोकमध्याभिधानवत् २५, 'अर्थापत्तिदोषः' यत्रार्थादनिष्टापत्तिः, यथा 'ब्राह्मणो न हन्तव्य' इति, अर्थादब्राह्मणघातापत्तिः २६, 'असमासदोषः' समासव्यत्ययः, यत्र वा समासविधौ सत्यसमासवचनं, यथा राजपुरुषोऽयमित्यत्र तत्पुरुषे समासे कर्त्तव्ये विशेषणसमासकरणं बहुव्रीहिसमासकरणं यदिवा असमासकरणं राज्ञः पुरुषोऽयमित्यादि २७, 'उपमादोषः' हीनाधिकोपमानाभिधानं, यथा मेरूः सर्षपोपमः, सर्षपो मेरुसमो, बिन्दुः समुद्रोपम इत्यादि २८, रूपकदोषः स्वरूपावयवव्यत्ययः, यथा पर्वतरूपावयवानां पर्वतेनानभिधानं, समुद्रावयवानां चाभिधानमित्यादि २९, 'अनिर्देशदोषः' यत्रोद्देश्यपदानामेकवाक्यभावो न क्रियते, यथेह देवदत्तः**

---

દુષ્ટ જાણવું.

(૨૪) **સમયવિરુદ્ધ** એટલે પોતાના સિદ્ધાન્તથી વિરુદ્ધ. જેમ કે, સાંખ્ય લોકો કારણમાં કાર્યની વિદ્યમાનતા માને છે. (અર્થાત્ તેમના મતે માટીરૂપ કારણમાં ઘટરૂપ કાર્યની એકાન્તે વિદ્યમાનતા રહેલી જ છે, કારણ કે માટીમાંથી જ ઘટ ઉત્પન્ન થાય છે, પણ પટ બનતો નથી. તેથી નક્કી થાય છે કે માટીમાં પહેલેથી જ ઘટ રહેલો છે. તેથી કોઈ કારણમાં જો કાર્ય અસત્ કહે તો સાંખ્યમતે સમયવિરુદ્ધ કહેવાય. એ જ રીતે વૈશેષિકો કારણમાં કાર્યને અસત્ માને છે. કોઈ જો સત્ કહે તો તેમના મતે સમયવિરુદ્ધ કહેવાય.

(૨૫) **વચનમાત્ર** – યુક્તિવિનાનું હોય–જેમ કે, કોઈ વ્યક્તિ પોતાને ઈષ્ટ એવા ભૂમિપ્રદેશને લોકના મધ્યભાગ તરીકે જણાવે તો તે વચનમાત્ર જ છે. તેમાં કોઈ યુક્તિ ન હોય.

(૨૬) **અર્થાપત્તિ દોષ** – જેમાં અર્થાપત્તિથી અનિષ્ટની આપત્તિ થતી હોય. જેમ કે, 'બ્રાહ્મણોને હણવા નહિ' આ વચનથી બ્રાહ્મણ વિનાના લોકોનો ઘાત કરવાની અનિષ્ટ આપત્તિ આવે.

(૨૭) **અસમાસ દોષ** – વિપરીત સમાસ કરવો અથવા સમાસ ન કરવો તે. જેમ કે – 'આ રાજપુરુષ છે.' અહીં 'રાજપુરુષ' શબ્દનો તત્પુરુષ સમાસ કરવાને બદલે વિશેષણ સમાસ કરવો (રાજા એવો પુરુષ) અથવા બહુવ્રીહિ સમાસ કરવો (રાજા એ છે પુરુષ જેનો) અથવા સમાસ ન કરવો– 'આ રાજાનો પુરુષ છે' વગેરે.

(૨૮) **ઉપમા દોષ** – હીનાધિક ઉપમા કહેવી. જેમ કે – મેરુને સરસવની ઉપમા આપવી. સરસવને મેરુસમાન કહેવો. બિંદુને સમુદ્રની ઉપમા, વગેરે.

(૨૯) **રૂપક દોષ** – સ્વરૂપના અવયવોને બદલવા. જેમ કે– પર્વત શબ્દવડે પર્વતના અવયવોનું કથન કરવાને બદલે સમુદ્રના અવયવોનું કથન કરવું, વગેરે.

(૩૦) **અનિર્દેશ દોષ** – જેમાં ઉદ્દેશ્ય પદોની એકવાક્યતા ન હોય, જેમ કે–દેવદત્ત થાળીમાં ભાત રાંધે છે આવું કહેવાને બદલે 'રાંધે છે' શબ્દનું કથન ન કરે. એટલે 'દેવદત્ત' અને 'થાળીમાં ભાત' એમ બે જુદા વાક્યો રહે.

स्थाल्यामोदनं पचतीति वक्तव्ये पचतिशब्दानभिधानं ३०, 'पदार्थदोषः' यत्र वस्तुपर्यायवाचिनः पदस्यार्थान्तरपरिकल्पनाऽऽश्रीयते, यथेह द्रव्यपर्यायवाचिनां सत्तादीनां द्रव्यादर्थान्तरपरिकल्पनमुलूकस्य ३१, 'सन्धिदोषः' विश्लिष्टसंहितत्वं व्यत्ययो वेति ३२ । एभिर्विमुक्तं द्वात्रिंशद्दोषरहितं लक्षणयुक्तं सूत्रं तदिति वाक्यशेषः, 'द्वात्रिंशद्दोषरहितं यच्च' इति वचनात्तच्छब्दनिर्देशो गम्यते॥ अष्टाभिश्च गुणैरुपेतं यत् तल्लक्षणयुक्तमिति वर्तते, ते चेमे गुणाः –

निद्दोसं सारवन्तं च हेउजुत्तमलंकियं ।
उवणीयं सोवयारं च मियं महुरमेव य ॥८८५॥

व्याख्या : 'निर्दोषं' दोषमुक्तं 'सारवत्' बहुपर्यायं, गोशब्दवत्सामायिकवद्वा, अन्वयव्यतिरेकलक्षणा हेतवस्तद्युक्तम्, 'अलङ्कृतम्' उपमादिभिरुपेतम्, 'उपनीतम्' उपनयोपसंहृतं, 'सोपचारम्' अग्राम्याभिधानं, 'मितं' वर्णादिनियतपरिमाणं, 'मधुरं' श्रवणमनोहरम् ।

अथवाऽन्ये सूत्रगुणाः–

---

**(૩૧) પદાર્થ દોષ –** જેમાં વસ્તુના પર્યાયવાચી પદના અર્થાંતરની કલ્પના કરવી. જેમ કે – દ્રવ્યના પર્યાયવાચી એવા સત્તા વગેરેને ઉલૂકમત દ્રવ્યથી જુદો પદાર્થ માને છે. (તેથી તેમનું તે કથન પદાર્થદોષથી દુષ્ટ છે.)

**(૩૨) સંધિ દોષ –** જ્યાં સંધિ કરવાની નથી ત્યાં સંધિ કરવી અથવા જ્યાં કરવાની છે ત્યાં ન કરવી તે સંધિદોષ.

આ બધા દોષોથી મુક્ત અને લક્ષણયુક્ત જે હોય તે સૂત્ર કહેવાય છે. મૂળગાથાના "જે બત્રીશદોષથી રહિત હોય" આ વાક્યમાં યદ્ શબ્દનો પ્રયોગ હોવાથી તત્ શબ્દનો નિર્દેશ જણાય છે. (અર્થાત્ જે બત્રીશ દોષોથી રહિત હોય તે સૂત્ર કહેવાય છે એમ યદ્ સાથે તદ્ નો સંબંધ છે.) ॥૮૮૧-૮૮૪॥

**અવતરણિકા :** આઠ ગુણોથી જે યુક્ત હોય તે લક્ષણયુક્ત સૂત્ર કહેવાય છે. તે ગુણો આ પ્રમાણે છે ➪

**ગાથાર્થ : નિર્દોષ, સારયુક્ત, હેતુયુક્ત, અલંકૃત, ઉપનીત, સોપચાર, મિત અને મધુર.**

**ટીકાર્થ :** (૧) દોષમુક્ત હોય (૨) 'ગો' શબ્દની જેમ અથવા સામાયિકની જેમ સૂત્ર ઘણા પર્યાયોવાળું = ઘણા અર્થોવાળું હોવું જોઈએ. ('ગો' શબ્દના અર્થો – દિશા(H), દષ્ટિ, વાણી, જળ, ભૂમિ, સ્વર્ગ, વજ્ર, કિરણ અને પશુ. આ રીતે સૂત્ર પણ જુદા જુદા અર્થોવાળું હોવું જોઈએ.) (૩) અન્વય અને વ્યતિરેક છે લક્ષણ જેનું, એવા હેતુઓથી યુક્ત સૂત્ર હોય. (૪) અલંકૃત એટલે કે ઉપમાદિથી યુક્ત હોય (૫) ઉપનીત એટલે ઉપનય ઘટાડ્યો હોય. (૬) સોપચાર એટલે જેમાં ગામઠી ભાષા ન હોય. (૭) મિત એટલે વર્ણાદિની ચોક્કસ સંખ્યા જેમાં હોય, (૮) મધુર એટલે કે સાંભળવામાં જે મનોહર લાગતું હોય. ॥૮૮૫॥

**અવતરણિકા :** અથવા બીજા (આગળ કહેવાતા) સૂત્રગુણો જાણવા ➪

---

(H) આ પદાર્થ પરિશિષ્ટ-૧ની ટિપ્પણીમાં આપેલ છે.

अप्पक्खरमसंदिद्धं सारवं विस्सओमुहं ।
अत्थोभमणवज्जं च सुत्तं सव्वण्णुभासियं ॥८८६॥

व्याख्या : 'अल्पाक्षरं' मिताक्षरं, सामायिकाभिधानवत्, 'असंदिग्धं' सैन्धवशब्द★वद्यल्लवण-घोटकाद्यनेकार्थसंशयकारि न भवति, 'सारवत्' बहुपर्यायं, 'विश्वतोमुखम्' अनेकमुखं प्रतिसूत्रमनुयोगचतुष्टयाभिधानात् प्रतिमुखमनेकार्थाभिधायकं वा सारवत्, 'अस्तोभकं' वैहिहकारादिपदच्छिद्रपूरणस्तोभकशून्यं, स्तोभकाः-निपाताः, 'अनवद्यम्' अगर्ह्यं, न हिंसाभिधायकं

*"षट् शतानि नियुज्यन्ते, पशूनां मध्यमेऽहनि ।*
*अश्वमेधस्य वचनान्न्यूनानि पशुभिस्त्रिभिः ॥१॥"*

इत्यादिवचनवत्, एवंभूतं सूत्रं सर्वज्ञभाषितमिति । ततश्च सूत्रानुगमात् सूत्रेऽनुगतेऽनवद्यमिति निश्चिते पदच्छेदानन्तरं सूत्रपदनिक्षेपलक्षणः सूत्रालापकन्यासः, ततः सूत्रस्पर्शनिर्युक्तिश्चरमानुयोगद्वारविहिता नयाश्च भवन्ति, समकं चैतदनुगच्छतीति, आह च भाष्यकारः—

ગાથાર્થ : અલ્પાક્ષર, અસંદિગ્ધ, સારવાળું, વિશ્વતોમુખ, નિપાતો વિનાનું, અનવદ્ય, આવા પ્રકારનું સૂત્ર સર્વજ્ઞોએ કહ્યું છે.

**ટીકાર્થ :** સામાયિકની જેમ અલ્પ = **મિત અક્ષરોવાળું** સૂત્ર હોય., **અસંદિગ્ધ** હોય અર્થાત્ સૈન્ધવશબ્દ જેમ લવણ–ઘોડો વગેરે અનેક અર્થનો સંશય કરાવનારું છે તેના જેવું જે ન હોય. **સારવાળું** એટલે કે ઘણાં અર્થોવાળું હોય, **વિશ્વતોમુખ** એટલે દરેક સૂત્રમાં ચાર અનુયોગનું કથન કરેલ હોવાથી અનેક મુખવાળું હોય, અથવા (प्रतिमुखमनेकार्थाभिधायकं वा सारवत्માં રહેલ वा શબ્દ અહીં જોડવો इति टीप्पणके) વિશ્વતોમુખ એટલે દરેક સૂત્ર અનેકાર્થનું અભિધાયક હોવાથી સારવાળું છે. (પૂર્વની વ્યાખ્યામાં **'સારવત્'** અને **'વિશ્વતોમુખ'** આ બંને સ્વતંત્ર જુદા જુદા સૂત્રના વિશેષણ કહ્યા અને અથવા કરીને જે બીજી વ્યાખ્યા કહી તેમાં આ બંને એક કરી એક જ વિશેષણ કહ્યું.)

**અસ્તોભક** એટલે જેમાં વૈ–હિ–હકાર વગેરે પદોના છિદ્રપૂરણરૂપ સ્તોભક ન હોય તે. સ્તોભક એટલે નિપાતો. (આશય એ છે કે વૈ–હિ–હ– વગેરે નિપાતોને સ્તોભક કહેવામાં આવે છે અને તે પાદપૂર્તિ માટે હોય છે. આવા નિપાતો જેમાં ન હોય તે અસ્તોભક કહેવાય.) **અનવદ્ય:–** અગર્હ્ય એટલે કે હિંસાને કહેનારું ન હોય જેમ કે, (વેદમાં કહ્યું છે કે) – વેદના વચનથી અશ્વમેધયજ્ઞના દિવસે મધ્યાહ્ન સમયે ત્રણ પશુઓ ઓછા એવા છસો (અર્થાત્ ૫૯૭) પશુઓની બલિ આપવી. ॥૧॥ વગેરે વચનોની જેમ હિંસાને કહેનાર ન હોય. આવા પ્રકારનું સૂત્ર સર્વજ્ઞોએ કહ્યું છે (અર્થાત્ સર્વજ્ઞોએ જે સૂત્ર આવા પ્રકારના લક્ષણોથી યુક્ત હોય તેને સૂત્ર કહ્યું છે. આ રીતે સૂત્ર કોને કહેવાય ? તેની વ્યાખ્યા કરી. ત્યાર પછી પદચ્છેદસહિત સૂત્રનું ઉચ્ચારણ કરવું એ સૂત્રાનુગમ છે.) આ સૂત્રાનુગમથી સૂત્ર જણાયે છતે અર્થાત્ આ સૂત્ર નિર્દોષ છે એ પ્રમાણે નિશ્ચિત થતાં પદચ્છેદ પછી સૂત્રોના પદોના નિક્ષેપરૂપ સૂત્રાલાપકોનો ન્યાસ થાય છે. ત્યાર પછી

★ वल्ल० इति मुद्रिते ।

*"सुत्तं सुत्ताणुगमो सुत्तालावगकओ य निक्खेवो ।*
*सुत्तप्फासियनिज्जुत्ती णया य समगं तु वच्चंति ॥१॥"*

**सूत्रानुगमादीनां चायं विषयः-सपदच्छेदं सूत्रमभिधाय अवसितप्रयोजनो भवति सूत्रानुगमः, सूत्रालापकन्यासोऽपि नामादिनिक्षेपमात्रमेवाभिधाय, सूत्रस्पर्शनिर्युक्तिस्तु पदार्थविग्रहविचार प्रत्यवस्थानाद्यभिधायेति, तच्च प्रायो नैगमादिनयमतविषयमिति वस्तुतस्तदन्तर्भाविन एव नया इति, न चैतत् स्वमनीषिकयोच्यते, यत आह भाष्यकारः—**

*"होइ कयत्थो वोत्तुं सपयच्छेयं सुयं सुयाणुगमो ।*
*सुत्तालावयनासो नामाइण्णासविणिओगं ॥१॥*
*सुत्तफासियनिज्जुत्तिविनिओगो सेसओ पयत्थाई ।*
*पायं सो च्चिय नेगमणयाइमयगोयरो होइ ॥२॥"*

**आह—यद्येवमुत्क्रमतो निक्षेपद्वारे किमिति सूत्रालापकन्यासोऽभिहित ?; उच्यते,**

---

સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને છેલ્લા અનુયોગદ્વારમાં (નયદ્વારમાં) કહેલા નયો હોય છે. આ બધું સાથે ચાલે છે. (ટૂંકમાં એક એક પદોને છૂટા પાડી સૂત્ર ઉચ્ચારણ કરવાથી આ સૂત્ર બત્રીશ દોષોથી રહિત છે એવું જણાય છે. તે જણાયા પછી સૂત્રના દરેક પદોના નિક્ષેપા કરવામાં આવે છે જેને સૂત્રાલાપકન્યાસ કહેવાય છે. ત્યાર પછી દરેક પદોને સ્પર્શતી સૂત્રસ્પર્શિક-નિર્યુક્તિ અને નય કહેવાના હોય છે. આ બધાનું ભેગું નિરૂપણ ચાલે છે.) આ જ વાત ભાષ્યકાર જણાવે છે –

"સૂત્ર, સૂત્રાનુગમ, સૂત્રાલાપકકૃત નિક્ષેપ તથા સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને નય ભેગા ચાલે છે. ॥૧॥" સૂત્રાનુગમાદિનો આ વિષય (પ્રયોજન) છે – પદચ્છેદસહિત સૂત્રને કહીને સૂત્રાનુગમ પૂર્ણપ્રયોજનવાળો થાય છે (અર્થાત્ સૂત્રાનુગમનું પ્રયોજન પૂર્ણ થાય છે.) સૂત્રાલાપકન્યાસ પણ નામાદિનિક્ષેપોને કહીને પૂર્ણ થાય છે. સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ દરેક પદોના અર્થોને, પદોના સમાસવિગ્રહને, પ્રશ્નો (विचार=चालना इति टिप्पणके) અને ઉત્તરોને કહીને પૂર્ણ થાય છે. આ પદાર્થોદિનું વર્ણન પ્રાયઃ નૈગમાદિનયમતને આશ્રયી હોવાથી પ્રશ્ન–ઉત્તરમાં જ વસ્તુતઃ નયોનો સમાવેશ થઈ જાય છે. આ વાત પોતાની બુદ્ધિથી કહી નથી, કારણ કે ભાષ્યકાર પણ આ વાતને જ કહે છે – "સૂત્રાનુગમ પદચ્છેદસહિત સૂત્રને કહીને કૃતાર્થ થાય છે. સૂત્રાલાપકન્યાસ નામાદિન્યાસના (નામાદિ નિક્ષેપાના) અનુયોગને કહીને કૃતાર્થ થાય છે. ॥૧॥ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો વિસ્તાર શેષ પદાર્થાદિને કહીને કૃતાર્થ થાય છે. પ્રાય, આ પદાર્થાદિ શેષ જ નૈગમનયાદિમતનો વિષય છે. ॥૨॥"

**શંકા –** જો આ રીતનો ક્રમ હોય, અર્થાત્ સૂત્રાનુગમ પછી સૂત્રાલાપકનિક્ષેપનો ક્રમ હોય તો તમે ઉત્ક્રમે (એટલે કે સૂત્રાનુગમ પહેલાના) નિક્ષેપદ્વારમાં સૂત્રાલાપકનિક્ષેપ કેમ કહ્યો ?

**સમાધાન –** પૂર્વે નિક્ષેપસામાન્યથી લાઘવ માટે કહ્યો હતો (અર્થાત્ નિક્ષેપના પ્રકારોમાં સૂત્રાલાપકનિક્ષેપનો પણ સમાવેશ થતો હતો, તેથી સામાન્યથી ત્યાં નિર્દેશ કર્યો હતો.) વધુ પ્રાસંગિક

निक्षेपसामान्याल्लाघवार्थमित्यलं प्रसङ्गेन । एवं विनेयजनानुग्रहायानुगमादीनां प्रसङ्गतो विषयविभागः प्रदर्शितः, अधुना प्रकृतं प्रस्तुमः, तत्र सूत्रं सूत्रानुगमे सत्युच्चारणीयं, तच्च पञ्चनमस्कारपूर्वकं, तस्याशेषश्रुतस्कन्धान्तर्गतत्वात्, अतोऽसावेव सूत्रादौ व्याख्येयः, सर्वसूत्रादित्वात्, सर्वसम्मतसूत्रादिवत्, सूत्रादित्वं चास्य सूत्रादौ व्याख्यायमानत्वात्, निर्युक्तिकृतोपन्यस्तत्वाद्, अन्ये तु व्याचक्षते-मङ्गलत्वादेवायं सूत्रादौ व्याख्यायत इति, तथाहि-त्रिविधं मङ्गलम् — आदौ मध्येऽवसाने च, तत्राऽऽदिमङ्गलार्थं नन्दी व्याख्याता, मध्यमङ्गलार्थं तु तीर्थकरादिगुणाभिधायकः 'तित्थकरे' इत्यादि गाथासमूहः, नमस्कारस्त्ववसानमङ्गलार्थं इति, एतच्चायुक्तं, शास्त्रस्यापरिसमाप्तत्वादवसानत्वानुपपत्तेः, न चाऽऽदिमङ्गलत्वमप्यस्य युज्यते, तस्य कृतत्वात्, कृतकरणे चानवस्थाप्रसङ्गात्, अलं वा परबुद्धिमान्द्यप्रदर्शनेन, नैष सतां न्यायः, सर्वथा गुरुवचनाद् यथाऽवधारितं तत्त्वार्थमेव

---

વાતોથી સર્યું. આ પ્રમાણે શિષ્યસમૂહ ઉપર ઉપકાર કરવા માટે અનુગમાદિનો પ્રસંગથી વિષયવિભાગ બતાવ્યો.

હવે પ્રસ્તુત વિચારણા કરીએ. તેમાં સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારણ કરવા યોગ્ય છે. તે સૂત્ર પંચનમસ્કારપૂર્વક ઉચ્ચારવું જોઈએ, કારણ કે પંચનમસ્કાર સર્વ શ્રુતસ્કંધોમાં સમાયેલો છે. તેથી સૂત્રોની શરૂઆત પંચનમસ્કારનું જ વ્યાખ્યાન કરવા યોગ્ય છે. તેનું પણ કારણ એ છે કે આ પંચનમસ્કાર સર્વ સૂત્રોની શરૂઆત છે, તેથી જેમ સર્વ સંમત સૂત્રનું વ્યાખ્યાન પ્રથમ કરાય છે, તેમ નમસ્કારની વ્યાખ્યા પણ શરૂઆતમાં કરવી જોઈએ. વળી સર્વ સૂત્રોમાં તે પ્રથમ છે. તેનું કારણ એ છે કે તે સૂત્રની શરૂઆતમાં વ્યાખ્યાન કરાય છે. તેનું પણ કારણ એ છે કે — નિર્યુક્તિકારે પંચનમસ્કાર સૂત્રની શરૂઆતમાં રાખ્યો છે. અહીં **કેટલાક આચાર્યો એમ કહે છે કે** — 'પંચનમસ્કાર એ મંગળ હોવાથી સૂત્રની શરૂઆતમાં વ્યાખ્યાન કરાય છે. તે આ પ્રમાણે — ત્રણ પ્રકારના મંગળ છે → શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં. તેમાં પ્રથમ મંગળ માટે નંદીનું વ્યાખ્યાન કર્યું. મધ્યમ મંગળ માટે તીર્થંકરાદિના ગુણોને કહેનારો 'तित्थयरे भगवंते' ગા. ૮૦ વગેરે ગાથાઓનો સમૂહ કહ્યો. તથા અંતિમ મંગલ માટે નમસ્કાર કહેવાય છે. (આમ એ મંગલરૂપ હોવાથી સૂત્રની શરૂઆતમાં કહેવાઈ રહ્યો છે.)

**ટીકાકાર** : તમારી આ વાત અયુક્ત છે, કારણ કે શાસ્ત્ર હજુ સમાપ્ત જ થયું નથી તો શાસ્ત્રનો અંત જ ક્યાંથી આવ્યો ? (કે જેથી તમે કહો છો કે અંતિમ મંગળ માટે નમસ્કાર છે.)

(**અન્યાચાર્ય** : તો એમ કરો અહીંથી સૂત્રની શરૂઆત થતી હોવાથી આ પ્રથમ મંગળ માટે છે એમ જાણો. પરંતુ નમસ્કાર એ મંગળ માટે છે એ તો નક્કી છે.)

**ટીકાકાર** : પંચનમસ્કાર આદિમંગળરૂપ પણ નથી, કારણ કે તે તો નિર્યુક્તિકારે ગ્રંથની શરૂઆતમાં જ નંદીના વ્યાખ્યાનરૂપે કરી દીધું છે. વળી કરેલાને જ જો કરવાનું હોય તો અનવસ્થાનો પ્રસંગ આવે. (તેથી એ વાત નક્કી થાય છે, નમસ્કાર મંગળરૂપ છે માટે નહિ પણ નિર્યુક્તિકારે તેનો પ્રથમ ઉપન્યાસ કરેલ હોવાથી તે સૂત્રની શરૂઆતમાં વ્યાખ્યાન કરવા યોગ્ય છે.)

અથવા બીજાની બુદ્ધિની મંદતાને દેખાડવાથી સર્યું. સજ્જનોને આ ઉચિત નથી. સર્વથા

प्रतिपादयामः । सूत्रादिश्च नमस्कारः, अतस्तमेव प्राग् व्याख्याय सूत्रं व्याख्यास्यामः, स चोत्पत्त्याद्यनुयोगद्वारानुसारतो व्याख्येयः, तत्र नमस्कारनिर्युक्तिप्रस्ताविनीमिमामाह गाथां निर्युक्तिकारः—

**उप्पत्ती १ निक्खेवो २ पयं ३ पयत्थो ४ परूवणा ५ वत्थुं ६**

**अक्खे ७ पसिद्धि ८ कमो ९ पओयण १० फलं ११ नमोक्कारो ॥८८७॥**

व्याख्या : उत्पादनम् उत्पत्तिः, प्रसूतिः उत्पाद इत्यर्थः, सोऽस्य नमस्कारस्य नयानुसारतश्चिन्त्यः, तथा निक्षेपणं निक्षेपो न्यास इत्यर्थः, स चास्य कार्यः, पद्यतेऽनेनेति पदं तच्च नामिकादि, तच्चास्य वाच्यं, तथा 'पदार्थः' पदस्यार्थः पदार्थः, स च वाच्यः, तस्य च निर्देशः सदाद्यनुयोगद्वारविषयत्वात्, प्रकर्षेण रूपणा-प्ररूपणा कार्येति, वसन्त्यस्मिन् गुणा इति वस्तु तदर्हं वाच्यम्, आक्षेपणम् आक्षेपः आशङ्केत्यर्थः, सा च कार्या, प्रसिद्धिः तत्परिहाररूपा वाच्येति, क्रमः अर्हदादिरभिधेयः, 'प्रयोजनं' तद्विषयमेव, अथवा येन प्रयुक्तः प्रवर्तते तत्प्रयोजनम्-अपवर्गाख्यं, तथा 'फलं' तच्च क्रियाऽनन्तरभावि स्वर्गादिकम्, अन्ये तु व्यत्ययेन प्रयोजनफलयोरर्थं प्रतिपादयन्ति, नमस्कारः ( १५०० ग्रन्थाग्रं ) खल्वेभिर्द्वारैश्चिन्त्य इति गाथासमुदायार्थः ॥८८७॥

---

ગુરુમુખેથી જે રીતે અવધારણ કરેલું હોય તે રીતે જ તત્વાર્થનું પ્રતિપાદન અમે (ટીકાકારાદિ) કરીએ છીએ. સૂત્રની શરૂઆતમાં નમસ્કાર છે. તેથી નમસ્કારનું જ પ્રથમ વ્યાખ્યાન કરીને સૂત્રનું વ્યાખ્યાન અમે કરીશું. તે નમસ્કાર ઉત્પત્તિ વગેરે અનુયોગદ્વારના અનુસારે વ્યાખ્યાન કરવા યોગ્ય છે. તેમાં નિર્યુક્તિકાર પ્રથમ નમસ્કારનિર્યુક્તિનો આરંભ કરતી આ ગાથાને કહે છે ➪

**ગાથાર્થ : ઉત્પત્તિ, નિક્ષેપ, પદ, પદાર્થ, પ્રરૂપણા, વસ્તુ, આશંકા, સમાધાન, ક્રમ, પ્રયોજન અને ફળ (આ દ્વારોવડે) નમસ્કાર (વિચારવો.)**

**ટીકાર્થ** : (૧) ઉત્પત્તિદ્વારમાં નમસ્કારની ઉત્પત્તિ નયોને અનુસારે વિચારવા યોગ્ય છે. (૨) નમસ્કારના નિક્ષેપો કહેવા. (૩) જેનાવડે જણાય તે પદ, અને તે પદ તરીકે નામિકપદાદિ જાણવા. નમસ્કારના નામિકાદિ પદો કહેવા. (૪) પદનો અર્થ તે પદાર્થ, તે કહેવા યોગ્ય છે, અને પદાર્થનો નિર્દેશ પણ સત્ વગેરે અનુયોગનો વિષય હોવાથી કહેવા યોગ્ય છે. (૫) પ્રકર્ષવડે જે કથન કરવું તે પ્રરૂપણા કહેવાય, તે કરવી. (આ અને ઉપરોક્ત વ્યાખ્યાઓનો ભાવાર્થ તે તે દ્વારમાં સ્પષ્ટ થઈ જશે.) (૬) જેમાં ગુણો વસે= રહે તે વસ્તુ. નમસ્કારને યોગ્ય વસ્તુ કહેવી. (૭) આક્ષેપ એટલે આશંકા (અર્થાત્ પ્રશ્ન), તે કરવી. (૮) પ્રસિદ્ધિ એટલે ઉત્તર કહેવો. (૯) ક્રમમાં અરિહંતાદિ અર્થોનો ક્રમ કહેવો. (૧૦) પ્રયોજનદ્વારમાં અરિહંતાદિના ક્રમનું પ્રયોજન જણાવવું. અથવા જેને મેળવવા જીવ (નમસ્કારની) પ્રવૃત્તિ કરે છે તે પ્રયોજન અને તે પ્રયોજન તરીકે મોક્ષ જાણવો. (૧૧) ફળ તરીકે ક્રિયા પછી તરત થનારું સ્વર્ગાદિ ફળ જાણવું. કેટલાક આચાર્યો પ્રયોજન અને ફળનો અર્થ અદલબદલ કરે છે (અર્થાત્ સ્વર્ગાદિને પ્રયોજન અને મોક્ષને ફળ કહે છે.) આ અગિયાર દ્વારોવડે નમસ્કાર વિચારવા યોગ્ય છે. આ પ્રમાણે ગાથાનો સમુદાયાર્થ (સંક્ષેપાર્થ) કહ્યો. ॥૮૮૭॥

'यथोद्देशं निर्देश' इति न्यायमाश्रित्योत्पत्तिद्वारनिरूपणायाऽऽह निर्युक्तिकारः –

उप्पन्नाऽणुप्पन्नो इत्थ नयाऽऽइनिगमस्सऽणुप्पन्नो ।
सेसाणं उप्पन्नो जइ कत्तो ?, तिविहसामित्ता ॥८८८॥

व्याख्या : उत्पन्नश्च+ सः अनुत्पन्नश्च स इति समानाधिकरणः, क्तेन★ नञ्विशिष्टेनानञ् ( पा- २-१-६०) कृताकृतादिवदुत्पन्नानुत्पन्नः, स्याद्वादिन एव एवंप्रकारः समासो युज्यते, नान्यस्यैकान्तवादिनः, एकत्रैकदा परस्परविरुद्धधर्मानभ्युपगमात्, आह–स्याद्वादिनोऽपि कथमेकत्रैकदा परस्परविरुद्धधर्माध्यास इति, उच्यते, 'एत्थ णय'त्ति अत्र नयाः प्रवर्तन्ते, ते च नैगमादयः सप्त, नैगमोऽपि द्विभेदः-सर्वसङ्ग्राही देशसङ्ग्राही च, तत्रादिनैगमस्य सामान्यमात्रावलम्बित्वात् तस्य चोत्पादव्ययरहितत्वान्नमस्कारस्यापि तदन्तर्गतत्वादनुत्पन्नः, 'सेसाणं उप्पण्णो'त्ति शेषाः- विशेषग्राहिणस्तेषां शेषाणां विशेषग्राहित्वात् तस्य चोत्पादव्ययवत्त्वात् उत्पादव्ययशून्यस्य वान्ध्येयादिवदवस्तुत्वात् नमस्कारस्य च वस्तुत्वादुत्पन्न इति, आह–शेषाः सङ्ग्रहादयः, सङ्ग्रहस्य

---

**અવતરણિકા :** 'જે ક્રમથી દ્વારોનું નિરૂપણ કર્યુ તે દ્વારો તે જ ક્રમે જણાવવા જોઈએ' એ ન્યાયને આશ્રયી પ્રથમ ઉત્પત્તિદ્વારનું નિરૂપણ કરવા માટે નિર્યુક્તિકાર કહે છે ⇨

**ગાથાર્થ : નમસ્કાર ઉત્પન્ન છે, અને અનુત્પન્ન પણ છે. આ વિષયમાં નયોની વિચારણા છે. તેમાં પ્રથમ નૈગમનયના મતે નમસ્કાર અનુત્પન્ન છે અને શેષ નયોના મતે નમસ્કાર ઉત્પન્ન છે. જો ઉત્પન્ન છે તો શેમાંથી ?–ત્રણ પ્રકારના કારણમાંથી (નમસ્કાર ઉત્પન્ન થાય છે.)**

**ટીકાર્થ :** નમસ્કાર ઉત્પન્ન છે, અનુત્પન્ન પણ છે. क्तेन नञ्विशिष्टेनानञ् (पा. २–१–६०) નિષેધ જણાવનાર नञ् થી વિશિષ્ટ એવા क्त (ભૂતકૃદંતનો પ્રત્યય) સાથે नञ् વિનાનો સમાસ થાય. અહીં આ સૂત્રથી કૃતાકૃતની જેમ ઉત્પન્નાનુત્પન્ન સમાસ થયો છે. સ્યાદ્વાદીઓને જ આવા પ્રકારનો સમાસ કરવો ઘટે છે. પરંતુ એકાન્તવાદીઓને નહિ કારણ કે તેઓ એક જ વસ્તુમાં એક જ સમયે પરસ્પર વિરુદ્ધધર્મો સ્વીકારતા નથી.

**શંકા :** સ્યાદ્વાદીઓના મતે પણ એક જ વસ્તુમાં એક જ સમયે પરસ્પર વિરુદ્ધધર્મો કેવી રીતે રહી શકે?

**સમાધાન :** આ વિષયમાં નયોથી વિચાર કરાય છે અને તે નૈગમાદિ સાત નયો છે. નૈગમનય બે પ્રકારે છે. – ૧ સર્વનો સંગ્રહ કરનાર અને ૨. દેશનો સંગ્રહ કરનાર. તેમાં પ્રથમ સર્વસંગ્રહ કરનાર નૈગમનય સામાન્યમાત્રને જ ગ્રહણ કરનાર છે અને સામાન્ય એ ઉત્પાદ–વ્યયથી રહિત છે. નૈગમના મતે નમસ્કારનો પણ સામાન્યમાં જ સમાવેશ થતો હોવાથી નમસ્કાર અનુત્પન્ન છે. જ્યારે વિશેષગ્રાહી એવા શેષ નયોના મતે નમસ્કાર ઉત્પન્ન = ઉત્પત્તિવાળો છે. તે આ રીતે – શેષ નયો વિશેષગ્રાહી છે અને વિશેષ એ ઉત્પાદ–વ્યયવાળો છે. જે ઉત્પાદ–વ્યયથી શૂન્ય છે, તે વંધ્યાપુત્રાદિની જેમ અવસ્તુ છે અને નમસ્કાર એ તો વસ્તુસ્વરૂપે છે, અવસ્તુ નથી માટે ઉત્પન્ન છે.

---

+ ०श्चासाव० इति मुद्रितप्रतौ । ★ क्तं नञादिभिन्नैः ( सिद्धहेम० – ३-१-१०५ ) ।

च विशेषग्राहित्वं नास्तीति, उच्यते, तस्यादिनैगम एवान्तर्भावान्न दोष इति, अतः शेषाणामुत्पन्नः, 'जइ कत्तो'त्ति यद्युत्पन्नः, कुत ? इति, आह–'तिविहसामित्ता' त्रिविधं च तत् स्वामित्वं चेति समासः, तस्मात्त्रिविधस्वामित्वात्-त्रिविधस्वामिभावात् त्रिविधकारणादित्यर्थः । आह–एवमप्येकत्रैकदा परस्परविरुद्धधर्माध्यासदोषस्तदवस्थ एव, न, अशेषवस्तुन एव तत्त्वतः सामान्यविशेषात्मकत्वात्, सामान्यधर्मैः सत्त्वादिभिरनुत्पादाद् विशेषधर्मैः संस्थानानुपूर्व्यादिभिरुत्पादाद्, विजृम्भितं चात्र भाष्यकृता तत्तु नोच्यते ग्रन्थविस्तरभयाद्, गमनिकामात्रमेवैतदिति गाथार्थः ॥८८८॥

यदुक्तं–'त्रिविधस्वामित्वादि'ति, तत् त्रिविधस्वामित्वमुपदर्शयन्नाह–

**समुट्ठाण १ वायणा २ लद्धिओ ३ य पढमे नयत्तिए तिविहं ।**

**શંકા :** શેષ નયો તરીકે સંગ્રહાદિ નયો છે અને સંગ્રહનય તો સામાન્યગ્રાહી હોવાથી તેનું વિશેષગ્રાહીપણું છે જ નહિ (તેથી તેના મતે નમસ્કાર ઉત્પન્ન કેવી રીતે કહેવાય ?)

**સમાધાન :** સંગ્રહનયનો આદિ(સર્વસંગ્રાહી)નૈગમનયમાં જ સમાવેશ થઈ જતો હોવાથી કોઈ પ્રશ્ન રહેતો નથી. આમ, શેષ નયોના મતે નમસ્કાર ઉત્પન્ન છે. જો નમસ્કાર ઉત્પન્ન છે તો તેની ઉત્પત્તિ શેમાંથી ? તે જણાવે છે કે – ત્રણ પ્રકારના સ્વામીત્વથી અર્થાત્ ત્રણ પ્રકારના કારણમાંથી નમસ્કાર ઉત્પન્ન થયો છે.

**શંકા :** નયથી વિચારણા કરવા છતાં પણ એક જ વસ્તુમાં એક જ સમયે પરસ્પર વિરુદ્ધધર્મોનો સમાવેશરૂપ દોષ તો ઊભો જ છે તેનું શું ?

**સમાધાન :** ના, તે દોષ રહેતો નથી, કારણ કે દરેક વસ્તુ વાસ્તવિક રીતે સામાન્ય–વિશેષરૂપ છે. સત્ત્વાદિ સામાન્યધર્મોવડે વસ્તુની અનુત્પત્તિ હોવાથી અને સંસ્થાન–આનુપૂર્વી વગેરે વિશેષ-ધર્મોવડે વસ્તુની ઉત્પત્તિ થતી હોવાથી એક જ વસ્તુમાં એક જ સમયે પરસ્પર વિરુદ્ધધર્મોનો સમાવેશ થઈ જ શકે છે. (ભાવાર્થ એ છે કે – દરેક ક્ષણે વસ્તુ વિદ્યમાન છે જ. તેથી દરેક ક્ષણે તે વસ્તુમાં વિદ્યમાનતા = સત્તા નામનો સામાન્યધર્મ તો રહેલ છે જ. તેથી વિદ્યમાનતારૂપ સામાન્યધર્મને લઈને જોઈએ તો વસ્તુ ક્યારેય નવી ઉત્પન્ન થતી નથી. જ્યારે દરેક સમયે વસ્તુમાં પુદ્‌ગલોનો ચયાપચય ચાલુ હોવાથી દરેક ક્ષણે વસ્તુના સંસ્થાનમાં = આકારમાં સામાન્યથી થોડો–થોડો ફેરફાર થયા જ કરતો હોય છે. માટે જ પ્રથમ ક્ષણે વસ્તુનો જે આકાર હોય તેનાં કરતા બીજી ક્ષણે થોડો આકાર બદલાય. તેથી આકારની અપેક્ષાએ દરેક ક્ષણે વસ્તુની ઉત્પત્તિ થઈ એમ કહેવાય છે.) આ વિષયમાં ભાષ્યકારે (વિ.આ.ભા.ગા. ૨૮૦૮ વગેરેમાં) વિસ્તાર કર્યો છે જે ગ્રંથવિસ્તારના ભયથી અહીં કહેવાતો નથી, કારણ કે અમારો આ પ્રયાસ સંક્ષેપરૂપ છે. ॥૮૮૮॥

**અવતરણિકા :** પૂર્વે કહ્યું કે નમસ્કાર ત્રણ કારણોમાંથી ઉત્પન્ન થયો છે. તે ત્રણ કારણોને બતાવતા નિર્યુક્તિકાર કહે છે ➪

**ગાથાર્થ : સમુત્થાન, વાચના અને લબ્ધિ આ ત્રણ કારણો પ્રથમ ત્રણ નયો માને છે. ઋજુસૂત્ર**

**उज्जुसुय पढमवज्जं सेसनया लद्धिमिच्छंति ॥८८९॥**

व्याख्या : समुत्थानतो वाचनातो लब्धितश्च नमस्कारः समुत्पद्यते इति वाक्यशेषः, सम्यक् सङ्गतं प्रशस्तं वोत्थानं समुत्थानं तन्निमित्तं नमस्कारस्य, कस्य समुत्थानम् ?, अन्यस्याश्रुतत्वात्तदाधारभूतत्वात् प्रत्यासन्नत्वाद् देहस्यैव गृह्यते इति, युक्तं च देहसमुत्थानं नमस्कारकारणं, तद्भावभावित्वान्यथाऽनुपपत्तेरिति, अतः समुत्थानतः १, वाचनं वाचना-परतः श्रवणम्, अधिगम उपदेश इत्यनर्थान्तरं, सा च नमस्कारकारणं, तद्भावभावित्वादेवेति, अतो वाचनातः २, लब्धिः-तदावरणकर्मक्षयोपशमलक्षणा, सा च कारणं, तद्भावभावित्वादेव, अतो लब्धितश्च ३, पदान्तप्रयुक्तश्चशब्दो नयापेक्षया त्रयाणामपि प्राधान्यख्यापनार्थः । अत एवाह- 'पढमे णयत्तिए तिविहं'ति प्रथमे नयत्रिकेऽशुद्धनैगमसङ्ग्रहव्यवहाराख्ये विचार्ये समुत्थानादि त्रिविधं नमस्कारकारणमिति, आह-प्रथमे नयत्रिकेऽशुद्धनैगमसङ्ग्रहौ कथं त्रिविधं कारणमिच्छतः ?,

---

**પ્રથમ સિવાયના બે કારણોને અને શેષ નયો લબ્ધિને કારણરૂપે ઇચ્છે છે.**

**ટીકાર્થ :** સમુત્થાનથી, વાચનાથી અને લબ્ધિથી નમસ્કાર ઉત્પન્ન થાય છે એ પ્રમાણે વાક્યશેષ જાણવો. **(૧) સમુત્થાન :** તેમાં સમ્યક્ એટલે સંગત અથવા પ્રશસ્ત એવું જે ઉત્થાન તે સમુત્થાન. આ સમુત્થાન એ નમસ્કારનું કારણ છે. કોનું સમુત્થાન નમસ્કારનું કારણ છે ? તે કહે છે કે (૧) બીજા કોઈનું સમુત્થાન સંભળાતું ન હોવાથી (૨) દેહ નમસ્કારના આધારભૂત હોવાથી અને (૩) અત્યંત નજીક હોવાથી દેહનું જ સમુત્થાન ગ્રહણ કરાય છે. વળી દેહનું સમુત્થાન એ નમસ્કારનું કારણ છે એ વાત યુક્તિયુક્ત પણ છે કારણ કે દેહના સમુત્થાન વિના નમસ્કારની ઉત્પત્તિ ઘટતી નથી. (પંક્તિનો અર્થ આ પ્રમાણે તદ્ભાવે (દેહનું સમુત્થાન હોય તો જ) ભાવિ (નમસ્કાર છે) તેથી નમસ્કાર એ તદ્ભાવભાવિ કેહવાય. તેમાં તદ્ભાવભાવિત્વ આવ્યું. નમસ્કારમાં રહેલ આ તદ્ભાવભાવિત્વ अन्यथा = દેહના સમુત્થાન વિના ઘટી શકતું નથી.) આથી સમુત્થાનથી નમસ્કારની ઉત્પત્તિ એ પહેલું કારણ કહ્યું.

**(૨) વાચના :** બીજા પાસેથી સાંભળવું તે વાચના. વાચના, અધિગમ કે ઉપદેશ બધા સમાનાર્થી શબ્દો છે. આ વાચના એ નમસ્કારનું કારણ છે, કારણ કે વાચના હોય તો જ નમસ્કારની ઉત્પત્તિ છે. આથી વાચના એ બીજું કારણ કહ્યું.

**(૩) લબ્ધિ :** નમસ્કારના આવરણભૂત કર્મોના ક્ષયોપશમરૂપ લબ્ધિ. આવી લબ્ધિ હોય તો જ નમસ્કારની ઉત્પત્તિ થતી હોવાથી તે ત્રીજું કારણ કહ્યું. (ભાવાર્થ એ છે કે – જીવ પાસે દેહ હોય, ગુરુ પાસેથી વાચના ગ્રહણ કરે અને પોતાને કર્મનો ક્ષયોપશમ થાય તો પોતાનામાં નમસ્કારની ઉત્પત્તિ થાય છે.) મૂળગાથામાં 'समुट्ठाणवायणालद्धिओ य' અહીં ત્રણે પદો પછી પ્રયોગ કરેલ 'च' શબ્દ ત્રણે કારણો નયની અપેક્ષાએ પ્રધાન છે એવું જણાવે છે. આથી જ કહ્યું છે કે – અશુદ્ધનૈગમ, શુદ્ધસંગ્રહ અને વ્યવહાર નામના પ્રથમ ત્રણ નયો સમુત્થાનાદિ ત્રણને નમસ્કારના કારણ માને છે.

तयोः सामान्यमात्रावलम्बित्वाद्, उच्यते, 'आदिनेगमस्सऽणुप्पन्न' इत्यत्रैव प्रथमनयत्रिकात् तयोरुत्कलितत्वान्न दोषः, 'उज्जुसुयपढमवज्जंति' ऋजुसूत्रः प्रथमवर्ज-समुत्थानाख्यकारणशून्यं कारणद्वयमेवेच्छति, समुत्थानस्य व्यभिचारित्वात्, तद्भावेऽपि वाचनालब्धिशून्यस्यासम्भवात्, 'सेस नया लद्धिमिच्छंति'त्ति शेषनयाः-शब्दादयो लब्धिमेव एकां कारणमिच्छन्ति, वाचनाया अपि व्यभिचारित्वात्, तथाहि—सत्यामपि वाचनायां लब्धिरहितस्य गुरुकर्मणोऽभव्यस्य वा नैवोत्पद्यते नमस्कारः, तस्यां सत्यामेवोत्पद्यते, ततोऽसाधारणत्वात्सैव कारणमिति गाथार्थः ॥८८९॥ द्वारम् १ ॥ इदानीं निक्षेपः, स च चतुर्धानामनमस्कारः स्थापनानमस्कारः द्रव्यनमस्कारः भावनमस्कारश्च, नामस्थापने सुगमे, ज्ञभव्यशरीरातिरिक्तद्रव्यनमस्काराभिधित्सयाऽऽह—

**निह्नाइ दव्व भावोवउत्तु जं कुज्ज संमदिट्ठी उ । (मूलदारं २)**
**नेवाइअं पयं (मू०३) दव्वभावसंकोअणपयत्थो (मू०४) ॥८९०॥**

શંકા : પ્રથમ ત્રણ નયોમાં અશુદ્ધનૈગમ અને સંગ્રહ આ બંને નયો સામાન્યમાત્રને ગ્રહણ કરનારા હોવાથી તેમના મતે ત્રણ કારણ કેવી રીતે ઘટે ? (અર્થાત્ આ બંને નયો તો ત્રણેનો એક સમાવેશ કરી એક જ કારણને ઈચ્છતાં હોવા જોઈએ.)

**સમાધાન :** 'આદિનૈગમના મતે નમસ્કાર અનુત્પન્ન છે' એમ ગા. ૮૮૮માં અમે કહી ગયા હોવાથી અશુદ્ધનૈગમ અને શુદ્ધસંગ્રહનય નયત્રિકમાંથી નીકળી જતા હોવાથી કોઈ દોષ રહેતો નથી. (અહીં ત્રણ નયો તરીકે દેશસંગ્રહી એવો નૈગમ, અશુદ્ધસંગ્રહનય અને વ્યવહાર જાણવા. સંગ્રહનયના શુદ્ધ—અશુદ્ધ એમ બે ભેદ પાડ્યા વિના નયત્રિક ઘટતા નથી, કારણ કે પૂર્વે કહ્યું કે પ્રથમ ત્રણ નયો ત્રણે પ્રકારના કારણો ઇચ્છે છે. પછી તેમાંથી અશુદ્ધનૈગમ અને સંગ્રહનયની સામાન્યમાત્રગ્રાહી હોવાથી બાદબાકી કરીએ તો પ્રથમ ત્રણ નય તરીકે કયા નયો લેવાના ? એ પ્રશ્ન આવીને ઊભો રહે છે. તેથી સમાધાનરૂપે સંગ્રહનયના શુદ્ધ – અશુદ્ધ એમ બે ભાગ પાડવા એવું જણાય છે.)

ઋજુસૂત્રનય સમુત્થાન સિવાયના બે કારણોને ઇચ્છે છે, કારણ કે સમુત્થાન હોવા છતાં વાચના અને લબ્ધિ વિનાના જીવને નમસ્કારની ઉત્પત્તિ થતી નથી. શેષ શબ્દવગેરે નયો એક માત્ર લબ્ધિને જ કારણ તરીકે માને છે, કારણ કે સમુત્થાનની જેમ વાચના પણ એકાન્તે ફળ આપે એવું નથી. તે આ પ્રમાણે કે વાચના હોવા છતાં લબ્ધિરહિતના એવા ભારેકર્મી જીવને કે અભવ્યને નમસ્કારની ઉત્પત્તિ થતી નથી. લબ્ધિ હોય તો જ નમસ્કાર ઉત્પન્ન થાય છે. તેથી અસાધારણ હોવાથી લબ્ધિ જ કારણરૂપે છે. ॥૮૮૯॥

**અવતરણિકા :** હવે નિક્ષેપ કહેવાય છે. તે ચાર પ્રકારે છે – નામનમસ્કાર, સ્થાપનાનમસ્કાર, દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કાર, નામ અને સ્થાપનાનમસ્કાર સુગમ જ છે. દ્રવ્યનમસ્કારમાં જ્ઞ–ભવ્યશરીરથી અતિરિક્ત દ્રવ્યનમસ્કારને કહેવાની ઈચ્છાથી આગળ જણાવે છે ➪

**ગાથાર્થ – દ્રવ્યમાં નિહ્નવાદિનો નમસ્કાર જાણવો અને ઉપયુક્ત એવો સમ્યગ્દષ્ટિ જીવ જે (શબ્દક્રિયાદિને) કરે તે ભાવનમસ્કાર જાણવો. નૈપાતિક (નમઃ એ) પદ છે. દ્રવ્ય–ભાવનું**

व्याख्या : निह्नवादिर्द्रव्यनमस्कारः, नमस्कारनमस्कारवतोरव्यतिरेकात्, आदिशब्दात् द्रव्यार्थो वा यो मन्त्रदेवताद्याराधनादाविति, ¹एत्थ दव्वनमोक्कारे उदाहरणं-वसंतपुरे णयरे जियसत्तू राया, धारिणीसहिओ ओलोयणं *करेइ, दमगपासणं, अणुकंपाए नइसरिसा रायाणोत्ति भणइ देवी, रण्णा आणाविओ, कयालंकारो दिण्णवत्थो तेहिं उवणीओ, सो य कच्छूए गहिएल्लओ, भासुरं ओलग्गाविज्जइ, कालंतरेण रायाणए से रज्जं दिण्णं, पेच्छइ दंडभडभोइए देवयाययणपूयाओ करेमाणे, सो चिंतेइ-अहं कस्स करेमि ?, रण्णो आययणं करेमि, तेण देउलं कयं, तत्थ रण्णो देवीए य पडिमा कया, पडिमापवेसे आणीयाणि पुच्छंति, साहइ, तुट्ठो राया सक्कारेइ, सो तिसंझं

સંકોચન એ પદાર્થ છે.

ટીકાર્થ : નિહ્નવાદિ એ દ્રવ્યનમસ્કાર છે. અહીં નમસ્કાર અને નમસ્કારવાળાનો અભેદ હોવાથી નિહ્નવોને દ્રવ્યનમસ્કાર કહ્યા છે. (અન્યથા નિહ્નવોનો નમસ્કાર દ્રવ્યનમસ્કાર જાણવો.) આદિ શબ્દથી ધન માટે મંત્રદેવતાદિની આરાધનામાં કરાતો જે નમસ્કાર તે દ્રવ્યનમસ્કાર જાણવો. અહીં દ્રવ્યનમસ્કારમાં ઉદાહરણ આ પ્રમાણે –

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો. ધારિણીદેવી સહિત (ગવાક્ષમાં ઊભેલો) રાજા ચારેબાજુ અવલોકન કરે છે. તેમાં એક ભિખારીને જુએ છે. અનુકંપાથી દેવી કહે છે કે – નદીસદૃશ રાજા હોય છે. (અર્થાત્ નદી જેમ પાણીથી ભરેલા સમુદ્રને જ પાણીથી ભરે છે તેમ રાજાઓ પણ ઐશ્વર્યથી યુક્ત વ્યક્તિને જ ધનાદિ આપે છે, પણ આવા ભિખારીઓને ધનાદિ આપતા નથી, એ પ્રમાણે દેવી રાજાને ઠપકો આપે છે.) રાજાએ ભિખારીને બોલાવડાવ્યો. અલંકારો–વસ્ત્રો આપી રાજા–રાણીએ તેને પોતાની પાસે રાખી લીધો. તે ભિખારીને ખણજ ઘણી આવતી હતી. તેથી તે સૂર્યદેવતાની સેવા કરતો. કાળાંતરે રાજાએ તેને રાજ્ય આપ્યું. એકવાર તે દેવતાની પૂજા કરતા એવા દંડ–ભટ–ભોજિકોને જુએ છે. તેથી તે વિચારે છે કે હું કોની પૂજા કરું ? એમ વિચારી તે રાજાનું મંદિર બનાવડાવે છે.

તેમાં રાજા અને રાણીની પ્રતિમા મૂકે છે. પ્રતિમાના પ્રવેશને દિવસે આવેલા રાજા-રાણી પૂછે છે (કે આ કોની પ્રતિમા છે ?) ભિખારી જવાબ આપે છે. (પોતાની પ્રતિમા છે એમ સાંભળી) ખુશ થયેલ રાજા તેને સત્કારે છે. ભિખારી પ્રતિમાઓને ત્રિસંધ્યા પૂજે છે અને રાજાની ખૂબ સેવા કરે છે. તેથી પ્રસન્ન થયેલા રાજાએ ભિખારીને સર્વસ્થાનોમાં અગ્રેસર બનાવ્યો.

१. अत्र द्रव्यनमस्कारे उदाहरणम्-वसन्तपुरे नगरे जितशत्रू राजा, धारणीसहितोऽवलोकनं करोति, द्रमकदर्शनम्, अनुकम्पया नदीसदृशा राजान इति भणति देवी, राज्ञाऽऽनीतः, कृतालङ्कारो दत्तवस्त्रस्तैः उपनीतः, स च कच्छ्वा गृहीतः, भास्वरमवलगयते, कालान्तरेण राज्ञा तस्मै राज्यं दत्तं, दण्डभटभोजिकान् देवतायतनपूजाः कुर्वतः प्रेक्षते, स चिन्तयति-अहं कस्य करोमि ?, राज्ञ आयतनं करोमि, तेन देवकुलं कृतं, तत्र राज्ञो देव्याश्च प्रतिमा कृता, प्रतिमाप्रवेशे आनीते पृच्छतः, कथयति, तुष्टो राजा सत्कारयति, स त्रिसन्ध्य- * नेदं प्र० ।

अच्चेइ, पडियरणं, तुट्ठेण राइणा से सव्वट्ठाणगाणि दिण्णाणि, अन्नया राया दंडयत्ताए गओ तं सव्वंतेउरट्ठाणेसु ठवेऊणं, तत्थ य अंतेउरियाओ निरोहं असहमाणिओ तं चेव उवचरंति, सो नेच्छइ, ताहे ताओ भत्तगं नेच्छंति, पच्छा सणियं पविट्ठो, विट्टालिओ य, राया आगओ, सिट्ठे विणासिओ । रायत्थाणीओ तित्थयरो, अंतेउरत्थाणीया छक्काया, अहवा ण छक्काया किंतु संकादओ पदा, मा सेणियादीणवि दव्वनमोक्कारो भविस्सइ, दमगत्थाणिया साहू, कच्छूल्लत्थाणीयं मिच्छत्तं, भासुरत्थाणीयं सम्मत्तं, डंडो विनिवाओ संसारे, एस दव्वनमोक्कारो । 'भावोवउत्तु जं कुज्ज सम्मद्दिट्ठी उ' नोआगमतो भावनमस्कारः 'यत् कुर्यात्' यत् करोति शब्दक्रियादि सम्यग्दृष्टिरेवेति,

એકવાર રાજા સર્વઅંતઃપુરસ્થાનમાં તે ભિખારીને સ્થાપી પોતે દંડયાત્રા માટે નીકળ્યો. આ બાજુ અંતઃપુરમાં રાણીઓ નિરોધને સહન નહિ કરતી ભિખારીને જ નિમંત્રણ કરે છે. પરંતુ ભિખારી ઇચ્છતો નથી. તેને કારણે રાણીઓ જમવા ઇચ્છતી નથી. તેથી ધીરે રહીને તે ભિખારી અંતઃપુરમાં પ્રવેશ્યો. રાણીઓ સાથે અકાર્ય કરવાથી નાશ પામ્યો. રાજા આવ્યો. રાજાને વાત કરતા રાજાએ ભિખારીને મારી નંખાવ્યો. રાજાના સ્થાને તીર્થંકરો છે, રાણીઓના સ્થાને ષટ્કાય જીવો છે, અથવા ષટ્કાય નહિ પરંતુ શંકાદિ પદો જાણવા અન્યથા શ્રેણિકાદિનો પણ દ્રવ્યનમસ્કાર માનવો પડે.

(આશય એ છે કે રાજાએ પોતાની રાણીઓનું રક્ષણ કરવાનું કાર્ય ભિખારીને સોંપ્યું પરંતુ તે રક્ષણ કરી શક્યો નહિ અને રાજાએ તેને દંડ કર્યો. ભિખારીએ કરેલ રાજાને નમસ્કારાદિ દ્રવ્યથી નમસ્કારાદિ થયા. તેમ રાણીઓના સ્થાને જો ષટ્કાય લઈએ તો તીર્થંકરોની આજ્ઞા ષટ્કાયનું રક્ષણ કરવાની છે, તે આજ્ઞાનું પાલન શ્રેણિકાદિ કરી શક્યા નથી. તેથી તેમનો નમસ્કાર દ્રવ્યથી માનવો પડે પરંતુ શ્રેણિકાદિ ક્ષાયિક સમ્યક્ત્વના માલિક છે. તેથી તેમનો નમસ્કાર દ્રવ્યથી નહિ પરંતુ ભાવથી ગણાય, કારણ કે આગળ કહેશે કે સમ્યક્ત્વીનો નમસ્કાર ભાવનમસ્કાર કહેવાય. માટે અંતઃપુરસ્થાને ષટ્કાયની બદલે શંકા–કાંક્ષાદિ પદો જણાવ્યા છે જે શ્રેણિકાદિમાં ન હતા. દ્રમક સ્થાને સાધુઓ જાણવા. ખણજના સ્થાને મિથ્યાત્વ, સૂર્યસ્થાને સમ્યક્ત્વ અને દંડસ્થાને સંસારમાં પતન. આ દ્રવ્યનમસ્કારની વાત થઈ. ઉપયુક્ત એવો સમ્યગ્દૃષ્ટિ જીવ જે શબ્દક્રિયાદિને કરે છે તે નોઆગમથી ભાવનમસ્કાર જાણવો. (અર્થાત્ નમસ્કારક્રિયા પૂર્વક જે નમસ્કારસૂચક શબ્દો બોલે તે ભાવનમસ્કાર જાણવો.) અહીં નામાદિનિક્ષેપમાં જે નય જે નિક્ષેપાને માને છે,

२. मर्चयति, प्रतिचरणं, तुष्टेन राज्ञा तस्मै सर्वस्थानानि दत्तानि, अन्यदा राजा दण्डयात्रायै गतः तं सर्वेष्वन्तःपुरस्थानेषु स्थापयित्वा, तत्र चान्तःपुर्यः निरोधमसहमानास्तमेवोपचरन्ति, स नेच्छति, तदा ता भक्तं नेच्छन्ति, पश्चात् शनैः प्रविष्टः, विनष्टश्च, राजा आगतः, शिष्टे विनाशितः । राजस्थानीयस्तीर्थकरः, अन्तःपुरस्थानीयाः षट् कायाः, अथवा न षट् कायाः किं तु शङ्कादीनि पदानि, मा श्रेणिकादीनामपि द्रव्यनमस्कारो भूद्, द्रमकस्थानीयाः साधवः, कच्छूस्थानीयं मिथ्यात्वं, भास्वरस्थानीयं सम्यक्त्वं, दण्डो विनिपातः संसारे, एष द्रव्यनमस्कारः ।

**अत्र च नामादिनिक्षेपाणां यो नयो यं निक्षेपमिच्छति तदेतद्विशेषावश्यकादाशङ्कापरिहारसहितं विज्ञेयम्, इह तु ग्रन्थविस्तरभयादल्पमतिविनेयजनानुग्रहार्थं च नोक्तमिति ॥ द्वारं ॥ पदद्वारमधुना-पद्यतेऽनेनेति पदं, तच्च पञ्चधा-नामिकं नैपातिकम् औपसर्गिकम् आख्यातिकं मिश्रं चेति, तत्राश्व इति नामिकं, खल्विति नैपातिकं, परीत्यौपसर्गिकं, धावतीत्याख्यातिकं, संयत इति मिश्रं, एवं नामिकादिपञ्चप्रकारपदसम्भवे सत्याह-'नेवाइयं पयं' ति निपतत्यर्हदादिपदादिपर्यन्तेष्विति निपातः, निपातादागतं तेन वा निर्वृत्तं स एव वा स्वार्थिकप्रत्ययविधानात् नैपातिकमिति, तत्र 'नम' इति नैपातिकं पदं ॥ द्वारम् ॥ पदार्थद्वारमधुना-तत्र गाथावयवः 'दव्वभावसंकोयणपयत्थो' त्ति नम इत्येतत् पूजार्थं 'णम प्रह्वत्वे' धातुः '★उणादयो बहुल' ( पा० ३-३-१ ) मित्यसुन्, नमोऽर्हद्भ्यः, स च द्रव्यभावसङ्कोचनलक्षण इति, तत्र द्रव्यसंकोचनं करशिरःपादादिसङ्कोचः, भावसङ्कोचनं विशुद्धस्य मनसो नियोगः, द्रव्यभावसङ्कोचनप्रधानः पदार्थो द्रव्यभावसङ्कोचनपदार्थः, शाकपार्थिवादेराकृतिगणत्वात् प्रधानपदलोपः, अत्र च भङ्गचतुष्टयं-द्रव्यसङ्कोचो न भावसङ्कोच**

તે બધું પ્રશ્નોત્તરીસહિત વિશેષાવશ્યકભાષ્ય (ગા. ૨૮૪૭ વગેરે ગાથાઓ)માંથી જાણી લેવું. અહીં તે બધું ગ્રંથવિસ્તારના ભયથી અને અલ્પબુદ્ધિવાળા શિષ્યો ઉપર ઉપકાર કરવા કહેતા નથી.

હવે **પદદ્વાર** કહે છે – જેનાવડે (અર્થ) જણાય તે પદ કહેવાય છે. તે પાંચ પ્રકારે છે – ૧. નામિક ૨. નૈપાતિક ૩. ઔપસર્ગિક ૪. આખ્યાતિક અને ૫. મિશ્ર. તેમાં 'अश्व' એ નામિકપદ છે. (જે નામ પરથી બને.) 'खलु' એ નૈપાતિક પદ છે. 'परि' એ ઔપસર્ગિક પદ છે. 'धावति' એ આખ્યાતિક પદ છે. (જે ધાતુ પરથી બને.) 'संयत' એ મિશ્ર (ઉપસર્ગ + ધાતુ હોવાથી) પદ છે. આ પ્રમાણે નામિકાદિ પાંચ પ્રકારના પદોનો સંભવ હોવાથી મૂળગાથામાં કહ્યું છે કે – " (નમઃ એ) નૈપાતિક પદ છે. અરિહંતાદિ પદોના આદિમાં કે અંતમાં જે મૂકાય તે નિપાત. આ નિપાતથી આવેલું હોય અથવા નિપાતથી બનેલું હોય તે નૈપાતિક અથવા નિપાત પોતે જ સ્વાર્થિક પ્રત્યય લગાડતા (સ્વાર્થમાં પ્રત્યય લગાડતા) નૈપાતિક. અહીં નમઃ એ ("નમો અરિહંતાણં" અહીં અરિહંત પદની પૂર્વે 'નમઃ'નો નિપાત થતો હોવાથી) નૈપાતિક પદ છે.

હવે **પદાર્થદ્વારને** કહે છે – દ્રવ્ય અને ભાવનું સંકોચન એ પદાર્થ કહેવાય છે. 'णम प्रह्वत्वे' ધાતુપાઠથી 'નમ્' ધાતુ પૂજાના અર્થમાં વપરાય છે, અને उणादयो बहुलं નિયમથી નમ્ ધાતુને (સિદ્ધહેમ. પ્રમાણે उणादि ગણના ૯૫૨માં 'अस्' સૂત્રથી) अस् પ્રત્યય લાગતા 'નમઃ' રૂપ થાય છે. 'नमोऽर्हद्भ्यः' આ નમસ્કાર દ્રવ્ય–ભાવસંકોચનરૂપ છે. તેમાં દ્રવ્યસંકોચન એટલે હાથ–પગ–મસ્તકાદિનું સંકોચન અને ભાવસંકોચન એટલે વિશુદ્ધમનને જોડવું. આ દ્રવ્ય–ભાવસંકોચનપ્રધાન એવો જે પદાર્થ તે દ્રવ્યભાવસંકોચનપદાર્થ. અહીં शाकपार्थिवादि આકૃતિગણમાં આનો સમાવેશ થતો હોવાથી પ્રધાનપદનો લોપ કરેલ છે. (ટૂંકમાં 'નમઃ' પદનો અર્થ એ પદાર્થ તરીકે લેવાનો છે. દ્રવ્ય અને ભાવનું સંકોચન એ 'નમઃ' પદનો અર્થ છે.) અહીં ચાર ભાંગા થાય છે. તેમાં પાલક (કૃષ્ણનો અભવ્ય પુત્ર – જુઓ ગુરુવંદન ભાષ્ય)ની જેમ દ્રવ્યસંકોચન હોય, ભાવસંકોચન

★ उणादयः ( सिद्धहेम० ५-२-९३ ) ।

इत्येकः, यथा पालकस्य, भावसङ्कोचो न द्रव्यसङ्कोच इत्यनुत्तरदेवानां द्वितीयः, द्रव्यभावयोः सङ्कोच इति शाम्बस्य तृतीयः, न द्रव्यसङ्कोचो न भावसङ्कोच इति शून्यः । इह च भावसङ्कोचः प्रधानो द्रव्यसङ्कोचोऽपि तच्छुद्धिनिमित्त इति गाथार्थः ॥८९०॥ द्वारं ॥

प्ररूपणाद्वारप्रतिपादनायाऽऽह–

**दुविहा परूवणा छप्पया य १ नवहा य २ छप्पया इणमो ।**
**किं १ कस्स २ केण व ३ कहिं ४ किच्चिरं ५ कइविहो व ६ भवे ॥८९१॥**

व्याख्या : 'द्विविधा' द्विप्रकारा प्रकृष्टा-प्रधाना प्रगता वा रूपणा-वर्णना प्ररूपणेति, द्वैविध्यं दर्शयति-षट्पदा च नवधा च-नवप्रकारा नवपदा चेत्यर्थः, चशब्दात् पञ्चपदा च, तत्र 'छप्पया इणमो' षट्पदेयं षट्पदा इदानीं वा, किं ? कस्य ? केन वा ? क्व वा ? कियच्चिरं ? कतिविधो वा भवेन्नमस्कार इति गाथासमुदायार्थः ॥८९१॥

तत्राऽऽद्यद्वारावयवार्थाभिधित्सयाऽऽह–

**किं ? जीवो तत्परिणओ (दा०१) पुव्वपडिवन्नओ उ जीवाणं ।**

---

ન હોય તે પ્રથમ ભાંગો. અનુત્તરવાસી દેવોની જેમ ભાવસંકોચ હોય, દ્રવ્યસંકોચ ન હોય તે બીજો ભાંગો. (અનુત્તર દેવો હાથ વિ. જોડતાં નથી માટે દ્રવ્યસંકોચ નથી, પણ સમકિતી છે માટે ભાવસંકોચ છે.) શાંબકુમારની જેમ દ્રવ્ય–ભાવનો સંકોચ એ ત્રીજો ભાંગો, અને દ્રવ્યસંકોચ ન હોય કે ભાવસંકોચ પણ ન હોય તે ચોથો ભાંગો. આ ભાંગો શૂન્ય જાણવો. અહીં ભાવસંકોચ એ મુખ્ય છે, તથા દ્રવ્યસંકોચ પણ ભાવસંકોચની શુદ્ધિનું કારણ બનતો હોય, તો મુખ્ય છે. (નિમિત્ત બનતો ન હોય તો નિષ્ફળ છે.) ॥૮૯૦॥

અવતરણિકા : પ્રરૂપણાદ્વારનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ : **બે પ્રકારે પ્રરૂપણા છે. ષટ્પદપ્રરૂપણા અને નવપદ પ્રરૂપણા. તેમાં ષટ્પદ પ્રરૂપણા આ પ્રમાણે છે – નમસ્કાર શું છે ? નમસ્કાર કોનો છે ? અથવા કયા સાધનવડે નમસ્કાર સધાય છે ? અથવા ક્યાં છે ? અથવા કેટલા કાળ સુધી છે ? અથવા કેટલા પ્રકારનો નમસ્કાર છે ?**

**ટીકાર્થ :** પ્રધાન અથવા સંગત એવું જે વર્ણન તે પ્રરૂપણા કહેવાય છે. તે બે પ્રકારે છે. પ્રરૂપણાના જ બે પ્રકારો બતાવે છે – ષટ્પદ = છ પ્રકારની અને નવપદ = નવપ્રકારની પ્રરૂપણા. 'च' શબ્દથી પાંચ પ્રકારની પ્રરૂપણા પણ જાણવી. તેમાં છ પ્રકારની પ્રરૂપણા આ પ્રમાણે છે. નમસ્કાર શું ? નમસ્કાર કોને છે ? કયા સાધનવડે નમસ્કાર સધાય છે ? શેમાં નમસ્કાર રહેલો છે ? અથવા કેટલા કાળ સુધી નમસ્કાર રહે છે ? અથવા કેટલા પ્રકારનો નમસ્કાર છે ? આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૮૯૧॥

**અવતરણિકા :** હવે પ્રથમ દ્વારરૂપ અવયવાર્થને (વિસ્તારાર્થને) કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ : **નમસ્કાર શું છે ? જીવ (અથવા) નમસ્કારમાં પરિણત જીવ (નમસ્કાર છે. હવે**

**जीवस्स व जीवाण व पडुच्च पडिवज्जमाणं तु (दा०२) ॥८९२॥**

**व्याख्या : किंशब्दः क्षेपप्रश्ननपुंसकव्याकरणेषु, तत्रेह प्रश्ने, अयं च प्राकृतेऽलिङ्गः सर्वनामनपुंसकनिर्देशः सर्वलिङ्गैः सह यथायोगमभिसम्बध्यते, किं सामायिकं ? को नमस्कारः ?, तत्र नैगमाद्यशुद्धनयमतमधिकृत्याजीवादिव्युदासेनाह–जीवो नाजीवः, स च सङ्ग्रहनयापेक्षया मा भूदविशिष्टः स्कन्धः, यथाऽऽहुस्तन्मतावलम्बिनः-'पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम्, उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहती'त्यादि, तथा तन्नयविशेषापेक्षयैव मा भूदविशेषो ग्राम इत्यतो नोस्कन्धो नोग्राम इति वाक्यशेषः, सर्वास्तिकायमयः स्कन्धः, तद्देशो जीवः, स चैकदेशत्वात् स्कन्धो न भवति, अनेकस्कन्धापत्तेः, अस्कन्धोऽपि न भवति, स्कन्धाभावप्रसङ्गाद्, अनभिलाप्योऽपि**

---

**તે કોને છે ? તે કહે છે) પૂર્વપ્રતિપન્નને આશ્રયી ઘણાં જીવોને હોય છે. પ્રતિપદ્યમાનકને આશ્રયી એક જીવને અથવા ઘણાં જીવોને હોય છે.**

**ટીકાર્થ :** 'किं' શબ્દ 'આક્ષેપ–પ્રશ્ન–નપુંસક અને વ્યાકરણ' આટલા અર્થોમાં વપરાય છે. તેમાં અહીં પ્રશ્નના અર્થમાં 'किं' શબ્દ છે. આ શબ્દ પ્રાકૃતમાં લિંગ વિનાનો છે. સર્વનામ અને નપુંસક નિર્દેશવાળો किं શબ્દ સર્વ લિંગો સાથે યથાયોગ્ય રીતે જોડાય છે. (ભાવ એ છે કે – नमस्कारः कः પૂછવું જોઈએ, તેના બદલે किं કેમ ? તો કહે છે – સર્વનામ/નપુંસક અર્થવાળો किं સર્વ લિંગોમાં આવે, કારણ કે તે પ્રાકૃતમાં અલિંગ છે.) જેમ કે सामायिकं किं ? को नमस्कारः ? આ નમસ્કાર કોણ છે ? તેના ઉત્તર માટે નૈગમાદિ અશુદ્ધનયમતને આશ્રયી અજીવાદિની બાદબાકી કરવા માટે કહે છે કે – જીવ એ નમસ્કાર છે, પણ અજીવ એ નમસ્કાર નથી અને તે જીવ સંગ્રહનયની અપેક્ષાએ અવિશિષ્ટ સ્કંધરૂપ નથી (પણ નોસ્કંધરૂપ છે.)

સંગ્રહનયમતને અનુસરનારા (સાંખ્યો) કહે છે કે – 'જે આ વર્તમાનમાં પ્રત્યક્ષ દેખાય છે, જે કંઈ ભૂતકાળમાં હતું અને જે કંઈ ભવિષ્યમાં હશે તે સર્વ આત્મા જ છે. વળી જે અમરણભાવનો સ્વામી છે તે પણ આત્મા જ છે. વળી જે અન્નવડે વૃદ્ધિ પામે છે વગેરે તે સર્વ આત્મા જ છે. (આમ, આ વચન દ્વારા લોકમાં જે કંઈ છે તે આત્મા જ છે એવું તેઓ માને છે. વળી લોકમાં રહેલ સર્વ વસ્તુ સ્કંધાત્મક છે તેથી તેઓ જીવને સ્કંધરૂપે માને છે.) તથા વિશેષ પ્રકારના સંગ્રહનયના મતે આ જીવ અવિશિષ્ટ એવો ગ્રામરૂપ ન થાઓ તે માટે આ જીવ નોસ્કંધ અને નોગ્રામરૂપ છે એમ વાક્યશેષ જોડી દેવો.

(ટૂંકમાં જીવ એ નમસ્કાર છે અને સંગ્રહનય જીવને સ્કંધરૂપ માને છે તથા સંગ્રહનયનો જ એક પેટાભેદ જીવને ગ્રામરૂપ માને છે જે યુક્તિયુક્ત નથી, તેથી સ્કંધ અને ગ્રામરૂપ જીવ નમસ્કાર છે એવું કોઈ સમજી ન લે તે માટે ટીકાકારે ખુલાસો કર્યો કે નોસ્કંધ અને નોગ્રામરૂપ જીવ નમસ્કાર છે. હવે જીવ એ નોસ્કંધ અને નોગ્રામરૂપ કેવી રીતે છે ? તે કહે છે.) સ્કંધ એ સર્વાસ્તિકાયમય છે. જીવ એ સ્કંધનો એક દેશ છે, અને એક દેશ હોવાથી જ જીવ સ્કંધરૂપ નથી. અન્યથા જીવો અનેક હોવાથી અનેક સ્કંધો માનવાની આપત્તિ આવે. તથા જીવ અસ્કંધ પણ નથી

न भवति, वस्तुविशेषत्वात्, तस्मान्नोस्कन्धः, स्कन्धैकदेश इत्यर्थः, स्कन्धदेशविशेषार्थद्योतको नोशब्दः, एवं नोग्रामोऽपि भावनीयः, नवरं ग्रामः-चतुर्दशभूतग्रामसमुदायः, यथोक्तम्-

*'एगिंदिय सुहुमियरा सन्नियरपणिंदिया सबितिचऊ ।*
*पज्जत्तापज्जत्ता भेदेणं चोद्दसग्गामा ॥१॥"*

अलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः-सामान्येनाशुद्धनयानां जीवस्तज्ज्ञानलब्धियुक्तो योग्यो वा नमस्कारः, शब्दादिशुद्धनयमतं त्वधिकृत्याह-'तप्परिणओ' जीव इति वर्तते, स हि नमस्कारपरिणामपरिणत एव नमस्कारो नापरिणत इत्यर्थः । एकत्वानेकत्वचिन्तायां तु नैगमस्य सङ्ग्रहव्यवहारान्तर्गतत्वात् सङ्ग्रहादिभिरेव विचारः, तत्र सङ्ग्रहस्य नमस्कार जातिमात्रापेक्षत्वादेको नमस्कारः, व्यवहारस्य व्यवहारपरत्वाद् बहवो नमस्काराः, ऋजुसूत्रादीनां वर्तमानमात्रग्राहित्वाद्

---

અન્યથા સ્કંધનો સર્વથા અભાવ થવાનો જ પ્રસંગ આવે. એ જ રીતે જીવ એ વસ્તુવિશેષ હોવાથી અનભિલાપ્ય પણ નથી. તેથી જીવ એ નોસ્કંધરૂપ છે, અર્થાત્ સ્કંધનો એક દેશ છે, કારણ કે અહીં નોશબ્દ સ્કંધના એક દેશને જણાવનાર છે. આ જ પ્રમાણે નોગ્રામ પણ વિચારવું. અહીં ગ્રામ એટલે ચૌદપ્રકારના જીવોનો સમુદાય. (દરેક જીવ આ સમુદાયનો એક દેશ છે માટે જીવ ગ્રામરૂપ નથી, તથા અગ્રામ પણ નથી અન્યથા જીવનો જ અભાવ થઈ જાય. વસ્તુવિશેષ હોવાથી અનભિલાપ્ય પણ નથી માટે જીવ એ નોગ્રામ છે, અર્થાત્ ગ્રામનો એક દેશ છે.) ચૌદપ્રકારના જીવોનો સમુદાય આ પ્રમાણે છે — "સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરેન્દ્રિય એમ ત્રણ તથા સંજ્ઞી—અસંજ્ઞી પંચેન્દ્રિય એમ કુલ મળી સાત ભેદો. આ સાતભેદોના પર્યાપ્ત અને અપર્યાપ્ત (એમ) બે પ્રકાર પાડતા ચૌદ પ્રકારના ગ્રામો છે. ॥ ૧॥" પ્રાસંગિક ચર્ચાથી સર્યું. પ્રસ્તુત વિચારણા કરીએ —

સામાન્યથી નૈગમાદિ અશુદ્ધનયોના મતે નમસ્કારના જ્ઞાનની લબ્ધિથી યુક્ત અથવા તે લબ્ધિને યોગ્ય એવો જીવ નમસ્કાર છે. જ્યારે શબ્દાદિ શુદ્ધનયોના મત પ્રમાણે હવે કહે છે — નમસ્કારના પરિણામમાં પરિણત એવો જ જીવ નમસ્કાર છે, નહીં કે અપરિણત જીવ.

(**શંકા :** જીવને નમસ્કાર કહ્યો. જીવો ઘણા છે તેથી પ્રશ્ન થાય કે નમસ્કાર એક છે કે અનેક છે?) નમસ્કાર એક છે કે અનેક છે એની વિચારણા નૈગમનય સંગ્રહ—વ્યવહારનયમાં સમાઇ જતો હોવાથી સંગ્રહાદિ નયોવડે જ કરાય છે. તેમાં સંગ્રહનય નમસ્કારની જાતિમાત્રની અપેક્ષાવાળો હોવાથી (અર્થાત્ સંગ્રહનય બધાં નમસ્કારને એક જાતિ રૂપ જ માનતો હોવાથી) તેના મતે એક જ નમસ્કાર છે. વ્યવહારનય વ્યવહારમાં તત્પર હોવાથી ઘણા બધાં નમસ્કાર માને છે. (અર્થાત્ 'જીવ એ નમસ્કાર છે' અને લોકમાં 'ઘણા બધાં જીવો છે' એ પ્રમાણે વ્યવહાર કરાય છે. તેથી આ મત પ્રમાણે ઘણા બધાં નમસ્કારો છે.) ઋજુસૂત્રાદિ નયો વર્તમાન માત્રને જ સ્વીકારતા હોવાથી વર્તમાનમાં નમસ્કારના પરિણામમાં ઉપયુક્ત એવા ઘણા જીવો હોવાથી ઘણા નમસ્કાર માને છે.

---

३. एकेन्द्रियाः सूक्ष्मेतराः संज्ञीतराः पञ्चेन्द्रियाः सद्वित्रिचतुष्काः । पर्याप्तापर्याप्तभेदेन चतुर्दश ग्रामाः ॥१॥

बहव एवोपयुक्ताश्चेति समासार्थः, व्यासार्थो विशेषावश्यकादवसेयः, किमितिद्वारं गतं । साम्प्रतं कस्य ? इति द्वारम्, इह च प्राक्प्रतिपन्नप्रतिपद्यमानकाङ्गीकरणतोऽभीष्टमर्थं निरूपयन्नाह– 'पुव्वपडिवन्नओ उ जीवाणं' इत्यादि, प्रकृतचिन्तायामिह पूर्वप्रतिपन्न एव यदाऽधिक्रियते तदा व्यवहारनयमतमाश्रित्य जीवानां जीवस्वामिक इत्यर्थः, प्रतिपद्यमानं तु प्रतीत्य जीवस्य जीवानां (वा) इत्यक्षरगमनिका, भावार्थस्तु नयैश्चिन्त्यते–यस्मान्नमस्कार्यनमस्कर्तृद्वयाधीनं नमस्कारकरणं, तत्र नैगमव्यवहारमतं नमस्कार्यस्य नमस्कारः, न कर्तुः, यद्यपि नमस्कारक्रियानिष्पादकः कर्ता तथाऽपि नासौ तस्य, स्वयमनुपयुज्यमानत्वात्, यतिभिक्षावत्, तथाहि–न दातुर्भिक्षा निष्पादकस्य, अपि तु भिक्षोर्भिक्षेति प्रतीतम्, अत्र च सम्बन्धविशेषापेक्षा*वशप्रापिता अष्टौ भङ्गा भवन्ति, तद्यथा-जीवस्य १ अजीवस्य २ जीवानां ३ अजीवानां ४ जीवस्य चाजीवस्य च ५ जीवस्य चाजीवानां च ६ जीवानामजीवस्य च ७ जीवानामजीवानां च ८, अत्रोदाहरणानि –

આ પ્રમાણે સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તાર અર્થ વિશેષાવશ્યકભાષ્યમાંથી (ગા. ૨૮૬૬ વગેરેમાંથી) અથવા સ્વરચિત બૃહટ્ટીકામાંથી જાણી લેવો. અહીં 'किं' એ દ્વાર પૂર્ણ થયું. હવે 'નમસ્કાર કોનો છે ?' એ દ્વાર કહે છે – અહીં પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનકને આશ્રયી 'નમસ્કાર કોનો છે?' એ ઇચ્છિત અર્થનું નિરૂપણ કરતાં નિર્યુક્તિકાર કહે છે – પૂર્વપ્રતિપન્નની વાત કરીએ તો વ્યવહારનયની અપેક્ષાએ ઘણા બધાં જીવોને નમસ્કાર છે, અર્થાત્ ઘણા બધાં જીવો નમસ્કારના સ્વામી છે. પ્રતિપદ્યમાનકને આશ્રયી વિચારીએ તો એક જીવને અથવા ઘણા બધાં જીવોને નમસ્કાર હોય છે. આ પ્રમાણે અક્ષરાર્થ થયો. ભાવાર્થ નયોવડે વિચારાય છે, કારણ કે નમસ્કાર્ય અને નમસ્કર્તાને નમસ્કાર આધીન છે. (અર્થાત્ નમસ્કાર આ બંનેને અધીન હોવાથી કોનો ? એ વિચારણા નય વિના=જુદી જુદી અપેક્ષા સિવાય થઈ શકે તેમ નથી, તેથી નયોથી વિચારવાનું કહ્યું છે.)

તેમાં **નૈગમ** અને **વ્યવહાર**ના મતે નમસ્કાર નમસ્કાર્ય એવા અરિહંતાદિનો છે પણ કર્તાનો નથી. જો કે નમસ્કારની ક્રિયાનો નિષ્પાદક કર્તા છે, છતાં નમસ્કાર કર્તાનો નથી કારણ કે કર્તા પોતે સ્વયં નમસ્કારનો ઉપભોગ કરતો નથી. (પરંતુ નમસ્કાર્ય જ નમસ્કારનો ઉપભોગ કરે છે.) જેમ કે, સાધુની ભિક્ષા, અર્થાત્ જેમ ભિક્ષાના નિષ્પાદક દાતાની ભિક્ષા કહેવાતી નથી પરંતુ તે ભિક્ષા સાધુની કહેવાય છે એ વાત પ્રસિદ્ધ જ છે તેમ પ્રસ્તુતમાં પણ જાણવું. અહીં (નમસ્કારનો નમસ્કાર્યની સાથે) સંબંધવિશેષની અપેક્ષાના વશથી આઠ ભાંગા પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે – (૧) જીવનો નમસ્કાર, (૨) એ પ્રમાણે અજીવનો, (૩) જીવોનો, (૪) અજીવોનો, (૫) જીવ અને અજીવનો, (૬) જીવ અને અજીવોનો, (૭) જીવો અને અજીવનો, (૮) જીવો અને અજીવોનો.

અહીં ઉદાહરણ આ પ્રમાણે (વિશેષ. આ.ભા.ગા. ૨૮૭૪ વગેરે) (૧) જીવનો=જિનનો તે નમસ્કાર છે, (૨) અજીવનો = જિનપ્રતિમાનો, (૩) જીવોનો = યતીઓનો, (૪) અજીવોનો

* ०क्षविवक्षावश० प्र० ।

*"[४]जीवस्स सो जिणस्स व अज्जीवस्स उ जिणिंदपडिमाए ।*
*जीवाण जतीणं पिव अज्जीवाणं तु पडिमाणं ॥१॥*
*जीवस्साजीवस्स य जइणो बिंबस्स चेगओ समयं ।*
*जीवस्साजीवाण य जइणो पडिमाण चेगत्थं ॥२॥*
*जीवाणमजीवस्स य जईण बिंबस्स चेगओ समयं ।*
*जीवाणमजीवाण य जईण पडिमाण चेगत्थं ॥३॥"*

**सङ्ग्रहमतं तु नमःसामान्यमात्रं तत्स्वामिमात्रस्य च वस्तुनो जीवो नम इति च तुल्याधिकरणम्, अभेदपरमार्थत्वात् तस्य, कश्चित्तु शुद्धतरः पूज्यजीवपूजकजीवसम्बन्धाज्जीवस्यैव नमस्कार इत्येकं**

= પ્રતિમાઓનો, (૫) જીવ અને અજીવનો = એક સાથે એક સાધુ અને એક પ્રતિમાને કરાતો નમસ્કાર, (૬) જીવ અને અજીવોનો = એક યતિને અને અનેક પ્રતિમાઓને એક સાથે કરાતો નમસ્કાર, (૭) જીવો અને અજીવનો = અનેક યતિઓ અને એક પ્રતિમાને એક સાથે કરાતો નમસ્કાર, (૮) જીવો અને અજીવોનો = અનેક સાધુઓ અને અનેક પ્રતિમાઓને એક સાથે કરાતો નમસ્કાર. (ટૂંકમાં જિનને અને યતિને જે નમસ્કાર કરવામાં આવે તે જીવનો, અને પ્રતિમાને કરવામાં આવે તે અજીવનો એમ બધાં ભાંગામાં સમજવું.)

**સંગ્રહનય** નમઃસામાન્યમાત્રને જ ઇચ્છે છે. (અર્થાત્ જીવનો નમસ્કાર જુદો – અજીવનો નમસ્કાર જુદો એમ જુદા જુદા નમસ્કારને ઇચ્છતો નથી, પણ આ બધા એક જ નમસ્કાર છે એમ તે માને છે.) તથા આ નમસ્કાર તેના સ્વામીમાત્ર વસ્તુનો જ છે. (અર્થાત્ ઉપરોક્ત નયની જેમ જીવ અને અજીવરૂપ બે સ્વામી માનતો નથી પણ સ્વામીત્વ જાતિને લઈ જીવ અને અજીવ બંનેનો એક સ્વામી તરીકે જ ઉલ્લેખ કરી સ્વામીનો જ નમસ્કાર કહે છે પછી ભલે તે સ્વામી તરીકે જીવ હોય કે અજીવ હોય.)

તથા આ નય નમસ્કાર અને નમસ્કાર્ય વચ્ચે અભેદની વિવક્ષાવાળો હોવાથી જીવ અને નમસ્કાર વચ્ચે તુલ્યાધિકરણ માને છે. (અર્થાત્ જીવ એ ધર્મી છે અને નમસ્કાર એ ધર્મ છે, એમ ધર્મી–ધર્મનો ભેદ સ્વીકારવાને બદલે જીવ અને નમસ્કાર વચ્ચે અભેદ માની બંનેની તુલ્યાધિકરણતા = સમાનતા આ નય માને છે. એટલે કે 'જીવનો નમસ્કાર' એમ નમસ્કારનો જીવથી ભેદ માનતો નથી પરંતુ 'જીવ એ નમસ્કાર છે' એમ માને છે.) કોઈક શુદ્ધતર સંગ્રહનય પૂજ્ય = નમસ્કાર્ય પણ જીવ હોવાથી અને પૂજક = નમસ્કર્તા પણ જીવ હોવાથી તથા આ બંને સાથે નમસ્કારનો સંબંધ હોવાથી 'જીવનો જ નમસ્કાર' એ પ્રમાણેનો પ્રથમ ભાંગો જ માને છે, શેષ ભાંગાઓ આ નય માનતો નથી.

४. जीवस्य स जिनस्यैव अजीवस्य तु जिनेन्द्रप्रतिमायाः । जीवानां यतीनामपि अजीवानां तु प्रतिमानाम् ॥१॥ जीवस्याजीवस्य च यतेर्बिम्बस्य चैकतः समकम् । जीवस्याजीवानां च यतेः प्रतिमानां चैकत्र ॥२॥ जीवानामजीवस्य च यतीनां बिम्बस्य चैकतः समकम् । जीवानामजीवानां च यतीनां प्रतिमानां चैकत्र ॥३॥

भङ्गं प्रतिपद्यते, ऋजुसूत्रमतं तु नमस्कारस्य ज्ञानक्रियाशब्दरूपत्वात् तेषां च कर्तुरनर्थान्तरत्वात् कर्तृस्वामिक एव, शब्दादिमतमपीदमेव, केवलमुपयुक्तकर्तृस्वामिकोऽसौ, तस्य ज्ञानमात्रत्वात् ज्ञानमात्रता चास्योपयोगादेव फलप्राप्तेः, शब्दक्रियाव्यभिचारात्, एकत्वानेकत्वविचारस्तु नैगमादिनयापेक्षया पूर्ववदायोजनीय इति गाथार्थः ॥८९२॥

कस्येति गतं, केन ? इत्यधुना निरूप्यते-केन साधनेन साध्यते नमस्कारः ?, तत्रेयं गाथा-

**नाणावरणिज्जस्स य दंसणमोहस्स तह खओवसमे । (दा०३)**
**जीवमजीवे अट्ठसु भंगेसु उ होइ सव्वत्थ (दा०४) ॥८९३॥**

व्याख्या : 'ज्ञानावरणीयस्य' इति सामान्यशब्देऽपि मतिश्रुतज्ञानावरणीयं गृह्यते, मतिश्रुतज्ञानान्तर्गतत्वात् तस्य, तथा सम्यग्दर्शनसाहचर्याज्ज्ञानस्य दर्शनमोहनीयस्य च क्षयोपशमेन साध्यते, प्राकृतशैल्या तृतीयानिर्देशो द्रष्टव्यः, तस्य चावरणस्य द्विविधानि स्पर्धकानि भवन्ति-सर्वोपघातीनि देशोपघातीनि च, तत्र सर्वेषु सर्वघातिषूद्घातितेषु देशोपघातिनां च प्रतिसमयं विशुद्ध्यप्रेक्षं

---

**ઋજુસૂત્રનય**ના મતે નમસ્કાર એ જ્ઞાન–ક્રિયા અને શબ્દરૂપ છે અને આ જ્ઞાન-ક્રિયા-શબ્દ એ કર્તાની સાથે અભેદરૂપે રહેલા હોવાથી કર્તાનો નમસ્કાર માને છે. (પણ નમસ્કાર્યનો નમસ્કાર આ નય માનતો નથી.) **શબ્દાદિનયો**ની પણ આ જ માન્યતા છે, પરંતુ તેઓ 'ઉપયુક્ત એવા કર્તાનો નમસ્કાર' માને છે, કારણ કે આ નયો નમસ્કારને જ્ઞાનમાત્ર એટલા માટે માને છે કે નમસ્કારના ઉપયોગથી જ ઇષ્ટફળની પ્રાપ્તિ થાય છે. જ્યારે શબ્દ અને ક્રિયા એ નિશ્ચિત ફળ આપે જ એવું નથી. (ટૂંકમાં નમસ્કારના શબ્દો અને ક્રિયા હોવા છતાં જો જ્ઞાન = ઉપયોગ ન હોય તો ફળ પ્રાપ્ત થતું નથી. એથી ઊલટું શબ્દ-ક્રિયા ન હોય છતાં જો જ્ઞાન=ઉપયોગ હોય તો ફળ પ્રાપ્ત થાય છે. આમ ઉપયોગથી જ નમસ્કારના ફળની પ્રાપ્તિ થતી હોવાથી આ નયો નમસ્કારને જ્ઞાનરૂપ માને છે.) નમસ્કાર એક જીવનો કે અનેક જીવોનો વગેરે એકત્વ–અનેકત્વનો વિચાર નૈગમાદિનયોની અપેક્ષાએ પૂર્વની જેમ જાણી લેવા યોગ્ય છે. ॥૮૯૨॥

**અવતરણિકા :** 'कस्य' એ દ્વાર પૂર્ણ થયું. હવે 'केन' અર્થાત્ કયા સાધનવડે નમસ્કાર સધાય છે ? એ વાતનું નિરૂપણ કરે છે. તેમાં આ ગાથા છે ➪

**ગાથાર્થ : જ્ઞાનાવરણીય અને દર્શનમોહનીયના ક્ષયોપશમથી (નમસ્કાર પ્રાપ્ત થાય છે.) જીવને વિશે, અજીવને વિશે વગેરે આઠ ભાંગાઓમાં નમસ્કારની વિદ્યમાનતા છે.**

**ટીકાર્થ :** 'જ્ઞાનાવરણીય' એ પ્રમાણે અહીં સામાન્યથી શબ્દપ્રયોગ કરવા છતાં જ્ઞાનાવરણીયથી મતિ-શ્રુતજ્ઞાનાવરણીય ગ્રહણ કરાય છે, કારણ કે નમસ્કારનો મતિ-શ્રુતિજ્ઞાનમાં સમાવેશ થાય છે. વળી જ્ઞાન એ સમ્યગ્દર્શન સાથે જ રહેનારું હોવાથી મતિ-શ્રુતજ્ઞાનાવરણીય અને દર્શનમોહનીયના ક્ષયોપશમથી નમસ્કારની પ્રાપ્તિ થાય છે. મૂળગાથામાં પ્રાકૃતશૈલીને કારણે 'खओवसमे' એ પ્રમાણે સપ્તમી કરેલી છે. પરંતુ તૃતીયા વિભક્તિ જાણવાની છે. આ જ્ઞાનાવરણીય અને મોહનીયના બે પ્રકારના સ્પર્ધકો (કર્મોના જથ્થા) છે ૧. સર્વોપઘાતી (ગુણનો સંપૂર્ણ ઘાત કરનાર) અને ૨. દેશોપઘાતી (ગુણનો દેશથી ઘાત કરનાર). તેમાં સર્વઘાતી સ્પર્ધકોનો સંપૂર્ણ ઘાત થયા પછી અને

**भागैरनन्तैः- क्षयमुपगच्छद्भिर्विमुच्यमानः क्रमेण प्रथममक्षरं लभते, एवमेकैकवर्णप्राप्त्या समस्तनमस्कारमिति, क्षयोपशमस्वरूपं पूर्ववद् । गतं केनेति द्वारं, कस्मिन्नित्यधुना, तत्र कस्मिन्निति सप्तम्यधिकरणे, अधिकरणं चाधारः, स च चतुर्भेदः, तद्यथा-व्यापकः औपश्लेषिकः सामीप्यको वैषयिकश्च, तत्र व्यापकः तिलेषु तैलम्, औपश्लेषिकः-कटे आस्ते, सामीप्यकः-गङ्गायां घोषः, वैषयिकः-रूपे चक्षुः, तत्राद्योऽभ्यन्तरः, शेषा बाह्याः, तत्र नैगमव्यवहारौ बाह्यमिच्छतः, तन्मतानुवादि च साक्षादिदं गाथाशकलं-'जीवमजीवेत्यादि' जीवमजीव इति प्राकृतशैल्याऽनुस्वारस्याभूतस्यैवागमः, तत्त्वतस्तु जीवे अजीवे इत्याद्यष्टसु भङ्गेषु भवति सर्वत्रेति भावना, नमस्कारो हि जीवगुणत्वाज्जीवः, स च यदा गजेन्द्रादौ तदा जीवे, यदा कटादौ तदाऽजीवे, यदोभयाऽऽत्मके तदा जीवाजीवयोः,**

દેશોપઘાતી સ્પર્ધકોના પ્રતિસમયે વિશુદ્ધિની અપેક્ષાએ ક્ષયને પામતા અનંતભાગોવડે મૂકાતો જીવ (અર્થાત્ જે જીવની દરેક સમયે વિશુદ્ધિ વધતી જાય છે અને માટે જ દરેક સમયે દેશોપઘાતી સ્પર્ધકોના અનંતભાગો જે જીવના ક્ષય પામતા જાય છે તે જીવ) ક્રમે કરીને (નમસ્કારનો = નવકારનો) પ્રથમ અક્ષર પ્રાપ્ત કરે છે, અને આ પ્રમાણે એક–એક વર્ણની પ્રાપ્તિવડે સમસ્ત નમસ્કારને પામે છે. ક્ષયોપશમનું સ્વરૂપ પૂર્વની જેમ જાણી લેવું. (અર્થાત્ ઉદયાવલિકામાં પ્રવેશેલા કર્મોનો ક્ષય અને શેષ કર્મોનો ઉપશમ એ ક્ષયોપશમ કહેવાય છે, કહ્યું છે કે – "खीणमुइन्नं सेसयमुवसंतं भन्नए खओवसमो ॥") 'केन' દ્વાર પૂર્ણ થયું.

હવે 'નમસ્કાર શેમાં હોય છે?' એ દ્વાર કહે છે. તેમાં 'कस्मिन्' અહીં સપ્તમી વિભક્તિ અધિકરણ અર્થમાં છે અને અધિકરણ એટલે આધાર. તે ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે – ૧. વ્યાપક અધિકરણ=જેમ કે–તેલ માટે તલ એ વ્યાપક અધિકરણ છે. ૨. ઔપશ્લેષિક = જેમ કે ચટાઇ ઉપર વ્યક્તિ બેસે ત્યારે ચટાઇ એ ઔપશ્લેષિક આધાર કહેવાય. (ઔપશ્લેષિક = જેમાં વસ્તુ અમુક અંશે વ્યાપીને રહે તે આધાર.) ૩. સામીપ્યક = જેમ કે ગંગા કિનારે રહેલ ગાયોનો વાડો. ૪. વૈષયિક=જેમ કે રૂપને વિશે ચક્ષુ. આ ચારે અધિકરણમાં પ્રથમ આધાર અભ્યંતર છે અને શેષ બાહ્ય છે.

આ ચાર આધારોમાંથી નૈગમ અને વ્યવહાર બાહ્ય આધારને ઇચ્છે છે. આ મતનો જ સાક્ષાત્ મૂળગાથામાં અનુવાદ કરનાર ગાથાનો ટુકડો આ પ્રમાણે છે 'जीवमजीव......' વગેરે. અહીં ન હોવા છતાં '**म**'નો આગમ પ્રાકૃતને કારણે છે. તેથી વાસ્તવિક રીતે આ પ્રમાણે અર્થ કરવો કે જીવને વિશે, અજીવને વિશે આ પ્રમાણે આઠે ભાંગામાં બધે નમસ્કાર રહેલો છે. તે આ પ્રમાણે – નમસ્કાર એ જીવનો ગુણ હોવાથી (અને ગુણનો જીવ સાથે અભેદ હોવાથી) જીવરૂપ છે. તે જીવ જ્યારે હાથી વગેરે ઉપર બેઠો હોય ત્યારે નમસ્કાર જીવ ઉપર છે એમ કહેવાય છે. જ્યારે જીવ ચટાઈ વગેરે ઉપર હોય ત્યારે નમસ્કાર અજીવ ઉપર કહેવાય, જ્યારે ઉભયાત્મક આધાર (મિશ્ર એવા અલંકાર યુક્ત ઘોડા વિ.) ઉપર બેઠો હોય ત્યારે જીવ અને અજીવ ઉપર નમસ્કાર છે એમ કહેવાય. આ રીતે એકવચન અને બહુવચનના ભેદથી પૂર્વે (ગા. ૮૯૨માં) કહેવાયેલા

**एवमेकवचनबहुवचनभेदादष्टौ भङ्गाः प्रागुक्ता एव योज्याः । आह-पूज्यस्य नमस्कार इति नैगमव्यवहारौ, स एव च किमित्याधारो न भवति ? येन पृथगिष्यते, उच्यते, नावश्यं स्वेन स्वात्मन्येव भवितव्यम्, अन्यत्रापि भावात्, यथा देवदत्तस्य धान्यं क्षेत्र इति, तुशब्दाच्छेषनयाक्षेपः कृतः, संक्षेपतो दर्श्यते—तत्र सङ्ग्रहोऽभेदपरमार्थत्वात् कश्चिद्वस्तुमात्रे अभीच्छति, कश्चित्तद्धर्मत्वाज्जीव इति, ऋजुसूत्रस्तु जीवगुणत्वाज्जीव एव मन्यते, आह—ऋजुसूत्रोऽन्याधारमपीच्छत्येव, 'आकाशे वसती' ति वचनाद्, उच्यते, द्रव्यविवक्षायामेवं न गुणविवक्षायामिति, शब्दादयस्तूपयुक्ते ज्ञानरूपे जीव एवेच्छन्ति नान्यत्र, न वा शब्दक्रियारूपमिति गाथार्थः ॥८९३॥**

---

આઠ ભાંગા જોડવા.

**શંકા :** નૈગમ અને વ્યવહાર 'પૂજ્યનો નમસ્કાર' એ પ્રમાણે માને છે. તો તે પૂજ્ય જ શા માટે આધાર ન કહેવાય ? કે જેથી તમે જુદા એવા પૂજકને આધાર તરીકે કહો છો.

**સમાધાન :** પોતે પોતાનામાં જ હોવો જોઈએ એવો કોઈ નિયમ નથી. (અર્થાત્ જેનું જે હોય તેનો તે જ આધાર હોય એવો નિયમ નથી) બીજે પણ હોઈ શકે છે. જેમ કે, દેવદત્તનું ધાન્ય ખેતરમાં રહેલું જોવાય છે. (અહીં ધાન્ય દેવદત્તનું હોવા છતાં દેવદત્તથી જુદા એવા ખેતરમાં રહેલું દેખાય છે, એ પ્રમાણે નમસ્કાર પૂજ્યનો હોવા છતાં પૂજકમાં રહે તેમાં કોઈ વિરોધ નથી.)

મૂળગાથામાં રહેલ 'તુ' શબ્દથી શેષ નયો લેવાના છે. જે સંક્ષેપથી દેખાડે છે — સંગ્રહનય અભેદને (અર્થાત્ ધર્મ = નમસ્કાર અને ધર્મી = જીવ વચ્ચે અભેદને) માનતો હોવાથી કોઈક સંગ્રહનય વસ્તુમાત્રમાં (જીવાજીવ રૂપ વસ્તુમાત્રમાં) નમસ્કાર ઇચ્છે છે. કોઈક સંગ્રહ નમસ્કાર એ જીવનો ધર્મ હોવાથી જીવને વિશે ઇચ્છે છે. ઋજુસૂત્રનય નમસ્કાર એ જીવનો ગુણ હોવાથી જીવમાં જ માને છે.

**શંકા :** 'આકાશમાં વસે છે' આ વચનથી જણાય છે કે ઋજુસૂત્ર જીવ સિવાય અન્ય આધારને પણ ઇચ્છે છે. તો તમે શા માટે માત્ર જીવને જ આધાર માનો છો ? (આશય એ છે કે અનુયોગદ્વારમાં 'क्व वसति' ના જવાબમાં ઋજુસૂત્રનયના મતે માત્ર આત્મામાં રહે છે એ પ્રમાણે નથી માન્યું, પણ આકાશમાં રહે છે એ પણ માન્યું છે.)

**સમાધાન :** તમારી વાત સાચી છે, પરંતુ જ્યારે દ્રવ્યની વિવક્ષા કરવાની હોય અર્થાત્ જીવરૂપ દ્રવ્યની જ્યારે વિવક્ષા કરીને પૂછીએ કે જીવ ક્યાં વસે છે ? ત્યારે આ નય કહે કે આકાશમાં વસે છે અર્થાત્ અન્ય આધાર માને, પરંતુ ગુણની વિવક્ષા હોય ત્યારે આ નય માત્ર જીવને = દ્રવ્યને જ આધાર તરીકે માને છે. અન્ય ને નહીં. (ભાવાર્થ એ છે કે દ્રવ્યને આશ્રયી પૃચ્છા થતી હોય તો અન્ય આધાર પણ માને, પરંતુ નમસ્કાર એ ગુણ છે અને તેથી ગુણને આશ્રયી આધારની પૃચ્છા થાય ત્યારે આ નય જીવરૂપ આધાર જ માને છે પણ અન્ય આધાર માનતો નથી.)

શબ્દાદિનયો ઉપયુક્ત એવા જ્ઞાનરૂપ જીવમાં જ નમસ્કાર ઇચ્છે છે. (કારણ કે તેઓના મતે નમસ્કાર એ જ્ઞાનરૂપ છે, શબ્દ-ક્રિયારૂપ નથી, માટે જ્ઞાનરૂપ જીવમાં જ ઇચ્છે છે) પણ તે સિવાય અનુપયુક્ત જીવમાં કે શબ્દ-ક્રિયારૂપ નમસ્કારને ઇચ્છતા નથી. ॥ ૮૯૩ ॥

कस्मिन्निति द्वारमुक्तं, साम्प्रतं कियच्चिरमसौ भवतीति निरूप्यते, तत्रेयं गाथा—

उवओग पडुच्चंतोमुहुत्त लद्धीइ होइ उ जहन्नो ।
उक्कोसट्ठिइ छावट्ठिसागरा (दा०५) ऽरिहाइ पंचविहो ॥८९४॥

व्याख्या : उपयोगं प्रतीत्य अन्तर्मुहूर्त्तं स्थितिरिति सम्बध्यते जघन्यतः उत्कृष्टश्च, 'लद्धीए होइ उ जहन्नो' लब्धेश्च क्षयोपशमस्य च भवति तु जघन्या स्थितिरन्तर्मुहूर्त्त एव, उत्कृष्टस्थितिर्लब्धेः षट्षष्टिसागरोपमाणि, सम्यक्त्वकाल इत्यर्थः, एकं जीवं प्रतीत्यैषा, नानाजीवान् पुनरधिकृत्योपयोगापेक्षया जघन्येनोत्कृष्टतश्च स एव, लब्धितश्च सर्वकालमिति ॥ द्वारम् ॥ कतिविधो वा? इत्यस्य प्रश्नस्य निर्वचनार्थो गाथावयवः—'अरिहाइ पंचविहो'त्ति अर्हत्सिद्धाचार्योपाध्यायसाधुपदादिसन्निपातात् पञ्चविधार्थसम्बन्धात् अर्हदादिपञ्चविध इत्यनेन चार्थान्तरेण वस्तुस्थित्या नमःपदस्याभिसम्बन्धमाहेति गाथार्थः ॥८९४॥ द्वारम् ॥

गता षट्पदप्ररूपणेति, साम्प्रतं नवपदाया अवसरः, तत्रेयं गाथा—

संतपयपरूवणया १ दव्वपमाणं च २ खित्त ३ फुसणा य ४ ।

---

**અવતરણિકા :** 'कस्मिन्' દ્વાર પૂર્ણ થયું. હવે કેટલા કાળ સુધી નમસ્કાર હોય છે ? તે કહેવાય છે. તેમાં આ ગાથા છે ➪

ગાથાર્થ : **ઉપયોગને આશ્રયી અંતર્મુહૂર્ત સ્થિતિ છે. લબ્ધિને આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમની સ્થિતિ છે. આ નમસ્કાર અરિહંતાદિ પાંચ પ્રકારનો છે.**

**ટીકાર્થ :** ઉપયોગને આશ્રયી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તની સ્થિતિ છે. લબ્ધિને = ક્ષયોપશમને આશ્રયી અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમની સ્થિતિ સમ્યક્ત્વકાળમાં જાણવી. આ એક જીવને આશ્રયીને સ્થિતિ કહી. જુદા જુદા જીવોને આશ્રયીને ઉપયોગની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ અને લબ્ધિથી સર્વકાળની સ્થિતિ જાણવી. આ પ્રમાણે 'कियच्चिरं' દ્વાર પૂર્ણ થયું.

હવે 'નમસ્કાર કેટલા પ્રકારનો છે ?' એ પ્રશ્નના ઉત્તરને જણાવતો મૂળગાથાનો અવયવ આ પ્રમાણે છે કે અરિહંત – સિદ્ધ – આચાર્ય – ઉપાધ્યાય – અને સાધુ પદની શરૂઆતમાં નમસ્કારનો સન્નિપાત થતો હોવાથી (અર્થાત્ नमः अर्हद्‌भ्यः, नमः सिद्धेभ्यः વગેરે) અરિહંતાદિ પાંચ પ્રકારના અર્થો સાથે નમસ્કારનો સંબંધ થાય છે અને તેથી અરિહંતાદિ પાંચ પ્રકારનો નમસ્કાર છે. અહીં 'નમસ્કાર પાંચ પ્રકારનો છે' એવું જે કહ્યું. તેનાથી અરિહંતાદિ અર્થાન્તરોની સાથે પરમાર્થથી 'નમ' પદનો સંબંધ કહ્યો. (અર્થાત્ 'નમઃ' પદ નૈપાતિક છે તેથી તેના પાંચ પ્રકાર પડે તેમ નથી, પરંતુ અરિહંતાદિ અર્થાન્તરોની સાથે તેનો આદિમાં સંબંધ થવાથી પાંચપ્રકાર પડે છે.) ॥૮૯૪॥

**અવતરણિકા :** ષટ્પદપ્રરૂપણા પૂર્ણ થઈ છે. હવે નવપ્રકારની પ્રરૂપણાનો અવસર છે તેમાં આ ગાથા જાણવી ➪

ગાથાર્થ : **(૧) સત્પદ પ્રરૂપણા (૨) દ્રવ્યપ્રમાણ (૩) ક્ષેત્ર (૪) સ્પર્શના (૫) કાળ (૬)**

**कालो अ ५ अंतरं ६ भाग ७ भाव ८ अप्पाबहुं चेव ९ ॥८९५॥**

व्याख्या : सत् इति सद्भूतं विद्यमानार्थमित्यर्थः, सच्च तत्पदं च सत्पदं तस्य प्ररूपणा सत्पदप्ररूपणा, कार्येति वाक्यशेषः, यतश्च नमस्कारो जीवद्रव्यादभिन्न इत्यतो द्रव्यप्रमाणं च वक्तव्यं, कियन्ति नमस्कारवन्ति जीवद्रव्याणि ?, तथा 'क्षेत्रम्' इति कियति क्षेत्रे नमस्कारः ?, एवं स्पर्शना च कालश्च अन्तरं च वक्तव्यं, तथा भाग इति नमस्कारवन्तः शेषजीवानां कतिथे भागे वर्तन्त इति, 'भावे' त्ति कस्मिन् भावे ? 'अप्पाबहुं चेव' त्ति अल्पबहुत्वं च वक्तव्यं, प्राक्प्रतिपन्नप्रतिपद्यमानकापेक्षयेति समासार्थः, व्यासार्थस्तु प्रतिद्वारं वक्ष्यते ॥८९५॥

तत्राद्यद्वाराभिधित्सयाऽऽह–

**संतपयं पडिवन्ने पडिवज्जंते अ मग्गणं गइसुं १ ।**
**इंदिअ २ काए ३ वेए ४ जोए अ ५ कसाय ६ लेसासु ७ ॥८९६॥**
**सम्मत्त ८ नाण ९ दंसण १० संजय ११ उवओगओ अ १२ आहारे १३ ।**
**भासग १४ परित्त १५ पज्जत्त १६ सुहुमे १७ सन्नी अ १८ भव १९ चरमे २० (द्वा.१) ॥८९७॥**

व्याख्या : इदं गाथाद्वयं पीठिकायां व्याख्यातत्वान्न विव्रियते । द्वारम् ।

अनुक्तद्वारत्रयावयवार्थप्रतिपादनायाह–

---

**અંતર (૭) ભાગ (૮) ભાવ અને (૯) અલ્પબહુત્વ.**

**ટીકાર્થ :** (૧) સત્ એટલે સદ્ભૂત, અર્થાત્ વિદ્યમાન અર્થવાળું એવું જે પદ તે સત્પદ, તેની જે પ્રરૂપણા તે સત્પદપ્રરૂપણા. આ સત્પદપ્રરૂપણા કરવા યોગ્ય છે એ પ્રમાણે વાક્યશેષ જાણવું. (૨) જે કારણથી નમસ્કાર જીવદ્રવ્યથી અભિન્ન છે તે કારણે દ્રવ્યનું પ્રમાણ કહેવા યોગ્ય છે, અર્થાત્ નમસ્કારવાળા કેટલા જીવદ્રવ્યો છે ? તે કહેવું. (૩) ક્ષેત્રદ્વારમાં કેટલા ક્ષેત્રમાં નમસ્કાર છે ? તે કહેવું. (૪-૫-૬) આ પ્રમાણે સ્પર્શના, કાળ અને અંતર કહેવા યોગ્ય છે. (૭) તથા ભાગદ્વારમાં નમસ્કારવાળા જીવો શેષજીવોના કેટલામાં ભાગે રહેલા છે તે કહેવું. (૮) ભાવદ્વારમાં કયા ભાવમાં નમસ્કારવાળા જીવો વર્તે છે તે કહેવું. (૯) પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ કહેવું. આ પ્રમાણે સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારાર્થ દરેક દ્વારમાં આગળ કહેવાશે. ॥૮૯૫॥

**અવતરણિકા :** તેમાં પ્રથમ દ્વારને કહેવાની ઇચ્છાથી કહે છે ➪

**ગાથાર્થ : સત્પદના પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનકને આશ્રયી ગતિ વગેરે દ્વારોમાં ગવેષણા કરવી. (તે દ્વારો આ પ્રમાણે) ગતિ, ઇન્દ્રિય, કાય, વેદ, યોગ, કષાય, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સુક્ષ્મ, સંજ્ઞી, ભવ અને ચરમ.**

**ટીકાર્થ :** આ બંને ગાથાઓ પીઠિકામાં (ગા. ૧૪/૧૫માં) કહેવાઇ ગયેલી હોવાથી અહીં તેઓનું વિવરણ કરાતું નથી. (અર્થાત્ મતિજ્ઞાનનું નિરૂપણ જે કર્યું, તે જ નમસ્કારનું જાણવું.) ॥ ૮૯૬-૮૯૭ ॥

**અવતરણિકા :** ([મ]પૂર્વે ગા. ૧૪/૧૫માં સત્પદપ્રરૂપણાદ્વાર માટે વિસ્તારથી વાત કરી

**पलिआसंखिज्जइमे पडिवन्नो हुज्ज (दा०२) खित्तलोगस्स ।**
**सत्तसु चउदसभागेसु हुज्ज (दा०३) फुसणावि एमेव (दा०४) ॥८९८॥**

व्याख्या : 'पलियासंखेज्जइमे पडिवन्नो होज्ज' त्ति इयं भावना—सूक्ष्मक्षेत्रपल्योपमस्यासङ्ख्येयतमे भागे यावन्तः प्रदेशा एतावन्तो नमस्कारप्रतिपन्ना इति ॥ द्वारम् ॥ 'खित्तलोगस्स सत्तसु चोद्दसभागेसु होज्ज' त्ति गतार्थं, नवरमधोलोके पञ्चस्विति ॥ द्वारम् ॥ 'फुसणावि एमेव' त्ति नवरं पर्यन्तवर्तिनोऽपि प्रदेशान् स्पृशतीति भेदेनाभिधानमिति गाथार्थः ॥८९८॥ द्वारं ॥

कालद्वारावयवार्थव्याचिख्यासयाऽऽह—

**एगं पडुच्च हिट्ठा तहेव नाणाजिआण सव्वद्धा (द्वारं ५) ।**
**अंतर पडुच्च एगं जहन्नमंतोमुहुत्तं तु ॥८९९॥**

व्याख्या : एकं जीवं प्रतीत्याधस्तात् षट्पदप्ररूपणायां यथा काल उक्तस्तथैव ज्ञातव्यः, नानाजीवानप्यधिकृत्य तथैव, यत आह-'तहेव नाणाजीवाण सव्वद्धा भाणियव्वा' काक्वा नीयते ॥द्वारम्॥ 'अंतर पडुच्च एगं जहन्नमन्तोमुहुत्तं तु' कण्ठ्यं, नवरं प्रतीत्यशब्दस्य व्यवहितो योगः,

---

હતી પણ તે વખતે દ્રવ્યપ્રમાણાદિ દ્વારો નિર્યુક્તિકારે કહ્યા નહોતાં. તેથી તે સમયે) નહીં કહેવાયેલા દ્રવ્યપ્રમાણાદિ ત્રણ દ્વારોના વિસ્તારાર્થને પ્રતિપાદન કરવા માટે (નિર્યુક્તિકાર સાક્ષાત્) કહે છે ➪

ગાથાર્થ : **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ પૂર્વપ્રતિપન્ન જીવો છે. ક્ષેત્રલોકના સાત એવા ચૌદ ભાગોમાં નમસ્કાર છે. સ્પર્શના પણ આ જ પ્રમાણે જાણવી.**

**ટીકાર્થ :** સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમાં ભાગમાં જેટલા આકાશ પ્રદેશો છે, તેટલી સંખ્યા નમસ્કારના પૂર્વપ્રતિપન્ન જીવોની છે. ક્ષેત્રલોકમાં (ઉર્ધ્વલોકને આશ્રયી) સાત એવા ચૌદ ભાગોમાં નમસ્કાર છે. (અર્થાત્ મનુષ્યલોકમાંથી અનુત્તરદેવમાં ઇલિકાગતિથી નમસ્કાર સહિત જનાર જીવ લોકના સાત એવા ચૌદ ભાગોને વ્યાપે છે.) અધોલોકમાં પાંચભાગોને વ્યાપે છે. સ્પર્શના પણ આ જ પ્રમાણે જાણવી. પરંતુ સ્પર્શનામાં જીવ લોકના પર્યન્તવર્તી આકાશપ્રદેશોને પણ સ્પર્શે છે. (જ્યારે ક્ષેત્રમાં—જેટલા ક્ષેત્રમાં વ્યાપે છે તેટલું જ ક્ષેત્ર કહેવાય છે. આમ ક્ષેત્ર કરતા સ્પર્શના અધિક હોવાથી) સ્પર્શનાનું ક્ષેત્રથી જુદું કથન કર્યું છે. ॥૮૯૮॥

**અવતરણિકા :** હવે કાળદ્વારના અવયવાર્થની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** એક જીવને આશ્રયીને પૂર્વે ષટ્પદપ્રરૂપણામાં જે કાળ કહ્યો તેટલો અહીં જાણવો. જુદા જુદા જીવને આશ્રયીને પણ પૂર્વે કહ્યો તેટલો જ કાળ = સર્વકાળ જાણવો, કારણ કે કહ્યું છે કે – "નાના જીવોને આશ્રયી સર્વકાળ કહેવા યોગ્ય છે." આ વચનથી અર્થાપત્તિથી જણાય છે કે ગા. ૮૯૪માં જે કાળ કહ્યો તે અહીં પણ જાણવાનો છે.

હવે અંતર કહે છે – એક જીવને આશ્રયીને જઘન્યથી અંતર્મુહૂર્ત કાળનું અંતર જાણવું.

एकं प्रतीत्यैवमिति गाथार्थः ॥८९९॥

**उक्कोसेणं चेयं अद्धापरिअट्टओ उ देसूणो ।**

**णाणाजीवे णत्थि उ (द्वारं ६) भावे य भवे खओवसमे (द्वारं ८) ॥९००॥**

व्याख्या : उक्कोसेणं चेयं, तमेव दर्शयति-'अद्धापरियट्टओ उ देसूणो णाणाजीवे णत्थि उ' नानाजीवान् प्रतीत्य नास्त्यन्तरं, सदाऽव्यवच्छिन्नत्वात् तस्य ॥ द्वारं ॥ 'भावे य भवे खओवसमे' त्ति, प्राचुर्यमङ्गीकृत्यैतदुक्तम्, अन्यथा क्षायिकौपशमिकयोरप्येके वदन्ति, क्षायिके यथा-श्रेणिकादीनाम्, औपशमिके श्रेण्यन्तर्गतानामिति, यथासङ्ख्यं च भागद्वारावयवार्थानभिधानमदोषायैव, विचित्रत्वात् सूत्रगतेरिति गाथार्थः ॥९००॥ द्वारं ॥

भागद्वारं व्याचिख्यासुराह—

**जीवाणऽणंतभागो पडिवण्णो सेसगा अणंतगुणा (द्वारं ७) ।**

**वत्थुं तऽरिहंताइ पञ्च भवे तेसिमो हेऊ ॥९०१॥**

व्याख्या : जीवाणऽणन्तभागो पडिवण्णे सेसगा अपडिवन्नगा अणंतगुणत्ति ॥ द्वारम् ॥

---

જે સ્પષ્ટ છે. ગાથામાં રહેલ પ્રતીત્ય (पडुच्च) શબ્દને 'एगं' ની પછી સમજવો. ॥૮૯૯॥

ગાથાર્થ : **ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળ અંતર જાણવું, જુદા જુદા જીવોને આશ્રયી અંતર નથી. ક્ષયોપશમભાવમાં નમસ્કાર છે.**

**ટીકાર્થ** — ઉત્કૃષ્ટથી આ અંતરકાળ જાણવો, તે જ બતાવે છે — (એક જીવને આશ્રયી) દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળ. જુદા જુદા જીવોને આશ્રયી અંતર નથી કારણ કે નમસ્કારનો કોઈ કાળમાં વિચ્છેદ = નાશ થતો નથી. (હવે ભાવદ્વાર કહે છે.) નમસ્કાર ક્ષયોપશમિકભાવમાં વર્તે છે. બહુલતાને આશ્રયી આ વાત કહી છે. (કારણ કે નમસ્કારને પામનારા ઘણા ખરા જીવો ક્ષાયોપશમિકભાવમાં વર્તતા હોય છે. તેથી આવા જીવોની બહુલતાને આશ્રયી આ વાત કરી છે.) બાકી કેટલાક આચાર્યોના મતે નમસ્કાર ક્ષાયિક અને ઔપશમિકભાવમાં પણ વર્તે છે.

(જો કે આ મતમાં ટીકાકારને અરુચિ છે કારણ કે નમસ્કાર એ મતિ—શ્રુતજ્ઞાનમાં સમાવેશ પામે છે. એમ પૂર્વે કહ્યું છે અને મતિ—શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં જ હોય છે. તેથી ટીકાકારના મતે નમસ્કાર ક્ષાયોપશમિકભાવમાં વર્તે છે.) તેમાં ક્ષાયિક માટે શ્રેણિકનું દૃષ્ટાન્ત છે અને ઔપશમિકમાં ઉપશમશ્રેણિમાં રહેલા જીવોનું દૃષ્ટાન્ત જાણવું. અલબત્ત ક્રમશઃ વર્ણન કરતા અંતરદ્વાર પછી ભાગદ્વાર આવે છતાં તેને છોડી નિર્યુક્તિકારે ભાવદ્વારનું વર્ણન કર્યું તે દોષ માટે નથી, કારણ કે સૂત્રરચના વિચિત્ર પ્રકારની હોય છે. ॥૯૦૦॥

**અવતરણિકા :** હવે ભાગદ્વારને વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે ⇨

ગાથાર્થ : **જીવોનો અનંતમો ભાગ નમસ્કારને પ્રતિપન્ન છે, શેષ જીવો અનંતગુણા છે. અરિહંતાદિ પાંચ વસ્તુ છે. તેનું કારણ આ છે. (જે આગળની ગાથામાં કહેવાશે.)**

**ટીકાર્થ :** સર્વ જીવરાશિનો અનંતમો ભાગ નમસ્કારને પામેલો છે. શેષ = નમસ્કારને નહીં

अल्पबहुत्वद्वारं यथा पीठिकायां मतिज्ञानाधिकार इति । साम्प्रतं चशब्दाक्षिप्तं पञ्चविधप्ररूपणामनभिधाय पश्चार्धेन वस्तुद्वारनिरूपणायेदमाह–'वस्तु' इति वस्तु द्रव्यं दलिकं योग्यमर्हमित्यनर्थान्तरं, वस्तु नमस्कारार्हा अर्हदादयः पञ्चैव भवन्ति, तेषां वस्तुत्वेन नमस्कारार्हत्वेऽयं हेतुः–वक्ष्यमाणलक्षण इति गाथार्थः ॥९०१॥

अधुना चशब्दसूचितां पञ्चविधां प्ररूपणां प्रतिपादयन्नाह–

**आरोवणा य भयणा पुच्छा तह दायणा य निज्जवणा ।**
**नमुकारऽनमुक्कारे नोआइजुए व नवहा वा ॥९०२॥**

व्याख्या : आरोपणा च भजना पृच्छा तथा 'दायना' दर्शना दापना वा, निर्यापना, १ तत्र किं जीव एव नमस्कार ? आहोस्विन्नमस्कार एव जीवः ? इत्येवं परस्परावधारणम् आरोपणा, २ तथा जीव एव नमस्कार इत्युत्तरपदावधारणम् अजीवाद्व्यवच्छिद्य जीव एव नमस्कारोऽवधार्यते, जीवस्त्वनवधारितः, नमस्कारो वा स्यादनमस्कारो वा, एषा एकपदव्यभिचाराद्भजना, ३ इत्थं

પામેલા જીવો (પ્રતિપન્ન જીવો કરતાં) અનંતગુણા છે. અલ્પબહુત્વદ્વાર જે રીતે પીઠિકામાં (ગા. ૧૪/૧૫) મતિજ્ઞાનના અધિકારમાં કહ્યું, તે રીતે અહીં પણ જાણી લેવું. હવે 'ચ' શબ્દથી આવેલ પાંચ પ્રકારની પ્રરૂપણાને કહ્યા વિના ગાથાના પાછલા ભાગવડે (ગા. ૮૮૭માં બતાવેલ) વસ્તુદ્વારનું નિરૂપણ કરવા માટે કહે છે – '**वत्थुं**......ઇત્યાદિ.' અહીં વસ્તુ, દ્રવ્ય, દલિક, યોગ્ય, અર્હ આ બધા સમાનાર્થી શબ્દો છે. તેથી વસ્તુ એટલે કે નમસ્કારને યોગ્ય અરિહંતાદિ પાંચ જ છે. અરિહંતાદિ પાંચે વસ્તુ હોવાથી નમસ્કારને યોગ્ય હોવામાં આગળની ગાથા (૯૦૩)માં કહેવાતું કારણ જાણવું. ॥૯૦૧॥

**અવતરણિકા :** હવે 'ચ' શબ્દથી સૂચિત એવી પાંચ પ્રકારની પ્રરૂપણાનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : આરોપણા, ભજના, પૃચ્છા, દર્શના અને નિર્યાપના. (આ પાંચ પ્રકારની પ્રરૂપણા છે) નમસ્કાર, અનમસ્કાર અથવા નોઆદિ યુક્ત અથવા નવ પ્રકારની પ્રરૂપણા જાણવી. (ગાથાર્થનો ભાવાર્થ ટીકાર્થ ઉપરથી સ્પષ્ટ થઈ જશે.)**

**ટીકાર્થ :** આરોપણા, ભજના, પૃચ્છા, દર્શના અથવા દાપના અને નિર્યાપના (આ પાંચ પ્રકારની પ્રરૂપણા જાણવી.) (૧) તેમાં 'શું જીવ જ નમસ્કાર છે ? કે નમસ્કાર જ જીવ છે ? એ પ્રમાણે પરસ્પર 'જ' કારપૂર્વક પૂછવું તે આરોપણા કહેવાય છે. (૨) તથા જીવ જ નમસ્કાર છે. એ પ્રમાણે ઉત્તરપદનું અવધારણ કરવું એ ભજના છે. (ઉત્તરપદનું અવધારણ કેવી રીતે ? તે કહે છે કે) અજીવનો વ્યવચ્છેદ કરીને નમસ્કાર તરીકે જીવ જ અવધારણ કરાય છે. (અહીં જીવ એ પૂર્વપદમાં છે અને નમસ્કાર એ ઉત્તરપદમાં છે. તેથી 'જીવ જ નમસ્કાર છે' આવું કહેવાથી નમસ્કાર એ જીવ જ છે, અજીવ નથી એ પ્રમાણે નમસ્કારરૂપ ઉત્તરપદનું જ અવધારણ થાય છે.) જ્યારે જીવનું અવધારણ તો બાકી જ છે. (અર્થાત્ જીવ પોતે શું છે નમસ્કાર છે કે અનમસ્કાર છે ? એનું અવધારણ કરવાનું બાકી જ છે. તેનો હવે જવાબ આપે છે કે) જીવ નમસ્કાર પણ

**भजनायां किंविशिष्टो जीवो नमस्कारः ? किंविशिष्टस्त्वनमस्कार इति पृच्छा, ४ अत्र प्रतिव्याकरणं दापना-नमस्कारपरिणतः जीवो नमस्कारो नापरिणत इति, ५ निर्यापना त्वेष एव नमस्कारपर्यायपरिणतो जीवो नमस्कारः, नमस्कारोऽपि जीवपरिणाम एव नाजीवपरिणाम इति, एतदुक्तं भवति-दापना प्रश्नार्थव्याख्यानं निर्यापना तु तस्यैव निगमनमिति, अथवेयमन्या चतुर्विधा प्ररूपणेति, यत आह- 'नमोक्कारऽनमोक्कारे णोआदिजुए व णवधा वा' तत्र प्रकृत्यकारनोकारोभयनिषेधसमाश्रयाच्चातुर्विध्यं, प्रकृतिः-स्वभावः शुद्धता यथा नमस्कार इति, स एव नञा सम्बन्धादकारयुक्तः अनमस्कारः, स एव नोशब्दोपपदे नोनमस्कारः, उभयनिषेधात्तु नोअनमस्कार इति, तत्र नमस्कारस्तत्परिणतो जीवः, अनमस्कारस्त्वपरिणतो लब्धिशून्यः अन्यो वा, 'नोआइजुए व'त्ति नोआदियुक्तो वा नमस्कारः अनमस्कारश्च, अनेन भङ्गकद्वयाक्षेपो वेदितव्यः, नोशब्देनाऽऽदिर्युक्तो यस्य नमस्कारस्येतरस्य**

હોઈ શકે છે અથવા અનમસ્કાર પણ હોઈ શકે છે. અહીં એકપદવ્યભિચાર હોવાથી ભજના જાણવી. (અર્થાત્ જીવ નમસ્કાર છે કે નમસ્કાર જીવ છે ? એ પ્રશ્નમાં જીવ અને નમસ્કાર એમ બે પદ છે. તેમાં નમસ્કાર તરીકે તો જીવ જ છે એ વાત નક્કી છે. માટે અહીં વ્યભિચાર નથી. પરંતુ જીવ એ નમસ્કાર પણ હોઈ શકે, અનમસ્કાર પણ હોઈ શકે છે. એમ જીવરૂપ પદમાં નમસ્કાર— અનમસ્કાર બંને વિકલ્પો આવતા હોવાથી એકપદવ્યભિચાર છે અને માટે જ ભજના છે.) (૩) આ રીતે ભજના હોવાથી કેવા પ્રકારનો જીવ નમસ્કાર છે ? તથા કેવા પ્રકારનો જીવ અનમસ્કાર છે ? એ પૃચ્છા જાણવી. (૪) નમસ્કારમાં પરિણત જીવ નમસ્કાર છે પણ અપરિણત જીવ નમસ્કાર નથી એ પ્રમાણે જે ઉત્તર આપવો એ દાપના. (૫) તથા આ જ નમસ્કારના પર્યાયમાં પરિણત (અર્થાત્ નમસ્કારભાવમાં ઉપયોગવાળો) જીવ નમસ્કાર છે, અને નમસ્કાર પણ જીવનો જ પરિણામ છે પણ અજીવનો પરિણામ નથી, એ પ્રમાણે ઉત્તર આપવો એ નિર્યાપના કહેવાય છે.

અહીં એટલું જ જાણવું કે દાપના એટલે પ્રશ્નનો જવાબ આપવો અને નિર્યાપના એટલે જવાબનું જ નિગમન કરવું. (અર્થાત્ છેલ્લો નિષ્કર્ષ આપવો એ નિર્યાપના.) અથવા બીજી ચાર પ્રકારની પ્રરૂપણા જાણવી, કારણ કે મૂળગાથામાં કહ્યું છે કે – '**नमुक्कार.....** ઇત્યાદિ'. તેમાં (૧) પ્રકૃતિ, (૨) 'અ'કાર, (૩) 'નો'કાર અને (૪) ઉભય ('અ' કાર – 'નો' કાર ઉભય)નો નિષેધ. આ ચાર પદોને સ્વીકારવા દ્વારા ચાર પ્રકારની પ્રરૂપણા થાય છે. (૧) પ્રકૃતિ એટલે સ્વભાવ અર્થાત્ શુદ્ધતા. (એટલે કે જેમાં 'अ' કાર, 'નો' કાર વગેરે એક પણ શબ્દ ન હોય તેવું શુદ્ધ પદ) જેમ કે, નમસ્કાર. (૨) આ જ નમસ્કાર સાથે (નિષેધાર્થક) 'अ' કારનો સંબંધ કરતા અનમસ્કાર. (૩) આ જ નમસ્કારની શરૂઆતમાં નો શબ્દ મૂકતા નોનમસ્કાર. (૪) અને ઉભયનો નિષેધ કરવાથી નોઅનમસ્કાર.

તેમાં (૧) નમસ્કાર તરીકે નમસ્કારમાં પરિણત જીવ જાણવો. (૨) અનમસ્કાર તરીકે અપરિણત એટલે કે નમસ્કારની લબ્ધિથી શૂન્ય અથવા લબ્ધિથી યુક્ત પણ નમસ્કારમાં અપરિણત જીવ (અર્થાત્ ઉપયોગ વિનાનો જીવ.) અથવા નોઆદિયુક્ત એવો નમસ્કાર અને અનમસ્કાર જાણવો. આનાવડે (છેલ્લા) બે ભાંગા જણાવેલા જાણવા. તે આ પ્રમાણે-નો શબ્દથી યુક્ત છે

चेत्यक्षरगमनिका, तत्र नोनमस्कारो विवक्षया नमस्कारदेशः अनमस्कारो वा, देशसर्वनिषेधपरत्वान्नोशब्दस्य, नोअनमस्कारोऽपि अनमस्कारदेशो वा नमस्कारो वा, देशसर्वनिषेधत्वादेव, एषा चतुर्विधा, नैगमादिनयाभ्युपगमस्त्वस्याः पूर्वोक्तानुसारेण प्रदर्शनीयः, 'नवधा वे'ति प्रागुक्ता पञ्चविधा इयं चतुर्विधा च सङ्कलिता सती नवविधा प्ररूपणा प्रकारान्तरतो द्रष्टव्येति गाथार्थः ॥९०२॥

प्ररूपणाद्वारं गतम्, इदानीं निःशेषमिति, साम्प्रतं 'वत्थुं तऽरहंताई पंच भवे तेसिमो हेउ' त्ति गाथाशकलोपन्यस्तमवसरायातं च वस्तुद्वारं विस्तरतो व्याख्यायत इति, तत्रान्तरोक्तं गाथाशकलं व्याख्यातमेव, नवरं तत्र यदुक्तं 'तेषां वस्तुत्वेऽयं हेतु' रिति, स खल्विदानीं हेतुरुच्यते, तत्रेयं गाथा–

**मग्गे १ अविप्पणासो २ आयारे ३ विणयया ४ सहायत्तं ५ ।**
**पंचविहनमुक्कारं करेमि एएहिं हेऊहिं ॥९०३॥**

---

શરૂઆત જેની (અર્થાત્ જેની શરૂઆતમાં નો શબ્દ હોય) એવો નમસ્કાર અને અનમસ્કાર આ પ્રમાણે અક્ષરાર્થ જાણવો. (અહીં મૂળગાથામાં નમસ્કાર અને અનમસ્કાર રૂપ બે ભાંગા સાક્ષાત્ બતાવ્યા છે. જ્યારે 'નોઆદિયુક્ત' શબ્દથી શેષ બે ભાંગા – નોનમસ્કાર અને નોઅનમસ્કાર જણાવ્યા છે એમ જાણવું.)

(૩) નોનમસ્કાર તરીકે અમુક વિવક્ષાએ નમસ્કારનો એક દેશ (અર્થાત્ નમસ્કારમાં પરિણત જીવનો એક દેશ) અથવા અનમસ્કાર જાણવો, કારણ કે 'નો' શબ્દ દેશ અને સર્વનિષેધને જણાવનાર છે. (૪) નોઅનમસ્કાર તરીકે પણ અનમસ્કારનો એક દેશ (અર્થાત્ નમસ્કારમાં અપરિણત એવા મિથ્યાદષ્ટિ જીવનો એક દેશ) અથવા નમસ્કાર જાણવો, કારણ કે અહીં પણ 'નો' શબ્દ દેશ-સર્વનિષેધને જણાવનારો છે. (નો–અ બે નિષેધ થવાથી મૂળ વસ્તુ પ્રાપ્ત થાય.) આ ચાર પ્રકારની પ્રરૂપણા કહી. આ ચાર ભાંગામાં નૈગમાદિ કયો નય કયા ભાંગાને ઇચ્છે છે તે પૂર્વે કહેલ પ્રમાણે જાણવું. (તે આ પ્રમાણે – શબ્દાદિ ત્રણ નયો દેશથી રહિત અખંડ વસ્તુને સ્વીકારતા હોવાથી નમસ્કાર-અનમસ્કારરૂપ પ્રથમ બે ભાંગા જ ઇચ્છે છે. જ્યારે નૈગમાદિ ચાર નયો વસ્તુના દેશને પણ માનતા હોવાથી ચારે ભાંગા ઇચ્છે છે.) અથવા બીજી રીતે નવ પ્રકારની, અર્થાત્ પૂર્વે કહેલી પાંચ પ્રકારની અને અત્યારે કહી તે ચાર પ્રકારની એમ બંને મળી નવપ્રકારની પ્રરૂપણા જાણવી. ॥૯૦૨॥

**અવતરણિકા :** પ્રરૂપણાદ્વાર પૂર્ણ થયું. (ટીકામાં **'इदानीं निःशेषमिति'** પદ વધારાનું લાગે છે.) હવે **'वत्थुं......'** એ પ્રમાણે ગા. ૯૦૧માં કહેવાયેલ અને અવસરથી પ્રાપ્ત થયેલ વસ્તુદ્વારનું વિસ્તારથી વ્યાખ્યાન કરાય છે. **'वत्थुं.....'** એ ગાથાનો પશ્ચાર્ધ વ્યાખ્યાન કરી દીધો જ છે, પરંતુ તે સમયે જે કહ્યું હતું કે 'અરિહંતાદિ નમસ્કારયોગ્ય હોવામાં આ કારણ છે' તે કારણ હવે કહેવાય છે. તેની ગાથા આ પ્રમાણે છે ⇨

**ગાથાર્થ : માર્ગ, અવિપ્રનાશ, આચાર, વિનયતા અને સહાયપણું, આ કારણોને લઈને હું પાંચપ્રકારનો નમસ્કાર કરું છું.**

**व्याख्या :** मार्गः अविप्रणाशः आचारः विनयता सहायत्वम् अर्हदादीनां नमस्कारार्हत्वे एते हेतवः, यदाह-पञ्चविधनमस्कारं करोमि एभिर्हेतुभिरिति गाथासमासार्थः ॥ इयमत्र भावना—अर्हतां नमस्कारार्हत्वे मार्गः—सम्यग्दर्शनादिलक्षणो हेतुः, यस्मादसौ तैः प्रदर्शितस्तस्माच्च मुक्तिः, ततश्च पारम्पर्येण मुक्तिहेतुत्वात् पूज्यास्त इति । सिद्धानां तु नमस्कारार्हत्वेऽविप्रणाश—शाश्वतत्वं हेतुः, तथाहि—तदविप्रणाशमवगम्य प्राणिनः संसारवैमुख्येन मोक्षाय घटन्ते । आचार्याणां तु नमस्कारार्हत्वे आचार एव हेतुः, तथाहि—तानाचारवत आचारख्यापकांश्च प्राप्य प्राणिन आचारपरिज्ञानानुष्ठानाय भवन्ति । उपाध्यायानां तु नमस्कारार्हत्वे विनयो हेतुः, यतस्तान् स्वयं विनीतान् प्राप्य कर्मविनयनसमर्थविनयवन्तो भवन्ति देहिन इति । साधूनां तु नमस्कारार्हत्वे सहायत्वं हेतुः, यतस्ते सिद्धिवधूसङ्गमैकनिष्ठानां तदवाप्तिक्रियासाहाय्यमनुतिष्ठन्तीति गाथार्थः ॥९०३॥

एवं तावत्समासेनार्हदादीनां नमस्कारार्हत्वद्वारेण मार्गप्रणयनादयो गुणा उक्ताः, साम्प्रतं प्रपञ्चेनार्हतां गुणानुपदर्शयन्नाह—

---

**ટીકાર્થ :** માર્ગ, અવિપ્રનાશ, આચાર, વિનયતા અને સહાયપણું અરિહંતાદિ નમસ્કારયોગ્ય હોવામાં આ કારણો છે. તેથી જ નિર્યુક્તિકારે કહ્યું છે કે— આ કારણોને કારણે હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું.

અહીં ભાવાર્થ એ છે કે (૧) અરિહંતો નમસ્કારને યોગ્ય હોવામાં સમ્યગ્દર્શનાદિરૂપ માર્ગ કારણ છે, કારણ કે આ માર્ગ અરિહંતોએ બતાવ્યો છે અને તે માર્ગથી મુક્તિપદની પ્રાપ્તિ થાય છે. તેથી પરંપરાએ અરિહંતો મુક્તિના કારણ હોવાથી પૂજ્ય = નમસ્કારને યોગ્ય છે. (૨) સિદ્ધો નમસ્કારને યોગ્ય હોવામાં તેમનો અવિપ્રનાશ એટલે કે શાશ્વતપણું કારણ છે. તે આ પ્રમાણે – સિદ્ધોનાં શાશ્વતપણાને જાણીને જીવો સંસારથી વિમુખ બની મોક્ષ માટે પ્રયત્ન કરે છે. (આમ શાશ્વતપણું પણ મોક્ષનું કારણ બનતું હોવાથી સિદ્ધો નમસ્કારને યોગ્ય છે.)

(૩) આચાર્યો નમસ્કાર માટે યોગ્ય હોવામાં તેમનો આચાર જ કારણ છે. તે આ પ્રમાણે— આચારવાળા અને આચારનું નિરૂપણ કરનારા એવા આચાર્યોને પામીને જીવો આચારનું જ્ઞાન મેળવવા અને તે પ્રમાણે આચરણ કરવા માટે યત્નવાળા થાય છે. (૪) ઉપાધ્યાય નમસ્કારને યોગ્ય હોવામાં વિનય કારણ છે, કારણ કે સ્વયં વિનયવાળા તે ઉપાધ્યાયોને પામીને જીવો કર્મનો નાશ કરવામાં સમર્થ એવા વિનયવાળા થાય છે. (૫) સાધુઓ નમસ્કારને યોગ્ય હોવામાં તેમનું સહાયપણું કારણ છે, કારણ કે તે સાધુઓ સિદ્ધિરૂપ વધૂ સાથે સંગ કરવામાં એકમાત્ર પ્રયત્નવાળા એવા અન્ય સાધુ વગેરેને મોક્ષ પ્રાપ્તિની ક્રિયામાં સહાય કરે છે. ॥૯૦૩॥

**અવતરણિકા :** આ પ્રમાણે સંક્ષેપથી અરિહંતાદિ નમસ્કારને યોગ્ય છે એવું બતાવવા દ્વારા અરિહંતાદિના માર્ગદર્શનાદિ ગુણો કહ્યા. હવે વિસ્તારથી અરિહંતાદિના ગુણોને બતાવતા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**अडवीइ देसिअत्तं १ तहेव निज्जामया समुद्दंमि २ ।**
**छक्कायरक्खणट्ठा महगोवा तेण वुच्चंति ३ ॥९०४॥**

व्याख्या : अटव्यां देशकत्वं कृतमर्हद्भिः, तथैव निर्यामकाः समुद्रे, भगवन्त एव षट्कायरक्षणार्थं यतः प्रयत्नं चक्रुः महागोपास्तेनोच्यन्त इति गाथासमासार्थः अवयवार्थं तु प्रतिद्वारं वक्ष्यति, ॥९०४॥

तत्र (आद्य)द्वारावयवार्थोऽभिधीयते–

**अडविं सपच्चवायं वोलित्ता देसिओवएसेणं ।**
**पावंति जहिट्ठपुरं भवाडविंपी तहा जीवा ॥९०५॥**
**पावंति निव्वुइपुरं जिणोवइट्ठेण चेव मग्गेणं ।**
**अडवीइ देसिअत्तं एवं नेअं जिणिंदाणं ॥९०६॥**

व्याख्या : 'अटवीं' प्रतीतां 'सप्रत्यपायाम्' इति व्याघ्रादिप्रत्यपायबहुलां 'वोलेत्त' त्ति उल्लङ्घ्य 'देशिकोपदेशेन' निपुणमार्गज्ञोपदेशेन प्राप्नुवन्ति यथा 'इष्टपुरम्' इष्टपत्तनं, भवाटवीमप्युल्लङ्घ्येति वर्तते, तथा जीवाः किं प्राप्नुवन्ति ?–'निर्वृतिपुरं' सिद्धिपुरं जिनोपदिष्टेनैव मार्गेण, नान्योपदिष्टेन, ततश्चाटव्यां देशिकत्वमेवं 'ज्ञेयं' ज्ञातव्यं, केषां ?-जिनेन्द्राणामिति गाथाद्वयसमासार्थः ॥९०५-९०६॥ व्यासार्थस्तु कथानकादवसेयः,

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** ભવરૂપી અટવીમાં અરિહંતોએ માર્ગ દેખાડ્યો છે. તથા ભવરૂપી સમુદ્રમાં નિર્યામક = ખલાસી બન્યા છે. તથા જે કારણથી અરિહંતોએ જ ષટ્કાયનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કર્યો હતો, તે કારણથી તેઓ મહાગોપ કહેવાય છે. આ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારથી અર્થ દરેક દ્વારામાં આગળ કહેશે. ॥૯૦૪॥

**અવતરણિકા :** તેમાં પ્રથમ દ્વારનો વિસ્તારાર્થ કહેવાય છે ⇨

ગાથાર્થ : **જીવો જેમ માર્ગદેશકના ઉપદેશથી મુશ્કેલીઓથી ભરપૂર એવા જંગલને પસાર કરી ઇચ્છિત એવા નગરને પામે છે, તેમ જિનોપદિષ્ટ માર્ગવડે સંસારરૂપ જંગલને પસાર કરી નિવૃત્તિપુરને પામે છે. આ પ્રમાણે જિનેન્દ્રોનું જંગલમાં દેશકપણું જાણવા યોગ્ય છે.**

**ટીકાર્થ :** વાઘાદિથી થનારી મુશ્કેલીઓથી ભરપૂર એવી અટવીને (અટવી શબ્દનો અર્થ પ્રસિદ્ધ જ હોવાથી ટીકામાં **'प्रतीतां'** શબ્દ લખ્યો છે.) ઉલ્લંઘીને નિપુણ રીતે માર્ગને જાણનારાના ઉપદેશવડે, પામે છે જેમ ઇચ્છિત શહેરને, તે રીતે ભવાટવીને પણ, અહીં 'ઉલ્લંઘીને' શબ્દ જોડી દેવો. તેથી ભવાટવીને પણ ઉલ્લંઘીને જીવો શું પામે છે ? સિદ્ધિપુરને, જિનોપદિષ્ટ એવા જ માર્ગવડે, પણ અન્યવડે બતાડેલા માર્ગવડે નહીં, તેથી અટવીમાં દેશિકપણું આ પ્રમાણે જાણવા યોગ્ય છે. કોનું ? તે કહે છે – જિનેન્દ્રોનું. (ટીકાર્થનો અન્વય મૂળગાથાર્થ પ્રમાણે કરવો.) આ પ્રમાણે બંને ગાથાઓનો સંક્ષેપાર્થ જાણવો. ॥ ૯૦૫–૯૦૬ ॥ વિસ્તારાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે તે કથાનક આ પ્રમાણે છે.

**तच्चेदम्—ऐत्थं अडवी दुविहा-दव्वाडवी भावाडवी य, तत्थ दव्वाडवीए ताव उदाहरणं— वसंतपुरं णयरं, धणो सत्थवाहो, सो पुरंतरं गंतुकामो घोसणं कारेइ जहा णंदिफलणाए, तओ तत्थ बहवे तडिगकप्पडिगादयो संपिंडिया, सो तेसिं मिलियाणं पंथगुणे कहेइ-एगो पंथो उज्जुओ एगो वंको, जो सो वंको तेण मणागं सुहंसुहेण गम्मइ, बहुणा य कालेण इच्छियपुरं पाविज्जइ, अवसाणे सोवि उज्जुगं चेव ओयरइ, जो पुण उज्जुगो तेण लहुं गम्मइ, किच्छेण य, कहं ?, सो अईव विसमो सण्हो य, तत्थ ओतारे चेव दुवे महाघोरा वग्घसिंहा परिवसंति, ते तओ पाए च्चेव लग्गंति, अमुयंताण य पहं न पहवंति, अवसाणं च जाव अणुवट्टंति, रुक्खा य एत्थ एगे मणोहरा, तेसिं पुण छायासु न वीसमियव्वं, मारणप्पिया खु सा छाया, परिसडियपंडुपत्ताणं**

---

અહીં અટવી બે પ્રકારે છે. ૧. દ્રવ્યાટવી અને ૨. ભાવાટવી. તેમાં પ્રથમ દ્રવ્ય–અટવીને વિશે ઉદાહરણ કહે છે. વસંતપુર નામે નગર હતું. ત્યાં ધન નામે સાર્થવાહ હતો. તે અન્ય નગરમાં જવાની ઇચ્છાવાળો ઘોષણા કરાવે છે કે – અહીં નંદીફળના દૃષ્ટાન્તમાં (જ્ઞાતાધર્મકથામાં ૧૫માં દૃષ્ટાન્તમાં) જે રીતે ઘોષણા કરાવી તે રીતે જાણી લેવી. તે સ્થાને ઘણા બધાં તટિક, કાર્પટિકાદિ (જુદી જુદી જાતના ભિક્ષાચરો) ભેગા થયા. ભેગા થયેલા તેઓને સાર્થવાહ માર્ગના ગુણદોષને કહે છે – એક માર્ગ સરળ છે અને બીજો માર્ગ વક્ર છે. જે વક્ર છે તે માર્ગે સુખેથી જઈ શકાય છે, પરંતુ ઘણા કાળ પછી ઇચ્છિતનગરમાં પહોંચાય છે. અંતે તો તે વક્રમાર્ગ પણ સરળમાર્ગને ભેગો થઈ જાય છે.

જે વળી સરળમાર્ગ છે તે માર્ગેથી ખૂબ જલ્દીથી ઇચ્છિતનગરે પહોંચાય છે, પરંતુ દુઃખેથી એ માર્ગે જવાય છે કેવી રીતે ? તે કહે છે કે – જે સરળમાર્ગ છે તે અત્યંત વિષમ અને સાંકડો છે. જેવા તે માર્ગે ઉપર ઉતરો કે ત્યાં મહાભયંકર સિંહ અને વાઘ બેઠેલા છે. શરૂઆતથી જ તેઓ બંને પાછળ પડી જાય છે અને પીછો નહીં છોડતાં તેઓ આગળ જવા દેતાં નથી, બંને અંત સુધી પાછળ–પાછળ આવે છે. માર્ગમાં અમુક વૃક્ષો પણ મનોહર છે, પરંતુ તે વૃક્ષોની છાયામાં વિશ્રામ કરવો નહીં, કારણ કે તે છાયા વિશ્રામ કરનારને મારી નાંખનારી છે. તેથી જેનાં પાંદડાં પીળા પડી ગયા છે, ખરી પડ્યા છે, એવા વૃક્ષો નીચે મુહૂર્તમાત્ર વિશ્રામ કરવા યોગ્ય છે. તથા

---

**५. अत्राटवी द्विविधा-द्रव्याटवी भावाटवी च, तत्र द्रव्याटव्यां तावदुदाहरणम्-वसन्तपुरं नगरं, धनः सार्थवाहः, स पुरान्तरं गन्तुकामो घोषणां कारयति-यथा नन्दीफलज्ञाते, ततस्तत्र बहवस्तटिककार्पटिकादयः संपिण्डिताः, स तेभ्यो मिलितेभ्यः पथिगुणान् कथयति-एकः पन्थाः ऋजुरेको वक्रः, यः स वक्रस्तेन मनाक् सुखंसुखेन गम्यते, बहुना च कालेन ईप्सितपुरं प्राप्यते, अवसाने सोऽपि ऋजुमेवावतरति, यः पुनः ऋजुस्तेन लघु गम्यते, कृच्छ्रेण च, कथं ?, सोऽतीव विषमः श्लक्ष्णश्च, तत्रावतार एव द्वौ महाघोरौ व्याघ्रसिंहौ परिवसतः, तौ ततः पादयोरेव लगतः, अमुञ्चतोश्च पन्थानं न प्रभवन्ति, अवसानं च यावदनुवर्त्तेते, वृक्षाश्चात्रैके मनोहराः, तेषां पुनश्छायासु न विश्रमितव्यं, मारणप्रियैव सा छाया, परिशटितपाण्डुपत्राणा-**

पुण अहो मुहुत्तगं वीसमियव्वं, मणोहररूवधारिणो महुरवयणेणं एत्थ मग्गंतरट्ठिया बहवे पुरिसा हक्कारेंति, तेसिं वयणं न सोयव्वं, सत्थिगा खणंपि ण मोत्तव्वा, एगागिणो नियमा भयं, दुरंतो य घोरो दवग्गी अप्पमत्तेहिं उल्लवेयव्वो, अणोल्हविज्जंतो य नियमेण डहइ, पुणो य दुग्गुच्चपव्वओ उवउत्तेहिं चेव लंघेयव्वो, अलंघणे नियमा मरिज्जंति, पुणो महती अइगुविलगव्वरा वंसकुडंगी सिग्घं लंघियव्वा, तंमि ठियाणं बहू दोसा, तओ य लहुगो खड्डो, तस्स समीवे मणोरहो णाम बंभणो णिच्चं सण्णिहिओ अच्छइ, सो भणइ-मणागं पूरेहि एयंति, तस्स न सोयव्वं, सो ण पूरेयव्वो, सो खु पूरिज्जमाणो महल्लतरो भवइ पंथाओ य भज्जिज्जइ, फलाणि य एत्थ दिव्वाणि पंचप्पयाराणि णेत्ताइसुहंकराणि किंपागाणं न पेक्खियव्वाणि ण भोत्तव्वाणि, बावीसं च णं एत्थ घोरा महाकराला

મનોહર રૂપને ધારણ કરનારા માર્ગ વચ્ચે રહેલા ઘણા પુરુષો મધુર વચનોવડે તમને બોલાવશે, પરંતુ તેમનું વચન તમારે સાંભળવા યોગ્ય નથી. સાર્થને ક્ષણવાર માટે પણ તમારે છોડવા યોગ્ય નથી, કારણ કે એકાકી એવા તમને ચોક્કસ ભય ઉત્પન્ન થશે. દુઃખેથી અંત કરી શકાય એવો ભયંકર દાવાગ્નિ અપ્રમત્ત રહેવાવડે તમારે ઓલવવા યોગ્ય છે. જો તે દાવાગ્નિ ઓલવાયો નહીં તો તે તમને બાળશે. તથા દુઃખેથી ચઢી શકાય એવો ઊંચો પર્વત અત્યંત ઉપયોગપૂર્વક ઓળંગવા યોગ્ય છે. જો ન ઓળંગો તો અવશ્ય મરશો. (અર્થાત્ જો બરાબર ઉપયોગ નહીં રાખો તો નીચે પડી મરણ પામશો.) વળી મોટી અને અત્યંતગીચ એવી વાંસોની ઝાડી શીઘ્ર વટાવવા યોગ્ય છે, કારણ કે તેમાં રહેનારાઓને ઘણા દોષો થાય છે. ત્યાર પછી નાનો ખાડો છે તેની બાજુમાં મનોરથ નામે બ્રાહ્મણ હંમેશા ત્યાં જ રહે છે. તે કહેશે – 'આ ખાડાને થોડો પૂરો.' પરંતુ તેનું વચન સાંભળવા યોગ્ય નથી. તે ખાડો પણ પૂરવો નહીં. જો તેને પૂરશો તો તે ખાડો વધુ મોટો થશે અને રસ્તો તૂટી જશે.

આ માર્ગમાં પાંચ પ્રકારના નેત્રાદિને સુખ આપનારા, દિવ્ય એવા કિંપાગવૃક્ષના ફળો છે, જે જોવા યોગ્ય નથી કે ખાવા યોગ્ય પણ નથી. તથા આ માર્ગમાં ભયંકર અને મહાવિકરાળ સ્વરૂપવાળા બાવીસ પિશાચો ક્ષણે ક્ષણે ઉપદ્રવ કરે છે તે પણ ગણકારવા નહીં. આ માર્ગમાં ભક્ત–

६. मध्ये मुहूर्त्तं विश्रमितव्यं, मनोहररूपधारिणश्च बहवो मधुरवचनेनात्र मार्गान्तरस्थिताः पुरुषा आकारयन्तिः, तेषां वचनं न श्रोतव्यं, सार्थिकाः क्षणमपि न मोक्तव्याः, एकाकिनो नियमाद्भयं, दुरन्तो घोरश्च दवाग्निरप्रमत्तैर्विध्यापयितव्यः, अविध्यापितश्च नियमेन दहति, पुनश्च दुर्गोच्चपर्वत उपयुक्तैरेव लङ्घयितव्यः, अनुल्लङ्घने च नियमात् म्रियते, पुनर्महती अतिगुपिलगह्वरा वंशकुडङ्गी शीघ्रं लङ्घयितव्या, तस्यां स्थितानां बहवो दोषाः, ततश्च लघुर्गर्त्तः तस्य समीपे मनोरथो नाम ब्राह्मणो नित्यं सन्निहितस्तिष्ठति, स भणति-मनाक् पूरयैनमिति, तस्य न श्रोतव्यं, स न पूरयितव्यः स हि पूर्यमाणो महत्तरो भवति पन्थानश्च भज्यन्ते, फलानि चात्र दिव्यानि पञ्चप्रकाराणि नेत्रादिसुखकराणि किम्पाकानां न प्रेक्षयितव्यानि न भोक्तव्यानि, द्वाविंशतिश्चात्र घोरा महाकरालाः

**पिंसाया खणं खणमभिद्दवंति तेऽवि णं ण गणेयव्वा, भत्तपाणं च तत्थ विभागओ विरसं दुल्लभं चत्ति, अप्पयाणयं च ण कायव्वं, अणवरयं च गंतव्वं, रत्तीए वि दोण्णि जामा सुवियव्वं, सेसदुगे य गंतव्वमेव, एवं च गच्छंतेहिं देवाणुप्पिया ! खिप्पमेव अडवी लंघिज्जइ, लंघित्ता य तमेगंतदोगच्चवज्जियं पसत्थं सिवपुरं पाविज्जइ, तत्थ य पुणो ण होंति केइ किलेसत्ति। तओ तत्थ केइ तेण समं पयट्टा जे उज्जुगेण पधाविया, अण्णे पुण इयरेण, तओ सो पसत्थे दिवसे उच्चलिओ, पुरओ वच्चंतो मग्गं आहणइ, सिलाइसु य पंथस्स दोसगुणपिसुणगाणि अक्खराणि लिहइ, एत्तियं गयमेत्तियं सेसंति विभासा, एवं जे तस्स निद्देसे वट्टिया ते तेण समं अचिरेण तं पुरं पत्ता, जेऽवि लिहियाणुसारेण संमं गच्छंति तेऽवि पावंति, जे न वट्टिया न वा वट्टंति छायादिसु पडिसेविणो ते न पत्ता न यावि पावंति, एवं दव्वाडवीदेसिगणायं ।**

પાન પણ વિભાગથી છે ([H]અર્થાત્ અમુક પ્રદેશમાં છે, અમુકમાં નથી.) વિરસ(સ્વાદરહિત) અને દુર્લભ છે. ક્યાંય અટકવા યોગ્ય નથી, પરંતુ સતત ગમન કરવા યોગ્ય છે. રાત્રિને વિશે પણ બે પ્રહર જ સૂવા યોગ્ય છે. શેષ બે પ્રહરમાં ગમન જ કરવા યોગ્ય છે. હે દેવાનુપ્રિયો! આ પ્રમાણે જતા તમે ખૂબ જ ઝડપથી અટવીના પારને પામશો અને પારને પામીને એકાન્તે દુઃખ રહિત એવા પ્રશસ્ત શિવપુરને પ્રાપ્ત કરશો, ત્યાં કોઈ ક્લેશો પણ નથી.

સાર્થવાહની આ વાત સાંભળ્યા પછી કેટલાક લોકો તેની સાથે ઋજુમાર્ગે જવા તૈયાર થયા અને કેટલાક લોકો વક્ર માર્ગે જવા તૈયાર થયા. ત્યાર પછી સારા દિવસે સાર્થવાહે પ્રયાણ કર્યું. આગળ જતાં સાર્થવાહે માર્ગને એક સરખો કર્યો (અર્થાત્ ખાડા–ટેકરા વગેરે દૂર કર્યા.) શિલા વગેરે ઉપર માર્ગના ગુણ-દોષને જણાવનારા અક્ષરો લખે છે. આટલું ચાલ્યા આટલું બાકી વગેરે લખે છે. આ પ્રમાણે જેઓ સાર્થવાહના બતાવવા પ્રમાણે ચાલ્યા, તેઓ તેની સાથે ટૂંક સમયમાં તે નગરને પામ્યા. જે વળી લખ્યા અનુસારે પાછળ આવતા હતા તેઓ પણ નગરને પામે છે. જેઓ નિર્દેશ પ્રમાણે વર્ત્યા નહીં કે લખ્યાપ્રમાણમાં ચાલ્યા નહીં અને ઊલટું છાયા વગેરેને સેવ્યા તેઓ નગરને પામ્યા નહીં કે (લખ્યાનુસારે ન વર્તવાને કારણે) પામતા પણ નથી. આ પ્રમાણે દ્રવ્ય–અટવીદેશકનું દૃષ્ટાન્ત જાણવું.

---

७. पिशाचाः क्षणं क्षणमभिद्रवन्ति तेऽपि न गणयितव्याः, भक्तपानं च तत्र विभागतो विरसं दुर्लभं चेति, अप्रयाणं च न कर्त्तव्यम्, अनवरतं च गन्तव्यं, रात्रावपि द्वौ यामौ स्वप्तव्यं शेषद्विके च गन्तव्यमेव, एवं गच्छद्भिरेव देवानुप्रियाः ! क्षिप्रमेवाटवी लङ्घ्यते, लङ्घयित्वा च तदेकान्तदौर्गत्यवर्जितं प्रशस्तं शिवपुरं प्राप्यते, तत्र च पुनर्न भवन्ति केचित्क्लेशा इति । ततस्तत्र केचित्तेन समं प्रवृत्ता ये ऋजुना प्रधाविताः, अन्ये पुनरितरेण, ततः स प्रशस्ते दिवसे उच्चलितः, पुरतो व्रजन् मार्गं आहन्ति ( समीकरोति ), शिलादिसु च पथो गुणदोषपिशुनान्यक्षराणि लिखति, एतावद्गतमेतावच्छेषमिति विभाषा, एवं ये तस्य निर्देशे वृत्तास्ते तेन सममचिरेण तत्पुरं प्राप्ताः, येऽपि लिखितानुसारेण सम्यग्गच्छन्ति तेऽपि प्राप्नुवन्ति, ये न वृत्ता न वा वर्त्तन्ते छायादिषु प्रतिसेविनस्ते न प्राप्ता न चापि प्राप्नुवन्ति, एवं द्रव्याटवीदेशिकज्ञातम् ।

ईयाणिं भावाडवीदेसिगणाए जोइज्जइ–सत्थवाहत्थाणीया अरहंता, उग्घोसणाथाणीया धम्मकहा तडिग्गाइथाणीया जीवा, अडवीत्थाणीओ संसारो, उज्जुगो साहुमग्गो, वंको य सावगमग्गो, पप्पपुरत्थाणीओ मोक्खो, वग्घसिंघतुल्ला रागद्दोसा, मणोहररुक्खच्छायाथाणीया इत्थिगाइ-संसत्तवसहीओ, परिसडियाइत्थाणीआओ अणवज्जवसहीओ, मग्गतडत्थहक्कारणपुरिसथाणगा पासत्थाई अकल्लाणमित्ता, सत्थिगाथाणीया साहू, दवग्गाइथाणिया कोहादओ कसाया, फलथाणीया विसया, पिसायथाणीया बावीसं परीसहा भत्तपाणाणि एसणिज्जाणि, अपयाणगथाणीओ निच्चु(रु)ज्जमो★, जामदुगे सज्झाओ, पुरपत्ताणं च णं मोक्खसुहंति । एत्थ य तं पुरं गंतुकामो जणो उवएसदाणाइणा उवगारी सत्थवाहोत्ति नमंसति, एवं मोक्खत्थीहिवि भगवं पणमियव्वो ॥ तथा चाह –

**जह तमिह सत्थवाहं नमइ जणो तं पुरं तु गंतुमणो ।**
**परमुवगारित्तणओ निव्विग्घत्थं च भतीए ॥९०७॥**

હવે (આ દૃષ્ટાન્તને) ભાવ–અટવીના દેશક દૃષ્ટાન્ત સાથે જોડે છે – સાર્થવાહના સ્થાને અરિહંતો જાણવા. ઉદ્‌ઘોષણાના સ્થાને ધર્મકથા, તટિક–કાર્પટિકાદિના સ્થાને જીવો, અટવીના સ્થાને સંસાર, ઋજુ એટલે સાધુ માર્ગ અને વક્ર સ્થાને શ્રાવક માર્ગ જાણવો, પ્રાપ્તવ્ય નગરના સ્થાને મોક્ષ, વાઘ અને સિંહ સમાન રાગ–દ્વેષ, મનોહરવૃક્ષોની છાયા સમાન સ્ત્રી વગેરેથી સંસક્ત વસતિઓ, પડેલા પીળા પાંદડાવાળા વૃક્ષોની છાયા સમાન નિરવદ્ય (સ્ત્રી વગેરેની સંસક્તિથી રહિત) વસતિઓ, માર્ગના કિનારે રહેલા અને બોલાવતા પુરુષો સમાન અકલ્યાણમિત્ર એવા પાર્શ્વસ્થાદિ જાણવા. સાર્થ સમાન સાધુઓ, દાવાગ્નિ વગેરે સમાન ક્રોધાદિ કષાયો, કિંપાકફળ સમાન વિષયો, પિશાચ સમાન બાવીસ પરિષહો, ભક્તપાન સમાન એષણીય આહાર–પાણી, અપ્રયાણ સમાન નિરુદ્યમ, બે પ્રહરનો સ્વાધ્યાય અને નગરને પ્રાપ્ત કરવું એટલે મોક્ષસુખને પ્રાપ્ત કરવું. અહીં જેમ તે નગરને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો લોક 'ઉપદેશ–દાનાદિવડે આ ઉપકારી છે' એમ માની સાર્થવાહને નમસ્કાર કરે છે. એ જ પ્રમાણે મોક્ષાર્થી જીવોએ પણ ભગવાનને નમસ્કાર કરવા યોગ્ય છે. આ જ વાતને કહે છે.

ગાથાર્થ : જેમ તે નગરમાં જવાની ઇચ્છાવાળો લોક પરમોપકારી હોવાથી અને નિર્વિઘ્ન

૮. इदानीं भावाटवीदेशिकज्ञाते योज्यते-सार्थवाहस्थानीया अर्हन्तः, उद्घोषणास्थानीया धर्मकथा, तटिकादिस्थानीया जीवाः, अटवीस्थानीयः संसारः, ऋजुः साधुमार्गः, वक्रश्च श्रावकमार्गः, प्राप्यपुरस्थानीयो मोक्षः, व्याघ्रसिंहतुल्यौ रागद्वेषौ, मनोहरवृक्षच्छायास्थानीयाः स्त्र्यादिसंसक्तवसतयः, परिशटितादिस्थानीया अनवद्यवसतयः, मार्गतटस्थाह्वायकपुरुषस्थानीयाः पार्श्वस्थादयोऽकल्याणमित्राणि, सार्थिकस्थानीयाः साधवः, दवाग्न्यादिस्थानीयाः क्रोधादयः कषायाः, फलस्थानीया विषयाः, पिशाचस्थानीया द्वाविंशतिः परीषहाः, भक्तपानान्येषणीयानि, अप्रयाणस्थानीयो नित्यो(रु)द्यमः, यामद्विके स्वाध्यायः, पुरप्राप्तानां च मोक्षसुखमिति। अत्र च तत्पुरं गन्तुकामो जन उपदेशदानादिनोपकारी सार्थवाह इति नमस्यति, एवं मोक्षार्थिभिरपि भगवान् प्रणन्तव्यः । ★ निरुज्जमो इति मलयगिरिवृत्तौ ।

अरिहो उ नमुक्कारस्स भावओ खीणरागमयमोहो ।
मुक्खत्थीणंपि जिणो तहेव जम्हा अओ अरिहा ॥९०८॥

गाथाद्वयं निगदसिद्धं, नवरं मदशब्देन द्वेषोऽभिधीयते इति ॥

संसाराअडवीए मिच्छत्तऽन्नाणमोहिअपहाए ।
जेहिं कय देसिअत्तं ते अरिहंते पणिवयामि ॥९०९॥

व्याख्या : संसाराटव्यां, किंविशिष्टायां ?—'मिथ्यात्वाज्ञानमोहितपथायां' तत्र मिथ्यात्वाज्ञानाभ्यां मोहितः पन्था यस्यामिति विग्रहः, तस्यां, यैः कृतं देशिकत्वं तानर्हतः 'प्रणौमि' *अभ्यर्थयामीति गाथार्थः ॥९०९॥

दृष्ट्वा ज्ञात्वा च सम्यक् पन्थानमासेव्य च कृतं नान्यथा, तथा चाऽऽह—

सम्मद्दंसणदिट्ठो नाणेण य सुट्ठु तेहिं उवलद्धो ।
चरणकरणेण पहओ निव्वाणपहो जिणिंदेहिं ॥९१०॥

व्याख्या : 'सम्यग्दर्शनेन' अविपरीतदर्शनेन दृष्टः, ज्ञानेन च 'सुष्ठु' यथाऽवस्थितः तैरर्हद्भिर्ज्ञातः, चरणं च करणं चेत्येकवद्भावस्तेन 'प्रहतः' आसेवितः 'निर्वाणपथः' मोक्षमार्गो जिनेन्द्रैः । तत्र व्रतादि चरणं, पिण्डविशुद्ध्यादि च करणं, यथोक्तम् —

---

પાર પામવા માટે ભક્તિથી તે સાર્થવાહને નમસ્કાર કરે છે.

ગાથાર્થ : તે જ રીતે ભાવથી રાગ–દ્વેષ અને મોહ વિનાના જિનો મોક્ષાર્થી જીવોને પણ નમસ્કારને યોગ્ય છે, અને જે કારણથી નમસ્કારને યોગ્ય છે તે કારણથી જિનો અર્હ = અર્હત્ કહેવાય છે.

**ટીકાર્થ :** બંને ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. માત્ર મદ શબ્દનો દ્વેષ અર્થ કરવો. ॥૯૦૭-૯૦૮॥

**ગાથાર્થ :** મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત થયા છે માર્ગો જેમાં એવી સંસારરૂપ અટવીમાં જેઓ માર્ગદેશક બન્યા છે, તે અરિહંતોને હું નમસ્કાર કરું છું.

**ટીકાર્થ :** સંસારરૂપી અટવીમાં, કેવા પ્રકારની છે આ અટવી ? – મિથ્યાત્વ અને અજ્ઞાનવડે વિપરીતપણાને પામેલા છે માર્ગો જેમાં એવી આ સંસારઅટવીમાં જેઓવડે માર્ગદેશિકપણું કરાયું છે, તે અરિહંતોને હું નમસ્કાર કરું છું. ॥ ૯૦૯ ॥

**અવતરણિકા :** આ માર્ગદેશકત્વ અરિહંતોએ જોઈને, જાણીને અને તે માર્ગને સમ્યક્ રીતે સેવીને કર્યું છે, પણ જોયા, જાણ્યા કે સેવ્યા વિના કર્યું નથી, એ વાતને કહે છે ➪.

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** અવિપરીતદર્શનરૂપ સમ્યગ્દર્શનવડે અરિહંતોએ આ માર્ગ જોયો છે, જ્ઞાનવડે અરિહંતોએ તે માર્ગ યથાવસ્થિત જાણ્યો છે. ચરણસિત્તરી અને કરણસિત્તરીવડે જિનેન્દ્રોએ આ નિર્વાણ માર્ગ સેવ્યો છે. અહીં 'ચરણ અને કરણ' સમાહાર દ્વન્દ્વસમાસથી એકવચન કરેલ જાણવું. અહીં ચરણસિત્તરી તરીકે વ્રતાદિ જાણવા અને કરણસિત્તરી તરીકે પિંડવિશુદ્ધિ વગેરે જાણવું. કહ્યું

---

*अभ्यर्च्चयामि प्र. ।

"वय[५] समणधम्म[१०] संजम[१७] वेयावच्चं[१०] च बंभगुत्तीओ[९] ।
णाणादितियं[३] तव[१२] कोवनिग्गहाई[४] चरणमेयं ॥१॥
पिंडविसोही[४] समिई[५] भावण[१२] पडिमा[१२] य इंदियनिरोहो[५] ।
पडिलेहण[२५]गुत्तीओ[३] अभिग्गहा[४] चेव करणं तु ॥२॥"

इति गाथार्थः ॥९१०॥

न केवलं प्रहत एव, किन्तु ते खल्वनेन पथा निर्वृतिपुरमेव प्राप्ता इति, आह च–

**सिद्धिवसहिमुवगया निव्वाणसुहं च ते अणुप्पत्ता ।**
**सासयमव्वाबाहं पत्ता अयरामरं ठाणं ॥९११॥**

व्याख्या : 'सिद्धिवसतिं' मोक्षालयम् 'उपगताः' सामीप्येन–कर्मविगमलक्षणेन प्राप्ता इति, अनेनैकेन्द्रियव्यवच्छेदमाह, केषाञ्चित् सुखदुःखरहिता एव ते तत्र तिष्ठन्तीति दर्शनम्, अत आह– 'निर्वाणसुखं च तेऽनुप्राप्ता' निरतिशयसुखं प्राप्ता इत्यर्थः, ते च केषाञ्चिद्दर्शन-परिभवादिनेहाऽऽगच्छन्तीति दर्शनं, तन्निवृत्त्यर्थमाह–'शाश्वतं' नित्यम् 'अव्याबाधं' व्याबाधारहितं

---

છે– "પાંચ વ્રતો, દશ શ્રમણધર્મ, સત્તર પ્રકારના સંયમ, દશપ્રકારે વૈયાવચ્ચ, નવ બ્રહ્મચર્યગુપ્તિઓ જ્ઞાનાદિત્રિક, બાર પ્રકારનો તપ અને ક્રોધાદિ ચારનો નિગ્રહ આ પ્રમાણે ચરણસિત્તરિ જાણવી. ॥૧॥ વસ્ત્ર–પાત્ર–આહાર–પાણીની શુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવનાઓ, બાર પ્રતિમા, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, પચ્ચીસ પ્રકારે પડિલેહણા, ત્રણ ગુપ્તિ અને દ્રવ્યાદિ ચાર અભિગ્રહ એ પ્રમાણે કરણસિત્તરી જાણવી. ॥૨॥" ॥૯૧૦॥

**અવતરણિકા :** અરિહંતોએ આ માર્ગ માત્ર સેવ્યો જ નથી પરંતુ આ માર્ગવડે નિર્વૃતિપુરને પામ્યા પણ છે. એ વાતને કહે છે ➪

**ગાથાર્થ : સિદ્ધિવસતિને નજીકથી પામ્યા, નિર્વાણસુખને પામ્યા અને શાશ્વત, અવ્યાબાધ એવા અજરામર સ્થાનને અરિહંતો પામ્યા છે.**

**ટીકાર્થ :** સિદ્ધિરૂપી વસતિને એટલે કે મોક્ષાલયને કર્મને નાશ કરવા દ્વારા નજીકથી પામ્યા છે. આ 'उपगताः' વિશેષણવડે એકેન્દ્રિય જીવોની બાદબાકી કહી (અર્થાત્ એકેન્દ્રિય જીવો પણ જો કે સિદ્ધશિલાને પામેલા છે. છતાં તેઓ કર્મના નાશવડે પામ્યા નથી. તેથી આ વિશેષણ દ્વારા તેમની બાદબાકી થાય છે.) કેટલાક લોકોનો એ મત છે કે – 'મોક્ષાલયને પામેલા જીવો ત્યાં સુખ–દુઃખથી રહિત છે.' આ મતનું ખંડન કરવા કહે છે કે – ' નિરતિશયસુખને તેઓ પામ્યા છે.' (અર્થાત્ મોક્ષમાં સુખનો અભાવ નથી પણ નિરૂપમ સુખ છે.) વળી, કેટલાક દર્શનો એવું માને છે કે – 'મોક્ષને પામેલા જીવો પોતાના તીર્થનો પરાભવ થતો જોઈને આ ધરતી ઉપર પોતાના તીર્થના શત્રુઓનો નાશ કરવા પુનઃ અવતાર લે છે.' (परित्राणाय साधूनां विनाशाय च दुष्कृतां। धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥) આવા મિથ્યાદર્શનોનું ખંડન કરવા કહે છે કે – 'મોક્ષમાં ગયેલા જીવો શાશ્વત એટલે કે નિત્ય અને બાધા વિનાના એવા જરા-મરણથી રહિત સ્થાન પામેલા

प्रामाः 'अजरामरं स्थानं' जरामरणरहितं स्थानमिति गाथार्थः ॥९११॥ द्वारं १ ॥

साम्प्रतं द्वितीयद्वारव्याचिख्यासयाऽऽह–

**पावंति जहा पारं संमं निज्जामया समुद्दस्स ।**
**भवजलहिस्स जिणिंदा तहेव जम्हा अओ अरिहा ॥९१२॥**

व्याख्या : 'प्रापयन्ति' नयन्ति 'यथा' येन प्रकारेण 'पारं' पर्यन्तं 'सम्यक्' शोभनेन विधिना 'निर्यामकाः' प्रतीताः, कस्य ?–समुद्रस्य, 'भवजलधेः' भवसमुद्रस्य जिनेन्द्रास्तथैव पारं प्रापयन्तीति वर्तते, यस्मादेवमतस्तेऽर्हाः, नमस्कारस्येति गम्यते, अयं संक्षेपार्थः ॥९१२॥ [१]भावत्थो पुण एत्थ निज्जामया दुविहा, तंजहा-दव्वनिज्जामया भावनिज्जामया य, दव्वनिज्जामए उदाहरणं तहेव घोसणगं विभासा । एत्थ अट्ठवाया वण्णेयव्वा, तंजहा-पाईणं वाए पडीणं वाए ओईणं वाए दाहिणं वाए, जो उत्तरपुरत्थिमेण सो सत्तासुओ, दाहिणपुव्वेणं तुंगारो, अवरदाहिणेणं बीआओ, अवरुत्तरेण गज्जभो, एवेते अट्ठ वाया, अन्नेवि दिसासुं अट्ठ चेव, तत्थ उत्तरपुव्वेणं दोन्नि, तंजहा-उत्तरसत्तासुओ पुरत्थिमसत्तासुओ य इयरीए वि दोन्निवि पुरत्थिमतुंगारो दाहिणतुंगारो य, दाहिणवीयावो

---

છે. ॥૯૧૧॥

**અવતરણિકા :** હવે બીજા નિર્યામકરૂપ દ્વારને વ્યાખ્યાન કરવાની ઇચ્છાથી કહે છે ➾

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જેમ મુખ્ય ખલાસી સમ્યક્ રીતે સમુદ્રના પારને પમાડે છે. તેમ જિનેન્દ્રો સંસારસમુદ્રના પારને પમાડે છે અને જે કારણથી તેઓ પારને પમાડે છે તે કારણથી તેઓ નમસ્કારને અર્હ = યોગ્ય છે. મૂળગાથામાં 'નમસ્કારને' શબ્દ આપ્યો નથી. તે અહીં સામર્થ્યથી જાણી લેવો. ॥૯૧૨॥ આ સંક્ષેપાર્થ કહ્યો. ભાવાર્થ અહીં (કથાનકથી જાણવો.) નિર્યામકો = મુખ્ય ખલાસી બે પ્રકારે હોય છે. દ્રવ્યનિર્યામક અને ભાવનિર્યામક. દ્રવ્યનિર્યામકના ઉદાહરણમાં પૂર્વની જેમ જ ઘોષણા વગેરે વર્ણન જાણવું. (સમુદ્રમાં વાહનો લઈ જતાં અનુકૂળ અને પ્રતિકૂળ પવનો વાતા હોય છે. તેનાં નામો ટીકાકારશ્રી હવે જણાવે છે.) અહીં આઠ પવનો કહેવા યોગ્ય છે – પૂર્વ દિશાનો પવન, પશ્ચિમ દિશાનો પવન, ઉત્તર દિશાનો પવન, દક્ષિણ દિશાનો પવન, ઇશાન ખૂણાથી જે પવન વાય છે તે સક્તાસુક નામે ઓળખાય છે. અગ્નિ ખૂણાનો તુંગાર પવન, નૈઋત્ય ખૂણાનો બીજાપ, અને વાયવ્ય ખૂણાનો ગર્જભ. આ પ્રમાણે દિશા–વિદિશાના આઠ પવનો છે. આ જ પ્રમાણે દિશામાં (અર્થાત્ દિશા–વિદિશાના વચ્ચેના સ્થાનમાં) અન્ય આઠ પવનો જાણવા. તેમાં ઇશાનખૂણા સંબંધી બે પવનો, તે આ પ્રમાણે – ઉત્તરસક્તાસુક (અર્થાત્ ઇશાન અને ઉત્તર દિશા

---

१. भावार्थः पुनरत्र निर्यामका द्विविधाः, तद्यथा-द्रव्यनिर्यामका भावनिर्यामकाश्च, द्रव्यनिर्यामके उदाहरणं तथैव घोषणं विभाषा । अत्राष्टौ वाता वर्णयितव्याः, तद्यथा-प्राचीनवातः प्रतीचीनवातः उदीचीनवातो दाक्षिणात्यवातः, य उत्तरपौरस्त्यः स सक्तासुकः दक्षिणपूर्वस्यां तुङ्गारः, अपरदक्षिणस्यां बीजापः अपरोत्तरस्यां गर्जभः, एवमेतेऽष्टवाताः, अन्येऽपि दिक्ष्वष्टैव, तत्रोत्तरपूर्वस्यां द्वौ, तद्यथा-उत्तरसक्तासुकः पूर्वसक्तासुकश्च, इतरस्यामपि द्वावेव-पूर्वतुङ्गारो दक्षिणतुङ्गारश्च, दक्षिणबीजापो * विभावो, विजाओ ।

अंवरबीयावो य, अवरगज्जभो उत्तरगज्जभो य, एए सोलस वाया । तत्थ जहा जलिहिंमि कालियावायरहिए गज्जहाणुकूलवाए निउणनिज्जामगसहिया निच्छिड्डपोता जहिट्ठियं पट्टणं पावेंति, एवं च–

**मिच्छत्तकालियावायविरहिए सम्मत्तगज्जभपवाए ।**
**एगसमएण पत्ता सिद्धिवसहिपट्टणं पोया ॥९१३॥**

**व्याख्या : मिथ्यात्वमेव कालिकावातः तेन विरहिते भवाम्भोधौ तथा सम्यक्त्वगर्जभप्रवाते, कालिकावातो ह्यसाध्यः गर्ज्जभस्त्वनुकूलः, एकसमयेन प्राप्ताः सिद्धिवसतिपत्तनं 'पोताः' जीवबोहित्थाः, तन्निर्यामकोपकारादिति भावना ॥ ततश्च यथा सांयात्रिकसार्थः प्रसिद्धं निर्यामकं चिरगतमपि यात्रासिद्ध्यर्थं पूजयति, एवं ग्रन्थकारोऽपि सिद्धिपत्तनं प्रति प्रस्थितोऽभीष्टयात्रासिद्धये निर्यामकरत्नेभ्यस्तीर्थकृद्भ्यः स्तवचिकीर्षयेदमाह–**

વચ્ચેના સ્થાનથી વાતો પવન) અને બીજો પૂર્વસક્તાસુક (અર્થાત્ ઇશાન અને પૂર્વ દિશા વચ્ચેના સ્થાનથી વાતો પવન.) આ જ પ્રમાણે અગ્નિખૂણા સંબંધી બે પવનો – એક પૂર્વતુંગાર અને બીજો દક્ષિણતુંગાર, નૈઋત્યખૂણા સંબંધી બે પવનો – એક દક્ષિણબીજાપ અને બીજો પશ્ચિમબીજાપ, વાયવ્ય સંબંધી બે પવનો – એક પશ્ચિમગર્જભ અને બીજો ઉત્તરગર્જભ. આ પ્રમાણે સોળ પવનો થાય છે. (આ સોળ પવનોમાં જે પવન વાહનોને પ્રતિકૂળ હોય તે કાલિકાવાત નામે ઓળખાય છે અને જે અનુકૂળ હોય તે ગર્જભ નામે ઓળખાય છે – इति टीप्पणके) જેમ કાલિકાવાતથી રહિત અને ગર્જભ નામના અનુકૂળ પવનવાળા સમુદ્રમાં નિપુણ ખલાસી સહિતના, છિદ્ર વિનાના વાહનો ઇચ્છિત નગરને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે –

**ગાથાર્થ : મિથ્યાત્વરૂપ કાલિકાવાતથી રહિત અને સમ્યક્ત્વ રૂપ ગર્જભ પવનવાળા (સંસાર સમુદ્રમાં) જીવરૂપ વાહનો સિદ્ધિવસતિરૂપ નગરને એક સમયે પામ્યા.**

**ટીકાર્થ :** મિથ્યાત્વરૂપ કાલિકાવાતથી રહિત તથા સમ્યક્ત્વરૂપ ગર્જભપવનવાળા ભવરૂપ સમુદ્રમાં, કાલિકાવાત એ અસાધ્ય છે અને ગર્જભ એ અનુકૂળ પવન છે. એવા આ ભવસમુદ્રમાં એક સમયે સિદ્ધિવસતિરૂપ નગરને જીવરૂપ વાહનો પામ્યા છે. (કેવી રીતે પામ્યા છે ?) જીવરૂપ વાહનોના નિર્યામકસમાન એવા તીર્થંકરોના ઉપકારથી (તેઓ પામ્યા છે.) ॥૯૧૩॥

તેથી જેમ સમુદ્રની મુસાફરી કરનારાઓનો સમૂહ ઘણા વર્ષો પહેલા મૃત્યુ પામેલા એવા પ્રસિદ્ધ નિર્યામકને પોતાની યાત્રાની સિદ્ધિ માટે પૂજે છે. એ પ્રમાણે મોક્ષ માટે પ્રયાણ કરી ચૂકેલા એવા ગ્રંથકાર પણ પોતાને ઇચ્છિત યાત્રાની સિદ્ધિ માટે નિર્યામકોમાં રત્નસમાન એવા તીર્થંકરોની સ્તવના કરવાની ઇચ્છાથી આગળ કહે છે ⇨

**१०. ऽपरबीजापश्च, अपरगर्जभ उत्तरगर्जभश्च, एते षोडश वाताः । तत्र यथा जलधौ कालिकावातरहिते गर्जभानुकूलवाते निपुणनिर्यामकसहिता निश्छिद्रपोता यथेप्सितं पत्तनं प्राप्नुवन्ति ।**

निज्जामगरयणाणं अमूढनाणमइकण्णधाराणं ।
वंदामि विणयपणओ तिविहेण तिदंडविरयाणं ॥९१४॥

व्याख्या : 'निर्यामकरत्नेभ्यः' अर्हद्भ्यः 'अमूढज्ञाना' यथावस्थितज्ञाना मननं मतिः-संविदेव सैव कर्णधारो येषां ते तथाविधास्तेभ्यो वन्दामि विनयप्रणतस्त्रिविधेन त्रिदण्डविरतेभ्य इति गाथार्थः ॥९१४॥ द्वारं २ ॥

साम्प्रतं तृतीयद्वारव्याचिख्यासयाऽऽह–

पालंति जहा गावो गोवा अहिसावयाइदुग्गेहिं ।
पउरतणपाणिआणि अ वणाणि पावंति तह चेव ॥९१५॥
जीवनिकाया गावो जं ते पालंति ते महागोवा ।
मरणाइभया उ जिणा निव्वाणवणं च पावंति ॥९१६॥
तो उवगारित्तणओ नमोऽरिहा भविअजीवलोगस्स ।
सव्वस्सेह जिणिंदा लोगुत्तमभावओ तह य ॥९१७॥

व्याख्या : गाथात्रयं निगदसिद्धमेव ॥ द्वारम् ३ ॥

एवं तावदुक्तेन प्रकारेण नमोऽर्हत्वहेतवे गुणाः प्रतिपादिताः, साम्प्रतं प्रकारान्तरेण

---

**ગાથાર્થ :** નિર્યામકોમાં રત્નસમાન, યથાવસ્થિત જ્ઞાનવાળી મતિરૂપ ખલાસીવાળા, અને ત્રણદંડથી વિરત એવા (અરિહંત ભગવંતોને) વિનયથી નમ્ર એવો હું મન–વચન કાયાથી વંદન કરું છું.

**ટીકાર્થ –** નિર્યામકોમાં રત્નસમાન એવા અરિહંતોને, યથાવસ્થિતજ્ઞાનવાળી મતિ એ જ છે ખલાસી જેઓના એવા (અરિહંતોને), વંદન કરું છું. વિનયથી નમેલો એવો હું, મન–વચન–કાયારૂપ ત્રિવિધ પ્રકારવડે, ત્રણ દંડથી વિરત એવા અરિહંતોને. (ટીકાર્થનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૯૧૪॥

**અવતરણિકા :** હવે ત્રીજું મહાગોપ નામના દ્વારનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાથી કહે છે ➪

**ગાથાર્થ :** જેમ ગોવાળિયાઓ સાપ–વાઘાદિયુક્ત એવા સ્થાનોથી ગાયોનું રક્ષણ કરે છે અને પ્રચુર તૃણ–પાણીવાળા વનો સુધી ગાયોને પહોંચાડે છે.

**ગાથાર્થ :** તે જ રીતે જિનેશ્વર ભગવંતો ષટ્જીવનિકાયરૂપ ગાયોનું મરણાદિ ભયોથી રક્ષણ કરે છે અને નિર્વાણરૂપ વન સુધી પહોંચાડે છે, તેથી મહાગોપ છે.

**ગાથાર્થ :** તેથી ઉપકારીપણાથી અને લોકોત્તમ હોવાથી અહીં જિનેશ્વરભગવંતો સર્વ ભવ્યજીવલોકને નમસ્કાર યોગ્ય છે.

**ટીકાર્થ :** ત્રણે ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. ॥ ૯૧૫-૯૧૭ ॥

**અવતરણિકા :** આ પ્રમાણે ઉક્ત પ્રકારવડે અરિહંતોના ગુણો નમસ્કારની યોગ્યતાના કારણ તરીકે કહ્યા. હવે બીજી રીતે નમસ્કારની યોગ્યતામાં કારણભૂત ગુણોને કહેવાની ઇચ્છાથી કહે

नमोऽर्हत्वहेतुगुणाभिधित्सयाऽऽह–

रागद्दोसकसाए इंदिआणि अ पंचवि ।
परीसहे उवस्सग्गे, नामयंता नमोऽरिहा ॥९१८॥

व्याख्या : रागद्वेषकषायेन्द्रियाणि च पञ्चापि परीषहानुपसर्गान्नामयन्तो नमोऽर्हा इति । तत्र 'रञ्ज रागे' रज्यते अनेन अस्मिन् वा रञ्जनं वा रागः, स च नामादिश्चतुर्विधः, तत्र नामस्थापने सुगमे, द्रव्यरागो द्वेधा–आगमतो नोआगमतश्च, आगमतो रागपदार्थज्ञस्तत्रानुपयुक्तः, नोआगमतो ज्ञशरीरभव्यशरीरतद्व्यतिरिक्तभेदस्त्रिविधः, व्यतिरिक्तोऽपि कर्मद्रव्यरागो नोकर्मद्रव्यारागश्च, कर्मद्रव्यरागश्चतुर्विधः–रागवेदनीयपुद्गला योग्याः १ बध्यमानका २ बद्धाः ३ उदीरणावलिकाप्राप्ताश्च ४. बन्धपरिणामाभिमुखा योग्याः, बन्धपरिणामप्राप्ता बध्यमानकाः, निर्वृत्तबन्धपरिणामाः सत्कर्मतया स्थिता जीवेनाऽऽत्मसात्कृता बद्धाः, उदीरणाकरणेनाऽऽकृष्योदीरणावलिकामानीताश्चरमा इति, नोकर्मद्रव्यरागस्तु कर्मरागैकदेशस्तदन्यो वा, तदन्यो द्विविधः–प्रायोगिको वैश्रसिकश्च, प्रायोगिको कुसुम्भरागादिः वैश्रसिकाः सन्ध्याभ्ररागादिः, भावरागोऽप्यागमेतरभेदाद् द्विधैव, आगमतो रागपदार्थज्ञ उपयुक्तः, नोआगमतो रागवेदनीयकर्मोदयप्रभवः परिणामविशेषः, स च द्वेधा–प्रशस्तोऽप्रशस्तश्च,

છે ⇨

**ગાથાર્થ : રાગ, દ્વેષ, કષાય, પાંચ ઇન્દ્રિયો, પરિષહો અને ઉપસર્ગોને દૂર કરતાં હોવાથી (અરિહંતો) નમસ્કારને યોગ્ય છે.**

**ટીકાર્થ :** રાગ, દ્વેષ, કષાય, પાંચ ઇન્દ્રિયો, પરિષદો અને ઉપસર્ગોને દૂર કરતાં હોવાથી (અરિહંતો) નમસ્કારને યોગ્ય છે. તેમાં રંજ ધાતુ રાગના અર્થમાં વપરાય છે, અર્થાત્ જેનાવડે રંગાય અથવા જે હોતે છતે રંગાય અથવા રંગવું તે રાગ. આ રાગ નામાદિ ચાર પ્રકારે છે. તેમાં નામ–સ્થાપના સુગમ જ છે. દ્રવ્ય રાગ બે પ્રકારે છે–આગમથી અને નોઆગમથી. આગમથી દ્રવ્યરાગ એટલે રાગપદના અર્થને જાણનારો એવો પણ તે અર્થમાં અનુપયુક્ત જીવ.

નોઆગમથી દ્રવ્યરાગ, જ્ઞશરીર–ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત એમ ત્રણ પ્રકારનો છે. તેમાં તદ્વ્યતિરિક્ત પણ કર્મદ્રવ્યરાગ અને નોકર્મદ્રવ્યરાગ એમ બે પ્રકારનો છે. કર્મદ્રવ્યરાગ એટલે કે રાગવેદનીય (રતિમોહનીયાદિ) પુદ્ગલ ચાર પ્રકારે છે. (૧) **યોગ્ય**–બંધપરિણામને અભિમુખ. (૨) **બધ્યમાનક** = બંધપરિણામને પ્રાપ્ત કરતા (૩) **બદ્ધ** = બંધપરિણામને પામી સત્તાને પામેલા એટલે કે જીવવડે આત્મસાત્ કરાયેલા (૪) **ઉદીરણાવલિકામાં પ્રવિષ્ટ** = ઉદીરણા કરણવડે ખેંચીને ઉદયાવલિકામાં લાવેલા.

નોકર્મદ્રવ્યરાગ આ પ્રમાણે–કર્મદ્રવ્યરાગનો એક દેશ અથવા કર્મદ્રવ્યરાગથી અન્ય. કર્મદ્રવ્યરાગથી અન્ય બે પ્રકારે – પ્રાયોગિક અને વૈશ્રસિક. તેમાં કસુંબાનો રંગ એ પ્રાયોગિક છે અને સંધ્યાનો આકાશરંગ એ વૈશ્રસિક (કુદરતી) છે.

**अप्रशस्तस्त्रिविधः-दृष्टिरागो विषयरागः स्नेहरागश्च, तत्र त्रयाणां त्रिषष्ट्यधिकानां प्रावादुकशतानामात्मीयात्मीयदर्शनानुरागो दृष्टिरागः, यथोक्तम्-**

*"[११]असियसयं किरियाणं अकिरियवाईणमाहु चुलसीई ।*
*अन्नाणिय सत्तट्ठी वेणइयाणं च बत्तीसा ॥१॥*
*जिणवयणबाहिरमई मूढा णियदंसणाणुराएण ।*
*सव्वण्णुकहियमेते मोक्खपहं न उ पवज्जंति ॥२॥"*




ભાવરાગ પણ આગમ–નોઆગમથી એમ બે પ્રકારે છે. આગમથી રાગપદના અર્થને જાણનારો અને તે અર્થમાં ઉપયુક્ત જીવ. નોઆગમથી ભાવરાગ એટલે રાગવેદનીકર્મના (રતિમોહનીયાદિ કર્મના) ઉદયથી ઉત્પન્ન થયેલ પરિણામવિશેષ. આ પરિણામવિશેષ એ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. અપ્રશસ્ત પરિણામ ત્રણ પ્રકારે – દૃષ્ટિરાગ, વિષયરાગ, અને સ્નેહરાગ, તેમાં ત્રણસો ત્રેસઠ વાદીઓનો પોતપોતાના દર્શન ઉપરનો જે રાગ તે દૃષ્ટિરાગ કહેવાય છે. કહ્યું છે –

"એકસો એંશી ક્રિયાવાદીઓ, ચોર્યાશી અક્રિયાવાદીઓ, સડસઠ અજ્ઞાનવાદીઓ, અને બત્રીશ વિનયવાદીઓ ॥૧॥ જિનવચનથી બાહ્યમતિવાળા અને માટે જ મૂઢ એવા આ મતો પોતપોતાના દર્શનના અનુરાગથી સર્વજ્ઞકથિત મોક્ષમાર્ગને સ્વીકારતા નથી. ॥૨॥"

શબ્દાદિ પાંચ વિષયો પ્રત્યેનો રાગ એ વિષયરાગ કહેવાય છે. તથા વિષયાદિનિમિત્ત વિનાનો

---

**११. अशीतं शतं क्रियावादिनामक्रियावादिनामाहुश्चतुरशीतिम् । अज्ञानिकानां सप्तषष्टिं वैनयिकानां च द्वात्रिंशतं ॥१॥ जिनवचनबाह्यमतयो मूढा निजदर्शनानुरागेण । सर्वज्ञकथितमेते मोक्षपथं नैव प्रपद्यन्ते ॥२॥**

**विषयरागस्तु शब्दादिविषयगोचरः, स्नेहरागस्तु विषयादिनिमित्तविकलोऽविनीतेष्वप्यपत्यादिषु यो भवति, तत्रेह रागे उदाहरणम्-खिंतिपतिट्ठियं णयरं, तत्थ दो भाउगा-अरहन्नओ अरहमित्तो य, महंतस्स भारिया खुड्डुलए रत्ता, सो नेच्छइ, बहुसो उवसग्गेइ, भणिया य अणेण-किं न पेच्छसि भाउगंति ?, भत्तारो मारिओ, सा पच्छा भणइ इयाणिं पि न इच्छसि ?, सो तेण निव्वेएण पव्वइओ, साहू जाओ, सावि अट्टवसट्टा मया सुणिया जाया, साहुणो य तं गामं गया, सुणियाए दिट्ठो, लग्गा मग्गमग्गिं, उवसग्गोत्ति नट्ठो रत्तीए । तत्थवि मया मक्कडी जाया अडवीए, तेऽवि कम्मधम्मसंजोगेण तीसे अडवीए मज्झेणं वच्चंति, तीए दिट्ठो लग्गा कंठे, तत्थवि किलेसेण पलाओ, तत्थवि मया जक्खिणी जाया, ओहिणा पेच्छइ, छिद्दाणि मग्गइ, सोऽवि अप्पमत्तो, सा छिद्दं**

અવિનીત એવા પણ પુત્રાદિ ઉપરનો જે રાગ તે સ્નેહરાગ કહેવાય છે. અહીં રાગમાં ઉદાહરણ આ પ્રમાણે છે –

## ❊ રાગને વિશે અર્હન્મિત્રનું દૃષ્ટાન્ત ❊

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું. તેમાં બે ભાઈઓ હતા—અર્હન્નક (મોટો) અને અર્હન્મિત્ર (નાનો.) મોટાભાઈની પત્ની નાનાભાઈ ઉપર કામરાગવાળી થઈ છે. પણ નાનોભાઈ ઇચ્છતો નથી. ઘણીવાર ભાભી દિયરને ઉપસર્ગ કરે છે. દિયરે ભાભીને કહ્યું–'મોટાભાઈને કેમ જોતા નથી ? (અર્થાત્ મોટાભાઈ હોવા છતાં તમે આવું શા માટે કરો છો ?) ભાભીએ મોટાભાઈને મારી નાંખ્યા. ભાભી દિયરને કહે છે કે–'હવે પણ કેમ તમે ઇચ્છતાં નથી ?' દિયરે ભાભીના આવા વર્તનથી નિર્વેદ પામીને દીક્ષા લીધી, સાધુ થયો. ભાભી પણ આર્તધ્યાનને વશ થયેલી મરીને કૂતરી થઈ. સાધુઓ વિહાર કરીને તે ગામમાં આવ્યા, (જ્યાં તે કૂતરીરૂપે જન્મી હતી.) કૂતરીએ સાધુને જોયો. તેની પાછળ પડી (અર્થાત્ સાધુ પાસે આવીને વારંવાર પોતાનો પતિ ન હોય તેવું વર્તન કરવા લાગી.) આ ગામમાં મને ઉપસર્ગ છે એમ વિચારી સાધુ રાત્રિએ વિહાર કરીને અન્ય સ્થાને ગયો. ભાભીનો જીવ મરીને જંગલમાં વાંદરીરૂપે ઉત્પન્ન થયો. સાધુઓ પણ કર્મધર્મના સંયોગે (કર્મવશે) તે જ જંગલમાંથી પસાર થાય છે. વાંદરીએ સાધુને જોયો. ત્યાં પણ તે વાંદરી તેની પાછળ લાગી. ત્યાંથી પણ મહામુસીબતે સાધુ ભાગ્યો.

ત્યાંથી મરીને તે જીવ યક્ષિણીરૂપે જન્મ્યો. અવધિવડે તે સાધુને જુએ છે. (સાધુની અપ્રમત્તદશાના પ્રભાવે યક્ષિણી કશું કરી શકતી નથી તેથી) સાધુના છિદ્રો શોધે છે. (અર્થાત્ ક્યારે પ્રમાદ કરે અને હું તેને મારી નાખું એમ વિચારી સાધુના પ્રમાદો શોધે છે.) પરંતુ તે સાધુ પણ અપ્રમત્ત

**१२. क्षितिप्रतिष्ठितं नगरं, तत्र द्वौ भ्रातरौ-अरहन्नकोऽर्हन्मित्रश्च, महतो भार्या क्षुल्लके रक्ता, स नेच्छति, बहुश उपसर्गयति, भणिता चानेन-किं न पश्यसि भ्रातरमिति ?, भर्त्ता मारितः, सा पश्चाद्भणति-इदानीमपि नेच्छसि ?, स तेन निर्वेदेन प्रव्रजितः, साधुर्जातः, साऽपि आर्त्तवशार्त्ता मृता शुनी जाता, साधवश्च तं ग्रामं गताः, शुन्या दृष्टः, लग्ना पृष्ठतः पृष्ठतः, उपसर्ग इति नष्टो रात्रौ । तत्रापि मृता मर्कटी जाता अटव्यां, तेऽपि कर्मधर्मसंयोगेन तस्या अटव्या मध्येन व्रजन्ति, तया दृष्टः, लग्ना कण्ठे, तत्रापि क्लेशेन पलायितः तत्रापि मृता यक्षिणी जाताऽवधिना प्रेक्षते, छिद्राणि मार्गयति, सोऽप्यप्रमत्तः, सा छिद्रं * तदैवाऽऽगत्य साश्लेषं मुहुर्भर्तुरिवाकरोत् ।**

[१३] न लहइ, सा य सव्वादरेणं तस्स छिद्दं मग्गेइ, एवं च जाइ कालो, तेण किर जे समवया समणा ते तं भणंति—हसिऊण तरुणसमणा भणंति धन्नोऽसि अरहमित्त ! तुमं । जंसि पिओ सुणियाणं वयंस ! गिरिमक्कडीणं च ॥१॥ अण्णया सो साहू वियरयं उत्तरइ, तत्थ य पायविक्खंभं पाणियं, तेण पादो पसारिओ गइभेएण, तत्थ य ताए छिद्दं लहिऊण ऊरुओ छिन्नो, मिच्छामि दुक्कडंति-पडिओ माहं आउक्काए पडिओ होज्जत्ति, सम्मद्दिट्ठियाए सा धाडिया, तहेव सप्पएसो लाइओ रूढो य देवयप्पहावेणं, अन्ने भणंति—सो भिक्खस्स गओ अन्नगामे, तत्थ ताए वाणमंतरीए तस्स रूवं छाएत्ता तस्स रूवेणं पंथे तलाए ण्हाइ, अन्नेहिं दिट्ठो, सिट्ठं गुरूणं, आवस्सए आलोएइ, गुरूहिं भणियं-सव्वं* आलोएहि अज्जो !, सो उवउत्तो मुहणंतगमाइ, भणइ—न संभरामि खमासमणा !,

હતો. યક્ષિણી સાધુના એક પણ છિદ્ર પામતી નથી. તેથી વધુ પ્રયત્નવડે તેના છિદ્રો શોધે છે. આ પ્રમાણે કાળ પસાર થાય છે. આ જોઈને જે સમાનવયવાળા એવા તરુણ સાધુઓ હતા તે અર્હન્મિત્રને હસતા હસતા કહે છે કે – 'હે અર્હન્મિત્ર ! તું ધન્ય છે, કારણ કે તું કૂતરીઓને પ્રિય છે, હે મિત્ર ! વળી પર્વતોની વાંદરીઓને તું પ્રિય છે. ॥૧॥'

એકવાર તે સાધુ ખાડાને ઓળંગે છે. તે ખાડામાં પગની પહોળાઈ જેટલું પાણી હતું. (અર્થાત્ એક ડગલાનું જેટલું અંતર થાય તેટલું પાણી હતું. એવો અર્થ જણાય છે.) તેથી ઉતાવળે તેણે પગ પહોળો કર્યો. તેમાં તે યક્ષિણીએ તેના આ પ્રમાદને લઈ સાધુની જાંઘ તોડી નાંખી. તે સાધુ 'હું અપ્કાય ઉપર ન પડું.' એમ વિચારી મિચ્છામિ દુક્કડં આપતો (બાજુમાં પડ્યો.) સમ્યગ્દષ્ટિ દેવે તે યક્ષિણીને ભગાડી અને છિન્નપગ તે જ રીતે પાછો લાગી ગયો તથા દેવપ્રભાવે રૂઝ પણ આવી ગઈ. આ સ્થાને અન્ય આચાર્યો એમ કહે છે કે – તે સાધુ ભિક્ષા માટે અન્ય ગામમાં ગયો. ત્યાં તે વાણવ્યંતરી સાધુના રૂપને છૂપાવી પોતે તેનું રૂપ લઈ માર્ગમાં રહેલ તળાવમાં સ્નાન કરે છે. બીજા સાધુઓએ સ્નાન કરતા સાધુને જોયો અને ગુરુને વાત કરી. સાંજે તે સાધુ પ્રતિક્રમણમાં આલોચના કરે છે. (પરંતુ સ્નાનની આલોચના ન કરી એટલે) ગુરુએ પૂછ્યું – "હે આર્ય ! બધાં અતિચારોની આલોચના કર." ત્યારે તે સાધુએ સવારના મુહપતિના પડિલેહણથી લઈ સાંજ સુધીની સર્વ ક્રિયાઓમાં ઉપયોગ મૂક્યો. પછી કહ્યું – "હે ગુરુમહારાજ! આ સિવાય મને કંઈ યાદ

१३. न लभते, सा च सर्वादरेण तस्य छिद्रं मार्गयति, एवं च याति कालः तेन (सह) किल ये समवयसः तं भणन्ति-हसित्वा तरुणश्रमणा भणन्ति धन्योऽसि अर्हन्मित्र ! त्वम् । यदसि प्रियः शुन्या वयस्य ! गिरिमर्कट्याश्च ॥१॥ अन्यदा स साधुर्वितरकमुत्तरति, तत्र च पादविष्कम्भं पानीयं, तेन पादः प्रसारितो गतिभेदेन, तत्र च तया छिद्रं लब्ध्वोरु छिन्नं, मिथ्या मे दुष्कृतमिति पतितो माऽहमप्काये पतितो भूवमिति, सम्यग्दृष्ट्या सा धाटिता, तथैव सप्रदेशो लगितो रूढश्च देवताप्रभावेण अन्ये भणन्ति-स भिक्षायै गतोऽन्यग्रामे, तत्र तया व्यन्तर्या तस्य रूपं छादयित्वा तस्य रूपेण पथि तडाके स्नाति, अन्यैर्दृष्टः, शिष्टं गुरुभ्यः, आवश्यके आलोचयति, गुरुभिर्भणितं-सर्वमालोचय आर्य !, स उपयुक्तो मुखानन्तकादि (केषु) भणति- न संस्मरामि क्षमाश्रमणाः ! *संमं प्र०, जाव पडिक्कमणं देवसियं ताव आभोएति प्र०।

[१४]तेहिं पडिभिण्णो भणइ–नत्थित्ति, आयरिया अणुवट्टियस्स न दिंति पायच्छित्तं, सो चिंतेइ–किं कह वत्ति ? सा उवसंता साहइ-एयं मए कयं, सा साविया जाया, सव्वं परिकहेइ । एस तिविहो अप्पसत्थो, तस्स अप्पसत्थस्स इमा णिरुत्तगाहा–

*"रज्जंति असुभकलिमलकुणिमाणिट्ठेसु पाणिणो जेणं ।*
*रागोत्ति तेण भण्णइ जं रज्जइ तत्थ रागत्थो ॥१॥"*

एषोऽप्रशस्तः, प्रशस्तस्त्वर्हदादिविषयः, यथोक्तं–

*"अरहंतेसु य रागो रागो साहूसु बंभयारीसु ।*
*एस पसत्थो रागो अज्ज सरागाण साहूणं ॥१॥"*

एवंविधं रागं नामयन्तः–अपनयन्तः, क्रियाकालनिष्ठाकालयोरभेदादपनीत एव गृह्यते, आह प्रशस्तनामनमयुक्तं, न, तस्यापि बन्धात्मकत्वात्, आह–'एस पसत्थो' इत्यादि कथं ?,

---

આવતું નથી." ગુરુએ ફરી ભારપૂર્વક પૂછ્યું છતાં સાધુ કહે છે – "હવે કોઈ અતિચાર બાકી નથી." (ત્યારે ગુરુએ કહ્યું –) "આચાર્યો અનુપસ્થિતને (અર્થાત્ જે એક પણ અતિચારને છુપાવે છે તે અનુપસ્થિત કહેવાય છે, તેવા જીવને) પ્રાયશ્ચિત આપતા નથી." સાધુ વિચારે છે કે – "કયો અતિચાર અથવા કેવી રીતે અતિચાર મેં સેવ્યો છે ? (મને જ ખબર નથી.)" તે યક્ષિણી શાંત થયેલી આચાર્યને કહે છે – "આ મેં કર્યું છે." ત્યાર પછી તે શ્રાવિકા થઈ અને બધી વાત કરી. આ ત્રણે પ્રકારનો રાગ અપ્રશસ્ત છે. તે અપ્રશસ્તરાગની નિરુક્તિગાથા (રાગ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ બતાવતી ગાથા) આ પ્રમાણે છે – "જેનાવડે જીવો અશુભ અને દુર્ગંધી એવા માંસાદિ અનિષ્ટ વસ્તુમાં રંગાય છે = આસક્ત થાય છે તે કારણથી તે રાગ કહેવાય છે, કારણ કે રાગને પામેલો જીવ તેમાં રંગાય છે. ॥૧॥" આ અપ્રશસ્ત રાગ છે.

અરિહંતાદિ પ્રત્યેનો રાગ એ પ્રશસ્તરાગ છે. કહ્યું છે – "સરાગી એવા સાધુઓનો અરિહંતોને વિશે અને બ્રહ્મચારી એવા સાધુઓને વિશે જે રાગ, તે પ્રથમ પ્રશસ્ત રાગ છે. ॥૧॥" આવા પ્રકારના રાગને દૂર કરતાં (અરિહંતો નમસ્કારને યોગ્ય છે એમ અન્વય જોડવો.) અહીં 'રાગને દૂર કરતાં' એમ વર્તમાનકૃદંત હોવા છતાં ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો અભેદ હોવાથી દૂર કરેલો એવો જ રાગ ગ્રહણ કરવાનો છે.

**શંકા :** (અપ્રશસ્તરાગને દૂર કરવો એ હજુ સંગત છે પરંતુ) પ્રશસ્તરાગને દૂર કરવો એ યુક્ત નથી.

---

१४. तैः प्रतिभिन्नो भणति-नास्तीति, आचार्या अनुपस्थिताय न ददते प्रायश्चित्तं, स चिन्तयति-किं कथं वेति, सोपशान्ता कथयति-एतन्मया कृतं, सा श्राविका जाता, सर्वं परिकथयति । एष त्रिविधः अप्रशस्तः, तस्याप्रशस्तस्यैषा निरुक्तगाथा-'रज्यन्ति अशुभकलिमलकुणिमानिष्टेषु प्राणिनो येन । राग इति तेन भण्यते यद्रज्यति तत्र रागस्थः ॥१॥ अर्हत्सु च रागो रागः साधुषु ब्रह्मचारिषु । एष प्रशस्तो रागोऽद्य सरागाणां साधूनाम् ॥१॥

सरागसंयतानां कूपखननोदाहरणात् प्राशस्त्यमित्यलं प्रसङ्गेन । इदानीं दोषो द्वेषो वा, 'दुष वैकृत्ये' दुष्यतेऽनेन अस्मिन्नस्माद्दूषणं वा दोषः, 'द्विष अप्रीतौ' वा द्विष्यतेऽनेनेत्यादिना द्वेषः, असावपि नामादिश्चतुर्विधो न्यक्षेण रागवदवसेयः, तथाऽपि दिग्मात्रतो निर्दिश्यते—नोआगमतो द्रव्यद्वेषः ज्ञशरीरेतरव्यतिरिक्तः कर्मद्रव्यद्वेषो नोकर्मद्रव्यद्वेषश्च, कर्मद्रव्यद्वेषः योग्यादिभेदाश्चतुर्विधा एव पुद्गलाः, नोकर्मद्रव्यद्वेषो दुष्टव्रणादिः, भावद्वेषस्तु द्वेषकर्मविपाकः, स च प्रशस्तेतरभेदः, प्रशस्तोऽज्ञानादि-गोचरः, तथा ह्यज्ञानमविरतिमित्यादि द्वेष्टि, अप्रशस्तस्तु सम्यक्त्वादिगोचरः, तत्राप्रशस्ते उदाहरणं-[१५]णंदो नाम नाविओ गंगाए लोगं उत्तारेइ, तत्थ य धम्मरूई णाम अणगारो तीए नावाए उत्तिण्णो,

**સમાધાન :** ના, પ્રશસ્તરાગ પણ કર્મબંધનું કારણ હોવાથી તેને દૂર કરવો એ યુક્ત જ છે.

**શંકા :** જો આ રાગ કર્મબંધનું કારણ જ છે તો સરાગી સંયતોનો અરિહંતાદિને વિશેનો રાગ પ્રશસ્ત કેવી રીતે કહેવાય ?

**સમાધાન :** સરાગી સંયતોને કૂપખનનના દૃષ્ટાન્તથી તે રાગ પ્રશસ્ત છે. (કૂપખનન દૃષ્ટાન્ત આ પ્રમાણે છે કે – વ્યક્તિ પોતાની તૃષા દૂર કરવા કૂવો ખોદે. તેમાં કૂવો ખોદવા જતા અંદરથી નીકળતા કાદવથી પોતાનું શરીર લેપાય છે, પરંતુ સ્વચ્છ પાણી નીકળતા તે પાણીથી પોતાની તૃષા પણ દૂર કરે છે અને શરીર ઉપર લાગેલ કાદવ પણ સાફ કરે છે. તેમ સરાગી સંયમીજીવો અરિહંતો વગેરે પ્રત્યેના આવા પ્રશસ્ત રાગના આધારે શુભ પરિણામોને ઉત્પન્ન કરી ધીરે ધીરે આ રાગભાવને પણ નષ્ટ કરે છે.)

હવે દોષ અથવા દ્વેષની વ્યાખ્યા કરે છે – જેનાવડે અથવા જેની હાજરીમાં અથવા જેનાથી આત્મા દુષિત થાય તે દોષ અથવા દૂષિત થવું તે દોષ. આ રીતે વિકૃતિના અર્થમાં વપરાતા 'दुष्' ધાતુને લઈ અર્થ કહ્યો. હવે અપ્રીતિના અર્થમાં વપરાતા ધાતુને લઈ અર્થ કહે છે કે – द्विष्' જેનાવડે આત્મા દ્વેષ પામે તે દ્વેષ. દ્વેષ પણ રાગની જેમ નામાદિ ચાર પ્રકારે વિસ્તારથી જાણવો. છતાં દિશા માત્રથી દેખાડાય છે. (અર્થાત્ દિશાસૂચન કરાય છે.) – નોઆગમથી જ્ઞશરીર–ભવ્યશરીરથી વ્યતિરિક્ત દ્રવ્યદ્વેષ તરીકે કર્મદ્રવ્ય (ક્રોધ માન, અરતિ મોહનીયના દ્રવ્ય) દ્વેષ અને નોકર્મદ્રવ્યદ્વેષ. તેમાં કર્મદ્રવ્યદ્વેષ તરીકે યોગ્યાદિ ચાર પ્રકારના પુદ્ગલો જાણવા અને નોકર્મદ્રવ્યદ્વેષ તરીકે દુષ્ટવ્રણાદિ જાણવા.

ભાવદ્વેષ એટલે દ્વેષકર્મનો (ક્રોધ મોહનીયનો) ઉદય, અને તે પ્રશસ્ત–અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં અજ્ઞાનાદિ ઉપર થતો ક્રોધ એ પ્રશસ્ત છે. જેમ કે, વ્યક્તિ પોતાના અજ્ઞાન, અવિરતિ ઉપર અપ્રીતિ કરે. જ્યારે સમ્યક્ત્વાદિ ઉપરનો દ્વેષ એ અપ્રશસ્ત દ્વેષ છે. અપ્રશસ્ત દ્વેષ ઉપર ઉદાહરણ આ પ્રમાણે –

### ❋ દ્વેષ ઉપર નંદનાવિકનું દૃષ્ટાન્ત ❋

નંદ નામનો એક નાવિક લોકોને ગંગાની સામે પાર ઉતારે છે. ત્યાં એકવાર ધર્મરુચિ નામના

१५. नन्दो नाम नाविको गङ्गायां लोकानुत्तारयति, तत्र च धर्मरुचिर्नाम अनगारस्तया नावोत्तीर्णः,

[१६]जणो मोल्लं दाऊण गओ, साहू रुद्धो, फिडिया भिक्खावेला, तहावि न विसज्जेइ, वालुयाए उण्हाए तिसाइओ य अमुंचंतो रुट्ठो, सो य दिट्ठीविसलद्धिओ तेण डड्ढो मओ एगाए सभाए घरकोइलओ जाओ, साहूवि विहरंतो तं गामं गओ, भत्तपाणं गहाय भोत्तुकामो सभं अइगओ, तेण दिट्ठो, सो पेक्खंतओ चेव तस्स आसुरत्तो, भोत्तुमारद्धस्स कयवरं पाडेइ, अन्नं पासं गओ, तत्थवि, एवं कहिंचि न लब्भइ, सो तं पलोएइ, को रे एस ? नाविगनंदमंगुलो ?, दड्ढो, समुद्दं जओ गंगा पविसइ तत्थ वरिसे २ अण्णाण्णेणं मग्गेणं वहइ, चिराणगं जं तं मयगंगा भण्णइ, तत्थ हंसो जाओ, सोऽवि माहमासे सत्थेण पहाईए जाइ, तेण दिट्ठो, पाणियस्स पक्खे भरिऊण सिंचइ, तत्थवि उद्दविओ पच्छा सीहो जाओ अंजणगपव्वए, सोऽवि सत्थेण तं वीईवयइ, सीहो उट्ठिओ, सत्थो

અણગાર તે નાવિકની નાવમાં બેસી ગંગાની સામે પાર ઉતર્યો. લોક મૂલ્ય આપીને ગયો. નાવિકે સાધુને રોક્યો. (મૂલ્ય ન મળવાથી સાધુને ત્યાં જ ઊભો રાખ્યો.) ભિક્ષાવેળા પૂર્ણ થઈ, છતાં સાધુને છોડતો નથી. ગરમ–ગરમ એવી રેતી અને તૃષાથી પીડાતા જ્યારે નાવિકે સાધુને છોડ્યો નહીં,ત્યારે તે સાધુ ગુસ્સે થયો. તે સાધુ દૃષ્ટિવિષ લબ્ધિવાળો હતો. સાધુએ તેને બાળી નાંખ્યો. તે નાવિક મરીને એક સભામાં ગરોળીરૂપે ઉત્પન્ન થયો. સાધુ પણ વિહાર કરતાં કરતાં તે જ ગામમાં ગયો. ભક્તપાનને ગ્રહણ કરીને વાપરવાની ઇચ્છાવાળો સાધુ તે જ સભામાં પ્રવેશ્યો. ગરોળીએ સાધુને જોયો અને જોતાની સાથે જ સાધુ ઉપર ગુસ્સે થઈ. સાધુએ ગોચરી વાપરવાનુ ચાલુ કરતા ગરોળી ઉપરથી કચરો પાડે છે. તેથી સાધુ બીજી બાજુએ ખસ્યો. તો ત્યાં પણ કચરો પાડે છે. આ પ્રમાણે કોઈ સ્થાને સાધુને ગોચરી વાપરવા મળતી નથી. સાધુ ગરોળીને દેખે છે. આ કોણ છે ? શું નંદનાવિકનો જ આ જીવ છે ? એમ વિચારી ગરોળીને બાળી નાંખી.

ગંગા નદી સમુદ્રમાં જ્યાંથી પ્રવેશે છે. (તે સ્થાન દર વર્ષે બદલાય છે કારણ કે) દર વર્ષે ગંગા અન્ય–અન્ય માર્ગે સમુદ્રમાં પ્રવેશે છે. પ્રવેશના જે જુનો માર્ગ હોય છે, તે મૃતગંગા તરીકે ઓળખાય છે. ત્યાં આ જીવ હંસરૂપે ઉત્પન્ન થયો. આ બાજુ સાધુ પણ મહામહિનામાં સાર્થની સાથે પ્રભાતે નીકળે છે. હંસ સાધુને જુએ છે અને પોતાના પાંખમાં ઠંડુ પાણી ભરીને સાધુ ઉપર સીંચે છે. ત્યાં પણ સાધુ તે હંસને બાળી નાંખે છે. ત્યાંથી મરી નાવિકનો જીવ અંજનક પર્વત ઉપર સિંહરૂપે ઉત્પન્ન થાય છે. સાધુ સાર્થ સાથે તે પર્વત ઉપરથી પસાર થાય છે. સિંહ ઊભો

१६. जनो मूल्यं दत्त्वा गतः, साधू रुद्धः, स्फिटिता भिक्षावेला, तथाऽपि न विसर्जयति, वालुकायामुष्णायां तृषार्दितश्चामुच्यमानो रुष्टः, स च दृष्टिविषलब्धिमान्, तेन दग्धो मृत एकस्यां सभायां गृहकोकिलो जातः, साधुरपि विहरन् तं ग्रामं गतः, भक्तपानं गृहीत्वा भोक्तुकामः सभामतिगतः, तेन दृष्टः, स पश्यन्नेव तस्मै क्रुद्धः, भोक्तुमारब्धे कचवरं पातयति, अन्यं पार्श्वं गतः, तत्रापि, एवं कुत्रापि न लभते, स तं प्रलोकयति–को रे एषः नाविको नन्दोऽमङ्गलः ?, दग्धः, समुद्रं यतो गङ्गा प्रविशति तत्र वर्षे वर्षेऽन्यान्येन मार्गेण वहति, चिरन्तनो यः स मृतगङ्गेति भण्यते, तत्र हंसो जातः, सोऽपि माघमासे सार्थेन प्रभाते (पथातीतो) याति, तेन दृष्टः, पानीयेन पक्षौ भृत्वा सिञ्चति, तत्राप्यपद्रावितः पश्चात् सिंहो जातोऽञ्जनकपर्वते, सोऽपि सार्थेन तं व्यतिव्रजति, सिंह उत्थितः, सार्थो

**[17]भिन्नो, सो इमं न मुयइ, तत्थवि दड्ढो, मओ य वाणारसीए बडुओ जाओ, तत्थवि भिक्खं हिंडंतं अन्नेहिं डिंभरूवेहिं समं हणइ, छुभइ धूली, रुट्ठेण दड्ढो, तत्थेव राया जाओ, जाई संभरइ, सव्वाओ अईयजाईओ सरइ असुभाओ, जइ संपयं मारेइ तो बहुगाओ फिट्टो होमित्ति तस्स जाणणाणिमित्तं समस्सं समालंबेइ, जो एयं पूरइ तस्स रज्जस्स अद्धं देमि, तस्स इमो अत्थो-गंगाए नाविओ नंदो, सहाए घरकोइलो । हंसो मयंगतीराए, सीहो अंजणपव्वए ॥१॥ वाणारसीए बडुओ, राया तत्थेव आगओ' एवं गोवगावि पढंति, सो विहरंतो तत्थ समोसढो, आरामे ठिओ, आरामिओ पढइ, तेण पुच्छिओ साहइ, तेण भणियं-अहं पूरेमि 'एएसिं घायओ जो उ सो इत्थेव समागओ' सो घेत्तूणं रण्णो अग्गओ पढइ, राया सुणंतओ मुच्छिओ, सो हम्मइ, सो भणइ हम्ममाणो—कव्वं**

થયો. લોકોનો સમૂહ વીખેરાઈ ગયો. તે સિંહ સાધુને છોડતો નથી. ત્યાં પણ સાધુએ સિંહને બાળી નાંખ્યો.

ત્યાંથી મરી વારાણસીમાં બ્રાહ્મણબાળકરૂપે ઉત્પન્ન થયો. ત્યાં પણ ભિક્ષા માટે ફરતા તે સાધુને આ બાળક અન્ય બાળકો સાથે મળી મારે છે. સાધુની ઉપર ધૂળ નાંખે છે. તેથી ગુસ્સે થયેલો સાધુ બાળકને બાળી નાંખે છે. ત્યાં મરીને તે જ નગરીમાં રાજા બને છે. તે રાજાને જાતિ-સ્મરણજ્ઞાન થાય છે. તેમાં તે પોતાની સર્વ અશુભ જાતિઓનું સ્મરણ કરે છે. 'જો હવે તે સાધુ મને મારશે તો આ ઘણી સમૃદ્ધિઓથી ચૂકી જઈશ' એમ વિચારી તે સાધુની ઓળખ માટે એક કોયડાનું આલંબન લે છે. જે આ કોયડાને પૂરશે તેને હું અડધું રાજ્ય આપીશ. તે કોયડાનો અર્થ આ પ્રમાણે હતો—"ગંગાકિનારે નાવિક નંદ, સભામાં ગરોળી, મૃતગંગા પાસે હંસ, અંજનપર્વત ઉપર સિંહ, ॥૧॥ વારાણસીમાં બાળક, ત્યાં જ રાજા તરીકે આવેલો છે." આ પ્રમાણે આ કોયડો ત્યાંના ગોવાળીયાઓ પણ બોલે છે. તે સાધુ વિહાર કરતો ત્યાં આવ્યો અને ઉદ્યાનમાં રહ્યો.

ઉદ્યાનમાં આ કોયડાને ત્યાંનો માળી બોલે છે. આ સાંભળી સાધુએ માળીને પૂછતાં માળીએ હકીકત કહી. સાધુએ કહ્યું – "આ કોયડાને હું પૂરીશ." તેણે કહ્યું – "આ બધાનો ઘાતક જે છે તે અહીં આવ્યો છે." આ પ્રમાણેનો જવાબ લઈને માળી રાજા પાસે આવીને જવાબ આપે છે. રાજા સાંભળતા જ બેભાન થઈ ગયો. આજુબાજુ રહેલા મંત્રી વગેરે માળીને પકડીને મારે

---

**१७. भिन्नः, स एनं न मुञ्चति, तत्रापि दग्धो मृतश्च वाराणस्यां बटुको जातः, तत्रापि भिक्षां हिण्डमानमन्यैर्डिम्भरूपैः समं हन्ति, क्षिपति धूलिं, रुष्टेन दग्धः, तत्रैव राजा जातः, जातिं स्मरति, सर्वा अतीतजातीरशुभाः स्मरति, यदि सम्प्रति मार्येय तदा बहोः स्फिटितोऽभविष्यम् इति तस्य ज्ञाननिमित्तं समस्यां समालम्बयति, य एनां पूरयति तस्मै राज्यस्यार्धं ददामि, तस्यैषोऽर्थः-गङ्गायां नाविको नन्दः सभायां गृहकोकिलः । हंसो मृतगङ्गातीरे सिंहोऽञ्जनपर्वते ॥१॥ वाराणस्यां बटुको राजा तत्रैवागतः' एवं गोपा अपि पठन्ति, स विहरन् तत्र समवसृतः, आरामे स्थितः, आरामिकः पठति, तेन पृष्टः कथयति, तेन भणितम्-अहं पूरयामि, 'एतेषां घातको यस्तु सोऽत्रैव समागतः' स गृहीत्वा राज्ञोऽग्रतः पठति, राजा शृण्वन् मूर्छितः, स हन्यते, स भणति हन्यमानः—काव्यं**

**[१८]काउं अहं न याणामि । लोगस्स कलिकलंडो एसो समणेण मे दिन्नो ॥१॥ राया आसत्थो वारेइ, केणंति [★]पुच्छियं, साहइ-समणेणं, राया तत्थ मणुस्से विसज्जेइ, जइ अणुजाणह वंदओ एमि, आगओ सड्ढो जाओ, साहूवि आलोइयपडिक्कंतो सिद्धो ॥ एवंविधं द्वेष नामयन्त इत्यादि रागवदायोज्यं, इह रागद्वेषौ क्रोधाद्यपेक्षया नयैः पर्यालोच्यते-नैगमस्य सङ्ग्रहव्यवहारान्तर्गतत्वात् सङ्ग्रहादिभिरेव विचारः, तत्र सङ्ग्रहस्याप्रीतिजातिसामान्यात् क्रोधमानौ द्वेषः, मायालोभौ तु प्रीतिजातिसामान्याद् रागः, व्यवहारस्य तु क्रोधमानमाया द्वेषः, मायाया अपि परोपघातार्थं प्रवृत्तिद्वारेणाप्रीतिजातावन्तर्भावात्, लोभस्तु रागः, ऋजुसूत्रस्य त्वप्रीतिरूपत्वात् क्रोध एव परगुणद्वेषः, मानादयस्तु भाज्याः, कथं ?, यदा मानः स्वाहङ्कारे प्रयुज्यते तदाऽऽत्मनि बहुमानप्रीतियोगाद् रागः, यदा तु स एव परगुणद्वेषे प्रयुज्यते तदाऽप्रीतिरूपत्वाद् द्वेषः, एवं मायालोभावप्यात्मनि**

છે. મરાતા માળીએ કહ્યું– "કાવ્યને બનાવવું હું જાણતો નથી. પરંતુ લોક માટે ઝઘડાનું કારણ એવા આ કોયડાનો ઉત્તર મને એક શ્રમણે આપ્યો છે. ॥૧॥", એટલામાં રાજા સ્વસ્થ થયો અને માળીને મારતા સૈનિકોને અટકાવે છે. તે પૂછે છે–"કોણે આ ઉત્તર આપ્યો ?" માળી કહે છે– "શ્રમણે આપ્યો." રાજા શ્રમણ પાસે પોતાના માણસો મોકલે છે–"જો અનુજ્ઞા આપે તો હું વંદન કરવા આવું. (એમ પૂછવા માટે). રાજા આવ્યો અને શ્રદ્ધાવાન થયો. સાધુ પણ આલોચના કરીને આવેલ પ્રાયશ્ચિતને પૂર્ણ કરી સિદ્ધ થયો. આ પ્રમાણે દ્વેષને દૂર કરતા.....' વગેરે રાગની જેમ જોડી દેવું. (અર્થાત્ દ્વેષ દૂર કરતા અરિહંતો નમસ્કારયોગ્ય છે.)

અહીં રાગ અને દ્વેષને ક્રોધાદિની અપેક્ષાએ નયોવડે વિચારાય છે. તેમાં નૈગમનો સંગ્રહ અને વ્યવહારમાં સમાવેશ થતો હોવાથી સંગ્રહાદિ નયોવડે જ વિચારાય છે. **સંગ્રહનય**ના મતે અપ્રીતિરૂપ જાતિની સમાનતા હોવાથી ક્રોધ અને માન બંને દ્વેષરૂપ છે. તથા માયા અને લોભમાં પ્રીતિરૂપ જાતિની સમાનતા હોવાથી બંને રાગાત્મક છે. **વ્યવહાર**ના મતે ક્રોધ–માન અને માયા એ ત્રણે દ્વેષાત્મક છે કારણ કે બીજાના ઉપઘાત માટેની માયાની પ્રવૃત્તિથી બીજાને અપ્રીતિ ઉત્પન્ન થાય છે. આમ, માયાનો પણ અપ્રીતિમાં જ સમાવેશ થતો હોવાથી એ પણ દ્વેષાત્મક જ છે. જ્યારે લોભ એ રાગાત્મક છે.

**ઋજુસૂત્રનય**ના મતે પરગુણદ્વેષાત્મક ક્રોધ એ જ અપ્રીતિરૂપ હોવાથી દ્વેષાત્મક છે. જ્યારે માનાદિ એ ભાજ્ય છે. કેવી રીતે ? તે કહે છે કે – જ્યારે માન પોતાનો અહં પોષવા માટે હોય ત્યારે પોતાનામાં બહુમાનપ્રીતિ થતી હોવાથી રાગરૂપ છે. પણ તે જ માન જ્યારે બીજાના ગુણો પ્રત્યેના દ્વેષ માટે થાય ત્યારે તે અપ્રીતિરૂપ હોવાથી દ્વેષરૂપ છે. આ જ પ્રમાણે માયા અને લોભ પણ પોતાનામાં મૂર્ચ્છાનું અર્પણ કરતાં હોવાથી રાગરૂપ છે, પરંતુ તે જ બીજાના ઉપઘાતનું કારણ બને તો અપ્રીતિરૂપ હોવાથી દ્વેષાત્મક બને છે.

**१८. कर्त्तुमहं न जाने । लोकस्य कलिकारक एष श्रमणेन मह्यं दत्तः ॥१॥ राजा आश्वस्तो वारयति, केनेति पृष्टं, कथयति-श्रमणेन, राजा तत्र मनुष्यान् विसृजति-यदि अनुजानीत वन्दितुमायामि, आगतः श्राद्धो जातः, साधुरप्यालोचितप्रतिक्रान्तः सिद्धः । ★ पृच्छतीति मुद्रिते ।**

मूर्च्छार्पणाद् रागः, तावेव परोपघातनिमित्तयोगादप्रीतिरूपत्वाद् द्वेषः, शब्दादीनां तु लोभ एव मानमाये स्वगुणोपकारमूर्च्छात्मकत्वात् प्रीत्यन्तर्गतत्वाल्लोभस्वरूपवदतस्त्रितयमपि रागः, स्वगुणोपकारांशरहितास्तु मानाद्यंशाः क्रोधश्च परोपघातात्मकत्वात् द्वेष इत्यलं प्रसङ्गेन, विशेषभावना विशेषावश्यकादवसेयेति ॥द्वारम्॥ अथ कषायद्वारं, शब्दार्थः प्राग्वत्, तेषामष्टधा निक्षेपः, नामस्थापनाद्रव्यसमुत्पत्तिप्रत्ययादेशरसभावलक्षणः, आह च –

*"[११]णामं ठवणा दविए उप्पत्ती पच्चए य आएसे ।*

*रसभावकसायाणं णएहिं छहिं मग्गणा तेसिं ॥१॥"*

तत्र नामस्थापने क्षुण्णे, द्रव्यकषायो व्यतिरिक्तः कर्मद्रव्यकषायो नोकर्मद्रव्यकषायश्च,

---

**શબ્દાદિનયો**ના મતે માન અને માયા એ લોભ જ છે, કારણ કે આ બંને પોતાના ગુણોથી પ્રાપ્ત થતાં ઉપકાર વિશે મૂર્ચ્છાત્મક છે. ([H]આશય એ છે કે જાતિસંપન્નતા વગેરે પોતાના ગુણોથી વ્યક્તિને જે યશ–કીર્તિ વગેરે પ્રાપ્ત થાય છે, તે યશ–કીર્તિ વગેરે સ્વગુણથી પ્રાપ્ત થતાં ઉપકારો છે. આ ઉપકારને વિશે = યશ–કીર્તિમાં મૂર્ચ્છા પામવી એ અહંકાર છે. માટે આ માન એ સ્વગુણઉપકારમૂર્ચ્છારૂપ છે. તથા માયા પણ પોતાના સ્વાર્થની પ્રાપ્તિમાં મૂર્ચ્છિત વ્યક્તિ જ કરતી હોવાથી સ્વગુણની ઉપકારમાં (પ્રાપ્તિમાં) મૂર્ચ્છારૂપ માયા છે.) આમ બંને સ્વગુણોપકારમૂર્ચ્છારૂપ હોવાથી લોભના સ્વરૂપની જેમ માન અને માયાનો પણ પ્રીતિમાં સમાવેશ થાય છે અને માટે માન-માયા અને લોભ ત્રણે રાગાત્મક છે. (અર્થાત્ માન અને માયા મૂર્ચ્છાત્મક હોવાથી લોભ છે અને લોભનો પ્રીતિમાં સમાવેશ થતો હોવાથી ત્રણે રાગાત્મક છે.)

વળી સ્વગુણોપકારરૂપ અંશથી રહિત એવા માનાદિના અંશો અને ક્રોધ એ પરોપઘાતાત્મક હોવાથી દ્વેષરૂપ છે. (આશય એ છે કે પૂર્વે ઋજુસૂત્રના મતમાં જે કહ્યું કે માનાદિ સ્વ અહંકાર માટે પ્રયોજાય ત્યારે રાગાત્મક છે વગેરે. તેની જેમ માનાદિના બે અંશો આ નય કલ્પે છે. તેમાં માનાદિના સ્વગુણોપકારરૂપ અંશ એ રાગાત્મક હોવાથી તે અંશથી રહિત માનાદિ જ્યારે બીજાના ગુણો પ્રત્યે દ્વેષ માટે પ્રયોજાય છે ત્યારે તે માનાદિ પરોપઘાતાત્મક હોવાથી દ્વેષ છે અને ક્રોધ તો સ્પષ્ટરૂપે પરોપઘાતાત્મક હોવાથી દ્વેષાત્મક છે જ.) વધુ ચર્ચાથી સર્યું. વિશેષ ભાવના વિશેષાવશ્યક (ગા. ૨૯૬૯ વગેરે)માંથી અથવા સ્વરચિતબૃહદ્વૃત્તિકામાંથી જાણી લેવી.

હવે કષાયદ્વાર કહે છે. તેનો શબ્દાર્થ પૂર્વની જેમ જાણી લેવો. (અર્થાત્ જેનાથી કષ=સંસારનો આય=લાભ થાય તે કષાય.) તે કષાયોનો આઠ પ્રકારે નિક્ષેપ છે. તે આ પ્રમાણે – નામ, સ્થાપના, દ્રવ્ય, સમુત્પત્તિ, પ્રત્યય, આદેશ, રસ અને ભાવ. કહ્યું છે – "નામ, સ્થાપના, દ્રવ્ય, ઉત્પત્તિ, પ્રત્યય, આદેશ, રસ અને ભાવકષાયોની છ નયોવડે વિચારણા કરવી. ॥૧॥" (વિ.આ.ભા.ગા. ૨૯૮૦)

તેમાં (૧-૨) **નામકષાય** અને **સ્થાપનાકષાય** સુગમ જ છે.

(૩) જ્ઞશરીર અને ભવ્યશરીરથી વ્યતિરિક્ત એવા **દ્રવ્યકષાય** તરીકે કર્મદ્રવ્યકષાય-અને

---

११. नामस्थापनाद्रव्ये उत्पत्तौ प्रत्यय आदेशे च । रसभावकषायाणां नयैः षड्भिर्मार्गणा तेषाम् ॥१॥

कर्मद्रव्यकषायो योग्यादिभेदाः कषायपुद्गलाः, नोकर्मद्रव्यकषायस्तु सर्जकषायादिः, उत्पत्तिकषायो यस्माद् द्रव्यादेर्बाह्यात् कषायप्रभवस्तदेव कषायनिमित्तत्वाद् उत्पत्तिकषाय इति, उक्तं च—

*"किं[20] एत्तो कट्ठयरं जं मूढो खाणुगंमि अप्फिडिओ ।*
*खाणुस्स तस्स रूसइ ण अप्पणो दुप्पओगस्स ॥१॥"*

प्रत्ययकषायः खल्वान्तरकारणविशेषः तत्पुद्गललक्षणः, आदेशकषायः कैतवकृतभृकुटिभङ्गुराकारः, तस्य हि कषायमन्तरेणापि तथादेशदर्शनात्, रसकषायो हरीतक्यादीनां रसः, भावकषायो द्विविधः—आगमतस्तदुपयुक्तो नोआगमतस्तदुदय एव, स च क्रोधादिभेदाच्चतुर्विधः, क्रोधोऽपि नामादिभेदाच्चतुर्विधः कषायप्ररूपणायां भावित एव, तथापि व्यतिरिक्तो द्रव्यक्रोधः

નોકર્મદ્રવ્યકષાય. તેમાં કર્મદ્રવ્યકષાય તરીકે યોગ્યાદિભેદોવાળા કષાયના પુદ્ગલો જાણવા. તથા નોકર્મદ્રવ્યકષાય તરીકે સર્જકષાયાદિ, (સર્જ એ વનસ્પતિવિશેષ છે. તેનો સ્વાદ કષાય=તુરો હોવાથી તે કષાય કહેવાય છે. આદિ શબ્દથી હરિતકી વગેરે જાણવા. આ હરિતકી વગેરેનું દૃષ્ટાન્ત વિ.આ.ભા.માં છે.)

(૪) જે બાહ્ય દ્રવ્યોથી કષાય ઉત્પન્ન થતો હોય તે દ્રવ્ય જ કષાયનું કારણ હોવાથી **ઉત્પત્તિકષાય** કહેવાય છે. કહ્યું છે – "સ્થાણુ સાથે અફડાયેલો મૂઢ જીવ તે સ્થાણુ ઉપર રોષ કરે છે પણ પોતાના દુષ્પ્રયોગ ઉપર રોષ કરતો નથી, આનાથી વધારે કષ્ટતર શું છે ? ॥૧॥"

(૫) **પ્રત્યયકષાય** તરીકે કષાયનું પુદ્ગલરૂપ આંતરિકકારણવિશેષ જાણવું. (અહીં પ્રત્યયકષાય તરીકે કર્મ પુદ્ગલો લેવાનું કહ્યું એટલે પ્રશ્ન એ થાય કે પૂર્વે કર્મદ્રવ્યકષાય તરીકે પણ કર્મપુદ્ગલો જ લેવાના કહ્યા. તો આ બેમાં તફાવત શું ? વિચારતા એવું લાગે છે કે કર્મદ્રવ્યકષાય તરીકે જે પુદ્ગલો કહ્યા તે હજુ ઉદયમાં આવેલા નથી. એટલે તે અનુદિત પુદ્ગલો છે જ્યારે અહીં પ્રત્યયકષાય તરીકે જે પુદ્ગલો લેવાના છે તે ઉદય પામેલા પુદ્ગલો જાણવા કારણ કે તે કષાયનું કારણ બને છે. જો કે વિ.આ. ભાષ્યમાં પ્રત્યયકષાય તરીકે કષાયના આંતરિક કારણ એવા અવિરતિ વગેરે કહ્યા છે.)

(૬) **આદેશકષાય** તરીકે (આંતરિક કષાય વિના જ બહારથી) કૃત્રિમ અથવા કપટવડે કરાયેલ ભ્રકૂટિઓનો ભંગાદિ આકાર જાણવો, કારણ કે આંતરિક કષાય વિના પણ વ્યક્તિનો આવો આકાર જોઈ લોકો 'આ ક્રોધ કરે છે' એવો વ્યપદેશ કરતા દેખાય છે. (અહીં '**तस्य**' શબ્દથી આકાર અર્થ જાણવો તેથી પંક્તિનો અર્થ આ પ્રમાણે કે – આકારનો કષાયવિના પણ કષાયરૂપે આદેશ = વ્યપદેશ થતો દેખાય છે. ભાવાર્થ ઉપર પ્રમાણે.)

(૭) હરીતકી વગેરેનો રસ એ કષાય = તુરો હોવાથી તે રસ **રસકષાય** કહેવાય છે.

(૮) **ભાવકષાય** બે પ્રકારે છે – આગમથી=કષાયપદના અર્થમાં ઉપયુક્ત જીવ અને નોઆગમથી = કષાય મોહનીયનો ઉદય જ ભાવકષાય છે. આ ભાવકષાય ક્રોધાદિભેદથી ચાર પ્રકારે છે. તેમાં ક્રોધ પણ નામ—સ્થાપનાદિ ભેદથી ચાર પ્રકારનો છે. જો કે કષાયની પ્રરૂપણામાં

२०. किमेतस्मात्कष्टतरं यन्मूढः स्थाणावास्फालितः । स्थाणवे तस्मै रुष्यति नात्मनो दुष्प्रयोगाय ॥१॥

**प्राकृतशब्दसामान्यापेक्षत्वात् चर्मकारकोत्थः रजकनीलिकोत्थश्च क्रोध इति गृह्यते, भावक्रोधस्तु क्रोधोदय एव, स च चतुर्भेदः, यथोक्तं भाष्यकृता–**"[२१]*जलरेणुभूमिपव्वयराईसरिसो चउव्विहो कोहो*" **प्रभेदफलमुत्तरत्र वक्ष्यामः । तत्थ कोहे उदाहरणं–**[२२]**वसंतपुरे णयरे उच्छन्नवंसो एगो दारगो देसंतरं संकममाणो सत्थेण उज्झिओ तावसपल्लिं गओ, तस्स नामं अग्गिओत्ति, तावसेण संवड्डिओ, जम्मो नामं सो तावसो, जमस्स पुत्तोति जमदग्गिओ जाओ, सो घोरं तवच्चरणं करेइ, विक्खाओ जाओ। इओ य दो देवा वेसाणरो सड्डो धन्नंतरी तावसभत्तो, ते दोवि परोप्परं पन्नवेंति, भणंति य–साहुतावसे परिक्खामो, आह सड्डो–जो अम्हं सव्वअंतिगओ तुब्भ य सव्वप्पहाणो ते परिक्खामो । इओ य मिहिलाए णयरीए तरुणधम्मो पउमरहो राया, सो चंपं वच्चइ**

તે વિચારાઈ ગયો છે. (કારણ કે ક્રોધનો કષાયમાં અંતર્ભાવ થઈ જાય છે.) છતાં જ્ઞશરીર–ભવ્યશરીરથી વ્યતિરિક્ત એવા દ્રવ્યક્રોધ તરીકે, ક્રોધ શબ્દ પ્રાકૃતશબ્દસામાન્યની અપેક્ષાવાળો હોવાથી (અર્થાત્ પ્રાકૃતભાષામાં ક્રોધ શબ્દને મળતા જેટલા શબ્દો છે તે અહીં સમજવાના હોવાથી) ચમારનો કોથળો, ધોબીનો ગળીનો કોથળો તદ્‌-વ્યતિરિક્ત દ્રવ્યક્રોધ તરીકે જાણવા.

ભાવક્રોધ એટલે ક્રોધનો ઉદય જ, અને તે ચાર પ્રકારે છે. ભાષ્યકારે કહ્યું છે – "જળ-રેણુ-ભૂમિ અને પર્વતની રેખા સમાન ચાર પ્રકારનો ક્રોધ છે." આ ક્રોધના પેટાભેદો અને ફળો અમે આગળ કહીશું. ક્રોધનું ઉદાહરણ આ પ્રમાણે છે –

## ❊ ક્રોધ ઉપર જમદગ્નિકનું દૃષ્ટાન્ત ❊

વસંતપુર નગરમાં જેના વંશનો નાશ થયો છે એવો એક બાળક દેશાંતરમાં જતા સાર્થથી છૂટો પડેલો તાપસોની પલ્લિમાં પહોંચ્યો. તેનું નામ **અગ્નિક** હતું. તાપસ પાસે તે મોટો થયો. તે તાપસનું નામ **જમ** હતું. આ બાળક જમનો પુત્ર હોવાથી તેનું **જમદગ્નિક** નામ પડ્યું. તે ઘોર તપનું આચરણ કરે છે. ચારે બાજુ વિખ્યાત થયો.

આ બાજુ બે દેવો હતા, એક વૈશ્વાનર જે શ્રદ્ધાવાન હતો (અર્થાત્ જિનધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળો હતો) અને બીજો ધનવંતરી કે જે તાપસનો ભક્ત હતો. તે બંને એકબીજાને સમજાવે છે અને કહે છે કે – આપણે સાધુ અને તાપસની પરીક્ષા કરીએ. ત્યારે શ્રાદ્ધદેવ બોલ્યો કે – "જે અમારામાં સર્વાન્તિક છે (અર્થાત્ જે સૌથી ઓછો વિનીત છે) તે અને તમારા તાપસોમાં જે સર્વપ્રધાન હોય તેની આપણે પરીક્ષા કરીએ."

આ બાજુ મિથિલા નગરીમાં નવો–નવો ધર્મ પામેલો પદ્મરથ નામે રાજા હતો. એકવાર

२१. जलरेणुभूमिपर्वतराजीसदृशश्चतुर्विधः क्रोधः । २२. तत्र क्रोधे उदाहरणम्–वसन्तपुरे नगरे उत्सन्नवंश एको दारको देशान्तरं संक्रामन् सार्थेनोज्झितस्तापसपल्लीं गतः, तस्य नामाग्निक इति, तापसेन संवर्धितः, यमो नाम स तापसः, यमस्य पुत्र इति जामदग्न्यो जातः,स घोरं तपश्चरणं करोति, विख्यातो जातः । इतश्च द्वौ देवौ–वैश्वानरः श्राद्धो धन्वन्तरी (च) तापसभक्तः, तौ द्वावपि परस्परं प्रज्ञापयतः, भणतश्च–साधुतापसौ परीक्षावहे, आह श्राद्धः-योऽस्माकं सर्वान्तिको युष्माकं च सर्वप्रधानस्तौ परीक्षावहे। इतश्च मिथिलायां नगर्यां तरुणधर्मा पद्मरथो राजा, स चम्पां व्रजति

[23]वसुपुज्जसामिस्स मूले★ पव्वयामित्ति, तेहिं सो परिक्खिज्जइ भत्तेणं पाणेण य, पंथे य विसमे सो सुकुमालओ दुक्खाविज्जइ, अणुलोमे य से उवसग्गे करिंति, सो धणियतरागं थिरो जाओ, सो तेहिं न खोभिओ, अन्ने भणंति–*सावओ भत्तपच्चक्खाइओ, ते सिद्धपुत्तरूवेणं गया, अइसए साहिंति, भणंति य-मा इमं करेहि जहा चिरं जीवियव्वं, सो भणइ–बहुओ मे धम्मो होहीति, न सक्को खोभेउं । गया जमदग्गिस्स मूलं, सउणरूवाणि कयाणि, कुच्चे से घरओ कओ, सउणओ भणइ–भद्दे ! जामि हिमवंतं, सा न देइ मा ण एहिसित्ति, सो सवहे करेइ–गोघायकाइ जहा एमित्ति, सा भणइ–न एएहिं पत्तियामित्ति, जइ एयस्स रिसिस्स दुक्कियं पियसित्ति तो ते विसज्जेमि, सो रुट्ठो,

તે 'વાસુપૂજ્યસ્વામી ([H]અર્થાત્ વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમા) પાસે હું દીક્ષા લઉં' એવા વિચારથી ચંપાનગરી તરફ પ્રયાણ કરે છે. (તે દિવસે કો'ક કારણથી રાજાને ઉપવાસ હતો. તેથી) તે દેવો (તેના પચ્ચક્ખાણનો ભંગ કરવા) ભક્ત–પાનવડે રાજાની પરીક્ષા કરે છે. વિષમ એવા માર્ગમાં સુકુમાર એવા તે રાજાને ઘણું કષ્ટ આપે છે અને અનુકૂળ એવા ઉપસર્ગો પણ રાજાને કરે છે. પરંતુ તે વધુ ધર્મમાં સ્થિર થયો. તે દેવો રાજાને ચલિત ન કરી શક્યા. અહીં કેટલાક આચાર્યો અન્ય રીતે કહે છે કે – 'એક શ્રાવકે અનશન કર્યું. (તેને અનશનથી ચલિત કરવા) બંને દેવો સિદ્ધપુત્રનું રૂપ (મુંડ; सशिखाकः सभार्यको गृहस्थविशेषः सिद्धपुत्रः અર્થાત્ શિખા સિવાયનું મુંડન કરનાર, પત્નીવાળો ગૃહસ્થવિશેષ સિદ્ધપુત્ર કહેવાય છે.) કરીને આવ્યા. અનશન કરવાને બદલે આલોકના માનુષ્ય સુખોને ભોગવવારૂપ ફાયદોઓ કહે છે અને શ્રાવકને સમજાવે છે કે – "આ અનશન તું કર નહીં પણ લાંબુ જીવ." શ્રાવક કહે છે – "આનાથી મને ઘણો ધર્મ થશે." ઘણું સમજાવવા છતાં તે દેવો શ્રાવકને ચલિત કરી શકતા નથી. (આ રીતે બંને દેવોએ જૈનધર્મના અનુયાયીની પરીક્ષા કરી અને ત્યાર પછી તાપસોની પરીક્ષા કરવા) બંને દેવો જમદગ્નિ પાસે ગયા.

બંને દેવો પક્ષીનું રૂપ કરે છે અને જમદગ્નિની દાઢીમાં પોતાનો માળો બાંધે છે. પક્ષીએ પંક્ષિણીને કહ્યું કે, "હે ભદ્રા ! જો તું રજા આપે તો હું હિમવંત પર્વત ઉપર જાઉં." "તે પાછો નહિ આવે" એમ વિચારી પક્ષિણી રજા આપતી નથી. ત્યારે પક્ષી સોગંદ આપે છે કે –"હું આવીશ જ અન્યથા ગાયને મારનારા જેટલું પાપ મને લાગો (વગેરે સોગંદ ખાધા.)" પક્ષિણી કહે છે– "આવા સોગંદનો મને વિશ્વાસ નથી. પરંતુ જો તું ન આવે તો આ ઋષિના પાપો તને લાગે,

२३. वासुपूज्यस्वामिनो मूले प्रव्रजामीति, ताभ्यां स परीक्ष्यते भक्तेन पानेन , पथि च विषमे स सुकुमारो दुःख्यते, अनुलोमांश्च तस्योपसर्गान् कुरुतः, स बाढं स्थिरो जातः, स ताभ्यां न क्षोभितः, अन्ये भणन्ति-श्रावको भक्तप्रत्याख्यायकः, तौ सिद्धपुत्ररूपेण गतौ, अतिशयान् कथयतः, भणतश्च–मा इमं कार्षीः यथा चिरं जीवितव्यं, स भणति–बहुर्मे धर्मो भविष्यति, न शक्यः( क्तः ) क्षोभयितुं । गतौ जमदग्नेर्मूलं, शकुनरूपे कृते, कूर्चे तस्य गृहं कृतं, शकुनको भणति-भद्रे ! यामि हिमवन्तं, सा न ददाति मा न गा इति, स शपथान् करोति-गोघातकादीन् यथैष्यामीति, सा भणति नैतैः प्रत्येमि इति, यद्येतस्य ऋषेर्दुष्कृतं पिबसीति तदा त्वां विसृजामि, स रूष्टः ★ पामूलमिति मुद्रिते । * नेदं वाक्यं प्रत्यन्तरे ।

[२४] तेणं दोवि दोहिंवि हत्थेहिं गहियाणि, पुच्छियाणि भणंति–महरिसि ! अणवच्चोसित्ति, सो भणइ-सच्चयं, खोभिओ, एवं सो सावगो जाओ देवो । इमोऽवि ताओ आयावणाउ ओत्तिन्नो मिगकोट्ठगं णयरं जाइ, तत्थ जियसत्तू राया, सो उट्ठिओ-किं देमि ?, धूयं देहित्ति, तस्स धूयासयं, जा तुमं इच्छइ सा तुज्झत्ति, कन्नंतेउरं गओ, ताहिं दट्ठूण निच्छूढं, न लज्जिसित्ति भणिओ, ताओ खुज्जीकयाओ, तत्थेगा रेणुएणं रमइ तस्स धूया, तीए णेणं फलं पणामियं, इच्छिसित्ति य भणिया, तीए हत्थो पसारिओ, निज्जंतीए उवट्ठियाओ खुज्जाओ, सालियरूवए देहि, ताओ अखुज्जाओ कयाओ, कन्नकुज्जं नयरं संवुत्तं, इयरीवि णीया आसमं, सगोमाहिसो परियणो दिन्नो, संवड्ढिया, जोव्वणपत्ता

એવું સ્વીકારે તો તને જવાની રજા આપું." (પક્ષી–પક્ષિણીની આ વાત સાંભળતા પોતે ગોઘાતકાદિ કરતાં પણ વધુ પાપી છે એમ સાંભળી) જમદગ્નિ ગુસ્સે થયો. તેણે પોતાના બંને હાથોથી બંને પક્ષીઓને પકડ્યા અને પોતાના પાપી હોવાનું કારણ પૂછ્યું. ત્યારે પક્ષીઓએ કહ્યું–"હે મહર્ષિ! તું પુત્ર વિનાનો છે. (અને પુત્ર વિનાનાની ગતિ નથી માટે તું વધુ પાપી છે.) જમદગ્નિ કહે છે – "ખરેખર ! આ વાત તો સત્ય છે." જમદગ્નિ ચલિત થયો (અર્થાત્ સ્ત્રી સાથે વિવાહ કરી પુત્ર પ્રાપ્તિની ઇચ્છા થઈ.) આ જોઈને તાપસભક્ત તે દેવ શ્રાવક = જૈનધર્મમાં શ્રદ્ધાવાળો થયો.

આ બાજુ જમદગ્નિ આતાપના પૂર્ણ કરીને મૃગકોષ્ઠક નગરમાં ગયો. ત્યાં જિતશત્રુ રાજા હતો. જમદગ્નિને જોઈને તે ઉભો થયો અને પૂછ્યું – "હું આપને શું આપું ?", તારી દીકરી આપ" એમ જમદગ્નિએ કહ્યું. રાજાને એકસો દીકરીઓ હતી. રાજાએ કહ્યું – "જે તમને ઇચ્છે, તે તમારી." તે કન્યાના અંતઃપુરમાં ગયો. તેને જોઈને બધી કન્યાઓ તેની ઉપર થૂંકી અને કહ્યું – "અહીં આવતા તને શરમ નથી આવતી." જમદગ્નિએ ગુસ્સે થઈ બધી કન્યાઓને કુબ્જા બનાવી. રાજાની એક કન્યા ત્યાં ધૂળમાં રમે છે. જમદગ્નિએ આ કન્યાને એક ફળ આપતા પૂછ્યું કે – "લે, આ ફળ જોઈએ છે ?" કન્યાએ ફળ લેવા હાથ લંબાવ્યો. તેનો હાથ પકડી જમદગ્નિ તેને લઈ જવા લાગ્યો ત્યારે તે સર્વ કુબ્જ કન્યાઓ ત્યાં આવી અને કહ્યું – "અમને સુંદર રૂપ આપો." સર્વને અકુબ્જ (સુરૂપ) બનાવી. આ કારણે ત્યાં કન્યાકુબ્જ નગર થયું. જમદગ્નિ આ કન્યાને આશ્રમમાં લઈ ગયો અને તેણીને ગાય, ભેંસ સહિત પરિવાર સોંપ્યો. ત્યાં તે મોટી થઈ.

२४. तेन द्वावपि द्वाभ्यामपि हस्ताभ्यां गृहीतौ, पृष्टौ भणतः-महर्षे ! अनपत्योऽसीति, स भणति-सत्यं, क्षोभितः, एवं स श्रावको जातो देवः । अयमपि तस्या आतापनाया अवतीर्णो मृगकोष्ठकं नगरं याति, तत्र जितशत्रू राजा, स उत्थितः-किं ददामि ?, दुहितरं देहीति, तस्य दुहितृशतं, या त्वामिच्छति सा तवेति, कन्यान्तःपुरं गतः, ताभिर्दृष्ट्वा निष्ठ्यूतं, न लज्जसीति भणितः, ताः कुब्जीकृताः, तत्रैका रेणौ रमते तस्य दुहिता, तस्यै अनेन फलं दत्तम्, इच्छसीति च भणिता, तया हस्तः प्रसारितः, नीयमानायामुपस्थिताः कुब्जाः, श्यालीनां रूपं देहि, ता अकुब्जाः कृताः, कन्यकुब्जं नगरं संवृत्तं, इतराऽपि नीता आश्रमं, सगोमाहिषः परिजनो दत्तः, संवर्धिता, यौवनप्राप्ता

[२५]जाहे जाया ताहे वीवाहधम्मो जाओ, अण्णया उदुंमि जमदग्गिणा भणिया—अहं ते चरुगं साहेमि जेणं ते पुत्तो बंभणस्स पहाणो होहिति, तीए भणियं—एवं कज्जउत्ति, मज्झ य भगिणी हत्थिणापुरे अणंतवीरियस्स भज्जा, तीसेऽवि साहेहि खत्तियचरुगंति, तेण साहिओ, सा चिंतेइ—अहं ताव अडविमिगी जाया, मा मम पुत्तोवि एवं नासउत्ति तीए खत्तियचरू जिमिओ, इयरीए इयरो पेसिओ, दोण्हवि पुत्ता जाया, तावसीए रामो, इयरीए कत्तवीरिओ, सो रामो तत्थ संवड्ढइ । अन्नया एगो विज्जाहरो तत्थ समोसढो, तत्थ एसो पडिल[भ]ग्गो, तेण सो पडिचरिओ, तेण से परसुविज्जा दिण्णा, सरवणे साहिया, अण्णे भणंति—जमदग्गिस्स परंपरागयत्ति परसुविज्जा सा रामो पाढिओत्ति । सा रेणुगा भगिणीघरं गता, तेण रण्णा समं संपलग्गा, तेण से पुत्तो जाओ, सपुत्ता जमदग्गिणा आणिया, रुट्ठो, सा रामेण सपुत्तिया मारिया, सो य किर

જ્યારે યુવાનીને તે પામી ત્યારે જમદગ્નિએ તેણીની સાથે વિવાહધર્મ કર્યો. એકવાર ઋતુસમયમાં જમદગ્નિએ તેણીને કહ્યું – "હું તારા માટે એવી ગુટિકા તૈયાર કરું કે જેનાથી તને બ્રાહ્મણોમાં પ્રધાન બને એવો પુત્ર થશે." તેણીએ કહ્યું – "ભલે, એમ થાઓ, પણ મારી એક બહેન હસ્તિનાપુરમાં અનંતવીર્યની પત્ની છે તેની માટે પણ ક્ષત્રિયગુટિકા તૈયાર કરો." તેણે ગુટિકાઓ તૈયાર કરી. તાપસપત્ની વિચારે છે –"હું તો જંગલની હરણી થઈ, (અર્થાત્ જમદગ્નિની પત્ની બનીને કાયમ માટે જંગલમાં જ રહેનારી બની છું), પરંતુ મારો પુત્ર પણ આ રીતે નાશ ન પામો" એમ વિચારી તેણીએ ક્ષત્રિયગુટિકા પોતે ખાધી અને બહેનને બ્રાહ્મણગુટિકા મોકલી.

બંનેને પુત્રો થયા. તાપસીનો પુત્ર રામ થયો અને બીજીનો કૃતવીર્ય થયો. તે રામ આશ્રમમાં મોટો થાય છે. એકવાર એક વિદ્યાધર આશ્રમમાં આવ્યો. ત્યાં તે ગ્લાન થયો. તેથી રામે તેની સેવા કરી. ખુશ થઈને તે વિદ્યાધરે રામને પરશુવિદ્યા આપી. શરવન નામના ઉદ્યાનમાં રામે તે વિદ્યા સિદ્ધ કરી. કેટલાકો કહે છે કે – જમદગ્નિને પરશુવિદ્યા પરંપરામાં આવેલી હતી. તેમણે આ વિદ્યા રામને ભણાવી. એકવાર રામની માતા રેણુકા બહેનના ઘરે ગઈ. ત્યાં તેણીએ અનંતવીર્ય રાજા સાથે અકાર્ય કર્યું. જેથી ત્યાં તેણીને પુત્ર ઉત્પન્ન થયો. જમદગ્નિ પુત્રસહિત પોતાની પત્ની

२५. यदा जाता, तदा वीवाहधर्मो जातः, अन्यदा ऋतौ यामदग्न्येन भणिता-अहं तव चरुं साधयामि येन तव पुत्रो ब्राह्मणानां प्रधानो भवतीति, तया भणितम्-एवं क्रियतामिति, मम च भगिनी हस्तिनागपुरेऽनन्तवीर्यस्य भार्या, तस्या अपि साधय क्षत्रियचरुमिति, तेन साधितः, सा चिन्तयति-अहं तावदटवीमृगी जाता, मा मम पुत्रोऽपि एवं नीनेशत् इति तया क्षत्रियचरुर्जिमितः, इतरस्यायपि इतरः प्रेषितः, द्वयोरपि पुत्रौ जातौ, तापस्या रामः, इतरस्याः कार्त्तवीर्यः, स रामस्तत्र संवर्द्धते । अन्यदा एको विद्याधरस्तत्र समवसृतः, तत्रैष प्रतिल[भ]ग्नः, तेन स प्रतिचरितः, तेन तस्मै पर्शुविद्या दत्ता, शरवणे साधिता, अन्ये भणन्ति-यामदग्न्यस्य परम्परागतेति पर्शुविद्या तां रामः पाठित इति । सा रेणुका भगिनीगृहं गता तेन राज्ञा समं संप्रलग्ना, तेन तस्याः पुत्रो जातः, सपुत्रा जामदग्न्येनानीता, रुष्टः, सा रामेण सपुत्रा मारिता, स च किल

**[२६]तत्थेव इसुसत्थं सिक्खिओ, तीसे भगिणीए सुयं, रण्णो कहियं, सो आगओ आसमं विणासित्ता गावीतो घेत्तूणं पहावितो, रामस्स कहियं, तेण पहाविऊण परसुणा मारिओ, कत्तविरिओ य राया जाओ, तस्स देवी तारा । अन्नया से पिउमरणं कहियं, तेण आगएणं जमदग्गी मारिओ, रामस्स कहियं, तेणागएणं जलंतेणं परसुणा कत्तविरिओ मारिओ, सयं चेव रज्जं पडिवन्नं । इओ य सा तारा देवी तेण संभमेण पलायंती तावसासमं गया, पडिओ से मुहेणं गब्भो, नामं कयं सुभूमो, रामस्स परसू जहि २ खत्तियं पेच्छइ तहिं तहिं जलइ, अन्नया तावसासमस्स पासेणं वीईवयइ, परसू पज्जलिओ, तावसा भणंति–अम्हेच्चिय खत्तिया, तेण रामेण सत्तवारा निक्खत्ता पुहवी कया, हणूणं थालं भरियं, एवं किर रामेणं कोहेणं खत्तिया वहिया ॥ एवंविधं क्रोधं नामयन्त इत्यादि पूर्ववत् । मानोऽपि नामादिश्चतुर्विध एव, कर्मद्रव्यमानस्तथैव नोकर्मद्रव्यमानस्तु स्तब्धद्रव्यलक्षणः,**

પાછી લાવ્યો. આ જોઈ રામ ગુસ્સે થયો અને તેણે પુત્ર સહિત માતાને મારી નાંખી. રામ ત્યાં જ ધનુ:શાસ્ત્ર શીખ્યો. રેણુકાની બહેને રેણુકાના મૃત્યુની વાત સાંભળી. તેણીએ રાજાને વાત કરી. તેથી રાજા ત્યાં આવી આશ્રમનો વિનાશ કરીને ગાયોને લઈ જતો રહ્યો. આ વાત રામને કરવામાં આવી. તેથી તેણે આવીને પરશુવડે અનંતવીર્ય રાજાને માર્યો. તેના સ્થાને કૃતવીર્ય રાજા થયો. તેની પત્નીનું નામ તારા હતું.

એકવાર (માતાએ) કૃતવીર્યને પિતાના મરણની વાત કરી. તેથી તેણે આવીને જમદગ્નિને મારી નાંખ્યો. જમદગ્નિના મૃત્યુની વાત રામને કહી. તેથી તેણે આવીને ભડભડ બળતા એવા પરશુવડે (કુહાડીવડે) કૃતવીર્યને માર્યો અને સ્વયં રાજ્ય સ્વીકાર્યું. બીજી બાજુ તે તારા દેવી ભયને કારણે ભાગતી તાપસાશ્રમમાં આવી અને તેના મુખમાંથી ગર્ભ બહાર પડ્યો. તેનું 'સુભૂમ' નામ પાડ્યું. રામનું પરશુશસ્ત્ર જ્યાં જ્યાં ક્ષત્રિય જુએ ત્યાં ત્યાં બળવા લાગતું.

એકવાર રામ તાપસાશ્રમ પાસેથી પસાર થાય છે. તે સમયે પરશુ બળવા લાગે છે. તાપસો કહે છે – અમે જ ક્ષત્રિયો છીએ. (તાપસ હોવાને કારણે તેઓને છોડી મૂક્યાં. પરંતુ તે સિવાયના ક્ષત્રિયોને મારવા દ્વારા) રામે સાતવાર પૃથ્વી ક્ષત્રિય વિનાની કરી. રામે ક્ષત્રિયોને મારી–મારીને તેઓની દાઢાઓ ભેગી કરી થાળ ભર્યો. આ પ્રમાણે રામે ક્રોધમાં આવીને ક્ષત્રિયોને માર્યા. આવા પ્રકારના ક્રોધને દૂર કરતાં એવા અરિહંતો નમસ્કારને યોગ્ય છે.

માન પણ નામાદિ ચાર પ્રકારનો જ છે. તેમાં કર્મદ્રવ્યમાન તરીકે માનકષાયના કર્મપુદ્ગલો

---

२६. तत्रैवेषुशस्त्रं शिक्षितः, तस्या भगिन्या श्रुतं, राज्ञे कथितं, स आगत आश्रमं विनाश्य गा गृहीत्वा प्रधावितः, रामाय कथितं, तेन प्रधाव्य पर्श्वा मारितः, कार्त्तवीर्यश्च राजा जातः, तस्य देवी तारा । अन्यदा तस्य पितृमरणं कथितं, तेनागतेन जमदग्निर्मारितः, रामाय कथितं, तेनागतेन ज्वलन्त्या पर्श्वा कार्त्तवीर्यो मारितः, स्वयमेव राज्यं प्रतिपन्नम् । इतश्च सा तारादेवी तेन संभ्रमेण पलायमाना तापसाश्रमं गता, पतितश्च तस्याः स्वमुखेन गर्भः, नाम कृतं सुभूमः, रामस्य पर्शुः यत्र २ क्षत्रियं पश्यति तत्र तत्र ज्वलति, अन्यदा तापसाश्रमस्य पार्श्वेन व्यतिव्रजति, पर्शूर्ज्वलिता, तापसा भणन्ति-वयमेव क्षत्रियाः, तेन रामेण सप्त वारा निःक्षत्रिया पृथ्वी कृता, हनुभिः स्थालं भृतं, एवं किल रामेण क्रोधेन क्षत्रिया हताः ।

भावमानस्तु तद्विपाकः, स च चतुर्धा, यथाऽऽह–'*[૨૭]तिणिसलयाकट्ठट्ठियसेलत्थंभोवमो माणो*'त्ति, अत्रोदाहरणं–[૨૮]सो सुभूमो तत्थ संवड्ढइ विज्जाहरपरिग्गहिओ, अन्नया परिखिज्जइ विसाईहिं, इओ य रामो नेमित्तं पुच्छइ-कओ मम विणासोत्ति ?, भणियं-जो एयंमि सीहासणे निवेसिहिति एयाउ दाढाओ पायसीभूयाओ खाहिति तओ भयं, तो तेणं अवारियं भत्तं कयं, तत्थ सीहासणं धुरे ठवियं, दाढाओ से अग्गओ कयाओ । इत्तो य मेहणाओ विज्जाहरो सो पउमसिरिए धूयाए नेमित्तियं पुच्छइ-कस्सेसा दायव्वा ?, सो सुभोमं साहइ, तप्पभिइओ मेहनाओ सुभोमं ओलग्गइ, एवं वच्चइ कालो। इओ य सुभूमो मायरं पुच्छइ–किं एत्तिगो लोगो ? अन्नोवि अत्थि ?, तीए सव्वं कहियं,

જાણવા તથા નોકર્મદ્રવ્યમાન તરીકે જેને વાળી ન શકાય એવા કડક દ્રવ્યો જાણવા. ભાવમાન તરીકે તે કર્મોનો ઉદય અને તે ઉદય ચાર પ્રકારે છે. કહ્યું છે – 'તિનિશલતા (વૃક્ષવિશેષની લતા), લાકડું, હાડકા અને પથ્થરના થાંભલાની ઉપમાવાળો માન જાણવો. (અર્થાત્ ક્રમશઃ આ દ્રવ્યો જેમ કડક છે તેમ માન પણ ક્રમશઃ ચાર પ્રકારનો છે.) અહીં ઉદાહરણ આ પ્રમાણે જાણવું – (પૂર્વે ક્રોધના ઉદાહરમાં છેલ્લે જોયું કે કૃતવીર્યની પત્ની તારા તાપસાશ્રમમાં ગઈ. ત્યાં તેના મુખમાંથી ગર્ભ પડ્યો. જેનું નામ સુભૂમ પાડ્યું.)

## ❋ માન ઉપર સુભૂમચક્રવર્તિનું દૃષ્ટાન્ત ❋

તે સુભૂમ તે જ આશ્રમમાં વિદ્યાધરોથી પરિગૃહીત થયેલો મોટો થાય છે. (તે વિદ્યાધરોમાં એક મેઘનાદ નામે વિદ્યાધર હતો. સુભૂમ ચક્રવર્તી થવાનો છે, માટે તે મેઘનાદ પોતાની પદ્મશ્રી નામની દીકરીને આપવા માટે) એકવાર સુભૂમની વિષાદિના પ્રયોગવડે પરીક્ષા કરે છે. બીજી બાજુ રામ એક નૈમિત્તિકને પૂછે છે કે – "મારો વિનાશ કોનાથી થશે ?" તેણે કહ્યું–"જે આ સિંહાસન ઉપર બેસશે, તથા આ દાઢાઓ કે જે ખીરરૂપે થઈ જશે અને તેને જે ખાશે, તેનાથી તને ભય છે." તેણે ભક્ત અવારિત કર્યું. (અર્થાત્ મને મારનારો કોણ છે ? તે જાણવા માટે તેણે દાનશાળા ખોલી અને બધાને છૂટથી જમણ આપવાનું ચાલુ કર્યું.) ત્યાં સૌથી આગળ સિંહાસન સ્થાપ્યું અને તેની આગળ દાઢાઓ મૂકી.

બીજી બાજુ મેઘનાદ વિદ્યાધર પોતાની દીકરી પદ્મશ્રી માટે નૈમિત્તિકને પૂછે છે કે – "આ મારી દીકર કોને આપવી ?" નૈમિત્તિક સુભૂમનું નામ કહે છે. ત્યારથી મેઘનાદ સુભૂમની જ સેવા કરે છે. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થાય છે. આ બાજુ સુભૂમ માતાને પૂછે છે કે

૨૭. तिनिशलताकाष्ठास्थिशैलस्तम्भोपमो मानः ।

૨૮. स सुभूमस्तत्र संवर्धते विद्याधरपरिगृहीतः, अन्यदा परीक्ष्यते विषादिभिः, इतश्च रामो नैमित्तिकं पृच्छति-कुतो मम विनाश इति, भणितं-य एतस्मिन्सिंहासने निवेक्ष्यति एता दंष्ट्राः पायसीभूताः खादिष्यति ततो भयं, ततस्तेनावारितं भक्तं कृतं, तत्र सिंहासनं धुरि स्थापितं, दंष्ट्राश्च तस्याग्रतः कृताः । इतश्च मेघनादो विद्याधरः स पद्मश्रिया दुहितुर्नैमित्तिकं पृच्छति-कस्मै एषा दातव्या ?, स सुभूमं कथयति, तत्प्रभृति मेघनादः सुभूममवलगति, एवं व्रजति कालः । इतश्च सुभूमो मातरं पृच्छति-किमियान् लोकः ? अन्योऽप्यस्ति ?, तया सर्वं कथितं,

**[29]तो मा णीहि मा मारिज्जिहिसित्ति, सो तं सोऊणमभिमाणेण हत्थिणाउरं गओ तं सभं, सीहासणे निविट्ठो, देवया रडिऊण नट्ठा, ताओ दाढाओ परमण्णं जायाओ, तो तं माहणा [*]पहया, तेणं विज्जाहरेणं तेसिमुवरिं पाडिज्जंति, सो वीसत्थो भुंजइ, रामस्स परिकहियं, सन्नद्धो तत्थागओ परसुं मुयइ, विज्झाओ, इमो य तं चेव थालं गहाय उट्ठिओ, चक्करयणं जायं, तेण सीसं छिण्णं रामस्स, पच्छा तेण सुभोमेण माणेणं एक्कवीसं वारा निब्बंभणा पुहवी कया, गब्भावि फालिया । एवंविधं मानं नामयन्त इत्यादि पूर्ववत् । माया चतुर्विधा, कर्मद्रव्यमाया योग्यादिभेदाः पुद्गला इति, नोकर्मद्रव्यमाया निधानादिप्रयुक्तानि द्रव्याणि, भावमाया तत्कर्मविपाकलक्षणा, तस्याश्चैते भेदाः– '[30]*मायावलेहिगोमुत्तिमिंढसिंगघणवंसिमूलसमा*' मायाए उदाहरणं**

– "શું દુનિયા આટલી જ છે ? કે બીજી પણ છે ?" માતાએ બધી વાત કરી. ત્યાર પછી માતાએ કહ્યું કે "તું જતો નહિ, નહિ તો તને તે મારી નાંખશે." સુભૂમ આ વાતને સાંભળીને અભિમાનથી હસ્તિનાપુરમાં તે સભામાં (તે દાનશાળામાં) ગયો. સિંહાસન ઉપર બેઠો. દેવતા રડીને ત્યાંથી નાસી ગઈ. તે દાઢાઓ ખીરસ્વરૂપે બની ગઈ. તેથી ત્યાં રહેલા બ્રાહ્મણો સુભૂમને મારવા લાગ્યા. (અર્થાત્ બ્રાહ્મણો સુભૂમ ઉપર શસ્ત્રો ચલાવવા લાગ્યા, ત્યારે) મેઘનાદ વિદ્યાધર તે શસ્ત્રોને બ્રાહ્મણો ઉપર જ પાછા ફેંકે છે. સુભૂમ શાંત ચિત્તે બેઠો બેઠો ખીર આરોગે છે.

બ્રાહ્મણોએ આવીને રામને વાત કરી. તૈયાર થઈને રામ ત્યાં આવ્યો અને પરશુને સુભૂમ તરફ ફેંકે છે. પરંતુ તે પરશુ ઓલવાઈ ગઈ. સુભૂમ બાજુમાં રહેલ ખીરનો થાળ લઈને ઊભો થયો. તે થાળ ચક્રરત્ન બની ગયું. તેનાવડે સુભૂમે રામનું મસ્તક છેદ્યું. ત્યાર પછી સુભૂમચક્રવર્તીએ અહંકારમાં આવીને એકવીસ વાર પૃથ્વી બ્રાહ્મણ વિનાની કરી. સ્ત્રીઓનાં ગર્ભોનો પણ નાશ કર્યો. આવા પ્રકારના અહંકારનો નાશ કરતા અરિહંતો નમસ્કારને યોગ્ય છે.

માયા પણ નામાદિ ભેદે ચાર પ્રકારે છે. તેમાં કર્મદ્રવ્યમાયા તરીકે યોગ્ય–બધ્યમાન–બદ્ધ અને પ્રાપ્ત એવા માયાકષાયમોહનીયના કર્મપુદ્ગલો જાણવા. નોકર્મદ્રવ્યમાયા તરીકે ભંડારાદિમાં રહેલ ધનાદિ દ્રવ્યો. ભાવમાયા તરીકે માયાના કર્મોનો ઉદય. તે ભાવમાયાના ભેદો આ પ્રમાણે છે – "માયા એ વાંસની છાલ, ગોમૂત્ર, બકરાનું શિંગડું અને ઘનવાંસના મૂળિયા સમાન (ચાર ભેદે છે)." માયાને વિશે પંડરાર્યાનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે – અનશન કરેલી એવી તે આર્યાએ પોતાની પૂજા નિમિત્તે (મંત્રવડે) ત્રણવાર લોકોને બોલાવ્યા. આ વાત આચાર્યે જાણી. તેથી આ

**२९. ततो मा गा मा मारिषि इति, स तत् श्रुत्वाऽभिमानेन हस्तिनागपुरं गतस्तां ( च ) सभां, सिंहासने निविष्टः, देवता रटित्वा नष्टा, ता दंष्ट्राः परमान्नं जाताः, ततस्तं ब्राह्मणा हन्तुमारब्धास्तेन विद्याधरेण तेषामुपरि पात्यन्ते ( प्रहाराः ), स विश्वस्तो भुङ्क्ते रामाय परिकथितं, सन्नद्धस्तत्रागतः पर्शुं मुञ्चति, विध्यातः, अयं च तमेव स्थालं गृहीत्वोत्थितः, चक्ररत्नं जातं, तेन शीर्षं छिन्नं रामस्य, पश्चात्तेन सुभूमेन मानेनैकविंशतिं वारान् निर्ब्राह्मणा पृथ्वी कृता, गर्भा अपि पाटिताः । शीर्षं छिन्नं रामस्य, पश्चात्तेन सुभूमेन मानेनैकविंशतिं वारान् निर्ब्राह्मणा पृथ्वी कृता, गर्भा अपि पाटिताः ।**

**३०. माया अवलेखगोमूत्रिकामेषशृङ्गघनवंशीमूलसमा । मायायामुदाहरणं * पहाया प्र० ।**

[३१]पंडरज्जा-जहा तीए भत्तपच्चक्खाइयाए पूयाणिमित्तं तिन्नि वारे लोगो आवाहिओ, तं आयरिएहिं नायं आलोआविया, ततियं च णालोविया, भणइ–एस पुव्वब्भासेणागच्छइ, सा य मायासल्लदोसेण किब्बिसिगा जाया, एरिसी दुरंता मायत्ति ॥ अहवा सव्वंगसुंदरित्ति, वसंतपुरं णयरं, जियसत्तू राया, धणवईधणावहा भायरो सेट्ठी, धणसिरी य से भगिणी, सा य बालरंडा परलोगरया य, पच्छा मासकप्पागयधम्मघोसायरियसगासे पडिबुद्धा, भायरोवि सिनेहेणं तहेव, सा पव्वइउमिच्छइ, ते तं संसारनेहेणं न देंति, सा य धम्मव्वयं खद्धं खद्धं करेइ, भाउज्जायाओ से कुरुकुरायंति, तीए विचिंतियं–पेच्छामि ताव भाउगाण चित्तं, किमेयाहिंति ?, पच्छा नियडीए आलोइऊण सोवणयपवेसकाले वीसत्थं वीसत्थं बहुं धम्मगयं जंपिऊण तओ नट्ठखिड्डेणं जहा

દુષ્કૃત્યની આલોચના કરાવડાવી. (પ્રથમ બે વખત તો આલોચના કરી પરંતુ) ત્રીજી વાર પોતે (મંત્રવડે) બોલાવવા છતાં આલોચના કરતી નથી અને કહે છે કે – "આ લોકો પૂર્વની ટેવને કારણે આવે છે." તે સાધ્વી પોતાના આ માયાશલ્યદોષને કારણે કિલ્બિષિકા થઈ. આવા પ્રકારની દુઃખેથી અંત લવાય એવી માયા છે.

## ❋ માયા ઉપર સર્વાંગસુંદરીનું દૃષ્ટાન્ત ❋

અથવા માયા ઉપર સર્વાંગસુંદરીનું ઉદાહરણ જાણવું – વસંતપુર નામે નગર હતું. જિતશત્રુ રાજા હતો. તે નગરમાં ધનપતિ અને ધનાવહ નામે શ્રેષ્ઠિ બે ભાઈઓ હતા. તેઓને ધનશ્રી નામે બહેન હતી. તે બાળવિધવા અને પરલોકમાં પ્રયત્નવાળી હતી. પાછળથી માસકલ્પ માટે આવેલા ધર્મઘોષાચાર્ય પાસે તે ધર્મ પામી. ભાઈઓ પણ બહેનના સ્નેહને કારણ કે આચાર્યના પરિચયમાં આવતા ધર્મ પામ્યા. બહેન દીક્ષા લેવા ઈચ્છે છે, પરંતુ ભાઈઓ તેણીને સંસારના સ્નેહને કારણે અનુજ્ઞા આપતા નથી. તેથી ધનશ્રી વધુ પ્રમાણમાં ધર્મમાં સમય ગાળવા લાગી. તેથી ભાભીઓ તેણીને ઘણું બોલવા લાગી. ધનશ્રીએ વિચાર્યું કે – "મારા માટે ભાઈઓના મનમાં શું છે ? એ મારે જોવું છે. ભાભીઓથી મારે શું ?" પાછળથી (ભાભીઓને) માયાથી મિચ્છામિ દુક્કડં આપીને રાત્રિએ શયનખંડમાં સૂવાના સમયે સામેવાળાને વિશ્વાસ બેસે એ રીતે ઘણી ધર્મચર્ચા કરીને મજાકમસ્તી મૂકીને જે રીતે તેનો પતિ સાંભળે તે રીતે ધનશ્રીએ એક ભાભીને કહ્યું કે –

३१. पण्डुवार्या (पाण्डुरार्या) - यथा तया प्रत्याख्यातभक्तया पूजा निमित्तं त्रीन् वारान् लोकः आहूतः, तद् आचार्यैर्ज्ञातम्, आलोचिता, तृतीयं च नालोचिता, भणति-एष पूर्वाभ्यासेनागच्छति, सा च मायाशल्यदोषेण किल्बिषिकी जाता, ईदृशी दुरन्ता मायेति । अथवा सर्वाङ्गसुन्दरीति, वसन्तपुरं नगरं, जितशत्रू राजा धनपतिर्धनावहो भ्रातरौ श्रेष्ठिनौ, धनश्रीश्च तयोर्भगिनी, सा च बालरण्डा परलोकरता च, पश्चात् मासकल्पागतधर्मघोषाचार्यसकाशे प्रतिबुद्धा, भ्रातरावपि स्नेहेन (तस्याः स्नेहेन) तथैव, सा प्रव्रजितुमिच्छति, तौ तां संसारस्नेहेन न ददाते, सा च धर्मव्ययं प्रचुरं प्रचुरं करोति, भ्रातृजाये क्लिश्नीतः, तया विचिन्तितं-पश्यामि तावद्भ्रात्रोश्चित्तं, किमेताभ्यामिति, पश्चान्निकृत्याऽऽलोच्य शयनप्रवेशकाले विश्वस्तं विश्वस्तं बहु धर्मगतं जल्पित्वा ततो नष्टक्रीडया यथा

**से[३२] भत्ता सुणेइ तहेगा भाउज्जाया भणिया-किं बहुणा ? साडियं रक्खेज्जासि, तेण चिंतियं-नूणमेसा दुच्चारिणित्ति, वारियं च भगवया असईपोसणंति, तओ णं परिट्ठवेमित्ति पल्लंके उवविसंती वारिया, सा चिंतेइ-हा ! किमेयंति, पच्छा तेण भणियं-घराओ मे णीहि, सा चिंतेइ-किं मए दुक्कडं कयंति, न किंचि पासइ, तओ तत्थेव भूमिगयाए किच्छेण णीया रयणी, पभाए उक्षुगंगी निग्गया, धणसिरीए भणिया-कीस उक्षुगंगित्ति, सा रुयंती भणइ-न याणामो अवराहं, गेहाओ य धाडिया, तीए भणियं-वीसत्था अच्छह, अहं ते भलिस्सामि, भाया भणिआ-किमेयमेवंति, तेण भणियं-अलं मे दुट्ठसीलाए, तीए भणियं-कहं जाणासि ?, तेण भणियं-तुज्झ चेव सगासाओ, सुया से धम्मदेसणा निवारणं च, तीए भणियं-अहो ते पंडियत्तणं वियारक्खमत्तं च धम्मे य**

"વધારે શુ કહું ? પરંતુ તમે વસ્ત્રની રક્ષા કરજો ? (અર્થાત્ શીલની રક્ષા કરજો.)" (આ વાત સાંભળીને) પતિએ વિચાર્યું– "નક્કી મારી પત્ની દુરાચારિણી છે અને પ્રભુએ અસતિનું પોષણ કરવાની ના પાડી છે. તેથી મારે આને કાઢી નાંખવી જોઈએ." પલંગ ઉપર બેસવા જતી પત્નીને પતિએ બેસવાની ના પાડી. તેથી પત્ની વિચારે છે કે – "હા ! શા માટે ના પાડી ?" પછી પતિએ કહ્યું – "મારા ઘરથી નીકળ." પત્ની વિચારે છે કે – "મેં શું દુષ્કૃત કર્યું છે, ?" પોતાની કોઈ ભૂલ દેખાતી નથી. ત્યાં ભૂમિ ઉપર જ કષ્ટપૂર્વક રાત્રિ પસાર કરે છે. સવારે ઉદાસમુખે તે નીકળી. ધનશ્રીએ કહ્યું – "તમે શા માટે ઉદાસીન લાગો છો ?" ભાભીએ રડતા રડતા વાત કરી કે – "હું જાણતી નથી કે મારો કયો અપરાધ છે ? તમારા ભાઈએ મને ઘરથી બહાર કાઢી છે." ધનશ્રીએ કહ્યું – "તમે ચિંતા કરશો નહિ, હું તમારો મેલાપ કરાવી આપીશ." તેણીએ જઈને ભાઈને પૂછ્યું કે – "તમે શા માટે ભાભીને બહાર કાઢી ?"

ભાઈએ કહ્યું – "આવી દુરાચારિણી સ્ત્રીથી મારે સર્યું." તેણીએ પૂછ્યું – "તમે કેવી રીતે જાણ્યું ?" તેણે કહ્યું – "તારી પાસેથી જ જાણ્યું. તે દિવસે તું તારી ભાભીને જે ધર્મદેશના આપતી હતી અને જેનું નિવારણ કરતી હતી. તે બધું મેં સાંભળ્યું છે." ધનશ્રીએ કહ્યું–"અહો ! શું તમારું પાંડિત્ય, શું તમારી વિચારક્ષમતા અને શું તમારો ધર્મમાં પરિણામ, ભગવાને મૈથુન

३२. तस्या भर्त्ता शृणोति तथैका भ्रातुर्जाया भणिता-किं बहुना ? शाटिकां रक्षेः, तेन चिन्तितं-नूनमेषा दुश्चारिणीति, निवारितं च भगवता असतीपोषणमिति, तत एनां परिष्ठापयामीति पल्यङ्के उपविशन्ती वारिता, सा चिन्तयति-हा किमेतदिति, पश्चात्तेन भणितं-गृहान्मे निर्गच्छ, सा चिन्तयति-किं मया दुष्कृतं कृतमिति, न किञ्चित्पश्यति, ततस्तत्रैव भूमिगतया कृच्छ्रेण नीता रजनी, प्रभाते म्लानाङ्गी निर्गता, धनश्रिया भणिता-कथं म्लानाङ्गीति, सा रुदन्ती भणति-न जानाम्यपराधं, गृहाच्च निर्धाटिता, तया भणितं-विश्वस्ता तिष्ठ, अहं त्वां मिलयिष्यामि, भ्राता भणितः-किमेतदेवमिति, तेन भणितम्-अलं मे दुष्टशीलया, तया भणितं-कथं जानासि ?, तेन भणितं-तवैव सकाशात्, श्रुता तस्या धर्मदेशना निवारणं च, तया भणितम्-अहो तव पाण्डित्यं विचारक्षमत्वं च धर्मे च

[33]परिणामो, मए सामन्नेण बहुदोसमेयं भगवया भणियं तीसे उवइट्ठं वारिया य, किमेतावतैव दुच्चारिणी होइ, तओ सो लज्जिओ, मिच्छादुक्कडं से दवाविओ, चिंतियं च णाए—एस ताव मे कसिणधवलपडिवज्जगो, बीओवि एवं चेव विण्णासिओ, नवरं सा भणिया-किं बहुणा ?, हत्थं रक्खिज्जसित्ति, सेसविभासा तहेव, जाव एसोऽवि मे कसिणधवलपडिवज्जगोत्ति एत्थ पुण इमाए नियडिए अब्भक्खाणदोसओ तिव्वं कम्ममुवनिबद्धं, पच्छा एयस्स अपडिक्कमिय भावओ पव्वइया, भायरोऽवि से सह जायाहिं पव्वइया, अहाउयं पालइत्ता सव्वाणि सुरलोगं गयाणि, तत्थवि अहाउयं पालयित्ता भायरो से पढमं चुया सागेए णयरे असोगदत्तस्स इब्भस्स समुद्द-दत्तसायरदत्ताभिहाणा पुत्ता जाया, इयरीवि चविऊण गयपुरे णयरे संखस्स इब्भसावगस्स धूया

બહુદોષવાળું કહ્યું છે, તેથી સામાન્યથી આ અંગે મેં ભાભીને ઉપદેશ આપ્યો અને તેની માટે વારણા (નિષેધ) કરી હતી. પરંતુ એટલા માત્રથી તમે ભાભીને દુરાચારિણી સમજી લીધી." આ સાંભળીને ભાઈ લજ્જા પામ્યો. તેની પાસે ભાભીને મિચ્છામિ દુક્કડં અપાવડાવ્યું. ધનશ્રીએ વિચાર્યું કે – "મારો આ ભાઈ કૃષ્ણને પણ ધવલ તરીકે સ્વીકારનારો છે. (અર્થાત્ મારા પ્રત્યેના અપાર સ્નેહને કારણે કૃષ્ણ એવા કાગડાને પણ જો હું સફેદ કહું તો તે સફેદ તરીકે સ્વીકારનારો છે. એટલે કે મારા સઘળા વચનો ઉપર વિશ્વાસ રાખનારો છે.")

બીજા ભાઈની પણ આ જ પ્રમાણે પરીક્ષા કરી. પરંતુ બીજી ભાભીને કહ્યું કે – "વધારે શું કહું ? હાથની રક્ષા કરજો." (અર્થાત્ ચોરી ન કરવાનો ઉપદેશ આપ્યો.) શેષ વર્ણન એ જ પ્રમાણે જાણવું. (અર્થાત્ આ વાત સાંભળી બીજા ભાઈએ પણ પોતાની પત્નીને આ ચોર છે અને ભગવાને ચોરને મદદ કરવાનો નિષેધ કર્યો છે એમ વિચારી ઘરમાંથી બહાર કાઢી વગેરે વર્ણન ત્યાં સુધી સમજવું) કે અંતે ધનશ્રીએ જાણ્યું કે "આ ભાઈ પણ કૃષ્ણને ધવલ તરીકે સ્વીકારનારો છે." અહીં ધનશ્રીએ માયાથી ખોટા આળ ચઢાવવારૂપ અભ્યાખ્યાનદોષથી તીવ્ર પાપકર્મ બાંધ્યું. પાછળથી આ પાપની આલોચના વિના જ ભાવથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ભાઈઓએ પણ પોત–પોતાની પત્નીઓ સાથે દીક્ષા લીધી. પોત–પોતાના આયુષ્યને પાળીને બધા જ દેવલોકમાં ગયા. ત્યાં યથાયુષ્યને પાળીને ધનશ્રીના ભાઈઓ પ્રથમ ત્યાંથી ચ્યવીને સાકેતનગરમાં શ્રેષ્ઠિ અશોકદત્તને ત્યાં સમુદ્રદત્ત અને સાગરદત્ત નામે પુત્રરૂપે ઉત્પન્ન થયા. ધનશ્રી

---

३३. परिणामः, मया सामान्येन बहुदोषमेतद् भगवता भणितं तस्यै उपदिष्टं वारिता च, किमेतावतैव दुश्चारिणी भवति, ततः स लज्जितः, मिथ्यामेदुष्कृतं तस्यै दापितं, चिन्तितं चानया-एष तावन्मे कृष्णधवलप्रतिपत्ता, द्वितीयोऽपि एवमेव जिज्ञासितः (परीक्षितः), नवरं सा भणिता-किं बहुना ?, हस्तं रक्षेरिति, शेषविभाषा तथैव, यावदेषोऽपि मे कृष्णधवलप्रतिपत्तेति, अत्र पुनरनया माययाऽभ्याख्यानदोषतस्तीव्रं कर्मोपनिबद्धं, पश्चादेतस्मादप्रतिक्रम्य भावतः प्रव्रजिताः, भ्रातरावपि तस्याः सह जायाभ्यां (प्रव्रजितायां) प्रव्रजितौ, यथायुष्कं पालयित्वा सर्वे सुरलोकं गताः, तत्रापि यथायुष्कं पालयित्वा भ्रातरौ तस्याः प्रथमं च्युतौ साकेते नगरेऽशोकदत्तस्येभ्यस्य समुद्रदत्तसागरदत्ताभिधानौ पुत्रौ जातौ, इतरापि च्युत्वा गजपुरे नगरे शङ्खस्येभ्यश्रावकस्य दुहिता

[34]आयाया, अईवसुंदरित्ति सव्वंगसुंदरी से नामं कयं, इयरीओ वि भाउज्जायाओ चविऊणं कोसलाउरे णंदणाभिहाणस्स इब्भस्स सिरिमइकंतिमइणामाओ धूयाओ आयाओ, जोव्वणं पत्ताणि, सव्वंगसुंदरी कहवि सागेयाओ गयपुरमागएण असोगदत्तसिट्ठिणा दिट्ठा, कस्सेसा कन्नगत्ति, संखस्स सिट्ठिस्स सबहुमाणं समुद्ददत्तस्स मग्गिया लद्धा विवाहो य कओ, कालंतरेण सो विसज्जावगो आयओ, उवयारो से कओ, वासघरं सज्जियं । एत्थंतरंमि य सव्वंगसुंदरीए *उइयं तं नियडिनिबंधणं पढमकम्मं, तओ भत्तारेण से वासघरट्ठिएण वोलेंती देविगी पुरिसच्छाया* दिट्ठा, तओऽणेण चिंतियं–दुट्ठसीला मे महिला, कोवि अवलोएउं गओत्ति, पच्छा साऽऽगया, ण तेण बोल्लाविया, तओ अट्टदुहट्टयाए धरणीए चेव रयणी गमिया, पहाए से भत्तारो अणापुच्छिय सयणवग्गं एगस्स धिज्जाइयस्स कहेत्ता गओ सागेयं णयरं, परिणीया यऽणेण कोसलाउरे

પણ ત્યાંથી ચ્યવીને ગજપુર નગરમાં શંખ નામના શ્રેષ્ઠિશ્રાવકને ત્યાં પુત્રીરૂપે ઉત્પન્ન થઈ. તે અત્યંતસુંદર હોવાથી સર્વાંગસુંદરી તેણીનું નામ પાડ્યું. બીજી બે ભાભીઓ પણ ચ્યવીને કોશલાપુરમાં નંદન નામના શ્રેષ્ઠિને ત્યાં શ્રીમતી અને કાંતિમતી નામે દીકરીઓ થઈ. બધા યૌવનને પામ્યા. સાકેતનગરથી ગજપુર આવેલા અશોકદત્ત શ્રેષ્ઠિએ કોઈ રીતે સર્વાંગસુંદરીને જોઈ. "આ કોની કન્યા છે ?" (એમ પૂછતાં શંખશ્રેષ્ઠિની આ કન્યા છે એમ જાણ્યું.) તેથી શંખશ્રેષ્ઠિની પાસે બહુમાનપૂર્વક અશોકદત્તે પોતાના પુત્ર સમુદ્રદત્ત માટે કન્યાની માગણી કરી, માગણી સ્વીકારાઈ અને વિવાહ થઈ ગયો.

કાળાન્તરે સમુદ્રદત્ત પોતાની શ્રાવિકાને લેવા આવ્યો. તેની સેવા–ભક્તિ કરી. તેને રહેવા માટેનો એક ઓરડો આપ્યો. તે સમયે સર્વાંગસુંદરીએ માયાવડે બંધાયેલું તે પ્રથમ ઉદયમાં આવ્યું. તેથી ઓરડામાં રહેલા તેણીના પતિ સમુદ્રદત્તે પસાર થતી એક દૈવી પુરુષછાયા જોઈ. તેણે વિચાર્યું કે – "મારી પત્ની દુઃશીલ છે, કો'ક પરપુરુષ તેણીને મળીને ગયો લાગે છે." પાછળથી તે આવી. પરંતુ સમુદ્રદત્તે તેણીને બોલાવી નહીં. તેથી આર્તધ્યાનથી પીડાતી તેણીએ ભૂમિ ઉપર જ રાત્રિ પસાર કરી. પ્રભાતે સમુદ્રદત્ત સ્વજનવર્ગને પૂછ્યા વિના જ એક બ્રાહ્મણને કહીને સાકેતનગર

३४. आयाता, अतीव सुन्दरीति सर्वाङ्गसुन्दरी तस्या नाम कृतम्, इतरे अपि भ्रातृजाये च्युत्वा कोशलपुरे नन्दनाभिधानस्येभ्यस्य श्रीमतिकान्तिमतिनाम्न्यौ दुहितरौ जाते, यौवनं प्राप्ताः, सर्वाङ्गसुन्दरी कथमपि साकेताद्गजपुरमागतेनाशोकदत्तश्रेष्ठिना दृष्टा, कस्यैषा कन्यकेति, शङ्खस्य श्रेष्ठिनः सबहुमानं समुद्रदत्ताय मार्गिता लब्धा वीवाहश्च कृतः, कालान्तरेण स नेतुमागतः, उपचारस्तस्य कृतः, वासगृहं सज्जितम् । अत्रान्तरे च सर्वाङ्गसुन्दर्या उदितं तत् मायानिबन्धनं प्रथमकर्म, ततो भर्त्रा तस्या वासगृहस्थितेन व्रजन्ती दैविकी पुरुषच्छाया दृष्टा, ततोऽनेन चिन्तितं–दुष्टशीला मम महिला, कोऽप्यवलोक्य गत इति, पश्चात्साऽऽगता, न तेनालापिता, तत आर्त्तदुःखस्थितया ( खार्त्तया ) धरण्यामेव रजनी गमिता, प्रभाते तस्या भर्ताऽनापृच्छय स्वजनवर्गमेकं धिग्जातीयं कथयित्वा गतः साकेतं नगरं, परिणीता चानेन कोशलपुरे

णंदणस्स धूया सिरिमइत्ति, भाउणा य से तीसे भइणी कंतिमई, सुयं च णेहिं, तओ गाढमद्धिई जाया, विसेसओ तीसे, पच्छा ताणं गमागमसंववहारो वोच्छिन्नो, सा धम्मपरा जाया, पच्छा पव्वइया, कालेण विहरंती पव्वत्तिणीए समं साकेयं गया, पुव्वभाउज्जायाओ उवसंताओ भत्तारा य तासिं न सुट्ठु । एत्थंतरंमि य से उदियं नियडिनिबंधणं बितियकम्मं, पारणगे भिक्खट्ठं पविट्ठा, सिरिमई य वासघरं गया हारं पोयति, तीए अब्भुट्ठिया, सा हारं मोत्तूण भिक्खत्थमुट्ठिया, एत्थंतरंमि चित्तकम्मोइण्णेणं मयूरेणं सो हारो गिलिओ, तीए चिंतियं-अच्छरीयमिणं, पच्छा साडगद्धेण ठइयं, भिक्खा पडिग्गाहिया निग्गया य, इयरीए जोइयं–जाव नत्थि हारोत्ति, तीए चिंतियं–किमेयं वड्डुखेड्डुं ?, परियणो पुच्छिओ, सो भणइ-न कोइ एत्थ अज्जं मोत्तूण पविट्ठो अन्नो, तीए अंबाडिओ, पच्छा

જતો રહ્યો અને કોશલાપુરમાં સમુદ્રદત્તે નંદનશ્રેષ્ઠિની દીકરી શ્રીમતી સાથે વિવાહ કર્યો અને ભાઈ સાગરદત્તે શ્રીમતીની બહેન કાંતિમતી સાથે વિવાહ કર્યો. આ સમાચાર શંખના પરિવારને મળ્યા. તેથી તેઓ સૌ ગાઢ રીતે અધૃતિને પામ્યા. વિશેષથી સર્વાંગસુંદરીને અધૃતિ થઈ. પરસ્પરનો આવવા–જવાનો વ્યવહાર નાશ પામ્યો અને સર્વાંગસુંદરી ધર્મમાં રત થઈ, પાછળથી દીક્ષા ગ્રહણ કરી.

ઘણા કાળ પછી પ્રવર્ત્તિની સાથે વિહાર કરતી તે સાકેતનગરમાં ગઈ. પૂર્વભવની ભાભીઓ શાંત હતી અને તેઓના પતિ સારી રીતે શાંત થયેલા નહોતા. (અર્થાત્ ધર્મમાં વિશેષ યત્નવાળા નહોતા.) એ સમયે સર્વાંગસુંદરીને માયાથી બંધાયેલું બીજું કર્મ ઉદયમાં આવ્યું. તે પારણે ઘરમાં પ્રવેશી તે સમયે વાસગૃહમાં રહેલી શ્રીમતી હાર પરોવે છે. તે ઊભી થઈ, હારને મૂકીને અંદર ભિક્ષા લેવા ગઈ. એટલામાં ભીંત ઉપર રહેલા ચિત્રમાંથી નીકળેલા મોરે તે હાર ગળ્યો. આ જોઈ સર્વાંગસુંદરીએ વિચાર્યું – "અરે! કેવું આશ્ચર્ય છે." પછીથી સર્વાંગસુંદરીએ (પોતાનું મુખ =?) અર્ધવસ્ત્રવડે ઢાંક્યું.

તેણીએ ભિક્ષા ગ્રહણ કરી અને નીકળી ગઈ. શ્રીમતીએ જોયું તો ત્યાં હાર નહોતો. તેણીએ વિચાર્યું – "આ વળી કઈ ગજબની રમત થઈ ?" તેણીએ દાસ–દાસીરૂપ પરિજનને પૂછ્યું. તેઓએ કહ્યું – "અહીં આ સાધ્વી સિવાય બીજું કોઈ આવ્યું નથી." તેણીએ પરિજનને ઠપકો આપ્યો. પછીથી પરિજનને (હાર ચોરી થયાની) ખબર પડી. સાધ્વીજીએ પણ પ્રવર્ત્તિનીને (મોરવડે

३५. नन्दनस्य दुहिता श्रीमतिरिति, भ्रात्रा च तस्य तस्या भगिनी कान्तिमतिः, श्रुतं चैभिः, ततो गाढमधृतिर्जाता, विशेषतस्तस्याः, पश्चात्तयोर्गमागमसंव्यवहारो व्युच्छिन्नः, सा धर्मपरा जाता, पश्चात्प्रव्रजिता, कालेन विहरन्ती प्रवर्त्तिन्या समं साकेतं गता, पूर्वभ्रातुर्जाये उपशान्ते भर्तारौ च तयोर्न सुष्ठु । अत्रान्तरे च तस्या उदितं निकृतिनिबन्धनं द्वितीयं कर्म, पारणके भिक्षार्थं प्रविष्टा, श्रीमतिश्च वासगृहगता हारं प्रोतति, तयाऽभ्युत्थिता, सा हारं मुक्त्वा भिक्षार्थमुत्थिता, अत्रान्तरे चित्रकर्मोत्तीर्णेन मयूरेण स हारो गिलितः, तया चिन्तितम्-आश्चर्यमिदं, पश्चात् शाटकार्धेन स्थगितं, भिक्षा प्रतिगृहीता निर्गता च, इतरया दृष्टं-यावन्नास्ति हार इति,तया चिन्तितं-किमेषा बृहती क्रीडा, परिजनः पृष्टः, स भणति-न कोऽपि अत्रार्यां मुक्त्वा प्रविष्टोऽन्यः, तया निर्भर्सितः, पश्चात्

**फुट्टं[૩૬] । इयरीएवि पवत्तिणीए सिट्ठं, तीए भणियं - विचित्तो कम्मपरिणामो, पच्छा उग्गतरतवरया जाया, तेसिं चाणत्थभीया★ तं गेहं ण उग्गाहइ, सिरिमइ कंतिमइओ भत्तारेहिं हसिज्जंति, ण य विप्परिणमंति, तीएवि उग्गतवरयाए कम्मसेसं कयं, एत्थंतरंमि सिरिमई भत्तारसहगया वासहरे चिट्ठइ, जाव मोरेण चित्ताओ ओयरिऊण निग्गिलिओ हारो, ताणि संवेगमावण्णाणि, अहो से भगवईए महत्थता जं न सिट्ठमिदंति खामेउं पयट्टाणि, एत्थंतरंमि से केवलमुप्पण्णंति, देवेहि य महिमा कया, तेहिं पुच्छियं, तीएऽवि साहिओ परभववुत्तंतो, ताणि पव्वइयाणि, एरिसी दुहावहा मायत्ति । +अहवा सूयओ-एगस्स खंतस्स पुत्तो खुड्डओ सुहसीलओ जाव भणइ—अविरतियत्ति,**

હાર ગળી જવાની) વાત કરી. પ્રવર્તિનીએ કહ્યું – "કર્મપરિણામ વિચિત્ર હોય છે." પાછળથી સર્વાંગસુંદરી ઉગ્રતર એવો તપ કરવા લાગી. તેઓવડે અનર્થ થવાના ભયથી ડરેલી એવી તે તેઓના ઘરમાં જતી નથી. શ્રીમતી અને કાંતિમતીની પોતાના પતિઓ હાંસી કરે છે. (અર્થાત્ સાધ્વીજી હાર ચોરી ગયા. એવું માની ધર્મમાં શ્રદ્ધાવાળી બંને પત્નીઓને પતિઓ કહે છે કે "જોયો – જોયો, આવો તમારો ધર્મ કે જ્યાં સાધ્વી ચોરી પણ કરે.") છતાં બંને ચલિત થતી નથી.

આ બાજુ ઉગ્ર તપ કરવા દ્વારા સર્વાંગસુંદરીએ પણ મહદંશે પોતાના કર્મોનો નાશ કર્યો. તે સમયે શ્રીમતી પોતાના ભર્તાર સાથે વાસગૃહમાં રહેલી હતી. તેવામાં ચિત્રમાંથી નીકળીને મોરે હાર મોંમાંથી બહાર કાઢ્યો. આ જોઈને તે બંને પતિ–પત્ની સંવેગ પામ્યા – "અહો ! તે ભગવતી એવી સાધ્વીજીની કેટલી મહાનતા કે ખબર હોવા છતાં હારની વાત કરી નહિ." તે બંને ક્ષમા માંગવા ગયા. એ જ સમયે આ બાજુ સર્વાંગસુંદરીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ મહિમા કર્યો. પતિ–પત્નીએ હાર વિશે આવું થવાનું કારણ પૂછ્યું. સર્વાંગસુંદરીએ પણ પૂર્વભવનો સંબંધ કહ્યો. તે બંનેએ દીક્ષા લીધી. આવા પ્રકારની દુઃખને લાવનારી માયા છે.

### ❊ માયાને વિશે પોપટનું દૃષ્ટાન્ત ❊

અથવા માયાને વિશે પોપટનું દૃષ્ટાન્ત છે – એક વૃદ્ધનો પુત્ર, બાળસાધુ થયેલો. તે સુખશીલતાને કારણે.. વગેરેથી લઈ સ્ત્રીની માંગણી સુધીનું સર્વવૃત્તાન્ત જાણવું. (ટૂંકમાં તેનું વર્ણન આ પ્રમાણે છે કે – એક વૃદ્ધે પોતાના બાળક એવા પુત્ર સાથે દીક્ષા લીધી... પુત્ર પ્રત્યેના સ્નેહને કારણે પિતા તેની બધી ઇચ્છાઓ પૂરી કરે છે. તેમાં તે પુત્ર સુખશીલ બને છે. સાધુપણામાં તે પુત્ર સુખશીલતાને કારણ કે વિહારમાં પગના મોજાની માંગણી કરે તો પિતા તે લાવી આપે,

૩૬. स्फिटितम् । इतरयाऽपि प्रवर्त्तिन्याः शिष्टं, तया भणितं-विचित्रः कर्मपरिणामः, पश्चात् उग्रतरतपोरता जाता, तेषां चानर्थभीता तद्गृहं नावगाहते, श्रीमतिकान्तिमत्यौ भर्तृभ्यां हस्येते, न च विपरिणमतः, तयाऽप्युग्रतपोरतया कर्मशेषं कृतम्, अत्रान्तरे श्रीमतिर्भर्त्रा सह गता वासगृहे तिष्ठति, यावन्मयूरेण चित्रादवतीर्य निर्गिलितो हारः, तौ संवेगमापन्नौ, अहो तस्या भगवत्या गाम्भीर्यं यन्न शिष्टमिदमिति क्षमयितुं प्रवृत्तौ, अत्रान्तरे तस्याः केवलज्ञानमुत्पन्नमिति, देवैश्च महिमा कृतः तैः पृष्टं, तयाऽपि कथितः, परभववृत्तान्तः, तौ प्रव्रजितौ, ईदृशी दुःखावहा मायेति । अथवा शुकः-एकस्य वृद्धस्य पुत्रः क्षुल्लकः सुखशीलो यावद्भणति-अविरतिकेति, ★ ०त्थभीयाणं इति मुद्रितप्रतौ । + नेदमुदाहरणं प्रत्य०।

[३७]खंतेण धाडिओ लोयस्स पेसणं करेंतो हिंडिऊण अट्टवसट्टो मओ, मायादोसेण रुक्खकोट्टरे सूतओ जाओ, सो य अक्खाणगाणि धम्मकहाओ जाणइ जातिसरणेणं, पढइ, वणचरएण गहिओ, कुंटितो पाओ अच्छि च काणियं, विधीए उड्डिओ, ण कोइ इच्छइ, सो सावगस्स आवणे ठवित्ता मुल्लस्स गओ, तेण अप्पओ जाणाविओ, कीओ, पंजरगे छूढो, सयणो मिच्छदिट्ठिओ, तेसिं धम्मं कहेइ, तस्स पुत्तो महेसरधूयं दट्ठूणं उम्मत्तो, तं दिवसं धम्मं ण सुणेंति ण वा पच्चक्खायंति, पुच्छियाणि साहंति, वीसत्थाणि अच्छह, सो दारओ सद्दाविओ, भणिओ य ससरक्खाणं ढुक्काहि, ठिक्करियं अच्चेहि, ममं च पच्छतो इट्टगं उक्खणिऊणं णिहणाहि, तहा कयं, सो अविरतओ

તડકો સહન થતો નથી એટલે પિતા છત્રની વ્યવસ્થા કરે. વગેરે જે માંગણીઓ થઈ તે બધી પિતાએ પૂર્ણ કરી. છેલ્લે પુત્ર કહે છે કે – હવે મને સ્ત્રી વગર ફાવશે નહિ, આમ તે સ્ત્રીની માંગણી કરે છે. ત્યારે) પિતા તેને અયોગ્ય જાણી કાઢી મૂકે છે. ત્યાંથી નકળી તે પુત્ર લોકોના નોકર તરીકેનું કામ કરતા કરતા આર્તધ્યાનથી પીડાતો મૃત્યુ પામ્યો. સાધુપણામાં કરેલી માયાના દોષને કારણે તે મરીને વૃક્ષના ગોખલામાં પોપટ તરીકે અવતર્યો.

પોપટના ભવમાં જાતિસ્મરણજ્ઞાન થવાથી તે વાર્તાઓ અને ધર્મકથાને જાણે છે અને બોલે છે. તેવામાં એક વનચારકે પોપટને પકડ્યો. તેનો એક પગ તોડી નાંખ્યો અને એક આંખથી પોપટને કાણો બનાવ્યો. પછી બજારમાં વેચવા માટે લાવ્યો. પરંતુ કોઈ ખરીદવા ઈચ્છતું નથી. તે વનચારક પોપટને એક શ્રાવકની દુકાને મૂકીને મૂલ્ય લેવા (અર્થાત્ સોદો કરવા) ગયો. પોપટે શ્રાવકને પોતાની ઓળખાણ આપી. શ્રાવકે તેને ખરીદ્યો અને પાંજરામાં નાંખ્યો. તે શ્રાવકનો સ્વજનવર્ગ મિથ્યાદૃષ્ટિ હતો. તેઓને આ પોપટ ધર્મ સંભળાવે છે. શ્રાવકનો પુત્ર મહેશ્વરની દીકરીને જોઈને પાગલ થયો હતો. તેથી તે દિવસે કોઈ ધર્મ સાંભળતું નથી, કે પચ્ચક્ખાણ પણ કરતું નથી. સ્વજનવર્ગને પૂછતાં તેઓ હકીકત જણાવે છે. આ સાંભળી પોપટ કહે છે કે – "તમે નિશ્ચિંત રહો."

પોપટે તે પુત્રને બોલાવ્યો અને કહ્યું કે – "તું ભસ્મવાળા સંન્યાસીઓ પાસે જા અને ત્યાં ઠિકરાની તું પૂજા કરજે, તથા પછી ત્યાંની એક ઈંટ કાઢીને મને બહાર કાઢજે (જેથી એવું લાગે

३७. वृद्धेन निर्धाटितः लोकस्य प्रेषणं कुर्वन् हिण्डयित्वा आर्त्तवशार्तो मृतो, मायादोषेण वृक्षकोटरे शुको जातः, स चाख्यानकानि धर्मकथाश्च जानाति जातिस्मरणेन, पठति, वनचरेण गृहीतः, कुण्टितः पादः अक्षि च काणितं, वीथ्यामवतारितः, न कोऽपीच्छति, स श्रावकस्यापणे स्थापयित्वा मूल्याय गतः, तेनात्मा ज्ञापितः, क्रीतः, पञ्जरे क्षिप्तः, स्वजनो मिथ्यादृष्टिः, तेभ्यो धर्मं कथयति, तस्य पुत्रो माहेश्वरस्य दुहितरं दृष्ट्वोन्मत्तस्तद्दिवसे धर्मं न शृण्वन्ति न वा प्रत्याख्यान्ति, पृष्टाः कथयन्ति, विश्वस्तास्तिष्ठत, स दारकः शब्दितः, भणितश्च-सरजस्कानां पार्श्वे व्रज, ठिक्करिकां (कपालं) अर्चय, मां च पश्चात् इष्टकमुत्खाय निःखन, तथा कृतं, सोऽविरतः

**[३८]पायपडितो विन्नवेइ–धूयाए वरं देहि, सूयओ भणइ मेहसरस्स–जिणदासस्स देहि, दिन्ना, सा गव्वं वहइ–देवदिन्नत्ति, अन्नया तेण हसियं, निब्बंधे कहियं, अमरिसं वहइ, संखडीए वखित्ताणि हरइ, भणति-तुमंसि पंडितउत्ति पिच्छं उप्पाडियं, सो चिंतेइ–कालं हरामि, भणइ-णाहं पंडितओ सा ण्हाविई पंडितिया–एगा ण्हाविणी कूरं छेत्तं णिंती चोरेहिं गहिया, अहंपि एरिसे मग्गामि रत्तिं एह रूवए लएत्ता जाइहामो, ते आगया, वातकोणएण णक्काणि छिण्णाणि, अन्ने भणंति–खत्तमुहे खुरेण छिन्नाणि, बितियदिवसे गहिया, सीसं कोट्टेइ भणति य–केण तुब्भेत्ति ?, तेहिं समं पहाविया, एगंमि गामे भत्तं आणेमिति कलालकुले विक्किया, ते रूवए घेत्तूणं पलाया, रत्तिं रुक्खं विलग्गा,**

કે જાણે દેવ પ્રગટ થયા હોય. निस् + खन् ધાતુનું निहणाहि રૂપ થયું છે જેનો 'બહાર કાઢવું' અર્થ થાય છે.) તેણે તે જ પ્રમાણે કર્યું. (દેવ પ્રગટ થયા છે એમ માની) તે કન્યાનો પિતા પગે પડેલો વિનંતી કરે છે કે – "મારી દીકરી માટે વર આપો." ત્યારે તે પોપટ કહે છે કે – "તમારી દીકરીને જિનદાસ નામના માહેશ્વરને આપો" તે કન્યા અપાઈ. કન્યા ગર્વને વહન કરે છે કે – "હું દેવદત્તા છું." એકવાર પોપટ હસ્યો, તેથી આગ્રહપૂર્વક હસવાનું કારણ પૂછતાં પોપટે તે કન્યાને (કે જે હવે કુળવધૂ છે તેને) પોતે કરેલ કપટની વાત કરે છે. ત્યારે તે કન્યાને ગુસ્સો આવે છે. (અને મનમાં પોપટ પ્રત્યે અપ્રીતિને વહન કરે છે.) એકવાર ઘરમાં જમણવારના પ્રસંગે સર્વ લોકો વ્યસ્ત હોય છે ત્યારે તે કન્યા પોપટને હરે છે અને કહે છે કે – 'કેમ તું મોટો પંડિત છે ને !' એમ કહી તેના પીંછા ઉખેડે છે. ત્યારે પોપટ વિચારે છે કે – 'કાળને પસાર કરું.' (કાળ પસાર કરવા) તે કહે છે કે – 'હું પંડિત નથી, પરંતુ તે હજામની પત્ની પંડિત છે.' (એમ કહી તેની વાર્તા કરવાનું ચાલુ કરે છે.)

ભાતને ખેતરમાં લઈ જતી એક હજામની પત્નીને ચોરોએ પકડી. ત્યારે તેણીએ કહ્યું – 'હું પણ તમારા જેવાઓને જ શોધું છું, તમે રાત્રિએ આવજો, જેથી રૂપિયા લઈને આપણે જતા રહીશું.' તે ચોરો રાત્રિએ આવ્યા. તેણીએ અસ્ત્રાવડે બધાના નાક છેદ્યા. અહીં કેટલાકો કહે છે કે – "ખાતર પાડીને જ્યારે ચોરો અંદર પ્રવેશતા હતા, તે સમયે ખાતર પાસે જ નાકને છેદ્યા." બીજા દિવસે ચોરોએ તે સ્ત્રીને પકડી. ત્યારે માથુ કુટતી તે સ્ત્રીએ કહ્યું – "અરર ! કોણે તમારું નાક છેદ્યું ?" ચોરોની સાથે (પૈસા લઈને) તે સ્ત્રી ભાગી ગઈ. એક ગામમાં 'હું ભોજન લાવું છું' (એમ કહી ભોજન લેવા જવાના બહાને મુખ્ય ચોરે) તેણીને દારુ વહેંચવાના સ્થાને વહેંચી

**३८. पादपतितो विज्ञपयति-दुहितुर्वरं देहि, शुको भणति महेश्वराय-जिनदासाय देहि, दत्ता, सा गर्वं वहति-देवदत्तेति, अन्यदा तेन हसितं, निर्बन्धे कथितम्, अमर्षं वहति, संखड्यां व्याक्षिप्तेषु हरति, भणति-त्वमसि पण्डित इति पिच्छमुत्पाटितं, स चिन्तयति-कालं हरामि, भणति-नाहं पण्डितः, सा नापिती पण्डिता-एका नापिती कूरं क्षेत्रं नयन्ती चौरैर्गृहीता, अहमपीदृशान् मार्गयामि रात्रावायात रूप्यकान् लात्वा यास्यामः, ते आगताः, क्षुरप्रेण नासिका च्छिन्नाः, अन्ये भणन्ति-क्षत्रमुखे क्षुरप्रेण छिन्नानि, द्वितीयदिवसे गृहीता, शीर्षं कुट्टयति भणति च-केन यूष्माकमिति ?, तैः समं प्रधाविता, एकस्मिन् ग्रामे भक्तमानयामीति कलालकुले विक्रीता, ते रूप्यकान् गृहीत्वा पलायिताः, रात्रौ वृक्षं विलग्ना,**

**तेवि[३९] पलाया उलग्गंति, महिसीओ हरिऊणं तत्थेव आवासिया मंसं खायंति, एक्को मंसं घेत्तूण रुक्खं विलग्गो दिसाओ पलोएइ, तेण दिट्ठा, रूवए दाइए, सो ढुक्को, जिब्भाए गहिओ, पडंतेण आसइत्ति भणिते आसइत्ति काऊणं णट्ठा, सा घरं गया, सा ण्हाविई पंडितिया णाहं पंडितओ। ताहे पुणोवि अण्णं लोमं उक्खणइ, पुणरवि दारियापिउणा दारिद्देण धणयओ छलाविओ रूवगा दिन्नत्ति**

દીધી, અને તે ચોરો પૈસા લઈને ભાગી ગયા. તે સ્ત્રી (કોઈ રીતે બચીને) રાત્રિમાં વૃક્ષ ઉપર ચઢી ગઈ. તે ચોરો ભાગતા—ભાગતા થાકે છે. તેથી એક ભેંસને ચોરીને ત્યાં જ (જે વૃક્ષ ઉપર આ સ્ત્રી બેઠી છે તે વૃક્ષ પાસે જ) આવેલા તેઓ માંસ પકાવીને ખાય છે. તેમાં એક ચોર માંસને લઈને વૃક્ષ ઉપર ચઢીને ચારેબાજુ નજર કરે છે. તેમાં તે ચોર આ સ્ત્રીને જુએ છે. તે સ્ત્રી આને પૈસા બતાડે છે. તેથી તે લેવા માટે તેની પાસે જાય છે. એવામાં તે સ્ત્રી તેને જીભથી (જીભ અને દાંતોથી इति चूर्णौ) પકડે છે. એટલે પડતા—પડતા તે ચોર 'અહીં આ સ્ત્રી છે' એમ બોલ્યો. એટલે "આ સ્ત્રી છે" એવું જાણી બધા ચોર ભાગી ગયા અને તે સ્ત્રી પૈસા લઈને પાછી ઘરે આવી. આમ, તે હજામની પત્ની પંડિત હતી, હું પંડિત નથી. (અહીં જો કે તે સ્ત્રીએ પ્રથમ ચોરો સાથે ભેગા મળી ચોરી કરી પરંતુ જ્યારે ચોરોએ તેણીને છેતરી, ત્યારે તે સ્ત્રીએ ચાલાકી વાપરી પૈસા પાછા મેળવ્યા એ તેણીનું પાંડિત્ય હતું.)

પુત્રવધૂ ફરી પોપટના પીંછા ખેંચે છે, (ત્યારે પોપટ ફરીથી કહે છે કે – હું પંડિત નથી, પરંતુ તે વાણિયાની દીકરી પંડિતા છે. અહીં ટીકામાં આ વાર્તા ઘણી ટૂંકાણમાં આપેલી હોવાથી ચૂર્ણિના આધારે વિસ્તારથી આ વાર્તા લખાય છે. તે આ પ્રમાણે)

વસંતપુર નગરમાં એક વેપારી હતો. તેણે અન્યવેપારી સાથે શરત લગાડી કે – "મહામહિનામાં જે એક રાત્રિ પાણીમાં રહેશે, તેને હું હજાર રૂપિયા આપીશ.' તે જ નગરમાં એક ગરીબ વેપારી હતો. તે એક રાત્રિ ઠંડા પાણીમાં રહ્યો. ત્યારે પહેલા વેપારીએ વિચાર્યું કે – 'આવા પ્રકારની કડકડતી ઠંડીમાં આ કેવી રીતે રહ્યો ? મર્યો કેમ નહિ ?' એમ વિચારી તે તેને પૂછે છે, ત્યારે તે ગરીબ વેપારી કહે છે કે – 'આ નગરના એક ઘરમાં દીપક બળે છે. તેને જોતા જોતા મેં રાત્રિ પસાર કરી હતી, તેથી હવે મને હજાર રૂપિયા આપો.' પેલો વેપારી 'ના, ના, તું પાણીમાં ઊભો નહોતો' એમ કહી પૈસા આપતો નથી. ત્યારે ગરીબ પૂછે છે – 'તમે શા માટે પૈસા આપતા નથી ?' ત્યારે તે કહે છે કે – 'તું દીપકના પ્રભાવે પાણીમાં રહ્યો એટલે પૈસા ન મળે.' ગરીબ પૈસા મળ્યા નહિ એટલે અધૃતિને કરતો ઘરે ગયો.

તેને એક પુત્રી હતી. તેણીએ પૂછ્યું – 'તમે શા માટે અધૃતિને કરો છો ?' ત્યારે પિતાએ

**३९. तेऽपि पलायिता अवलगन्ति, महीषीर्हृत्वा तत्रैवावासिता मांसं खादन्ति, एको मासं गृहीत्वा वृक्षं विलग्नो दिशः प्रलोकयति, तेन दृष्टा रूप्यकान् दर्शयति, स आगतः, जिह्वया गृहीतः, पतता आस्त इति भणिते आस्त इति कृत्वा नष्टाः, सा गृहं गता, सा नापिती पण्डिता नाहं पण्डितः । तदा पुनरपि अन्यं पिच्छमुत्खनति, पुनरपि दारिका पित्रा दारिद्र्येण धनदश्छलितः रूप्यका दत्ता इति,**

[40] कूडसक्खीहिं दवाविओ, दारिया मग्गिया, कूवे छूढा, सुरंगं खणाविया, पिया कप्पासं कत्ताविओ,

કહ્યું – 'નિરર્થક હું પાણીમાં રહ્યો.' પુત્રીએ કહ્યું, 'તમે ચિંતા ન કરો, ઉનાળો આવે ત્યારે તમારે એક જમણવાર ગોઠવવો અને તેમાં અન્ય વેપારીઓ સાથે પેલાને પણ આમંત્રણ આપવું. જ્યારે તે બધા જમવા બેસે ત્યારે તેઓની નજર પડે તે રીતે તેઓની સામે પાણી તમારે રાખવું. જ્યારે પેલા વેપારીને તરસ લાગશે, ત્યારે તે પાણી માંગશે. તે વખતે તમારે તેને કહેવું કે – 'આ સામે રહ્યું પાણી.' (આ રીતની આખી યોજના દીકરીએ પિતાને સમજાવી દીધી... ત્યારબાદ ઉનાળો આવતા) ગરીબ વેપારીએ જમણવાર રાખ્યો અને વેપારીઓને નિમંત્રણ આપ્યું. બધા જમવા બેઠા. જમ્યા પછી પેલા વેપારીએ પાણી માંગ્યું.

ગરીબ વેપારીએ કહ્યું – 'આ સામે રહેલ પાણીને જોઈને જ તું તારી તૃષા શાંત કર.' પેલાએ કહ્યું – 'અરે ! પાણીને જોવામાત્રથી કંઈ તૃષા શાંત થતી હશે ?' ગરીબે કહ્યું – 'જો પાણીને જોવા માત્રથી તૃષા શાંત થતી ન હોય, તો દીપકને જોવા માત્રથી મારી ઠંડી કેવી રીતે ઉડી જાય ?' આમ તે ગરીબ વેપારી જીત્યો અને તેને હજાર દીનાર અપાવ્યા. પેલા વેપારીએ વિચાર્યું કે, 'આતો બુદ્ધિ વિનાનો છે, તો કોણે આવી બુદ્ધિ આને આપી ?' ગરીબે કહ્યું – 'મારી દીકરીએ મને આ ઉપાય આપ્યો હતો.' પેલો દીકરી ઉપર ગુસ્સે થયો. રોષને કારણે તે ગરીબ પાસે તે દીકરીની લગ્ન માટે માંગણી કરે છે. પરંતુ પિતા તેને દીકરી આપતો નથી, – 'ક્યાંક મત્સરને કારણે આ દીકરીને હેરાન ન કરે.' દીકરીએ પિતાને કહ્યું – 'મને એને આપી દો. શું તે મને મારી નાંખવાનો છે ?' (અર્થાત્ મારી નહિ નાંખે.)

પિતાએ દીકરીના વિવાહ નક્કી કર્યા. એટલે પેલો વેપારી પોતાના ઘરે કૂવો ખોદાવે છે. આ બાજુ દીકરી સ્વજનવર્ગને કહે છે – જાઓ, અને તપાસો કે મારા સાસરીયે શું ચાલી રહ્યું છે ? સ્વજનવર્ગે તપાસ્યું અને આવીને કહ્યું કે – 'કૂવો ખોદાય છે. એટલે દીકરીએ પણ પોતાના ઘરથી કૂવા સુધી સુરંગ ખોદાવી. થોડા દિવસ પછી દીકરીનાં લગ્ન થયા. પતિએ પત્નીને કૂવામાં ઉતારી અને તેણીને ત્યાં કપાસનો અમુક જથ્થો સાથે આપ્યો અને કહ્યું કે – 'કેમ તું પંડિતા છે ને ? હવે બતાવ તારું પાંડિત્ય' એમ કહી સાથે જણાવ્યું કે – 'હું દિગ્યાત્રા માટે જાઉં છું અને હું પાછો આવું ત્યાં સુધીમાં આ કપાસને કાંતવું અને ત્રણ પુત્રોને જન્મ આપવો.' વેપારીએ જતા–જતા ઘરમાં પણ સૂચના આપી કે – 'તમારે તેણીને રોજેરોજ બે હથેળી જેટલા રાંધેલા ભાત અને કાંજી ખાવા આપવા.' એમ કહી તે જતો રહ્યો.

દીકરીએ પણ સુરંગવડે પિતાના ઘરે પહોંચી જઈ પિતાને કહ્યું – 'તમે ત્યાં કૂવામાં રહો અને કપાસને કાંતિ દોરી તૈયાર કરો તથા જે ખાવાનું આવે તે તમે સ્વીકારજો, હું જાઉં છું.' એમ કહી વેશ્યાનો વેષ પહેરીને આગળ તે એક નગરમાં પહોંચી. ત્યાં ભાડાથી એક ઘર ખરીદ્યું. તેનો પતિ ત્યાં તેને મળ્યો. વેશ્યા તેને પોતાના ઘરે લઈ ગઈ. વેપારીએ (વાસ્તવમાં તેના પતિએ જ) વેશ્યાને પૂછ્યું – 'તું કોણ છે ?' વેશ્યાએ કહ્યું – 'આમ તો હું પુરુષદ્વેષિણી છું પરંતુ તમે

૪૦. कूटसाक्षिभिर्दापितः, दारिका मार्गिता( याचिता ), कूपे क्षिप्ता, सुरङ्गा खानिता पिता कर्पासं कर्त्तितः,

[41]सपुत्तया णिज्जाहि, सो गओ दिसं, इमावि गणियवेसेणं पुव्वमागया, तिलक्खागिया कोलि-*गिणी चोरनिमित्तं चंदपुत्तं सद्दाइस्सामित्ति असंतएणं पत्तियावितो राया वाणियदारियाए,

મને ગમ્યા છો, એમ કહી વેશ્યાએ તેને ખુશ કર્યો. ઘણા બધાં વર્ષો તે વેશ્યા સાથે વેપારી રહે છે. તેમાં તેણીને ત્રણ પુત્રરત્નો થયા. તે દરમિયાન બધું દ્રવ્ય વેપારી પાસેથી તેણીએ કઢાવી લીધું. એકવાર વેપારી પાછો પોતાના વતને ફર્યો. તે વેશ્યા પણ તે જ સાર્થ સાથે પાછી ફરી. ઝડપથી તે પિતાના ઘરે ગઈ. ત્યાંથી કપાસમાંથી બનાવેલી દોરીઓ અને પોતાના પુત્રોને લઈને સુરંગ દ્વારા પાછી તે જ કૂવામાં આવી ગઈ. આ બાજુ વેપારી પોતાના ઘરે પહોંચ્યો અને તેણે પોતાની પત્નીને યાદ કરી. તેણીની ઉપર વેપારીને દયા આવી. ઘરના લોકોને તે પૂછે છે – 'અહીં આ કૂવામાં કોઈ ભોજન ગ્રહણ કરે છે કે નહિ ?' તેઓએ કહ્યું – 'હા, સ્વીકારે છે.' ત્યાર પછી તેણે દોરડાવડે પલંગ કૂવામાં ઉતાર્યો. પ્રથમ કપાસની દોરીઓ બહાર કાઢી, પછી પ્રથમ પુત્રને બહાર કાઢ્યો. ત્યાર પછી બીજાને બહાર કાઢ્યો. પછી ત્રીજા પુત્ર સાથે પત્ની પણ બહાર આવી. આ જોઈ તે વેપારી ખુબ ખુશ થયો અને ઘરની સ્વામિની બનાવી. આમ, તે વેપારીની દીકરી પંડિતા હતી, હું (પોપટ) નહિ.

પુત્રવધૂ ફરી પાછા પોપટના પીંછા ઉખેડે છે, એટલે પોપટ કહે છે કે – હું પંડિત નથી પણ, તલને ખાનારી પેલી કોળી જાતિની કન્યા પંડિતા છે. (कोलिगिणी – કોળી જાતિની સ્ત્રી. અહીં પણ ટીકામાં વાર્તા ટૂંકાણમાં છે. માટે ચૂર્ણિના આધારે વિસ્તારથી જણાવાય છે.)

એક કોળીભીલ જાતિની કન્યા હતી. તેના માતાપિતા અન્ય ગામમાં ગયા. તેથી ઘરમાં આ એકલી રહેવા લાગી. એકવાર તે ઘરમાં ચોર પ્રવેશ્યો. તેથી તેણીએ પોતાના બચાવ માટે એક નાટક ચાલુ કર્યું અને તેમાં તે પોતાની જાતને જ કહે છે કે – 'હું મામાના પુત્રને દેવાયેલી છું. જ્યારે મને પુત્ર થશે, ત્યારે તેનું 'ચંદ્ર' નામ પાડીશ અને પછી હું તેને બોલાવીશ કે – 'હે ચંદ્ર ! અહીં આવ' જોરથી 'ચંદ્ર' શબ્દ બોલતા બાજુમાંથી શ્વેતધ્વજચંદ્ર નામનો વ્યક્તિ મોટેથી શું થયું ? શું થયું ? કરતો આવ્યો. તેથી ચોર ભાગી ગયો. આમ તે પંડિતા હતી હું પંડિત નથી, એમ પોપટે કહ્યું.

પુત્રવધૂએ ફરી પીંછા તોડ્યા. ( **असंतएणं पत्तियावितो** કથાનકનો વિસ્તાર→) એટલે પોપટે કહ્યું – હું પંડિત નથી પરંતુ પેલી કુળપુત્રકની દીકરી પંડિતા હતી. તે આ પ્રમાણે – વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેને કુળપુત્રક નામે વેપારી હતો. તેને એક દીકરી હતી. એકવાર રાજાએ ઘોષણા કરાવી કે – 'જે વ્યક્તિ રાજાને અસત્ વસ્તુ ઉપર વિશ્વાસ કરાવે, (અર્થાત્ નહિ બનેલી ઘટનાને પણ એવી યુક્તિથી સાબિત કરે કે જેમાં રાજાને વિશ્વાસ પડે.) તેને રાજા ભોગસામગ્રી આપશે.' ત્યાર પછી તે કુળપુત્રક એકવાર સૂર્યાસ્ત પછી ઘરે આવે છે. એટલે પુત્રી પૂછે છે કે – 'આજે કેમ તમે સૂર્યાસ્ત પછી આવ્યા ?' કુળપુત્રકે હકીકત કહી કે રાજાએ ઘોષણા

૪૧. सपुत्रा निर्याहि, स गतो दिशि, इयमपि गणिकावेषेण पूर्वमागता, तिलखादिका कोलिकी चौरनिमित्तं चन्द्रपुत्रं शब्दयिष्यामीति असता प्रत्ययितो राजा वणिग्दारिकया, * कोलिखिणी प्र० ।

**[४२] एवमाईणि पंच सयाणि रत्तीगयाणि, पिंछिच्छता मुक्को, सेणेणं गहिओ, दुण्हं सेणाणं भंडंताणं पडिओ, असोगवणियाए पेसेल्लियाए पुत्तेण दिट्ठो, भणिओ य-संगोवाहि, अहं ते कज्जं काहामि, संगोविओ, अण्णस्स रज्जे दिज्जमाणे भिंडमए मयूरे विलग्गेणं रत्तिं राया भणिओ, पेसिल्लियापुत्तस्स रज्जं दिण्णं, तेण सत्तदिवसे मग्गियं, दोवि कुला पव्वाविया, भत्तं पच्चक्खायं, सहस्सारे उववण्णो । एवंविधां मायां नामयन्त इत्यादि पूर्ववत्, लोभश्चतुर्विधः–कर्मद्रव्यलोभो योग्यादिभेदाः पुद्गला इति,**

કરાવી છે કે – 'અસત્ વસ્તુનો મને જે વ્યક્તિ વિશ્વાસ કરાવે તેને હું ભોગસામગ્રી આપીશ.' તે વિશેની ચર્ચામાં મને આવતા મોડું થયું. પુત્રીએ કહ્યું – 'હું વિશ્વાસ અપાવીશ.' કુળપુત્રક પુત્રીને રાજા પાસે લઈ ગયો. તેણીએ રાજાને કહ્યું – 'હું જ્યારે યુવાનવયને પામી ત્યારે મારો વિવાહ મામાના દીકરા સાથે થયો. મારા માતા–પિતા પ્રવાસાર્થે બહાર ગયા. તે સમયે મારું હૃદયથી અતિથિપણું કરે છે કે નહિ ? તે જોવા મામાનો દીકરો અતિથિ બનીને આવ્યો. મેં તેનું અતિથિપણું કર્યું. તે રાત્રિએ એક સાપે તેને ડંખ માર્યો અને તે મરી ગયો.

હું તેના મડદાને સ્મશાનમાં લઈ ગઈ. ત્યાં ભયંકર ભૂત–પિશાચના ઉપદ્રવો થવા લાગ્યા. આ સાંભળતા જ વચમાં રાજાએ પૂછ્યું કે – "ત્યારે તું ડરી નહિ ?" તેણીએ કહ્યું – "આ પ્રસંગ સાચો હોય તો ડરું ને." રાજા હારી ગયો. આમ તે વેપારીની દીકરીએ ચાલાકીથી ખોટા પ્રસંગને સાચો કરવા દ્વારા પોતાનું પાંડિત્ય બતાવ્યું. તેથી તે પંડિતા હતી. હું (પોપટ) નહિ.

આ પ્રમાણે પોપટ પુત્રવધૂને સંપૂર્ણ રાત્રિમાં પાંચસો વાર્તાઓ કરે છે અને પુત્રવધૂએ દરેક વાર્તા દિઠ બે–ચાર પીંછા કાઢતા કાઢતા પીંછા વિનાનો કરી પોપટને છોડી દીધો. તે પોપટને બાજપક્ષીએ પકડ્યો. તેમાં બે બાજપક્ષીઓનો પોપટ માટે પરસ્પર ઝઘડો થતાં પોપટ નીચે પડ્યો. ત્યાં અશોકવનિકામાં દાસીના પુત્રે દીઠો.

પોપટે પુત્રને કહ્યું – 'તું મને બચાવ, તો હું તારું કામ કરી આપીશ.' પુત્રે તેનું રક્ષણ કર્યું. એકવાર રાજા પોતાનું રાજ્ય જ્યારે બીજાને આપવા ઇચ્છતો હતો, તે સમયે ભિંડમય (વનસ્પતિવિશેષમાંથી બનાવેલ) મોર ઉપર બેઠેલા પોપટે રાજાને કહ્યું – 'દાસીના પુત્રને રાજ્ય આપો.' રાજાએ દાસીપુત્રને રાજ્ય આપ્યું. ત્યાર પછી તે પુત્રે સાત દિવસ રાજ્યપાલન કર્યું અને પછી બંને કુળોએ (મહિશ્વરનું કુળ અને પોપટને ખરીદનાર તે શ્રાવકનું કુળ – આ બંનેએ) દીક્ષા લીધી. દાસીપુત્રે અનશન કર્યું અને મરી સહસ્રાર નામના દેવલોકમાં ઉત્પન્ન થયો. આવા પ્રકારની માયાને દૂર કરનારા અરિહંતો નમસ્કારને યોગ્ય છે ઇત્યાદિ પૂર્વની જેમ જાણવું.

લોભ પણ ચાર પ્રકારે જાણવો. તેમાં કર્મદ્રવ્યલોભ તરીકે યોગ્યાદિભેદોવાળા પુદ્ગલો

---

**४२. एवमादिनि पञ्च शतानि रात्रिगतानि, निष्पिच्छीकृत्य मुक्तः, श्येनेन गृहीतः, द्वयोः श्येनयोः कलहयतोः पतितोऽशोकवनिकायां, प्रेष्यिकापुत्रेण दृष्टः, भणितश्च-संगोपय, अहं तव कार्यं करिष्यामि, संगोपितः, अन्यस्मै राज्ये दीयमाने भिण्डमये मयूरे विलग्नेन रात्रौ राजा भणितः, प्रेष्यिकायाः पुत्राय राज्यं दत्तं, तेन सप्तमदिवसे मार्गितं, द्वे अपि कुले प्रव्राजिते, भक्तं प्रत्याख्यातं, सहस्रारे उत्पन्नः ।**

**नोकर्मद्रव्यलोभस्त्वाकरमुक्तिश्चिक्कणिकेत्यर्थः, भावलोभस्तु तत्कर्मविपाकः, तद्भेदाश्चैते-** '[४३]*लोहो हलिद्दखंजणकद्दमकिमिरायसमाणो*' **सर्वेषां क्रोधादीनां यथायोगं स्थितिफलानि–**

'[४४]*पक्खचउमासवच्छरजावज्जीवाणुगामिणो कमसो ।*
*देवनरतिरियनारगगइसाहणहेयवो नेया ॥१॥* "

**लोभे लुद्धनंदोदाहरणं–पाडलिपुत्ते लुद्धणंदो वाणियओ, जिणदत्तो सावओ, जियसत्तू राया, सो तलागं खणावेइ, फाला य दिट्ठा कम्मकरेहिं, ( ग्रं० १०००० ) सुरामोल्लंति दो गहायवीहीए सावगस्स उवणीया, तेण ते णेच्छिया, णंदस्स *उपनीया, णाया, गहिया, भणिया य–अण्णेवि आणेज्जह,**

જાણવા. નોકર્મદ્રવ્યલોભ તરીકે ખાણમાં જે મૂકાય તે અર્થાત્ લોખંડનો મેલ. (તે [H]જાણે કે અતિગૃદ્ધિ વડે લોખંડ સાથે ચોંટેલો હોવાથી તેને પણ લોભ તરીકે લોકમાં કહેવાય છે કારણ કે લોભ એટલે ગૃદ્ધિ.) ભાવલોભ તરીકે લોભકષાયનો ઉદય. તેના ભેદો આ પ્રમાણે છે – **'હળદરના રંગ જેવો, અંજનના રંગ જેવો, કાદવના રંગ જેવો અને કિરમજીના રંગ જેવો એમ લોભ ચાર પ્રકારે છે.'**

ક્રોધાદિ સર્વ કષાયોના યથાયોગ્ય સ્થિતિ–ફળ આ પ્રમાણે છે – **'પક્ષ, ચારમાસ, વર્ષ અને યાવજ્જીવ સુધી ક્રમશઃ રહેનારા છે, તથા ક્રમશઃ દેવ, નર,તિર્યંચ અને નારકની ગતિના કારણો છે. ॥૧॥'**

## ❊ લોભમાં લુબ્ધ એવા નંદનું ઉદાહરણ ❊

પાટલીપુત્રમાં લોભીયો એવો નંદ નામનો વેપારી હતો. ત્યાં જ જિનદત્ત નામે શ્રાવક હતો. જિતશત્રુ નામે રાજા હતો. તે તળાવ ખોદાવે છે. તળાવ ખોદતા માણસો લોખંડની કોશ જુએ છે. (કોશ = ગોળાકાર સોનામહોર જેવી વસ્તુ, વાસ્તવમાં આ કોશો સુવર્ણની હતી, જે પૂર્વે કોઈએ તાંબાના પાત્રમાં ભરી દાટી દીધી હતી. તાંબાના પાત્રમાં રાખેલ હોવાથી આ કોશો ઉપર કાટ ચઢી ગયો હતો. તેથી સુવર્ણની કાંતિ જતી રહી હતી. જેથી જોનારને એવું જ લાગે કે આ લોઢાની જ કોશો છે. તેથી તળાવ ખોદનાર મજુરોએ કોશોને લોખંડની સમજી – **इति उपदेशपदे** – ગા. ૫૩૧ થી ૫૩૫) આને વેચતા આપણને દારૂ માટેના પૈસા પૂરતા મળી રહેશે એમ વિચારી બે કોશ લઈને બજારમાં તેઓ જિનદત્ત શ્રાવક પાસે વેચવા ગયા. તેણે લીધી નહિ. તેથી તેઓ કોશ લઈને નંદ પાસે આવ્યા. નંદે તે કોશ લઈ લીધી, કારણ કે તે જાણી ગયો હતો કે આ સુવર્ણની છે અને કહ્યું – 'બીજી હોય તો તે પણ લાવજો, હું જ ખરીદી લઈશ.' રોજે

**४३. लोभो हरिद्राखञ्जनकर्दमकृमिरागसमानः । ४४. पक्षचतुर्मासससंवत्सरयावज्जीवानुगामिनः क्रमशः । देवनरतिर्यङ्नारकगतिसाधनहेतवो ज्ञेयाः ॥१॥ लुब्धनन्दोदाहरणम्-पाटलिपुत्रे लुब्धनन्दो वणिक्, जिनदत्तः श्रावकः, जितशत्रू राजा, स तडागं खानयति, कुश्यश्च दृष्टाः कर्मकरैः, सुरामूल्यमिति द्वे गृहीत्वा वीथ्यां श्रावकायोपनीते, तेन ते नेष्टे, नन्दायोपनीते, ज्ञाते, गृहीते, भणिताश्च-अन्या अपि आनयेत * वीहीए नीया।**

**अहं चेव गेण्हिस्सामि, दिवसे २ गिण्हइ फाले । अण्णया अब्भहिए सयणिज्जामंतणए बलामोडीए णीओ, पुत्ता भणिया-फाले गेण्हह, सो य गओ, ते य आगया, तेहिं फाला ण गहिया, अक्कुट्ठा य गया पूवियसालं, तेहिं ऊणगं मोल्लंति एगंते पिंडिता, किट्टं पडियं, रायपुरिसेहिं गहिया, जहावत्तं रन्नो कहियं । सो नंदो आगओ भणइ-गहिया ण वत्ति, तेहिं भण्णइ-किं अम्हेवि गहेण गहिया ?, तेण अइलोलयाए एत्तियस्स लाभस्स फिट्टोऽहंति पादाण दोसेण एक्काए कुसीए दोवि पाया भग्गा, सयणो विलवइ । तओ रायपुरिसेहिं सावओ णंदो य घेत्तूण राउलं नीया, पुच्छिया, सावओ भणइ-मज्झं इच्छापरिमाणातिरित्तं, अविय-कूडमाणंति, तेण न गहिया, सावओ पूएऊण विसज्जिओ, नंदो सूलाए भिन्नो, सकुलो य उच्छाइओ, सावगो सिरिघरिओ ठवियओ । एरिसो दुरंतो लोभो ॥**

રોજ નંદ કોશો ખરીદે છે. એકવાર સ્વજનો દ્વારા આગ્રહપૂર્વક આમંત્રણ થતાં (કો'ક પ્રસંગમાં) બળાત્કારે નંદને જવું પડ્યું. પરંતુ જતી વખતે નંદે પોતાના પુત્રોને કહ્યું – 'તમે કોશો ખરીદી લેજો.' તે ગયો. વેચનારા માણસો આવ્યા. પુત્રોએ કોશો ખરીદી નહિ. તેથી વેચનારા માણસો ગુસ્સે થયા અને ત્યાંથી નીકળી કંદોઈની દુકાનમાં ગયા, (ત્યાં પણ સરખુ મૂલ્ય ન મળતા) 'આનું મૂલ્ય ઓછું થઈ ગયું છે' એમ વિચારી તેઓએ એક ખૂણે કોશોને મુકી, જેથી તેની ઉપર લાગેલ કાટ ખરી પડ્યો (અને સુવર્ણનો ભાગ દેખાવા લાગ્યો, તેથી) રાજપુરુષોએ આ માણસોને પકડ્યા. રાજાને હકીકત કહી.

આ બાજુ ઘરે આવેલો નંદ પુત્રોને પૂછે છે કે – 'તમે કોશો ખરીદી કે નહિ ?' પુત્રોએ કહ્યું – 'શું અમે પણ પાગલ થઈ ગયા છીએ ? (કે લોખંડની નકામી કોશો ખરીદીએ.) નંદે અતિલોલુપતાના કારણે 'આ પગોના દોષથી (અર્થાત્ આ પગો હતા માટે આવા અવસરે બીજે જવું પડ્યું. આમ બીજે જવારૂપ દોષથી) હું આ લાભથી વંચિત રહ્યો' એમ વિચારી પોતાના બંને પગો એક કુહાડીથી ભાંગી નાંખ્યા. સ્વજન વિલાપ કરે છે. ત્યાર પછી રાજપુરુષો શ્રાવક અને નંદ બંનેને પકડી રાજકુળમાં લઈ ગયા. બંનેને પૂછવામાં આવ્યું. ત્યારે શ્રાવકે કહ્યું – 'લોખંડની કોશો મારે પરિગ્રહપરિમાણથી અતિરિક્ત હોવાથી તથા ખોટું માન (જિનદત્ત જાણતો હતો કે આ સુવર્ણની છે.) હોવાથી મેં ગ્રહણ કરી નહિ.' શ્રાવકને પૂજા–સત્કાર કરી છૂટો કર્યો. નંદને ફાંસીએ ચઢાવ્યો અને કુળ સહિત તેનો વિનાશ કર્યો. શ્રાવકને કોશાધ્યક્ષ તરીકે સ્થાપ્યો. આવા

**४५. अहमेव ग्रहीष्यामि, दिवसे दिवसे कुश्यौ गृह्णाति । अन्यदा अभ्यधिके स्वजनामन्त्रणे बलात्कारेण नीतः, पुत्रा भणिताः-कुश्यौ गृह्णीयात, स च गतः, ते चागताः, तैः कुश्यौ न गृहीते, आक्रुष्टाश्च गताः आपूपिकशालां, तैरूनं मूल्यमित्येकान्ते पिंडिते, किट्टं पतितं, राजपुरुषैर्गृहीताः, यथावृत्तं राज्ञे कथितं। स नन्द आगतो भणति-गृहीते न वेति, तैर्भण्यते-किं वयमपि ग्रहेण गृहीताः ?, तेनातिलौल्यतया एतावतो लाभात् भ्रष्टोऽहमिति पादयोर्दोषेणैकया कुश्या द्वावपि पादौ भग्नौ, स्वजनो विलपति । ततो राजपुरुषैः श्रावको नन्दश्च गृहीत्वा राजकुलं नीतौ, पृष्टौ, श्रावको भणति-ममेच्छापरिमाणातिरिक्तम्, अपिच-कूटमानमिति, तेन न गृहीते, श्रावकः पूजयित्वा विसृष्टः, नन्दः शूलायां भिन्नः, सकुलश्चोत्सादितः, श्रावकः श्रीगृहिकः स्थापितः । एतादृशो दुरन्तो लोभः ।   + कीट्टो फिट्टो दिट्ठो. * जिणदत्तो ।**

**एवंविधं लोभं नामयन्त इत्यादि पूर्ववत् । अथेन्द्रियद्वारमुच्यते, तत्रेन्द्रियमिति कः शब्दार्थः ?, 'इदि परमैश्वर्ये' इन्दनादिन्द्रः,-सर्वोपलब्धिभोगपरमैश्वर्यसम्बन्धाज्जीवः, तस्य लिङ्गं तेन दृष्टं सृष्टं चेत्यादि, 'इन्द्रियमिन्द्रलिङ्गम्' इत्यादिना सूत्रेण निपातनात् सिद्धं, तच्च द्विधा-द्रव्येन्द्रियं भावेन्द्रियं च, तत्र निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियं, लब्ध्युपयोगौ भावेन्द्रियमिति, अमूनि च स्पर्शनादिभेदेन पञ्च भवन्ति अतो बहुवचनम्, उक्तं च–*"स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणीन्द्रियाणि"* ( तत्त्वा०अ० २ सू० २० ) एतानि ★चानामितानि अलं दुःखायेति, अत्रोदाहरणानि । [46]तत्थ सोइंदिए उदाहरणं–वसंतपुरे णयरे पुप्फसालो नाम गंधव्विओ, सो अइसुस्सरो विरूवो य, तेण जणो हयहियओकओ, तंमि णयरे सत्थवाहो दिसायत्तं गएल्लओ, भद्दा य से भारिया, तीए केणवि कारणेण दासीओ**

પ્રકારનો દુઃખેથી અંત આણી શકાય એવો લોભ છે. આવા પ્રકારના લોભને દૂર કરનારા અરિહંતો નમસ્કારને યોગ્ય છે.

હવે **ઇન્દ્રિય દ્વાર** કહેવાય છે. તેમાં 'ઇન્દ્રિય' એટલે શું ? इद् ધાતુ પરમૈશ્વર્યના અર્થમાં વપરાય છે. જે પરમૈશ્વર્યને ભોગવે તે ઇન્દ્ર. અહીં ઇન્દ્ર તરીકે જીવ જાણવો, કારણ કે કર્મરૂપ આવરણનો ક્ષય થતાં જગત્‌વર્તી સર્વ વસ્તુઓના બોધરૂપ પરમૈશ્વર્યને અને જુદા જુદા ભવોમાં સર્વ વસ્તુઓના ભોગરૂપ પરમૈશ્વર્યને જીવે ભોગવેલું છે. તેથી તે ઇન્દ્ર કહેવાય છે. તેનું જે ચિન્હ તે ઇન્દ્રિય અથવા આવા પ્રકારના જીવવડે જે જોવાયેલું છે અને સર્જાયેલું છે તે ઇન્દ્રિય કહેવાય છે. 'ઇન્દ્રનું જે લિંગ તે ઇન્દ્રિય' વગેરે સૂત્રવડે નિપાતનથી ઇન્દ્રિય શબ્દ સિદ્ધ થયો છે.

તે ઇન્દ્રિય બે પ્રકારે છે – ૧. **દ્રવ્યેન્દ્રિય** અને ૨. **ભાવેન્દ્રિય.** તેમાં **નિર્વૃત્તિ–ઇન્દ્રિય** (કાનાદિનો બાહ્ય–અભ્યંતર આકાર વિશેષ) અને **ઉપકરણ ઇન્દ્રિય** (તે તે ઇન્દ્રિયની પોત–પોતાનો વિષય ગ્રહણ કરવાની શક્તિ) એમ બે પ્રકારે દ્રવ્યેન્દ્રિય છે, તથા **લબ્ધિ** (ઇન્દ્રિયાવરણ કર્મનો ક્ષયોપશમ) અને **ઉપયોગ** (તે તે ઇન્દ્રિયનો સ્વ–સ્વવિષયમાં વ્યાપાર) એમ બે પ્રકારે ભાવેન્દ્રિય છે. આ ઇન્દ્રિય સ્પર્શનાદિ ભેદથી પાંચ પ્રકારની છે. તેથી મૂળગાથામાં 'ઇન્દ્રિય' શબ્દને બહુવચન કરેલ છે. કહ્યું છે કે **"સ્પર્શન–રસન–ઘ્રાણ–ચક્ષુ–અને શ્રોત્ર એમ પાંચ પ્રકારે ઇન્દ્રિયો છે."** નહિ જિતાયેલી આ ઇન્દ્રિયો દુઃખ માટે થાય છે. અહીં ઉદાહરણ આ પ્રમાણે જાણવું. તેમાં પ્રથમ શ્રોત્રેન્દ્રિયનું ઉદાહરણ કહે છે.

## ❋ શ્રોત્રેન્દ્રિયનું દૃષ્ટાન્ત ❋

વસંતપુર નગરમાં પુષ્પશાલ નામે ગીત–નૃત્યને કરનારો ગાંધર્વિક હતો. તેનો સ્વર અતીવ મીઠો પરંતુ રૂપ કદરૂપુ હતું. પોતાના ગીતો દ્વારા તેણે લોકોના હૃદયને ખેંચ્યા હતા. તે નગરમાં જ એક સાર્થવાહ હતો. જે દિશાયાત્રા માટે અન્ય સ્થાને ગયો હતો. તેને ભદ્રા નામે પત્ની હતી.

**૪૬. तत्र श्रोत्रेन्द्रिये उदाहरणं-वसन्तपुरे नगरे पुष्पशालो नाम गान्धर्विकः, सोऽतीव सुस्वरो विरूपश्च, तेन जनो हृतहृदयः कृतः तस्मिन्नगरे सार्थवाहो दिग्यात्रां गतोऽभूत्, भद्रा च तस्य भार्या, तया कस्मैचिदपि कारणाय दास्यः ★ च नामितानि इति मुद्रितेऽशुद्धः पाठः ।**

**पँयट्टियाओ[४७], ताओ सुणंतीओ अच्छंति, कालं न याणंति, चिरेण आगयाओ अंबाडियाओ भणंति–मा भट्टिणी ! रूसेह, जं अज्ज अम्हाहिं सुयं तं पसूणवि लोभणिज्जं, किमंग पुण सकण्णाणं ?, कहंति ?, ताहिं से कहियं, सा हियएण चिंतेइ-कहमहं पेच्छिज्जामि ? । अन्नया तत्थ णयरदेवयाए जत्ता जाया, सव्वं च णयरं गयं, सावि गया, लोगोवि पणमिऊणं पडिएइ पहायदेसकालो य वट्टइ, सोवि गाइऊण परिस्संतो परिसरे सुत्तो, सा य सत्थवाही दासीए समं आगया, पणिवइत्ता देउलं पयाहिणं करेइ, चेडीहिं दाइओ एस सोत्ति, सा संभंता, तओ गया, पेच्छइ विरूवं दंतुरं, भणइ–दिट्ठं से रूवेणं चेव गेयं, तीए निच्छूढं, चेतियं चऽणेण, कुसीलएहिं से कहियं, तस्स अमरिसो जाओ, तो से**

તેણીએ કોઈક કારણથી પોતાની દાસીઓને બહાર મોકલી. રસ્તામાં તે દાસીઓ આનું ગીત સાંભળવા ઉભી રહી. ઘણો કાળ પસાર થયો. પરંતુ દાસીઓને સમય ગયાનો ખ્યાલ આવ્યો નહિ. ઘણા લાંબા સમય પછી પાછી આવેલી દાસીઓને ભદ્રાએ ખખડાવી. ત્યારે દાસીઓએ કહ્યું – "હે સ્વામિની ! તમે ગુસ્સે ન થાઓ. અમે જે આજે સાંભળ્યું છે, તે પશુઓને પણ લોભાવી દે એવું હતું તો અમારા જેવા સકર્ણોની તો વાત જ શી કરવી ?" ભદ્રાએ પૂછ્યું – "એવું તે શું હતું ?" દાસીઓએ ભદ્રાને વાત કરી. ભદ્રા મનમાં વિચારવા લાગી છે કે – "હું કેવી રીતે જોઉં ?"

એકવાર તે નગરમાં નગરની અધિષ્ઠાત્રીની યાત્રા નીકળી. તે યાત્રા જોવા આખું નગર ગયું. તેમાં ભદ્રા પણ ગઈ. લોકો તે દેવતાને નમસ્કાર કરીને પાછા ફરે છે. તે વખતે સવારનો દેશ–કાળ વર્તી રહ્યો હતો. પુષ્પશાલ પણ ગીતો ગાવાથી થાકેલો આંગણામાં સુતો હતો. તે સમયે તે સાર્થવાહની પત્ની દાસી સાથે ત્યાં આવી. દેવને નમસ્કાર કરી દેવકુળની પ્રદક્ષિણા કરે છે. દાસીઓએ પુષ્પશાલ સામે આંગળી કરી ભદ્રાને દેખાડ્યો કે – "આ તે જ પુરુષ છે." ભદ્રા આકુળ–વ્યાકુલ થઈ. તે પુરુષ તરફ ગઈ અને કદરૂપા તથા બહાર આવેલા દાંતોવાળા પુષ્પશાલને જુએ છે. તે કહે છે – "આના રૂપ ઉપરથી જ આનું ગીત કેવું હશે તે જણાય જાય છે" એમ કહી તેણીએ પુષ્પશાલ ઉપર થૂંક્યું. તે જાગી ગયો ત્યારે અન્ય સાથીદારોએ ભદ્રાના વર્તનની વાત કરી. તેને ગુસ્સો ચઢ્યો. ત્યાર પછી તેને ભદ્રાના ઘર પાસે સવારના સમયે જેનો પતિ

---

**૪૭. प्रवर्त्तिताः, ताः श्रृण्वन्त्यस्तिष्ठन्ति, कालं न जानन्ति, चिरेणागता उपालब्धा भणन्ति-मा स्वामिनि ! रुषः, यदद्यास्माभिः श्रुतं तत्पशूनामपि लोभनीयं, किमङ्ग पुनः सकर्णानां ?, कथमिति ?, ताभिस्तस्यै कथितं, सा हृदयेन चिन्तयति-कथमहं प्रेक्षयिष्ये ? । अन्यदा तत्र नगरदेवताया यात्रा जाता, सर्वं च नगरं गतं, साऽपि गता, लोकोऽपि प्रणम्य प्रत्येति प्रभातदेशकालश्च वर्त्तते, सोऽपि निगीय परिश्रान्तः परिसरे सुप्तः, सा च सार्थवाही दास्या सममागता प्रणिपत्य देवकुलस्य प्रदक्षिणां करोति, चेटीभिर्दर्शितः एष स इति, सा संभ्रान्ता, ततो गता, प्रेक्षते विरूपं दन्तुरं, भणति-दृष्टं तस्य रूपेणैव गेयं, निष्ठ्यूतं, चेतितं चानेन, तस्मै कुशीलवैः ( विदूषकैः ) कथितं, तस्यामर्षो जातः, ततस्तस्या,**

[४८]घरमूले पच्चूसकालसमए गाइउमारद्धो पउत्थवइयानिबद्धं, जह आपुच्छइ जहा तत्थ चिंतेइ जहा लेहे विसज्जइ जहा आगओ घरं पविसइ, सा चिंतेइ-सभूयं वट्टइ ताए अब्भुट्ठेमित्ति आगासतल-गाओ अप्पा मुक्को, सा मया, एवं सोइंदियं दुक्खाय भवइ ॥ चक्खिदिए उदाहरणं–महुराए णयरीए जियसत्तू राया, धारिणी देवी, सा पयईए धम्मसद्धा, तत्थ भंडीरवणं चेइयं, तस्स जत्ता, राया सह देवीए णयरजणो य महाविभूईए निग्गओ, तत्थेगेणमिब्भ-पुत्तेण जाणसंठियाए देवीए जवणियंतरविणिग्गओ सालत्तगो सनेउरो अईव सुंदरो दिट्ठो चलणोत्ति, चिंतियं चऽणेणं–जीए एरिसो चलणो सा रूवेण तियससुंदरीणावि अब्भहिया, अज्झोववन्नो, पच्छा गविट्ठा–का एसत्ति ?, णाया, तग्घरपच्चासन्ने वीही गहिया, तीसे दासचेडीणं दुगुणं देइ महामणुस्सत्तणं च दाएइ, ताओ हयहिययाओ

બહારગામ ગયો હોય એવી સ્ત્રીનું વર્ણનં કરતા ગીતો ગાવાનું ચાલુ કર્યું. તેમાં પત્ની પોતાના પતિના સમાચાર માટે લોકોને કેવી રીતે પૂછે છે ?, કેવા પ્રકારનું ચિંતન કરે છે ?, કેવા પ્રકારના પત્રો લખે છે? એમ કરતા કરતા આવેલો પતિ ઘરમાં પ્રવેશ કરે ત્યાં સુધીનું સર્વ વર્ણન એ ગીતમાં કરે છે. ભદ્રા વિચારે છે – અરે ! શું ખરેખર મારો પતિ આવ્યો ? એમ વિચારી 'હું મળવા જાઉં' એમ વિચારતા–વિચારતા અગાસીમાંથી નીચે પડી અને મૃત્યુ પામી. આ પ્રમાણે શ્રોત્રેન્દ્રિય દુઃખ માટે થાય છે.

## ❋ ચક્ષુ–ઇન્દ્રિયનું દૃષ્ટાન્ત ❋

મથુરા નગરીમાં જિતશત્રુ રાજા હતો. તેને ધારિણી નામે દેવી હતી. તે સ્વભાવથી ધર્મમાં શ્રદ્ધાવાળી હતી. તે નગરમાં ભંડીરવનનામે ચૈત્ય હતું. (તેમાં ભંડીર નામના દેવની પ્રતિમા હતી.) તેની એકવાર યાત્રા નીકળી. રાજા દેવી અને નગરજન સાથે મહાસમૃદ્ધિવડે નીકળ્યો. તે સમયે એક શ્રેષ્ઠિપુત્રએ યાનમાં બેઠેલી રાણીનો પડદામાંથી બહાર નીકળેલો, અળતાના રસથી રંગાયેલો, ઝાંઝરથી યુક્ત એવો અતિસુંદર પગ જોયો. શ્રેષ્ઠિપુત્રે વિચાર્યું – 'જેનો પગ આટલો સુંદર હોય તે રૂપથી અપ્સરાઓ કરતા પણ અધિક હશે.' તેને દેવી ઉપર રાગ ઉત્પન્ન થયો. પાછળથી ગવેષણા કરતાં – 'આ કોણ છે ?' તે જાણી લીધું. તેણીના ઘરની પાસે જ શ્રેષ્ઠિપુત્રે પોતાની દુકાન ખોલી. દેવીની દાસીઓને ઓછા પૈસે વધુ સારી

४८. गृहमूले प्रत्यूषकालसमये गातुमारब्धः प्रोषितपतिकानिबद्धं, यथा आपृच्छति यथा तत्र चिन्तयति यथा लेखान् विसृजति यथाऽऽगतो गृहं प्रविशति, सा चिन्तयति-समीपे (भूमौ) वर्त्तते तदभ्युत्तिष्ठामीति आकाशतलादात्मा मुक्तः, सा मृता, एवं श्रोत्रेन्द्रियं दुःखाय भवति । चक्षुरिन्द्रिये उदाहरणं-मथुरायां नगर्यां जितशत्रू राजा, धारिणी देवी, सा प्रकृत्या धर्मश्रद्धा, तत्र भण्डीरवणं चैत्यं, तस्य यात्रा, राजा सह देव्या नगरजनश्च महाविभूत्या निर्गतः, तत्रैकेनेभ्यपुत्रेण यानसंस्थिताया देव्या यवनिकान्तरविनिर्गतः सालक्तकः सनूपुरोऽतीवसुन्दरो दृष्टश्चरण इति, चिन्तितं चानेन-यस्या ईदृशश्चरणः सा रूपेण त्रिदशसुन्दरीभ्योऽप्यभ्यधिका, अध्युपपन्नः, पश्चाद्गवेषिता-कैषेति ?, ज्ञाता तद्गृहप्रत्यासन्ने वीथी गृहीता, तस्या दासचेटीभ्यो द्विगुणं ददाति महामनुष्यत्वं च दर्शयते, ता हृतहृदयाः

[४१] कैयाओ, देवीएवि साहंति, संववहारो लग्गो, देवीएवि गंधाई तओ चेव गिण्हंति । अण्णया तेण भणियं–को एयाओ महामोल्ला गंधाइपुडियाओ उच्छोडेइ ?, चेडीए सिट्ठं–अम्हाणं सामिणित्ति, तेण एगाए पुडियाए भुज्जपत्ते लेहो लिहिऊण छूढो, जहा–'काले प्रसुप्तस्य जनार्दनस्य, मेघान्धकारासु च शर्वरीषु । मिथ्या न भाषामि विशालनेत्रे !. ते प्रत्यया ये प्रथमाक्षरेषु ॥१॥' पच्छा उग्गाहिऊणं विसज्जिया, देवीए उग्घाडिया, वाचिओ लेहो, चिंतियं चऽणाए–धिरत्थु भोगाणं, पडिलेहो लिहिओ, यथा–'नेह लोके सुखं किञ्चिच्छादितस्यां-हसा भृशम् । मितं च जीवितं नृणां, तेन धर्मे मतिं कुरु ॥१॥' पादप्रथमाक्षरप्रतिबद्धो भावार्थः पूर्वश्लोकवदवसेयः, तओ बंधिऊण पुडिया ण सुंदरगंधत्ति विसज्जिया चेडी, तीए पडिअप्पियापुडिया, भणियं चऽणाए-देवी आणवेइ–ण सुंदरा गंधत्ति, तुट्ठेण छोडिआ, दिट्ठो लेहो, अवगए लेहत्थे विसन्नो पोत्ताइं फालेऊण निग्गओ, चिंतियं चणेणं–जाव एसा

---

વસ્તુઓ આપે છે અને પોતાનું મહાસજ્જનપણું બતાવે છે. તે દાસીઓ તેની તરફ આકર્ષાય છે. દેવીને જઈને વાત કરે છે. આમ, રોજેરોજ ખરીદવાનો વ્યવહાર ચાલુ થયો. દેવી માટે દાસીઓ પણ સુગંધી દ્રવ્યો ત્યાંથી જ ગ્રહણ કરે છે.

એકવાર શ્રેષ્ઠિપુત્રે દાસીને પૂછ્યું કે – 'કોણ આ મહામૂલ્યવાળી ગંધપુટિકાઓ ખોલે છે ?' દાસીએ કહ્યું – 'અમારી સ્વામિની ખોલે છે.' તેણે એક પુટિકાના ભોજપત્ર ઉપર લેખ લખ્યો કે – 'હું તને ઈચ્છું છું' (અહીં શ્લોકના જે ચાર પદ છે. તે દરેક પાદના પ્રથમ અક્ષરો ગ્રહણ કરતા 'कामेमि ते' આવો અર્થ થાય છે.) પછી તેને પુટિકામાં મૂકી આપી દીધો. દેવીએ તે પુટિકા ઉઘાડી. લેખ વાંચ્યો અને તેણીએ વિચાર્યું કે ભોગોને ધિક્કાર છે. તેણીએ સામે લેખ લખ્યો કે – 'હું તને ઇચ્છતી નથી.' દરેક પાદના પ્રથમાક્ષરથી પ્રતિબદ્ધ એવો ભાવાર્થ પૂર્વશ્લોકની જેમ જાણી લેવો.

ત્યાર પછી તેણીએ પુટિકાને બાંધીને 'આ સારી સુગંધવાળી નથી' એમ કહી દાસીને પાછી આપવા મોકલી. દાસીએ પુટિકા પાછી આપી, અને કહ્યું – 'દેવીએ કહ્યું છે કે – ગંધ સારી નથી.' શ્રેષ્ઠિપુત્રે ખુશ થઈને પુટિકા ખોલી. લેખ જોયો. લેખનો અર્થ જાણતા તે ખિન્ન થયેલો વસ્ત્રોને ફાડીને નીકળી ગયો. (અર્થાત્ દેવી ઇચ્છતી નથી માટે અહીં આ નગરમાં રહેવું નથી. પણ જો હું બહુમૂલ્યવાળા વસ્ત્રો પહેરીને અન્ય દેશમાં જઈશ તો માર્ગમાં ચોરોનો ભય રહેશે – એમ વિચારી તે જીર્ણવસ્ત્રો ફાડીને તેના ટુકડાઓ પહેરીને દેશાંતર જવા નીકળ્યો – इति टीप्पणके)

---

४१. कृताः, देव्यायपि कथयन्ति, संव्यवहारो लग्नः, देव्या अपि गन्धादिस्तत एव गृह्णन्ति । अन्यदा तेन भणितं-क एता महामूल्या गन्धादिपुटिका उच्छोटयति ?, चेट्या शिष्टम्-अस्माकं स्वामिनीति, तेनैकस्यां पुटिकायां भूर्जपत्रे लेखो लिखित्वा क्षिप्तः, यथा-पश्चादुद्ग्राह्य विसृष्टा, देव्योद्घाटिता, वाचितो लेखः, चिन्तितं चानया-धिगस्तु भोगान्, प्रतिलेखो लिखितः-ततो बद्ध्वा पुटिका न सुन्दरगन्धेति विसृष्टा चेटी, तया प्रत्यर्पिता पुटिका, भणितं चानया-देव्याज्ञापयति-न सुन्दरा गन्धा इति तुष्टेन छोटिता, दृष्टो लेखोऽवगते लेखार्थे विषण्णः पोतानि स्फाटयित्वा निर्गतः, चिन्तितं चानेन-यावदेषा

[५०] न पाविया ताव कहमच्छामित्ति परिभमंतो य अन्नं रज्जं गओ, सिद्धपुत्ताण ढुक्को, तत्थ नीई वक्खाणज्जइ, तत्थवि अयं सिलोगा–

*"न शक्यं त्वरमाणेन, प्राप्तुमर्थान् सुदुर्लभान् ।*
*भार्यां च रूपसम्पन्नां, शत्रूणां च पराजयम् ॥१॥"*

एत्थ उदाहरणं–वसंतपुरे णयरे जिणदत्तो णाम सत्थवाहपुत्तो, सो य समणसड्ढो, इओ य चंपाए परममाहेसरो धणो णाम सत्थवाहो, तस्स य दुवे अच्छेरगाणि–चउसमुद्दसारभूया मुत्तावली धूया य कन्ना हारप्पभत्ति, जिणदत्तेण सुयाणि, बहुप्पगारं मग्गिओ ण देइ, तओऽणेण चट्टवेसो कओ, एगागी सयं चेव चंपं गओ, अंचियं च वट्टइ, तत्थेगो अज्झावगो, तस्स उवट्ठिओ पढामित्ति, सो भणति–भत्तं मे नत्थि, जइ नवरं कहिंपी लभसित्ति, धणो य भोयणं ससरक्खाणं देइ, तस्स उवट्ठिओ, भत्तं मे देहि जा विज्जं गेण्हामि, जं किंचि देमित्ति पडिसुयं, धूया संदिट्ठा-जं किंचि से

તેણે વિચાર્યું–'જો મને આ મળતી ન હોય તો અહીં હું કેવી રીતે રહું ?' એમ વિચારી ભમતો–ભમતો અન્ય રાજ્યમાં તે ગયો. ત્યાં તે સિદ્ધપુત્રો પાસે પહોંચ્યો. સિદ્ધપુત્રોમાં અંદર–અંદર નીતિનું વર્ણન ચાલી રહ્યું હતું. તેમાં આ શ્લોક આવ્યો કે–**'સુદુર્લભ એવા અર્થો, રૂપવતી પત્ની અને શત્રુનો પરાજય ઉતાવળ કરવાથી પ્રાપ્ત થતાં નથી ॥૧॥'** એ વિષયમાં એક ઉદાહરણ સિદ્ધપુત્રે કહ્યું–

વસંતપુર નગરમાં જિનદત્ત નામે સાર્થવાહનો પુત્ર હતો, અને તેને સાધુઓ ઉપર પુષ્કળ શ્રદ્ધા હતી. બીજી બાજુ ચંપાનગરીમાં અત્યંત ધનાઢ્ય ધન નામે સાર્થવાહ હતો. તેની પાસે બે આશ્ચર્યકારી વસ્તુ હતી–(૧) ચાર સમુદ્રનાં સારભૂત=શ્રેષ્ઠ મોતીઓમાંથી બનાવેલો હાર અને (૨) હારપ્રભા નામની દીકરી. જિનદત્તે બંને આશ્ચર્યોને સાંભળ્યા. ઘણી–ઘણી રીતે માંગણી કરવા છતાં ધનસાર્થવાહ આપતો નથી. તેથી જિનદત્ત બ્રાહ્મણનો વેષ કરી એકલો ચંપાનગરીમાં ગયો. તે સમયે ત્યાં (H)દુષ્કાળ ચાલી રહ્યો હતો. તે નગરમાં એક અધ્યાપક હતો. તેની પાસે જઈને જિનદત્તે કહ્યું – 'મારે ભણવું છે.' અધ્યાપકે કહ્યું – 'તને ખવડાવવા પુરતું ભોજન મારી પાસે નથી, પરંતુ જો તને કો'ક ઠેકાણે ભોજન મળતું હોય તો હું તને ભણાવું.'

ધન સાર્થવાહ દુષ્કાળમાં ભસ્મવાળા સંન્યાસીઓને ભોજન આપે છે. તેની પાસે જિનદત્ત ઉપસ્થિત થયો અને કહ્યું – 'હું ભણું ત્યાં સુધી તમે મને ભોજન આપો.' ધનસાર્થવાહે 'જે કંઈક

૫૦. न प्राप्ता तावत्कथं तिष्ठामीति परिभ्राम्यंश्चान्यत् राज्यं गतः, सिद्धपुत्रानाश्रितः, तत्र नीतिर्व्याख्यायते, तत्राप्ययं श्लोकः । अत्रोदाहरणं-वसन्तपुरे नगरे जिनदत्तो नाम सार्थवाहपुत्रः, स च श्रमणश्राद्धः, इतश्च चम्पायां परममाहेश्वरो धनो नाम सार्थवाहः, तस्य च द्वे आश्चर्ये-चतुःसमुद्रसारभूता मुक्तावली दुहिता च कन्या हारप्रभेति, जिनदत्तेन श्रुते, सुबहुप्रकारं मार्गितो न ददाति, ततोऽनेन विप्रवेषः कृतः, एकाकी स्वयमेव चम्पां गतः, अञ्चितं च वर्तते, तत्रैकोऽध्यापकस्तमुपस्थितः पठामीति, स भणति-भक्तं मे नास्ति, यदि परं क्वापि लभस इति, धनश्च भोजनं सरजस्केभ्यः ददाति, तमुपस्थितः, भक्तं मे देहि यावद्विद्यां गृह्णामि, यत्किञ्चिद्ददामीति प्रतिश्रुतं, दुहिता संदिष्टा-यत्किञ्चिदस्मै

[५१]दिज्जाहित्ति, तेण चिंतियं–सोहणं संवुत्तं, बल्लूरेण दामिओ विरालोत्ति, सो तं फलाइगेहिं उवचरइ, सा ण गेण्हइ उवयारं, सो य अतुरिओ णीइगाही थक्के थक्के संमं उवचरइ, ससरक्खा य तं खरंटेइ, तेण सा कालेणावज्जिया अज्झोववन्ना भणइ–पलायऽम्ह, तेण भणियं-अजुत्तमेयं, किंतु तुमं उम्मत्तिगा होहि, वेज्जावि अक्कोसेज्जाहि, तहा कयं, वेज्जेहिं पडिसिद्धा, पिया से अद्धिइं गओ, चट्टेण भणियं-परंपरागया मे अत्थि विज्जा, दुक्करो य से उवयारो, तेण भणियं–अहं करेमि, चट्टेण भणियं–पउंजामो, किंतु बंभयारीहिं कज्जं, तेण भणियं–अत्थि भगवंतो ससरक्खा ते आणेमी, चट्टेण भणियं–जइ कहवि अबंभयारिणो होंति तो कज्जं न सिज्झइ, ते य परियाविज्जंति, तेण भणियं-जे सुंदरा ते आणेमि, कतिहिं कज्जं ?, चउहिं, आणीया सद्दवेहिणो य दिसावाला, कयं मंडलं,

પણ આપીશ' એમ કહી તેની વાત સ્વીકારી. દીકરીને આદેશ આપ્યો કે–"જે કંઈપણ હોય તે આને આપજે." જિનદત્તે વિચાર્યું–'આતો બહુ સુંદર થયું, દેડકાવડે બિલાડો ખુશ કરાયો. (અર્થાત્ સામે ચઢીને 'ભાવતુ હતું ને વૈદે કીધું.') તે તેણીની ફળાદિ આપવા દ્વારા ભક્તિ કરે છે. પરંતુ તેની ભક્તિને આ કન્યા ઈચ્છતી નથી. તે નીતિનો જાણકાર ઉતાવળ કર્યા વિના અવસરે–અવસરે સમ્યગ્ રીતે તેણીની સેવા–ભક્તિ કરે છે. સંન્યાસીઓ આની નિંદા કરે છે. છતાં થોડા કાળ પછી તેનાવડે આવર્જિત કરાયેલી કન્યા કહે છે–'આપણે અહીંથી ભાગી જઈએ.' જિનદત્તે કહ્યું–'આ યોગ્ય નથી, પરંતુ તું ગાંડી બની જા અને વૈદ્યો ઉપર પણ તારે આક્રોશ કરવો.' તેણીએ તે જ પ્રમાણે કર્યું. વૈદ્યોએ પણ હાથ ઊંચા કરી દીધા. પિતા અધૃતિને પામ્યો.

ત્યારે બ્રાહ્મણે (જિનદત્તે) કહ્યું–'મારી પાસે પરંપરાએ આવેલી વિદ્યા છે, પણ તેનો ઉપાય દુષ્કર છે.' પિતાએ કહ્યું–'હું તે ઉપાયને કરીશ.' બ્રાહ્મણે કહ્યું–'આપણે પ્રયોગ કરીએ, પરંતુ તેમાં બ્રહ્મચારી પુરુષોની જરૂર પડશે.' પિતાએ કહ્યું–'ભગવન્ ! એવા સંન્યાસીઓ છે, તેમને હું બોલાવી લાવું.' બ્રાહ્મણે કહ્યું–'જો કોઈ રીતે તેઓ અબ્રહ્મચારી હશે, તો આપણું કાર્ય સિદ્ધ થશે નહિ અને તેઓ હેરાન થશે.' પિતાએ કહ્યું–'જેઓ સુંદર (એટલે કે બ્રહ્મચર્યમાં કટ્ટર) હશે તેઓને હું લઈ આવું, કેટલા પુરુષો જોઈશે ?' 'ચાર પુરુષોની જરૂર પડશે' એમ બ્રાહ્મણે કહ્યું. પિતા સંન્યાસીઓને અને શબ્દવેધી એવા દિશાપાલકોને લાવ્યો. તેઓનું માંડળું બનાવ્યું. દિશાપાલકોને

५१. दद्या इति, तेन चिन्तितं-शोभनं संवृत्तं, दुर्दरेण (वल्लूरेण) दामितो बिडाल इति, स तां फलादिकैरुपचरति, सा न गृह्णाति उपचारं, स चात्वरितो नीतिग्राही अवसरेऽवसरे सम्यगुपचरति, सरजस्काश्च तं निर्भर्त्सयति, तेन सा कालेनावर्जिता अध्युपपन्ना भणति-पलाय्यतेऽस्माभिः, तेन भणितम्-अयुक्तमेतत्, किन्तु त्वमुन्मत्ता भव, वैद्यानपि आक्रोशेः, तथा कृतं, वैद्यैः प्रतिषिद्धा, पिता तस्या अधृतिं गतः, विप्रेण भणितं-परम्परागताऽस्ति मे विद्या, दुष्करश्च तस्या उपचारः, तेन भणितम्-अहं करोमि, विप्रेण भणितं-प्रयुञ्ज्मः, किन्तु ब्रह्मचारिभिः कार्यं, तेन भणितम्-सन्ति भगवन्तः सरजस्कास्तानानयामि, चट्टेन भणितं-यदि कथञ्चिदपि अब्रह्मचारिणो भविष्यन्ति तदा कार्यं न सेत्स्यति, ते च पर्यापद्यन्ते, तेन भणितं-ये सुन्दरास्तान् आनयामि, कतिभिः कार्यं ?, चतुर्भिः, आनीताः शब्दवेधिनश्च दिक्पालाः, कृतं मण्डलं,.

दिसापाला[५२] भणिया–जओ सिवासद्दो तं मणागं विंधेज्जह, ससरक्खा य भणिया हुंफुटत्तिकए सिवारूयं करेज्जह, दिक्करिगा भणिया-तुमं तह चेव अच्छेज्जह, तहा कयं, विद्धा ससरक्खा, ण पउणा चेडी, विपरीणओ धण्णो, चट्टेण वुत्तं-भणियं मए-जइ कहवि अबंभचयारिणो होंति कज्जं न सिज्झईत्यादि, धणेण भणियं-को उवाओ ?, चट्टेण भणियं-एरिसा बंभयारिणो हवंति, गुत्तीओ कहेइ, दगसोकराइसु गवेसिओ नत्थि, साहूण ढुक्को तेहिं सिट्ठाओ 'वसहिकहणिसिज्जि-दियकुड्डुंतरपुव्वकीलियपणीए । अइमायाहारविभूसणा य नव बंभगुत्तीओ ॥१॥ एयासु वट्टमाणो सुद्धमणो जो य बंभयारी सो । जम्हा उ बंभचेरं मणोणिरोहो जिणाभिहियं ॥२॥' उवगए भणिया–

કહ્યું–'જ્યાંથી શિયાળના શબ્દો આવે તે દિશામાં તમારે વિંધવું' અને આ બાજુ સંન્યાસીઓને કહ્યું – 'જ્યારે હું 'હું ફૂટ્' એવો શબ્દ બોલું ત્યારે તમારે શિયાળના રડવાનો અવાજ કરવો.' દીકરીને કહ્યું – 'તારે તે જ રીતે રહેવું. (અર્થાત્ સુધરવું નહીં.') સર્વેએ બ્રાહ્મણના કહ્યા પ્રમાણે કર્યું. તેમાં સંન્યાસીઓ વિંધાયા. દીકરીની તબિયત સુધરી નહિ. તેથી પિતા ધન વિપરિણામ પામ્યો.

બ્રાહ્મણે કહ્યું – 'મેં કહ્યું હતું કે જો કોઈ અબ્રહ્મચારી હશે તો કાર્ય સિદ્ધ થશે નહિ વિગેરે.' ધને પૂછ્યું – 'હવે શું ઉપાય કરવો ?' બ્રાહ્મણે કહ્યું – બ્રહ્મચારીઓ આવા પ્રકારના હોવા જોઈએ. (અહીં બ્રહ્મચારી વ્યક્તિના સ્વરૂપનું વર્ણન કરે છે. તેમાં) નવ વાડરૂપ ગુપ્તિઓને કહે છે. આ સાંભળી પિતા પરિવ્રાજકોમાં બ્રહ્મચારીની તપાસ કરે છે, પરંતુ મળતો નથી. તેથી તપાસ કરતા કરતા સાધુઓ પાસે તે પહોંચ્યો. ત્યારે સાધુઓએ ગુપ્તિઓનું વર્ણન કર્યું – "સંસક્ત વસતિનો ત્યાગ, સ્ત્રીકથાનો ત્યાગ, સ્ત્રી જ્યાં બેઠી હોય તે સ્થાનરૂપ નિષિદ્યાનો ૪૮ મિ. સુધી પુરૂષે ત્યાગ કરવો, અંગોપાંગ જોવા નહિ, ભીંતની એક બાજુ પુરુષ-સ્ત્રીની મૈથુનસંબંધી વાતોને ભીંતની બીજી બાજુ ઊભા રહી સાંભળવી નહિ, પૂર્વક્રીડિતનું અસ્મરણ, પ્રણીતભોજનનો ત્યાગ, અતિમાત્રાએ આહારનો ત્યાગ અને વિભૂષાનો ત્યાગ. આ પ્રમાણે નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે. ॥૧॥ જે આ ગુપ્તીઓનું શુદ્ધ મને પાલન કરે છે, તે બ્રહ્મચારી છે, કારણ કે બ્રહ્મચર્યને મનના નિરોધરૂપે જિનેશ્વરોએ કહ્યું છે. ॥૨॥

બ્રહ્મચારીના સ્વરૂપને જાણ્યા પછી પિતાએ સાધુઓને કહ્યું – 'મારે બ્રહ્મચારી સાધુઓની

५२. दिक्पाला भणिताः-यतः शिवाशब्द आयाति तं शीघ्रं विध्येत, सरजस्काश्च भणिताः-हुंफुडितिकृते शिवारुतं कुर्यात, दुहिता भणिता-त्वं तथैव तिष्ठेः, तथा कृतं, विद्धाः सरजस्काः, न प्रगुणीभूता पुत्री, विपरिणतो धन्यः, चट्टेनोक्तं-भणितं मया-यदि कथमप्यब्रह्मचारिणो भवेयुः कार्यं न सेत्स्यति, धनेन भणितं-क उपायः ?, विप्रेण भणितं-ईदृशो ब्रह्मचारिणः स्युः, गुप्तीः कथयति, परिव्राजकेषु गवेषितो नास्ति, साधूनां पार्श्वे आगतः, तैः शिष्टाः-वसतिः कथा निषद्येन्द्रियाणि कुड्यान्तरं पूर्वक्रीडितं प्रणीतम् । अतिमात्राहारो विभूषणं च नव ब्रह्मचर्यगुप्तयः ॥१॥ एतासु वर्त्तमानः शुद्धमना यश्च ब्रह्मचारी सः । यस्माच्च ब्रह्मचर्यं मनोनिरोधो जिनाभिहितम् ॥२॥ उपगते भणिताः–

बंभयारिहिं मे कज्जं, साहू भणइ-न कप्पइ निग्गंथाणमेयं, चट्टस्स कहियं-लद्धा बंभयारी ण पुण इच्छंति, तेण भणियं-एरिसा चेव परिचत्तलोगवावारा मुणओ भवंति, किंतु पूजिएहिंवि तेहिं कज्जसिद्धी होइ, तं नामाणि लिक्खंति, न ताणि खुद्दवंतरी अक्कमइ, पूइया, मंडलं कयं, साहूणामाणि लिहियाणि, दिसावाला ठविया, न कूवियं सिवाए, पउणा चेडी, धणो साहूणमल्लियंतो सड्ढो जाओ, धम्मोवगारित्ति चेडी मुत्ताफलमाला य तस्सेव दिन्ना, एवं अतुरंतेण सा तेणं पावियत्ति सिलोगत्थो ॥ सो एयं सुणिऊण परिणामेइ-अहंपि सदेसं गंतुमतुरंतो तत्थेव किंचि उवायं चिंतिस्सामित्ति गओ सदेसं, तत्थ य विज्जासिद्धा पाणा दंडरक्खा, तेण ते ओलग्गिया, भणंति-किं ते अम्हेहिं कज्जं ?, सिट्ठं-देविं घडेह, तेहिं चिंतियं-उच्छोभं से देमो जेण राया परिचयइ, तेहिं मारी

જરૂર છે.' સાધુઓએ કહ્યું – 'નિર્ગ્રંથ સાધુઓને આ રીતે કરવું કલ્પતું નથી.' પિતાએ આવીને બ્રાહ્મણને વાત કરી કે 'બ્રહ્મચારીઓ મળ્યા, પરંતુ તેઓ આ વિધિ કરવા ઈચ્છતાં નથી.' બ્રાહ્મણે કહ્યું – 'મુનિઓ તો આવા જ લોકવ્યાપારને છોડી દેનારા હોય છે, પરંતુ તેમની પૂજા કરવા માત્રથી પણ આપણા કાર્યની સિદ્ધિ થઈ જશે.' બ્રાહ્મણ સાધુઓના નામો લખે છે. હલકા વ્યંતરો તે નામો ઉપર આક્રમણ કરતા નથી. તે સાધુઓની પૂજા કરી. (અર્થાત્ જે નામો ઉપર વ્યંતરોએ આક્રમણ કર્યું નહિ, તે નામના સાધુઓની પૂજા કરી.)

એક માંડળું બનાવ્યું. તેમાં સાધુઓના નામો લખ્યા. ચારેબાજુ દિશાપાલકોને ઊભા રાખ્યા. શિયાળનો અવાજ આવ્યો નહિ. દીકરીનો રોગ દૂર થયો. ધન સાર્થવાહ સાધુઓ તરફ આકર્ષાયો અને શ્રાવક બન્યો. 'આ મારો ધર્મોપકારી છે' એમ વિચારી પોતાની દીકરી અને મોતીઓની માળા તે બ્રાહ્મણને આપી. આ પ્રમાણે ઉતાવળ કર્યા વિના જિનદત્તે હારપ્રભાને પ્રાપ્ત કરી. આ પ્રમાણે શ્લોકાર્થ જાણવો. (અર્થાત્ સિદ્ધપુત્રો પાસે न शक्यं त्वरमाणेन... જે શ્લોક શ્રેષ્ઠીપુત્રે સાંભળ્યો હતો. તેનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો.) આ કથાનકને સાંભળીને તે શ્રેષ્ઠિપુત્ર વિચારે છે કે – 'હું પણ પોતાના દેશમાં જઈને ઉતાવળ કર્યા વિના ત્યાં જ કંઈક ઉપાયને વિચારીશ.' એમ વિચારી તે પોતાના દેશે પાછો ફર્યો. ત્યાં વિદ્યાસિદ્ધ એવા ચાંડાળો દંડરક્ષક તરીકે હતા. શ્રેષ્ઠિપુત્ર તેઓની સેવા કરવા લાગ્યો. ચાંડાળો પૂછે છે – 'તારે અમારું શું કામ છે ?' શ્રેષ્ઠિપુત્રે કહ્યું – 'મારો દેવી સાથે મેલાપ કરાવી આપો.' ચાંડાળોએ વિચાર્યું કે 'રાણી ઉપર આળ ચઢાવીએ,

५३. ब्रह्मचारिभिर्मे कार्यं, साधवो भणन्ति-न कल्पते निर्ग्रन्थानामेतत्, चट्टाय कथितं, लब्धा ब्रह्मचारिणो न पुनरिच्छन्ति, तेन भणितं-ईदृशा एव परित्यक्तलोकव्यापारा मुनयो भवन्ति, किं तु पूजितैरपि तैः कार्यसिद्धिर्भवति, तन्नामानि लिख्यन्ते, न तानि क्षुद्रव्यन्तर्य आक्रमन्ते, पूजिताः, मण्डलं कृतं, साधुनामानि लिखितानि, दिक्पालाः स्थापिताः, न कूजितं शिवया, प्रगुणा (जाता) दुहिता, धनः साधूनाश्रयन् श्राद्धो जातः, धर्मोपकारीति चेटी मुक्ताफलमाला च तस्मायेव दत्ता, एवमत्वरमाणेन सा तेन प्राप्तेति श्लोकार्थः ॥ स एतत् श्रुत्वा परिणमयति-अहमपि स्वदेशं गत्वाऽत्वरमाणस्तत्रैव कञ्चिदुपायं चिन्तयिष्यामीति गतः स्वदेशं, तत्र च विद्यासिद्धाश्चण्डाला दण्डरक्षाः, तेन तेऽवलगिताः, भणन्ति-किं तवास्माभिः कार्यम् ?, शिष्टं, देवीं मीलयत, तैश्चिन्तितम्-आलं तस्या दद्मो येन राजा परित्यजति, तैर्मारि-

विउव्विया, लोगो मरिउमारद्धो, रन्ना पाणा समाइट्ठा-लभेह मारिं, तेहिं भणियं-गवेसामो, विज्जाए देवीवासघरे माणुसा हत्थपाया विउव्विया, मुहं च से रुहिरलित्तं कयं, रण्णो निवेइयं-वत्थव्वा चेव मारी, नियघरे गवेसाहि, रण्णा गविट्ठा दिट्ठा य, पाणा समाइट्ठा-सविहीए विवादेह तो खाइं मंडले मज्झरत्तंमि अप्पसागारिए वावाएयव्वा, तहत्ति पडिसुए णीया सगिहं रत्तिं मंडलं, सो य तत्थ पुव्वालोइयकवडो गओ, सखलियारं मारेउमारद्धा, तेण भणियं-किं एयाए कयंति, ते भणंति-मारी एसत्ति मारिज्जइ, तेण भणियं-कहमेयाए आगिईए मारी हवइत्ति ?, केणति अवसद्दो ते दिण्णो, मा मारेह, मुयह एयं, ते नेच्छंति, गाढतरं लग्गो, अहं भे कोडिमोल्लं अलंकारं देमि मुयह एयं, मा मारेहिति, बलामोडीए अलंकारो उवणीओ, तीए चिंतियं-निक्कारणवच्छल्लोत्ति तंमि पडिबंधो

જેથી રાજા તેણીને છોડી દે.' ચાંડાળોએ મારી વિકુર્વી. લોકો મરવા લાગ્યા. રાજાએ ચાંડાળોને કહ્યું – 'મારીને રોકો.' તેઓએ કહ્યું – 'અમે તપાસ કરીએ.' પોતાની વિદ્યાથી દેવીના વાસગૃહમાં મનુષ્યોનાં હાથ–પગ વિકુર્વ્યા અને રાણીનું મુખ લોહીવાળું કર્યું. ત્યાર પછી ચાંડાળોએ રાજાને જઈને કહ્યું કે – 'તમારે ત્યાં જ મારી છે, તમારા ઘરમાં તમે તપાસ કરો.' રાજાએ તપાસ કરી, તેમાં રાણીને જોઈ. રાજાએ તુરંત ચાંડાળોને આદેશ આપ્યો કે – 'આને તમે તમારી વિધિવડે મારી નાંખો, પરંતુ તમારા મંડળમાં મધ્યરાત્રિએ જ્યારે કોઈ ન હોય ત્યારે તમારે તેણીને મારી નાંખવી.' ચાંડાળોએ તહત્તિ કરવા પૂર્વક રાજાની વાતનો સ્વીકાર કર્યો.

ચાંડાળો તેણીને રાત્રિએ પોતાના મંડળમાં પોતાના ઘરે લઈ ગયા અને પહેલેથી જ જેની સાથે બધી વાતચીત થઈ ગઈ હતી તે શ્રેષ્ઠિપુત્ર પણ ત્યાં આવ્યો. વિધિપૂર્વક રાણીને મારવાનું ચાલુ કર્યું. ત્યારે શ્રેષ્ઠિપુત્રે કહ્યું – 'આણે શું કર્યું છે ?' તેઓએ કહ્યું – 'આ મારી છે, એટલે અમે મારીએ છીએ.' શ્રેષ્ઠિપુત્રે કહ્યું – 'આવી સુંદર આકૃતિવાળી સ્ત્રીવડે વળી મારી કેવી રીતે થાય ?, તમને કોઈએ ખોટા સમાચાર આપ્યા લાગે છે, તેથી તમે મારો નહિ પરંતુ છોડી દો.' તેઓ છોડવા ઈચ્છતાં નથી. શ્રેષ્ઠિપુત્ર વધુ પ્રયત્નવડે છોડવાની વિનંતી કરવા લાગ્યો અને કહ્યું – 'હું તમને કરોડ રૂપિયાના અલંકારો આપું, આને છોડી દો, મારો નહિ.' બળાત્કારે (ક્યાંકથી) અલંકાર તે લઈને આવ્યો. રાણીએ વિચાર્યું – 'આ નિષ્કારણવત્સલ છે' (અર્થાત્ કોઈપણ જાતના

૫૪. विकुर्विता, लोको मर्त्तुमारब्धः, राज्ञा चाण्डालाः समादिष्टाः-लभध्वं मारी, तैर्भणितं-गवेषयामो विद्यया, देवीवासगृहे मानुष्या हस्तपादा विकुर्विताः, मुखं च तस्या रुधिरलिप्तं कृतं, राज्ञः निवेदितं-वास्तव्यैव मारी, निजगृहे गवेषय, राज्ञा गवेषिता दृष्टा च, चाण्डालाः समादिष्टाः स्वविधिना व्यापादयत तदाऽवश्यं मण्डले मध्यरात्रेऽल्पसागारिके व्यापदयितव्या, तथेति प्रतिश्रुते नीता स्वगृहं रात्रौ मण्डलं, स च तत्र पूर्वालोचितकपटो गतः, सोपचारं मारयितुमारब्धा, तेन भणितं-किमेतया कृतमिति, ते भणन्ति-मार्येषेति मार्यते, तेन भणितं-कथमेतयाऽऽकृत्या मारिर्भवतीति, केनचिदपशब्दो दत्त युष्माकं, मा मारयत, मुञ्चतैनां, ते नेच्छन्ति, गाढतरं लग्नः, अहं युष्मभ्यं कोटिमूल्यमलङ्कारं ददामि मुञ्चतैनां मा मारयतेति बलात् अलङ्कार उपनीतः, तया चिन्तितं-निष्कारणवत्सल इति तस्मिन् प्रतिबन्धो

जाओ, पाणेहिं भणियं-जइ ते निब्बंधो एयंपि न मारेमो, किंतु निव्विसयाए गंतव्वं, पडिसुए मुक्का, सो तं गहाय पलाओ, तो पाणप्पओ वच्छलगोत्ति दढयरं पडिबद्धा आलावाईहिं घडिया, देसंतरंमि भोगे भुंजंता अच्छंति । अण्णया सो पेच्छणगे गंतुं पयट्टो, सा नेहेण गंतुं न देइ, तेण हसियं, तीए पुच्छिओ-किमेयंति ?, निब्बंधे सिट्टं, निव्विण्णा, तहारूवाणं अज्जाणं अंतिए धम्मं सोच्चा पव्वइया, इयरोवि अट्टदुहट्टो मरिऊण तद्दिवसं चेव नरगे उववण्णो । एवं दुक्खाय चक्खिदियंति ॥ घाणिंदिए उदाहरणं-कुमारो गंधप्पिओ, सो य अणवरयं णावाकडएण खेल्लइ, माइसवत्तीए तस्स मंजूसाए विसं छोढूण णईए पवाहियं, तेण रमंतेण दिट्ठा, उत्तारिया, उग्घाडिऊण पलोइउं

કારણ વિના મારી માટેની આને કેટલી લાગની છે.) શ્રેષ્ઠિપુત્ર ઉપર રાણીને રાગ ઉત્પન્ન થયો. ચાંડાળોએ કહ્યું – 'જો તારો આગ્રહ હોય તો અમે એને નહિ મારીએ, પરંતુ તમારે આ દેશમાંથી નીકળી જવું.' બંનેએ આ વાત સ્વીકારી. તેથી રાણીને ચાંડાળોએ છોડી દીધી. શ્રેષ્ઠિપુત્ર રાણીને લઈને ભાગી છુટ્યો. તેથી 'મારા માટે પ્રાણ પણ આપનારો આ વત્સલ છે' એવું જાણી વધુ ગાઢતર રાણીને રાગ ઉત્પન્ન થયો.

તેની સાથેની વાતચીતમાં શ્રેષ્ઠિપુત્રે રાણીને પોતાની બનાવી લીધી. દેશાંતરમાં જઈને ભોગોને ભોગવતા બંને રહે છે. એકવાર શ્રેષ્ઠિપુત્ર નાટક જોવા જવાની તૈયારી કરે છે. રાણી સ્નેહને કારણે તેને જવા દેતી નથી. આ જોઈ તે હસવા લાગ્યો. રાણીએ પૂછ્યું – 'કેમ હસો છો ?' ઘણો આગ્રહ કરતા સર્વ હકીકત રાણીને કહી. રાણી વૈરાગ્ય પામી.. તેવા પ્રકારની સાધ્વીજીઓ પાસે ધર્મ સાંભળીને રાણીએ દીક્ષા લીધી અને તે શ્રેષ્ઠિપુત્ર આર્તધ્યાનને પામેલો તે જ દિવસે મરીને નરકમાં ઉત્પન્ન થયો. આ પ્રમાણે ચક્ષુ–ઇન્દ્રિય દુઃખ માટે થાય છે.

## ❋ ઘ્રાણેન્દ્રિયનું ઉદાહરણ ❋

એક કુમાર હતો. જેને ગંધ ઘણી પ્રિય હતી. તે સતત હોડીવડે રમ્યા કરે છે. સાવકી માતાએ તેને મારવા પેટીમાં વિષ નાંખીને નદીમાં પેટી તરતી મૂકી. નદી કિનારે રમતા તેણે તે પેટી જોઈ. નદીમાંથી પેટીને બહાર કાઢીને તે પેટીને ઉઘાડીને જોવા લાગ્યો. તેમાં એક બીજી પેટી હતી, તે પેટીને ઉઘાડી. તો તેમાં બીજી એક પેટી હતી. આમ પેટીઓ ઉઘાડતા ઉઘાડતા અંતે તેના

૫૫. जातः, चाण्डालैर्भणितं-यदि ते निर्बन्ध एनां नैव मारयामः, किंतु निर्विषयतया (देशाद्बहिः) गन्तव्यं, प्रतिश्रुते मुक्ता, स तां गृहीत्वा पलायितः, ततः प्राणप्रदो वत्सल इति दृढतरं प्रतिबद्धाऽऽलापादिभिर्मीलिता, देशान्तरे भोगान् भुञ्जानौ तिष्ठतः । अन्यदा स प्रेक्षणके गन्तुं प्रवृत्तः, सा स्नेहेन गन्तुं न ददाति, तेन हसितं, तया पृष्टः-किमेतदिति, निर्बन्धे शिष्टं, निर्विण्णा, तथारूपाणामार्याणामन्तिके धर्मं श्रुत्वा प्रव्रजिता, इतरोऽप्यार्तदुःखार्तो मृत्वा तद्दिवसं (तद्दोषादेव) चैव नरके उत्पन्नः । एवं दुःखाय चक्षुरिन्द्रियमिति ॥ घ्राणेन्द्रिये उदाहरणं-कुमारो गन्धप्रियः, स चानवरतं नावाकटकेन क्रिडति मातृसपत्न्या तस्य मञ्जूषायां विषं क्षिप्त्वा नद्यां प्रवाहितं, तेन रममाणेन दृष्टा, उत्तारिता, उद्घाट्य प्रलोकयितुं

[૫૬]पवत्तो, पडिमंजूसाईएहिं गंधेहिं समुग्गको दिट्ठो, सोऽणेण उग्घाडिऊण जिंघिओ मओ य । एवं दुक्खाय घाणिंदियन्ति ॥ जिब्भिदिए उदाहरणं-सोदासो राया मंसप्पिओ, अमाघाओ, सूयस्स मंसं बीरालेण गहियं, सोयरिएसु मग्गियं, न लद्धं, डिंभरूवं मारियं, सुसंहियं पुच्छइ, कहियं, पुरिसा से दिन्ना-मारेहत्ति, नयरेण नाओ भिच्चेहि य रक्खसोत्ति महुं पाएत्ता अडवीए पवेसितो, चच्चरे ठिओ गयं गहाय दिणे २ माणुस्सं मारेइ, केइ भणंति-विरहे जणं मारेति, तेणंतेणं सत्थो जाइ, तेण सुत्तेण न जाणिओ, साहू य आवस्सयं करेन्ता फिडिया, ते दट्ठूणं ओलग्गइ, तवेण न सक्केइ अल्लिइउं, चिंतइ, धम्मकहणं, पव्वज्जा । अन्ने भणंति-सो भणइ वच्चंते-ठाह, साहू भणइ-अम्हे

હાથમાં ગંધવાળો એક દાબડો આવ્યો. તે દાબડો ઉઘાડીને કુમાર તેને સૂંઘે છે અને મૃત્યુ પામે છે. આ પ્રમાણે ઘ્રાણેન્દ્રિય દુઃખ માટે થાય છે.

### ❀ રસનેન્દ્રિયનું ઉદાહરણ ❀

સોદાસ નામે રાજા હતો. તે માંસપ્રિય હતો. (એકવાર કોઈક સારા દિવસે) [H]અમારીની ઘોષણા થઈ. તેવામાં બીલાડો (પૂર્વે ભેગું કરેલું) પોપટનું માંસ લઈ ગયો. તેથી રાજાએ કસાઈને ત્યાં માંસની તપાસ કરાવી, પણ પ્રાપ્ત થયું નહિ. ત્યારે રસોઈયાએ બાળકને મારી તેનું માંસ રાંધ્યું. (રાજાને ભોજનમાં માંસ પીરસવામાં આવ્યું.) રાજાએ પૂછ્યું – ('આ માંસ ક્યાંથી આવ્યું ?'). રસોઈયાએ સર્વ હકીકત કહી.. રાજાએ રસોઈયાને પુરુષો આપ્યા અને કહ્યું – 'રોજેરોજ તારે (બાળકોને) મારવા.' નગરવાસીને આ વાતની જાણ થઈ. તેથી તેઓએ 'આ રાક્ષસ છે' એમ માની રાજસેવકો દ્વારા રાજાને દારૂ પીવડાવીને જંગલમાં પ્રવેશ કરાવ્યો. માંસપ્રિય હોવાથી તે રાજા ચાર રસ્તે ઊભો રહેલો હાથીને લઈને દિવસે–દિવસે મનુષ્યોને મારે છે. અહીં કેટલાક કહે છે કે – 'એકાન્તમાં જનને મારે છે.'

તે માર્ગે એકવાર ત્યાંથી સાર્થ પસાર થાય છે. તે સૂતેલો હોવાથી પસાર થતાં સાર્થનો તેણે ખ્યાલ આવ્યો નહિ. સાર્થ સાથે રહેલા સાધુઓ પ્રતિક્રમણ કરવા રહ્યા તેમાં પાછળ પડી ગયાં, સાધુઓને જોઈને રાજા તેમની પાછળ પડ્યો. પરંતુ તપના પ્રભાવે આક્રમણ કરવા રાજા સમર્થ બનતો નથી. તે વિચારમાં પડે છે. ત્યાં ધર્મકથા થાય છે. પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. અહીં કેટલાક આચાર્યો કહે છે કે – 'તે રાજા જતા એવા તે સાધુઓને કહે છે કે 'ઊભા રહો'. ત્યારે

૫૬. प्रवृत्तः, प्रतिमञ्जूषादिगैर्गन्धैः समुद्गो दृष्टः सोऽनेनोद्घाट्य घ्रातो मृतश्च । एवं दुःखाय घ्राणेन्द्रियमिति । जिह्वेन्द्रिये उदाहरणं-सोदासो राजा मांसप्रियः, अमाघातः, शुकस्य मांसं मार्जारेण गृहीतं, शौकरिकेषु मार्गितं, न लब्धं, डिम्भरूपं मारितं, सुसंहितं पृच्छति, कथितं, पुरुषास्तस्मै दत्ता-मारयतेति, नागरेण ज्ञातो भृत्यैश्च राक्षस इति मद्यं पाययित्वा अटव्यां प्रवेशितः, चत्वरे स्थितो गजं गृहीत्वा दिने २ मनुष्यं मारयति, केचिद्भणन्ति-विरहे जनं मारयति, तेन मार्गेण सार्थो याति, तेन सुप्तेन न ज्ञातः, साधवश्चावश्यकं कुर्वन्तः स्फिटिताः, तान् दृष्ट्वाऽवलगयन्ते, तपसा न शक्नोति आश्रयितुं, चिन्तयति, धर्मकथनं, प्रव्रज्या । अन्ये भणन्ति-स भणति व्रजतः-तिष्ठत, साधवो भणन्ति-वयं

**ठियाँ तुमं चेव ठाहि, चिंतेइ, संबुद्धो, साइसया आयरिया, ते ओहिनाणी, केत्तियाणमेवं होहि। एवं दुक्खाय जिब्भिदियंति॥ फासिंदिए उदाहरणं-वसंतपुरे णयरे जियसत्तू राया, सुकुमालिया से भज्जा, तीसे अईव सुकुमालो फासो, राया रज्जं न चिंतेइ,सो एयं निच्चमेव पडिभुज्जमाणो अच्छइ, एवं कालो वच्चइ, भिच्चेहिं सामंतेहिं मंतेऊण तीए सह निच्छूढो, पुत्तो से रज्जे ठविओ, ते अडवीए वच्चंति, सा तिसाइया, जलं मग्गियं, अच्छीणि से बद्धाणि मा बीहेहित्ति, छिराउहिरं पज्जिया, रुहिरे मूलिया छूढा जेण ण थिज्जइ, छुहाइया, उरुमंसं दिन्नं, उरुगं संरोहिणीए रोहियं, जणवयं पत्ताणि, आभरणगाणि सारवियाणि, एगत्थ वाणियत्तं करेइ, पंगू य से वीहीए**

સાધુઓ કહે છે – 'અમે ઊભા છીએ, તું જ ઊભો રહે. (અર્થાત્ અમે તો પાપકર્મથી અટક્યા છીએ, તું અટક.) તે વિચારમાં પડે છે. બોધ પામ્યો. આચાર્ય અતિયશથી યુક્ત હતા, અર્થાત્ તેઓ અવધિજ્ઞાની હતા. કેટલાકોનું આ પ્રમાણે થાય ? (અર્થાત્ માંસમાં લોલુપ હોવા છતાં રાજાને આવા વિશિષ્ટ આચાર્યની પ્રાપ્તિ થઈ. રાજા બોધ પામ્યો. પરંતુ આવા કેટલા ? રસનેન્દ્રિયમાં લોલુપ એવા કેટલાને આ રીતે સુગુરુનો જોગ મળે ? અર્થાત્ બધાને મળે નહિ.) આમ રસનેન્દ્રિય પણ દુઃખ માટે થાય છે. (અહીં રાજાને પોતાનું રાજ્ય છોડી જંગલમાં ભટકવું પડ્યું એ દુઃખરૂપે જાણવું.)

### ❋ સ્પર્શેન્દ્રિયનું ઉદાહરણ ❋

વસંતપુર નગરમાં જિતશત્રુ નામે રાજા હતો, તેને સુકુમાલિકા નામે રાણી હતી. તેણીનો સ્પર્શ અતીવ સુકુમાલ હતો. રાણીમાં મગ્ન રાજા રાજ્યની ચિંતા કરતો નથી. રાજા રોજેરોજ તેને ભોગવવામાં મગ્ન છે. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થાય છે. ખંડિયા રાજાઓએ અંદર–અંદર મંત્રણા કરીને નોકરો દ્વારા રાણી સાથે રાજાને રાજ્ય બહાર કાઢ્યો. તેના પુત્રને રાજ્ય ઉપર સ્થાપ્યો. આ બાજુ બંને રાજા–રાણી જંગલમાં જાય છે. એવામાં સુકુમાલિકાને તૃષા લાગી. પાણીની તપાસ કરી. (પરંતુ મળ્યું નહિ. તેથી) જંગલમાં ડર ન લાગે માટે સુકુમાલિકાની આંખો ઉપર પટ્ટો બાંધ્યો અને પોતાની નસમાંથી લોહી કાઢી તેણીને પીવડાવ્યું. વધેલા લોહીમાં થીજી ન જાય માટે અમુક વનસ્પતિના મૂળિયા નાંખ્યા.

હવે ભૂખથી સુકુમાલિકા પીડાવા લાગી. તેથી પોતાના સાથળમાંથી માંસ કાઢી તેણીને ખાવા આપ્યું. સંરોહણી ઔષધિવડે સાથળના ભાગને રુઝાવી દીધો. આગળ જતા તેઓ બંને નગરમાં

५७. स्थितास्त्वमेव तिष्ठ, चिन्तयति, संबुद्धः, सातिशया आचार्याः, ते अवधिज्ञानिनः, कियतामेवं भविष्यति। एवं दुःखाय जिह्वेन्द्रियमिति। स्पर्शनेन्द्रिय उदाहरणं-वसन्तपुरे नगरे जितशत्रू राजा, सुकुमालिका तस्य भार्या, तस्या अतीव सुकुमालः स्पर्शः, राजा राज्यं न चिन्तयति, स एतां नित्यमेव प्रतिभुजानां तिष्ठति, एवं कालो व्रजति, भृत्यैश्च सामन्तैर्मंत्रयित्वा तया सह निष्काशितः, पुत्रस्तस्य राज्ये स्थापितः, तावटव्यां व्रजतः, सा तृषार्दिता, जलं मार्गितम्, अक्षिणी तस्या बद्धे मा भैषीरिति, शिरारुधिरं पायिता, रुधिरे मूलिका क्षिप्ता, येन न स्त्यायति, क्षुधार्दिता, ऊरुमांसं दत्तं, ऊरु संरोहिण्या रोहितं, जनपदं प्राप्तौ, आभरणानि संगोपितानि, एकत्र वणिक्त्वं करोति, पङ्गुश्च तस्या वीथ्याः ★ सामंतोऽहिमं-मुद्रितप्रतौ।

सोहंगो[५८], घडिओ, सा भणइ-न सक्कणोमि एगागिणी गिहे चिट्ठिउं बिदिज्जियं लभाहि, चिंतियं चऽणेण-निरवाओ पंगू सोहणो, तओऽणेण सो गेहुवालगो निउत्तो, तेण य गीयछलियकहाइहिं आवज्जिया, पच्छा तस्सेव लग्गा भत्तारस्स छिद्दाणि मग्गइ, जाहे न लभइ ताहे उज्जाणियागओ सुवीसत्थो बहुं मज्जं पाएत्ता गंगाए पक्खित्तो, सावि तं दव्वं खाइऊण खंधेण तं वहइ, गायंति य घरे २, पुच्छिया भणइ-अम्मापिईहिं एरिसो दिन्नो किं करेमि ?, सोऽवि राया एगत्थ णयरे उच्छलिओ, रुक्खछायाए सुत्तो, ण परावत्तति छाया, राया तत्थ मयओ अपुत्तो, अस्सो य अहिवासिओ तत्थ गओ, जयजयसद्देण पडिबोहिओ, राया जाओ, ताणिवि तत्थ गयाणि, रण्णो कहियं,

પહોંચ્યા. પોતાના અલંકારો છુપાવ્યા. રાજા કોઈ એક સ્થાને વેપારીપણું કરે છે. (અર્થાત્ રાજા વેપાર ચાલુ કરે છે.) ત્યાં એક પાંગળો વ્યક્તિ રસ્તાની સાફસફાઈ કરનારો હોય છે. તે રાજાને મળ્યો. (એકબીજા સાથે સારી રીતે પરિચય થયો.), એકવાર સુકુમાલિકા કહે છે કે – 'હું ઘરમાં એકલી રહી શકું તેમ નથી, તેથી તમે કો'ક બીજાને લાવો.' આણે વિચાર્યું – 'પેલો પાંગળો સારો રહેશે જેથી કોઈ નુકશાન થાય નહિ. (અર્થાત્ ઘરમાં જો બીજા પુરુષને લાવું અને ક્યાંય કોઈ અકાર્ય થાય તો શું ? એટલે એ પાંગળો સારો રહેશે. જેથી સુકુમાલિકા સાથે અકાર્ય કરે નહિ.) તેથી રાજાએ ગૃહપાલક તરીકે પાંગળાને રાખ્યો. પરંતુ તે પાંગળાએ સુકુમાલિકાને ગીતો, શ્રૃંગાર કાવ્યો, કથાઓ વિગેરે કરવા દ્વારા પોતાની તરફ આકર્ષી.

પછી તે પાંગળા સાથે જ સુકુમાલિકાએ અકાર્ય કર્યું. પતિના છિદ્રો તે શોધવા લાગી. જ્યારે એક પણ છિદ્ર પામવામાં તે સમર્થ ન થઈ. ત્યારે ફરવા ગયેલા રાજાને પોતાના વિશ્વાસમાં લઈ ઘણું દારૂ પીવડાવીને ગંગામાં નાંખી દીધો. સુકુમાલિકા પણ તે માદકદ્રવ્યને ખાઈને પોતાના ખભે પાંગળાને લઈ ગીત ગાતી ઘરે ઘરે ફરે છે. કોઈ પૂછે તો કહે કે – 'માતાપિતાએ આવો જ પતિ મને આપ્યો, એમાં હું શું કરું ?' તે રાજા પણ તરતો–તરતો એક નગરમાં (કિનારે) બહાર નીકળ્યો. વૃક્ષની છાયાએ સૂતો, છાયા ખસતી નથી. ત્યાંનો રાજા પુત્ર વિનાનો મૃત્યુ પામ્યો અને અધિવાસિત એવો ઘોડો ત્યાં વૃક્ષ પાસે આવ્યો. જય–જય શબ્દવડે સૂતેલાને ઉઠાડવામાં આવ્યો. તે નગરનો તે રાજા થયો.

સુકુમાલિકા અને તે પાંગળો બંને પણ તે નગરમાં આવ્યા. રાજાને તેની જાણ કરવામાં

५८. शोधकः, मीलितः, सा भणति-न शक्नोमि एकाकिनी गृहे स्थातुं द्वितीयं लम्भय, चिन्तितं चानेन-निरपायः पङ्गुः शोभनः, ततोऽनेन स गृहपालको नियुक्तः, तेन च गीतश्छलितकथादिभिरावर्जिता, पश्चात्तेनैव लग्ना, भर्तुश्छिद्राणि मार्गयति, यदा न लभते तदोद्यानिकागतः सुविश्वस्तो बहु मद्यं पाययित्वा गङ्गायां प्रक्षिप्तः, साऽपि तद्द्रव्यं खादयित्वा स्कन्धेन तं वहति, गायतश्च गृहे गृहे, पृष्टा भणति-मातापितृभ्यामीदृशो दत्तः, किं करोमि ?, सोऽपि राजा एकत्र नगरे निर्गतः, वृक्षच्छायायां सुप्तः, न परावर्त्तते छाया, राजा च तत्र मृतोऽपुत्रः, अश्वश्चाधिवासितस्तत्र गतः, जयजयशब्देन प्रतिबोधितः, राजा जातः, तावपि तत्र गतौ, राज्ञे कथितम्,

[५१]आणावियाणि, पुच्छिया, साहइ-अम्मापीईहि दिन्नो, राया भणइ-'बाहुभ्यां शोणितं पीतमुरुमांसं च भक्षितम् । गङ्गायां वाहितो भर्त्ता, साधु साधु पतिव्रते ! ॥१॥' निव्विसयाणि आणत्ताणि । एवं दोण्हंपि विसेसतो सुकुमालियाए दुक्खाय फासिंदियं ॥ किञ्च–'शब्दसङ्गे यतो दोषो, मृगादीनां शरीरहा । सुखार्थी सततं विद्वान्, शब्दे किमिति सङ्गवान् ? ॥१॥ पतङ्गानां क्षयं दृष्ट्वा, सद्यो रूपप्रसङ्गतः । स्वस्थचित्तस्य रूपेषु, किं व्यर्थः सङ्गसम्भवः ? ॥२॥ उरगान् गन्धदोषेण, परतन्त्रान् समीक्ष्य कः । गन्धासक्तो भवेत्कायस्वभावं वा न चिन्तयेत् ? ॥३॥ रसास्वादप्रसङ्गेन, मत्स्याद्युत्सादनं यतः । ततो दुःखादिजनने, रसे कः सङ्गमाप्नुयात् ? ॥४॥ स्पर्शाभिषक्तचित्तानां, हस्त्यादीनां समन्ततः। अस्वातन्त्र्यं समीक्ष्यापि, कः स्यात्स्पर्शनसंवशः ? ॥५॥' इत्येवंविधानीन्द्रियाणि संसारवर्द्धनानि विषयलालसानि दुर्जयानि दुरन्तानि नामयन्त इत्यादि पूर्ववत् ॥ अधुना परीषहद्वारावसरः, तत्र *'मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहा'* इति निर्वचनं, तत्र मार्गाच्यवनार्थं दर्शनपरीषहः

---

આવી. રાજાએ બંનેને બોલાવ્યા અને પૂછપરછ કરી. સુકુમાલિકા કહે છે 'માતા–પિતાએ મને આ આપ્યો છે.' રાજાએ કહ્યું – 'ભૂજાઓવડે લોહી પીધું અને સાથળનું માંસ જેણે ખાધું, પતિને જેણે ગંગામાં નાંખ્યો. હે પતિવ્રતા સ્ત્રી ! (તારું આ વર્તન) બહુ સારું હતું.' તેમને રાજ્ય બહાર કરવાનો રાજાએ આદેશ આપ્યો. આ પ્રમાણે રાજા અને રાણી બંનેને, તેમાં પણ વિશેષથી સુકુમાલિકારાણીને સ્પર્શેન્દ્રિય દુઃખ માટે થઈ.

વળી, ॥૧॥ શબ્દના સંગમાં જે કારણથી હરણોને શરીરહણનાર દોષ થાય છે. (અર્થાત્ શબ્દનો સંગ હરણોને મૃત્યુ માટે થાય છે.) તેથી સતત સુખાર્થી એવા હે વિદ્વાન્ ! શબ્દમાં તું સંગવાળો શા માટે છે ? (અર્થાત્ તું સુખને ઈચ્છે છે તો શબ્દમાં સંગ કર નહિ અન્યથા હરણોની જેમ દુઃખ પામીશ.) ॥૨॥ રૂપના પ્રસંગથી પતંગિયાઓનો શીઘ્ર ક્ષય જોઈને સ્વસ્થચિત્તવાળી વ્યક્તિનો રૂપોને વિશે વ્યર્થ સંગસંભવ શા માટે ? (અર્થાત્ સ્વસ્થચિત્તવાળી વ્યક્તિ આવા રૂપમાં નકામો સંગ શા માટે કરે ?)

॥૩॥ ગંધના દોષે પરતંત્ર એવા સાપોને જોઈને કોણ ગંધમાં આસક્ત થાય ? અથવા કોણ શરીરના સ્વભાવને ન વિચારે ? ॥૪॥ રસાસ્વાદના પ્રસંગથી જે કારણે મત્સ્યાદિનો નાશ થાય છે. તેથી દુઃખાદિને ઉત્પન્ન કરનાર રસમાં કોણ સંગ પામે ? ॥૫॥ સ્પર્શમાં આસક્ત ચિત્તવાળા એવા હસ્તિ વિગેરેનું ચારેબાજુથી અસ્વાતંત્ર્ય જોઈને પણ કોણ સ્પર્શને વશ થાય ? આમ, સંસારને વધારનારી, વિષયોમાં લાલસાને ઉત્પન્ન કરનારી, દુર્જય અને દુરંત એવી ઇન્દ્રિયોને વશ નહિ થનાર અરિહંતો નમસ્કારને યોગ્ય છે વિગેરે પૂર્વની જેમ જાણવું.

હવે **પરિષહદ્વાર** કહેવાય છે. 'મોક્ષમાર્ગમાંથી પોતાનું ચ્યવન ન થાય તે માટે અને નિર્જરા માટે પરિષહો સહન કરવા યોગ્ય છે' આવું વચન છે. તેમાં માર્ગાચ્યવન માટે દર્શનપરિષહ અને

---

५१. आनायितौ, पृष्टा, कथयति-मातापितृभ्यां दत्तः, राजा भणति, निर्विषयावाज्ञप्तौ । एवं द्वयोरपि विशेषतः सुकुमालिकायाः दुःखाय स्पर्शनेन्द्रियम् ।

प्रज्ञापरीषहश्च, शेषास्तु निर्जरार्थमिति, एते च द्वाविंशतिः परिसङ्ख्याता एव, तद्यथा—क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानदर्शनानि विस्तरतोऽवगन्तव्याः, अस्य भावार्थः-'क्षुधार्तः शक्तिमान् साधुरेषणां नातिलङ्घयेत् । यात्रामात्रोद्यतो विद्वानदीनोऽविप्लवश्चरेत् ॥१॥ पिपासितः पथिस्थोऽपि, तत्त्वविद् दैन्यवर्जितः । शीतोदकं नाभिलषेन्मृगयेत् कल्पितोदकम् ॥२॥ शीताभिघातेऽपि यतिस्त्वग्वस्त्रत्राणवर्जितः । वासोऽकल्प्यं न गृह्णीयादग्निं नोज्ज्वालयेदपि ॥३॥ उष्णातप्तो न तं निन्देच्छायामपि न संस्मरेत् । स्नानगात्राभिषेकादि, व्यजनं चापि वर्जयेत् ॥४॥ ★दष्टो दंशमशकैस्त्रासं द्वेषं न वा व्रजेत् । न वारयेदुपेक्षेत, सर्वाहारप्रियत्ववित् ॥५॥ वासोऽशुभं न वा मेऽस्ति, नेच्छेत् तत्साध्वसाधु वा । लाभालाभविचित्रत्वं, जानन्नाग्न्येन विप्लुतः ॥६॥ गच्छंस्तिष्ठन्निषण्णो वा, नारतिप्रवणो भवेत् । धर्मारामरतो नित्यं, स्वस्थचेता भवेन्मुनिः ॥७॥ सङ्गपङ्कसुदुर्बाधाः, स्त्रियो मोक्षपथार्गलाः ।

પ્રજ્ઞાપરિષહ છે. શેષ પરિષહો નિર્જરા માટે છે. આ પરિષહો બાવીસ છે. તે આ પ્રમાણે – ॥૧॥ ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કારપુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને દર્શનપરિષહ. (તત્વાર્થસૂત્ર અ.૯, સૂ.૯) આ બાવીસ પરિષહો વિસ્તારથી જાણવા યોગ્ય છે.

આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે—॥૧॥ ક્ષુધાથી પીડાતો શક્તિમાન સાધુ એષણાનું ઉલ્લંઘન ન કરે, સંયમની યાત્રા અને ભોજનની માત્રા જાળવવામાં ઉદ્યત એવો તે વિદ્વાન્ દીનતા અને ખેદને પામ્યા વિના વિચરે. ॥૨॥ દીનતા વિનાનો, તૃષાથી પીડિત, માર્ગમાં રહેલો એવો પણ તત્વવેત્તા સાધુ અકલ્પ્ય (સચિત્ત) પાણીને ઈચ્છે નહિ, પણ કલ્પિત પાણીને શોધે. ॥૩॥ ચામડાના વસ્ત્રો કે ઠંડીથી રક્ષણ કરનાર વસ્તુ વિનાનો સાધુ ઠંડીથી પીડાવા છતાં પણ અકલ્પ્ય વસ્ત્ર ગ્રહણ કરે નહિ કે અગ્નિને પ્રજ્વલિત પણ કરે નહિ. ॥૪॥ ગરમીથી તપેલો સાધુ તેની નિંદા કરે નહિ કે છાયડાનું સ્મરણ પણ કરે નહિ. સ્નાન, પાણીથી શરીરનું સિંચન કે પંખાનો ઉપયોગ ન કરે.

॥૫॥ દંશમશકોવડે ડંખાયેલો ત્રાસ કે દ્વેષને પામે નહિ, સર્વ જીવોને આહાર પ્રિય છે એવું જાણનારો મુનિ દંશમશકોને દૂર કરે નહિ, પણ તેઓની ઉપેક્ષા કરે. (અર્થાત્ ડંખ મારતા તે દંશમશકો તરફ ધ્યાન આપે નહિ.) ॥૬॥ નગ્નતાથી ખેદ પામેલો, લાભાલાભની (કર્મજન્ય) વિચિત્રતાને જાણતો સાધુ 'જે વસ્ત્ર છે તે અશુભ છે અથવા મારી પાસે વસ્ત્ર જ નથી' એમ વિચારતો સારા કે ખરાબ વસ્ત્રને ઈચ્છે નહિ (અર્થાત્ પોતાની પાસે ખરાબ વસ્ત્ર હોય તો નવા સારા વસ્ત્રને કે પોતાની પાસે બિલકુલ વસ્ત્ર ન હોય ત્યારે ખરાબ = અકલ્પ્ય વસ્ત્રને ઈચ્છે નહિ.)

॥૭॥ જતો, ઊભો રહેતો કે બેસતો સાધુ અરતિને પામે નહિ, પરંતુ નિત્ય ધર્મરૂપ બગીચામાં (બગીચાને પુષ્પાદિવડે હર્યોભર્યો રાખવામાં) મસ્ત એવો મુનિ સ્વસ્થચિત્તવાળો રહે. ॥૮॥ સંગ(H)રૂપ કાદવ જેનો સુદુષ્ત્યાજ્ય છે. એવી (અર્થાત્ સુદુષ્ત્યાજ્ય છે સંગ જેનો એવી, અહીં સુદુર્બાધ =

★ न दष्टो दंशमशकैस्त्रासं द्वेषं मुनिर्व्रजेत् इति मुद्रितप्रतौ ।

**चिन्तिता धर्मनाशाय, यतोऽतस्ता न चिन्तयेत् ॥८॥ ग्रामाद्यनियतस्थायी, सदा वाऽनियतालयः । विविधाभिग्रहैर्युक्तश्चर्यामेकोऽप्यधिश्रयेत् ॥९॥ श्मशानादिनिषद्यासु, स्त्र्यादिकण्टकवर्जिते । उपसर्गाननिष्टेष्टानेकोऽभीरस्पृहः क्षमेत् ॥१०॥ शुभाशुभासु शय्यासु, सुखदुःखे समुत्थिते । सहेत सङ्गं नेयाच्च, श्वस्त्याज्येति च भावयेत् ॥११॥ नाक्रुष्टो मुनिराक्रोशेत्, साम्याद् ज्ञानाद्यवर्जकः । अपेक्षेतोपकारित्वं, न तु द्वेषं कदाचन ॥१२॥ हतः सहेतैव मुनिः, प्रतिहन्यान्न साम्यवित् । जीवानाशात् क्षमायोगाद्, गुणाप्तेः क्रोधदोषतः ॥१३॥ परदत्तोपजीवित्वाद्, यतीनां नास्त्ययाचितम् । यतोऽतो याचनादुःखं, क्षाम्येन्नेच्छेदगारिताम् ॥१४॥ परकीयं परार्थं च, लभ्येतान्नादि नैव वा । लब्धे न माद्येन्निन्देद्वा, स्वपरान्नाप्यलाभतः ॥१५॥ नोद्विजेद् रोगसम्प्राप्तो, न चाभीप्सेच्चिकित्सितम् । विषहेत तथाऽदीनः, श्रामण्यमनुपालयेत् ॥१६॥ अभूताल्पाणुचेलत्वे, कादाचित्कं तृणादिषु ।**

સુદુષ્ત્યાજ્ય) તથા મોક્ષમાર્ગમાં દરવાજાની સાંકળ સમાન એવી સ્ત્રીઓનો વિચાર પણ જે કારણથી ધર્મનાશ માટે થાય છે, તે કારણથી સ્ત્રીઓનો વિચાર સાધુ કરે નહિ. ॥૯॥ ગ્રામાદિ અનિયતસ્થાને રહેનારો અથવા સદા અનિયતસ્થાનવાળો, વિવિધ અભિગ્રહોથી યુક્ત એવો એકલો પણ તે સાધુ ચર્યાને (ગ્રામાનુગ્રામ વિહારને) સ્વીકારે. ॥૧૦॥ [H]સ્ત્રી વિગેરે રૂપ કાંટાઓથી રહિત એવી શ્મશાનાદિ નિષદ્યાઓને વિશે ઉત્પન્ન થતાં ઈષ્ટ (દેવલોકની દેવી વિગેરેની પ્રાર્થનાદિ) ઉપસર્ગોને (દેવીઓમાં) સ્પૃહા વિનાનો સહન કરે અને અનિષ્ટ (વ્યંતરાદિ કૃત અટ્ટહાસાદિ) ઉપસર્ગોને ભય વિનાનો, એકલો (=રાગદ્વેષ વિનાનો) સહન કરે.

॥૧૧॥ [H]શુભ કે અશુભ શય્યાને વિશે સુખ-દુઃખ ઉત્પન્ન થતાં તેને સમ્યગ્ રીતે સહન કરે, (સારી શય્યામાં) આસક્તિ ન કરે અને (સારી કે ખરાબ શય્યા) 'આવતીકાલે છોડવાની જ છે' એમ વિચારે. ॥૧૨॥ પોતાના ઉપર કોઈ આક્રોશ કરે છતાં જ્ઞાનાદિનો અવર્જક (ન છોડનારો) મુનિ સમતા રાખી આક્રોશ ન કરે. (સામેવાળાનું) ઉપકારીપણું વિચારે પણ દ્વેષ ક્યારેય ન કરે. ॥૧૩॥ પ્રહાર થવા છતાં મુનિ સહન કરે, પરંતુ સમતાને જાણનારો મુનિ ક્રોધનાં દોષથી (એટલે કે ક્રોધમાં આવીને) સામો પ્રહાર કરે નહિ, કારણ એને મારા જીવનનો નાશ તો કર્યો નથી. (એમ તે વિચારે.) વળી ક્ષમા રાખવાથી ગુણોની પ્રાપ્તિ થાય છે. (તેથી ક્રોધ કરે નહિ.) ॥૧૪॥ બીજાએ આપેલ વસ્તુ ઉપર જ જીવનારા હોવાથી યતીઓને જે કારણથી યાચના વિનાની કોઈ વસ્તુ હોતી નથી. તેથી યાચનાના દુઃખને પોતે સહન કરે. (પરંતુ ગૃહસ્થપણામાં હું તો રાજા હતો અથવા શ્રેષ્ઠિ હતો અથવા ધનવાન્ હતો, હવે મારે બીજા પાસે હાથ લંબાવવાનો કેવી રીતે? એમ વિચારી પુનઃ) ગૃહસ્થપણાને ઈચ્છે નહિ. ॥૧૫॥ બીજાનું અને બીજા માટે રંધાયેલ અન્નાદિ પ્રાપ્ત થાય અથવા ન પણ થાય, જો પ્રાપ્ત થાય તો અહંકાર ન કરે અથવા જો પ્રાપ્ત ન થાય તો સ્વ કે પરની નિંદા પણ ન કરે.

॥૧૬॥ રોગથી ઘેરાયેલો સાધુ ઉદ્વેગ કરે નહિ અને ચિકિત્સાને પણ ઈચ્છે નહિ, પરંતુ દીનતા વિના તે રોગને સહન કરે અને સંયમજીવનનું પાલન કરે. ॥૧૭॥ વસ્ત્રના અભાવમાં

तत्संस्पर्शोद्भवं दुःखं, सहेन्नेच्छेच्च तान् मृदून् ॥१७॥ मलपङ्करजोदिग्धो, ग्रीष्मोष्णक्लेदनादपि । नोद्विजेत् स्नानमिच्छेद्वा, सहेतोद्वर्तयेन्न वा ॥१८॥ उत्थानं पूजनं दानं, स्पृहयेन्नात्मपूजकः । मूर्छितो न भवेल्लब्धे, दीनोऽसत्कारितो न च ॥१९॥ अजानन् वस्तु जिज्ञासुर्न मुह्येत् कर्मदोषवित् । ज्ञानिनां ज्ञानमुद्वीक्ष्य, तथैवेत्यन्यथा न तु ॥२०॥ विरतस्तपसोपेतश्छद्मस्थोऽहं तथाऽपि च । धर्मादि साक्षान्नैवेक्षे, नैवं स्यात् क्रमकालवित् ॥२१॥ जिनास्तदुक्तं जीवो वा, धर्माधर्मौ भवान्तरम् । परोक्षत्वात् मृषा नैवं, चिन्तयेत् महतो ग्रहात् ॥२२॥ शारीरमानसानेवं, स्वपरप्रेरितान्मुनिः । परीषहान्

અથવા અલ્પ વસ્ત્ર હોય અથવા વસ્ત્ર નાનું હોય ત્યારે તૃણાદિને ગ્રહણ કરવાનો જો અવસર આવે તો તે તૃણાદિના સ્પર્શથી ઉત્પન્ન થતાં કાદાચિત્ક (ક્યારેક જ તૃણાદિ ગ્રહણ કરનારા હોવાથી તેનાથી ઉત્પન્ન થતું દુ:ખ પણ ક્યારેક જ હોવાથી કાદાચિત્ક કહેવાય.) એવા દુ:ખને સાધુ સહન કરે, પરંતુ કોમળ એવા તણખલાદિને ઇચ્છે નહિ. ॥૧૮॥ ગ્રીષ્મ ઋતુના તાપથી થતાં પરસેવાથી પણ (અન્ય કોઈ કારણે મલિન થાય તો તેનાથી ઉદ્વેગ ન જ પામે, પરંતુ પરસેવાથી પણ થતી મલિનતાથી ઉદ્વેગ પામવો નહિ, એ પ્રમાણે 'अपि' શબ્દનો અર્થ જાણવો.) ઉત્પન્ન થતાં મલરૂપ કાદવ (પરસેવાથી કઠિન થયેલ જે મેલ હોય તે) કે રજ (માત્ર ધૂળ ચોંટે તેના)થી મલિન શરીરવાળો સાધુ ઉદ્વેગ પામે નહિ કે સ્નાનને ઇચ્છે નહિ, પરંતુ તે મલાદિને સમ્યગ્ રીતે સહન કરે, કાઢે નહિ. ॥૧૯॥ આત્મપૂજક પોતાના ઉત્થાન, પૂજન, દાનની સ્પૃહા રાખે નહિ, ઉત્થાનાદિ પ્રાપ્ત થતાં તેમાં મૂર્ચ્છા પામે નહિ કે કોઈ સત્કાર કરે નહિ તો દીન બને નહિ.

॥૨૦॥ વિવક્ષિત કંઈક જીવાજીવાદિવસ્તુને જાણવાની ઇચ્છાવાળો તેના સ્વરૂપને જાણતો ન હોવા છતાં પણ મોહ પામે નહિ. (અર્થાત્ મને આટલુંય આવડતું નથી, મારો જન્મારો નિષ્ફળ છે વિગેરે આર્તધ્યાન પામે નહિ.) કારણ કે તે કર્મના દોષને જાણનારો છે. (અર્થાત્ આમાં મારા કર્મનો જ દોષ છે એવું તે જાણનારો છે.) અને ચૌદપૂર્વી વિગેરે જ્ઞાનીઓનાં જ્ઞાનને જાણીને તે રીતે જ કરે, (અર્થાત્ મોહ પામે નહિ) પરંતુ અન્યથા કરે નહિ (અર્થાત્ પૂર્વાર્ધશ્લોકમાં **'મોહ પામે નહિ'** એવો જે ઉપદેશ આપ્યો તેનાથી અન્યથા = જુદું કરે નહિ.)

॥૨૧॥ (સર્વપાપ સ્થાનોથી) વિરત છું, (ઉત્કૃષ્ટ એવા) તપથી યુક્ત છું, અને છતાં પણ છદ્મસ્થ એવો હું ધર્માદિ (ધર્માસ્તિકાયાદિ) ભાવોને હું સાક્ષાત્ જોતો નથી. આવા પ્રકારના વિચારો સાધુને થાય નહિ, કારણ કે તે ક્રમકાળને જાણનારો હોય છે. (અર્થાત્ સંયમ–તપ આચરવા છતાં મને કોઈ લબ્ધિ–અતિશયજ્ઞાન થતું નથી એવી દીનતાને ન કરે, પરંતુ ક્રમકાળવિત્ = ક્રમસર કાળ પાકે ત્યારે લબ્ધિ મળશે એમ માને.) ॥૨૨॥ જિનેશ્વરો કે તેમનાવડે કહેવાયેલ જીવો, ધર્મ, અધર્મ, ભવાન્તર આ બધું પરોક્ષ હોવાથી એટલે કે સાક્ષાત્ દેખાતા ન હોવાથી મૃષા છે. આ પ્રમાણે સાધુ અસદ્ગ્રહથી વિચારે નહિ. ॥૨૩॥ સ્વથી (પોતાના કર્મોથી અથવા સામે ચઢીને સ્વીકારવાવડે) અને પરથી (અન્ય જીવો વિગેરેથી) આવી પડેલા શારીરિક અને માનસિક પરિષહોને ભય વિનાનો મુનિ કાય–વચન અને મનથી સદા સહન કરે.

**सहेताभीः, कायवाङ्मनसा सदा ॥२३॥ ज्ञानावरणवेद्योत्था, मोहनीयान्तरायजाः । कर्मसूदयभूतेषु, सम्भवन्ति परीषहाः ॥२४॥ क्षुत्पिपासा च शीतोष्णे, तथा दंशमशादयः । चर्या शय्या वधो रोगः, तृणस्पर्शमलावपि ॥२५॥ वेद्यादमी अलाभाख्यस्त्वन्तरायसमुद्भवः । प्रज्ञाऽज्ञाने तु विज्ञेयौ, ज्ञानावरणसम्भवौ ॥२६॥ चतुर्दशैते विज्ञेयाः, सम्भवेन परीषहाः । स सूक्ष्मसम्परायस्य, च्छद्मस्थारागिणोऽपि च ॥२७॥ क्षुत् पिपासा च शीतोष्णे, दंशश्चर्या वधो मलः । शय्या रोगतृणस्पर्शौ, जिने वेद्यस्य सम्भवाद् ॥२८॥' इति । एष संक्षेपार्थः ॥ अवयवार्थस्तु परीषहाध्ययनतोऽवसेय इति । ⁶⁰एत्थवि दव्वभावविभासा, दव्वपरीसहा इहलोयणिमित्तं जो सहइ परवसो वा बंधणाइसु, तत्थ उदाहरणं जहा चक्के सामाइए इंदपुरे इंददत्तस्स पुत्तो, भावपरीसहा जे संसारवोच्छेयणिमित्तं अणाउलो सहइ, तेहिं चेव उवणओ पसत्थो ॥**

---

॥૨૪॥ જ્ઞાનાવરણીય અને વેદનીયથી ઉત્પન્ન થતાં તથા મોહનીય અને અંતરાયથી ઉત્પન્ન થતાં એવા આ પરિષહો કર્મોનો ઉદય થવાથી થાય છે. ॥૨૫-૨૬॥ ક્ષુત્પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ આ પરિષહો વેદનીયકર્મના ઉદયથી થાય છે. અલાભ પરિષહ અંતરાયકર્મના ઉદયથી થાય છે. પ્રજ્ઞા અને અજ્ઞાન એ જ્ઞાનાવરણથી (ક્રમશઃ ક્ષયોપશમ અને ઉદયથી उक्तं हि उत्तराध्ययनद्वितीयाध्ययने (गा. ७४) तदुदयक्षयोपशमाभ्यामनयोः सद्भावाद्) સંભવે છે.

॥૨૭॥ ૧૦માં, ૧૧માં અને ૧૨માં ગુણસ્થાનવર્તી જીવોને પણ આ ચૌદ પરિષહોનો સંભવ હોય છે. ॥૨૮॥ (તથા આ સિવાયના શેષ ૧૧ પરિષહો એટલે કે) ક્ષુત્, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ અને તૃણસ્પર્શ આટલા પરિષહો જિન = કેવળીને પણ હોય છે. કારણ કે તેમને વેદનીય કર્મનો જ સંભવ છે. (અન્ય કર્મો નથી, માટે તે કર્મોથી જન્ય અન્ય પરિષહો પણ હોતા નથી.) આ સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારાર્થ પરિષહ અધ્યયનમાંથી (ઉત્તરા. દ્વિતીયાધ્યયનમાંથી) જાણી લેવો.

આ પરિષહોમાં પણ દ્રવ્ય–ભાવના પ્રકાર જાણવા. તેમાં ઈહલોક માટે જે પરિષહોને સહન કરે અથવા બંધનાદિને કારણે પરવશ એવો જીવ જે સહન કરે, તે દ્રવ્યપરિષહો જાણવા. તેમાં ઉદાહરણ આ પ્રમાણે જાણવું. – પૂર્વે સામાયિકમાં ચક્રદષ્ટાન્તમાં (ગા. ૮૩૨માં આપેલ) ઇન્દ્રપુર નગરમાં ઇન્દ્રદત્તપુત્રને (મંત્રીની દીકરીથી ઉત્પન્ન થયેલ પુત્રને રાધાવેધ સાધતી વખતે આજુબાજુના લોકો દ્વારા) જે પરિષહ આવ્યા તે દ્રવ્યપરિષહ જાણવા. ભાવપરિષહો તે છે કે જેને સાધુ સંસારના નાશ માટે આકુળ થયા વિના સહન કરે છે. તે ભાવપરિષહોવડે જ પ્રશસ્ત ઉપનય જાણવો. (અર્થાત્ ભાવપરિષહોનું જ અહીં પ્રયોજન છે.)

---

**૬૦. अत्रापि द्रव्यभावविभाषा-द्रव्यपरीषहा इहलोकनिमित्तं यः सहते परवशो वा बन्धनादिभिः, तत्रोदाहरणं यथा चक्रे सामायिके इन्द्रपुरे इन्द्रदत्तस्य पुत्रः, भावपरीषहा यान् संसारव्युच्छेदनिमित्तमनाकुलः सहते, तेष्वेव उपनयः प्रशस्तः ।**

**अधुनोपसर्गद्वारावसरः, तत्रोपसामीप्येन सर्जनमुपसर्गः, उपसृज्यतेऽनेनेति वा उपसर्गः करणसाधनः, उपसृज्यतेऽसाविति वोपसर्गः कर्मसाधनः, स च प्रत्ययभेदाच्चतुर्विधः—दिव्य-मानुषतैर्यग्योन्यात्मसंवेदनाभेदात्, तत्थ दिव्वा चउव्विहा-हासा पदोसा वीमंसा पुढोवेमाया, हासे खुड्डगा अण्णं गामं भिक्खायरियाए गया, वाणमंतरिं उवाइंति-जइ फव्वामो तो वियडिउं डेरग-कण्हवण्णएण अच्चणियं देहामो, लद्धं, सा मग्गइ, अन्नमन्नस्स कहणं, मग्गिऊण दिन्नं, एयं ते तंति, ताहे सयं चेव तं पक्खाइया, कंदप्पिया देवया तेसिं रूवं आवरेत्ता रमइ, वियाले मग्गिया, न दिट्ठा,**

હવે **ઉપસર્ગદ્વાર**નો અવસર છે. તેમાં ઉપ એટલે નજીકથી, જે પીડા કરવી તે ઉપસર્ગ (અર્થાત્ પીડા) અથવા જેનાવડે ઉપદ્રવ કરાય તે ઉપસર્ગ, અહીં કરણ અર્થ જાણવો (અર્થાત્ सृज् ધાતુને अ પ્રત્યય લાગ્યો તે કરણ અર્થમાં લાગ્યો છે માટે ઉપસર્ગ એટલે ઉપસર્ગ કરવાનું સાધન.) અથવા જે ઉપસર્ગ કરાય તે ઉપસર્ગ, અહીં કર્મ અર્થ જાણવો. (માટે અહીં ઉપસર્ગ તરીકે જેની ઉપર ઉપસર્ગ કરવામાં આવે તે જીવ પોતે.) પ્રત્યયના = કારણના ભેદથી તે ઉપસર્ગ ચાર પ્રકારે છે. ૧. દિવ્ય ઉપસર્ગ (અર્થાત્ દેવકૃત ઉપસર્ગો), ૨. માનુષ ઉપસર્ગ (અર્થાત્ મનુષ્યકૃત ઉપસર્ગો), ૩. તિર્યંચ સંબંધી ઉપસર્ગ, ૪. આત્મસંવેદનથી = પોતાની જાતે ઊભા કરેલા ઉપસર્ગો.

તેમાં દેવકૃત ઉપસર્ગો ચાર પ્રકારે – ૧. હાસ્યથી, ૨. પ્રદ્વેષથી, ૩. વિચારપૂર્વક (અર્થાત્ પરીક્ષાદિ માટે), ૪. પૃથગ્ વિમાત્રાથી (અર્થાત્ હસતા–હસતા ઉપસર્ગ ચાલુ કરી. અંતે દ્વેષથી ઉપસર્ગ કરે, આવા પ્રકારના સાંયોગિક ભાંગાથી.) તેમાં (૧) **હાસ્યને વિશે ક્ષુલ્લકોનું ઉદાહરણ** – ક્ષુલ્લક સાધુઓ અન્ય ગામમાં ભિક્ષાચર્યા માટે ગયા. તે બાળ સાધુઓ એક દેવતાની માનતા માને છે અને કહે છે કે – 'જો અમને ભિક્ષા પ્રાપ્ત થશે તો તમારી પાસે આવીને નાના એવા તિલ[H]ખળ (તલમાંથી બનાવેલ વસ્તુવિશેષ)થી તમારી પૂજા કરીશું.' ગામમાં ગોચરી પ્રાપ્ત થઈ. એટલે તે દેવતા બાળસાધુઓ પાસે તિલખળ માંગે છે. પરંતુ સાધુઓ એકબીજાને પૂછે છે. (અર્થાત્ મને આ વસ્તુ મળી નથી. તને મળી છે ? એ પ્રમાણે એકબીજાને પૂછે છે. પરંતુ કોઈને તિલખળ મળ્યું ન હોવાથી) શોધીને દેવતાને તિલખળ આપે છે, અને કહે છે કે – 'લો, આ તમારું તે તિલખળ.' એમ કહી સાધુઓ જાતે જ તે તિલખળને ખાઈ જાય છે. તેથી દેવતા તે બાળસાધુઓનાં રૂપને છુપાવી તેઓની સાથે રમવા લાગે છે. સાંજ સુધી સાધુઓ પાછા ન આવતા અન્ય સાધુઓ તેમને સાંજ સમયે ગોતવા નીકળ્યા, પરંતુ ક્યાંય મળ્યા નહિ. ત્યાર પછી તે દેવતાએ આચાર્ય પાસે આવીને બધી વાત કરી. (અહીં બાળસાધુઓએ દેવતા સાથે મશ્કરી કરી તે મશ્કરીના પ્રભાવે દેવતાએ ઉપસર્ગ કર્યો.)

**६१. तत्र दिव्याश्चतुर्विधाः-हास्यात् प्रद्वेषात् विमर्शात् पृथग्विमात्रया, हास्ये क्षुल्लकाः अन्यं ग्रामं भिक्षाचर्यायै गताः, व्यन्तरीमुपयाचन्ते-यदि लप्स्यामहे तदा विकटय्य लघुकृष्णवर्णेनार्चनं दास्यामः, लब्धं, सा मार्गयति, अन्योऽन्यस्मै कथनं, मार्गयित्वा दत्तम्, एतत्ते तदिति, तदा स्वयमेव तं प्रस्वादिता, कान्दर्पिका देवता तेषां रूपमावृत्त्य रमते, विकाले मार्गिताः, न दृष्टाः,**

देवयाए[६२] आयरियाण कहियं । पओसे संगमओ । वीमंसाए एगत्थ देउलियाए साहू वासावासं वसेत्ता गया, तेसिं च एगो पुव्विं पेसिओ, तओ चेव वरिसारत्तं करेउं आगओ, ताए देउलियाए आवासिओ, देवया चिंतेइ-किं दढधम्मो नवत्ति सड्ढीरूवेण उवसग्गेइ, सो नेच्छइ, तुट्ठा वंदइ । पुढोवेमाया हासेण करेउं पदोसेण करेज्ज, एवं संजोगा । माणुस्सा चउव्विहा–हासा पओसा वीमंसा कुसीलपडिसेवणया, हासे गणियाधूया, खुड्डगं भिक्खस्स गयं उवसग्गेइ, हया, रण्णो कहियं, खुड्डगो सद्दाविओ, सिरिघरदिट्ठंतं कहेइ। पओसे गयसुकुमालो सोमभूइणा ववरोविओ, अहवा एगो धिज्जाइओ एगाए अविरइयाए सद्धिं अकिच्चं सेवमाणो साहुणा दिट्ठो, पओसमावण्णो साहुं

**પ્રદ્વેષમાં** સંગમવડે કરેલ ઉપસર્ગો જાણવા. **વિમર્શમાં** ઉદાહરણ આ પ્રમાણે – એક દેવમંદિરમાં સાધુઓ ચોમાસુ રહી નીકળી ગયાં. તેઓના સમુદાયનો એક સાધુ કે જેને પૂર્વે અમુક સ્થળે મોકલ્યો હતો, તે સાધુ તે જ મંદિરમાં ચોમાસુ કરવા આવ્યો. તે મંદિરમાં રહ્યો. મંદિરનાં દેવે વિચાર્યું કે – 'આ દઢ ધર્મી છે કે નહિ ?' (તે જોઉં.) શ્રાવિકાનું રૂપ લઈને અનુકૂળ ઉપસર્ગ કરે છે. પરંતુ તે સાધુ ઇચ્છતો નથી. દેવ ખુશ થયો અને વંદન કરે છે. **પૃથગ્વિમાત્રામાં** સાંયોગિક ભાંગા જાણવા. તે આ પ્રમાણે – હાસ્યથી ઉપસર્ગો કરીને પ્રદ્વેષવડે ઉપસર્ગો કરે. આ પ્રમાણે અન્ય સંયોગો પણ જાણવા.

મનુષ્યસંબંધી ઉપસર્ગો ચાર પ્રકારે છે – હાસ્યથી, પ્રદ્વેષથી, વિમર્શથી, અને કુશીલપ્રતિસેવના વડે. તેમાં **હાસ્યથી** આ પ્રમાણે :– એક ગણિકાને પુત્રી હતી. તેને ત્યાં એક બાળસાધુ ગોચરી વહોરવા આવ્યો, ત્યારે ગણિકાની પુત્રી તેની ઉપર ઉપસર્ગ કરે છે. ત્યારે સાધુવડે તે પુત્રી હણાઈ. ગણિકાએ રાજાને વાત કરી. રાજાએ બાળસાધુને બોલાવ્યો. ત્યારે બાળસાધુ શ્રીગૃહના દૃષ્ટાન્તને કહે છે. (અર્થાત્ તે [H]સાધુ રાજાને કહે છે કે હે રાજન્ ! કોઈક તમારા ભંડારને લૂંટે, તો તમે પ્રાણહરણાદિરૂપ દંડ કરો કે નહિ ? રાજાએ કહ્યું – 'અવશ્ય કરું.' સાધુએ કહ્યું – જો એમ હોય તો આ સ્ત્રી પણ મારા જ્ઞાનાદિરત્નત્રયરૂપ ભંડારને લૂંટવા માંગે છે. તેથી મારા ભંડારને બચાવવા મેં તેને હણી. इति टिप्पणके)

**પ્રદ્વેષમાં :–** સોમભૂતિએ (સોમિલ બ્રાહ્મણે) ગજસુકુમાલ ઉપર મારણાંતિક ઉપસર્ગ કરી તેમને મારી નાંખ્યા. અથવા સ્ત્રી સાથે અકાર્ય કરતા એક બ્રાહ્મણને સાધુએ જોઈ લીધો. તેથી

६२. देवतयाऽऽचार्याय कथितं । प्रद्वेषे संगमकः । विमर्शे एकत्र देवकुलिकायां साधवो वर्षारात्रमुषित्वा गताः, तेषां चैकः पूर्वं प्रेषितः, तत्रैव वर्षारात्रं कर्तुमागतः, तस्यां देवकुलिकायामावासितः, देवता चिन्तयति-किं दृढधर्मा नवेति श्राद्धीरूपेणोपसर्गयति, स नेच्छति, तुष्टा वन्दते । पृथग्विमात्रा हास्येन कृत्वा प्रद्वेषेण कुर्यात्, एवं संयोगाः । मानुष्याश्चतुर्विधाः-हास्यात् प्रद्वेषात् विमर्शात् कुशीलप्रतिषेवनया, हास्ये गणिकादुहिता, क्षुल्लकं भिक्षायै गतमुपसर्गयति, हता, राज्ञः कथितं, क्षुल्लकः *शब्दितः, श्रीगृहदृष्टान्तं* कथयति । प्रद्वेषे गजसुकुमालः सोमभूतिना व्यपरोपितः, अथवा एको धिग्जातीय एकयाऽविरतिकया सार्धमकार्यं सेवमानः साधुना दृष्टः, प्रद्वेषमापन्नः साधुं

मारेमित्ति पहाविओ, साहुं पुच्छइ-किं तुमे अज्ज दिट्ठंति ?, साहू भणइ-बहुं सुणेइ कन्नेहिं सिलोगो । वीमंसाए चंदगुत्तो राया चाणक्केण भणिओ-पारत्तियंपि किंपि करेज्जासि, सुसीसो य किर सो आसि, अंतेउरे धम्मकहणं, उवसग्गिज्जंति, अण्णतित्थिया य विणट्ठा, णिच्छूढा य, साहू सद्दाविया भणंति-जइ राया अच्छइ तो कहेमो, अइगओ राया ओसरिओ, अंतेउरिया उवसग्गेंति, हयाओ, सिरिघरदिट्ठंतं कहेइ । कुसीलपडिसेवणाए ईसालू य भज्जाओ चत्तारि, रायसंणायं तेण घोसावियं-सत्तवइपरिक्खित्तं घरं न लहइ कोइ पवेसं, साहू अयाणंतो वियाले वसहिनिमित्तं अइयओ, सो य पवेसियल्लओ, तत्थ पढमे जामे पढमा आगया भणइ-पडिच्छ, साहू कच्छं बंधिऊण

દ્વેષને પામેલો 'સાધુને મારી નાંખુ' વિચારી સાધુ તરફ દોડ્યો. સાધુને પૂછે છે – 'તે આજે શું જોયું ?' ત્યારે સાધુ કહે છે – 'કાનોવડે ઘણું સાંભળે, આંખોવડે ઘણું જુએ, પરંતુ તે સાંભળેલું કે જોયેલું બધું (બીજાને) કહેવા માટે સાધુને કલ્પતું નથી.' (દશવૈ. અ.૮, શ્લો.૨૦)

**વિમર્શમાં :–** ચાણક્યે ચંદ્રગુપ્ત રાજાને કહ્યું – 'પરલોક માટે પણ તું કંઈક ધર્મને કર.' ચંદ્રગુપ્ત ચાણક્યનો સુશિષ્ય હતો (એટલે[H] જ ચાણક્યે વિચાર્યું કે રાજાને ઉપાયવડે ધર્મમાં જોડવો જોઈએ, માટે જ ચંદ્રગુપ્તને પરલોક માટે ધર્મ કરવાનું કહ્યું. ચાણક્યે રાજાને કહ્યું કે – 'બધાં જ તીર્થિકોને બોલાવી ક્રમશઃ અંતઃપુરમાં રાણીઓ સામે ધર્મદેશના કરાવો. તેમાં રાણીઓને કામકટાક્ષ કરવાનું કહેજો. જે વ્યક્તિ ચલિત થાય નહીં, તેઓનો ધર્મ તારે કરવો.' તે માટે) અંતઃપુરમાં ધર્મદેશના થઈ. ઉપસર્ગો થાય છે અને અન્યતીર્થિકો ભાગી જાય છે. અન્યતીર્થિકોને કાઢી મૂકવામાં આવે છે. રાજા સાધુઓને બોલાવે છે. આવેલા સાધુઓ કહે છે કે – 'અંતઃપુરમાં સાથે જો રાજા રહે તો અમે ધર્મ કહીએ. રાજા અંતઃપુરમાં પ્રવેશ્યો. (ક્ષણ[H]વાર રહી શરીરચિંતાદિના બહાને સાધુને ક્ષોભ પમાડવા રાજા) બહાર નીકળી ગયો. રાણીઓ ઉપસર્ગ કરે છે. ત્યાં પણ સાધુઓએ રાણીઓને હણી અને રાજા પાસે ભંડારનું દૃષ્ટાન્ત કહે છે.

**કુશીલપ્રતિસેવનામાં :–** એક ઈર્ષ્યાળુ, તેને ચાર પત્નીઓ હતી. તે ઈર્ષ્યાળુએ રા[H]જાને જણાવી નગરમાં ઘોષણા કરાવી કે – 'સાત વાડવાળા ઘરમાં કોઈએ પ્રવેશ કરવો નહીં.' એકવાર સાધુ અજાણતા સાંજના સમયે વસતિ નિમિત્તે તે ઘર પાસે આવ્યો અને તેમાં પ્રવેશ્યો. ત્યાં પહેલાં પ્રહરે પ્રથમ પત્ની આવેલી સાધુને કહે છે કે – 'મને તું સ્વીકાર.' સાધુએ પોતાનો કછોટો બાંધ્યો

६३. मारयामीति प्रधावितः, साधुं पृच्छति – किं त्वयाऽद्य दृष्टमिति ?, साधुर्भणति-बहु श्रृणोति कर्णाभ्यां श्लोकः । विमर्शात् चन्द्रगुप्तो राजा चाणक्येन भणितः-पारत्रिकमपि किञ्चित् कुरु, सुशिष्यश्च किल स आसीत्, अन्तःपुराय धर्मकथनम्, उपसर्ग्यन्तेऽन्यतीर्थिकाश्च विनष्टाः, निर्वासिताश्च, साधवः शब्दिता भणन्ति-यदि राजा तिष्ठति तदा कथयामः, अतिगतो राजाऽपसृतः, अन्तःपुरिका उपसर्गयन्ति, हताः, श्रीगृहदृष्टान्तं कथयन्ति । कुशीलप्रतिषेवनायामीर्ष्यालुश्च भार्याश्चतस्रो, राजविदितं तेन घोषितं-सप्तवृतिपरीक्षिप्तं गृहं न लभते कोऽपि प्रवेष्टुं, साधुरजानानो विकाले वसतिनिमित्तमतिगतः, स च प्रवेशितः, तत्र प्रथमे यामे प्रथमाऽऽगता भणति-प्रतीच्छ, साधुः कच्छं बद्ध्वा

**[६४]आसणं च कुम्मबंधं काऊण अहोमुहो ठिओ चीरवेढेणं, न सक्किओ, किसित्ता गया, पुच्छंति-केरिसो ?, सा भणइ-एरिसो नत्थि अण्णो मणूसो, एवं चत्तारिवि जामे जामे किसिऊण गयाओ, पच्छा एगओ मिलियाओ साहंति, उवसंताओ सड्ढीओ जायाओ । तेरिच्छा चउव्विहा-भया पओसा आहारहेउं अवच्चलयणसारक्खणया, भएण सुणगाई डसेज्जा, पओसे चंडकोसिओ मक्कडादी वा, आहारहेउं सीहाइ, अवच्चलेणसारक्खणहेउं काकिमाइ । आत्मना क्रियन्त इति आत्मसंवेदनीयाः, जहा *उद्देसिए चेतिए पाहुडियाए, ते चउव्विहा-घट्टणया पवडणया थंभणया लेसणया, घट्टणया अच्छिमि* रयो पविट्ठो चमढिउं दुक्खिउमारद्धं अहवा सयं चेव अच्छिमि गलए वा किंचि सालुगाइ**

અને આસનને કુર્મબંધ કરીને, (અર્થાત્ કાચબાના ઢાળની જેમ પોતાની ઉપર બાંધીને) વસ્ત્રો વિંટીને મોં નીચું રાખી ઊભો રહ્યો. પ્રથમ પત્ની સાધુને ચલિત કરી શકી નહીં, અને ક્લેશ પામીને (થાકીને) ગઈ. બીજી પત્નીઓ પ્રથમ પત્નીને પૂછે છે કે – 'કેવો છે ?' તે કહે છે – 'આના જેવો બીજો કોઈ મનુષ્ય નથી'. આ પ્રમાણે ચારે પત્નીઓ એક એક પ્રહરે ક્લેશ પામીને ગઈ. પાછળથી એક સ્થાને ભેગી થયેલી પત્નીઓ પરસ્પર વાત કરે છે. તેઓનો વિકારભાવ શાંત પડ્યો. શ્રાવિકાઓ બની ગઈ.

**તિર્યંચસંબંધી** ચાર પ્રકારે **ઉપસર્ગો** છે. – ભયથી, પ્રદ્વેષથી, આહાર માટે, અને પોતાના બચ્ચાઓનું / માળાનું રક્ષણ કરવા ઉપસર્ગ કરે. તેમાં **ભયથી** કૂતરાદિ કરડે. **પ્રદ્વેષથી :–** ચંડકૌશિક અથવા વાંદરાદિ ઉપસર્ગ કરે તે. **આહાર માટે** – સિંહાદિનો ઉપસર્ગ અને બચ્ચાઓના **માળાદિના સંરક્ષણ** માટે કાગડી વિગેરે ઉપસર્ગ કરે.

**આત્મસંવેદનીય ઉપસર્ગો :–** તેમાં જાતવડે જે કરાય તે આત્મસંવેદનીય ઉપસર્ગ કહેવાય. જેમ કે– સ્નિગ્ધમધુરાદિ ઔદ્દેશિક ગોચરી કોઈવડે વહોરાવી હોય અને તે પચે નહીં ત્યારે જે માથાનો દુઃખાવો વિગેરે ઉત્પન્ન થાય તે સામાન્યથી આત્મસંવેદનીયોપસર્ગ કહેવાય છે. તે ચાર પ્રકારે છે – ચોળવાથી, પડવાથી, સ્થિરતાથી, અને વળી જવાથી. તેમાં **ચોળવાથી :–** આંખમાં કોઈ રજકણ પેસી જાય ત્યારે આંખને ચોળે તો દુઃખવા લાગે અથવા સ્વયં જ આંખમાં કે ગળામાં કોઈ ગાંઠ જેવું થયું હોય અને એને ચોળે તો દુઃખ ઉત્પન્ન થાય. **પડવાથી :–** પોતે બરાબર ધ્યાન

**६४. आसनं च कूर्मबन्धं कृत्वाऽधोमुखः स्थितश्चीरवेष्टनेन, न शक्तिः, क्लिशित्वा गता, पृच्छन्ति-कीदृशः ?, सा भणति-ईदृशो नास्त्यन्यो मनुष्यः, एवं चतस्रोऽपि यामे यामे क्लिशित्वा गताः, पश्चान्मीलिताः एकत्र कथयन्ति, उपशान्ताः श्राद्धयो जाताः । तैरश्चाश्चतुर्विधाः-भयात् प्रद्वेषात् आहारहेतोः अपत्यालयसंरक्षणाय, भयेन श्वादिर्दशेत्, प्रद्वेषे चण्डकौशिको मर्कटादिर्वा, आहारहेतोः सिंहादिः, *अपत्यलयनसंरक्षणहेतोः काक्यादिः ।* यथोद्देशे चैत्ये प्राभृतिकायां, ते चतुर्विधाः-घट्टनता प्रपतनता स्तम्भनता श्लेषणता, घट्टनता अक्ष्णि रजः प्रविष्टं मर्दित्वा दुःखयितुमारब्धं अथवा स्वयमेव अक्ष्णि गले वा किञ्चित्सालुकादि**

[६५]उद्वियं घट्टइ, पवडणया ण य पयत्तेणं चंकमइ, तत्थ दुक्खाविज्जइ, थंभणया नाम ताव बइट्ठो अच्छिओ जाव सुत्तो थद्धो जाओ, अहवा हणुयाजंतमाई, लेसणया पायं ★आउंटावेत्ता अच्छिओ जाव +तत्थ वाएण लइओ, अहवा नट्टं सिक्खामित्ति अइणामियं किंचि अंगं तत्थेव लग्गं, अहवा आयसंवेयणिया वाइया पित्तिया संभिया संनिवाइया एते दव्वोवसग्गा, भावओ उवउत्तस्स एते चेव, उक्तं च-"दिव्वा माणुसगा चेव, तेरिच्छा य वियाहिया । आयसंवेयणीया य, उवसग्गा चउव्विहा ॥१॥ हासप्पओसवीमंसा, पुढोवेमाय दिव्विया । माणुस्सा हासमाईया, कुसीलपडिसेवणा ॥२॥ तेरिच्छगा भया दोसा, आहारट्ठा तहेव य । अवच्चलेणसंरक्खणट्ठा एते *चउहा वियाहिया ॥३॥ घट्टणा पवडणा चेव, थंभणा लेसणा तहा । आयसंवेयणीया उ, उवसग्गा चउव्विहा ॥४॥" इत्याद्यलं प्रसङ्गेन, एतन्नामयन्तो नमोऽर्हा इति व्याख्यातमयं गाथार्थः ॥

રાખી ચાલે નહીં એટલે પડે, તેમાં દુઃખી થાય. **સ્થિરતાથી :–** ત્યાં સુધી એવી રીતે બેઠો રહે કે જેથી (H)પગાદિ અવયવ અક્કડ થઈ જાય, અથવા જડબું અક્કડ થઈ જાય. **વળી જવાથી :–** પગને સંકોચીને ત્યાં સુધી રહે કે જેથી તે રીતે જ વાયુને કારણે પગ વળેલો રહે, અથવા 'નૃત્ય હું શીખું' એમ વિચારી નૃત્ય શીખતી વખતે પોતાના અંગને એટલું બધું નમાવી દે કે જેથી એ જ રીતે અંગ વળી જાય.

અથવા બીજી રીતે આત્મસંવેદનીય ઉપસર્ગો જાણવા – વાયુથી, પિત્તથી, કફથી, અને સંનિપાતથી (એટલે કે વાયુ–કફ અથવા પિત્ત–કફ વિગેરે મિશ્ર થવાથી) આ દ્રવ્યોપસર્ગ જાણવા. આ જ ઉપસર્ગો ઉપયુક્ત જીવને ભાવથી ઉપસર્ગો જાણવા. (અર્થાત્ કર્મનિર્જરાના ઉપયોગથી ઉપસર્ગોને સહન કરે તો તે ઉપસર્ગો ભાવથી કહેવાય.) કહ્યું છે :– ॥૧॥ 'દિવ્ય, માનુષ્ય, તૈર્યંચ અને આત્મસંવેદનીય એમ ચાર પ્રકારે ઉપસર્ગો કહેવાયેલા છે. ॥૨॥ હાસ્ય, પ્રદ્વેષ, વિમર્શ અને પૃથગ્વિમાત્રા એ દિવ્ય ઉપસર્ગો છે. હાસ્યાદિ ત્રણ અને કુશીલપ્રતિસેવના એ માનુષ્ય, ॥૩॥ ભય, દ્વેષ આહારાર્થે તેમજ અપત્યાલયસંરક્ષણાર્થે એમ આ ચાર પ્રકારે તૈર્યંચ ઉપસર્ગો કહેવાયેલા છે. ॥૪॥ ઘટ્ટના, પતન, સ્તંભન તથા શ્લેષણ એમ ચાર પ્રકારે આત્મસંવેદનીય ઉપસર્ગો છે.' વિગેરે, વધુ પ્રાસંગિક વિષયથી સર્યું. આ ઉપસર્ગોને સહન કરનારા અરિહંતો નમસ્કારને યોગ્ય છે. આ પ્રમાણે આ ગાથાર્થ વ્યાખ્યાન કરાયો. ॥૯૧૮॥

६५. उत्थितं घट्टयति, पतनता न च प्रयत्नेन चङ्क्रम्यते, तत्र दुःख्यते,. स्तम्भनता नाम तावदुपविष्टः स्थितो यावत्सुप्तः स्तब्धो जातः, अथवा हनुयन्त्रादि, श्लेषणता पादमाकृष्य स्थितो यावत्तत्र वा तत्र वातेन लग्नः, अथवा नृत्यं शिक्ष इति अतिनामितं किञ्चिदङ्गं तत्रैव लग्नम्, अथवाऽऽत्मसंवेदनीया वातिकाः पैत्तिकाः श्लेष्मिकाः सान्निपातिका एते द्रव्योपसर्गाः, भावत उपयुक्तस्यैत एव, दिव्या मानुष्यकाश्चैव तैरश्चाश्च व्याख्याताः । आत्मसंवेदनीयाश्चोपसर्गाश्चतुर्विधाः ॥१॥ हास्यप्रद्वेषविमर्शपृथग्विमात्रा दिव्याः । मानुष्या हास्यादयः कुशीलप्रतिषेवना ॥२॥ तैरश्चा भयाद्वेषादाहारार्थाय तथैव च । अपत्यलयनसंरक्षणार्थाय ते व्याख्याताः ॥३॥ घट्टना प्रपतनैव स्तम्भनं श्लेषणं तथा । आत्मसंवेदनीयास्तु उपसर्गाश्चतुर्विधाः ॥४॥

★ आउंटिता-मुद्रिते । + तत्थ व तत्थ मुद्रिते । * इदं पदं मुद्रिते नास्ति ।

साम्प्रतं प्राकृतशैल्याऽनेकधाऽर्हच्छब्दनिरुक्त★सम्भव इति दर्शयन्नाह –

**इंदियविसयकसाए परीसहे वेयणा उवस्सग्गे ।**

**एए अरिणो हंता अरिहंता तेण वुच्चंति ॥९१९॥**

व्याख्या : इन्द्रियादयः पूर्ववत्, वेदना त्रिविधा–शारीरी मानसी उभयरूपा च, 'एए अरिणो हंता' इत्यत्र प्राकृतशैल्या छान्दसत्वात् 'सुपां सुपी'त्यादिलक्षणतः एतेषामरीणां हन्तारः यतोऽरिहन्तारः 'तेनोच्यन्ते' तेनाभिधीयन्ते, अरीणां हन्तारोऽरिहन्तार इति निरुक्तिः स्यात्, एतदनन्तरगाथायामेत एवोक्ताः पुनरमीषामेवेहोपन्यासोऽयुक्त इति ?, अत्रोच्यते, अनन्तरगाथायां नमस्कारार्हत्वे हेतुत्वेनोक्ताः, इह पुनरभिधाननिरुक्तिप्रतिपादनार्थमुपन्यास इति गाथार्थः ॥

साम्प्रतं प्रकारान्तरतोऽरय आख्यायन्ते, ते चाष्टौ ज्ञानावरणादिसंज्ञाः सर्वसत्त्वानामेवेति, आह च –

**અવતરણિકા :** હવે પ્રાકૃતશૈલીથી અનેક પ્રકારે સંભવતી અરિહંતશબ્દની વ્યુત્પત્તિને બતાવતા નિર્યુક્તિકાર કહે છે ➪

**ગાથાર્થ : ઇન્દ્રિય, વિષય, કષાય, પરિષહ, વેદના, ઉપસર્ગ આ શત્રુઓને હણનારા હોવાથી (તેઓ) અરિહંતો કહેવાય છે.**

**ટીકાર્થ :** ઇન્દ્રિય વિગેરે શબ્દોનો અર્થ અને તેના ભેદો વિગેરે પૂર્વની જેમ જાણવા: વેદના ત્રણ પ્રકારની – ૧. શારીરિક, ૨. માનસિક, અને ૩. ઉભયરૂપ. 'एए अरिणो हंता' અહીં પ્રાકૃતશૈલીને કારણે અને આર્ષપ્રયોગ (ઋષિમુનિઓનો પ્રયોગ કે જેમાં કોઈ નિયમ ન) હોવાથી 'एए अरिणो' શબ્દને પ્રથમાવિભક્તિ થઈ છે. 'सुपां सुपि' વિગેરે (બધી જ વિભક્તિઓનો અર્થ બધી જ વિભક્તિમાં થઈ શકે.) સૂત્રથી 'एए अरिणो' શબ્દને ષષ્ઠી વિભક્તિ કરતા 'આ શત્રુઓને' એમ અર્થ જાણવો. જે કારણથી આ શત્રુઓને હણનારા છે, તે કારણથી અરિહંતો કહેવાય છે, કારણ કે અરિઓને (શત્રુઓને) હણનારા અરિહંત એ પ્રમાણે નિરુક્તિ અર્થ (શબ્દમાં રહેલ અક્ષરોને આશ્રયી થનાર અર્થ) થાય છે.

**શંકા :** પૂર્વની ગાથામાં ઇન્દ્રિયાદિ શત્રુઓની જ વાત કરી અને અહીં ફરી તેઓની જ વાત કરવી એ અયુક્ત છે.

**સમાધાન :** પૂર્વની ગાથામાં 'ઇન્દ્રિયાદિને નમાવનારા નમસ્કારને યોગ્ય છે' એ પ્રમાણે નમસ્કારની યોગ્યતામાં ઇન્દ્રિયાદિને કારણ તરીકે કહેવાયેલા હતા. અહીં તો તેઓના નામની નિરુક્તિનું પ્રતિપાદન કરવા માટે ઉપન્યાસ કરેલ હોવાથી કોઈ દોષ નથી. ॥૯૧૯॥

**અવતરણિકા :** હવે બીજી રીતે શત્રુઓ કહેવાય છે, અને તે જ્ઞાનાવરણાદિનામવાળા આઠ શત્રુઓ સર્વ જીવોને હોય જ છે. કહ્યું છે કે ➪

★ सम्भवं निदर्श० मुद्रिते ।

**अट्ठविहंपिय कम्मं अरिभूअं होइ सव्वजीवाणं ।**
**तं कम्ममरिं हंता अरिहंता तेण वुच्चंति ॥९२०॥**

**व्याख्या :** 'अष्टविधमपि' अष्टप्रकारमपि, अपिशब्दादुत्तरप्रकृत्यपेक्षयाऽनेकप्रकारमपि, चशब्दो भिन्नक्रमः, स चावधारणे, ज्ञानावरणादि, ततश्चाष्टविधं कर्मैव 'अरिभूतं' शत्रुभूतं भवति 'सर्वजीवानां' सर्वसत्त्वानामनवबोधादिदुःखहेतुत्वादिति भावः, पश्चार्द्धं पूर्ववत्, एवंविधा अरिहन्तार इति गाथार्थः ॥९२०॥ अथवा—

**अरिहंति वंदणनमंसणाइं अरिहंति पूअसक्कारं ।**
**सिद्धिगमणं च अरिहा अरहंता तेण वुच्चंति ॥९२१॥**

**व्याख्या :** 'अर्ह पूजायाम्' अर्हन्तीति 'पचाद्यच्' कर्तरि अर्हाः, किमर्हन्ति ?—वन्दननमस्करणे, तत्र वन्दनं शिरसा नमस्करणं वाचा, तथाऽर्हन्ति पूजासत्कारं, तत्र वस्त्रमाल्यादिजन्या पूजा, अभ्युत्थानादिसम्भ्रमः सत्कारः, तथा 'सिद्धिगमनं चार्हन्ति' सिद्ध्यन्ति-निष्ठितार्था भवन्त्यस्यां प्राणिन इति सिद्धिः-लोकान्तक्षेत्रलक्षणा, वक्ष्यति च- *'इह बोंदिं चइत्ता णं तत्थ गंतूण सिज्झइ'*★

**ગાથાર્થ :** શત્રુભૂત એવા આઠ પ્રકારનાં કર્મો સર્વજીવોને હોય છે. આ કર્મશત્રુને (જે કારણથી) હણનારા છે, તે કારણથી તેઓ અરિહંતો કહેવાય છે.

**ટીકાર્થ :** 'આઠ પ્રકારના પણ', અહીં 'अपि' શબ્દથી ઉત્તરપ્રકૃતિની અપેક્ષાએ અનેક પ્રકારના પણ (કર્મો.), 'च' શબ્દનો જકાર અર્થ કરવો અને તેનો ક્રમ અન્ય સ્થાને (એટલે કે 'कम्मं' શબ્દ પછી) જોડવો. તેથી આઠ પ્રકારના પણ જ્ઞાનાવરણાદિ કર્મો જ સર્વ જીવોને શત્રુરૂપે છે. (અન્ય કોઈ નહીં) કારણ કે આ જ્ઞાનાવરણાદિ કર્મો જ સર્વ જીવોના અજ્ઞાનાદિદુ:ખનું કારણ છે. ગાથાના પાછલા ભાગનો અર્થ અનન્તરગાથામાં કહ્યો તે પ્રમાણે જાણી લેવો. આવા પ્રકારના અરિહંતો છે. એ પ્રમાણે ગાથાર્થ જાણવો. ॥૯૨૦॥ અથવા –

**ગાથાર્થ :** (જે કારણથી) વંદન—નમસ્કારાદિ માટે યોગ્ય છે, પૂજાસત્કાર માટે યોગ્ય છે અને સિદ્ધિગમન માટે યોગ્ય છે તે કારણથી (તેઓ) અરહંતો કહેવાય છે.

**ટીકાર્થ :** 'अर्ह' ધાતુ પૂજાના અર્થમાં વપરાય છે. અહીં 'पचाद्यच्' સૂત્રથી 'पच्' વિગેરે ધાતુઓને કર્તાના અર્થમાં 'अच्' પ્રત્યય લાગતાં 'अर्ह' શબ્દ બને છે. કોની માટે યોગ્ય છે ? – વંદન અને નમસ્કાર માટે યોગ્ય છે. તેમાં મસ્તક નમાવવું એ વંદન અને વાણીથી 'નમો' બોલવું તે નમસ્કાર જાણવો. તથા (જે કારણથી) પૂજા-સત્કાર માટે યોગ્ય છે. તેમાં વસ્ત્ર—માળાદિ આપવા એ પૂજા અને અભ્યુત્થાનાદિ આદર એ સત્કાર જાણવો. તથા જેમાં જીવો કૃતકૃત્ય થાય છે તે સિદ્ધિ એટલે કે લોકાન્તક્ષેત્ર અને આગળ કહેશે – 'અહીં શરીરને છોડીને ત્યાં જઈને સિદ્ધ થાય છે.' આ સિદ્ધિને વિશે ગમન માટે (જે કારણથી) યોગ્ય છે, તે કારણથી (તેઓ) અરહંતો કહેવાય છે. અહીં જો કે 'अरहंता' શબ્દ છે, છતાં પ્રાકૃતશૈલીથી તેનો અર્થ 'अर्ह' જાણવો અથવા

★ इह तनुं त्यक्त्वा तत्र गत्वा सिध्यति ।

तद्गमनं च प्रत्यर्हा इति, 'अरहंता तेण वुच्चंति' प्राकृतशैल्या अर्हास्तेनोच्यन्ते, अथवा अर्हन्तीत्यर्हन्त इति गाथार्थः ॥९२१॥ तथा–

**देवासुरमणुएसुं अरिहा पूआ सुरुत्तमा जम्हा ।**
**अरिणो हंता रयं हंता अरिहंता तेण वुच्चंति ॥९२२॥**

व्याख्या : देवासुरमनुजेभ्यः पूजामर्हन्ति-प्राप्नुवन्ति तद्योग्यत्वात्, सुरोत्तमत्वादिति युक्तिः, इत्थमनेकधाऽन्वर्थमभिधाय पुनः सामान्यविशेषाभ्यामुपसंहरन्नाह–'अरिणो हंता' इत्यादि पूर्ववदेव, अरीणां हन्तारः यतः अरिहन्तारस्तेनोच्यन्ते, तथा रजसो हन्तारः यतो रजोहन्तारस्तेनोच्यन्ते इति, रजो बध्यमानकं कर्म भण्यत इति गाथार्थः ॥९२२॥

इदानीममोघताख्यापनार्थमपान्तरालिकं नमस्कारफलमुपदर्शयति–

**अरहंतनमुक्कारो जीवं मोएइ भवसहस्साओ ।**
**भावेण कीरमाणो होइ पुणो बोहिलाभाए ॥९२३॥**

---

જેઓ (પૂજાદિ માટે) યોગ્ય છે તે અરહંતો એ પ્રમાણેની વ્યુત્પત્તિથી 'अरहंतो' શબ્દ જ જાણવો. આ પ્રમાણે ગાથાર્થ કહ્યો. ॥૯૨૧॥ તથા–

**ગાથાર્થ : દેવાસુરમનુષ્યો પાસેથી પૂજાને માટે યોગ્ય છે, કારણ કે તેઓ દેવોમાં ઉત્તમ છે, તથા શત્રુઓને હણનારા છે, કર્મોને હણનારા છે માટે અરિહંતો કહેવાય છે.**

**ટીકાર્થ :** દેવ, દાનવ અને મનુષ્યો પાસેથી પૂજાને પામે છે, કારણ કે પૂજાને માટે યોગ્ય છે. (પૂજાને માટે પણ યોગ્ય કેમ છે? કારણ કે) દેવોમાં તેઓ ઉત્તમ છે. આ પ્રમાણે અનેક પ્રકારે અન્વર્થને (નામ પ્રમાણેના અર્થને) કહીને ફરી સામાન્ય અને વિશેષથી ઉપસંહાર કરતા કહે છે – જે કારણથી શત્રુઓને હણનારા છે, તે કારણથી અરિહંત કહેવાય છે. તથા જે કારણથી રજને હણનારા છે, તે કારણથી રજહન્તૃ કહેવાય છે. અહીં રજ એટલે બધ્યમાન એવા કર્મો. આ પ્રમાણે ગાથાર્થ કહ્યો ॥૯૨૨॥

**અવતરણિકા :** હવે અમોઘતા બતાવવા માટે નમસ્કારનું વચલું ફળ બતાવે છે ➪

(**શંકા :** [H]નમસ્કારનું અંતિમ ફળ મોક્ષ છે. તે પહેલા જે ફળો પ્રાપ્ત થાય તે વચલા ફળો કહેવાય. તેથી સ્વર્ગાદિની પ્રાપ્તિ એ વચલા ફળો તરીકે જણાય છે. જ્યારે હવે પછીની ગાથામાં નમસ્કારનાં ફળ તરીકે મોક્ષ બતાવવામાં આવી રહ્યો છે. તો મોક્ષરૂપ ફળ એ અપાન્તરાલિક = વચલું ફળ કેવી રીતે કહેવાય ?

**સમાધાન :** અહીં સ્વર્ગાદિફળની અપેક્ષાએ અપાંતરાલ શબ્દ કહેવાયો નથી, પરંતુ 'उप्पत्ती निक्खवो...' ઇત્યાદિ (ગા. ૮૮૭)માં અરિહંતાદિ પાંચેના નમસ્કારનું છેલ્લે જે ભેગું ફળ બતાવવાના છે, તેની અપેક્ષાએ આ મોક્ષરૂપ ફળ એ અપાંતરાલિક = વચલા તરીકે વિવક્ષિત હોવાથી કોઈ વિરોધ નથી – इति टिप्पणके)

**ગાથાર્થ : અરિહંતને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી છોડાવે છે. ભાવથી કરાતો આ નમસ્કાર વળી બોધિલાભ માટે થાય છે.**

व्याख्या : अर्हतां नमस्कारःअर्हन्नमस्कार, इहार्हच्छब्देन बुद्धिस्थार्हदाकारवती स्थापना गृह्यते, नमस्कारस्तु नमःशब्द एव, 'जीवम्' आत्मानं 'मोचयति' अपनयति, कुतः ?—भवसहस्रेभ्यः, 'भावेन' उपयोगेन क्रियमाणः, इह च सहस्रशब्दो यद्यपि दशशतसङ्ख्यायां वर्तते तथाऽप्यत्रार्थादनन्तसङ्ख्यायामवगन्तव्यः, अनन्तभवमोचनान्मोक्षं प्रापयतीत्युक्तं भवति, आह—न सर्वस्यैव भावतोऽपि नमस्कारकरणे तद्भव एव मोक्षः, तत्कथमुच्यते—जीवं मोचयतीत्यादि, उच्यते, यद्यपि तद्भव एव मोक्षाय न भवति तथाऽपि भावनाविशेषाद्भवति पुनः 'बोधिलाभाय' बोधिलाभार्थं, बोधिलाभश्चाचिरादविकलो मोक्षहेतुरित्यतो न दोष इति गाथार्थः ॥९२३॥ तथा चाह—

**अरिहंतनमुक्कारो धन्नाण भवक्खयं कुणंताणं ।**
**हिअयं अणुम्मुअंतो विसुत्तियावारओ होइ ॥९२४॥**

व्याख्या : अर्हन्नमस्कार इति पूर्ववत्, धन्यानां भवक्षयं कुर्वताम्, तत्र धन्याः—ज्ञानदर्शन-

---

**ટીકાર્થ :** અરિહંતોને નમસ્કાર તે અર્હન્નમસ્કાર. અહીં 'અર્હત્' શબ્દથી બુદ્ધિમાં રહેલી અરિહંતના આકારવાળી સ્થાપના ગ્રહણ કરાય છે અને નમસ્કાર તરીકે નમઃ શબ્દ જ ગ્રહણ કરાય છે. આવા પ્રકારનો અર્હન્નમસ્કાર જીવને દૂર કરે છે. ક્યાંથી દૂર કરે છે ? હજાર ભવોથી જીવને દૂર કરે છે. (આ નમસ્કાર કેવો છે ? તે કહે છે—) ભાવથી કરાતો નમસ્કાર. (અન્વય આ પ્રમાણે— ભાવથી કરાતો નમસ્કાર જીવને હજારભવોથી દૂર કરે છે. એટલે કે ભવિષ્યમાં થનારા હજારભવોથી છૂટકારો અપાવે છે.) અહીં જો કે 'હજાર' શબ્દ ૧૦૦૦ની સંખ્યા જણાવનારો છે, છતાં પણ અર્થાપત્તિથી આ 'હજાર' શબ્દ અનંત સંખ્યાને જણાવનારો જાણવો. તેથી આ પ્રમાણે અર્થ જાણવો કે – ભાવથી કરાતો અર્હન્નમસ્કાર (ભવિષ્યમાં થનારા) અનંતભવોથી છોડાવી જીવને (તે જ ભવે) મોક્ષ અપાવડાવે છે.

**શંકા :** ભાવથી નમસ્કાર કરવા છતાં કંઈ બધા જ જીવોનો (ભાવથી નમસ્કાર કરનારા સર્વ જીવોનો) તે જ ભવે મોક્ષ થતો નથી. તો 'જીવને છોડાવે છે…' વિગેરે તમે શા માટે કહો છો ?

**સમાધાન :** જો કે સર્વ જીવોને તે જ ભવે નમસ્કાર મોક્ષ માટે થતો નથી, તો પણ (જે જીવોનો તે જ ભવે મોક્ષ થતો નથી, તેવા જીવોને) ભાવના વિશેષથી વળી બોધિલાભ માટે તો થાય જ છે અને તે બોધિલાભ ઝડપથી મોક્ષનું સંપૂર્ણ કારણ છે જ. માટે 'અર્હન્નમસ્કાર જીવને અનંતભવોથી છોડાવી મોક્ષ અપાવે છે' એવું જે કહ્યું છે તેમાં કોઈ વિરોધ નથી. ॥૯૨૩॥ કહ્યું છે ➪

**ગાથાર્થ : ભવક્ષયને કરતા એવા ધન્ય જીવોનાં હૃદયને નહીં મૂકતો એવો તે અર્હન્નમસ્કાર દુર્ધ્યાનનો નિવારક થાય છે.**

**ટીકાર્થ :** 'અર્હન્નમસ્કાર' શબ્દનો અર્થ પૂર્વની ગાથામાં જે કહ્યો તે રીતે જાણવો. અહીં ધન્ય તરીકે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ધનવાળા સાધુ વિગેરે જાણવા. 'ભવ' શબ્દથી 'તદ્ભવાયુ'

**चारित्रधनाः साध्वादयः, तेषां भवक्षयं कुर्वतामिति, अत्र तद्भवजीवितं भवः तस्य क्षयो भवक्षयस्तं कुर्वताम्—आचरतां, किम् ?-'हृदयं' चेतः 'अनुन्मुञ्चन्' अपरित्यजन्, हृदयादनपगच्छन्नित्यर्थः, विस्रोतसिकावारको भवति, इहापध्यानं विस्रोतसिकोच्यते, तद्वारको भवति, धर्मध्यानैकालम्बनतां करोतीति गाथार्थः ॥९२४॥**

**अरहंतनमुक्कारो एवं खलु वण्णिओ महत्थुत्ति ।**
**जो मरणंमि उवग्गे अभिक्खणं कीरए बहुसो ॥९२५॥**

**व्याख्या : अर्हन्नमस्कार एवं खलु वर्णितो 'महार्थ' इति महानर्थो यस्य स महार्थः, अल्पाक्षरोऽपि द्वादशाङ्गार्थसङ्ग्राहित्वान्महार्थ इति, कथं पुनरेतदेवमित्याह-यो नमस्कारो 'मरणे' प्राणत्यागलक्षणे उपाग्रे-समीपभूते 'अभीक्ष्णम्' अनवरतं क्रियते 'बहुशः' अनेकशः, ततश्च प्रधानापदि समनुस्मरणकरणेन ग्रहणात् महार्थः प्रधानश्चायमिति । आह च भाष्यकारः— "[66]*जलणाइभए सेसं मोत्तुंऽप्पेगरयणं महामोल्लं । जुधि वाऽइभए घेप्पइ अमोहसत्थं जह तहेह ॥१॥ मोत्तुंपि बारसंगं स एव मरणंमि कीरए जम्हा । अरहंतनमोक्कारो तम्हा सो बारसंगत्थो ॥२॥***

જાણવું. તે તદ્ભવાયુનો ક્ષય કરતા એવા સાધુ વિગેરે ધન્યજીવોનાં ચિત્તને નહીં છોડતો અર્થાત્ હૃદયમાંથી દૂર નહીં થતો (તે અર્હન્નનમસ્કાર) વિસ્રોતસિકાનો નિવારક થાય છે. અહીં અપધ્યાનને વિસ્રોતસિકા કહેવાય છે. માટે અપધ્યાનનો વારક થાય છે, એટલે કે ધર્મધ્યાનરૂપ એકાલંબનતાને કરે છે. ॥૯૨૪॥

**ગાથાર્થ : આ પ્રમાણે અરિહંતનમસ્કાર મહાન્ અર્થવાળો વર્ણન કરાયો. જે આ નમસ્કાર મરણ સમય નજીક આવતા સતત અનેકવાર કરાય છે.**

**ટીકાર્થ :** મહાન અર્થ છે જેનો તે મહાર્થ. ઉપર કહ્યા પ્રમાણે અર્હન્નમસ્કાર મહાન્ અર્થવાળો વર્ણન કરાયો, કારણ કે આ નમસ્કાર અલ્પાક્ષરવાળો હોવા છતાં સમસ્ત દ્વાદશાંગીના અર્થોને સંગ્રહ કરનારો હોવાથી મહાર્થવાળો કહેવાય છે. શા માટે આ મહાર્થવાળો છે ? તે કહે છે – કારણ કે પ્રાણના ત્યાગરૂપ મરણ નજીક આવતા (દ્વાદશાંગીને છોડીને) જે આ નમસ્કાર સતત અનેકવાર કરાય છે અને તેથી મોટી એવી આપત્તિમાં સમ્યગ્ રીતે અનુસ્મરણ કરવાવડે નમસ્કારનું ગ્રહણ થતું હોવાથી તે મહાર્થવાળો અને પ્રધાન છે.

ભાષ્યકારે કહ્યું છે – '॥૧॥ અગ્નિ વિગેરેના ભયમાં શેષને છોડી જેમ મહામૂલ્યવાળું એક પણ રત્ન ગ્રહણ કરાય છે અથવા અતિભયવાળા એવા યુદ્ધમાં શેષને છોડી જેમ અમોઘશસ્ત્ર ગ્રહણ કરાય છે, તેમ અહીં ॥૨॥ મરણ સમયે જે કારણથી દ્વાદશાંગીને મૂકીને તે નમસ્કાર જ કરાય છે, તે કારણથી તે અરિહંતનમસ્કાર દ્વાદશાંગીના અર્થવાળો કહેવાય છે. ॥૩॥ સર્વ દ્વાદશાંગ એ

**६६. ज्वलनादिभये शेषं मुक्त्वा अप्येकं रत्नं महामूल्यम् । युधि वाऽतिभये गृह्यतेऽमोघशस्त्रं यथा तथेह ॥१॥ मुक्त्वाऽपि द्वादशाङ्गं स एव मरणे क्रियते यस्मात् । अर्हन्नमस्कारस्तस्मात्स द्वादशाङ्गार्थः ॥२॥**
**+ जुहि इति मुद्रिते ।**

*[६७]सव्वंपि बारसंगं परिणामविसुद्धिहेउमेत्तायं । तक्कारणभावाओ किह न तदत्थो नमोक्कारो ? ॥३॥ ण हु तंमि देसकाले सक्को बारसविहो सुयक्खंधो । सव्वो अणुचिंतेउं धंतंपि समत्थचित्तेणं ॥४॥ तप्पणईणं तम्हा अणुसरियव्वो सुहेण चित्तेणं । एसेव नमोक्कारो कयन्नुतं मन्नमाणेणं ॥५॥"* **इति गाथार्थः ॥९२५॥**

**उपसंहरन्नाह–**

**अरिहंतनमुक्कारो सव्वपावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥९२६॥**

**व्याख्या :** किं बहुना ?, इहार्हनमस्कारः, किम् ?-सर्वपापप्रणाशनः, तत्र पांशयतीति निपातनात् पापं, पिबति वा हितमिति पापम्, औणादिकः पः प्रत्ययः, सर्वम्-अष्टप्रकारमपि कर्म-पापं जातिसामान्यापेक्षया, उक्तं च – *'पापं कर्मैव तत्त्वत'* इत्यादि, तत्प्रणाशयतीति सर्वपापप्रणाशनः,

પરિણામવિશુદ્ધિ માટે જ છે. તે પરિણામવિશુદ્ધિરૂપ કારણની પ્રાપ્તિ (નમસ્કારથી થતી હોવાથી) નમસ્કાર શા માટે દ્વાદશાંગ અર્થવાળો ન કહેવાય ? ॥૪॥ તે દેશકાળમાં (મરણકાળે) બાર પ્રકારના સર્વ શ્રુતસ્કંધને [H]અત્યંત સમર્થચિત્તવાળો એવો પણ જીવ ચિંતવન કરવા માટે સમર્થ નથી. **(વિ.આ.ભા. ૩૦૧૬/૧૭/૧૮/૧૯)** ॥૫॥ તેથી દ્વાદશાંગીના પ્રણેતાઓને અથવા નમસ્કારને યોગ્ય એવા અરિહંતાદિઓને શુભ ચિત્તથી આ જ નમસ્કાર પોતાની કૃતજ્ઞતાને માનતા જીવવડે અનુસરવા = કરવા યોગ્ય છે. (અર્થાત્ મરણકાળે દ્વાદશાંગીનું ચિંતન શક્ય ન હોવાથી દ્વાદશાંગીના રચયિતા એવા અરિહંતોને નમસ્કાર કરવામાં જ પોતાની કૃતજ્ઞતા જાણવી.)' આ પ્રમાણે ગાથાર્થ કહ્યો. ॥૯૨૫॥

**અવતરણિકા :** ઉપસંહાર કરતા નિર્યુક્તિકાર કહે છે ➪

**ગાથાર્થ : અરિહંતનમસ્કાર એ સર્વ પાપોને નાશ કરનારો અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.**

**ટીકાર્થ :** વધારે શું કહીએ ? અહીં પ્રસ્તુત વાતમાં (એટલું જ જણાવવાનું રહ્યું કે) અર્હન્નમસ્કાર એ સર્વ પાપોનો નાશ કરનારો છે. તેમાં જે (આત્માને) મલિન કરે તે પાપ, અહીં નિપાતથી 'પાપ' શબ્દ બન્યો છે, અથવા જે હિતને પીએ તે પાપ, અહીં ઔણાદિક એવો 'પઃ' પ્રત્યય पा ધાતુને લાગ્યો છે. આઠે પ્રકારના કર્મો પાપ તરીકે જાણવા. કહ્યું છે – 'પરમાર્થથી કર્મ જ પાપ છે' વિગેરે. અહીં કર્મો આઠ પ્રકારના હોવા છતાં 'पापं' એ પ્રમાણે જે એકવચન થયું તે જાતિની અપેક્ષાએ છે. આ પાપનો જે નાશ કરે છે, તે સર્વપાપપ્રણાશન કહેવાય છે. તથા નામ,

**६७. सर्वमपि द्वादशाङ्गं परिणामविशुद्धमात्रहेतुकम् । तत्कारणभावात् कथं न तदर्थो नमस्कारः ? ॥३॥ नैव तस्मिन् देशकाले शक्यो द्वादशविधः श्रुतस्कन्धः । सर्वोऽनुचिन्तयितुं बाढमपि समर्थचित्तेन ॥४॥ तत्प्रणतीनां ( सद्भावात् ) तस्मादनुसर्त्तव्यः शुभेन चित्तेन । एष एव नमस्कारः कृतज्ञत्वं मन्यमानेन ॥५॥ ( गाथेयं गाथाचतुष्काद्भिन्नसंबन्धा तत्र )**

**मङ्गलानां च 'सर्वेषां' नामादिलक्षणानां 'प्रथमं' इति प्रधानं प्रधानार्थकारित्वात्, अथवा पञ्चामूनि भावमङ्गलान्यर्हदादीनि, तेषां प्रथमम्—आद्यमित्यर्थः, 'भवति मङ्गल' मिति संपद्यते मङ्गलमिति गाथार्थः ॥९२६॥ उक्तस्तावदर्हन्नमस्कारः, साम्प्रतं सिद्धनमस्कार उच्यते, तत्र सिद्ध इति कः शब्दार्थः ?, उच्यते-'षिधु संराद्धौ' 'राध साध संसिद्धौ' षिधू शास्त्रे माङ्गल्ये चे'ति, सिध्यति स्म सिद्धः, यो येन गुणेन निष्पन्नः-परिनिष्ठितो, न पुनः साधनीयः सिद्धौदनवत् स सिद्ध इत्यर्थः, स च सिद्धः शब्दसामान्याक्षेपतः, अर्थतस्तावच्चतुर्दशविधः, तत्र नामस्थापनाद्रव्यसिद्धान् व्युदस्य शेषनिक्षेपप्रतिपादनायाह—**

**कम्मे १ सिप्पे अ २ विज्जाय ३ मंते ४ जोगे अ ५ आगमे ६ ।**
**अत्थ ७ जत्ता ८ अभिप्पाए ९, तवे १० कम्मक्खए ११ इय ॥९२७॥**

**व्याख्या : कर्मणि सिद्धः कर्मसिद्धः-कर्मणि निष्ठां गत इत्यर्थः, १ एवं शिल्पसिद्धः २ विद्यासिद्धः ३ मन्त्रसिद्धः ४ योगसिद्धः ५ आगमसिद्धः ६ अर्थसिद्धः ७ यात्रासिद्धः ८ अभिप्रायसिद्धः ९ तपःसिद्धः १० कर्मक्षयसिद्धश्चेति ११ गाथासमासार्थः ॥९२७॥**

---

સ્થાપનાદિ સર્વ મંગળોમાં નમસ્કાર એ પ્રધાન મંગળ છે, કારણ કે આ નમસ્કાર પ્રધાન એવા અર્થને (=મોક્ષને) કરનારો છે. અથવા અરિહંતાદિ પાંચ એ ભાવમંગળ છે. તેઓમાં આ અર્હન્નમસ્કાર પ્રથમ મંગળ છે. ॥૯૨૬॥

**॥ આ પ્રમાણે અર્હન્નમસ્કાર સમાપ્ત થયો. ॥**

**અવતરણિકા :** હવે સિદ્ધનમસ્કાર કહેવાય છે. તેમાં 'સિદ્ધ' શબ્દનો અર્થ શું છે ? તે કહેવાય છે.– તેમાં 'षिधु संराद्धौ' અહીં સિધ્ ધાતુ 'સિદ્ધ થવું' અર્થમાં છે, राध् અને साध् ધાતુ 'સિદ્ધ કરવું' અર્થમાં છે, તથા 'षिधू शास्त्रे माङ्गल्ये च' અહીં સિધ્ ધાતુ 'શાસ્ત્રના વિધાન મુજબ આચરવું અને માગંલિક કાર્ય કરવું' અર્થમાં છે. જે સિદ્ધ થયા છે તે સિદ્ધ એટલે રાંધેલા ભાતની જેમ જે જીવે જે ગુણમાં સિદ્ધિ પ્રાપ્ત કરી છે, તે ગુણમાં હવે સિદ્ધિ પ્રાપ્ત કરવાની બાકી નથી, તે જીવ સિદ્ધ કહેવાય છે. (અર્થાત્ રાંધેલા ભાત જેમ ફરી રાંધવાના હોતા નથી, તેમ જે જીવે જે ગુણ સંપૂર્ણ રીતે પ્રાપ્ત કર્યો છે તે જીવને તે ગુણ ફરી પ્રાપ્ત કરવાનો રહેતો નથી. આવો જીવ તે તે ગુણોને આશ્રયી સિદ્ધ કહેવાય છે.) અહીં 'સિદ્ધ' એ પ્રમાણેના સામાન્ય શબ્દને લઈને વ્યાખ્યા કરી, જ્યારે અર્થથી (સિદ્ધ શબ્દના અર્થની અપેક્ષાએ) ચૌદ પ્રકારે સિદ્ધો છે. તેમાં નામ–સ્થાપના અને દ્રવ્યસિદ્ધોને છોડીને શેષનિક્ષેપાઓનું પ્રતિપાદન કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (૧) કાર્યને વિશે જે સિદ્ધ તે કર્મસિદ્ધ અર્થાત્ તે તે કાર્યમાં નિપુણતાને પામેલો, (૨) એ પ્રમાણે શિલ્પસિદ્ધ, (૩) વિદ્યાસિદ્ધ, (૪) મંત્રસિદ્ધ, (૫) યોગસિદ્ધ, (૬) આગમસિદ્ધ, (૭) અર્થસિદ્ધ, (૮) યાત્રાસિદ્ધ, (૯) અભિપ્રાયસિદ્ધ, (૧૦)તપ–સિદ્ધ, (૧૧) કર્મક્ષયસિદ્ધ, આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૯૨૭॥

अवयवार्थं तु प्रतिद्वारमेव वक्ष्यति, तत्र नामस्थापनासिद्धौ सुखावसेयौ, द्रव्यसिद्धो निष्पन्न ओदनः सिद्ध इत्युच्यते, साम्प्रतं कर्मसिद्धादिव्याचिख्यासया कर्मादिस्वरूपमेव प्रतिपादयन्नाह—

**कम्मं जमणायरिओवएसयं सिप्पमन्नहाऽभिहिअं ।**
**किसिवाणिज्जाईयं घडलोहाराइभेअं च ॥९२८॥**

व्याख्या : इह कर्म यदनाचार्योपदेशजं सातिशयमनन्यसाधारणं गृह्यते, 'शिल्पम्' अन्यथाऽभिहितमिति, कोऽर्थः ?-इह यदाचार्योपदेशजं ग्रन्थनिबन्धाद्वोपजायते सातिशयं कर्मापि तच्छिल्पमुच्यते, तत्र भारवहनकृषिवाणिज्यादि कर्म घटकारलोहकारादिभेदं च शिल्पमिति गाथार्थः ॥९२८॥

साम्प्रतं कर्मसिद्धं सोदाहरणमभिधित्सुराह—

**जो सव्वकम्मकुसलो जो वा जत्थ सुपरिनिट्ठिओ होइ ।**
**सज्झगिरि सिद्धओविव स कम्मसिद्धत्ति विन्नेओ ॥९२९॥**

व्याख्या : 'यः' कश्चित् सर्वकर्मकुशलो यो वा 'यत्र' कर्मणि सुपरिनिष्ठितो भवत्येकस्मिन्नपि सह्यगिरिसिद्धक इव स कर्मसिद्ध इति विज्ञेयः, कर्मसिद्धो ज्ञातव्य इति गाथाक्षरार्थः ॥९२९॥

---

**અવતરણિકા :** વિસ્તારાર્થ તો દરેક દ્વારમાં જ કહેશે. તેમાં નામસિદ્ધ અને સ્થાપનાસિદ્ધ સુખેથી જણાઈ જાય છે. દ્રવ્યસિદ્ધ તરીકે રાંધેલા ભાત જાણવા, કારણ કે (લોકમાં રાંધેલા ભાત) સિદ્ધ તરીકે કહેવાય છે. હવે કર્મસિદ્ધાદિની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કર્માદિનું સ્વરૂપ જ પ્રતિપાદન કરતા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ ઉપરથી જાણી લેવો.**

**ટીકાર્થ :** અહીં જે આચાર્યના ઉપદેશ વિના ઉત્પન્ન થયેલું હોય, અતિશયથી યુક્ત હોય અને અનન્યસાધારણ હોય એટલે કે અન્યમાં જે ન હોય તે 'કર્મ' શબ્દથી ગ્રહણ કરાય છે. શિલ્પ એ અન્યથા કહેવાયેલું છે, અર્થાત્ જે આચાર્યના ઉપદેશથી ઉત્પન્ન થયેલું હોય અથવા ગ્રંથના આધારે ઉત્પન્ન થયેલું હોય, એવું અતિશયથી યુક્ત કર્મ પણ શિલ્પ કહેવાય છે. તેમાં ભારને વહન કરવું, ખેતી કરવી, વેપાર કરવો વિગેરે કર્મ જાણવા અને કુંભાર, લુહાર વિગેરે (કળાઓ)નાં ભેદવાળું શિલ્પ જાણવું. ॥૯૨૮॥

**અવતરણિકા :** હવે ઉદાહરણ સહિત કર્મસિદ્ધને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : જે સર્વકર્મોમાં કુશલ છે અથવા જે જેમાં અત્યંત નિપુણ છે, તે સહ્યગિરિસિદ્ધકની જેમ કર્મસિદ્ધ જાણવા યોગ્ય છે.**

**ટીકાર્થ :** જે કોઈ વ્યક્તિ સર્વ કાર્યોમાં કુશલ છે અથવા જે વ્યક્તિ એક એવા પણ જે કાર્યમાં અત્યંત નિપુણ છે. તે સહ્યગિરિસિદ્ધકની જેમ કર્મસિદ્ધ જાણવા યોગ્ય છે. એ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૯૨૯॥ ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે તે કથાનક આ પ્રમાણે છે.

भावार्थः कथानकादवसेयः, तच्चेदम्–[६८]कोंकणगदेसे एगंमि दुग्गे सज्झस्स भंडं उरुंभेंति विलयंति य, ताणं च विसमे गुरुभारवाहित्ति काऊण रण्णा समाणत्तं, एएसिं मएवि पंथो दायव्वो न पुण एएहिं कस्सइ। इओ एगो सिंधवओ पुराणो सो पडिभज्जंतो चिंतेइ–तहिं जामि जहिं कम्मे ण एस जीवो भज्जइ सुहं न विंदइ, सो तेसिं मिलिओ, सो गंतुकामो भणइ, कंदुक्कपडिबोहियल्लओ सिद्धओ भणइ-सिद्धियं देहि ममं, जहा सिद्धयं सिद्धया गया सज्झयं, सो य तेसिं महत्तरओ सव्ववड्डुं भारं वहइ, तेण साहूणं मग्गो दिन्नो, ते रुट्ठा राउले कहंति, ते भणंति–अम्हं रायावि मग्गं देइ भारेण दुक्खाविज्जंताणं ता तुमं समणस्स रित्तस्स त्थिक्कस्स मग्गं देसि ?, रण्णा भणियं–

## ❁ કર્મસિદ્ધ સહ્યગિરિસિદ્ધક ❁

કોંકણક દેશના એક વિકટ પ્રદેશમાં રહેનારા પુરુષો સહ્ય નામના પર્વત ઉપરથી ઘઉં, ગોળ, ઘી, તેલાદિ કરિયાણાને નીચે ઉતારે અને ઉપર ચઢાવે છે. વિષમ સ્થાને તેઓ ગુરુભારને વહન કરનારા હોવાથી (અર્થાત્ જયાંથી કરિયાણું ઉપર ચઢાવતા હતા, તે સ્થાન ઘણું વિષમ હતું. ત્યાંથી આ પુરુષો ઘણી વજનવાળી વસ્તુને લઈ ચઢતા હોવાથી) રાજાએ આદેશ કર્યો કે– "આ લોકોને મારે પણ માર્ગ આપવો, (અર્થાત્ જયાંથી તેઓ આવ–જાવ કરે છે તે માર્ગમાં મારે પણ વચ્ચે આવવું નહીં.) તથા આ લોકોએ કોઈને માર્ગ આપવો નહીં."

આ બાજુ એક સૈન્ધવ દેશનો પુરાણ (=જેણે દીક્ષા છોડી હોય તે) હતો. તે મનથી નિરાશ થયેલો વિચારે છે કે–"હું તેવા સ્થાને જાઉં, કે જયાં આ જીવ કર્મને વિશે (કાર્ય કરવામાં) થાકે નહીં અને સુખ અનુભવે નહીં." તે પુરાણ કરિયાણાને લઈ પર્વત ઉપર ચઢ–ઉતર કરનારા પુરુષોને મળ્યો. તેણે પોતાની જવાની ઇચ્છા દર્શાવી. સવારે [H]કૂકડાના અવાજથી જાગેલા સિદ્ધે કહ્યું–"મને (કાર્યમાં) સિદ્ધિ આપો, જે રીતે સિદ્ધો સિદ્ધિમાં ગયા, તે રીતે બધા સહ્ય પર્વત ઉપર ગયા. (અહીં છેલ્લી બે લીટીઓનો માત્ર અક્ષરાર્થ કર્યો છે ભાવાર્થ સમજાતો નથી.).

બધામાં મોટો તે સૌથી વધુ ભારને વહન કરે છે. તેણે એકવાર સાધુઓને માર્ગ આપ્યો. તે જોઈને શેષ પુરુષો રોષે ભરાયા અને રાજકુળમાં જઈ ફરિયાદ કરે છે. તેઓ સિદ્ધકને કહે છે કે – ભારવડે પીડાતા અમને રાજા પણ માર્ગ આપે છે અને તું વિશ્રામ કરતા, ભાર વિનાના

६८. कोङ्कणकदेशे एकस्मिन् दुर्गे सह्याद्भाण्डमवतारयति आरोहयति च, तेषां च विषमे गुरुभारवाहिन इतिकृत्वा राज्ञा समाज्ञप्तं, एतेभ्यो मयाऽपि पन्था दातव्यो न पुनरेतैः कस्मैचित्। इतश्चैकः सैन्धवीयः पुराणः स प्रतिभग्नश्चिन्तयति-तत्र यामि यत्र कर्मणि नैष जीवो भज्यते सुखं न विन्दति, स तैर्मिलितः, स गन्तुकामो भणति, कुक्कुटरुतप्रतिबोधितः सिद्धो भणति–सिद्धिं देहि मह्यं, यथा सिद्धं सिद्धा गताः सह्यकं, स च तेषां महत्तरः सर्वबहुं भारं वहति, तेन साधुभ्यो मार्गो दत्तः, ते रुष्टा राजकुले कथयन्ति, ते भणन्ति–अस्माकं राजाऽपि मार्गं ददाति भारेण दुःख्यमानानां तत्त्वं श्रमणाय रिक्ताय विश्रान्ताय मार्गं ददासि ?, राज्ञा भणितं– ★ उरुंभेइ विलएत्ती इति मुद्रिते ।

दुट्ठु ते कयं, मम आणा लंघियत्ति, तेण भणियं–देव ! तुमे गुरुभारवाहित्तिकाऊणमेयमाणत्तं ?, रण्णा आमंति पडिस्सुयं, तेण भणियं–जइ एवं तो सो गुरुतर भारवाही, कहं ?-जं सो अवीसमंतो अट्ठारससहस्ससीलंगनिब्भरं भारं वहइ, जो मएवि वोढुं ण पारिओत्ति, धम्मकहा यऽणेण कया, 'भो महाराय ! वुज्झंति नाम भारा ते पुण वुज्झंति वीसमंतेहिं । सीलभरो वोढव्वो जावज्जीवं अविस्सामो ॥१॥' राया पडिबुद्धो, सो य संवेगं गओ, अब्भुट्ठिओत्ति, एस कम्मसिद्धोत्ति ॥

साम्प्रतं शिल्पसिद्धं सोदाहरणमेवाभिधातुकाम आह–

**जो सव्वसिप्पकुसलो जो वा जत्थ सुपरिनिट्ठिओ होइ ।**
**कोकासवड्ढईविव साइसओ सिप्पसिद्धो सो ॥९३०॥**

**व्याख्या :** यः कश्चिदनिर्दिष्टस्वरूपः सर्वशिल्पेषु कुशलः सर्वशिल्पकुशलः, यो यत्र वा सुपरिनिष्ठितो भवत्येकस्मिन्नपि कोकाशवर्द्धकिवत् सातिशयः शिल्पसिद्धोऽसौ गाथाक्षरार्थः ॥९३०॥

---

એવા શ્રમણોને માર્ગ દે છે. રાજાએ કહ્યું– 'તે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું એ સારું કર્યું નથી.' સિદ્ધકે કહ્યું–'હે દેવ ! તમે ગુરુભારવાહી હોવાથી આજ્ઞા આપી છે ને ?' રાજાએ 'હા' કહી વાત સ્વીકારી. તેણે કહ્યું–'જો આ પ્રમાણે હોય તો, તે સાધુ ગુરુતરભારવાહી છે.' 'કેવી રીતે ?' કારણ કે તે સાધુ થાક્યા વિના અઢારહજાર શીલાંગ સમૂહરૂપ ભારને વહન કરે છે, જે મારાવડે પણ વહન ન કરાયું.' તેણે રાજાને ધર્મકથા કરી કે–'હે મહારાજા ! અમે ભારને વહન કરવામાં થાકી જઈએ છીએ, જ્યારે અઢારહજાર શીલાંગનો સમૂહ યાવજ્જીવ સુધી થાક્યા વિના વહન કરવાનો હોય છે. (જે આ સાધુઓ કરે છે.) ॥૧॥' રાજા પ્રતિબોધ પામ્યો. તે સિદ્ધક પણ સંવેગને પામ્યો અને અભ્યુત્થિત થયો. (અર્થાત્ દીક્ષા ગ્રહણ કરી. इति टिप्पणके) આ કર્મસિદ્ધ કહ્યો.

**અવતરણિકા :** હવે ઉદાહરણ સહિત શિલ્પસિદ્ધને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જે કોઈ વ્યક્તિ સર્વ શિલ્પોમાં કુશલ હોય અથવા જે વ્યક્તિ એક એવા પણ શિલ્પમાં કોકાશ નામના સુથારની જેમ નિપુણ હોય તે શિલ્પસિદ્ધ જાણવો. આ અક્ષરાર્થ કહ્યો. ॥૯૩૦॥ ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે–

---

६९. दुष्टु त्वया कृतं, ममाज्ञा लङ्घितेति, तेन भणितं–देव ! त्वया गुरुभारवाहीतिकृत्वैतदाज्ञप्तं ?, राज्ञा ओमिति प्रतिश्रुतं, तेन भणितं–यद्येवं तदा स गुरुतरभारवाही, कथं ?–यत्सोऽविश्राम्यन् अष्टादशसहस्रशीलाङ्गनिर्भरं भारं वहति यो मयापि वोढुं न पारितः ( शक्तः ) इति, धर्मकथा चानेन कृता– भो महाराजन् ! – उह्यन्ते नाम भाराः ते पुनरुह्यन्ते विश्राम्यद्भिः । शीलभरो वोढव्यो यावज्जीवमविश्रामः ॥१॥ राजा प्रतिबुद्धः, स च संवेगं गतोऽभ्युत्थित इति, एष कर्मसिद्ध इति ।

**भावार्थः कथानकादवसेयः, तच्चेदम्– [७०]सोपारए रहकारस्स दासीए बंभणेण दासचेडो जाओ, सो य मूयभावेण अच्छइ मा णज्जीहामित्ति, रहकारो अप्पणो पुत्ते सिक्खावेइ, ते मंदबुद्धी न लएंति, दासेण सव्वं गहियं, रहकारो मओ, रायाए दासस्स सव्वं दिन्नं जं तस्स घरए सारं । इओ य उज्जेणीए राया सावगो, तस्स चत्तारि सावगा–एगो महाणसिओ सो रंधेइ, जइ रुच्चइ जिमियमेत्तं जीरइ, अहवा जामेणं बिहिं तिहिं चउहिं पंचहिं, जइ रुच्चइ न चेव जीरइ, बिदिओ अब्भंगेइ, सो तेल्लस्स कुलवं २ सरीरे पवेसेइ, तं चेव णीणेइ, ततिओ सेज्जं रएइ, जइ रुच्चइ पढमे जामे विबुज्झइ अहवा बितिए ततिए चउत्थे, अहवा सुवइ चेव, चउत्थो सिरिघरिओ, तारिसो सिरिघरो**

## ❊ શિલ્પસિદ્ધ-કોકાશ ❊

સોપારક નગરમાં રથકારની દાસીની કુક્ષિમાં બ્રાહ્મણ દ્વારા એક પુત્ર થયો. ([H]દાસીપુત્ર શિલ્પાધ્યયન માટે યોગ્ય હોતો નથી, તેથી જ્યારે રથકાર પોતાના દીકરાઓને ભણાવે છે તે વખતે) 'હું દાસીપુત્ર છું' એમ કોઈ જાણી ન જાય, તે માટે તે પુત્ર મૌનપણે ભણે છે. રથકાર પોતાના પુત્રોને ભણાવે છે. પરંતુ મંદબુદ્ધિવાળા તેઓને કંઈ આવડતું નથી. દાસીપુત્ર બધું જ શીખી જાય છે. રથકાર મૃત્યુ પામ્યો. રાજાએ રથકારના ઘરમાં જે કંઈ સારભૂત હતું, તે સર્વ દાસને આપ્યું.

બીજી બાજુ ઉજ્જયિની નગરીનો રાજા શ્રાવક હતો. રાજાને અન્ય બીજા ચાર શ્રાવકો હતા. – એક રસોઈયો, તે ભોજન બનાવે છે. જો રસોઈયો ઈચ્છે કે'ભોજન પચાવવું છે તો (ખાનારને) જમવા માત્રથી ભોજન પચી જાય. (એવી રસોઈયાની કળા હતી.) અથવા જો ઇચ્છે કે – 'ભોજન પ્રથમ પ્રહરે, બીજા પ્રહરે, ત્રીજા પ્રહરે, ચોથા પ્રહરે કે પાંચમાં પ્રહરે પચે અથવા ન પચે તો (ખાનારા વ્યક્તિને એ જ પ્રમાણે ભોજન પચે અથવા ન પચે.) બીજો શ્રાવક તેલની માલિશ કરતો. તે કુડવ પ્રમાણ તેલ શરીરમાં ઉતારતો અને તેટલું પાછું બહાર પણ કાઢતો. ત્રીજો શ્રાવક શય્યા તૈયાર કરે. તે પણ ઈચ્છે કે (સૂનારને પ્રથમ પ્રહરમાં ઉઠાડવો છે, તો) સૂનારો પ્રથમ પ્રહારમાં ઉઠે, અથવા બીજા, ત્રીજા, ચોથા પ્રહરમાં ઉઠે, અથવા સૂતો જ રહે. ચોથો શ્રાવક કોશાધ્યક્ષ હતો. આ કોશાધ્યક્ષ પાસે એવા પ્રકારની કળા હતી (કે જો તે ઈચ્છે કે ભંડારમાં પ્રવેશેલાને કશું દેખાય નહીં તો) ભંડારમાં પ્રવેશેલો કશું જોઈ શકે નહીં. ચારે શ્રાવકોના આ પ્રમાણેના ગુણો

---

७०. मृतश्च सोपारके रथकारस्य दास्यां ब्राह्मणेन दासचेटो जातः, स च मूकभावेन तिष्ठति मा ज्ञायिषि इति, रथकार आत्मनः पुत्रान् शिक्षयति, ते मन्दबुद्धयो न गृह्णन्ति, दासेन सर्वं गृहीतं, रथकारो मृतः, राज्ञा दासाय सर्वं दत्तं यत्तस्य गृहस्य सारम् । इतश्चोज्जयिन्यां राजा श्रावकः, तस्य चत्वारः श्रावकाः–एको महानसिकः स पचति, यदि रोचते जिमितमात्रेण जीर्यति, अथवा यामेन द्वाभ्यां त्रिभिश्चतुर्भिः पञ्चभिः, यदि रोचते नैव जीर्यति, द्वितीयोऽभ्यङ्गयति, स तैलस्य कुडवं २ शरीरे प्रवेशयति तदेव निष्काशयति, तृतीयः शय्यां रचयति, यदि रोचते प्रथमे यामे विबुध्यते अथवा द्वितीये तृतीये चतुर्थे, अथवा स्वपित्येव, चतुर्थः श्रीगृहिकस्तादृशं श्रीगृहं

कँओ जहा अइगओ न किंचि पेच्छइ, एए गुणा तेसिं, सो य राया अपुत्तो निव्विण्णकामभोगो पव्वज्जोवायं चिंतेंतो अच्छइ । इओ य पाडलिपुत्ते णयरे जियसत्तू राया, सो य तस्स णयरिं रोहेइ, एत्थंतरंमि य तस्स रण्णो पुव्वकयकम्मपरिणइवसेण गाढं सूलमुप्पण्णं, तओऽणेण भत्तं पच्चक्खायं, देवलोयं गओ, णागरगेहि य से णयरी दिन्ना, सावया सद्दाविया पुच्छइ-किंकम्मया ?, भंडारिएण पवेसिओ, किंचिवि न पेच्छइ, अण्णेण दारेण दरिसियं, सेज्जावालेण एरिसा सेज्जा कया जेण मुहुत्ते मुहुत्ते उट्ठेइ, सूएण एरिसं भत्तं कयं जेणं वेलं वेलं जेमेइ, अब्भंगएण एक्कओ पायाओ तेल्लं ण णीणियं, जो मम सरिसो सो नीणेउ, चत्तारिवि पव्वइया, सो तेण तेल्लेण डज्झंतो कालओ जाओ, कागवन्नो नामं जायं । इओ य सोपारए दुब्भिक्खं जायं, सो कोक्कासो उज्जेणिं गओ,

હતા. રાજા પુત્ર વિનાનો, કામભોગોથી ઉદાસીન બનેલો પ્રવ્રજ્યાના ઉપાયને વિચારતો કાળ પસાર કરે છે. આ બાજુ પાટલીપુત્ર નગરમાં જિતશત્રુ રાજા હતો. તે આ રાજાની ઉજ્જયિની નગરીને ઘેરી લે છે. તે દરમિયાન ઉજ્જયિની નગરીના રાજાને પૂર્વકૃત કર્મનો ઉદય થતાં મરણાંત શૂળ ઉત્પન્ન થાય છે. તેથી તે રાજા અનશન કરે છે. મરીને તે દવલોકમાં ગયો. નગરજનોએ જિતશત્રુ રાજાને નગરી સોંપી દીધી. ચાર શ્રાવકોને બોલાવીને રાજા પૂછે છે – 'તમે કયું કામ કરો છો ?' ભંડારી ધનભંડારમાં રાજાને લઈ ગયો, પરંતુ રાજાને કંઈ દેખાતું નથી. ત્યારપછી અન્ય દરવાજા દ્વારા ધનાદિ દેખાડ્યું. (આમ, ભંડારીએ પોતાની કળા દેખાડી.)

શય્યાપાલકે એવી શય્યા તૈયાર કરી કે જેથી રાજા મુહૂર્તે મુહૂર્તે ઊઠી જાય છે. રસોઈયાએ એવું ભોજન બનાવ્યું કે જેથી રાજા થોડી થોડી વારે જમે છે. તેલમાલિશ કરનારાએ (તેલમાલિશ કર્યા પછી) એક પગમાંથી તેલ કાઢ્યું નહીં અને કહ્યું–'જે મારા જેવો હોય તે કાઢી બતાવે.' ચારે શ્રાવકોએ દીક્ષા લીધી. જિતશત્રુ રાજા તે તેલની ગરમીથી બળતો તેનું શરીર કાળું પડી ગયું અને તેનું '**કાકવર્ણ**' નામ પડ્યું.

આ બાજુ સોપારક નગરમાં દુકાળ ઉત્પન્ન થયો. તેથી કોકાશ (દાસીપુત્ર) ઉજ્જયિની નગરીમાં ગયો. 'રાજાને (મારી કળા) કેવી રીતે જણાવું' એવા વિચારથી તેણે યંત્રમય કબૂતરો

७१. कृतं यथाऽतिगतो न किञ्चित्पश्यति, एते गुणास्तेषां, स च राजाऽपुत्रो निर्विण्णकामभोगः प्रव्रज्योपायं चिन्तयन् तिष्ठति । इतश्च पाटलीपुत्र नगरे जितशत्रू राजा, स च तस्य नगरीं रुणद्धि, अत्रान्तरे च तस्य राज्ञः पूर्वकर्मपरिणतिवशेन गाढं शूलमुत्पन्नं, ततोऽनेन भक्तं प्रत्याख्यातं देवलोकं गतः, नागरैश्च तस्मै नगरी दत्ता, श्रावकाः शब्दिताः, पृच्छन्ति–किंकर्मकाः ?, भाण्डागारिकेण प्रवेशितः, किञ्चिदपि न पश्यति, अन्येन द्वारा दर्शितं, शय्यापालकेनेदृशी शय्या कृता येन मुहूर्ते मुहूर्ते उत्तिष्ठति, सूदेनेदृशं भक्तं कृतं येन वारं वारं जेमति, अभ्यङ्गकेनैकस्मात् पदस्तैलं न निष्काशितं यो मम सदृशः स निष्काशयतु, चत्वारोऽपि प्रव्रजिताः, स तेन तैलेन दह्यमानः कृष्णो जातः, काकवर्णो नाम जातम् । इतश्च सोपारके दुर्भिक्षं जातं, स कोकाश उज्जयिनीं गतः,

**[७२] रायाणं किह जाणावेमित्ति कवोतेहिं गंधसालिं अवहरइ, कोट्ठागारिएहिं कहियं, मग्गिएण दिट्ठो आणीओ, रण्णा णाओ, वित्ती दिन्ना तेणागासगामी खीलियापओगनिम्माओ गरुडो कओ, सो य राया तेण कोक्कासेण देवीए य सम्मं तेण गरुडेण णहमग्गे हिंडइ, जो ण णमइ तं भणइ–अहं आगासेण आगंतूण मारेमि, ते सव्वे आणाविया, तं देविं सेसियाओ देवीओ पुच्छंति–जाए खीलियाए नियत्तइ जंतं, एगाए वच्चंतस्स इस्साए णियत्तणखीलिया गहिया, तओ णियत्तणवेलाए णायं, ण णियत्तइ, तओ उद्दामं गच्छंतस्स कलिंगे असिलयाए पंखा भग्गा, पंखाविगलोत्ति पडिओ, तओ तस्ससंधायणाणिमित्तं उवगरणट्ठा कोक्कासो णयरं गओ, तत्थ रहकारो रहं निम्मवेइ, एक्कं चक्कं निम्मवियं एगस्स सव्वं घडियल्लयं किंचि २ नवि, ता सो ताणि उवगरणाणि मग्गइ,**

---

દ્વારા (ધાન્યભંડારમાંથી) સુગંધી દ્રવ્યો ચોરવાનું ચાલુ કર્યું. ચોરીની વાત કોષ્ઠાગારોએ રાજાને કરી. (રાજાએ ચોર પકડવાની આજ્ઞા આપી.) તપાસ કરતા કોકાશ દેખાયો અને તેને રાજા પાસે લાવવામાં આવ્યો. રાજાએ (તેની કળા જોવા દ્વારા) કોકાશને ઓળખ્યો. પગાર નક્કી કર્યો. કોકાશે ખીલીઓના પ્રયોગથી આકાશગામી ગરુડ બનાવ્યો. રાજા કોકાશ અને પોતાની રાણી સાથે તે ગરુડમાં બેસી આકાશમાર્ગે ફરે છે.

જે રાજાને નમસ્કાર કરતું નથી, તેને રાજા કહે છે–'હું આકાશથી નીચે આવીને તને મારી નાંખીશ.' સર્વ નગરજનો પોતાની આજ્ઞામાં કરાયા. શેષ રાણીઓએ (ઇર્ષ્યાથી પ્રેરાઈને) તે દેવીને પૂછે છે–'કઈ ખીલીથી યંત્ર પાછું ફરે છે ?' (ભોળા ભાવથી દેવીએ જણાવી દીધું.) તેમાં એક રાણીએ ઈર્ષ્યાથી જતા એવા તે ગરુડયંત્રમાંથી પાછા ફરવા માટેની ખીલી કાઢી નાંખી. જ્યારે પાછા ફરતા હતા ત્યારે જણાયું કે પાછા ફરવા માટેની ખીલી નથી, તેથી ગરુડયંત્ર પાછું ફરતું નથી. કોઈપણ જાતના નિયંત્રણ વિના જતા ગરુડયંત્રને પાંખો કલિંગદેશમાં તલવારની ધાર જેવી વૃક્ષ લતા સાથે અથડાતા ભાંગી ગઈ. પાંખ વિનાનો થવાથી તે ગરુડ નીચે પડ્યો. પાંખોના જોડાણ માટેના ઉપકરણો લેવા કોકાશ નગરમાં ગયો.

ત્યાં એક રથકાર રથ બનાવી રહ્યો હોય છે. એક પૈડું બનાવી દીધું હતું, બીજાનું ઘણું બધું કામ પૂર્ણ થઈ ગયું હતું, થોડુંક જ બાકી હતું. તેવામાં કોકાશ તે ઉપકરણોને માંગે છે. રથકારે

---

**७२. राजानं कथं ज्ञापयामीति कपोतैर्गन्धशालीनपहरति कोष्ठागारिकैः कथितं, मार्गयद्भिर्दृष्ट आनीतः, राज्ञा ज्ञातो, वृत्तिर्दत्ता, तेनाकाशगामी कीलिकाप्रयोगनिर्मितो गरुडः कृतः, स च राजा तेन कोकाशेन देव्या च समं तेन गरुडेन नभोमार्गे हिण्डते, यो न नमति तं भणति–अहमाकाशेनागत्य मारयिष्यामि, ते सर्वे आज्ञापिताः, तां देवीं शेषा देव्यः पृच्छन्ति–यया कीलिकया निवर्त्यते यन्त्रम्, एकया व्रजत ईर्ष्यया निवर्त्तनकीलिका गृहीता, ततो निवर्त्तनवेलायां ज्ञातं, न निवर्त्तते, ततं उद्दामं गच्छतः कलिङ्गेऽसिलतया पक्षौ भग्नौ पक्षविकल इति पतितः, ततस्तत्संघातनानिमित्तमुपकरणार्थं कोकाशो नगरं गतः, तत्र रथकारो रथं निर्मिमीते, एकं चक्रं निर्मितं, एकस्य सर्वं, घटितं किञ्चित्किञ्चिन्नैव, ततः स तानि उपकरणानि मार्गयति,**

तेण[७३] भणियं—जाव घराओ आणेमि, राउलाओ न लब्भन्ति निक्कालेउं, सो गओ, इमेण तं संघाइयं, उद्धं कयं जाइ, अप्फिडियं नियत्तं पच्छओमुहं जाइ, ठियंपि न पडइ, इयरस्सऽच्चयं जाइ, अप्फिडियं पडइ, सो आगओ पेच्छइ निम्मायं, अक्खेवेण गंतूण रण्णो कहेइ, जहा—कोक्कासो आगओत्ति, जस्स बलेणं कागवण्णेण सव्वे रायाणो वसमाणीया, ततो गहिओ, तेण हम्मंतेण अक्खायं, गहिओ सह देवीए, भत्तं वारियं, नागरएहिं अजसभीएहिं कागपिंडी पवत्तिया, कोक्कासो भणिओ—मम सयपुत्तस्स सत्तभूमियं पासायं करेहि, मम य मज्झे, तो सव्वे रायाणो आणवेस्सामि, तेण निम्मिओ, कागवण्णपुत्तस्स लेहं पेसियं, एहि जाव अहं एए मारेमि, तो तुमं मायापित्तं ममं च मोएहिसित्ति दिवसो दिन्नो, पासायं सपुत्तओ राया विलइओ, खीलिया आहया, संपुडो जाओ,

કહ્યું–'હું ઘરેથી લઈને આવું, (કારણ કે) રાજકુળમાંથી લાવવું શક્ય નથી.' તે ઘર તરફ ગયો. આ બાજુ રથકાર જે પૈડું બનાવતા–બનાવતા ગયો હતો, તે પૈડું કોકાશે સંપૂર્ણ બનાવી દીધું. (તે કેવું બનાવ્યું હતું ? તે કહે છે.) જો તે ચક્રને ઉંચુ કરી ફેંકવામાં આવે તો ઘણે દૂર સુધી તે જાય. આગળ કોઈની સાથે અથડાતા તે જ્યાંથી ફેંક્યું હોય, તે સ્થાને પ્રતિમુખ પાછું આવી જાય. ઊભું રાખો તો પણ નીચે પડે નહીં. જ્યારે બીજા રથકારનું બનાવેલું ચક્ર દૂર સુધી જાય, પરંતુ અથડાતા ત્યાં જ નીચે પડી જાય (પણ પાછું ફરે નહીં.)

તે રથકાર પાછો આવ્યો ત્યારે ચક્ર બની ગયેલું જોયું. તરત જ તેણે જઈને નગરના રાજાને કહ્યું કે–'કોકાશ આવેલો છે કે જેના બળથી કાકવર્ણ નામના રાજાએ સર્વ રાજાઓને પોતાને વશ કર્યા હતા.' કોકાશને પકડી લીધો. માર મારતા તેણે કહી દીધું. તેથી આ રાજાએ રાણી સાથે પેલા રાજાને પકડી લીધો. ખાવાનું આપવાનું બંધ કર્યું. અપયશથી ડરેલા નગરજનોએ કાગડાઓને ભોજન આપવાનું ચાલુ કર્યું. કોકશને કહ્યું– 'મારા એકસો પુત્રો માટે તું સાતમાળવાળો મહેલ તૈયાર કર, અને મારું સ્થાન વચ્ચે રાખજે, ત્યારપછી સર્વ રાજાઓને હું મારા વશમાં લાવીશ.' કોકાશે મહેલ બનાવ્યો. બીજી બાજુ કોકાશે કાકવર્ણ રાજાના પુત્રને (ગુપ્ત રીતે) પત્ર મોકલ્યો કે "(સૈન્ય સહિત) તું અહીં આવ, જેથી (તારી મદદ લઈને) હું આ (વિરોધી) રાજા વિગેરેને મારી નાખું, પછી તું માતાપિતા અને મને છોડાવજે." દિવસ આપ્યો. (અર્થાત્ ચોક્કસ દિવસે અહીં આવવા માટે પુત્રને કોકાશે જણાવી દીધું.) રાજા પોતાના પુત્રો સાથે પ્રાસાદમાં રહ્યો. (કોકાશે યુક્તિવડે) ખીલીઓ કાઢી નાંખી. મહેલ ઢગલો થઈ તૂટી ગયો. પુત્ર સાથે રાજા મૃત્યુ પામ્યો.

૭૩. तेन भणितम्—यावद् गृहाद् आनयामि, राजकुलात् न लभ्यन्ते निष्काशयितुं, स गतः, अनेन तत्संघटितम्, ऊर्ध्वं कृतं याति, आस्फोटितं निवृत्तं पश्चान्मुखं याति, स्थितमपि ( स्थापितमपि ) न पतति, इतरस्यात्ययं याति, आस्फोटितं पतति, स आगतः पश्यति निर्मितम्, अक्षेपेण गत्वा राज्ञे कथयति, यथा—कोकाश आगत इति, यस्य बलेन काकवर्णेन सर्वे राजानो वशमानीताः, ततो गृहीतः, तेन हन्यमानेनाख्यातं, गृहीतः सह देव्या, भक्तं वारितं, नागरैरयशोभीतैः काकपिण्डिका प्रवर्त्तिता, कोकाशो भणितः—मम शतस्य पुत्राणां सप्तभौमं प्रासादं कुरु, मम च मध्ये, ततः सर्वान् राज्ञ आनाययिष्यामि, तेन निर्मितः, काकवर्णपुत्राय लेखः प्रेषितः, एहि यावदहमेतान् मारयामि, ततस्त्वं मातापितरं मां च मोचयेरिति दिवसो दत्तः, प्रासादं सपुत्रो राजा विलग्नः, कीलिकाऽऽहता, संपुटो जातः,

[७४]ओ य सपुत्तओ, कागवण्णपुत्तेण तं सव्वं णयरं गहियं, मायापित्तं कोक्कासो य मोयावियाणि। एसेवंविहो सिप्पसिद्धोत्ति ।

साम्प्रतं विद्यादिसिद्धं प्रतिपादयन्नादौ तावत् स्वरूपमेव प्रतिपादयति—

इत्थी विज्जाऽभिहिया पुरिसो मंतुत्ति तव्विसेसोयं ।
विज्जा ससाहणा वा साहणरहिओ अ मंतुत्ति ॥९३१॥

व्याख्या : स्त्री विद्याऽभिहितो पुरुषो मन्त्र इति तद्विशेषोऽयं, तत्र 'विद्द लाभे' 'विद सत्तायां' वा, अस्य विद्येति भवति, 'मन्त्र[★] गुप्तिभाषणे' अस्य मन्त्र इति भवति, एतदुक्तं भवति—यत्र मन्त्रे देवता स्त्री सा विद्या, अम्बकुष्माण्ड्यादि, यत्र तु देवता पुरुषः स मन्त्रः, यथा विद्याराजः, हरिणेगमेषिरित्यादि, विद्या ससाधना वा साधनरहितश्च मन्त्र इति साबरादिमन्त्रवदिति गाथार्थः ॥९३१॥

साम्प्रतं विद्यासिद्धं सनिदर्शनमुपदर्शयन्नाह—

विज्जाण चक्कवट्टी विज्जासिद्धो स जस्स वेगावि ।
सिज्झिज्ज महाविज्जा विज्जासिद्धऽज्जखउडुव्व ॥९३२॥

व्याख्या : 'विद्यानां' सर्वासामधिपतिः-चक्रवर्ती 'विद्यासिद्ध' इति विद्यासु सिद्धो विद्यासिद्ध

---

કાકવર્ણના પુત્રે તે સર્વ નગર ગ્રહણ કર્યું. માતાપિતા અને કોકાશને છોડાવ્યા. આવા પ્રકારના શિલ્પસિદ્ધ હોય છે.

**અવતરણિકા :** હવે વિદ્યાદિસિદ્ધનું પ્રતિપાદન કરતા નિર્યુક્તિકાર પ્રથમ વિદ્યાદિનું સ્વરૂપ જ પ્રતિપાદન કરે છે ➪

**ગાથાર્થ : વિદ્યા સ્ત્રી કહેવાયેલી છે, મંત્ર પુરુષ કહેવાયેલો છે. આ પ્રમાણે વિદ્યા અને મંત્રનો ભેદ છે. અથવા સાધનાસહિતની વિદ્યા અને સાધનારહિત મંત્ર જાણવો.**

**ટીકાર્થ :** વિદ્યા સ્ત્રી કહેવાયેલી છે. મંત્ર પુરુષ કહેવાયેલો છે. આ પ્રમાણે બંનેમાં ભેદ જાણવો. તેમાં विद् (છઠ્ઠા ગણનો) ધાતુ 'મેળવવું' અર્થમાં છે. અથવા विद् (૪થા ગણનો) ધાતુ 'વિદ્યમાન હોવું' અર્થમાં છે. આ विद् ધાતુથી વિદ્યા શબ્દ થાય છે. 'મંત્ર' ધાતુ 'એકાન્તમાં મંત્રણા કરવી' અર્થમાં છે. આ ધાતુથી મંત્ર શબ્દ થાય છે. ભાવાર્થ અહીં આ પ્રમાણે છે કે— 'જે મંત્રની અધિષ્ઠાયિકા દેવી હોય તે અંબ, કુષ્માંડી વગેરે વિદ્યા જાણવી. જે મંત્રનો અધિષ્ઠાયક દેવ હોય તે વિદ્યારાજ, હરિણૈગમેષિ વગેરે મંત્ર જાણવો. અથવા જેમાં સાધના કરવી પડે તે વિદ્યા અને સાધના વિનાનો મંત્ર જાણવો, જેમ કે સાબરાદિ મંત્ર. ॥૯૩૧॥

**અવતરણિકા :** હવે ઉદાહરણ સહિત વિદ્યાસિદ્ધને બતાવતા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : વિદ્યાઓનો અધિપતિ એ વિદ્યાસિદ્ધ જાણવો અથવા જેને એક પણ મહાવિદ્યા સિદ્ધ થઈ હોય તે ખપુટાચાર્યની જેમ વિદ્યાસિદ્ધ જાણવો.**

**ટીકાર્થ :** સર્વ વિદ્યાઓનો ચક્રવર્તી એટલે કે અધિપતિ (જે હોય તે) વિદ્યાસિદ્ધ જાણવો.

---

૭૪. मृतश्च सपुत्रः, काकवर्णपुत्रेण तत् सर्वं नगरं गृहीतं मातापितरौ कोकाशश्च मोचिताः । एष एवंविधः शिल्पसिद्ध इति । ★ मन्त्रि गुप्त० इति मुद्रिते, मन्त्र गुप्त० इति प्रत्य. ।

**इति, यस्य वैकाऽपि सिद्ध्येत् 'महाविद्या' महापुरुषदत्तादिरूपा स विद्यासिद्धः, सातिशयत्वात्, क इव ?—आर्यखपुटवदिति गाथाक्षरार्थः ॥९३२॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम्-विँज्जासिद्धा अज्जखउडा आयरिया, तेसिं च बालो भाईणिज्जो, तेण तेसिं पासओ विज्जा कन्नाहाडिया, विज्जासिद्धस्स य णमोक्कारेणावि किर विज्जाओ हवंति, सो विज्जाचक्कवट्टी तं भाइणेज्जं भरुकच्छे साहुसगासे ठवेऊण गुडसत्थं णयरं गओ, तत्थ किर परिव्वायओ साहूहिं वाए पराजिओ अद्धितीए कालगओ तंमि गुडसत्थे णयरे वड्डुकरओ वाणमंतरो जाओ, तेण तत्थ साधुणो सव्वे पारद्धा, तण्णिमित्तं अज्जखउडा तत्थ गया, तेण गंतूण तस्स कण्णेसु उवाहणाओ ओलइयाओ, देवकुलिओ आगओ पेच्छइ, गओ, जणं घेत्तूण आगओ, जओ जओ उग्घाडिज्जति**

અહીં વિદ્યાઓમાં સિદ્ધ તે વિદ્યાસિદ્ધ એ પ્રમાણે સમાસ જાણવો અથવા જેને એક પણ મહાપુરુષદત્તાદિરૂપ મંહાવિદ્યા સિદ્ધ થાય તે વિદ્યાસિદ્ધ, કારણ કે તે વિદ્યાથી તે વ્યક્તિ અતિશયથી યુક્ત થાય છે. કોની જેમ ? – આર્યખપુટની જેમ. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૯૩૨॥ ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે –

## ❋ વિદ્યાસિદ્ધ—આર્યખપુટાચાર્ય ❋

આર્યખપુટાચાર્ય વિદ્યાસિદ્ધ હતા. તેમનો ભાણિયો બાળ હતો. તેણે આચાર્ય પાસેથી સાંભળી–સાંભળીને વિદ્યાઓ પ્રાપ્ત કરી. (કોઈને અહીં શંકા થાય કે આ રીતે તેમની પાસેથી સાંભળવા માત્રથી વિદ્યાઓ પ્રાપ્ત શી રીતે થાય ? સાધના તો કરવી જ પડે ને ? તેના જવાબમાં આગળ જણાવે છે કે) વિદ્યાસિદ્ધને નમસ્કાર કરવાથી પણ વિદ્યાઓ પ્રાપ્ત થાય છે. તે વિદ્યાના અધિપતિ આર્યખપુટાચાર્ય ભાણિયાને ભરૂચમાં સાધુઓ પાસે રાખીને પોતે ગુડશસ્ત્ર નગરમાં ગયા. ત્યાં એક પરિવ્રાજક સાધુઓ સાથે વાદમાં પરાજય પામતા અધૃતિથી મૃત્યુ પામી તે જ ગુડશસ્ત્ર નગરમાં મોટા હાથવાળો વ્યંતર થયો. તેણે ત્યાં સર્વ સાધુઓ ઉપર (ઉપસર્ગો કરવાનું) ચાલુ કર્યું. તેને રોકવા માટે આર્યખપુટાચાર્ય ત્યાં ગયા.

આચાર્યે તે વ્યંતરના મંદિરમાં જઈને વ્યંતરની પ્રતિમાના કાનો ઉપર જૂતા લટકાવ્યા. મંદિરમાં આવેલા પૂજારીએ જૂતા લટકાવેલાં જોયા. તે ગામમાં ગયો, લોકોને લઈને પાછો આવ્યો. જેમ જેમ (મંદિરનો દરવાજો) ઉઘાડે છે, તેમ તેમ પ્રતિમાનો પાછલો નીચેનો ભાગ (દેખાય છે.)

૭૫. **विद्यासिद्धा आर्यखपुटा आचार्याः, तेषां च बालो भागिनेयः, तेन तेषां पार्श्वात् विद्या कर्णाहृता, विद्यासिद्धस्य च नमस्कारेणापि किल विद्या भवन्ति, स विद्याचक्रवर्त्ती तं भागिनेयं भृगुकच्छे साधुसकाशे स्थापयित्वा गुडशस्त्रं नगरं गतः, तत्र किल परिव्राजकः साधुभिर्वादे पराजितोऽधृत्याः कालगतः तस्मिन् गुडशस्त्रे नगरे बृहत्करो व्यन्तरो जातः, तेन तत्र साधवः सर्वे प्रारब्धाः (उपसर्गयितुं), तन्निमित्तमार्यखपुटास्तत्र गताः, तेन गत्वा तस्य कर्णयोरुपानहाववलगितौ, देवकुलिक आगतः पश्यति, गतः, जनं गृहीत्वाऽऽगतः, यतो यत उद्घाट्यते**

**तओ तओ अहिट्ठाणं [ दीसेइ, ] रण्णो कहियं, तेणावि दिट्ठं, कट्ठलट्ठीहिं पहओ सो अंतेउरे संकामेइ, मुक्को, पट्ठियओ वड्डुकरओ, अन्नाणि य वाणमंतराणि पच्छओ उप्फिडंताणि भमंति, लोगो पायपडिओ विन्नवेइ-मुयाहित्ति, तस्स देवकुले महाविस्संदा दोन्नि महइमहालियाओ पाहाणमईओ दोणीओ, ताओ सो वाणमंतराणि य खडखडाविंताणि पच्छओ हिंडंति, जणेण विन्नविओ, सो वाणमंतराणि य मुक्काणि, ताओ दोणीओ दोण्णिवि आरओ आणेत्ता छड्डियाणि, जो मम सरिसो आणेहित्ति मुक्काओ । सो य से भाइणिज्जो आहारगेहीए भरुयकच्छे तच्चणिओ जाओ, तस्स विज्जापहावेण पत्ताणि आगासेणं उवासगाणं घरेसु भरियाणि एंति, लोगो बहुओ तम्मुहो जाओ, संघेण अज्जखउडाण पेसियं, आगआ, अक्खायं एरिसी अकिरिया उट्ठितत्ति, तेसिं कप्पराणं अग्गतो मत्तओ**

લોકોએ રાજાને વાત કરી. રાજાએ પણ આવીને જોયું. રાજપુરુષો લાકડીઓવડે આચાર્યને મારે છે. આચાર્યને પડતો પ્રહાર અંતઃપુરમાં સંક્રમે છે. (અર્થાત્ આચાર્યને જે પ્રહાર પડે છે, તે અંતઃપુરમાં રહેલી રાણીઓને વાગે છે) તેથી આચાર્યને છોડી મૂક્યા, એવામાં મોટા હાથવાળો (બૃહત્કર) વ્યંતર(અર્થાત્ તેની પ્રતિમા) ચાલવા લાગ્યો. તેની પાછળ બીજા વ્યંતરો પણ છૂટા પડેલા (અર્થાત્ છૂટી પડેલી પ્રતિમાઓ) ભમવા લાગે છે. લોકો આચાર્યના પગમાં પડીને વિનંતી કરે છે કે – 'છોડી દો.' તે મંદિરમાં [H]પાષાણમયી બે મોટી કુંડીઓ હતી. તે બે કુંડીઓ, બૃહત્કર અને અન્ય વ્યંતરો ખડખડ અવાજ કરતા આચાર્યની પાછળ ફરવા લાગ્યા. લોકોએ ફરી આચાર્યને વિનંતી કરી, એટલે બૃહત્કર અને બીજા વ્યંતરોને આચાર્યે છોડ્યા. ત્યારપછી ઘણે દૂર જઈ તે બે કુંડીઓને પણ છોડી દીધી કે–'જે મારા જેવો હશે તે લાવશે.' (અર્થાત્ જે મારા જેવો હશે, તે આ કુંડીઓને સ્વસ્થાને લાવશે એમ સમજી રસ્તા ઉપર છોડી મૂકી–इति मलयगिरिवृत्तौ)

આચાર્યનો ભાણિયો આહારની આસક્તિને કારણે ભરૂચમાં બૌદ્ધધર્મી બની ગયો. તેના પાત્રાઓ ઉપાસકોના ઘરોમાંથી ભરાઈને વિદ્યાપ્રભાવે આકાશમાર્ગે પાછા આવે છે. ઘણા લોકો તેના તરફ આકર્ષાયા. સંઘે આર્યખપુટને સમાચાર મોકલ્યા. તેઓ ત્યાં આવ્યા. સંઘે વાત કરી કે–'આ રીતે ખોટી અક્રિયા ઊભી થઈ છે.' તે પાત્રાઓ જ્યારે આકાશમાર્ગે જાય ત્યારે તેની આગળ એક પાત્રુ જાય, જે વસ્ત્રવડે ઢંકાયેલું જાય છે. તે પાત્રાના મધ્યમાં રહેલી કઢાઈ (કોઈ

૭૬. ततस्ततोऽधिष्ठानं [ दृश्यते ], राज्ञे कथितं, तेनापि दृष्टं, काष्ठयष्टिभिः प्रहतः, सोऽन्तःपुरे सङ्क्रमयति, मुक्तः, प्रस्थितः, बृहत्करोऽन्ये च व्यन्तराः पृष्ठत उत्स्फिटन्तो भ्राम्यन्ति, लोकः पादपतितो विज्ञपयति–मुञ्चेति, तस्य देवकुले महाविस्यन्दे द्वे द्रोण्यावतिमहत्यौ पाषाणमय्यौ, ते स व्यन्तराश्च खटत्कारं कुर्वन्तः पश्चात् हिण्डन्ते, जनेन विज्ञप्तः, स व्यन्तराश्च मुक्ताः, ते द्रोण्यौ द्वे अपि अर्वाक् आनीय त्यक्ते, यो मम सदृश आनेष्यतीति मुक्ते । स च तस्य भागिनेय आहारगृद्ध्या भृगुकच्छे तच्चनीको जातः, तस्य विद्याप्रभावेण पात्राणि आकाशेनोपासकानां गृहेषु भृतान्यायान्ति, लोको बहुस्तन्मुखो जातः, संघेनार्यखपुटेभ्यः प्रेषितम्, आगताः, *आख्यातम्–एतादृशी अक्रियोत्थितेति*, तेषां कर्पराणामग्रतो मात्रकः ★ मलयगिरिवृत्तौ ।

[७७]सो तेण वत्थेण उच्छाइयओ जाइ, टोप्परिया गया, सव्वपवरे आसणे ठिया, अन्नत्थ कयाइ एइ, भरिया २ आगया, आयरिएहिं अंतरा आगासे पहाणो ठविओ, सव्वाणि भिण्णाणि, सो चेल्लओ भीओ नट्ठो, आयरिया तत्थ गता, तच्चणिया भणंति-एहि बुद्धस्स पाए ★पडाहित्ति, आयरिया भणंति-एहि पुत्ता ! सुद्धोदणसुता वंद ममं, बुद्धो निग्गओ, पाएसु पडिओ, तत्थ थूभो +बारे, सोऽवि भणिओ–एहि पाएहिं पडाहित्ति पडिओ, उद्वेहित्ति भणिओ अद्धोणओ ठिओ, एवं चेव अच्छहित्ति भणिओ ट्ठिओ पासल्लिओ, नियंठणामिओ नामेण सो जाओ । एस एवंविहो विज्जासिद्धोत्ति ॥

साम्प्रतं मन्त्रसिद्धं सनिदर्शनमेवोपदर्शयति–

**साहीणसव्वमंतो बहुमंतो वा पहाणमंतो वा ।**
**नेओ स मंतसिद्धो खंभागरिसुव्व साइसओ ॥९३३॥**

**व्याख्या : स्वाधीनसर्वमन्त्रो बहुमन्त्रो वा मन्त्रेषु सिद्धो मन्त्रसिद्धः, प्रधानमन्त्रो वेति**

એક ઉપાસકના ઘરે) ગઈ. ઉપાસકે સર્વશ્રેષ્ઠ આસન ઉપર કઢાઈને સ્થાપી. જો ઉપાસક કઢાઈનો આદર કરે નહીં તો તે ભક્તપાનાદિ લીધા વિના જ પાછી આવી જાય. (એવો તેનો અતિશય હતો.) પાત્રા ભરાઈને પાછા આવે છે ત્યારે આચાર્યે વચ્ચે જ આકાશમાં એક મોટો પાષાણ સ્થાપિત કર્યો. બધા જ પાત્રાઓ અથડાતા ભાંગી ગયા. તે બાળ સાધુ (આ જોઈને) ડર્યો અને ભાગી ગયો. આચાર્ય બૌદ્ધો પાસે ગયા.

બૌદ્ધોએ આચાર્યને કહ્યું–'આવ, બુદ્ધના પગમાં પડ.' આચાર્યે કહ્યું–'હે પુત્રો ! હે બૌદ્ધો ! આવો, મને વંદન કરો, બુદ્ધની પ્રતિમા નીકળી, પગમાં પડી. ત્યાં દરવાજે એક પૂતળું હતું. તેને પણ આચાર્યે કહ્યું–'આવ, પગમાં પડ.' તે પૂતળું પગમાં પડ્યું. 'ઊભો થા', ઊભું થયું, અને કંઈક નમીને તે પૂતળું ઊભું રહ્યું. 'આ જ પ્રમાણે ઊભો રહેજે.' એમ કહેતા તે બાજુમાં આવીને ઊભું રહ્યું, અને તેનું નામ નિગ્રંથનામિત (નિગ્રંથવડે નમાયેલો) પડ્યું. આવા પ્રકારનો વિદ્યાસિદ્ધ હોય છે.

**અવતરણિકા** : હવે ઉદાહરણસહિત મંત્રસિદ્ધને બતાવતા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : મંત્રોમાં જ સિદ્ધ તે મંત્રસિદ્ધ. (એ પ્રમાણે સમાસ જાણવો.) સ્વાધીન છે સર્વ મંત્રો જેને તેવો અથવા બહુમંત્રોવાળો અથવા પ્રધાનમંત્રોવાળો અથવા પ્રધાન એવા એક મંત્રવાળો

७७. स तेन वस्त्रेणाच्छादितो याति, टोप्परिका गता, सर्वप्रवरे आसने स्थिता, अन्यत्र कदाचिदायाति, भृतानि २ आगतानि, आचार्यैरन्तराऽऽकाशे पाषाणः स्थापितः, सर्वाणि भिन्नानि, स क्षुल्लकः (शिष्यः) भीतो नष्टः, आचार्यास्तत्र गताः, तच्चनीका भणन्ति–आयात बुद्धस्य पादयोः पततेति, आचार्या भणन्ति–आयाहि पुत्र ! शुद्धोदनसुत ! वन्दस्व मां, बुद्धो निर्गतः, पादयोः पतितः, तत्र स्तूप द्वारे, सोऽपि भणितः–एहि पादयोः पतेति पतितः, उत्तिष्ठेति भणितः अर्धावनतः स्थितः, एवमेव तिष्ठेति भणितः स्थित पार्श्वावनतो, निर्ग्रन्थनामित इति नाम्ना स जातः । एष एवंविधो विद्यासिद्ध इति । ★ पडिहित्ति मुद्रिते । + दारे मुद्रिते ।

**प्रधानैकमन्त्रो वेति ज्ञेयः स मन्त्रसिद्धः, क इव ?—स्तम्भाकर्षवत् सातिशय इति गाथाक्षरार्थः ॥९३३॥**

**भावार्थः कथानकादवसेयः, तच्चेदम्—**[78]**एगंमि णयरे उक्किट्ठसरीरा रण्णा विसयलोलुगेण संजती गहिया, संघसमवाए कते एगेण मंतसिद्धेण सयंगणे खंभा अच्छंति ते अभिमंतिया, आगासेणं उप्पाइया खडखडिंति, पासायखंभावि य चलिया, भीएण मुक्का, संघो खामिओ । एसेवंविहो मंतसिद्धोत्ति भण्णइ ॥**

**साम्प्रतं सदृष्टान्तं योगसिद्धं प्रतिपिपादयिषुरिदमाह—**

**सव्वेवि दव्वजोगा परमच्छेरयफलाऽहवेगोऽवि ।**
**जस्सेह हुज्ज सिद्धो स जोगसिद्धो जहा समिओ ॥९३४॥**

**व्याख्याः 'सर्वेऽपि' कात्स्न्येन द्रव्ययोगाः 'परमाश्चर्यफलाः' परमाद्भुतकार्याः, अथवैकोऽपि यस्येह भवेत् सिद्धः स योगसिद्धः, योगेषु योगे वा सिद्धो योगसिद्ध इति, सातिशय एव, यथा समिता इति गाथाक्षरार्थः ॥९३४॥ भावार्थः कथानकगम्यः, तच्चेदम्-**[79]**आभीरविसए कण्णाए बेन्नाए य**

જે હોય તે મંત્રસિદ્ધ કહેવાય છે. કોની જેમ ?—સ્તંભના આકર્ષની જેમ, આ મંત્રસિદ્ધ પ્રભાવશાળી હોય છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૯૩૩॥ ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે—

## ❀ મંત્રસિદ્ધ ❀

એક નગરમાં રાજાએ વિષયની લોલુપતાને કારણે ઉત્કૃષ્ટશરીરવાળી (રૂપવતી) સાધ્વીને ગ્રહણ કરી. સંઘ ભેગો થયો. તેમાં એક મંત્રસિદ્ધે રાજાના આંગણમાં જે થાંભલાઓ હતા, તે અભિમંત્રિત કર્યા. આકાશમાં અદ્ધર થયેલા તે થાંભલાઓ ખખડે છે. રાજાના મહેલના થાંભલાઓ પણ હાલવા લાગ્યા. તેથી ડરેલા રાજાએ સાધ્વીજીને છોડી દીધી. સંઘ પાસે ક્ષમા માંગી. આવા પ્રકારનો જે હોય છે. તે મંત્રસિદ્ધ કહેવાય છે.

**અવતરણિકા :** હવે દૃષ્ટાંત સહિત યોગસિદ્ધનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (જેનાવડે કરાયેલા) સર્વ દ્રવ્યસંયોગો પરમાશ્ચર્યકારી ફળને આપનારા હોય અથવા એક પણ દ્રવ્યસંયોગ જેને સિદ્ધ હોય, તે યોગસિદ્ધ જાણવો (કારણ કે) યોગોમાં અથવા યોગમાં જે સિદ્ધ હોય તે યોગસિદ્ધ (એ પ્રમાણે વ્યુત્પત્તિ છે.) યોગસિદ્ધ એ પ્રભાવશાળી જ હોય છે જેમ કે સમિતાચાર્ય. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૯૩૪॥

ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ પ્રમાણે છે —

---

**७८. एकस्मिन् नगरे उत्कृष्टशरीरा राज्ञा विषयोलोलुपेन संयती गृहीता, संघसमवाये एकेन सिद्धमन्त्रेण राजाङ्गणे स्तम्भास्तिष्ठन्ति तेऽभिमन्त्रिताः आकाशेनोत्पाटिताः खटत्कारं कुर्वन्ति, प्रासादस्तम्भा अपि चलिताः, भीतेन मुक्ता संघः क्षामितः । एष एवंविधो मन्त्रसिद्ध इति भण्यते । ७९. आभीरविषये कृष्णाया बेन्नायाश्च ★ ०षुराह-मुद्रिते ।**

ᵍँईए अंतरे तावसा परिवसंति, तत्थेगो पादुगालेवेणं पाणिये चक्कमंतो भमइ एति जाइ य, लोगो आउट्टो, सड्ढा हीलिज्जंति, अज्जसमिया वइरसामिस्स माउलगा विहंता आगया, सड्ढा उवट्ठिया अकिरियत्ति, आयरिया नेच्छंति, भणंति-अज्जो ! किन्न ठाह ?, एस जोगेण केणवि मक्खेइ, तेहिं अट्ठापयं लद्धं, आणीओ, अम्हेऽवि दाणं देमुत्ति, अह सो सावगो भणइ-भगवं ! पाया धोवंतु, अम्हेवि अणुग्गहिया होमो अनिच्छंतस्स पाया पाउगाओ य धोयाओ, गओ पाणिए निब्बुड्डो, *उक्किट्ठी कया, एवं डंभएहिं लोगो खज्जइत्ति, आयरिया निग्गया, जोगं पक्खित्ता णई भणिया-हे वियंन्ने ! तटा +देहि, एहि पुत्ता ! परिमं कूलं जामि, दोवि तडा मिलिया, गया, ते तावसा पव्वइया

## ❁ યોગસિદ્ધ-સમિતાચાર્ય ❁

આભીરદેશમાં કૃષ્ણા નદી અને બેન્ના નદીની વચ્ચે તાપસો રહે છે. તેમાં એક તાપસ પાદુકાને લેપ કરી નદીના પાણી ઉપર ચાલતો ભમે છે, આવ–જાવ કરે છે. આ જોઈ લોકો તેની તરફ આકર્ષાયા. શ્રાવકોની હીલના થાય છે. વજ્રસ્વામીના મામા સમિતાચાર્ય વિહાર કરતા ત્યાં આવ્યા. શ્રાવકો તેમની પાસે ઉપસ્થિત થયા અને કહ્યું કે—'આ પ્રમાણે તાપસો દ્વારા અમારી હીલના થાય છે.' આચાર્ય (રોકાવા) ઈચ્છતાં નથી. તેના શ્રાવકો પૂછે છે—'હે પૂજ્ય ! તમે શા માટે રોકાવા ઇચ્છતાં નથી ?' ત્યારે આચાર્યે કહ્યું કે—'આ તાપસ કોઈક દ્રવ્યસંયોગથી (પોતાના પગોને) લેપ કરે છે. (બીજું કોઈ કારણ નથી કે જેથી મારે અહીં રોકાવું પડે.) શ્રાવકોએ તાપસની આ ક્રિયાનું રહસ્ય જાણી લીધું.

'અમે પણ દાન આપીશું' એમ કહી તે તાપસને બોલાવ્યો. પછી શ્રાવકે કહ્યું કે—'હે ભગવન્ ! એમને આપના ચરણો ધોવા આપો, જેથી અમારા ઉપર આપનો ઉપકાર થશે.' તાપસે ન ઇચ્છવા છતાં પણ તેના પગ અને પાદુકા શ્રાવકોએ ધોયા. ત્યારપછી જેવો પાણી ઉપર ચાલવા જાય છે કે પાણીમાં ડૂબી જાય છે. તેથી આજુબાજુ રહેલા શ્રાવકોએ જોરજોરથી ચિચયારીઓ કરી. આ પ્રમાણે દંભવડે લોકનું શોષણ થાય છે. આચાર્ય નીકળ્યા. અમુક ચૂર્ણના સંયોગને નદીમાં નાંખી નદીને કહ્યું–'હે બેન્ના નદી ! તું જવાનો માર્ગ આપ. હે પુત્રો (=કિનારાઓ) ! તમે આવો=ભેગા થાઓ, મારે સામે કિનારે જવું છે. બંને નદીના કિનારા ભેગા થઈ ગયા. (અર્થાત્ મોટો માર્ગ બની ગયો.) ત્યારપછી આચાર્ય સામે પાર ગયા. તે તાપસોએ દીક્ષા ગ્રહણ કરી અને તેઓ

૮૦. नद्योरन्तरा तापसाः परिवसन्ति, तत्रैकः पादुकालेपेन पानीये चंक्रम्यमाणो भ्राम्यति आयाति याति च, लोक आवर्जितः, श्राद्धा हील्यन्ते, आर्यसमिता वज्रस्वामिनो मातुला विहरन्त आगताः, श्राद्धा उपस्थिता अक्रियेति, आचार्या नेच्छन्ति, भणन्ति-आर्याः ! किं न प्रतीक्षध्वम् ?, एष योगेन केनापि भ्रक्षयति, तैरर्थपदं लब्धम्, आनीतः, वयमपि दानं दद्म इति, अथ स श्रावको भणति-भगवन् ! पादौ प्रक्षालयतां, वयमप्यनुगृहीता भवामः, अनिच्छतः पादौ पादुके च धौते, गतः पानीये निब्रूडितः, उत्कृष्टिः ( निन्दा ) कृता, एवं दम्भैः लोकः खाद्यत इति, आचार्या निर्गताः, योगं प्रक्षिप्य नदी भणिता-हे बेन्ने ! तटमर्पय एहि पुत्रि ! पूर्वं कूलं यामि, द्वावपि तटौ मिलितौ, गताः, ते तापसाः, प्रव्रजिताः * कलकलः + देहीत्यन्तं न प्र० ।

[81]बंभद्दीवगवत्थव्वा बंभदीवगा जाया । एस एवंविहो जोगसिद्धोत्ति ॥

अधुनाऽऽगमार्थसिद्धौ प्रतिपादयति–

**आगमसिद्धो सव्वंगपारओ गोअमुव्व गुणरासी ।**
**पउरत्थो अत्थपरो व मम्मणो अत्थसिद्धत्ति ॥९३५॥**

व्याख्या : आगमसिद्धः 'सर्वाङ्गपारगः' द्वादशाङ्गविदितभावः, अयं च महातिशयवानिति, यत उक्तं–

*"[82]संखाइए उ भवे साहइ जं वा परो उ पुच्छिज्जा ।*
*न य णं अणाइसेसी वियाणई एस छउमत्थो ॥१॥"*

इत्यादि, अयं च गौतम इव गुणराशिरिति । अत्र च भूयांसि सातिशयचेष्टितान्युदाहरणानीति, तथा 'प्रचुरार्थः' प्रभूतार्थः अर्थपरो वा, तन्निष्ठ इत्यर्थः, अर्थसिद्ध इति तदतिशययोगादेव, मम्मणवदिति गाथाक्षरार्थः ॥९३५॥ भावार्थस्तु कथानकादवसेयः, तच्चेदम्–[83]तत्थागमसिद्धो किर सयंभुरमणोऽवि मच्छगाईया । जं चिट्ठंति स भगवं उवउत्तो जाणइ तयंपि ॥१॥ अत्थसिद्धो पुण

બ્રહ્મદ્વીપમાં રહેનારા હોવાથી બ્રહ્મદ્વીપ નામે ઓળખાયા. આવા પ્રકારનો યોગસિદ્ધ જાણવો.

**અવતરણિકા :** હવે આગમસિદ્ધ અને અર્થસિદ્ધનું પ્રતિપાદન કરે છે ⇨

**ગાથાર્થ : સર્વ અંગોના પારને પામેલો, ગૌતમ જેવો ગુણનો રાશી આગમસિદ્ધ જાણવો. પુષ્કળધનવાળો અથવા અર્થને (મેળવવામાં) ઉદ્યમી મમ્મણ જેવો અર્થસિદ્ધ જાણવો.**

**ટીકાર્થ :** બારે અંગોનું રહસ્ય જેણે જાણેલું છે, તે આગમસિદ્ધ જાણવો અને આ આગમસિદ્ધ મહાપ્રભાવશાળી હોય છે, કારણ કે કહ્યું છે–'સંખ્યાતીત ભવોને કહે છે અથવા સામેવાળો જે પ્રશ્ન પૂછે તેનો ઉત્તર આપે છે. અનતિશાયી (સામાન્યજ્ઞાની) જીવ જાણી ન શકે કે આ છદ્મસ્થ છે. ॥૧॥' (ભાવાર્થ : આ આગમસિદ્ધને–'હું સંખ્યાત ભવો પૂર્વે કે અસંખ્યાત ભવો પૂર્વે કયા ભવમાં હતો ? વિગેરે ગમે તેવા પ્રશ્નો સામેવાળો પૂછે તેનો જવાબ આપવા આ આગમસિદ્ધ સમર્થ હોય છે. સામેવાળો જો વિશિષ્ટજ્ઞાની ન હોય તો તે જાણી ન શકે કે 'આ છદ્મસ્થ છે, અર્થાત્ કેવલી તરીકે જ માને.) આ આગમસિદ્ધ ગૌતમસ્વામીની જેમ ગુણોનો રાશી હોય છે. આગમસિદ્ધ માટે પ્રભાવયુક્ત ઘણા બધાં દૃષ્ટાંતો છે.

તથા પુષ્કળધનવાળો અથવા અર્થને મેળવવામાં જ ઉદ્યમી જીવ અર્થસિદ્ધ કહેવાય છે, કારણ કે મમ્મણશેઠની જેમ અર્થની પુષ્કળતાથી યુક્ત આ જીવ હોય છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ જાણવો. ॥૯૩૫॥ ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ પ્રમાણે છે –

તેમાં **આગમસિદ્ધ** સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાદિ જે કંઈ છે, તેને ઉપયોગ મૂકે તો બધું જાણી શકે છે. ॥૧॥

૮૧. ब्रह्मद्वीपवास्तव्या ब्रह्मद्वीपका जाताः । एष एवंविधो योगसिद्ध इति । ८२. संख्यातीतांस्तु भवान्कथयति यद्वा परस्तु पृच्छेत् । नैवानतिशयी विजानाति एष छद्मस्थः ॥१॥ ८३. तत्रागमसिद्धः किल स्वयम्भूरमणेऽपि मत्स्याद्याः । यच्चेष्टयन्ति स भगवानुपयुक्तो जानाति तदपि ॥१॥ अर्थसिद्धः पुना

[84]रायगिहे णयरे मम्मणोत्ति, तेण महया किलेसेण अइबहुगं दविणजायं मेलियं, सो तं ण खायइ ण पिवइ, पासाउवरिं चऽणेण अणेगकोडिनिम्मायगब्भसारो कंचणमओ दिव्वरयणपज्जत्तो वरवइरसिंगो महंतो एगो बलद्दो काराविओ, बीओ य आढत्तो, सोऽवि बहुनिम्माओ, एत्थंतरंमि वासारत्ते तस्स निम्मावणनिमित्तं सो कच्छोट्टगबिइज्जो णईपूराओ कट्ठविरूढगो कट्ठाणि य उत्तारेइ । इओ य राया देवीए सह ओलोयणगओ अच्छइ, सो तहाविहो अईव करुणालंबणभूओ देवीए दिट्ठो, तओ तीए सामरिसं भणियं-सच्चं सुव्वइ एयं मेहनइसमा हवंति रायाणो । भरियाइं भरेंति दढं रित्तं ★जत्तेण वज्जंति ॥१॥ रण्णा भणियं-किह वा ?, तीए भणियं—जं एस दमगो किलिस्सइ, रण्णा सद्दाविओ

## ❋ અર્થસિદ્ધ—મમ્મણશેઠ ❋

રાજગૃહ નગરમાં મમ્મણે ઘણી મહેનતે અતિબહુ ધન ભેગુ કર્યું. તે ધનને (ધનથી પ્રાપ્ત અન્નપાનાદિને) ખાતો નથી કે પીતો નથી. પોતાના મહેલના સૌથી ઉપલા માળે તેણે અનેક કરોડ રૂપિયાથી ગર્ભિત (શબ્દનો સમાસ આ પ્રમાણે—અનેક કરોડથી બનાવેલ છે ગર્ભ = અંદરનો ભાગ જેનો એવો બળદ), કાંચનમય, દિવ્યરત્નોથી ભરપૂર, ઉત્કૃષ્ટ એવા વજ્રરત્નથી બનેલા શિંગડાવાળો, મોટો એક બળદ બનાવડાવ્યો. બીજો બળદ બનાવડાવવાનો આરંભ કરેલ હતો. તે બળદ પણ ઘણોખરો બની ગયો હતો. જે બાકી હતો તેને બનાવવા માટે વર્ષાઋતુમાં નીચેના વસ્ત્રને પહેરીને (શબ્દનો સમાસ આ પ્રમાણે—નીચેનું વસ્ત્ર છે બીજું જેને તે અર્થાત્ મમ્મણ પોતે અને બીજા તરીકે માત્ર નીચેનું વસ્ત્ર) નદીના પૂરમાં કાષ્ઠ ઉપર ચઢેલો અન્ય કાષ્ઠોને નદીમાંથી બહાર કાઢે છે.

આ બાજુ રાજા પોતાની દેવી સાથે ગવાક્ષમાં બેઠો છે. તે સમયે નદીમાંથી કાષ્ઠોને કાઢતા, કરુણાને યોગ્ય એવા મમ્મણને દેવીએ જોયો. તેથી દેવીએ કંઈક ગુસ્સામાં આવીને રાજાને કહ્યું—'આ સાચું જ સંભળાય છે કે રાજાઓ મેઘ અન નદી સમાન હોય છે, કે જેઓ ભરેલાને જ વધુ સારી રીતે ભરે છે અને ખાલીને પ્રયત્નથી છોડે છે. ॥૧॥' (અર્થાત્ જ્યાં સમુદ્રો પાણીથી ભરપૂર છે ત્યાં જ મેઘ વરસે છે, નદીઓ આવીને ભળે છે. પરંતુ મરુભૂમિમાં કે જ્યાં પાણીની જરૂર છે, મેઘ વરસતા નથી કે નદીઓ ભળતી નથી. એમ રાજાઓ પણ શ્રેષ્ઠિ વિગેરેઓનો જ સત્કારાદિ કરે પરંતુ ગરીબ તરફ જોતા પણ નથી.) રાજાએ પૂછ્યું—'શા માટે મને મેઘ અને નદીની

---

૮૪. राजगृहे नगरे मम्मण इति, तेन महता क्लेशेनातिबहुकं द्रव्यजातं मिलितं, स तन्न खादति न पिबति, प्रासादस्योपरि चानेनानेककोटीनिर्मितगर्भसारः काञ्चनमयो दिव्यरत्नपर्याप्तो वरवज्रशृङ्गो महान् एको बलीवर्दः कारितः, द्वितीयश्च आरब्धः, सोऽपि बहुनिर्मातः, अत्रान्तरे वर्षारात्रे तस्य निर्माणनिमित्तं स कच्छोट्टकद्वितीयो नदीपूरात् काष्ठविरूढः काष्ठान्येवोत्तारयति । इतश्च राजा देव्या सहावलोकनगतस्तिष्ठति, स तथाविधोऽतीव करुणालम्बनभूतो देव्या दृष्टः, ततस्तया सामर्षं भणितं—सत्यं श्रूयते एतत्—मेघनदीसमा भवन्ति राजानः । भृतानि भरन्ति दृढं रिक्तं यत्नेन वर्जयन्ति ॥१॥ राज्ञा भणितं-कथं वा ?, तया भणितं—यदेष द्रमकः क्लिश्यते, राज्ञा शब्दितो ★ दूरेण वज्जंति प्रत्य० ।

**भणिओ य -किं किलिस्ससि ?, तेण भणियं—बलद्दसंघाडगो मे ण पूरिज्जइ, रण्णा भणियं—बलद्दसयं गेण्ह, तेण भणियं-ण मे तेहिं कज्जं, तस्सेव बितिज्जं पूरेह, केरिसो सोत्ति घरं नेऊण दरिसिओ, रण्णा भणियं-सव्वभंडारेणवि न पूरिज्जइ इमो, ता एत्तिगस्स विभवस्स अलं ते तिण्हाएत्ति, तेण भणियं—जावेसो न पूरिओ ताव मे न सुहं, आरद्धो य उवाओ पेसियाणि दिसासु भंडाणि आढत्ताओ किसीओ आढत्ताणि गयतुरयसंडपोसणाणि, रण्णा भणियं—जइ एवं ता किं थेवस्स कए किलि-स्ससि ?, तेण भणियं-किलेससहं मे सरीरं वावारंतरं चेदाणिं नत्थि महग्घाणि य वासारत्ते दारुगादिणि निव्वहियव्वा य पइण्णत्ति अतो करेमित्ति, रण्णा भणियं-पुज्जंतु ते मणोरहा, तुमं चेव बितिज्जगं पूरिउं समत्थो न पुण अहंति निग्गओ, तेण कालेण पूरिओ ।**

ઉપમા આપે છે ?' દેવીએ કહ્યું–'જુઓ, આ ભિખારી ક્લેશ પામે છે.' રાજાએ તેને બોલાવીને કહ્યું–'શા માટે તું ક્લેશ પામે છે ?' તેણે કહ્યું–'બે બળદમાંનો એક બળદ મારો પૂરાતો નથી.' (અર્થાત્ એક બળદ બનાવવાનો બાકી છે, માટે તેની પૂર્તિ માટે હું મહેનત કરું છું. રાજા આ વાક્યનો અર્થ એમ સમજે છે કે, તેને એક બળદ ઓછો છે તેને લાવવા પૈસા કમાવવા મહેનત કરે છે,તેથી) રાજા કહે છે–એકસો બળદ તું લઈ જા. તેણે કહ્યું–'મારે તે બળદોનું કામ નથી, તમે તેના જેવો જ બીજો બળદ લાવી આપો.' રાજાએ પૂછ્યું–'કેવો તારો બળદ છે ?' મમ્મણે રાજાને ઘરે લઈ જઈ બળદ બતાવ્યો.

રાજાએ કહ્યું–'મારા સર્વ ભંડારવડે પણ તારો આ બળદ બનશે નહીં. આટલો વૈભવ હોવા છતાં તને તૃષ્ણા શા માટે છે ?' તેણે કહ્યું–'જ્યાં સુધી આ બળદ બનશે નહીં, ત્યાં સુધી મને સુખની પ્રાપ્તિ થશે નહીં, તેના માટે મેં ઉપાય અજમાવ્યો છે. ચારે દિશામાં કરિયાણાઓ (વેચવા) મોકલ્યા છે. કૃષી(ખેતી) ચાલુ કરી છે. હાથી-ઘોડા-બળદોનું (વેચવા માટે) પોષણ ચાલુ છે.' રાજાએ કહ્યું–'જો આટલો બધો વેપાર ચાલતો હોય, તો થોડાક માટે કેમ દુઃખી થાય છે ?' મમ્મણે કહ્યું–'મારું શરીર પીડાને સહન કરનારું છે અને અત્યારે મારે બીજો કોઈ વેપાર નથી, વળી વર્ષાકાળમાં મૂલ્યવાન લાકડાઓ નદીનાં પૂરમાં તણાઈને આવે છે. તેથી મારી પ્રતિજ્ઞા પણ પૂર્ણ થાય માટે હું આ કામ કરું છું.' રાજાએ કહ્યું–'તારા મનોરથો પૂરા થાઓ, તું જ મનોરથોને

८५. भणितश्च—किं क्लिश्यसे ?, तेन भणितं—बलीवर्दसंघाटको मे न पूर्यते, राज्ञा भणितं—बलीवर्दशतं गृहाण, तेन भणितं—न मे तैः कार्यं, तस्यैव द्वितीयं पूरय, कीदृशः स इति गृहं नीत्वा दर्शितः, राज्ञा भणितं—सर्वभाण्डागारेणापि न पूर्यते अयं, तावदेतावतो विभवस्य ( स्थानं ), अलं तव तृष्णयेति तेन भणितं-यावदेष न पूर्यते तावन्न मे सुखं, आरब्धश्चोपायः प्रेषितानि दिक्षु भाण्डानि, आरब्धाः कृषयः, आरब्धानि गजतुरगषण्डपोषणानि, राज्ञा भणितं-यद्येवं तत्किं स्तोकस्य कृते क्लिश्यसि ?, तेन भणितं-क्लेशक्षमं मे शरीरं व्यापारान्तरं चेदानीं नास्ति महार्घाणि च वर्षारात्रे दारूण्यादि निर्यूहितव्याऽपि च प्रतिज्ञेत्यतः करोमि, राज्ञा भणितं-पूर्यन्तां ते मनोरथाः, त्वमेव द्वितीयकं पूरयितुं समर्थः न पुनरहमिति निर्गतः, तेन कालेन पूरितः ।

एस[८६] एवंविहो अत्थसिद्धोत्ति ॥

साम्प्रतं यात्रादिसिद्धप्रतिपादनायाऽऽह–

**जो निच्चसिद्धजत्तो लद्धवरो जो व तुंडियाइव्व ।**
**सो किर जत्तासिद्धोऽभिप्पाओ बुद्धिपज्जाओ ॥९३६॥**

व्याख्या : यो नित्यसिद्धयात्रः, किमुक्तं भवति ?-स्थलजलचारिपथेषु सदैवाविसंवादितयात्र इति, लब्धवरो यो वा तुण्डिकादिवत्, स किल यात्रासिद्ध इति । उत्तरद्वारानुसम्बन्धनायाऽऽह-अभिप्रायः बुद्धिपर्याय इति गाथाक्षरार्थः ॥९३६॥ भावार्थस्त्वाख्यानगोचरः, तच्चेदम्–पढमं[८७] ताव **जो किर बारस वाराओ समुद्दं ओग्गाहित्ता कयकज्जो आगच्छइ सो जत्तासिद्धो, तं अन्नेऽवि जन्तगा जत्तासिद्धिनिमित्तं पेच्छंति । एगंमि य गामे तुंडिगो वाणियगो, तस्स सयसहस्सवाराओ वहणं फुट्टं, तहावि न भज्जइ, भणइ य-जले नट्टं जले चेव लब्भइ, सयणाइएहिंपि दिज्जमाणं नेच्छइ,**

પૂરવા સમર્થ છે, પણ હું નહીં.' એમ કહી રાજા નીકળી ગયો. મમ્મણે ઘણા કાળ પછી બળદને પૂર્ણ કર્યો. આવા પ્રકારનો અર્થસિદ્ધ હોય છે.

**અવતરણિકા** : હવે યાત્રાદિસિદ્ધનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ : જે નિત્યસિદ્ધયાત્રાવાળો છે અથવા તુંડિકાદિની જેમ વરદાનને પામેલો જે હોય તે યાત્રાસિદ્ધ જાણવો. અભિપ્રાય એ બુદ્ધિનો પર્યાય છે.**

**ટીકાર્થ** : જે નિત્યસિદ્ધયાત્રાવાળો છે. આશય શું છે ? તે કહે છે–જે સ્થળને વિશે, કે જળમાર્ગને વિશે યાત્રા કરવામાં સમર્થ હોય તે, અથવા (નિર્વિઘ્ન યાત્રા માટે) જેણે વરદાન પામેલું હોય તે યાત્રાસિદ્ધ જાણવો. હવે તેના પછીના દ્વારનું જોડાણ કરવા માટે કહે છે કે–'અભિપ્રાય એ બુદ્ધિનો પર્યાય છે.' આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ થયો. ॥૯૩૬॥ ભાવાર્થ વિશેષવ્યાખ્યાથી જણાશે. તે આ પ્રમાણે – તેમાં પ્રથમ જે બાર વાર સમુદ્રનું અવગાહન કરીને કૃતકૃત્ય થયેલો પાછો આવે છે, તે યાત્રાસિદ્ધ કહેવાય છે.તેવાને બીજા પણ યાત્રિકો પોતાની યાત્રાસિદ્ધિ માટે જુએ છે. (અર્થાત્ પોતાની યાત્રાસિદ્ધિ માટે તેનું દર્શન મંગલરૂપ માને છે.)

### ❋ યાત્રાસિદ્ધ-તુંડિક ❋

એક ગામમાં તુંડિક નામનો વેપારી હતો. તેનું લાખો વાર વાહન તૂટ્યું. છતાં પણ તે હારતો નથી અને કહે છે–'પાણીમાં ગયેલું પાણીમાંથી પ્રાપ્ત થાય છે.' સ્વજનોવડે સહાયરૂપે કંઈક આપવા છતાં તે ઇચ્છતો નથી. ફરી ફરી તે તે ભાંડોને (ધાન્યાદિને) લઈને જાય છે. તેના

८६. एष एवंविधोऽर्थसिद्ध इति ।

८७. प्रथमं तावद्यः किल द्वादश वाराः समुद्रमवगाह्य कृतकार्य आगच्छति स यात्रासिद्धः, तमन्येऽपि यान्तः यात्रासिद्धिनिमित्तं पश्यन्ति । एकस्मिंश्च ग्रामे तुण्डिको वणिक्, तस्य शतसहस्रवाराः प्रवहणं भग्नं, तथाऽपि न विरमति, भणति च-जले नष्टं जले चैव लभ्यते, स्वजनादिभिरपि दीयमानं नेच्छति,

पुंणो पुणो तं तं भंडं गहाय गच्छइ, निच्छएण से देवया पसन्ना, खद्धं खद्धं दव्वं दिन्नं, भणिओ य-अन्नंपि किं ते करेमि ?, तेण भणियं-जो मम नामेण समुद्दं ओगाहइ सो अवियन्नो एउ, तहत्ति पडिसुयं, एवेस जत्तासिद्धो । अन्ने भणंति-किर निज्जामगस्स वासुल्लओ समुद्दे पडिओ, सो तस्स कए समुद्दं उल्लंचिउमाढत्तो, तओ अनिव्विण्णस्स देवयाए वरो दिन्नोत्ति ॥ कृतं प्रसङ्गेन,

साम्प्रतमभिप्रायसिद्धं प्रतिपादयन्नाह–

**विउला विमला सुहुमा जस्स मई जो चउव्विहाए वा ।**
**बुद्धीए संपन्नो स बुद्धिसिद्धो इमा सा य ॥९३७॥**

व्याख्या : 'विपुला' विस्तारवती एकपदेनानेकपदानुसारिणी 'विमला' संशयविपर्ययानध्यवसायमलरहिता 'सूक्ष्मा' अत्यन्तदुःखावबोधसूक्ष्मव्यवहितार्थपरिच्छेदसमर्था 'यस्य मतिः' इति यस्यैवंभूता बुद्धिः स बुद्धिसिद्ध इति, यश्चतुर्विधया वा औत्पत्तिक्यादिभेदभिन्नया बुद्ध्या सम्पन्नः स बुद्धिसिद्धो वर्तते, इयं च सा चतुर्विधा बुद्धिरिति गाथार्थः ॥९३७॥

પોતાના દઢ નિશ્ચયથી દેવ પ્રસન્ન થયો. પુષ્કળ ધન આપ્યું અને પૂછ્યું–'બીજું પણ તારા માટે હું શું કરું ?' તેણે કહ્યું–'જે મારા નામને લઈ સમુદ્રમાં ઉતરે, તે મર્યા વિના પાછો આવે એવું કરો,' દેવે 'તહત્તિ' કરી વાત સ્વીકારી. આ પ્રમાણે યાત્રાસિદ્ધ જાણવો.

કેટલાક કહે છે–મુખ્ય ખલાસીના ધનની એક પોટલી (?) સમુદ્રમાં પડી ગઈ હતી. તુંડિકે તેને લેવા સમુદ્રને ઉલેચવાનું ચાલુ કર્યું. થાક્યા વિના આ જોઈને એક દેવીએ તેને (ઉપર પ્રમાણેનું) વરદાન આપ્યું. વધુ પ્રાસંગિક ચર્ચાથી સર્યું.

**અવતરણિકા :** હવે અભિપ્રાયસિદ્ધનું પ્રતિપાદન કરતા નિર્યુક્તિકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : જેની મતિ વિપુલ, વિમલ અને સૂક્ષ્મ છે અથવા જે ચાર પ્રકારની બુદ્ધિથી સંપન્ન છે, તે બુદ્ધિસિદ્ધ જાણવો. તે ચાર પ્રકારની બુદ્ધિ આ (આગળની ગાથામાં બતાવ્યા) પ્રમાણે છે.**

**ટીકાર્થ :** જેની બુદ્ધિ વિપુલ એટલે કે વિસ્તારવાળી અર્થાત્ એક પદવડે અનેક પદને અનુસરનારી (જાણનારી) છે, વિમલ એટલે કે સંશય (શંકા), વિપર્યય (વિપરીત બુદ્ધિ) અને અનધ્યવસાયરૂપ (અણસમજ) મલથી રહિત છે, સૂક્ષ્મ છે એટલે કે અત્યંત દુઃખથી જાણી શકાય એવા સૂક્ષ્મ અને ગૂઢ અર્થોને જાણવામાં સમર્થ છે. આવા પ્રકારની જેની બુદ્ધિ છે તે બુદ્ધિસિદ્ધ જાણવો. (પૂર્વની ગાથામાં કહ્યું છે કે અભિપ્રાય એ બુદ્ધિનો જ પર્યાય છે તેથી અભિપ્રાયસિદ્ધ બોલો કે બુદ્ધિસિદ્ધ બોલો બંને એક જ છે.) અથવા જે ઔત્પત્તિક્યાદિ ચાર પ્રકારની બુદ્ધિથી સંપન્ન છે તે બુદ્ધિસિદ્ધ જાણવો અને તે ચાર પ્રકારની બુદ્ધિ આ પ્રમાણે (આગળની ગાથામાં બતાવે તે) છે. ॥૯૩૭॥

८८. पुनः पुनस्तत्तद्भाण्डं गृहीत्वा गच्छति, निश्चयेन तस्य देवता प्रसन्ना, प्रचुरं प्रचुरं द्रव्यं दत्तं, भणितश्च-अन्यदपि किं तव करोमि ?, तेन भणितं-यो मम नाम्ना समुद्रमवगाहते सोऽविपन्न आयातु, तथेति प्रतिश्रुतं, एवमेष यात्रासिद्धः । अन्ये भणन्ति-किल निर्यामकस्य वासुलः समुद्रे पतितः, स तस्य कृते समुद्रं रिक्तीकर्तुमारब्धः, ततोऽनिर्विण्णाय देवतया वरो दत्त इति ।

**उप्पत्तिआ १ वेणइआ २, कंमिया ३ पारिणामिआ ४ ।**
**बुद्धी चउव्विहा वुत्ता, पंचमा नोवलब्भए ॥९३८॥**

व्याख्या : उत्पत्तिरेव प्रयोजनं यस्याः सा औत्पत्तिकी, आह-क्षयोपशमः प्रयोजनमस्याः, सत्यं, किन्तु स खल्वन्तरङ्गत्वात् सर्वबुद्धिसाधारण इति न विवक्ष्यते, न चान्यच्छास्त्रकर्माभ्यासादिकमपेक्षत इति १, विनयः—गुरुशुश्रूषा स कारणमस्यास्तत्प्रधाना वा वैनयिकी २, अनाचार्यकं कर्म साचार्यकं शिल्पं, कादाचित्कं वा कर्म शिल्पं नित्यव्यापारः, 'कर्मजा' इति कर्मणो जाता कर्मजा ३, परिः-समन्तान्नमनं परिणामः—सुदीर्घकालपूर्वापरार्थावलोकनादिजन्य आत्मधर्म इत्यर्थः स कारणमस्यास्तत्प्रधाना वा पारिणामिकी ४, बुध्यतेऽनयेति—बुद्धिः—मतिरित्यर्थः, सा च चतुर्विधोक्ता तीर्थकरगणधरैः, किमिति ?, यस्मात् पञ्चमी नोपलभ्यते केवलिनाऽप्यसत्त्वादिति गाथार्थः ॥

**ગાથાર્થ : ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી આ પ્રમાણે બુદ્ધિ ચાર પ્રકારની કહેવાયેલી છે. (કારણ કે) પાંચમી બુદ્ધિ કોઈ જણાતી નથી.**

**ટીકાર્થ :** ઉત્પત્તિ એ છે કારણ જેનું તે ઔત્પત્તિકી બુદ્ધિ.

**શંકા :** (બુદ્ધિ એ જ્ઞાન છે, અને જ્ઞાનનું કારણ ક્ષયોપશમ હોય તેથી) આ બુદ્ધિનું કારણ ક્ષયોપશમ છે. (તો તેના કારણ તરીકે તમે ઉત્પત્તિ શા માટે કહો છો ?)

**સમાધાન :** તમારી વાત સાચી છે. પરંતુ તે ક્ષયોપશમ એ આંતરિક કારણ હોવાથી સર્વ બુદ્ધિઓ માટે એક સરખું કારણ છે માટે તેની વિવક્ષા કરી નથી (ટૂંકમાં જે સાધારણ કારણ છે તેની વિવક્ષા કરી નથી પણ, વિશેષ કારણની જ વિવક્ષા કરેલ છે.) (૧) આ બુદ્ધિ શાસ્ત્ર, કર્મ, અભ્યાસ વિગેરે કોઈ બીજા કારણોની અપેક્ષા રાખતી નથી પણ તે વિના જ ઉત્પન્ન થાય છે.

(૨) વિનય એટલે કે ગુરુસેવા, એ જ કારણ છે જેનું તે અથવા ગુરુસેવારૂપ વિનય એ છે પ્રધાન જેમાં તે વૈનયિકી બુદ્ધિ જાણવી. (૩) ગુરુ વિના જે આવડે તે કર્મ અને જેમાં ગુરુની જરૂર પડે તે શિલ્પ. અથવા જે કાદાચિત્ક હોય તે કર્મ (અર્થાત્ જે (H)વસ્તુ જે દિવસે બનાવવાની ચાલુ કરી, તે વસ્તુ તે જ દિવસે બની જાય, પણ મહેલાદિની જેમ ઘણા દિવસો સુધી બનાવવાનું ચાલુ ન રહે તે કાદાચિત્કકર્મ કહેવાય) અને નિત્ય એવો જે વ્યાપાર (અર્થાત્ મહેલાદિને બનાવવાનો વ્યાપાર ઘણા દિવસો સુધી ચાલતો હોવાથી નિત્યવ્યાપાર કહેવાય – इति टिप्पणके) તે શિલ્પ કહેવાય છે. આવા કર્મથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ કાર્મિકીબુદ્ધિ કહેવાય છે.

(૪) સંપૂર્ણ રીતે નમન તે પરિણામ અર્થાત્ ઘણા લાંબા કાળ પછી આગળ–પાછળના વિચારાદિથી ઉત્પન્ન થતો આત્મધર્મ. આવો પરિણામ છે કારણ જેનું અથવા આવો પરિણામ છે મુખ્ય જેમાં તે પારિણામિકીબુદ્ધિ. જેનાવડે (જીવ) બોધ પામે તે બુદ્ધિ. આ બુદ્ધિ તીર્થંકર-ગણધરોવડે (ઔત્પતિકી વિ.) ચાર પ્રકારની કહેવાયેલી છે. શા માટે ચાર પ્રકારની જ કહેવાયેલી છે ? તે કહે છે – કારણ કે કેવલીવડે પણ પાંચમી બુદ્ધિ જણાઈ નથી, કેમ કે તે પાંચમી બુદ્ધિ છે જ નહીં. ॥૯૩૮॥

औत्पत्तिक्या लक्षणं प्रतिपादयन्नाह–

**पुव्वमदिट्ठमस्सुअमवेइअ तक्खणविसुद्धगहिअत्था ।**
**अव्वाहयफलजोगिणि बुद्धी उप्पत्तिआ नाम ॥९३९॥**

व्याख्या : 'पूर्वम्' इति बुद्ध्युत्पादात् प्राक् स्वयमदृष्टोऽन्यतश्चाश्रुतः 'अवेदितः' मनसाऽप्यनालोचितः तस्मिन्नेव क्षणे विशुद्धः-यथावस्थितः गृहीतः-अवधारितः अर्थः-अभिप्रेतपदार्थो यया सा तथा, इहैकान्तिकमिहपरलोकाविरुद्धं फलान्तराबाधितं वाऽव्याहतमुच्यते, फलं–प्रयोजनम्, अव्याहतं च तत्फलं च अव्याहतफलं योगोऽस्या अस्तीति योगिनी अव्याहतफलेन योगिनी अव्याहतफलयोगिनी, अन्ये पठन्ति-अव्याहतफलयोगा, अव्याहतफलेन योगो यस्याः साऽव्याहतफलयोगा बुद्धिः औत्पत्तिकी नामेति गाथार्थः ॥

साम्प्रतं विनेयजनानुग्रहायास्या एव स्वरूपप्रतिपादनार्थमुदाहरणानि प्रतिपादयन्नाह–

**भरहसिल १ पणिअ* २ रुक्खे ३ खुड्डग+ ४ पड ५ सरड ६ काग ७ उच्चारे ८।**
**गय ९ घयण १० गोल ११ खंभे १२, खुड्डग १३ मग्गित्थि १४ पइ १५ पुत्ते १६ ॥९४०॥**

---

**અવતરણિકા :** ઔત્પત્તિકીબુદ્ધિનું લક્ષણ પ્રતિપાદન કરતા નિર્યુક્તિકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : પૂર્વે નહીં જોયેલો, નહીં સાંભળેલો કે મનથી પણ નહીં વિચારેલો એવો અર્થ તે જ ક્ષણે યથાવસ્થિત જેનાવડે ગ્રહણ કરાય = સમજાય તે બુદ્ધિ ઔત્પત્તિકી કહેવાય છે. આ બુદ્ધિ અવ્યાહતફળવાળી હોય છે.**

**ટીકાર્થ :** બુદ્ધિની ઉત્પત્તિ પહેલા સ્વયં નહીં જોયેલો, બીજા પાસેથી નહીં સાંભળેલો, અને મનથી પણ નહીં વિચારેલો એવો ઈચ્છિત પદાર્થ જેનાવડે પ્રસંગ વખતે જ યથાવસ્થિત રીતે ગ્રહણ કરાય = જણાય છે તે બુદ્ધિ પૂર્વાદૃષ્ટાશ્રુતાવેદિતતત્ક્ષણવિશુદ્ધગૃહીતાર્થા કહેવાય છે. અહીં જે એકાન્તિક (નિશ્ચિત) હોય અથવા ઈહલોક–પરલોકથી અવિરુદ્ધ હોય અથવા ફળાન્તરથી અબાધિત હોય તે અવ્યાહત કહેવાય છે. તથા ફળ એટલે પ્રયોજન. અવ્યાહત એવું જે ફળ તે અવ્યાહતફળ.

યોગ છે જેને તે યોગિની. અવ્યાહતફળવડે યોગિની તે અવ્યાહતફળયોગિની અર્થાત્ અવ્યાહતફળને આપનારી. કેટલાક લોકો એમ કહે છે કે, અવ્યાહતફળ સાથે યોગ = સંબંધ છે જેનો તે અવ્યાહત–ફળયોગવાળી. (અહીં પણ અર્થ પૂર્વ પ્રમાણે જ જાણવો માત્ર સમાસમાં જ ફેરફાર છે.) આવી બુદ્ધિ ઔત્પત્તિકી કહેવાય છે. ॥૯૩૯॥

**અવતરણિકા :** હવે શિષ્યસમૂહ ઉપર ઉપકાર કરવા માટે આના જ સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે ઉદાહરણોને જણાવતા નિર્યુક્તિકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : (૧) ભરતશિલા, (૨) શરત, (૩) વૃક્ષ, (૪) મુદ્રિકા, (૫) વસ્ત્ર, (૬) કાચીંડો, (૭) કાગડો, (૮) વિષ્ઠા, (૯) હાથી, (૧૦) વિદુષક, (૧૧) ગોળી, (૧૨) થાંભલો, (૧૩) બાળમુનિ, (૧૪) માર્ગસ્ત્રી, (૧૫) પતિ, (૧૬) પુત્ર.**

---

* पणः + मुद्रिका.

**भरहसिल १ मिंढ २ कुक्कुड ३ तिल ४ वालुअ ५ हत्थि ६ अगड ७ वणसंडे ८। पायस ९ अइआ १० पत्ते ११ खाडहिला १२ पंचपिअरो अ १३ ॥९४१॥**

**महुसित्थ १७ मुद्दि १८ अंके १९ अ नाणए २० भिक्खु २१ चेडगनिहाणे २२। सिक्खा य २३ अत्थसत्थे २४ इच्छा य महं २५ सयसहस्से २६ ॥९४२॥**

व्याख्या : आसामर्थः कथानकेभ्य एवावसेयः, तानि चामूनि–उँज्जेणीए णयरीए आसन्नो गामो णडाणं, तत्थेगस्स णडस्स भज्जा मया, तस्स य पुत्तो डहरओ, तेण अन्ना आणीया, सा तस्स दारगस्स न वट्टइ, तेण दारएण भणियं-मम लट्ठं न वट्टसि, तहा ते करेमि जहा मे पाएसु पडिसित्ति, तेण रत्तिं पिया सहसा भणिओ-एस गोहो एस गोहोत्ति, तेण नायं–मम महिला विणट्ठत्ति सिढिलो रागो जाओ, सा भणइ-मा पुत्ता ! एवं करेहि, सो भणइ-मम लट्ठं न वट्टसि, भणइ–वट्टीहामि,

ગાથાર્થ : (૧) ભરતશિલા, (૨) ઘેટો, (૩) કૂકડો, (૪) તલ, (૫) રેતી, (૬) હાથી, (૭) કૂવો, (૮) વનખંડ, (૯) ખીર, (૧૦) બકરીની લિંડીઓ, (૧૧) પીપળાના પાંદડા, (૧૨) ખીસકોલી, અને (૧૩) પાંચ પિતા.

ગાથાર્થ : (૧૭) મધપુડો, (૧૮) વીંટી, (૧૯) મહોરછાપ, (૨૦) નાણા, (૨૧) ભિક્ષુ, (૨૨) બાળક-નિધાન, (૨૩) શિક્ષાશાસ્ત્ર, (૨૪) અર્થશાસ્ત્ર, (૨૫) મોટી ઇચ્છા, (૨૬) લાખમૂલ્યવાળું પાત્ર.

**ટીકાર્થ :** આ ત્રણે ગાથાઓનો અર્થ કથાનકોથી જાણવા યોગ્ય છે. તે કથાનકો આ પ્રમાણે છે.

## ❋ ઔત્પત્તિકીબુદ્ધિના દૃષ્ટાન્તો ❋

(૧) ઉજ્જયિની નગરી પાસે નટોનું ગામ હતું. તેમાં એક નટની પત્ની મૃત્યુ પામી. તેનો પુત્ર નાનો હતો. નટે બીજી પત્ની લાવી. પરંતુ તે પુત્ર સાથે સારી રીતે વર્તતી નથી. તે પુત્રે કહ્યું–"તું મારી સાથે સારી રીતે વર્તતી નથી,તેથી તારું એવું કરું કે જેથી તું મારા પગોમાં પડીશ." પુત્રે રાત્રિએ પિતાને એકાએક કહ્યું કે "જુઓ, જુઓ આ પુરુષ, પુરુષ જાય." પિતાએ વિચાર્યું કે "મારી પત્ની ભ્રષ્ટ થઈ ગઈ." પત્ની પ્રત્યેનો રાગ ઓછો થઈ ગયો.

પત્નીએ પુત્રને કહ્યું 'હે પુત્ર ! તું આવુ કર નહીં.' પુત્ર કહે છે–'મારી સાથે સારી રીતે તું કેમ વર્તતી નથી ?' તેણીએ કહ્યું–'હું વર્તીશ.' 'તો હું બધું સારું કરીશ' એમ પુત્રે કહ્યું. તે સારી રીતે વર્તવા લાગી. તેથી એકવાર છાયા સામે ઈશારો કરતો પુત્ર 'પુરુષ પુરુષ' એમ પિતાને

૮૯. उज्जयिन्या नगर्या आसन्नो ग्रामो नटानां, तत्रैकस्य नटस्य भार्या मृता, तस्य च पुत्रो लघुः, तेनान्याऽऽनीता, सा तस्मिन् दारके न ( सुष्ठु ) वर्त्तते, तेन दारकेण भणितं-मयि लष्टा न वर्त्तसे, तथा तव करिष्यामि यथा मे पादयोः पतिष्यसीति, तेन रात्रौ पिता सहसा भणितः–एषोऽधम एषोऽधमः ( गोधः ), तेन ज्ञातं-मम महिला विनष्टेति श्लथो रागो जातः, सा भणति-मा पुत्र ! एवं कार्षीः, स भणति-मयि सुन्दरा न वर्त्तसे, भणति-वर्त्स्ये,

ताँ लट्ठं करेमि, सा वट्टिउमारद्धा, अन्नया छाहीए चेव एस गोहो एस गोहोत्ति भणित्ता कहिंति पुट्ठो य छाहिं दंसेइ, तओ से पिया लज्जिओ, सोऽवि एवंविहोत्ति तीसे घणरागो जाओ, सोऽवि विसभीओ पियाए समं जेमेइ । अन्नया पियरेण समं उज्जेणिं गओ, दिट्ठा णयरी, निग्गया पियापुत्ता, पिया से पुणोऽवि अइगओ ठवियगस्स कस्सइ, सोवि सिप्पाणईए पुलिणे उज्जेणीणयरीं आलिहइ, तेण णयरी सचच्चरा लिहिया, तओ राया एइ, राया वारिओ, भणइ—मा राउलघरस्स मज्झेणं जाहि, तेण कोउहल्लेण पुच्छिओ सँचच्चरा कहिया, कहिं वससि ?, गामेत्ति, पिया से आगओ । राइणो य एगूणगाणि पंचमंतिसयाणि, एक्कं मग्गइ, जो य सव्वप्पहाणो होज्जत्ति, तस्स परिक्खणनिमित्तं तं गामं भणावेइ, जहा—तुब्भं गामस्स बहिया महल्ली सिला तीए मंडवं करेह,

કહેવા લાગ્યો. તેથી પિતાએ પૂછ્યું—'ક્યાં છે ?' ત્યારે પુત્ર છાયાને દેખાડે છે. આ જોઈ પિતા લજ્જા પામ્યો. તે વિચારવા લાગ્યો કે "આની પહેલા પણ જે પુરુષ બતાવ્યો તે પણ પુરુષ નહીં પણ છાયડો જ હોવો જોઈએ" આમ વિચારી પત્ની પ્રત્યે પુનઃ ગાઢરાગ ઉત્પન્ન થયો.

(હું એકલો જમવા બેસીશ તો મને વિષ આપીને મારી નાંખશે) એમ વિષથી ભય પામેલો પુત્ર રોજ પિતા સાથે જમે છે. એકવાર તે પિતા સાથે ઉજ્જયિનીમાં ગયો. તેણે નગરી જોઈ. ત્યાંથી પિતાપુત્ર નીકળી ગયા. મૂકેલી કો'ક વસ્તુને લેવા પિતા પાછો નગરીમાં પ્રવેશ્યો. પુત્ર શિપ્રા નદીને કિનારે (રેતીમાં) ઉજ્જયિની નગરી આલેખે છે. તેણે દેવકુળ—રાજકુળસહિતની નગરી બનાવી. ત્યારપછી ત્યાં રાજા આવે છે. તેણે રાજાને અટકાવ્યો અને કહ્યું—'રાજકુળના ઘરમાંથી પસાર થશો નહીં.' રાજાએ કુતૂહલથી પુત્રને પૂછ્યું. તેથી પુત્રે દેવકુળ—રાજકુળસહિત નગરીનું વર્ણન કર્યું.

રાજાએ પૂછ્યું 'તું ક્યાં રહે છે ?' તેણે કહ્યું—'બાજુના ગામમાં.' એટલામાં તેનો પિતા આવ્યો. રાજા પાસે ચારસો નવ્વાણુ મંત્રીઓ હતા. એક મંત્રીની શોધ ચાલતી હતી, કે જે સર્વમાં પ્રધાન થાય. રાજા આ પુત્રની પરીક્ષા માટે તેના ગામને જણાવે છે કે 'ગામની બહાર જે મોટી શિલા છે તેનો તમે મંડપ બનાવો.' (અર્થાત્ એવી રીતે કરો કે જેથી તે શિલા મંડપરૂપે બને

९०. तदा लष्टं करोमि, सा वर्त्तितुमारब्धा, अन्यदा छायायामेवैष गोध एष गोध इति भणित्वा क्वेति पृष्टश्च छायां दर्शयति, ततस्तस्य पिता लज्जितः, सोऽपि एवंविध इति तस्यां घनरागो जातः, सोऽपि विषभीतः पित्रा समं जेमति । अन्यदा पित्रा सममुज्जयिनीं गतः, दृष्टा नगरी, निर्गतौ पितापुत्रौ, पिता तस्य पुनरपि अतिगतो विस्मृताय कस्मैचित्, सोऽपि शिप्रानद्याः पुलिने उज्जयिनीं नगरीमालिखति, तेन नगरी सचत्वरा ( सान्तःपुरा । ) आलिखिता, तत राजाऽऽयातः, राजा निवारितः, भणति-मा राजकुलगृहस्य मध्येन यासीः, तेन कौतूहलेन पृष्टः—स चत्वरा कथिता, क्व वससि ?, ग्राम इति, पिता तस्यागतः । राज्ञश्चैकोनानि पञ्चमन्त्रिशतानि एकं मार्गयति, यश्च सर्वप्रधानो भवेदिति, तस्य परीक्षणनिमित्तं तं ग्रामं भाणयति-यथा युष्माकं ग्रामस्य बहिष्टात् महती शिला तस्या मण्डपं कुरुत, * किमेयं तए आलिहियं ?, किं वा राउलं ?, तेण णगरी ( प्रत्य० अधिकं )

**"ते अद्दण्णा, सो दारओ रोहओ छुहाइओ, पिया से अच्छइ गामेण समं, ओसूरे आगओ रोयइ–अम्हे छुहाइया अच्छामो, सो भणइ-सुहिओऽसि, किह ?, कहियं, भणइ-वीसत्था अच्छह, हेट्ठओ खणह खंभे य देह थोवं थोवं भूमी कया, तओ उवलेवणकओवयारे मंडवे कए रण्णो निवेइयं, केण कयं ?, रोहएण भरहदारएणं। एसा एयस्स उप्पत्तिया बुद्धी। एवं सव्वेसु जोएज्जा। तओ तेसिं रण्णा मेढओ पेसिओ, भणिया य-एस पक्खेण एत्तिओ चेव पच्चप्पिणेयव्वो ण दुब्बलयरो नावि बलिगयरोत्ति, तेहिं भरहो पुच्छिओ-तेण विरूवेण समं बंधाविओ जवसं दिन्नं, तं चरन्तस्स ण हायइ बलं विरूवं च पेच्छंतस्स भएण ण वड्ढइ। एवं कुक्कुडओ अद्दाएण समं जुज्झाविओ।**

---

અને તેની નીચે બધા ઊભા રહી શકે.) ગામના લોકો આકુળવ્યાકુળ થઈ ગયા. તે રોહક ભૂખથી પીડાયો. તેના પિતા ગામના લોકો સાથે (રાજાની આજ્ઞાનું પાલન શી રીતે કરવું ? તેની વિચારણા કરે) છે. સૂર્યાસ્ત થતાં પિતા ઘરે આવતા રોહક રડવા લાગે છે–'અમે ક્યારના ભૂખ્યા છીએ.' પિતાએ કહ્યું–'તું ઘણો સુખી છે.' 'કેમ ?' બધી વાત કરી. ત્યારે રોહકે કહ્યું–'વિશ્વસ્ત રહો, (અર્થાત્ તમે ચિંતા કરો નહીં) શિલા નીચે ખોદો, અને થાંભલાઓ લગાડો.' (આ રીતે કહેતા ગામના લોકોએ તે પ્રમાણે કર્યું. ત્યારપછી બેસવાદિ માટે) થોડી થોડી ભૂમિ (વ્યવસ્થિત = સમતલ) કરી. ત્યારપછી તેની ઉપર લિંપનાદિ કરવા લાયક જે કંઈ ઉપચારો (વિધિઓ) હતા તે સર્વ કર્યાં. આ રીતે મંડપ તૈયાર થતાં રાજાને જણાવવામાં આવ્યું. રાજાએ પૂછ્યું 'કોણે કર્યું ?' ગામ લોકોએ કહ્યું – "ભ(H)રત નામના નટના પુત્ર રોહકે આ મંડપ તૈયાર કરાવ્યો છે." રોહકની આ ઔત્પત્તિકી બુદ્ધિ હતી. આ પ્રમાણે (આ છેલ્લું વાક્ય) સર્વ ઉદાહરણોમાં જોડવું.

ત્યારપછી રાજાએ ગામના લોકો પાસે ઘેટો મોકલ્યો અને કહ્યું–"એક પખવાડિયા પછી આ ઘેટો એટલા જ વજનનો પાછો અર્પણ કરવો, તેનું વજન ઘટવું પણ ન જોઈએ કે વધવું પણ ન જોઈએ." ગામના લોકોએ ભરતને (ભરતપુત્ર રોહકને આનો ઉપાય) પૂછ્યો. તેણે ઘેટાને વરુ સાથે બંધાવ્યો, અને ખાવા માટે ઘાસ આપ્યું. તેને ચરતા ઘેટાનું બળ હીન ન થયું અને વરુને જોતા ભયથી તેનું વજન પણ વધ્યું નહીં.

(ત્યારપછી રાજાએ આજ્ઞા કરી કે–"મોકલેલા કૂકડાનું એકલાનું યુદ્ધ કરાવો, અર્થાત્ સામે પ્રતિસ્પર્ધી કૂકડા વિના એકલો લડે એવું કરો." ગામના લોકો વિચારમાં પડ્યા કે–એકલો કૂકડો વળી કેવી રીતે યુદ્ધ કરે ? સામે પ્રતિસ્પર્ધી તો જોઈએ ને ! બધા રોહક પાસે આવ્યા. રોહકે

---

**૯૧. तेऽधृतिमुपगताः, स दारको रोहकः क्षुधितः, पिता तस्य तिष्ठति ग्रामेण समं, उत्सूर्ये आगतो रोदिति-वयं क्षुधितास्तिष्ठामः, स भणति-सुखितोऽसि, कथं ?, कथितं, भणति-विश्वस्तास्तिष्ठत, अधस्तात् खनत स्तम्भांश्च दत्त स्तोकं स्तोकं भूमिः कृता, ततः कृतोपलेपनोपचारे मण्डपे कृते राज्ञे निवेदितं, केन कृतं ?, रोहकेण भरतदारकेन। एषैतस्यौत्पत्तिकी बुद्धिः। एवं सर्वेषु योजयेत्। ततस्तेषां राज्ञा मेषः प्रेषितः, भणिताश्च-एष पक्षेण–यन्मान एव प्रत्यर्पणीयो न दुर्बलतरो नापि बलिष्ठ इति, तैर्भारतः पृष्टः-तेन विरूपेण (वृकेण) समं बन्धितो यवसं दत्तं, तं चरतो न हीयते बलं वृकं च पश्यतो भयेन न वर्धते। एवं कुर्क्कुट आदर्शेन समं योधितः।**

**[૧૨] तिलसमं तेल्लं दायव्वंति तिला अद्दाएण मविया । वालुगावरहओ–पडिच्छंदं देह । हत्थिमि जुन्नहत्थी गामे छूढो, हत्थी अप्पाउओ मरिहितित्ति अप्पिओ मउत्ति ण निवेइयव्वं, दिवसदेवसिया य से पउत्ती दायव्वत्ति, अदाणेवि निग्गहो, सो मओ, ते अद्दण्णा, भरहसुयवयणेण निवेइयं जहा-सो अज्ज हत्थी ण उट्ठेइ न णिसीयइ ण आहारेइ ण णीहारेइ ण ऊससइ ण नीससइ एवमाई, रण्णा**

કહ્યું–'કૂકડા સામે અરિસો મૂકો, જેથી પોતાનું પ્રતિબિંબ અરિસામાં પડશે અને તેને શત્રુ સમજી તેની સાથે યુદ્ધ કરશે.) આ પ્રમાણે અરિસા સાથે કૂકડાનું યુદ્ધ કરાવ્યું.

ત્યાર પછી રાજાએ-આજ્ઞા કરી કે તલ સમાન તેલ આપવું. રોહકે તલને અરિસામાં માપ્યા. (અર્થાત્ જેમ દૂધને જે માપીયાથી માપ્યું હોય તે જ માપીયાથી પાણીને પામતા દૂધને સમાન પાણી કહેવાય. અહીં જેમ માપીયાને આશ્રયી દૂધ અને પાણી એક સરખા માપવાળા કહેવાય. તેમ રોહકે તલના ઢગલાને અરિસાવડે માપ્યા, અર્થાત્ અરિસામાં તે ઢગલાનું પ્રતિબિંબ પાડ્યું. પછી તે તલનું તેલ કાઢી તેલનું પ્રતિબિંબ અરિસામાં પાડ્યું.) આમ તલ અને તેલ બંનેને અરિસારૂપ એક માપીયાવડે માપી લીધા અને માપીયું એક હોવાથી તલ અને તેલ પણ એક સરખા માપવાળા કહેવાય. આમ અરિસામાં તલને માપવાવડે રાજાની આજ્ઞા પૂર્ણ કરી. (જો કે અહીં બુદ્ધિની જ વિશિષ્ટતા છે, શબ્દોનું છલ છે.)

ત્યારપછી રાજાએ આજ્ઞા કરી કે– નદીના કિનારે રહેલી રેતીના દોરડા બનાવીને મોકલો. રોહકે સામે જવાબ આપ્યો કે–તમારા ભંડારમાં રેતીના દોરડાનો નમૂનો હોય તે મોકલાવો જેથી તે જોઈને અમે દોરડા બનાવી દઈશું. (આમ રેતીમાંથી દોરડા બનાવવા અશક્ય હોવા છતાં રોહકનો જવાબ સાંભળી રાજા ઘણો ખુશ થયો.)

ત્યારપછી રાજાએ એક ઘરડો હાથી ગામમાં મોકલ્યો. હાથી અલ્પાયુવાળો હોવાથી મરી જશે એમ વિચારી રાજાએ ગામના લોકોને સોંપ્યો અને કહ્યું કે–"હાથી મરી ગયો એવા સમાચાર તમારે મને આપવા નહીં અને રોજેરોજની હાથીની પરિસ્થિતિના સમાચાર આપવા, જો નહીં આપો તો દંડ કરવામાં આવશે." એક દિવસ હાથી મૃત્યુ પામ્યો. (હવે જો મૃત્યુના સમાચાર રાજાને આપશો તો પણ દંડ કરશે અને રોજેરોજની પરિસ્થિતિ નહીં જણાવીએ તો પણ રાજા દંડ કરશે એમ વિચારતા) ગામ લોકો આકુળ–વ્યાકુળ થયા. ભરતના પુત્ર રોહકના કહેવા પ્રમાણે લોકોએ રાજાને જણાવ્યું કે–'તે હાથી આજે ઊઠતો નથી, બેસતો નથી, આહાર કે નીહાર કરતો નથી, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લેતો નથી, વિગેરે પરિસ્થિતિ જણાવી. એટલે રાજાએ પૂછ્યું–"શું મરી ગયો ? લોકોએ કહ્યું–"મરી ગયો એવું તમે કહો છો, અમે કહેતા નથી."

**१२. तिलसमं तैलं दातव्यमिति तिला आदर्शेन मापिताः । वालुकादवरकः-प्रतिच्छन्दं दत्त । हस्तिनि-जीर्णहस्ती ग्रामे क्षिप्तः, हस्ती अल्पायुरिति मरिष्यतीत्यर्पितः मृत इति न निवेदितव्यं, दिवसदैवसिकी च तस्य प्रवृत्तिर्दातव्येति, अदानेऽपि निग्रहः, स मृतः, ते अधृतिमुपगताः, भरतसुत-वचनेन निवेदितं यथा-सोऽद्य हस्ती नोत्तिष्ठते न निषीदति नाहारयति न नीहारयति नोच्छ्वसिति न निःश्वसिति एवमादि, राज्ञा**

**[૧૩]भणियं-किं मओ ?, तुब्भे भणहत्ति । अगडे आरण्णओ आगंतु ण तीरइ नागरं देह । वणसंडे पुव्वं पासं गओ गामो । परमन्नं करीसओण्हाए पलालुण्हाए यत्ति । तओ रण्णा एवं परिक्खिऊण पच्छा समाइट्ठं, जहा तेणेव दारएणागंतव्वं, तं पुण ण सुक्कपक्खे ण कण्हपक्खे ण राइं न दिवसे ण छायाए ण उण्हेणं ण छत्तेणं ण आगासेणं ण पाएहिं ण जाणेणं ण पंथेणं ण उप्पेहेणं ण ण्हाएणं ण मलिणेणंति, तओ तस्स निवेइयं, पच्छा अंगोहलिं काऊण चक्कमज्झभूमीए एडगारूढो**

(રાજાએ ફરી આજ્ઞા કરી કે—'તમારા ગામના કૂવાનું પાણી મધુર છે. તેથી તે કૂવો અહીં મોકલો. પાણી મંગાવવાના બદલે કૂવો મંગાવતા લોકો વિચારમાં પડ્યા કે કૂવાને કઈ રીતે લઈ જવો ? રોહકને પૂછયું) રોહકે રાજાને જણાવ્યું કે—'અમારો ગામડાનો કૂવો તમારા નગરમાં એકલો આવવા સમર્થ નથી, તેથી તમારા નગરના કૂવાને મોકલો, જેથી તેની સાથે અમારા કૂવાને મોકલીએ.

તે ગામની પૂર્વ દિશામાં એક વનખંડ હતું. તેથી રાજાએ આજ્ઞા કરી કે—"આ વનખંડને તમારે પશ્ચિમ દિશામાં લઈ જવું." રોહકે આખા ગામને વનખંડની પૂર્વદિશામાં સ્થાપિત કરી વનખંડને ગામની પશ્ચિમ દિશામાં લાવતા રાજા ખુશ થયો. (સંસ્કૃત પંક્તિનો અર્થ આ પ્રમાણે કે – ગામ વનખંડની પૂર્વ બાજુએ ગયો.)

(ત્યારપછી રાજાએ અગ્નિ વિના ખીર રાંધવાનો આદેશ આપ્યો તેથી રોહકના કહેવાથી) લોકોએ સૂર્યના કિરણોથી તપેલી બકરીની લીંડીઓની ગરમી અને સૂર્યકિરણોથી બળેલા ઘાસની ગરમીથી ખીર રાંધી. આ રીતે પરીક્ષા કરીને પાછળથી રાજાએ આદેશ કર્યો કે—"તે રોહક જ અહીં આવે, પણ તેણે શુક્લપક્ષમાં કે કૃષ્ણપક્ષમાં આવવું નહીં, રાતે કે દિવસે આવવું નહીં, છાયામાં કે તડકે આવવું નહીં, માથે છત્ર રાખીને કે ખુલ્લામાં આવવું નહીં, પગે ચાલીને કે વાહનમાં આવવું નહીં, માર્ગવડે કે ઉન્માર્ગે આવવું નહીં, સ્નાન કરીને કે સ્નાન કર્યા વિના મેલા આવવું નહીં." આ અ[illegible]ગ રોહકને જણાવ્યો. તેથી દેશસ્નાનને કરીને ગાડાના બે પૈડાના રસ્તાની વચ્ચેના રસ્તા ઉપર ચાલીને, (આ રસ્તો માર્ગ કે ઉન્માર્ગ બંને ગણાય નહીં, તેથી આ રસ્તા ઉપર ચાલવાથી 'માર્ગવડે કે ઉન્માર્ગે આવવું નહીં' એવો આદેશ રોહકે પાળ્યો.) બકરા ઉપર બેસી, (આના દ્વારા પગે ચાલી કે વાહનમાં આવવું નહીં એ આદેશ પાળ્યો) ચાલણીવડે ઢંકાયેલું છે મસ્તક જેનું એવો તે, (અર્થાત્ 'છત્ર રાખી કે ખુલ્લામાં આવવું નહીં' એવો રાજાનો આદેશ હોવાથી ચાલણીને માથે રાખી રોહક રાજા પાસે જાય છે, કારણ કે ચાલણી એ છત્ર કહેવાય નહીં અને ચાલણી હોવાથી ખુલ્લું પણ કહેવાય નહીં.)

**९३. भणितं–किं मृतः ?, यूयं भणतेति । अवट आरण्यको नागन्तुं शक्नोति नागरं दत्त । वनखण्डे पूर्वस्मिन् पार्श्वे गतो ग्रामः । परमान्नं करीषोष्मणा पलालोष्मणा चेति । ततो राज्ञा एवं परीक्ष्य पश्चात्समादिष्टं यथा–तेनैव दारकेणागन्तव्यं, तत्पुनर्न शुक्लपक्षे न कृष्णपक्षे न रात्रौ न दिवा न छायया नोष्णेन न छत्रेण नाकाशेन न पादाभ्यां न यानेन न पथा नोत्पथेन न स्नातेन न मलिनेनेति, ततस्तस्मै निवेदितं, पश्चादङ्गरूक्षणं ( देशस्नानं ) कृत्वा चक्रमध्यभूमावेडकारूढ–**

**[९४]चालणीनिमिउत्तिमंगो, अण्णे भणंति-सगडलट्टणीपएसबद्धओ छाइयपडगेणं संझासमयंमि अमावासाए सन्धीए आगओ नरिंदपासं, रण्णा पूइओ, आसन्नो य सो ठिओ, पढमजामविबुद्धेण य रण्णा सद्दाविओ, भणिओ य-सुत्तो ? जग्गसि ?, भणइ-सामि ! जग्गामि, किं चिंतेसि ?, भणइ-असोत्थपत्ताणं किं दंडो महल्लो उयाहु से सिहत्ति ? रण्णा चिंतियं-साहु, एवं पच्छा पुच्छिओ भणइ-दोवि समाणि, एवं बीयजामे छगलियाओ लेंडियाओ वाएण, तत्तिए खाडहिल्लाए जत्तिया पंडरारेहा तत्तिया कालगा जत्तियं पुच्छं तद्दहमित्तं सरीरं, चउत्थे जामे सद्दाविओ वायं न देइ, तेण कंबियाए छिक्को, उट्ठिओ, राया भणइ-जग्गसि सुयसि ?, भणइ-जग्गामि, किं करेसि ?, चिंतेमि,**

અહીં કેટલાક આચાર્યો એમ કહે છે કે –"ગાડાની કેડીરૂપ પ્રદેશથી બંધાયેલો (અર્થાત્ ગાડાની કેડી ઉપર ચાલીને) માથે વસ્ત્રને ઢાંકીને," (આ પ્રમાણે કેટલાક આચાર્યોના અભિપ્રાયને જણાવી ટીકાકાર આગળ જણાવે છે.) સંધ્યા સમયે (આના દ્વારા રાતે કે દિવસે આવવું નહીં આદેશ પાળ્યો) અમાવાસ્યાની સંધિએ (અર્થાત્ અમાવાસ્યા અને એકમનું જે દિવસે જોડાણ થતું હોય તે દિવસે, આના દ્વારા શુક્લપક્ષમાં કે કૃષ્ણપક્ષમાં આવવું નહીં એવો આદેશ પાળ્યો.) રોહક રાજાપાસે આવ્યો. રાજાએ તેનો સત્કાર કર્યો. તે રાત્રિએ રાજાએ રોહકને પોતની પાસે સૂવડાવ્યો. પ્રથમ પ્રહરમાં જાગેલા રાજાએ રોહકને બોલાવ્યો અને કહ્યું–'સૂતો છે કે જાગે છે ?' રોહકે કહ્યું–'હે સ્વામી જાગુ છું.''તું શું વિચારે છે ?' એમ રાજાવડે પૂછાતા રોહકે કહ્યું–"પીપળાના પાંદડાની દાંડી મોટી કે તેની શિખા મોટી ?" રાજાએ વિચાર્યું–'સારો વિચાર છે.' પછી રાજાવડે પૂછાતાં રોહકે જવાબ આપ્યો કે–'બંને સમાન છે.' આ પ્રમાણે બીજા પ્રહરમાં પણ (પૂર્વની જેમ રાજાએ રોહકને પૂછ્યું કે–'શું વિચારે છે ?' ત્યારે) રોહકે કહ્યું કે–'બકરીની લીંડીઓ ગોળ–ગોળ કેમ હોય છે ?' રાજાએ વિચાર્યું પણ જવાબ ન જડતા રોહકને પૂછ્યું, રોહકે કહ્યું–'વાયુને કારણે ગોળ હોય છે.'

ત્રીજા પ્રહરમાં રોહકે કહ્યું – ખીસકોલીના શરીર ઉપર જેટલી સફેદ રેખા હોય તેટલી કાળી રેખાઓ પણ હોય, તથા તેની પૂછ જેટલી લાંબી તેટલું શરીર પણ લાંબુ હોય છે. ચોથા પ્રહરમાં રાજાએ પૂછ્યું કે–'જાગે છે કે સૂતો છે ?' રોહક કોઈ જવાબ દેતો નથી. તેથી રાજાએ એક સોટી મારી. તે જાગ્યો. રાજાએ પૂછયું–'જાગે છે કે સૂતો છે ?' તેણે કહ્યું–'જાગું છું.' 'શું કરે છે ?'

९४. श्चालनीनिर्मितोत्तमाङ्गः, अन्ये भणन्ति-शाकटलट्टनी (कट) प्रदेशबद्धः छादितः पटेन संध्यासमयेऽमावास्यायाः सन्ध्यायामागतो नरेन्द्रपार्श्वं, राज्ञा पूजितः, आसन्नश्च स स्थितः, प्रथमयामविबुद्धेन च राज्ञा शब्दितः, भणितश्च–सुप्तो ? जागर्षि ?, भणति–स्वामिन् ! जागर्मि, किं चिन्तयसि ?, भणति–अश्वत्थपत्राणां किं दण्डो महान् उत तस्य शिखेति, राज्ञा चिन्तितं–साधु, एवं पश्चात्पृष्टो भणति–द्वे अपि समे, एवं द्वितीययामे छागलिका लिण्डिका वातेन, तृतीये खाडहिल्लाया यावत्यः पाण्डुरारेखाः तावत्यः कृष्णा यावन्मात्रं पुच्छं तावन्मात्रं शरीरं, चतुर्थे यामे शब्दितो वाचं न ददाति, तेन कम्बिकया हतः, उत्थितो, राजा भणति–जागर्षि स्वपिषि ?, भणति–जागर्मि, किं करोषि ?, चिन्तयामि,

किं ?, कइहिं सि जाओ, कइहिं ?, पंचहि, केण केण ?, रण्णा वेसमणेणं चंडालेणं रयएणं विच्छुएणं, मायाए निबंधेण पुच्छिए कहियं, सो पुच्छिओ भणइ-जहा णाएण रज्जं पालयंतो णज्जसि जहा रायपुत्तोत्ति, वेसमणो दाणेणं, रोसेणं चंडालो, सव्वस्सहरणेणं रयओ, जं च वीसत्थसुत्तंपि कंबियाए उट्ठवेसि तेण विच्छुओत्ति, तुट्ठो राया, सव्वेसिं उवरिं ठविओ, भोगा य से दिण्णा । एयस्स उप्पत्तिया बुद्धित्ति ॥ पणियए-दोहिं पणियगं बद्धं, एगो भणइ-जो एयाओ लोमसियाओ खाइ

'વિચારું છું.' 'શું વિચારે છે ?' કેટલાઓવડે તમે ઉત્પન્ન થયા છો ?' (અર્થાત્ તમારા કેટલા પિતા છે ?) 'કેટલાવડે ?' 'પાંચવડે.' 'કોના-કોનાવડે ?' રોહકે જવાબ આપ્યો કે – 'રાજા, વૈશ્રમણ, ચાંડાળ, ધોબી અને વીંછીથી.' રાજાએ જઈને ઘણા આગ્રહપૂર્વક માતાને પૂછતાં માતાએ સઘળી વાત કરી. (એ વાત આ પ્રમાણે કરી–માતાએ કહ્યું–'જ્યારે તું ગર્ભમાં હતો ત્યારે એક દિવસ હું નગર બહાર ઉદ્યાનમાં કુબેરદેવની પૂજા કરવા ગઈ. ત્યાં તેની પ્રતિમાનું રૂપ જોઈને મેં તે પ્રતિમાને સ્પર્શ કર્યો જેથી મને કામવિકાર જાગતા ભોગની ઇચ્છા થઈ.

ત્યાંથી પાછા આવતાં માર્ગમાં એક સ્વરૂપવાન ચંડાળને જોઈ તેની સાથે ભોગની ઇચ્છા થઈ. આગળ જતાં એક સ્વરૂપવાન ધોબીને જોઈને પણ એવી જ ઇચ્છા થઈ. પછી મહેલમાં આવી ત્યારે તે દિવસે ઉત્સવ હોવાથી ખાવાને માટે લોટનો વીંછી કર્યો હતો, મેં તેને હાથમાં લીધો, તેના સ્પર્શથી કામ–ઉદ્દીપન થતાં તેની સાથે પણ ભોગની ઇચ્છા થઈ. આ પ્રમાણે ઇચ્છા માત્રથી રાજા સિવાયના તારે બીજા ચાર પિતા થયા હતા.) ત્યાર પછી રાજાએ રોહકને પૂછ્યું 'તું કેવી રીતે જાણે છે કે હું પાંચ પિતાથી ઉત્પન્ન થયો છું ?' રોહકે કહ્યું–'જે કારણથી તમે રાજ્યનું ન્યાયપૂર્વક પાલન કરો છો, તેથી જણાય છે કે તમે રાજાના પુત્ર છો, દાનથી તમે કુબેરના પુત્ર લાગો છો, ક્રોધથી ચંડાળના પુત્ર લાગો છો, સર્વસ્વનું હરણ કરવાથી ધોબીના પુત્ર લાગો છો, (અર્થાત્ ધોબી જેમ વસ્ત્રને નીચોવી સર્વ પાણીનું હરણ કરે છે તેમ તમે માણસોનું સર્વ ધન લઈ લો છો) અને વળી શાંતિથી ઉંઘેલાને જેમ તમે સોટી મારવાવડે ઊઠાડો છો, તેનાથી જણાય છે કે તમે વીંછીના પુત્ર છો," આ સાંભળી રાજા ખુબ ખુશ થયો. સર્વ પ્રધાનોમાં પ્રધાન મંત્રી બનાવ્યો અને ભોગો આપ્યા. આ રોહકની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૨. શરત ઉપરનું દૃષ્ટાન્ત :** (એક પુરુષ કાકડીઓ વહેંચવા લારી ફેરવતો હતો. તેની પાસે બીજો પુરુષ આવ્યો.) તે બે જણાએ પરસ્પર શરત લગાવી. તેમાં એકે કહ્યું–'તારી આ બધી કાકડીઓને જે ખાય, તેને તું શું આપીશ ?' બીજાએ કહ્યું–'નગરના દ્વારમાંથી જે મોદક

૯૫. किं ?, कतिभिर्जातोऽसि ?, कतिभिः ?, पञ्चभिः, केन केन ?, राज्ञा वैश्रमणेन चाण्डालेन रजकेन वृश्चिकेन, मात्रा निर्बन्धेन पृष्टया कथितं, स पृष्टो भणति–यथा न्यायेन राज्यं पालयसि ततो ज्ञायसे यथा राजपुत्र इति, वैश्रमणो दानेन, रोषेण चाण्डालः, सर्वस्वहरणेन रजकः, यच्च विश्वस्तसुप्तमपि कम्बिकया ( अग्रेण ) उत्थापयसि तेन वृश्चिक इति, तुष्टो राजा, सर्वेषामुपरि स्थापितः, भोगाश्च तस्मै दत्ताः । एषौत्पत्तिकी बुद्धिरिति । पणो-द्वाभ्यां पणो बद्धः, एको भणति-य एताश्चिर्मटिकाः खादति

[१६]तस्स तुमं किं करेसि ?, इयरो भणइ-जो णयरदारेण मोयगो ण णीति तं देमि, तेण चक्खिय चक्खिय सव्वाओ मुक्काओ, जिओ मग्गइ, इयरो रूवगं देइ, सो नेच्छइ, दोन्नि य जाव सएणऽवि ण तूसइ, तेण जूयारा ओलग्गिया, दिन्ना बुद्धी, एगं पुव्वियावणे मोयगं गहाय इंदखीले ठवेहि, पच्छा भणेज्जासि-निग्गच्छ भो मोयगा ! णिगच्छ, सो ण णिगच्छिहिति, तहा कयं पडिजिओ सो । एसा जूइकराणमुप्पत्तिया बुद्धी ॥ रुक्खे—फलाणि मक्कडा न देंति, पाहाणेहिं हया अम्बया दिन्ना, एसावि लेठुगघेत्तयाणमुप्पत्तियत्ति ॥ खुडुगे—पसेणई राया सुओ से सेणिओ रायलक्खणसंपुण्णो, तस्स

નીકળી શકે નહીં, તે મોદકને હું આપીશ.' પ્રથમ પુરુષે બધી કાકડીઓને થોડી—થોડી ચાખી. ચાખીને મૂકી દીધી. (અને પછી કહ્યું કે—જો, મેં બધી કાકડી ખાધી, તેથી લાવ મોદક,' બીજાએ કહ્યું—'બધી ક્યાં ખાધી છે ? આતો તે ચાખી છે.' બે વચ્ચે ઝઘડો થયો. તેથી પહેલાએ કહ્યું— 'જો બીજા બધાને પૂછી જોઈએ. એટલે તેણે અન્ય પુરુષને બોલાવી પૂછ્યું કે—તમે આ કાકડી ખરીદશો ?' ત્યારે પેલાએ કહ્યું—"ખાધેલી કાકડી કોણ ખરીદે ?" આ રીતે બે—ચાર જણને પૂછતાં બધાએ એક સરખો જવાબ આપ્યો. એટલે નક્કી થયું કે કાકડીઓ ખાધી છે. આમ એક પુરુષ શરત જીતી ગયો.) જીતેલો તે હવે મોદકની માંગણી કરે છે.

ત્યારે મોદકના બદલે બીજો પુરુષ એક રૂપિયો આપવા જાય છે.પણ, પેલો સ્વીકારતો નથી. આ બે રૂપિયા, ત્રણ રૂપિયા એમ કરતાં એકસો રૂપિયા આપવા તૈયાર થાય છે. છતાં પેલો સંતોષ પામતો નથી. તેથી બીજાએ જુગારીયાઓની સેવા કરી. જુગારીયાઓએ તેને એક ઉપાય બતાવતા કહ્યું—"તારે કંદોઈના દુકાનમાંથી એક મોદક લાવીને દરવાજાના એક અવયવ ઉપર મૂકવો અને પછી કહેવું કે—'હે મોદક ! તું દરવાજા બહાર જા,' પણ તે બહાર જશે નહીં (આમ દરવાજા બહાર ન જઈ શકે એવો આ મોદક તારે તેને આપી દેવો.) પેલાએ જુગારીયાઓના કહેવા પ્રમાણે કર્યું તેથી તે જીતી ગયો. અહીં જુગારીયોઓની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૩. વૃક્ષનું દૃષ્ટાન્ત :** (એક માર્ગથી મુસાફરો પસાર થતાં હતા. તેમાં વચ્ચે વનખંડમાં આંબાના વૃક્ષો ઉપર આંબા દેખાયા. આંબા લેવાની ઇચ્છા થઈ. પરંતુ) વૃક્ષ ઉપર રહેલા વાંદરાઓ આંબા લેવા દેતા નથી. તેથી મુસાફરોએ વાંદરાઓ સામે પથ્થરો ફેંક્યા. જેથી છંછેડાયેલા વાંદરાઓએ સામેથી આંબાઓ તોડી—તોડીને ફેંક્યા. (જેથી મુસાફરોને આંબાઓ પ્રાપ્ત થયા.) પથ્થરો ફેંકનારા મુસાફરોની આ ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

१६. तस्मै त्वं किं करोषि ?, इतरो भणति-यो नगरद्वारेण मोदको न निर्गच्छति तं ददामि, तेन दृष्ट्वा दृष्ट्वा सर्वा मुक्ताः, जितो मार्गयति, इतरो रूप्यकं ददाति, स नेच्छति, द्वे च यावच्छतेनापि न तुष्यति, तेन द्यूतकारा अवलगिताः, दत्ता बुद्धिः, एकं कान्दविकापणान्मोदकं गृहीत्वा इन्द्रकीले स्थापय, पश्चाद् भणेः-निर्गच्छ भो मोदक ! निर्गच्छ, स न निर्गमिष्यति, तथा कृतं, प्रतिजितः सः । एषा द्यूतकराणामौत्पत्तिकी बुद्धिः ॥ वृक्षे—फलानि मर्कटा न ददति, पाषाणैर्हता आम्रा दत्ताः, एषापि लेष्टुकक्षेपकाणामौत्पत्तिकीति ॥ मुद्रारत्ने-प्रसेनजित् राजा सुतस्तस्य श्रेणिको राजलक्षणसंपूर्णः, तस्मै

[૧૭]किंचिवि ण देइ मा मारिज्जिहित्ति, अद्धितीए निग्गओ बेन्नायडमागओ कइवयसहाओ, खीणविभवसेट्ठिस्स वीहीए उवविट्ठो, तस्स य तप्पुण्णपच्चयं तद्दिवसं वासदेयभंडाणं विक्कओ जाओ खद्धं खद्धं विढत्तं, अन्ने भणंति-सेट्ठिणा रयणायरो सुमिणंमि घरमागओ नियकण्णं परिणेंतगो दिट्ठो, तओऽणेण चिंतियं-एईए पसाएण महई विभूई भविस्सति, पच्छा सो वीहीए से उवविट्ठो, तेण तमणण्णसरिसाए आगईए दट्ठूण चिंतियं एसो सो रयणायरो भविस्सइ, तप्पहावेण याणेण मिलक्खुहत्थाओ अणग्घेज्जा रयणा पत्ता, पच्छा पुच्छिओ-कस्स तुब्भे पाहुणगा ?, तेण भणियं-तुज्झंति, घरं णीओ, कालेण धूया से दिण्णा, भोगे भुंजइ, कालेण य नंदाए सुमिणंमि धवलगयपासणं, आवण्णसत्ता जाया, पच्छा रण्णा से उट्टवामा विसज्जिया, सिग्घं एहित्ति, आपुच्छइ,

૪. મુદ્રિકાનું દૃષ્ટાન્ત : પ્રસેનજિત્ નામે રાજા હતો. તેનો પુત્ર શ્રેણિક રાજલક્ષણોથી યુક્ત હતો. 'આ મને મારી ન નાંખે' માટે રાજા પુત્રને કશું આપતો નહોતો. તેથી શ્રેણિક અધૃતિને કરતો પોતાની સાથે થોડુંક ધન લઈ ત્યાંથી નીકળીને બેન્નાતટ નગરમાં આવ્યો. ત્યાં તે (શ્રેણિક) વૈભવ જેનો નાશ પામ્યો છે તેવા શ્રેષ્ઠિની દુકાન પાસે આવ્યો. શ્રેષ્ઠિને તે દિવસે શ્રેણિકના પુણ્યપ્રભાવે વર્ષમાં વેચાય એટલું કરિયાણું એક દિવસમાં વેચાઈ ગયું અને પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું.

અહીં કેટલાક આચાર્યો કહે છે કે –'શ્રેષ્ઠિએ સ્વપ્નમાં ઘરમાં આવેલો રત્નાકર પોતાની દીકરીને પરણતો જોયો. તેથી શ્રેષ્ઠિએ વિચાર્યું કે–'આના પ્રભાવથી મને મોટો વૈભવ પ્રાપ્ત થશે.' બીજા દિવસે શ્રેણિક શ્રેષ્ઠિની દુકાન પાસે બેઠો. શ્રેષ્ઠિએ અસાધારણ આકૃતિવાળા તેને જોઈને વિચાર્યું કે–'આ જ તે રત્નાકર હશે.' તેના પ્રભાવથી શ્રેષ્ઠિએ મ્લેચ્છ પાસેથી અમૂલ્ય રત્નો પ્રાપ્ત કર્યા. (આ પ્રમાણે આચાર્યોનો મત કહી હવે ચૂર્ણિકાર આગળ વર્ણન કરે છે.)

પછી શ્રેષ્ઠિએ તેને પૂછ્યું–'તમે કોના મહેમાનો છો ?' તેણે કહ્યું–'તમારા.' શ્રેષ્ઠિ પોતાના ઘરે લઈ ગયો. થોડા કાળ પછી શ્રેષ્ઠિએ પોતાની દીકરીના વિવાહ તેની સાથે કર્યા. તેઓ ભોગો ભોગવે છે. થોડાક કાળ પછી નંદાને સ્વપ્નમાં સફેદ હાથીના દર્શન થયા. (અર્થાત્ ગર્ભમાં બાળકનો અવતાર થવાથી સ્વપ્નમાં હાથીનું દર્શન થયું.) ગર્ભમાં જીવ આવ્યો. આ બાજુ પછીથી પ્રસેનજિત્ રાજાએ શ્રેણિકને લેવા ઉંટડી મોકલી–'તું શીઘ્ર પાછો આવ.' તેથી શ્રેણિક નંદા(પત્ની)ને પૂછે

૧૭. न किञ्चिदपि ददाति मा मीमरत ( मार्येत ) इति, अधृत्या निर्गतः बेन्नातटमागतः कतिपयसहायः, क्षीणविभवश्रेष्ठिनो वीथ्यामुपविष्टः, तस्य च तत्पुण्यप्रत्ययं तद्दिवसे वर्षदेयभाण्डानां विक्रयो जातः, प्रचुरं प्रचुरमर्जितं, अन्ये भणन्ति-श्रेष्ठिना रत्नाकरः स्वप्ने गृहमागतो निजकन्यां परिणयन् दृष्टः, ततोऽनेन चिन्तितम्-एतस्याः प्रसादेन महती विभूतिर्भविष्यति, पश्चात् स वीथ्यां तस्योपविष्टः, तेन तमनन्यसदृशयाऽऽकृत्या दृष्ट्वा चिन्तितं एष स रत्नाकरो भविष्यति, तत्प्रभावेण चानेन म्लेच्छहस्तात् अनर्घ्याणि रत्नानि प्राप्तानि, पश्चात्पृष्टः–कस्य यूयं प्राघूर्णकाः ?, तेन भणितं-युष्माकमिति, गृहं नीतः, कालेन दुहिता तस्मै दत्ता, भोगान् भुनक्तिः, कालेन च नन्दया स्वप्ने धवलगजदर्शनं, आपन्नसत्त्वा जाता, पश्चात् राज्ञा तस्मै उष्ट्री प्रेषिता, शीघ्रमेहीति, आपृच्छति,

**ॲम्हे रायगिहे पंडरकुड्डगा पसिद्धा गोवाला, जइ कज्जं एज्जहत्ति, गओ, तीए दोहलओ देवलोगचुयगब्भाणुभावेण वरहत्थिखंधगया अभयं सुणेज्जामित्ति, सेट्ठी दव्वं गहाय रण्णो उवट्ठिओ, रायाणएण गहियं, उग्घोसावियं च, जाओ, अभयओ णामं कयं, पुच्छइ—मम पिया कहिंति ?, कहियं तीए, तत्थ वच्चामोत्ति सत्थेण समं ( १०५०० ) वच्चंति, रायगिहस्स बहिया ठियाणि, गवेसओ गओ, राया मंती मग्गइ, कूवे खुड्डगं पाडियं, जो गेण्हइ हत्थेणं तडे ट्ठितो तो संतो तस्स राया वित्तिं देइ, अभएण दिट्ठं, छाणेण आहयं, सुक्के पाणियं मुक्कं, तडे संतएण गहियं, रायाए समीवं गओ, पुच्छिओ-को तुमं ?, भणइ-तुज्झ पुत्तो, किह व किं वा ?, सव्वं परिकहियं, तुट्ठो**

---

છે અને નંદાને કહે છે કે—"અમે રાજગૃહમાં સફેદ ભીંતવાળા પ્રસિદ્ધ ગોપાલો છીએ. (અર્થાત્ રાજગૃહમાં લોકો અમને સફેદ ભીંતવાળા તરીકે ઓળખે છે.) તેથી જ્યારે અમારું કામ પડે ત્યારે તારે ત્યાં આવવું" એમ કહી તે જતો રહ્યો.

દેવલોકમાંથી ચ્યવેલા ગર્ભના પ્રભાવે નંદાને દોહલો ઉત્પન્ન થયો કે—'હસ્તિના સ્કંધ ઉપર બેઠેલી હું અભયને સાંભળું. (અર્થાત્ સર્વજીવોને અભય આપું. इति मलयगिरिवृत्तौ.) શ્રેષ્ઠિ દ્રવ્ય લઈને રાજા પાસે ઉપસ્થિત થયો. (રાજાને દોહલાની વાત કરી.) રાજાએ શ્રેષ્ઠિની વાત સ્વીકારી અને આખા નગરમાં અભયની ઉદ્ઘોષણા કરાવી. (દોહલો પૂર્ણ થયો.) પુત્રનો જન્મ થયો. અભય નામ પાડ્યું. (થોડો મોટો થતાં) અભય માતાને પૂછે છે—'મારા પિતા ક્યાં છે ?' માતાએ સઘળી વાત કરી. 'આપણે ત્યાં જઈએ' એવા વિચારથી માતા—પુત્ર સાર્થ સાથે નીકળે છે. માતા—પુત્ર બંને રાજગૃહની બહાર રહ્યાં. પુત્ર ગવેષણા માટે રાજગૃહમાં પ્રવેશ્યો.

આ બાજુ રાજા મંત્રીની શોધ કરી રહ્યાં છે. (મંત્રીની પરીક્ષા માટે પાણી વિનાના) કૂવામાં—મુદ્રિકા નાંખી છે. જે પુરુષ પાળ ઉપર ઊભો ઊભો જ અંદર પડેલી મુદ્રિકાને હાથથી બહાર કાઢશે, તેને રાજા આજીવિકા આપશે. અભયે આ જોયું. તેણે કૂવામાં છાણ નાંખ્યું. ત્યારપછી છાણ સૂકાતા કૂવામાં પાણી રેડ્યું. જેથી ચોટેલી મુદ્રિકાવાળું છાણ પાણીમાં તરતું તરતું ઉપર આવ્યું. અભયે પાળ ઉપર ઊભા—ઊભા જ મુદ્રિકા ગ્રહણ કરી. રાજા પાસે ગયો. રાજાએ પૂછ્યું—'તું કોણ છે ?' અભયે કહ્યું—'તમારો પુત્ર.' રાજાએ પૂછ્યું—'કેવી રીતે ?' અભયે સર્વ વાત કરી.

---

**९८. वयं राजगृहे पाण्डुरकुड्याः प्रसिद्धा गोपालाः, यदि कार्यमागच्छेरिति, गतः, तस्या दोहदो देवलोकच्युतगर्भानुभावेन वरहस्तिस्कन्धगता अभयं शृणोमीति, श्रेष्ठी द्रव्यं गृहीत्वा राज्ञ उपस्थितः, राज्ञा गृहीतं, उद्घोषितं च, जातः, अभयो नाम कृतं, पृच्छति— मम पिता क्वेति, कथितं तया, तत्र व्रजाम इति सार्थेन समं व्रजन्ति, राजगृहस्य बहिः स्थितानि, गवेषको गतः, राजा मन्त्रिणं मार्गयति, कूपे मुद्रिका पातिता, यो गृह्णाति हस्तेन तटे स्थितः सन् तस्मै राजा वृत्तिं ददाति, अभयेन दृष्टं, छगणेन ( गोमयेन ) आहतं, शुष्के पानीयं मुक्तं, तटे सता गृहीतं राज्ञः समीपं गतः, पृष्टः-कस्त्वं ?, भणति-तव पुत्रः, कथं वा किं वा ?, सर्वं परिकथितं, तुष्ट ★ एहित्ति मुद्रिते ।**

उँच्छंगे कओ, माया पवेसिज्जंती मंडेई, वारिया, अमच्चो जाओ, एसा एतस्स उप्पत्तिया बुद्धी ॥ पडे-दो ज़णा ण्हायंति, एगस्स दढो एगस्स जुन्नो, जुन्नइत्तो दढं गहाय पट्ठिओ, इयरो मग्गेइ, ण देइ, राउले ववहारो, महिलाओ कत्तावियाओ, दिंन्नो जस्स सो, अण्णे भणंति-सीसाणि ओलिहावियाणि, एंगस्स उन्नामओ एगस्स सोत्तिओ । कारणियाणमुप्पत्तिया बुद्धी ॥ सरडो-सन्नं वोसिरंतस्स सरडाण भंडंताण एगो तस्स अहिट्ठाणस्स हेट्ठा बिलं पविट्ठो पुच्छेण य छिक्को, घरं गओ, अद्धिईए दुब्बलो जाओ, विज्जो पुच्छिओ, जइ सयं देह, घडए सरडो छूढो लक्खाए विलिंपित्ता, विरेयणं

ખુશ થયેલા રાજાએ અભયને પોતાના ખોળામાં બેસાડ્યો. નગરમાં પ્રવેશતી માતા શણગાર સજે છે. અભય માતાને શણગાર કરવાની ના પાડે છે. અભય મંત્રી બન્યો. અભયની મુદ્રિકા કૂવામાંથી કાઢવા અંગેની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૫. વસ્ત્રનું દૃષ્ટાન્ત :** બે પુરુષો પોત–પોતાના વસ્ત્રોને કિનારે મૂકી નદીમાં સ્નાન કરવા જાય છે. એક પુરુષનું વસ્ત્ર મજબૂત હતું, બીજાનું જીર્ણ વસ્ત્ર હતું. જીર્ણવસ્ત્રવાળો પુરુષ નદીમાંથી પ્રથમ બહાર નીકળી મજબુત વસ્ત્ર લઈ નીકળી ગયો. બીજો તેની પાસે પોતાનું વસ્ત્ર માંગે છે, પરંતુ તે આપતો નથી. પેલાએ રાજકુળમાં ફરિયાદ કરી. ન્યાયાધીશે નિર્ણય કરવા બંનેની મહિલાઓ પાસે વસ્ત્ર બનાવડાવ્યું. (બંનેની બનાવવાની પદ્ધતિને જોઈ નક્કી કર્યું કે તે વસ્ત્ર કોનું છે.) આમ, જેનું તે વસ્ત્ર હતું તેને તે આપ્યું.

અહીં કેટલાક આચાર્યો કહે છે કે–'અહીં ન્યાયાધીશે બંનેના મસ્તકો તપાસાવડાવ્યા. જેનું ઉર્ણમય વસ્ત્ર (મજબુત વસ્ત્ર)હતું તેના માથામાંથી ઉનના તંતુઓ નીકળ્યા અને જેનું સુતરાઉ વસ્ત્ર હતું. તેના માથામાંથી સુતરના તંતુઓ નીકળ્યા. (આ રીતે ન્યાયાધીશે નિર્ણય કર્યો.) અહીં કારણિકોની = ન્યાયાધીશોની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૬. કાચીંડાનું દૃષ્ટાન્ત :** એક પુરુષ જંગલમાં લોટે ગયો. તે જ્યાં બેઠો હતો. ત્યાં બે કાચીંડાઓનો ઝઘડો થતાં બે માંથી એક કાચીંડો લોટે બેઠલા પુરુષની નીચે રહેલ બીલમાં ઘુસી ગયો. બીલમાં ઘુસતી વખતે કાચીંડાની પૂછડી પેલા પુરુષને અડી ગઈ. (તેથી તેને એવું લાગ્યું કે કાચીંડો મારા શરીરમાં ઘુસી ગયો છે.) તે ઘરે ગયો. શરીરમાં કાચીંડો પેસી ગયો એવી અધૃતિને કારણે દુર્બળ થયો. વૈદ્યને ઉપચાર પૂછ્યો. વૈદ્યે કહ્યું જો એકસો રૂપિયા આપો તો ઉપચાર કરું.

९९. उत्सङ्गे कृतः, माता प्रविशन्ती मण्डयति, वारिता, अमात्यो जातः, एषैतस्यौत्पातिकी बुद्धिः ॥ पटः-द्वौ जनौ स्नातः, एकस्य दृढ एकस्य जीर्णः, जीर्णवान् दृढं गृहीत्वा प्रस्थितः, इतरो मार्गयति, न ददाति, राजकुले व्यवहारः, महिलाभ्यां कर्त्तनं कारितं, दत्तो यस्य यः, अन्ये भणन्ति-शीर्षे अवलिखिते, एकस्योर्णामय एकस्य सौत्रिकः । कारणिकाणामौत्पत्तिकी बुद्धिः । सरटः-संज्ञां व्युत्सृजतः सरटयोः कलहायमानयोः एकस्तस्याधिष्ठानस्याधस्तात् बिलं प्रविष्टः, पुच्छेन च स्पृष्टः, गृहं गतः, अधृत्या दुर्बलो जातः, वैद्यः पृष्टः यदि शतं ददासि, घटे सरटः क्षिप्तः लाक्षया विलिप्य विरेचनं * सुत्ताणुसारेण जो जस्स पडो सो तस्स दिण्णो ( प्र. अधिकं ) +जस्स उण्णामओ पडो तस्स सीसा उण्णातन्तू विणिग्गया जस्स सोत्तिओ तस्स सुत्ततन्तू ( प्र. अधिकं )

**[1]दिन्नं, वोसिरियं, लट्ठो हूओ, वेज्जस्स उप्पत्तिया बुद्धी ॥ बितिओ सरडो-भिक्खुणा खुड्डगो पुच्छिओ-एस किं सीसं चालेइ ?, सो भणइ—किं भिक्खू भिक्खुणी वा ?, खुड्डगस्स उप्पत्तिया बुद्धी ॥ कागे-तच्चण्णिएण चेल्लओ पुच्छिओ—अरहंता सव्वण्णू ?, बाढं, केत्तिया इहं काका ?, 'सट्ठिं काकसहस्साइं जाइं बेन्नातडे परिवसंति । जइ ऊणगा पवसिया अब्भहिया पाहुणा आया ॥१॥' खुड्डगस्स उप्पत्तिया बुद्धी ॥ बितिओ-वाणियओ निहिंमि दिट्ठे महिलं परिक्खइ-रहस्सं धरेइ न वत्ति, सो भणइ—पंडुरओ मम काको अहिट्ठाणं पविट्ठो, ताए सहज्जियाण कहियं, जाव रायाए सुयं, पुच्छिओ, कहियं, रन्ना से मुक्कं मंती य निउत्तो, एयस्स उप्पत्तिया बुद्धी ॥ ततिओ—विट्ठं**

(પૈસા આપવાનું નક્કી કર્યું એટલે) વૈદ્યે એક ઘડામાં કાચીંડો પૂર્યો, તે ઘડાને લાખથી લેપીને પેલા પુરુષને રેચક દવા આપી. તેને ઝાડા થયા. (તે બધું તે વૈદ્ય પેલા ઘડામાં ભરે છે. પાછળથી ઘડામાં કાચીંડો નીકળી ગયો છે એમ બતાવે છે આ જાણી) તે સ્વસ્થ થયો. વૈદ્યની આ ઔત્પત્તિકી બુદ્ધિ હતી.

**●કાચીંડાનું બીજું દૃષ્ટાન્ત :** એક (બૌદ્ધ) ભિક્ષુએ બાળસાધુને પૂછ્યું—'આ કાચીંડો મસ્તક કેમ હલાવે છે ?' બાળસાધુએ જવાબ આપ્યો કે—'તે વિચારે છે કે આ ભિક્ષુ છે કે ભિક્ષુણી છે ?' અહીં બાળસાધુની ઔત્પત્તિકીબુદ્ધિ છે.

**૭. કાગડાનું દૃષ્ટાન્ત :** એક બૌદ્ધ ભિક્ષુએ બાળસાધુને પૂછ્યું—'તમારા અરિહંતો સર્વજ્ઞ છે ? બાળસાધુએ જવાબ આપ્યો—'હા'. ભિક્ષુએ પૂછ્યું—'તો કહો.કે આ નગરમાં કેટલા કાગડા છે ?' બાળસાધુએ જવાબ આપ્યો – 'આ બેન્નાતટ નગરમાં સાઠહજાર કાગડાઓ છે. જો ઓછા નીકળે તો સમજજો કે અમુક બહાર ગયા છે અને જો વધારે હોય તો સમજજો કે મહેમાન આવ્યા છે.' અહીં આ બાળસાધુની ઔત્પત્તિકીબુદ્ધિ છે.

**●કાગડા ઉપર બીજું દૃષ્ટાન્ત :** એક વેપારી હતો (તેણે બહાર જતા નિધિ જોયો) નિધિ જોયા પછી તેણે વિચાર્યું કે—"હું આ વાત મારી મહિલાને કરું, પણ તે વાત છૂપી રાખી શકે કે નહિ ? તેની પહેલા પરીક્ષા કરું." પોતાની મહિલાને કહે છે—"એક સફેદ કાગડો મારી ગુદામાં પ્રવેશ્યો છે." આ વાત મહિલાએ પોતાની સખીઓને કરી, આમ વાત પહોંચી છેક રાજા પાસે. રાજાએ વેપારીને પૂછ્યું. વેપારીએ બધી વાત કરી. રાજાએ તેને છોડી દીધો અને મંત્રી તરીકે સ્થાપિત કર્યો. વેપારીની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

१. दत्तं, व्युत्सृष्टं लष्टो जातः, वैद्यस्य औत्पत्तिकी बुद्धिः ॥ द्वितीयः सरटः-भिक्षुणा क्षुल्लकः पृष्टः-एष किं शीर्षं चालयति ?, स भणति-किं भिक्षुः भिक्षुकी वा ?, क्षुल्लकस्यौत्पत्तिकी बुद्धिः ॥ काकः-तच्चनीकेन क्षुल्लकः पृष्टः-आर्हताः सर्वज्ञाः ?, बाढं, कियन्त इह काकाः ?,-'षष्टिः काकसहस्रा ये बेन्नातटे परिवसन्ति । यदि न्यूनाः प्रोषिता अभ्यधिकाः प्राघूर्णका आयाताः ॥१॥' क्षुल्लकस्यौत्पत्तिकी बुद्धिः । द्वितीयो-वणिक् निधौ दृष्टे महिलां परीक्षते-रहस्यं बिभर्त्ति नवेति, स भणति-श्वेतः मम काकोऽधिष्ठाने प्रविष्टः, तया सखीनां कथितं, यावद्राज्ञा श्रुतं, पृष्टः, कथितं राज्ञा तस्मै अर्पितः मन्त्री च नियुक्तः, एतस्यौत्पत्तिकी बुद्धिः ॥ तृतीयः-विष्ठा

विक्खरइ काओ, भागवओ खुड्डगं पुच्छइ–किं कागो विक्खरइ ?, सो भणइ–एस चिंतेति-किं एत्थ विण्हू अत्थि नत्थित्ति ?, खुड्डगस्स उप्पत्तिया बुद्धी ॥ उच्चारे–धिज्जाइयस्स भज्जा तरुणी गामंतरं निज्जमाणी धुत्तेण समं संपलग्गा, गामे ववहारो, विभत्ताणि पुच्छियाणि आहारं, विरेयणं दिण्णं, तिलमोयगा, इयरो धाडिओ, कारणियाण उप्पत्तिया बुद्धी ॥ गए-वसंतपुरे राया मंतिं मग्गइ, पायओ लंबिओ-जो हत्थिं महइमहालयं तोलेइ तस्स य सयसहस्सं देमि, सो एगेणं णावाए छोढुं अत्थग्घे जले धरिओ जेण छिद्देण तीसे णावाए पाणियं तत्थ रेहा कड्ढिया, उत्तारिओ हत्थी,

●**કાગડા ઉપર ત્રીજું દૃષ્ટાન્ત :** એક કાગડો વિષ્ઠાને વિખેરતો હતો. એક ભાગવતે (વૈષ્ણવે) બાળસાધુને પૂછ્યું–"કાગડો શા માટે વિષ્ઠાને વિખરે છે ?" બાળસાધુએ કહ્યું–"કાગડો વિચારે છે કે શું અહીં વિષ્ણુ છે કે નહીં ? (કારણ કે વૈષ્ણવધર્મમાં કહ્યું છે–"स्थले विष्णुर्जले विष्णुः, विष्णुः पर्वतमस्तके......." સર્વત્ર વિષ્ણુ ભગવાન રહેલા છે. માટે વિષ્ઠામાં પણ ભગવાનને શોધે છે.) અહીં બાળસાધુની ઔત્પત્તિકીબુદ્ધિ છે.

૮. **વિષ્ઠાનું દૃષ્ટાન્ત :** એક બ્રાહ્મણની તરુણ પત્ની અન્ય ગામે લઈ જતા ધુતારાની સાથે લાગી પડી. (અર્થાત્ આસક્ત થઈ.) બ્રાહ્મણ અને ધુતારા વચ્ચે ઝઘડો થયો કે–'આ મારી પત્ની છે, આ મારી પત્ની છે.' (પત્નીને પૂછ્યું એટલે તેણીએ ધુતારાને પતિ તરીકે જાહેર કર્યો તેથી.) ગામમાં ન્યાયાધીશો પાસે ફરિયાદ ગઈ. એટલે ન્યાયાધીશોએ ત્રણેને એકાન્તમાં પૂછ્યું કે–'ગઈકાલે તમે શું ખાધું હતું ?' ત્રણેનો જવાબ સાંભળ્યા પછી ત્રણેને રેચક પદાર્થ આપવામાં આવ્યો. ત્રણેની વિષ્ઠામાં બ્રાહ્મણ અને પત્નીની વિષ્ઠામાંથી તલના લાડવા (અર્થાત્ તલ) નીકળ્યા. (તેથી નક્કી થયું કે તે બ્રાહ્મણની જ પત્ની છે.) ધુતારાને કાઢી મૂક્યો. અહીં ન્યાયાધીશોની ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

૯. **હાથીનું દૃષ્ટાન્ત :** વસંતપુર નગરમાં રાજા મંત્રીની શોધમાં છે. તેણે ઘોષણા કરાવી–'જે આ મહાકાય હાથીનું વજન કરશે, તેને હું લાખ સોનામહોર આપીશ.' એક પુરુષે હાથીને નાવડીમાં બેસાડી બરાબર નદીની વચ્ચે લાવ્યો. નાવડીના જે છિદ્ર સુધી નાવડી પાણીમાં ડૂબી ત્યાં તેણે નિશાની કરી દીધી. પછી હાથીને ઉતારી દીધો. તે નાવડીમાં નિશાની સુધી પથ્થરો, લાકડાઓ વિગેરે ભર્યા. પછી તે પથ્થરાદિને ઉતારી તેને માપ્યા. આ રીતે તેણે હાથીનું વજન

२. विकिरति काकः, भागवतः क्षुल्लकं पृच्छति-किं काको विकिरति ?, स भणति-एष चिन्तयति-किमत्र विष्णुरस्ति नास्तीति, क्षुल्लकस्यौत्पत्तिकी बुद्धिः ॥ उच्चारः–धिग्जातीयस्य भार्या तरुणी ग्रामान्तरं नीयमाना धूर्तेन समं संप्रलग्ना, ग्रामे व्यवहारः, विभक्तौ पृष्टौ आहारं, विरेचनं दत्तं, तिलमोदकाः, इतरो निर्धाटितः, कारणिकानामौत्पत्तिकी बुद्धिः ॥ गजः–वसन्तपुरे राजा मन्त्रिणं मार्गयति, घोषणा कारिता-यो हस्तिनं महातिमहालयं तोलयति तस्मै च शतसहस्रं ददामि, स एकेन नावि क्षिप्त्वा अस्ताघे जले धृतो, यस्मिन् भागे तस्या नावः पानीयं तत्र रेखा कृष्टा, उत्तारितो हस्ती,

**[3]कट्ठपाहाणाइणा भरिया णावा जाव रेखा, उत्तारेउं तोलियाणि, पूजिओ मन्ती कओ, एयस्स उप्पत्तिया बुद्धी । अण्णे भणंति-गाविमग्गो सिलाए णट्ठो, पोट्टपडिएण णीणिओ, एयस्स उप्पत्तिया बुद्धी ॥ घयणो-भंडो सव्वरहस्सिओ, राया देवीए गुणे लएइ निरामयत्ति, सो भणइ-न भवइत्ति, किह ?, जया पुप्फाणि केसराणि वा ढोएइ, तं तहत्ति विण्णासितं, णाए हसितं, निब्बंधे कहितं, निव्विसओ आणत्तो, उवाहणाणं भारेणं उवट्ठिओ, उड्डाहभीयाए रुद्धो, घयणस्स**

માપ્યું. રાજાએ તેનો સત્કાર કર્યો અને મંત્રી બનાવ્યો. આ વ્યક્તિની આ ઔત્પત્તિકી બુદ્ધિ હતી. અહીં કેટલાક આચાર્યો હાથીના દૃષ્ટાન્તને બદલે ગાયનું દૃષ્ટાન્ત જણાવે છે, તે આ પ્રમાણે—ચોરોએ ગાયો ચોરી. તે બધી ગાયોને ચોરો પથ્થરોનાં સમૂહથી યુક્ત એવા માર્ગ ઉપરથી લઈ ગયા હોવાથી ક્યાંય ગાયોના પગોના છાપા દેખાતા નહોતા. તેવામાં એક પુરુષે કહ્યું કે 'હું શોધી આપીશ.' તેણે પોતાની વિશિષ્ટબુદ્ધિથી જમીન ઉપર પોતાના પેટવડે (ઉરપરિસર્પની જેમ) ચાલવાનું ચાલુ કર્યું. તેના પેટ ઉપર ગાયોના પગલા પડવા લાગ્યા. તેના અનુસરે તેણે ગાયોને પછી લાવી. અહીં આ વ્યક્તિની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૧૦. વિદુષક = મશ્કરાનું દૃષ્ટાન્ત :** સર્વના રહસ્યને જાણનારો વિદુષક હતો. (રાજાને તેની ઉપર ઘણો વિશ્વાસ હતો.) એકવાર રાજા ભાંડ પાસે દેવીના ગુણગાન કરે છે કે—"દેવી અત્યંત નિરામય છે. (તેને અધોવાત પણ નીકળતો નથી.)" તે વિદુષકે કહ્યું—"હે રાજન્ ! તમે જે સમજો છો, તેવું નથી." રાજાએ પૂછ્યું—"કેમ ?" વિદુષકે કહ્યું કે—દેવી હંમેશા પોતાની પાસે સુગંધી પુષ્પો અને સુગંધી પરાગાદિને રાખે છે (જેથી અધોવાતે આપને જણાતો નથી.) રાજાને આ વાત તે જ પ્રમાણે છે (કે નહીં ?) એ જાણવાની ઇચ્છા થઈ. આ વાત સાચી જણાતા રાજા હસવા લાગ્યો. તેથી રાજાએ ઘણા આગ્રહપૂર્વક પૂછતાં દેવીને વાત કરી. (તેથી દેવીને વિદુષક ઉપર ગુસ્સો ચઢ્યો) અને તેને દેશનિકાલ કરવાનો આદેશ આપ્યો.

વિદુષક જૂતાઓની માળા બનાવીને, તેને પોતાની લાકડીના છેડે લટકાવી રાણી પાસે ઉપસ્થિત થયો. (ત્યારે [H]રાણીએ પૂછ્યું કે—"શા માટે જૂતાઓની માળા લઈને આવ્યો છે ?" તેણે કહ્યું—"તે રાજાની દેવી આવા પ્રકારના આરોગ્યવાળી છે, અર્થાત્ પોતાના દુર્ગંધી અધોવાયુને છુપાવવા પોતાની પાસે સુગંધી દ્રવ્યો રાખે છે, છતાં પોતાને નિરામય કહે છે." આવા પ્રકારની તમારી કીર્તિ અહીંથી નીકળ્યા પછી મારે અન્ય દેશોમાં પહોંચાડવી છે. તે આટલા જૂતાઓ વિના અન્ય દેશોમાં ફરવું શક્ય ન હોવાથી તે જૂતાઓની માળા મેં મારી સાથે લીધી છે. ત્યારે દેવીએ

**३. काष्ठपाषाणादिना भृता नौर्यावद्रेखा, उत्तार्य तोलितानि, पूजितो मन्त्री कृतः, एतस्यौत्पत्तिकी बुद्धिः । अन्ये भणन्ति-गोमार्गः शिलया नष्टः, पीठे पतितेन नीतः, एतस्यौत्पत्तिकी बुद्धिः ॥ घृतान्नः-सर्वराहस्यिको भाण्डो, राजा देव्या गुणान् लाति-निरामयेति, स भणति-न भवतीति कथं ?, यदा पुष्पाणि केशराणि वा ढौकयति, तत्तथेति जिज्ञासितं, ज्ञाते हसितं, निर्बन्धे कथितं, निर्विषय आज्ञप्तः, उपानहां भारेणोपस्थितः, उड्डाहभीतया रुद्धः, घृतान्न-**

**उप्पत्तिया बुद्धी । गोलगो नक्कं पविट्ठो, सलागाए तावेत्ता जउमओ, कड्ढिओ, कड्ढंतस्स उप्पत्तिया बुद्धी ॥ खंभे-राया मंतिं गवेसइ, पायओ लंबिओ, खंभो तडागमज्झे, जो तडे संतओ बंधइ तस्स सयसहस्सं दिज्जइ, तडे खीलगं बंधिऊण परिवेढेण बद्धो जिओ, मंती कओ, एयस्स उप्पत्तिया बुद्धी ॥ खुड्डुए-परिव्वाइया भणइ-जो जं करेइ तं मए कायव्वं कुसलकम्मं, खुड्डगो भिक्खट्ठियओ सुणेइ, पडहओ वारिओ, गओ राउलं, दिट्ठो, सा भणइ-कओ गिलामि ?, तेण सागारियं दाइयं, जिया, काइयाए य पउमं लिहियं, सा न तरइ, जिया, खुड्डगस्स उप्पत्तिया बुद्धी ॥**

વિચાર્યું કે 'અત્યારે તો આ એક જ જાણે છે, જો તે અહીંથી નીકળશે તો ઘણા લોકો આ વાત જાણશે.) આમ પોતાના અપયશથી ડરેલી રાણીએ ભાંડનો દેશનિકાલ કર્યો નહીં. વિદુષકની આ ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૧૧. ગોળીનું દૃષ્ટાન્ત :** એક બાળકના નાકમાં લાખમાંથી બનાવેલી ગોળી પ્રવેશી ગઈ. તેથી એક પુરુષે લોખંડની એક સળીને તપાવીને લાખમય ગોળી (પીગાળવા દ્વારા) બહાર કાઢી. કાઢનાર વ્યક્તિની આ ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૧૨. થાંભલાનું દૃષ્ટાન્ત :** રાજા મંત્રીની શોધમાં છે. તેણે ઘોષણા કરાવી કે—'તળાવના મધ્યમાં એક થાંભલો છે. જે પુરુષ કિનારે ઊભો ઉભો જ તળાવના મધ્યમાં રહેલા થાંભલાને દોરીથી બાંધે, તેને લાખ સોનામહોરો અપાશે.' એક પુરુષે કિનારે ખીલો લગાડ્યો. તેની સાથે દોરી બાંધી. તે દોરીને લઈ તળાવના કિનારે–કિનારે ફરીને પાછો તે ખીલા પાસે આવ્યો. આ રીતે તેણે દોરીવડે મધ્યમાં રહેલ થાંભલાને બાંધ્યો. તે જીતી ગયો. રાજાએ મંત્રી બનાવ્યો. આ તેની ઔત્પત્તિકીબુદ્ધિ હતી.

**૧૩. બાળમુનિનું દૃષ્ટાન્ત :** પરિવ્રાજિકાએ જાહેર કર્યું કે–જે પુરુષ જે કુશળકર્મ કરે તે મારે કરી બતાવવું. (અર્થાત્ એવું કોઈ કામ નથી કે જે હું ન કરી શકું.) ભિક્ષાએ ગયેલ એક બાળસાધુએ આ સાંભળ્યું. તેણે બીડું ઝડપ્યું અને ગયો રાજકુળમાં. પરિવ્રાજિકાએ બાળસાધુને જોયો. તે કહેવા લાગી કે—"આ બાળસાધુ શું મને હરાવશે ?" બાળસાધુએ પોતાનું પુરુષચિહ્ન બતાવ્યું. તેમાં તે હારી ગઈ. વળી, માત્રુ કરવા દ્વારા બાળસાધુએ કમળનું આલેખન કર્યું. આ રીતે કમળનું આલેખન કરવામાં તે સમર્થ નહોતી માટે ફરી હારી ગઈ. બાળસાધુની આ ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

---

४. स्यौत्पत्की बुद्धिः ॥ गोलकः-नासिकां प्रविष्टः शलाकया तापयित्वा जतुमयः कर्षितः, कर्षत औत्पत्तिकी बुद्धिः ॥ स्तम्भः-राजा मन्त्रिणं गवेषयति, घोषणा कारिता, स्तम्भस्तटाकमध्ये, यस्तटे सन् बध्नाति तस्मै शतसहस्रं दीयते, तटे कीलकं बद्ध्वा परिवेष्टेन बद्धो जितः, मन्त्री कृतः, एतस्यौत्पत्तिकी बुद्धिः ॥ क्षुल्लकः-परिव्राजिका भणति-यो यत् करोति तन्मया कर्त्तव्यं कुशलकर्म, क्षुल्लको भिक्षार्थिकः शृणोति, पटहको वारितः, गतो राजकुलं, दृष्टः, सा भणति-कुतो गिलामि ?, तेन सागारिकं (मेहनं) दर्शितं, जिता, कायिक्या च पद्मं लिखितं, सा न शक्नोति, जिता, क्षुल्लकस्यौत्पत्तिकी बुद्धिः ।

**मग्गित्थी-एगो भज्जं गहाय पवहणेण गामंतरं वच्चइ, सा सरीरचिंताए उइन्ना, तीसे रूवेण वाणमंतरी विलग्गा, इयरी पच्छा आगया रडइ, ववहारो, हत्थो दूरं पसारिओ, णायं वंतरित्ति, कारणियाणमुप्पत्तियत्ति ॥ मग्गे-मूलदेवो कंडरिओ य पंथे वच्चंति, इओ एगो पुरिसो समहिलो दिट्ठो, कंडरिओ तीसे रूवेण मुच्छिओ, मूलदेवेण भणियं-अहं ते घडेमि, तओ मूलदेवो तं एगंमि वणनिउंजे ठविऊण पंथे अच्छइ, जाव सो पुरिसो समहिलो आगओ, मूलदेवेण भणिओ-एत्थ मम महिला पसवइ, एयं महिलं विसज्जेहि, तेण विसज्जिता, गता, सा तेण समं अच्छिऊण आगता आगंतूण य तत्तो पडयं घेत्तूण मूलदेवस्स धुत्ती भणइ हसंती-पियं खु णे दारओ जाओ, दोण्हवि**

**૧૪. માર્ગસ્ત્રી (વાણવ્યંતરી)નું દૃષ્ટાન્ત :** એક પુરુષ પોતાની પત્નીને લઈને વાહનવડે ગ્રામાન્તરમાં જાય છે. થોડાક આગળ જતાં તે પત્ની શરીરચિંતા માટે નીચે ઉતરી. ત્યાં એક વાણવ્યંતરી તે પુરુષના રૂપમાં આસક્ત થઈ. તેની પત્ની પાછી આવી. (પોતાના પુરુષ પાસે પહેલેથી જ પોતાના રૂપ જેવી જ અન્ય સ્ત્રીને જોઈ પત્ની આશ્ચર્ય પામી. અન્ય સ્ત્રીને આવીને તેણીએ પૂછ્યું–'તું કોણ છે ?' તેણીએ કહ્યું–'હું આની પત્ની છું.' બીજીએ કહ્યું–'હું એની પત્ની છું'. બે વચ્ચે ઝઘડો થયો.) પત્ની રડવા લાગી. રાજકુળમાં ફરિયાદ નોંધાઈ. કાર્યવાહી ચાલી. (બંનેનું એક(H) જેવું રૂપ હોવાથી ન્યાયાધીશોએ વિચાર્યું કે "વ્યંત્તરી વિના આ રીતે એક સરખુ રૂપ કરવું શક્ય નથી તેથી બેમાંથી કોઈ એક વ્યંતરી હોવી જોઈએ. પરંતુ કોણ છે ? તે જણાતું નથી." તે જાણવા ન્યાયધીશોએ પતિને દૂર મોકળ્યો અને બે પત્નીઓને કહ્યું કે "ત્યાંથી પાછા આવતા પતિને પહેલા જે આસન આપશે તેનો તે પતિ થશે." આ રીતે કહીને પતિને આ બાજું આવવાનું કહ્યું. આવતા એવા તેને) વ્યંતરીએ દૂરથી જ હાથ લંબાવીને આસન આપ્યું. આ જોઈને આ વ્યંતરી છે એવું ન્યાયાધીશોએ જાણ્યું. અહીં ન્યાયાધીશોની ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

• **(માર્ગસ્ત્રી ઉપર બીજું દૃષ્ટાન્ત) માર્ગનું દૃષ્ટાન્ત :** મૂળદેવ અને કંડરિક એક રસ્તે જઈ રહ્યા છે. સામેથી મહિલા સહિત એક પુરુષને આવતો જોયો. કંડરિક મહિલાના રૂપમાં આસક્ત થયો. મૂળદેવે કહ્યું–"હું તારો મેલાપ કરાવી આપું." એમ કહી મૂળદેવ કંડરિકને એક વનની ઝાડીઓ વચ્ચે મૂકી રસ્તે ઊભો રહ્યો. જેવો મહિલા સહિત તે પુરુષ આવ્યો કે મૂળદેવે કહ્યું–"અહીં મારી મહિલાને પ્રસૂતિ થઈ છે, તારી આ મહિલાને ત્યાં મોકલ." તેણે રજા આપી. તે ગઈ. સ્ત્રી કંડરિક સાથે રહીને પાછી બહાર આવી. આવીને મૂળદેવના વસ્ત્રને પકડી ધૂતારી તે સ્ત્રી હસતી–હસતી બોલી કે "તમારી

૫. मार्गस्त्री–एको भार्यां गृहीत्वा प्रवहणेन ( यानेन ) ग्रामान्तरं व्रजति, सा शरीरचिन्तायै उत्तीर्णा, तस्या रूपेण व्यन्तरी विलग्ना, इतरा पश्चादागता रोदिति, व्यवहारः, हस्तो दूरं प्रसारितः, ज्ञातं व्यन्तरीति, कारणिकानामौत्पत्तिकीति ॥ मार्गः–मूलदेवः कण्डरीकश्च पथि व्रजतः, इत एकः पुरुषः समहिलो दृष्टः, कण्डरीकः तस्या रूपेण मूर्छितो, मूलदेवेन भणितं–अहं तव घटयामि, ततो मूलदेवस्तं एकस्मिन् वननिकुञ्जे स्थापयित्वा तिष्ठति, यावत्स पुरुषः समहिल आगतः, मूलदेवेन भणितः–अत्र मम महिला प्रसूते, एतां महिलां विसृज, तेन विसृष्टा, गता, सा तेन समं स्थित्वाऽऽगता, आगत्य च ततः पटं गृहीत्वा मूलदेवस्य धूर्त्ता भणति हसन्ती-प्रियं नो दारको जातः, द्वयोः

उप्पत्तिया बुद्धि ॥ पतित्ति—दोण्हं भाउगाण एगा भज्जा, लोगे कोड्डुं दोण्हवि समा, रायाए सुयं, परं विम्हयं गओ, अमच्चो भणइ-कतो एवं होति ?, अवस्सं विसेसो अत्थि, तेण तीसे महिलाए लेहो *दिन्नो जहा-एएहिं दोहिवि गामं गंतव्वं, एगो पुव्वेण* ★*एगो अवरेण, तद्दिवसं चेव आगंतव्वं*, ताए महिलाए एगो पुव्वेण पेसिओ, एगो अवरेण, जो वेस्सो तस्स पुव्वेण एंतस्सवि जंतस्सवि निडाले सूरो, एवं णायं, असद्दहंतेसु पुणोऽवि पट्ठविऊण समगं पुरिसा से पेसिया, ते भणंति-ते दढं अपडुगा, एसो मंदसंघयणोत्ति भणियं, तं चेव पवण्णा, पच्छा उवगयं, मंतिस्स उप्पत्तिया

પ્રિયાએ બાળકને જન્મ આપ્યો છે." અહીં મૂળદેવ અને તે સ્ત્રી બંનેની ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી. (અર્થાત્ મૂળદેવે પોતાની બુદ્ધિથી કંડરિકનો સ્ત્રી સાથે મેલાપ કરી આપ્યો અને સ્ત્રીએ પોતાની બુદ્ધિથી પોતે કરલે અકાર્યને છુપાવ્યું.)

**૧૫. પતિનું દૃષ્ટાન્ત :** બે ભાઈઓ વચ્ચે એક પત્ની હતી. લોકમાં (પત્ની માટે) એવું પ્રસિદ્ધ હતું કે 'પત્નીને બંને પતિઓ સમાન છે.' (અર્થાત્ એક વધુ પ્રિય અને એક ઓછો પ્રિય એવું નથી.) રાજાએ આ વાત સાંભળી, પરંતુ તે આશ્ચર્ય પામ્યો. મંત્રીએ કહ્યું—"આ કેવી રીતે બની શકે ?, (અર્થાત્ બંને સમાન હોઈ શકે નહીં.) અવશ્ય બંને માટે કંઈક ભેદ છે." (રાજાને આ વાતની ખાતરી કરાવવા) મંત્રીએ સ્ત્રી ઉપર લેખ મોકલ્યો કે – "બંને પતિઓને અન્ય ગામે મોકલવા પરંતુ એકને પૂર્વદિશા તરફ અને અન્યને પશ્ચિમ દિશા તરફના ગામમાં મોકલવા અને તે જ દિવસે બંને પતિઓએ પાછા આવવું."

તે મહિલાએ એકને પૂર્વ દિશા' તરફના ગામે મોકલ્યો અને અન્યને પશ્ચિમ દિશા તરફ મોકલ્યો. જેની ઉપર દ્વેષ હતો તેને પૂર્વ દિશામાં જતી વેળાએ પણ અને આવતી વેળા પણ કપાળે સૂર્ય હતો. આ પ્રમાણે મંત્રીએ જાણ્યું (કે જેને પૂર્વ દિશામાં મોકલ્યો છે તે દ્વેષ્ય છે અને બીજો પ્રિય છે.) આ રીતે પણ જ્યારે રાજા વિગેરેને અમાત્યની વાત ઉપર વિશ્વાસ જાગતો નથી, ત્યારે મંત્રીએ ફરીથી બંને પતિઓને જુદા જુદા ગામમાં મોકલી બંનેની તબિયત ખરાબ થઈ છે એવું જણાવવા બે પુરુષોને એક સાથે મહિલાના ઘરે મોકલ્યા. બંને પુરુષોએ આવીને કહ્યું - "તમારા પતિ અત્યંત બિમાર છે." ત્યારે પત્નીએ (લોકોના ચિત્તને ખેંચવા માટે) કહ્યું કે – "જો કે મારે તો બંનેની બિમારી સમાન જ છે, તો પણ જે પશ્ચિમ દિશામાં ગયો છે તે મંદ સંઘયણવાળો હોવાથી વેદનાને સહન કરી શકવામાં અસમર્થ છે તેથી મારે તેની જ સેવા કરવી ઉચિત છે."

૬. अप्यौत्पत्तिकी बुद्धिः । पतिरिति-द्वयोर्भ्रात्रोरेका भार्या, लोके स्फुटं द्वयोरपि समा, राज्ञा श्रुतं, परं विस्मयं गतः, अमात्यो भणित-कुत एवं भवति ?, अवश्यं विशेषोऽस्ति, तेन तस्यै महिलायै लेखो दत्तो यथा-एताभ्यां द्वाभ्यामपि ग्रामं गन्तव्यं, एकः पूर्वेणापरः पश्चिमेन, तद्दिवस एवागन्तव्यं, तया महिलयैकः पूर्वेण प्रेषित एकोऽपरेण यो द्वेष्यः, तस्य पूर्वेण आगच्छतोऽपि गच्छतोऽपि ललाटे सूर्यः, एवं ज्ञातं, अश्रद्दधत्सु पुनरपि प्रस्थाप्य समकं ( युगपत् ) पुरुषौ तस्यै प्रेषितौ, तौ भणतः-तौ द्दढमपटुकौ, एष मन्दसंहनन इति भणितं ( भणित्वा ) तमेव प्रपन्ना, पश्चादुपगतं, मन्त्रिण औत्पत्तिकी ★ अवरो मुद्रिते ।

बुद्धी ॥ पुत्ते-एगो वणियगो दोहि भज्जाहि समं अण्णरज्जं गओ, तत्थ मओ, तस्स एगाए भज्जाए पुत्तो, सो विसेसं ण जाणइ, एगा भणइ-मम पुत्तो, बिइया भणइ—मम, ववहारो न छिज्जइ, अमच्चो भणइ-दव्वं *विरिंचिऊण दारगं दोभागे करेह करकएणं, माता भणइ-एतीसे पुत्तो मा मारिज्जउ, दिण्णो तीसे चेव, मंतिस्स उप्पत्तिया बुद्धी ॥ महुसित्थे—सित्थगकरो, कोलिगिणी उब्भामिया, तीए य जालीए निहुवणट्ठियाए उवरिं भामरं पडुप्पाइयं, पच्छा भत्तारो किणंतो वारितो — मा किणिहिसि, अहं ते भामरं दंसेमि, गयाणि जालिं, न दीसइ, तओ तंतुवायपुत्तीए तेणेव विहिणा ठाइऊण दरिसियं, णाया यऽणेण, जहा—उब्भामियत्ति, कहमन्नहेयमेवं भवइत्ति, तस्स

---

આમ કહી તે પશ્ચિમ દિશામાં ગયેલ પતિ પાસે જ ગઈ. પાછળથી રાજાદિ સર્વે જાણ્યું (કે તે પતિ જ તેને પ્રિય છે.) મંત્રીની આ ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

**૧૬. પુત્રનું દૃષ્ટાન્ત** :- એક વેપારી પોતાની બે પત્નીઓ સાથે અન્ય રાજ્યમાં ગયો. ત્યાં તેનું મૃત્યુ થયું. તેની એક પત્નીને પુત્ર હતો. પુત્ર કંઈ વિશેષ (અર્થાત્ નાનો હોવાથી બેમાંથી મારી માતા કોણ છે ? એવું) જાણતો નથી. તેથી એક કહે છે – "આ મારો પુત્ર છે." બીજી કહે – "આ મારો પુત્ર છે."રાજકુળમાં ફરિયાદ ગઈ. પરંતુ કંઈ નિર્ણય થતો નથી. તેથી મંત્રીએ કહ્યું – "વેપારી પાસે જેટલું ધન છે તેનું વિભાજન કરી આ બાળકના પણ કરવત દ્વારા બે ભાગ કરી પરસ્પર વહેંચી લો." જે ખરી માતા હતી, તેણીએ કહ્યું – "આ આનો જ પુત્ર થાઓ પરંતુ આને મારો નહીં." મંત્રીએ તેણીને જ પુત્ર સોંપ્યો. અહીં મંત્રીની ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

**૧૭. મધપુડાનું દૃષ્ટાન્ત** :- એક સિક્થકર હતો. (અર્થાત્ (H)નગરની સર્વ પ્રજાને મધ વહેંચનારો હતો.) તેની સ્ત્રી હલકી જાતિની અને કુશીલ હતી. (कोलिगिणी – હલકી જાતિની સ્ત્રી, उब्भ्रामिका – કુશીલ) એક(H)વાર ઝાડીઓમાં જાર પુરુષ સાથે મૈથુન અવસ્થામાં રહેલી તેણીએ ઉપર મધ જોયું. પછીથી (પ્રજાને વહેંચવા માટે) મધને ખરીદતા પતિને તે સ્ત્રીએ ના પાડી કે – "તમે મધ ખરીદતા નહીં, હું તમને મધ દેખાડીશ." બંને જણા ઝાડીઓ પાસે ગયા. પતિએ ચારે બાજુથી નજર કરી પરંતુ ક્યાંય મધ દેખાયું નહીં. તેથી વણકરની પુત્રીએ તે જ મૈથુનની સ્થિતમાં રહીને પતિને મધપુડો દેખાડ્યો. પતિ સમજી ગયો કે "આ કુલટા છે, અન્યથા આવી જગ્યાએ રહેલું મધ આને ક્યાંથી દેખાય." અહીં પતિની ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

---

७. बुद्धिः ॥ पुत्रः-एको वणिग् द्वाभ्यां भार्याभ्यां सममन्यराज्यं गतः, तत्र मृतः, तस्यैकस्या भार्यायाः पुत्रः, स विशेषं न जानाति, एका भणति-मम पुत्रः, द्वितीया भणति-मम, व्यवहारो न छिद्यते, अमात्यो भणति-द्रव्यं विभज्य दारकं द्वौ भागौ कुरुत क्रकचेन, माता भणति-एतस्याः पुत्रो मा मारयतु, दत्तस्तस्या एव, मन्त्रिण औत्पत्तिकी बुद्धिः ॥ मधुसिक्थम्-सिक्थकरः, कोलिकी उद्भ्रामिका, तया च जाल्यां निधुवनस्थितयोपरि भ्रामरं दृष्टं, पश्चाद्भर्ता क्रीणन् वारितः-मा क्रीणाहीति, अहं ते भ्रामरं दर्शयामि, गतौ जाल्यां, न दृश्यते, ततः तन्तुवायपुत्र्या तेनैव विधिना स्थित्वा दर्शितं, ज्ञाता चानेन यथोद्भ्रामिकेति, कथमन्यथा एतदेवं भवेदिति, तस्य ★ विगिंचिऊण मुद्रिते ।

उप्पत्तिया बुद्धी ॥ मुद्दियाए–पुरोहितो निक्खेवए घेत्तूण अन्नेसिं देति, अन्नदा दमएण ठवियं, पडियागयस्स ण देति, पिसातो जातो, अमच्चो विहीए जाति, भणति–देहि भो पुरोहिया ! तं मम सहस्संति, तस्स किवा जाया, रण्णो कहियं, रइणा पुरोहितो भणितो–देहि, भणइ–न देमी, न गेण्हामि, रण्णा दमगो सव्वं सपच्चयं दिवसमुहुत्तठवणपासपरिवत्तिमाइ पुच्छितो, अन्नदा जूतं रमइ रायाए समं, णाममुद्दागहणं, रायाए अलक्खं गहाय मणुस्सस्स हत्थे दिण्णा, अमुगंमि काले साहस्सो नउलगो दमगेण ठविओ तं देहि, इमं अभिण्णाणं, दिन्नो आणितो, अन्नेसिं नउलगाणं मज्झे कतो, सद्दावितो, पच्चभिन्नातो, पुरोहियस्स जिब्भा छिन्ना, रण्णो उप्पत्तिया बुद्धी ॥

---

**૧૮. મુદ્રિકાનું દૃષ્ટાન્ત :-** એક પુરોહિત થાપણ લઈને બીજાઓને આપી દે છે. એકવાર એક ભિખારીએ થાપણ મૂકી. થોડાકાળ પછી પાછા આવેલા તેને પુરોહિત થાપણ પાછી આપતો નથી. તે ભિખારી પાગલ બની ગયો, અમાત્ય તે રસ્તેથી પસાર થાય છે. ત્યારે ભિખારી પુરોહિતને કહે છે કે – "હે પુરોહિત ! તું મારા હજાર રૂપિયાને આપ." (આ દૃશ્ય મંત્રીએ જોયું.) તેને ભિખારી ઉપર દયા આવી. મંત્રીએ રાજાને વાત કરી. રાજાએ પુરોહિતને કહ્યું, "ભિખારીની થાપણ પાછી આપ." પુરોહિતે કહ્યું, "હું નહીં આપું, કારણ કે મેં થાપણ લીધી નથી." રાજાએ ભિખારીને થાપણ ક્યા દિવસે ? કેટલા કલાકે ? કેટલું દ્રવ્ય ? પાસે કોણ હતું ? વિગેરે બધું પૂછી લીધું.

એકવાર તે પુરોહિત રાજા સાથે જુગાર રમે છે. તેમાં પુરોહિત હારી જતાં તેની પાસેથી પોતાના નામથી અંકિત વીંટી રાજાએ લઈ લીધી. રાજાએ તે વીંટી પુરોહિતની નજર નથી એમ જાણીને માણસના હાથમાં સોંપી દીધી. પહેલેથી જ નક્કી કર્યા પ્રમાણે તે માણસ વીંટી લઈને પુરોહિતના ઘરે ગયો અને તેની મહિલાને કહ્યું - "અમુક દિવસે ભિખારીએ જે હજાર રૂપિયાનો થેલો થાપણ તરીકે રાખ્યો હતો, તેને આપો. તેની સાક્ષી રૂપે આ વીંટી છે. (અર્થાત્ પુરોહિતે આ વીંટી મને દઈને તે થેલો લેવા મોકલ્યો છે.) મહિલાએ તે થેલો આપ્યો, માણસ તે થેલાને લઈને રાજા પાસે આવ્યો. રાજાએ તે થેલો અન્ય થેલાઓ સાથે ભેળવી દીધો. પછી ભિખારીને બોલાવીને કહ્યું – "તારો જે થેલો હોય તે તું શોધ." ભિખારીએ પોતાનો થેલો ઓળખી લીધો. રાજાએ પુરોહતની જીભ છેદી નાંખી. રાજાની આ ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

---

८. औत्पत्तिकी बुद्धिः । मुद्रिकायां–पुरोहितो न्यासान् गृहीत्वाऽन्येषां ददाति, अन्यदा द्रमकेण स्थापितं प्रत्यागताय न ददाति, विह्वलो जातः, अमात्यो वीथ्यां याति, भणति–दापय भोः ! पुरोहितात्तन्मम सहस्रमिति, तस्य कृपा जाता, राज्ञे कथितं, राज्ञा पुरोहितो भणितः–देहि, भणति–न ददामि, न गृह्णामि, राज्ञा द्रमकः सर्वं सप्रत्ययं दिवसमुहूर्त्तस्थापनापार्श्ववर्त्यादि पृष्टः, अन्यदा द्यूतं रमते राज्ञा समं, नाममुद्राग्रहणं, राज्ञाऽलक्षं गृहीत्वा मनुष्यस्य हस्ते दत्ता, अमुष्मिन् काले साहस्रो नकुलको द्रमकेण स्थापितस्तं देहि, इदमभिज्ञानं, दत्त आनीतः, अन्येषां नकुलकानां मध्ये कृतः, शब्दितः, प्रत्यभिज्ञातः, पुरोहितस्य जिह्वा छिन्ना, राज्ञ औत्पत्तिकी बुद्धिः ॥

**अंके–तहेव एगेण निक्खित्ते लंछेऊण उस्सीवेत्ता कूडरूवगाण भरिओ तहेव सिव्वियं, आगयस्स अल्लिविओ, सा मुद्दा उग्घाडिया, कूडरूवगा, ववहारो, पुच्छिओ–कित्तियं ?, सहस्सं, गणेऊण गंठी तडिओ, तओ न तीरइ सिव्वेउं, कारणिगाणमुप्पत्तिया बुद्धी ॥ णाणए–तहेव निक्खेवओ पणा छूढा, आगयस्स नउलओ दिण्णो, पणे पुच्छा, राउले ववहारो, कालो को आसि ?, अमुगो, अहुणोत्तणा पणा, सो चिराणओ कालो, डंडिओ, कारणिगाणमुप्पत्तिया ॥**

---

**૧૯. મહોરછાપનું દૃષ્ટાન્ત** :- ઉપરોક્ત દૃષ્ટાન્તની જેમ એક વ્યક્તિએ એક વેપારી પાસે હજાર રૂપિયાથી ભરેલો થેલો લાંછીત કરીને (સીવીને) થાપણ રૂપે મૂક્યો. તે વેપારીએ તે થેલાની સીલાઈ ખોલીને શુદ્ધ રૂપિયા કાઢીને તેમાં ખોટા રૂપિયા ભરી તે જ રીતે સીવી નાંખ્યો. પાછી આવેલી વ્યક્તિને થેલો વેપારીએ આપી દીધો. તેણે થેલાની સીલાઈ કાઢી, તેમાં જોયું તો ખોટા રૂપિયા હતા. (બંને વચ્ચે ઝઘડા થયા.) રાજકુળમાં ફરિયાદ ગઈ. ન્યાયાધીશોએ પૂછ્યું - 'કેટલા રૂપિયા હતા ?' તેણે કહ્યું – 'હજાર.' તેથી ન્યાયાધીશોએ હજાર રૂપિયા ગણીને થેલામાં ભર્યા અને ગાંઠ બાંધી. પછી પેલા વેપારીને સીવવા આપી. પરંતુ તે સીવી શક્યો નહીં. (કારણ કે વેપારીએ શુદ્ધ રૂપિયા કાઢી ખોટા રૂપિયા નાંખ્યા ત્યારે ખોટા રૂપિયા (સિક્કા) નિસ્સાર હોવાથી ઓછી જગ્યા રોકે અને સાચા રૂપિયા વધુ જગ્યા રોકે, આમ ખોટા રૂપિયા નાંખ્યા પછી તે થેલો સંપૂર્ણ ભરાયો નહીં. તેથી વેપારીએ થેલાને નીચેથી કાપી ફરી તેને સીવી નાંખ્યો. હવે આ થેલો નાનો બની ગયો. એની અંદર સાચા રૂપિયા નાંખતા થેલાને સીવવું વેપારી માટે શક્ય બન્યું નહીં.) એટલે ન્યાયાધીશોએ જાણ્યું કે વેપારી ખોટો છે. ન્યાયાધીશોની આ ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

**૨૦. નાણાનું દૃષ્ટાન્ત** : પૂર્વની જેમ જ કોઈક વ્યક્તિએ વેપારી પાસે ઘણા મૂલ્યવાળા દ્રમરૂપનાણા(એક પ્રકારનું ચલણ)ઓથી ભરેલ થેલો થાપણરૂપે મૂક્યો. (તે[H] વેપારીએ આ નાણા ઘણા મૂલ્યવાળા હોવાથી કાઢી લઈ અલ્પમૂલ્યવાળા પણ નામના નાણાઓ થેલામાં નાંખ્યા.) પાછા આવેલા તેને એ થેલો વેપારીએ પાછો સોંપ્યો. થેલામાં જોઈને તે અંગે પૃચ્છા કરી. (બંને વચ્ચે ઝઘડા થયા.) રાજકુળમાં ફરિયાદ ગઈ. ન્યાયાધીશોએ પેલી વ્યક્તિને પૂછ્યું - "તે ક્યારે થાપણ મૂકી હતી ?" એટલે તેણે અમુક કાળે મૂક્યાની વાત કરી. (ન્યાયાધીશો સમજી ગયા અને વેપારીને કહ્યું) જે કાળે એ તારી પાસે થાપણ મૂકી તે સમયે આ નાણાઓ (વેપારીએ જે નાણાઓ થેલામાં ભર્યા હતા તે) હતા જ નહીં, કારણ કે આ નાણાઓ અત્યારે જ બનાવવામાં આવ્યા છે. વેપારીને

---

**૧. अङ्कः–तथैवैकेन निक्षिप्ते लाञ्छयित्वोत्सीव्य कूटरूपकैर्भृतः तथैव सीवितः, आगतायार्पितः, सा मुद्रोद्घाटिता कूटरूप्यकाः, व्यवहारः, पृष्टः–कियत् ?, सहस्रं, गणयित्वा ग्रन्थिर्बद्धः, ततो न शक्यते सीवितुं, कारणिकाणामौत्पत्तिकी बुद्धिः ॥ नाणके–तथैव निक्षेपः पणा ( द्रम्माः ) क्षिप्ताः, आगताय नकुलको दत्तः, पणविषये पृच्छा, राजकुले व्यवहारः, कालः क आसीत् ?, अमुकः, अधुनातनाः-पणाः, स चिरन्तनः कालः, दण्डितः, कारणिकानामौत्पत्तिकी बुद्धिः ॥**

भिक्खुंमि – तहेव निक्खेवओ, सो न देइ, जूतिकरा ओलग्गिया, तेहिं पुच्छिएण य सब्भावो कहिओ, ते रत्तपडवेसेण भिक्खुसगासं गया सुवण्णस्स खोडीओ गहाय, अम्हे वच्चामो चेइयवंदगा, इमं अच्छउ, सो य पुव्वं भणिओ, एयंमि अंतरे आगएणं मग्गियं, तीए लोलयाए दिण्णं, अन्नेवि य भिक्खंतगा एताए मंजूसाए कज्जिहित्ति निग्गया, जूइकाराणमुप्पत्तिया बुद्धी ॥ चेडगणिहाणे– दो मित्ता, तेहिं निहाणगं दिट्ठं कल्ले सुनक्खत्ते णेहामो, एगेण हरिऊण इंगाला छूढा, बीतीयदिवसे इंगाले पेच्छंति, सो धुत्तो भणइ–अहो मंदपुन्ना अम्हे किह ता इंगाला जाया ?, तेण णायं,

દંડ કરવામાં આવ્યો. અહીં ન્યાયાધીશોની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી. (અર્થાત્ તેમણે પેલી વ્યક્તિ *પાસે* ક્યારે થાપણ મૂકી ? વિગેરે... હકીકત જાણી જે નિર્ણય કર્યો. તેને આશ્રયી ન્યાયાધીશોની બુદ્ધિ ઔત્પત્તિકી કહેવાય.)

૨૧. **ભિક્ષુનું દૃષ્ટાન્ત :-** પૂર્વની જેમ જ થાપણ મૂકી. પાછા આવેલાને ભિક્ષુ થાપણ આપતો નથી. પેલો જુગારીયાઓ પાસે ગયો. તેઓએ પૂછતાં એણે સર્વ હકીકત કહી. તેઓ ભગવા વસ્ત્રો ધારણ કરી, સોનાની લાકડીઓને (અથવા કમંડળ જેવી વસ્તુને) લઈને ભિક્ષુ પાસે ગયા અને કહ્યું કે – 'અમે ચૈત્યોને વાંદવા જઈએ છે, આ તમારી પાસે રહે.' બરાબર એ જ સમયે પહેલેથી નક્કી કરેલા પ્રમાણે પેલી વ્યક્તિ આ બધાં સંન્યાસીઓ સામે જ ભિક્ષુ પાસે આવીને પોતાની થાપણ માંગવા લાગ્યો. (જો હું નહીં આપું તો આ બધાં સંન્યાસીઓ પોતાની થાપણ મારી પાસે મૂકશે નહીં.) આ બધાના થાપણની લાલચમાં ભિક્ષુએ પેલાની થાપણ પાછી આપી દીધી. એ જ સમયે સંન્યાસીઓએ કહ્યું – 'બીજા(H) પણ ભિક્ષુઓ અમારી સાથે આવેલા છે. તેઓ પણ પોતાનું સુવર્ણ તમારી પેટીને વિશે મૂકશે, તેથી એમને અમે બોલાવી લાવ્યે'. એવુ બહાનું કાઢી તે વેષધારી જુગારીઓ પણ નીકળી ગયા. જુગારીઓની આ ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૨૨. **બાળક - નિધાન :** બે મિત્રો હતા. તેઓએ જમીનમાં દાટેલું ધન જોયું અને વિચાર્યું – 'આવતીકાલે સારા નક્ષત્રના સમયે આપણે લઈ જશું.' તે દરમિયાન એક મિત્રે તે ધન ચોરીને ત્યાં અંગારા દાટી દીધા. બીજા દિવસે તેઓ અંગારા જુએ છે. તે ધુતારાએ કહ્યું - 'અહો ! આપણે મંદભાગ્યવાળા છીએ. આ અંગારા કેવી રીતે થઈ ગયા ?' બીજો મિત્ર સમજી ગયો. તેણે પોતાના મનમાં શું વિચાર ચાલે છે ? તે જણાવ્યું નહીં. (અર્થાત્ પોતાને પેલાની માયા જણાઈ

૧૦. भिक्षौ–तथैव निक्षेपः, स न ददाति, द्यूतकारा अवलगिताः, तैः पृष्टेन च सद्भावः कथितः, ते रक्तपटवेषेण भिक्षुसकाशं गताः सुवर्णखोरकान् गृहीत्वा, वयं व्रजामश्चैत्यवन्दकाः, इदं तिष्ठतु, स च पूर्वं भणितः, एतस्मिन्नवसरे आगतेन मार्गितं, तया लोलतया दत्तं, अन्येऽपि च भिक्षमाणा एतस्यां मञ्जूषायां करिष्यन्तीति निर्गताः, द्यूतकाराणामौत्पत्तिकी बुद्धिः ॥ चेटकनिधाने-द्वे मित्रे, ताभ्यां निधानं दृष्टं, कल्ये सुनक्षत्रे नेतास्वहे, एकेन हृत्वाऽङ्गाराः क्षिप्ताः, द्वितीयदिवसेऽङ्गारान् पश्यति, स धूर्त्तो भणति–अहो मन्दपुण्यावावां कथं तावदङ्गारा जाताः, तेन ज्ञातं,

**हिँययं ण दरिसेइ, तस्स पडिमं करेइ, दो मक्कडे लएइ, तस्स उवरि भत्तं देइ, ते छुहाइया तं पडिमं चडंति । अन्नया भोयणं सज्जियं, दारगा णीया, संगोविया न देइ, भणइ-मक्कडा जाया, आगओ, तत्थ लेप्पणट्ठाणे ठाविओ, मक्कडगा मुक्का, किलिकिलिंता विलग्गा, भणिओ-एए ते तव पुत्ता, सो भणइ-कहं दारगा मक्कडा भवंति ?, सो भणइ-जहा दिनारा इंगाला जाया तहा दारगावि, एवं णाए दिण्णो भागो, एयस्स उप्पत्तिया बुद्धी ॥ सिक्खासत्थे धणुव्वेओ, तंमि एगो कुलपुत्तगो धणुव्वेयकुसलो, सो य कहिंपि हिंडंतो एगत्थ ईसरपुत्तए सिक्खावेइ, दव्वं विढत्तं, तेसिं पिति-मिस्सया चिँतेंति-बहुगं दव्वं दिन्नं एयस्स जइया जाहि तइया मारिज्जिहितित्ति, गेहाओ य नीसरणं**

---

ગઈ છે એવો ખ્યાલ પેલાને આવવા દેતો નથી.) બીજા મિત્રે પોતાના ઘરમાં (મિત્રના રૂપ જેવી) એક પ્રતિમા તૈયાર કરી અને બે વાંદરાઓને લાવ્યો. રોજ તે મિત્ર પ્રતિમાના ખોળામાં ભોજન મુકે. ભૂખ્યા વાંદરાઓ પ્રતિમા ઉપર ચઢી ભોજન ખાઈ લે.

એકવાર તેણે ભોજન તૈયાર કર્યું અને પેલા મિત્રના બે બાળકોને પોતાના ઘરે લાવીને છુપાવી દીધા. પેલો મિત્ર પોતાના બાળકો અંગે પૃચ્છા કરે છે ત્યારે તે કહે છે - તેઓ વાંદરા થઈ ગયા. તેથી (પુત્રના દુઃખે દુઃખી) થયેલો તે આના ઘરે આવે છે. આ મિત્રે પેલા મિત્રને પ્રતિમાને સ્થાને ઊભો રાખ્યો અને વાંદરાઓને તેની તરફ મૂક્યા. તે વાંદરાઓ કિલકિલ કરતા પેલા મિત્રને ચોંટી વળ્યા (કારણ કે રોજની જેમ પેલા મિત્રને પ્રતિમા સમજી બેઠા. પ્રતિમા અને તે મિત્ર બંને સરખા હતા.) બીજા મિત્રે કહ્યું - "આ બંને તારા પુત્રો છે." પેલાએ કહ્યું - "મારા દીકરા વાંદરા કેવી રીતે બની જાય ?" બીજાએ કહ્યું - "જેમ દિનારો અંગારાં બની ગયા, તેમ દીકરાઓ વાંદરા બની ગયા." આ સાંભળી પેલાને સત્ય હકીકત જણાઈ અને તે નિધાનમાંથી અડધો ભાગ આપ્યો. બીજા મિત્રની આ ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

**૨૩. શિક્ષાશાસ્ત્રનું દૃષ્ટાન્ત :-** અહીં ધનુર્વિદ્યાનું દૃષ્ટાન્ત છે. તેમાં એક કુલપુત્રક ધનુર્વિદ્યામાં કુશળ હતો. ક્યાંક ફરતા ફરતા તે એક સ્થાને શ્રેષ્ઠિપુત્રોને ધનુર્વિદ્યા શીખવાડે છે. ઘણું દ્રવ્ય તેણે ભેગું કર્યું. તે પુત્રોના માતાપિતા વિગેરે (पितिमिस्सया – માતાપિતાદિ માટે વપરાતો એક શબ્દ છે. इति टीप्पणके) વિચારે છે કે, "આને આપણે ઘણું દ્રવ્ય આપી દીધું, હવે જો તે જશે તો તેને મારી નાંખીશું." કોઈપણ રીતે આ લોકો તેને ઘરથી બહાર જવા દેતા નથી. આ વાત તે જાણી ગયો. તેથી તેણે પોતાના સ્વજનોને સંદેશો મોકલાવ્યો કે "હું રાત્રિએ છાણના પિંડોને

---

**૧૧. हृदयं न दर्शयति, तस्य प्रतिमां करोति, द्वौ मर्कटौ लाति, तस्योपरि भक्तं ददाति, तौ क्षुधार्त्तौ तां प्रतिमां चटतः । अन्यदा भोजनं सज्जयित्वा दारकौ नीतौ, संगोपितौ न ददाति, भणति-मर्कटौ जातौ, आगतः, तत्र लेप्यस्थाने स्थापितः, मर्कटौ मुक्तौ, किलकिलायमानौ विलग्नौ, भणितः–एतौ तौ ते पुत्रौ, स भणति–कथं दारकौ मर्कटौ भवतः ?, स भणति–यथा दीनारा अङ्गारा जातास्तथा दारकावपि, एवं ज्ञाते दत्तो भागः, एतस्यौत्पत्तिकी बुद्धिः ॥ शिक्षाशास्त्रं-धनुर्वेदः, तस्मिन्नेकः कुलपुत्रको धनुर्वेदकुशलः, स च क्वचिदपि हिण्डमान एकत्रैश्वरपुत्रान् शिक्षयति, द्रव्यं उपार्जितं, तेषां मातापित्रादयश्चिन्तयन्ति–बहु द्रव्यं दत्तमेतस्य, यदा यास्यति तदा मारयिष्याम इति, गृहाच्च निःसरणं * वेएइ-मुद्रिते ।**

[१२]केणवि उवाएण न देंति, तेण णायं, संचारियं सन्नायगाणं जहा अहं रत्तिं छाणपिंडए णईए छुभिस्सामि, ते लएज्जह, तेण गोलगा दव्वेण समं वालिया, एसा अम्हं विहित्ति तिहिपव्वणीसु तेहिं दारएहिं समं णईए छूहइ, एवं निव्वाहेऊण नट्ठो, एयस्स उप्पत्तिया ॥ अत्थसत्थे-एगो पुत्तो दो सवत्तिणीओ, ववहारो न छिज्जइ, देवीए भणियं-मम पुत्तो जाहिति, सो एयस्स असोगपायवस्स हेट्ठा ठिओ ववहारं छिंदिहिति, ताव दोवि अविसेसेण खाह पिवहत्ति, जीसे ण पुत्तो सा चिंतेइ-एत्तिओ ताव कालो लद्धो, पच्छा न याणामो किं भविस्सइत्ति पडिस्सुयं, देवीए णायं-ण एसा पुत्तमायत्ति, देवीए उप्पत्तिया ॥ इच्छाए-एगो भत्तारो मओ, वड्डिप्पउत्तं न उग्गमइ, तीए पतिमित्तो भणिओ-उग्गमेहि, सो भणइ-जइ मम विभागं देहि, तीए भणियं-जं इच्छसि तं मम भागं देज्जासि,

---

નદીમાં નાંખીશ, તે તમારે લઈ લેવા.'' તેણે છાણના ગોળા સાથે ધન મિશ્રિત કર્યું. આ અમારી કુલપરંપરા છે એમ કહી તે તિથિપર્વોને દિવસે તે પુત્રો સાથે નદીમાં છાણના ગોળા નાંખે છે. આ રીતે બધું ધન નદીમાં છાણ સાથે વહાવી પોતે પણ ભાગી છૂટ્યો. આની આ ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

**૨૪. અર્થશાસ્ત્ર દૃષ્ટાન્ત :-** (એક વેપારી પોતાની બે પત્નીઓ સાથે ગ્રામાન્તર ગયો. ત્યાં તે મૃત્યુ પામ્યો. એક પત્નીને બાળક હતો. તે નાનો હોવાથી પોતાની માતાને ઓળખતો નથી. તેથી બંને પત્નીઓ 'આ મારો., આ મારો' એમ પુત્ર માટે દાવો કરવા લાગી.) આમ, બે પત્નીઓ અને એક બાળક હતો. બંને વચ્ચે ઝઘડા થયા, ફરિયાદ ગઈ. પરંતુ નિર્ણય થયો નહીં. તેથી દેવીએ (સુમતિનાથ ભગવાનની માતા મંગલાદેવી—इति मलयगिरिवृतौ) કહ્યું – 'મારો પુત્ર થશે, તે આ અશોકવૃક્ષની નીચે ઊભો રહેલો તમારો નિર્ણય કરશે, ત્યાં સુધી તમે બંને કોઈપણ જાતનો ભેદ રાખ્યા વિના ખાઓ, પીઓ.'' જેનો તે પુત્ર નહોતો તેણીએ વિચાર્યું કે – 'આટલો કાળ તો મળ્યો પછી કોણ જાણે છે શું થશે ?' એમ વિચારી તેણીએ દેવીની વાત સ્વીકારી લીધી. (આ ઉપાય દ્વારા) દેવીએ જાણ્યું કે – આ પુત્રની માતા નથી. દેવીની ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

**૨૫. ઈચ્છાનું દૃષ્ટાન્ત :-** એક પતિ મૃત્યુ પામ્યો. તેથી તેની પત્ની પતિ વિના [H]વ્યાજે આપેલી રકમના વ્યાજને પામી શકતી નથી. તેણીએ પતિના મિત્રને જણાવ્યું કે – 'તું મેળવી આપ.' મિત્રે કહ્યું - 'અમુક ભાગ મને આપો તો કામ કરું.' તેણીએ કહ્યું – 'તું જે ઇચ્છે,

---

१२. केनाप्युपायेन न ददति, तेन ज्ञातं, संदिष्टं संज्ञातकानां यथाऽहं रात्रौ छगण (गोमय) पिण्डान् नद्यां क्षेप्स्यामि तान् आददीध्वं, तेन गोलका द्रव्येण समं वालिताः, एषोऽस्माकं विधिरिति तिथिपर्वसु तैर्दारकैः समं नद्यां क्षिपति, एवं निर्वाह्य नष्टः, एतस्यौत्पत्तिकी बुद्धिः ॥ अर्थशास्त्रे-एकः पुत्रः द्वे सपत्न्यौ, व्यवहारो न छिद्यते, देव्या भणितं-मम पुत्रो भविष्यति स एतस्याशोकपादपस्याधस्तात्स्थितो व्यवहारं छेत्स्यति, तावद्द्वे अप्यविशेषेण खादतं पिबतमिति, यस्या न पुत्रः सा चिन्तयति-एतावान् तावत् कालो लब्धः, पश्चान्न जाने किं भविष्यतीति प्रतिश्रुतं, देव्या ज्ञातम्-नैषा पुत्रमातेति, देव्या औत्पत्तिकी ॥ इच्छायां-एको भर्त्ता मृतः, वृद्धिप्रयुक्तं नागच्छति, तया पतिमित्रं भणितं-उद्ग्राहय, स भणति-यदि मह्यं विभागं ददासि, तया भणितं-यदिच्छसि तं मह्यं भागं दद्याः,

तेणं[13] उग्गमेउं तीसे तुच्छयं देइ, सा नेच्छइ ववहारो, आणावियं, दो पुंजा कया, कयरं तुमं इच्छसि ?, महंतं रासिं भणइ, भणिओ—एयं चेव देहित्ति, दवाविओ, कारणियाणमुप्पत्तिया ॥ सयसहस्से—एगो परिब्भट्ठओ, तस्स सयसहस्सो खोरो, सो भणइ—जो ममं अपुव्वं सुणावेइ तस्स एयं देमि, तत्थ सिद्धपुत्तेण सुयं, तेण भण्णइ—'तुज्झ पिया मज्झ पिउणो धारेइ अणूणयं सयसहस्सं । जइ सुयपुव्वं दिज्जउ अह ण सुयं खोरगं देहि ॥१॥ जिओ, सिद्धपुत्तस्स उप्पत्तियत्ति गाथात्रयार्थः ॥

उक्तौत्पत्तिकी, अधुना वैनयिक्या लक्षणं प्रतिपादयन्नाह—

**भरनित्थरणसमत्था तिवग्गसुत्तत्थगहिअपेआला ।**
**उभओ लोगफलवई विणयसमुत्था हवइ बुद्धी ॥९४३॥**

व्याख्या : इहातिगुरुकार्यं दुर्निर्वहत्वाद्भर इव भरः, तन्निस्तरणे समर्था भरनिस्तरणसमर्था,

---

તેટલો ભાગ મને આપજે.' તે બધી રકમ મેળવીને અલ્પ ધન તેણીને આપે છે, પરંતુ તે લેવા ઇચ્છતી નથી. બંને વચ્ચે કેસ ચાલ્યો. બધું ધન મંગાવ્યું. તેના બે ઢગલા કર્યા. ન્યાયાધીશે મિત્રને પૂછ્યું –તું કેટલું ઇચ્છે છે ?' તે મોટા ઢગલાને જણાવે છે. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે – 'આ મોટો ઢગલો જ સ્ત્રીને આપો. (કારણ કે પત્નીએ મિત્રને કહ્યું હતું કે તું જે ઇચ્છે તેટલો ભાગ મને આપજે અને ન્યાયાધીશોએ તેને પૂછ્યું તું કેટલું ઇચ્છે છે ? ત્યારે તેણે મોટો ઢગલો ઇચ્છ્યો હતો. તેથી શરત પ્રમાણે મોટો ઢગલો સ્ત્રીને મળે.) તે મોટો ઢગલો ન્યાયાધીશોએ સ્ત્રીને અપાવ્યો. ન્યાયાધીશોની આ ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી.

**૨૬. લાખમૂલ્યવાળા પાત્રનું દૃષ્ટાન્ત** :- એક[H] સંન્યાસી હતો. તેની પાસે લાખમૂલ્યવાળું એક પાત્ર હતું. તેણે જાહેર કર્યું કે – 'પૂર્વે નહીં સાંભળેલી એવી વાત જે મને સંભળાવશે, તેને હું આ પાત્ર આપીશ.' આ જાહેરાત એક સિદ્ધપુત્રે સાંભળી. તેણે આવીને કહ્યું – 'તારા પિતાએ મારા પિતા પાસેથી પૂરા એક લાખ રૂપિયા ઉધાર લીધા હતા. જો આ વાત પૂર્વે તે સાંભળી હોય તો મને લાખ રૂપિયા આપ અને જો ન સાંભળી હોય તો આ પાત્ર આપ.' સિદ્ધપુત્ર જીતી ગયો. સિદ્ધપુત્રની આ ઔત્પત્તિકીબુદ્ધિ જાણવી. આ પ્રમાણે ત્રણે ગાથાઓનો અર્થ કહ્યો. ॥ ૯૪૦-૯૪૨ ॥

**અવતરણિકા :** ઔત્પત્તિકી કહેવાઈ. હવે વૈનયિકી બુદ્ધિનું લક્ષણ જણાવતા કહે છે ⇨

**ગાથાર્થ : અઘરા કાર્યને પાર પાડવામાં સમર્થ, ત્રિવર્ગના સૂત્ર-અર્થનું રહસ્ય જેનાવડે ગ્રહણ કરાયું છે તેવી, બંને લોકમાં ફળવાળી, એવી આ વિનયથી ઉત્પન્ન થનારી (વૈનયિકી) બુદ્ધિ છે.**

**ટીકાર્થ :** અહીં અતિભારે કાર્ય એ દુઃખેથી વહન કરી શકાતું હોવાથી ભાર જેવો ભાર.

---

१३. तेनोद्ग्राह्य तस्मै तुच्छं दीयते, सा नेच्छति, व्यवहारः, आनायितं, द्वौ पुञ्जौ कृतौ, कतरं त्वमिच्छसि ?, महान्तं राशिं भणति, भणितः-एनमेव देहीति, दापितः, कारणिकानामौत्पत्तिकी ॥ शतसहस्रे-एकः परिव्राजकः, तस्य शतसाहस्रिकं खउरकं, स भणति-यो मह्यमपूर्वं श्रावयति तस्मै एतद् ददामि, तत्र सिद्धपुत्रेण श्रुतं, तेन भण्यते-'तव पिता मम पितुर्धारयत्यनूनं शतसहस्रम् । यदि श्रुतपूर्वं ददात्वथ न श्रुतपूर्वं खोरकं ददातु ॥१॥ जितः, सिद्धपुत्रस्यौत्पत्तिकीति ॥

त्रयो वर्गा: त्रिवर्गमिति लोकरूढेर्धर्मार्थकामाः, तदर्जनपरोपायप्रतिपादननिबन्धनं सूत्रं तदन्वाख्यानं तदर्थः पेयालं-प्रमाणं सारः, त्रिवर्गसूत्रार्थयोर्गृहीतं प्रमाणं-सारो यया सा तथाविधा, अथवा त्रिवर्गः—त्रैलोक्यम् ॥ आह—नन्द्यध्ययनेऽश्रुतनिसृताऽऽभिनिबोधिकाधिकारे औत्पत्तिक्यादि-बुद्धिचतुष्टयोपन्यासः, त्रिवर्गसूत्रार्थगृहीतसारत्वे च सत्यश्रुतनिःसृतत्वमुक्तं विरुध्यत इति, न हि श्रुताभ्यासमन्तरेण त्रिवर्गसूत्रार्थगृहीतसारत्वं सम्भवति, अत्रोच्यते, इह प्रायोवृत्तिमङ्गीकृत्या-श्रुतनिसृतत्वमुक्तम्, अतः स्वल्पश्रुतनिसृतभावेऽप्यदोष इति । 'उभयलोकफलवती' ऐहिकामुष्मिकफलवती 'विनयसमुत्था' विनयोद्भवा भवति बुद्धिरिति गाथार्थः ॥

अस्या एव विनेयजनानुग्रहार्थमुदाहरणैः स्वरूपमुपदर्शयन्नाह —

**निमित्ते १ अत्थसत्थे २ अ लेहे ३ गणिए अ ४ कूव ५ अस्से अ ६ ।**
**गद्दह ७ लक्खण ८ गंठी ९ अगए १० गणिआ य रहिओ अ ११ ॥९४४ ॥**

(અર્થાત્ આવું અતિભારે કાર્ય એ ભાર શબ્દથી જાણવું.) તેવા કાર્યને પાર પાડવામાં સમર્થ, ત્રણ એવા જે વર્ગો તે ત્રિવર્ગ, અહીં લોકમાં રૂઢ હોવાથી ધર્મ-અર્થ અને કામ એ ત્રિવર્ગ તરીકે જાણવા. ત્રિવર્ગને મેળવવામાં તત્પર એવા ઉપાયોના પ્રતિપાદનનું કારણ (એટલે કે પ્રતિપાદન કરનાર) એવું જે સૂત્ર, અને તે સૂત્રની જે વ્યાખ્યા તે સૂત્રાર્થ, તથા પેયાલ એટલે પ્રમાણ અર્થાત્ સાર. તેથી ત્રિવર્ગના ઉપાયોનું પ્રતિપાદન કરનારા એવા સૂત્ર અને અર્થોનો સાર (રહસ્ય) જેનાવડે ગ્રહણ કરાય છે તે ત્રિવર્ગસૂત્રાર્થગૃહીતસાર એવી બુદ્ધિ.

અથવા ત્રિવર્ગ એટલે ત્રૈલોક્ય. (ત્રૈલોક્યને જીતવાના ઉપાયો જણાવનાર સૂત્ર અને અર્થનો સાર જેનાવડે ગ્રહણ કરાય તે.)

**શંકા :** નંદી અધ્યયનમાં અશ્રુતનિસૃત એવા અભિનિબોધિકના અવસરે ઔત્પત્તિકી વિગેરે ચાર બુદ્ધિનો ઉપન્યાસ કર્યો છે. (તેથી જણાય છે કે ઔત્પત્તિકી વિગેરે ચારે બુદ્ધિ શ્રુતને આશ્રયીને ઉત્પન્ન થતી નથી. જ્યારે) તમે અહીં વૈનયિકી બુદ્ધિને 'ત્રિવર્ગસૂત્રાર્થગૃહીતસાર' વિશેષણ લગાવ્યું છે. તો આ બુદ્ધિ અશ્રુતનિઃસૃત છે એવું તમે જે પૂર્વે કહ્યું તેની સાથે વિરોધ આવશે, કારણ કે શ્રુતના અભ્યાસ વિના તે બુદ્ધિનું ત્રિવર્ગસૂત્રાર્થગૃહીતસારપણું સંભવી શકતું નથી.

**સમાધાન :** અહીં પ્રાયઃ કરીને તે બુદ્ધિ અશ્રુતનિસૃત કહેવાઇ છે. (અર્થાત્ પ્રાયઃ કરીને આ બુદ્ધિ શ્રુત વિના જ ઉત્પન્ન થાય છે.) તેથી સ્વલ્પ અંશમાં તે શ્રુતનિસૃત હોય તો પણ કોઈ દોષ નથી. વળી, આ બુદ્ધિ ઇહલોક અને પરલોકમાં ફળ આપનારી અને વિનયથી ઉત્પન્ન થનારી છે. ॥૯૪૩॥

**અવતરણિકા :** શિષ્ય ઉપર ઉપકાર કરવા માટે આ જ બુદ્ધિના સ્વરૂપને દેખાડતા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : (૧) નિમિત્ત, (૨) અર્થશાસ્ત્ર, (૩) લેખ, (૪) ગણિત, (૫) કૂવો, (૬) અશ્વ, (૭) ગધેડો, (૮) લક્ષણ, (૯) ગ્રંથી, (૧૦) ઔષધ, (૧૧) ગણિકા અને રથિક.**

**सीआ साडी दीहं च तणं अवसव्वयं च कुंचस्स १२ ।**
**निव्वोदए अ १३ गोणे घोडगपडणं च रुक्खाओ १४ ॥९४५॥**

व्याख्या : गाथाद्वयार्थः कथानकेभ्य एवावसेयः, तानि चामूनि- [१४]तत्थ निमित्तेत्ति, एगस्स सिद्धपुत्तस्स दो सीसगा निमित्तं सिक्खिया, अन्नया तणकट्ठस्स वच्चंति, तेहिं हत्थिपाया दिट्ठा, एगो भणइ–हत्थिणियाए पाया, कहं ?, काइएण, सा य हत्थिणी काणा, कहं ?, एगपासेण तणाइं खाइयाइं, तेण काइएणेव णायं जहा इत्थी पुरिसो य विलग्गाणि, सा य गुव्विणित्ति, कहं ?, हत्थाणि थंभेत्ता उट्ठिया, दारगो से भविस्सइ, जेण दक्खिणो पाओ गरुओ, रत्तपोत्ता, जेण रत्ता दसिया रूक्खे लग्गा ॥ णईतीरे एगाए वुड्ढीए पुत्तो पविसियओ, तस्सागमणं पुच्छिया, तीसे य घडओ भिन्नो, तत्थेगो भणइ–'तज्जाएण य तज्जायं' सिलोगो मओत्ति परिणामेइ, बितिओ

**ગાથાર્થ : (૧૨) ભીની શાટિકા, લાંબું તણખલું, ક્રૌંચપક્ષીની અપ્રદક્ષિણા, (૧૩) નેવાનું પાણી, (૧૪) બળદો, ઘોડા અને વૃક્ષો ઉપરથી પડવું.**

**ટીકાર્થ :** બંને ગાથાઓનો અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનકો આ પ્રમાણે છે.

## ❋ વૈનયિકીબુદ્ધિના દૃષ્ટાન્તો ❋

**૧. નિમિત્તનું દૃષ્ટાન્ત :** એક સિદ્ધપુત્રના બે શિષ્યોને (સિદ્ધપુત્રે) નિમિત્તશાસ્ત્ર શીખવાડ્યું. એકવાર બંને શિષ્યો તૃણ-લાકડા માટે નીકળે છે. માર્ગમાં તેઓએ હાથીના પગના છાપા જોયા. એટલે એકે કહ્યું– 'આ હાથિણીના પગલા છે.' બીજાએ પૂછ્યું – 'તે કેવી રીતે જાણ્યું ?' તેણે કહ્યું – 'પેશાબને જોઈ મેં જાણ્યું કે તે હાથિણી છે અને તે કાણી છે.' કેવી રીતે ?' એક બાજુ પરથી જ તૃણાદિ ખવાયેલા દેખાય છે. (બીજુ બાજુના ખવાયેલા દેખાતા નથી માટે તે કાણી છે એવું જણાય છે.) તથા પેશાબ પરથી જ જણાય છે કે તે હાથિણી ઉપર સ્ત્રી અને પુરુષ બેઠેલા હતા અને તે સ્ત્રી ગર્ભ ધારણ કરનારી છે. 'તે કેવી રીતે જાણ્યું ?' કારણ કે હાથના ટેકે તે ઊભી થઈ છે, તથા તેણીને પુત્ર થશે કારણ કે તેણીનો જમણો પગ ભારી છે. વળી તે સ્ત્રીએ લાલ વસ્ત્રો પહેરેલા છે, કારણ કે લાલ તંતુઓ વૃક્ષ ઉપર લાગેલા દેખાય છે. (ત્યારપછી બંને શિષ્યો નદી કિનારે પહોંચ્યા) એ જ સમયે તે નદી કિનારે એક વૃદ્ધા કે જેનો પુત્ર બહાર ગામ ગયો હતો, તેનું આગમન પૂછવા માટે ત્યાં આવી. જ્યારે તે વૃદ્ધાએ આ બંનેને આગમન માટે પૂછ્યું, તે સમયે તે વૃદ્ધાનો ઘડો ફૂટી ગયો. તેને જોઈ तज्जातेन तज्जातं...... નિમિત્તશાસ્ત્રના આ

**१४. तत्र निमित्तमिति-एकस्य सिद्धपुत्रस्य द्वौ शिष्यौ निमित्तं शिक्षितौ, अन्यदा तृणकाष्ठाय व्रजतः, ताभ्यां हस्तिपादाः दृष्टा, एको भणति-हस्तिन्याः पादाः, कथं ?, कायिक्या, सा च हस्तिनी काणा, कथं ?, एकपार्श्वेन तृणानि खादितानि, तेन कायिक्यैव ज्ञातं यथा स्त्री पुरुषश्च विलग्नौ, सा च गुर्विणीति, कथं ?, हस्तौ स्तम्भयित्वोत्थिता, दारकस्तस्या भविष्यति, येन दक्षिणः पादो गुरुः, रक्तपोता, येन रक्ता दशा वृक्षे लग्ना ॥ नदीतीरे एकस्या वृद्धायाः पुत्रः प्रोषितः, तस्यागमनं पृष्टौ, तस्याश्च घटो भिन्नः, तत्रैको भणति-तज्जातेन च तज्जातं ( श्लोकः ) मृत इति कथयति, द्वितीयो**

**भणइ–जाहि वुड्ढे ! सो घरे आगओ, सा गया, दिट्ठो पुव्वागओ, जुवलगं रूवगे य गहाय आगया, सक्कारिओ, बितिओ आपुच्छइ–सब्भावं मम न कहेसि*, तेण पुच्छिया, तेहिं जहाभूयं परिकहियं, एगो भणइ–विवत्ती मरणं, एगो भूमीओ उट्ठिओ सो भूमीए चेव मिलिओ, एवं सोवि दारओ, भणियं च–'तज्जाएण य तज्जायं'सिलोगो, गुरुणा भणियं–को मम दोसो?, ण तुमं सम्मं परिणामेसि, एगस्स वेणइगी बुद्धी ॥ अत्थसत्थे–कप्पओ दहिकुंडगउच्छुकलावओ य, एयस्स वेणइगी ॥**

શ્લોકને યાદ કરીને એક શિષ્ય બોલ્યો કે "તારો દીકરો મરી ગયો. (આશય એ છે કે નિમિત્તશાસ્ત્રમાં જણાવ્યું છે કે તેમાંથી ઉત્પન્ન થયેલ વસ્તુ તેમાં જ નાશ પામે છે. જેમ કે, માટીમાંથી ઉત્પન્ન થયેલ ઘડો માટી જ બને છે. આમ ઘડો ફૂટ્યો જોઈ તેણે કહ્યું–"તારો દીકરો મરી ગયો.") બીજા શિષ્યે કહ્યું –"હે વૃદ્ધા ! તું જા, તે ઘરે આવી ગયો છે." વૃદ્ધા ઘરે ગઈ. પહેલા આવેલા પુત્રને તેણીએ જોયો. તે વૃદ્ધા સ્ત્રી વસ્ત્રયુગલ અને રૂપિયા લઈને પાછી આવી અને તે શિષ્યનું સન્માન કર્યું.

(ત્યારપછી તે બંને શિષ્યો પોતાના ઉપાધ્યાય પાસે આવ્યા.) તેમાં બીજાએ (અર્થાત્ જેની વાત સાચી પડતી નહોતી તેણે) ઉપાધ્યાયને કહ્યું – "તમે મને સત્ય હકીકતો બરાબર ભણાવી નથી." ઉપાધ્યાયે પૂછ્યું – "શા માટે તું આમ કહે છે?" બંને શિષ્યોએ પોતપોતાની વાત રજૂ કરી. એકે કહ્યું – "ઘડો ફૂટ્યો એટલે મેં મરણની વાત કરી." બીજાએ કહ્યું – "ઘટો ભૂમિમાંથી (માટીમાંથી) જન્મેલો ભૂમિમાં જ મળી ગયો, એ પ્રમાણે તે પુત્ર પણ માતાને મળી ગયો." નિમિત્તશાસ્ત્રમાં કહ્યું જ છે કે – 'तज्जातेन तज्जातं.....' ગુરુએ કહ્યું – "આમાં મારો શું દોષ છે. તું બરાબર ભણ્યો નથી." અહીં એકની વૈનયિકીબુદ્ધિ જાણવી.

૨. **અર્થશાસ્ત્ર=નીતિશાસ્ત્રનું દૃષ્ટાન્ત :** (ટીપ્પણીના આધારે આ દૃષ્ટાન્ત જણાવાય છે.) પાટલિપુત્રનગરમાં નંદ નામના રાજાએ કલ્પકનામના પોતાના મંત્રીને નાના એવા અપરાધમાં કુટુંબ સહિત કૂવામાં ઉતાર્યો. ખાવા માટે હલકી જાતિના ભાત અને પાણી આપવા લાગ્યો. વેર લેવાની બુદ્ધિથી જીવવા માટે તે ખોરાક કલ્પક પોતે ખાતો, શેષ કુટુંબીજનને ખોરાક પૂરતો મળતો નહીં, તેથી જતે દિવસે કુટુંબ મૃત્યુ પામ્યું.

આ બાજુ કલ્પકની બુદ્ધિના બળે રાજા પોતાનું રાજ્ય ચલાવતો હતો. કલ્પકને કૂવામાં નાંખ્યો જાણી આજુબાજુના રાજાઓએ આ નગર ઉપર ઘેરો ઘાલ્યો. તેથી રાજાએ કલ્પકને કૂવામાંથી પુનઃ બહાર કાઢ્યો. બચવાનો ઉપાય કરવાની વિનંતી કરી. આથી કલ્પકે પોતાના પુરુષોને મોકલીને નદીને સામે પાર રહેલા સમસ્ત શત્રુ પક્ષોને જણાવ્યું કે – અહીંથી નાવડીમાં બેસીને હું આવું,

**१५. भणति–याहि वृद्धे ! स गृहे आगतः, सा गता, दृष्टः पूर्वागतः, युग्मं रूप्यकांश्च गृहीत्वाऽऽगता, सत्कारितः, द्वितीय आपृच्छति–सद्भावं मह्यं न कथयसि, तेन पृष्टौ, ताभ्यां यथाभूतं परिकथितं, एको भणति–व्यापत्तिर्मरणं, एको भूमेरुत्थितः स भूमावेव मिलितः, एवं सोऽपि दारकः, भणितं च–'तज्जातेन च तज्जातं' श्लोकः, गुरुणा भणितं-को मम दोषः ?, न त्वं सम्यक् परिणमयसि, एकस्य वैनयिकी बुद्धिः ॥ अर्थशास्त्रे-कल्पकः दधिभाजनमिक्षुकलापकश्च, एतस्य वैनयिकी ॥ * कहेइ.**

[१६] लेहे जहा-अट्ठारसलिविजाणगो, एवं गणिएवि । अण्णे भणंति-कुमारा वट्टेहिं रमन्ता अक्खराणि सिक्खाविया गणियं च, एसाऽवेयस्स वेणइगी । कूवे-खायजाणएण भणियं जहा-एद्दूरे पाणियंति, तेहिं खयं, तं वोलीणं, तस्स कहियं, पासे आहणहत्ति भणिया, घोसगसद्देणं जलमुद्धाइयं, एयस्स वेणइगी ॥ आसो-आसवाणियगा बारवइं गया, सव्वे कुमारा थुल्ले वड्डे य गेण्हंति, वासुदेवेण

અને ત્યાંથી તમારા મંત્રીઓને મોકલો, જેથી સૂલેહની વાતો થાય. બંને બાજુથી મંત્રીઓ આવ્યા. કલ્પકે કહ્યું – 'મુઠ્ઠિમાં બંધાયેલા શેરડીના સમૂહને ઉપર નીચેથી છેદતા વચ્ચે શું રહે ?' અથવા કુંડમાં નાંખેલ દહીં કે જે ઉપર નીચેથી છેદી નાંખ્યું હોય તેવા દહીંના મધ્યમાં શું હોય ?' (અર્થાત્ આજુબાજુના તમામ સૈન્યને અમે ફોડી નાંખીશું તો માત્ર તમે રહેલા શું કરી શકશો ?) આ પ્રમાણે કંઈક અસમંજસ વાત કરીને કલ્પક પાછો વળ્યો. આ મંત્રીઓએ આવીને પોત પોતાના રાજાને વાત કરી. ત્યારે તે બધાં રાજા વિચારવા લાગ્યા કે 'કલ્પક આવી રીતે અસમંજસ વાતો કરે નહીં. નક્કી એણે આપણા મંત્રીઓને ફોડી નાંખ્યા છે. તેથી આપણે બધાં પાછા જતા રહીએ એ જ સારું થશે'. આમ વિચારી બધાં રાજાઓ પાછા ફરી ગયા. કલ્પકમંત્રીની આ વૈનયિકીબુદ્ધિ જાણવી.

**૩ + ૪. લેખ અને ગણિતનું દૃષ્ટાન્ત** :- જે [મ] વ્યક્તિ લાટ, કર્ણાટ, દ્રવિડ વિગેરે દેશોમાં ઉત્પન્ન થયેલી ૧૮ પ્રકારની લિપિઓને જાણે છે. તેની વૈનયિકી, બુદ્ધિ જાણવી. આ જ પ્રમાણે ગણિતને જાણનારની વૈનયિકી બુદ્ધિ જાણવી. અહીં કેટલાક આચાર્યો કહે છે કે – 'એક ઉપાધ્યાય રાજપુત્રોને ભણાવે છે. તે સમયે તેઓ લાખમાંથી બનાવેલ' લખોટીઓથી રમત રમે છે, પણ ભણતા નથી. આ રીતે રમતા એવા પણ કુમારોને ઉપાધ્યાયે જે જે રીતે અક્ષો અને એક, બે, ત્રણ વિગેરે અંકો સમજાય, તે તે રીતે લખોટીઓને નાંખવા દ્વારા સમસ્ત લિપિ અને ગણિત કુમારોને શીખવાડ્યું, છતાં કુમારોને રમતનો રસ ઉપાધ્યાયે તોડ્યો નહીં. ઉપાધ્યાયની આ વૈનયિકી-બુદ્ધિ જાણવી.

**૫. કૂવાનું દૃષ્ટાન્ત** :- કૂવો, વાપી વિગેરેના સ્વરૂપને જાણનારા કોક નૈમિત્તિકે કૂવાનું ખોદકામ કરનારા પુરુષોને કહ્યું – 'આટલું ઊંડું ખોદશો, તો અહીંથી તમને પાણી મળશે.' તે પુરુષોએ એટલું ખોદ્યું, છતાં પાણી નીકળ્યું નહીં. તેથી તે પુરુષોએ નૈમિત્તિકને આવીને કહ્યું. નૈમિત્તિકે કહ્યું કે 'ત્યાં જ બાજુમાં કૂવાના કિનારે કોદાળીથી ઠોકો.' તે રીતે કરતા મોટા અવાજે પાણી બહાર આવ્યું. નૈમિત્તિકની આ વૈનયિકીબુદ્ધિ હતી.

**૬. અશ્વનું દૃષ્ટાન્ત** :- અશ્વના વેપારીઓ દ્વારિકાનગરીમાં ગયા. સર્વ કુમારો જાડા અને મોટા ઘોડાને ખરીદે છે. વાસુદેવે દુર્બળ પણ જે લક્ષણયુક્ત હતો તેવો અશ્વ લીધો. આ અશ્વ

**१६. लेखे यथाऽष्टादशलिपिविज्ञायकः, एवं गणितेऽपि, अन्ये भणन्ति-राजकुमारा वर्तुलै रममाणा अक्षराणि शिक्षिताः गणितं च, एषाऽप्येतस्य वैनयिकी ॥ कूपे-खातज्ञायकेन भणितं–यथेयद्दूरे पानीयमिति, तैः खातं, तद्व्यतिक्रान्तं, तस्य कथितं, पार्श्वे आखनतेति भणिताः, घोषकशब्देन जलमुद्धावितं, एतस्य वैनयिकी ॥ अश्वः–अश्ववणिजो द्वारिकां गताः, सर्वे कुमाराः स्थूलान् बृहतश्च गृह्णन्ति, वासुदेवेन**

[१७]दुब्बलओ लक्खणजुत्तो जो सो गहिओ, कज्जनिव्वाही अणेगआसावहो य जाओ, वासुदेवस्स वेणइगी ॥ गद्दभे-राया तरुणप्पिओ, सो ओधाइओ, अडवीए तिसाए पीडिओ खंधारो, थेरं पुच्छइ, घोसावियं, एगेण पिइभत्तेणाणीओ, तेण कहियं-गद्दभाणं उस्सिंघणा, तस्स सिरापासणं, अन्ने भणंति-उस्सिंघणाए चेव जलासयगमणं, थेरस्स वेणइगी ॥ लक्खणे-पारसविसए आसरक्खओ, धीयाए तस्स समं संसग्गी, तीए भणिओ-वीसत्थाणं घोडाणं चम्मं पाहाणाण भरेऊण रुक्खाओ

સર્વ કાર્યને કરનારો અને અનેક અશ્વોને લાવનારો થયો. (અર્થાત્ [મ]રાજભવનમાં તેના આવવાથી બીજા અનેક અશ્વો આવ્યા.) વાસુદેવની આ વૈનયિકીબુદ્ધિ હતી.

**૭. ગધેડાનું દૃષ્ટાન્ત :-** એક રાજા તરુણપ્રિય હતો. (અર્થાત્ તે પોતાના મંત્રીમંડળાદિમાં વૃદ્ધ લોકોને રાખવા પસંદ કરતો નહોતો, માત્ર યુવાનોને જ રાખવા પસંદ કરતો.) એકવાર તે પોતાના સૈન્ય સાથે (વિજયયાત્રા માટે) નીકળ્યો. અટવીમાં સ્કંધાવાર તૃષાથી પીડાયો. (બધાં તરુણોએ પોત-પોતાની રીતે પાણી માટેના ઉપાયો બતાવ્યા પરંતુ કોઈ ઉપાય સફળ થયો નહીં. તેથી તેમાના એકે રાજાને કહ્યું – 'હે રાજન્ ! કોઈ વૃદ્ધને આનો ઉપાય પુછો') તેથી રાજા વૃદ્ધને પૂછે છે અર્થાત્ વૃદ્ધની શોધ કરવાનું કહે છે. તેથી ઘોષણા કરાવી. તેમાં એક પિતૃભક્ત (રાજાને ખબર ન પડે એ રીતે) પિતાને પોતાની સાથે લાવ્યો હતો. તે પિતૃભક્ત પોતાના પિતાને રાજા પાસે લાવ્યો. તે વૃદ્ધે કહ્યું - 'ગધેડાઓ પગ પછાડતાં જ્યાં પૃથ્વીને સૂંઘે, ત્યાં થોડુંક ખોદતાં પાણી નીકળશે.' કેટલાક કહે છે - 'જે માર્ગે પાણીની ગંધને સૂંઘતા સૂંઘતા ગધેડાઓ જાય છે તે માર્ગે સમસ્ત સૈન્ય લઈ જવાયું અને ત્યાં વૃદ્ધે જલાશય જોયું.' વૃદ્ધની આ વૈનયિકીબુદ્ધિ જાણવી.

**૮. લક્ષણનું દૃષ્ટાન્ત :** પારસનામના દેશમાં એક અશ્વપાલક હતો. અશ્વસ્વામીની દીકરી સાથે તે અશ્વપાલકનો પરિચય થયો. ([મ]અશ્વસ્વામી પાસે ઘણા બધાં ઘોડાઓ હતા. દર વર્ષે બે ઘોડા પગાર રૂપે લેવા એવું નક્કી કરવા સાથે તેણે આ અશ્વપાલક રાખ્યો હતો. પગાર રૂપે બે ઘોડા લેવાનો જ્યારે સમય આવ્યો ત્યારે અશ્વપાલકે અશ્વસ્વામીની દીકરીને પુછ્યું કે 'આ બધામાંથી મારે કયા બે ઘોડા લેવા ? ત્યારે) તે દીકરીએ અશ્વપાલકને કહ્યું– ' (હવે પછીની ટીકા સંક્ષેપમાં હોવાથી ટીપ્પણી અનુસારે અર્થ લખાય છે.) બધાં ઘોડા જ્યારે શાંતિથી બેઠા હોય ત્યારે પથ્થરોથી ભરીને એક ચર્મમય થેલો વૃક્ષ ઉપરથી નીચે ફેંકવો. તથા તે ઘોડાઓ આગળ તારે પડહ વગાડવો, આ રીતે કરવા છતાં જે બે ઘોડાઓ ત્રાસ ન પામે, તથા (તે જ બે ઘોડાઓની બીજી રીતે પરીક્ષા કરવા) ઘોડાઓ પાછળ પથ્થરોથી ભરેલ ચામડાના વાજીંત્રવિશેષને વગાડવા-વડે બધાં ઘોડાઓને ભગાડવા. તેમાં જે બે ઘોડા સૌથી આગળ દોડતા હોય તે બે ઘોડાઓને તું

१७. दुर्बलो लक्षणयुक्तो यः स गृहीतः, कार्यनिर्वाही अनेकाश्वावहश्च जातः, वासुदेवस्य वैनयिकी ॥ गर्दभः—राजा तरुणप्रियः सोऽवधावितः, अटव्यां तृषा पीडितः स्कन्धावारः, स्थविरं पृच्छति, घोषितं, एकेन पितृभक्तेनानीतः, तेन कथितं–गर्दभाणामुद्घ्राणं, तस्य शिरादर्शनं, अन्ये भणन्ति-उद्घ्राणेनैव जलाशयगमनं, स्थविरस्य वैनयिकी ॥ लक्षणे—पारसविषये अश्वरक्षकः, दुहितैकेन समं संसृष्टा, तया भणितः-विश्वस्तानां घोटकानां चर्म पाषाणैर्भृत्वा वृक्षात्

मुँयाहि, तत्थ जो ण उत्तस्सइ तं लएहि, पडहयं च वाएहि, बुज्झावेहि य खक्खरएणं, सो वेयणकाले भणइ-मम दो देहि, अमुगं २ च, तेण भणिओ-सव्वे गेण्हाहि, किं ते एएहिं, सो नेच्छइ, भज्जाए कहियं-धीया दिज्जउ, भज्जा से नेच्छइ, सो तीसे वड्ढइदारयं कहेति, लक्खणजुत्तेण कुडुंबं परिवड्ढइत्ति ( जहा ) एगस्स माउलगेण धीया दिन्ना, कम्मं न करेइ, भज्जाए चोदिओ दिवसे★ दिवसे अडवीओ रित्तहत्थो एइ, छट्ठे मासे लद्धं कट्ठं कुलओ कओ, सयसहस्सेण सेट्ठिणा लइओ

ગ્રહણ કર.' અશ્વપાલકે બધું કહ્યા પ્રમાણે કરીને લક્ષણવંત બે ઘોડા જાણી લીધા. ત્યાર પછી જ્યારે પગાર લેવાનો સમય થયો, ત્યારે અશ્વપાલકે સ્વામીને કહ્યું –'મને આ અને આ એમ બે અશ્વ આપો.'

અશ્વસ્વામીએ કહ્યું – 'આ બે સિવાય સર્વ ઘોડાઓને તું લઈ જા, તારે આ બે ઘોડાઓનું શું કામ છે ?' તે ઇચ્છતો નથી. સ્વામીએ પત્નીને કહ્યું - 'દીકરીને આપી દે.' (જેથી તે ઘરજમાઈ બનતા લક્ષણવંતા ઘોડાઓને લઈ ન જાય.) પત્ની દીકરીને પરણાવવા ઇચ્છતી નથી. તેથી (પત્નીને સમજાવવા) તે સુથારના પુત્રનું દૃષ્ટાન્ત કહે છે કે લક્ષણયુક્ત તેણે કુટુંબને (ધનધાન્યાદિથી) વધાર્યું.

તે દૃષ્ટાન્ત આ પ્રમાણે છે - એક કોઈક ભાણિયાને સુથારમામાએ પોતાની દીકરી પરણાવીને તેને ઘરજમાઈ બનાવ્યો. તે ઘરજમાંઈ કોઈ કામ કરતો નથી. તેથી પત્નીએ તેને પ્રેરણા કરી (કે બીજાના રોટલા ખાઈને કેમ જીવો છો ? કંઈ કામ કેમ કરતા નથી. તેથી તે કુહાડીને લઈને લાકડા કાપવા જંગલમાં ગયો. પરંતુ પોતાને ઇચ્છિત લાકડું ન મળતા) તે રોજે રોજ જંગલથી ખાલી હાથે પાછો આવે છે. છ મહિના પછી ઇચ્છિત લાકડું તેને પ્રાપ્ત થયું. તેમાંથી તેણે કુલક (ધાન્ય માપવા માટેનું સાધનવિશેષ) બનાવ્યું. ('આ કુલકને એક લાખ રૂપિયામાં વેચવું' એમ કહીને તેણે પોતાની પત્નીને વેચવા માટે બજારમાં મોકલી. કુલકના લાખ રૂપિયા સાંભળી લોકો પત્નીની મશ્કરી કરે છે. ત્યારે બીજો એક બુદ્ધિમાન શ્રેષ્ઠિ 'નક્કી આમાં કોક વિશેષતા હોવી જોઈએ' એમ વિચારી તે કુલકથી ધાન્ય માપે છે. કુલકના પ્રભાવે જેટલું ધાન્ય માપે છે, તેટલું ઓછું થતું નથી. તેથી) શ્રેષ્ઠિએ ધાન્યના અક્ષય નિમિત્તે લાખ રૂપિયા આપીને તે કુલકને ગ્રહણ કર્યું. (ત્યારથી લઈને તે ઘરજમાઈના પ્રભાવે આખુ કુટુંબ ધન-ધાન્યાદિવડે વૃદ્ધિને પામ્યું. આ દૃષ્ટાન્તને કહી અશ્વસ્વામીએ પોતાની પત્નીને કહ્યું – 'આ રીતે તું પણ જો તારી દીકરી આને આપીશ તો તે ઘરજમાઈ બનતા લક્ષણયુક્ત બે ઘોડાઓ પણ ઘરમાં રહેશે અને તે લક્ષણયુક્ત ઘોડાઓના પ્રભાવે સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થશે.) અહીં અશ્વસ્વામીની વૈનયિકીબુદ્ધિ જાણવી.

---

१८. मुञ्च, तत्र यो नोत्रस्यति तं लायाः, पटहं च वादय, बोधय च खर्खरकेण, स वेतनकाले भणति-मम द्वौ देहि, अमुकममुकं च, तेन भणितः-सर्वान् गृहाण, किं ते आभ्यां ?, स नेच्छति, भार्यायै कथितं-दुहिता दीयतां, भार्या तस्य नेच्छति, स तस्या वर्द्धकिसुतं कथयति, लक्षणयुक्तेन कुटुम्बं परिवर्धत इति ( यथा ) एकस्य मातुलकेन दुहिता दत्ता, कर्म न करोति, भार्यया चोदितो दिवसे दिवसेऽटवीतो रिक्तहस्त आयाति षष्ठे मासे लब्धं काष्ठं, कूलतः ( कुडवः ) कृतः, शतसहस्रेण श्रेष्ठिना गृहीतः ★ दिवे दिवे मुद्रिते ।

[११]अक्खयाणिमित्तं, आससामिस्स वेणइगी ॥ गंठिमि-पाडलिपुत्ते मुरुंडो राया, पालित्ता आयरिया, तत्थ जाणएहिं इमाणि विसज्जियाणि-सुत्तं मोहिययं लट्ठी समा समुग्गकोत्ति, केणवि ण णायाणि, पालित्तायरिया सद्दाविया, तुब्भे जाणह भगवंति ?, बाढं जाणामि, सुत्तं उण्होदए छूढं मयणं विरायं दिट्ठाणि अग्गग्गाणि, दंडओ पाणिए छूढो, मूलं गुरुयं, समुग्गओ जउणा घोलिओ उण्होदए कड्ढिओ उग्घाडिओ य, तेणविय औट्टियं सयलगं राइल्लेऊण रयणाणि छूढाणि, तेणसीवणीए सीविऊण विसज्जियं अब्भिदेत्ता निप्फेडेह, ण सक्कियं, पादलित्तयस्स वेणइगी ॥ अगए-परबलं णयरं रोहेउ एइत्ति रायाए पाणीयाणि विणासेयव्वाणित्ति विसकरो पाडिओ, पुंजा

૯. ગ્રંથી (દોરાની ગાંઠ)નું દૃષ્ટાન્ત : પાટલિપુત્રમાં મુરુંડ નામનો રાજા હતો. પાદલિપ્ત નામના આચાર્ય પધાર્યા. એકવાર બુદ્ધિમાન (વ્યક્તિઓએ) પરીક્ષા માટે રાજા પાસે વસ્તુઓ મોકલી—મોહ પમાડનાર દોરો (અર્થાત્ બંને છેડા જેના ગુપ્ત છે તેવો દોરો), લાકડી (જેનું મૂળ દેખાતું નહોતું), ચારેબાજુથી સમાન એવો દાબડો (અર્થાત્ ખોલવાનું સ્થાન છુપાવ્યું છે જેનું તેવો દાબડો). કોઈ પણ વ્યક્તિ આનું રહસ્ય જાણી શકી નહીં. પાદલિપ્તાચાર્યને બોલાવ્યા અને પૂછ્યું – 'ભગવન્ ! તમે આનું રહસ્ય જાણો છો ? તેમણે કહ્યું – 'હા, હું જાણું છું.' દોરાને ગરમ પાણીમાં નાંખતા તેની ઉપર લગાડેલું મીણ પીગળી ગયું અને દોરાના બંને છેડા દેખાવા લાગ્યા. લાકડીને પાણીમાં તરતી મૂકી, જેથી લાકડીનો મૂળ ભાગ ભારે હોવાથી પાણીમાં ડૂબ્યો. એ ઉપરથી લાકડીનું મૂળ બતાવવામાં આવ્યું. તથા લાખવડે લેપાયેલ દાબડાને ગરમ પાણીમાં નાંખીને બહાર કાઢ્યો જેથી ખોલવાનું સ્થાન દેખાતા દાબડાને ખોલી બતાવ્યો.

ત્યારપછી આચાર્યે પણ ઊંટના ચામડાથી બનાવેલ એક થેલામાં રત્નો ભરીને તે સંપૂર્ણ થેલો રાળના રસથી લેપી ઉપરથી ચોરસીવનીવડે ([H]અર્થાત્ સીવેલુ છે એવું જેમાં જણાય નહીં તે રીતે સીવવાની પદ્ધતિવડે) સીવીને તે વ્યક્તિઓ પાસે થેલો મોકલી આપ્યો અને કહેવડાવ્યું કે – 'થેલાને ફાડ્યા વગર રત્નો કાઢી બતાવો.' થેલાને ખોલ્યા વગર રત્નો કાઢવામાં કોઈ સફળ થયું નહીં. પાદલિપ્તાચાર્યની આ વૈનયિકીબુદ્ધિ હતી.

૧૦. ઔષધનું દૃષ્ટાન્ત : શત્રુસૈન્ય પોતાના નગરને રુંધવા આવે છે એવું જાણી રાજાએ સર્વ જલાશયોને વિષમિશ્રિત કરવા દ્વારા (શત્રુસૈન્યને) નષ્ટ કરવા વિષ વેચનારાઓને બોલાવ્યા.

११. अक्षततानिमित्तं, अश्वस्वामिनो वैनयिकी ॥ ग्रन्थौ-पाटलीपुत्रे मुरुण्डो राजा, पादलिप्ता आचार्याः, तत्र ज्ञातृभिरिमानि प्रेषितानि-सूत्रं मोहितकं यष्टिः समः समुद्गक इति, केनापि न ज्ञातानि, पादलिप्ताचार्याः शब्दिताः, यूयं जानीथ भगवन्निति ?, बाढं जानामीति, सूत्रमुष्णोदके क्षिप्तं मदनं विगतं दृष्टान्यग्राग्राणि, दण्डः पानीये क्षिप्तः, मूलं गुरु, समुद्रको जतुना वेष्टित उष्णोदके क्षिप्त उद्घाटितश्च, तेनापि औष्ट्रिकं शकलं रालालिप्तं ( संधितं ) कृत्वा रत्नानि क्षिप्तानि, स्तेनसीवन्या सीवित्वा विसृष्टं अभित्त्वा निष्काशयत, न शकितं, पादलिप्तस्य वैनयिकी ॥ अगदः-परबलं नगरं रोद्धुमायातीति राज्ञा पानीयानि विनाशयितव्यानीति विषकरः पातितः, पुञ्जाः * दोट्टियं ।

**[२०]कया, वेज्जो जवमेत्तं गहाय आगओ, राया रुट्ठो, वेज्जो भणइ–सतसहस्सवेधी,कहं ?, खीणाऊ हत्थी आणीओ, पुंछवालो उप्पाडिओ, तेणं चेव वालेणं तत्थ विसं दिण्णं, विवण्णं करियं तं चरंतं दीसइ, एस सव्वोवि विसं, जोवि एयं खायइ सोवि विसं, एवं सतसहस्सवेधी, अत्थि निवारणाविही ?, बाढं अत्थि, तहेव अगओ दिन्नो, पसमिंतो जाइ, वेज्जस्स वेणइगी । जं किं बहुणा?, असारेण पडिवक्खदरिसणेण य आयोवायकुसलत्तदंसणत्ति॥ रहिओ गणिया य एक्कं चेव,**

વિષનો ઢગલો કરી નાંખ્યો. ત્યાં જ એક વૈદ્ય જવના દાણા જેટલું વિષ લઈને રાજા પાસે ઉપસ્થિત થયો. અત્યંત અલ્પપ્રમાણમાં વિષને જોઈ રાજા ગુસ્સે થયો. (અર્થાત્ આટલું અમથું વિષ શું કરવાનું ? ઢગલાબંધ વિષ લાવવું જોઈએ.) વૈદ્યે કહ્યું - 'આ વિષ લાખ માણસોને મારવા સમર્થ છે.' કેવી રીતે ?' રાજાએ પૂછ્યું. અલ્પાયુવાળા હાથીને લાવવામાં આવ્યો. તે હાથીની પૂંછડીના એક વાળને ખેંચી કાઢ્યો અને ત્યાંથી વિષ એના શરીરમાં દાખલ કર્યું. ત્યારપછી ચરતા એવા તે હાથીનું શરીર લીલુછમ થતું દેખાય છે. ત્યારપછી વૈદ્યે કહ્યું – 'આ આખો હાથી ઝેરી બની ગયો છે. જે વ્યક્તિ આનું માંસ ખાય, તે પણ ઝેરી બની જાય આ રીતે એક લાખ જીવોને મારનારું આ વિષ છે. રાજાએ પૂછ્યું – 'એના નિવારણનો કોઈ ઉપાય છે ?'

વૈદ્યે કહ્યું – 'જરૂર છે.' એ જ પ્રમાણે વૈદ્યે હાથીને ઔષધ આપ્યું. જેવું તે ઔષધ તેનાં શરીરમાં દાખલ થયું કે ધીરે ધીરે હાથીના શરીરને સ્વસ્થ કરતું જાય છે. વૈદ્યની આ વૈનયિકી બુદ્ધિ જાણવી. (શાં[H] માટે તે વૈદ્યે અલ્પ વિષ લાવ્યું હતું. એવી આશંકાને દૂર કરવા કહે છે.) વધારે શું ? અર્થાત્ અસાર એવી ઘણી બધી વસ્તુ વડે શું ? અને અસાર એવા પ્રતિપક્ષને દેખાડવા-વડે શું ? (અર્થાત્ વિષ[H] કે અન્ય કોઈ વસ્તુ, ઘણી હોવા છતાં પણ જો તે અસાર હોય તો નિરર્થક છે. એ જ રીતે વિષના ઉપાયરુપ પ્રતિપક્ષ વસ્તુ પણ જો અસાર હોય તો તે ઘણી હોવા છતાં નિરર્થક છે. તેના કરતા પ્રતિપક્ષ વસ્તુ સ્વલ્પ હોવા છતાં સારભૂત હોવી જોઈએ. જેમ કે તે વૈદ્યે અલ્પ એવું વિષનું પ્રતિપક્ષ ઔષધ બતાવ્યું કે જેથી લાખ જીવોને મારનાર વિષનો પણ તે સામનો કરી શકે.) આમ, વસ્તુ ઓછી છે કે વધારે છે તે મહત્વનું નથી પણ તે વસ્તુના ફાયદા મેળવવા માટેના જે ઉપાયો છે, તેમાં કુશળપણું જ બતાવવા યોગ્ય છે. (અર્થાત્ જેનાથી કાર્ય થતું હોય તેમાં જ પ્રયત્ન કરવો.)

**૧૧. રથિક અને ગણિકાનું એક જ દૃષ્ટાંત છે તે કહે છે :** પાટલિપુત્રમાં બે ગણિકાઓ

---

२०. कृताः, वैद्यो यवमात्रं गृहीत्वाऽऽगतः, राजा रुष्टः, वैद्यो भणति-सतसहस्रवेधि, कथं ?, क्षीणायुर्हस्ती आनीतः, पुच्छवालः उत्पाटितः, तेनैव वालेन तत्र विषं दत्तं, विपन्नं कृत्वा तच्चरत् दृश्यते, एष सर्वोऽपि विषं, योऽप्येनं खादति सोऽपि विषं, एवं शतसहस्रवेधि, अस्ति निवारणाविधिः ?, बाढमस्ति, तथैवागदो दत्तः, प्रशामयन् याति, वैद्यस्य वैनयिकी । यत् किं बहुना ?, असारेण प्रतिपक्षदर्शनेन च आयोपायकुशलदर्शनमिति ॥ रथिकः गणिका चैकमेव,

पॆंडलिपुत्ते दो गणियाओ-कोसा उवकोसा य, कोसाए समं थूलभद्दसामी अच्छइओ आसि पव्वइओ, जं वरिसारत्तो तत्थेव कओ तओ साविया जाया, पच्चक्खाइ अबंभस्स अण्णत्थ रायणिओगेण, रहिएण आराहिओ, सा दिण्णा थूलभद्दसामिणो अभिक्खणं २ गुणग्गहणं करेइ, न तहा तं उवयरइ, सो तीए अप्पणो विन्नाणं दरिसेउकामो असोगवणियाए णेइ, भूमीगएण अंबपिंडी तोडिया, कंडपोंखे अण्णोण्णं लायंतेण हत्थब्भासं आणेत्ता अद्धचंदेण छिन्ना गहिया य, तहावि ण तूसइ, भणइ-किं सिक्खियस्स दुक्करं ?, सा भणइ-पिच्छ ममंति सिद्धत्थयरासिंमि णच्चिया सूईण अग्गयंमि य कणियारकुसुमपोइयासु य, सो आउट्टो, सा भणइ–'न दुक्करं छोडिय अंबपिंडी,

હતી–કોશા અને ઉપકોશા. કોશા સાથે સ્થૂલભદ્રસ્વામી રહેતા હતા. તેમણે પ્રવ્રજ્યા લીધી. ત્યારપછી તેમણે કોશાગણિકાને ત્યાં ચોમાસુ કર્યું. તેમાં તે શ્રવિકા થઈ. રાજાની આજ્ઞા વિના અબ્રહ્મના તેણીએ પચ્ચક્ખાણ કર્યા. (અર્થાત્ રાજા જે પુરુષને મોકલે તે સિવાયના પુરુષો સાથે અબ્રહ્મ સેવનનો તેણીએ ત્યાગ કર્યો.) એક રથિકે રાજાને ખુશ કર્યો. રાજાએ કોશાગણિકા રથિકને આપી. રથિક સામે કોશા વારંવાર સ્થૂલભદ્રસ્વામીના ગુણો ગાય છે. પરંતુ રથિકની ભક્તિ કરતી નથી.

રથિક કોશાને પોતાની કળા દેખાડવાની ઇચ્છાથી અશોકવાટિકામાં લઈ જાય છે. ત્યાં તે રથિકે નીચે ભૂમિ ઉપર ઊભા ઊભા જ વૃક્ષ ઉપર રહેલ આંબાના સમૂહને તોડ્યો, અને તેને એક બાણ પાછળ અન્ય બાણ લગાડવા દ્વારા તે બાણોની પરંપરાને પોતાની પાસે લાવીને અર્ધ ચંદ્રાકારના બાણવડે તે સમૂહને તોડીને પોતાની પાસે લાવ્યો. આ જોઈને પણ કોશા ખુશ ન થઈ. તેણીએ કહ્યું - 'શિક્ષા પામેલ વ્યક્તિ માટે શું દુષ્કર છે ?' (અર્થાત્ જેને વારંવાર અભ્યાસ કર્યો હોય તેને કોઈ વસ્તુ દુષ્કર નથી.) તેણીએ કહ્યું - 'મને જો.' એમ કહી કોશાએ સરસવના ઢગલા ઉપર સોય રાખી, તેની ઉપર કર્ણિકારપુષ્પોને પરોવી, તેની ઉપર નૃત્ય કર્યું. આ જોઈ રથિક આવર્જિત થયો.

ત્યારે કોશાએ કહ્યું — "આંબાના સમૂહને તોડવું એ પણ દુષ્કર નથી કે અભ્યાસિત વ્યક્તિનું નૃત્ય પણ દુષ્કર નથી, પરંતુ દુષ્કર છે અને તે મહાપ્રભાવશાળી છે, જે તે મુનિ પ્રમદાવનમાં

२१. पाटलीपुत्रे द्वे गणिके-कोशोपकोशा च, कोशया समं स्थूलभद्रस्वामी स्थित आसीत् प्रव्रजितः, यद् वर्षारात्रस्तत्रैव कृतः ततः श्राविका जाता, प्रत्याख्याति अब्रह्मणः अन्यत्र राजनियोगात्, रथिकेन राजाऽऽराद्धः, सा दत्ता, स्थूलभद्रस्वामिनोऽभीक्ष्णमभीक्ष्णं गुणग्रहणं करोति, न तथा तमुपचरति, स तस्यै आत्मनो विज्ञानं दर्शयितुकामोऽशोकवनिकायां नयति, भूमिगतेनाम्रपिण्डी त्रोटिता, शरपुङ्खान् अन्योऽन्यं लाता हस्ताभ्यासमानीयार्धचन्द्रेण छिन्ना गृहीता च, तथापि न तुष्यति, भणति-किं शिक्षितस्य दुष्करं ?, सा भणति-पश्य ममेति सिद्धार्थकराशौ नर्त्तिता सूचीनामग्रे च कर्णिकारकुसुमप्रोतानां च, स आवर्जितः, सा भणति-न दुष्करमाम्रपिण्डित्रोटनं,

**[२२]णं दुक्करं सिक्खिउ नच्चियाए । तं दुक्करं तं च महाणुभावं, जं सो मुणी पमदवणंमि वुच्छो ॥१॥' तओ तस्स संतिगो वुत्तंतो सिट्ठो, पच्छा उवसंतो रहिओ, दोण्हवि वेणइगी ॥ सीया साडी दीहं च तणं कोंचयस्स अवसव्वयं एक्कं चेव, रायपुत्ता आयरिएण सिक्खाविया, दव्वलोभी य सो रायाणओ तं मारेउमिच्छइ, ते दारगा चिंतेंति-एएण अम्हं विज्जा दिण्णा, उवाएण नित्थारेमो, जाहे सो जेमओ एइ ताहे ण्हाणसाडियं मग्गइ, ते सुक्कियं भणंति-अहो सीया साडी, बारसंमुहं तणं देंति, भणंति-अहो दीहं तणं, पुव्वं कुंचएण पयाहिणीकज्जइ, तद्दिवसं अपयाहिणीकओ, परिगयं जहा विरत्ताणि, पंथो दीहो सीयाणं ममं काउं मग्गइ, नट्ठो दोण्हवि वेणइगी ॥**

(ગણિકાના ભવનમાં) રહ્યાં. ॥૧॥" ત્યારપછી કોશાએ સ્થૂલભદ્રસ્વામીનો સંપૂર્ણ પ્રસંગ રથિકને કહ્યો. પાછળથી રથિક શાંત થયો. અહીં આ રથિક અને ગણિકા બંનેની વૈનયિકીબુદ્ધિ જાણવી.

**૧૨. ભીની શાટિકા (સ્નાન માટેનું અધો વસ્ત્ર), દીર્ઘ તૃણ, અને ક્રૌંચ પક્ષીની અપ્રદક્ષિણા:** આ એક જ ઉદાહરણ છે તે આ પ્રમાણે – આચાર્યે રાજપુત્રોને (કળાઓ) શીખવાડી. દ્રવ્યલોભી તે રાજા (ધન આચાર્યને આપવું ન પડે એવા આશયથી) આચાર્યને મારવા ઇચ્છે છે. તે પુત્રો વિચારે છે "આ આચાર્યે આપણને વિદ્યા શીખવાડી છે, તેથી કોઈક ઉપાય કરી તેને બચાવી લઈએ." જ્યારે તે જમવા આવે છે, ત્યારે સ્નાન માટે શાટિકાને માંગે છે. તે પુત્રો સૂકી એવી પણ શાટિકાને "[H]અહો ! શાટિકા ભીની છે" એમ કહે છે, દ્વાર તરફ તૃણ કરે છે અને કહે છે – "અહો ! આ તણખલું કેટલું લાંબુ છે" પૂર્વે રોજ ક્રૌંચપક્ષીવડે સ્નાન પછી મંગલ માટે આચાર્યને પ્રદક્ષિણા અપાતી. તે દિવસે પુત્રોએ ક્રૌંચપક્ષીવડે પ્રદક્ષિણા ઊંધા ક્રમે અપાવી. તેથી આવા પ્રકારની રાજપુત્રોની ચેષ્ટાથી આચાર્યે જાણ્યું કે 'રાજપુત્રોના માતાપિતા મારાથી વૈરાગ્ય પામ્યા છે. (આશય એ છે કે – શાટિકા ભીની છે એવું કહેવા દ્વારા કુમારોએ આચાર્યને જણાવ્યું કે – 'અમારા માતા-પિતા તમારાથી કંટાળ્યા છે' મોટા તણખલાને દેખાડવાવડે એ સૂચિત કર્યું કે – 'તમારે ભાગવા માટેનો માર્ગ ઘણો લાંબો છે.' તથા ક્રૌંચપક્ષીની ઊંધી પ્રદક્ષિણા કરવા દ્વારા એ સૂચિત કર્યું કે – 'તમારું મરણ નજીકમાં જાણજો.' તેથી જલદી કો'ક ઉપાય કરો.) ત્યાર પછી આચાર્યે વિચાર્યું કે – 'ભાગવા માટેનો માર્ગ લાંબો છે અને આ લોકો મને [H]શ્મશાનસાત્ (સીયાણં) કરવા માટે અર્થાત્ મારવા માટે ઇચ્છે છે. એમ વિચારી તે આચાર્ય ભાગી છુટ્યા. રાજપુત્રો અને આચાર્ય બંનેની વૈનયિકીબુદ્ધિ જાણવી.

---

**२२. न दुष्करं शिक्षितस्य नर्तने ( शिक्षितायां नृतौ ) । तद्दुष्करं तच्च महानुभावं, यत्स मुनिः प्रमदावने उषितः ॥१॥ ततस्तत्सत्को वृत्तान्तः शिष्टः, पश्चादुपशान्तो रथिकः, द्वयोरपि वैनयिकी ॥ शीता शाटी दीर्घं च तृणं कौञ्चकस्यापसव्यमेकमेव, राजपुत्रा आचार्येण शिक्षिताः, द्रव्यलोभी च स राजा तं मारयितुमिच्छति ते दारकाश्चिन्तयन्ति-एतेनास्माकं विद्या दत्ता, उपायेन निस्तारयामः, यदा स जेमितुमायाति तदा स्नानशाटीं मार्गयति, ते शुष्कां भणन्ति अहो शीता शाटी, द्वारसंमुखं तृणं ददति, भणन्ति–अहो दीर्घं तृणं, पूर्वं क्रौञ्चेन प्रदक्षिणीक्रियते, तद्दिवसमप्रदक्षिणीकृतः, परिगतं यथा विरक्तानि, पन्था दीर्घः शीतत्राणं ( गमनं ) मम कर्त्तुं मार्गयति, नष्टः, द्वयोरपि वैनयिकी ॥**

[23]निव्वोदए–वाणियगभज्जा चिरपउत्थे पइम्मि दासीए सब्भावं कहेइ-पाहुणयं आणेहित्ति भणिया, तीए पाहुणओ आणीओ, आवस्सयं च से कारियं, रत्तिं पवेसिओ, तिसाइओ निव्वोदयं दिन्नं, मओ, देउलियाए उज्झिओ, ण्हाविया पुच्छिया, केण कारियं ?, दासीए, सा पहया, कहियं, वाणिगिणी पुच्छिया, साहइ सब्भावं, पलोइयं, तयाविसो घोणसोत्ति दिट्ठो य, णयरमयहराणं वेणइगी ॥ गोणे घोडगपडणं च रुक्खाओ एक्कं, एगो अकयपुण्णो जं जं करेइ तं तं से विवज्जइ, मित्तस्स जाइतएहिं बइल्लेहिं हलं वाहेइ, वियाले आणिया, वाडे छूढा, सो य जेमेइ मित्तो,* सो★

**૧૩. નેવા (છાપરાના આગળના ભાગ)ના પાણીનું દૃષ્ટાન્ત :** એક વેપારીની પત્નીએ ઘણા લાંબા કાળથી પોતાનો પતિ બહારગામ ગયેલ હોવાથી (કામ વિકારોને સહન ન કરી શકતા) પોતાની દાસીને સત્ય હકીકત જણાવતા કહ્યું કે - 'કો'ક મહેમાનને લઈ આવ.' દાસી એક મહેમાનને લઈ આવી. ત્યાર પછી તે મહેમાનના નખ સમારવા, શણગાર વિગેરે જે કંઈ આવશ્યક કર્તવ્ય હતા તે બધાં દાસીએ કર્યા અને રાત્રિએ ઘરમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં તેને પાણીની તરસ લાગતા વેપારીની પત્નીએ (આજુબાજુ નજીકમાં પાણી ન મળ્યું કે અન્ય કોઈ કારણે) નેવાનું પાણી પીવડાવ્યું. પાણી પીતા જ તે મૃત્યુ પામ્યો. (કારણ કે તે પાણી ત્વગ્વિષસર્પના શરીરને સ્પર્શેલું હોવાથી ઝેરી બની ગયું હતું.) વેપારીની પત્નીએ તેને રાત્રિએ જ નગરની બહાર રહેલ મંદિરમાં મૂકાવી દીધો. બીજા દિવસે તે મૃતકના તાજા નખ કાપેલા જોઈને મંત્રીએ નગરના સર્વ હજામોને પૂછ્યું કે –'કોના કહેવાથી તમે આના નખ સમાર્યા હતા.' તેમાંના એકે કહ્યું – 'દાસીના કહેવાથી.' મંત્રીએ દાસીને પકડીને માર મરાવ્યો. તેથી દાસીએ સત્ય હકીકત જણાવી દીધી. વેપારીની પત્નીને પૂછ્યું તેથી તેણીએ પણ સાચી વાત કરી. (કે મેં તો માત્ર નેવાનું પાણી જ તેને પીવડાવ્યું હતું.) મંત્રીએ નેવાની આજુબાજુ તપાસ કરી તો ત્યાં ત્વગ્વિષ સાપ દેખાયો. અહીં મંત્રીની વૈનયિકી-બુદ્ધિ જાણવી.

**૧૪. બળદોનું દૃષ્ટાન્ત :** અહીં બળદો અને ઘોડા ઉપરથી તથા વૃક્ષ ઉપરથી પતનનું એક જ દૃષ્ટાન્ત જાણવું. તે આ પ્રમાણે-એક અકૃતપુણ્ય (અર્થાત્ પૂર્વે પુણ્ય બંધાય એવા કાર્યો જેણે કર્યા નથી તેવી વ્યક્તિ) જે જે વ્યવસાય કરે છે તે તે વ્યવસાય તેનો નાશ પામે છે. તેથી મિત્ર પાસેથી યાચેલા બળદોવડે દિવસે તે હળ ચલાવે છે અને રાત્રે પાછા સોંપી દે છે. એકવાર સાંજના સમયે તે બળદોને મૂકવા આવ્યો, વાડામાં મૂક્યા. તે સમયે મિત્ર જમતો હોય છે તેથી અકૃતપુણ્ય

२३. नीव्रोदके–वणिग्भार्या चिरप्रोषिते पत्यौ दास्यै सद्भावं कथयति–प्राघूर्णकमानयेति भणिता, तया प्राघूर्णक आनीतः, भद्रं च तस्य कारितं, रात्रौ प्रवेशितः, तृषितो नीव्रोदकं दत्तं, मृतः, देवकुलिकायामुज्झितः, नापिताः पृष्टाः, के न कारितं ?, दास्या, सा प्रहता, कथितं, वणिग्जाया पृष्टा, कथयति सद्भावं, प्रलोकितं, त्वग्विषः सर्प इति दृष्टश्च, नगरमहत्तराणां वैनयिकी । गौः घोटकपतनं वृक्षात् चैकमेव, एकोऽकृतपुण्यो यद्यत्करोति तत्तत्तस्य विपद्यते, मित्रस्य याचिताभ्यां बलीवर्दाभ्यां हलं वाहयति, विकाले आनीतौ, वाटके त्यक्तौ, स जेमति मित्रं, सो * मित्तो सो लज्जाए णवि दिट्ठो प्र. । ★ सोइ इति मुद्रितप्रतौ ।

**[२४]लज्जाए ण ढुक्को, तेणवि दिट्ठा, ते णिप्फिडिया वाडाओ हरिया, गहिओ, देहित्ति राउलं निज्जइ। पडिपंथेणं घोडएणं एइ पुरिसो, सो तेण पाडिओ आसएण, पलायंतो तेण भणिओ–आहणहत्ति, मम्मे आहओ, मओ, तेणवि लइओ, वियाले णयरिबाहिरियाए वुत्था, तत्थ लोमंथिया सुत्ता, इमेवि तहिं चैव, सो चिंतेइ–जावज्जीवबंधणो कीरिस्सामि, वरं मे अप्पा उब्बंधो, सुत्तेसु दंडिखंडेण तंमि वडरुक्खे अप्पाणं उक्कलंबेइ, सा दुब्बला, तुट्टा, पडिएण लोमंथियमयहरओ मारिओ, तेहिवि गहिओ, करणं णीओ, तीहिवि कहियं जहावुत्तं, सो पुच्छिओ भणइ–आमं, कुमारामच्चो भणइ–**

લજ્જાથી તેની પાસે જતો નથી. અકૃતપુણ્યવડે મૂકાયેલા બળદોને મિત્રે પણ જોયાં. (પણ બન્યુ એવું કે ખીલે નહિ બંધાયેલા હોવાથી થોડા સમય પછી) વાડામાંથી નીકળેલા બળદો ચોરોવડે ચોરાયા. તેથી તે મિત્ર અકૃતપુણ્ય પાસે મારા બળદો આપ એમ માંગણી કરે છે. (અકૃતપુણ્યે કહ્યું – 'તારા દેખતા મેં બળદોને વાડામાં મૂક્યા હતા. હવે તે ક્યાં ગયા ? મને શું ખબર ?') બે વચ્ચે વિવાદ થતાં બંને રાજકુળમાં જવા નીકળ્યા. તેમાં રસ્તે સામેથી ઘોડા ઉપર એક માણસ આવતો હતો.

ઘોડાએ તે ઘોડેસવારને નીચે પાડ્યો અને ઘોડો ભાગવા લાગ્યો. ઘોડેસવારે અકૃતપુણ્યને કહ્યું –'ભાગતા ઘોડાને તું માર.' અકૃતપુણ્યે ઘોડાને મર્મસ્થાને માર્યો. જેથી તે ઘોડો મૃત્યુ પામ્યો. તેથી તે ઘોડેસવારે પણ અકૃતપુણ્યને પકડ્યો. ત્રણે જણા સાંજના સમયે નગરની બહાર (વટવૃક્ષની નીચે) રોકાયા. ત્યાં અન્ય નટો પણ સૂતેલા હતા. આ ત્રણે પણ ત્યાં જ સૂતા. તે સમયે અકૃતપુણ્ય વિચારે છે કે – 'યાવજ્જીવ સુધી મારે આ લોકોનું બંધન (દાસપણું) થશે, તેના કરતાં હું ફાંસી ખાઈ લઉં એ શ્રેષ્ઠ છે.' એમ વિચારી બધાં જ્યારે સુઈ ગયા ત્યારે તેણે વટવૃક્ષ ઉપર શાખા વડે પોતાને લટકાવી દીધો. પરંતુ તે શાખા નબળી હતી, તેથી તુટી ગઈ. તેની નીચે નટનો સરદર સૂતો હતો તેની ઉપર પડતા તે સરદાર મૃત્યુ પામ્યો. તેથી નટોએ પણ અકૃતપુણ્યને પકડ્યો. કરણને પ્રાપ્ત કરાયો. (અર્થાત્ તે બધાં મળીને અકૃતપુણ્યને લઈ જઈ રાજદરબારમાં ઊભો કર્યો.) મિત્ર, ઘોડેસવાર અને નટો આ ત્રણે જણાએ પોતપોતાની યથાવસ્થિત બનેલી ઘટના કહી. અમાત્યે અકૃતપણ્યને પુછ્યું. ત્યારે તેણે કહ્યું – "તેઓ સાચા છે." (અમાત્યને અકૃતપુણ્ય ઉપર દયા આવી તેથી તેને મદદ કરવાના આશયે) કુમારામાત્ય કહે છે કે – "આ તમને તમારા બળદો આપે, પણ હે મિત્ર ! તારે તારી આંખો નીકાળીને આપવી પડશે (કારણ કે તારી આંખો સામે

२४. लज्जया न समीपमागतः, तेनापि दृष्टौ, तौ निष्काशितौ वाटकाद् हृतौ, गृहीतः, देहीति राजकुलं नीयते । प्रतिपथेन घोटकेनैति पुरुषः, स तेन पातितः अश्वेन, पलायमानः तेन भणित–आजहीति, मर्मण्याहतः, मृतः, तेनापि लगितः ( सोऽपि लग्नः ), विकाले नगरीबाहिरिकायामुषिताः, तत्र मल्लाः सुप्ताः, इमेऽपि तत्रैव, स चिन्तयति–यावज्जीवबन्धनः कारयिष्ये, वरं ममात्मोद्बद्धः, सुप्तेषु दण्डीखण्डेन तस्मिन्वटवृक्षे आत्मानमवलम्बयति, सा दुर्बला, त्रुटिता, पतितेन मल्लमहत्तरको मारितः, तैरपि गृहीतः, करणं नीतः, त्रिभिरपि कथितं यथावृत्तं, स पृष्टो भणति–ओम्, कुमारामात्यो भणति–

ऐसो बलद्दे देउ तुब्भं पुण अक्खीणि ओक्खमंतु, एसो आसं देउ, तुज्झ जीहा उप्पाडिज्जइ, एसो हेट्ठा ठाउ तुब्भं एगो उवज्झाओ उक्कलंबिज्जउ, णिप्पडिभोत्ति काउं मंतिणा मुक्को, मंतिस्स वेणइगित्ति गाथाद्वयार्थः ॥

उक्ता वैनयिकी, साम्प्रतं कर्मजाया बुद्धेर्लक्षणं प्रतिपादयन्नाह–

**उवओगदिट्ठसारा कम्मपसंगपरिघोलणविसाला ।**
**साहुक्कारफलवई कम्मसमुत्था हवइ बुद्धी ॥९४६॥**

व्याख्या : उपयोजनमुपयोगः-विवक्षिते कर्मणि मनसोऽभिनिवेशः सारः-तस्यैव कर्मणः परमार्थः उपयोगेन दृष्टः सारो ययेति समासः अभिनिवेशोपलब्धकर्मपरमार्थेत्यर्थः, कर्मणि प्रसङ्गः-अभ्यासःपरिघोलनं-विचारः कर्मप्रसङ्गपरिघोलनाभ्यां विशाला कर्मप्रसङ्गपरिघोलनविशाला अभ्यासविचारविस्तीर्णेति भावार्थः, साधुकृतं-सुष्ठुकृतमिति विद्वद्भ्यः प्रशंसा–साधुकारस्तेन फलवतीति समासः, साधुकारेण वा शेषमपि फलं यस्याः सा तथा, 'कर्मसमुत्था' कर्मोद्भवा भवति बुद्धिरिति गाथार्थः ॥

---

તે તારા બળદો મૂકી ગયો હતો.") ઘોડેસવારને કહ્યું–"આ તને તારો ઘોડો આપશે, પણ તે પહેલા તારી જીભ ખેંચી લેવામાં આવશે (કારણ કે આ જીભે તે કહ્યું હતું કે – તું માર.)" નટોને કહ્યું–"(જેમ તમારા સરદાર નીચે સૂતા હતા અને આ ઉપરથી પડ્યો તેમ) આ નીચે રહેશે. તમારામાંથી કોઈ મુખ્ય ઉપરથી ફાંસો ખાય." સર્વને ઉત્તર વિનાના કરીને મંત્રીએ અકૃતપુણ્યને છોડી મુક્યો. મંત્રીની આ વૈનયિકીબુદ્ધિ હતી. આ પ્રમાણે બંને ગાથાઓનો અર્થ કહ્યો.

**અવતરણિકા :** વૈનયિકી કહેવાઈ. હવે કર્મથી ઉત્પન્ન થયેલી એટલે કે કાર્મિકબુદ્ધિનું લક્ષણ પ્રતિપાદન કરતાં નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ઉપયોગવડે જોવાયેલો છે સાર જેનાવડે તેવી, કાર્યને વિશે વારંવારના અભ્યાસ અને વિચારણાવડે વિસ્તારને પામેલી, પ્રશંસારૂપ ફળવાળી, કર્મથી ઉત્પન્ન થયેલી આ બુદ્ધિ છે.**

**ટીકાર્થ :** (મનને કોકમાં) જોડવું તે ઉપયોગ અર્થાત્ વિવક્ષિત કાર્યમાં મનનું સ્થાપન કરવું. તે જ કાર્યનો પરમાર્થ એ સાર જાણવો. વિવક્ષિત કાર્યમાં મનને સ્થાપવાદ્વારા જોવાયેલો છે પરમાર્થ જે બુદ્ધિવડે તે ઉપયોગદષ્ટસાર બુદ્ધિ એ પ્રમાણે સમાસ જાણવો. કાર્યને વિશે વારંવારના અભ્યાસ અને વિચારવડે વિસ્તારને પામેલી (અર્થાત્ તે તે કાર્યમાં ખૂબ ઊંડાણ સુધી પહોંચેલી), "આ બહુ સરસ કર્યું" એ પ્રમાણે વિદ્વાનો તરફથી મળતી પ્રશંસા એ સાધુકાર જાણવો, તેનાવડે ફળવાળી (અર્થાત્ પ્રશંસારૂપ ફળને અપાવનારી) એ પ્રમાણે સમાસ જાણવો અથવા સાધુકારવડે શેષ ફળ છે જેનું તેવી (અર્થાત્ પ્રશંસા દ્વારા બીજા અન્ય ફળોને પ્રાપ્ત કરાવનારી), કાર્યથી ઉત્પન્ન થયેલી (અર્થાત્ કાર્ય કરતાં કરતાં ઉત્પન્ન થનારી) આ બુદ્ધિ છે. ॥૯૪૬॥

---

૨૫. एष बलीवर्दौ ददाति त्वं पुनरक्षिणी निष्काशय, एषोऽश्वं ददातु, तव जिह्वोत्पाट्यते, एषोऽधस्तात्तिष्ठतु युष्माकमेक उपाध्यायोऽवलम्बयतु, निष्प्रतिभ इतिकृत्वा मन्त्रिणा मोचितः, मन्त्रिणो वैनयिकी ॥

अस्या अपि विनेयवर्गानुकम्पयोदाहरणैः स्वरूपमुपदर्शयन्नाह–

**हेरन्निए १ करिसए २ कोलिअ ३ डोवे अ ४ मुत्ति ५ घय ६ पवए ७ ।**
**तुन्नाग ८ वड्ढई ९ पूइए अ १० घड ११ चित्तकारे अ १२ ॥९४७॥**

व्याख्या : हेरण्णिओ अभिक्खजोएण अंधकारेवि रूवयं जाणइ हत्थामोसेणं, करिसओ अभिक्खजोएण जाणइ फलनिप्फत्तिं, तत्थ उदाहरणं-एगेण चोरेण खत्तं पउमाकारं खयं, सो जणवायं निसामेइ, करिसओ भणइ-किं सिक्खियस्स दुक्करं ?, चोरेण सुयं, पुच्छिओ गंतूण, छुरियं अंच्छि*ऊण मारेमि, तेण पडयं पत्थरेत्ता वीहियाण मुट्ठी भरित्ता किं परंमुहा पडंतु उरंमुहा पासेल्लिया (वा) ?, तहेव कयं, तुट्ठो । कोलिओ मुट्ठिणा गहाय तंतू जाणइ-एत्तिएहिं वा कंडएहिं वुज्झइत्ति।

**અવતરણિકા :** શિષ્ય વર્ગ ઉપર ઉપકાર કરવા માટે આ બુદ્ધિના સ્વરૂપને પણ ઉદાહરણો દ્વારા બતાવતાં કહે છે ⇨

**ગાથાર્થ : (૧) સુવર્ણકાર, (૨) ખેડૂત, (૩) વણકર, (૪) ચમચો, (૫) મોતી (૬) ઘી, (૭) નટ, (૮) દરજી, (૯) સુથાર, (૧૦) રસોઈયો, (૧૧) ઘટ, (૧૨) ચિત્રકાર.**

### ❀ કાર્મિકીબુદ્ધીના દૃષ્ટાન્તો ❀

**ટીકાર્થ : ૧. સુવર્ણકાર (સોની) :** વારંવારના અભ્યાસથી અંધકારમાં પણ હાથના સ્પર્શમાત્રથી રૂપિયો (સાચો છે કે ખોટો છે તે) ઓળખી જાય છે. (તેથી સુવર્ણકારની કાર્મિકીબુદ્ધિ જાણવી.)

**૨. ખેડૂત :** વારંવારના અભ્યાસથી ફળની પ્રાપ્તિના ઉપાયો જાણે છે. આ વિષયમાં ઉદાહરણ કહે છે - એક ચોરે કમળ આકારે ખાતર પાડ્યું. (બીજા દિવસે સવારે આવીને) તે લોકોને બોલાવે છે. ત્યારે (લોકો સાથે આવેલ) ખેડૂત કહે છે – 'વારંવાર અભ્યાસ કરનારને વળી શું દુષ્કર છે ?' આ વાત તે ચોરે સાંભળી. (ચોરને ખેડૂત પ્રત્યે અપ્રીતિ થઈ.) લોકો પાસે જઈને 'આ કોણ છે ?' તે પૂછ્યું. (ત્યારપછી એકવાર ખેતરમાં એકલો ઊભો જોઈને ચોર ખેડૂત પાસે આવ્યો અને છરી કાઢીને કહ્યું – 'તને મારી નાંખીશ.' (ખેડૂતે પૂછ્યું– 'શા માટે ?' તેણે કહ્યું – 'તે પહેલા મારી નિંદા કેમ કરી કે – 'અભ્યાસવડે દુષ્કર શું હોય ?' ખેડૂતે કહ્યું – 'મારી વાત સાચી જ છે, જોઉં છે તારે ? તો જો.' એમ કહી) ખેડૂતે જમીન ઉપર વસ્ત્ર પાથરીને ચોખાની મુટ્ઠી ભરી. પછી ચોરને પૂછ્યું – 'ઊર્ધ્વમુખે આ ચોખા પાડું, અધોમુખે પાડું કે તીર્છા પાડું ?' ચોરે જે રીતે કહ્યું તે રીતે ખેડૂતે ઉપરથી ચોખા પાડ્યા. આ જોઈ ચોર ખૂબ પ્રસન્ન થયો. (અહીં ખેડૂતની કાર્મિકીબુદ્ધિ જાણવી.)

**૩. વણકર :** વણકર મુટ્ઠિમાં તંતુઓને લઈ કહી શકે છે - આટલા કંડકોવડે (એક જાતનું

૨૬. सुवर्णकारोऽभीक्ष्णयोगेनान्धकारेऽपि रूप्यकं जानाति हस्तामर्शेन, कर्षकोऽभीक्ष्णयोगेन जानाति फलनिष्पत्तिं, तत्रोदाहरणं-एकेन चौरेण खात्रं पद्माकारं खातं, स जनवादं निशामयति, कर्षको भणति-किं शिक्षितस्य दुष्करं ?, चौरेण श्रुतं, पृष्ठो गत्वा, क्षुरिकामाकृष्य मारयामि, तेन पटं प्रस्तीर्य व्रीहीणां मुष्टिं भृत्वा किं पराङ्मुखाः पतन्तु अर्वाङ्मुखाः पार्श्वगा (वा ?), तथैव कृतं, तुष्टः । कोलिको मुष्टिना गृहीत्वा तन्तून् जानाति-इयद्भिर्वा कण्डकैरूयते इति । * अच्छिदिऊण ।

डोए[२७] वड्डइ जाणइ एत्तियं माई । मोत्तियं +आइण्णंतो आगासे उक्खिवित्ता तहा णिक्खिवइ जहा ▲कोलवाले पडइ घये घयविक्किणओ सगडे संतओ जइ रुच्चइ कुंडियानालए छुभइ । *पवयो आगासे ठियाइं करणाणि करेइ । तुण्णाओ पुव्विं †थुल्लाणि पच्छा जहा ण णज्जइ सूइए तइयं गेण्हइ जहा समप्पइ जहा ‡सामिसंतगं तं दूसं धियारेण कारियं । वड्डई-अमवेऊण देवउलरहाणं पमाणं जाणइ । घडकारो पमाणेण मट्टियं गेण्हइ, भाणस्सवि पमाणं अमिणित्ता करेइ ।

માપ) વસ્ત્ર તૈયાર થઈ જશે.

૪. **ડોવ (દાળ શાક પીરસવા માટેનો લાકડામાંથી બનાવેલો ચમચો)** : સુથાર ચમચો બનાવતી વખતે પહેલેથી જ જાણે કે આમાં આટલું સમાશે. (જેમ કે, તરપણી નાની-મોટી હોય, તેને જોઈને જ હોંશિયાર મહાત્મા કહી દે કે – આ તરપણીમાં આટલી દાળ સમાશે. અથવા ટિપ્પણીમાં આ દૃષ્ટાન્તમાં બીજી રીતે આપ્યું છે. રોજે રોજ પીરસનારી કોઈ સ્ત્રી પહેલેથી જાણે કે, ચમચાથી આટલું-આટલું પીરસીશ તો પંગતમાં જમવા બેઠેલા દરેક જણ સુધી પહોંચી શકશે. એટલે એટલું જ પ્રમાણ ચમચાવડે તે સ્ત્રી પીરસે છે.)

૫. **મોતિ** : મોતિઓને ડુક્કરના વાળમાં (ડુક્કરના વાળમાંથી બનાવેલ વસ્તુમાં) પોરવતી વ્યક્તિ મોતિઓને આકાશમાં તે રીતે ઉછાળે છે જેથી નીચે આવતા [H]શૂકરવાળમાં મોતિઓ પરોવાઇ જાય છે.

૬. **ઘી** : ઘીને વેચનારો ગાડા ઉપર ઊભો રહેલો જો ઇચ્છે તો નીચે રહેલ કુંડીના નાળચામાં ઘી નાંખે.

૭. [H]**નટ** : નટે એ રીતે અભ્યાસ કર્યો કે જેથી હવામાં અદ્ધર રહીને જુદા જુદા ખેલ કરે છે.

૮. **દરજી** : અભ્યાસ પહેલા દરજી મોટી-મોટી સીલાઈ કરે છે. પાછળથી વારંવારના અભ્યાસને કારણે એવી રીતે સીવે કે જેથી કોઈને આ સીવેલું છે એવો ખ્યાલ આવે નહીં. તથા કોઈક દરજી સોયમાં એટલો દોરો લે કે જેથી વિવક્ષિત વસ્ત્ર બરાબર સીવાય જાય. જેમ કે, વર્ધમાનસ્વામી સંબંધી દૂષ્યને બ્રાહ્મણે દરજી પાસે એવી રીતે સીવડાવ્યું કે જેથી કોઈ જાણી ન શકે.

૯. **સુથાર** : માપ્યા વિના જ દેવકુલના રથનું પ્રમાણ જાણી જાય છે. આવા સુથારની બુદ્ધિ કાર્મિકી જાણવી.

२७. डोवे वर्धकिर्जानातीयन्माति । मौक्तिकानि प्रोतयन् आकाशे उत्क्षिप्य तथा निक्षिपति यथा कोलवाले (शूकरवाले) पतति । घृते घृतविक्रायकः शकटे सन् यदि रोचते कुण्डिकानालके क्षिपति । प्लवक आकाशे स्थितानि(तः) करणानि करोति । तन्तुवायः पूर्वं स्थूलान् पश्चाद्यथा न ज्ञायते सूच्यां तावद्गृह्णाति यथा (यावता) समाप्यते यथा स्वामिसत्कं तद्दूष्यं धिग्जातीयेन कारितं । वर्धकिः अमापयित्वा देवकुलरथानां प्रमाणं जानाति । घटकारः प्रमाणेन मृत्तिकां गृह्णाति, भाजनस्यापि प्रमाणममापयित्वा करोति । + आणंतो ▲ कोलवाडे * घरे पवओ † चूल्लाणि ‡ सामिसंगत.

पूविओऽवि पुणो पलप्पमाणममवेऊण करेइ । चित्तकरोवि अमवेऊणवि पमाणजुत्तं करेइ, ततियं वा वन्नयं करेइ जत्तिएणं समप्पइ । सव्वेसिं कम्मजत्ति गाथार्थः ॥

उक्ता कर्मजा, साम्प्रतं पारिणामिक्या लक्षणं प्रतिपादयन्नाह–

अणुमाणहेउदिट्ठंतसाहिया वयविवागपरिणामा ।
हिअनिस्सेअसफलवई बुद्धी परिणामिआ नाम ॥९४८॥

व्याख्या : अनुमानहेतुदृष्टान्तैः साध्यमर्थं साधयतीति अनुमानहेतुदृष्टान्तसाधिका, इह लिङ्गात् ज्ञानमनुमानं स्वार्थमित्यर्थः, तत्प्रतिपादकं वचो हेतुः परार्थमित्यर्थः, अथवा ज्ञापकमनुमानं कारको हेतुः, दृष्टमर्थमन्तं नयतीति दृष्टान्तः । आह–अनुमानग्रहणादेव दृष्टान्तस्य गतत्वादलमुपन्यासेन, न,

---

**૧૦. કુંભાર :** કોઈક કુંભાર પ્રમાણસર માટીને ગ્રહણ કરે અને પ્રમાણ માપ્યા વિના જ ઉપકરણ બનાવે. (અર્થાત્ જે ઉપકરણ બનાવવું હોય તેની સાઇઝ માપ્યા વિના જ જરૂરી માટી લઈને બનાવી શકે.)

**૧૧. રસોઈયો :** અમુક રસોઇયો લોટના પ્રમાણને પામ્યા વિના જ પુડલા તૈયાર કરે છે. (અર્થાત્ લોટના પ્રમાણને જોઈ તે પહેલેથી જ કહી શકે કે આટલા લોટમાંથી આટલા પુડલા બનશે.)

**૧૨. ચિત્રકાર :** કોઈક ચિત્રકાર પણ રેખાદિનું માપ લીધા વિના જ માપસરનું ચિત્ર તૈયાર કરે છે. તથા રંગ પણ એટલો જ લે કે જેથી ચિત્ર સંપૂર્ણ થાય. આ સર્વ લોકોની કર્મથી ઉત્પન્ન થયેલી કાર્મિકીબુદ્ધિ જાણવી. ॥૯૪૭॥

**અવતરણિકા :** કાર્મિકી બુદ્ધિ કહી. હવે પારિણામિકીનું લક્ષણ બતાવતા કહે છે ➪

**ગાથાર્થ : અનુમાન, હેતુ અને દૃષ્ટાન્તવડે (સાધ્ય-અર્થને) સાધનારી, ઉંમરના વિપાકથી પુષ્ટ થયેલી, હિત અને મોક્ષરૂપ ફળને આપનારી બુદ્ધિ પારિણામિકી જાણવી.**

**ટીકાર્થ :** અનુમાન, હેતુ અને દૃષ્ટાન્તોવડે સાધ્ય-અર્થને જે સાધી આપે છે તે અનુમાન-હેતુદૃષ્ટાન્તસાધિકા કહેવાય છે. અનુમાન બે પ્રકારના હોય છે. (૧) સ્વાર્થ અનુમાન, (૨) પરાર્થ અનુમાન. તેમાં લિંગ ઉપરથી લિંગીનું પોતાને જે જ્ઞાન થાય તે **સ્વાર્થ અનુમાન** કહેવાય. પોતાને થયેલ જ્ઞાનને અન્ય વ્યક્તિને જણાવવા માટેના જે શબ્દો તે **પરાર્થ અનુમાન** કહેવાય છે. આ પરાર્થ અનુમાન એટલે જ હેતુ અથવા જે જ્ઞાપક=જણાવનાર હોય તે અનુમાન કહેવાય અને જે કારક હોય તે હેતુ કહેવાય. (જેમ કે ધૂમ એ અગ્નિને જણાવનાર હોવાથી જ્ઞાપક કહેવાય છે. તથા માટીમાંથી ઘટ બને છે માટે માટી એ ઘટનો કારક હેતુ કહેવાય છે. દૃષ્ટ અર્થને જે અંત સુધી લઈ જાય તે દૃષ્ટાન્ત કહેવાય છે. (અર્થાત્ જોયેલો અર્થ જેનાવડે સામેવાળાની બુદ્ધિમાં સ્થિર કરાય તે દૃષ્ટાન્ત.)

**શંકા :** દૃષ્ટાન્ત એ અનુમાનનું જ એક અંગ હોવાથી અનુમાનના ગ્રહણથી દૃષ્ટાન્ત જણાઈ જતાં દૃષ્ટાન્ત જુદુ લેવાની જરૂર નથી.

---

૨૮. आपूपिकोऽपि पुनः पलप्रमाणममापयित्वा करोति । चित्रकारोऽपि अमापयित्वाऽपि प्रमाणयुक्तं करोति, तावन्तं वा वर्णकं करोति यावता समाप्यते । सर्वेषां कर्मजेति ॥

अनुमानस्य तत्त्वत एकलक्षणत्वात्, उक्तं च–

*"अन्यथाऽनुपपन्नत्वं, यत्र तत्र त्रयेण किम् ? ।*
*नान्यथाऽनुपपन्नत्वं, यत्र तत्र त्रयेण किम् ? ॥१॥"*

**इत्यादि । साध्योपमाभूतस्तु दृष्टान्तः, उक्तं च–"*यतः साध्यस्योपमाभूतः, स दृष्टान्त इति कथ्यते*" कालकृतो देहावस्थाविशेषो वय इत्युच्यते, तद्विपाके परिणामः-पुष्टता यस्याः सा तथाविधा, हितम्–अभ्युदयस्तत्कारणं वा, निःश्रेयसं-मोक्षस्तन्निबन्धनं वा हितनिःश्रेयसाभ्यां फलवती हितनिःश्रेयसफलवती बुद्धिः पारिणामिकी नामेति गाथार्थः ॥**

**अस्या अपि शिष्यगणहितायोदाहरणैः स्वरूपं दर्शयन्नाह–**

**સમાધાન :** એવું નથી, કારણ કે પરમાર્થથી અનુમાન (પ્રતિજ્ઞાદિ પંચાવયવરૂપ નથી, પરંતુ) એક સ્વરૂપે જ છે. (અર્થાત્ કોઈક સ્થાને દૃષ્ટાન્ત વિના પણ અન્યથાનુપપત્તિગ્રાહક એવા પ્રમાણથી અનુમાન થતું દેખાય છે. જેમકે જીવનું શરીર આત્માથી અધિષ્ઠિત છે. પ્રાણાદિમત્વાન્યથાનુપપત્તિથી અર્થાત્ શરીરમાં આત્માનું અસ્તિત્વ માન્યા વિના પ્રાણાદિ ઘટતા ન હોવાથી સિદ્ધ થાય છે કે જીવનું શરીર આત્મા સહિતનું છે. અહીં દૃષ્ટાન્ત વિના માત્ર અન્યથાનુપપત્તિથી અનુમાન થતું દેખાય છે. આમ દૃષ્ટાન્ત વિના પણ અનુમાન થતું હોવાથી અનુમાનના ગ્રહણથી દૃષ્ટાન્ત આવી જ જાય એવો નિયમ નથી.)

કહ્યું છે–"જે હેતુમાં અન્યથા (સાધ્ય વિના) અનુપપન્નત્વ છે. ત્યાં ત્રયનું = પક્ષધર્મતાદિત્રયનું શું કામ છે ? (અર્થાત્ આ ત્રણે ન હોય તો પણ ચાલે.) તથા જે હેતુમાં અન્યથાનુપપન્નત્વ નથી ત્યાં ત્રયનું શું કામ છે ? (અર્થાત્ જો હેતુમાં અન્યથાનુપપન્નત્વ નથી તો પક્ષધર્મતાદિ ત્રણે વિવક્ષિત સાધ્યને સિદ્ધ કરવા સમર્થ બનતા નથી." ન્યાયવિનિશ્ચયવિવરણ પ્ર. ૨-૧૫૪. આમ આ શ્લોક દ્વારા અનુમાન અને દૃષ્ટાન્ત તદ્દન જુદા સાબિત થતાં હોવાથી અનુમાનના ગ્રહણથી દૃષ્ટાન્ત ગ્રહણ થઈ જતું નથી એ જાણવું. માટે જ દૃષ્ટાન્તનું જુદુ ઉપાદાન કર્યું છે.) આ દૃષ્ટાન્ત એ સાધ્યની ઉપમા સ્વરૂપ હોય છે. (અર્થાત્ સાધ્યમાં રહેલા ધર્મો જેવા ધર્મો જેમાં રહેલા હોય તે દૃષ્ટાન્ત.) કહ્યું છે - "જે સાધ્યની ઉપમાસ્વરૂપ છે તે દૃષ્ટાન્ત કહેવાય છે."

કાળવડે કરાયેલ દેહની અવસ્થાવિશેષ એ વય = ઉંમર કહેવાય છે. તે ઉંમરના પરિપાકમાં પુષ્ટતા છે જેની એવી તે તથાવિધ = વયપરિપાકપરિણામા કહેવાય છે. (અર્થાત્ જેમ જેમ ઉંમર થતી જાય તેમ તેમ વૃદ્ધિને પામતી), તથા હિત એટલે અભ્યુદય અથવા અભ્યુદયનું કારણ, નિઃશ્રેયસ એટલે મોક્ષ અથવા મોક્ષનું કારણ. આ હિત અને નિઃશ્રેયસવડે ફળવાળી (અર્થાત્ હિત અને નિઃશ્રેયસરૂપ ફળને આપનારી) એવી બુદ્ધિ પારિણામિકી જાણવી. ॥ ૯૪૮ ॥

**અવતરણિકા :** શિષ્યગણના હિત માટે આ બુદ્ધિના પણ સ્વરૂપને ઉદાહરણોવડે દર્શાવતા નિર્યુક્તિકારશ્રી કહે છે ⇨

---

* यः साध्य० ।

**अभए १ सिट्ठि २ कुमारे ३ देवी ४ उदिओदए हवइ राया ५ ।**
**साहू अ नंदिसेणे ६ धणदत्ते ७ सावग ८ अमच्चे ९ ॥९४९॥**
**खवगे १० अमच्चपुत्ते ११ चाणक्के १२ चेव थूलभद्दे अ १३ ॥**
**नासिक्कसुंदरी नंदे १४ वइरे १५ परिणामिआ बुद्धी ॥९५०॥**
**चलणाहय १६ आमंडे १७ मणी अ १८ सप्पे अ १९ खग्गि २० थूभिं २१ दे २२।**
**परिणामिअबुद्धीए एवमाई उदाहरणा ॥९५१॥**

व्याख्या : आसामर्थः कथानकेभ्य एवावसेयः, तानि चामूनि–[२९]अभयस्स कहं परिणामिया बुद्धी ?, जया पज्जोतेण रायगिहं +ओरोहीयं णगरं, पच्छा तेण पुव्वं निक्खित्ता खंधावारनिवेसजाणएणं कहिए णट्ठो, एसा । अहवा जाहे गणियाए कवडेण णीओ बद्धो जाव तोसिओ चत्तारि वरा, चिंतियं चऽणेण-मोयावेमि अप्पाणगं, वरो मग्गिओ-अग्गीं अइमित्ति, मुक्को

ગાથાર્થ : (૧) અભય, (૨) શ્રેષ્ઠિ, (૩) કુમાર, (૪) દેવી, (૫) ઉદિતોદય નામે રાજા, (૬) નંદિષેણ સાધુ, (૭) ધનદત્ત, (૮) શ્રાવક, (૯) અમાત્ય.

ગાથાર્થ : (૧૦) ક્ષપક, (૧૧) અમાત્યપુત્ર, (૧૨) ચાણક્ય, (૧૩) સ્થૂલભદ્ર, (૧૪) નાસિક નગરમાં સુંદરીનો પતિ નંદ, (૧૫) વજ્રસ્વામીની પારિણામિકીબુદ્ધિ.

ગાથાર્થ : (૧૬) ચરણવડે હણવું, (૧૭) આમળો, (૧૮) મણિ, (૧૯) સર્પ, (૨૦) પશુવિશેષ, (૨૧) સ્તૂપનું તોડવું અને (૨૨) ઇન્દ્ર. આ પારિણામિકીબુદ્ધિના ઉદાહરણો છે.

**ટીકાર્થ :** આ ત્રણે ગાથાઓનો અર્થ કથાનકથી જ જાણવા યોગ્ય છે. તે કથાનકો આ પ્રમાણે છે.

### ❋ પારિણામિકીબુદ્ધિના દૃષ્ટાન્તો ❋

**૧. અભય :** અભયકુમારની પારિણામિકી બુદ્ધિ કેવી રીતે ? તે કહે છે — જ્યારે પ્રદ્યોતે રાજગૃહી નગરીને ઘેરો ઘાલ્યો. તે પહેલાં જ અભયકુમારે પ્રદ્યોતના સૈન્યના પડાવ સ્થાને જમીનમાં ધન દાટી દીધું. પાછળથી સ્કંધાવારના નિવેશને (સૈન્યના પડાવસ્થાનને) જાણનાર એવા ચંડપ્રદ્યોતરાજાના પુરુષ દ્વારા પ્રદ્યોતને 'તમારું સૈન્ય ફૂટી ગયું છે' એવા સમાચાર મોકલાવ્યા. આ સાંભળતા જ પ્રદ્યોતરાજા ભાગી ગયો. આ અભયકુમારની પારિણામિકીબુદ્ધિ હતી. (વિસ્તારથી કથા પરિશિષ્ટમાંથી જોવી.)

અથવા જ્યારે ગણિકા કપટથી અભયને પ્રદ્યોત પાસે લઈ ગઈ. પ્રદ્યોતે તેને બાંધ્યો વગેરે વર્ણન જાણવું. અભયવડે પ્રદ્યોત પ્રસન્ન કરાયો. અભયને પ્રદ્યોતે જુદાજુદા પ્રસંગોમાં ચાર વરદાન આપ્યા. (જે અભયે થાપણ તરીકે રાખી મૂક્યા.) ત્યારપછી અભયે વિચાર્યું કે — 'હવે એવો કો'ક ઉપાય કરી મારી જાતને બંધનમુક્ત કરું.' તે ઉપાયરૂપે અભયે પ્રદ્યોત પાસે એક વરદાન

**२९. अभयस्य कथं पारिणामिकी बुद्धिः ?, यदा प्रद्योतो राजगृहमवरुध्यते नगरं, पश्चात्तेन पूर्वं निक्षिप्ताः ( दीनाराः ), स्कन्धावारज्ञायकेन कथिते नष्टः, एषा । अथवा यदा गणिकया कपटेण नीतो बद्धो यावत्तोषितः चत्वारो वराः, चिन्तितं चानेन-मोचयामि आत्मानं, वरो मार्गितः-अग्नौ प्रविशामीति, मुक्तो**

+ ओरोहति-मुद्रिते ।

भणइ-अहं छलेण आणीओ, अहं ते दिवसओ पज्जोओ हीरइत्ति कंदंतं नेमि; गओ य रायगिहं, दासो उम्मत्तओ, गणियाओ वाणियदारियाओ गहिओ, रडंतो हिओ, एवमाइयाओ बहुयाओ अभयस्स परिणामियाओ बुद्धीओ ॥ सेट्ठित्ति, कट्ठो णाम सेट्ठी एगत्थ णयरे वसइ, तस्स वज्जा नामं भज्जा, तस्स नेच्चइल्लो देवसंमो णाम बंभणो, सेट्ठी दिसाजत्ताए गओ, भज्जा से तेण समं संपलग्गा, तस्स य घरे तिन्नि पक्खी-सुयओ मयणसाला कुक्कुडगो यत्ति, सो ताणि उवणिक्खिवित्ता गओ, सोऽवि धिज्जाइओ रत्तीं अईइ, मयणसलागा भणइ–को तायस्स न बीहेइ ?, सुयओ वारेइ–जो अंबियाए दइओ अम्हंपि तायओ होइ, सा मयणा अणहियासीया धिज्जाइयं परिवसइ, मारिया तीए, सुयओ ण मारिओ। अण्णया साहू भिक्खस्स तं गिहं अइयया, कुक्कुडयं पेच्छिऊण

---

માંગ્યું કે "હું અગ્નિમાં પ્રવેશ કરું." તેણે અભયને છોડી મૂક્યો. અભયે પ્રદ્યોતને કહ્યું – 'તું મને કપટથી અહીં લાવ્યો. હું 'દિવસે પ્રદ્યોત હરાય છે' એ પ્રમાણે આક્રંદ કરતા તને લઈ જઈશ.' અભય રાજગૃહી પહોંચ્યો. ત્યારપછી ગણિકાની રૂપવાન બે પુત્રીઓને લઈ પોતે વેપારીનો વેષ કરી અવંતીનગરીમાં આવ્યો. ત્યાં અભયે પ્રદ્યોતના એક દાસને જેનું નામ પણ પ્રદ્યોત જ હતું તેને ઉન્મત્ત કર્યો.પ્રદ્યોતને અભયે પકડ્યો. આક્રંદ કરતા પ્રદ્યોતને અભય હરી ગયો. આવા ઘણા પ્રકારની અભયની પારિણામિકીબુદ્ધી હતી. (અહીં અતીવ સંક્ષેપમાં આ કથાનક છે. જેનો વધુ વિસ્તાર પરિશિષ્ટ-૨માં જણાવ્યો છે.)

૨. શ્રેષ્ઠિ : એક નગરમાં કાષ્ઠ નામનો શ્રેષ્ઠિ રહેતો હતો. તેને વજ્રા નામની પત્ની હતી. શ્રેષ્ઠિના ઘરમાં નિત્ય દેવપૂજા કરનારો દેવશર્મા નામે બ્રાહ્મણ હતો. એકવાર શ્રેષ્ઠિ દિગ્યાત્રા માટે (વેપાર માટે અન્ય દેશમાં) ગયો. શ્રેષ્ઠિપત્ની દેવશર્મા સાથે લાગી પડી. શ્રેષ્ઠિના ઘરે ત્રણ પક્ષી હતાં પોપટ, મેના અને કૂકડો. શ્રેષ્ઠિ આ ત્રણે પક્ષીઓને પોતાના ઘરે રાખીને જ દિગ્યાત્રા માટે નીકળ્યો. તે બ્રાહ્મણ પણ રાત્રીએ શ્રેષ્ઠિઘરે આવે છે તે સમયે મેના બોલી કે – 'આ કોણ છે? જે પિતાથી = શ્રેષ્ઠિથી ડરતો નથી.' પોપટે મેનાને ચૂપ કરતા કહ્યું – 'જે માતાનો પતિ હોય તે જ આપણો પિતા કહેવાય.' આ વાતને સહન નહીં કરતી તે મેના બ્રાહ્મણ ઉપર આક્રોશ કરવા લાગી. બ્રાહ્મણે મેનાને મારી નાંખી, પોપટને માર્યો નહીં. એકવાર બે સાધુઓ ભિક્ષા માટે તે ઘરમાં પ્રવેશ્યા. કૂકડાને જોઈને એક સાધુએ ચારેબાજુ નજર કરીને કહ્યું – 'જે આ કૂકડાના

---

३०. भणति-अहं छलेनानीतोऽहं त्वां दिवसे प्रद्योतो ह्रियते इति क्रन्दन्तं नेष्यामि, गतश्च राजगृहं, दास उन्मत्तो, वणिग्दारिकाः, गृहीतः, रटन् हृतः, एवमादिका बह्व्योऽभयस्य पारिणामिक्यो बुद्धयः ॥ श्रेष्ठीति-काष्ठो नाम श्रेष्ठी एकत्र नगरे वसति, तस्य वज्रा नाम भार्या, तस्य नैत्यिको देवशर्मा नाम ब्राह्मणः, श्रेष्ठी दिग्यात्रायै गतः, भार्या तस्य तेन समं संप्रलग्ना, तस्य च गृहे त्रयः पक्षिणः–शुको मदनशाला कुर्कुटकश्चेति, स तान् उपनिक्षिप्य गतः, सोऽपि धिग्जातीयो रात्रावायाति, मदनशाला भणति-कस्तातान्न बिभेति ?, शुको वारयति, योऽम्बाया दयितोऽस्माकमपि (स) तातो भवति, सा मदनाऽनध्यासिनी धिग्जातीयं परिवासयति (आक्रोशति), मारिता तया, शुको न मारितः । अन्यदा साधू भिक्षार्थं तद् गृहमतिगतौ, कुर्कुटकं प्रेक्ष्य

[31]एगो साहू दिसालोयं काऊण भणइ-जो एयस्स सीसं खाइ सो राया होइत्ति, तं किहवि तेणं धिज्जाइएणं अंतरिएण सुयं, तं भणइ-मारेहि खामि, सा भणइ-अन्नं आणिज्जइ, मा पुत्तभंडं संवट्टियं, निब्बंधे कए मारिओ जाव ण्हाउं गओ, ताव तीसे पुत्तो लेहसालाओ आगओ, तं च सिद्धं तम्मंसं, सो रोवइ, सीसं दिण्णं, सो आगओ, भाणए छूढं, सीसं मग्गइ, भणइ-चेडस्स दिण्णं, सो रुट्ठो, एयस्स कज्जे मए माराविओ, जइ परं एयस्स सीसं खाएज्जा तो राया होज्ज, कयं णिब्बंधे ववसिया, दासीय सुयं, तओ चेव दारयं गहाय पलाया, अण्णं णयरं गयाणि, तत्थ अपुत्तो राया मओ, आसेण परिक्खिओ, सो राया जाओ । इओ य कट्ठो आगओ, णिययघरं सडियपडियं पासइ, सा पुच्छिया, ण कहेइ, सुयएणं पंजरमुक्केण कहियं बंभणाइसंबन्धो सो तहेव, अलं संसारववहारेणं,

મસ્તકને ખાશે, તે રાજા થશે.' આ વાક્ય કોઈપણ રીતે પડદા પાછળ ઊભા રહેલા બ્રાહ્મણે સાંભળ્યું. બ્રાહ્મણે વજ્જાને કહ્યું – 'તું આને મારી નાંખ, જેથી હું તેને ખાઉં.' તેણીએ કહ્યું – 'હું તમારા માટે અન્ય કૂકડાને લાવું. આ દીકરા જેવા કૂકડાને ન મારો.' બ્રાહ્મણે ઘણો આગ્રહ કરતા તેણીએ કૂકડાને મારી નાંખ્યો. વજ્જા માંસ રાંધીને તૈયાર કરે ત્યાં સુધી બ્રાહ્મણ સ્નાન માટે ગયો. આ બાજુ વજ્જાનો પુત્ર લેખશાળાએથી પાછો ઘરે આવ્યો અને એ જ અવસરે માંસ તૈયાર થયું. પુત્ર રોવા લાગ્યો. વજ્જાએ મસ્તકનો ભાગ પુત્રને ખાવા આપ્યો. એટલામાં તે બ્રાહ્મણ આવ્યો. થાળીમાં માંસ પીરસાયું.

બ્રાહ્મણે મસ્તકના માંસની માંગણી કરી. વજ્જાએ કહ્યું – "બાળકને ખાવા આપી દીધું." બ્રાહ્મણ ગુસ્સે થયો. મસ્તકના માંસ માટે જ આ કૂકડાને મેં મરાવ્યો હતો. હવે જો આ પુત્રના મસ્તકને હું ખાવું, તો હું રાજા થાઉં. આમ વિચારી તેણે વજ્જાને ઘણા આગ્રહપૂર્વક બાળકને મારવા તૈયાર કરી. દાસીએ આ વાત સાંભળી અને ત્યાંથી તે પુત્રને લઈને ભાગી છૂટી. દાસી અને બાળક બંને અન્ય નગરમાં ગયા. ત્યાં પુત્ર વિનાનો રાજા મૃત્યુ પામ્યો. (તેથી મંત્રી વિગેરે અશ્વને લઈ રાજાની શોધમાં નીકળ્યા.) અશ્વે આ પુત્ર ઉપર અભિષેક કર્યો. તે રાજા થયો.

આ બાજુ કાષ્ઠશ્રેષ્ઠિ પાછો ઘરે આવ્યો. પોતાના ઘરને ભાંગેલું તુટેલું જુએ છે. તેથી તેણે વજ્જાને પૂછ્યું. વજ્જા સત્ય હકીકત કહેતી નથી. ત્યારે પિંજરામાંથી મુકાયેલ પોપટે બ્રાહ્મણ વિગેરેનો

३१. एकः साधुर्दिगालोकं कृत्वा भणति-य एतस्य शीर्षं खादति स राजा भवतीति, तत्कथमपि तेन धिग्जातीयेनान्तरितेन श्रुतं, तां भणति-मारय खादामि, सा भणति-अन्य आनीयते, मा पुत्रभाण्डं संवर्त्तयतु, निर्बन्धे कृते मारितः यावत् स्नातुं गतः, तावत्तस्याः पुत्रो लेखशालाया आगतः, तच्च सिद्धं तन्मांसं, स रोदिति, शीर्षं दत्तं, स आगतः, भाजने क्षिप्तं, शीर्षं मार्गयति, भणति-चेटकाय दत्तं, स रुष्टः, एतस्यार्थाय मया मारितः, यदि परमेतस्य शीर्षं खादेयं तदा राजा भवेयं, कृतं ( मनसि ) निर्बन्धे व्यवसिता। ( कर्त्तुं ), दास्या श्रुतं, तत एव दारकं गृहीत्वा पलायिता, अन्यन्नगरं गतौ, तत्रापुत्रो राजा मृतः, अश्वेन परीक्षितः ( परिषिक्तः ), स राजा जातः । इतश्च काष्ठ आगतः, निजकं गृहं शटितपतितं पश्यति, सा पृष्टा, न कथयति, शुकेन पञ्जरमुक्तेन व्याहृतः ब्राह्मणादिसंबन्धः स तथैवालं संसारव्यवहारेण,

[३२] अहं एतीसे कएण किलेसमणुहवामि एसावि एवंविहत्ति पव्वइओ, इयराणि तं चेव णयरं गयाणि जत्थ सो दारओ राया जाओ, साहूवि विहरंतो तत्थेव गओ, तीए पच्चभिन्नाओ, भिक्खाए समं सुवण्णं दिण्णं, कूवियं, गहिओ, रायाए मूलं णीओ, धावीए णाओ, ताणि निव्विसयाणि आणत्ताणि, पिया भोगेहिं निमंतिओ, नेच्छइ, राया सड्ढो कओ, वरिसारत्ते पुण्णे वयंतस्स अकिरियाणिमित्तं धिज्जाइएहिं दुवक्खरियाए उवट्ठाविआ, परिभट्ठियारूवं कयं, सा गुव्विणीया अणुव्वयइ, तीए गहिओ, मा पवयणस्स उड्डाहो होउत्ति भणइ-जइ मए तो जोणीए णीउ अह ण मए ता पोट्टं भिंदित्ता णीउ, एवं भणिए भिन्नं पोट्टं, मया, वन्नो य जाओ, सेट्ठिस्स पारिणामिगी इयं,

સર્વ પ્રસંગ શ્રેષ્ઠિને કહ્યો. (આ સાંભળી શ્રેષ્ઠિને વૈરાગ્ય જાગ્યો તેણે વિચાર્યું) "સંસારના વ્યવહારોથી સર્યું, હું આના માટે આટલા કષ્ટો અનુભવું છું અને આ પણ આવી નીકળી." એમ વિચારી શ્રેષ્ઠિએ પ્રવ્રજ્યા લીધી. વજ્રા અને બ્રાહ્મણ પણ તે જ નગરમાં ગયા, જ્યાં આ બાળક રાજા બન્યો હતો. તે સાધુઓ પણ વિહાર કરતા તે જ નગરમાં આવ્યા. (ફરતા ફરતા સાધુ વજ્રાના ઘરે ભિક્ષાનિમિત્તે પહોંચ્યો.) વજ્રાએ સાધુને ઓળખી લીધો. (તેથી સાધુને ફસાવવા) વજ્રાએ સુવર્ણને ભિક્ષામાં છુપાવી ભિક્ષા આપી. પછી વજ્રાએ બુમાબુમ કરી કે – 'આ સાધુ સુવર્ણ લઈને ભાગી ગયો છે.' રાજપુરુષોએ સાધુને પકડ્યો.

સાધુને રાજા પાસે લઈ ગયા. તે સમયે ધાવમાતાએ સાધુની ઓળખાણ આપી કે – 'આ તમારા પિતા છે.' રાજાએ બ્રાહ્મણ અને વજ્રાને દેશ બહાર કરવાની આજ્ઞા આપી. રાજાએ પિતાને પાછા સંસારમાં આવવાની નિમંત્રણા કરી, પરંતુ સાધુ ઇચ્છતો નથી. પિતાવડે રાજા શ્રાવક કરાયો.

ચોમાસુ પૂર્ણ થતાં સાધુઓનો વિહાર કરવાનો સમય આવ્યો તે વખતે વિહાર કરતા રાજાના પિતામહારાજનો અવર્ણવાદ થાય તે નિમિત્તે બ્રાહ્મણોએ પરિવ્રાજિકાના વેષમાં દાસીને ઉપસ્થિત કરી. તે ગર્ભવાળી દાસી તે સાધુની પાછળ-પાછળ અનુસરે છે. પાછળ જતા-જતા દાસીએ સાધુને પકડી લીધો. (અને કહ્યું "મને મૂકીને ક્યાં જાઓ છો ?") પ્રવચનહીલના ન થાય તે માટે સાધુએ કહ્યું – "જો મારાવડે તને ગર્ભ રહ્યો હોય તો તે ગર્ભનું બાળક યોનિવડે બહાર આવે, અને જો મારાવડે તને ગર્ભ રહ્યો ન હોય તો પેટ ફાડીને બહાર આવે.' આ પ્રમાણે કહેતા તેણીનું પેટ ચિરાઈ ગયું. તે સ્ત્રી મૃત્યુ પામી અને પ્રવચનનો જયજયકાર થયો. શ્રેષ્ઠિની આ પારિણામિકી-બુદ્ધિ જાણવી અથવા જે બુદ્ધિએ તેને દીક્ષા અપાવી તે બુદ્ધિ પારિણામિકી જાણવી.

३२. अहमेतस्याः कृते क्लेशमनुभवामि एषा त्वेवंविधेति प्रव्रजितः, इतरौ अपि तदेव नगरं गतौ यत्र स दारको राजा जातः, साधुरपि विहरन् तत्रैव गतः, तया प्रत्यभिज्ञातः, भिक्षया समं स्वर्णं दत्तं, कूजितं, गृहीतः, राज्ञो मूलं नीतः, धात्र्या ज्ञातः, तौ निर्विषयावाज्ञप्तौ, पिता भोगैर्निमन्त्रितः, नेच्छति, राजा श्राद्धः कृतः, वर्षारात्रे पूर्णे व्रजतोऽक्रिया(ऽवर्ण) निमित्तं धिग्जातीयैर्व्द्यक्षरिका उपस्थापिता, परिभ्रष्टाया रूपं कृतं, सा गुर्विणी अनुव्रजति, तया गृहीतः, मा प्रवचनस्योड्डाहो भूदिति भणति-यदि मया तदा योन्या निर्यातु अथ न मया तदोदरं भित्त्वा निर्गच्छतु, एवं भणिते भिन्नमुदरं, मृता, वर्णश्च जातः, श्रेष्ठिनः पारिणामिकीयं,

[33]जीए वा पव्वइओत्ति ॥ कुमारो-खुड्डगकुमारो, सो जहा जोगसंगहेहिं, तस्सवि परिणामिगी । देवी–पुप्फभद्दे णयरे पुप्फसेणो राया पुप्फवई देवी, तीसे दो पुत्तभंडाणि–पुप्फचूलो पुप्फचूला य, ताणि अणुरत्ताणि भोगे भुंजंति, देवी पव्वइया, देवलोगे देवो उववण्णो, सो चिंतेइ–जइ एयाणि एवं मरंति तो नरयतिरिएसु उववज्जिहिंति सुविणए सो तीसे नेरइए दरिसेइ, सा भीया पुच्छइ पासंडिणो, ते न याणंति, अन्नियपुत्ता तत्थ आयरिया, ते सद्दाविया, ताहे सुत्तं कड्ढंति, सा भणइ-किं तुम्हेहिवि सुविणओ दिट्ठो ?, सो भणइ–सुत्ते अम्ह एरिसं दिट्ठं, पुणोऽवि देवलोए दरिसेइ, तेऽवि से अन्नियापुत्तेहिं कहिया, पव्वइया, देवस्स पारिणामिया बुद्धी ॥ उदिओदए–पुरिमताले णगरे ओदिओदओ राया सिरिकंता देवी, सावगाणि दोण्णिवि, परिवाइया पराजिया दासीहिं

---

૩. **કુમાર :** બાળકુમારનું દૃષ્ટાન્ત આગળ યોગસંગ્રહમાં કહેવાશે. આ કુમારની પણ પારિણામિકીબુદ્ધિ જાણવી.

૪. **દેવી :** પુષ્પભદ્ર નગરમાં પુષ્પસેન રાજાને પુષ્પવતી નામે દેવી હતી. તેણીને બે પુત્રો હતા - પુષ્પચૂલ અન પુષ્પચૂલા. બંને પરસ્પર અનુરક્ત થયા. (રાજાએ બંનેના લગ્ન કર્યા.) તેઓ બંને ભોગોને ભોગવે છે. દેવીએ દીક્ષા લીધી. સંયમજીવન પાળી મૃત્યુ પામીને દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈ. તે દેવ વિચારે છે કે – "જો આ બંને આ રીતે મરશે તો નરક-તિર્યંચમાં ઉત્પન્ન થશે." એમ વિચારી દેવ સ્વપ્નમાં પુષ્પચૂલાને નરકનું દર્શન કરાવે છે. સ્વપ્નમાં નરકને જોઈને ડરેલી પુષ્પચૂલા સંન્યાસીઓને નરકસંબંધી પુછે છે, પરંતુ તેઓ જાણતા નથી.

તે નગરમાં અર્ણિકાપુત્ર આચાર્ય બિરાજમાન હતા. તેમને બોલાવ્યા. આચાર્ય શાસ્ત્રપાઠ સાથે નરકનું વર્ણન કરે છે, એટલે પુષ્પચૂલા પુછે છે કે – 'શું તમે પણ સ્વપ્ન જોયું ?' આચાર્યે કહ્યું – 'અમારા આગમોમાં આ રીતનું નરકનું વર્ણન છે.' દેવ ફરીથી દેવલોકનું દર્શન કરાવે છે. અર્ણિકાપુત્રાચાર્યે તે દેવલોકનું પણ વર્ણન કર્યું. (આ સાંભળી પુષ્પચૂલાને ધર્મમાં શ્રદ્ધા જાગી.) તેણીએ દીક્ષા લીધી. અહીં દેવની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૫. **ઉદિતોદય રાજા :** પુરિમતાલ નગરમાં ઉદિતોદય રાજાને શ્રીકાંતા નામે દેવી હતી. બંને જણા શ્રાવક હતા. (એકવાર અંતઃપુરમાં પરિવ્રાજિકા પ્રવેશી,) તેણીને શ્રીકાંતા દેવીએ જીતી લીધી.

---

૩૩. यया वा प्रव्रजित इति । कुमारः–क्षुल्लककुमारः, स यथा योगसंग्रहेषु, तस्यापि पारिणामिकी। देवी–पुष्पभद्रे नगरे पुष्पसेनो राजा पुष्पवती देवी, तस्या द्वे पुत्रभाण्डे-पुष्पचूलः पुष्पचूला च, तौ अनुरक्तौ भोगान् भुञ्जाते, देवी प्रव्रजिता, देवलोके देव उत्पन्नः, स चिन्तयति–यदि एतावेवं म्रियेयातां तदा नरकतिर्यक्षु उत्पद्येयातामिति स्वप्ने स तस्यै नारकान् दर्शयति, सा भीता पृच्छति-पाषण्डिनः, ते न जानन्ति, अर्णिकापुत्रास्तत्राचार्याः, ते शब्दिताः, तदा सूत्रं कथयन्ति, सा भणति-किं युष्माभिरपि स्वप्नो दृष्टः, स भणति–सूत्रेऽस्माकमीदृशं दृष्टं, पुनरपि देवलोकान् दर्शयति, तेऽप्यर्णिकापुत्रैः तस्यै कथिताः, प्रव्रजिता, देवस्य पारिणामिकी बुद्धिः ॥ उदितोदयः–पुरिमताले नगरे उदितोदयो राजा श्रीकान्ता देवी, द्वे अपि श्रावकौ, परिव्राजिका पराजिता दासीभि–

मुहमक्कडियाहिं[H] वेलविया निच्छूढा, पओसमावण्णा, वाणारसीए धम्मरुई राया, तत्थ गया, फलयपट्टियाए सिरिकंताए रूवं लिहिऊण दाएइ धम्मरुइस्स रण्णो, सो अज्झोववन्नो, दूयं विसज्जेइ, पडिहओ अवमाणिओ निच्छूढो, ताहे सव्वबलेणागओ, णयरं रोहेइ, उदिओदओ चिंतेइ–किं एवड्डेण जणक्खएण कएण ?, उववासं करेइ, वेसमणेण देवेण सणयरं साहरिओ। उदिओदयस्स पारिणामिया बुद्धी ॥ साहू य नंदिसेणोत्ति, सेणियपुत्तो नंदिसेणो, सीस्सो तस्स ओहाणुप्पेही, तस्स चिंता( जाया )–भगवं जइ रायगिहं जाएज्ज तो देवीओ अन्ने य पिच्छिऊण साइसए जए थिरो होज्जत्ति, भट्टारओ य गओ, सेणीओ उण णीति संतेपुरो, अन्ने य कुमारा सअंतेउरा, णंदिसेणस्स अंतेउरं सेतंबरवसणं* पउमिणिमज्झे हंसीओ वा मुक्काभरणाओ सव्वासिं छायं हस(रं)ति,

---

દાસીઓએ અસભ્ય[H] વાક્યવાળા વચનોવડે અપમાનિત કરીને પરિવ્રાજિકાને બહાર કાઢી તેથી તે પરિવ્રાજિકા ગુસ્સે થઈ. આ બાજુ વારાણસીમાં ધર્મરુચિ રાજા હતો. ત્યાં આ પરિવ્રાજિકા ગઈ. એક પાટિયા ઉપર શ્રીકાંતાનું ચિત્ર દોરીને ધર્મરુચિ રાજાને દેખાડે છે. તે રાજા તેના ઉપર મોહિત થયો. દૂતને મોકલે છે. પરંતુ દૂતને મારી, અપમાનિત કરીને કાઢી મૂક્યો. તેથી ધર્મરુચિ રાજા સર્વ સૈન્ય સાથે આવે છે. નગરને ઘેરો ઘાલે છે. ઉદિતોદય રાજા વિચારે છે કે – 'યુદ્ધમાં નકામા લોકોને મારી નાંખવાનો શું મતલબ ? (એના કરતા બચવાનો કોઈ અન્ય ઉપાય કરું) "તે ઉપવાસ કરે છે જેથી વૈશ્રમણ[H] દેવ આવીને ધર્મરુચિ રાજાને પોતાના નગરમાં પહોંચાડે છે. ઉદિતોદય રાજાની આ પારિણામિકીબુદ્ધિ જાણવી.

૯. **નંદિષેણ મુનિ** : શ્રેણિકનો પુત્ર નંદિષેણ. તેનો એક શિષ્ય દીક્ષા છોડવાની ઇચ્છાવાળો હતો. નંદિષેણને વિચાર આવ્યો કે – "ભગવાન જો રાજગૃહી પધારે, તો ત્યાં દેવીઓ અને સાતિશય = પ્રભાવશાળી એવા અન્યોને જોઈને આ મારો શિષ્ય સંયમમાં સ્થિર થાય." ભગવાન રાજગૃહી ગયા. શ્રેણિક અને અન્ય કુમારો પોતાના અંતઃપુર સહિત ભગવાનને વંદન કરવા નીકળ્યા. તેમાં નંદિષેણનું શ્વેતવસ્ત્રો ધારણ કરનારું અંતઃપુર આભૂષણો વિનાનું પણ પદ્મિની સરોવરની વચ્ચે હંસલીઓની જેમ અન્ય સર્વ સ્ત્રીઓની છાયાને હરતુ હતું. (આશય એ છે કે નંદિષેણની રાણીઓએ જો કે આભૂષણો છોડ્યા હતા. શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા, પણ અત્યંત રૂપવાળી હોવાથી અન્ય સર્વ સ્ત્રીઓથી ચડી જતી હતી.)

---

३४. मुखमर्कटिकाभिर्विडम्बिता निष्काशिता, प्रद्वेषमापन्ना, वाराणस्यां धर्मरुची राजा, तत्र गता, फलकपट्टिकायां श्रीकान्ताया रूपं लिखित्वा दर्शयति धर्मरुचे राज्ञः, सोऽध्युपपन्नः, दूतं विसर्जयति, प्रतिहतोऽपमानितो निष्काशितः, तदा सर्वबलेनागतः नगरं रोधयति, उदितोदयश्चिन्तयति-किमेतावता जनक्षयेण कृतेन ?, उपवासं करोति, वैश्रमणेन देवेन स्वनगरं संहृतः । उदितोदयस्य पारिणामिकी बुद्धिः ॥ साधुश्च नन्दिषेण इति, श्रेणिकपुत्रो नन्दिषेणः, शिष्यस्तस्यावधावनोत्प्रेक्षी, तस्य चिन्ता ( जाता ) भगवान् यदि राजगृहं यायात् तर्हि देवीरन्यांश्च सातिशयान् प्रेक्ष्य यदि स्थिरो भवेदिति, भट्टारकश्च गतः, श्रेणिकः पुनर्निर्गच्छति सान्तःपुरः, अन्ये च कुमाराः सान्तःपुराः, नन्दिषेणस्य अन्तःपुरं श्वेताम्बरवसनं पद्मिनीमध्ये हंस्य इव मुक्ताभरणाः सर्वासां छायां हर(न्ति)ति, * सेतं परवरणं ।

**[35]सो ताओ दट्ठूण चिंतेइ–जइ भट्टारएण मम आयरिएण एरिसियाओ मुक्काओ किमंग पुण मज्झ मंदपुन्नस्स असंताण परिच्चइयं ? तंव्वियाणइ, णिव्वेयमावण्णो आलोइयपडिक्कंतो थिरो जाओ। दोण्हवि परिणामिगी बुद्धी ॥ धणदत्तो सुसुमाए पिया परिणामेइ–जइ एयं न खामो तो अंतरा मरामोत्ति, तस्स पारिणामिगी बुद्धी ॥ सावओ मुच्छिओ अज्झोववण्णो सावियाए वयंसियाए, तीसे परिणामो-मा मरिहित्ति अट्टवसट्टो नरएसु तिरिएसु वा उववज्जिहित्ति तीसे आभरणेहिं विणीओ, संवेगो, कहणं च, तीए पारिणामिया बुद्धी ॥ अमच्चो–वरधणुपिया जउघरे कए चिंतेइ–मा मारिओ होइ एस कुमारो, कहिंपी रक्खिज्जइ, सुरंगाए नीणिओ, पलाओ, एयस्सवि**

તે શિષ્ય તે સ્ત્રીઓને જોઈને વિચારે છે કે - "પૂજ્ય એવા મારા ગુરુએ જો આવી અતીવ સુંદર સ્ત્રીઓને છોડી છે, તો મંદપુણ્યવાળા એવા મારાવડે અવિદ્યમાનદેવીઓનું શું ત્યજાયું ? (અર્થાત્ જેમની પાસે હતું એમણે પણ જો છોડ્યું હોય, તો મારી પાસે તો કશું જ નહોતું, તેથી મારે શું ત્યાગવું, અર્થાત્ મારે તો સુતરામ્ છોડવું જોઈએ.) તે નિર્વેદ પામ્યો. આલોચના કરીને પાપથી પાછો ફરલો તે સંયમમાં સ્થિર થયો. નંદિષેણ અને તેના શિષ્ય બંનેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

**૭. ધનદત્ત :** સુસુમાના પિતા ધનદત્ત વિચારે છે કે – "જો અત્યારે હું મારી દિકરી સુસુમાનું માંસ નહિ ખાઉં તો, વચ્ચે જ મૃત્યુ પામીશ" આ તેની પારિણામિકીબુદ્ધિ જાણવી. (વિસ્તારથી આ દૃષ્ટાન્ત ભાગ-૩ ગા. ૮૭૧ની ટીકામાં છે ત્યાંથી જાણી લેવું.)

**૮. શ્રાવક :** એક શ્રાવક પોતાની પત્નીની સખી ઉપર મૂર્ચ્છિત=રાગી થયો. પત્નીએ વિચાર્યું કે - "આ મરે નહીં અને આર્તધ્યાનને પામેલો મરીને તિર્યંચ કે નરકમાં ઉત્પન્ન થાય નહીં" તે માટે સખીના આભૂષણો વિગેરે પહેરીને પોતે શ્રાવકની ઇચ્છાપૂર્ણ કરી. (બીજા દિવસે સવારે પશ્ચાત્તાપ થતાં) શ્રાવક વૈરાગ્ય પામ્યો. પત્નીએ વાત કરી. પત્નીની પારિણામિકીબુદ્ધિ જાણવી. (વિસ્તારથી આ દૃષ્ટાન્ત ભાગ-૧ ગા. ૧૩૪માં છે ત્યાંથી જાણી લેવું.)

**૯. મંત્રી :** લાખનું ઘર બન્યા પછી વરધનુપિતા વિચારે છે કે – 'આ કુમાર મૃત્યુ પામે નહીં, કોઈપણ રીતે આનું રક્ષણ કરવું જોઈએ.' એમ વિચારી મંત્રીએ સુરંગથી કુમારને (બ્રહ્મદત્તને) બહાર કાઢ્યો. તે ભાગી ગયો. મંત્રીની પારિણામિકીબુદ્ધિ જાણવી. (વિસ્તારથી કથાનક પરિશિષ્ટમાંથી જોવું.) અહીં અન્ય આચાર્યો બીજી રીતે દૃષ્ટાન્ત જણાવે છે.

---

३५. स ता दृष्ट्वा चिन्तयति–यदि भट्टारकेण ममाचार्येणेदृश्यो मुक्ताः किमङ्ग पुनर्मम मन्दपुण्यस्य असतीनां परित्यक्तं ? तद्विजानाति, निर्वेदमापन्नः आलोचितप्रतिक्रान्तः स्थिरो जातः । द्वयोरपि पारिणामिकी बुद्धिः ॥ धनदत्तः सुसुमायाः पिता परिणमयति–यद्येनां न खादेम तदाऽन्तरा म्रियेमहि इति, तस्य पारिणामिकी बुद्धिः ॥ श्रावको मूर्छितः अध्युपपन्नः श्राविकाया वयस्यायां, तस्याः परिणामः–मा मृतेत्यार्त्तवशार्त्तो नरकेषु तिर्यक्षु वा उत्पादीति तस्या आभरणैर्विनीतः ( अभिलाषः ) संवेगः, कथनं च, तस्याः पारिणामिकी बुद्धिः ॥ अमात्यः–वरधनुपिता जतुगृहे कृते चिन्तयति–मा मारितो भविष्यति एष कुमारः, कथमपि रक्ष्यते, सुरङ्गया निष्काशितः, पलायितः, एतस्यापि * परिच्चयइ + तव्वियाणंति ।

[36]पारिणामिया बुद्धी । अन्ने भणंति-एगो राया देवी से अइप्पिया कालगया, सो य मुद्धो, सो तीए वियोगदुक्खिओ न सरीरठिइं करेइ, मंतीहिं भणिओ–देव ! एरिसी संसारट्ठिइत्ति किं कीरइ ?, सो भणइ–नाहं देवीए सरीरट्ठिइं अकरेंतीए करेमि, मंतीहि परिचिंतियं–न अन्नो उवाओत्ति, पच्छा भणियं–देव ! देवी सग्गं गया तं तत्थट्ठियाए चेव से सव्वं पेसिज्जउ, लद्धकयदेवीट्ठिइपउत्तीए पच्छा करेज्जसुत्ति, रन्ना पडिस्सुयं, माइठाणेण एगो पेसिओ, रण्णो आगंतूण साहइ–कया सरीरट्ठिई देवीए, पच्छा राया करेइ, एवं पइदिणं करेंताण कालो वच्चइ, देवीपेसणववएसेण बहुं कडिसुत्तगाइ खज्जइ राया, एगेण चिंतियं–अहंपि खत्तिं करेमि, पच्छा राया दिट्ठो, तेण भणिओ–कुतो तुमं ?, भणइ-देव ! सग्गाओ, रण्णा भणियं–देवी दिट्ठत्ति, सो भणइ–तीए चेव पेसिओ

એક રાજા હતો. તેની અતિપ્રિય એવી દેવી મૃત્યુ પામી. તે રાજા દેવીમાં અત્યંત મુગ્ધ હતો. રાજા દેવીના વિયોગથી દુઃખી થયેલો પોતાના શરીરની ચિંતા કરતો નથી. મંત્રીઓએ રાજાને કહ્યું – "હે દેવ ! આ જ સંસારનું સ્વરૂપ છે ? એમાં બીજો શું કરે ?" રાજાએ કહ્યું – "દેવી શરીરચિંતા કરતી નથી માટે હું પણ કરીશ નહીં." મંત્રીઓએ વિચાર્યું – "હવે અન્ય કોઈ ઉપાય નથી." એમ વિચારી રાજાને કહ્યું – "હે દેવ ! દેવી સ્વર્ગમાં ગઈ છે. ત્યાં રહેલી દેવીને બધું મોકલો. (જેથી તે પોતાના શરીરની કાળજી કરી શકે.) પછી દેવીની સ્થિતિના સમાચાર જાણ્યા પછી તમે શરીરચિંતા કરજો." રાજાએ વાત સ્વીકારી. કપટથી એક પુરુષને દેવીના સમાચાર લેવા મોકલ્યો. આવીને તેણે રાજાને કહ્યું : "દેવીએ શરીરસ્થિતિ કરી છે." આ સાંભળી રાજા પણ પોતાના શરીરની ચિંતા કરે છે. આ પ્રમાણે રોજેરોજ દેવીના સમાચાર જાણ્યા પછી શરીરની ચિંતા કરતાં રાજાનો કાળ પસાર થાય છે.

દેવીને મોકલવાનાં બહાનાથી રાજા પાસેથી કંદોરો વિગેરે ઘણી કિંમતી વસ્તુઓ ચોરાવા લાગી. એટલે એક પુરુષે પણ વિચાર્યું કે – "હું પણ ભક્ષણ કરું." પછી તે પુરુષે રાજાને જોયો. રાજાએ પૂછ્યું - "તુ ક્યાંથી આવ્યો છે ?" તેણે કહ્યું – "દેવ ! હું સ્વર્ગમાંથી આવ્યો છું." રાજાએ પુછ્યું – "તમે દેવીને જોઈ ?" તેણે કહ્યું – "દેવીએ જ મને કંદોરો વિગેરે લેવા મોકલ્યો છે." રાજાએ તેને અલંકારો અપાવ્યા. પરંતુ ઇચ્છિત એવા અલંકારો કોઈ પ્રાપ્ત થયા નહીં. તેથી રાજાએ પૂછ્યું – "તું ક્યારે

३६. पारिणामिकी बुद्धिः । अन्ये भणन्ति–एको राजा देवी तस्यातिप्रिया कालगता, स च मुग्धः, स तस्या वियोगेन दुःखितो न शरीरस्थितिं करोति, मन्त्रिभिर्भणितः–देव ! एतादृशी संसारस्थितिरिति किं क्रियते ?, स भणति–नाहं देव्यां शरीरस्थितिमकुर्वत्यां करोमि, मन्त्रिभिः परिचिन्तितं–नान्य उपाय इति, पश्चाद्भणितं–देव ! देवी स्वर्गं गता तत्तत्र स्थितायायेव तस्यै सर्वं प्रेष्यतां, लब्धायां देवीकृतस्थितिप्रवृत्तौ पश्चात्क्रियतामिति, राज्ञा प्रतिश्रुतं, मातृस्थानेनैकः प्रेषितः, राज्ञे आगत्य कथयति–कृता शरीरस्थितिर्देव्या, पश्चात् राजा करोति, एवं प्रतिदिनं कुर्वतां कालो व्रजति, देवीप्रेषणव्यपदेशेन बहु कटीसूत्रादि खाद्यते राजा, एकेन चिन्तितं–अहमपि खादिर्तिं करोमि, पश्चाद्राजा दृष्टः, तेन भणितः–कुतस्त्वं ?, भणति–देव ! स्वर्गात्, राज्ञा भणितं–देवी दृष्टेति, स भणति–तयैव प्रेषितः

[३७]कडिसुत्तगाइनिमित्तंति, दवावियं से, जहिच्छियं किंपि ण संपडइ, रण्णा भणियं—कया गमिस्ससि ?, तेण भणियं—कल्लं, रण्णा भणियं—कल्लं ते संपाडेस्सं, मंती आदिट्ठा—सिग्घं संपाडेह, तेहिं चिंतियं—विनट्ठं कज्जं, को एत्थ उवाओत्ति विसण्णा, एगेण भणियं—धीरा होह अहं भलिस्सामि, तेण तं संपाडिऊण राया भणिओ—देव ! एस कहं जाहित्ति ?, रण्णा भणियं—अन्ने कहं जंतगा ?, तेण भणियं—अम्हे जं पट्ठवेंता तं जलणप्पवेसेणं, न अण्णहा सग्गं गमिस्सइ, रण्णा भणियं—तहेव पेसेह, तहा आढत्ता, सो विसण्णो, अण्णो य धुत्तो वायालो रण्णो समक्खं बहुं उवहसइ जहा—देविं भणिज्जसि—सिणेहवंतो ते राया, पुणोवि जं कज्जं तं संदिसेज्जासि, अण्णं च इमं च इमं च बहुविहं भणेज्जासि, तेण भणियं—देव ! णाहमेत्तिगं अविगलं भणिउं जाणामि, एसो चेव लट्ठो पेसिज्जउ, रण्णा पडिसुयं, सो तहेव णिज्जिउमाढत्तो, इयरो मुक्को,

જવાનો છે ?" તેણે કહ્યું – "કાલે જવાનો છું." રાજાએ કહ્યું – "કાલ સુધીમાં તને હું બધું આપી દઈશ." રાજાએ મંત્રીઓને આદેશ આપ્યો કે – "શીઘ્ર બધી વસ્તુ લાવો." મંત્રીઓએ વિચાર્યું – "આ તો આપણી બાજી બગડી, હવે અહીં કયો ઉપાય કરવો ?" બધા મંત્રીઓ ખેદ પામ્યા. તેમાં એક મંત્રીએ કહ્યું – "ધીરજ રાખો, હું બધું લાવી આપીશ." તે મંત્રીએ તે બધી વસ્તુને રાજા પાસે લાવીને રાજાને કહ્યું – "હે રાજન્ ! આ પુરુષ સ્વર્ગમાં કેવી રીતે જશે ?" રાજાએ કહ્યું – "બીજા પુરુષો કેવી રીતે જતા હતા ?" મંત્રીએ કહ્યું – "અમે જેમને સ્વર્ગમાં મોકલતા હતા તેઓને અગ્નિમાં પ્રવેશ કરાવવા દ્વારા મોકલતા હતા, આના સિવાય બીજી રીતે કોઈ સ્વર્ગમાં જઈ શકે નહીં." રાજાએ કહ્યું – "તો આને પણ એ જ રીતે મોકલો." મંત્રીએ પેલા પુરુષને સ્વર્ગમાં મોકલવા અગ્નિ વિગેરેની તૈયારી કરી. પેલો પુરુષ ખેદ પામ્યો.

તે સમયે ત્યાં એક અન્ય ધુતારો વાચાળ પુરુષ રાજા સામે પેલા પુરુષની મશ્કરી કરતા કહે છે– "તું દેવીને કહેજે કે તારા ઉપર રાજા ઘણા સ્નેહવાળો છે, તેથી ફરી પણ જે કોઈ કામકાજ હોય તે જણાવે. વળી બીજું આટલું, આટલું જઈને તું દેવીને કહેજે." પેલા પુરુષે રાજાને કહ્યું – "રાજન્ ! સંપૂર્ણ આ બધી વાતો કરવા હું સમર્થ નથી, આ જ પુરુષ સુવ્યવસ્થિત છે તેથી આને જ મોકલો". રાજાએ એની વાત સ્વીકારી લીધી. તેથી તે વાચાળ પુરુષને જ સ્વર્ગમાં

३७. कटीसूत्रादिनिमित्तमिति, दापितं तस्मै, यथेष्टं किमपि न संपद्यते, राज्ञा भणितं—कदा गमिष्यसि ?, तेन भणितं—कल्ये, राज्ञा भणितं—कल्ये ते संपादयिष्यामि, मन्त्रिण आदिष्टाः—शीघ्रं संपादयत, तैश्चिन्तितं—विनष्टं कार्यं, कोऽत्रोपाय इति विषण्णाः, एकेन भणितं—धीरा भवत अहं मेलयिष्यामि, तेन तत् संपाद्य राजा भणितः—देव ! एष कथं गमिष्यतीति ?, राज्ञा भणितं—अन्ये कथं याताः ?,तेन भणितं-वयं यं प्रास्थापयिष्यंस्तं ज्वलनप्रवेशेन, नान्यथा स्वर्गं गमिष्यति, राज्ञा भणितं—तथैव प्रेषयत, तथा आरब्धवन्तः (प्रेषयितुं), स विषण्णः, अन्यश्च धूर्तो वाचालो राज्ञः समक्षं बहूपहसति यथा—देवीं भणेः—स्नेहवान् त्वयि राजा, पुनरपि येन कार्यं तत् संदिशेः, अन्यच्च इदं चेदं च बहुविधं भणेः, तेन भणितं-देव ! नाहमेतावदविकलं भणितुं जाने, एष एव लष्टः प्रेष्यतां, राज्ञा प्रतिश्रुतं, स तथैव नेतुमारब्धः, इतरो मुक्तः,

अवरस्स माणुसाणि, से विसण्णाणि पलवंति–हा ! देव ! अम्हेहिं किं करेज्जामो ?, तेण भणियं–नियतुंडं रक्खेज्जह, पच्छा मंतीहिं खरंडिय मुक्को, मडगं दड्ढं, मंतिस्स पारिणामिया ॥ खमएत्ति, खमओ चेल्लएण समं भिक्खं हिंडइ, तेण मंडुक्कलिया मारिया, आलोयणवेलाए णालोएइ, खुड्डुएणं भणियं–आलोएहित्ति, रुट्ठो आहणामित्ति थंभे अब्भिडिओ मओ, एगत्थ विराहियसामण्णाणं कुले दिट्ठीविसो सप्पो जाओ, जाणंति परोप्परं, रत्तिं चरंति मा जीवे मारेहामित्ति, फासुगं आहारेमित्ति । अण्णया रण्णो पुत्तो अहिणा खइओ मओ य, राया पउसमावण्णो, जो सप्पं मारेइ तस्स दीणारं

---

મોકલવાની તૈયારી થઈ. પેલા બીજા પુરુષને છોડી દીધો. જે વાચાળ પુરુષ હતો તેના કુટુંબીજનો દુઃખી થયેલા રાજાને કહે છે – 'હે દેવ! અમારાવડે શું કરવા યોગ્ય છે ? (અર્થાત્ આ વાચાળ જો સ્વર્ગમાં જતો રહેશે તો અહીં અમારું ભરણ–પોષણ કોણ કરશે ?)' મંત્રીએ કહ્યું – 'તમે શાંત રહો.' પાછળથી પેલા વાચાળને મંત્રીઓએ ઠપકો આપી છોડી દીધો. અગ્નિમાં એક મૃત કલેવરને બાળી નાંખ્યું. મંત્રીની આ પારિણામિકીબુદ્ધિ જાણવી.

**૧૦. તપસ્વી :** એક તપસ્વી સાધુ નૂતન દીક્ષિત સાથે ગોચરી લેવા જાય છે. કોઈક રીતે તપસ્વીના (પગ નીચે આવીને) દેડકી મરી ગઈ. સાંજના સમયે આલોચના કરતી વેળાએ તપસ્વી સાધુએ દેડકી મર્યાની આલોચના કરી નહીં. નૂતનદીક્ષિતે કહ્યું – 'આલોચના કરો.' (આમ, વારંવાર કહેવાથી) પેલો તપસ્વી ક્રોધે ભરાયો. 'આને મારુ' એમ વિચારી ક્ષુલ્લક સાધુની પાછળ તે દોડતા થાંભલા સાથે અથડાતા મૃત્યુ પામ્યો.

ત્યાંથી મરીને વિરાધિત શ્રામણ્યના (પૂર્વભવમાં સંયમની વિરાધના કરીને આવેલા જીવોના) કુળમાં દૃષ્ટિવિષ સર્પ થયો. (જાતિસ્મરણ જ્ઞાનવડે) તેઓ એકબીજાને ઓળખે છે. (પૂર્વભવમાં સંયમની વિરાધના ફળે સાપ થયા છે એવું જાણી) "હવે મારે જીવોને મારવા નથી" એમ વિચારી તે બધાં રાત્રિએ ચરે છે. (કારણ કે જો દિવસે બહાર નીકળે અને સૂર્યના કિરણો આંખ ઉપર પડતા આંખમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળતા ઘણા જીવો મરી જાય.) રાત્રિએ તેઓ અચિત્ત વસ્તુ જ ખાય છે.

એકવાર કોઈ સાપે રાજપુત્રને ડંખ મારતા તે પુત્ર મૃત્યુ પામ્યો. તેથી રાજા અત્યંત ક્રોધે ભરાયો. તેણે ગામમાં ઘોષણા કરાવી કે – "જે સાપને મારે તેને રાજા દીનાર આપશે." (તેથી

---

३८. अपरस्य मनुष्याः, ते विषण्णाः प्रलपन्ति–हा ! देव ! अस्माभिः किं कार्यं ?, तेन भणितं–निजतुण्डं रक्षत, पश्चान्मन्त्रिभिः संतर्ज्य ( निर्भर्त्स्य ) मुक्तः, मृतकं दग्धं, मन्त्रिणः पारिणामिकी ॥ क्षपक इति, क्षपकः शैक्षेण समं भिक्षां हिण्डते, तेन मण्डूकिका मारिता, आलोचनावेलायां नालोचयति, क्षुल्लकेन भणितं–आलोचयेति, रुष्ट आहन्मीति स्तम्भे आहतो मृतः, एकत्र विराद्धश्रामण्यानां कुले दृष्टिविषः सर्पो जातः, जानन्ति परस्परं, रात्रौ चरन्ति, मा जीवान् मीमरामेति, प्रासुकमाहारयाम इति । अन्यदा राज्ञः पुत्रोऽहिना दष्टः मृतश्च, राजा प्रद्वेषमापन्नः, यः सर्पं मारयति तस्मै दीनारं

देइ[३९], अण्णया आहिंडिएणं ताणं रेक्काओ दिट्ठाओ, तं बिलं ओसहीहिं धमति, सीसाणि णिंताणि छिंदइ, सो अभिमुहो न णीइ, मा मारेहामि किंचित्ति जाइस्सरणत्तणेण, तं निग्गयं निग्गयं छिंदइ, तेण पच्छा रायाए उवणीयाणि, सो राया णागदेवयाए बोहिज्जइ, वरो दिण्णो—कुमारो होहित्ति, सो खमगसप्पो मओ समाणो तत्थ राणियाए णागदत्तो पुत्तो जाओ, उम्मुक्कबालभावो साहुं दट्ठुं जाइं संभरित्ता पव्वइओ । सो य छुहालुगो अभिग्गहं गेण्हइ—मए ण रूसियव्वंति, दोसीणस्स हिंडइ, तस्स य आयरियस्स गच्छे चत्तारि खमगा—मासिओ दोमासिओ तिमासिओ चउमासिओ, रत्तिं देवया आगया, ते सव्वे खमए अइक्कमित्ता खुड्डयं वंदइ, खमएण निग्गच्छंती हत्थे गहिया, भणिया य—कडगपूयणे ! एयं तिकालभोइयं वंदसि, इमे महातवस्सी न वंदसित्ति,

લોકો શોધી શાધીને સાપને મારવા લાગ્યા.) એકવાર સાપની શોધમાં નીકળેલા પુરુષને તે દૃષ્ટિવિષ સર્પોની રેખાઓ દેખાઈ. (તે રેખાઓની પાછળ-પાછળ જતા પુરુષોએ તેમના બિલોને શોધી લીધા. તે બિલમાંથી સાપોને બહાર કાઢવા માટે તેઓ) તે બિલ પાસે ઔષધિઓવડે ધૂમાડો કરે છે. જેથી ધૂમાડો બિલમાં પ્રવેશતા ગભરામણ થતાં સાપો બહાર આવે છે. બહાર નીકળતા જ તેમના મસ્તકોને તે પુરુષો છેદી નાંખે છે. જાતિસ્મરણજ્ઞાન થયેલું હોવાથી આ તપસ્વીનો જીવ અભિમુખ બહાર નીકળતો નથી – 'ક્યાંય કોઈ મરી ન જાય.' જેમ જેમ તે પૂછડીના ભાગે બહાર નીકળતો જાય છે તેમ તેમ લોકો તેના ટુકડા કરતા જાય છે.

આ બધાં મૃત સાપોને લોકો રાજા પાસે લઈ ગયા. તે રાજાને નાગદેવતાએ પ્રતિબોધિત કર્યો અને તેને વરદાન આપ્યું કે 'કુમાર થશે.' તે તપસ્વી સાપ મરીને ત્યાં જ રાણીવડે નાગદત્ત નામે પુત્રરૂપે જન્મ્યો. થોડો મોટો થતાં સાધુને જોઈને નાગદત્તને જાતિસ્મરણ થતાં તેણે દીક્ષા લીધી. તે ક્ષુધાલુ અભિગ્રહને ધારણ કરે છે કે – 'મારે રોષ કરવો નહીં.' રોજ સવારે અંત-પ્રાંત ભોજન માટે ભમે છે. તેના આચાર્યના ગચ્છમાં ચાર તપસ્વીઓ હતા. તેમાં એક તપસ્વી એક માસના ઉપવાસ કરતા હતા. બીજાને બે મહિનાના, ત્રીજાને ત્રણ મહિનાના અને ચોથાને ચાર મહિનાના ઉપવાસ ચાલતા હતા. (સવારના ગોચરી માટે આ સાધુને જતા જોઈને ચારે તપસ્વીઓ આની નિંદા કરે છે.) એકવાર રાત્રિએ દેવી આવી. તે ચારે તપસ્વીઓને છોડીને દેવી તે નૂતન દીક્ષિતને વંદન કરે છે. વંદન કરીને પાછી જતી દેવીનો હાથ એક તપસ્વીએ પકડ્યો

३९. ददाति, अन्यदाऽऽहिण्डकेन तेषां रेखा दृष्टाः, तद्बिलमोषधीभिर्धमति, शीर्षाणि निर्गच्छन्ति छिनत्ति, सोऽभिमुखो न निर्याति, मा मीमरं किञ्चिदपि जातिस्मरत्वेन, तं निर्गतं निर्गतं छिनत्ति, तेन पश्चाद्राज्ञ उपनीतानि, स राजा नागदेवतया बोध्यते, वरो दत्तः—कुमारो भविष्यतीति, स क्षपकसर्पो मृतः सन् तत्र राज्ञ्या नागदत्तः पुत्रो जातः, उन्मुक्तबालभावः साधुं दृष्ट्वा जातिं संस्मृत्य प्रव्रजितः । स च क्षुधालुरभिग्रहं गृह्णाति—मया न रुषितव्यमिति, पर्युषिताय हिण्डते, तस्य चाचार्यस्य गच्छे चत्वारः क्षपकाः—मासिको द्विमासिकस्त्रिमासिकोः चतुर्मासिकः, रात्रौ देवता आगता, तान् सर्वान् अतिक्रम्य क्षुल्लकं वन्दते, क्षपकेण निर्गच्छन्ती हस्ते गृहीता, भणिता च – कटपूतने ! एनं त्रिकालभोजिनं वन्दसे ?, इमान् महातपस्विनो न वन्दस इति,

साँ भणइ–भावखमगं वंदामि न दव्वखमएत्ति, गया, पभाए दोसीणगस्स गओ, निमंतेति, एगेण गहाय पाए खेलो छूढो, भणइ–मिच्छामि दुक्कडं खेलमल्लो तुब्भं णोवणीओ, एवं सेसेहिवि, जेमेउमारद्धो, तेहिं वारिओ, निव्वेगमावण्णो, पंचवि सिद्धा, विभासा, सव्वेसिं पारिणामिया बुद्धी ॥ अमच्चपुत्तो वरधणू, तस्स तेसु तेसु पओयणेसु पारिणामिया, जहा माया मोयाविया, सो पलाइओ, एवमाइ सव्वं विभासियव्वं । अण्णे भणंति–एगो मंतिपुत्तो कप्पडियरायकुमारेण समं हिंडइ, अण्णया निमित्तिओ घडिओ, रत्तिं देवकुंडिसंठियाणं सिवा रडइ, कुमारेण नेमित्तिआ पुच्छिओ–किं

અને કહ્યું – 'હે કટપૂતના ! આ ત્રણ ટાઈમ ખાનારાને તું વંદન કરે છે પણ આ મહાતપસ્વીઓને તું વંદન કરતી નથી.' દેવીએ કહ્યું – 'હું ભાવથી તપ કરનારને વંદન કરું છું નહીં કે દ્રવ્યથી તપ કરનારને' એમ કહી દેવી ચાલી ગઈ. બીજા દિવસે સવારે અંત-પ્રાંત (ભિક્ષા) લેવા સાધુ ગયો. પાછા આવીને ગોચરીનો લાભ આપવા માટે તપસ્વીઓને નિમંત્રણ કરે છે. તેમાં એક તપસ્વીએ પાત્રને લઈ તેમાં શ્લેષ્મ નાંખ્યું. પેલા સાધુ કહ્યું – 'મને ક્ષમા કરજો, મેં તમને શ્લેષ્મ માટેનો વાટકો આપ્યો નહીં.' આ જ પ્રમાણે ચારે તપસ્વીઓએ એક સરખુ વર્તન કર્યું. ત્યાર પછી તે સાધુ ગોચરી વાપરવા બેઠો, તો તે તપસ્વીઓએ તેને ગોચરી વાપરવા દીધી નહીં (અર્થાત્ સાધુ થઈને પણ શું સવારના પોરમાં ખાવા બેસી જાય છે. કંઈ તપ કરતો જ નથી વિગેરે આક્રોશવચનો કહ્યા. આ સાંભળતાં જ નાગદત્ત સાધુને પોતાના ઉપર તપ ન કરવા બદલ ઘોર પશ્ચાત્તાપ થયો. તેના કારણે) તે નાગદત્ત સાધુ નિર્વેદને પામ્યો. (કેવલજ્ઞાન થયું. શેષ ચારને પણ પશ્ચાત્તાપ થયો. તેમને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. ક્રમશઃ) પાંચે સિદ્ધ થયા વિગેરે વર્ણન જાણી લેવું. સર્વની પારિણામિકીબુદ્ધિ જાણવી. (અર્થાત્ ચારે તપસ્વીઓનાં આક્રોશ વચનો સાંભળવા છતાં નાગદત્ત સાધુ સમાધિમાં રહ્યો તે એની પારિણામિકીબુદ્ધિ હતી. તથા નાગદત્ત સાધુને કેવલજ્ઞાન થતાં શેષ ચારેને જે પશ્ચાત્તાપ થયો તે એઓની પારિણામિકીબુદ્ધિ હતી.)

**૧૧. અમાત્યપુત્ર :** અમાત્યપુત્ર વરધનુ, તેની તે તે પ્રયોજનમાં પારિણામિકીબુદ્ધિ જાણવી, જેમ કે, બ્રહ્મદત્ત (ચક્રવર્તીને) માતા પાસેથી છોડાવી ભગાડવામાં મદદ કરી... વિગેરે સર્વ વર્ણન અહીં (દૃષ્ટાન્ત ૯માંથી) જાણી લેવું.

અહીં આ સ્થાને અન્ય આચાર્યો બીજી રીતે દૃષ્ટાન્ત બતાવે છે - એક મંત્રીપુત્ર કાર્પટિકવેષધારી રાજકુમાર સાથે ભમે છે. એકવાર નૈમિત્તિક મળ્યો. ત્રણે જણા રાત્રિએ દેવના મંદિરમાં રહ્યા

૪૦. सा भणति–भावक्षपकं वन्दे न द्रव्यक्षपकान् इति गता, प्रभाते पर्युषिताय गतः, निमन्त्रयति, एकेन गृहीत्वा श्लेष्म क्षिप्तं, भणति–मिथ्या मे दुष्कृतं श्लेष्ममल्लकं युष्मभ्यं नार्पितं, एवं शेषैरपि, जिमितुमारब्धः, तैर्वारितः, निर्वेदमापन्नः, पञ्चापि सिद्धाः, विभाषा, सर्वेषां पारिणामिकी बुद्धिः ॥ अमात्यपुत्रो वरधनुः, तस्य तेषु तेषु प्रयोजनेषु पारिणामिकी, यथा माता मोचिता, स पलायितः, एवमादि सर्वं विभाषितव्यं । अन्ये भणन्ति–एको मन्त्रिपुत्रः कार्पटिकराजकुमारेण समं हिण्डते, अन्यदा नैमित्तिको घटितः (मीलितः), रात्रौ देवकुलिकासंस्थितेषु शिवा रटति, कुमारेण नैमित्तिकः पृष्टः–किं

एँसा भणइत्ति, तेण भणियं–इमं भणइ–इमंसि नदितित्थंमि पूराणीयं कलेवरं चिट्ठइ, एयस्स कडीए सतं पायंकाणं, कुमार ! तुमं गिण्हाहि, तुज्झ पायंका मम य कलेवरंति, मुद्दियं पुण न सक्कुणोमित्ति, कुमारस्स कोडुं जायं, ते वंचिय एगागी गओ, तहेव जायं, पायंके घेत्तूण पच्चागओ, पुणो रडइ, पुणो पुच्छिओ, सो भणइ–चप्फलिगाइयं कहेइ, एसा भणइ–कुमार! तुज्झवि पायंकसयं जायं मज्झवि कलेवरंति, कुमारो तुसिणीओ जाओ, अमच्चपुत्तेण चिंतियं, पेच्छामि से सत्तं किं किवणत्तणेण गहियं आउ सोंडीरयाए ?, जइ किवणत्तणेण कयं न एयस्स रज्जंति नियत्तामि, पच्चूसे भणइ–वच्चह तुब्भे, मम पुण सूलं कज्जइ न सक्कुणामि गंतुं, कुमारेण भणियं–न जुत्तं तुमं मोत्तूण गंतुं, किंतु मा कोइ एत्थ मे* जाणेहित्ति तेणवच्चामो, पच्छा

હતા, ત્યારે શિયાળણ રડે છે. કુમારે નૈમિત્તિકને પુછ્યું – 'આ શું કહે છે ?' નૈમિત્તિકે કહ્યું– 'તે એ કહેવા માંગે છે કે – આ નદીના કિનારે જુનું એક ક્લેવર છે, તેની કમરમાં એકસો સિક્કા છે. તેથી હે કુમાર! તું તે સિક્કાઓને ગ્રહણ કર, તે સિક્કા તારા અને ક્લેવર મારું, (કારણ કે) બંધાયેલ તે ક્લેવરને ખાવા હું સમર્થ નથી.' કુમારને કૌતુક ઉત્પન્ન થયું. પોતાની સાથે રહેલાઓને ઠગીને તે એકલો નદી કિનારે ગયો. તે જ પ્રમાણેનું ક્લેવર ત્યાં હતું. તે કુમાર સિક્કાઓને લઈને પાછો ફર્યો. શિયાળણ પાછી રડે છે.

ફરી કુમાર નૈમિત્તિકને રડવાનું કારણ પુછે છે. નૈમિત્તિકે કહ્યું – 'હવે તે નકામું રુદન કરે છે, તે કહે છે – 'હે કુમાર ! તમને એકસો સિક્કા મળ્યા અને મને પણ ક્લેવર મળ્યું.' કુમાર મૌન રહ્યો. અમાત્યપુત્રે વિચાર્યું કે – 'જોઉં તેનું સત્વ કેવું છે ? શું લોભથી તેણે સિક્કા ગ્રહણ કર્યા છે કે શીરવૂરતાથી ગ્રહણ કર્યા છે ? (અર્થાત્ લોભ હોવાને કારણે અમને કહ્યા વગર કુમાર એકલો સિક્કા લેવા ગયો કે પોતે શૂરવીર હતો એટલે હું એકલો જ સમર્થ છું એમ શૂરવીરતાને કારણે પોતે એકલો લેવા ગયો.) જો તેણે લોભથી ગ્રહણ કર્યા હશે તો તેને રાજ્ય મળશે નહીં, તેથી હું એકલો પાછો ફરીશ.' બીજા દિવસે સવારે અમાત્યપુત્રે કહ્યું – 'તમે જાઓ, મને શૂલ ઉત્પન્ન થયેલું હોવાથી હું જવા માટે સમર્થ નથી.' કુમારે કહ્યું – 'તને છોડીને જવું એ ઉચિત નથી, પણ અહીં કોઈ મને ઓળખી ન જાય તે માટે આપણે અન્યત્ર જઈએ.' એમ કહી પાછળથી

૪૧. एषा भणतीति, तेन भणितं–इदं भणति–अस्मिन्नदीतीर्थे पौराणिकं कलेवरं तिष्ठति, एतस्य कट्यां शतं पादाङ्कानां ( मुद्राविशेषाणां ), कुमार ! त्वं गृहाण, तव पादाङ्का मम च कलेवरमिति मुद्रितं पुनर्न शक्नोमीति, कुमारस्य कौतुकं जातं, तान् वञ्चयित्वा एकाकी गतः, तथैव जातं, पादाङ्कान् गृहीत्वा प्रत्यागतः, पुना रटति, पुनः पृष्टः, स भणति–चप्फलिकादिकं ( कौतूहलिकं ) कथयति, एषा भणति– कुमार ! तवापि पादाङ्कशतं जातं ममापि कलेवरमिति, कुमारस्तूष्णीको जातः, अमात्यपुत्रेण चिन्तितं, पश्याम्यस्य सत्त्वं किं कृपणत्वेन गृहीतमातः शौण्डीर्येण ?, यदि कृपणत्वेन कृतं नैतस्य राज्यमिति निवर्त्ते, प्रत्यूषसि भणति–व्रजत यूयं, मम पुनः शूलं क्रियते ( पीडयति ) न शक्नोमि गन्तुं, कुमारेण भणितं– न युक्तं त्वां मुक्त्वा गन्तुं, किन्तु मा कोऽप्यत्र मां ज्ञासीत् तेन व्रजावः, पश्चात् * एगट्ठाणे.

[४२] कुलपुत्तगघरं णीओ समप्पिओ, तं च सव्वं पेज्जामोल्लं दिन्नं, मंतिपुत्तस्स उवगयं जहा–सोंडीरयाएत्ति, भणियं चऽणेण–अत्थि मे विसेसो अओ गच्छामि, पच्छा गओ, कुमारेण रज्जं पत्तं, भोगावि से दिण्णा, एयस्स पारिणामिगी बुद्धी ॥ चाणक्को–गोल्लविसए चणयग्गामो, तत्थ य चणगो माहणो, सो य सावओ, तस्स घरे साहू ठिया, पुत्तो से जाओ सह दाढाहिं, साहूण पाएसु पाडिओ, कहियं च–राया भविस्सइत्ति, मा दुग्गइं जाइस्सइति दंता घट्ठा, पुणोऽवि आयरियाणं कहियं, भणइ–किं कज्जउ ?, एत्ताहे बिंबंतरिओ भविस्सइ, उम्मुक्कबालभावेण चोद्दस विज्जाट्ठाणाणि आगमियाणि, सो य सावओ संतुट्ठो, एगाओ भद्दमाहणकुलाओ भज्जा से आणिया । अण्णया कम्हिवि कोउते माइघरं भज्जा से गया, केइ भणंति–भाइविवाहे गया, तीसे य भगिणीओ

તેઓએ મંત્રીપુત્રને કુલપુત્રના ઘરે લઈ ગયા અને ત્યાં કુલપુત્રકને અમાત્યપુત્ર નિરોગી કરવા સોંપ્યો. નીરોગી થવા માટેનો જેટલો ખર્ચ થયો તે બધો કુમારે આપ્યો. તેથી મંત્રીપુત્રને લાગ્યું કે – કુમારે લોભથી નહીં પણ પોતાની શૂરવીરતાથી સિક્કા ગ્રહણ કર્યા હતા. મંત્રીપુત્રે કહ્યું – 'મારી વેદના શાંત થઈ છે તેથી, આપણે જઈએ.' તેઓ ગયા. કુમારે રાજ્ય પ્રાપ્ત કર્યું. મંત્રીપુત્રને ભોગો પણ આપ્યા. મંત્રીપુત્રની પારિણામિકીબુદ્ધિ જાણવી.

**૧૨. ચાણક્ય :** ગોલ્લ નામના દેશમાં ચણક નામનું ગામ હતું. ત્યાં ચણક નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે શ્રાવક હતો. તેના ઘરે સાધુઓ રોકાયા. ચણકને ત્યાં દાઢાઓ સહિતના પુત્રનો જન્મ થયો. પુત્રને સાધુઓના ચરણે પાડ્યો. સાધુઓએ કહ્યું –'આ બાળક રાજા થશે.' આ સાંભળી 'પુત્ર દુર્ગતિમાં ન જાઓ' એમ વિચારી તેના (આગળ આવેલા) દાંતો ઘસી નાંખ્યા. ફરીથી બ્રાહ્મણે આચાર્યને પૂછ્યું. આચાર્યે કહ્યું – 'શું કરાય ?હવે તે બિંબાંતરિત રાજા (પડદા પાછળનો રાજા) થશે.

થોડોક મોટો થતાં તે પુત્રે ચૌદ વિદ્યાસ્થાનો ભણી લીધા. તેના પિતા સંતોષ પામ્યા. ભદ્રકપરિણામી એવા એક બ્રાહ્મણકુલમાંથી પુત્ર માટે પત્ની લાવી. એકવાર કોઈક કૌતુકમાં પત્ની માતાના ઘરે ગઈ. કેટલાક આચાર્યો કહે છે – ભાઈનો વિવાહપ્રસંગ હોવાથી માતાના ઘરે ગઈ. તેની બહેનો અન્ય ધનાઢ્ય વ્યક્તિઓને આપેલી હતી. તે બધી અલંકૃત અને વિભૂષિત થયેલી

---

४२. कुलपुत्रकगृहं नीतः समर्पितः, तच्च सर्वं पेया ( पोषण ) मूल्यं दत्तं, मन्त्रिपुत्रस्योपगतं यथा–शौण्डीर्येणेति, भणितं चानेन–अस्ति मे विशेषः अतो गच्छामि, पश्चाद्गतः, कुमारेण राज्यं प्राप्तं, भोगा अपि तस्मै दत्ताः, एतस्य पारिणामिकी बुद्धिः । चाणक्यः–गोल्लविषये चणकग्रामः, तत्र च चणको ब्राह्मणः, स च श्रावकः, तस्य गृहे साधवः स्थिताः, पुत्रस्तस्य जातः सह दंष्ट्राभिः, साधूनां पादयोः पातितः, कथितं च–राजा भविष्यतीति, मा दुर्गतिं यासीदिति दन्ता घृष्टाः, पुनरप्याचार्येभ्यः कथितं, भणति–किं क्रियतां ?, अधुना ( अतः ) बिम्बान्तरितो ( राजा ) भविष्यति, उन्मुक्तबालभावेन चतुर्दश विद्यास्थानान्यागमितानि ( प्राप्तानि ), स च श्रावकः संतुष्टः, एकस्मात् भद्रब्राह्मणकुलात् भार्या तस्यानीता। अन्यदा कस्मिंश्चिदपि कौतुके मातृगृहं भार्या तस्य गता, केचिद्भणन्ति–भ्रातृविवाहे गता, तस्याश्च भगिन्यो–

[४३]अण्णेसिं खद्धादाणियाणं दिण्णेल्लियाओ ताओ अलंकियविभूसियाओ आगयाओ, सव्वोऽवि परियणो ताहिं समं संलवएति, सा एगंते अच्छइ, अद्धिई जाया, घरं आगया, ससोगा, निब्बंधे सिट्ठं, तेण चिंतियं–नंदो पाडलिपुत्ते देइ तत्थ वच्चामि, तओ कत्तियपुण्णिमाए पुव्वण्णत्थे आसणे पढमे णिसण्णो, तं च तस्स सल्लीपतियस्स सया ठविज्जइ, सिद्धपुत्तो य णंदेण समं तत्थ आगओ भणइ–एस बंभणो णंदवंसस्स छायं अक्कमिऊण ठिओ, भणिओ दासीए भगवं ! बितिए आसणे णिवेसाहि, अत्थु, बितिए आसणे कुंडियं ठवेइ, एवं ततिए दंडयं, चउत्थे गणित्तियं, पंचमे जण्णोवइयं, धिट्ठोत्ति निच्छूढो, पाँओ उक्खित्तो, अण्णया य भणइ–'कोशेन भृत्यैश्च निबद्धमूलं, पुत्रैश्च मित्रैश्च विवृद्धशाखम् । उत्पाट्य नन्दं परिवर्तयामि, महाद्रुमं वायुरिवोग्रवेगः ॥१॥' निग्गओ मग्गइ पुरिसं,

આવી હતી. બધાં જ પરિવારજનો તે બહેનો સાથે વાતચીત કરતા હતા. (પરંતુ આની સાથે કોઈ બોલતું નહોતુ.) તે એકલી એકાંતમાં ઊભી રહે છે. તેને અધૃતિ થઈ. પાછી શોક સહિત સાસરે આવી ગઈ. પતિનો આગ્રહ થતાં બધી વાત કરી. ચાણક્યે વિચાર્યું – 'પાટલિપુત્રમાં નંદ રાજા મને સહાય કરશે, ત્યાં હું જાઉં.' ત્યારપછી તે નગરમાં કાર્તિક પૂર્ણિમાને દિવસે પહેલેથી ગોઠવેલા પ્રથમ આસન ઉપર ચાણક્ય બેઠો. ખરેખર તે આસન સદા માટે શલ્લકીપતિ (નંદરાજા) માટે રાખવામાં આવતું હતું. નંદરાજા સાથે આવેલો સિદ્ધપુત્ર કહે છે કે - 'આ બ્રાહ્મણ નંદવંશની છાયાને ઓળંગીને બેઠો છે'.

દાસીએ ચાણક્યને કહ્યું - 'ભગવન્ ! બીજા આસન ઉપર તમે બેસો.' સારૂ, બીજા આસન ઉપર ચાણક્ય પોતાનું કમંડળ (પાણી માટેનું સાધન) રાખે છે. આ પ્રમાણે ત્રીજા આસન ઉપર પોતાનો દંડ મૂકે છે, ચોથા ઉપર માળા અને પાંચમા ઉપર જનોઈ રાખે છે. 'ધૃષ્ટ' છે એમ કહી રાજપુરુષોએ ચાણક્યને બહાર કાઢ્યો. ત્યાં તેણે (મનમાં) [म]પ્રતિજ્ઞા કરી અને એકવાર (પ્રગટરૂપે) તે બોલ્યો – 'ધનભંડાર અને નોકર-ચાકરોવડે બંધાયેલું છે મૂલ જેનું (અર્થાત્ પુષ્કળ ધનસંપત્તિ અને નોકર ચાકરવાળા), પુત્રો અને મિત્રોવડે ફેલાયેલી શાખાવાળા (અર્થાત્ પુત્રો અને મિત્રોવડે ચારે બાજુ ફેલાયેલી છે કીર્તિ જેની તેવા) નંદને ઉપાડીને, ઉગ્રગતિવાળો વાયું જેમ મહાવૃક્ષને ઉપાડીને દૂર ફેંકી દે છે, તેમ હું (તેને) દૂર ફેંકી દઈશ.' ત્યાંથી નીકળેલો ચાણક્ય યોગ્ય પુરુષની શોધમાં જાય છે. તેણે પૂર્વે સાંભળેલું હતું કે હું પડદા પાછળનો રાજા થઈશ. આ બાજુ નંદરાજાને

४३. अन्येषां प्रचुरादानीयानां ( धनाढ्येभ्यः ) दत्ताः, ता अलंकृतविभूषिता आगताः, सर्वोऽपि परिजनस्ताभिः समं संलपति, सैकान्ते तिष्ठति, अधृतिर्जाता, गृहमागता सशोका, निर्बन्धे शिष्टं, तेन चिन्तितं–नन्दः पाटलीपुत्रे ददाति तत्र व्रजामि, ततः ( तत्र ) कार्त्तिकपूर्णिमायां पूर्वन्यस्ते आसने प्रथमे निषण्णः, तच्च तस्य शल्लीपतेः ( नन्दस्य ) सदा स्थाप्यते, सिद्धपुत्रश्च नन्देन समं तत्रागतो भणति–एष ब्राह्मणः नन्दवंशस्य छायामाक्रम्य स्थितः, भणितो दास्या–भगवन् ! द्वितीय आसने उपविश, अस्तु, द्वितीये आसने कुण्डिकां स्थापयति, एवं तृतीये दण्डकं, चतुर्थे मालां, पञ्चमे यज्ञोपवीतं, धृष्ट इति निष्काशितः, पादः ( प्रतिज्ञा ) उत्क्षिप्तः ( मनसि स्थापिता ), अन्यदा च भणति–निर्गतो मार्गयति पुरुषं,

* पाओ पढमो ।

[44]सुयं चऽणेण बिंबंतरिओ राया होहामित्ति, नंदस्स मोरपोसगा, तेसिं गामं गओ परिव्वायगलिंगेणं, तेसिं च महत्तरधूयाए चंदपियणे दोहलो, सो समुदाणिंतो गओ, पुच्छंति, सो भणइ–जइ इमं मे दारगं देह तो णं पाएमि चंदं, पडिसुणेंति, पडमंडवे कए तद्दिवसं पुण्णिमा, मज्झे छिड्डं कयं, मज्झगए चंदे सव्वरसालूहिं दव्वेहिं संजोएत्ता दुद्धस्स थालं भरियं, सद्दाविया पेच्छइ पिबइ य, उवरिं पुरिसो अच्छाडेइ, अवणीए जाओ पुत्तो, चंदगुत्तो से नामं कयं, सोऽवि ताव संवड्ढइ, चाणक्को य धाउबिलाणि मग्गइ । सो य दारगेहिं समं रमइ रायणीईए, विभासा, चाणक्को पडिएइ, पेच्छइ, तेणवि मग्गिओ– अम्हवि दिज्जउ, भणइ—गावीओ लएहिं, मा मारेज्जा कोई, भणइ–वीरभोज्जा

ત્યાં અમુક પુરુષો મોરને પોષનારા હતા. તેથી ચાણક્ય પરિવ્રાજકવેષને ધારણ કરીને તેમના ગામમાં ગયો. તેઓના મુખ્ય વ્યક્તિની દીકરીને ચંદ્રપાનનો દોહલો ઉત્પન્ન થયો હતો. તે ભિક્ષા માંગતો-માંગતો તેમને ત્યાં પહોંચ્યો. લોકોએ ચંદ્રપાનનો ઉપાય પુછ્યો. એટલે ચાણક્યે કહ્યું - 'જો તમે આ જન્મ લેનાર બાળક મને સોંપતા હો, તો હું ચંદ્રપાન કરાવું'. તેઓએ વાત સ્વીકારી. ઉપર વસ્ત્રનો મંડપ તૈયાર કરાવ્યો. તે દિવસે પૂર્ણિમા હતી. મંડપની વચ્ચે છિદ્ર કરવામાં આવ્યું. જ્યારે આકાશમાં ચંદ્ર બરાબર મધ્યમાં આવ્યો ત્યારે સર્વરસોથી યુક્ત એવા દ્રવ્યોથી મિશ્રિત દૂધનો એક થાળ ભર્યો. પછી તે દીકરીને બોલાવી. (એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું કે જેથી છિદ્રના ભાગમાંથી ચંદ્રનું પ્રતિબિંબ દૂધથી ભરેલી થાળીમાં પડે.) દીકરી (થાળીમાં) ચંદ્રને જુએ છે અને પછી પીએ છે. મંડપ ઉપર એક પુરુષ બેસાડી રાંખ્યો હતો. જે જેમ જેમ દૂધ પીવાતું જાય તેમ તેમ છિદ્ર ઢાંકતો જાય.

દોહલો પૂર્ણ થતાં પુત્રનો જન્મ થયો. ચંદ્રગુપ્ત નામ પાડવામાં આવ્યું. તે મોટો થાય છે અને ચાણક્ય સુવર્ણરસાદિ શોધે છે. આ ચંદ્રગુપ્ત અન્ય બાળકો સાથે રાજનીતિથી રમે છે... વિગેરે વર્ણન જાણવું. ચાણક્ય પાછો ચંદ્રગુપ્તના ઘરે આવે છે. ત્યાં આ બાળકોને રાજરમત રમતા જુએ છે. (તેમાં ચંદ્રગુપ્ત રાજા બન્યો છે. અન્ય બાળકો મંત્રી, સામંતાદિ બન્યા છે. ચંદ્રગુપ્ત જેને યોગ્ય જે દેશ હોય તેને તે દેશ આપી રહ્યો હોય છે. તે વખતે)ચાણક્ય ચંદ્રગુપ્તને કહે છે - 'મને પણ કંઈક આપો.' ત્યારે ચંદ્રગુપ્ત કહે છે 'તમને ગાયો સોંપી.' ત્યારે ચાણક્યે કહ્યું — 'મને કોઈ મારશે નહીં ને ?' ચંદ્રગુપ્તે કહ્યું — 'આ પૃથ્વી વીરભોગ્ય છે.' (અર્થાત્ અહીં વીરપુરુષોનું

૪૪. श्रुतं चानेन बिम्बान्तरितो राजा भविष्यामीति, नन्दस्य मयरपोषकाः, तेषां ग्रामं गतः परिव्राजकवेषेण, तेषां च महत्तरस्य दुहितुः चन्द्रपाने दोहदः, स भिक्षयन् गतः, पृच्छन्ति, स भणति– यदि इमं दारकं मह्यं दत्त तदैनां पाययामि चन्द्रं, प्रतिशृण्वन्ति, पटमण्डपे कृते तद्दिवसे पूर्णिमा, मध्ये छिद्रं कृतं मध्यगते चन्द्रे सर्वरसाढ्यैर्द्रव्यैः संयोज्य दुग्धस्य स्थालो भृतः, शब्दिता पश्यति पिबति च, उपरि पुरुष आच्छादयति, अपनीते ( दौहदे ) जातः पुत्रः, चन्द्रगुप्तस्तस्य नाम कृतं, सोऽपि तावत्संवर्धते, चाणक्यश्च धातुवादान् ( स्वर्णरसादिकान् ) मार्गयति । स च दारकैः समं रमते राजनीत्या, विभाषा, चाणक्यः प्रत्येति, प्रेक्षते, तेनापि मार्गितः–मह्यमपि देहि, भणति–गा लाहि, मा मारिषि केनचित्, भणति–वीरभोज्या

[४५] पुहवी णातं जहा विण्णाणंपि से अत्थि, पुच्छिओ—कस्सत्ति ?, दारएहिं कहियं—परिव्वायगपुत्तो एसो, अहं सो परिव्वायगो, जामु जा ते रायाणं करेमि, पलाओ, लोगो मिलिओ, पाडलिपुत्तं रोहियं । णंदेण भग्गो परिव्वायगो, आसेहिं पिट्ठीओ लग्गो, चंदगुत्तो पउमसरे निब्बुडो, इमो उपस्पृशति, सण्णाए भणइ—वोलीणोत्ति, अन्ने भणन्ति—चंदगुत्तं पउमिणीसरे छुभित्ता रयओ जाओ, पच्छा एगेण जच्चवल्हीककिसोरगएण आसवारेण पुच्छिओ भणइ—एस पउमसरे निविट्ठो, तओ आसवारेण दिट्ठो, तओऽणेण घोडगो चाणक्कस्स अल्लितो; खग्गं मुक्कं, जाव निगुडिउं जलोयरणट्ठयाए कंचुगं मेल्लइ, तावऽणेण खग्गं घेत्तूण दुहाकओ, पच्छा चंदगुत्तोहक्कारिय चडाविओ, पुणो पलाया, पुच्छिओऽणेण चंदगुत्तो—जं वेलं तंसि सिट्ठो तं वेलं किं तुमे चिंतियं ति ?, तेण

જ કામ છે.)' ચાણક્યે જાણ્યું કે – બાળક પાસે જ્ઞાન પણ સારૂ એવું છે. તેણે પૂછ્યું – 'તું કોનો પુત્ર છે.' અન્ય બાળકોએ કહ્યું – 'આ પરિવ્રાજકનો પુત્ર છે.' ચાણક્યે કહ્યું – 'તે પરિવ્રાજક હું પોતે જ છું. ચલો આપણે જઈએ, હું તને રાજા બનાવું.' બંને જણા જતા રહ્યા. લોક ભેગો થયો. આ બાજુ ચાણક્યે (અમુક રાજાની સહાયથી) પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો.

પરંતુ નંદરાજાએ પરિવ્રાજકને (ચાણક્યને) હરાવ્યો. ચાણક્ય અને ચંદ્રગુપ્ત ભાગ્યા. તેની પાછળ નંદરાજાના પુરુષો ઘોડા લઈને તેમની પાછળ લાગ્યા. ચંદ્રગુપ્ત પદ્મસરોવરમાં ડૂબ્યો અને [*] ચાણક્ય તેના કિનારે દેવપૂજા કરે છે. 'હું મૌનપૂર્વક દેવપૂજા કરું છું' એવું જણાવતા ચાણક્યે કોઈ પુરુષવડે ચંદ્રગુપ્ત માટે પૃચ્છા કરાઈ ત્યારે ઈશારાથી જણાવ્યું કે 'તે અહીં આગળ ગયો છે.' કેટલાક આચાર્ય કહે છે – ચંદ્રગુપ્તને પદ્મસરોવરમાં પ્રવેશ કરાવીને પોતે ધોબી બની ગયો. પછી જાતિમાન, વલ્હીકદેશમાં થયેલા એવા કિશોર ઘોડા ઉપર રહેલ એક ઘોડેસવારે ચાણક્યને પૂછ્યું ત્યારે તેણે કહ્યું – 'આ ચંદ્રગુપ્ત પદ્મસરોવરમાં પ્રવેશ્યો છે'. તેથી ઘોડેસવારે પદ્મસરોવરમાં જોયું તો ત્યાં તે દેખાયો. તેથી ઘોડેસવારે પોતાનો ઘોડો ચાણક્યને સોંપ્યો અને તલવાર નીચે મૂકી. જેવો તે શેષ વસ્તુઓને નીચે મૂકી જલમાં ઉતરવા માટે વસ્ત્રોને ઉતારે છે, તેવામાં ચાણક્યે તલવાર લઈને તેના બે ટુકડા કરી નાંખ્યા. પછી ચંદ્રગુપ્તને બોલાવીને ઘોડા ઉપર બેસાડ્યો અને બંને જણા ભાગી છૂટ્યા. ચાણક્યે ચંદ્રગુપ્તને પૂછ્યું કે – 'જે વેળાએ 'તું પાણીમાં છે' એવું મેં કહ્યું ત્યારે

४५. वसुन्धरा, ज्ञातं यथा विज्ञानमप्यस्ति तस्य, पृष्टः—कस्येति ?, दारकैः कथितं—परिव्राजकपुत्र एषः, अहं स परिव्राजकः, यावो यावत्त्वां राजानं करोमि, पलायितः, लोको मीलितः, पाटलीपुत्रं रुद्धं । नन्देन भञ्जितः परिव्राजकः, अश्वैः पृष्ठतो लग्नः, चन्द्रगुप्तः पद्मसरसि बूडितः, अयमुपस्पृशति, संज्ञया भणति—( अश्ववारान् ) व्यतिक्रान्त इति ॥ अन्ये भणन्ति-चन्द्रगुप्तं पद्मिनीसरसि क्षिप्त्वा रजको जातः, पश्चादेकेन जात्यवाह्लीककिशोरगतेनाश्ववारेण पृष्टो भणति—एष पद्मसरसि बूडितः, ततोऽश्ववारेण दृष्टः, ततोऽनेन घोटकश्चाणक्यायार्पितः, खड्गो मुक्तः यावत् शेषं मुक्त्वा जलावतरणार्थाय कञ्चुकं ( अधःपरिधानं ) मुञ्चति, तावदनेन खड्गं गृहीत्वा द्विधाकृतः, पश्चाच्चन्द्रगुप्त आहूयारोहितः पुनः पलायितौ, पृष्टोऽनेन चन्द्रगुप्तः—यस्यां वेलायां त्वमसि शिष्टस्तस्यां वेलायां किं त्वया चिन्तितमिति ?, तेन

**[૪૬]भणियं–धुवं एवमेव सोभणं भवइ, अज्जो चेव जाणइत्ति, तओऽणेण जाणियं–जोगो एस न विपरिणमइत्ति । पच्छा चंदगुत्तो छुहाइओ, चाणक्को तं ठवेत्ता भत्तस्स अइगओ, बीहेइ य–मा एत्थ नज्जेज्जामो डोडस्स बाहिं निग्गयस्स पोट्टं फालियं, दहिकूरं गहाय गओ, जिमिओ दारओ । अण्णया अण्णत्थ गामे रत्तिं समुयाणेइ, थेरीए पुत्तगभंडाणं विलेवी वट्टिया, एक्केण मज्झे हत्थो छूढो, दड्ढो रोवइ, ताए भण्णइ–चाणक्कमंगलयं, पुच्छियं, भणइ–पासाणि पढमं घेप्पंति, गआ हिमवंतकूडं, पव्वइओ राया, तेण समं मित्तया जाया, भणइ–समं समेण विभजामो रज्जं, ओयवेंताणं एगत्थ णयरं न पडइ, पविट्ठो तिदंडी, वत्थूणि जोएइ, इंदकुमारियाओ दिट्ठाओ,**

તે શું વિચાર્યું હતું ?' તેણે કહ્યું – 'નક્કી આ જ પ્રમાણે સારું થશે, તેનું રહસ્ય પૂજ્ય જ જાણે છે.' આ વાત સાંભળીને ચાણક્યે વિચાર્યું કે – 'આ અત્યંત યોગ્ય છે ક્યારેય મારા વિરુદ્ધ વિચારશે નહીં.' ચંદ્રગુપ્ત ભૂખ્યો થયો. ચાણક્ય તેને મૂકીને ભોજન માટે ગામમાં પ્રવેશ્યો, પણ તે ડરે છે – 'ક્યાંય કોઈ મને જાણી ન લે.' એવામાં ગામની બહાર નીકળેલી મોટા પેટવાળી વ્યક્તિનું પેટ ચાણક્યે ફાડી નાંખ્યું. તેમાંથી નીકળેલા દહીંભાત લઈને પાછો ફર્યો. ચંદ્રગુપ્તે ભોજન કર્યું.

એકવાર અન્ય ગામમાં રાત્રિએ ભિક્ષા માટે ફરે છે. તેમાં એક ઘરે વૃદ્ધ સ્ત્રીએ પોતાના બાળકોને રાબ પીરસી. એક બાળકે ગરમાગરમ એવી રાબથી ભરેલા વાસણમાં વચ્ચે જ હાથ નાંખ્યો. તેનો હાથ બળવાથી તે રડવા લાગ્યો. તેથી વૃદ્ધાએ કહ્યું – 'તું ચાણક્ય જેવો છે. બાળકે પૂછ્યું ("ચાણક્યે શું કર્યું હતું ?") ત્યારે વૃદ્ધાએ કહ્યું – (જેમ ચાણક્યે આજુબાજુના રાજાઓને પહેલાં જીતવાને બદલે સીધું નંદરાજા ઉપર જ આક્રમણ કર્યું અને હાર્યો, તેમ તારે પ્રથમ આજુબાજુથી રાબ વાપરવાને બદલે સીધો વચ્ચે હાથ નાંખ્યો એટલે બળ્યો. તેથી) "પ્રથમ આજુબાજુથી ગ્રહણ કરવું જોઈએ." (અને પછી વચ્ચેથી ગ્રહણ કરવું જોઈએ. આ વાત સાંભળીને ચાણક્યને પોતાની ભૂલ સમજાઈ. તેથી તે ભૂલને સુધારવા) તે બંને હિમવંત પર્વત ઉપર ગયા. ત્યાં પર્વતિક નામનો રાજા હતો. તેની સાથે મૈત્રી થઈ. ચાણક્યે રાજાને કહ્યું – '(નંદરાજાને હરાવીને તેનું) રાજ્ય આપણે સરખે સરખુ વહેંચી લેશું.' (એમ નક્કી કરી પર્વતિકરાજા સાથે સૌપ્રથમ નંદરાજાની આજુબાજુના દેશોને જીતવા તેઓ નીકળ્યા.) દેશોને જીતતા જીતતા નજીક આવતા ગયા. તેમાં એક નગર જીતાતું નથી. તેથી ચાણક્ય ત્રિદંડી વેષ ધારણ કરીને નગરમાં

૪૬. भणितं–ध्रुवमेवमेव शोभनं भविष्यति, आर्य एव जानातीति, ततोऽनेन ज्ञातं–योग्य एष न विपरिणमत इति । पश्चात् चन्द्रगुप्तः क्षुधार्त्तः चाणक्यस्तं स्थापयित्वा भक्तायातिगतः, बिभेति च–माऽत्र ज्ञायिष्महि महोदरस्य ( भट्टस्य ) बहिर्निर्गतस्योदरं पाटितं, दधिकूरं गृहीत्वा गतः, जेमितो दारकः । अन्यदा अन्यत्र ग्रामे रात्रौ भिक्षयति, स्थविरया पुत्रादीनां रब्बा परिवेषिता, एकेन मध्ये हस्तः क्षिप्तः, दग्धो रोदिति, तया भण्यते–चाणक्याख्यानकं ( चाणक्यसदृशं ), पृष्टं, भणति–पार्श्वाः प्रथमं ग्राह्याः, गतो हिमवत्कूटं, पार्वतिको राजा, तेन समं मैत्री जाता, भणति–समं समेन विभजावो राज्यं, वशीकुर्वतोरेकत्र नगरं न पतति, प्रविष्टस्त्रिदण्डी, वस्तूनि पश्यति, इन्द्रकुमार्यो दृष्टाः, + मोडोट्ठस्स

[४७]तासिं तणएण ण पडइ, मायाए णीणावियाओ, पडियं णयरं, पाडलिपुत्तं रोहियं, नंदो धम्मबारं मग्गइ, एगेण रहेण जं तरसि तं नीणाहि, दो भज्जाओ एगा कण्णा दव्वं च णीणेइ, कण्णा चंदगुत्तं पलोएइ, भणिया—जाहित्ति, ताहे विलग्गंतीए चंदगुत्तरहे णव अरगा भग्गा, तिदंडी भणइ—मा वारेहि, नवपुरिसजुगाणि तुज्झ वंसो होहित्ति, अइयओ, दोभागीकयं रज्जं । एगा कण्णगा विसभाविया, तत्थ पव्वयगस्स इच्छा जाया, सा तस्स दिण्णा, अग्गिपरियंचणे विसपरिगओ मरिउमारद्धो भणइ—वयंस ! मरिज्जइ, चंदगुत्तो रुंभामित्ति ववसिओ, चाणक्केण भिउडी कया, णियत्तो, दोवि रज्जाणि तस्स जायाणि । नंदमणूसा चोरियाए जीवंति, चोरग्गाहं मग्गइ, तिदंडी बाहिरियाए

પ્રવેશ્યો. બધી વસ્તુઓ તપાસી. તેમાં ઇન્દ્રકુમારીકાઓ દેખાઈ કે જેના પ્રભાવે તે નગર જીતાતું નહોતું. કપટથી તે ઇન્દ્રકુમારિકાઓ નગર બહાર કઢાવી. નગર જીતી લીધું. ક્રમશઃ આગળ વધતા પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો. નંદરાજા ધર્મદ્વારની માંગણી કરે છે. (અર્થાત્ યુદ્ધમાં રાજા જો પોતાની હાર કબુલ કરે અને પોતાને નગર બહાર જવાની માંગણી કરે તો એક રથમાં જેટલું સમાય તેટલું ધન વિગેરે સામગ્રી અને સ્વજનો લઈ જઈ શકે એવો સુરક્ષિત માર્ગ આપવામાં આવે તેને ધર્મદ્વાર કહેવાય છે.) ચાણક્યે કહ્યું – 'એક રથમાં જેટલું લઈ જવા સમર્થ છે, તેટલું તું લઈ જા.' નંદ પોતાની સાથે બે પત્નીઓ, એક કન્યા અને ધન લઈ જાય છે. જતી વખતે કન્યા ચંદ્રગુપ્તને જુએ છે. તેથી નંદરાજા કહે છે - 'તું તેની પાસે જતી રહે.' ત્યારે ચંદ્રગુપ્તના રથ ઉપર ચઢતી વખતે તે કન્યા દ્વારા રથના પૈડાંના નવ આરાઓ તૂટી જાય છે. જેથી (અપશુકનથી) ગભરાયેલો ચંદ્રગુપ્ત રથ ઉપર ચઢવાની ના પાડે છે. તે વખતે ચાણક્ય કહે છે - 'હે ચંદ્રગુપ્ત ! તું એને ના પાડ નહીં, આ મંગલ છે. તારો વંશ આવતી નવ પેઢી સુધી ચાલશે.' ચાણક્ય નગરમાં પ્રવેશ્યો. રાજ્યના બે ભાગ કર્યા. (એક ભાગ પોતે રાખ્યો અને બીજો ભાગ પર્વતિકરાજાને આપ્યો.)

ત્યાં એક કન્યા વિષથી ભાવિત થયેલી હતી. તેના પ્રત્યે પર્વતિકરાજાને રાગ ઉત્પન્ન થયો. ચાણક્યે તે કન્યા રાજાને આપી. કન્યા સાથે વિવાહ પ્રસંગે અગ્નિને ફેરા ફરતી વેળાએ પર્વતિક રાજાના શરીરમાં વિષ ફેલાવા લાગ્યું. તેથી મરવાની તૈયારીમાં તેણે કહ્યું – 'હે મિત્ર (ચંદ્રગુપ્ત)! મને બચાવ હું મરી રહ્યો છું. ચંદ્રગુપ્ત "હું વિષને શરીરમાં ફેલાતા રોકું" એવા વિચારથી બચાવનો પ્રયત્ન કરવા લાગ્યો. તે વેળાએ ચાણક્યે ચંદ્રગુપ્તને ભ્રકુટીઓથી (આંખ ઉપરની ભવાઓથી)

૪૭. तासां सत्केन ( प्रभावेण ) न पतति, मायया अपनायिताः, पतितं नगरं, पाटलीपुत्रं रुद्धं, नन्दो धर्मद्वारं मार्गयति, एकेन रथेन यत् शक्नोषि तन्नय, द्वे भार्ये एकां कन्यां द्रव्यं च नयति, कन्या चन्द्रगुप्तं प्रलोकयति, भणिता—याहीति, तदा विलगन्त्यां चन्द्रगुप्तरथे नवारका भग्नाः, त्रिदण्डी भणति—मा निवारीः, नव पुरुषयुगानि तव वंशो भविष्यतीति, अतिगतः, द्विभागीकृतं राज्यं । एका कन्या विषभाविता, तत्र पर्वतकस्येच्छा जाता, सा तस्मै दत्ता, अग्निप्रदक्षिणायां परिगतविषो मर्त्तुमारब्धो भणति—वयस्य ! मरामि, चन्द्रगुप्तो रुणध्मि इति व्यवसितः, चाणक्येन भृकुटीकृता निवृत्तः, द्वे अपि राज्ये तस्य जाते । नन्दमनुष्याश्चौरिकया जीवन्ति, चौरग्राहं मार्गयति, त्रिदण्डी शाखापुरे

[૪૮]नलदामं मुइंगमारणे-दट्ठुं आगओ, रण्णा सद्दाविओ, आरक्खं दिण्णं, वीसत्था कया, भत्तदाणेण सकुडुंबा मारिया । आणाए–वंसीहिं अंबगा परिक्खित्ता, विवरीए, रुट्ठो, पलीविओ सव्वो गामो, तेहिं गामीलएहिं कप्पडियत्तणे भत्तं न दिण्णंतिकाउं । कोसनिमित्तं पारिणामिया बुद्धी–जूयं रमइ कूडपासएहिं, सोवण्णं थालं दीणाराणं भरियं, जो जिणइ तस्स एयं, अहं जीणामि एगो दीणारो दायव्वो। अइचिरंति अन्नं उवायं चिंतेइ, णागराण भत्तं देइ मज्जपाणं च, मत्तेसु पणच्चिओ, भणइ–'दो मज्झ धाउरत्ताओ कंचणकुंडिया तिदंडं च रायावि य मे वसवत्ती एत्थवि ता मे

નહીં બચાવવા અંગે ઈશારો કર્યો. તેથી ચંદ્રગુપ્ત પાછો ફર્યો. બંને રાજ્યો ચંદ્રગુપ્તના થયા. (તે જ રાજ્યમાં) નંદરાજાના માણસો ચોરી કરવા દ્વારા પોતાનું જીવન ચલાવે છે. તેથી ચાણક્ય ચોરને પકડવામાં કુશલ એવા માણસની શોધ કરે છે. તેવામાં એકવાર ચાણક્ય બહાર કોઈ કામથી નીકળ્યો. (ત્યાં એક નલદામનામના વણકરના પુત્રને મંકોડો કરડ્યો. તેથી પુત્રે ચીસાચીસ કરી. તે જોઈને નલદામે મંકોડાઓનું દર ક્યાં છે ? તે શોધી કાઢ્યું. એક મંકોડાને મારવા કરતાં દરને જ સાફ કરી દીધું. આ રીતે) મંકોડાઓને મારનાર નલદામને જોઈને તે પાછો આવ્યો. રાજાએ નલદામને બોલાવ્યો. તેણે નગરનું રક્ષણ કરનાર આરક્ષક બનાવ્યો. ધીરે ધીરે આરક્ષકે સર્વ ચોરોને પોતાના વિશ્વાસમાં લીધા. એકવાર ચાણક્યે સમય જોઈને ભક્તના દાનવડે કુટુંબ સહિત બધાં ચોરોને મારી નાંખ્યા.

(પૂર્વે એક[H] ગામમાં ભિક્ષા માટે ફરતાં ચાણક્યને તે ગામમાંથી ભિક્ષા પ્રાપ્ત થઈ નહોતી. તેથી તેઓને હવે છોડુ નહીં એવા વિચારથી) ચાણક્યે ગામના મુખ્ય વ્યક્તિઓને આજ્ઞા કરી કે – "આંબાના વૃક્ષોને ઉખેડીને વાંસના ઝાડોની આજુબાજુ આંબાના વૃક્ષોની વાડ કરો." ગામના લોકોએ વિચાર્યું કે વાંસના ઝાડની વાડ આંબાના વૃક્ષોથી તે કરાતી હશે ? નક્કી આમાં કંઈક ભૂલ થઈ છે." એમ વિચારી ગામના લોકોએ વાંસવડે આંબાના વૃક્ષોની વાડ બનાવી. ચાણક્ય – "આ લોકોએ મારી આજ્ઞાથી વિપરીત કર્યું હોવાથી" ગુસ્સે ભરાયો. આખું ગામ તેણે બાળી નાંખ્યું, કારણ કે તે ગામના લોકોએ ભિક્ષાચરપણામાં ભિક્ષા આપી નહોતી.

ધનભંડાર ભેગા કરવા માટે ચાણક્યની પારિણામિકીબુદ્ધિ હતી – ખોટા પાસાઓવડે તે જુગાર રમે છે. તેમાં દીનારોથી એક સુવર્ણ થાળ ભર્યો અને જાહેરાત કરી કે – "જે જીતશે તેને આ થાળ મળશે અને જો હું જીતીશ તો સામેવાળો એક દીનાર આપે." આ રીતે ઘણો કાળ પસાર થયા પછી (ધનની વૃદ્ધિ માટે) અન્ય ઉપાયને વિચારે છે. (તેમાં તે ગામમાં ધનાઢ્ય વ્યક્તિઓ

૪૮. नलदामं मत्कोटकमारकं दृष्ट्वाऽऽगतः, राज्ञा शब्दितः, आरक्ष्यं दत्तं, विश्वस्ताः कृताः, भक्तदानेन सकुटुंबा मारिताः । आज्ञायां–वंशीभिराम्राः परिक्षेप्तव्याः, विपरीते रुष्टः, प्रदीपितो ग्रामः समग्रः तैर्ग्रामेयकैः कार्पटिकत्वे भक्तं न दत्तमितिकृत्वा । कोशनिमित्तं पारिणामिकी बुद्धिः–द्यूतं रमते कूटपाशकैः, सौवर्णः स्थालो दीनारभृतः, यो जयति तस्यैषः, अहं जयामि एको दीनारो दातव्यः । अतिचिरमिति अन्यमुपायं चिन्तयति, नागरेभ्यो भक्तं ददाति मद्यपानं च, मत्तेषु प्रणर्त्तितः, भणति–द्वे मम धातुरक्ते काञ्चनकुण्डिका त्रिदण्डं च राजाऽपि च मम वशवर्त्ती अत्रापि तन्मे

[४९]'होलं वाएहि' अण्णो असहमाणो भणति–गयपोययस्स मत्तस्स उप्पइयस्स जोअणसहस्सं पए पए सयसहस्सं एत्थवि ता मे होलं वाएहि । अन्नो भणइ–तिलआढयस्स वुत्तस्स निप्फण्णस्स बहुसइयस्स तिले तिले सयसहस्सं एत्थवि ता मे होलं वाएहि, अण्णो भणइ–नवपाउसंमि पुण्णाए गिरिणईयाए सिग्घवेगाए एगाहमहियमेत्तेण नवणीएण पालिं बंधामि एत्थवि ता मे होलं वाएहि, अन्नो भणइ–जच्चाण नवकिसोराण तद्दिवसेण जायमेत्ताण केसेहिं नहं छाएमि एत्थवि ता मे होलं वाएहि, अन्नो भणइ–दो मज्झ अत्थि रयणा सालिपसूई य गद्दभिया य छिन्ना छिन्नावि रुहंति एत्थवि ता मे होलं वाएहि, अन्नो भणइ–*सयसुक्किलनिच्चसुयंधो भज्ज अणुव्वय नत्थि पवासो

પાસે કેટલી મિલકત છે ? તે જાણવા) ચાણક્ય નગરજનોને ભોજન અને મદ્યપાન કરાવે છે. જ્યારે મદ્યપાનથી બધાં નશામાં આવ્યા ત્યારે ચાણક્ય નાચ્યો અને કહ્યું – 'મારી પાસે બે ભગવા રંગના વસ્ત્રો, સુવર્ણમય કમંડળ અને ત્રિદંડ છે, તથા રાજા પણ મારે આધીન છે. તેની ખુશાલીમાં તમે મારા માટે હોલક (વાદ્ય વિશેષ) વગાડો.' આ વાતને સહન નહીં કરનાર અન્ય વેપારી બોલ્યો– 'મત્ત એવા હાથીનું તરત જન્મેલું બચ્ચું એક હજાર યોજન ચાલે, તેના દરેક પગલે એક લાખ સોનામહોર મૂકી શકુ એટલું ધન મારી પાસે છે. તેથી મારી માટે પણ તું હોલક વગાડ.'

અન્ય વેપારીએ કહ્યું – 'એક આઢક પ્રમાણ વાવેલા તલમાંથી ઉત્પન્ન થયેલા ઘણા સેંકડો તલના દરેકે દરેક તલ ઉપર એક લાખ સોનામહોર મૂકી શકુ એટલું ધન મારી પાસે છે. તેથી મારા માટે પણ તું હોલક વગાડ.' અન્ય વેપારીએ કહ્યું - 'નવા વર્ષાકાળમાં પાણીથી ભરપૂર, શીઘ્ર વેગવાળી પર્વત ઉપરથી વહેતી નદીના પાણીને રોકવા માટે એક દિવસે મંથન કરીને કાઢેલા માખણથી હું પાળી બાંધી શકું એટલું ગોધન=ગોકુળ મારે ત્યાં છે, એ નિમિત્તે તું હોલક વગાડ.' અન્ય વેપારીએ કહ્યું - 'તે જ દિવસે જન્મેલા જાતિવંત બાળ ઘોડાઓના વાળથી હું આખું આકાશ ઢાંકી શકું એટલા ઘોડાઓ મારી પાસે છે, તેથી હોલક વગાડ.' અન્ય વેપારીએ કહ્યું - "મારી પાસે બે રત્નો છે ૧. શાલિપ્રસૂતિ (=જુદા જુદા શાલિના=ધાન્યના બીજોને ઉત્પન્ન કરનારું રત્ન), અને ૨. ગર્દભિકાશાલિરત્ન કે જેનાવડે વારંવાર છેદવા છતાં ધાન્ય ઉગે છે. (એટલો મારી પાસે ધાન્યભંડાર છે.) તેથી મારા માટે હોલક વગાડ.' અન્ય વેપારીએ કહ્યું - 'સદા માટે (વિષયો પ્રત્યે) મારી મતિ શુક્લ = વૈરાગ્યવાળી છે. તેથી નિત્ય સુગંધવાળો છું, મારી પત્ની મને

४९. झल्लरीं वादय, अन्योऽसहमानो भणति–गजपोतस्य मत्तस्योत्पतितस्य योजनसहस्रं पदे पदे शतसहस्रं अत्रापि तन्मे झल्लरीं वादय, अन्यो भणति–उप्तस्य तिलाढकस्य निष्पन्नस्य बहुशतिकस्य तिले तिले शतसहस्रं अत्रापि तन्मे झल्लरीं वादय, अन्यो भणति–नवप्रावृषि पूर्णाया गिरिनद्याः शीघ्रवेगाया एकाहमथितमात्रेण नवनीतेन पालीं बध्नामि अत्रापि तन्मे झल्लरीं वादय, अन्यो भणति–जात्यानां नवकिशोराणां तद्दिवसजातमात्राणां केशैर्नभश्छादयामि अत्रापि तन्मे झल्लरीं वादय, अन्यो भणति–द्वे ममास्ति रत्ने–शालिप्रसूतिश्च गर्दभिका च, छिन्ना छिन्ना अपि रोहन्ति, अत्रापि झल्लरीं वादय, अन्यो भणति–सदाशुक्लो नित्यसुगन्धो भार्या अनुवर्त्तिनी नास्ति प्रवासो * सुय० प्र०

निरिणो य दुपंचसओ एत्थवि ता मे होलं वाएहि, एवं णाऊण रयणाणि मग्गिऊण कोट्ठागाराणि सालीण भरियाणि, गद्दभियाए पुच्छिओ छिन्नाणि २ पुणो पुणो जायंति, आसा एगदिवस जाया मग्गिया एगदिवसियं णवणीयं, एस पारिणामिया चाणक्कस्स बुद्धी ॥ थूलभद्दस्स पारिणामिया— पिइम्मि मारिए णंदेण भणिओ–अमच्चो होहित्ति, असोगवणियाए चिंतेइ—केरिसा भोगा वाउलाणंति पव्वइओ । रण्णा भणिया—पेच्छह मा कवडेण गणियाघरं जाएज्जा, निंतस्स सुणगमडेण वावण्णेण णासं ण गेण्हइ, पुरिसेहिं रण्णो कहियं, विरत्तभोगोत्ति सिरिओ ठविओ, थूलभद्दसामिस्स पारिणामिया रण्णो य ॥ णासिक्कं णयरं, णंदो वाणियगो सुंदरी से भज्जा, सुंदरिनंदो से

અનુસરનારી છે. પ્રવાસ કરવો પડતો નથી, કોઈ જાતનું ઋણ નથી અને હજાર રૂપિયાની મારી મૂડી છે. તેથી મારા માટે હોલક વગાડો.' આ પ્રમાણે જાણીને ચાણક્યે રત્નો મંગાવીને પોતાના ધાન્ય ભંડારો ભર્યા. ગર્દભિકારત્નવડે ધાન્યનો સમૂહ (છોડ ઉપરના ડોડાઓ) છેદવા છતાં ફરી ફરી ઉગતા હતા. એક દિવસે ઉત્પન્ન થયેલા ઘોડાઓ માંગ્યા, એક દિવસનું માખણ માંગ્યું. (આ રીતે ચાણક્યે પોતાનો રાજ્યભંડાર ભરી દીધો.) આ ચાણક્યની પારિણામિકીબુદ્ધિ હતી.

**૧૩. સ્થૂલભદ્ર :** તેની પારિણામિકીબુદ્ધિ આ પ્રમાણે – પિતાના મૃત્યુ પછી નંદરાજાએ સ્થૂલભદ્રને કહ્યું – 'તું મંત્રી બન.' સ્થૂલભદ્ર અશોકવાટિકામાં જઈને વિચારે છે કે ચિત્તથી વ્યાકુલ વ્યક્તિને વળી ભોગો કેવા ? (અર્થાત્ ચિત્ત જો આકુલ-વ્યાકુલ હોય તો પ્રાપ્ત થતાં વિષયભોગો પણ નકામા છે.) તેણે પ્રવ્રજ્યા લીધી. રાજાએ પોતાના માણસોને આજ્ઞા આપી કે – 'તમે તેનું ધ્યાન રાખો કે કપટથી તે ગણિકાને ઘરે ન જાય.' બહાર નીકળતા સ્થૂલભદ્રે મરેલા એવા કૂતરાના મડદાની બાજુમાંથી પસાર થવા છતાં પોતાનું નાક બંધ કર્યું નહીં. આ વાત પુરુષોએ રાજાને કહી. તેથી રાજાએ "આ ભોગાથી વિરક્ત થયો છે" જાણી શ્રીયકને મંત્રી પદે સ્થાપ્યો. અહીં સ્થૂલભદ્ર અને રાજાની પારિણામિકીબુદ્ધિ જાણવી.

**૧૪. નાસિક્ક સુંદરીનંદ :** નાસિક્ક નામે નગર હતું. ત્યાં નંદ નામે વેપારી રહેતો હતો. સુંદરી નામે તેને પત્ની હતી. તેથી વેપારીનું નામ સુંદરીનંદ પડ્યું હતું. નંદના ભાઈએ પ્રવ્રજ્યા લીધી હતી. તેણે સાંભળ્યું કે – "સુંદરીનંદ સુંદરી વિશે મોહિત છે." (નંદને ધર્મમાર્ગે લાવવા)

૫૦. निर्ऋणश्च द्विपञ्चशतिकः अत्रापि तन्मम झल्लरीं वादय, एवं ज्ञात्वा रत्नानि मार्गयित्वा कोष्ठागाराणि शालीभिर्भृतानि गर्दभिकया पुच्छिको ( समूहः ) छिन्ना छिन्ना पुनः पुनर्जायन्ते इति, अश्वा एकदिवस जाता मार्गिताः, एकदिवसजं नवनीतं, एषा पारिणामिकी चाणक्यस्य बुद्धिः । स्थूलभद्रस्य पारिणामिकी–पितरि मृते नन्देन भणितः अमात्यो भवेति, अशोकवनिकायां चिन्तयति—कीदृशा भोगा व्याक्षिप्तानामिति प्रव्रजितः । राज्ञा भणिताः ( पुरुषाः )—पश्यत मा कपटेन गणिकागृहं यासीत् निर्गच्छन् श्वमृतकेन व्यापन्नेन नासिकां न कृणयति, पुरुषै राज्ञः कथितं विरक्तभोग इति श्रीयकः स्थापितः, स्थूलभद्रस्वामिनः पारिणाभिकी राज्ञश्च ॥ नासिक्यं नगरं, नन्दो वणिग्, सुन्दरी तस्य भार्या, सुन्दरीनन्दस्तस्य

[૫૧]नामं कयं, तस्स भाया पव्वइयओ, सो सुणेइ–जहा सो तीए अज्झोववन्नो, पाहुणओ आगओ, पडिलाभिओ, भाणं तेणं गहियं, *इह एत्थ विसज्जेहितित्ति उज्जाणं नीणिओ, लोगेण य भायण-हत्थो दिट्ठो, तओ णं उवहसंति–पव्वइओ सुंदरीनंदो, तओ सो तहवि गओ उज्जाणं, साहुणा से देसणा कया, उक्कडरागोत्ति न तीरइ मग्गे लाइउं, वेउव्वियलद्धिमं च भगवं साहू, तओऽणेण चिंतियं–न अण्णो उवाओत्ति अहिगयरेणं उवलोभेमि, पच्छा मेरू पयट्टाविओ, न इच्छइ +अविओगिओ, मुहुत्तेण आणेमि, पडिसुए पयट्टो, मक्कडजुयलं विउव्वियं, अन्ने भणंति–सच्चकं चेव दिट्ठं, साहुणा भणिओ–सुंदरीए वानरीओ य का लट्ठयरी ?; सो भणइ–भगवं ! अघडंती सरिसव्व मेरूवमत्ति, पच्छा विज्जाहरमिहुणं दिट्ठं, तत्थ पुच्छिओ भणइ–तुल्ल चेव, पच्छा देवमिहुणगं दिट्ठं, तत्थवि पुच्छिओ

તે નંદના ઘરે આવ્યો. નંદે ભાઈને ગોચરી વહોરાવી. નંદે હાથમાં પાત્રુ ગ્રહણ કર્યુ હતું. (પાત્રા સહિત નંદ ભાઈની પાછળ ચાલવા લાગ્યો.) હમણાં મને (પાછા જવાની) રજા આપશે એમ કરતાં કરતાં મુનિ નંદને ઉદ્યાનમાં લઈ ગયો. લોકોએ નંદને હાથમાં પાત્રુ લઈને જતાં જોયો. તેથી લોકો મશ્કરી કરે છે કે – "સુંદરીનંદે પ્રવ્રજ્યા લીધી." આવી મશ્કરી થવા છતાં પણ તે ઉદ્યાનમાં ગયો. ભાઈમુનિએ તેને દેશના આપી. પરંતુ સુંદરી પ્રત્યેનો અત્યંત રાગ હોવાથી સમ્યગ્ માર્ગે લાવવા મુનિ સમર્થ બનતો નથી. તે મુનિ વૈક્રિયલબ્ધિવાળો હતો. તેથી એણે વિચાર્યું કે – "હવે કોઈ બીજો ઉપાય નથી માટે વધારે લલચાવું."

પાછળથી મેરુપર્વત વિકુર્વ્યો. પરંતુ પત્ની સાથેનો વિયોગ થવાને કારણે નંદ ઇચ્છતો નથી. મુહૂર્ત પછી સાધુએ કહ્યું – "હું અહીં સુંદરીને લાવું ?" નંદે હા પાડી. એટલે તે સુંદરીને લાવ્યો. તથા વાનરીના યુગલને વિકુર્વ્યું. કેટલાક કહે છે – વિકુર્વ્યુ નહિ પણ સાચા એક યુગલને જ બતાવ્યું. સાધુએ નંદને પૂછ્યું– "સુંદરી અને આ વાનરીઓમાંથી વધારે સુંદર કોણ છે ?" નંદે કહ્યું – "સરસવ અને મેરુની જેમ આ ઉપમા ઘટતી જ નથી. (અર્થાત્ ક્યાં મેરુ અને ક્યાં સરસવ ! એમ ક્યાં આ વાંદરીઓ અને ક્યાં મારી સુંદરી !)

ત્યારપછી વિદ્યાધરનું યુગલ બતાવ્યું અને પૂછ્યું – "કોણ સુંદર ?" ત્યારે નંદે કહ્યું – "બંને તુલ્ય છે." ત્યારપછી દેવયુગલ બતાવ્યું. તે વખતે પણ પૂછતાં નંદે કહ્યું – "ભગવન્!

૫૧. नाम कृतं, तस्य भ्राता प्रव्रजितः स श्रृणोति–यथा स तस्यामध्युपपन्नः, प्राघूर्णकः (साधुः) आगतः, प्रतिलम्भितः, भाजनं तेन गृहितं, इहात्र विस्त्रक्ष्यतीत्युद्यानं नीतः, लोकेन च भाजनहस्तो दृष्टः, ततस्तं उपहसन्ति–प्रव्रजितः सुन्दरीनन्दः, ततः स तथापि गत उद्यानं, साधुना तस्मै देशना कृता, उत्कटराग इति न शक्यते मार्गे आनेतुं, वैकियलब्धिकश्च भगवान् साधुः, ततोऽनेन चिन्तितं–नान्य उपाय इति अधिकतरेणोपलोभयामि, पश्चात् मेरुः प्रवर्त्तितः, नेच्छति अवियोगिकः, मुहूर्त्तेनानयामि, प्रतिश्रुते प्रवृत्तः, मर्कटयुगलं विकुर्वितं, अन्ये भणन्ति–सत्यमेव दृष्टं, साधुना भणितः–सुन्दरीवानर्योः का लष्टतरा ?, स भणति–भगवन् ! अघटमाना सर्षप इव मेरूपमेति, पश्चाद्विद्याधरमिथुनं दृष्टं, तत्र पृष्टो भणति–तुल्यैव, पश्चाद्देवमिथुनं दृष्टं, तत्रापि पृष्टो * इह पत्थवियउत्ति मुद्रिते । + अविवेगिओ । -

[52]भणति–भगवं ! एईए अग्गओ वानरी सुंदरीत्ति, साहुणा भणियं–थोवेण धम्मेण एसा पाविज्जइत्ति, तओ से उवगयं, पच्छा पव्वइओ । साहुस्स परिणामिया बुद्धी ॥ वइरसामिस्स पारिणामिया–माया णाणुवत्तिया, मा संघो अवमन्निज्जिहितित्ति, पुणो देवेहिं उज्जेणीए वेउव्वियलद्धी दिन्ना, पाडलिपुत्ते मा परिभविहित्ति वेउव्वियं कयं, पुरियाए पवयणओहावणा मा होहितित्ति सव्वं कहेयव्वं ॥ चलणाहए–राया तरुणेहिं वुग्गाहिज्जइ, जहा थेरा कुमारमच्चा अवणिज्जंतु, सो तेसिं परिक्खणणिमित्तं भणइ–जो रायं सीसे पाएण आहणइ तस्स को दंडो ?, तरुणा भणंति–तिलं तिलं छिंदियव्वओ, थेरा पुच्छिया–चिंतेमोत्ति ओसरिया, चिंतेंति–नूणं देवीए को अण्णो आहणइत्ति आगया भणंति–सक्कारेयव्वो । रण्णो तेसिं च पारिणामिया ॥

આ દેવીની સામે સુંદરી તો વાંદરી લાગે છે." સાધુએ કહ્યું – "થોડા ધર્મવડે આવી સુંદર દેવી તને પ્રાપ્ત થશે (માટે તું ધર્મ કર.)" નંદ સમજી ગયો અને પાછળથી દીક્ષા લીધી. સાધુની આ પારિણામિકીબુદ્ધિ હતી.

**૧૫. વજસ્વામી** : સંઘનું અપમાન ન થાય માટે વજસ્વામી માતાને જે અનુસર્યા નહીં (તે પારિણામિકીબુદ્ધિ જાણવી.) વળી, દેવોએ ઉજ્જયિનીમાં વૈક્રિયલબ્ધિ આપી (તે પહેલાં જ પરીક્ષા કરી તેમાં પણ વજસ્વામીની પારિણામિકીબુદ્ધિ જાણવી.) પાટલિપુત્ર નગરમાં (વજસ્વામી સાથે વિવાહ કરવા તૈયાર થયેલી કન્યાના પ્રસંગ વખતે) પરાભવ ન થાય માટે જે વૈક્રિયરૂપ ધારણ કર્યું. પુરિકાનગરીમાં શાસનહીલના ન થાય માટે જે બુદ્ધિ વાપરી વગેરે દરેક પ્રસંગો અહીં કહેવા યોગ્ય છે. આ દરેક પ્રસંગોમાં વજસ્વામીની પારિણામિકીબુદ્ધિ જાણવી.

**૧૬. ચરણવડે ઘાત** : તરુણોવડે રાજા ભ્રમિત કરાય છે કે – "વૃદ્ધ મંત્રીઓને (દુર્બળ બુદ્ધિવાળા હોવાથી) મંત્રીપદથી દૂર કરો." રાજાએ તરુણોની પરીક્ષા કરવા માટે પૂછ્યું કે – "જે વ્યક્તિ રાજાના મસ્તકને પગવડે હણે તેને કયો દંડ કરવો જોઈએ ?" તરુણોએ કહ્યું – "તેના તલ-તલ જેટલા ટુકડા કરવા જોઈએ." રાજાએ વૃદ્ધોને પૂછતાં વૃદ્ધોએ કહ્યું – "અમે વિચારીને જવાબ આપીએ." એમ કહી બધાં પોતાના સ્થાને ગયા. વૃદ્ધ મંત્રીઓ વિચારે છે કે - "દેવી સિવાય રાજાને વળી મસ્તકે કોણ હણી શકે." તેઓ પાછા આવીને રાજાને કહ્યું – "તે વ્યક્તિનો સત્કાર કરવો જોઈએ." અહીં રાજા અને વૃદ્ધમંત્રીઓની પારિણામિકીબુદ્ધિ જાણવી.

૫૨. भणति––भगवन् ! एतस्या अग्रतो वानरी सुन्दरीति, साधुना भणितं–स्तोकेन धर्मेणैषा प्राप्यत इति, ततस्तेनोपगतं, पश्चात्प्रव्रजितः । साधोः पारिणामिकी बुद्धिः ॥ वज्रस्वामिनः पारिणामिकी–माता नानुवर्त्तिता, मा सङ्घोऽवमानीति, पुनर्देवैरुज्जयिन्यां वैक्रियलब्धिर्दत्ता, पाटलीपुत्रे मा पराभूदिति वैक्रियं कृतं, पुरिकायां प्रवचनापभ्राजना मा भूदिति सर्वं कथयितव्यं ॥ चरणाहतौ–राजा तरुणैर्व्युद्ग्राह्यते, यथा स्थविराः कुमारामात्या अपनीयन्तां, स तेषां परीक्षानिमित्तं भणति–यो राजानं शीर्षे पादेन आहन्ति तस्य को दण्डः ?, तरुणा भणन्ति–तिलशश्छेत्तव्यः स्थविराः पृष्टाः–चिन्तायाम इत्यपसृताः, चिन्तयन्ति–नूनं को देव्या अन्य आहन्ति इत्यागता भणन्ति–सत्कारयितव्यः । राज्ञस्तेषां च पारिणामिकी ॥

[53]आमंडेत्ति—आमलगं, कित्तिमं एगेण णायं अइकढिणं अकाले बिंबो होइत्ति । तस्सवि पारिणामिया ॥ मणित्ति—सप्पो पक्खिणं अंडगाणि खाइ रुक्खे विलग्गित्ता, तत्थ गिद्धेण आलयं विलग्गित्ता मारिओ, मणी तत्थ पडिओ, हेट्ठा कूवो, तस्स पाणियं रत्तिभूयं, णीणियं कूवाओ साभावियं होइ, दारएण थेरस्स कहियं, तेण विलग्गिऊण गहिओ । थेरस्स परिणामिया ॥ सप्पो—चंडकोसिओ चिंतेइ—एरिसो महप्पा इच्चाइ विभासा, एयस्स पारिणामिगी ॥ खग्गीति—सावयपुत्तो जोव्वणबलुम्मत्तो धम्मं न गिण्हइ, मरिऊण खग्गिसु उववण्णो, पिट्ठिस्स दोहिंवि पासेहिं जहा पक्खरा तहा चंमाणि लंबंति, अडवीए च उप्पहे जणं मारेइ, साहुणो य तेणेव पहेण अइक्कमंति,

**૧૭. આમળો :** (એક વ્યક્તિએ કૃત્રિમ આમળો લાવીને રાજસભામા મૂક્યો. તેથી બધાં વિચારમાં પડ્યા કે અકાળે આમળો થાય કેવી રીતે ? સભામાંથી એક વ્યક્તિએ આમળાની પરીક્ષા કરી.) તેણે તે આમળો અતિકઠિન અને અકાળે અતિખાટો હોવાથી આ કૃત્રિમ=બનાવટી આમળો છે એવું જાણ્યું. તેની આ પારિણામિકીબુદ્ધિ હતી.

**૧૮. મણિ :** એક સાપ વૃક્ષ ઉપર ચઢીને પક્ષીઓના ઈંડાઓ ખાય છે. એકવાર ગીધ પક્ષીએ પોતાના સ્થાને રહીને તે સાપને મારી નાખ્યો. સાપની ફણાએ રહેતો મણિ તેના માળામાં પડ્યો. નીચે કૂવો હતો. મણિની પ્રભાને કારણે કૂવાનું પાણી લાલ લાગતું હતું. પરંતુ કૂવામાંથી બહાર કાઢતા પાણી પાછું સ્વાભાવિક રંગ વિનાનું બની જતું હતું. પુત્રે પિતાને વાત કરી. (એટલે પિતાએ વિચાર્યું કે આવું કેમ થાય છે ? વિચારતા તેણે જાણ્યું કે વૃક્ષ ઉપર મણિ છે તેની પ્રભાને કારણે આવું થાય છે.) વૃદ્ધે વૃક્ષ ઉપર ચઢી મણિ ગ્રહણ કર્યો. વૃદ્ધની પારિણામિકીબુદ્ધિ જાણવી.

**૧૯. સર્પ :** ચંડકૌશિક સર્પને ભગવાનને જોઈને જે વિચાર આવ્યો કે - "આવા પ્રકારના આ મહાત્મા....... વિગેરે" વર્ણન જાણવું. સાપની આ પારિણામિકીબુદ્ધિ જાણવી. (અહીં ભગવાનના અતિશયસુંદર રૂપ જોઈને તે વિચારમાં પડ્યો. શાંત ભાવને પામ્યો, અનશન સ્વીકાર્યું વિગેરે પારિણામિકીબુદ્ધિ જાણવી.)

**૨૦. ગેંડો (પશુવિશેષ) :** એક શ્રાવકપુત્ર યૌવન અને બળથી ઉન્મત્ત થયેલો ધર્મ કરતો નથી. મરીને ગેંડાઓના સમૂહમાં ઉત્પન્ન થયો. તેની પિઠની બંને બાજુએ પાંખની જેમ ચામડી લટકે છે. જંગલમાં ઉત્પથે આવી ચઢેલા જનને તે મારી નાંખે છે. સાધુઓ તે જ માર્ગેથી પસાર

५३. आम्लकमिति आमलकं, कृत्रिममेकेन ज्ञातमतिकठिनं, अकालेऽत्याम्लं भवतीति । तस्यापि पारिणामिकी ॥ मणिरिति—सर्पः पक्षिणामण्डानि खादति वृक्षं विलग्य, तत्र गृध्रेणालयं विलग्य मारितः, मणिस्तत्र पतितः, अधस्तात्कूपः, तस्य पानीयं रक्तीभूतं, निष्काशितं कूपात् स्वाभाविकं भवति, दारकेण स्थविराय कथितं, तेन विलग्य गृहीतः । स्थविरस्य पारिणामिकी ॥ सर्पः—चण्डकौशिकश्चिन्तयति—ईदृशो महात्मा इत्यादि विभाषा, एतस्य पारिणामिकी ॥ खड्गी—श्रावकपुत्रो यौवनबलोन्मत्तो धर्मं न गृह्णाति, मृत्वा खड्गिषूत्पन्नः, पृष्ठेऽस्य द्वयोरपि पार्श्वयोः यथा पक्षौ तथा चर्मणी लम्बेते, अटव्यां चोत्पथे जनं मारयति, साधवश्च तेनैव पथा व्यतिक्रमन्ति,

[54]वेगेण आगओ, तेएण ण तरइ अहिद्दिउं, चिंतेइ, जाई संभरिया, पच्चक्खाणं, देवलोगगमनं । एयस्स पारिणामिगी ॥ थूभे—वेसालाए णयरीए णाभीए मुणिसुव्वयस्स थूभो, तस्स गुणेण कूणियस्स ण पडइ, देवया आगासे कूणियं भणइ—'समणे जइ कूलवालए मागहियं गणियं लभिस्सति । लाया य असोगचंदए वेसालिं नगरिं गहेस्सइ ॥१॥' सो मग्गिज्जइ । तस्स का उप्पत्ती ? —एगस्स आयरियस्स चेल्लओ अविणीओ, तं आयरिओ अंबाडेइ, सो वेरं वहइ । अन्नया आयरिया सिद्धसिलं तेण समं वंदगा विलग्गा, उत्तरंताण वधाए सिला मुक्का, दिट्ठा आयरिएण, पाया ओसारिया इहरा मारिओ होंतो, सावो दिण्णो—दुरात्मन् ! इत्थीओ विणस्सिहिसित्ति, मिच्छावाई एसो भवउत्तिकाउं तावसासमे अच्छइ, नईए कूले आयावेइ, पंथब्भासे जो सत्थो एइ तओ आहारो होइ, णईए

થાય છે. સાધુઓને જોઈને મારવા તે વેગથી દોડીને આવે છે. પરંતુ સાધુઓના ધર્મતેજના પ્રભાવે મારવા સમર્થ થતો નથી. તેથી તે વિચારમાં પડે છે. એવામાં જાતિસ્મરણજ્ઞાન થાય છે. ત્યાં જ અનશન કરી દેવલોકમાં દેવ થાય છે. આની આ પારિણામિકીબુદ્ધિ જાણવી.

**૨૧. સ્તૂપ :** વિશાલાનગરીની મધ્યમાં મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ હતો તેના પ્રભાવે કોણિક તે નગરીને જીતી શકતો નથી. દેવતાઓ આકાશમાં કોણિકને કહે છે કે – "કૂલવાલક સાધુ જો મગધની ગણિકાને પ્રાપ્ત થશે તો કોણિક રાજા વિશાલા નગરીને જીતી શકશે ॥૧॥" કોણિક રાજા કૂલવાલકની તપાસ કરાવે છે. કૂલવાલકની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? તે કહે છે - એક આચાર્યનો નૂતન શિષ્ય અવિનીત હતો. આચાર્ય તેને ઠપકો આપે છે. તેથી તે શિષ્ય (મનમાં) વૈરભાવ રાખે છે. એકવાર આચાર્ય તેની સાથે સિદ્ધનામના પર્વત ઉપર વંદન કરવા ચઢ્યા. નીચે ઉતરતા આચાર્યનો વધ કરવા તે શિષ્યે પાછળથી મોટી શિલા ગબડાવી.

આચાર્યે જોયું કે તરત જ બે પગ પહોળા કર્યા (જેથી તે શિલા બે પગ વચ્ચેથી નીકળી ગઈ), નહીં તો તે મરી જાત. આચાર્યે તે સાધુને શાપ આપ્યો કે – "હે દુરાત્મન્ ! તારું સ્ત્રીથી પતન થશે." આ આચાર્યનું વચન ખોટું પડો એમ વિચારી (અર્થાત્ વચન ખોટું પાડવા માટે) તે સાધુ (જંગલમાં રહેલા) તાપસાશ્રમમાં રહે છે. નદીના કિનારે આતાપના લે છે. નજીકના માર્ગમાંથી જે સાર્થ પસાર થાય ત્યાંથી પોતાને જોઈતો આહાર ગ્રહણ કરે. નદીના કિનારે આતાપના લેતાં તે સાધુના પ્રભાવે નદી અન્ય સ્થાનેથી વહેવા લાગી. (અર્થાત્ નદીના વહેવાના માર્ગમાં

५४. वेगेनागतः, तेजसा न शक्नोति अभिद्रोतुं, चिन्तयति, जातिः स्मृता, प्रत्याख्यानं, देवलोकगमनं, एतस्य पारिणामिकी ॥ स्तूपः—विशालायां नगर्यां मध्ये मुनिसुव्रतस्य स्तूपः, तस्य गुणेन कूणिकस्य (उद्यमेऽपि) न पतति, देवताऽऽकाशे कूणिकं भणति—'श्रमणो यदा कूलवालको मागधिकां गणिकां लप्स्यते (गमिष्यति) । राजा च अशोकचन्द्रः (कौणिकः) वैशालीं नगरीं ग्रहीष्यति ॥१॥' । स मार्ग्यते । तस्य कोत्पत्ति ?—एकस्याचार्यस्य क्षुल्लकः (शिष्यः) अविनीतः, तमाचार्यो निर्भर्त्सयति, स वैरं वहति । अन्यदा आचार्याः सिद्धशैलं तेन समं वन्दितुं विलग्नाः, अवतरतां वधाय शिला मुक्ता, दृष्टाऽऽचार्येण, पादौ प्रसारितौ, इतरथा मृता अभविष्यन्, शापो दत्तः—दुरात्मन् ! स्त्रीतो विनङ्क्ष्यसीति, मिथ्यावादी एष भवत्वितिकृत्वा तापसाश्रमे तिष्ठति, नद्याः

**+कूले आयावेमाणस्स सा णई अण्णओ पवूढा, तेण कूलवारओ नामं जायं, तत्थ अच्छंतो आगमिओ, गणियाओ सद्दावियाओ, एगा भणइ–अहं आणेमि, कवडसाविया जाया, सत्थेण गया, वंदइ +उद्दाणे होइयम्मि चेइयाइं वंदामि तुब्भे य सुया, आगयामि, पारणगे मोदगा संजोइया दिन्ना, अइसारो जाओ, पओगेण ठविओ, उव्वत्तणाईहिं संभिन्नं चित्तं, आणिओ, भणिओ–रण्णो वयणं करेहि, कहं ?, जहा वेसाली घेप्पइ, थूभो नीणाविओ गहिया । गणियाकूलवालगाणं दोण्हवि पारिणामिगी । इंदपाउयाओ चाणक्केण पुव्वभणियाओ, एसा पारिणामिया ॥**

---

સાધુ ઊભા રહેલા હોવાથી વનદેવતાએ નદીનો માર્ગ બદલી નાંખ્યો.) તેથી લોકોએ તેનું કૂલવાલક નામ પાડ્યું. ત્યાં રહેલો કોણિકે જાણ્યો. (અર્થાત્ આ સાધુ ત્યાં છે એવું કોણિકે જાણ્યું.) કોણિકે ગણિકાઓને બોલાવી. તેમાં એક ગણિકાએ કહ્યું– "હું સાધુને લાવીશ." તેણીએ કપટથી શ્રાવિકાનું રૂપ લીધું. સાર્થ સાથે ત્યાં ગઈ. વંદન કર્યા, અને કહ્યું – " વિધવા થયેલી હું ચૈત્યોને વંદન કરવા નીકળી છું. તમારા સમાચાર સાંભળ્યા, તેથી વંદન કરવા આવી છું." (પારણા વિગેરેની વિનંતી કરી.)

પારણે મોદકો બનાવીને વહોરાવ્યા. ઝાડા થયા. ઔષધિઓના પ્રયોગવડે ઝાડા અટકાવ્યા. (ઝાડાને કારણે શરીર અતિ નિર્બળ થવાને કારણે પડખું ફેરવા માટે પણ સાધુ સમર્થ રહ્યો નહિ. તેથી ગણિકાએ પોતાના મધુર વચનોવડે વૈયાવચ્ચ કરવાની માંગણી કરતા સાધુએ રજા આપી તેમાં) પડખુ ફેરવવું વિગેરે વૈયાવચ્ચ કરતાં કરતાં ગણિકાએ સાધુનું ચિત્ત આવર્જિત કર્યું. ગણિકા સાધુને રાજા પાસે લાવી અને કહ્યું – "રાજાની આજ્ઞાનુસાર કર." શું કરવાનું છે ? એમ સાધુવડે પૂછતાં કહ્યું કે – "જે રીતે વિશાલાનગરી જીતાય (તે રીતે કરવું.)" સાધુએ નગરીમાંથી સ્તૂપ બહાર કઢાવ્યો નગરી જીતી લીધી. કપટવડે ગણિકાની સાધુને રાજા પાસે લાવવાની બુદ્ધિ અને કૂલવાલકની નગરને જીતાવી આપવા અંગેની બુદ્ધિ પારિણામિકી જાણવી.

૨૨. ઇન્દ્ર : પૂર્વે ચાણક્યના દૃષ્ટાન્તમાં કહ્યું કે - નંદરાજાને જીતતા પહેલાં આજુબાજુના નગરોને ચાણક્ય પર્વતિક રાજાના સહાયથી જીતે છે તેમાં એક નગર જીતાતું નથી એટલે ચાણક્ય પરિવ્રાજક વેષ ધારણ કરીને નગરની અંદર જઈ ઇન્દ્રકુમારિકાઓ નગર બહાર કઢાવે છે. આ ઇન્દ્રકુમારિકાઓ જ અહીં અન્ય નામે એટલે કે 'ઇન્દ્રપાદુકાઓ' નામે કહી છે. ચાણક્યની ઇન્દ્રપાદુકાઓને નગર બહાર કઢાવવાની બુદ્ધિ પારિણામિકી જાણવી. ॥૯૫૧॥

---

**૫૫. कूले आतपयति, पन्थाभ्यासे यः सार्थ आयाति तत आहारो भवति, नद्याः कूले आतापयतः सा नद्यन्यतो व्यूढा तेन कूलवारको नाम जातं, तत्र तिष्ठन् आगमितः, गणिकाः शब्दिताः, एका भणति–अहमानयामि, कपटश्राविका जाता, सार्थेन गता, वन्दते, विधवायां जातायां चैत्यानि वन्दे यूयं च श्रुताः, आगताऽस्मि, पारणके मोदकाः सांयोगिका दत्ताः, अतिसारो जातः, प्रयोगेण स्थापितः ( नीरोगीकृतः ), उद्वर्त्तनादिभिः संभिन्नं चित्तं, आनीतः, भणितः–राज्ञो वचनं कुरु, कथं ?–यथा वैशाली गृह्यते, स्तूपो निष्काशितः ( पातितः ), गृहीता । गणिकाकूलवालकयोर्द्वयोरपि पारिणामिकी ॥ इन्द्रपादुकाः ( इन्द्रकुमार्यः ) चाणक्येन पूर्वभणिताः, एषा पारिणामिकी ॥ + उदाणे**

उक्तोऽभिप्रायसिद्धः, साम्प्रतं तपःसिद्धप्रतिपिपादयिषयाऽऽह—

**न किलम्मइ जो तवसा सो तवसिद्धो दढप्पहारिव्व ।**
**सो कम्मक्खयसिद्धो जो सव्वक्खीणकम्मंसो ॥९५२॥**

**व्याख्या :** 'न क्लामति' न क्लमं गच्छति यः सत्त्वस्तपसा—बाह्याभ्यन्तरेण स एवंभूतस्तपःसिद्धः, अग्लानित्वाद्, दढप्रहारिवदिति गाथाक्षरार्थः ॥ भावार्थः कथानकादवसेयः, तच्चेदम्—**एगो[५६] धिज्जाइयओ दुद्दंतो अविणयं करेइ, सो ताओ थाणाओ नीणिओ हिंडंतो चोरपल्लिमल्लिणो, सेणावइया पुत्तो गहिओ, तंमि मयंमि सोच्चेव सेणावई जाओ, निक्किवं पहणइत्ति दढप्पहारी से णामं कयं । सो अन्नया सेणाए समं एगं गामं हंतुं गओ, तत्थ य एगो दरिद्दो, तेण पुत्तभंडाण मग्गंताणं दुद्धं जाएत्ता पायसो सिद्धो, सो य ण्हाइउं गओ, चोरा य तत्थ पडिया, एगेण सो तस्स पायसो दिट्ठो, छुहियत्ति तं गहाय पहाविओ, ताणि खुड्डगरूवाणि रोवंताणि**

**અવતરણિકા :** આ પ્રમાણે અભિપ્રાયસિદ્ધ કહ્યો. હવે તપસિદ્ધનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ :** તપવડે જે ગ્લાનિ પામતો નથી તેવા દઢપ્રહારીની જેમ તપસિદ્ધ જાણવો. જેના સર્વ કર્માંશો ક્ષીણ થયાં છે તે કર્મક્ષયસિદ્ધ જાણવો.

**ટીકાર્થ :** જે જીવ બાહ્ય અભ્યંતર તપવડે ગ્લાનિ પામતો નથી=થાકતો નથી તે જીવ અગ્લાની હોવાથી દઢપ્રહારીની જેમ તપસિદ્ધ કહેવાય છે. આ પ્રમાણે ગાથાર્થનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે કથાનક આ પ્રમાણે છે →

### ❋ તપઃસિદ્ધ એવા દઢપ્રહારી ❋

એક બ્રાહ્મણ દુઃખેથી દમી શકાય તેવા અકાર્યને કરે છે. તે સ્થાનમાંથી તેને બહાર કાઢી મૂક્યો. તે ફરતાં ફરતાં ચોરપલ્લિને મળ્યો. સેનાપતિએ તેને પુત્રરૂપે રાખ્યો. સેનાપતિનું મૃત્યુ થતાં તે પુત્ર જ સેનાપતિ થયો. નિર્દય રીતે તે બીજાને હણતો તેથી તેનું નામ દઢપ્રહારી પડ્યું. તે એકવાર પોતાની સેના સાથે એક ગામને લૂંટવા ગયો. તે ગામમાં એક ગરીબ માણસ હતો. (આહાર માટેની) માંગણી કરતા પુત્રો માટે તે ગરીબે દૂધની યાચના કરીને તેમાંથી ખીર બનાવી. બાળકોને ખીર પીરસીને તે સ્નાન કરવા ગયો. એટલામાં ઘરે ચોરો આવી પડ્યા. એક ચોરે ખીર જોઈ. પોતે ભૂખ્યો હોવાથી તે ખીર લઈને દોડવા લાગ્યો. તે બાળકો રડતા-રડતા પિતા પાસે ગયા, "અમારી ખીર આ લોકો લઈ ગયા."

५६. एको धिग्जातीयो दुर्दान्तोऽविनयं करोति, स ततः स्थानात् निष्काशितो हिण्डमानश्चौरपल्लीमाश्रितः, सेनापतिना पुत्रो गृहीतः, तस्मिन् मृते स एव सेनापतिर्जातः, निष्कृपं प्रहन्तीति दढप्रहारी तस्य नाम कृतं । सोऽन्यदा सेनया समं एकं ग्रामं हन्तुं गतः, तत्र चैको दरिद्रः, तेन पुत्रेभ्यो मार्गयद्भ्यः दुग्धं याचित्वा पायसं साधितं, स च स्नातुं गतः, चौराश्च तत्र पतिताः, एकेन तस्य तत्पायसं दृष्टं, क्षुधार्त्त इति तद्गृहीत्वा प्रधावितः, तानि क्षुल्लकरूपाणि रुदन्ति

**[५७]पिउमूलं गयाणि, हिओ पायसोत्ति, सो रोसेणं मारेमित्ति पहाविओ, महिला अवयासेउं अच्छइ, तहवि जाइ जहिं सो चेव चोरसेणावई गाममज्झे अच्छइ, तेण गंतूण महासंगामो कओ; सेणावइणा चिंतियं–एएण मम चोरा परिभविज्जन्ति, तओ असिं गहाय निद्दयं छिण्णो, महिला से भणइ–हा णिक्किव ! किमेयं कयंति ?, पच्छा सावि मारिया, गब्भोऽवि दोभागे कओ फुरुफुरेइ, तस्स किवा जाया–अहम्मो कओ, चेडरूवेहिंतो दरिद्दत्ति पउत्ती उवलद्धा, दढयरं निव्वेयं गओ, को उवाओत्ति, साहू दिट्ठा पुच्छिया यऽणेण–भगवं ! को एत्थ उवाओ ?, तेहिं धम्मो कहिओ, सो य से उवगओ, पच्छा चारित्तं पडिवज्जिय कम्माण समुग्घायणट्ठाए घोरं खंतिअभिग्गहं गिण्हिय तत्थेव विहरइ, तओ हीलिज्जइ हम्मति य, सो संमं अहियासेइ, घोराकारं च कायकिलेसं करेइ, असणाइ**

પિતા ગુસ્સે ભરાઈને 'મારી નાંખું' એમ વિચારીને તેઓ પાછળ દોડ્યા. મહિલા તેને અટકાવે છે છતાં તે તે દિશા તરફ જાય છે, જ્યાં ગામની મધ્યમાં ચોરોનો સેનાપતિ ઊભો છે. ગરીબે આવીને તેની સાથે મોટું યુદ્ધ કર્યું. સેનાપતિએ વિચાર્યું - 'આ મારા ચોરોનો પરિભવ કરે છે.' તેથી તલવાર લઈને ગરીબ વ્યક્તિને નિર્દય રીતે મારી નાંખ્યો. તેની મહિલાએ સેનાપતિને કહ્યું - "હે નિર્દય ! તે આ શું કર્યું ?" પાછળથી સેનાપતિએ મહિલાને પણ મારી નાખી. બે ભાગરૂપે કરાયેલી તેણીનો ગર્ભ પણ તરફડે છે. આ જોઈને સેનાપતિને દયા આવી – "અહો ! મેં કેવો અધર્મ કર્યો." અન્ય બાળકો પાસેથી 'આ ગરીબ હતો (એના બાળકોને મહામુસીબતે ખીર ખાવા આપી હતી જે ચોરો લઈ ગયા)' એવા સમાચાર તેને મળ્યા. તેથી વધુ વૈરાગ્ય તેને થયો.

(આમાંથી બચવાનો) કયો ઉપાય ? એમ વિચારતા તેણે સાધુઓને જોયા. સાધુઓને તેણે પૂછ્યું, "ભગવન્ ! અહીં બચવાનો ઉપાય કયો ?" સાધુઓએ ધર્મદેશના આપી. તેણે તે ધર્મ સ્વીકાર્યો. પછીથી ચારિત્રને સ્વીકારીને કર્મોને ક્ષીણ કરવા માટે ક્ષમાનો ઘોર અભિગ્રહ ગ્રહણ કરીને તે જ ગામમાં વિચરે છે. લોકો ત્યાં તેની નિંદા કરે છે, હણે છે. આ સર્વ દૃઢપ્રહારી સમ્યગ્ રીતે સહન કરે છે અને અતિઘોર કાયાકલેશ કરે છે. આહારાદિ ન મળતા સમ્યગ્ રીતે સહન

५७. पितृमूलं गतानि, हृतं पायसमिति, स रोषेण मारयामीति प्रधावितः, महिला निवारयितुं तिष्ठति, तथापि याति यत्र स एव चौरसेनापतिर्ग्राममध्ये तिष्ठति, तेन गत्वा महासंग्रामः कृतः, सेनापतिना चिन्तितं– एतेन मम चौराः परिभूयन्ते, ततोऽसिं गृहीत्वा निर्दयं छिन्नः, महिला तस्य भणति–हा निष्कृप ! किमेतत्कृतमिति, पश्चात्साऽपि मारिता, गर्भोऽपि द्विधाकृतः स्फुरति, तस्य कृपा जाता–अधर्मः कृतः, चेटरूपेभ्यो दरिद्र इति प्रवृत्तिरुपलब्धा, दृढतरं निर्वेदं गतः, क उपाय इति, साधवो दृष्टाः, पृष्टाश्चानेन– भगवन् ! कोऽत्रोपायः ?, तैर्धर्मः कथितः, स च तस्योपगतः, पश्चाच्चारित्रं प्रतिपद्य कर्मणां समुद्घातनार्थाय घोरं क्षान्त्यभिग्रहं गृहीत्वा तत्रैव विहरति, ततो हील्यते हन्यते च, स सम्यक् अध्यासयति, घोराकारं च कायक्लेशं करोति, अशनादि

वँ अलभंतो सम्मं अहियासेइ, जावऽणेण कम्मं निग्घाइयं, केवलं से उप्पण्णं, पच्छा सो सिद्धत्ति ॥ उक्तस्तपःसिद्धः, साम्प्रतं कर्मक्षयसिद्धप्रतिपादनाय गाथाचरमदलमाह–'सो कम्म' इत्यादि, स कर्मक्षयसिद्धः, यः किंविशिष्ट इत्यत आह–'सर्वक्षीणकर्मांशः' सर्वे–निरवशेषाः क्षीणाः कर्मांशाः–कर्मभेदा यस्य स तथाविध इति गाथार्थः ॥

साम्प्रतं कर्मक्षयसिद्धमेव प्रपञ्चतो निरुक्तविधिना प्रतिपादयन्नाह–

**दीहकालरयं जं तु कम्मं सेसिअमट्ठहा ।**

**सिअं धंतंति सिद्धस्स सिद्धत्तमुवजायइ ॥९५३॥**

व्याख्या : दीर्घः सन्तानापेक्षयाऽनादित्वात् स्थितिबन्धकालो यस्य तद्दीर्घकालं, निसर्गनिर्मलजीवानुरञ्जनाच्च रजः कर्मैव भण्यते ततश्च दीर्घकालं च तद्रजश्चेति दीर्घकालरजः, यच्छब्दः सर्वनामत्वादुद्देशवचनः, यत्कर्मेत्थंप्रकारं, तुशब्दो भव्यकर्मविशेषणार्थः, यतो नाभव्यकर्म सर्वथा ध्मायत इति, ततश्च यद्भव्यकर्मेति 'शेषितम्' इति शेषं कृतं शेषितं–स्थित्यादिभिः प्रभूतं सत् स्थितिसङ्ख्यानुभावापेक्षयैवानाभोगसद्दर्शनज्ञानचरणाद्युपायतः शेषम्–अल्पं कृतमिति भावः, प्राक्

---

કરે છે. સહન કરતાં કરતાં તેણે સર્વ કર્મ ખપાવી દીધા. તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, અને પાછળથી તે સિદ્ધ થયો. આ પ્રમાણે તપસિદ્ધ કહ્યો.

હવે કર્મક્ષયસિદ્ધ પ્રતિપાદન કરવા માટે ગાથાર્થના પશ્ચાત્ભાગને કહે છે – તે કર્મક્ષયસિદ્ધ છે, જે કેવા પ્રકારનો છે ? તે કહે છે – ક્ષીણ થઈ ગયા છે સંપૂર્ણ કર્મભેદો જેના તે કર્મક્ષયસિદ્ધ જાણવો. ॥૯૫૨॥

**અવતરણિકા :** હવે કર્મક્ષયસિદ્ધને જ વિસ્તારથી નિરુક્તવિધિવડે પ્રતિપાદન કરતા કહે છે ⇨

**ગાથાર્થ : આઠ પ્રકારે બંધાયેલું દીર્ઘસ્થિતિવાળું જે કર્મ અલ્પસ્થિતિવાળું કરાયું છે. તે અલ્પસ્થિતિવાળું બંધાયેલું કર્મ જેનું નાશ પામ્યું છે એવા સિદ્ધને જ સિદ્ધપણું ઉત્પન્ન થાય છે.**

**ટીકાર્થ :** સંતાન=પરંપરાની અપેક્ષાએ અનાદિ હોવાથી દીર્ઘ છે સ્થિતિબંધનો કાળ જેનો એવું કર્મ દીર્ઘકાળ કહેવાય છે અને સ્વભાવથી નિર્મળ એવા જીવને મલિન કરતું હોવાથી કર્મ જ રજ તરીકે કહેવાય છે. દીર્ઘકાળ અને રજરૂપ એવું જે કર્મ તે દીર્ઘકાળરજ કહેવાય છે. મૂળમાં 'यद्' શબ્દ સર્વનામ હોવાથી ઉદ્દેશને જણાવનારું જાણવું. તેથી જે કર્મ આવા પ્રકારનું (અર્થાત્ દીર્ઘસ્થિતિવાળું) છે. 'तु' શબ્દ ભવ્યકર્મવિશેષણ-અર્થવાળો છે. (અર્થાત્ અહીં "ભવ્યજીવોનું જે કર્મ દીર્ઘસ્થિતિવાળું છે"એ પ્રમાણે અર્થ જાણવો.) કારણ કે અભવ્યજીવોનું કર્મ સર્વથા નાશ પામતું નથી. તેથી ભવ્યજીવોનું સ્થિતિ વિગેરેવડે પ્રભૂત એવું જે કર્મ સ્થિતિ, રસ, અને પ્રદેશબંધની અપેક્ષાએ જ અનાભોગ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ઉપાયોવડે અલ્પ

---

५८. वाऽलभमानः सम्यगध्यास्ते, यावदनेन कर्म निर्घातितं ( निहतं ), केवलं तस्योत्पन्नं, पश्चात्स सिद्ध इति ॥

किंभूतं सच्छेषितम् ? इत्याह–'अष्टधा सितम्' अष्टप्रकारं ज्ञानावरणादिभेदेन सितं 'सित वर्णबन्धनयो'रिति वचनात् सितं–बद्धमुच्यते । इदानीं निरुक्तिमुपदर्शयति–तच्छेषितं सितं कर्म ध्मातं, 'ध्मा शब्दाग्निसंयोगयो'रिति वचनात् ध्यानानलेन दग्धं महाग्निना लोहमलवदस्येति सिद्ध इति, एवं कर्मदहनानन्तरं सिद्धस्यैव सतः किं ?–सिद्धत्वमुपजायते, नासिद्धस्य, *'भव्योऽसिद्धो न सिध्यती'*ति वचनाद्, उपजायत इत्यपि तदात्मनः स्वभाविकमेव सदनादिकर्मावृतं तदावरणविगमेनाऽऽविर्भवति तत्त्वतः तथाऽपि लौकिकवाचोयुक्त्या व्यवहारदेशनयोपजायत इत्युच्यते, अथवा सिद्धस्य सिद्धत्वं भावरूपमुपजायते, न तु प्रदीपनिर्वाणकल्पमभावरूपमिति नयमतान्तरव्यवच्छेदार्थमेतत्, तथा चाऽऽहुरेके–

*"दीपो यथा निर्वृतिमभ्युपेतो, नैवावनिं गच्छति नान्तरिक्षम् ।*
*दिशं न काञ्चिद्विदिशं न काञ्चित्, स्नेहक्षयात् केवलमेति शान्तिम् ॥१॥"*

---

કરાયેલું છે. પૂર્વે કેવા પ્રકારનું આ કર્મ હતું કે જે અલ્પ કરાયું છે ? તે કહે છે – જ્ઞાનાવરણાદિભેદોવડે આઠ પ્રકારે બંધાયેલું. (આ કર્મ અલ્પ કરાયું છે.) 'सित्' ધાતુ વર્ણ અને બંધન અર્થમાં હોવાથી 'સિત' એટલે 'બંધાયેલું' અર્થ કરવો. હવે (સિદ્ધશબ્દની) નિરુક્તિ અર્થને બતાવે છે – અલ્પસ્થિતિ વિગેરે રૂપે બંધાયેલું (અર્થાત્ અલ્પસ્થિતિ વિગેરે રૂપે કરાયેલું) તે કર્મ જેનું (સંપૂર્ણ) નાશ પામ્યું છે તે સિદ્ધ કહેવાય છે. અહીં 'ध्मा' ધાતુ શબ્દ અને અગ્નિ સંયોગના અર્થમાં હોવાથી 'ध्मातं' એટલે મહાગ્નિવડે લોખંડના મલની જેમ ધ્યાનરૂપ અગ્નિવડે બાળેલું (એટલે કે નાશ પામેલું.) આ પ્રમાણે કર્મના દહન પછી સિદ્ધ થયેલા એવા જ જીવને સિદ્ધત્વ ઉત્પન્ન થાય છે, પણ અસિદ્ધને (જેના સંપૂર્ણ કર્મો નાશ પામ્યા નથી એવા જીવને) ઉત્પન્ન થતું નથી, કારણ કે 'અસિદ્ધ એવો ભવ્યજીવ સિદ્ધ થતો નથી' આવું વચન છે.

જો કે આત્માનું સ્વાભાવિક (સ્વભાવરૂપ) એવું જ સિદ્ધપણું એ અનાદિ એવા કર્મોથી ઢંકાયેલું છે. તે કર્મરૂપ આવરણનો નાશ થતાં તત્ત્વથી તો આ સિદ્ધપણું પ્રગટ થાય છે (નહિ કે ઉત્પન્ન થાય છે.) છતાં ઉત્પન્ન થાય છે એવું જે કહેવાય છે તે લૌકિક વચનોને પ્રધાન માનતી એવી વ્યવહારદેશનાવડે કહેવાય છે. અથવા સિદ્ધ એવા જીવને સિદ્ધપણું ભાવરૂપ ઉત્પન્ન થાય છે, નહિ કે દીપકના નાશની જેમ અભાવરૂપ થાય છે. આ વચન અન્ય નય(બૌદ્ધ)ની બાદબાકી કરનારું જાણવું.(અર્થાત્ જે લોકો સિદ્ધપણાંને અભાવરૂપ માને છે તે લોકોનું ખંડન કરનારું આ વચન જાણવું.) કેટલાક લોકો કહે છે– "જેમ દીપક ઓલવાયા પછી નીચે પૃથ્વીમાં જતો નથી કે અન્તરિક્ષમાં જતો નથી, કોઈ દિશા કે કોઈ વિદિશામાં જતો નથી, પરંતુ ઘીના ક્ષયથી માત્ર શાંતિને=(નાશને = અભાવને) પામે છે ॥૧॥" (તેમ નિર્વૃત્તિને પામેલો જીવ પણ પૃથ્વી, અન્તરિક્ષ, દિશા કે વિદિશાને પામતો નથી પણ ક્લેશ (કર્મ)નો નાશ થતાં માત્ર શાંતિને (નાશને) પામે છે. ॥૨॥" આવું જે લોકો માને છે તેઓનો આ મત ઉપરોક્ત 'ભાવરૂપ સિદ્ધપણું ઉત્પન્ન થાય છે.' એ વચનથી ખંડિત થયેલા જાણવો.) કારણ કે આવા પ્રકારનું એટલે કે અભાવરૂપ સિદ્ધપણું

इत्यादि, एवंविधसिद्धत्वभावे दीक्षादिप्रयासवैयर्थ्यात् निरन्वयक्षणभङ्गस्य चायुज्यमानत्वात्, प्रदीपदृष्टान्तस्याप्यसिद्धत्वात्, तथाहि—तत्र त एव पुद्गला भास्वरं रूपं परित्यज्य तामसं रूपान्तरमासादयन्तीत्यलं विस्तरेण, अथवाऽन्यथा व्याख्यायते 'दीर्घकालरयं' इति रयः—वेगः चेष्टाऽनुभवः फलमित्यनर्थान्तरं, ततश्च दीर्घकालो रयोऽस्येति दीर्घकालरयं, सन्तानोपभोग्यत्वादिति भावना, यद्भव्यकर्म 'सेसित' मिति श्लेषितमिति संश्लिष्टं लेश्यानुभावात् अष्टधा सितमित्यादि पूर्ववत्, अथवाऽन्यथा व्याख्यायते—दीर्घकालरज इति, तत्र रज इव रजः सूक्ष्मतया स्नेहबन्धनयोग्यत्वाद्वा रज इत्युच्यते, यद्भव्यकर्मेति च नैवं व्याख्यायते, साक्षात्कर्माभिधानेन सर्वनाम्नो निरर्थकत्वात्, प्रकरणादेव भव्यस्यावगम्यमानत्वाद्, अभव्यस्य सिद्धत्वानुपपत्तेः, ततश्च जन्तुकर्म इति व्याख्यायते, जन्तुः—जीवस्तस्य कर्म जन्तुकर्म, अनेनाबद्धकर्मव्यवच्छेदमाह, तच्च 'से'

માનવામાં દીક્ષા લેવાદિનો પ્રયાસ નિરર્થક બની જાય (કારણ કે કોઈ બુદ્ધિમાન જીવ પોતાની જાતે પોતાના વધ માટે ગળે તલવાર મૂકે નહિ.) અને ક્ષણનો (ક્ષણવર્તી આત્માનો) સર્વથાભંગ પણ ઘટતો નથી. (કારણ કે સત્ એવી વસ્તુનો સર્વથા નાશ થઈ શકતો નથી. વિશેષાર્થીએ ધર્મસંગ્રહણીમાં જોવું.) તથા પ્રદીપનું દૃષ્ટાન્ત પણ અસિદ્ધ છે તે આ પ્રમાણે - જ્યારે દીપક પોતે ઓલવાય છે ત્યારે તે જ પુદ્ગલો પોતાના ભાસ્વર(તેજોમય) રૂપને છોડીને અંધકારરૂપને પામે છે. (પણ સંપૂર્ણ વિનાશ પામતા નથી.) વધુ વિસ્તારથી સર્યું.

અથવા આ ગાથાર્થનો અર્થ બીજી રીતે જણાવાય છે - પરંપરાવડે વારંવાર ભોગવવા યોગ્ય હોવાથી દીર્ઘકાળ સુધી ફળ છે જેનું એવું તે કર્મ દીર્ઘકાળરય કહેવાય છે. આવું જે ભવ્ય કર્મ લેશ્યાના કારણે (આત્મા સાથે) ચોંટેલું, આઠ પ્રકારે બંધાયેલું... વિગેરે આગળની વ્યાખ્યા પૂર્વ વ્યાખ્યા પ્રમાણે જાણવી.

અથવા ત્રીજી રીતે વ્યાખ્યા કરાય છે - કર્મ એ સૂક્ષ્મ હોવાથી અથવા સ્નેહ(રાગ)વડે બંધનને યોગ્ય હોવાથી રજ કહેવાય છે. પૂર્વની જેમ 'જે ભવ્યકર્મ' એ પ્રમાણે વ્યાખ્યા કરવી નહીં, કારણ કે કર્મનું સાક્ષાત્ કથન કરેલ હોવાથી સર્વનામ નિરર્થક છે = કોઈ જરૂર નથી. તથા પ્રકરણથી જ ભવ્ય જણાઈ જતું હોવાથી 'તુ' શબ્દવડે 'ભવ્ય' વિશેષણ પણ જોડવાની જરુર નથી, કારણ કે અભવ્યને સિદ્ધપણું ઘટતું નથી. તેથી અહીં 'જંતુકર્મ' એ પ્રમાણે વ્યાખ્યા સમજવી. (આશય એ છે કે પૂર્વે 'जं तु कम्मं' વાક્યમાં 'यद्' શબ્દ સર્વનામ રૂપે લીધો, તથા तु શબ્દથી ભવ્યવિશેષણ જોડી 'જે ભવ્યકર્મ' એ પ્રમાણે વ્યાખ્યા કરી, પરંતુ આ ત્રીજી વ્યાખ્યામાં તેનો નિષેધ કર્યો, કારણ કે કર્મ શબ્દ સાક્ષાત્ બતાવેલ હોવાથી 'જે કર્મ' એવો અર્થ કરવાની કોઈ જરુર નથી. તથા પ્રકરણથી જ 'ભવ્ય' શબ્દ પણ જણાતો હોવાથી 'तु' શબ્દ લેવાની જરૂર નથી. તેથી 'जं तु कम्मं' શબ્દને ભેગો કરી 'जंतुकम्मं' શબ્દ સમજી વ્યાખ્યા કરવી.) જંતુ એટલે જીવ, તેનું કર્મ તે જંતુકર્મ. આ શબ્દવડે અબદ્ધ એવા કર્મનો વ્યવચ્છેદ કહ્યો.. (તેથી કર્મ નહીં પણ જંતુ=જીવ સાથે બંધાયેલું કર્મ એ પ્રમાણે અર્થ જાણવો.)

**तस्य जन्तोः 'असितम्' असितमिति कृष्णमशुभं संसारानुबन्धित्वात्, एवंविधस्यैव च क्षयः श्रेयानिति, न तु शुभस्य स्वरूपस्येति भावना, अष्टधा सितमित्यादि पूर्ववदेवेति गाथार्थः ॥ प्रथमव्याख्यापक्षमधिकृत्य सम्बन्धमाह–तत्कर्मशेषं तस्य समस्थित्यसमस्थिति वा स्यात् ?, न तावत् समस्थिति विषमनिबन्धनत्वात्, नाप्यसमस्थिति चरमसमये युगपत् क्षयासम्भवादिति, एतदयुक्तम्, उभयथाऽप्यदोषात्, तथाहि–विषमनिबन्धत्वे सत्यपि विचित्रक्षयसम्भवात् कालतः समस्थितित्वाविरोध एव, चरमपक्षेऽपि समुद्घातगमनेन समस्थितिकरणभावाददोषः, न चैतत् स्वमनीषिकयैवोच्यते, यत आह निर्युक्तिकारः—**

**नाऊण वेअणिज्जं अइबहुअं आउअं च थोवागं ।**

---

આવા દીર્ઘકાળનું કર્મ તે જીવને સંસાર વધારનારું હોવાથી અશુભ છે અને આવા પ્રકારના અશુભ કર્મનો જ ક્ષય કલ્યાણકારી છે. પણ (સર્વથા સંતાનનો ઉચ્છેદ માનનારા એવા બૌદ્ધો "દીપકની જેમ જીવ પૃથ્વી, અંતરિક્ષ, દિશા, વિદિશા.....' વિગેરે વચનોવડે જે રીતે જીવનો ઉચ્છેદ માને છે તે રીતે - इति टिप्पणके શુભ એવા જીવસ્વરૂપનો ક્ષય (અર્થાત્ જીવનો સર્વથા ક્ષય) કલ્યાણકારી નથી. આઠ પ્રકારનું બંધાયેલું.... વિગેરે પૂર્વની જેમ જ વ્યાખ્યા જાણવી. ॥ ૯૫૩ ॥

**અવતરણિકા :** પ્રથમ વ્યાખ્યાપક્ષને આશ્રયી (આગળની ગાથા સાથેના) સંબંધને કહે છે ➪

**પૂર્વપક્ષ :** જે આઠ પ્રકારના કર્મો અલ્પસ્થિતિવાળા કર્યા છે તે બધાં એક સરખી સ્થિતિવાળા થાય કે જુદી જુદી સ્થિતિવાળા થાય ? (પૂર્વપક્ષ પોતે જ પોતાની મતિથી જવાબ આપે છે કે) તે કર્મો સમાન સ્થિતિવાળા ન હોય કારણ કે જુદા જુદા કારણોને આશ્રયીને તે સ્થિતિ બંધાયેલી હતી. (અર્થાત્ પૂર્વે જ્યારે કર્મ બાંધ્યા હોય ત્યારે તેના કારણો જુદા જુદા હોવાથી પૂર્વે તે બધાની સ્થિતિ પણ જુદી જુદી હતી અને તે જ્યારે ઓછી થાય તે સમયે એક અધ્યવસાયરૂપ એક જ કારણવડે ઓછી થતી હોવાથી એક સમાન સ્થિતિવાળા થાય નહીં પણ વિષમસ્થિતિવાળા થવા જોઈએ. પરંતુ) વિષમસ્થિતિવાળા પણ ઘટતા નથી, કારણ કે તેના (ભવચક્રના) છેલ્લા સમયે એક સાથે સર્વેનો ક્ષય સંભવતો નથી. (અર્થાત્ વિષમસ્થિતિવાળા તે કર્મોનો નાશ કરતાં-કરતાં છેલ્લા સમયે પણ તે વિષમસ્થિતિવાળા રહેવાના, અને તેથી છેલ્લા સમયે એક અધ્યવસાયથી વિષમસ્થિતિવાળા સર્વ કર્મોનો એક સાથે ક્ષય સંભવિત નથી. માટે વિષમસ્થિતિવાળા પણ ઘટતા નથી.)

**સમાધાન :** તમારી આ વાત અયોગ્ય છે કારણ કે સમસ્થિતિ કે વિષમસ્થિતિ, બંનેમાં કોઈ દોષ નથી. તે આ રીતે જુદા જુદા કારણો હોવા છતાં વિચિત્ર ક્ષયનો સંભવ હોવાથી કાળને આશ્રયી તે આઠે કર્મો સમસ્થિતિવાળા માનવામાં કોઈ વિરોધ નથી તથા વિષમસ્થિતિરૂપ ચરમપક્ષમાં પણ કોઈ દોષ નથી, કારણ કે સમુદ્ઘાતને પામી સઘળા કર્મો સમસ્થિતિવાળા કરે છે. આ કંઈ સ્વબુદ્ધિથી કહેવાતું નથી કારણ કે નિર્યુક્તિકારે કહ્યું છે ➪

**ગાથાર્થ : વેદનીય કર્મને અતિબહુ અને આયુષ્યને અલ્પ જાણ્યા પછી સમુદ્ઘાતને પામીને**

**गंतूण समुग्घायं खवंति कम्मं निरवसेसं ॥९५४॥**

व्याख्या : 'ज्ञात्वा' केवलेनावगम्य, किं ?—वेदनीयं कर्म, किंभूतं ?—'अतिबहु' शेषभवोपग्राहिकर्मापेक्षयाऽतिप्रभूतमित्यर्थः, तथाऽऽयुष्कं च कर्म 'स्तोकम्' अल्पं, तदपेक्षयैव ज्ञात्वेति वर्तते, अत्रान्तरे 'गत्वा' प्राप्य 'समुद्घातम्' इति सम्यग्—अपुनर्भाविनोत्—प्राबल्येन कर्मणो हननं घातः—प्रलयो यस्मिन् प्रयत्नविशेषेऽसौ समुद्घात इति तम्, 'क्षपयन्ति' विनाशयन्ति 'कर्म' वेदनीयादि 'निरवशेषम्' इति निरवशेषमिव निरवशेषं प्रभूततमक्षपणाच्छेषस्य चान्तर्मुहूर्त्तमात्रकालावधित्वात्, किञ्चिच्छेषत्वादसत्कल्पनेति भावना, अत्राऽऽह—'ज्ञात्वा वेदनीयमतिबह्वि' त्यत्र को नियमः ? येन तदेव बहु ( ग्रं० ११००० ) तथाऽऽयुष्कमेवाल्पमिति, अत्रोच्यते, वेदनीयस्य सर्वकर्मभ्यो बन्धकालबहुत्वात् केवलिनोऽपि तद्बन्धकत्वादायुष्कस्य चाल्पत्वात्, उक्तं च—'[५९]*जाव णं अयं जीवे एयइ वेयइ चलइ फंदइ ताव उण अट्ठविहबंधए वा सत्तविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा णो उण अबंधए'* आयुष्कस्य त्वान्तर्मौहूर्तिक एव बन्धकाल इति,

---

સંપૂર્ણ કર્મોનો ક્ષય કરે છે.

**ટીકાર્થ :** કેવલજ્ઞાનવડે જાણીને, શું જાણીને ? વેદનીયકર્મને જાણીને, કેવા પ્રકારનું વેદનીયકર્મ ? અતિબહુ અર્થાત્ શેષ એવા અઘાતિકર્મની અપેક્ષાએ વધારે જાણીને. તથા આયુષ્યકર્મને વેદનીય કર્મની અપેક્ષાએ ઓછું જાણીને, (જાણ્યા પછી) સમુદ્ઘાત પામીને, (અહીં સમુદ્ઘાત શબ્દનો અર્થ કહે છે) સમ્યક્ એટલે કે અપુનર્ભાવે, उत् એટલે પ્રબળતાથી, કર્મોનો ઘાત=નાશ જે પ્રયત્નવિશેષમાં હોય તે સમુદ્ઘાત કહેવાય છે. તે સમુદ્ઘાતને પામીને વેદનીયાદિનો સંપૂર્ણ ક્ષય કરે છે. મોટા ભાગના કર્મોનો ક્ષય થવાથી અને શેષ રહેલા કર્મો અંતર્મુહૂર્ત્તમાત્ર કાળ સુધીના જ હોવાથી તે શેષ કર્મોની અહીં વિવક્ષા નહીં કરતા 'સંપૂર્ણ ક્ષય કરે છે' એવું કહ્યું છે. (આશય એ છે કે - જો કે સંપૂર્ણ ક્ષય કરતા નથી પરંતુ જે ક્ષય કરવાના હવે બાકી છે તે ઘણા જ ઓછા છે અને માત્ર અંતર્મુહૂર્ત્ત કાળ ટકનારા હોવાથી તેની વિવક્ષા કરાતી નથી. માટે સંપૂર્ણ ક્ષય કરે છે એમ કહ્યું.)

**શંકા :** 'અતિબહુ વેદનીયને જાણીને' અહીં એવો કયો નિયમ છે ? કે જેથી વેદનીય જ બહુ હોય અને આયુષ્ય જ અલ્પ હોય.

**સમાધાન :** સર્વ કર્મો કરતાં વેદનીયકર્મના બંધનો કાળ ઘણો છે. તથા કેવલિઓ પણ વેદનીયને બાંધે છે. તેની સામે આયુષ્ય અલ્પ છે. કહ્યું છે – "જ્યાં સુધી જીવ ગતિ કરે છે, જાણે છે, ચાલે છે, હલનચલન કરે છે ત્યાં સુધી તે જીવ કાં તો આઠ પ્રકારના કર્મોનો બંધક હોય, અથવા સાત પ્રકારના કર્મોનો બંધક હોય, અથવા છ પ્રકારનો અથવા એક પ્રકારનો બંધક હોય, પણ અબંધક હોય નહીં" (આ પાઠ દ્વારા કેવલિઓ પણ વેદનીય રૂપ એક પ્રકારના કર્મને બાંધનારા બતાવ્યા છે.) આયુષ્યનો તો બંધકાળ અંતર્મુહૂર્ત્ત જ છે. કહ્યું છે - "ત્રીજા ભાગે અથવા

---

**५९. यावदयं जीव एजते व्येजते चलति स्पन्दते तावदष्टविधबन्धको वा सप्तविधबन्धको वा षड्विधबन्धको वा एकविधबन्धको वा न पुनरबन्धकः ।**

उक्तं च– *"सिंयं तिभागे सिय तिभागतिभागे"* इत्याद्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥९५४॥

इदानीं समुद्घातादिस्वरूपप्रतिपादनायैवाऽऽह–

**दंड कवाडे मंथंतरे अ साहरणया सरीरत्थे ।**
**भासाजोगनिरोहे सेलेसी सिज्झणा चेव ॥९५५॥**

व्याख्या : इह समुद्घातं प्रारभमाणः प्रथममेवावर्जीकरणमभ्येत्यन्तर्मौहूर्तिकमुदीरणावलिकायां कर्मपुद्गलप्रक्षेपव्यापाररूपमित्यर्थः, ततः समुद्घातं गच्छति, तस्य चायं क्रमः–इह प्रथमसमय एव स्वदेहविष्कम्भतुल्यविष्कम्भमूर्ध्वमधश्चाऽऽयतमुभयतोऽपि लोकान्तगामिनं जीवप्रदेशसङ्घातं दण्डं दण्डस्थानीयं केवली ज्ञानाभोगतः करोति, द्वितीयसमये तु तमेव दण्डं पूर्वापरदिग्द्वयप्रसारणात् पार्श्वतो लोकान्तगामिनं कपाटमिव कपाटं करोति, तृतीयसमये तदेव कपाटं दक्षिणोत्तरदिग्द्वयप्रसारणान्मन्थसदृशं मन्थानं करोति लोकान्तप्रापिणमेव, एवं च लोकस्य प्रायो बहु परिपूरितं भवति, मन्थान्तराण्यपूरितानि भवन्ति, अनुश्रेणिगमनात्, चतुर्थे तु समये

ત્રીજાના ત્રીજા ભાગે..... વિગેરે" (આમ, વેદનીયનો બંધકાળ વધુ હોવાથી અને આયુષ્યનો બંધકાળ માત્ર અંતર્મુહૂર્તનો જ હોવાથી આયુષ્ય કરતાં વેદનીય અધિક સંભવી શકે છે પરંતુ વેદનીય કરતાં આયુષ્ય વધારે સંભવી શકતું નથી.) પ્રાસંગિક ચર્ચાવડે સર્યું. ॥૯૫૪॥

**અવતરણિકા :** હવે સમુદ્ઘાતાદિના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે જ કહે છે ⇨

**ગાથાર્થ :** દંડ, કપાટ, મંથાન, આંતરા, સંકોચના, શરીરસ્થ, ભાષાયોગનો નિરોધ, શૈલેશી અને સિદ્ધિ.

કેવલી સમુદ્ઘાત




**ટીકાર્થ :** અહીં સમુદ્ઘાતને આરંભતો જીવ તે પહેલાં ઉદીરણાવલિકામાં કર્મપુદ્ગલોને નાંખવાના વ્યાપારરૂપ અંતર્મુહૂર્તકાળ સુધી થનારું આવર્જીકરણ કરે છે. ત્યારપછી સમુદ્ઘાત કરે છે. તેનો ક્રમ આ પ્રમાણે છે – કેવલી પ્રથમ સમયે જ પોતાના દેહની પહોળાઈ જેટલી પહોળાઈવાળો, ઊર્ધ્વ-અધો લાંબો, ઊર્ધ્વ-અધો બંને બાજુ લોકાન્ત સુધીનો જીવપ્રદેશના સમૂહનો દંડ જેવો દંડ જ્ઞાનના બળે કરે છે. બીજા સમયે તે જ દંડને પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં ફેલાવીને બંને બાજુ લોકના છેડા સુધી જનાર કપાટ જેવો કપાટ કરે છે. ત્રીજા સમયે તે જ કપાટને ઉત્તર-દક્ષિણ બંને દિશામાં ફેલાવીને લોકાન્તને જ પામનારું મંથાન જેવું મંથાન કરે છે. આ પ્રમાણે લોકનો પ્રાયઃબહુ મોટો ભાગ પૂરાયેલો થાય છે. માત્ર મંથાનના આંતરાઓ જ પૂર્યા વિનાના હોય છે, કારણ કે જીવ હંમેશા સીધી શ્રેણીમાં જ ગમન કરે છે. ચોથા સમયે લોકના ખૂણાઓ સાથે મંથાનના આંતરાઓ પૂરે છે અને તેથી સંપૂર્ણ લોક (આત્મપ્રદેશોવડે) પૂરાયેલો થાય છે. ત્યારપછી તરત જ પાંચમા સમયે

૬૦. त्रिभागे स्यात्त्रिभागत्रिभागे ।

तान्यपि मन्थान्तराणि सह लोकनिष्कुटैः पूरयति, ततश्च सकलो लोकः पूरितो भवतीति, तदनन्तरमेव पञ्चमे समये यथोक्तक्रमात् प्रतिलोमं मन्थान्तराणि संहरति—जीवप्रदेशान् सकर्मकान् सङ्कोचयति, षष्ठे समये मन्थानमुपसंहरति घनतरसङ्कोचात्, सप्तमे समये कपाटमुपसंहरति दण्डात्मानं सङ्कोचात्, अष्टमसमये दण्डमुपसंहृत्य शरीरस्थ एव भवति । अमुमवार्थं चेतसि निधायोक्तं दण्डः कपाटं मन्थान्तराणि संहरणता प्रतिलोममिति गम्यते, शरीरस्थ इति वचनात्, न चैतत् स्वमनीषिकाव्याख्यानं, यत उक्तम्—

*''★प्रथमे समये दण्डं कपाटमथ चोत्तरे तथा समये ।*
*मन्थानमथ तृतीये लोकव्यापी चतुर्थे तु ॥१॥*
*संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे ।*
*सप्तमके तु कपाटं संहरति ततोऽष्टमे दण्डम् ॥२॥''* इति ।

तस्येदानीं समुद्घातगतस्य योगव्यापारश्चिन्त्यते—योगाश्च—मनोवाक्कायाः, अत्रैषां कः कदा व्याप्रियते ?, तत्र हि मनोवाग्योगयोरव्यापार एव, प्रयोजनाभावात्, काययोगस्यैव केवलस्य व्यापारः, तत्रापि प्रथमाष्टमसमययोरौदारिककायप्राधान्यादौदारिकयोग एव, द्वितीयषष्ठसप्तमे समयेषु

---

કહેવાયેલા ક્રમથી વિપરીત ક્રમે મંથાનના આંતરાઓને સંહરે છે અર્થાત્ કર્મયુક્ત જીવપ્રદેશોને સંકોચે છે. છઠ્ઠા સમયે વધુ ઘનસંકોચથી મંથાનને સંહરે છે. સાતમા સમયે કપાટોને દંડમાં સંકોચે છે. આઠમા સમયે દંડને સંહરીને કેવલી શરીરસ્થ જ થાય છે. આ જ અર્થને મનમાં સ્થાપીને નિર્યુક્તિકારે સૂત્રમાં કહ્યું છે — દંડ, કપાટ, મંથન, આંતરા તથા વિપરીત ક્રમે સંહરણા, (સંહરણા વિપરીત ક્રમે થાય એવું કેવી રીતે જાણ્યું ? તે કહે છે કે — ) 'શરીરસ્થ થાય છે' એવું નિર્યુક્તિકારે કહ્યું હોવાથી સંહરણા વિપરીત ક્રમે જણાય છે.

પ્રથમ સમયે દંડ કરે વિગેરે જે વ્યાખ્યાન કર્યું તે પોતાની મતિ પ્રમાણેનું નથી, કારણ કે કહ્યું છે —"પ્રથમ સમયે દંડને, તેના પછીના સમયે કપાટને, ત્રીજા સમયે મંથાનને અને ચોથા સમયે જીવ લોકવ્યાપી થાય છે. ॥૧॥ પાંચમા સમયે આંતરાઓને સંહરે છે, છઠ્ઠા સમયે મંથાનને, સાતમા સમયે કપાટને અને આઠમા સમયે દંડને સંહરે છે. ॥૨॥" (પ્રશમરતિ-૨૭૩/૨૭૪)

હવે સમુદ્ઘાતને પામેલા તે જીવનો યોગ વ્યાપાર વિચારાય છે. મન-વચન અને કાયા ત્રણ પ્રકારના યોગો છે. આ ત્રણેમાંથી કયો યોગ ક્યારે વપરાય છે ? તે કહે છે — પ્રયોજનનો અભાવ હોવાથી સમુદ્ઘાત સમયે મન અને વચનયોગનો વ્યાપાર હોતો જ નથી. માત્ર કાયયોગનો વ્યાપાર હોય છે. તેમાં પણ પહેલા અને આઠમા સમયે ઔદારિક શરીરની પ્રધાનતા હોવાથી ઔદારિક કાયયોગ જ હોય છે. બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકને વિશે અને તેનાથી બહાર એવા કાર્મણ શરીરને વિશે, બંનેમાં વીર્યનો વ્યાપાર થતો હોવાથી ઔદારિક-કાર્મણ એમ

---

★दण्डं प्रथमे ..... इति प्रशमरतौ ।

पुनरौदारिके तस्माच्च बहिः कार्मणे वीर्यपरिस्पन्दादौदारिककार्मणमिश्रः, त्रिचतुर्थपञ्चमेषु तु बहिरेवौदारिकात् बहुतरप्रदेशव्यापारादसहायः कार्मणयोग एव, तन्मात्रचेष्टनादिति, अन्यत्राप्युक्तम्—

*"औदारिकप्रयोक्ता प्रथमाष्टमसमययोरसाविष्टः ।*
*मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु ॥१॥*
*कार्मणशरीरयोगी चतुर्थके पञ्चमे तृतीये च ।*
*समयत्रयेऽपि तस्मिन् भवत्यनाहारको नियमाद् ॥२॥"*

इति, कृतं प्रसङ्गेन । भाषायोगनिरोध इति, कोऽर्थः ?—परित्यक्तसमुद्घातः कारणवशाद् योगत्रयमपि व्यापारयेत्, तदर्थं मध्यवर्तिनं योगमाह—भाषेति, अत्रान्तरेऽनुत्तरसुरपृष्टो मनोयोगं सत्यं वाऽसत्यामृषं वा प्रयुङ्क्ते, एवमामन्त्रणादौ वाग्योगमपि, नेतरौ द्वौ भेदौ द्वयोरपि, काययोगमप्यौदारिकं फलकप्रत्यर्पणादाविति, ततोऽन्तर्मुहूर्त्तमात्रेणैव कालेन योगनिरोधं करोति, अत्र केचिद् व्याचक्षते—

---

મિશ્ર કાયયોગ હોય છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયે ઔદારિકશરીરથી બહાર જ બહુતર પ્રદેશોનો વ્યાપાર થતો હોવાથી (ઔદારિકકાયની) સહાય વિનાનો એકલો કાર્મણ યોગ જ હોય છે, કારણ કે કાર્મણશરીરમાત્રમાં જ વ્યાપાર થાય છે. અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે- "પ્રથમ અને આઠમા સમયે આ જીવ ઔદારિક વ્યાપારવાળો ઇચ્છાય છે. સાતમા, છઠ્ઠા અને બીજા સમયે મિશ્ર ઔદારિકયોગવાળો ઇષ્ટ છે. ॥૧॥ ચોથા, પાંચમા અને ત્રીજા સમયે કાર્મણશરીરયોગી હોય છે અને તે ત્રણે સમયમાં નિયમથી જીવ અનાહારક થાય છે. ॥૨॥ " (પ્રશમરતિ-૨૭૫/૨૭૬) પ્રસંગથી સર્યું. (મૂળગાથામાં 'ભાષાયોગનો નિરોધ' શબ્દ છે. તેની હવે વ્યાખ્યા કરે છે →)

**શંકા :** 'ભાષાયોગનો નિરોધ' અહીં ભાષાયોગનું ગ્રહણ શા માટે કર્યું ?'યોગ નિરોધ' આટલું જ કહેવું જોઈએ.

**સમાધાન :** સમુદ્ઘાત પછી જીવ કારણવશાત્ ત્રણે યોગનો પણ વ્યાપાર કદાચ કરે, તે જણાવવા માટે 'ભાષાયોગ' એ પ્રમાણે મધ્યવર્તી યોગનું ગ્રહણ કર્યું છે.

(**શંકા :** ત્રણે યોગનો વ્યાપાર કેવી રીતે કરે ?)

**સમાધાન :** અનુત્તરદેવોવડે પૂછાયેલા ભગવાન સત્યમનોયોગનો અથવા અસત્યામૃષા મનોયોગનો પ્રયોગ કરે છે. (અર્થાત્ અનુત્તરદેવો જ્યારે ભગવાનને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે તેનો ઉત્તર આ બે મનોયોગ દ્વારા આપે છે.) આ પ્રમાણે આમંત્રણાદિમાં (અર્થાત્ હે ગૌતમ ! વિગેરેમાં) વચનયોગનો પ્રયોગ કરે છે. આ સિવાય વચનયોગ અને મનોયોગના શેષ બે-બે યોગો એટલે કે મૃષા કે સત્યમૃષાનો પ્રયોગ કરતા નથી. તે જ પ્રમાણે પોતાને ઉપયોગી એવા પીઠફલક વગેરેનું જે ગ્રહણ કરેલું હોય, તેને પાછું આપતી વેળાએ ઔદારિક કાયયોગનો પણ પ્રયોગ કરે. ત્યારપછી અંતર્મુહૂર્તમાત્ર કાળમાં યોગનિરોધ કરે છે.

અહીં કેટલાક આચાર્યો એમ કહે છે કે – "જઘન્યથી અંતર્મુહૂર્તકાળનું જ આયુ શેષ રહે ત્યારે સમુદ્ઘાત કરે, ઉત્કૃષ્ટથી છ માસ બાકી હોય ત્યારે", તે આચાર્યોની આ વાત અયુક્ત છે, કારણ કે મૂળમાં 'નિરવશેષ કર્મનો ક્ષય કરે છે' એવું કથન કરેલું છે. (અર્થાત્ પૂર્વે ગા.

जघन्येनैतावतैव कालेन उत्कृष्टतस्तु षड्भिर्मासैरिति, एतच्चायुक्तं, 'क्षपयन्ति कर्म निरवशेष'मिति वचनात् फलकादीनां च प्रज्ञापनायां प्रत्यर्पणस्यैवोक्तत्वात्, एवं च सति ग्रहणमपि स्याद्, अलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः–स हि योगनिरोधं कुर्वन् प्रथममेव याऽसौ शरीरप्रदेशसम्बद्धा मनःपर्याप्ति-निर्वृत्तिर्यया पूर्वं मनोद्रव्यग्रहणं कृत्वा भावमनः प्रयुक्तवान् तत्कर्मसंयोगविघटनाय मन्त्रसामर्थ्येन विषमिव स भगवाननुत्तरेणाचिन्त्येन निरावरणेन करणवीर्येण तद्व्यापारं निरूणद्धि निरुध्य च

*'[६१]पज्जत्तमित्तसन्निस्स जत्तियाइं जहन्नजोगिस्स ।*
*होंति मणोदव्वाइं तव्वावारो य जम्मत्तो ॥१॥*

---

૯૫૪માં કહ્યું કે સમુદ્ઘાતને પામીને જીવ પ્રભૂતતમ કર્મક્ષય કરે છે અને પછી માત્ર અંતર્મૂહૂર્ત જેટલા જ કાળમાં ખપાવવા યોગ્ય કર્મો બાકી રહે છે. જો છ માસ બાકી રહેતા હોત તો આવું વિધાન કરત નહીં.) તથા પ્રજ્ઞાપના ગ્રંથમાં પીઠ-ફલકાદિનું પ્રત્યર્પણ જ કહ્યું છે. જો છ માસ લેવાના હોય તો ગ્રહણ પણ થાત. (આશય એ છે કે – અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળનું આયુષ્ય જ્યારે બાકી રહે ત્યારે કેવલી જો વેદનીયાદિ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મની સ્થિતિ કરતાં અધિક હોય તો તેને સમાન કરવા માટે સમુદ્ઘાતનો આરંભ કરે છે. તે સમુદ્ઘાત પૂર્ણ થયા પછી ઉપરોક્ત પ્રમાણે મન-વચન-કાયાનો વ્યાપાર કરવો પડે તો કરે છે. તેમાં જો કેવલી ભગવંતે કોઈક કારણે પીઠ-ફલકાદિની પૂર્વે યાચના કરેલી હોય તો જેની પાસેથી લાવ્યા હતા તેને પાછું સમર્પણ કરે છે. અહીં પ્રજ્ઞાપના સૂત્ર-૩૪૮માં આર્યશ્યામાચાર્યે પીઠ-ફલકાદિનું માત્ર સમર્પણ જ કહ્યું છે, ગ્રહણ બતાવ્યું નથી. તેથી જણાય છે કે અંતર્મુહૂર્ત્ત આયુષ્ય બાકી રહે ત્યારે જ સમુદ્ઘાતાદિ કેવલી આરંભે છે, નહિ કે છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે, કારણ કે જો છ માસ જેટલું આયુષ્ય બાકી હોત તો વર્ષાકાળનો સંભવ હોવાથી પીઠફલકાદિ ગ્રહણ કરવાનો પણ કો'ક કેવલીને અવસર આવત, અને તેથી સમુદ્ઘાત પછી કાયયોગનો વ્યાપાર કરવામાં પીઠ-ફલકાદિનું ગ્રહણ પણ બતાવ્યું હોત, પણ બતાવ્યું નથી. આમ જે આચાર્યો કહે છે કે - છ માસ બાકી હોય ત્યારે સમુદ્ઘાતાદિ કરે તે ઘટતું નથી.) પ્રાસંગિક ચર્ચાથી સર્યું.

પ્રસ્તુત યોગનિરોધ કેવી રીતે કરે ? તે કહે છે - તે કેવલી યોગનિરોધને કરતા પ્રથમ શરીરપ્રદેશો સાથે સંબદ્ધ એવી જે મનઃપર્યાપ્તિની નિર્વૃત્તિ (મનોદ્રવ્યગ્રહણશક્તિરૂપ) કે જેનાવડે પૂર્વે મનોદ્રવ્યોના ગ્રહણને કરીને ભાવમનનો પ્રયોગ કરતા હતા, તે મનઃપર્યાપ્તિનામકર્મોના સંયોગનો નાશ કરવા માટે મંત્રના સામર્થ્યથી જેમ વિષ હણાય તેમ તે ભગવાન અનુત્તર, અચિંત્ય, નિરાવરણ એવા કરણવીર્યવડે (શરીરમાં ઉત્પન્ન થતાં વીર્યવડે) મનના વ્યાપારને અટકાવે છે. (ટૂંકમાં મનઃપર્યાપ્તિ નામકર્મોનો વિનાશ કરવા સૌ પ્રથમ પોતાની અચિંત્ય શક્તિવડે મનવ્યાપારને અટકાવે છે. તે કેવી રીતે અટકાવે છે ? તે હવે બતાવે છે) ॥૧॥ જઘન્યયોગવાળા પર્યાપ્તમાત્ર સંજ્ઞીપંચેન્દ્રિયજીવનો પ્રથમ સમયે જેટલા મનોદ્રવ્યો અને જેટલો તે દ્રવ્યોનો વ્યાપાર હોય છે.

---

૬૧. पर्याप्तमात्रसंज्ञिनो यावन्ति जघन्ययोगस्य । भवन्ति मनोद्रव्याणि तद्व्यापारश्च यावन्मात्रः ॥१॥

*[६२]तदसंखगुणविहीणं समए २ निरुंभमाणो सो ।*
*मणसो सव्वनिरोहं करेज्जऽसंखेज्जसमएहिं ॥२॥*
*पज्जत्तमेत्तबेंदियजहन्नवयजोगपज्जया जे य ।*
*तदसंखगुणविहीणे समए समए निरुंभंतो ॥३॥*
*सव्ववइजोगरोहं संखाईएहिं कुणइ समएहिं ।*
*तत्तो य सुहुमपणगस्स पढमसमयोववन्नस्स ॥४॥*
*जो किर जहन्नजोगो तदसंखेज्जगुणहीणमेक्किक्के ।*
*समए निरुंभमाणो देहतिभागं च मुंचंतो ॥५॥*
*रुंभइ स कायजोगं संखाइएहि चेव समएहिं*
*तो कयजोगनिरोहो सेलेसीभावणामेइ ॥६॥ त्ति"*

**ततः शैलेशीं प्रतिपद्यते, तत्र शिलाभिर्निर्वृत्तः शिलानां वाऽयमित्यण् शैलः—पर्वतस्तेषामीशः—प्रभुः शैलेशः, स च मेरुः, तस्येवेयं स्थिरतासाम्यादवस्थेति शैलेशी, अथवा अशैलेशः सन्नभूततद्भावाच्छैलेशवदाचरति शैलेशीभवतीत्यध्याहारः, अथवा सर्वसंवरः शीलं तस्येशः शीलेशः**

---

॥૨॥ તેનાથી અસંખ્યેયગુણહીન મનોયોગને પ્રતિસમયે અટકાવતા તે કેવલી અસંખ્યસમયોમાં મનયોગનો સંપૂર્ણ નિરોધ કરે છે. ॥૩॥ જઘન્યવાગ્યોગવાળા પર્યાપ્ત બેઇન્દ્રિય જીવના પ્રથમ સમયે જેટલા વચનયોગના પર્યાયો છે (અર્થાત્ જેટલો વચનયોગ છે.) તેનાથી અસંખ્યગુણહીન વચનયોગનો દરેક સમયે નિરોધ કરતા કેવલી ॥૪॥ અસંખ્યસમયોવડે સર્વવચનયોગના નિરોધને કરે છે. ત્યારપછી પ્રથમ સમયે ઉત્પન્ન થયેલ અપર્યાપ્તક સૂક્ષ્મ નીગોદના જીવનો ॥૫॥ જે જઘન્ય કાયયોગ છે. તેનાથી અસંખ્યગુણહીન કાયયોગને દરેક સમયે અટકાવતા અને (મુખ, ઉદરાદિના ખાલી સ્થાનોને પૂરવાવડે શરીરને સંકોચતા એટલે કે) દેહના ત્રીજાભાગને મૂકતા ॥૬॥ તે કેવલી અસંખ્ય સમયોવડે કાયયોગને રુંધે છે. ત્યારપછી કરાયેલો છે યોગનિરોધ જેમનાવડે એવા તે કેવલી શૈલેશી ભાવનાને પામે છે.

આ રીતે યોગને રુંધીને ત્યારપછી શૈલેશી અવસ્થાને પામે છે. તેમાં (શૈલેશી એટલે શું? તે કહે છે) શિલાઓવડે બનેલ અથવા શિલાઓ સંબંધી જે હોય તે શૈલ એટલે કે પર્વત, તે પર્વતોનો સ્વામી તે શૈલેશ. તે શૈલેશ તરીકે મેરુપર્વત જાણવો. આ મેરુપર્વત જેવી સ્થિર અવસ્થા તે શૈલેશી-અવસ્થા અથવા યોગનિરોધ પછી અશૈલેશ એવા તે પૂર્વે નહીં પામેલા એવા શૈલેશત્વભાવની પ્રાપ્તિ થતી હોવાથી શૈલેશની જેમ આચરે છે અર્થાત્ શૈલેશી થાય છે. અથવા શીલ એટલે સર્વસંવર,

---

**६२. तदसंख्यगुणविहीनं समये समये निरुन्धन् सः । मनसः सर्वनिरोधं कुर्यादसङ्ख्येयसमयैः ॥२॥ पर्याप्तमात्रद्वीन्द्रियस्य जघन्यवचःपर्यवा यावन्तः । तदसङ्ख्येयगुणविहीनान् समये समये निरुन्धन् ॥३॥ सर्ववचोयोगरोधं संख्यातीतैः करोति समयैः । ततश्च सूक्ष्मपनकस्य प्रथमसमयोत्पन्नस्य ॥४॥ यः किल जघन्ययोगस्तदसङ्ख्येयगुणहीनमेकैकस्मिन् । समये निरुन्धन् देहत्रिभागं च मुञ्चन् ॥५॥ रुणद्धि स काययोगं संख्यातीतैरेव समयैः । ततः कृतयोगनिरोधः शैलेशीभावनामेति ॥६॥**

तस्येयं योगनिरोधावस्थेति शैलेशी, इयं च मध्यमप्रतिपत्त्या ह्रस्वपञ्चाक्षरोद्गिरणमात्रं कालं भवति, स च कांययोगनिरोधारम्भात् प्रभृति ध्यायति सूक्ष्मक्रियाऽनिवृत्तिध्यानं ततः सर्वनिरोधं कृत्वा शैलेश्यवस्थायां व्युच्छिन्नक्रियमप्रतिपातीति, ततो भवोपग्राहिकर्मजालं क्षपयित्वा ऋजुश्रेणिप्रतिपन्नः अस्पर्शमानद्गत्वा सिध्यतीति, अत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति गाथार्थः ॥९५५॥

अनन्तरगाथोपन्यस्तसमुद्घातमात्रापेक्षः संबन्धः । आह–समुद्घातगतानां विशिष्टकर्मक्षयो भवतीति काऽत्रोपपत्तिरिति ?, उच्यते, प्रयत्नविशेषः, किं निदर्शनम् ? इत्यत आह–

**जह उल्ला साडीआ आसुं सुक्कइ विरल्लिआ संती ।**
**तह कम्मलहुअसमए वच्चंति जिणा समुग्घायं ॥९५६॥**

**व्याख्या :** 'यथा' इत्युदाहरणोपन्यासार्थः, आर्द्रा शाटिका, जलेनेति गम्यते, 'आशु' शीघ्रं 'शुष्यति' शोषमुपयाति, 'विरल्लिता' विस्तारिता सती भवंती, तथा तेऽपि प्रयत्नविशेषात्

તેનો સ્વામી તે શૈલેશ, તેની જે યોગનિરોધની અવસ્થા તે શૈલેશી. આ અવસ્થા મધ્યમ પ્રતિપત્તિ વડે (અર્થાત્ બહુ ઝડપથી નહીં કે બહુ ધીમેથી નહીં પણ મધ્યમ પ્રકારે) **'ङञणनम'** આ પાંચ હ્રસ્વ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો કાળ થાય, તેટલો કાળ રહે છે.

તે કેવલી કાયયોગનિરોધ જ્યારે આરંભે છે ત્યારથી યોગનિરોધ ન થાય ત્યાં સુધી સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ ધ્યાન (શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર) ધરે છે. ત્યારપછી સર્વનિરોધને કરીને શૈલેશી અવસ્થામાં વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી ધ્યાન (શુક્લધ્યાનનો ચોથો પ્રકાર) ધરે છે. ત્યારપછી અઘાતિકર્મસમૂહનો ક્ષય કરીને ઋજુશ્રેણિને પામેલા કેવલી અસ્પર્શમાનગતિવડે (અર્થાત્ જેટલા આકાશ પ્રદેશોમાં તે જીવ અહીં અવગાહીને રહેલો છે. ઉપર તેટલા જ આકાશપ્રદેશોને અવગાહીને રહે છે તે સિવાય કોઈ આકાશ પ્રદેશને કે વિવક્ષિત સમય સિવાયના બીજા કોઈ સમયને ઉપર જતી વખતે સ્પર્શતો નથી **समयप्रदेशान्तरमस्पृशन् इति** આગળ શ્લો. ૯૫૯ની વૃત્તિમાં કહેવા પ્રમાણે) સિદ્ધ થાય છે. આ વિષયમાં ઘણું કહેવાનું છે, છતાં ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી. ॥૯૫૫॥

**અવતરણિકા :** પૂર્વના ગાથાર્થમાં કહ્યું – "સમુદ્ઘાતને પામીને સંપૂર્ણ કર્મક્ષય કરે છે." આ વચનને આશ્રયીને હવે આગળ સાથે સંબંધ જોડે છે. તેમાં પૂર્વપક્ષ પ્રશ્ન કરે છે કે – "સમુદ્ઘાતને પામેલા જીવોનો વિશિષ્ટ કર્મક્ષય થાય છે. એમાં યુક્તિ કઈ ?" સમાધાન આપતા કહે છે કે અહીં પ્રયત્ન વિશેષ જ યુક્તિ છે.

**શંકા :-** દૃષ્ટાન્ત કયું ? તે કહે છે ➪

**ગાથાર્થ : જેમ ભીની સાડી ફેલાયેલી છતી શીઘ્ર સુકાઈ જાય છે તેમ આયુષ્યકર્મની અલ્પતાના સમયે જિનો સમુદ્ઘાતને પામે છે.**

**ટીકાર્થ : 'यथा'** શબ્દ ઉદાહરણ જણાવનારો છે. પાણીવડે ભીની સાડી પંહોળી કરવાથી જેમ ઝડપથી સુકાઈ જાય છે, ( **'भवंती'** સ્ત્રીલિંગ વર્તમાનકૃદંત જાણવું.) તેમ તે જિનો પણ કર્મરૂપ પાણીને આશ્રયીને સુકાઈ જાય છે. (અહીં સાડીના સ્થાને જિનો અને પાણીના સ્થાને કર્મ જાણવા. તેથી સાડીમાંથી

**कर्मोदकमधिकृत्य शुष्यन्तीति शेषः, यतश्चैवमतः 'कर्मलघुतासमये व्रजन्ति जिनाः समुद्घात'मिति तत्र कर्मण–आयुष्कस्य लघुता कर्मलघुता, लघोर्भावो लघुता–स्तोकतेत्यर्थः, तस्याः समयः–कालः कर्मलघुतासमयः, स च भिन्नमुहूर्त्तप्रमाणस्तस्मिन्, अथवा कर्मभिर्लघुता कर्मलघुता, जीवस्येति हृदयं, सा च समुद्घातानन्तरभाविन्येव भूतोपचारं कृत्वाऽनागतैव गृह्यते, तस्याः समयस्तस्मिन्, भिन्नमुहूर्त्त एवेत्यर्थः, व्रजन्ति–गच्छन्ति जिनाः–केवलिनः 'समुद्घातं' प्राक्प्ररूपितस्वरूपमिति गाथार्थः ॥९५६॥**

**साम्प्रतं यदुक्तं 'शैलेशीं प्रतिपद्यते सिध्यति चे'ति, तत्रासावेकसमयेन लोकान्ते सिध्यतीत्यागमः, इह च कर्ममुक्तस्य तद्देशनियमेन गतिर्नोपपद्यते इति मा भूदव्युत्पन्नविभ्रम इत्यतस्तन्निरासेनेष्टार्थसिद्ध्यर्थमिदमाह–**

**लाउअ एरंडफले अग्गी धूमे उसू धणुविमुक्के ।**
**गइपुव्वपओगेणं एवं सिद्धाणवि गईओ ( उ ) ॥९५७॥**

**व्याख्या : अलाबु, एरण्डफलम्, अग्निधूमौ, इषुर्धनुर्विमुक्तः, अमीषां यथा तथा गमनकाले**

---

જેમ પાણી સુકાઈ જાય તેમ જિનોમાંથી કર્મ સુકાઈ જાય) જે કારણથી આવું છે, તે કારણથી કર્મલઘુતાના સમયે જિનો સમુદ્ઘાતને પામે છે. અહીં આયુષ્યકર્મની લઘુતા જાણવી, અર્થાત્ આયુષ્યકર્મની અલ્પતા, તેનો જે સમય તે કર્મલઘુતાસમય અને તે સમય અહીં અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જાણવો, તેને વિશે (અર્થાત્ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ આયુષ્ય બાકી હોય ત્યારે) જિનો સમુદ્ઘાતને પામે છે.

અથવા જીવની કર્મોવડે લઘુતા થાય ત્યારે સમુદ્ઘાતને પામે છે એવો ભાવાર્થ જાણવો. જો કે કર્મોવડે લઘુતા એ તો સમુદ્ઘાત પછી થવાની હોવા છતાં ભૂતનો ઉપચાર કરીને (અર્થાત્ પછી થનારી વસ્તુનો પૂર્વે જ થઈ ગઈ એમ સમજીને) સમુદ્ઘાત પહેલા જ ગ્રહણ કરાય છે. તેનો જે સમય, તે સમયે અર્થાત્ અંતર્મુહૂર્ત્ત કાળ જ બાકી હોય ત્યારે કેવલીઓ પૂર્વે બતાવેલ સ્વરૂપવાળા સમુદ્ઘાતને પામે છે. ॥૯૫૬॥

**અવતરણિકા :** હવે પૂર્વે જે કહ્યું હતું કે – 'શૈલેશીને પામે છે અને સિદ્ધ થાય છે.' તેમાં આ જીવ એક સમયે લોકાન્તે પહોંચી સિદ્ધ થાય છે એવું આગમવચન છે. આ આગમવચનમાં - 'કર્મથી મુકાયેલ જીવની લોકાન્તરૂપ દેશના નિયમવડે ગતિ ઘટતી નથી', એ પ્રમાણે અવ્યુત્પન્ન શિષ્યોને વિભ્રમ ન થાય તે માટે આવા વિભ્રમને દૂર કરવા દ્વારા ઇષ્ટાર્થની સિદ્ધિ માટે આગળ કહે છે – (આશય એ છે કે કોઈ પણ જીવની અમુક ચોક્કસ સ્થાને જે ગતિ થાય છે તેની પાછળ કર્મ કારણ છે. કેવલી કર્મથી મુકાયેલ હોવાથી લોકાન્તરૂપ ચોક્કસ દેશમાં જઈને સિદ્ધ થાય છે એવું કેવી રીતે ઘટી શકે ?' આવા પ્રકારની શંકાને દૂર કરવા કહે છે ⇨)

**ગાથાર્થ : તુંબડું, એરંડીયાનું ફળ, અગ્નિ, ધૂમ અને ધનુષ્યમાંથી મુકાયેલ બાણ, જેમ આ વસ્તુઓની ગતિ પૂર્વપ્રયોગવડે થાય છે એમ સિદ્ધોની પણ ગતિઓ પૂર્વપ્રયોગવડે થાય છે.**

**ટીકાર્થ :** તુંબડું, એરંડફળ, અગ્નિ, ધૂમ, ધનુષ્યમુક્ત બાણ, જેમ આ બધાની તથારૂપગમનકાળે (અર્થાત્ એરંડફળ-અગ્નિ-ધૂમના ઊર્ધ્વગમનકાળે, બાણના તિર્ચ્છાગમનકાળે વિગેરે) સ્વભાવથી

**स्वभावतस्तन्निबन्धनाभावेऽपि देशादिनियतैव गतिः पूर्वप्रयोगेण प्रवर्तते, एवमेव व्यवहित-तुंशब्दस्यैवकारार्थत्वात् सिद्धानामपि गतिरित्यक्षरार्थः ॥९५७॥ अधुना भावार्थः प्रयोगैर्नि-दर्श्यते— तत्र कर्मविमुक्तो जीवः सकृदूर्ध्वमेवाऽऽलोकाद्गच्छति, असङ्गत्वेन तथाविधपरिणामत्वादष्ट-मृत्तिकालेपलिप्ताधोनिमग्नक्रमापनीतमृत्तिकालेपजलतलमर्यादोर्ध्वगामितथाविधालाबुवत् तथा छिन्नबन्धनत्वेन तथाविधपरिणतेस्तद्विधैरण्डफलवत् तथा स्वाभाविकपरिणामत्वादग्निधूमवत् तथा पूर्वप्रयुक्ततत्क्रियातथाविधसामर्थ्याद्धनुःप्रयत्नेरितेषुवद्, इषुः—शर इति गाथार्थः ॥९५७॥**

જ એટલે કે તે તે રૂપે ગમન કરવામાં કારણભૂત એવી વસ્તુનો અભાવ હોવા છતાં પણ દેશાદિને નિયત એવી ગતિ પૂર્વપ્રયોગવડે થાય છે. (જેમ કે પુરુષ પોતાના પ્રયત્ન દ્વારા ધનુષ્યવડે બાણ મુકે છે ત્યારે તે પ્રયત્નથી મુકાયેલ બાણની ગતિ કારણ ન હોવા છતાં પૂર્વપ્રયોગથી થાય છે.) મૂળગાથામાં અન્ય સ્થાને રહેલ 'તુ' શબ્દનો 'જ' કાર અર્થ હોવાથી અને તે શબ્દને 'एवं' પછી જોડવાનો હોવાથી એ જ પ્રમાણે સિદ્ધજીવોની ગતિ પણ પૂર્વપ્રયોગથી થાય છે. ॥ ૯૫૭ ॥

હવે આ ગાથાર્થનો ભાવાર્થ પ્રયોગોવડે દેખાડાય છે - તેમાં કર્મથી મુક્ત એવો જીવ સંગવિનાનો થવાથી (ઉત્પન્ન થયેલ) તેવા પ્રકારના પરિણામવાળો હોવાથી એકવાર ઊર્ધ્વદિશામાં જ લોકાન્ત સુધી જાય છે. (અર્થાત્ સંગ વિનાનો થવાથી ઊર્ધ્વગતિ કરવાનો પરિણામ ઉત્પન્ન થતાં જીવ ઊર્ધ્વદિશામાં જ જાય છે.) જેમ કે, આઠવાર માટીના લેપથી લેપાયેલ તુંબડું. (અહીં દાર્ષ્ટાન્તિકમાં આઠ પ્રકારના કર્મો હોવાથી 'આઠવાર લેપાયેલ' એવું વિશેષણ રાખેલ છે.) પાણીની અંદર ડૂબેલ એવા તુંબડા ઉપરથી ક્રમે કરીને માટીનો એક એક લેપ જેમ જેમ દૂર થતો જાય તેમ તેમ તે તુંબડું ઉપર-ઉપર છેક સપાટી સુધી જ ઊર્ધ્વ ગમન કરે છે. (તેમ કર્મસંગ જેમ જેમ દૂર થતો જાય તેમ તેમ તે જીવમાં ઊર્ધ્વગમનનો પરિણામ પ્રકટ થતો જાય છે અને છેલ્લે સર્વસંગનો પરિત્યાગ થતાં લોકાન્ત સુધી જ ઊર્ધ્વગમન કરે છે. પણ અન્ય કોઈ દિશામાં ગમન કરતો નથી.)

તથા બંધનનો છેદ થવાથી તેવા પ્રકારની (અર્થાત્ માત્ર ઊર્ધ્વદિશામાં જ ગમન કરવાની) પરિણતિ પ્રાપ્ત થતાં જીવ એકવાર લોકાન્ત સુધી જાય છે. જેમ કે, તેવા પ્રકારનું એરંડ ફળ. (અર્થાત્ જેમ એરંડફળ (જેમાંથી દિવેલ નીકળે) ની ઉપર રહેલ કોશના બંધનનો સખત પડતા તડકાથી સૂકાતા છેદ થવાથી અંદર રહેલ એરંડફળની સ્વભાવથી જ ઊર્ધ્વગતિ થાય છે તેમ કર્મબંધન દૂર થતાં જીવને પણ ઊર્ધ્વગતિની પરિણતિ પ્રાપ્ત થાય છે અને તેને કારણે અન્ય કોઈ દિશાને બદલે ઊર્ધ્વદિશામાં જ ગમન કરે છે.)

તથા સ્વાભાવિક પરિણામ પ્રાપ્ત થતો હોવાથી અગ્નિ અને ધૂમની જેમ જીવ ઊર્ધ્વગતિ કરે છે. (અર્થાત્ જેમ અગ્નિ અને ધૂમ એ ઊર્ધ્વદિશામાં જ ગમન કરે છે એ તેનો સ્વાભાવિક પરિણામ છે તેમ કર્મથી મુક્ત જીવનો ઊર્ધ્વગતિનો સ્વાભાવિક પરિણામ સમજવો.)

તથા પૂર્વપ્રયુક્ત એવી તે ક્રિયાથી પ્રગટ થતાં તેવા પ્રકારના સામર્થ્યથી જીવ લોકાન્ત સુધી જાય છે. જેમ કે, ધનુષ્યવડે પ્રયત્નથી પ્રેરાયેલ બાણ. (અર્થાત્ જેમ પુરુષના પ્રયત્નથી ધનુષ્ય

एवं प्रतिपादिते सत्याह—

**कहिं पडिहया सिद्धा, कहिं सिद्धा पइट्ठिया ।**
**कहिं बोंदिं चइत्ता णं, कत्थ गंतूण सिज्झई ? ॥९५८॥**

व्याख्या : 'क्व प्रतिहताः' क्व प्रतिस्खलिता इत्यर्थः 'सिद्धाः' मुक्ताः, तथा 'क्व सिद्धाः प्रतिष्ठिताः' क्व व्यवस्थिता इत्यर्थः, तथा 'क्व बोन्दिं त्यक्त्वा' क्व तनुं परित्यज्येत्यर्थः, इह बोन्दिः तनुः शरीरमित्यनर्थान्तरं, तथा 'क्व गत्वा सिध्यन्ति' निष्ठितार्था भवन्ति, इत्यनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, अथवैकवचनतोऽप्येवमुपन्यासः सूत्रशैल्याऽविरुद्ध एव, यतोऽन्यत्रापि प्रयोगाः—

*"वत्थगंधमलंकारं इत्थीओ सयणाणि य ।*
*अच्छंदा जे ण भुंजंति ण से चाइत्ति वुच्चई ॥१॥"*

इत्यादि गाथार्थः ॥९५८॥

इत्थं चोदकपक्षमधिकृत्याऽऽह—

**अलोए पडिहया सिद्धा, लोअग्गे अ पइट्ठिआ ।**
**इहं बोंदिं चइत्ता णं, तत्थ गंतूण सिज्झई ॥९५९॥**

व्याख्या : 'अलोके' केवलाकाशास्तिकाये 'प्रतिहताः' प्रतिस्खलिताः सिद्धा इति, इह च

---

વડે પ્રયત્નપૂર્વક પ્રેરાયેલ બાણની ગતિના કારણનો નાશ થવા છતાં પણ પૂર્વપ્રયોગથી ગતિ થાય છે, એ જ પ્રમાણે કર્મથી મુક્ત જીવની ગતિ પૂર્વપ્રયોગવડે થાય છે.)

**અવતરણિકા :** આ પ્રમાણે પ્રતિપાદન કર્યા પછી (પ્રશ્નકાર પ્રશ્ન) પૂછે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સિદ્ધો ક્યાં જઈને અટક્યા છે ? તથા સિદ્ધો ક્યાં રહેલા છે ? તથા ક્યાં શરીરને છોડીને, ક્યાં જઈને સિદ્ધ થાય છે ? અહીં બોન્દિ, તનુ, શરીર આ બધાં શબ્દો સમાનાર્થી જાણવા. મૂળગાથામાં 'सिज्झई' શબ્દમાં અનુસ્વારનો લોપ થયેલ હોવાથી 'सिज्झन्ति' શબ્દ જાણવો. અથવા આ સૂત્રની શૈલી હોવાથી એકવચનથી પણ આ પ્રમાણે જે ઉપન્યાસ કર્યો છે તે અવિરુદ્ધ જ છે, કારણ કે અન્ય સ્થાને પણ આવો પ્રયોગ જોવા મળે છે. 'वत्थगंधमलंकारं.....' આ શ્લોકમાં પણ 'चाइ' શબ્દ એકવચનમાં જ છે, ખરેખર બહુવચનમાં જોઈએ છતાં સૂત્રશૈલી હોવાથી અવિરુદ્ધ છે. ॥૯૫૮॥

**અવતરણિકા :** આવા પ્રકારના પ્રશ્નકારના પક્ષને આશ્રયીને તેનો જવાબ આપે છે ⇨

**ગાથાર્થ : અલોકમાં સિદ્ધો અટક્યા છે અને લોકાગ્રમાં રહેલા છે. અહીં શરીરને છોડી ત્યાં જઈને સિદ્ધ થાય છે.**

**ટીકાર્થ :** કેવલાકાશાસ્તિકાયરૂપ અલોકમાં જઈને (અર્થાત્ જ્યાંથી અલોક ચાલુ થાય છે ત્યાં જઈને) સિદ્ધો અટક્યા છે. (કારણ કે તેના પછી ધર્માસ્તિકાયાદિનો અભાવ છે.) અલોકને

**तत्र धर्मास्तिकायाद्यभावात् तदानन्तर्यवृत्तिरेव प्रतिस्खलनं, न तु [*]सम्बन्धिविघातः, प्रदेशानां[63] निष्प्रदेशत्वादिति सूक्ष्मधिया भावनीयं, तथा 'लोकाग्रे च' पञ्चास्तिकायात्मकलोकमूर्धनि च प्रतिष्ठिताः, अपुनरागत्या व्यवस्थिता इत्यर्थः, तथा 'इह' अर्धतृतीयद्वीपसमुद्रान्तः 'बोन्दिं' तनुं 'त्यक्त्वा' परित्यज्य सर्वथा किम् ?—'तत्र' लोकाग्रं 'गत्वा' अस्पृशद्गत्या समयप्रदेशान्तरमस्पृशन्नित्यर्थः, 'सिध्यन्ति' निष्ठितार्था भवन्ति सिद्ध्यति वेति गाथार्थः ॥९५९॥**

**तत्र 'लोकाग्रे' च प्रतिष्ठिता' इति यदुक्तं तदङ्गीकृत्याऽऽह—क्व पुनर्लोकान्त इत्यत्रान्तरमाह—**

વિશે ધર્માસ્તિકાયાદિનો અભાવ હોવાથી કોઈ પણ જાતના અંતર વિના રહેવું એ જ અહીં પ્રતિસ્ખલન જાણવું, પણ સંબંધિના વિઘાતરૂપ સ્ખલન સમજવું નહીં, કારણ કે પ્રદેશો પ્રદેશ વિનાના છે. એ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

(અહીં [H]આશય એ છે કે – ઢેફાનું ભીંત સાથે અથડાવાથી આગળ જતા અટકી જવું તે પ્રતિસ્ખલના કહેવાય છે. પરંતુ અહીં આવી પ્રતિસ્ખલના લેવાની નથી, અર્થાત્ સિદ્ધો અલોકાકાશના પ્રદેશો સાથે અથડાઈને અટકી જાય છે એવું નથી કારણ કે સિદ્ધોનો અલોકાકાશના પ્રદેશો સાથે સંબંધ જ ઘટતો નથી. તે આ રીતે – એકેક [H]જીવપ્રદેશનો એકેક આકાશપ્રદેશ સાથે જો સંબંધ થતો હોય તો તે સર્વાંશે થાય છે કે દેશાંશે થાય છે ? અર્થાત્ જીવપ્રદેશ આકાશપ્રદેશ સાથે સંપૂર્ણ રીતે સંબંધ પામે છે કે અમુક દેશથી સંબંધ પામે છે ? જો સંપૂર્ણ રીતે સંબંધ પામે છે એમ કહો તો જીવપ્રદેશ અને આકાશપ્રદેશ એક જ બની જવાની આપત્તિ આવે. તેથી સર્વાંશે સંબંધ ઘટતો નથી. હવે જો એમ કહો કે અમુક દેશથી સંબંધ પામે છે તો પ્રદેશમાં પ્રદેશ માનવાની આપત્તિ આવે જે યુક્ત નથી. કારણ કે પ્રદેશો નિષ્પ્રદેશ = પ્રદેશ વિનાના હોય છે. આમ દેશથી પણ સંબંધ ઘટતો નથી. તેથી બંને રીતે સંબંધ ઘટતો ન હોવાથી ટીકાકારે ખુલાસો કર્યો કે આલોકાકાશ પાસે કોઈપણ જાતના અંતર વિના સિદ્ધજીવોનું રહેવું એનું નામ જ પ્રતિસ્ખલના. માટે જ કહ્યું કે આ પદાર્થ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવો – इति टिप्पणके)

તથા પંચાસ્તિકાયાત્મક લોકના અગ્રભાગે સિદ્ધો પ્રતિષ્ઠિત છે એટલે કે ફરી પાછા ન આવવું પડે એ રીતે રહેલા છે. તથા અહીં એટલે કે અઢી દ્વીપસમુદ્રરૂપ તિર્ચ્છાલોકમાં શરીરને સર્વથા છોડીને ત્યાં લોકાગ્રસ્થાને સમય અને પ્રદેશાન્તરને સ્પર્શ્યા વિના જઈને નિષ્ઠિતાર્થ (સર્વ પ્રયોજનો પૂર્ણ જેના થયા છે તેવા) થાય છે. ॥૯૫૯॥

**અવતરણિકા :** 'લોકાગ્રસ્થાને પ્રતિષ્ઠિત છે' એવું જે કહ્યું, તેને જ આશ્રયીને પ્રશ્ન પૂછે છે કે - લોકાન્ત ક્યાં છે ? આ પ્રશ્નનું સમાધાન આપતા કહે છે ⇨

---

**६३. लोकान्तालोकयोः संगतत्वात् सिद्धानां च लोकान्तावस्थाननियमात् अलोकप्रदेशेष्वंशेन गत्वा निवर्त्तनरूपं स्खलनं प्रदेशानां निष्प्रदेशत्वान्न संगतम्, अग्रे तु धर्माद्यभावान्न स्यादेव गमनं * संबन्धे विघातः ।**

**ईसीपब्भाराए सीआए जोअणंमि लोगंतो ।**
**बारसहिं जोअणेहिं सिद्धी सव्वट्ठसिद्धाओ ॥९६०॥**

व्याख्या : ईषत्प्राग्भारा–सिद्धिभूमिस्तस्याः 'सीताया' इति द्वितीयं भूमेर्नामधेयं योजने लोकान्त ऊर्ध्वमिति गम्यते, अधस्तिर्यक् चैतावति क्षेत्रे तदसम्भवात्, तथा चाऽऽह–द्वादशभिर्योजनैः सिद्धिः ऊर्ध्वं भवति, कुतः ?–सर्वार्थसिद्धाद् विमानवरात्, अन्ये तु 'सिद्धिं' लोकान्तक्षेत्रलक्षणामेव व्याचक्षते, तत्त्वं तु केवलिनो विदन्तीति गाथार्थः ॥९६०॥

साम्प्रतमस्या एव स्वरूपव्यावर्णनायाह–

**निम्मलदगरयवण्णा तुसारगोखीरहारसरिवन्ना ।**
**उत्ताणयछत्तयसंठिआ य भणिया जिणवरेहिं ॥९६१॥**

व्याख्या : निर्मलदगरजोवर्णा, तत्र दगरजः–श्लक्ष्णोदककणिकाः, तुषारगोक्षीरहारतुल्यवर्णा, तुषारः–हिमं, गोक्षीरादयः प्रकटार्थाः । संस्थानमुपदर्शयन्नाह–उत्तानच्छत्रसंस्थिता च भणिता जिनवरैरिति, उत्तानच्छत्रवत् संस्थितेति गाथार्थः ॥९६१॥

अधुना परिधिप्रतिपादनेनास्या एवोपायतः प्रमाणमभिधित्सुराह–

---

**ગાથાર્થ : ઈષત્પ્રાગ્ભાર અને સીતા એ પ્રમાણે બે નામો છે જેના એવી સિદ્ધિભૂમિથી ઉપર એક યોજન પછી લોકાન્ત આવે છે. સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજન ઉપર જતાં સિદ્ધિભૂમિ આવે છે.**

**ટીકાર્થ :** ઈષત્પ્રાગ્ભાર અને સીતા એ પ્રમાણે બે નામોવાળી સિદ્ધિભૂમિથી ઉપર એક યોજન જતાં લોકાન્ત આવે છે. મૂળગાથાર્થમાં 'ઉપર એક યોજન જતાં' એ પ્રમાણે ઊર્ધ્વદિશાનો ઉલ્લેખ કરેલ નથી, છતાં તે જણાઈ જાય છે કારણ કે અધોદિશામાં કે તિર્યગ્દિશામાં એક યોજન જતાં લોકાન્ત આવતો નથી. તથા બાર યોજન ઉપર જતાં સિદ્ધિભૂમિ આવે છે. ક્યાંથી બાર યોજન ઉપર જતાં ? સર્વાર્થસિદ્ધ નામના વિમાનથી બાર યોજન ઉપર જતાં સિદ્ધિભૂમિ આવે છે. કેટલાક આચાર્યો લોકાન્તને જ સિદ્ધિ કહે છે. (તેથી તેમના મતે સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજન ઉપર જતાં લોકાન્ત આવશે.) અહીં તત્ત્વ કેવલીઓ જાણે છે. ॥૯૬૦॥

**અવતરણિકા :** હવે આ સિદ્ધિભૂમિના જ સ્વરૂપનું વર્ણન કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** દગરજ એટલે સૂક્ષ્મ પાણીના ટીપાં, નિર્મલ એવા સૂક્ષ્મ પાણીના ટીપાં જેવા વર્ણવાળી, બરફ, ગાયનું દૂધ અને સફેદ મોતીની માળા જેવા વર્ણવાળી આ પૃથ્વી છે. હવે તે પૃથ્વીનો આકાર બતાવતા કહે છે – જિનેશ્વરોએ આ પૃથ્વી ઊર્ધ્વમુખી એવા છત્રના આકારવાળી કહી છે. ॥૯૬૧॥

**અવતરણિકા :** હવે પરિધિના પ્રતિપાદનરૂપ ઉપાયવડે આ પૃથ્વીના જ પ્રમાણને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**एगा जोअणकोडी बायालीसं च सयसहस्साइं ।**
**तसं चेव सहस्सा दो चेव सया अउणवन्ना ॥९६२॥**

व्याख्या : निगदसिद्धा, नवरं पञ्चचत्वारिंशद्योजनलक्षप्रमाणक्षेत्रस्याल्पमन्यत् परिध्याधिक्यं प्रज्ञापनातोऽवसेयम्, इहौघत इदमिति ॥९६२॥

इदानीमस्या एव बाहल्यं प्रतिपादयन्नाह—

**बहुमज्झदेसभागे अट्ठेव य जोअणाणि बाहल्लं ।**
**चरमंतेसु अ तणुई अंगुलऽसंखिज्जईभागं ॥९६३॥**

व्याख्या : मध्यदेशभाग एव बहुमध्यदेशभागस्तस्मिन्नष्टैव योजनानि बाहल्यम्—उच्चैस्त्वं 'चरिमान्तेषु' पश्चिमान्तेषु तन्वी, कियता तनुत्वेन ? इत्यत्राह—अङ्गुलासङ्ख्येयभागं यावत् तन्वीति गाथार्थः ॥९६३॥

सा पुनरनेन क्रमेणेत्थं तन्वीति दर्शयति—

**गंतूण जोअणं तु परिहाइ अंगुलपुहुत्तं ।**
**तीसेऽविअ पेरंता मच्छिअपत्ताउ तणुअयरा ॥९६४॥**

---

**ગાથાર્થ :** એક કરોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો, ઓગણપચાસ યોજન પરિધિ આ પૃથ્વીની છે.

**ટીકાર્થ :** સ્પષ્ટ જ છે. (પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ લંબાઈ-પહોળાઇ આ પૃથ્વીની છે. પરિધિના ગણિત પ્રમાણે ગણતા પરિધિનું પ્રમાણ ગાથાર્થમાં કહ્યું તે કરતાં પણ થોડુંક વધારે છે. જે અલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી. તેથી ટીકાકાર ખુલાસો કરે છે કે) પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રનું બીજું અલ્પ એવું પરિધિનું અધિક પ્રમાણ પ્રજ્ઞાપનાગ્રંથથી જાણી લેવું. અહીં સામાન્યથી આ પ્રમાણ બતાવ્યું છે. ॥૯૬૨॥

સિદ્ધશિલાનું સ્વરૂપ




લંબાઈ (Aથી B) અને પહોળાઈ (Cથી D) પિસ્તાલીસ લાખ યોજન. જાડાઈ (Eથી F) આઠ યોજન અને છેડે અં. અસં. ભાગ
આકાર : અડધી નારંગી જેવો

**અવતરણિકા :** હવે આ પૃથ્વીની ઊંચાઇનું પ્રમાણ બતાવતા કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** મધ્યદેશનો ભાગ જ બહુમધ્યદેશભાગ કહેવાય છે. તે ભાગમાં આઠ યોજન જ ઊંચાઇ છે. બંને છેડે પાતળી છે. કેટલી પાતળી છે ? તે કહે છે - બંને છેડે અંગુલનો અસંખ્યાતમો ભાગપ્રમાણ પાતળી છે. ॥૯૬૩॥

**અવતરણિકા :** તે પૃથ્વી આ ક્રમે આ પ્રમાણે પાતળી થતી જાય છે. એ વાત બતાવે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

व्याख्या : गत्वा योजनं योजनं तु वीप्सा 'परिहायइ'त्ति परीहीयते 'अङ्गुलपृथक्त्वं' पृथक्त्वं पूर्ववत्, 'एवम्' अनेन प्रकारेण हानिभावे सति तस्या अपि च पर्यन्ताः, किं ?—मक्षिकापत्रात् तनुतरा घृतपूर्णतथाविधकरोटकाकारेति गाथार्थः ॥९६४॥ स्थापना चेयं  अस्याश्चोपरि योजनचतुर्विंशतिभागे सिद्धा भवन्तीति ॥ अत एवाऽऽह—

**ईसीपब्भाराए सीआए जोअणंमि जो कोसो ।**
**कोसस्स य छब्भाए सिद्धाणोगाहणा भणिआ ॥९६५॥**

व्याख्या : ईषत्प्राग्भारायाः सीताया इति पूर्ववत्, 'योजने' उपरिवर्तिनि यः क्रोश उपरिवर्त्येव, क्रोशस्य च तस्य 'षड्भागे' उपरिवर्तिन्येव सिद्धानामवगाहना भणिता, लोगाग्रे च प्रतिष्ठिता इति वचनाद्, अयं गाथार्थः ॥९६५॥

अमुमेवार्थं समर्थयन्नाह—

**तिन्नि सया तित्तीसा धणुत्तिभागो अ कोसछब्भाओ ।**
**जं परमोगाहोऽयं तो ते कोसस्स छब्भाए ॥९६६॥**

व्याख्या : त्रीणि शतानि धनुषां त्रयस्त्रिंशदधिकानि धनुस्त्रिभागश्च क्रोशषड्भागो वर्तते 'यत्' यस्मात् परमावगाहोऽयं सिद्धानामिति वर्तते, ततस्ते क्रोशस्य षड्भाग इति गाथार्थः ॥९६६॥

---

**ટીકાર્થ :** (બહુમધ્યભાગમાં આઠ યોજન ઊંચાઇ કહી, ત્યાંથી બંને બાજુ) યોજન જતાં અંગુલપૃથક્ત્વ ઓછું થાય છે. આ રીતે દરેક યોજને અંગુલપૃથક્ત્વ ઓછું કરવું. પૃથક્ત્વની વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી. (મલયગિરિટીકામાં અંગુલપૃથક્ત્વ એટલે નવાંગુલપ્રમાણ કહ્યું છે.) આ પ્રકારે હાનિ થતાં થતાં છેલ્લે છેડાઓ માખીની પાંખ કરતા પણ વધું પાતળા થાય છે. ઘીથી ભરેલી તેવા પ્રકારની વાડકી જેવો આકાર સિદ્ધશિલાનો જાણવો. આની ઉપર એક યોજનના ૨૪માં ભાગે સિદ્ધો રહેલા છે. માટે જ કહ્યું છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઇષત્પ્રાગ્ભાર અને સીતા એ પૂર્વની જેમ સિદ્ધશિલાના નામો જાણવા. તે સિદ્ધશિલાની ઉપર યોજનનો ઉપરીવર્તી જે ગાઉ છે (એક યોજન=૪ ગાઉ. તેમાં સૌથી ઉપરનો જે એક ગાઉ છે.) તે ગાઉના ઉપરવર્તી ‌છઠ્ઠા ભાગમાં (એક ગાઉ=૨૦૦૦ ધનુષ, તેનો છઠ્ઠો ભાગ=૩૨ અંગુલ અધિક એવા ત્રણસો તેત્રીસ ધનુષ પ્રમાણ ક્ષેત્ર, આ ક્ષેત્રમાં) જ સિદ્ધોની અવગાહના કહેવાયેલી છે, કારણ કે 'સિદ્ધો લોકના અગ્રભાગમાં રહેલા છે' એવું વચન છે. ॥૯૬૫॥

**અવતરણિકા :** આ જ અર્થનું સમર્થન કરતાં નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ગાઉનો છઠ્ઠો ભાગ એટલે એક ધનુષ્યના ત્રીજા ભાગથી અધિક એવા ત્રણસો ને તેત્રીશ ધનુષ્યપ્રમાણ. જે કારણથી સિદ્ધોની આ ઉત્કૃષ્ટ અવગાહના છે. તે કારણથી સિદ્ધો ગાઉના છઠ્ઠા ભાગમાં છે. (અહીં આશય એ જ છે કે સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ત્રીજો ભાગ અધિક ત્રણસો-તેત્રીસ ધનુષપ્રમાણ છે અને ગાઉનો છઠ્ઠો ભાગ પણ આટલા ધનુષપ્રમાણ જ છે.

अथ कथं पुनस्तत्र तेषामुपपातोऽवगाहना वेत्यत्रोच्यते–

उत्ताणउव्व पासिल्लउव्व अहवा निसन्नओ चेव ।

जो जह करेइ कालं सो तह उववज्जए सिद्धो ॥९६७॥

व्याख्या : उत्तानको वा पृष्ठतो अर्धावनतादिस्थानतः पार्श्वस्थितो वा तिर्यक्स्थितो वा, अथवा †निषण्णकश्चैव इति प्रकटार्थं, किं बहुना ?, यो 'यथा' येन प्रकारेणावस्थितः सन् करोति कालं स 'तथा' तेन प्रकारेणोपपद्यते सिद्ध इति गाथार्थः ॥९६७॥

किमित्येतदेवम् ? इत्यत आह—

इह भवभिन्नागारो कम्मवसाओ भवंतरे होइ ।

न य तं सिद्धस्स जओ तंमी तो सो तयागारो ॥९६८॥

व्याख्या : इहभवभिन्नाकारः 'कर्मवशात्' कर्मवशेन 'भवान्तरे' स्वर्गादौ भवति, तदाकारभेदस्य कर्मनिबन्धनत्वात्, न च कर्म सिद्धस्य यतः, 'तस्मिन्' अपवर्गे ततोऽसौ सिद्धः 'तदाकारः' पूर्वभवाकार इति गाथार्थः ॥९६८॥ तथा किं च–

जं संठाणं तु इहं भवं चयंतस्स चरमसमयंमि ।

आसी अ पएसघणं तं संठाणं तहिं तस्स ॥९६९॥

---

તેથી કહ્યું કે સિદ્ધો ગાઉના છઠ્ઠા ભાગમાં પ્રતિષ્ઠિત છે.) ॥ ૯૬૬ ॥

**અવતરણિકા :** શંકા : કેવી રીતે અર્થાત્ કઈ મુદ્રામાં સિદ્ધોનો ત્યાં ઉપપાત અથવા અવગાહના છે ? **સમાધાન** ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઉત્તાનક આકારે એટલે કે પીઠના ભાગથી કંઈક નમેલી કાયાદિ આકારે (આદિશબ્દથી પીઠ પર ચત્તા સૂતેલા આકારે ) પાર્શ્વસ્થિત એટલે કે પડખે સૂતેલા આકારે અથવા બેઠેલા આકારે - આ શબ્દોના અર્થ સ્પષ્ટ જ છે. વધારે શું કહીએ ? જે જીવ જે મુદ્રામાં રહેલો કાળ = મૃત્યુ પામે તે જીવ તે મુદ્રામાં સિદ્ધ થાય છે. ॥૯૬૭॥

**અવતરણિકા :** આવું શા માટે કે જે આકારે કાળ કરે તે જ આકારે સિદ્ધ થાય ? તેનો ઉત્તર આપે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ ભવથી ભિન્ન આકારવાળો જીવ સ્વર્ગાદિ ભવાન્તરમાં કર્મના કારણે થાય છે, કારણ કે જુદા જુદા ભવમાં જુદા જુદા આકારો જે પ્રાપ્ત થાય છે તેમાં કર્મ જ કારણ છે અને જે કારણથી સિદ્ધજીવને કર્મ નથી, તે કારણથી મોક્ષમાં સિદ્ધ પૂર્વભવના આકારવાળો હોય છે. ॥૯૬૮॥ વળી બીજું,

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

† निष्पन्न० मुद्रिते ।

**व्याख्या :** यत् संस्थानमत्रैव 'भवं' संसारं मनुष्यभवं वा त्यजतः सतश्चरमसमये आसीत् प्रदेशघनं तदेव संस्थानं तत्र तस्य भवति, त्रिभागेन रन्ध्रापूरणादिति गाथार्थः ॥९६९॥

तथा चाऽऽह –

**दीहं वा हस्सं वा जं चरमभवे हविज्ज संठाणं ।**
**तत्तो तिभागहीणा सिद्धाणोगाहणा भणिआ ॥९७०॥**

**व्याख्या :** 'दीर्घं वा' पञ्चधनुःशतप्रमाणं 'ह्रस्वं वा' हस्तद्वयप्रमाणं, वाशब्दात् मध्यमं वा विचित्रं यत् 'चरमभवे' पश्चिमभवे भवेत् संस्थानं 'ततः' तस्मात् संस्थानात् त्रिभागहीना, कुतः ?– त्रिभागेन शुषिरपूरणात्, सिद्धानामवगाहना, अवगाहन्तेऽस्यामवस्थायामित्यवगाहना–स्वावस्थैवेति भावः, 'भणिता' उक्ता तीर्थकरगणधरैरिति गाथार्थः ॥९७०॥

साम्प्रतमुत्कृष्टादिभेदभिन्नामवगाहनामभिधित्सुराह –

**तिन्नि सया तित्तीसा धणुत्ति भागो अ होइ बोद्धव्वो ।**
**एसा खलु सिद्धाणं उक्कोसोगाहणा भणिआ ॥९७१॥**

---

**ટીકાર્થ :** આ લોકમાં સંસાર અથવા મનુષ્યભવને છોડતી વેળાએ (ભવના) છેલ્લા સમયે જે આકાર હતો, તે જ આકાર પ્રદેશોથી ઘન થયેલો સિદ્ધશિલામાં જીવને હોય છે. પ્રદેશોથી ઘન થવાનું કારણ એ કે - શરીરનો ત્રીજો ખાલી ભાગ પ્રદેશોથી પૂરાઈ જાય છે. (અહીં **रन्ध्र-आपूरणात्** એમ છૂટું પાડવું.) ॥ ૯૬૯ ॥

**અવતરણીકા :** આ જ વાતને કહે છે ➪

**ગાથાર્થ : છેલ્લા ભવે દીર્ઘ કે હ્રસ્વ જે સંસ્થાન હોય, તેનાથી ત્રિભાગહીન સિદ્ધોની અવગાહના કહેવાયેલી છે.**

**ટીકાર્થ :** દીર્ઘ એટલે કે પાંચસો ધનુષપ્રમાણ અથવા હ્રસ્વ એટલે કે બે હાથપ્રમાણ, અહીં **'वा'** શબ્દથી જુદા જુદા પ્રમાણનું મધ્યમ એવું જે સંસ્થાન છેલ્લા ભવમાં હોય, તે સંસ્થાનથી ત્રિભાગહીન સિદ્ધોની અવગાહના કહેલી છે. શા માટે ત્રિભાગહીન ? – તે કહે છે. ત્રીજા ભાગ વડે શુષિરનું પૂરણ થતું હોવાથી. (અર્થાત્ શરીરનો ત્રીજો ભાગ જે ખાલી હોય છે, તે આત્મપ્રદેશો વડે પૂરાઈ જતાં શરીર સંકોચાય જાય છે. તેથી તે અવગાહના ત્રિભાગહીન થાય છે. અવગાહના એટલે શું ? તે કહે છે) જે અવસ્થામાં જીવો અવગાહન કરે છે = રહે છે તે અવગાહના, એટલે કે આત્માની પોતાની જ અવસ્થા. આમ, ત્રિભાગહીન અવગાહના તીર્થંકર-ગણધરોવડે કહેવાયેલી છે. ॥૯૭૦॥

**અવતરણિકા :** હવે ઉત્કૃષ્ટાદિભેદોથી જુદા જુદા પ્રકારની અવગાહનાને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ધનુષ્યના ત્રીજાભાગથી અધિક એવા ત્રણસો-તેત્રીસ ધનુષપ્રમાણ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના કહેવાયેલી છે.**

चत्तारि अ रयणीओ रयणितिभागूणिआ य बोद्धव्वा ।
एसा खलु सिद्धाणं मज्झिम ओगाहणा भणिआ ॥९७२॥
एगा य होइ रयणी अट्ठेव य अंगुलाइ साहीआ ।
एसा खलु सिद्धाणं जहन्नओगाहणा भणिआ ॥९७३॥

व्याख्या : एतास्तिस्रोऽपि निगदसिद्धाः, नवरमाक्षेपपरिहारौ भाष्यकृतोक्तौ, तौ चेमौ–'किंहं[६४] मरूदेवीमाणं ? नाभीओ जेण किंचिदूणा सा । तो किर पंचसयं चिय अहवा संकोयओ सिद्धा ॥१॥ सत्तूसिएसु सिद्धी जहन्नओ किहमिहं बिहत्थेसु ? । सा किर तित्थकरेसुं सेसाणं सिज्झमाणाणं ॥२॥ ते पुण होज्ज बिहत्था कुम्मापुत्तादओ जहंन्नेणं । अन्ने संवट्टियसत्तहत्थसिद्धस्स हीणत्ति ॥३॥

---

**ગાથાર્થ** : હાથનો ત્રીજો ભાગ ન્યૂન એવા ચાર હાથપ્રમાણ સિદ્ધોની મધ્યમ અવગાહના કહેવાયેલી છે.

**ગાથાર્થ** : આઠ અંગુલથી અધિક એવા એક હાથપ્રમાણ સિદ્ધોની જઘન્યાવગાહના કહેવાયેલી છે.

**ટીકાર્થ** : ત્રણે ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. પરંતુ અહીં શંકા-સમાધાન ભાષ્યકારે કહેલા છે. તે આ પ્રમાણે – જો ઉત્કૃષ્ટથી પણ પાંચસો ધનુષ પ્રમાણવાળો જીવ જ સિદ્ધ થતો હોય, તેનાથી અધિક પ્રમાણવાળો સિદ્ધ થતો ન હોય તો મરુદેવી માતાનું પાંચસો-પચ્ચીસ ધનુષ પ્રમાણ કેવી રીતે ઘટે ? (કારણ કે તે સિદ્ધ તો થયા જ છે.) આચાર્ય ઉત્તર આપે છે – તેમાં કોઈ વિરોધ નથી, કારણ કે મરુદેવી માતાની અવગાહના નાભિકુલકરથી કંઈક ન્યૂન હતી. (આશય એ છે કે જો કે મરુદેવી માતાની અવગાહના નાભિકુલકરને સમાન છે. એમ સૂત્રમાં કહ્યું છે, છતાં પણ પાંચસો ધનુષ જ જાણવી, કારણ કે સૂત્રમાં અનેક સ્થાને થોડાક ફેરફારવડે હીનાધિક હોવા છતાં લાઘવ માટે સરખે સરખું દેખાડાય છે, અર્થાત્ નાભિકુલકર કરતા મરુદેવામાતાની અવગાહના કંઈક ઓછી હોવા છતાં લાઘવ માટે નાભિકુલકર સમાન અવગાહના કહી છે.) અથવા નાભિકુલકર જેટલી જ મરુદેવી માતાની અવગાહના જાણવી, છતાં હાથીના સ્કંધ ઉપર આરુઢ હોવાથી સંકુચિતગાત્રવાળી તે સિદ્ધ થઈ માટે ઉપરોક્ત વિરોધ રહેતો નથી. ॥૧॥

**શંકા** : પ્રજ્ઞાપનાદિગ્રંથોમાં જઘન્યથી સાત હાથની ઊંચાઈવાળાની સિદ્ધિ કહી છે તો તમે અહીં જઘન્યથી બે હાથ કેવી રીતે કહ્યા ?

**સમાધાન** : પ્રજ્ઞાપનાદિગ્રંથોમાં સાત હાથપ્રમાણ શરીરવાળા જીવોની જે મુક્તિ કહી તે તીર્થંકરોને આશ્રયીને કહી છે અને અહીં જે બે હાથપ્રમાણ શરીરવાળા જીવોની જે મુક્તિ કહી તે તીર્થંકર સિવાયના શેષ જીવોને આશ્રયીને કહી છે. ॥૨॥ તે જઘન્યથી બે હાથપ્રમાણવાળા સિદ્ધો તરીકે કૂર્મપુત્રાદિ છે. અન્ય આચાર્યો આ પ્રમાણે કહે છે કે – દ્વિહસ્તપ્રમાણ શરીરવાળો

---

६४. कथं मरूदेवीमानं ?, नाभितो येन किञ्चिदूना सा । ततः किल पञ्चशतमेव अथवा संकोचतः सिद्धा ॥१॥ सप्तोच्छ्रितेषु सिद्धिः कथमिह द्विहस्तेषु ? । सा किल तीर्थकराणां शेषाणां सिध्यताम् ॥२॥ ते पुनर्भवेयुर्द्विहस्ताः कूर्मापुत्रादयो जघन्येन । अन्ये संवर्त्तितसप्तहस्तसिद्धस्य हीनेति ॥३॥

[६५]बाहुल्लतो य सुत्तंमि सत्त पंच य जहन्नमुक्कोसं । इहरा हीणब्भहियं होज्जंगुलधणुपुहुत्तेहिं ॥४॥ अच्छेरयाइ किंचिवि सामन्नसुए ण देसियं सव्वं । होज्ज व अणिबद्धं चिय पंचसयादेसवयणं व ॥५॥ इत्यादि कृतं प्रसङ्गेन॥

साम्प्रतमुक्तानुवादेनैव संस्थानलक्षणं सिद्धानामभिधातुकाम आह –

**ओगाहणाइ सिद्धा भवत्तिभागेण हुंति परिहीणा ।**
**संठाणमणित्थंत्थं जरामरणविप्पमुक्काणं ॥९७४॥**

**व्याख्या : निगदसिद्धा, नवरम् 'अनित्थंस्थम्' इतीदंप्रकारमापन्नमित्थम्, इत्थं तिष्ठतीति इत्थंस्थं न इत्थंस्थं अनित्थंस्थमिति केनचित् प्रकारेण लौकिकेनास्थितमित्यर्थः ॥९७४॥**

કોઈ જીવ ખરેખર સિદ્ધ થતો જ નથી. પરંતુ સાત હાથ પ્રમાણવાળો કોઈક જીવ યંત્રમાં પીલાતા સંકુચિત બે હાથવાળો થઈ જ્યારે સિદ્ધ થાય છે ત્યારે તેની હીન=જઘન્ય બે હાથપ્રમાણ અવગાહના પ્રાપ્ત થાય છે. ॥૩॥

વળી સૂત્રમાં 'પ્રાયઃ' શબ્દને આશ્રયીને જઘન્યથી સાત હાથ અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષપ્રમાણ અવગાહના કહી છે. અન્યથા કોઈક જીવને સાત હાથ પ્રમાણ જઘન્યમાન અંગુલપૃથક્ત્વ વડે હીન પણ થાય અને પાંચસો ધનુષપ્રમાણ ઉત્કૃષ્ટમાન ધનુષપૃથક્ત્વવડે અધિક પણ થાય. ॥૪॥ વળી, સાત હાથથી હીન માનવાળા જીવનું કે પાંચસો ધનુષથી અધિક માનવાળા જીવનું જે સિદ્ધિગમન કહ્યું છે તે આશ્ચર્ય પ્રાયઃ જાણવું. જો કે સામાન્યથી મોક્ષમાં જનાર જીવના શરીરના પ્રમાણનું પ્રતિપાદન કરનાર સૂત્રમાં આશ્ચર્યાદિ બધું જ જણાવ્યું નથી. છતાં જેમ પાંચસો આદેશ (પ્રવાદો) સૂત્રમાં જણાવ્યા નથી છતાં પ્રમાણ ગણાય છે. તેમ બીજી અનેક વાતો પણ સૂત્રમાં ગુંથાયેલી ન હોવા છતાં પ્રમાણ માનવી જોઈએ ॥૫॥ પ્રાસંગિક ચર્ચાવડે સર્યું.

**અવતરણિકા :** હવે કહેવાયેલ અર્થના જ અનુવાદ દ્વારા સિદ્ધોના સંસ્થાનના સ્વરૂપને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : અવગાહનાવડે સિદ્ધના જીવો છેલ્લા ભવમાં રહેલ શરીરના ત્રીજા ભાગથી હીન હોય છે. જરા-મરણથી મુકાયેલા તેઓનો આકાર લૌકિક જગતના કોઈપણ આકારને સમાન હોતો નથી.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. મૂળમાં જણાવેલ '**अनित्थंत्थं**' શબ્દનો અર્થ આ પ્રમાણે જાણવો – આવા (અર્થાત્ કોઈપણ એક વિવક્ષિત) આકારને જે પામેલું હોય તે **इत्थं** કહેવાય. આવા આવા પ્રકારે જે રહે તે **इत्थंत्थं** કહેવાય. જે આવા આવા પ્રકારે રહેલું ન હોય તે **अनित्थंत्थं** કહેવાય અર્થાત્ લૌકિક એવા કોઈપણ આકારવડે નહિ રહેલ. ॥ ૯૭૪ ॥

---

६५. बाहुल्यतश्च सूत्रे सप्त पञ्च (शतानि) च जघन्या उत्कृष्टा (च) । इतरथा हीनमभ्यधिकं (क्रमशः) भवेदङ्गुलधनुःपृथक्त्वैः ॥४॥ आश्चर्यादि (आश्चर्यतया) किञ्चिदपि सामान्यश्रुते न देशितं सर्वम्। भवेद्वाऽनिबद्धमेव पञ्चशतानादेशवचनवत् ॥५॥

आह–ओघत एते किं देशभेदेन स्थिता ? उत नेति ?, नेत्याह–कुत इति ?, अत्रोच्यते, यस्मात् –

**जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का ।**
**अन्नुन्नसमोगाढा पुट्ठा सव्वे अ लोगंते ॥९७५॥**

व्याख्या : यत्रैव देशे चशब्दस्यैवकारार्थत्वात् एकः 'सिद्धः' निर्वृतः, तत्रानन्ताः किं ?, – 'भवक्षयविमुक्ता' इति भवक्षयेण विमुक्ताः भवक्षयविमुक्ताः, अनेन पुनः स्वेच्छया भवावतरणशक्तिमत्सिद्धव्यवच्छेदमाह, अन्योऽन्यसमवगाढाः, तथाविधाचिन्त्यपरिणामवत्त्वात्, धर्मास्तिकायादिवत्, 'पुट्ठा सव्वे य लोगंते'त्ति स्पृष्टाः–लग्नाः सर्वे च लोकान्ते, अथवा स्पृष्टः सर्वैश्च लोकान्त इति, लोकाग्रे च प्रतिष्ठिता इति वचनाद्, अयं गाथार्थः ॥९७५॥ तथा—

**फुसइ अणंते सिद्धे सव्वपएसेहि निअमसो सिद्धो ।**
**तेऽवि असंखिज्जगुणा देसपएसेहिं जे पुट्ठा ॥९७६॥**

व्याख्या : स्पृशत्यनन्तान् सिद्धान् सर्वप्रदेशैः आत्मसम्बन्धिभिः 'नियमात्' नियमेन सिद्ध इति, तथा तेऽप्यसङ्ख्येयगुणा वर्तन्ते देशप्रदेशैर्ये स्पृष्टाः †केभ्यः सर्वप्रदेशस्पृष्टेभ्यः, कथं ?– सर्वात्मप्रदेशैरनन्ताः स्पृष्टाः, तथैकैकप्रदेशेनाप्यनन्ता एव, स चासङ्ख्येयप्रदेशात्मकः, ततश्च

અવતરણિકા : શંકા : સામાન્યથી આ જીવો જુદા જુદા પ્રદેશમાં રહેલા હોય છે કે નહીં? તેનું સમાધાન આપે છે કે—ના, અર્થાત્ જુદા'જુદા પ્રદેશમાં રહે એવું નથી. શા માટે એવું નથી ? તે કહે છે ⇨

**ગાથાર્થ : જ્યાં એક સિદ્ધ છે ત્યાં ભવના ક્ષયથી મુકાયેલ અનંતા સિદ્ધો છે. તે દરેક જીવો એકબીજામાં સમાઈને રહેલા છે અને સર્વ સિદ્ધો લોકાન્તને સ્પર્શેલા છે.**

**ટીકાર્થ :** મૂળગાથાનો **'च'** શબ્દ જકાર અર્થવાળો હોવાથી જે દેશમાં જ એક સિદ્ધ છે તે જ દેશમાં બીજા અનંતા ભવના ક્ષયથી મુકાયેલા સિદ્ધ જીવો છે. 'ભવના ક્ષયથી મુકાયેલ' વિશેષણ દ્વારા જે લોકો એવું માને છે કે - એકવાર મુક્ત થયા પછી પણ પોતાની ઇચ્છા થાય તો તે જીવ પુનઃ સંસારમાં આવવાની શક્તિ ધરાવે છે. આવા પ્રકારના તેમના મતનું એટલે કે સ્વઇચ્છાએ સંસારમાં આવવાની શક્તિવાળા એવા સિદ્ધનું ખંડન કર્યું. વળી આ અનંતા સિદ્ધજીવો તેવા પ્રકારના અચિંત્ય પરિણામવાળા હોવાથી ધર્માસ્તિકાય વિગેરેની જેમ એકબીજામાં સમાઇને રહેલા છે. તથા આ સર્વ સિદ્ધો લોકાન્તને સ્પર્શેલા છે, અથવા સર્વ જીવોવડે લોકાન્ત સ્પર્શાયેલો છે, કારણ કે લોકાન્તે તેઓ પ્રતિષ્ઠિત છે એવું આગમવચન છે. ॥૯૭૫॥ તથા –

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** એક સિદ્ધ પોતાના સર્વ આત્મપ્રદેશોવડે નિયમથી અનંતા સિદ્ધોને સ્પર્શે છે. તથા જે દેશ-પ્રદેશોવડે સ્પર્શાયેલા છે તે પણ અસંખ્યગુણ છે. કોના કરતાં અસંખ્યગુણ છે ? (તે કહે છે-) સર્વપ્રદેશોથી સ્પર્શાયેલા કરતાં અસંખ્યગુણ છે. કેવી રીતે ? તે કહે છે કે— સર્વ આત્મપ્રદેશોવડે

† तेभ्यः–मुद्रिते ।

मूलानन्तकं सकलजीवप्रदेशासङ्ख्येयानन्तकैर्गुणितं यथोक्तमेव भवतीति गाथार्थः ॥९७६॥

स्थापना चेयं— साम्प्रतं सिद्धानेव लक्षणतः प्रतिपादयन्नाह—

**असरीरा जीवघणा उवउत्ता दंसणे अ नाणे अ ।**
**सागारमणागारं लक्खणमेअं तु सिद्धाणं ॥९७७॥**

**व्याख्या :** अविद्यमानशरीराः अशरीरा औदारिकादिपञ्चविधशरीररहिता इत्यर्थः, जीवाश्चेति घनाश्चेति विग्रहः, घनग्रहणं शुषिरापूरणाद्, उपयुक्ताः, क्व ?, 'दर्शने च' केवलदर्शने 'ज्ञाने च' केवल एवेति, इह च सामान्यसिद्धलक्षणमेतदिति ज्ञापनार्थं सामान्यालम्बनदर्शनाभिधानमादावदुष्टमिति, तथा च सामान्यविषयं दर्शनं विशेषविषयं ज्ञानमिति, ततश्च साकारानाकारं सामान्यविशेषरूपमित्यर्थः, 'लक्षणं' तदन्यव्यावृत्तं स्वरूपमित्यर्थः 'एतद्' अनन्तरोक्तं, तुशब्दो वक्ष्यमाणनिरुपमसुखविशेषणार्थः, 'सिद्धानां' निष्ठितार्थानामिति गाथार्थः ॥९७७॥

साम्प्रतं केवलज्ञानदर्शनयोरशेषविषयतामुपदर्शयति—

---

અનંતા જીવો સ્પર્શાયેલા છે. તથા એક એક પ્રદેશવડે પણ અનંતા જીવો સ્પર્શાયેલા છે. તે જીવ અસંખ્ય આત્મપ્રદેશાત્મક છે. તેથી મૂલાનંતુ (સર્વ આત્મપ્રદેશોવડે સ્પર્શાયેલા સિદ્ધજીવો એ મૂલ અનંતુ છે. તે) જીવના એક એક એવા સકલ પ્રદેશો સાથે સ્પર્શાયેલા અસંખ્ય અનંતાઓવડે ગુણાતા યથોક્ત=અસંખ્યગુણ થાય છે. ॥૯૭૬॥

**અવતરણિકા :** હવે લક્ષણથી સિદ્ધોનું જ પ્રતિપાદન કરતા કહે છે ➪

**ગાથાર્થ : અશરીરી, જીવરૂપ ઘન, દર્શન-જ્ઞાનમાં ઉપયુક્ત આ પ્રમાણે સિદ્ધોનું સામાન્ય-વિશેષરૂપ લક્ષણ જાણવું.**

**ટીકાર્થ :** ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરોથી રહિત હોવાથી અશરીરી, જીવરૂપ જે ઘન તે જીવઘન એ પ્રમાણે સમાસ જાણવો, અર્થાત્ સિદ્ધો ઘન છે કારણ કે ખાલી શુષિર સ્થાનોનું પૂરણ થયેલું છે. તથા કેવલદર્શન અને કેવલજ્ઞાનમાં ઉપયુક્ત છે. અહીં સિદ્ધોનું આ સામાન્યલક્ષણ છે એવું જણાવવા માટે શરૂઆતમાં સામાન્યાલંબનવાળા દર્શનનું કથન જે કર્યું છે તે અદુષ્ટ છે. કારણ કે દર્શન એ સામાન્ય-વિષયક અને જ્ઞાન એ વિશેષવિષયક હોય છે. તેથી ઉપરોક્ત લક્ષણ સિદ્ધોનું સાકારાનાકર એટલે કે સામાન્ય-વિશેષરૂપ છે.

લક્ષણ એટલે તદન્યવ્યાવૃત્ત અર્થાત્ તદ્ એટલે સિદ્ધના જીવો તેનાથી અન્ય એટલે સિદ્ધજીવોથી જુદા એવા સર્વ જીવો, તેનાથી વ્યાવૃત = જુદા એટલે કે શેષ સર્વ જીવોથી જુદા એવા સિદ્ધના જીવો. તદ્અન્યથી જુદા પાડનારું જે હોય તે લક્ષણ કહેવાય છે. 'तु' શબ્દ આગળ કહેવાતા નિરુપમ સુખરુપ વિશેષણને જણાવનારો છે. ॥૯૭૭॥

**અવતરણિકા :** હવે કેવલજ્ઞાન અને કેવલદર્શનની સર્વ વિષયતાને જણાવે છે, અર્થાત્ સંપૂર્ણ પદાર્થો કેવલજ્ઞાન-કેવલદર્શનના વિષયો છે તે જણાવે છે ➪

**केवलनाणुवउत्ता जाणंती सव्वभावगुणभावे ।**
**पासंति सव्वओ खलु केवलदिट्ठीहिऽणंताहिं ॥९७८॥**

व्याख्या : केवलज्ञानेनोपयुक्ताः केवलज्ञानोपयुक्ताः न त्वन्तःकरणेन, तदभावादिति, किं ?, 'जानन्ति' अवगच्छन्ति 'सर्वभावगुणभावान्' सर्वपदार्थगुणपर्यायानित्यर्थः, प्रथमो भावशब्दः पदार्थवचनः द्वितीयः पर्यायवचन इति, गुणपर्यायभेदस्तु सहवर्तिनो गुणाः क्रमवर्तिनः पर्याया इति, तथा पश्यन्ति 'सर्वतः खलु' खलुशब्दस्यावधारणार्थत्वात् सर्वत एव, 'केवलदृष्टिभिरनन्ताभिः' केवलदर्शनैरनन्तैरित्यर्थः, अनन्तत्वात् सिद्धानामिति, इह चाऽऽदौ ज्ञानग्रहणं प्रथमतया तदुपयोगस्थाः सिद्ध्यन्तीति ज्ञापनार्थमिति गाथार्थः ॥९७८॥

आह—किमेते युगपज्जानन्ति पश्यन्ति च ? इत्याहोश्विदयुगपदिति, अत्रोच्यते अयुगपत्, कथमवसीयते ?, यत आह—

**नाणंमि दंसणंमि अ इत्तो एगयरयंमि उवउत्ता ।**
**सव्वस्स केवलिस्सा जुगवं दो नत्थि उवओगा ॥९७९॥**

व्याख्या : ज्ञाने दर्शने च 'एत्तो' त्ति अनयोरेकतरस्मिन्नुपयुक्ताः, किमिति ?, यतः सर्वस्य

---

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** સિદ્ધજીવો કેવલજ્ઞાનવડે ઉપયુક્ત હોય છે, નહિ કે અંતઃકરણ(મન)વડે ઉપયુક્ત, કારણ કે અંતઃકરણનો તેમને અભાવ છે. કેવલજ્ઞાનથી ઉપયુક્ત સિદ્ધજીવો સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણે છે. મૂળમાં '**सर्वभावगुणभाव**' શબ્દમાં પ્રથમ ભાવ શબ્દ પદાર્થોને=દ્રવ્યોને અને બીજો ભાવ શબ્દ પર્યાયોને જણાવનારો છે. ગુણ અને પર્યાયમાં ભેદ આ પ્રમાણે જાણવો કે ગુણો એ સહવર્તી છે અને પર્યાયો ક્રમવર્તી હોય છે. (જેમ કે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ સહવર્તી હોવાથી ગુણો છે. જ્યારે પ્રથમસમયસિદ્ધ, દ્વિતીયસમયસિદ્ધ...વગેરે ક્રમવર્તી હોવાથી પર્યાય છે.)

તથા સિદ્ધો અનંત હોવાથી અનંત એવા કેવલદર્શનોવડે સિદ્ધના જીવો ચારે બાજુથી જ જુએ છે. 'ખલુ' શબ્દ જકાર અર્થમાં હોવાથી 'ચારેબાજુથી જ જુએ છે' એમ અર્થ જાણવો. અહીં શરૂઆતમાં એટલે કે મૂળગાથાના પૂર્વાર્ધમાં પ્રથમ જ્ઞાનનું જે ગ્રહણ કર્યું તે એ જણાવવા માટે કે – જ્ઞાનના ઉપયોગમાં રહેલા જ જીવો સિદ્ધ થાય છે (નહીં કે દર્શનોપયોગમાં.) ॥૯૭૮॥

**અવતરણિકા : શંકા :** સિદ્ધના જીવો શું એક સાથે જાણે છે અને જુએ છે કે ક્રમશઃ ? (અર્થાત્ જ્ઞાન-દર્શનનો એક સાથે જ ઉપયોગ હોય કે ક્રમશઃ હોય ?)

**સમાધાન :** ક્રમશઃ ઉપયોગ હોય છે. ક્રમશઃ ઉપયોગ હોય એ કેવી રીતે જણાય ? તેનું સમાધાન હવે આપે છે ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જ્ઞાન અને દર્શન આ બેમાંથી એકમાં જીવ ઉપયુક્ત હોય છે. શા માટે ? કારણ

केवलिनः सत्त्वस्य 'युगपद्' एकस्मिन् काले द्वौ न स्तः उपयोगौ, तत्स्वाभाव्यात्, क्षायोपशमिकसंवेदने तथादर्शनात्, अत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति गाथार्थः ॥९७९॥

साम्प्रतं निरूपमसुखभाजश्च त इत्येतदुपदर्शयन्नाह—

**नवि अत्थि माणुसाणं तं सुक्खं नेव सव्वदेवाणं ।**
**जं सिद्धाणं सुक्खं अव्वाबाहं उवगयाणं ॥९८०॥**

व्याख्या : नैवास्ति 'मानुषाणां' चक्रवर्त्यादीनामपि तत् सौख्यं, नैव 'सर्वदेवानाम्' अनुत्तरसुरपर्यन्तानामपि, यत् सिद्धानां सौख्यम्, 'अव्याबाधामुपगताना'मिति तत्र विविधा आबाधा व्याबाधा न व्याबाधा अव्याबाधा तामुप—सामीप्येन गतानां—प्राप्तानामिति गाथार्थः ॥९८०॥

यथा नास्ति तथा भङ्गयोपदर्शयति –

**सुरगणसुहं समत्तं सव्वद्धापिंडिअं अणंतगुणं ।**
**न य पावइ मुत्तिसुहंऽणंताहिवि वग्गवग्गूहिं ॥९८१॥**

व्याख्या : 'सुरगुणसुखं' देवसङ्घातसुखं 'समस्तं' सम्पूर्णम् अतीतानागतवर्तमानकालोद्भवमित्यर्थः, पुनश्च 'सर्व्वाद्धापिंडिअं' सर्वकालसमयगुणितं, तथाऽनन्तगुणमिति,

કે સર્વ કેવલીઓને એક સમયે સ્વભાવથી જ બે ઉપયોગ હોતા નથી. કારણ કે ક્ષાયોપશમિક જ્ઞાનમાં પણ એ જ પ્રમાણે દેખાય છે. અહીં આ વિષયમાં ઘણું કહેવાનું છે પરંતુ તે ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી. ॥૯૭૯॥

**અવતરણિકા :** હવે સિદ્ધજીવો નિરુપમસુખના ભાગી છે એ વાત જણાવતા કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ચક્રવર્તી વગેરે મનુષ્યોને પણ તે સુખ નથી કે અનુત્તરવાસી સુધીના દેવોને પણ તે સુખ નથી, જે સુખ અવ્યાબાધાને પામેલા એવા સિદ્ધજીવોને છે. વિવિધ પ્રકારની જે આબાધા = પીડાઓ તે વ્યાબાધા, વ્યાબાધા વિનાની જે અવસ્થા તે અવ્યાબાધા. તેવી અવસ્થાને નજીકથી પામેલા એવા સિદ્ધ જીવો – આ પ્રમાણે સમાસ જાણવો. ॥૯૮૦॥

**અવતરણિકા :** મનુષ્ય કે દેવોને જે રીતે સુખ નથી, તે રીતે બતાવે છે. (અર્થાત્ કેવા પ્રકારનું સુખ તે દેવ-મનુષ્યોને પણ નથી ? તે જણાવે છે) ➪

**ગાથાર્થ : સર્વકાળના સમયોથી ગુણાયેલું, અનંતગણું, વળી અનંત વર્ગવર્ગોવડે વર્ગ કરાયેલું દેવોના સમૂહનું સુખ મુક્તિસુખને તોલે આવતું નથી.**

**ટીકાર્થ :** સંપૂર્ણ એટલે કે ત્રણે કાળમાં થયેલું, સર્વકાળના સમયોથી ગુણાયેલું, અનંતગણું દેવના સમૂહનું સુખ (અહીં સર્વકાળના સમયોથી ગુણાકાર કરતાં જેટલું થાય તેના કરતાં અનંતગણું સુખ લેવાનું છે. કેવી રીતે ? તે બતાવે છે.) તે અનંતગણુ આ પ્રમાણે જાણવું કે – સર્વકાળના જેટલા સમયો થાય તેટલા સમયોવડે ત્રણે કાળના સુખનો ગુણાકાર કરવો. તે જેટલું થાય તેને અસત્કલ્પનાવડે એક આકાશ પ્રદેશમાં સ્થાપવું. આ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથાપ્રદેશમાં સ્થાપવા

तदेवंप्रमाणं किलासद्भावकल्पनयैकैकाकाशप्रदेशे स्थाप्यते, इत्येवं सकललोकालोकाकाशानन्तप्रदेशपूरणेनानन्तं भवति, न च प्राप्नोति तथाप्रकर्शगतमपि 'मुक्तिसुखं' सिद्धिसुखम्, अनन्तैरपि वर्गवर्गैर्वर्गितमिति गाथार्थः ॥९८१॥

तथा चैतदभिहितार्थानुवाद्येवाऽऽह ग्रन्थकारः—

**सिद्धस्स सुहो रासी सव्वद्धापिंडिओ जइ हविज्जा ।**
**सोऽणंतवग्गभइओ सव्वागासे न माइज्जा ॥९८२॥**

व्याख्या : सिद्धस्य सम्बन्धिभूतः, ★कः ?–'सुखराशिः' ★सुखानां राशिः २ सुखसङ्घात इत्यर्थः, 'सर्वाद्धापिण्डितः' सर्वकालसमयगुणिताः यदि भवेदित्यनेन कल्पनामात्रतामाह, सः 'अनन्तवर्गभक्तः'

વડે લોક-અલોકના સકલ અનંત આકાશપ્રદેશોને પૂરતા તે સુખ અનંતગણું થાય છે. અનંત વર્ગવર્ગોવડે વર્ગ કરાયેલું એવું (દેવોના સમૂહનું) સુખ આ રીતે પ્રકર્ષને પામવા છતાં મુક્તિસુખને તોલે આવતું નથી. (અનંત વર્ગવર્ગો એટલે, અનંતગણા સુખનો વર્ગ કરવો, જેટલું પ્રમાણ થાય તેનો પાછો વર્ગ કરવો, આ રીતે અનંતવાર વર્ગ કરતાં અનંત વર્ગવર્ગ થાય. અસત્કલ્પનાથી આ પદાર્થને આ રીતે વિચારી શકાય -- દેવોના સમૂહનું સંપૂર્ણ સુખ ધારો કે ૧૦૦ પોઇન્ટ જેટલું છે. સર્વ કાળના સમયો પણ ૧૦૦ ધારીએ. તેથી સર્વકાળના સમયો સાથે ગુણતા તે સુખ ૧૦૦ × ૧૦૦ = ૧૦,૦૦૦ પોઇન્ટ થાય. આ ૧૦,૦૦૦ પોઇન્ટ સુખને એક આકાશપ્રદેશમાં સ્થાપવું. આવા ૧૦,૦૦૦ પોઇન્ટ જેટલું બીજું સુખ બીજા આકાશપ્રદેશમાં સ્થાપવું. આ રીતે દરેક આકાશપ્રદેશમાં સ્થાપતા લોક અને અલોકના અનંત આકાશપ્રદેશો સુખથી ભરવા. તે બધું ભેગું કરો એટલે તે અનંતગણું થાય. આ અનંતગણા સુખનો વર્ગ (તે સંખ્યાને તેટલી સંખ્યા સાથે ગુણવાથી વર્ગ થાય જેમ કે ૨ નો વર્ગ ૨ × ૨ = ૪ થાય, ૪નો વર્ગ ૧૬ થાય વિ.) કરવો. જે જવાબ આવે તેનો ફરી વર્ગ કરવો. આ રીતે અનંત વખત વર્ગ કર્યા પછી સુખનું જેટલું પ્રમાણ થાય તેટલા પ્રમાણને પામેલું સુખ પણ મુક્તિસુખની તોલે આવી શકતું નથી. इति - **आव. निर्यु. दीपिकायां**) ॥૯૮૧॥

**અવતરણિકા :** આ જ કહેવાયેલ અર્થનો અનુવાદ કરનારા ગ્રંથકાર કહે છે ⇨

**ગાથાર્થ : સિદ્ધના સુખની રાશિ જો સર્વકાળના સમયોવડે ગુણિએ અને ગુણાયેલ તે રાશિનો અનંતીવાર વર્ગમૂળ કર્યા પછી જેટલું સુખ થાય, તે સુખ પણ સર્વ આકાશમાં સમાય નહીં.**

**ટીકાર્થ :** સિદ્ધસંબંધી એવો, એવો કોણ ? (તે કહે છે-) સુખોનો રાશિ તે સુખરાશિ (એ પ્રમાણે સમાસ કરવો.)એટલે કે સુખનો સમૂહ. (અર્થાત્ સિદ્ધજીવોના સુખનો સમૂહ.) તે જો સર્વકાળના સમયોવડે ગુણાય. ([म]અર્થાત્ સિદ્ધત્વના પ્રથમ સમયથી લઈને સાદિ-અનંતકાળ સુધી સિદ્ધ જે સુખ પ્રતિસમયે અનુભવે છે તે સર્વ સુખને એક સ્થળે ભેગું કરી તેની રાશિ કરીએ. તે રાશિ સર્વકાળસમયગુણિત કહેવાય છે. અહીં 'જો ગુણાય' એવું કહેવા દ્વારા આ એક કલ્પના જ છે, કારણ કે ક્યારેય સુખરાશિ સમયોવડે ગુણાવાની નથી.) સર્વકાળના સમયોવડે ગુણાયેલ આ સુખની રાશિના અનંતીવાર વર્ગમૂળ

★ एतत्पदं मुद्रिते नास्ति ।

**अनन्तवर्गापवर्त्तितः सन् समीभूत एवेति भावार्थः, 'सर्वाकाशे' लोकालोकाकाशे न मायात्, अयमत्र भावार्थः—इह किल विशिष्टाह्लादरूपं सुखं गृह्यते, ततश्च यत आरभ्य शिष्टानां सुखशब्दप्रवृत्तिः तमाह्लादमवधीकृत्यैकैकगुणवृद्धितारतम्येन तावदसावाह्लादो विशेष्यते यावदनन्तगुणवृद्ध्या निरतिशयगुणनिष्ठां गतः, ततश्चासावत्यन्तोपमातीतैकान्तौत्सुक्यविनिवृत्तिस्तिमिततमकल्पश्चरमाह्लाद एव सदा सिद्धानामिति, तस्माच्चारतः प्रथमाच्चोर्ध्वमपान्तरालवर्तिनो ये गुणतारतम्येनाह्लादविशेषास्ते सर्वाकाशप्रदेशादिभ्योऽपि भूयांस इत्यतः किलोक्तं—'सव्वागासे ण माएज्ज'त्तीत्यादि, अन्यथा नियतदेशावस्थितिः तेषां कथमिति सूरयोऽभिदधतीति, तथा चैतत्संवाद्यार्षवेदेऽप्युक्तम्, इत्यलं व्यासेनेति गाथार्थः ॥९८२॥**

(વર્ગનો મૂળ તે વર્ગમૂળ, જેમ કે ૧૬નો વર્ગમૂળ ૪ થાય, ૪નો વર્ગમૂળ ૨ થાય) કરતાં છેલ્લે ત્યાં સુધી વર્ગમૂળ કરવો કે જેથી સમાન થાય, એટલે કે સિદ્ધત્વના પ્રથમ સમયનું સુખ આવે,. તે સુખ લોકાલોકાકાશમાં સમાય નહીં. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે કે અહીં વિશિષ્ટ આહ્લાદરૂપ સુખ ગ્રહણ કરવાનું છે. તેથી જ્યાંથી આરંભીને શિષ્ટપુરુષો સુખશબ્દનો પ્રયોગ કરે છે, તે આહ્લાદરૂપ સુખથી શરૂઆત કરીને (અર્થાત્ ધારો કે ૧૦ પોઈન્ટના સુખને શિષ્ટપુરુષો સુખ તરીકે માને છે તો ત્યાંથી આરંભ કરીને) એક-એક ગુણના તારતમ્યવડે (અર્થાત્ ૧૦, ૧૧, ૧૨.... એમ એક એક પોઈન્ટ વધારતા) છેલ્લે ત્યાં સુધી પહોંચવું યાવદ્ અનંતગુણની વૃદ્ધિવડે નિરતિશયગુણની સમાપ્તિને આ આહ્લાદ પામે. (અર્થાત્ સિદ્ધત્વના પહેલા સમયનું સુખ આવે.) આવા પ્રકારનો, કોઈ ઉપમા મળી ન શકે એવો નિરુપમ, એકાન્તે ઔત્સુક્યથી રહિત અને અત્યંત સ્થિર એવો અંતિમ આહ્લાદ સિદ્ધોને સદા હોય છે. આ છેલ્લાઆહ્લાદ પૂર્વેના અને પ્રથમાહ્લાદ પછીના વચ્ચેના ગુણની તરતમતાવડે જેટલા આહ્લાદો છે તે સર્વ આકાશપ્રદેશો કરતાં પણ વધારે હોવાથી મૂળમાં કહ્યું કે – 'સર્વઆકાશમાં સમાય નહીં' (અર્થાત્ સિ(H)દ્ધત્વના પહેલા સમયે સિદ્ધોને જે સુખ છે. તે સુખના કેવલજ્ઞાનની દૃષ્ટિએ નિરંશ વિભાગો કરવા. તે વિભાગો એટલા બધા થાય કે સર્વ આકાશપ્રદેશોમાં સમાય નહીં:)

અન્યથા એટલે કે આ પ્રમાણે જો અસત્કલ્પના કરવામાં ન આવે અને વાસ્તવિક રીતે જ સિદ્ધનું સુખ સર્વાકાશપ્રદેશોમાં સમાતું નથી એમ માનીએ તો આચાર્ય ભગવંતો સિદ્ધોની નિયતદેશમાં અવસ્થિતિ કેવી રીતે કહે છે ? ((H)અર્થાત્ સિદ્ધના સુખની રાશિ અસત્કલ્પના વિના વાસ્તવિક રીતે જ સર્વાકાશમાં સમાતી નથી એમ માનીએ તો ધર્મી (સિદ્ધ) વિના ધર્મ (સુખ)નો અભાવ હોવાથી સિદ્ધ પણ સર્વ આકાશમાં સમાતા નથી એમ કહેવું જોઈતું હતું પણ એવું કહેવાને બદલે પૂર્વાચાર્યો સિદ્ધની ચોક્કસ દેશમાં જ અવસ્થિતિ કહે છે. તેથી જણાય છે કે અહીં જે કહ્યું કે સુખરાશિ સર્વાકાશમાં સમાતી નથી તે ઉપરોક્ત અસત્કલ્પનાને જ લઈને કહી છે. તથા આ વાત મારી પોતાની બુદ્ધિથી કહી નથી. એ વાત જણાવવા ટીકાકાર આગળ જણાવે છે કે ) આ વાતની પુષ્ટિ આર્ષવેદમાં પણ કરી છે. ((H)અહીં વેદશબ્દથી સિદ્ધાન્ત જ લેવાનો છે. તેથી આર્ષવેદ એટલે ગૌતમાદિ મહર્ષિપ્રણીત એવો સિદ્ધાન્ત જાણવો.) વધુ વિસ્તારથી સર્યું. ॥૯૮૨॥

साम्प्रतमस्यैवंभावस्यापि सतः निरुपमतां प्रतिपादयन्नाह –

**जह नाम कोइ मिच्छो नगरगुणे बहुविहे विआणंतो ।**
**न चएइ परिकहेउं उवमाइ तहिं असंतीए ॥९८३॥**

व्याख्या : यथा नाम कश्चित् म्लेच्छः 'नगरगुणान्' सद्गृहनिवासादीन् 'बहुविधान्' अनेकप्रकारान् विजानन्नरण्यगतः सन्नन्यम्लेच्छेभ्यो न शक्नोति परिकथयितुं, कुतो निमित्तात् ?, इत्यत आह– उपमायां तत्रासत्यामिति गाथाक्षरार्थः ॥९८३॥ भावार्थः कथानकादवसेयः तच्चेदम्–[६६]एगो महारण्णवासी मेच्छो रण्णे चिट्ठइ, इओ य एगो राया आसेण अवहरितो तं अडविं पवेसिओ, तेण दिट्ठो, सक्कारेऊण जणवयं णीओ, रण्णावि सो णयरं, पच्छा उवयारित्ति गाढमुवचरिओ जहा राया तहा चिट्ठइ धवलघराईभोगेणं, विभासा, कालेण रण्णं सरिउमारद्धो, रण्णा विसज्जिओ गओ, रण्णिगा पुच्छंति–केरिसं णयरंति ?, सो विआणंतोऽवि तत्थोवमाऽभावा ण सक्कइ णयरगुणे परिकहिउं । एस दिट्ठंतो, अयमत्थोवणओत्ति–

---

**અવતરણિકા :** હવે આવા પ્રકારના સુખની પણ નિરુપમતાનું પ્રતિપાદન કરતા કહે છે ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જેમ કોઈ મ્લેચ્છ (જંગલી મનુષ્ય) સુંદર ઘરો, આવાસો વિગેરે ઘણા પ્રકારના નગરના ગુણોને જાણતો હોવા છતાં જંગલમાં જઈને અન્ય મ્લેચ્છોને તે નગરના ગુણોને કહેવા માટે સમર્થ બનતો નથી. શા માટે ? તે કહે છે – ત્યાં જંગલમાં નગરના ગુણોને વર્ણવી શકાય એવી કોઈ ઉપમા ન હોવાને કારણે તે વર્ણન કરી શકતો નથી. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૯૮૩॥ ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. તે આ પ્રમાણે -

એક મહાઅરણ્યવાસી મ્લેચ્છ જંગલમાં રહે છે. આ બાજુ ઘોડાવડે અપહરણ કરાયેલો એક રાજા જંગલમાં પ્રવેશ્યો. મ્લેચ્છે રાજાને જોયો. રાજાનો સત્કાર કરી મ્લેચ્છ રાજાને પોતાના સ્થાને લઈ ગયો. ત્યારપછી રાજા પણ મ્લેચ્છને પોતાના નગરમાં લઈ ગયો. રાજાએ આ મારો ઉપકારી છે એમ માની તેની ખૂબ જ સુંદર રીતે ભક્તિ કરી, અર્થાત્ જે રીતે રાજા રહે તે રીતે ધવલઘરાદિને ભોગવવાવડે તે મ્લેચ્છ પણ રહે છે વિગેરે રાજામહેલની આગતા-સ્વાગતાનું વર્ણન સમજી લેવું.

ઘણા કાળ પછી તે મ્લેચ્છને પોતાનું જંગલ યાદ આવવા લાગ્યું. રાજાએ જવાની આજ્ઞા આપતા તે ગયો. ત્યાં રહેલા અન્ય મ્લેચ્છોએ પૂછ્યું – 'નગર કેવું હતું ?' તે મ્લેચ્છ નગરના સ્વરુપને જાણતો હોવા છતાં તે જંગલમાં તેને સદૃશ ઉપમા ન હોવાથી નગરના સ્વરુપને કહેવા માટે શક્તિમાન બનતો નથી. આ દૃષ્ટાન્ત કહ્યું. હવે તેનો ઉપનય કહે છે ➪

---

६६. एको महारण्यवासी म्लेच्छोऽरण्ये तिष्ठति इतश्चैको राजाऽश्वेनापहृतस्तामटवीं प्रवेशितः, तेन दृष्टः, सत्कार्य जनपदं नीतः, राज्ञाऽपि स नगरं, पश्चादुपकारीति गाढमुपचरितः, यथा राजा तथा तिष्ठति धवलगृहादिभोगेन, विभाषा, कालेनारण्यं स्मर्तुमारब्धः, राज्ञा विसृष्टो गतः, आरण्यकाः पृच्छन्ति–कीदृशं नगरमिति ?, स विजानन्नपि तत्रोपमाऽभावान्न शक्नोति नगरगुणान् परिकथयितुं । एष दृष्टान्तः, अयमत्रोपनय इति ।

**इअ सिद्धाणं सुक्खं अणोवमं नत्थि तस्स ओवम्मं ।**
**किंचि विसेसेणित्तो सारिक्खमिणं सुणह वुच्छं ॥९८४॥**

व्याख्या : 'इय' एवं सिद्धानां सौख्यमनुपमं वर्तते, किमित्यत आह—यतो नास्ति तस्यौपम्यमिति, तथाऽपि बालजनप्रतिपत्तये किञ्चिद्विशेषेण 'एत्तो'त्ति आर्षत्वादस्य सादृश्यमिदं—वक्ष्यमाणलक्षणं शृणुत, वक्ष्य इति गाथार्थः ॥

**जह सव्वकामगुणिअं पुरिसो भोत्तूण भोअणं कोइ ।**
**तण्हाछुहाविमुक्को अच्छिज्ज जहा अमिअतित्तो ॥९८५॥**

व्याख्या : 'यथा' इत्युदाहरणोपन्यासार्थः 'सर्वकामगुणितं' सकलसौन्दर्यसंस्कृतं पुरुषो भुक्त्वा भोजनं कश्चित्, भुज्यत इति भोजनं, तृट्क्षुद्विमुक्तः सन् आसीत यथाऽमृततृप्तः, आबाधारहितत्वाद्, इह च रसनेन्द्रियमेवाधिकृत्येष्टविषयप्राप्त्यौत्सुक्यविनिवृत्त्या सुखप्रदर्शनं सकलेन्द्रियार्थावाप्त्याऽशेषौत्सुक्यनिवृत्त्युपलक्षणार्थम्, अन्यथा बाधान्तरसम्भवात् सुखाभाव इति,

---

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** આ પ્રમાણે સિદ્ધોનું સુખ અનુપમ વર્તે છે. શા માટે ? તે કહે છે - કારણ કે તે સુખની ઉપમા આપી શકાય એવી કોઈ વસ્તુ આ જગતમાં નથી. તો પણ બાળજીવોના બોધ માટે કંઈક વિશેષથી સુખના આગળ કહેવાતા સાદૃશ્યને તમે સાંભળો, જેને હું કહીશ. મૂળગાથામાં **'एत्तो'** પંચમી શબ્દનો અર્થ આર્ષપ્રયોગ હોવાથી = મહર્ષિપ્રણીત આ સૂત્ર હોવાથી 'एतस्य' એ પ્રમાણે છઠ્ઠી વિભક્તિમાં કરવાનો છે. તેથી **एतस्य** એટલે 'સુખના-સાદૃશ્યને......' ॥૯૮૪॥

**ગાથાર્થ : જેમ કોઈ પુરુષ સર્વ રસોથી ભરપૂર એવા ભોજનને આરોગીને તૃષ્ણા-ક્ષુધાથી રહિત થયેલો જાણે કે અમૃતથી તૃપ્ત થયા જેવો અનુભવ કરે છે.** (તેમ... આગળની ગાથા સાથે **અન્વય જોડવાનો છે.)**

**ટીકાર્થ :** 'યથા' શબ્દ ઉદાહરણના ઉપન્યાસ માટે છે. સર્વકામથી ગુણિત એટલે કે સર્વ સૌંદર્યથી સંસ્કૃત (અર્થાત્ સર્વ રસોથી ભરપૂર) એવા ભોજનને જમીને કોઈક પુરુષ, તૃષા અને ક્ષુધાથી મુક્ત થયેલો અબાધાથી રહિત હોવાથી જાણે કે અમૃતથી તૃપ્ત થયો હોય એવો અનુભવ કરે છે. અહીં રસનેન્દ્રિયને આશ્રયીને ઇષ્ટ વિષયની પ્રાપ્તિ થતાં રસનાસંબંધી ઔત્સુક્ય દૂર થવા દ્વારા જે સુખ બતાવ્યું તે સકલ ઇન્દ્રિયોના વિષયની પ્રાપ્તિ થતાં સંપૂર્ણ ઔત્સુક્યરહિતતાનું ઉપલક્ષણ જાણવું. (અર્થાત્ મૂળગાથાર્થમાં માત્ર રસનેન્દ્રિયની ઔત્સુક્યરહિતતા જણાવી હોવા છતાં શેષ ચારે ઇન્દ્રિયોની ઔત્સુક્યરહિતતા પણ સમજી લેવાની છે.) અન્યથા બાધાન્તરનો સંભવ હોવાથી સુખનો અભાવ થાય. (આશય એ છે કે કોઈ વ્યક્તિ ભલે ભાવતું ભોજન પ્રાપ્ત થયા પછી તૃષ્ણા અને ક્ષુધા વિનાનો થાય પરંતુ જો શેષ સ્પર્શાદિ ઇન્દ્રિયના સુખો પ્રાપ્ત થયા ન હોય તો તૃષ્ણા અને ક્ષુધા વિનાનો થવા છતાં પણ સ્પર્શાદિ ઇન્દ્રિયસંબંધી ઉત્સુકતા દૂર ન થતાં તે વ્યક્તિને સ્પર્શાદિસંબંધી ઉત્સુકતાનો સંભવ હોવાથી વિશિષ્ટસુખની પ્રાપ્તિ થતી

उक्तं च–"वेणुवीणामृदङ्गादिनादयुक्तेन हारिणा । श्लाघ्यस्मरकथाबद्धगीतेन स्तिमितः सदा ॥१॥ कुट्टिमादौ विचित्राणि, दृष्ट्वा रूपाण्यनुत्सुकः । लोचनानन्ददायीनि, लीलावन्ति स्वकानि हि ॥२॥ अम्बरागुरुकर्पूरधूपगन्धानितस्ततः । वटवासादिगन्धांश्च, व्यक्तमाघ्राय निःस्पृहः ॥३॥ नानारससमायुक्तं, भुक्त्वाऽन्नमिह मात्रया । पीत्वोदकं च तृप्तात्मा, खादयन् स्वादिमं शुभम् ॥४॥ मृदुतूलीसमाक्रान्तदिव्यपर्यङ्कसंस्थितः । सहसाऽम्भोदसंशब्दश्रुतेर्भयघनं भृशम् ॥५॥ इष्टभार्यापरिष्वक्तै*-स्तद्रतान्तेऽथवा नरः । सर्वेन्द्रियार्थसम्प्राप्त्या, सर्वबाधानिवृत्तिजम् ॥६॥ यद्वेदयति शं हृद्यं, प्रशान्तेनान्तरात्मना । मुक्तात्मनस्ततोऽनन्तं, सुखमाहुर्मनीषिणः ॥७॥" इति गाथार्थः ॥९८५॥

**इअ सव्वकालतित्ता अउलं निव्वाणमुवगया सिद्धा ।**
**सासयमव्वाबाहं चिट्ठंति सुही सुहं पत्ता ॥९८६॥**

व्याख्या : 'इअ' एवं सर्वकालतृप्ताः स्वस्वभावावस्थिततत्वात्, अतुलं निर्वाणमुपगताः सिद्धाः, सर्वदा सकलौत्सुक्यविनिवृत्तेः, यतश्चैवमतः 'शाश्वतं' सर्वकालभावि 'अव्याबाधं'

---

નથી. તેથી રસનેન્દ્રિયની સાથે શેષ ચારે ઇન્દ્રિયો સંબંધી વિષયો પણ જેને પ્રાપ્ત થાય છે એવો પુરુષ અહીં ગ્રહણ કરવાનો છે.)

કહ્યું છે – 'વેણુ, વીણા, મૃદંગ વિગેરેના ધ્વનિથી યુક્ત, મનોહર, પ્રશંસનીય એવી કામ-કથાથી ગૂંથાયેલ ગીતોને સાંભળીને શાંત થયેલો, ॥૧॥ ભીંત વિગેરે ઉપર વિચિત્ર, વિલાસયુક્ત અને માટે જ નયનોને આનંદ આપનારે એવા પોતાના રૂપોને જોઈને અનુત્સુક, ॥૨॥ અંબર, અગરુ, કપૂર, સુગંધી ધૂપો અને વિશિષ્ટ સુગંધી એવા ચૂર્ણોને પ્રગટપણે સૂંઘીને સ્પૃહા વિનાનો, ॥૩॥ આ લોકમાં વિવિધ રસોથી યુક્ત એવા અન્નને માત્રાવડે જમીને અને પાણી પીને તૃપ્ત થયેલો આત્મા શુભ એવા સ્વાદિમનો આસ્વાદ કરતો, ॥૪॥ કોમળ એવી શય્યાથી યુક્ત એવા દિવ્ય પલંગ ઉપર બેઠેલો, અચાનક વાદળોના ગડગડાટના અવાજથી અત્યંત ભયના સમૂહને (પામેલી એવી) ॥૫॥ ઇચ્છિત પત્ની સાથે આલિંગન પામેલો એવો મનુષ્ય સ્ત્રીસાથેના મૈથુન સેવનને અંતે સર્વ ઇન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિ થવાથી પ્રશાંત થયેલા અંતરાત્માવડે સર્વ પીડાઓની નિવૃત્તિથી ઉત્પન્ન થયેલ ॥૬॥ હૃદયગત જે સુખ અનુભવે છે, તેના કરતાં પણ અનંતગણું સુખ પંડિતો મુક્તાત્માને કહે છે. ॥૭॥ ॥૯૮૫॥

**ગાથાર્થ : (જેમ પૂર્વોક્ત મનુષ્ય અમૃતતૃપ્ત છે) તેમ અતુલ એવા નિર્વાણને પામેલા સિદ્ધો સર્વકાળ માટે તૃપ્ત છે. (તેથી) શાશ્વત, અવ્યાબાધ એવા સુખને પામેલા સિદ્ધો (સદાકાળ માટે) સુખી રહે છે.**

**ટીકાર્થ :** આ પ્રમાણે સકલ ઔત્સુક્ય દૂર થવાથી અતુલ એવા નિર્વાણને પામેલા સિદ્ધો સ્વસ્વભાવમાં જ અવસ્થિત હોવાથી સર્વકાળ માટે તૃપ્ત છે. જે કારણથી તેઓ તૃપ્ત છે, તે કારણથી જ સર્વકાળમાં થનાર, પીડાથી રહિત એવા સુખને પામેલા સિદ્ધો (સર્વ કાળ માટે) સુખી રહે છે. આ પ્રમાણે અન્વય જાણવો.

---

* परित्यक्त० ।

व्याबाधापरिवर्जितं सुखं प्राप्ताः सुखिनः सन्तस्तिष्ठन्तीति योगः । सुखं प्राप्ता इत्युक्ते सुखिन इत्यनर्थकं, न, दुःखाभावमात्रमुक्तिसुखनिरासेन वास्तवसुखप्रतिपादनार्थत्वादस्य, तथाहि– अशेषदोषक्षयतः शाश्वतमव्याबाधं सुखं प्राप्ताः सुखिनः सन्तस्तिष्ठन्ति न तु दुःखाभावमात्रान्विता एवेति गाथार्थः ॥९८६॥

साम्प्रतं वस्तुतः सिद्धपर्यायशब्दान् प्रतिपादयन्नाह–

सिद्धत्ति अ बुद्धत्ति अ पारगयत्ति अ परंपरगयत्ति ।
उम्मुक्ककम्मकवया अजरा अमरा असंगा य ॥९८७॥

व्याख्या : 'सिद्धा इति च' कृतकृत्यत्वात् 'बुद्धा इति च' केवलेन विश्वावगमात् 'पारगता इति च' भवार्णवपारगमनात् 'परम्परागता इति च' पुण्यबीजसम्यक्त्वज्ञानचरणक्रम +प्रतिपत्त्युपायमुक्तत्वात् परम्परया गताः परम्परागता उच्यन्ते, उन्मुक्तकर्मकवचाः सकलकर्मवियुक्तत्वात्, तथा अजरा वयसोऽभावात्, अमरा आयुषोऽभावात्, असङ्गाश्च सकलक्लेशाभावादिति गाथार्थः ॥९८७॥

साम्प्रतमुपसंहरन्नाह –

---

**શંકા :** 'સુખને પામેલા છે' એવું કહેવાથી જ તેઓ 'સુખી રહે છે' અર્થ જણાઇ જ જાય છે. માટે **'सुखिनः'** શબ્દ નિરર્થક બની જાય છે.

**સમાધાન :** **'सुखिनः'** શબ્દ નિરર્થક નથી કારણ કે જેઓ દુઃખના અભાવ સ્વરૂપ મુક્તિસુખ માને છે, તેનું ખંડન કરી મુક્તિસુખ એ દુઃખાભાવ રૂપ નથી, પણ વાસ્તવિક સુખરૂપ છે એવું જણાવવા માટે આ શબ્દ કહ્યો છે. વાસ્તવિક સુખ આ પ્રમાણે જાણવું – સંપૂર્ણ દોષોનો નાશ થવાથી શાશ્વત અને અવ્યાબાધ સુખને પામેલા સિદ્ધો સુખી થાય છે, નહિ કે દુઃખાભાવ માત્રથી યુક્ત હોય છે. ॥૯૮૬॥

**અવતરણિકા :** હવે ખરેખર તો (અર્થાત્ વ્યુત્પત્તિ અર્થથી જુદા જુદા હોવા છતાં ખરેખર તો) સિદ્ધના પર્યાયવાચી શબ્દોનું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કૃતકૃત્ય હોવાથી 'સિદ્ધ' કહેવાય છે. કેવલજ્ઞાનવડે સંપૂર્ણ બોધ થતો હોવાથી તેઓ 'બુદ્ધ' કહેવાય છે. ભવરૂપ સમુદ્રનો પાર પામેલા હોવાથી 'પારગત', ધર્મના બીજરૂપ સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રની ક્રમશઃ પ્રતિપત્તિરૂપ ઉપાયવડે મુક્ત થયેલા હોવાથી પરંપરાએ સિદ્ધ થયેલા તેઓ 'પરંપરાગત' કહેવાય છે. સકલ કર્મોથી વિયોગ પામેલા હોવાથી 'મુકાયેલ કર્મકવચ' કહેવાય છે. તથા ઉંમરનો અભાવ હોવાથી ઘડપણ વિનાના છે, આયુષ્યનો અભાવ હોવાથી મરણરહિત છે, અને સકલક્લેશોનો અભાવ હોવાથી સંગ વિનાના સિદ્ધો છે. ॥૯૮૭॥

**અવતરણિકા :** હવે ઉપસંહાર કરતા કહે છે ⇨

---

+ प्रतिपत्त्योपाय० ।

निच्छिन्नसव्वदुक्खा जाइजरामरणबंघणविमुक्का ।
अव्वाबाहं सुक्खं अणुहुंती सासयं सिद्धा ॥९८८॥

व्याख्या : वस्तुतो व्याख्यातैवेति न प्रतन्यते ॥

सिद्धाण नमोक्कारो जीवं० ॥९८९॥
सिद्धाण नमुक्कारो धन्नाण० ॥९९०॥
सिद्धाण नमुक्कारो एवं० ॥९९१॥
सिद्धाण नमुक्कारो सव्व० बिइअं होइ मंगलं ॥९९२॥

गाथासमूहः सामान्यतोऽर्हन्नमस्कारवदवसेयः, विशेषस्तु सुगम एवेति ॥ उक्तः सिद्धनमस्काराधिकारः, साम्प्रतमाचार्यनमस्काराधिकारस्तत्राचार्य इति कः शब्दार्थः, उच्यते,—'चर गतिभक्षणयोः' इत्यस्य ( चरेः ) +आङि वा गुरा ( पा० ३—१—१०० वार्त्तिके ) विति ण्यति आचार्य इति भवति, आचर्यतेऽसावित्याचार्यः, कार्यार्थिभिः सेव्यत इत्यर्थः, अयं च नामादिभेदाच्चतुर्विधः, तथा चाऽऽह—

नामंठवणादविए भावंमि चउव्विहो उ आयरिओ ।
दव्वंमि एगभविआई लोइए सिप्पसत्थाई ॥९९३॥

व्याख्या : नामाचार्यः स्थापनाचार्यः द्रव्याचार्यो भावाचार्य इति, तत्र नामस्थापनाचार्यौ

---

ગાથાર્થ : નાશ પામ્યા છે સર્વ દુઃખો જેમના (તથા) જન્મ-જરા અને મરણના બંધનથી મુકાયેલા એવા સિદ્ધો શાશ્વત અને અવ્યાબાધ સુખને અનુભવે છે.

ટીકાર્થ : આ ગાથાનો અર્થ પૂર્વે કહેવાઇ ગયેલ હોવાથી અહીં અર્થ કહેવાતો નથી. ॥૯૮૮॥

ગાથાર્થ : ગાથા ૯૮૯ થી ૯૯૨ સુધીની ગાથાઓનો અર્થ પૂર્વે કહેલ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ ગાથાસમૂહનો અર્થ સામાન્યથી અર્હન્નમસ્કાર પ્રમાણે જાણવો (અર્થાત્ પૂર્વની ૯૨૩ થી ૯૨૬ સુધીની ગાથાઓના અર્થ પ્રમાણે જાણવો.) વિશેષથી અર્થ સુગમ જ છે. આ પ્રમાણે સિદ્ધનમસ્કારાધિકાર કહેવાયો.

## ❁ આચાર્યનમસ્કાર ❁

હવે આચાર્યનમસ્કારાધિકાર કહેવાય છે. તેમાં 'આચાર્ય' શબ્દનો અર્થ શું ? તે કહેવાય છે. 'ચર્' ધાતુ ગમન અને ભક્ષણના અર્થમાં છે. 'आ' ઉપસર્ગપૂર્વકના 'ચર' ધાતુને 'ण्यत्' પ્રત્યય લાગતા 'આચાર્ય' શબ્દ બને છે. તે તે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ કાર્યોના અર્થી જીવોવડે જે સેવાય તે આચાર્ય. આ આચાર્ય નામાદિભેદથી ચાર પ્રકારના છે. તે જ કહે છે ➪

ગાથાર્થ : નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ આ પ્રમાણે ચાર પ્રકારના આચાર્ય છે. દ્રવ્યને વિશે એકભવિકાદિ (અને ભાવને વિશે) લૌકિક, (તે લૌકિકમાં) શિલ્પશાસ્ત્રાદિ જાણવા.

ટીકાર્થ : નામાચાર્ય, સ્થાપનાચાર્ય, દ્રવ્યાચાર્ય, અને ભાવાચાર્ય આ પ્રમાણે ચાર પ્રકારના

---

+ चरेराङस्त्वगुरौ ( सिद्धहेम०—५.१.३१ ) ।

सुगमौ, द्रव्याचार्यमागमनोआगमादिभेदं प्रायः सर्वत्र तुल्यविचारत्वादनादृत्य ज्ञशरीरादिव्यतिरिक्तं द्रव्याचार्यमभिधातुकाम आह–'दव्वमी'त्यादि 'द्रव्य' इति द्रव्याचार्यः, 'एकभविकादिः' एकभविकः बद्धायुष्कः अभिमुखनामगोत्रश्चेति, अथवा आदिशब्दाद्द्रव्यभूत आचार्य द्रव्याचार्यः, भूतशब्द उपमावाची, द्रव्यनिमित्तं वा य आचारवानित्यादि, भावाचार्यः–लौकिको लोकोत्तरश्च, तत्र लौकिकः शिल्पशास्त्रादिः, तत्परिज्ञानात् तदभेदोपचारेणैवमुच्यते, अन्यथा शिल्पादिग्राहको गृह्यते, अन्ये त्वेवं भेदमकृत्वौघत एवैनमपि द्रव्याचार्यं व्याचक्षत इति गाथार्थः ॥९९३॥

अधुना लोकोत्तरान् भावाचार्यान् प्रतिपादयन्नाह–

**पंचविहं आयारं आयरमाणा तहा पभासंता ।**
**आयारं दंसंता आयरिया तेण वुच्चंति ॥९९४॥**

व्याख्या : 'पञ्चविधं' पञ्चप्रकारं–ज्ञानदर्शनचारित्रतपोवीर्यभेदात्, 'आचार'मिति आङ्-

આચાર્ય છે. તેમાં નામ અને સ્થાપનાચાર્ય સુગમ છે. તથા આગમ અને નો-આગમાદિભેદવાળા દ્રવ્યાચાર્ય પ્રાયઃ સર્વસ્થાને એક સરખી નિરૂપણાવાળા હોવાથી (અર્થાત્ આગમથી દ્રવ્યાવશ્યક વિગેરેમાં જે રીતે વ્યાખ્યા કરી તે રીતે અહીં પણ આગમથી દ્રવ્યાચાર્ય વિગેરેની વ્યાખ્યા જાણવી. માત્ર અહીં દ્રવ્યાવશ્યક શબ્દને બદલે દ્રવ્યાચાર્ય શબ્દ જોડવો.) આગમથી દ્રવ્યાચાર્ય વિગેરેને છોડીને જ્ઞશરીરાદિથી વ્યતિરિક્ત દ્રવ્યાચાર્ય કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

જ્ઞશરીર અને ભવ્યશરીરથી વ્યતિરિક્ત દ્રવ્યાચાર્ય તરીકે એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર (આ ત્રણેની વ્યાખ્યા પ્રથમભાગમાંથી જાણી લેવી.) જાણવા, અથવા 'એકભવિકાદિ' અહીં જે આદિ શબ્દ છે, તેનાથી દ્રવ્યભૂત એવા આચાર્ય ગ્રહણ કરવા.[H](અર્થાત્ લોકોત્તરશાસનને પામેલા એવા પણ કોઇ આચાર્ય વિશિષ્ટધર્મકથાદિ આચાર્યના વિશિષ્ટ કાર્યો કરવામાં અસમર્થ દેખાય ત્યારે જગતમાં લોકો આ રીતે બોલતા દેખાય છે કે આ દ્રવ્યભૂત આચાર્ય છે અર્થાત્ માત્ર નામના આચાર્ય છે. આવા આચાર્ય આદિશબ્દથી જાણવા.) અહીં ભૂત શબ્દ ઉપમાવાચી જાણવો. અથવા ધનાદિ દ્રવ્ય માટે જે આચાર પાળતો હોય તે દ્રવ્યાચાર્ય વિગેરે (આદિ શબ્દથી) લેવા.

ભાવાચાર્ય લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે જાણવા. તેમાં શિલ્પશાસ્ત્રાદિ લૌકિક ભાવાચાર્ય જાણવા. અહીં જો કે શિલ્પશાસ્ત્રાદિને જાણનારાને ભાવાચાર્ય કહેવા જોઈએ છતાં જ્ઞાન અને જ્ઞાનીનો અભેદ ઉપચાર કરવાથી શિલ્પશાસ્ત્રાદિને ભાવાચાર્ય કહ્યા છે. જો આ રીતે ઉપચાર કરવો ન હોય તો શિષ્યાદિને શિલ્પ ગ્રહણ કરાવતા એવા આચાર્ય અહીં ગ્રહણ કરવા. કેટલાકો આ [H]પ્રમાણે એટલે કે લૌકિક-લોકોત્તર ભેદ કર્યા વિના સામાન્યથી લૌકિક એવા પણ ભાવાચાર્યને દ્રવ્યાચાર્ય તરીકે કહે છે. ॥૯૯૩॥

**અવતરણિકા :** હવે લોકોત્તર એવા ભાવાચાર્યનું પ્રતિપાદ કરતા કહે છે ⇨

**ગાથાર્થ : જે કારણથી પાંચ પ્રકારના આચારોનું પાલન અને પ્રરૂપણા કરે છે, (અને અન્ય જીવોને) આચારનું દર્શન કરાવે છે તે કારણથી તેઓ આચાર્ય કહેવાય છે.**

**ટીકાર્થ :** જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય એમ પાંચ પ્રકારના આચારોનું (પાલન કરતા),

मर्यादायां चरणं चारः—मर्यादया कालनियमादिलक्षणया चार आचार इति उक्तं च—'*काले विणए बहुमाणे*' इत्यादि, तमाचरन्तः सन्तः अनुष्ठानरूपेण, तथा प्रभाषमाणाः अर्थाद् व्याख्यानेन, तथाऽऽचारं दर्शयन्तः सन्तः प्रत्युपेक्षणादिक्रियाद्वारेण, मुमुक्षुभिः सेव्यन्ते येन कारणेनाचार्यास्तेनोच्यन्त इति गाथार्थः ॥९९४॥

अमुमेवार्थं स्पष्टयन्नाह—

**आयारो नाणाई तस्सायरणा पभासणाओ वा ।**
**जे ते भावायरिया भावायारोवउत्ता य ॥९९५॥**

व्याख्या : 'आचारः' पूर्ववत् ज्ञानादिपञ्चप्रकारः, तस्य आचारस्याऽऽचरणात् प्रभाषणाद्वा, वाशब्दाद् दर्शनाद्वा हेतोर्ये मुमुक्षुभिर्गुणैर्वा ज्ञानादिभिराचर्यन्ते ते भावाचार्या उच्यन्ते एतच्चाऽऽचरणाद्यनुपयोगतोऽपि सम्भवति यतः अत आह—'भावाचारोपयुक्ताश्च' भावार्थमाचारो भावाचारः तदुपयुक्ताश्चेति गाथार्थः ॥९९५॥ आयरियणमोक्कारो ४ इत्यादिगाथाप्रपञ्चः सामान्येनार्हन्नमस्कारवदवसेयः विशेषतस्तु सुगम एवेति ॥ उक्त आचार्यनमस्काराधिकारः ॥

---

અહીં 'आ' ઉપસર્ગ મર્યાદા જણાવે છે. તેથી કાળ-નિયમાદિ મર્યાદાવડે (અર્થાત્ પાંચે આચારોમાં જે કાળે જેનો અવસર હોય તે કાળે તેનું પાલન કરવું વિગેરે મર્યાદાવડે) જે આચરણ કરવું તે આચાર કહેવાય છે. કહ્યું છે — "કાળ-વિનય-બહુમાન.... વિગેરે" આ પાંચ પ્રકારના આચારોનું ક્રિયા કરવાવડે આચરણ કરતા, વ્યાખ્યાન કરવાવડે પ્રરૂપણા કરતા, તથા પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા દ્વારા (અર્થાત્ તે તે ક્રિયાનું પાલન સ્વયં કરીને અથવા કેવી રીતે કરવું તે બતાવીને) આચારનું દર્શન કરાવતા (આ મહાપુરુષો) જે કારણથી મુમુક્ષુઓવડે સેવાય છે તે કારણથી (તે મહાપુરુષો) આચાર્ય કહેવાય છે. ॥૯૯૪॥

**અવતરણિકા :** આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

***ટીકાર્થ :*** 'આચાર' શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. આ જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારનું આચરણ કરતા હોવાથી અથવા પ્રરૂપણા કરતા હોવાથી, 'वा' શબ્દથી અન્યને આચારોનું દર્શન કરાવતા હોવાથી, આમ ત્રણ હેતુથી મુમુક્ષુઓવડે કે જ્ઞાનાદિગુણોવડે (અર્થાત્ જ્ઞાનાદિગુણોની પ્રાપ્તિ માટે) જેઓ સેવાય છે, તેઓ ભાવાચાર્ય કહેવાય છે. જો કે આચારોના પાલનાદિ ઉપયોગ વિના પણ સંભવતા હોવાથી તેવી અનુપયોગદશાનો નિષેધ કરવા જણાવે છે કે - ભાવાચારમાં ઉપયુક્ત (એવા જે હોય તે ભાવાચાર્ય કહેવાય, નહિ કે ઉપયોગ વિના આચારોનું પાલનાદિ કરનાર.) મોક્ષ વિગેરે વિશિષ્ટ ભાવો માટેનો જે આચાર તે ભાવાચાર અને તેમાં ઉપયુક્ત જે હોય તે ભાવાચારોપયુક્ત. (તાત્પર્યાર્થ—ઉપયોગપૂર્વક, આચારોનું પાલન, પ્રરૂપણા અને અન્યને દર્શન કરાવતા હોવાથી તેઓ ભાવાચાર્ય કહેવાય છે.) ॥૯૯૫॥

અહીં પણ આચાર્યોને કરેલો નમસ્કાર... વિગેરે ચાર ગાથાઓ અને તેનો અર્થ સામાન્યથી અર્હન્નમસ્કારની જેમ જાણવો, વિશેષથી સુગમ જ છે. આચાર્ય નમસ્કારાધિકાર કહેવાયો.

साम्प्रतमुपाध्यायनमस्काराधिकारः, तत्रोपाध्याय इति कः शब्दार्थः; ?, उच्यते—'इङ्अध्ययने इत्यस्य 'ईङश्चे'ति ( पा० ३-३-२१ ) घञ् उपाध्यायः, उपेत्याधीयतेऽस्मात् साधवः सूत्रमित्युपाध्यायः, स च नामादिभेदाच्चतुर्विध इति, आह च—

नामंठवणादविए भावंमि चउव्विहो उवज्झाओ ।
दव्वे लोइअ सिप्पाइ निण्हगागा वा इमे भावे ॥९९६॥

व्याख्या : इयं हि तत्त्वत आचार्यगाथातुल्ययोगक्षेमैवेति न प्रतन्यते, नवरं निह्नवा वेति यदुक्तं तत्र ते ह्यभिनिवेशदोषेणैकमपि पदार्थमन्यथा प्ररूपयन्तो मिथ्यादृष्टय एव इत्यतो द्रव्योपाध्याया इति ॥

बारसंगो जिणक्खाओ सज्झाओ कहिओ बुहेहिं ।
तं उवइसंति जम्हा उवज्झाया तेण वुच्चंति ॥९९७॥

व्याख्या : द्वादशाङ्ग आचारादिभेदात् 'जिनाख्यातः' अर्हत्प्रणीतः स्वाध्यायः वाचनादिनिबन्धनत्वात् इह सूत्रमेव गृह्यते, कथितः 'बुधैः' गणधरादिभिः, य इति गम्यते, 'तं'

---

## ❋ ઉપાધ્યાયનમસ્કાર ❋

હવે ઉપાધ્યાયનમસ્કારાધિકાર કહેવાય છે. તેમાં 'ઉપાધ્યાય' શબ્દનો અર્થ શું ? તે કહે છે – '**इ**' ધાતુ અધ્યયનના અર્થમાં છે. 'ઉપ' ઉપસર્ગપૂર્વક '**इ**' ધાતુને '**घञ्**' પ્રત્યય લાગતા ઉપાધ્યાય શબ્દ બને છે. ઉપેત્ય = નજીક આવીને જેની પાસેથી સાધુઓ સૂત્ર ભણે છે તે ઉપાધ્યાય અને તે નામાદિભેદથી ચાર પ્રકારે છે. તે જ કહે છે ⇨

**ગાથાર્થ : નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ ચાર પ્રકારે ઉપાધ્યાય જાણવા. દ્રવ્યને વિશે લૌકિક શિલ્પાદિ અથવા નિહ્નવો, ભાવમાં આ (=આગળની ગાથામાં જે કહેવાના છે તે) જાણવા.**

**ટીકાર્થ :** આ ગાથા ખરેખર તો આચાર્યની ગાથા પ્રમાણે જ (ગાથાર્થ ૯૯૩ પ્રમાણે જ) એક સરખા શંકા-સમાધાનવાળી હોવાથી અહીં તેનો વિસ્તાર કરાતો નથી. માત્ર અહીં '**निह्नवा वा**' એમ જે કહ્યું તેમાં તે નિહ્નવો કદાગ્રહના કારણે એક પણ પદાર્થને શાસ્ત્રથી વિરુદ્ધ પ્રરૂપણા કરતા મિથ્યાદૃષ્ટિ જ હોવાથી દ્રવ્યોપાધ્યાય (જાણવા.) ॥૯૯૬॥

**ગાથાર્થ : ગણધરાદિવડે જિનપ્રણીત દ્વાદશાંગરૂપ જે સ્વાધ્યાય કહેવાયો છે. તે સ્વાધ્યાયનો જે કારણથી ઉપદેશ આપે છે તે કારણથી તેઓ ઉપાધ્યાય કહેવાય છે.**

**ટીકાર્થ :** અરિહંતવડે પ્રણીત આચારાદિભેદથી બાર પ્રકારના અંગરૂપ જે સ્વાધ્યાય ગણધરાદિઓવડે કહેવાયેલો છે. અહીં સ્વાધ્યાય તરીકે માત્ર સૂત્ર જ ગ્રહણ કરવાનું છે કારણ કે તે સૂત્ર વાચનાદિનું કારણ છે. (આશય એ છે કે સ્વાધ્યાય વાચના, પૃચ્છના વિગેરે પાંચ પ્રકારનો છે, આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય સૂત્ર હોય તો જ થઈ શકે છે કારણ કે સૂત્ર હોય તો સૂત્રની વાચના, તેના અર્થનું વ્યાખ્યાન, પૃચ્છના વિગેરે થઈ શકે. આમ પાંચે પ્રકારના સ્વાધ્યાયનું કારણ

---

★ इङोऽपादाने तु टिद् वा ( सिद्धहेम० – ५.३.११ ) ।

स्वाध्यायमुपदिशन्ति वाचनारूपेण यस्मात् कारणादुपाध्यायास्तेनोच्यन्ते, उपेत्याधीयतेऽस्मादित्यन्वर्थोपपत्तेरिति गाथार्थः ॥९९७॥ साम्प्रतमागमशैल्याऽक्षरार्थमधिकृत्योपाध्यायशब्दार्थं निरूपयन्नाह–

**उत्ति उवओगकरणे ज्झत्ति अ झाणस्स होइ निद्देसे ।**
**एएण हुंति उज्झा एसो अन्नोऽवि पज्जाओ ॥९९८॥**

व्याख्या : उ इत्येतदक्षरं उपयोगकरणे वर्तते, ज्झ इति चेदं ध्यानस्य भवति निर्देशे, ततश्च प्राकृतशैल्या एतेन कारणेन भवंति उज्झा, उपयोगपुरस्सरं ध्यानकर्तार इत्यर्थः, एषोऽन्योऽपि पर्याय इति गाथार्थः ॥९९८॥ अथवा –

**उत्ति उवओगकरणे वत्ति अ पावपरिवज्जणे होइ ।**
**झत्ति अ झाणस्स कए ओत्ति[+] अ ओसक्कणा कम्मे ॥९९९॥**

व्याख्या : निगदसिद्धा, नवरमुपयोगपूर्वकं पापपरिवर्जनतो ध्यानारोहणेन कर्माण्यपनयन्तीत्युपाध्याया इत्यक्षरार्थः, अक्षरार्थाभावे च पदार्थाभावप्रसङ्गात्पदस्य तत्समुदायरूपत्वादक्षरार्थः प्रतिपत्तव्य इत्यलं विस्तरेण ॥९९९॥ 'उवज्झायनमोक्कारो' ४ इत्यादिगाथापूगः सामान्येना-

---

સૂત્ર હોવાથી અહીં કારણમાં=સૂત્રમાં કાર્યનો=સ્વાધ્યાયનો ઉપચાર કરી સ્વાધ્યાયશબ્દથી સૂત્ર ગ્રહણ કરાય છે.) જે કારણથી (ઉપાધ્યાયો) ગણધરાદિકથિત સ્વાધ્યાય (સૂત્ર) વાચનારૂપે ઉપદેશે છે તે કારણથી તેઓ ઉપાધ્યાય કહેવાય છે, કારણ કે 'નજીક આવીને જેની પાસે સાધુઓ ભણે તે ઉપાધ્યાય' આ પ્રમાણેનો અન્વર્થ=શબ્દાર્થ અહીં ઘટે છે. ॥૯૯૭॥

**અવતરણિકા :** હવે આગમશૈલીવડે (ઉપાધ્યાય શબ્દના) એક-એક અક્ષરાર્થને આશ્રયીને ઉપાધ્યાયશબ્દના અર્થનું નિરૂપણ કરતા કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'ઉ' અક્ષર ઉપયોગ સૂચક છે. 'જ્ઝ' અક્ષર ધ્યાનનો સૂચક છે. તેથી પ્રાકૃતશૈલી વડે આ કારણથી ઉજ્ઝા થાય છે અર્થાત્ ઉપયોગપૂર્વક ધ્યાન કરનાર જે હોય તે ઉજ્ઝા = ઉપાધ્યાય કહેવાય છે. આ ઉજ્ઝા પણ (ઉપાધ્યાય શબ્દનો) બીજો પર્યાય છે. ॥૯૯૮॥ અથવા – (उवज्झाओ શબ્દને આશ્રયી બીજી રીતે નિરુકતાર્થને કહે છે ⇨)

**ગાથાર્થ : 'ઉ' અક્ષર ઉપયોગના કરણમાં છે, 'વ' અક્ષર પાપના ત્યાગમાં છે, 'જ્ઝ' અક્ષર ધ્યાન માટે છે અને 'ય' અક્ષર કર્મનાશમાં છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. સંપૂર્ણ અક્ષરોનો અર્થ આ પ્રમાણે – ઉપયોગપૂર્વક પાપનો ત્યાગ કરી ધ્યાન ધરવાવડે જેઓ કર્મોને દૂર કરે છે તે ઉવજ્ઝાય એટલે કે ઉપાધ્યાય કહેવાય છે.

(**શંકા :** આ રીતે એક-એક અક્ષરોનો અર્થ વળી કેવી રીતે ઘટે ? (અર્થાત્ ઘટતો નથી.)

**સમાધાન :** આ રીતે જો એક-એક અક્ષરોનો અર્થ ન માનો તો અક્ષરાર્થના અભાવમાં પદના અર્થનો પણ અભાવ માનવાની આપત્તિ આવે, કારણ કે પદ એ અક્ષરોનો જ સમુદાય છે. તેથી પદના અર્થનો અભાવ ન થાય તે માટે અક્ષરનો અર્થ પણ સ્વીકારવો જોઈએ. વિસ્તારવડે સર્યું. ॥૯૯૯॥

---

\+ उत्ति-मुद्रिते ।

र्हन्नमस्कारवदवसेयः, विशेषस्तु सुगम एवेति ॥ उक्त उपाध्यायनमस्काराधिकारः ॥

साम्प्रतं साधुनमस्काराधिकारः, तत्र 'राध साध संसिद्धा' वित्यस्य उण्प्रत्ययान्तस्य साधुरिति भवति, अभिलषितमर्थं साधयतीति साधुः, स च नामादिभेदतः, तथा चाऽऽह –

**नामं १ ठवणासाहू २ दव्वसाहू ३ भावसाहू अ ४ ।**
**दव्वंमि लोइआई भावंमि अ संजओ साहू ॥१०००॥**

व्याख्या : वस्तुतो गतार्थैवेति न विव्रियते ॥

द्रव्यसाधून् प्रतिपादयन्नाह –

**घडपडरहमाईणि उ साहंता हुंति दव्वसाहुत्ति ।**
**अहवावि दव्वभूआ ते हुंती दव्वसाहुत्ति ॥१००१॥**

व्याख्या : निगदसिद्धा, नवरमथवाऽपि 'द्रव्यभूता' इति भावपर्यायशून्याः ॥

भावसाधून् प्रतिपादयन्नाह –

**+नेव्वाणसाहए जोए, जम्हा साहंति साहुणो ।**
**समा य सव्वभूएसु, तम्हा ते भावसाहुणो ॥१००२॥**

---

ઉપાધ્યાયને કરેલો નમસ્કાર વિગેરે ચાર ગાથાઓનો સમૂહ સામાન્યથી અર્હન્નમસ્કાર (ગા.૯૨૩ થી ૯૨૬) પ્રમાણે જ જાણવો. વિશેષથી સુગમ જ છે. આમ ઉપાધ્યાયનમસ્કારાધિકાર કહેવાયો.

### ❋ સાધુ નમસ્કાર ❋

હવે સાધુનમસ્કારનો અધિકાર કહેવાય છે – તેમાં **'राध-साध'** ધાતુ સિદ્ધ કરવું અર્થમાં છે. આ ધાતુઓને **उण्** પ્રત્યય લાગતા સાધુ શબ્દ બને છે. ઇચ્છિત એવા અર્થને જે સાધે તે સાધુ અને તે નામાદિભેદથી ચાર પ્રકારે છે. તે કહે છે ➪

**ગાથાર્થ : નામસાધુ, સ્થાપનાસાધુ, દ્રવ્યસાધુ અને ભાવસાધુ. દ્રવ્યમાં લૌકિકાદિ અને ભાવમાં સંયત જાણવો.**

**ટીકાર્થ :** વસ્તુતઃ ગાથા સ્પષ્ટાર્થવાળી જ છે, તેથી વિવરણ કરાતી નથી. ॥૧૦૦૦॥

**અવતરણિકા :** દ્રવ્યસાધુઓનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : ઘટ, પટ, રથ વિગેરેને સાધતા લોકો દ્રવ્યસાધુ જાણવા અથવા જે દ્રવ્યભૂત છે તે દ્રવ્યસાધુ જાણવા.**

**ટીકાર્થ :** ગાથા સ્પષ્ટ જ છે. માત્ર દ્રવ્યભૂત એટલે ભાવપર્યાયથી શૂન્ય જે હોય તે દ્રવ્યસાધુ જાણવો. (અહીં જે પોતાના ઈષ્ટ અર્થને સાધે તે સાધુ આવા અર્થને લઈ ઘટ, પટને સાધતા લોકો દ્રવ્યસાધુ કહ્યા છે તે જાણવું.) ॥૧૦૦૧॥

**અવતરણિકા :** ભાવસાધુઓનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

+ निव्वाण ..... मुद्रिते ।

व्याख्या : निर्वाणसाधकान् 'योगान्' सम्यग्दर्शनादिप्रधानव्यापारान् यस्मात् साधयन्ति साधवः विहितानुष्ठानपरत्वात्, तथा समाश्च सर्वभूतेष्विति योगप्राधान्यख्यापनार्थमेतत्, तस्मात्ते भावसाधव इति गाथार्थः ॥१००२॥

**किं पिच्छसि साहूणं तवं व निअमं व संजमगुणं वा ।**
**तो वंदसि साहूणं ? एअं मे पुच्छिओ साह ॥१००३॥**

व्याख्या : निगदसिद्धा ॥

**विसयसुहनिअत्ताणं विसुद्धचारित्तनियमजुत्ताणं ।**
**+तच्चगुणसाहयाणं ★सहायकिच्चुज्जयाण नमो ॥१००४॥**

व्याख्या : निगदसिद्धैव ॥

**असहाए सहायत्तं करिंति मे संजमं करिंतस्स ।**
**एएण कारणेणं नमामिऽहं सव्वसाहूणं ॥१००५॥**

---

**ટીકાર્થ :** જે કારણથી સાધુઓ મોક્ષસાધક એવા સમ્યગ્દર્શનાદિપ્રધાન વ્યાપારોને સાધે છે એટલે કે કરે છે. (અહીં 'સાધે છે' એવું કેમ કહ્યું ? તો કહે છે -) આગમમાં કહેવાયેલા અનુષ્ઠાનોને કરવામાં તેઓ તત્પર છે. (માટે 'સાધે છે' એમ કહ્યું છે.) તથા સર્વ જીવોને વિશે સાધુઓ સમાન = સમતાવાળા છે. આ વિશેષણ યોગોમાં આનું પ્રાધાન્ય જણાવવા માટે છે. (આશય એ છે કે – નિર્વાણસાધક એવા યોગોમાં સર્વભૂતસમતા નામનો યોગ પણ આવી જ જાય છે, કારણ કે સર્વભૂતસમતા પણ નિર્વાણસાધક છે જ. છતાં આ યોગને જુદો બતાવવા દ્વારા સર્વયોગોમાં આ પ્રધાનયોગ છે એવું જણાવ્યું છે.) આમ, મોક્ષસાધક યોગોને સાધનારા હોવાથી અને સર્વ જીવો વિશે સમતા રાખનારા હોવાથી તેઓ ભાવસાધુ છે. ॥૧૦૦૨॥

**ગાથાર્થ : (અહીં શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે - હે ગુરુ ! તમે) શું સાધુઓના તપ, નિયમ (દ્રવ્ય-ક્ષેત્રાદિના અભિગ્રહો) કે સંયમગુણોને જુઓ છો ? અને એ જોઈને તમે સાધુઓને વંદન કરો છો ? આ પ્રમાણે મારાવડે પૂછાયેલ (હે ગુરુ !) તમે કહો.**

**ટીકાર્થ :** ગાથા સ્પષ્ટ જ છે. ॥૧૦૦૩॥

**ગાથાર્થ : વિષયસુખોથી નિવૃત્ત થયેલા, વિશુદ્ધચારિત્ર અને નિયમોથી યુક્ત, તાત્ત્વિક ગુણોના સાધક, અને (મોક્ષસાધક એવા સાધુઓને) સાહય્યકૃત્યમાં=સહાયકપણામાં ઉદ્યત સાધુઓને હું નમસ્કાર કરું છું.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. (ભાવાર્થ એ છે કે સાધુઓમાં વિષયસુખનિવૃત્તિ વિગેરે મોક્ષસાધકગુણોને હું જોઉં છું તેથી હું=ગુરુ તેઓને નમસ્કાર કરું છું.) ॥૧૦૦૪॥

**ગાથાર્થ : સંયમ પાળતા એવા મને અસહાયમાં (સાધુઓ) સહાયપણું કરે છે. તેથી હું સર્વસાધુઓને નમસ્કાર કરું છું.**

---

+ सव्व० ★ सदाय० मुद्रिते ।

**व्याख्या :** परमार्थसाधनप्रवृत्तौ सत्यां जगत्यसहाये सति प्राकृतशैल्या वाऽसहायस्य सहायत्वं कुर्वन्ति मम संयमं कुर्वतः सतः, अनेन कारणेन नमाम्यहं सर्वसाधुभ्य इति गाथार्थः ॥१००५॥ 'साहूण नमोक्कारो ४ इत्यादिगाथाविस्तरः सामान्येनार्हन्नमस्कारवदवसेयः, विशेषस्तु सुखोन्नेय इति कृतं प्रसङ्गेन ॥ उक्तं वस्तुद्वारम्,

अधुनाऽऽक्षेपद्वारावयवार्थप्रचिकटयिषयेदमाह—

**नवि★ संखेवो न वित्थारु संखेवो दुविहु सिद्धसाहूणं ।**
**वित्थारओऽणेगविहो पंचविहो न जुज्जई तम्हा ॥१००६॥**

**व्याख्या :** इहास्या गाथाया अंशकक्रमनियमाच्छन्दोविचितौ लक्षणमनेन पाठेन विरुध्यते 'न संखेवो' इत्यादिना, यत इहाद्य एव पञ्चमात्रोऽंशकः इत्यतोऽपपाठोऽयमिति, ततश्चापिशब्द एवात्र

**ટીકાર્થ :** મોક્ષસાધનપ્રવૃત્તિ જ્યારે હું કરું છું ત્યારે આ બાહ્ય જગતમાં મને કોઈ સહાય કરનારું નથી. આ રીતે અસહાયમાં અથવા 'असहाए' શબ્દમાં સપ્તમી વિભક્તિને બદલે પ્રાકૃતશૈલી હોવાથી છઠ્ઠી વિભક્તિ જાણવી. તેથી 'અસહાય એવા મને' એ પ્રમાણે અર્થ કરવો. માટે સંયમનું પાલન કરતા સહાય વિનાના મને સાધુઓ સહાયપણું કરે છે. તે કારણથી હું સર્વ સાધુઓને નમસ્કાર કરું છું. ॥૧૦૦૫॥

અહીં પણ સાધુઓને કરેલો નમસ્કાર... વિ. ગાથાસમુહ સામાન્યથી અર્હન્નમસ્કાર પ્રમાણે જાણવો. વિશેષથી સુખેથી જાણી શકાય જ છે તેથી પ્રસંગવડે સર્યું. (આ પ્રમાણે પૂર્વે ગાથા ૮૮૭માં કહેલ) વસ્તુદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે આક્ષેપદ્વારના (ગાથા ૮૮૭માં કહેવાયેલ) વિસ્તારાર્થને પ્રગટ કરવાની ઇચ્છાથી આગળ સૂત્રને કહે છે ⇨

**ગાથાર્થ : (નમસ્કાર) એ સંક્ષેપમાં પણ નથી કે વિસ્તારમાં પણ નથી. (કારણ કે) સંક્ષેપનમસ્કાર બે પ્રકારે છે, એટલે કે સિદ્ધ અને સાધુઓને કરેલો નમસ્કાર, તથા વિસ્તારથી નમસ્કાર અનેક પ્રકારનો છે. તેથી (સંક્ષેપ કે વિસ્તાર બંને પ્રકારે ઘટતો ન હોવાથી) પાંચ પ્રકારનો નમસ્કાર યોગ્ય નથી.**

**ટીકાર્થ :** છંદોવિચિતિનામના છંદશાસ્ત્રમાં કહેવાયેલ લક્ષણનો આ ગાથાના '**न संखेवो**' પાઠ સાથે અંશના ક્રમનિયમને આશ્રયીને વિચારતા વિરોધ આવે છે. ((H)અર્થાત્ અંશક્રમના નિયમથી એટલે કે છંદશાસ્ત્રમાં અંશના ક્રમનો આ પ્રમાણે નિયમ છે કે ગાથાનો પ્રથમ અંશ ચાર માત્રાવાળો કરાય છે. જેમ કે – '**नमिऊण जिणवरिंदे**', અહીં '**नमिऊ**' શબ્દ ચાર માત્રાવાળો છે. કારણ કે હ્રસ્વ અક્ષરની એક માત્રા છે અને દીર્ઘ અક્ષરની ૨ માત્રા ગણતા '**नमिऊ**' શબ્દ ચાર માત્રાવાળો થાય છે.) જ્યારે આ ગાથામાં પ્રથમ અંશ '**नसंखे**' પાંચ માત્રાવાળો છે. (કારણ કે '**न**' ની એક માત્રા અને '**संखे**'માં એક એક અક્ષરની બે બે માત્રા છે.) માટે આ પાઠ ખોટો છે. તેથી અહીં '**अपि**' શબ્દ જાણવો, જેથી '**नवि संखेवो...**' પાઠ થતાં '**नविसं**' ચારમાત્રા થાય (વળી, અહીં **अपि** શબ્દ પાદપૂર્તિ માટે હોવાથી નિરર્થક છે એવી શંકા કોઈને થતી હોય તો તેની તે શંકાનું નિવારણ કરવા ટીકાકાર

★ इतः प्राक् 'एसो पंचनमुक्कारो' इत्यादिश्लोकः पुस्तकादर्शेषु, न च वृत्तौ व्याख्यातः सूचितो वा सः ।

विद्यमानार्थो द्रष्टव्यः, 'णवि संखेवो' इत्यादि, इह किल सूत्रं संक्षेपविस्तरद्वयमतीत्य न वर्तते, तत्र संक्षेपवत् सामायिकसूत्रं, विस्तरवच्चतुर्दश पूर्वाणि, इदं पुनर्नमस्कारसूत्रमुभयातीतं, यतोऽत्र न संक्षेपो नापि विस्तर इत्यपिशब्दस्य व्यवहितः सम्बन्धः, 'संक्षेपो द्विविध' इति यद्ययं संक्षेपः स्यात् ततस्तस्मिन् सति द्विविध इति—द्विविध एव नमस्कारो भवेत्, सिद्धसाधुभ्यामिति, कथं ?, परिनिर्वृतार्हदादीनां सिद्धशब्देन ग्रहणात् संसारिणां च साधुशब्देनेति, तथा च नैते संसारिणः सर्वे एव साधुत्वमतिलङ्घ्य वर्तन्त इति, तदभावे शेषगुणाभावात्, अतस्तन्नमस्कार एवेतर-नमस्कारभावात्, अथायं विस्तरः, इत्येतदप्यचारु, यस्माद् विस्तरतोऽनेकविधः प्राप्नोति, तथा च ऋषभाजितसम्भवाभिनन्दनसुमतिपद्मप्रभसुपार्श्वचन्द्रप्रभेत्यादिमहावीरवर्द्धमानस्वामिपर्यन्ते-भ्यश्चतुर्विंशत्यर्हद्भ्यः, तथा सिद्धेभ्योऽपि विस्तरेण—अनन्तरसिद्धेभ्यः परम्परसिद्धेभ्यः प्रथमसमयसिद्धेभ्यः द्वितीयतृतीयसमयादिसङ्ख्येयासङ्ख्येयानन्तसमयसिद्धेभ्यः, तथा तीर्थ-लिङ्गचारित्रप्रत्येकबुद्धादिविशेषणविशिष्टेभ्यः तीर्थंकरसिद्धेभ्यः अतीर्थंकरसिद्धेभ्यः तीर्थसिद्धेभ्यः

કહે છે કે) તે '**अपि**' શબ્દ વિદ્યમાનાર્થ જાણવો. (અર્થાત્ તે શબ્દ અર્થ વિનાનો નથી પણ તેનો અર્થ વિદ્યમાન છે, કારણ કે તે શબ્દનો ટીકાકાર પોતે આગળ '**न संक्षेपो नापि विस्तरः**' આ પ્રમાણે વ્યવહિત સંબંધ જોડીને સમુચ્ચય અર્થ કરવાના છે.) કોઈપણ સૂત્ર કાંતો સંક્ષેપમાં હોય, કાંતો વિસ્તારવાળું હોય, પણ સંક્ષેપ કે વિસ્તાર આ બેને છોડીને કોઈ સૂત્ર હોતું નથી. તેમાં સામાયિકસૂત્ર એ સંક્ષેપવાળું છે અને ચૌદપૂર્વો એ વિસ્તારવાળા છે. જ્યારે આ નમસ્કારસૂત્ર એ સંક્ષેપ કે વિસ્તાર-ઉભય વિનાનું છે, કારણ કે આ સૂત્રમાં સંક્ષેપ નથી કે વિસ્તાર પણ નથી. અહીં '**अपि**' શબ્દનો વ્યવહિત સંબંધ જોડવો. (અર્થાત્ '**नापि संक्षेपो न विस्तारो**' આ પ્રમાણે મૂળગાથામાં છે તેના બદલે **न संक्षेपो नापि विस्तारो** સમજવું.) આ સૂત્રમાં સંક્ષેપ કેમ નથી ? તે કહે છે કે – સંક્ષેપથી નમસ્કાર બે પ્રકારનો હોય, જો આ સૂત્રમાં સંક્ષેપ હોત ,તો બે પ્રકારનો જ નમસ્કાર થાત – સિદ્ધો અને સાધુઓને, કેવી રીતે ? તે આ પ્રમાણે કે– મોક્ષ પામેલા અરિહંતાદિઓનું સિદ્ધશબ્દથી ગ્રહણ થઈ જાય અને સંસારીજીવોનું સાધુશબ્દથી ગ્રહણ થઈ જાય, કારણ કે સંસારસ્થ અરિહંત-આચાર્ય-ઉપાધ્યાય – આ સર્વ સંસારીઓ સાધુત્વગુણ વિનાના તો છે જ નહિ, અન્યથા=જો સાધુત્વગુણ ન હોય તો શેષગુણોનો પણ અભાવ જ થાય. આમ, આ લોકો સાધુત્વગુણવાળા હોવાથી સાધુને નમસ્કાર કરતાં આચાર્યદિને પણ નમસ્કાર થઈ જાય છે.

હવે તમે એમ કહો કે આ વિસ્તારવાળો નમસ્કાર છે, તો તે પણ ઘટતું નથી કારણ કે વિસ્તારથી અનેક પ્રકારનો નમસ્કાર થાય છે. તે આ પ્રમાણે – ઋષભસ્વામીથી લઈને મહાવીરસ્વામી સુધીના ૨૪ અરિહંતોને મારા નમસ્કાર થાઓ. તથા સિદ્ધોમાં-અનંતરસિદ્ધ, પરંપરસિદ્ધ, પ્રથમ સમયસિદ્ધ (અર્થાત્ સિદ્ધિગતિના પ્રથમસમયે વર્તતા સિદ્ધ) બીજા, ત્રીજા, ચોથા વિગેરેથી લઈ અનંતસમયસિદ્ધોને મારા નમસ્કાર થાઓ. તથા તીર્થસિદ્ધ, લિંગસિદ્ધ આ રીતે ચારિત્ર, પ્રત્યેક બુદ્ધ વિગેરે વિશેષણોથી વિશિષ્ટ એવા સિદ્ધ, તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ, તીર્થસિદ્ધો વિગેરે અનંત પ્રકારે વિસ્તાર થાય, (જ્યારે તમે તો માત્ર પાંચ પ્રકારે જ નમસ્કાર કરેલ છે તેથી તે વિસ્તારથી

इत्येवमादिरनन्तशो विस्तरः, यतश्चैवमत आह–पक्षद्वयमप्यङ्गीकृत्य पञ्चविधः–पञ्चप्रकारो न युज्यते यस्मान्नमस्कार इति गाथार्थः ॥१००६॥

गतमाक्षेपद्वारम्, अधुना प्रसिद्धिद्वारावयवार्थ उच्यते–तत्र यत्तावदुक्तं 'न संक्षेप' इति, तन्न, संक्षेपात्मकत्वात्, ननु स कारणवशात् कृतार्थाकृतार्थपरिग्रहेण सिद्धसाधुमात्रक एवोक्तः, सत्यमुक्तोऽयुक्तस्त्वसौ, कारणान्तरस्यापि भावात्, तच्चोक्तमेव, अथवा वक्ष्यामः 'हेतुनिमित्त' मित्यादिना, सति च द्वैविध्ये सकलगुणनमस्कारासम्भवादेकपक्षस्य व्यभिचारित्वात्, तथा चाऽऽह—

**अरहंताई निअमा साहू साहू अ तेसु भइअव्वा ।**
**तम्हा पंचविहो खलु हेउनिमित्तं हवइ सिद्धो ॥१००७॥**

व्याख्या : इहार्हदादयो नियमात् साधवः, तद्गुणानामपि तत्र भावात्, साधवस्तु 'तेषु'

---

નથી.) જે કારણથી આ પ્રમાણે છે અર્થાત્ સંક્ષેપથી કે વિસ્તારથી બંને રીતે ઘટતો નથી તેથી આ બંને પક્ષને આશ્રયીને વિચારતા તમે કરેલો પાંચ પ્રકારનો નમસ્કાર યોગ્ય નથી. ॥૧૦૦૬॥

**અવતરણિકા :** આક્ષેપ (પ્રશ્ન) દ્વાર પૂર્ણ થયું. હવે પ્રસિદ્ધિ (ઉત્તર) દ્વારનો વિસ્તારાર્થ કહેવાય છે – તેમાં પૂર્વપક્ષે જે કહ્યું કે આ નમસ્કાર સંક્ષેપરૂપ નથી, એ વાત યોગ્ય નથી, કારણ કે તે પાંચ પ્રકારનો નમસ્કાર સંક્ષેપરૂપ જ છે.

**શંકા :** સંક્ષેપાત્મક નમસ્કાર કારણવશથી કૃતાર્થ અને અકૃતાર્થને આશ્રયી માત્ર સિદ્ધ અને સાધુને જ કરવામાં આવે છે. (આશય એ છે કે – સામેવાળામાં રહેલ ગુણો એ સામેવાળાને નમસ્કાર કરવામાં કારણ બને છે. આમ, ગુણાત્મક કારણના વશથી નમસ્કાર થાય છે, અને સંક્ષેપથી નમસ્કાર બે પ્રકારનો જ કહ્યો છે. તેથી સંક્ષેપાત્મક નમસ્કાર એ ગુણાત્મક કારણના વશથી સિદ્ધમાં રહેલ કૃતાર્થત્વ અને સંસારસ્થ અરિહંત, આચાર્યાદિમાં રહેલ અકૃતાર્થત્વને આશ્રયી માત્ર સિદ્ધ અને સાધુને જ કહેલો છે.)

**સમાધાન :** સાચી વાત છે કે સંક્ષેપાત્મક નમસ્કાર સિદ્ધ-સાધુમાત્ર જ કહેવાયેલો છે. પરંતુ સિદ્ધ-સાધુમાત્રને નમસ્કાર એ અયુક્ત છે કારણ કે અન્ય કારણો પણ છે, જે પૂર્વે વસ્તુદ્વારમાં કહ્યા જ છે. (અર્થાત્ અરિહંતાદિને નમસ્કાર કરવાના કારણો પૂર્વે કહ્યાં જ છે.) અથવા 'હેતુનિમિત્તે' એમ અમે આગળ કહેવાના જ છીએ. (આમ, અન્ય કારણો પણ હોવાથી અરિહંતાદિને કરેલો પંચવિધ નમસ્કાર જ યુક્ત છે, નહિ કે દ્વિવિધનમસ્કાર.) જો બે પ્રકારનો નમસ્કાર કરવામાં આવે તો સકલગુણોને (અરિહંત–આચાર્યાદિમાં રહેલ ગુણોને) નમસ્કાર ન થાય કારણ કે એક પક્ષ વ્યભિચાર છે. તે આ રીતે ⇨

**ગાથાર્થ : અરિહંતાદિ નિયમથી સાધુ છે અને સાધુઓ અરિહંતાદિમાં ભજનીય છે. તેથી હેતુ-નિમિત્તે પંચવિધ નમસ્કાર સિદ્ધ થાય છે.**

**ટીકાર્થ :** અહીં (અરિહંતો અને સાધુઓ એમ બે પક્ષ છે તેમાં) અરિહંતાદિ નિયમથી સાધુઓ છે જ કારણ કે સાધુના બધાં ગુણો અરિહંતાદિમાં રહેલા છે. (આમ, જેટલા અરિહંતાદિ છે તે બધાં સાધુઓ હોવાથી આ પક્ષ વ્યભિચારી નથી.) જ્યારે જે સાધુઓ છે તેઓ અરિહંતાદિમાં

अर्हदादिषु 'भक्तव्याः' विकल्पनीयाः, यतस्ते न सर्वेऽर्हदादयः, किं तर्हि ?, केचिदर्हन्त एव ये केवलिनः, केचिदाचार्याः सम्यक् सूत्रार्थविदः, केचिदुपाध्यायाः सूत्रविद एव, केचिदेतद्व्यतिरिक्ताः शिष्यकाः साधव एव, नार्हदादय इति, ततश्चैकपदव्यभिचारान्न तुल्याभिधानता, तन्नमस्करणे च नेतरनमस्कारफलमिति, प्रयोगश्च–साधुमात्रनमस्कारो विशिष्टार्हदादिगुणनमस्कृतिफलप्रापणसमर्थो न भवति, तत्सामान्याभिधाननमस्कारत्वात्, मनुष्यमात्रनमस्कारवत् जीवमात्रनमस्कारवद्वेति, तस्मात् पञ्चविध एव नमस्कारः, खलुशब्दस्यावधारणार्थत्वात्, विस्तरेण च व्यक्त्यपेक्षया कर्तुमशक्यत्वात्, तथा—'हेतुनिमित्तं भवति सिद्ध' इति, तत्र हेतुर्नमस्कारार्हत्वे य उक्तः 'मग्गे अविप्पणासो'त्ति इत्यादि तन्निमित्तं चोपाधिभेदाद्भवति सिद्धः पञ्चविध इति गाथार्थः ॥१००७॥

गतं प्रसिद्धिद्वारम्, अधुना क्रमद्वारावयवार्थं प्रतिपादयन्नाह–

---

ભજનીય છે (માટે જ આ પક્ષ વ્યભિચારી બને છે.) કારણ કે તે સર્વ સાધુઓ કંઈ અરિહંતાદિ નથી. તો શું છે ? કેટલાક અરિહંતો છે કે જે કેવલીઓ છે, કેટલાક આચાર્યો છે કે જેઓ સમ્યગ્ રીતે સૂત્ર-અર્થને જાણનારા છે. સૂત્રને જ જાણનારા (સૂત્રની વાચના જ આપતા હોવાથી સૂત્રને જ જાણનારા છે એવું કહ્યું છે, અન્યથા તેઓ સૂત્ર-અર્થ ઉભયને જાણનારા હોય જ છે.) કેટલાક ઉપાધ્યાયો હોય છે. કેટલાક વળી આ બધાથી જુદા માત્ર શિષ્યરૂપ સાધુઓ જ હોય છે, અરિહંતાદિ નહિ. આમ, અહીં એક પદ વ્યભિચાર હોવાથી સાધુસર્વની તુલ્ય અભિધાનતા થઈ શકતી નથી. (અર્થાત્ સાધુ બધા અરિહંતાદિ કહેવાય નહિ, માટે જ સાધુઓ ભજનીય છે.) અને બીજું એ કે સાધુમાત્રને નમસ્કાર કરવા માત્રથી અરિહંતાદિનમસ્કારનું ફળ પ્રાપ્ત થઈ જતું નથી.

અનુમાન પ્રયોગ – સાધુમાત્રને કરેલો નમસ્કાર (પક્ષ) અરિહંતાદિના વિશિષ્ટ ગુણોને કરેલ નમસ્કારથી પ્રાપ્ત થતાં ફળને પ્રાપ્ત કરવામાં સમર્થ નથી (સાધ્ય) કારણ કે તે સામાન્યથી 'સાધુ' નામને આશ્રયીને કરેલો નમસ્કાર છે (હેતુ), જેમ કે, મનુષ્યમાત્રને કરેલો નમસ્કાર અથવા જીવમાત્રને કરેલો નમસ્કાર (દૃષ્ટાન્ત). (અર્થાત્ જેમ કોઈ વ્યક્તિ મનુષ્યમાત્રને નમસ્કાર કરે કે જીવમાત્રને નમસ્કાર કરે તો તેનાથી તે ક્રમશઃ વિશિષ્ટમનુષ્યનમસ્કારનું ફળ કે વિશિષ્ટજીવનમસ્કારનું ફળ પામતો નથી તેમ અહીં પણ સમજવું.) તેથી પંચવિધ જ નમસ્કાર યોગ્ય છે. (અને તે જ સંક્ષેપાત્મક છે, કારણ કે જો બે પ્રકારનો સંક્ષેપ છે એમ કહીએ તો અન્યના ગુણનમસ્કારનું ફળ મળતું નથી.) 'खलु' શબ્દ જકાર અર્થમાં હોવાથી 'પંચવિધ જ' એમ અર્થ જાણવો. (આ પંચવિધ નમસ્કાર સંક્ષેપાત્મક કેમ છે ? તે કહે છે કે) વિસ્તારથી દરેક વ્યક્તિને નમસ્કાર કરવો શક્ય નથી. તથા **'मग्गो अविप्पणासो'** ઇત્યાદિ ગાથામાં જે નમસ્કાર કરવામાં કારણ કહ્યું તે નિમિત્તે પણ ઉપાધિના ભેદથી પંચવિધ નમસ્કાર સિદ્ધ થાય છે. (અર્થાત્ નમસ્કાર કરવામાં કારણરૂપ ઉપાધિ પાંચ પ્રકારની હોવાથી પંચવિધ નમસ્કાર સિદ્ધ થાય છે.) ॥૧૦૦૭॥

**અવતરણિકા :** પ્રસિદ્ધિદ્વાર પૂર્ણ થયું. હવે ક્રમદ્વારના વિસ્તારાર્થનું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

**पुव्वाणुपुव्वि न कमो नेव य पच्छाणुपुव्वि एस भवे ।**
**सिद्धाईआ पढमा बीआए साहुणो आई ॥१००८॥**

**व्याख्या :** इह क्रमस्तावद् द्विविधः—पूर्वानुपूर्वी च पश्चानुपूर्वी चेति, अनानुपूर्वी तु क्रम एव न भवति, असमञ्जसत्वात्, तत्रायमर्हदादिक्रमः पूर्वानुपूर्वी न भवति, सिद्धाद्यनभिधानाद्, एकान्तकृतकृत्यत्वेनार्हन्नमस्कार्यत्वेन च सिद्धानां प्रधानत्वात्, प्रधानस्य चाभ्यर्हितत्वेन पूर्वाभिधानादिति भावार्थः, तथा नैव च पश्चानुपूर्व्येष क्रमो भवेत्, साध्वाद्यनभिधानात्, इह सर्वपाश्चात्याः अप्रधानत्वात् साधवः, ततश्च तानभिधाय यदि पर्यन्ते सिद्धाभिधानं स्यात् स्यात् पश्चानुपूर्वीति, तथा चामुमेवार्थं प्रतिपादयन्नाह—सिद्धाद्या प्रथमा—पूर्वानुपूर्वी, भावना प्रतिपादितैव, 'द्वितीयायां' पश्चानुपूर्व्यां साधव आदौ, युक्तिः पुनरप्यत्राभिहितैवेति गाथार्थः ॥१००८॥

साम्प्रतं पूर्वानुपूर्वीत्वमेव प्रतिपादयन्नाह—

**अरहंतुवएसेणं सिद्धा नज्जंति तेण अरिहाई ।**
**नवि कोई परिसाए पणमित्ता पणमई रण्णो ॥१००९॥**

**व्याख्या :** इह 'अर्हदुपदेशेन' आगमेन सिद्धाः 'ज्ञायन्ते' अवगम्यन्ते प्रत्यक्षादिगोचरातिक्रान्ताः

---

**ગાથાર્થ :** પૂર્વાનુપૂર્વીએ આ ક્રમ નથી કે પશ્ચાનુપૂર્વીએ આ ક્રમ નથી, કારણ કે સિદ્ધાદિ એ પૂર્વાનુપૂર્વી છે અને પશ્ચાનુપૂર્વીમાં પ્રથમ સાધુઓ આવે.

**ટીકાર્થ :** (અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ આ પ્રમાણે પંચવિધ નમસ્કારનો જે ક્રમ કહ્યો તે ક્રમનો વિસ્તારથી અર્થ કહે છે ) ક્રમ બે પ્રકારના હોય છે - પૂર્વાનુપૂર્વીક્રમ (એટલે કે પહેલેથી છેલ્લે) અને પશ્ચાનુપૂર્વીક્રમ (એટલે કે છેલ્લેથી પહેલે.) અનાનુપૂર્વી એ ગમે તેમ હોવાથી ક્રમરૂપ નથી. તેમાં અરિહંતાદિનો જે ક્રમ છે તે પૂર્વાનુપૂર્વી ક્રમ નથી, કારણ કે તેમાં સૌપ્રથમ સિદ્ધોનું કથન કર્યું નથી. સિદ્ધો એકાંતે કૃતકૃત્ય છે અને અરિહંતોને પણ તે નમસ્કાર્ય છે માટે અરિહંતો કરતાં પણ સિદ્ધો પ્રધાન છે અને પ્રધાન એ પૂજ્ય હોવાથી પ્રધાન એવા સિદ્ધોનું પૂર્વકથન કરવું જોઈએ, (અર્થાત્ અરિહંત - સિદ્ધ - વિગેરેમાં પ્રથમ સિદ્ધ કહ્યા હોત તો આ ક્રમ પૂર્વાનુપૂર્વી કહેવાત.) તથા અરિહંત - સિદ્ધ..... આ ક્રમ પશ્ચાનુપૂર્વી ક્રમ પણ નથી કારણ કે સૌ પ્રથમ સાધુનું કથન કર્યું નથી. સાધુઓ અપ્રધાન હોવાથી અરિહંતાદિમાં સર્વેથી છેલ્લા છે. તેથી તે સાધુઓનું પ્રથમ કથન કરીને જો છેલ્લે સિદ્ધોનું કથન કર્યું હોત તો પશ્ચાનુપૂર્વી ક્રમ થાત. (પણ આવું નથી માટે આ પશ્ચાનુપૂર્વીક્રમ પણ નથી.) આ જ અર્થનું પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે - પૂર્વાનુપૂર્વીમાં સિદ્ધો પ્રથમ છે અને પશ્ચાનુપૂર્વીમાં સાધુઓ પ્રથમ છે. બંનેના કારણ અહીં કહી જ દીધા છે. ॥૧૦૦૮॥

**અવતરણિકા :** હવે આ ક્રમ પૂર્વાનુપૂર્વી જ છે તેનું પ્રતિપાદન કરતાં કહે છે. ➪

**ગાથાર્થ : અરિહંતના ઉપદેશથી સિદ્ધો જણાય છે. તેથી અરિહંતો પ્રથમ છે. કોઈ પુરુષ પ્રથમ પર્ષદાને નમસ્કાર કરીને રાજાને નમસ્કાર કરતો નથી.**

**ટીકાર્થ :** જે કારણથી અરિહંતના ઉપદેશથી = આગમથી પ્રત્યક્ષાદિવિષયથી અતીત એવા

सन्तो यतस्तेनार्हदादिः पूर्वानुपूर्वीक्रम इति गम्यते, अत एव चार्हतामभ्यर्हितत्वं, कृतकृत्यत्वं चाल्पकालव्यवहितत्वात् प्रायः समानमेव, तथा अर्हन्नमस्कार्यत्वमप्यसाधनम्, अर्हन्नमस्कार-पूर्वकसिद्धत्वयोगेनार्हतामपि वस्तुतः सिद्धनमस्कार्यत्वात् प्रधानत्वादिति भावना, आह—यद्येव-माचार्यादिस्तर्हि क्रमः प्राप्तः, अर्हतामपि तदुपदेशेन संवित्तेरिति, अत्रोच्यते न, इहार्हत्सिद्धयोरेवायं वस्तुतस्तुल्यबलयोर्विचारः श्रेयान्, परमनायकभूतत्वाद्, आचार्यास्तु तत्परिषत्कल्पा वर्तन्ते नापि कश्चित् परिषदं 'प्रणम्य' प्रणामं कृत्वा ततः प्रणमति राज्ञ इत्यतोऽचोद्यमेतदिति गाथार्थः ॥१००९॥

उक्तं क्रमद्वारम्, अधुना प्रयोजनफलप्रदर्शनायेदमाह—

**एत्थ य पओअणमिणं कम्मखओ मंगलागमो चेव ।**
**इहलोअपारलोइअ दुविह फलं तत्थ दिट्ठंता ॥१०१०॥**

व्याख्या : 'अत्र च' नमस्कारकरणे प्रयोजनमिदं—यदुत करणकाल एवाक्षेपेण 'कर्मक्षयः'

---

સિદ્ધો જણાય છે. (અર્થાત્ સિદ્ધો પ્રત્યક્ષથી કે અનુમાન વિગેરેથી જણાતા નથી માટે પ્રત્યક્ષાદિના વિષયથી સિદ્ધો અતીત છે અને આવા અતીત સિદ્ધો આગમથી જણાય છે.) તેથી પૂર્વાનુપૂર્વીક્રમમાં અરિહંતો પ્રથમ આવે છે. આથી જ સિદ્ધો કરતાં પણ અરિહંતો પૂજ્ય છે અને કૃતકૃત્યત્વ એ તો અલ્પકાલિનથી વ્યવહિત હોવાથી (અર્થાત્ અરિહંતોને અલ્પકાળ પછી પ્રાપ્ત થઈ જતું હોવાથી) અરિહંતોનું અને સિદ્ધોનું કૃતકૃત્યત્વ સમાન જ છે. (આમ, પૂર્વે જે કહ્યું કે સિદ્ધો એકાંતે કૃતકૃત્ય હોવાથી અરિહંત કરતાં પ્રધાન છે તે વાતનું સમાધાન કહ્યું. હવે પૂર્વે જે કહ્યું કે સિદ્ધો અરિહંતોને નમસ્કાર્ય હોવાથી પ્રધાન છે એ વાતનું સમાધાન આપે છે.)

સિદ્ધોનું અરિહંતનમસ્કાર્યત્વ પણ સિદ્ધો પ્રધાન હોવામાં કારણ નથી, કારણ કે અરિહંતોને નમસ્કાર કર્યા પછી જ સિદ્ધત્વનો યોગ થતો હોવાથી ખરેખર તો અરિહંતો સિદ્ધોને નમસ્કાર્ય છે અને તેથી અરિહંતો જ પ્રધાન છે. એ પ્રમાણે ભાવાર્થ જાણવો.

**શંકા :** જો અરિહંતોના ઉપદેશથી સિદ્ધો જણાતા હોય અને માટે સિદ્ધો કરતાં અરિહંતો પ્રધાન હોય તેથી અરિહંત ક્રમમાં પ્રથમ આવે છે. તો આચાર્યાદિના ઉપદેશથી અરિહંતો જણાતા હોવાથી ક્રમમાં પ્રથમ આચાર્ય આવવા જોઈએ.

**સમાધાન :** તમારી વાત યોગ્ય નથી કારણ કે વસ્તુતઃ તુલ્ય બળવાળા એવા જ અરિહંત-સિદ્ધોની વિચારણા અહીં કરવાની છે. કારણ કે તે બંને પરમનાયક સમાન છે. જ્યારે આચાર્યો એ તો અરિહંતોની પર્ષદા સમાન છે. કોઈ પુરુષ પર્ષદાને પ્રથમ નમસ્કાર કરીને ત્યારપછી રાજાને (રાજાના ચરણોમાં) નમસ્કાર કરતો નથી. તેથી આ અપ્રશ્ન જ છે. (અર્થાત્ તમારી શંકા યોગ્ય નથી.) ॥૧૦૦૯॥

**અવતરણિકા :** ક્રમદ્વાર કહ્યું, હવે પ્રયોજન અને ફળ બતાવવા માટે આ સૂત્ર કહે છે ⇨

**ગાથાર્થ : અહીં કર્મક્ષય અને મંગલ એ પ્રયોજન છે તથા ઐહલૌકિક અને પારલૌકિક એમ બે પ્રકારના ફળ છે. તેમાં આગળ કહેવાતા દૃષ્ટાન્તો જાણવા.**

**ટીકાર્થ :** નમસ્કાર કરવામાં આ પ્રયોજન છે કે નમસ્કારના કરણકાલે જ ઝડપથી

ज्ञानवरणीयादिकर्मापगमः, अनन्तपुद्गलापगममन्तरेण भावतो नकारमात्रस्याप्यप्राप्तेरित्यादि भावितं, तथा मङ्गलागमश्चैव यः करणकालभावीति, तथा कालान्तरभावि पुनरैहलौकिकपारलौकिकभेदभिन्नं 'द्विविधं फलं' द्विप्रकारं फलं, 'तत्र दृष्टान्ताः' वक्ष्यमाणलक्षणा इति गाथार्थः ॥१०१०॥

**इहलोए अत्थकामा २ आरुग्गं ३ अभिरई ४ अ निप्फत्ती ५।**
**सिद्धी अ ६ सग्ग ७ सुकुलप्पच्चायाई ८ अ परलोए ॥१०११॥**

व्याख्या : इह लोकेऽर्थकामौ भवतः, तथाऽऽरोग्यं भवति नीरुजत्वमित्यर्थः, एते चार्थादयः शुभविपाकिनोऽस्य भवन्ति, तथा चाह—अभिरतिश्च भवति, आभिमुख्येन रतिः—अभिरतिः इह लोकेऽर्थादिभ्यो भवति, परलोके च तेभ्य एव शुभानुबन्धित्वान्निष्पत्तिः, पुण्यस्येति गम्यते, अथवाऽभिरतेश्च निष्पत्तिरित्येकवाक्यतैव, तथा 'सिद्धिश्च' मुक्तिश्च, तथा स्वर्गःसुकुलप्रत्यायातिश्च परलोक इत्यामुष्मिकं फलं ॥ इह च सिद्धिश्चेत्यादिक्रमःप्रधानफलापेक्ष्युपायख्यापनश्च

---

જ્ઞાનાવરણાદિકર્મોનો ક્ષય થાય, કારણ કે કર્મોના અનંત પુદ્ગલોના ક્ષય વિના ભાવથી 'न' કાર માત્રની પણ પ્રાપ્તિ થતી નથી, ઇત્યાદિ પૂર્વે વિચારાઇ ગયું છે. તથા કરણકાલે થનારો એવો મંગલનો જે આગમ તે પ્રયોજન છે. (ટૂંકમાં પ્રયોજન અને ફળમાં તફાવત એટલો છે કે જે તત્કાળ થનારું હોય તે પ્રયોજન કહેવાય અને ભાવિકાળે થનારું જે હોય તે ફળ કહેવાય. તેમાં તત્કાળ કર્મક્ષય અને મંગલની પ્રાપ્તિ એ નમસ્કારનું પ્રયોજન છે.)

તથા કાળાન્તરે થનારું ઐહલૌકિક અને પારલૌકિક એમ બે પ્રકારનું ફળ છે. તેમાં દૃષ્ટાન્તો આગળ કહેવાશે. ॥૧૦૧૦॥

**ગાથાર્થ : આલોકમાં અર્થ, કામ, આરોગ્ય અને અભિરતિની પ્રાપ્તિ તથા પરલોકમાં સિદ્ધિ, સ્વર્ગ, સુકુળમાં જન્મ થાય છે.**

**ટીકાર્થ :** (નમસ્કાર કરવાથી) આલોકમાં જીવને અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. વળી આ અર્થાદિ જીવને શુભફળવાળા થાય છે. (અર્થાત્ અર્થાદિની પ્રાપ્તિ થતાં જીવ છકી જતો નથી.) તેથી જ કહે છે – અભિરતિ = પ્રસન્નતા થાય છે. અભિમુખતાએ જે આનંદ તે અભિરતિ, આ અભિરતિ આલોકમાં અર્થાદિથી થાય છે અને તે અર્થ વિગેરે શુભનો અનુબંધ કરનારા હોવાથી પરલોકમાં અર્થ વિગેરેથી પુણ્યની પ્રાપ્તિ થાય છે, અથવા આ અર્થાદિથી અભિરતિની નિષ્પત્તિ થાય છે એ પ્રમાણે એક વાક્યતા જાણવી. (ટૂંકમાં નમસ્કાર કરવાથી આલોકમાં તે જીવને અર્થ, કામ, આરોગ્યની પ્રાપ્તિ થાય છે અને તેનાથી આનંદની પ્રાપ્તિ થાય છે. પરલોકમાં પુણ્યની પ્રાપ્તિ થાય છે.)

તથા પરલોકમાં મુક્તિ, સ્વર્ગ કે સુકુળમાં જન્મરૂપ પારલૌકિક ફળ પ્રાપ્ત થાય છે. અહીં મુક્તિ વિગેરે જે ક્રમ છે તે ક્રમ પ્રધાનફળની અપેક્ષાવાળો છે (અર્થાત્ નમસ્કારનું પ્રધાનફળ મોક્ષ છે, તે ન મળે તો સ્વર્ગાદિ મળે પણ હીનફળ મળે નહિ.) અને ઉપાય જણાવનાર છે. (અર્થાત્ નમસ્કાર એ પ્રથમ મોક્ષનો ઉપાય છે. તે ન મળે તો સ્વર્ગનો, તે ન મળે તો સુકુળજન્મનો ઉપાય

तथाहि—विरला एवैकभवेन सिद्धिमासादयन्ति, अनासादयन्तश्चाविराधकाः स्वर्गसुकुलोत्पत्तिमन्तरेण नावस्थान्तरमनुभवन्तीति गाथार्थः ॥१०११॥

साम्प्रतं यथाक्रममेवार्थादीनधिकृत्योदाहरणानि प्रतिपादयन्नाह—

**इहलोगंमि तिदंडी १ सादिव्वं २ माउलिंगवण ३ मेव ।**
**परलोइ चंडपिंगल ४ हुंडिअ जक्खो ५ अ दिट्ठंता ॥१०१२॥**

व्याख्या : अक्षरगमनिका सुज्ञेया, भावार्थः कथानकेभ्योऽवसेयः, तानि चामूनि—[६७]नमोक्कारो अत्थावहो, कहंति ?, उदाहरणं—जहा एगस्स सावगस्स पुत्तो धम्मं न लएइ, सोऽवि सावओ कालगओ, सोवि ★बहिरिहतो एवं चेव विहरइ । अन्नया तेसिं घरसमीवे परिव्वायओ आवासिओ, सो तेण समं मित्तिं करेइ, अन्नया भणइ—आणेहि निरुवहयं अणाहमडयं जओ ते ईसरं करेमि, तेण मग्गिओ लद्धो उव्वद्धओ मणुस्सो, सो मसाणं णीओ, जं च तत्थ पाउग्गं । सो य दारओ *पियरिं

છે.) તે આ પ્રમાણે—વિરલ એવા જીવો જ એકભવે સિદ્ધિને પામે છે. સિદ્ધિને નહિ પામતા નમસ્કારના અવિરાધક જીવો સ્વર્ગ, સુકુળજન્મ સિવાય બીજી કોઈ અવસ્થાને પામતા નથી. ॥૧૦૧૧॥

**અવતરણિકા :** હવે ક્રમશઃ જ અર્થાદિને આશ્રયીને ઉદાહરણોનું પ્રતિપાદન કરતાં કહે છે➪

**ગાથાર્થ : ઇહલોકમાં (૧) ત્રિદંડી (૨) દેવનું સાન્નિધ્ય (૩) બીજોરાનું વન. તથા પરલોકમાં (૪) ચંડપિંગલ નામનો ચોર (૫) હુંડિકયક્ષ આ દૃષ્ટાન્તો જાણવા.**

ટીકાર્થ : અક્ષરાર્થ સુખેથી જણાઈ જાય છે. ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે, તે કથાનકો આ પ્રમાણે છે.

## ❊ નમસ્કાર ઉપર ત્રિદંડીનું દૃષ્ટાન્ત ❊

નમસ્કાર અર્થને લાવી આપનારો છે. કેવી રીતે ? તે કહે છે - એક શ્રાવકનો પુત્ર ધર્મ સ્વીકારતો નથી. તે શ્રાવક પણ જતાં દિવસે મૃત્યુ પામ્યો. તે પુત્ર આપત્તિઓથી હણાયેલો એમને એમ દિવસો પસાર કરે છે. એકવાર શ્રાવકલોકોના ઘર પાસે પરિવ્રાજક રહ્યો. તે પરિવ્રાજક શ્રાવકપુત્ર સાથે મૈત્રી કરે છે. તેમાં એકવાર તે પરિવ્રાજક પુત્રને કહે છે કે - 'અનાથ અને અખંડ એવું મડદું લાવ, જેથી હું તને ઈશ્વર બનાવું.' પુત્ર મડદું શોધવા લાગ્યો. તેવામાં તેને ફાંસો ખાધેલ મનુષ્યનું મડદું મળ્યું. પરિવ્રાજક શ્રાવકપુત્ર અને તે મૃત મનુષ્યને શ્મશાનમાં લઈ ગયો. સાથે જે કાંઈ પ્રાયોગ્ય સાધનસામગ્રી જોઈએ તે પણ લઈ લીધી. પિતાએ તે પુત્રને નવકાર

६७. नमस्कारोऽर्थावहः, कथमिति ?, उदाहरणम्—यथैकस्य श्रावकस्य पुत्रो धर्मं नाश्रयति, सोऽपि श्रावकः कालगतः, स व्यसनोपहत एवमेव विहरति । अन्यदा तेषां ( श्रावकजनानां ) गृहसमीपे परिव्राजक आवासितः, स तेन समं मैत्रीं करोति, अन्यदा भणति—आनय निरुपहतं अनाथमृतकं यतस्त्वां ईश्वरं करोमि, तेन मार्गितं लब्ध उद्बद्धो मनुष्यः, स श्मशानं नीतः, यच्च तत्र प्रायोग्यं । स च दारकः पित्रा

★ वहाराहओ मुद्रिते । * पियरं—प्रत्य०, पिताए—चुर्णौ ।

[६८] नमोक्कारं सिक्खाविओ, भणिओ य–जाहे बीहेज्जसि ताहे एयं पढिज्जसि, विज्जा एसा, सो तस्स मयगस्स पुरओ ठविओ, तस्स य मयगस्स हत्थे असी दिन्नो, परिव्वायओ विज्जं परियत्तेइ, उट्ठिउमारद्धो वेयालो, सो दारओ भीओ हियए नमोक्कारं परियट्टेइ, सो वेयालो पडिओ, पुणोऽवि जवेइ, पुणोवि उट्ठिओ, सुठ्ठुतरागं परियट्टेइ, पुणोऽवि पडिओ, तिदंडी भणइ–किंचि जाणसि ?, भणइ–नत्थि, पुणोऽवि जवइ, ततियवारा, पुणोऽवि पुच्छिओ, पुणो णवकारं करेइ, ताहे वाणमंतरेण रूसिएण तं खग्गं गहाय सो तिदंडी दो खंडीकओ, सुवन्न★खोडी +जाया, अगोवंगाणि य से जुत्तजुत्ताणि काउं सव्वरत्तिं *वूढं ईसरो जाओ नमोक्कारफलेणं, जइ ण होन्तो नमोक्कारो तो वेयालेण मारिज्जंतो सो सुवन्नं होंतो ॥ कामनिप्फत्ती,–कहं ?, एगा साविगा तीसे भत्ता मिच्छादिट्ठी,

શીખવાડ્યો હતો અને કહ્યું હતું કે "જ્યારે તને ડર લાગે ત્યારે આ નવકાર તારે બોલવો, આ એક વિદ્યા છે." પરિવ્રાજકે પુત્રને તે મડદા આગળ ઊભો રાખ્યો અને તે મૃતકના હાથમાં તલવાર રાખી. ત્યાર પછી તે પરિવ્રાજક વિદ્યા બોલવાનું ચાલુ કરે છે. તેથી તે ભૂત ઊભું થવા લાગ્યું. તે પુત્ર ગભરાયો અને હૃદયમાં નવકાર બોલવા લાગ્યો. તેના પ્રભાવે તે ભૂત નીચે પડ્યું. પરિવ્રાજક પુનઃ વિદ્યા બોલવા લાગ્યો. પુનઃ તે વૈતાલ ઉઠ્યો. તેથી તે પુત્ર વધુ સારી રીતે મનમાં નમસ્કાર મંત્રનું સ્મરણ કરે છે. વૈતાલ ફરી પડે છે. તે સમયે ત્રિદંડી પુત્રને પૂછે છે કે "તું કંઈ મંત્રાદિ જાણે છે ?" તેણે કહ્યું – "ના મારી પાસે કશું નથી." પરિવ્રાજક ફરી મંત્ર જાપ જપે છે. ત્રીજીવાર પણ એ જ રીતે થયું. તેથી પરિવ્રાજકે પુત્રને ફરી પૂછ્યું. (એ જ પ્રમાણે જવાબ મળતા પરિવ્રાજક ફરી જપ જપે છે.) પુત્ર ફરીવાર નવકાર મનમાં કરે છે. ત્યારે ગુસ્સે થયેલા વાણવ્યંતરે તે તલવાર લઈને તે ત્રિદંડીના જ બે ટુકડા કરી દીધા. તે પરિવ્રાજકનું શરીર સુવર્ણનું બની ગયું. તે પુત્રે તેના શરીરના અંગોપાંગોને જુદા જુદા કરીને સર્વરાત્રિ પસાર કરી. આ પ્રમાણે નવકારના ફળે તે પુત્ર ઈશ્વર થયો. જો તે પુત્ર પાસે નવકાર ન હોત તો વૈતાલે તેને મારી નાંખ્યો હોત અને તેનું શરીર સુવર્ણ બની ગયું હોત.

## ❁ દેવનું સાનિધ્ય ❁

નવકારના પ્રભાવે કામની પ્રાપ્તિ થાય. કેવી રીતે ? તે ઉદાહરણથી દર્શાવે છે –

६८. शिक्षितो नमस्कारं, भणितश्च–यदा बिभीयास्तदैनं पठेः, विद्यैषा, स तस्य मृतकस्यपुरतः स्थापितः, तस्य च मृतकस्य हस्तेऽसिर्दत्तः, परिव्राजको विद्यां परिवर्त्तयति, उत्थातुमारब्धो वैतालः, स दारको भीतो हृदि नमस्कारं परावर्त्तयति, स वैतालः पतितः, पुनरपि जपति, पुनरप्युत्थितः, सुष्ठुतरं परिवर्त्तयति, पुनरपि पतितः, त्रिदण्डी भणति–किञ्चित् जानीषे ?, भणति–न, पुनरपि जपति, तृतीयवारं, पुनरपि पृष्टः, पुनर्नमस्कारं करोति (परावर्त्तयति), तदा व्यन्तरेण रूष्टेन तं खड्गं गृहीत्वा स त्रिदण्डी द्विखण्डीकृतः, सुवर्णकोटिकः (सुवर्णपुरुषः) जातः, अङ्गोपाङ्गानि च तस्य युक्तयुक्तानि (पृथक् पृथक्) कृत्वा सर्वरात्रौ व्यूढः ईश्वरो जातो नमस्कारफलेन, यदि नाभविष्यन्नमस्कारस्तदा वैतालेनामारिष्यत् स (च) सौवर्णोऽभविष्यत् ॥ कामनिष्पत्तिः,–कथम् ?, एका श्राविका तस्या भर्त्ता मिथ्यादृष्टिः ★ कोडी-मुद्रिते। + जाया * छडं ।

**अन्नं भज्जं आणेउं मग्गइ, तीसे तणएण न लहइ, से सवत्तगंति, चिंतेइ–किह मारेमि ?, अण्णया कण्हसप्पो घडए छुभित्ता आणीओ, संगोविओ, जिमिओ भणइ–आणेहि पुप्फाणि अमुगे घडए ठवियाणि, सा पविट्ठा अंधकारंति नमोक्कारं करेइ, जइवि मे कोइ खाएज्जा तोवि मे मरंतीए नमोक्कारो ण नस्सहिति, हत्थो छूढो, सप्पो देवयाए अवहिओ, पुप्फमाला कया, सा गहिया, दिन्नाय से, सो संभंतो चिंतेइ–अन्नाणि, कहियं, गओ पेच्छइ घडगं पुप्फगंधं च, णवि इत्थ कोई सप्पो, आउट्टो पायपडिओ सव्वं कहेइ खामेइ य, पच्छा सा चेव घरसामिणी जाया, एवं कामावहो ॥ आरोग्गाभिरई–एगं णयरं णईए तडे, खरकम्मिएणं सरीर चिंताए निग्गएणं णईए वुज्झंतं माउलिंगं**

---

એક શ્રાવિકાનો પતિ મિથ્યાદષ્ટી બીજી પત્ની લાવવા માટે તપાસ કરે છે. પરંતુ શોક્યા બનવું પડે એવા ભયથી તે શ્રાવિકાના કારણે પતિને બીજી કોઈ કન્યા મળતી નથી. તેથી પતિ વિચારે છે કે – "આ શ્રાવિકાને કેવી રીતે મારી નાંખું ?" એકવાર કૃષ્ણસર્પને ઘડામાં નાંખીને તે ઘડો પતિ ઘરે લઈને આવ્યો અને તેને સુવ્યવસ્થિત સ્થાને રાખી દીધો. જમ્યા પછી પતિએ શ્રાવિકાને કહ્યું – "અમુક ઘડામાં રાખેલા પુષ્પોને અહીં લાવ." તે શ્રાવિકા અંદર ઓરડામાં પ્રવેશી. અંધારું હોવાથી મનમાં નમસ્કારમંત્રનું સ્મરણ કરે છે કદાચ મને કોઈ જીવજંતુ કરડે તો પણ મરતી વેળાએ મારો નમસ્કાર દૂર થાય નહિ. ઘડામાં હાથ નાંખ્યો. તે પહેલાં જ દેવતાએ ઘડામાંથી સાપને દૂર કર્યો અને તેના સ્થાને પુષ્પમાળા મૂકી દીધી. શ્રાવિકાએ પુષ્પમાળા ગ્રહણ કરી અને પતિને આપી. આશ્ચર્ય પામેલો પતિ વિચારે છે – "શું આ અન્ય પુષ્પો છે ?" (તેથી તેણે શ્રાવિકાને પૂછ્યું – "આ પુષ્પો તું ક્યાંથી લાવી ?") શ્રાવિકાએ કહ્યું – "તમે બતાવેલ ઘટમાંથી લાવી છું." આ સાંભળી તે જાતે ગયો અને જઈને ઘડાને અને ઘડામાં રહેલ પુષ્પોની ગંધને જુએ છે, પરંતુ તેમાં કોઈ સાપ જોતો નથી. તે પાછો ફર્યો, પગમાં પડેલાં તેણે સર્વ વાત કરી અને ક્ષમા માંગી. પાછળથી તે શ્રાવિકા જ ઘરની સ્વામિની થઈ. આ પ્રમાણે નમસ્કાર કામની પ્રાપ્તિનો ઉપાય છે.

### ❋ બીજોરાના વનનું દૃષ્ટાન્ત ❋

આરોગ્ય અને અભિરતિનું દૃષ્ટાન્ત – નંદીના કિનારે એક નગર હતું. કઠોર કાર્યને કરનારા, શરીર ચિંતા માટે નીકળેલા એક પુરુષે નદીમાં વહેતું બીજોરાનું ફળ જોયું. તે લઈ પુરુષ રાજા

---

**६९. अन्यां भार्यां आनेतुं मार्गयति, तस्याः सम्बन्धेन न लभते तस्याः सापत्न्यमिति, चिन्तयति– कथं मारयामि ?, अन्यदा कृष्णसर्पो घटे क्षिप्त्वाऽऽनीतः, संगोपितः, जिमितो भणति–आनय पुष्पाणि अमुकस्मिन् घटे स्थापितानि, सा प्रविष्टा अन्धकारमिति नमस्कारं करोति ( गुणयति ), यद्यपि मां कोऽपि खादेत् तर्ह्यपि मम म्रियमाणाया नमस्कारो न नङ्क्ष्यतीति, हस्तः क्षिप्त, सर्पो देवतयाऽपहृतः, पुष्पमाला कृता, सा गृहीता, दत्ता च तस्मै, स संभ्रान्तश्चिन्तयति–अन्यानि, कथितं, गतः पश्यति घटं पुष्पगन्धं च, नैवात्र कोऽपि सर्पः, आवर्जितः पादपतितः सर्वं कथयति क्षमयति च, पश्चात्सैव गृहस्वामिनी जाता, एवं कामावहः ॥ आरोग्याभिरतिः–एकं नगरं, नद्यास्तीरे खरकर्मिकेण शरीरचिन्तायै निर्गतेन नद्यामुह्यमानं बीजपूरकं**

[૭૦]दिट्ठं, रायाए उवणीयं, सूयस्स हत्थे दिन्नं, जिमियस्स उवणीयं, पमाणेण अइरित्तं वन्नेण गंधेणं अइरित्तं, तस्स मणुसस्स तुट्ठो, भोगो दिण्णो, राया भणइ—अणुणईए मग्गह, जाव लद्धं, पत्थयणं गहाय पुरिसा गया, दिट्ठो वणसंडो, जो गेण्हइ फलाणि सो मरइ, रण्णो कहियं, भणइ—अवस्सं आणेयव्वाणि, अक्खपडिया वच्चंतु, एवं गया आणेन्ति, एगो पविट्ठो सो बाहिं उच्छुब्भइ, अन्ने आणंति, सो मरइ, एवं काले वच्चंते सावगस्स परिवाडी जाया, गओ तत्थ, चिंतेइ—मा विराहियसामन्नो कोइ होज्जत्ति निसीहिया नमोक्कारं च करेंतो ढुक्कइ, वाणमंतरस्स चिंता, संबुद्धो, वंदइ, भणइ—अहं तत्थेव साहरामि, गओ, रण्णो कहियं, संपूइओ, तस्स ऊसीसए दिणे दिणे ठवेइ, एवं

પાસે આવ્યો. રાજાએ રસોઈયાના હાથમાં આપ્યું. જમવા બેઠેલા રાજાને તે ફળ પીરસાયું. પ્રમાણ, ગંધ અને વર્ણથી ભરપૂર તે ફળ હતું. (ફળને ખાધા પછી) રાજા (જેણે ફળ લાવ્યું હતું) તે પુરુષ ઉપર ખૂબ જ ખુશ થયો અને તે પુરુષને સારી એવી ભોગસામગ્રી આપી. રાજાએ તે પુરુષને કહ્યું – "આ ફળ ક્યાંથી આવ્યું છે ? તે તું આ નદીની પાછળ પાછળ જઈને શોધી લાવ." તે પુરુષે સ્થાન શોધી લીધું. ભાતુ લઈને પુરુષો તે સ્થાનમાં ગયા. ત્યાં વનખંડ જોયું. જે તે વનમાંથી ફળો ગ્રહણ કરે તે મરી જાય એવો તેનો પ્રભાવ હતો. આ વાત રાજાને કરવામાં આવી. રાજાએ આજ્ઞા આપી – "ગમે તે પ્રકારે તે ફળો ત્યાંથી લાવવાનાં છે. એના માટે વારાપૂર્વક જાઓ." (અર્થાત્ એક જણ આપે, બીજો લાવે એવા ક્રમથી અહીં લાવવા. આ વાત આગળ બતાવે છે.) આ પ્રમાણે ગયેલા તેઓ ફળો લાવે છે, અર્થાત્ એક પુરુષ વનમાં પ્રવેશે. તે ફળો તોડીને બહાર ફેંકે, બહાર ફેંકેલા ફળો અન્ય લોકો રાજા પાસે લાવે. જે અંદર પ્રવેશેલો હોય તે મરી જાય.

આ પ્રમાણે કાળ પસાર થતાં હવે શ્રાવકનો વનમાં પ્રવેશ કરવાનો વારો આવ્યો. તે ત્યાં ગયો. ગયેલો તે વિચારે છે કે - " (આ ઉપદ્રવ નક્કી કોઈ વ્યંતર કરે છે જે) પૂર્વભવમાં કદાચ વિરાધિત સંયમવાળો હોવો જોઈએ." એમ વિચારી તે નિસીહિ અને નમસ્કારનું ઉચ્ચારણ કરતો વનમાં પ્રવેશે છે. આ સાંભળી વાણવ્યંતર વિચારમાં પડ્યો - ("આવું મેં ક્યાંય પૂર્વે સાંભળ્યું છે.") તે બોધ પામ્યો અને શ્રાવકને વંદન કરે છે, કહે છે "હું રોજે રોજ ફળોને તમારા નગરમાં લાવીશ." શ્રાવક પાછો ફર્યો. રાજાને વાત કરી. રાજાએ શ્રાવકનું સન્માન કર્યું. તે વ્યંતર હવે રોજે રોજ તે શ્રાવકના મસ્તક પાસે ફળો લાવીને મુકે છે. આ પ્રમાણે શ્રાવકે નવકારના પ્રભાવે

૭૦. दृष्टं, राज्ञ उपनीतं, सूदस्य हस्ते दत्तं, जिमत उपनीतं, प्रमाणेनातिरिक्तं वर्णेन गन्धेनातिरिक्तं तस्मै मनुष्याय तुष्टः, भोगो दत्तः, राजा भणति—अनुनदि मार्गयत यावल्लब्धं ( भवति ), पथ्यदनं गृहीत्वा पुरुषा गताः, दृष्टो वनखण्डः, यो गृह्णाति फलानि स म्रियते, राज्ञे कथितं, भणति—अवश्यमानेतव्यानि, अक्षपतिताः ( अक्षपातनिकया ) व्रजन्तु, एवं गता आनयन्ति, एकः प्रविष्टः स बहिर्निक्षिपति, अन्ये आनयन्ति, स म्रियते, एवं काले व्रजति श्रावकस्य परिपाटी जाता, गतस्तत्र, चिन्तयति—मा विराधितश्रामण्यः कश्चित् भूदिति नैषेधिकीं नमस्कारं च कुर्वन् गच्छति, व्यन्तरस्य चिन्ता संबुद्धः, वदन्ते भणति—अहं तत्रैवानेष्ये, गतः, राज्ञः कथितं, संपूजितः तस्य उच्छीर्षे दिने दिने स्थापयति, एवं

तेणं अभिरई भोगा य लद्धा, जीवयाओ य किं अन्नं आरोग्गं ?, रायावि तुट्ठो ॥ परलोए नमोक्कारफलं–वसंतपुरे णयरे जियसत्तू राया, तस्स गणिया साविया, सा चंडपिंगलेण चोरेण समं वसइ। अन्नया कयाइ तेण रण्णो घरं हयं, हारो णीणिओ, भीएहिं संगोविज्जइ । अन्नया उज्जाणियागमणं, सव्वाओ विभूसियाओ गणियाओ वच्चंति, तीए सव्वाओ अइसयामित्ति सो हारो आविद्धो, जीसे देवीए सो हारो तीसे दासीए सो नाओ, कहियं रण्णो, सा केण समं वसइ ?, कहिए चंडपिंगलो गहिओ, सूले भिन्नो, तीए चिंतियं–मम दोसेण मारिओत्ति सा से नमोक्कारं देइ, भणइ य–नीयाणं करेहि जहा–एयस्स रण्णो पुत्तो आयामित्ति, कयं, अग्गमहिसीए उदरे उववण्णो, दारओ जाओ, सा साविया कीलावणधावीया जाया । अन्नया चिंतेइ–कालो समो गब्भस्स य मरणस्स

આનંદ અને ભોગો પ્રાપ્ત કર્યા. (આ રીતે નમસ્કારના પ્રભાવે શ્રાવક વનમાં પ્રવેશવા છતાં મૃત્યુથી બચી ગયો, જીવન પ્રાપ્ત થયું.) અને જીવનથી વધુ બીજું કયું આરોગ્ય હોય ? (અર્થાત્ જીવન મળ્યું એ જ મોટું આરોગ્ય છે.) રાજા પણ પ્રસન્ન થયો.

## ❋ ચંડપિંગલનું દૃષ્ટાન્ત ❋

**પરલોકમાં નમસ્કારનું ફળ :-** વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેની ગણિકા શ્રાવિકા હતી. તે ચંડપિંગલનામના ચોર સાથે રહે છે. એકવાર તે ચોરે રાજાના ઘરમાં ખાતર પાડ્યું. હાર ચોર્યો. ડરેલા એવા ગણિકા અને ચોર તે હારને છુપાવી દે છે. એકવાર મહોત્સવમાં ઉજાણી માટે જવાનું થયું. શણગાર સજીને બધી ગણિકાઓ તે મહોત્સવમાં જાય છે. 'બધી ગણિકાઓમાં મારો વટ પડે' એમ વિચારી તે ગણિકાએ પેલો હાર પહેર્યો. જે દેવીનો તે હાર હતો તેની દાસીએ તે હાર ઓળખી લીધો. રાજાને વાત કરી. રાજાએ પૂછ્યું - 'તે કોની સાથે રહે છે ?' દાસીએ વાત કરતાં ચંડપિંગલને પકડ્યો અને શૂલીએ ચઢાવ્યો. ગણિકાએ વિચાર્યું કે – 'મારા કારણે બિચારા આનું મૃત્યુ થશે.' એમ વિચારી તેણીએ ચોરને નવકાર આપ્યો અને કહ્યું – 'તું નિયાણું કર કે આ રાજાનો પુત્ર થાઉં.' તેણે નિયાણું કર્યું. પટરાણીની કુક્ષીએ તે અવતર્યો. પુત્રરૂપે જન્મ થયો. તે ગણિકારૂપ શ્રાવિકા બાળકને રમનારી ધાત્રી બની.

એકવાર તેણી વિચારે છે કે – "ગર્ભનો અને મરણનો કાળ એકસરખો હતો. તેથી કદાચ

૭૧. तेनाभिरतिर्भोगाश्च लब्धाः, जीवितवांश्च, किमन्यद् आरोग्यं ?, राजापि तुष्टः ॥ परलोके नमस्कारफलं–वसन्तपुरे नगरे जितशत्रू राजा, तस्य गणिका श्राविका, सा चण्डपिङ्गलेन चौरेण समं वसति। अन्यदा कदाचित् तेन राज्ञो गृहं हतं, हार आनीतः, भीताभ्यां संगोप्यते । अन्यदोज्जानिकागमनं, सर्वा विभूषिता गणिका व्रजन्ति, तया सर्वाभ्योऽतिशायिनी स्यामिति ( सर्वा अतिशये इति ) स हार आविद्धः, यस्या देव्याः स हारस्तस्या दास्या स ज्ञातः, कथितं राज्ञे, सा केन समं वसति ?, कथिते चण्डपिङ्गलो गृहीतः, *शूले भिन्नः, तया चिन्तितं–मम दोषेण मारित इति सा तस्मै नमस्कारं ददाति, भणति* च–निदानं कुरु यथा–एतस्य राज्ञः पुत्र उत्पद्य इति, कृतं, अग्रमहिष्या उदरे उत्पन्नः, दारको जातः, सा श्राविका क्रीडनधात्री जाता । अन्यदा चिन्तयति–कालः समो गर्भस्य च मरणस्य

[७२] यं, होज्ज कयाइ, रमावेंती भणइ—मा रोव चंडपिंगलत्ति, संबुद्धो, राया मओ, सो राया जाओ, सुचिरेण कालेण दोवि पव्वइयाणि, एवं सुकुलपच्चायाई तम्मूलागं च सिद्धिगमणं ॥ अहवा बितियं उदाहरणं—महुराए णयरीए जिणदत्तो सावओ, तत्थ हुंडिओ चोरो, णयरं मुसइ, सो कयाइ गहिओ सूले भिन्नो, पडिचरह बितिज्जयावि से नज्जिहिंति, मणूसा पडिचरंति, सो सावओ तस्स नाइदूरेण वीईवयइ, सो भणइ—सावय ! तुमंसि अणुकंपओ तिसाइओऽहं, देह मम पाणियं जा मरामि, सावओ भणइ—इमं नमोक्कारं पढ जा ते आणेमि पाणियं, जइ विस्सारेहिसि तो आणीयंपि ण देमि, सो ताए लोलयाए पढइ, सावओवि पाणियं गहाय आगओ, एव्वेलं पाहामोत्ति नमोक्कारं घोसंतस्सेव निग्गओ जीवो, जक्खो आयाओ । सावओ तेहिं माणुस्सेहिं गहिओ

આ તે જ ન હોય. બાળકને રમાડતા કહ્યું – ' હે ચંડપિંગલ ! તું રડ નહિ.' (ચંડપિંગલ નામ સાંભળતા જ તેને જાતિસ્મરણ થયું.) તે બોધ પામ્યો. રાજાનું મૃત્યુ થયું. તે રાજા બન્યો. ઘણા કાળ પછી બંનેએ દીક્ષા લીધી. આ પ્રમાણે નમસ્કારના પ્રભાવે સુકુળમાં જન્મ અને સુકુળમાં જન્મ થવાથી સિદ્ધિગમન થાય છે.

## ❋ હુંડિકયક્ષનું દૃષ્ટાન્ત ❋

**અથવા બીજું ઉદાહરણ :** મથુરા નગરીમાં જિનદત્ત નામનો શ્રાવક હતો. તે નગરીમાં હુંડિક નામે ચોર ચોરી કરતો હતો. એકવાર ચોરી કરતાં તે પકડાયો અને તેને શૂલીએ ચઢાવ્યો. રાજાએ પોતાના પુરુષોને કહ્યું – "આ મરે નહિ ત્યાં સુધી તમે અહીં જ ધ્યાન રાખો, જેથી તેને સહાય કરનારા પણ ઓળખાય. (અર્થાત્ તેને ચોરીમાં મદદ કરનારા પણ પકડાય તેથી તમે ધ્યાન રાખો.) રાજપુરુષો ધ્યાન રાખે છે. એવામાં તે જિનદત્તશ્રાવક બાજુમાંથી પસાર થાય છે. ત્યારે તે ચોર શ્રાવકને કહે છે કે "હે શ્રાવક ! તું અનુકંપા કરનારો છે. મને પાણીની તરસ લાગી છે. તેથી મને થોડું પાણી આપ જેથી સુખે મરું." શ્રાવકે કહ્યું - "હું જ્યાં સુધી પાણી લઈને ન આવું ત્યાં સુધી તું આ નમસ્કારમંત્રનો જાપ કર, જો નવકાર ભૂલી જઈશ તો લાવેલું છતાં આપીશ નહીં." તે ચોર પાણીની લાલસાએ નવકાર બોલે છે. શ્રાવક પણ પાણી લઈને આવ્યો. હું તેને પાણી પીવડાવું એવો જ્યાં શ્રાવક વિચાર કરે છે, તેવામાં નમસ્કારનું રટન કરતાં તે ચોરનો જીવ નીકળી ગયો. યક્ષ તરીકે ઉત્પન્ન થયો. 'ચોરને ભોજનનું દાન કરનારો છે' માટે આ પણ ગુનેગાર

७२. च, भवेत्कदाचित्, रमयन्ती भणति—मा रोदीः चण्डपिङ्गल इति, संबुद्धो, राजा मृतः, स राजा जातः, सुचिरेण कालेन द्वावपि प्रव्रजितौ । एवं सुकुलप्रत्यायातिः तन्मूलं च सिद्धिगमनं ॥ अथवा द्वितीयमुदाहरणं—मथुरायां नगर्यां जिनदत्तः श्रावकः, तत्र हुण्डिकश्चौरः, नगरं मुष्णाति, स कदाचित् गृहीतः शूले भिन्नः, प्रतिचरत सहाया अपि तस्य ज्ञायन्त इति मनुष्याः प्रतिचरन्ति, स श्रावकस्तस्य नातिदूरेण व्यतिव्रजति, स भणति—श्रावक ! त्वमसि अनुकम्पकः तृषितोऽहं देहि मह्यं पानीयं यन्म्रिये, श्रावको भणति—इमं नमस्कारं पठ यावत्तुभ्यमानयामि पानीयं, यदि विस्मरिष्यसि तदाऽऽनीतमपि न दास्यामि, स तया लोलुपतया पठति श्रावकोऽपि पानीयं गृहीत्वाऽऽगतः, अधुना पास्यामीति नमस्कारं घोषयत एव निर्गतो जीवः, यक्ष आयातः । श्रावकस्तैर्मनुष्यैर्गृहीत-

[७३]चोरभत्तदायगोत्ति, रण्णो निवेइयं, भणइ–एयंपि सूले भिंदह, आघायणं निज्जइ, जक्खो ओहिं पउंजइ, पेच्छइ सावयं, अप्पणो य सरीरयं, पव्वयं उप्पाडेऊण णयरस्स उवरिं ठाऊण भणइ–सावयं भट्टारयं न याणेह ?, खामेह, मा भे सव्वे चूरेहामि, देवणि*म्मियस्स पुव्वेण से आययणं कयं, एवं फलं लब्भइ नमोक्कारेणेति गाथार्थः ॥१०१२॥

उक्ता नमस्कारनिर्युक्तिः, साम्प्रतं सूत्रोपन्यासार्थं प्रत्यासत्तियोगाद् वस्तुतः सूत्रस्पर्शनिर्युक्तिगतामेव गाथामाह–

**नंदिअणुओगदारं विहिवदुवग्घाइयं च नाऊणं ।**
**काऊण पंच+मंगलमारंभो होइ सुत्तस्स ॥१०१३॥**

છે એમ જાણી રાજપુરુષોએ શ્રાવકને પકડ્યો. રાજાને વાત કરી. રાજાએ 'આને પણ શૂલીએ ચઢાવો' એવો આદેશ આપ્યો. શ્રાવક મારવાના સ્થાને લઈ જવાયો. યક્ષ અવધિનો ઉપયોગ મૂકે છે. તેમાં તે શ્રાવક અને પોતાના શરીરને જુએ છે. પર્વતને ઉપાડીને નગર ઉપર સ્થાપિત કરીને તે બોલે છે– "હે દુષ્ટો ! તમે શું આ પૂજ્ય એવા શ્રાવકને ઓળખતા નથી ? એની પાસે ક્ષમા માંગો નહિ તો સર્વને ચૂરી નાંખીશ." (શ્રાવકને મુક્ત કર્યો.) નગરના લોકોએ દેવનિર્મિત ચૈત્યની પૂર્વદિશામાં યક્ષનું આયતન (મંદિર) બનાવ્યું. આ પ્રમાણે નવકારથી પરલોકમાં ફળ પ્રાપ્ત થાય છે. ॥૧૦૧૨॥

## ❋ નમસ્કારનિર્યુક્તિ પૂર્ણ થઈ ❋

(હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો આરંભ કરાય છે અને તે સૂત્રાધીન હોવાથી પ્રથમ) સૂત્રને જણાવવા માટે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિસંબંધી ગાથાને જ કહે છે.

(**શંકા :** [म]સૂત્રસ્પર્શિક નિર્યુક્તિમાં સૂત્રના અવયવોનું પ્રતિપાદન કરવાનું હોય છે. હવે પછી તમે નંદી, અનુયોગદ્વાર.... વિગેરે જે ગાથા બતાવવાના છો, તેમાં સૂત્રના કોઈ અવયવોનું પ્રતિપાદન છે નહીં, તો તે ગાથા સૂત્રસ્પર્શિકનિર્યુક્તિસંબંધી છે એવું કેવી રીતે કહેવાય ?)

**સમાધાન :** (ગાથા ૧૦૧૩ દ્વારા સંબંધ બતાવ્યા પછી તરત જ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ કહેવાના છે. તેથી આ ગાથાવડે જો કે, એક પણ સૂત્રાવયવનું પ્રતિપાદન ન કરાયું હોવાથી આ ગાથા સૂત્રસ્પર્શિકનિર્યુક્તિસંબંધી ન કહેવાય, છતાં) પ્રત્યાસત્તિ (નજીકપણા)નો યોગ હોવાથી એટલે કે નજીકમાં જ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ કહેવાની હોવાથી આ ગાથા પણ વસ્તુતઃ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ સંબંધી જ કહેવાય છે. હવે તે ગાથાને કહે છે) ➪

**ગાથાર્થ : નંદી, અનુયોગદ્વાર અને યથાવત્ ઉપોદ્ઘાતને જાણીને તથા પંચમંગલને કરીને સૂત્રનો આરંભ થાય છે.**

७३. चौरभक्तदायक इति, राज्ञे निवेदितं, भणति–एनमपि शूले भिन्त, आघातं नीयते, यक्षोऽवधिं प्रयुक्ते, पश्यति श्रावकमात्मनश्च शरीरकं, पर्वतमुत्पाट्य नगरस्योपरि स्थित्वा भणति–श्रावकं भट्टारकं न जानीथ ?, क्षामयत, मा भवतः सर्वांश्चुरं, देवनिर्मितेन ( तात् चैत्यात् ) पूर्वस्यां तस्यायतनं कृतं । एवं फलं लभ्यते नमस्कारेणेति । * नयरस्स. + मंगल आरं० मुद्रिते.

**व्याख्या :** नन्दिश्चानुयोगद्वाराणि चेत्येकवद्भावाद् नन्दिअनुयोगद्वारं, 'विधिवद्' यथावद् 'उपोद्घातं च' उद्देसे इत्यादिलक्षणं 'ज्ञात्वा' विज्ञाय, भणित्वेति वा पाठान्तरं, तथा कृत्वा 'पञ्चमङ्गलानि' नमस्कारमित्यर्थः, किम् ?, आरम्भो भवति सूत्रस्य, इह च पुनर्नन्द्याद्युपन्यासः किल विधिनियमख्यापनार्थः, नन्द्यादि ज्ञात्वैव भणित्वैव वा, नान्यथेति, उपोद्घातभेदोपन्यासोऽपि सकलप्रवचनसाधारणत्वेन तस्य प्रधानत्वात्, प्रधानस्य च सामान्यग्रहणेऽपि भेदेनाभिधानदर्शनाद्, यथा ब्राह्मणा आयाता वशिष्ठोऽप्यायात इति, कृतं चसूर्येति गाथार्थः ॥१०१३॥

सम्बन्धान्तरप्रतिपादनायैवाऽऽह—

**कयपंचनमुक्कारो करेइ सामाइयंति सोऽभिहिओ ।**
**सामाइअंगमेव य जं सो सेसं तओ वुच्छं ॥१०१४॥**

**व्याख्या :** कृतः पञ्चनमस्कारो येन स तथाविधः शिष्यः सामायिकं करोतीत्यागमः, सोऽभिहितः पञ्चनमस्कारः, सामायिकाङ्गमेव च यदसौ, सामायिकाङ्गता च प्रागुक्ता, 'शेषं' सूत्रं 'ततः' तस्माद्वक्ष्ये★ इति गाथार्थः ॥१०१४॥ तच्चेदम्

**ટીકાર્થ :** 'નંદીઅનુયોગદ્વાર' અહીં સમાહારદ્વન્દ્વ સમાસ થયેલ હોવાથી મૂળગાથામાં એકવચન કરેલ છે. તેથી નંદી, અનુયોગદ્વાર અને યથાવત્ 'ઉદ્દેસ...' ઇત્યાદિરૂપ ઉપોદ્ઘાતને જાણીને, અથવા કહીને એ પ્રમાણે પાઠાન્તર જાણવો. તથા નમસ્કારને કરીને, શું ? સૂત્રનો આરંભ થાય છે. (અન્વય મૂળગાથા પ્રમાણે જાણી લેવો.) ગ્રંથની શરૂઆતમાં જ પાંચજ્ઞાનના સ્વરૂપાત્મક નંદી વિગેરે કહી જ દીધા છે છતાં અહીં નંદી વિગેરેનો જે ફરી ઉપન્યાસ કર્યો છે તે નિયમ જણાવવા માટે કે – નંદી વિગેરેને જાણીને જ અથવા કહીને જ આરંભ કરવો જોઈએ તે સિવાય નહિ. તથા 'નંદી વિગેરેને જાણીને' એવું કહેવામાં જ ઉપોદ્ઘાત આવી જાય છે, છતાં તેનો જુદો ઉપન્યાસ કર્યો છે, તેનું કારણ એ કે તે ઉપોદ્ઘાત સર્વશાસ્ત્રોમાં એક સરખો હોવાથી પ્રધાન છે અને સામાન્યનું ગ્રહણ કરવા છતાં પ્રધાન વસ્તુ જુદી ગ્રહણ થતી દેખાય છે. જેમકે બ્રાહ્મણો આવ્યા, વશિષ્ટઋષિ પણ આવ્યા. (અહીં વશિષ્ટઋષિ પણ બ્રાહ્મણ જ છે તેથી 'બ્રાહ્મણો આવ્યા' એટલાથી વશિષ્ટ પણ જણાઈ જાય છે છતાં તે સર્વમાં મુખ્ય હોવાથી એમનું જુદું નામગ્રહણ કરેલ છે. આમ, ઉપોદ્ઘાત પણ પ્રધાન હોવાથી જુદો ગ્રહણ કરેલ છે.) વધુ ચર્ચાવડે સર્યું. ॥૧૦૧૩॥

**અવતરણિકા :** અન્ય સંબંધનું પ્રતિપાદન કરવા માટે જ કહે છે ⇨

**ગાથાર્થ : જે કારણથી તે નમસ્કાર સામાયિકનું જ એક અંગ છે તેથી પંચનમસ્કારને કર્યા પછી શિષ્ય સામાયિકને કરે છે. તે નમસ્કાર (પ્રથમ) કહેવાયો. હવે પછી શેષ સામાયિકસૂત્રને હું કહીશ.**

**ટીકાર્થ :** કરાયેલ છે પંચનમસ્કાર જેનાવડે એવો તે શિષ્ય સામાયિક કરે છે એવું આગમવચન છે. તે પંચનમસ્કાર (પ્રથમ) બતાવ્યો અને જે કારણથી તે નમસ્કાર સામાયિકનું જ એક અંગ છે, તે કારણથી નમસ્કાર કહ્યા પછી શેષ સામાયિકસૂત્રને હું કહીશ. નમસ્કાર એ સામાયિકનું

★ वक्ष्यते-मुद्रिते ।

*करेमि भंते ! सामाइयं, सव्वं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि*

**इदं च सूत्रानुगम एव (सूत्रं) अहीनाक्षरादिगुणोपेतमुच्चारणीयं, तद्यथा—अहीनाक्षरमनत्यक्षरमव्याविद्धाक्षरमस्खलितममिलितमव्यत्याम्रेडितं प्रतिपूर्णं प्रतिपूर्णघोषं कण्ठोष्ठविप्रमुक्तं वाचनोपगतम्, इत्यमूनि प्राग् व्याख्यातत्वान्न व्याख्यायन्ते, ततस्तस्मिन्नुच्चरिते सति केषाञ्चिद्भगवतां साधूनां केचनार्थाधिकारा अधिगता भवन्ति, केचन त्वनधिगताः, ततश्चानधिगताधिगमनाय व्याख्या प्रवर्तत इति, तल्लक्षणं चेदं — *'संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः । चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥१॥'* इति, तत्रास्खलितपदोच्चारणं संहिता, अथवा—परः सन्निकर्षः**

અંગ છે. એ વાત પૂર્વે કહી ગયા છે. ॥૧૦૧૪॥ તે સૂત્ર આ પ્રમાણે છે –

**સૂત્રાર્થ : હે ભંતે ! હું સામાયિકને કરું છું, સર્વ સાવદ્યયોગોનું હું પચ્ચક્ખાણ કરું છું, યાવજ્જીવ સુધી ત્રિવિધ – ત્રિવિધે, મન-વચન-કાયાથી સાવદ્યયોગને કરીશ નહિ, કરાવીશ નહિ, કે કરતા એવા અન્યની પણ અનુમોદના કરીશ નહિ, હે ભગવન્ ! તે સાવદ્યયોગનું હું પ્રતિક્રમણ કરું છું, આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું, (સાવદ્ય કરનારા) આત્માનો ત્યાગ કરું છું. ॥૧॥**

**ટીકાર્થ :** સૂત્રાનુગમના અવસરે જ અહીનાક્ષરાદિગુણોથી યુક્ત એવું આ સૂત્ર ઉચ્ચારણ કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે - અહીનાક્ષર, અનત્યક્ષર, અવ્યાવિદ્ધાક્ષર, અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત, પ્રતિપૂર્ણ, પ્રતિપૂર્ણ ઘોષવાળું, કંઠ અને ઓષ્ઠથી મૂકાયેલ, વાચનોપગત, આ બધાં દોષો પૂર્વે (એટલે કે નંદીસૂત્રાદિમાં) વ્યાખ્યાન કરેલા હોવાથી અહીં વ્યાખ્યાન કરાતા નથી. (સંક્ષેપમાં છતાં જાણી લઈએ– (૧) જેમાં અક્ષર ઓછા ન થાય તે અહીનાક્ષર, (૨) જેમાં અક્ષરો ઉમેરાય નહિ તે અનત્યક્ષર, (૩) જેમાં અક્ષરો ઉત્ક્રમે પરોવાયેલા મોતીની જેમ આગળ-પાછળ ન થતાં હોય તે અવ્યાવિદ્ધાક્ષર, (૪) ઊંચી નીચી જમીન ઉપર ફરાવાતું હળ જેમ સ્ખલના પામે તેમ જેમાં સ્ખલના થતી ન હોય તે અસ્ખલિત, (૫) જુદા જુદા ધાન્યના ભેગા થવાની જેમ જુદા જુદા સૂત્રોના અક્ષરો જે સૂત્રમાં ભેગા થઈ ન જતાં હોય તે અમિલિત, (૬) અસ્થાને અટકવું તે વ્યત્યામ્રેડિત, એવું જે ન હોય તે અવ્યત્યામ્રેડિત, (૭) જેમાં છંદોના નિયમ પ્રમાણે અક્ષરોનો મેળ હોય, માત્રાઓનો મેળ હોય તે પ્રતિપૂર્ણ, (૮) ઉદાત્તાદિ ઘોષથી યુક્ત સૂત્ર પ્રતિપૂર્ણ ઘોષવાળું કહેવાય, (૯) નાના બાળકના અસ્પષ્ટ ઉચ્ચારણની જેમ જે અસ્પષ્ટ ન હોય તે કંઠ-ઓષ્ઠથી પ્રમુક્ત કહેવાય, (૧૦) જે ગુરુદત્ત હોય, નહિ કે સ્વયં ભણેલું હોય તે વાચનોપગત કહેવાય છે.)

આ રીતે સૂત્રનું ઉચ્ચારણ થતાં કેટલાક સાધુઓને કેટલાક અર્થો સ્વયં જ જણાઇ જાય છે, અને કેટલાક જણાતા નથી. તેથી જે અર્થો જણાતા નથી, તેને જણાવવા માટે તે સૂત્રની વ્યાખ્યા કરવાની હોય છે. તે વ્યાખ્યાનું લક્ષણ આ પ્રમાણે છે–"સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, પ્રશ્ન, ઉત્તર આ પ્રમાણે સૂત્રની છ પ્રકારની વ્યાખ્યા છે. ॥ ૧ ॥ " તેમાં અસ્ખલિત રીતે પદોનું ઉચ્ચારણ

**संहिता, यथा करेमि भंते ! सामाइयमित्यादि जाव वोसिरामित्ति । पदं च पञ्चधा, तद्यथा—नामिकं नैपातिकम् औपसर्गिकम् आख्यातिकं मिश्रं चेति, तत्र अश्व इति नामिकं खल्विति नैपातिकं परीत्यौपसर्गिकं धावतीत्याख्यातिकं संयत इति मिश्रम्, अथवा सुबन्तं तिङन्तं च, '★सुप्तिङन्तं पद' ( पा० १–४–१४ ) मिति वचनात्, तत्र करोमि भयान्त ! सामायिकं, सर्वं सावद्यं योगं प्रत्याख्यामि यावज्जीवया त्रिविधं त्रिविधेन, मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजाने, तस्य भयान्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामीति पदानि । अधुना पदार्थः—स च चतुर्विधः, तद्यथा—कारकविषयः समासविषयस्तद्धितविषयो निरुक्तिविषयश्च, तत्र कारकविषयः—पचतीति पाचकः, समासविषयः—राज्ञः पुरुषो राजपुरुष इति, तद्धितविषयः—वसुदेवस्यापत्यं वासुदेवः, निरुक्तिविषयः—भ्रमति च रौति च भ्रमरः, अत्रापि, 'डुकृञ् करण' इत्यस्य लट्प्रत्ययान्तस्य '▲तनादिकृञ्भ्य उ ( पा० ३–१–७९ ) रिति उत्त्वे गुणे**

કરવું એ સંહિતા કહેવાય છે, અથવા સંધિ વિના ઉચ્ચારણ કરવારૂપ જે સન્નિકર્ષ તે સંહિતા. (જો કે આગળ બતાવાતા પદો પણ સંધિ વિના જ ઉચ્ચારણ કરવાના છે. તેથી પ્રશ્ન થાય કે પદો અને સંહિતામાં તફાવત શું ? તેનું સમાધાન ટિપ્પણકાર જણાવે છે કે - સંહિતા એ ઉચ્ચારણરૂપ ક્રિયા છે, જ્યારે પદોનું તો ઉચ્ચારણ કરવાનું હોવાથી પદો એ ઉચ્ચારણરૂપ ક્રિયાનો વિષય છે. **इति टिप्पणके**) જેમ કે હે ભંતે ! હું સામાયિક કરું છું ... ત્યાગ કરું છું.

પદ પાંચ પ્રકારે છે – નામિક-'અશ્વ' એ પ્રમાણે, 'ખલુ' એ નૈપાતિકપદ છે, 'પરિ' એ ઔપસર્ગિકપદ છે, '**धावति**' એ આખ્યાતિકપદ છે અને 'સંયત' એ મિશ્ર એટલે કે આખ્યાતિક + ઔપસર્ગિક પદ છે. અથવા '**सुप्तिङन्तं पदं**' આવું વચન હોવાથી **स्यादि** વિભક્તિઓ (પ્રથમા, દ્વિતીયા.....વિગેરે) અને **त्यादि** વિભક્તિઓ (**मि, वस्, मस्**..... વિગેરે) જેના અંતમાં હોય તે પદ કહેવાય છે. તેમાં **करोमि** (અહીં **मि** અંતમાં હોવાથી આ એક પદ છે. આ રીતે આગળ પણ જાણવું.) **भदन्त** ! **सामायिकं**....... (આ બધાં જુદા જુદા પદો છે.)

હવે પદાર્થ કહેવાય છે – તે ચાર પ્રકારે છે. (૧) કારક(વિભક્તિ)વિષયક, જેમ કે '**पचति**' જે રાંધે તે પાચક, (૨) સમાસવિષયક - રાજાનો પુરુષ તે રાજપુરુષ, (૩) તદ્ધિતવિષયક - વસુદેવનો પુત્ર તે વાસુદેવ (અહીં વસુદેવ શબ્દને તદ્ધિત પ્રત્યય લાગેલ છે), (૪) નિરુક્તિવિષયક - જે ભમે અને ગુંજન કરે તે ભ્રમર. (તે તે શબ્દના અક્ષરોને લઈને જે અર્થ કરવામાં આવે તે નિરુક્તિ અર્થ કહેવાય છે.) આ રીતે ચાર પ્રકારે પદાર્થો છે. અહીં પ્રસ્તુતમાં પણ, '**करोमि**' શબ્દ કેવી રીતે બન્યો ? તે કહે છે. '**डुकृञ करणे**' ('**कृ**' ધાતુ કરવું અર્થમાં છે.) 'મિ' લટ્ (વર્તમાનકાળ) પ્રત્યયાન્ત એવા '**कृ**' ધાતુને '**तनादिकृञ्भ्य** उ (પા૦ ૩-૧-૭૯ અર્થાત્ તન્ વિગેરે આઠમા ગણના ધાતુને उ વિકરણ પ્રત્યય લાગે છે.) આ સૂત્રથી '**कृ**' ધાતુને उ વિકરણ પ્રત્યય લગાડતાં '**कृ + उ + मि**' સ્વરૂપ થાય છે. उ વિકરણ પ્રત્યયનો અને **कृ** ધાતુના ऋનો ગુણ

★ **तदन्तं पदम् ( सिद्धहेम०–१.१.२० )** । ▲ **कृग् -तनादेरुः ( सिद्धहेम०–३.४.८३ ) तथा गुणोरेदोत् ( ३.३.२ )** ।

रपरत्वे च कृते करोमीति भवति अभ्युपगमश्चास्यार्थः, एवं प्रकृतिप्रत्ययविभागः सर्वत्र वक्तव्यः, इह तु ग्रन्थविस्तरभयान्नोक्त इति, भयं प्रतीतं, तथा वक्ष्यामश्चोपरिष्टादिति, अन्तो—विनाशः, भयस्यान्त इत्ययमेव पदविग्रहः, पदपृथक्करणं पदविग्रह इति, सामायिकपदार्थः पूर्ववत्, सर्वमित्यपरिशेषवाची शब्दः, अवद्यं—पापं सहावद्येन सावद्यः—सपाप इत्यर्थः, युज्यत इति योगः—व्यापारस्तं, प्रत्याख्यामीति, प्रतिशब्दः प्रतिषेधे आङ्अभिमुख्ये ख्या प्रकथने, ततश्च प्रतीपमभिमुखं ख्यापनं सावद्ययोगस्य करोमि प्रत्याख्यामीति, अथवा प्रत्याचक्ष इति 'चक्षिङ् व्यक्तायां वाचि' अस्य प्रत्याङ्पूर्वस्यायमर्थः प्रतिषेधस्यादरेणाभिधानं करोमि प्रत्याचक्षे, 'यावज्जीवये' त्यत्र यावच्छब्दः परिमाणमर्यादावधारणवचनः, तत्र परिमाणे यावत् मम जीवनपरिमाणं तावत् प्रत्याख्यामीति, मर्यादायां यावज्जीवनमिति, मरणमर्यादाया आरान्न मरणकालमात्र एवेति, अवधारणे यावज्जीवनमेव तावत् प्रत्याख्यामि, न तस्मात् परत इत्यर्थः, जीवनं जीवेत्ययं क्रियाशब्दः परिगृह्यते तया, अथवा

---

કરવાથી (પાણીનિવ્યાકરણમાં ઋનો ગુણ '**अ**' થાય છે.) તથા ઋનો ગુણ '**अ**' કર્યા પછી રપરત્વ કરતાં (અર્થાત્ '**अ**' પછી **र्** ઉમેરતા) **कर्** + **ओ** + **मि** = **करोमि** રૂપ થાય છે. તેનો અર્થ સ્વીકાર છે. (અર્થાત્ હું સ્વીકારું છું.) આ પ્રમાણે પ્રકૃતિ અને પ્રત્યયનો વિભાગ (એટલે કે તે તે પદોમાં કયો કાળ છે ? કયો પ્રત્યય લાગ્યો છે ? તે બધાનું નિરૂપણ) સર્વ પદોમાં કહેવા યોગ્ય છે. જે અહીં ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતો નથી.

'**करोमि**' પદ પછી '**भयान्त**' પદ છે તેમાં સાત પ્રકારના ભયો પ્રસિદ્ધ છે અને અમે આગળ કહીશું પણ ખરા. અંત એટલે વિનાશ. ભયનો અંત તે ભયાન્ત. આ જ પદવિગ્રહ જાણવો, કારણ કે પદોનું પૃથક્કરણ (એટલે કે સમાસ થયેલા પદોનું છૂટા પાડવું) તે પદવિગ્રહ કહેવાય છે. સામાયિક પદનો અર્થ પૂર્વની જેમ જાણી લેવો. 'સર્વ' શબ્દ સંપૂર્ણવાચી છે. અવદ્ય એટલે પાપ, પાપ સહિતનું જે હોય તે સાવદ્ય. જે કરાય તે યોગ અર્થાત્ વ્યાપાર. આવા સાવદ્ય સર્વયોગોનું પ્રત્યાખ્યાન કરું છું. અહીં '**प्रत्याख्यान**' શબ્દમાં **प्रति** પ્રતિષેધ અર્થમાં છે. **आ** ઉપસર્ગ અભિમુખ અર્થમાં છે. **ख्या** ધાતુ કથન કરવું અર્થમાં છે. તેથી 'પ્રત્યાખ્યામિ' એટલે સાવદ્યયોગોનું ઉલટું અભિમુખ એવું કથન હું કરું છું. (અર્થાત્ 'સાવદ્યયોગો હું સેવીશ નહિ' એ પ્રમાણે સામે ચઢીને પ્રતિષેધ માટેનું હું કથન કરું છું.)

અથવા '**प्रत्याचक्षे**' (એ પ્રમાણે પચ્ચક્ખામિ શબ્દની સંસ્કૃત છાયા કરવી.) અહીં 'चक्ष्' ધાતુ 'સ્પષ્ટ વચન બોલવું' અર્થમાં છે. प्रति અને आ ઉપસર્ગપૂર્વકના चक्ष् ધાતુનો અર્થ આ પ્રમાણે જાણવો કે – પ્રતિષેધનું આદરપૂર્વક હું કથન કરું છું. '**यावज्जीव**' શબ્દમાં જે યાવત્ શબ્દ છે, તે પરિમાણ, મર્યાદા, અવધારણ આ ત્રણ અર્થોમાં વપરાય છે. જેમકે, **પરિમાણ** – જ્યાં સુધી મારા જીવનનું પરિમાણ હોય ત્યાં સુધી હું પચ્ચક્ખાણ કરું છું. **મર્યાદામાં** – જ્યાં સુધી જીવન હોય ત્યાં સુધી અર્થાત્ મરણકાળ સુધી, નહિ કે માત્ર મરણકાળે જ, **અવધારણમાં** – જ્યાં સુધી જીવું ત્યાં સુધી જ પછી નહિ. પ્રાણોનું ધારણ કરવું તે જીવ. આ જીવશબ્દ ક્રિયાવાચી જાણવો.

**प्रत्याख्यानक्रिया गृह्यते, यावज्जीवो यस्यां सा यावज्जीवा तया, 'त्रिविध' मिति तिस्रो विधा यस्य सावद्ययोगस्य स त्रिविधः, स च प्रत्याख्येयत्वेन कर्म संपद्यते, कर्मणि च द्वितीया विभक्तिः, अतस्तं त्रिविधं योगं—मनोवाक्कायव्यापारलक्षणं, *'कायवाङ्मनःकर्म योगः'* ( तत्वा० अ० ६ सू० १ ) इति वचनात् त्रिविधेनेति करणे तृतीया, 'मनसा वाचा कायेन' तत्र 'मन ज्ञाने' मननं मन्यते वाऽनेनेति असुन् प्रत्यये मनः, तच्चतुर्द्धा—नामस्थापनाद्रव्यभावैः, द्रव्यमनस्तद्योग्यपुद्गलमयं, भावमनो मन्ता जीव एव, 'वच परिभाषणे' वचनम् उच्यते वाऽनयेति वाक्, साऽपि चतुर्विधैव नामादिभिः, तत्र द्रव्यवाक् शब्दपरिणामयोग्यपुद्गला जीवपरिगृहीता, भाववाक् पुनस्त एव पुद्गलाः शब्दपरिणाममापन्नाः, 'चित्र् चयने' चयनं चीयते वाऽनेनेति "निवासचितिशरीरोपसमाधानेष्वादेश्च**

(અર્થાત્ જયાં સુધી પ્રાણ ધારણ કરવાની ક્રિયા હોય ત્યાં સુધી) અથવા પ્રત્યાખ્યાનની ક્રિયા ગ્રહણ કરવી, અર્થાત્ જયાં સુધી જીવન છે જેમાં તે યાવજ્જીવ એવી પ્રત્યાખ્યાનની ક્રિયા. તેનાવડે હું પચ્ચક્ખાણ કરું છું. **'त्रिविध'** ત્રણ પ્રકાર છે જે સાવદ્યયોગના તે ત્રિવિધ સાવદ્યયોગ. આ યોગ પ્રત્યાખ્યેય હોવાથી કર્મ બને છે અને કર્મને બીજી વિભક્તિ લાગે છે. આથી મન-વચન અને કાયાના એમ ત્રણ પ્રકારના વ્યાપારરૂપ સાવદ્યયોગને (હું પચ્ચક્ખાણ કરું છું. એમ અન્વય જોડવો.) 'મન-વચન અને કાયાની ક્રિયા એ યોગ છે' આવું વચન હોવાથી યોગ તરીકે મન-વચન-કાયાનો વ્યાપાર ગ્રહણ કર્યો છે. **'त्रिविधेन'** અહીં કરણ=સાધન અર્થમાં તૃતીયા વિભક્તિ છે. તેથી મનથી, વચનથી, કાયાથી' એ પ્રમાણે અર્થ જાણવો. તેમાં 'મન્' ધાતુ વિચાર કરવો અર્થમાં છે. તેથી વિચારવું તે મન અથવા જેનાવડે વિચારાય તે મન અહીં 'असुन्' પ્રત્યય લાગતા મન શબ્દ બને છે. તે ચાર પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. ભાવમનને યોગ્ય એવા પુદ્ગલોથી બનેલું દ્રવ્યમન જાણવું. ભાવમન તરીકે વિચારતો એવો જીવ પોતે જ.

'वच्' ધાતુ બોલવું અર્થમાં છે. બોલવું તે વાણી અથવા જેનાવડે બોલાય તે વાણી, તે પણ નામાદિભેદથી ચાર પ્રકારની જ છે. તેમાં ક, ખ, ગ વિગેરે પરિણામને યોગ્ય પુદ્ગલો કે જે જીવવડે ગ્રહણ કરાયેલા છે તે દ્રવ્યવાણી જાણવી, તથા તે જ પુદ્ગલો જ્યારે શબ્દ પરિણામને પામી જાય ત્યારે તે ભાવવાણી કહેવાય છે. 'चि' ધાતુ એકઠું કરવું અર્થમાં છે. તેથી એકઠું કરવું તે અથવા જેનાવડે એકઠું કરાય તે કાય. અહીં નિવાસ, ચિતિ, શરીર અને ઉપસમાધાન આટલા અર્થોમાં 'चि' ધાતુના આદિ અક્ષરનો 'क' થાય છે. આ નિયમથી'ચાય' શબ્દમાં 'ચ'નો 'ક' થતાં કાયશબ્દ બને છે. (આ નિવાસ, ચિતિ વિગેરે બધાં અર્થો કાય શબ્દમાં ઘટે છે. તે ક્રમશઃ બતાવે છે.) (૧) જીવનો શરીરમાં નિવાસ થતો હોવાથી શરીરને કાય કહેવાય છે. આ નિવાસ અર્થમાં કાય શબ્દ ઘટાવ્યો. (તે આ રીતે - જ્યારે કાયને જીવના નિવાસ તરીકે વિવક્ષા કરીએ ત્યારે નિવાસરૂપ અર્થ પ્રાપ્ત થાય છે.) (૨) ચિતિ શબ્દ સમૂહવાચી છે. તેથી જ્યારે પુદ્ગલ સમૂહની કાયશબ્દના અર્થ તરીકે વિવક્ષા કરીએ ત્યારે ચિતિ અર્થ પ્રાપ્ત થાય છે. (કારણ કે શરીર એ પુદ્ગલનો સમૂહ છે.) (૩) હવે જ્યારે કાયશબ્દનો પુદ્ગલનાશ અર્થ કરીએ ત્યારે શરીર અર્થ થાય છે કારણ

**★चिति देहाऽऽवासोपसमाधाने कश्चाऽऽदेः ( सिद्धहेम.—५.३.७९ )**

कः" ( पा० ३–३–४१ ) इति कायः, जीवस्य निवासात् पुद्गलानां चितेः पुद्गलानामेव केषाञ्चित् शरणात् तेषामेवावयवसमाधानात् कायः–शरीरं, सोऽपि चतुर्द्धा नामादिभिः, तत्र द्रव्यकायो ये शरीरत्वयोग्याः अगृहीतास्तत्स्वामिना च जीवेन ये मुक्ता यावत्तं परिणामं न मुञ्चन्ति तावद् द्रव्यकायः, भावकायस्तु तत्परिणामपरिणता जीवबद्धा जीवसम्प्रयुक्ताश्च, अनेन त्रिविधेन करणभूतेन, त्रिविधं पूर्वाधिकृतं सावद्यं योगं न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि–नानुमन्येऽहमिति, तस्येत्यधिकृतो योगः संबध्यते, भयान्त इति पूर्ववत्, प्रतिक्रमामि–निवर्तेऽहमित्युक्तं भवति, निन्दामीति जुगुप्से इत्यर्थः, गर्हामीति च स एवार्थः, किन्त्वात्मसाक्षिकी निन्दा गुरुसाक्षिकी गर्हेति, किं जुगुप्से ?–'आत्मानम्' अतीतसावद्ययोगकारिणं, 'व्युत्सृजामी' ति विविधार्थो विशेषार्थो वा विशब्दः उच्छब्दो भृशार्थः सृजामि–त्यजामीत्यर्थः, विविधं विशेषेण वा भृशं त्यजामि व्युत्सृजामि, एवं तावत्पदार्थपदविग्रहौ यथासम्भवमुक्तौ, अधुना चालनाप्रत्यवस्थाने वक्तव्ये, तदत्रान्तरे सूत्रस्पर्शनिर्युक्तिरुच्यते, स्वस्थानत्वात्, आह च निर्युक्तिकारः–

કે શરીરમાંથી કેટલાક પુદ્ગલોનો સતત નાશ થયા કરે છે. (૪) હવે કાય શબ્દના અર્થ તરીકે પુદ્ગલોનું અવયવોને વિશે સમાધાન=જોડાણ અર્થ વિચારીએ ત્યારે શરીરમાં જ કેટલાક પુદ્ગલોનું હાથ-પગરૂપ અવયવોમાં જોડાણ થતું હોવાથી કાય તરીકે શરીર અર્થ થાય છે. (ટૂંકમાં કાય એટલે શરીર કારણ કે (૧) તેમાં જીવનો નિવાસ થતો હોવાથી, (૨) તેમાં કેટલાક પુદ્ગલોનો ઉપચય થતો હોવાથી, (૩) તેમાંથી કેટલાક પુદ્ગલોનો સતત ક્ષય થવાથી, (૪) તે શરીરમાં જુદા જુદા અવયવરૂપે પુદ્ગલોનું જોડાણ થતું હોવાથી.) તે કાય પણ નામાદિ ચાર પ્રકારે છે. તેમાં જે ઔદારિકાદિશરીર યોગ્ય પુદ્ગલો જીવવડે ગ્રહણ કરાયા નથી તે, તથા જીવવડે જે પુદ્ગલો મુકાઈ ગયા છે, પણ હજુ શરીરત્વરૂપ પરિણામ મુકાયો નથી એવા પુદ્ગલો દ્રવ્યકાય જાણવા. ભાવકાય તરીકે તે જાણવા કે જે પુદ્ગલો શરીરત્વપરિણામને પામેલા છે, જીવવડે ગ્રહણ કરાયેલા છે અને જીવ સાથે જોડાયેલા છે. આ પ્રમાણે 'ત્રિવિધ' શબ્દનો અર્થ કહ્યો. સાધનભૂત એવા આ ત્રિવિધવડે પૂર્વે કહેલાં ત્રિવિધ સાવદ્યયોગને હું કરીશ નહિ, કરાવીશ નહિ અને કરતાની અનુમોદના કરીશ નહિ.

'तस्य' એટલે તે સાવદ્ય યોગનું, 'ભયાન્ત' શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. 'प्रतिक्रमामि' એટલે તે સાવદ્યયોગથી હું પાછો ફરું છું, નિંદું છું, ગર્હા કરું છું, અહીં આત્મસાક્ષિકી નિંદા જાણવી અને ગુરુસાક્ષિકી ગર્હા જાણવી. (અર્થાત્ આત્મસાક્ષિએ નિંદા કરુ છું, ગુરુ સમક્ષ ગર્હા છું.) કોની નિંદા-ગર્હા કરું છું ? ભૂતકાળમાં સાવદ્યયોગ કરનારા એવા આત્માની નિંદા-ગર્હા કરું છું. 'व्युत्सृजामि' અહીં વિશબ્દ વિવિધ અર્થમાં અથવા વિશેષ અર્થમાં જાણવો, ઉત્ શબ્દ અત્યંત અર્થમાં જાણવો, અને 'સૃજામિ' એટલે હું ત્યાગ કરું છું. તેથી વિવિધ રીતે અથવા વિશેષથી અત્યંત આત્માનો ત્યાગ કરું છું. આ પ્રમાણે જ્યાં જેનો સંભવ હતો ત્યાં તે રીતે પદાર્થ અને પદવિગ્રહ કહ્યા. હવે પ્રશ્ન અને ઉત્તર કહેવા યોગ્ય છે. તે પહેલાં સૂત્રસ્પર્સિકનિર્યુક્તિનું પોતાનું સ્થાન (એટલે કે અહીં તેનો અવસર) હોવાથી તે કહેવાય છે ⇨

**अक्खलिअसंहिआई वक्खाणचउक्कए दरिसिअंमि ।**
**सुत्तप्फासिअनिज्जुत्तिवित्थरत्थो इमो होइ ॥१०१५॥**

व्याख्या : 'अक्खलिआइ'त्ति अस्खलितादौ सूत्र उच्चरिते, तथा संहितादौ व्याख्यानचतुष्टये दर्शिते सति, किं ?—सूत्रस्पर्शनिर्युक्तिविस्तरार्थः अयं भवतीति गाथार्थः ॥१०१५॥

**करणे १ भए अ २ अंते ३ सामाइअ ४ सव्वए अ ५ वज्जे अ ६ ।**
**जोगे ७ पच्चक्खाणे ८ जावज्जीवाइ ९ तिविहेणं १० ॥१०१६॥**

व्याख्या : करणं भयं च अन्तः सामायिकं सर्वं च वर्जं च योगः प्रत्याख्यानं यावज्जीवया त्रिविधेनेति पदानि, पदार्थं तु भाष्यगाथाभिर्न्यक्षेण प्रतिपादयिष्यतीति गाथासमासार्थः ॥१०१६॥

साम्प्रतं करणनिक्षेपं प्रदर्शयन्नाह –

**नामं १ ठवणा २ दविए ३ खित्ते ४ काले ५ तहेव भावे अ ६ ।**
**एसो खलु करणस्सा निक्खेवो छव्विहो होइ ॥१५२॥ ( भा० )+**

व्याख्या : अक्षरगतं पदार्थमात्रमधिकृत्य निगदसिद्धा, साम्प्रतं द्रव्यकरणप्रतिपादनायाऽऽह–

**जाणगभविअइरित्तं सन्ना नोसन्नओ भवे करणं ।**
**सन्ना कडकरणाई नोसन्ना वीससपओगे ॥१५३॥ ( भा० )**

व्याख्या : इह यथासम्भवं द्रव्यस्य द्रव्येण द्रव्ये वा करणं द्रव्यकरणं, तच्च नोआगमतो

---

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અસ્ખલિત વિગેરે ગુણોથી યુક્ત સૂત્રનું ઉચ્ચારણ કર્યા પછી તથા સંહિતાદિ વ્યાખ્યાના ચાર પ્રકાર બતાવ્યા પછી સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો આ પ્રમાણે વિસ્તારાર્થ કરાય છે. ॥૧૦૧૫॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કરણ, ભય, અંત, સામાયિક, સર્વ, વર્જ્ય, યોગ, પ્રત્યાખ્યાન, યાવજ્જીવ, ત્રિવિધ આટલા પદો છે. દરેક પદોનો અર્થ ભાષ્યગાથાઓવડે વિસ્તારથી પ્રતિપાદન કરાશે. ॥૧૦૧૬॥

**અવતરણિકા :** હવે કરણશબ્દના નિક્ષેપને બતાવતા કહે છે ⇨

**ગાથાર્થ : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ આ છ પ્રકારના કરણના નિક્ષેપા છે.**

**ટીકાર્થ :** અક્ષરસંબંધી પદાર્થમાત્રને આશ્રયી આ ગાથા સુગમ છે. (અર્થાત્ ગાથાના શબ્દોના અર્થો સુગમ છે. તેમાં નામ કરણ અને સ્થાપના કરણ સુગમ હોવાથી) હવે દ્રવ્યકરણનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ : જાણક અને ભવ્યથી વ્યતિરિક્ત એવું કરણ સંજ્ઞા અને નોસંજ્ઞાભેદથી બે પ્રકારે છે. સાદડીનું કરવું વિગેરે સંજ્ઞા કરણ છે અને નોસંજ્ઞાકરણ બે પ્રકારે છે – પ્રયોગથી અને વિસ્રસા પરિણામથી.**

**ટીકાર્થ :** અહીં યથાસંભવ દ્રવ્યનું, દ્રવ્યવડે કે દ્રવ્યને વિશે જે કરણ તે દ્રવ્યકરણ. તે દ્રવ્યકરણ

---

+ निर्युक्तिगाथा इत्यपि.

ज्ञभव्यातिरिक्तं संज्ञा नोसंज्ञातो भवेत् करणं, एतदुक्तं भवति–ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तं द्रव्यकरणं द्विधा–संज्ञाकरणं नोसंज्ञाकरणं च, तत्र संज्ञाकरणं कटकरणादि, आदिशब्दात् पेलुकरणादिपरिग्रहः, पेलुशब्देन रूतपूणिकोच्यते, अयमत्र भावार्थः–कटनिर्वर्तकमयोमयं चित्रसंस्थानं पोल्लकादि तथा रूतपूणिकानिर्वर्तकं शलाकाशल्यकाङ्गरूहादि संज्ञाद्रव्यकरणमन्वर्थोपपत्तेरिति, आह–इदं नामकरणमेव पर्यायमात्रतः संज्ञाकरणमिति न कश्चिद्विशेष इति, उच्यते, इह नामकरणमभिधानमात्रं गृह्यते, संज्ञाकरणं त्वन्वर्थतः संज्ञायाः करणं २, द्रव्यस्य संज्ञया निर्दिश्यमानत्वात्, तथा च भाष्यकारेणाप्येतदेवाभ्यधायि–"सँन्ना णामंति मई तं णो णामं जमभिधाणं ॥१॥ जं वा तदत्थविकले कीरइ दव्वं तु दवणपरिणामं । पेलुक्करणाइ न हि तं तयत्थसुण्णं ण वा सद्दो ॥२॥ जइ ण

નોઆગમથી જ્ઞશરીર-ભવ્યશરીરથી વ્યતિરિક્ત બે પ્રકારનું છે - સંજ્ઞાકરણ અને નોસંજ્ઞાકરણ. તેમાં સાદડી બનાવવાનું સાધન વિગેરે સંજ્ઞાકરણ જાણવું. અહીં આદિશબ્દથી પેલુકરણાદિ લેવું. પેલુ એટલે રૂની પૂણી, તે રૂની પૂણી માટેનું સાધન એ સંજ્ઞાકરણ છે. ભાવાર્થ આ પ્રમાણે જાણવો - સાદડીને બનાવવા માટેનું લોખંડનું, જુદા જુદા આકારવાળું પોલ્લકાદિ તથા રૂની પૂણીઓ બનાવવા માટેની વાંસમાંથી બનેલી સળી, તથા શલ્યકાંગરુહ (એક સાધનવિશેષ) એ સંજ્ઞાદ્રવ્યકરણ જાણવું, કારણ કે (જેનાવડે કરાય તે કરણ એ પ્રમાણે કરણશબ્દનો) અન્વર્થ અહીં ઘટે છે.

**શંકા :** સંજ્ઞાશબ્દ નામશબ્દનો પર્યાયવાચી શબ્દ જ છે. તેથી સંજ્ઞાકરણ એ નામકરણ જ છે. માત્ર પર્યાયથી જ અહીં સંજ્ઞાકરણ કહેવાય છે, કંઈ ભેદ તો છે જ નહિ.

**સમાધાન :** નામકરણ તરીકે અહીં 'કરણ' એ પ્રમાણે ત્રણ અક્ષરાત્મક અભિધાન જ જાણવાનું છે. જ્યારે સંજ્ઞાકરણ એ નામમાત્રથી નહિ પણ અન્વર્થથી જાણવાનું છે. તે આ પ્રમાણે કે - સંજ્ઞાનું કરણ તે સંજ્ઞાકરણ, સંજ્ઞાવડે દ્રવ્યનો જ નિર્દેશ કરેલો છે. (એટલે કે સંજ્ઞાવડે દ્રવ્યનું પ્રતિપાદન કરેલું હોવાથી દ્રવ્યને વિશે 'કરણ' એ પ્રમાણેની સંજ્ઞાનું કરવું તે સંજ્ઞાકરણ જાણવું. આમ નામકરણ એ અન્વર્થરહિત અને સંજ્ઞાકરણ એ અન્વર્થયુક્ત હોવાથી બંનેમાં તફાવત છે.)

આ જ વાત ભાષ્યકારે પણ કહી છે - ' સંજ્ઞા એ નામ જ છે એ પ્રમાણે જો તારી મતિ હોય, તો તે ખોટી છે કારણ કે નામ તરીકે અભિધાન લેવાનું છે ॥૧॥ અથવા કરણશબ્દના અર્થથી રહિત વસ્તુમાં 'કરણ' એ પ્રમાણે જે નામ કરાય છે તે નામકરણ કહેવાય છે. જ્યારે તે તે પર્યાયોના પરિણામવાળું પેલુકરણાદિ દ્રવ્ય એ 'કરણ' શબ્દના અર્થથી રહિત નથી કે તે શબ્દાત્મક પણ નથી (તેથી તે દ્રવ્ય સંજ્ઞાકરણ છે પણ નામકરણ નથી.) ॥૨॥ પૂર્વપક્ષ – જો તે પેલુકરણાદિ તદર્થથી રહિત નથી તો તેને દ્રવ્યકરણ શા માટે કહો છો ? ભાવકરણ કેમ કહેતા નથી ? સમાધાન :- કારણ કે તેનાથી દ્રવ્ય બનાવાય છે. તેથી જેનાથી દ્રવ્ય બનાવાય તે દ્રવ્યકરણ એ પ્રમાણેની વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને તે દ્રવ્યકરણ કહેવાય છે. પૂર્વપક્ષ - વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને ભલે તમે તેને

૭૪. संज्ञा नामेति मतिः तन्नो नाम यदभिधानम् ॥१॥ यद्वा तदर्थविकले क्रियते द्रव्यं तु द्रवणपरिणामः । पेलुकरणादि न हि तत्तदर्थशून्यं न वा शब्दः ॥२॥ यदि न ★पाइल्लकादिः ।

तदत्थविहीणं तो किं दव्वंकरणं ? जओ तेणं । दव्वं कीरइ सण्णाकरणंति य करणरूढिओ ॥३॥" 'नोसंज्ञे' ति नोसंज्ञाद्रव्यकरणं, तच्च द्विधा—प्रयोगतो विश्रसातश्च, अत एवाह—वीससपओगेत्ति गाथार्थः ॥ तत्र विश्रसाकरणं द्विप्रकारं—साद्यनादिभेदात्, अत एवाह ग्रन्थकारः—

**वीससकरणमणाई धम्माईण पर पच्चयाजो( यज्जो ) गा ।**
**साई चक्खुप्फासिअमब्भाइमचक्खुमणुमाई ॥१५४॥ भा०**

व्याख्या : विश्रसा स्वभावो भण्यते तेन करणं विश्रसाकरणम्, इह च 'कृत्यल्युटो बहुल' (पा० ३–३–११३) मिति वचनात् करणादिषु यथाप्रयोगमनुरूपार्थः करणशब्दोऽवसेय इति, 'अनादि' आदिरहितं 'धर्मादीना'मिति धर्माधर्माकाशस्तिकायानामन्योऽन्यसमाधानं करणमिति गम्यते, आह—करणशब्दस्तावदपूर्वप्रादुर्भावे वर्तते, ततश्च करणं चानादि चेति विरुद्धम्, उच्यते,

દ્રવ્યકરણ કહો પરંતુ, સંજ્ઞાકરણ કઈ વિવક્ષાથી કહો છો ? સમાધાન : કરણરૂઢિથી એટલે કે, પેલુકરણાદિની કેટલાક દેશોમાં 'કરણ' એ પ્રમાણેની સંજ્ઞા રૂઢ છે તેથી તે રૂઢિને આશ્રયી સંજ્ઞાથી વિશિષ્ટ એવું જે કરણ તે સંજ્ઞાકરણ કહેવાય છે. ॥૩॥ (વિ.આ.ભા. ૩૩૦૪-૫-૬)

નોસંજ્ઞાદ્રવ્યકરણ બે પ્રકારે છે - પ્રયોગથી અને વિશ્રસાથી (કુદરતી રીતે.) આથી જ મૂળમાં કહ્યું છે - 'વિશ્રસાપ્રયોગ.' તેમાં વિશ્રસાકરણ સાદિ અને અનાદિ એમ બે પ્રકારે છે. આથી જ ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ધર્માસ્તિકાયાદિનું વિશ્રસાકરણ અનાદિ છે. અથવા પરપ્રત્યયના યોગથી ધર્માસ્તિકાયાદિમાં તે તે યોગ્યતાનું કરણ અનાદિ વિશ્રસાકરણ છે. અભ્રાદિ ચાક્ષુષવિશ્રસાકરણ અને અણુ વગેરે અચાક્ષુષવિશ્રસાકરણ સાદિ છે.**

**ટીકાર્થ :** વિશ્રસા એટલે સ્વભાવ, આ સ્વભાવવડે જે કરણ તે વિશ્રસાકરણ (અર્થાત્ કુદરતી રીતે થવું.) અહીં 'कृत्यल्युटो बहुलं' (ल्युट् = अन (अनट्) પ્રત્યય કે જે પ્રયોગાનુસારે જુદા જુદામાં અર્થોમાં લાગી શકે છે.) આ સૂત્રથી કરણ-સંપ્રદાન-અપાદાન વિગેરેમાં પ્રયોગ પ્રમાણે અનુરુપ અર્થવાળો કરણ શબ્દ જાણવા યોગ્ય છે. (અર્થાત્ જેનાવડે કરાય તે કરણ. અહીં આ રીતે પ્રયોગ કરતાં કરણશબ્દથી સાધન-અર્થ લેવાય, આ રીતે જુદા જુદા પ્રયોગથી 'કરણ' શબ્દના જુદા જુદા અર્થો પ્રાપ્ત થાય છે કારણ કે ઉપરોક્ત સૂત્રથી તે બધાં અર્થોમાં 'कृ' ધાતુને अन (अनट्)-પ્રત્યય લાગતા કરણશબ્દ બને છે. અહીં પ્રસ્તુતમાં કરવું તે કરણ અર્થાત્ એકબીજા સાથે સંયુક્ત થઈને રહેવું તે કરણ એ પ્રમાણે ભાવ-અર્થમાં કરણ શબ્દ જાણવો.) ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય વિગેરેનું એક બીજા સાથે જે સંયુક્ત થઈને રહેવું તે ધર્માસ્તિકાયાદિનું અનાદિ વિશ્રસાકરણ જાણવું.

**શંકા :** કરણ એટલે તદ્દન નવી વસ્તુની ઉત્પત્તિ થવી અને તમે તો અનાદિ એવું કરણ કહો છો, તો એ કેવી રીતે ઘટે ? કારણ કે કરણ અને અનાદિ એ બે શબ્દો જ પરસ્પર વિરોધી છે.

७५. तदर्थविहीनं तदा किं द्रव्यकरणं ? यतस्तेन । द्रव्यं क्रियते संज्ञाकरणमिति च करणरूढेः ॥३॥

नावश्यमपूर्वप्रादुर्भाव एव, किं तर्हि ?, अन्योऽन्यसमाधानेऽपीति न दोषः, अथवा 'परप्रत्यययोगा'दिति परवस्तुप्रत्ययभावाद्धर्मास्तिकायादीनां तथा तथा योग्यताकरणमिति, एवमप्यनादित्वं विरुध्यत इति चेत्, न, अनन्तशक्तिप्रचितद्रव्यपर्यायोभयरूपत्वे सति वस्तुनो द्रव्यादेशेनाविरोधादित्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते, गमनिकामात्रत्वात् प्रारम्भस्येति, अथवा परप्रत्यययोगात् तत्तत्पर्यायभवनं साद्येव करणं, देवदत्तादिसंयोगाद्धर्मादीनां विशिष्टपर्याय इत्यर्थः, एवमरूपिद्रव्याण्यधिकृत्योक्तं साद्यमनाद्यं च विश्रसाकरणम्, अधुना रूपिद्रव्याण्यधिकृत्य साद्येव चाक्षुषेतरभेदमाह–सादि चक्षुःस्पर्शं चाक्षुषमित्यर्थः, अभ्रादि, आदिशब्दात् शक्रचापादिपरिग्रहः, 'अचक्खु'त्ति अचाक्षुष-मण्वादि, आदिशब्दात् द्व्यणुकादिपरिग्रहः, करणता चेह कृतिः करणमितिकृत्वा, अन्यथा वा स्वयं बुद्ध्या योजनीयेति गाथार्थः ॥

चाक्षुषाचाक्षुषभेदमेव विशेषेण प्रतिपादयन्नाह –

**સમાધાન :** કરણ એટલે નવી વસ્તુની ઉત્પત્તિ થવી એટલો જ અર્થ નથી પરંતુ આ કરણ શબ્દ 'એકબીજા સાથે સંયુક્તભાવે રહેવું' એવા અર્થમાં પણ વર્તે છે. તેથી કોઈ દોષ નથી. અથવા પરવસ્તુના પ્રત્યયથી એટલે કે સહકારી વસ્તુના યોગથી ધર્માસ્તિકાયાદિમાં તે તે રૂપે યોગ્યતાનું કરણ તે અનાદિ વિશ્રસાકરણ જાણવું. (અર્થાત્ પુદ્ગલ ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાયાની તેને સહાય કરવા રૂપ યોગ્યતા થવી તે વિશ્રસાકરણ જાણવું.)

**શંકા :** જો આ રીતે વિશ્રસાકરણ માનીએ તો (ધર્માસ્તિકાયાદિ) અનાદિ કહેવાશે નહીં.

**સમાધાન :** આ આપત્તિ આવશે નહીં, કારણ કે દરેક વસ્તુ અનંતશક્તિથી યુક્ત તથા દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ છે. તેથી દ્રવ્યાસ્તિકનયે ધર્માસ્તિકાયાદિ અનાદિ અને પર્યાયાસ્તિકમતે સાદિ માનવામાં કોઈ વિરોધ નથી. આ વિષયમાં ઘણું કહેવાનું છે, છતાં ગ્રંથની રચનામાં વ્યાખ્યા જ મુખ્ય હોવાથી વધુ વિસ્તાર કરાતો નથી.

અથવા પર વસ્તુના યોગથી ધર્માસ્તિકાયાદિનું તે તે પર્યાયરૂપે થવું તે સાદિકરણ જાણવું, અર્થાત્ દેવદત્તાદિના સંયોગથી ધર્માસ્તિકાયાદિનો વિશિષ્ટ પર્યાય તે સાદિકરણ જાણવું. આ પ્રમાણે અરૂપિ દ્રવ્યોને આશ્રયીને સાદિ અને અનાદિ એવું વિશ્રસાકરણ કહ્યું. હવે રૂપિદ્રવ્યોને આશ્રયીને સાદિ વિશ્રસાકરણ કહેવાય છે. તે ચાક્ષુષ અને અચાક્ષુષ એમ બે ભેદવાળું છે. - ચક્ષુના સ્પર્શવાળું (એટલે કે ચક્ષુથી દેખાય તેવું જે હોય) તે ચાક્ષુષ કહેવાય છે. વાદળો વિગેરે સાદિ ચાક્ષુષ વિશ્રસાકરણ છે. અહીં આદિશબ્દથી ઇન્દ્રધનુષાદિ લેવા. અણુ વિગેરે અચાક્ષુષ વિશ્રસાકરણ છે. (વિશેષ અર્થ આગળની ગાથામાં કહેશે.) આદિશબ્દથી દ્વ્યણુકાદિ લેવા. તે તે રૂપે થવું તે કરણ આ પ્રમાણેના વ્યુત્પત્તિ અર્થને આશ્રયી વાદળોમાં કરણતા રહેલી છે. અથવા સ્વયં પોતાની બુદ્ધિ વડે બીજી રીતે પણ કરણતા જોડવા યોગ્ય છે. ॥૧૫૪॥

**અવતરણિકા :** ચાક્ષુષ અને અચાક્ષુષ ભેદોનું જ વિશેષથી પ્રતિપાદન કરતાં કહે છે ⇨

**संघायभेअतदुभयकरणं इंदाउहाइ पच्चक्खं ।**
**दुअअणुमाईणं पुण छउमत्थाईणऽपच्चक्खं ॥१५५॥ ( भा० )**

व्याख्या : सङ्घातभेदतदुभयैः करणं संघातभेदतदुभयकरणम् इन्द्रायुधादिस्थूलमनन्तपुद्गलात्मकं प्रत्यक्षं, चाक्षुषमित्यर्थः, द्व्यणुकादीनाम्, आदिशब्दात्तथाविधानन्ताणुकान्तानां पुनः करणमिति वर्तते, किं ?, छद्मस्थादीनाम् आदिशब्दः स्वगतानेकभेदप्रतिपादनार्थ इति, अप्रत्यक्षम्—अचाक्षुषमिति गाथार्थः ॥

उक्तं विश्रासाकरणम्, अधुना प्रयोगकरणं प्रतिपादयन्नाह—

**जीवमजीवे पाओगिअं च चरमं कुसुंभरागाई ।**
**जीवप्पओगकरणं मूले तह उत्तरगुणे अ ॥१५६॥ ( भा० )**

व्याख्या : इह प्रायोगिकं द्वेधा—जीवप्रायोगिकमजीवप्रायोगिकं च, प्रयोगेन निर्वृत्तं प्रायोगिकं, चरमम्—अजीवप्रयोगकरणं कुसुम्भरागादि, आदिशब्दाच्छेषवर्णादिपरिग्रहः ॥ एवं तावदल्पवक्तव्यत्वादभिहितमोघतोऽजीवप्रयोगकरणमिति, अधुना जीवप्रयोगकरणमाह—जीवप्रयोगकरणं द्विप्रकारं—

**ગાથાર્થ : છદ્મસ્થોને ઇન્દ્રધનુષાદિરૂપ સંઘાત-ભેદ-તદુભયકરણ ચાક્ષુષકરણ જાણવું. વળી દ્વયણુકાદિનું (કરણ) અપ્રત્યક્ષ = અચાક્ષુષ જાણવું.**

**ટીકાર્થ :** સંઘાત (ભેગું થવું), ભેદ (છૂટા પડવું) અને તદુભય (સંઘાત-ભેદ ઉભય)વડે જે કરણ=થવું, તે સંઘાતભેદતદુભયકરણ કહેવાય છે. અનંત પુદ્ગલાત્મક સ્થૂલ એવું ઇન્દ્રધનુષાદિ એ સંઘાતભેદતદુભય કરણ જાણવું. (તે આ રીતે કે - આવા ઇન્દ્રધનુષમાં કો'ક સ્થાને પુદ્ગલો આવીને જોડાય છે. કો'ક સ્થાનેથી પુદ્ગલો છૂટા પડે છે. વળી કો'ક પ્રદેશમાં સંઘાત-ભેદ બંને થાય છે. તેથી ઇન્દ્રધનુષાદિ સંઘાતભેદતદુભયાત્મક કરણ કહેવાય છે.) આ કરણ છદ્મસ્થજીવોને પ્રત્યક્ષ = ચાક્ષુષ હોય છે. દ્વયણુકાદિનું, અહીં 'આદિ' શબ્દથી તેવા પ્રકારના અનંત અણુઓવાળા સ્કંધોનું જે કરણ, તે છદ્મસ્થાદિજીવોને અપ્રત્યક્ષ = અચાક્ષુષ હોય છે. 'છદ્મસ્થાદિ' અહીં રહેલ 'આદિ' શબ્દ સ્વગત અનેકભેદનું પ્રતિપાદન કરવા માટે છે. (અર્થાત્ છદ્મસ્થજીવોના અનેક પ્રકાર જણાવનારો છે. આવા અનેક પ્રકારના છદ્મસ્થજીવોને દ્વયણુકાદિથી લઈ અનંત અણુઓવાળા સ્કંધો સુધીનું કરણ અપ્રત્યક્ષ હોય છે.) ॥૧૫૫॥

**અવતરણિકા :** વિશ્રસાકરણ કહ્યું, હવે પ્રયોગકરણનું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

**ગાથાર્થ : જીવપ્રાયોગિક અને અજીવપ્રાયોગિક એ બે પ્રકારે પ્રયોગકરણ છે. તેમાં કુસુંભરાગાદિ ચરમ = અજીવપ્રાયોગિક જાણવું. જીવપ્રાયોગિક કરણ બે પ્રકારે છે. મૂલગુણકરણ અને ઉત્તરગુણકરણ.**

**ટીકાર્થ :** પ્રયોગવડે જે થયેલું હોય તે પ્રાયોગિક કહેવાય છે. તે બે પ્રકારે છે — જીવ પ્રાયોગિક (જીવના વ્યાપારથી થયેલું હોય) અને અજીવપ્રાયોગિક (અજીવના વ્યાપારથી થયેલું હોય.) તેમાં ચરમ = અજીવપ્રાયોગિક તરીકે કુસુંભરાગ વિગેરે જાણવું. 'આદિ' શબ્દથી શેષ વર્ણાદિ જાણવા. (આનો ભાવાર્થ આગળની ગાથામાં બતાવશે.) આ પ્રમાણે ઓછું કહેવાનું હોવાથી પ્રથમ સામાન્યથી અજીવપ્રયોગકરણ કહ્યું. હવે જીવપ્રયોગકરણ કહે છે — જીવપ્રયોગકરણ બે પ્રકારે

'मूल' इति मूलगुणकरणं, तथा 'उत्तरगुणे च' उत्तरगुणकरणं चेति गाथासमासार्थः ॥

व्यासार्थं तु ग्रन्थकार एव वक्ष्यति, तत्राल्पवक्तव्यत्वादेवाजीवप्रयोगकरणमादावेवाभिधित्सुराह—

**जं जं निज्जीवाणं कीरइ जीवप्पओगओ तं तं ।**
**वन्नाइ रूवकम्माइ वावि अज्जीवकरणं तु ॥१५७॥ ( भा० )**

व्याख्या : यद् यन्निर्जीवानां पदार्थानां क्रियते—निर्वर्त्यते 'जीवप्रयोगतो' जीवप्रयोगेण तत्तद्वर्णादि कुसुम्भादेः रूपकर्मादि वा कुट्टिमादौ अजीवविषयत्वात्तदजीवकरणमित्ति गाथार्थः ॥

**जीवप्पओगकरणं दुविहं मूलप्पओगकरणं च ।**
**उत्तरपओगकरणं पंच सरीराइं पढमंमि ॥१५८॥ ( भा० )**

व्याख्या : जीवप्रयोगकरणं 'द्विविधं' द्विप्रकारं—मूलप्रयोगकरणमुत्तरप्रयोगकरणं च, चशब्दस्य व्यवहित उपन्यासः, पञ्च शरीराणि 'प्रथमं' मूलप्रयोगकरणमिति गाथार्थः ॥

**ओरालियाइआइं ओहेणिअरं पओगओ जमिह ।**
**निप्फण्णा निप्फज्जइ आइल्लाणं च तं तिण्हं ॥१५९॥ ( भा० )**

व्याख्या : औदारिकादीनि, आदिशब्दाद्वैक्रियाहारकतैजसकार्मणशरीरपरिग्रहः, 'ओधेन' इति सामान्येन, 'इतरत्' उत्तरप्रयोगकरणं गृह्यते, तल्लक्षणं चेदं—'प्रयोगतः' प्रयोगेणैव यद् 'इह' लोके

છે - મૂલગુણકરણ અને ઉત્તરગુણકરણ. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૫૬॥

**અવતરણિકા :** વિસ્તારથી અર્થને ગ્રંથકારશ્રી પોતે જ આગળ કહેશે. તેમાં અલ્પ કથન કરવાનું હોવાથી પ્રથમ અજીવપ્રયોગકરણને જ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જીવના પ્રયોગવડે નિર્જીવ પદાર્થોમાંથી જે જે બનાવાય છે. જેમ કે, કુસુંભ વિગેરે પુષ્પોમાંથી રંગ બનાવવા અથવા જમીન વિગેરે ઉપર ચિત્રો દોરવા, આ બધું અજીવમાંથી બનતું હોવાથી તે રંગ, ચિત્રો વિગેરે અજીવકરણ છે. ॥૧૫૭॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જીવપ્રયોગકરણ બે પ્રકારે છે - મૂલપ્રયોગકરણ અને ઉત્તરપ્રયોગકરણ. મૂળગાથામાં 'च' શબ્દ મૂલપ્રયોગકરણ પછી આપેલો છે. તે તેના બદલે ઉત્તરપ્રયોગકરણ શબ્દ પછી જોડવો. મૂલપ્રયોગકરણમાં પાંચ શરીરો જાણવા. (અર્થાત્ જીવ પોતાના પ્રયોગવડે જે ઔદારિકાદિ શરીરો રચે છે તે શરીરો મૂલપ્રયોગકરણ કહેવાય છે.) ॥૧૫૮॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઔદારિકાદિ, અહીં 'આદિ' શબ્દથી વૈક્રિયાદિ શેષ શરીરો લેવા. તેથી ઔદારિકાદિ પાંચ શરીરો સામાન્યથી મૂલપ્રયોગકરણ છે. જ્યારે ઇતર, અહીં 'ઇતર' શબ્દથી ઉત્તરપ્રયોગકરણ લેવાનું છે. (આ ઉત્તરપ્રયોગકરણ તરીકે શું લેવું ? તે કહે છે -) તે ઉત્તરપ્રયોગકરણનું લક્ષણ આ પ્રમાણે છે - આ લોકમાં મૂલપ્રયોગવડે બનેલા એવા શરીરોમાંથી જીવના પ્રયોગવડે જે બને

निष्पन्नान्मूलप्रयोगेण निष्पद्यत इति 'तद्' उत्तरकरणं, आद्यानां च तत् त्रयाणाम्, एतदुक्तं ( ग्रं ११५०० ) भवति–पञ्चानामौदारिकादिशरीराणामाद्यं सङ्घातकरणं मूलप्रयोगकरणमुच्यते, अङ्गोपाङ्गादिकरणं तूत्तरकरणमौदारिकादीनां त्रयाणां, न तु तैजसकार्मणयोः, तदसम्भवादिति गाथार्थः ॥१५९॥

तत्रौदारिकादीनामष्टाङ्गानि मूलकरणानि, तानि चामूनि—

**सीस १ मुरो २ दर ३ पिट्ठी ४ दो बाहू ६ ऊरुआ य ८ अट्ठंगा ।**

**अंगुलिमाइ उवंगा अंगोवंगाणि सेसाणि ॥१६०॥ ( भा० )**

व्याख्या : निगदसिद्धा, नवरमङ्गोपाङ्गानि 'शेषाणि' करपादादीनि गृह्यन्ते ॥ किञ्च—

**केसाईउवरयणं उरालविउव्वि उत्तरं करणं ।**

**ओरालिए विसेसो कन्नाइविणट्ठसंठवणं ॥१६१॥ ( भा० )**

व्याख्या : 'केशाद्युपरचनं' केशादिनिर्माणसंस्कारौ, आदिशब्दान्नखदन्ततद्रागादिपरिग्रहः औदारिकवैक्रिययोरुत्तरकरणं, यथासम्भवं चेह योजना कार्येति, तथौदारिके विशेष उत्तरकरणे इति, कर्णादिविनष्टसंस्थापनं, नेदं वैक्रियादौ, विनाशाभावाद्, विनष्टस्य च सर्वथा विनाशेन संस्थापनाभावादिति गाथार्थः ॥ इत्थंभूतमुत्तरकरणमाहारके नास्ति, गमनागमनादि तु भवति,

છે તે ઉત્તરપ્રયોગકરણ કહેવાય છે. તે ઉત્તરપ્રયોગકરણ પ્રથમ ત્રણ શરીરોમાંથી થાય છે એમ જાણવું. કહેવાનો ભાવાર્થ એ છે કે – ઔદારિકાદિ પાંચે શરીરોનું (ભવાન્તરમાં ઉત્પત્તિ થયા પછી પ્રથમ વખત પુદ્ગલોને ગ્રહણ કરવારૂપ જે) સંઘાતકરણ છે તે મૂલપ્રયોગકરણ કહેવાય છે. ઔદારિકાદિ ત્રણ શરીરોમાં જ અંગોપાંગાદિની રચના તે ઉત્તરકરણ કહેવાય છે. તૈજસ અને કાર્મણ શરીરમાં અંગોપાંગ ન હોવાથી તેઓનું ઉત્તરકરણ હોતું નથી. ॥૧૫૯॥

**અવતરણિકા :** તેમાં ઔદારિકાદિના આઠ અંગો મૂલકરણ છે. તે આ છે ⇨

**ગાથાર્થ : મસ્તક, છાતી, પેટ, પીઠ, બે બાહુ, અને બે સાથળ : આ આઠ અંગો છે. આંગળી વિગેરે ઉપાંગ છે અને શેષ અંગોપાંગ છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. માત્ર હાથ, પગ, નાક, કાન વિગેરે અંગોપાંગ તરીકે લેવા. ॥૧૬૦॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કેશાદિનું નિર્માણ, સંસ્કાર, આદિશબ્દથી નખ, દાંત, તેનો રંગ વિગેરે લેવા. આમ, કેશાદિનું નિર્માણ કરવું, કેશાદિનો સંસ્કાર કરવો એ ઔદારિક અને વૈક્રિય શરીરનું ઉત્તરકરણ છે. આ બે શરીરમાં યથાસંભવ યોજના કરવી. (અર્થાત્ કેશાદિનું નિર્માણ અને સંસ્કાર ઔદારિકનું ઉત્તરકરણ અને કેશાદિનું નિર્માણ જ, સંસ્કાર નહિ, એ વૈક્રિયનું ઉત્તરકરણ જાણવું. इति दीपिकायां) ઔદારિકશરીરના ઉત્તરકરણમાં આટલું વિશેષ છે કે નષ્ટ થયેલા કર્ણાદિનું જોડવું એ પણ ઔદારિકનું ઉત્તરકરણ છે. આ રીતનું ઉત્તરકરણ વૈક્રિયશરીરમાં થતું નથી કારણ કે તે શરીરમાંથી કર્ણાદિ વિનાશ થતાં નથી. જો વિનાશ થાય તો સર્વથા વિનાશ થતો હોવાથી તેનું ફરી જોડાણ થતું નથી. આ પ્રમાણે ગાથાર્થ કહ્યો. કેશાદિનું નિર્માણ કે સંસ્કારરૂપ ઉત્તરકરણ આહારકશરીરમાં હોતું નથી.

अथवेदमन्यादृक् त्रिविधं करणं, तद्यथा—सङ्घातकरणं परिशाटकरणं सङ्घातपरिशाटकरणं च, तत्राऽऽद्यानां शरीराणां तैजसकार्मणरहितानां त्रिविधमप्यस्ति, द्वयोस्तु चरमद्वयमेवेति, आह च—

आइल्लाणं तिण्हं संघाओ साडणं तदुभयं च ।
तेआकम्मे संघायसाडणं साडणं वावि ॥१६२॥ ( भा० )

व्याख्या : वस्तुतो व्याख्यातैवेति न व्याख्यायते ॥

साम्प्रतमौदारिकमधिकृत्य सङ्घातादिकालमानमभिधित्सुराह—

संघायमेगसमयं तहेव परिसाडणं उरालंमि ।
संघायणपरिसाडण खुड्डागभवं तिसमऊणं ॥१६३॥ ( भा० )

व्याख्या : 'सङ्घातम्' इति सर्वसङ्घातकरणमेकसमयं भवति, एकान्तादानस्यैकसामयिकत्वात्,

---

(કારણ કે કેશાદિનો અભાવ હોવા છતાં આ શરીર મનોહર લાગે છે. इति दीपिकायां) ગમન-આગમનરૂપ ઉત્તરકરણ હોય છે. અથવા બીજી રીતે ત્રિવિધ જીવપ્રયોગકરણ જાણવું - સંઘાતકરણ, પરિશાટકરણ (પુદ્ગલોનું ખરવું) અને સંઘાત-પરિશાટ ઉભય કરણ. તેમાં પહેલા ત્રણ શરીરમાં ત્રિવિધકરણ હોય છે. તૈજસ અને કાર્મણશરીરમાં છેલ્લા બે કરણો જ હોય છે. કહ્યું છે ➪

**ગાથાર્થ : પ્રથમ-ત્રણ શરીરોમાં સંઘાત, શાટન અને તદુભય હોય છે. તૈજસ અને કાર્મણમાં તદુભય અને શાટન હોય છે.**

**ટીકાર્થ :** વસ્તુતઃ આ ગાથાનો અર્થ પૂર્વે કહી જ દીધો હોવાથી અહીં કહેવાતો નથી. (ત્રણે કરણની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી - (૧) ઉત્પત્તિના પ્રથમ સમયે પુદ્ગલોનું જે ગ્રહણ તે સંઘાતકરણ, (૨) અંત સમયે પુદ્ગલોનું જે છોડવું તે શાટન, (૩) મધ્યમ સમયોમાં પુદ્ગલોનું ગ્રહણ અને મુંચન તે તદુભયકરણ જાણવું. જો કે પૂર્વે ગા. ૧૫૯ માં તૈજસ-કાર્મણશરીરનું સંઘાતકરણ કહ્યું છે અને અહીં તેનો નિષેધ કર્યો છે. તેથી સમાધાન આ સમજવું કે [ग] પૂર્વે જે કહ્યું તે વ્યક્તિઅપેક્ષાએ કહ્યું છે, અર્થાત્ મનુષ્યાદિભવમાં ઉત્પન્ન થતાં જે તદ્યોગ્યપુદ્ગલગ્રહણ કરે છે, તે તદ્ભવની અપેક્ષાએ તૈજસ-કાર્મણનું પ્રથમ સંઘાતકરણ કહેવાય છે. જ્યારે અહીં જે નિષેધ કર્યો છે તે પૂર્વભવસંબંધી શરીરને સર્વથા છોડીને આ ભવસંબંધી શરીરના પુદ્ગલોને ગ્રહણ કરવારૂપ એક સમયના સિદ્ધાંતપારિભાષિત સંઘાતકરણને આશ્રયીને નિષેધ કરેલ છે, કારણ કે તૈજસ-કાર્મણ પ્રવાહની અપેક્ષાએ અનાદિ હોવાથી સૈદ્ધાન્તિક સંઘાતકરણ ઘટે નહીં.)

**અવતરણિકા :** હવે ઔદારિકને આશ્રયીને સંઘાતાદિનું કાળમાન કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સર્વસંઘાતકરણ એક સમયનું હોય છે કારણ કે માત્ર ગ્રહણ જ થતું હોય એવો એક જ સમય હોય છે. (ત્યાર પછીના સમયથી ગ્રહણ-મોક્ષ ઉભય થાય છે.) અહીં ઘેબરનું દૃષ્ટાન્ત

**घृतपूपदृष्टान्तोऽत्र, यथा—घृतपूर्णप्रतप्तायां तापिकायां सम्पानकप्रक्षेपात् स पूपः प्रथमसमय एवैकान्तेन स्नेहपुद्गलानां ग्रहणमेव करोति, न त्यागम्, अभावाद्, द्वितीयादिषु तु ग्रहणमोक्षौ, तथाविधसामर्थ्ययुक्तत्वात्, पुद्गलानां च सङ्घातभेदधर्मत्वात्, एवं जीवोऽपि तत्प्रथमतयोत्पद्यमानः सन्नाद्यसमये औदारिकशरीरप्रायोग्याणां द्रव्याणां ग्रहणमेव करोति, न तु मुञ्चति, अभावाद्, द्वितीयादिषु तु ग्रहणमोक्षौ, युक्तिः पूर्ववत्, अतः सङ्घातमेकसमयमिति स्थितं, तथैव 'परिशाटन'मिति परिशाटनाकरणमेकसमयमिति वर्तते, सर्वपरिशाटस्याप्येकसामयिकत्वादेवेति, 'औदारिक' इत्यौदारिकशरीरे 'संघायणपरिसाडण'त्ति सङ्घातनपरिशाटनकरणं तु क्षुल्लकभवग्रहणं त्रिसमयोनं, तत् पुनरेवं भावनीयं—जघन्यकालस्य प्रतिपादयितुमभिप्रेतत्वात् विग्रहेणोत्पाद्यते, ततश्च द्वौ विग्रहसमयावेकः सङ्घातसमय इति, तैर्न्यूनं, तथा चोक्तम्—**

*"[७६]दो विग्गहंमि समया समयो संघायणाए तेहूणं ।*
*खुड्डागभवग्गहणं सव्वजहन्नो ठिई कालो ॥१॥"*

**इह च सर्वजघन्यमायुष्कं क्षुल्लकभवग्रहणं प्राणापानकालस्यैकस्य सप्तदशभाग इति, उक्तं**

---

જાણવું. તે આ પ્રમાણે કે - જેમ ઘીથી પૂર્ણ, તપાવેલી કઢાઈમાં નાંખતાની સાથે પુડલો પ્રથમ સમયે જ માત્ર ઘીના પુદ્ગલોને ગ્રહણ જ કરે છે, પણ ત્યાગ કરતો નથી કારણ કે ત્યાગ કરવા માટેના ઘીના પુદ્ગલો પ્રથમ સમયે પુડલા પાસે છે જ નહિ, જ્યારે બીજા વિગેરે સમયોમાં પુડલો તેવા પ્રકારના સામર્થ્યથી યુક્ત હોવાથી અને પુદ્ગલોનો ગલન-પૂરણનો સ્વભાવ હોવાથી ઘીના પુદ્ગલોનું ગ્રહણ અને ત્યાગ બંને કરે છે. એ પ્રમાણે જીવ પણ (તદ્ભવની અપેક્ષાએ) પ્રથમ વખત ઉત્પન્ન થતો પ્રથમ સમયે ઔદારિકશરીરને પ્રાયોગ્ય દ્રવ્યોનું ગ્રહણ જ કરે છે, ત્યાગ કરતો નથી, કારણ કે ત્યાજ્ય પુદ્ગલો જ નથી. બીજા વિગેરે સમયમાં ગ્રહણ-મોક્ષ ઉભય કરે છે. અહીં યુક્તિ દૃષ્ટાન્તમાં કહી તે પ્રમાણે જાણવી. તેથી સંઘાત એક સમયનો હોય છે એ વાત સ્થિર થઈ.

એ જ રીતે પરિશાટનાકરણ પણ એક સમયનું જ હોય છે, કારણ કે સર્વપરિશાટ પણ એક સમયનો જ છે. ઔદારિકશરીરમાં સંઘાત-પરિશાટ ઉભયકરણનો કાળ ત્રિસમયન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણ જાણવો. તે આ પ્રમાણે - અહીં જઘન્યકાળ બતાવવાનો છે. તેથી વિગ્રહગતિ વડે ઉત્પન્ન થતો જીવ લેવો. તેમાં બે સમય વિગ્રહગતિના અને એક સમય સંઘાતકરણનો. આમ આ ત્રણ સમયન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણ કાળ ઉભયનો જાણવો. (અમુક વિવક્ષાથી ભવના છેલ્લા સમયે પણ ઉભય જ માનેલ છે પણ માત્ર પરિશાટ નહિ તેથી તેનો સમય ન્યૂન કરેલ નથી.જે આગળ કહેશે.) કહ્યું છે - "બે વિગ્રહના સમયો અને એક સંઘાતનાનો સમય, આમ ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લકભવગ્રહણ સર્વજઘન્ય સ્થિતિકાળ જાણવો. ॥૧॥" (**વિ.આ.ભા.** ૩૩૧૮) અહીં સર્વ જઘન્ય આયુષ્ય ક્ષુલ્લકભવગ્રહણ એક શ્વાસોચ્છ્વાસનો સત્તરમો ભાગપ્રમાણ જાણવું. (અર્થાત્ એક શ્વાસોચ્છ્વાસમાં સત્તર વખત ક્ષુલ્લકભવો થાય છે. તેથી એક શ્વાસોચ્છ્વાસનો જેટલો કાળ થાય તેના સત્તરમા

---

**૭૬. द्वौ विग्रहे समयौ समयश्च संघातनायाः तैरूनम् । क्षुल्लकभवग्रहणं सर्वजघन्यः स्थितिकालः ॥१॥**

च भाष्यकारेण–[૭૭]*'खुड्डागभवग्गहणा सत्तरस हवंति आणपाणुंमि'*त्ति गाथार्थः ॥

**एयं जहन्नमुक्कोसयं तु पलिअत्तिअं तु समऊणं ।**
**विरहो अंतरकालो ओराले तस्सिमो होइ ॥१६४॥ ( भा० )**

व्याख्या : इदं जघन्यं सङ्घातादिकालमानम् उत्कृष्टं तु सङ्घातपरिशाटकरणकालमानमौदारिकमाश्रित्य पल्योपमत्रितयमेव समयोनम्, इयमत्र भावना–इहोत्कृष्टकालस्य प्रतिपाद्यत्वादयमविग्रहसमापन्नः इह भवात् परभवं गच्छन्निहभवशरीरशाटं कृत्वा परभवायुषस्त्रिपल्योपमकालस्य प्रथमसमये शरीरसङ्घातं करोति, ततो द्वितीयसमयादारभ्य सङ्घातपरिशाटोभयकाल इति, तेन सङ्घातनासमयेन ऊनं पल्योपमत्रयमिति, उक्तं च–[૭૮]"उक्कोसो समऊणो जो सो संघातणासमयहीणो। चोयग–किह न दुसमयविहूणो साडणसमएऽवणीयंमि ? ॥१॥ भण्णइ भवचरिमंमिवि समये संघातसाडणा चेव । परभवपढमे साडणमओ तदूणो ण कालोत्ति ॥२॥

ભાગમાં જેટલા સમયો થાય તેટલા સમયનો એક ક્ષુલ્લક ભવ થાય.) ભાષ્યકારે કહ્યું છે – "એક શ્વાસોચ્છ્વાસમાં સત્તર વખત ક્ષુલ્લકભવો થાય છે." ॥૧૬૩॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ જઘન્ય સંઘાતાદિનું કાળમાન કહ્યું. ઔદારિકશરીરને આશ્રયી સંઘાત–પરિશાટકરણનો ઉત્કૃષ્ટ કાળમાન સમયન્યૂન એવા ત્રણ પલ્યોપમ. ભાવાર્થ આ પ્રમાણે છે - અહીં ઉત્કૃષ્ટકાળ બતાવવાનો હોવાથી વિગ્રહગતિ વિના આભવમાંથી પરભવમાં જતો જીવ આભવના શરીરનો ત્યાગ કરીને ત્રણપલ્યોપમકાળ જેટલા પરભવના આયુષ્યના પ્રથમ સમયે શરીરસંઘાતને કરે છે. ત્યાર પછી બીજા સમયથી આરંભી ઉભય કરતો હોવાથી સંઘાતના સમયથી ન્યૂન એવો ત્રણ પલ્યોપમકાળ ઉભયનો જાણવો.

કહ્યું છે – ॥૧॥ "સમયન્યૂન જે ઉત્કૃષ્ટકાળ કહ્યો તે સંઘાતનાસમયથી હીન જાણવો. **પૂર્વપક્ષ** :- ત્રણ પલ્યોપમાયુષ્યના છેલ્લા સમયે માત્ર પરિશાટન જ થાય છે. તેથી તેનો સમય ઉમેરીને બે સમન્યૂન કેમ કહ્યો નહિ ? એક જ સંઘાતનો સમય જ કેમ ન્યૂન કર્યો ? સમાધાન : ભવના ચરમ સમયે પણ સંઘાતન-પરિશાટન ઉભય જ હોય છે. કારણ કે માત્ર પરિશાટન એ તો પરભવના બે સમયન્યૂન કેમ કહ્યો નહિ ? એક સંઘાતનો સમય જ કેમ ન્યૂન કર્યો ? ॥૨॥ **સમાધાન :** ભવના ચરમ સમયે પણ સંઘાતન-પરિશાટન ઉભય જ હોય છે, કારણ કે માત્ર પરિશાટન એ તો પરભવના પ્રથમસમયે થાય છે, નહિ કે છેલ્લા સમયે. (આ વાત નિશ્ચયનયની અપેક્ષાએ જાણવી, કારણ કે તે પરભવના પ્રથમ સમયે શાટના માને છે. જયારે વ્યવહારનય આ ભવના છેલ્લા સમયે શાટના માને છે. તેથી અહીં નિશ્ચયનયના મતે)પરભવ પ્રથમ સમયે જ શાટના માનેલી હોવાથી બે સમય ન્યૂન કરેલ નથી. ॥૩॥ તેથી **વ્યવહારનય :**

૭૭. क्षुल्लकभवग्रहणानि सप्तदश भवन्ति आनप्राणे ।

૭૮. उत्कृष्टः समयोनो यः स संघातनासमयहीनः । चोदकः–कथं न द्विसमयविहीनः शाटनसमयेऽपनीते? ॥१॥ भण्यते भवचरमेऽपि समयं संघातशाटने एव । परभवप्रथमे शाटनमतस्तदूनो न काल इति ॥२॥

**[७९]चो०—जइ परपढमे साडो णिव्विग्गहदो य तंमि संघातो । णणु सव्वसाडसंघातणाओ समए विरुद्धाओ ॥३॥ आ०—जम्हा विगच्छमाणं विगयं उप्पज्जमाणमुप्पण्णं । तो परभवाइसमए मोक्खादाणाणमविरोहो ॥४॥ चुइसमए णेहभवो इहदेहविमोक्खओ जहातीए । जइ परभवोवि ण तर्हि तो सो को होउ संसारी ? ॥५॥ चो०—णणु जह विग्गहकाले देहाभावेऽवि परभवग्गहणं । तह देहाभावंमिवि होज्जेहभवोऽवि को दोसो ? ॥६॥ आ०—जं चिय विग्गहकाले देहाभावेवि तो परभवो सो ।**

નિર્વિગ્રહથી =ઋજુગતિથી ઉત્પન્ન થતાં જીવનો તે જ સમયે સંઘાત માન્યો છે. તેથી જો પરભવના પ્રથમસમયે શાટન માનશો તો સર્વશાટ અને સર્વસંઘાત બંને પરસ્પર વિરોધી હોવાથી એક સાથે એક જ સમયે કેવી રીતે ઘટે ? ॥૪॥ **નિશ્ચયનય :** [H]પરભવના આદ્ય સમયે પૂર્વભવનું શરીર ત્યાગ કરાતું હોય ત્યારે ત્યાગેલું જ ગણાય છે અને પરભવનું શરીર ઉત્પન્ન કરાતું ઉત્પન્ન થઈ ગયેલું જ ગણાય છે, કારણ કે નિષ્ઠાકાળ અને ક્રિયાકાળ બંનેનો અભેદ છે. આ રીતે પરભવના પ્રથમ સમયે ત્યાગ કરાતું શરીર ત્યાગેલું હોવાથી તે શરીર તો ત્યાં છે જ નહીં, માત્ર આ ભવનું શરીર જ રહે છે. માટે તે સમયે શાટન અને સંઘાતન માનવા છતાં કોઈ વિરોધ રહેતો નથી. (ટૂંકમાં એક જ સમયે બે વસ્તુનો વિરોધ તમે કહ્યો. પરંતુ એક જ સમયે ત્યજાતી વસ્તુનો ત્યાગ થઈ ગયેલો જ છે એમ નિશ્ચયનય માનતો હોવાથી એક સમયે બંને વસ્તુ થઈ જ નથી. માટે વિરોધ આવતો નથી.)

॥૫॥ વળી ચ્યુતસમયને પરભવનો પ્રથમ સમય જ માનવો જોઈએ કારણ કે જો એવું ન માનો તો ચ્યુતસમયે=મરણસમયે ઇહભવ તો છે જ નહિ કારણ કે ઇહભવનો દેહ અને આયુ બંને મુકાઈ રહ્યા છે અને જે મુકાઈ રહ્યું હોય તે મુકાઈ ગયું કહેવાય. જેમ કે પૂર્વજન્મમાં ઇહભવ નથી, કારણ કે ઇહભવના દેહનો પૂર્વભવમાં અભાવ છે. તે જ રીતે ઇહભવના મરણ સમયે પણ ઇહભવના દેહનો અભાવ હોવાથી ઇહભવ નથી. છતાં મરણસમયે પરભવ માનો નહિ, તો તે સમયે ઇહભવનો તો ઉપરોક્ત યુક્તિથી નિષેધ કર્યો અને પરભવ માનતા નથી તો આ સંસારી જીવ વ્યપદેશ વિનાનો થઈ જશે અર્થાત્ આ જીવને ઇહભવસંબંધી નહિ મનાય કે પરભવસંબંધી પણ મનાશે નહિ.

॥૬॥ **વ્યવહારનય :** જેમ[H] વિગ્રહકાળમાં પરભવનું શરીર ન હોવા છતાં, જીવને પરભવનું ગ્રહણ= નારકાદિ પરભવનો વ્યપદેશ થાય છે, તેમ અહીં મૃત્યુ સમયે દેહનો અભાવ હોવા છતાં ઇહભવનો વ્યપદેશ કરવામાં કયો દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. ॥૭॥ **નિશ્ચયનય :—** જે કારણથી અપાંતરાલગતિમાં જીવનો વિગ્રહકાળ છે, પણ પૂર્વભવનો કાળ નથી. તે કારણથી જ

**७९. चोदकः—यदि परभवप्रथमे शाटो निर्विग्रहतश्च तस्मिन् संघातः । ननु सर्वशाटसंघातने समये विरुद्धे ॥३॥ आचार्यः—यस्माद्विगच्छत् विगतमुत्पद्यमानमुत्पन्नम् । ततः परभवादिसमये मोक्षादानयोर्न विरोधः ॥४॥ च्युतिसमये नेहभव इहदेहविमोक्षतो यथाऽतीते । यदि परभवोऽपि न तत्र तदा स को भवतु संसारी ? ॥५॥ ननु यथा विग्रहकाले देहाभावेऽपि परभवग्रहणम् । तथा देहाभावेऽपि भवेदिह भवोऽपि को दोषः ? ॥६॥ आ०—यस्मादेव विग्रहकालो देहाभावेऽपि ततः ( एव ) परभवः सः ।**

[80]चुइसमएऽवि ण देहो न विग्गहो जइ स को होइ ? ॥७॥" एवमौदारिके जघन्येतरभेदः सङ्घातपरिशाटकाल उक्तः । सङ्घातपरिशाटयोस्त्वेकैसमय एव द्वितीयस्यासम्भवाद्, अधुना सङ्घातादिविरहो जघन्येतरभेदोऽभिधीयते, तथा चाऽऽह–विरहः कः ?, उच्यते, अन्तरकालः, औदारिके तस्य सङ्घातादेरयं भवतीति गाथार्थः ॥

**तिसमयहीणं खुड्डं होइ भवं सव्वबंधसाडाणं ।**
**उक्कोस पुव्वकोडी समओ उअही अ तित्तीसं ॥१६५॥ ( भा० )**

व्याख्या : त्रिसमयहीनं क्षुल्लं भवति, 'भवम्' इति भवग्रहणं, सर्वबन्धशाटयोरन्तरकाल इति, तत्र त्रिसमयहीनं सर्वबन्धस्य क्षुल्लं तु सम्पूर्णं सर्वशाटस्येति, उत्कृष्टः पूर्वकोटीसमयः, तथा 'उदधीनि च' सागरोपमाणि च त्रयस्त्रिंशत् सर्वबन्धस्य, समयोनस्त्वयमेव शाटस्येति गाथाक्षरार्थः ॥ भावार्थस्तु भाष्यगाथाभ्योऽवसेयस्ताश्चेमाः – "[81]संघायंतरकालो जहन्नओ खुड्डयं तिसमऊणं । दो

દેહના અભાવમાં પણ તે પરભવ છે, અર્થાત્ તે વિગ્રહકાળ પરભવસંબંધી ગણાય છે, કારણ કે તે કાળે પરભવનું આયુ ઉદય થઈ ગયું છે. જ્યારે મરણસમયે પૂર્વભવનો દેહ પણ નથી, કારણ કે તેનો ત્યાગ કરી દીધો છે, તથા વિગ્રહકાળ પણ નથી કારણ કે ઋજુગતિથી ઉત્પન્ન થાય છે. આમ, દેહ કે વિગ્રહકાળ ન હોવાથી મરણસમય આભવ કે પરભવ બેમાંથી કોનો માનવો ? (આમ, બેમાંથી એકેયનો ન માનવાની આપત્તિ આવતી હોવાથી તે મરણસમય પરભવસંબંધી જ માનવો, કારણ કે તે સમયે પરભવાયુનો ઉદય થઈ ગયો છે અને તે સમયે જ શાટના થતી હોવાથી એક સમય ન્યૂન ત્રિપલ્યોપમ ઉત્કૃષ્ટકાળ ઉભયનો જાણવો.) આ પ્રમાણે ઔદારિકશરીરને આશ્રયી જઘન્ય-ઉત્કૃષ્ટભેદવાળો સંઘાત-પરિશાટકાળ કહ્યો. સંઘાત અને પરિશાટ દરેકનો એક જ સમય છે, કારણ કે તે દરેકનો બીજો સમય સંભવતો નથી.

હવે જઘન્ય-ઉત્કૃષ્ટભેદવાળો સંઘાતાદિનો વિરહકાળ કહેવાય છે. તેમાં વિરહ એટલે શું ? તે કહે છે કે – વિરહ એટલે અંતરકાળ, ઔદારિક શરીરને આશ્રયીને તે સંઘાતાદિનો વિરહકાળ આ પ્રમાણે છે ॥૧૬૪॥ ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સર્વબંધ–શાટનો અંતરકાળ ત્રિસમયહીન એવો ક્ષુલ્લકભવ છે. (આ સામાન્યથી કહ્યું, વિશેષથી આ પ્રમાણે સર્વસંઘાતનો ત્રિસમયહીન ક્ષુલ્લકભવ તથા સર્વશાટનો સંપૂર્ણ ક્ષુલ્લકભવ અંતરકાળને આશ્રયીને જાણવો. તથા એકસમયાધિક એવા પૂર્વકોટી વર્ષોથી અધિક તેત્રીસ સાગરોપમ સર્વસંઘાતનો ઉત્કૃષ્ટ અંતરકાળ જાણવો. એકસમયન્યૂન એવો આ જ કાળ સર્વપરિશાટનનો જાણવો. ભાવાર્થ ભાષ્યગાથાઓ દ્વારા જાણવા યોગ્ય છે–"સંઘાત[H]નો અંતરકાળ

८०. च्युतिसमयेऽपि न देहो न विग्रहो यदि स को भवेत् ? ॥७॥
८१. संघातान्तरकालो जघन्यतः क्षुल्लकभवग्रहणं त्रिसमयोनम् । द्वौ + ०त्वेक एव-मुद्रिते ।

विंग्गहंमि समया तइओ संघायणासमओ ॥१॥ तेहूणं खुड्डुभवं धरिउं परभवमविग्गहेणेव । गंतूण पढमसमए संघाययओ स विण्णेओ ॥२॥ उक्कोसं तेत्तीसं समयाहियपुव्वकोडिअहिआइं । सो सागरोवमाइं अविग्गहेणेह संघायं ॥३॥ काऊण पुव्वकोडिं धरिउं सुरजेट्ठमाउयं तत्तो । भोत्तूण इहं तइए समए संघाययंतस्स ॥४॥' इदं पुनः सर्वशाटान्तरं जघन्यं क्षुल्लकभवमानं, कथम् ?, इहानन्तरातीतभवचरमसमये कश्चिदौदारिकशरीरी सर्वशाटं कृत्वा वनस्पतिष्वागत्य सर्वजघन्यं क्षुल्लकभवग्रहणायुष्कमनुपाल्य पर्यन्ते सर्वशाटं करोति, ततश्च क्षुल्लकभवग्रहणमेव भवति, उत्कृष्टं तु त्रयस्त्रिंशत् सागरोपमाणि पूर्वकोट्याऽधिकानि कथम् ?, इह कश्चित् संयतमनुष्य औदारिकसर्वशाटं कृत्वाऽनुत्तरसुरेषु त्रयस्त्रिंशत्सागरोपमाण्यतिवाह्य पुनर्मनुष्येष्वौदारिकसर्वसङ्घातं कृत्वा पूर्वकोट्यन्ते औदारिकसर्वशाटं करोतीति, उक्तं च भाष्यकारेण—"[83]खुड्डागभवग्गहणं जहन्नमुक्कोसयं च तित्तीस ।

જઘન્યથી ત્રિસમયન્યૂન ક્ષુલ્લકભવ જાણવો. તે આ રીતે - બે સમય વિગ્રહના અને ત્રીજો સંઘા[H]તનો સમય. આ ત્રણ સમયથી ન્યૂન એવા ક્ષુલ્લકભવમાં રહીને પરભવમાં અવિગ્રહગતિવડે ઉત્પન્ન થઈને પ્રથમસમયે સંઘાત કરતા જીવને જાણવો. ॥૧-૨॥ ઉત્કૃષ્ટથી સમયાધિક પૂર્વકોટીવર્ષાધિક તેત્રીસ સાગરોપમ જાણવો. તે આ રીતે - અવિગ્રહવડે મનુષ્યભવમાં આવીને પ્રથમસમયે ઔદારિકસંઘાત કરીને પૂર્વકોટિપ્રમાણ આયુષ્યને પાળીને અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયેલો ત્યાં તેત્રીસ સાગરોપમાયુ પાળીને (અહીં દેવના ભવમાં પ્રથમ સમયે જો કે સર્વ સંઘાત કરે પરંતુ તે વૈક્રિયશરીરનો હોવાથી તે અહીં ગણવાનો નથી કારણ કે અહીં ઔદારિકશરીરના સંઘાતની વાત ચાલે છે.) ત્યાંથી ચ્યવી બે સમય વિગ્રહમાં રહીને ત્રીજા સમયે ઔદારિકશરીરનો સંઘાત કરનાર જીવનો ઉત્કૃષ્ટથી આટલો અંતરકાળ જાણવો. ॥૩-૪॥ (વિ.આ.ભા. ૩૩૨૬ થી ૩૩૨૯)

સર્વશાટનું જઘન્ય અંતર સંપૂર્ણ ક્ષુલ્લકભવપ્રમાણ જાણવું. કેવી રીતે ? તે આ પ્રમાણે— અનંતર એવા પૂર્વભવના છેલ્લા સમયે કોઈક ઔદારિકશરીરી જીવ સર્વશાટને કરીને વનસ્પતિમાં આવીને ક્ષુલ્લકભવગ્રહણાયુષ્કને પાળીને અંત સમયે સર્વશાટને કરે છે. તેથી ક્ષુલ્લકભવગ્રહણ જ જઘન્ય અંતર થાય છે. (ભવના ચરમ સમયે જે શાટ કહ્યો તે વ્યવહારનયની અપેક્ષાએ અને ક્ષુલ્લકભવ પાળીને અંત સમયે જે શાટ કહ્યો તે નિશ્ચયનયની અપેક્ષાએ પરભવપ્રથમસમયે લેવો. માટે જ જઘન્ય અંતરકાળ સંપૂર્ણ ક્ષુલ્લકભવ થાય. इति मलयगिरिपूज्याः) પૂર્વકોટી વર્ષથી અધિક તેત્રીસ સાગરોપમ એ ઉત્કૃષ્ટ કાળમાન જાણવું. કેવી રીતે ? તે આ પ્રમાણે—કોઈક સાધુ અંત સમયે ઔદારિક સર્વશાટને કરીને અનુત્તરદેવલોકમાં તેત્રીસ સાગરોપમ આયુ પસાર કરીને ફરી મનુષ્યભવમાં ઔદારિક સર્વસંઘાતને કરીને પૂર્વકોટિવર્ષના અંતે ઔદારિક સર્વશાટને કરે ત્યારે

---

૮૨. विग्रहे समयौ तृतीयः संघातनासमयः ॥१॥ तैरूनं क्षुल्लकभवं धृत्वा परभवमविग्रहेणैव । गत्वा प्रथमसमये संघातयतः स विज्ञेयः ॥२॥ उत्कृष्टः त्रयस्त्रिंशत् समयाधिकपूर्वकोट्यधिकानि । स सागरोपमाणि अविग्रहेणेह संघातम् ॥३॥ कृत्वा पूर्वकोटीं धृत्वा सुरज्येष्ठमायुष्कं ततः । भुक्त्वा इह तृतीये समये संघातयतः ॥४॥

८३. क्षुल्लकभवग्रहणं जघन्यमुत्कृष्टं च त्रयस्त्रिंशत् ।

[84]तं सागरोवमाई संपुन्ना पुव्वकोडी उ ॥१॥' गुरवस्तु व्याचक्षते–तदारम्भसमयस्य पूर्वभवशाटेनावरुद्धत्वात् समयहीनं क्षुल्लकभवग्रहणं जघन्यं शाटान्तरमिति, तथा च किलैवमक्षराणि नीयन्ते–त्रिसमयहीनं क्षुल्लकमित्येतदपि न्याय्यमेवास्माकं प्रतिभाति, किन्त्वतिगम्भीरधिया भाष्यकृता सह विरुध्यत इति गाथार्थः ॥

इदानीं सङ्घातपरिशाटान्तरमुभयरूपमप्यभिधित्सुराह–

**अंतरमेगं समयं जहन्नमोरालगहणसाडस्स ।**
**सतिसमया उक्कोसं तित्तीसं सागरा हुंति ॥१६६॥ ( भा० )**

व्याख्या : **'अन्तरम्' अन्तरकालम्, एकं समयं 'जघन्यं' सर्वस्तोकम् औदारिकग्रहणशाटयोरिति, सत्रिसमयान्युत्कृष्टं त्रयस्त्रिंशत् सागरोपमाणि भवन्तीति गाथाक्षरार्थः ॥ भावार्थस्तु भाष्यगाथाभ्यामवसेयः, ते चेमे–"**[85]**उभयंतरं जहण्णं समओ निव्विग्गहेण संघाए । परमं सतिसमयाइं**

આટલો કાળ પ્રાપ્ત થાય. ભાષ્યકારે કહ્યું છે – "જઘન્યથી ક્ષુલ્લકભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી સંપૂર્ણ પૂર્વકોટી અધિક તેત્રીસ સાગરોપમ." ॥૧॥ (વિ.આ.ભા. ૩૩૩૨) (આ પ્રમાણે ભાષ્યગાથાઓ અનુસારે જઘન્ય – ઉત્કૃષ્ટ કાળ ટીકાકારે બતાવ્યો. હવે ગુરુપરંપરાએ આ ગાથાનો અર્થ ટીકાકાર બતાવતાં કહે છે –) ગુરુઓ આ પ્રમાણે કહે છે કે– "જો કે ભાષ્યકારે સર્વશાટનું જઘન્ય અંતર સંપૂર્ણ ક્ષુલ્લકભવગ્રહણ કહ્યું છે પરંતુ ભવના આરંભ સમયે પૂર્વભવનો શાટ (નિશ્ચયમતે) માનેલો હોવાથી એક સમય હીન એવો જ ક્ષુલ્લકભવગ્રહણ જઘન્ય શાટનું અંતર જણાય છે. તેથી મૂળગાથાના અક્ષરોનો આ પ્રમાણે અર્થ કરવો–ત્રિસમયહીન ક્ષુલ્લકભવ અર્થાત્ ત્રિ અને સમય બંને શબ્દો જુદા જુદા લેવા, તેથી અનુક્રમે ત્રિસમયહીન ક્ષુલ્લક- ભવગ્રહણ સર્વસંઘાતનો જઘન્ય અંતરકાળ જાણવો અને એકસમયહીન ક્ષુલ્લકભવગ્રહણ સર્વશાટનો જઘન્ય અંતરકાળ જાણવો. જો કે અમને (ટીકાકારાદિને) આ અર્થ પણ ન્યાય્ય જ લાગે છે. પરંતુ અતિગંભીર આશયવાળા એવા ભાષ્યકાર સાથે આ અર્થનો વિરોધ આવે છે. ॥૧૬૫॥

**અવતરણિકા :** હવે સંઘાત-પરિશાટ ઉભયનું અંતર કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઔદારિકશરીરનો સંઘાત-પરિશાટઉભયનો અંતરકાળ જઘન્યથી એક સમયનો છે અને ઉત્કૃષ્ટ અંતરકાળ ત્રિસમયાધિક તેત્રીસ સાગરોપમ છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ ભાષ્યગાથાઓવડે જાણવા યોગ્ય છે. તે ગાથાઓ આ પ્રમાણે છે – કોઈક ઔદારિક-શરીરી જીવ આયુષ્યના અંતસમય સુધી સંઘાત-પરિશાટ ઉભયને કરીને આગળના ભવમાં ઋજુગતિવડે ઉત્પન્ન થઈ ભવના પ્રથમસમયે સંઘાતમાત્રને કરીને ફરી ઉભય શરૂ કરે ત્યારે ઉભયનો જઘન્યથી એકસમય અંતરકાળ પ્રાપ્ત થાય. દેવભવમાં તેત્રીસ સાગરોપમ અનુભવીને અહીં વિગ્રહવડે આવીને

૮૪. तत् सागरोपमाणि संपूर्णानि पूर्वकोटी तु ॥१॥

૮૫. उभयान्तरं जघन्यं समयो निर्विग्रहेण संघाते । परमं सत्रिसमयानि

तित्तीसं[८६] उदहिनामाइं ॥१॥ अणुभविउं देवाइसु तेत्तीसमिहागयस्स तइयंमी । समए संघा[★]यतओ नेयाइं समयकुसलेहिं ॥२॥" उक्तौदारिकमधिकृत्य सर्वसङ्घातादिवक्तव्यता,

साम्प्रतं वैक्रियमधिकृत्योच्यते, तत्रेयं गाथा—

**वेउव्विअसंघाओ जहन्नु समओ उ दुसमउक्कोसो ।**
**साडो पुण समयं चिअ विउव्वणाए विणिद्दिट्ठो ॥१६७॥ ( भा० )**

अस्या व्याख्या : वैक्रियसङ्घातः कालतो 'जघन्यः' सर्वस्तोकः समय एव, तुशब्दस्यैवकारार्थत्वेनावधारणार्थत्वाद्, अयं चौदारिकशरीरिणां वैक्रियलब्धिमतां विकुर्वणारम्भे देवनारकाणां च तत्प्रथमतया शरीरग्रहण इति, तथा 'द्विसमय' इति द्विसमयमान उत्कृष्टः वैक्रियसङ्घात इति वर्तते कालतश्चेति गम्यते, स पुनरौदारिकशरीरिणो वैक्रियलब्धिमतस्तद्विकुर्वणारम्भसमय एव वैक्रियसङ्घातं समयेन कृत्वाऽऽयुष्कक्षयात् मृतस्याविग्रहगत्या देवेषूपपद्यमानस्य वैक्रियमेव सङ्घातयतोऽवसेय इति भावना, शाटः पुनः समयमेव कालतः 'विकुर्वणायां' वैक्रियशरीरविषयो विनिर्दिष्ट इति गाथाक्षरार्थः ॥

ત્રીજાસમયે સંઘાત કર્યા પછી ઉભયને કરતા જીવનો ઉત્કૃષ્ટથી ત્રિસમયાધિક તેત્રીસ સાગરોપમ કાળ આગમકુશલોવડે જાણવો. (તેમાં વિગ્રહના બે સમય + સંઘાતનો એક સમય + તેત્રીસ સાગરોપમ) ॥૧-૨॥" **(વિ.આ.ભા. ૩૩૩૦-૩૧)** આ પ્રમાણે ઔદારિકશરીરને આશ્રયી સર્વસંઘાતાદિની વક્તવ્યતા કહી. ॥૧૬૬॥

**અવતરણિકા :** : હવે વૈક્રિયને આશ્રયીને કહેવાય છે. તેમાં આ ગાથા છે ➩

**ગાથાર્થ : વૈક્રિયસંઘાત જઘન્યથી એક સમયનો અને ઉત્કૃષ્ટથી બે સમયનો જાણવો. વૈક્રિયશાટ (જઘન્ય અને ઉત્કૃષ્ટથી) એક સમયનો જ કહેવાયેલો છે.**

**ટીકાર્થ :** વૈક્રિયસંઘાત કાળને આશ્રયીને જઘન્યથી એક સમયનો જ જાણવો. (અહીં મૂળ ગાથામાં તુ શબ્દ છે. તેને બદલે 'જ'કાર શા માટે કહ્યો ? તે કહે છે-) 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે અને તે એવકાર 'જ'કાર અર્થવાળો હોવાથી 'એક સમયનો જ' આ પ્રમાણે 'જ'કાર યુક્ત અર્થ જાણવો. આ જઘન્યકાળ વૈક્રિયલબ્ધિવાળા એવા ઔદારિકશરીરી જીવો જ્યારે વૈક્રિયશરીરની રચના કરે ત્યારના આરંભ સમયે અને દેવનારકો પોત-પોતાના ભવમાં સૌપ્રથમ વાર વૈક્રિયશરીરયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરે તે સમયે હોય છે.

તથા વૈક્રિયસંઘાતનો ઉત્કૃષ્ટકાળ બે સમયનો જાણવો. તે આ પ્રમાણે – વૈક્રિયલબ્ધિવાળા એવા ઔદારિક જીવો વૈક્રિયશરીરની રચનાના પ્રારંભ સમયે વૈક્રિયસંઘાતને એક સમયે કરી, આયુષ્યનો ક્ષય થવાથી મરણ પામીને અવિગ્રહગતિવડે દેવમાં ઉત્પન્ન થઈ વૈક્રિયસંઘાત કરે ત્યારે બે સમય સંઘાતકાળ ઉત્કૃષ્ટથી પ્રાપ્ત થાય છે. વૈક્રિયશરીરવિષયક સર્વશાટનો જઘન્યથી કે ઉત્કૃષ્ટથી કાળને આશ્રયી એક સમયનો જ નિર્દેશ કર્યો છે, ॥૧૬૭॥

૮૬. त्रयस्त्रिंशत् उदधिनामानि ॥१॥ अनुभूय देवादिषु त्रयस्त्रिंशतमिहागतस्य तृतीये । समये संघातयत एव ज्ञेयानि समयकुशलैः ॥२॥ ★ संघाययओ दुविहं साडंतरं वोच्छं ( इति वि० भा० )

अधुना सङ्घातपरिशाटकालमानमभिधित्सुराह—

संघायणपरिसाडो जहन्नओ एगसमइओ होइ ।
उक्कोसं तित्तीसं सायरणामाइं समऊणा ॥१६८॥ ( भा० )

व्याख्या : इह वैक्रियस्यैव सङ्घातपरिशाटः खलूभयरूपः कालतो जघन्य एकसामयिको भवति, उत्कृष्टस्त्रयस्त्रिंशत् सागरोपमाणि सागरनामानि समयोनानीति गाथाक्षरार्थः ॥ भावार्थस्त्वयम्—ँ॒उभयं जहण्णसमयो सो पुण दुसमयविउव्वियमयस्स । परमतराइं संघातसमयहीणाइं तेत्तीसं ॥१॥'

इदानीं वैक्रियमेवाधिकृत्य सङ्घाताद्यन्तरमभिधित्सुराह—

सव्वग्गहोभयाणं साडस्स य अंतरं विउव्विस्स ।
समओ अंतमुहुत्तं उक्कोसं रुक्खकालीअं ॥१६९॥ ( भा० )

व्याख्या : इह 'सर्वग्रहोभययोः' सङ्घातसंघातपरिशाटयोरित्यर्थः, शाटस्य च 'अन्तरं' विरहकालः 'वैक्रियस्य' वैक्रियशरीरसम्बन्धिनः समयः सङ्घातस्योभयस्य च, अन्तर्मुहूर्त्तं शाटस्य, इदं तावज्जघन्यं त्रयाणामपि कथं ज्ञायत इति चेत् ? यत आह—उत्कृष्टं 'वृक्षकालिकं' वृक्षकालेनानन्तेन निर्वृत्तं

---

**અવતરણિકા :** હવે ઉભયનું કાળમાન કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અહીં વૈક્રિયનો જે ઉભયરૂપ સંઘાત-પરિશાટ કાળને આશ્રયી જઘન્યથી એક-સમયનો છે. ઉત્કૃષ્ટથી એક સમયન્યૂન એવા તેત્રીસ સાગરોપમ જાણવા. ભાવાર્થ આ પ્રમાણે—ઉભય જઘન્યથી એક સમયનો છે. તે આ પ્રમાણે – "પ્રથમ સમયે સંઘાતને કરી બીજા સમયે ઉભયને કરીને જે જીવ મૃત્યુ પામે છે. તે જીવને ઉભયનો જઘન્યથી એક સમય પ્રાપ્ત થાય છે. ઉત્કૃષ્ટથી સંઘાતના એક સમયથી હીન એવા તેત્રીસ સાગરોપમ. ॥૧॥" (**વિ.આ.ભા.** ૩૩૩૫) ॥૧૬૮॥

**અવતરણિકા :** હવે વૈક્રિયને આશ્રયીને જ સંઘાતાદિનો અંતરકાળ કહેવાની ઇચ્છાવાળા કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અહીં વૈક્રિયના સર્વસંઘાત અને ઉભયનો જઘન્યથી અંતરકાળ એક સમય અને શાટનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત જાણવો.

**શંકા :** મૂળગાથામાં 'જઘન્ય' શબ્દ જણાવ્યો નથી, છતાં ત્રણેનો આ જઘન્યકાળ છે એવું કેવી રીતે જણાય છે ?

**સમાધાન :** (મૂળગાથામાં 'જઘન્ય' શબ્દ નથી છતાં ઉત્કૃષ્ટ કાળ બતાવ્યો છે તે ઉપરથી જણાય છે કે તે પહેલાં બતાવેલ કાળ જઘન્ય લેવાનો છે. તે ઉત્કૃષ્ટકાળ કેટલો છે ? તે કહે છે) ઉત્કૃષ્ટથી વૃક્ષકાલિક અંતર જાણવું, અર્થાત્ વૃક્ષકાળવડે = અનંતકાળવડે જે બનેલું હોય તે વૃક્ષકાલિક

---

૮૭. उभयस्मिन् जघन्यः समयः स पुनर्द्विसमयवैक्रियमृतस्य । परमतराणि संघातसमयहीनानि त्रयस्त्रिंशत् ॥१॥

**वृक्षकालिकमिति गाथाक्षरार्थः ॥ भावार्थस्त्वयं–'[88]संघातंतर समयो दुसमयविउव्वियमयस्स तइयंमि। सो दिवि संघातयतो तइए व मयस्स तइयंमि ॥१॥' अविग्रहेण सङ्घातयतः द्वितीयसङ्घातपरिशाटस्य समय एवान्तरमिति, '[89]उभयस्स चिरविउव्वियमयस्स †देवेसु अविग्गहगयस्स । साडस्संतोमुहुत्तं तिण्हवि तरुकालमुक्कोसं ॥१॥' उक्ता वैक्रियशरीरमधिकृत्य सङ्घातादिवक्तव्यता ॥**

**साम्प्रतमाहारकमधिकृत्यैनां प्रतिपादयन्नाह—**

એટલે કે અનંત ઉત્સર્પિણી—અવસર્પિણીનો કાળ (=વનસ્પતિની કાયસ્થિતિ.)આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ આ પ્રમાણે છે—"સંઘાતનું અંતર આ પ્રમાણે—ઔદારિકશરીરી જીવ ઉત્તરવૈક્રિયશરીરની રચનાના પ્રથમસમયે વૈક્રિયનો સર્વસંઘાત કરીને મૃત્યુ પામી બીજાસમયે વિગ્રહગતિમાં રહીને ત્રીજાસમયે દેવલોકમાં ઉત્પન્ન થઈ ત્યાં ત્રીજા સમયે સર્વસંઘાત કરતી વેળાએ જઘન્ય અંતરકાળ પ્રાપ્ત થાય છે, અથવા ઔદારિકશરીરી જીવ બે સમય સુધી ઉત્તરવૈક્રિય કરી (અહીં બીજા સમયે ઉભય કરે છે.) મૃત્યુ પામી ઋજુગતિએ ત્રીજા સમયે દેવલોકમાં ઉત્પન્ન થઈ પ્રથમ સમયે વૈક્રિયસંઘાત કરે ત્યારે બીજો સમય સંઘાતનો અંતરકાળ જાણવો. ॥૧॥" (વિ.આ.ભા. ૩૩૩૬)

વિગ્રહ વિના સંઘાત કરતા જીવને બીજાનો એટલે કે ઉભયનો એક સમય જઘન્ય અંતરકાળ પ્રાપ્ત થાય છે. કહ્યું છે-"કોઈક ઔદારિકશરીરી જીવ વૈક્રિયશરીરને વિકુર્વ્યા પછી લાંબા કાળ સુધી વૈક્રિયશરીરનો સંઘાત-પરિશાટરૂપ ઉભયને કરીને મૃત્યુ પામી વિગ્રહ વિના દેવમાં ઉત્પન્ન થઈ પ્રથમસમયે વૈક્રિયસંઘાત કરી પુનઃ બીજા વિગેરે સમયમાં ઉભયને કરે ત્યારે વચ્ચે જે વૈક્રિયસંઘાતનો સમય છે તે સમય ઉભયનો અંતરકાળ જાણવો. શાટનનો જઘન્યથી અંતર્મુહૂર્ત અંતરકાળ જાણવો. (તે આ પ્રમાણે કે—કોઈક વૈક્રિયલબ્ધિવાળો ઔદારિકશરીરી જીવ કોઈક પ્રયોજનમાં વૈક્રિયશરીરને કરીને કાર્ય પૂર્ણ થતાં અંતે સર્વશાટને કરી પુનઃ ઔદારિકશરીરને સ્વીકારે છે, અને તેમાં અંતર્મુહૂર્ત રહીને ફરી પ્રયોજન આવતા ફરી વૈક્રિયશરીરને રચે છે. તેમાં અંતર્મુહૂર્ત રહીને અંતે સર્વશાટને કરે છે. અહીં પૂર્વે કરેલ શાટ અને આ શાટ વચ્ચે બે અંતર્મુહૂર્ત જેટલું અંતર પ્રાપ્ત થાય છે. આ બંને મળીને એક મોટા અંતર્મુહૂર્તની વિવક્ષા કરવાથી જઘન્યથી અંતર્મુહૂર્ત અંતરકાળ પ્રાપ્ત થાય છે.) ત્રણેનું ઉત્કૃષ્ટથી અનંતકાળ અંતર જાણવું. આ પ્રમાણે વૈક્રિયશરીર સંબંધી સંઘાતાદિની વક્તવ્યતા કહી. ॥૧૬૯॥

**અવતરણિકા** : હવે આહારકશરીરને આશ્રયીને સંઘાતાદિની વક્તવ્યતાનું પ્રતિપાદન કરતા કહે છે ➪

**८८. संघातान्तरं समयो द्विसमयवैक्रियमृतस्य तृतीये । स दिवि संघातयतः तृतीये वा मृतस्य तृतीये ॥१॥ ८९. उभयस्य चिरविकुर्वितमृतस्य देवेष्वविग्रहं गतस्य । शाटस्यान्तर्मुहूर्त्तं त्रयाणामपि तरुकालमुत्कृष्टम् ॥१॥ † देवे सविग्गह इत्यशुद्धपाठो मुद्रिते ।**

**आहारे संघाओ परिसाडो अ समयं समं होइ ।**
**उभयं जहन्नमुक्कोसयं च अंतोमुहुत्तं तु ॥१७०॥ ( भा० )**

व्याख्या : 'आहार' इत्याहारकशरीरे सङ्घातः–प्राथमिको ग्रहः परिशाटश्च–पर्यन्ते मोक्षश्च, कालतः 'समयं' कालविशेषं 'समं' तुल्यं भवति, सङ्घातोऽपि समयं शाटोऽपि समयमित्यर्थः, 'उभयं' सङ्घातपरिशाटोभयं गृह्यते, तज्जघन्यत उत्कृष्टतश्चान्तर्मुहूर्त्तमेव भवतीति वर्त्तते, अन्तर्मुहूर्त्तमात्रकालावस्थायित्वादस्येति गर्भार्थः, उत्कृष्टात्तु जघन्यो लघुतरो वेदितव्य इति गाथार्थः ॥

साम्प्रतमाहारकमेवाधिकृत्य सङ्घाताद्यन्तरमभिधातुकाम आह –

**बंधणसाडुभयाणं जहन्नमंतोमुहुत्तमंतरणं ।**
**उक्कोसेण अवड्ढं पुग्गलपरिअट्टदेसूणं ॥१७१॥ ( भा० )**

व्याख्या : बन्धनं–सङ्घातः शाटः–शाट एव उभयं सङ्घातशाटौ अमीषां बन्धनशाटोभयानां 'जघन्यं' सर्वस्तोकम् 'अन्तर्मुहूर्त्तमन्तरणम्' अन्तर्मुहूर्त्तविरहकालः, सकृत्परित्यागानन्तरमन्तर्मुहूर्त्तेनैव तदारम्भादिति भावना, उत्कृष्टतः अर्द्धपुद्गलपरावर्तो देशोनोऽन्तरमिति, सम्यग्दृष्टिकालस्योत्कृष्टस्याप्येतावत्परिमाणत्वादिति गाथार्थः । उक्ताऽऽहारकशरीरमधिकृत्य सङ्घातादिवक्तव्यता ॥

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** આહારકશરીરનો પ્રથમ વખતનો ગ્રહરૂપ સંઘાત અને અંતે ત્યાગરૂપ પરિશાટ બંનેનો કાળને આશ્રયી જઘન્યથી એક સમય તુલ્ય જાણવો, અર્થાત્ સંઘાત પણ એક સમયનો અને પરિશાટ પણ એક સમયનો જાણવો. 'ઉભય' શબ્દથી સંઘાત-પરિશાટરૂપ ઉભય ગ્રહણ કરવું. તેનો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ કાળ થાય છે, કારણ કે તે શરીર વધારેમાં વધારે અંતર્મુહૂર્તકાળ જ રહેનારું હોય છે. પણ એટલું ખરું કે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કરતાં જઘન્ય અંતર્મુહૂર્ત કાળ નાનો જાણવો. ॥૧૭૦॥

**અવતરણિકા :** હવે આહારકને આશ્રયીને સંઘાતાદિનું અંતર કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** બંધન એટલે સંઘાત, શાટ એટલે શાટ જ અને ઉભય એટલે સંઘાત-પરિશાટ. આ ત્રણેનો જઘન્યથી અંતર્મુહૂર્ત અંતરકાળ જાણવો, કારણ કે એકવાર આહારકશરીરનો ત્યાગ કર્યા પછી અંતર્મુહૂર્ત પછી જ પુનઃ તે શરીરનો પ્રારંભ થઈ શકે છે. એ પ્રમાણે ભાવાર્થ જાણવો. ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળ અંતર જાણવું, કારણ કે સમ્યગ્દષ્ટિનો પણ ઉત્કૃષ્ટથી કાળ આટલો જ છે. (આશય એ છે કે આહારકશરીરની રચના નિયમથી સમ્યગ્દષ્ટિ ચારિત્રધર મુનિ જ કરે છે અને સમ્યક્ત્વ પામ્યા પછી આટલા કાળમાં મોક્ષ થઈ જતો હોવાથી આહારક શરીરનો અંતરકાળ આટલો જ થાય.) આહારકશરીરને આશ્રયીને સંઘાતાદિની વક્તવ્યતા કહી. ॥૧૭૧॥

इदानीं तैजसकार्मणे अधिकृत्याऽऽह –

**तेआकम्माणं पुण संताणाणाइओ न संघाओ ।**
**भव्वाण हुज्ज साडो सेलेसीचरमसमयंमि ॥१७२॥ ( भा० )**

व्याख्या : तैजसकार्मणयोः पुनर्द्वयोः शरीरयोः सन्तानानादितः कारणात्, किं ?, न सङ्घातः—न तत्प्रथमतया ग्रहणं, प्रागेव सिद्धिप्रसङ्गात्, भव्यानां भवेत् शाटः केषाञ्चित्, कदेति ?, अत आह—शैलेशीचरमसमये, स चैकसामायिक एवेति गाथार्थः ॥

**उभयं अणाइनिहणं संतं भव्वाण हुज्ज केसिंचि ।**
**अंतरमणाइभावा अच्चंतविओगओ नेसिं ॥१७३॥ ( भा० )**

व्याख्या : 'उभयम्' इति सङ्घातपरिशाटोभयं प्रवाहमङ्गीकृत् सामान्येन 'अनाद्यनिधनम्' अनाद्यपर्यवसितमित्यर्थः, 'सान्तं' सपर्यवसानमुभयं भव्यानां भवेत् केषाञ्चित्, न तु सर्वेषामिति, अन्तरमनादिभावादत्यन्तवियोगतश्च नानयोरिति गाथार्थः ॥१७३॥

अथवेदमन्यज्जीवप्रयोगनिर्वृत्तं चतुर्विधं करणमिति, आह च—

**अहवा संघाओ १ साडणं च २ उभयं ३ तहोभयनिसेहो ४ ।**
**पड १ संख २ सगड ३ थूणा ४ जीवपओगे जहासंखं ॥१७४॥**

---

**અવતરણિકા :** હવે તૈજસકાર્મણશરીરને આશ્રયીને કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** તૈજસ અને કાર્મણશરીર પરંપરાએ અનાદિકાલિન હોવાથી (અર્થાત્ આત્મા સાથે અનાદિકાળથી આ બંને શરીરો સંયુક્ત હોવાથી) તેમનો સંઘાત એટલે કે પ્રથમ તરીકે ગ્રહ સંભવતો નથી. અન્યથા એટલે કે જો તૈજસ-કાર્મણ શરીરનો સૌ પ્રથમવાર ગ્રહ માનવામાં આવે તો તે ગ્રહ પહેલા જીવને સિદ્ધિ = મોક્ષ માનવાની આપત્તિ આવે. સંઘાત હોતો નથી, પણ કેટલાક ભવ્ય જીવોને શાટ હોય છે. ક્યારે ?તે કહે છે – શૈલેશી અવસ્થાના ચરમસમયે આ શાટ હોય છે અને તે શાટ એક સમયનો હોય છે. ॥૧૭૨॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** તૈજસ–કાર્મણશરીરના સંઘાત-પરિશાટઉભય પ્રવાહની અપેક્ષાએ સામાન્યથી અનાદિ-અનંતકાળ સુધી ચાલે છે. સર્વને નહિ પણ કેટલાક ભવ્યજીવોને તે ઉભય અનાદિ-સાંત હોય છે. તથા બંને શરીરોને આશ્રયી સંઘાતાદિનો અંતરકાળ નથી કારણ કે બંને શરીરો અનાદિ કાળથી છે અને મોક્ષગમનકાળે તે બંને શરીરનો અત્યંત વિયોગ થતો હોવાથી ફરી પાછા આ શરીરો પ્રાપ્ત થતાં નથી. ॥૧૭૩॥

**અવતરણિકા :** અથવા જીવપ્રયોગથી થનારું બીજું ચાર પ્રકારનું કરણ જાણવું. તે કહે છે ➪

**ગાથાર્થ : અથવા સંઘાત, શાટન, ઉભય તથા ઉભયનિષેધ. પટ, શંખ, શકટ અને ઘરનો થાંભલો, જીવપ્રયોગને વિશે ક્રમશઃ ઉદાહરણો જાણવા.**

व्याख्या : अथवाशब्दः प्रकारान्तरप्रदर्शनार्थः, 'सङ्घात' इति सङ्घातकरणं, 'सातनं च' शातनकरणं च 'उभयं' सङ्घातशातनकरणं 'तथोभयनिषेध' इति सङ्घातपरिशाटशून्यम् । अमीषामेवोदाहरणानि दर्शयन्नाह–पटः शङ्खः शकटं स्थूणा, 'जीवप्रयोग' इति जीवप्रयोगकरणे तत्कायव्यापरमाश्रित्य यथासङ्ख्यमेतान्युदाहरणानि समवसेयानि, तथाहि–पटस्तन्तुसङ्घातात्मकत्वात् सङ्घातकरणं शङ्खस्त्वेकान्तसाटकरणादेव शाटकरणं शकटं तक्षणकीलिकादियोगादुभयकरणं स्थूणा पुनरूर्ध्वतिर्यक्करणयोगात् संघातशाटविरहादुभयशून्या इति गाथार्थः ॥ उक्तं जीवप्रयोगकरणम्, आह–'जं जं निज्जीवाणं कीरइ जीवप्पओगओ तं तं' इत्यादिनाऽस्याजीवकरणतैव युक्तियुक्तेति, अत्रोच्यते, न, अभिप्रायापरिज्ञानाद्, इहादावेवाथवाशब्दप्रयोगतः प्रकारान्तरमात्रप्रदर्शनार्थमेतदुक्तं, ततश्चात्र व्युत्पत्तिभेदमात्रमाश्रीयते, जीवप्रयोगात् करणं जीवप्रयोगकरणमिति, ज्यायांश्चान्वर्थ इत्यलं प्रसङ्गेन ॥

**ટીકાર્થ :** 'અથવા' શબ્દ અન્ય પ્રકારને બતાવવા માટે છે. સંઘાત એટલે સંઘાતકરણ, શાટન એટલે શાટનકરણ, ઉભય એટલે સંઘાત-પરિશાટ ઉભયકરણ તથા ઉભયનિષેધ એટલે સંઘાત-પરિશાટશૂન્ય. આ ચારે કરણોના જ ઉદાહરણો બતાવતા કહે છે - પટ, શંખ,શકટ અને થાંભલો. આ પ્રમાણે જીવપ્રયોગ કરણમાં એટલે કે જીવના કાયવ્યાપારને આશ્રયીને ક્રમશઃ આ ચાર ઉદાહરણો જાણવા. તે આ પ્રમાણે વસ્ત્ર એ તંતુઓનો સંઘાતરૂપ (સમૂહરૂપ) હોવાથી સંઘાતકરણ છે. શંખ એકાન્તે શાટકરણથી જ (અર્થાત્ શંખને વિશિષ્ટ આકાર આપવા માટે તેમાંથી માત્ર પુદ્ગલોને દૂર કરવા દ્વારા માત્ર તેમાં શાટકરણ જ થાય છે અને આ રીતે શાટકરણ કરવા દ્વારા તે શંખ) બનતો હોવાથી તે શાટકરણનું ઉદાહરણ છે.

ગાડામાં અમુક સ્થાનેથી છીણવાનું હોય તો, અમુક સ્થાને ખીલી વિગેરે જોડવાનું હોવાથી તે ઉભયકરણનું દૃષ્ટાન્ત છે. થાંભલો (આડો પડ્યો હોય તો) ઊભો કરવાનો હોય (કે ઊભો હોય તો) આડો કરવાનો હોવાથી તેમાં સંઘાત - પરિશાટ ન હોવાથી તે ઉભયથી શૂન્ય છે. જીવપ્રયોગકરણ કહ્યું.

**શંકા :** 'जं जं निज्जीवाणं...' ઈત્યાદિ ગાથા પ્રમાણે તો આ કરણ અજીવકરણ તરીકે હોવું એ જ યુક્તિયુક્ત છે. તો શા માટે તમે આને જીવપ્રયોગકરણ કહો છો ?

**સમાધાન :** તમને અભિપ્રાયનું જ્ઞાન ન હોવાથી તમારી વાત યોગ્ય નથી. અહીં શરૂઆતમાં જ 'અથવા' શબ્દના પ્રયોગવડે અમે જણાવી દીધું છે કે 'આ બીજી પદ્ધતિથી કરણો જાણવા.' તેથી અહીં વ્યુત્પત્તિભેદમાત્ર જ સ્વીકાર કરાયેલો છે. (અર્થાત્ પૂર્વે અજીવને વિશે જે કરણ તે અજીવકરણ એ પ્રમાણે સપ્તમીતત્પુરુષ સમાસ કરેલો હતો, જ્યારે અહીં) જીવપ્રયોગથી જે કરણ તે જીવપ્રયોગકરણ એ પ્રમાણે પંચમીતત્પુરુષ સમાસ કરેલો છે. માત્ર આટલો જ ભેદ છે. તેનું કારણ એ છે કે - 'અન્વર્થ (વ્યુત્પત્તિ અર્થ) એ મહાન છે.' (ટૂંકમાં અન્વર્થને આશ્રયીને જુદી જુદી રીતે કથન કરવામાં કોઈ દોષ હોતો નથી.) વધુ ચર્ચાથી સર્યું. ॥૧૭૪॥

उक्तं द्रव्यकरणं, साम्प्रतं क्षेत्रकरणस्यावसरः, तत्रेयं निर्युक्तिगाथा—

**खित्तस्स नत्थि करणं आगासं जं अकित्तिमो भावो ।**
**वंजणपरिआवन्नं तहावि पुण उच्छुकरणाई ॥१०१७॥**

अस्या व्याख्या : इह 'क्षेत्रस्य' नभसः 'नास्ति करणं' निर्वृत्तिकारणाभावान्न विद्यते करणं मुख्यवृत्त्या 'आकाशं' क्षेत्रं 'यद्' यस्मात् 'अकृत्रिमो भावः' अकृतकः पदार्थः, अकृतकस्य च सतो नित्यत्वात् करणानुपपत्तिरिति भावः । आह—यद्येवं किमिति निर्युक्तिकारेण निक्षेपगाथायामुपन्यस्तमिति ?, अत्रोच्यते, व्यञ्जनपर्यायापन्नं तथापि पुनरि+क्षुक्षेत्रकरणाद्यस्त्येवेति, इह व्यञ्जनशब्देन क्षेत्राभिव्यञ्जकत्वात् पुद्गलाः गृह्यन्ते, तत्सम्बन्धात् पर्यायः कथञ्चित् प्रागवस्थापरित्यागेनावस्थान्तरापत्तिरित्यर्थः तमापन्नं पुनस्तथाऽपि यदा विवक्ष्यते तदा पर्यायो द्रव्यादनन्य इति पर्यायद्वारेण क्षेत्रकरणमस्तीति सभावार्थाऽक्षरगमनिका ॥ उपचारमात्राद्वेक्षुकरणादि,

**અવતરણિકા :** : દ્રવ્યકરણ કહ્યું, હવે ક્ષેત્રકરણનો અવસર છે. તેમાં નિર્યુક્તિગાથા આ પ્રમાણે જાણવી ➪

**ગાથાર્થ : ક્ષેત્રનું કરણ હોતું નથી કારણ કે ક્ષેત્ર એ અકૃત્રિમ=શાશ્વત પદાર્થ છે. છતાં વ્યંજન એટલે કે પદાર્થવડે પર્યાયને પામેલું ઈક્ષુકરણાદિ છે.**

**ટીકાર્થ :** અહીં ક્ષેત્રનું એટલે આકાશનું કરણ થઈ શકે એવા કારણનો અભાવ હોવાથી વાસ્તવિક્તાએ આકાશનું કરણ સંભવતું નથી, કારણ કે ક્ષેત્ર એ કાર્ય નથી. કાર્ય ન હોવાથી તે નિત્ય છે અને નિત્ય હોવાથી તેનું કરણ ઘટતું નથી.

**શંકા :** જો આકાશરૂપ ક્ષેત્રનું કરણ ન હોય તો નિર્યુક્તિકારે નિક્ષેપગાથામાં તેનો ઉપન્યાસ શા માટે કર્યો ?

**સમાધાન :** વ્યંજનપર્યાયને પામેલું એવું ઈક્ષુકરણાદિ છે જ. ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે - જેનાવડે ક્ષેત્ર પ્રગટ કરાય તે વ્યંજન કહેવાય છે. અહીં વ્યંજનશબ્દથી ઘટ-પટ વિગેરે પદાર્થો ગ્રહણ કરાય છે, કારણ કે ઘટ-પટ વિગેરે પદાર્થો પોતાના સંબંધ દ્વારા ક્ષેત્રને આ ઘટાકાશ છે, પટાકાશ છે વિ...રૂપે પ્રગટ કરે છે. તે પદાર્થોના સંબંધથી ક્ષેત્ર પર્યાયને પામે છે, અર્થાત્ પૂર્વ અવસ્થાને છોડી અન્ય અવસ્થાને પામે છે. (ટૂંકમાં [મ]આશય એ છે કે - કોઈ એક આકાશ- દેશમાં રહેલો લાલ ઘડો અન્ય પ્રયોગથી સફેદ કરાય છે. ત્યારે તે આકાશ પૂર્વે લાલઘટ સાથે સંબદ્ધ હતું અને પછી તે જ આકાશ સફેદ ઘટ સાથે સંબદ્ધ થયું. આમ આ જે શુક્લગુણરૂપ પર્યાય ઉત્પન્ન થયો તે વાસ્તવિક રીતે આકાશનો જ પર્યાય ઉત્પન્ન થયો હોવાથી) જ્યારે પર્યાયને પામેલું ક્ષેત્ર છે એવી વિવક્ષા કરાય ત્યારે તે પર્યાય દ્રવ્યથી જુદો ન હોવાથી પર્યાયદ્વારા ક્ષેત્રનું કરણ જ કરેલું કહેવાય છે. આ પ્રમાણે ભાવાર્થ સાથે અક્ષરોની વ્યાખ્યા કરી.

[મ]અથવા લૌકિક ઉપચારમાત્રથી પણ ક્ષેત્રનું કરણ સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે કે - લોકમાં પણ આવું બોલનારા દેખાય છે કે "મારાવડે ઈક્ષુક્ષેત્ર (શેરડીનું ખેતર) શાલિક્ષેત્ર કરાયું. અથવા

+ ०क्षुकरणाद्य० मुद्रिते ।

यथेक्षुक्षेत्रकरणं-शालिक्षेत्रकरणम्, अथवाऽऽदिशब्दाद् यत्र प्ररूप्यते क्रियते वेति गाथार्थः ॥१०१७॥

उक्तं क्षेत्रकरणम्, इदानीं कालकरणस्यावसरः, तत्रेयं गाथा—

**कालेवि नत्थि करणं तहावि पुण वंजणप्पमाणेणं ।**
**बवबालवाइकरणेहिंऽणेगहा होइ ववहारो ॥१०१८॥**

अस्या व्याख्या : कलनं कालः कलासमूहो वा कालस्तस्मिन् कालेऽपि, न केवलं क्षेत्रस्य, किं ?, नास्ति करणं—न विद्यते कृतिः, कुतः ?—तस्य वर्तनादिरूपत्वाद्, वर्तनादीनां च स्वयमेव भावात्, समयाद्यपेक्षायां चापरोपादानत्वादिति भावना, आह—यद्येवं किमिति निर्युक्तिकृतोपन्यस्तमिति ?, अत्रोच्यते, तथाऽपि पुनर्व्यञ्जनप्रमाणेन भवतीति शेषः, इह व्यञ्जनशब्देन विवक्षया वर्तनाद्यभिव्यञ्जकत्वाद् द्रव्याणि गृह्यन्ते, तत्प्रमाणेन—तन्नीत्या तद्बलेन भवतीति, तथाहि—वर्तनादयस्तद्वतां कथञ्चिदभिन्ना एव, ततश्च तद्वतां करणे तेषामपि करणमेवेति भावना,

'ઈક્ષુકરણાદિ'માં રહેલ 'આદિ' શબ્દથી જે ક્ષેત્રમાં 'કરણ' શબ્દની પ્રરૂપણા થતી હોય તે ક્ષેત્રકરણ અથવા જે ક્ષેત્રમાં કરણ (કોઈપણ કાર્ય) કરાતું હોય તે ક્ષેત્ર ક્ષેત્રકરણ કહેવાય છે. ॥૧૦૧૭॥

**અવતરણિકા :** ક્ષેત્રકરણ કહ્યું, હવે કાળકરણનો અવસર છે. તેમાં ગાથા આ પ્રમાણે છે➪

**ગાથાર્થ : કાળમાં પણ કરણ નથી છતાં વ્યંજનપ્રમાણવડે થાય છે. તથા બવ-બાલવ વિગેરે કરણોવડે અનેક પ્રકારે વ્યવહાર થાય છે.**

**ટીકાર્થ :** જાણવું તે કાળ અથવા કલાઓનો સમૂહ તે કાળ, માત્ર ક્ષેત્રનું જ નહિ પરંતુ કાળનું પણ કરણ નથી, કારણ કે તે કાળ વર્તનાદિરૂપ છે અને વર્તનાદિ સ્વયં જ થાય છે. (અર્થાત્ જે કરાય) તે કરણ કહેવાય છે. અને વર્તનારૂપ કાળ પોતે સ્વયં જ થતો હોવાથી તેનું કરણ સંભવતું નથી.)

(**શંકા :** વર્તનાસ્વરૂપ કાળની વિવક્ષા કરતા તેનું કરણ થતું નથી પરંતુ અઢીદ્વીપવર્તી સમયાદિરૂપ કાળની વિવક્ષા કરતા તે કાળ પરકૃત હોવાથી તેનું કરણત્વ ઘટી શકે છે.)

**સમાધાન :** સમયાદિની વિવક્ષા કરીએ ત્યારે પણ કાળની ઉપાદાનભૂત એટલે કે કારણભૂત એવી કોઈ પરવસ્તુ ન હોવાથી તેનું કરણત્વ ઘટી શકતું નથી. (અર્થાત્ જેનાવડે કાળ કરાય તે કાળનું કરણ કહેવાય. પરંતુ કાળને કરનાર એવી કોઈ પરવસ્તુ જ નથી તેથી તેનું કરણ સંભવતું નથી.)

**શંકા :** જો કરણ સંભવતું ન હોય તો નિક્ષેપગાથામાં તેનો ઉપન્યાસ શા માટે કર્યો ?

**સમાધાન :** જો કે તેનું કારણ સંભવતું નથી તો પણ વ્યંજનના બળથી કરણ થાય છે. અહીં વ્યંજનશબ્દથી દ્રવ્યો ગ્રહણ કરાય છે, કારણ કે અમુક વિવક્ષા કરતાં (અર્થાત્ ક્ષેત્રમાં કહ્યું તેમ દ્રવ્યની સાથે પર્યાયના કથંચિત્ અભેદની વિવક્ષા કરતાં) દ્રવ્યો એ વર્તનારૂપ કાળને પ્રગટ કરનારા છે. તે દ્રવ્યોના બળથી કાળનું કરણ સંભવિત છે. તે આ પ્રમાણે - વર્તના વિગેરે વર્તનાદિવાળા દ્રવ્યો સાથે કથંચિત્ અભિન્ન જ છે. તેથી તે દ્રવ્યોનું કરણ થતાં વર્તનાદિનું કરણ

+ च परोपा० इत्यशुद्धपाठो मुद्रिते ।

**समयादिकालापेक्षायामपि व्यवहारनयादस्ति कालकरणमिति, आह च–बवबालवादिकरणैरनेकधा भवति व्यवहार इति, अत्रादिशब्दात् कौलवादीनि गृह्यन्ते, उक्तं च–'[१०]बवं च बालवं चेव, कोलवं थीविलोयणं । गराइ वणियं चेव, विट्ठी भवइ सत्तमा ॥१॥ एयाणि सत्त करणाणि चलाणि वट्टंति, अवराणि सउणिमाईणि चत्तारि थिराणि, उक्तं च–'सउणि चउप्पय णागं किंछुग्घं च करणं थिरं चउहा । बहुलचउद्दसिरत्ती सउणी सेसं तियं कमसो ॥१॥ एस एत्थ भावणा–बहुलचउद्दसिराईए सउणी हवति, सेसं तियं चउप्पयाई करणं अमावसाए दिया राओ य पडिवयदिया य, तओ सुद्ध-पडिवयणिसादौ ववाईणि हवंति, एएसिं च परिजाणणोवाओ–पक्खतिहओ दुगुणिया दुरूवहीणा य**

થયું જ કહેવાય છે. (અર્થાત્ દ્રવ્યમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તે કાળનો જ ફેરફાર કર્યો કહેવાય છે.) સમયાદિરૂપ કાળ લઈએ તો વ્યવહારનયથી તે કાળનું કરણ પણ છે જ. માટે જ મૂળમાં કહ્યું છે કે –બવ, બાલવ વિગેરે કરણોવડે અનેક પ્રકારે કરણનો વ્યવહાર થાય છે. 'આદિ' શબ્દથી કૌલવાદી કરણો લેવા. કહ્યું છે–"બવ, બાલવ, કૌલવ, સ્ત્રીવિલોચન, ગર, વણિજ અને સાતમું વિષ્ટિ ॥૧॥ આ સાત કરણો ચલ છે. ('तिथ्यर्धं करणम्' તિથિના અર્થભાગને કરણ કહેવાય છે. એટલે એક તિથિમાં બે કરણો હોય છે. કરણ કુલ ૧૧ છે. તેમાં આ સાત કરણો ચલ છે. સંક્રાન્તિના શુભાશુભ ફળ જોવા માટે કરણ ઉપયોગી હોય છે. વિશેષાર્થીએ જ્યોતિર્વિદ્ પાસેથી જાણી લેવું.) બીજા શકુનિ વિગેરે ચાર સ્થિર કરણ છે. કહ્યું છે-"શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુઘ્ન ચાર કરણો સ્થિર છે. વદ ચૌદસની રાત્રિએ શકુનિ કરણ હોય છે. શેષ ત્રણ કરણો ક્રમશઃ જાણવા. ॥૧॥"

આ ગાથાનો **ભાવાર્થ** આ પ્રમાણે છે કે – [મ]વદ ચૌદસની રાત્રિએ નિયમા શકુનિ કરણ હોય છે. શેષ ચતુષ્પદાદિ ત્રણ કરણો ક્રમશઃ અમાવાસ્યાના દિવસે, રાત્રિએ અને કિંસ્તુઘ્ન એકમના દિવસે હોય છે. (આ ચારે કરણો તે તે તિથિએ ચોક્કસ હોવાથી સ્થિર કહ્યા છે.) ત્યારપછી સુદ એકમની રાત્રિએ બવ, બીજના દિવસે બાલવ વિગેરે હોય છે. (અહીં આ બવ, બાલવ વિગેરે સાત કરણો તે તે તિથિ સિવાય અન્ય તિથિઓમાં પણ સંભવતા હોવાથી ચર કહ્યા છે.) આ કરણોને જાણવાનો ઉપાય (અહીં જે ઉપાય બતાવ્યો છે તે સ્થિર કરણવાળી જે તિથિઓ છે તે સિવાયની તિથિએ કયું કરણ હોય ? તે જાણવા માટે છે એમ સમજવું, કારણ કે સ્થિરકરણવાળી તિથિઓમાં તે તે કરણો ચોક્કસ હોય જ છે.) –સુદપક્ષમાં દ્વિગુણ કરાયેલી તિથિમાંથી બે ઓછા

**१०. बवं च बालवं चैव कौलवं स्त्रीविलोचनम् । गरादि वणिक् चैव विष्टिर्भवति सप्तमी ॥१॥ एतानि सप्त करणानि चलानि वर्त्तन्ते, अपराणि शकुन्यादीनि चत्वारि स्थिराणि,–शकुनिश्चतुष्पदं नागः किंस्तुघ्नं च करणानि स्थिराणि चतुर्धा । कृष्णचतुर्दशीरात्रौ शकुनिः शेषं त्रिकं क्रमशः ॥१॥ एषाऽत्र भावना–कृष्णचतुर्दशीरात्रौ शकुनिर्भवति शेषं त्रयं चतुष्पदादिकरणं अमावास्याया दिवा रात्रौ च ततः प्रतिपद्दिवसे च, ततः शुद्धप्रतिपन्निशादौ बवादीनि भवन्ति, एतेषां च परिज्ञानोपायः–पक्षतिथयो द्विगुणिता द्विरूपहीनाश्च**

[११]सुक्कपक्खंमि । सत्तहिए देवसियं तं चिय रूवाधियं रत्तिं ॥१॥ एसेत्थ भावणा–अहिगयदिणंमि करणजाणणत्थं पक्खतिहिओ दुगुणियत्ति–अहिगयतिहिं पडुच्च अइगआ दुगुणा कज्जंति, जहा सुद्धचउत्थीए दुगुणा अट्ठ हवंति 'दुरूवहीण'त्ति तओ दोण्णि रूवाणि पाडिज्जंति, सेसाणि छ सत्तहिं भागे देवसियं करणं भवइ, एत्थ य भागाभावा छच्चेव, तओ बवाइक्कमेण चादुप्पहरिगकरणभोगेणं चउत्थीए दिवसओ वणियं हवइ, 'तं चिय रूवाहियं रत्तिं'ति रत्तीए विट्ठी, कण्हपक्खे पुणो दो रूवा ण पाडिज्जंति, एवं सव्वत्थ भावणा कायव्वा, भणियं च—

*"किण्हनिसि तइय दसमी सत्तमी चाउद्दसीय अह विट्ठी ।*

કરતા જે શેષ રહે તેને સાતવડે ભાગતાં જે આવે તે કરણ દિવસે જાણવું અને તેમાં એક ઉમેરતા રાત્રિનું કરણ જાણવું. ॥૧॥" આ ગાથાનો **ભાવાર્થ :** કોઈ ચોક્કસ દિવસે કયું કરણ છે ? તે જાણવા માટે પક્ષની તિથિ દ્વિગુણકરાય છે, અર્થાત્ વિવક્ષિતતિથિને આશ્રયીને તે પૂર્વે પસાર થયેલી તિથિઓ દ્વિગુણ કરાય છે. જેમ કે, સુદ ચોથને દિવસે કયું કરણ છે ? તે જાણવું હોય તો એકમથી લઈ ચોથ સુધીની ચાર તિથિઓ દ્વિગુણ કરતાં આઠ થાય છે. આ આઠ સંખ્યામાંથી બે સંખ્યા ઓછી કરતાં છ થાય, આ શેષ છને સાતવડે ભાગતાં જે સંખ્યા આવે તેટલામું કરણ ચોથને દિવસે હોય, અહીં છનો સાતવડે ભાગ થતો ન હોવાથી 'છ' સંખ્યા જ અહીં રહે છે.તેથી બવ વિગેરેના ક્રમે દરેક કરણ ચાર પ્રહરનો ગણતા ચોથના દિવસે છઠ્ઠું કરણ એટલે કે વણિજકરણ હોય છે. તે 'છ' સંખ્યામાં જ એકનો ઉમેરો કરતાં ચોથની રાત્રિએ સાતમું કરણ એટલે કે વિષ્ટિ કરણ હોય છે. વદપક્ષમાં પણ આ જ ઉપાય જાણવો, માત્ર દ્વિગુણ કર્યા પછી તેમાંથી બે ઓછા કરવાના નહિ. આ પ્રમાણે સર્વત્ર વિચારવા યોગ્ય છે.

કહ્યું છે - "કૃષ્ણપક્ષની ત્રીજ અને દશમની રાત્રિએ તથા સાતમ અને ચૌદસને દિવસે વિષ્ટીકરણ હોય છે. (ઉપરોક્ત ઉપાય પ્રમાણે વિચારીએ–ત્રીજને દિવસે કયું કરણ છે ? તે શોધવા ૩ ના દ્વિગુણ કરતાં છ થાય, અહીં કૃષ્ણપક્ષ હોવાથી બે ઓછા કરવાના નથી. તેથી છને સાત વડે ભાગ આપવો, ભાગ ચાલતો નથી માટે ત્રીજાના દિવસે છઠ્ઠું કરણ અને તેમાં એક ઉમેરતા ત્રીજના રાત્રિએ સાતમું એટલે કે વિષ્ટીકરણ આવે. એ જ રીતે ૧૦ ના દ્વિગુણ ૨૦, ૨૦ ને સાતવડે ભાગ કરતાં શેષ છ વધે. તેમાં એક ઉમેરતા દશમની રાત્રિએ વિષ્ટિ આવે. સાતમને દિવસે → ૭ ના દ્વિગુણ ૧૪ ÷ ૭ = અહીં શેષ શૂન્ય હોવાથી તે દિવસે સાતમું જ કરણ આવશે. ચૌદસને દિવસે → અહીં ચૌદસની રાત્રિએ શકુનિકરણ નિયત હોવાથી તેમાંથી એક ઓછું કરવાથી

११. शुक्लपक्षे । सप्तहते दैवसिकं तदेव रूपाधिकं रात्रौ ॥१॥ एषाऽत्र भावना–अधिकृतदिने करणज्ञानार्थं पक्षतिथयो द्विगुणिता इति अधिकृततिथिं प्रतीत्य अतिगता द्विगुणाः क्रियन्ते, यथा शुक्लचतुर्थ्यां द्विगुणा अष्ट भवन्ति, द्विरूपहीना इति ततो द्वे रूपे पात्येते, शेषाणि षट् सप्तभिर्भागे दैवसिकं करणं भवति, अत्र च भागाभावात् षडेव, ततो बवादिक्रमेण चातुष्प्राहरिककरणभोगेन चतुर्थ्यां दिवसे वणिक् भवति, 'तदेव रूपाधिकं रात्रा' विति रात्रौ विष्टिः कृष्णपक्षे पुनर्द्वे रूपे न पात्येते, एवं सर्वत्र भावना कर्त्तव्या, भणितं च–कृष्णे निशि तृतीयायां दशम्यां सप्तम्यां चतुर्दश्यां अह्नि विष्टिः ।

*[१२]सुक्कचउत्थेकारसि निसि अट्ठमि पुन्निमा य दिवा ॥१॥*
*सुद्धस्स पडिवयनिसि पंचमिदिण अट्ठमीए रत्तिं तु ।*
*दिवसस्स बारसी पुन्निमा य रत्तिं बवं होइ ॥२॥*
*बहुलस्स चउत्थीए दिवा य तह सत्तमीइ रत्तिंमि ।*
*एक्कारसीय उ दिवा बवकरणं होइ नायव्वं ॥३॥ "*

इत्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥१०१८॥

उक्तं कालकरणम्, अधुना भावकरणमभिधीयते, तत्र भावः पर्याय उच्यते, तस्य च जीवाजीवोपाधिभेदेन द्विभेदत्वात् तत्करणमप्योघतो द्विविधमेवेति, अत आह—

**जीवमजीवे भावे अजीवकरणं तु तत्थ वन्नाई ।**
**जीवकरणं तु दुविहं सुअकरणं नो अ सुअकरणं ॥१०१९॥**

व्याख्या : इहानुस्वारस्यालाक्षणिकत्वाज्जीवाजीवयोः सम्बन्धि 'भाव' इति भावविषयं करणमवसेयमिति, अल्पवक्तव्यत्वादजीवभावकरणमेवादावुपदर्शयति—'अजीवकरणं तु' तुशब्दस्य

દિવસે વિષ્ટી કરણ આવશે.) સુદપક્ષમાં ચોથ, અને અગિયારસની રાત્રિએ તથા આઠમ અને પૂનમના દિવસે વિષ્ટીકરણ હોય છે. ॥૧॥ સુદપક્ષ એકમની રાત્રિએ, પાંચમના દિવસે, આઠમની રાત્રિએ, બારસના દિવસે અને પૂનમની રાત્રિએ બવ નામનું કરણ હોય છે. ॥૨॥ (અહીં ધ્યાન રાખવું કે ૭ વડે ભાગ આપ્યા પછી જે શેષ વધે તે સંખ્યા પ્રમાણે કરણ જાણવું. જેમ કે પાંચમના દિવસે ૫ ના દ્વિગુણ ૧૦ તેમાંથી ૨ ઓછા કરતાં ૮, તેને ૭ વડે ભાગતા શેષ એક વધે માટે તે દિવસે પહેલું બવ કરણ આવે.) કૃષ્ણપક્ષની ચોથને દિવસે, સાતમની રાત્રિએ, અગિયારસના દિવસે બવકરણ જાણવા યોગ્ય છે. ॥૩॥ પ્રાસંગિક ચર્ચાવડે સર્યું. ॥૧૦૧૮॥

**અવતરણિકા :** કાળકરણ કહ્યું. હવે ભાવકરણ કહેવાય છે. તેમાં ભાવ એટલે પર્યાય અને તે પર્યાય જીવ-અજીવરૂપ ઉપાધિના ભેદથી બે પ્રકારે છે. (અર્થાત્ જીવપર્યાય અને અજીવપર્યાય) તે પર્યાય બે પ્રકારે હોવાથી તેનું કરણ પણ સામાન્યથી બે પ્રકારે છે. તેથી કહે છે ➪

**ગાથાર્થ : ભાવમાં જીવ અને અજીવ બે પ્રકાર છે. તેમાં અજીવકરણ તરીકે વર્ણાદિ જાણવા તથા જીવકરણ શ્રુતકરણ અને નોશ્રુતકરણ એમ બે પ્રકારે છે.**

**ટીકાર્થ :** મૂળમાં 'जीवमजीवे' અહીં અનુસ્વાર (મ્ કાર) અલાક્ષણિક હોવાથી ભાવવિષયક કરણ જીવ અને અજીવસંબંધી જાણવું. (અર્થાત્ ભાવકરણ જીવકરણ અને અજીવકરણ એમ બે પ્રકારે જાણવું.) *તેમાં અલ્પ કથન કરવાનું હોવાથી શરૂઆતમાં અજીવભાવકરણ જ બતાવે છે-*

**१२. शुक्ले चतुर्थ्यां एकादश्यां निशि अष्टम्यां पूर्णिमायां च दिवा ॥१॥ शुक्लस्य प्रतिपन्निशि पञ्चमीदिने अष्टम्या रात्रौ तु । द्वादश्या दिवसे पूर्णिमायाश्च रात्रौ बवं भवति ॥२॥ कृष्णस्य चतुर्थ्यां दिवसे च तथा सप्तम्यां रात्रौ । एकादश्यास्तु दिवसे बवकरणं भवति ज्ञातव्यम् ॥३॥**

विशेषणार्थत्वादजीवभावकरणं परिगृह्यते, 'तत्र' तयोर्मध्ये वर्णादि, इह परप्रयोगमन्तरेणाभ्रादेर्नानावर्णान्तरगमनं तदजीवभावकरणम्, आदिशब्दाद् गन्धादिपरिग्रहः, तत्राऽऽह–ननु च द्रव्यकरणमपि विश्रसाविषयमित्थंप्रकारमेवोक्तं, को न्वत्र भावकरणे विशेष इति ?, उच्यते, इह भावाधिकारात् पर्यायप्राधान्यमाश्रीयते तत्र तु द्रव्यप्राधान्यमिति विशेषः, 'जीवकरणं तु' जीवभावकरणं पुनः 'द्विविधं' द्विप्रकारं–श्रुतकरणं नोश्रुतकरणं च, श्रुतकरणमिति श्रुतस्य जीवभावत्वाच्छ्रुतभावकरणं, नोश्रुतभावकरणं च गुणकरणादि, चशब्दस्य व्यवहितः सम्बन्ध इति गाथार्थः ॥१०१९॥

साम्प्रतं जीवभावकरणेनाधिकार इति तदेव यथोद्दिष्टं तथैव भेदतः प्रतिपिपादयिषुराह—

**बद्धमबद्धं तु सुअं बद्धं तु दुवालसंग निद्दिट्ठं ।**
**तव्विवरीअमबद्धं निसीहमनिसीह बद्धं तु ॥१०२०॥**

व्याख्या : इह बद्धमबद्धं तु श्रुतं, तुशब्दो विशेषणार्थः, किं विशिनष्टि ?–लौकिकलोकोत्तरभेदमिदमेवमिति, तत्र पद्यगद्यबन्धनाद् बद्धं शास्त्रोपदेशवत्, अत एवाह–बद्धं तु द्वादशाङ्गम्–

---

'अजीवकरणं तु' અહીં તુ શબ્દ વિશેષ અર્થને જણાવનારો હોવાથી અજીવકરણશબ્દથી અજીવભાવકરણ લેવાનું છે. 'તેમાં' એટલે કે અજીવભાવકરણ અને જીવભાવકરણ આ બેમાં અજીવભાવકરણ તરીકે વર્ણાદિ જાણવા, અર્થાત્ બીજાના પ્રયોગ વિના વાદળ વિગેરેનું જુદા જુદા વર્ણોને પામવું તે અજીવભાવકરણ કહેવાય છે. 'વર્ણાદિ'માં આદિશબ્દથી ગંધાદિ જાણવા.

**શંકા :** પૂર્વે ભા.ગા. ૧૫૩/૧૫૪માં વિશ્રસાવિષયક નોસંજ્ઞાદ્રવ્યકરણ પણ આ જ પ્રમાણે તમે કહ્યું હતું. તેથી આ ભાવકરણમાં અન્ય વિશેષ ભેદ શું છે ?

**સમાધાન :** અહીં ભાવનો અધિકાર હોવાથી પર્યાયની મુખ્યતા છે, જ્યારે ત્યાં દ્રવ્યની મુખ્યતા હતી. જીવકરણ બે પ્રકારનું છે - શ્રુતકરણ અને નોશ્રુતકરણ. અહીં શ્રુતકરણ શબ્દથી શ્રુત(જ્ઞાન) એ જીવનો પર્યાય હોવાથી શ્રુતભાવકરણ જાણવું અને નોશ્રુતભાવકરણ એટલે ગુણકરણ (ગુણોને કરવું તે ગુણકરણ વિગેરે આગળ કહેશે.) વિગેરે જાણવા. મૂળમાં 'नो अ सुअकरणं' વાક્યમાં રહેલ 'च' શબ્દનો અન્ય સ્થાને એટલે કે 'नोसुअकरणं अ' એ પ્રમાણે સંબંધ જોડવો. ॥૧૦૧૯॥

**અવતરણિકા :** હવે જીવભાવકરણનો અધિકાર હોવાથી તેનો જે રીતે ઉદ્દેશ કરેલો હતો તે રીતે ભેદથી પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : શ્રુત બદ્ધ – અબદ્ધ એમ બે પ્રકારે છે. બદ્ધશ્રુત તરીકે દ્વાદશાંગનો નિર્દેશ કરેલ છે. તેનાથી વિપરીત = બદ્ધ સિવાયનું શ્રુત અબદ્ધ જાણવું. બદ્ધશ્રુત નિશીથ અને અનિશીથ એમ બે પ્રકારે જાણવું.**

**ટીકાર્થ :** અહીં શ્રુત બદ્ધ અને અબદ્ધ એમ બે પ્રકારે હોય છે. તુ શબ્દ વિશેષ અર્થને જણાવનારો છે. તે વિશેષ અર્થ શું છે ? તે કહે છે કે – બદ્ધ અને અબદ્ધ પ્રત્યેક પાછા લૌકિક અને લોકોત્તર ભેદવાળા જાણવા. તેમાં બદ્ધ એટલે [મ]શાસ્ત્રરૂપ ઉપદેશની જેમ ગદ્ય અને પદ્ય એમ બે રીતે અથવા બેમાંથી કોઈ એક રીતે ગુંથણી જેમાં કરેલી હોય તેવું શ્રુત. આથી જ (અર્થાત્

आचारादि गणिपिटकं निर्दिष्टं, तुशब्दस्य विशेषणार्थत्वाल्लोकोत्तरमिदं, लौकिकं तु भारतादि विज्ञेयमिति, तद्विपरीतमबद्धम् लौकिकलोकोत्तरभेदमेवावसेयमिति, 'निसीहमनिसीह बद्धं तु'त्ति इह बद्धश्रुतं निषीथमनिषीथं च, तुशब्दःपूर्ववत्, तत्र रहस्ये पाठाद् रहस्योपदेशाच्च प्रच्छन्नं निषीथमुच्यते, प्रकाशपाठात् प्रकाशोपदेशत्वाच्चानिषीथमिति गाथार्थः ॥१०२०॥

साम्प्रतमनिषीथनिषीथयोरेव स्वरूपप्रतिपादनायाह –

**भूआपरिणयविगए सद्दकरणं तहेव न निसीहं ।**

**पच्छन्नं तु निसीहं निसीहनामं जहऽज्झयणं ॥१०२१॥**

व्याख्या : भूतम्–उत्पन्नम् अपरिणतं–नित्यं विगतं–विनष्टं, ततश्च भूतापरिणतविगतानि, एतदुक्तं भवति–*'उप्पण्णेइ वा विगएइ वा धुवेइ वा'* इत्यादि, शब्दकरणमित्यनेनोक्तिमाह, तथा चोक्तम्–'उत्ती[१३] तु सद्दकरणे' इत्यादि, तदेवं भूतादिशब्दकरणं 'न निषीथ'मिति निषीथं न भवति, प्रकाशपाठात् प्रकाशोपदेशत्वाच्च, प्रच्छन्नं तु निषीथं रहस्यपाठाद् रहस्योपदेशाच्च निषीथनाम यथाऽध्ययनमिति गाथार्थः ॥१०२१॥

अथवा निषीथं गुप्तार्थमुच्यते, जहा[१४]–"*अग्गाणीए विरिए अत्थिनत्थिप्पवायपुव्वे य पाठो–*

દ્વાદશાંગીનું આ રીતે ગુંથન થયેલું હોવાથી) આચારાંગાદિ ગણિપિટક એ બદ્ધશ્રુત તરીકે કહ્યું છે. અહીં તુ શબ્દ વિશેષ અર્થને જણાવનારો હોવાથી આ લોકોત્તર શ્રુત જાણવું. લૌકિક બદ્ધશ્રુત તરીકે મહાભારતાદિ જાણવા. તેનાથી = બદ્ધથી વિપરીત એવું લોકોત્તર-લૌકિકભેદવાળું અબદ્ધશ્રુત જાણવું. બદ્ધશ્રુત નિશીથ અને અનિશીથ એમ બે પ્રકારે જાણવું. તુ શબ્દ વિશેષ અર્થને જણાવનારો છે. તે વિશેષ અર્થ આ પ્રમાણે છે કે–એકાંતમાં પાઠ થતો હોવાથી અને એકાંતમાં જ જેનો ઉપદેશ (વાચના) અપાતો હોવાથી ગુપ્ત એવું જે શ્રુત તે નિશીથ કહેવાય છે. જાહેરમાં પાઠ અને જાહેરમાં જેની વાચના થાય તેવું શ્રુત તે અનિશીથશ્રુત કહેવાય છે. ॥૧૦૨૦॥

**અવતરણિકા :** હવે અનિશીથ અને નિશીથશ્રુતના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કહે છે⇨

**ગાથાર્થ : 'ઉત્પન્ન થયેલું, સ્થિર અને નષ્ટ થયેલું' ઇત્યાદિ અર્થોનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર એ નિશીથ નથી. જે ગુપ્ત અર્થવાળું હોય તે નિશીથ છે. જેમકે, નિશીથનામનું અધ્યયન.**

ટીકાર્થ : [H]ભૂત એટલે ઉત્પન્ન થયેલું, અપરિણત = નિત્ય અને વિગત = નષ્ટ પામેલું, અર્થાત્ ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા. 'શબ્દકરણ' શબ્દનો 'પ્રતિપાદન' અર્થ જાણવો. કહ્યું છે- 'શબ્દકરણ એટલે પ્રતિપાદન' ઇત્યાદિ. તેથી ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે ઉત્પાદ વિગેરે અર્થોનું પ્રતિપાદન (એટલે કે તે પ્રતિપાદન કરનાર શાસ્ત્ર) નિશીથ નથી, કારણ કે તેનો જાહેરમાં પાઠ અને જાહેરમાં વાચના થાય છે. તથા એકાંતમાં જ પાઠ અને એકાંતમાં જ વાચના થતી હોવાથી પ્રચ્છન્ન એવું શ્રુત નિશીથ કહેવાય છે. જેમકે, નિશીથ નામનું અધ્યયન. (જે અત્યારે નિશીથસૂત્ર નામે છેદગ્રંથ તરીકે ઓળખાય છે.) ॥૧૦૨૧॥

અથવા નિશીથ એટલે ગુપ્ત અર્થોવાળું શ્રુત, જેમ કે - અગ્રાયણીયવીર્ય નામના પૂર્વમાં અને

१३. उक्तिस्तु शब्दकरणे १४. यथाऽग्रायणीये वीर्ये अस्तिनास्तिप्रवादपूर्वे च पाठः–

[૧૫]*जत्थेगो दीवायणो भुंजइ तत्थ दीवायणसयं भुंजइ जत्थ दीवायणसयं भुंजइ तत्थ एगो दीवायणो भुंजइ, एवं हम्मइ वि जाव जत्थ दीवायणसयं हम्मइ तत्थेगो दीवायणो हम्मइ ।"*

तथा चामुमेवार्थमभिधातुकाम आह—

**अग्गेणीअंमि य जहा दीवायण जत्थ एग तत्थ सयं ।**
**जत्थ सयं तत्थेगो हम्मइ वा भुंजइ वावि ॥१०२२॥**

व्याख्या : सम्प्रदायाभावान्न प्रतन्यत इति ॥

**एवं बद्धमबद्धं आएसाणं हवंति पंचसया ।**
**जह एगा मरुदेवी अच्चंतत्थावरा सिद्धा ॥१०२३॥**

व्याख्या : 'एवम् इत्यनन्तरोक्तप्रकारं 'बद्धं' लोकोत्तरं, लौकिकं त्वत्रारण्यकादि द्रष्टव्यम्, अबद्धं पुनरादेशानां भवन्ति पञ्च शतानि, किम्भूतानि ?, अत आह—यथैका—तस्मिन् समयेऽद्वितीया 'मरुदेवी' ऋषभजननी 'अत्यन्तस्थावरा' इत्यनादिवनस्पतिकायादुद्धृत्य 'सिद्धा' निष्ठितार्था सञ्जातेति, उपलक्षणमेतदन्येषामपि स्वयम्भूरमणजलधिमत्स्यपद्मपत्राणां वलयव्यतिरिक्तसकलसंस्थान-

---

અસ્તિનાસ્તિપ્રવાદ નામના પૂર્વમાં આ પ્રમાણેનો પાઠ છે-"જ્યાં એક દ્વીપાયન ભોજન કરે છે, ત્યાં એકસો દ્વીપાયનો ભોજન કરે છે. જ્યાં એકસો દ્વીપાયનો ભોજન કરે છે ત્યાં એક દ્વીપાયન ભોજન કરે છે." આ પ્રમાણે 'હણાય છે' ક્રિયાપદ પણ જોડવું. "જ્યાં એકસો દ્વીપાયનો હણાય છે ત્યાં એક દ્વીપાયન હણાય છે." આ જ અર્થને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

ગાથાર્થ : **અગ્રાયણીયમાં આ પ્રમાણે પાઠ છે - જ્યાં એક દ્વીપાયન ત્યાં એકસો છે, જ્યાં એકસો ત્યાં એક હણાય છે અથવા ભોજન કરે છે.**

**ટીકાર્થ :** પરંપરાએ આ ગાથાનો અર્થ પ્રાપ્ત થયો ન હોવાથી આ ગાથાની વ્યાખ્યા કહેવાતી નથી. (એટલું ખરું કે આ ગાથા ગુપ્ત અર્થવાળી હોવાથી નિશીથશ્રુત કહેવાય છે.) ॥૧૦૨૨॥

ગાથાર્થ : **ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઉપર કહ્યા પ્રમાણે લોકોત્તર બદ્ધશ્રુત જાણવું. લૌકિક બદ્ધશ્રુત તરીકે આરણ્યકાદિ ગ્રંથો જાણવા. પાંચસો આદેશો (પ્રવાદો) અબદ્ધશ્રુત જાણવું. (અર્થાત્ આ પાંચસો આદેશો ક્યાંય મૂળસૂત્રોમાં જોવા મળતા નથી. પરંતુ પરંપરાએ ગુરુઓ પાસેથી પ્રાપ્ત થયેલા હોવાથી અબદ્ધશ્રુત કહેવાય છે.) તે પાંચસો આદેશો કયાં છે ? તે કહે છે - તે સમયે એકલા મરુદેવીમાતા અનાદિવનસ્પતિકાયમાંથી નીકળીને મનુષ્યમાં આવી સિદ્ધ થયા. આ આદેશ બીજા પણ એટલે કે સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલા અને કમળોના વલયાકાર (બંગડી આકાર) સિવાયના સર્વ આકારો છે. વિગેરે બીજા ચારસો નવ્વાણું આદેશોનું ઉપલક્ષણ જાણવું. (અર્થાત્ મૂળમાં એક જ આદેશ બતાવ્યો છે તેનાથી બધાં સમજી લેવાના છે.) આ લોકોત્તર અબદ્ધશ્રુત કહ્યું. લૌકિક અબદ્ધશ્રુત

---

**૧૫. यत्रैको द्वीपायनो भुङ्क्ते तत्र द्वीपायनशतं भुङ्क्ते, यत्र द्वीपायनशतं भुङ्क्ते तत्रैको द्वीपायनो भुङ्क्ते, एवं हन्यतेऽपि यावत् यत्र द्वीपायनशतं हन्यते तत्रैको द्वीपायनो हन्यते ।**

सम्भवादीनामिति, लौकिकमप्यड्डिकाप्रत्यड्डिकादिकरणं ग्रन्थानिबद्धं वेदितव्यमिति गाथार्थः ॥१०२३॥

अत्र वृद्धसम्प्रदायः—[९६]आरूहए पवयणे पंच आएससयाणि जाणि अणिबद्धाणि, तत्थेगं मरूदेवा णवि अंगे ण उवंगे पाठो अत्थि जहा—अच्चंतं थावरा होइऊण सिद्धत्ति, बिइयं सयंभुरमणे समुद्दे मच्छाणं पउमपत्ताण य सव्वसंठाणाणि अत्थि वलयसंठाणं मोत्तुं, तइयं विण्हुस्स सातिरेगजोयणसयसहस्सविउव्वणं, चउत्थं करडओकुरुडा दो [+]सट्टियरुवज्झाया, कुणालाणयरीए निद्धमणमूले वसही, वरिसासु देवयाणुकंपणं, नागरेहि निच्छुहणं, करडेण रूसिएण वुत्तं—'वरिस देव ! कुणालाए,' उक्कुरुडेण भणियं—'दस दिवसाणि पंच य' पुणरवि करडेण भणियं—'मुट्ठिमेत्ताहिं धाराहिं' उक्कुरुडेण भणियं—'जहा रत्तिं तहा दिवं' एवं वोत्तूणमवक्कंता, कुणालाएवि

તરીકે ગ્રંથમાં નહિ કહેવાયેલાં અડ્ડિકા, પ્રત્યડ્ડિકાદિ તથા કરણો જાણવા. ॥૧૦૨૩॥

અહીં વૃદ્ધપરંપરા આ પ્રમાણે છે - અર્હત્પ્રવચનમાં (આગમમાં) નહિ કહેવાયેલાં પાંચસો આદેશો આ પ્રમાણે છે-તેમાં એક આદેશ મરુદેવા માતાનો છે જેનો અંગ કે ઉપાંગ એકેયમાં પાઠ નથી કે, અત્યંત સ્થાવર થઈને સિદ્ધ થયા. (અર્થાત્ અનાદિવનસ્પતિમાંથી નીકળીને તરત જ સિદ્ધ થયા.) (૨) સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલા અને કમળોના વલયાકાર સિવાય સર્વ આકારો છે, (૩) વિષ્ણુકુમારે સાધિક એક લાખ યોજન ઊંચુ શરીર વિકુર્વ્યુ, (૪) કુરુટ અને ઉત્કુરુટ નામના બે ભાઈઓ કે જેઓ [+]ગૃહસ્થ અવસ્થામાં અધ્યાપક બ્રાહ્મણો હતા. કુણાલા નગરીમાં નાળા (પાણી વહેવાના માર્ગ) પાસે આ બે ભાઈઓ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. તપના પ્રભાવે દેવ આ બે મુનિઓ તરફ આકર્ષાયો. વર્ષાકાળે પાણીનો ઉપદ્રવ ન થાય તે માટે દેવ નગરમાં વર્ષા કરતો નથી, પરંતુ નગરની બહાર ખેતરાદિમાં વરસાદ કરતો. તેથી નગરના લોકોએ ભેગા થઈને બે મુનિઓને કહ્યું—"તમારા તપના પ્રભાવે નગરમાં વરસાદ પડતો નથી તેથી તમે અહીંથી અન્ય સ્થાને પધારો." આ રીતે વારંવાર કહેવા દ્વારા તેઓએ આ બંનેને નગર બહાર કરવાના પ્રયત્નો કર્યા. બંને ભાઈઓ ગુસ્સે થયા. તેમાં કુરુટે ગુસ્સે ભરાઈને કહ્યું- "હે દેવ ! કુણાલા નગરીમાં વરસ." ઉત્કુરુટે કહ્યું– "પંદર દિવસ સુધી." ફરી કુરુટે કહ્યું – "મુશળધારાએ વરસ." ઉત્કુરુટે કહ્યું-"જેમ રાત્રિએ તેમ દિવસે." આ પ્રમાણે કહીને તેઓ બંને કુણાલા નગરીમાંથી નીકળી ગયા.

९६. आर्हते प्रवचने पञ्चादेशशतानि यान्यनिबद्धानि, तत्रैकं मरूदेवा नैवाङ्गे नोपाङ्गे पाठोऽस्ति यथा—अत्यन्तं स्थावरा (द्) भूत्वा (अनादिवनस्पतेरागत्य) सिद्धेति, द्वितीयं स्वयम्भूरमणे समुद्रे मत्स्यानां पद्मपत्राणां च सर्वसंस्थानानि सन्ति वलयसंस्थानं मुक्त्वा, तृतीयं विष्णोः सातिरेकयोजनशतसहस्रं वैक्रियं, चतुर्थं कुरुटोत्कुरुटौ द्वौ सट्टीयरोपाध्यायौ कुणालायां नगर्यां निर्धमन (जलनिर्गमनमार्ग) मूले वसतिः (तयोः), वर्षासु (वर्षावासे) देवतानुकम्पनं, नागरैर्निष्काशनं, करटेन रुष्टेनोक्तं—'वर्ष देव ! कुणालायां,' उत्कुरुटेन भणितं—'दश दिवसान् पञ्च च' पुनरपि करटेन भणितं—मुष्टिमात्रभिर्धाराभिः' उत्कुरुटेन भणितं—'यथा रात्रौ तथा दिवा' एवमुक्त्वाऽपक्रान्तौ, कुणालायामपि + सढियरूव० ।

[१७]**पण्णरसदिवसअणुबद्धवरिसणेणं सजाणवया ( सा ) जलेण उक्कंता तओ ते तइयवरिसे साएए णयरे दोऽवि कालं काऊण अहे सत्तमाए पुढवीए काले णरगे बावीससागरोवमट्ठिईआ णेरइया संवुत्ता । कुणालाणयरीविणासकालाओ तेरसमे वरिसे महावीरस्स केवलणाणसमुप्पत्ती । एयं अनिबद्धं, एवमाइ पंचाएससयाणि अबद्धाणि ॥ एवं लोइयं अबद्धकरणं बत्तीसं अड्डियाओ बत्तीसं पच्चड्डियाओ सोलस करणाणि, लोगप्पवादे पंचट्ठाणाणि तंजहा—आलीढं पच्चालीढं वइसाहं मंडलं समपयं, तत्थालीढं दाहिणं पायं अग्गओहुत्तं काउं वामपायं पच्छओहुत्तं ओसारेइ, अंतरं दोण्हवि पायाणं पंचपाया, एवं चेव विवरीयं पच्चालीढं, वइसाहं पण्हीओ अब्भिंतराहुत्तीओ**

કુણાલા નગરીમાં પણ પંદર દિવસ સુધી સતત મુશળધાર વરસાદ પડવાથી નગરજનો સહિત તે નગરી પાણીના પૂરમાં વહેવા લાગી. આ પ્રસંગ બન્યા પછીના ત્રીજા વર્ષે સાકેત નગરમાં બંને ભાઈઓ કાળ કરીને સાતમી નરકમાં 'કાલ' નામના નરકાવાસમાં બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નારક તરીકે ઉત્પન્ન થયાં. કુણાલાનગરના વિનાશ પછીના તેરમે વર્ષે મહાવીર સ્વામીને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ. આ અનિબદ્ધ છે. (અર્થાત્ કોઈ મૂળસૂત્રમાં આ વાતનો ઉલ્લેખ મળતો નથી.) આવા પ્રકારના પાંચસો આદેશો અબદ્ધ છે. આ લોકોત્તર કહ્યું. આ જ પ્રમાણે લૌકિક અબદ્ધશ્રુતકરણ છે. તે આ પ્રમાણે—બત્રીસ અડ્ડિકા, બત્રીસ પ્રત્યડ્ડિકા અને સોળ કરણો. ([H]અહીં અડ્ડિકા-પ્રત્યડ્ડિકા એ ધનુર્ધારી પુરુષોના સ્થાનવિશેષો=જુદી જુદી પદ્ધતિઓ છે. કરણો પણ ધનુર્ધરોના સ્થાનવિશેષ જ છે, છતાં અડ્ડિકાદિથી કંઈક વિશિષ્ટ હોવાથી જુદા ગ્રહણ કર્યા છે. તે કરણો આલીઢ વિગેરે છે જે આગળ બતાવે છે) લોકપ્રવાદમાં એટલે કે લૌકિકશાસ્ત્રમાં નહિ પણ લોકોની પરંપરાએ આવેલા પાંચ સ્થાનો છે. તે આ પ્રમાણે – આલીઢ, પ્રત્યાલીઢ, વૈશાખ, મંડળ, સમપાદ. તેમાં (૧) આલીઢ એટલે આ એવી મુદ્રા છે, જેમાં જમણો પગ આગળ કરવાનો અને ડાબો પગ પાછળ લઈ જવાનો, બંને પગો વચ્ચે પાંચ પગ જેટલું અંતર હોય. (૨) આનાથી વિપરીત હોય અર્થાત્ જેમાં જમણો પગ પાછળ લઈ જવાનો અને ડાબો પગ આગળ કરવાનો, તે પ્રત્યાલીઢ મુદ્રા કહેવાય છે. (૩) જે મુદ્રામાં પગની પાની અંદરની બાજુએ સમશ્રેણીમાં કરવામાં આવે અને પગનો આગળનો ભાગ બહારની બાજુએ સમશ્રેણીમાં કરવામાં આવે તે મુદ્રા વૈશાખ

**१७. पञ्चदशदिवसानुबद्धवर्षणेन सजनपदा ( कुणाला ) जलेनापक्रान्ता, ततस्तौ तृतीये वर्षे साकेते नगरे द्वावपि कालं कृत्वाऽधः सप्तम्यां पृथिव्यां काले नरके द्वाविंशतिसागरोपमस्थितिकौ नैरयिकौ संवृत्तौ । कुणालानगरीविनाशकालात्त्रयोदशे वर्षे महावीरस्य केवलज्ञानसमुत्पत्तिः । एतदनिबद्धं, एवमादीनि पञ्चादेशशतानि अबद्धानि ॥ एवं लौकिकमबद्धकरणं द्वात्रिंशदड्डिकाः द्वात्रिंशत्प्रत्यड्डिकाः षोडश करणानि, लोकप्रवाहे पञ्च स्थानानि, तद्यथा—आलीढं प्रत्यालीढं वैशाखं मण्डलं समपादं, तत्रालीढं दक्षिणं पादमग्रतोभूतं कृत्वा वामपादं पश्चात्कृत्यापसारयति, अन्तरं द्वयोरपि पादयोः पञ्च पादाः, एवमेव विपरीतं प्रत्यालीढं, वैशाखं पार्ष्णी अभ्यन्तरे**

सँमसेढीए करेइ, अग्गिमयलो वहिराहुत्तो, मंडलं दोवि पाए दाहिणवामहुत्ता ओसारेत्ता ऊरुणोवि आउंटावेइ जहा मंडलं भवइ, अंतरं चत्तारि पया, समपायं दोवि पाए समं निरतर ठवेइ, एयाणि पंचट्ठाणाणि, लोगप्पवादे सयणकरणं छट्ठं ठाणं, इत्यलं विस्तरेण ॥

उक्तं श्रुतकरणम्, अधुना नोश्रुतकरणमभिधित्सुराह —

**नोसुअकरणं दुविहं गुणकरणं तह य जुंजणाकरणं ।**
**गुणकरणं पुण दुविहं तवकरणे संजमे अ तहा ॥१०२४॥**

व्याख्या : श्रुतकरणं न भवतीति नोश्रुतकरणम्, 'अमानोनाः प्रतिषेधवाचका' इति वचनात्, 'द्विविधं' द्विप्रकारं 'गुणकरणम्' इति गुणानां करणं गुणकरणं, गुणानां कृतिरित्यर्थः, 'तथा' इति निर्देशे 'चः' समुच्चये व्यवहितश्चास्य योगः, कथं ?, 'योजनाकरणं च' मनःप्रभृतीनां व्यापारकृतिश्चेत्यर्थः, गुणकरणं पुनः 'द्विविधं' द्विप्रकारं, कथं ?, 'तपःकरणम्' इति तपसः अनशनादेर्बाह्याभ्यन्तरभेदभिन्नस्य करणं तपःकरणं, तपःकृतिरिति हृदयं, तथा 'संजमे अ'त्ति संयमविषयं च पञ्चाश्रवविरमणादिकरणमिति भाव इत्ययं गाथार्थः ॥१०२४॥

---

કહેવાય છે. (૪) બંને પગોને ક્રમશઃ જમણી અને ડાબી બાજુથી ફેલાવી, વચ્ચેથી સાથળને એવી રીતે સંકોચવી કે જેથી ગોળ આકાર થાય તે મુદ્રા મંડળ કહેવાય છે. બે સાથળ વચ્ચેનું અંતર ચાર ડગલા જાણવું (૫) બંને પગ નિરંતર સાથે રાખવામાં આવે તે મુદ્રા સમપાદ કહેવાય છે. આ પ્રમાણે લોકપ્રવાદમાં પાંચ સ્થાનો છે. છઠ્ઠું શયનકરણ છે. વધુ વિસ્તારથી સર્યું.

**અવતરણિકા :** : શ્રુતકરણ કહ્યું. હવે નોશ્રુતકરણ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે⇨

**ગાથાર્થ : નોશ્રુતકરણ એ ગુણકરણ અને યોજનાકરણ એમ બે પ્રકારે છે. તેમાં ગુણકરણ એ તપકરણ અને સંયમકરણ એમ બે પ્રકારે છે.**

**ટીકાર્થ :** 'અ,મા,નો,ના આ અક્ષરો નિષેધ જણાવનારા છે' આવું વચન હોવાથી નોશ્રુતકરણ એટલે જે શ્રુતકરણ નથી તે નોશ્રુતકરણ જાણવું. આ નોશ્રુતકરણ બે પ્રકારે છે — ગુણકરણ અને યોજનાકરણ. તેમાં ગુણોને કરવું તે ગુણકરણ. (અર્થાત્ ગુણોની પ્રાપ્તિ માટેનો વ્યાપાર.) મૂળમાં 'તથા' શબ્દ નિર્દેશ કરનારો છે. (અર્થાત્ નોશ્રુતકરણ કેટલા પ્રકારનું છે ? તેનો નિર્દેશ કરે છે.) 'ચ' શબ્દ સમુચ્ચયાર્થમાં છે. આ ચ શબ્દ જ્યાં છે તેના કરતાં અન્ય સ્થાને જોડવાનો છે. ક્યાં જોડવાનો છે ? તે કહે છે — (મૂળમાં યોજનાકરણ પહેલા જે ચ શબ્દ છે તે) યોજના કરણ શબ્દ પછી જોડવાનો છે. યોજનાકરણ એટલે મન-વચન-કાયાનો વ્યાપાર કરવો.

ગુણકરણ બે પ્રકારે છે. કેવી રીતે ? તે આ પ્રમાણે - તપકરણ અર્થાત્ અનશનાદિ બાહ્યઅભ્યંતરભેદવાળો તપ કરવો, તથા સંયમકરણ અર્થાત્ પાંચ આશ્રવોથી અટકવું. ॥૧૦૨૪॥

---

९८. समश्रेण्या करोति, अग्रतलौ बाह्यतः, मण्डलं द्वावपि पादौ दक्षिणवामतः अपसार्य ऊरू अपि आकुञ्चति यथा मण्डलं भवति, अन्तरं चत्वारः पादाः, समपादं द्वावपि पादौ समं निरन्तरं स्थापयति, एतानि पञ्च स्थानानि, लोकप्रवादे शयनकरणं षष्ठं स्थानम् ।

इदानीं योजनाकरणं व्याचिख्यासुराह—

**जुंजणकरणं तिविहं मण १ वय २ काए अ ३ मणसि सच्चाई ।**
**सट्ठाणि तेसि भेओ चउ १ चउहा २ सत्तहा ३ चेव ॥१०२५॥**

व्याख्या : योजनाकरणं 'त्रिविधं' त्रिप्रकारं 'मणवइकाए य'त्ति मनोवाक्कायविषयं, तत्र 'मनसि सत्यादि' मनोविषयं सत्यादियोजनाकरणं तद्यथा—सत्यमनोयोजनाकरणम्, असत्यमनोयोजनाकरणं, सत्यमृषामनोयोजनाकरणम्, असत्यामृषामनोयोजनाकरणमिति च, 'स्वस्थाने' प्रत्येकं मनोवाक्कायलक्षणे 'तेषां' योजनाकरणानां 'भेदः' विभागः 'चउ चउहा सत्तहा चेव'त्ति अयमत्र भावार्थः—मनोयोजनाकरणं चतुर्भेदं सत्यमनोयोजनाकरणादि दर्शितमेव, एवं वाग्योजनाकरणमपि +सत्यवाग्योजनाकरणादि चतुर्भेदमेव द्रष्टव्यं, काययोजनाकरणं तु सप्तभेदं, तद्यथा—औदारिककाययोजनाकरणम्, एवमौदारिकमिश्रम्, एवं वैक्रियकायः एवं वैक्रियमिश्रम्, एवमाहारककायः एवमाहारकमिश्रम्, एवं कार्मणकाययोजनाकरणमिति गाथार्थः ॥ १०२५॥

इत्थं तावद् व्यावर्णितं यथोद्दिष्टं करणम्, अधुनाऽत्र येनाधिकार इति तद्दर्शनायाऽऽह—

**भावसुअसद्दकरणे अहिगारो इत्थ होइ कायव्वो ।**
**नोसुअकरणे गुणजुंजणे अ जहसंभवं होइ ॥१०२६॥**

**અવતરણિકા** : : હવે યોજનાકરણની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➩ 15

**ગાથાર્થ : યોજનાકરણ ત્રણ પ્રકારનું છે મન-વચન અને કાયા. મનને વિશે સત્યાદિકરણો જાણવા. ચાર,ચાર અને સાત આ પ્રમાણે સ્વસ્થાનમાં તેઓનો ભેદ જાણવો.**

**ટીકાર્થ** : યોજનાકરણ મન-વચન અને કાયાવિષયક ત્રણ પ્રકારનું છે. તેમાં મનવિષયક યોજનાકરણ સત્યાદિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—સત્યમનોયોજનાકરણ, અસત્યમનોયોજનાકરણ, સત્યમૃષામનોયોજનાકરણ અને અસત્યમૃષામનોયોજનાકરણ. મન-વચન અને કાયારૂપ દરેકના પોત-પોતાના સ્થાનમાં યોજનાકરણોનો ભેદ આ પ્રમાણે છે – ચાર,ચાર અને સાત. કહેવાનો આશય એ છે કે – સત્યમનોયોજનાકરણ વિગેરે ચાર પ્રકારનું મનોયોજનાકરણ છે જે પૂર્વે બતાવી દીધું જ છે. આ જ પ્રમાણે વાગ્યોજનાકરણ પણ સત્યવાગ્યોજનાકરણ વિગેરે ચાર પ્રકારનું જ જાણવા યોગ્ય છે. કાયયોજનાકરણ સાત પ્રકારનું છે. તે આ પ્રમાણે – ઔદારિકકાયયોજનાકરણ, ઔદારિકમિશ્રયોજનાકરણ, આ જ પ્રમાણે વૈક્રિયકાયયોજનાકરણ, વૈક્રિયમિશ્ર, આહારકકાય, આહારકમિશ્ર તથા કાર્મણકાય-યોજનાકરણ. ॥૧૦૨૫॥

**અવતરણિકા** : આ પ્રમાણે બતાવેલ ક્રમાનુસાર કરણનું વર્ણન કર્યું. હવે આ કરણોમાંથી અહીં પ્રસ્તુતમાં કોનું પ્રયોજન છે ? તે બતાવવા માટે કહે છે ➩

**ગાથાર્થ : ભાવશ્રુતશબ્દકરણમાં (શ્રુત સામયિકનો) અવતાર કરવા યોગ્ય છે. નોશ્રુતકરણ, ગુણકરણ તથા યોજનાકરણમાં યથાસંભવ અવતાર થાય છે.**

+ एतत्पदं मुद्रिते नास्ति ।

व्याख्या : भावश्रुतशब्दकरणे 'अधिकारः' अवतारो भवति कर्तव्यः श्रुतसामायिकस्य, न तु चारित्रसामायिकस्य, तस्य अन्ते यथासम्भवाभिधानाद्, इह च भावश्रुतं सामायिकोपयोग एव, शब्दकरणमप्यत्र तच्छब्दविशिष्टः श्रुतभाव एव विवक्षितो न तु द्रव्यश्रुतमिति, तत्र वस्तुतोऽस्यानवतारात् तथा 'नोश्रु★तकरण'मिति नोश्रुतकरणमधिकृत्य 'गुणजुंजणे य'त्ति गुणकरणे योजनाकरणे च यथासम्भवं भवति +अधिकार इति गम्यते, तत्र यथासम्भवमिति गुणकरणे चारित्रसामायिक-स्यावतारः, तपःसंयमगुणात्मकत्वाच्चारित्रस्य, योजनाकरणे च मनोवाग्योजनायां सत्यासत्यामृषाद्वये द्वयस्यापि भावनीयः, काययोजनायामपि द्वयस्याद्य*स्य चेति गाथार्थः ॥१०२६॥

साम्प्रतं सामायिककरणमेवाव्युत्पन्नविनेयवर्गव्युत्पादनार्थं सप्तभिरनुयोगद्वारैः कृताकृतादिभिः निरूपयन्नाह—

**ટીકાર્થ :** (म)ભાવશ્રુત અને શબ્દકરણમાં (ટીકામાં સમાહારદ્વન્દ્વ સમાસ હોવાથી સપ્તમી એકવચન કરેલ છે.) શ્રુતસામાયિકનો સમાવેશ કરવા યોગ્ય છે, ચારિત્રસામાયિકનો નહિ કારણ કે તેનું અંતમાં = આ શ્લોકના પશ્ચાર્ધમાં યથાસંભવ કથન કરેલ છે (અર્થાત્ ચારિત્રસામાયિકનો જ્યાં જેવી રીતે અવતાર સંભવે છે તે રીતે અંતમાં જણાવેલું છે.) ભાવશ્રુત અને શબ્દકરણમાં શ્રુતસામાયિકનો સમાવેશ કહ્યો. તેમાં સામાયિકનો ઉપયોગ એ જ ભાવશ્રુત જાણવું. તથા સામાયિકને કહેનારા करेमि भंते ! सामायिकं.......ઈત્યાદિ જે શબ્દો છે તેનાથી યુક્ત એવો શ્રુતભાવ જ શબ્દકરણ તરીકે જાણવો, પણ દ્રવ્યશ્રુત નહિ કારણ કે વસ્તુતઃ તેનો સમાવેશ થતો જ નથી. (ટૂંકમાં (म)માત્ર આંતરિક જલ્પાકારરૂપ ભાવશ્રુતમાં અને બહારથી શબ્દોચ્ચારણસહિતના આંતરિક જલ્પાકારરૂપ ભાવશ્રુતમાં શ્રુતસામાયિકનો સમાવેશ થાય છે.)

તથા નોશ્રુતકરણને આશ્રયીને વિચારીએ તો ગુણકરણ અને યોજનાકરણમાં યથાસંભવ થાય છે. (શું થાય છે ? તે કહે છે કે) અધિકાર = અવતાર થાય છે. (અર્થાત્ ગુણકરણ અને યોજનાકરણ આ બેમાં યથાસંભવ શ્રુત/ચારિત્રસામાયિકનો સમાવેશ થાય છે.) 'યથાસંભવ' જે કહ્યું તે જ બતાવે છે કે – ચારિત્ર તપ-સંયમરૂપ ગુણાત્મક હોવાથી ચારિત્રસામાયિકનો ગુણકરણમાં અને યોજનાકરણના મનોવાગ્યોજનાના સત્ય અને અસત્યમૃષારૂપ બે પ્રકારમાં બંને સામાયિકોનો સમાવેશ થાય છે. તથા કાયયોજનાકરણમાં ઔદારિકકાયયોગમાં ભાંગાઓવાળું શ્રુતસામાયિક (અર્થાત્ છઠ્ઠા કર્મગ્રંથ જેવું શ્રુત, કારણ કે તેમાં ગણવા માટે આંગળી વિગેરેનો ઉપયોગ થાય) અને પડિલેહણાદિરૂપ ચારિત્રસામાયિકનો સમાવેશ થાય છે. (म)પરંતુ સાવદ્યયોગની નિર્વૃત્તિરૂપ જીવનો પરિણામ ચારિત્ર તરીકે લઈએ તો કાયયોજનાકરણમાં માત્ર પ્રથમ શ્રુત- સામાયિકનો જ સમાવેશ થશે, ચારિત્રસામાયિકનો નહિ ॥૧૦૨૬॥

**અવતરણિકા :** હવે શાસ્ત્રાભ્યાસ દ્વારા અસંસ્કૃતમતિવાળા શિષ્યવર્ગને સંસ્કૃતમતિવાળા કરવા માટે કૃતાકૃતાદિ સાત અનુયોગદ્વારોવડે સામાયિકકરણનું જ નિરૂપણ કરતા ગ્રંથકારશ્રી કહે છે ➪

★ एतत्पदं मुद्रिते नास्ति । + अधिकरणमिति मुद्रिते । * ०द्यस्यैवेति-मुद्रिते ।

**कयाकयं १ केण कयं २ केसु अ दव्वेसु कीरई वावि ३ ।**
**काहे व कारओ ४ नयओ ५ करणं कइविहं ६ च कहं ७ ? ॥१०२७॥**

व्याख्या : 'कयाकयं'ति सामायिकस्य करणमिति क्रियां श्रुत्वा चोदक आक्षिपति— एतत्सामायिकमस्याः क्रियायाः प्राक् किं कृतं क्रियते ? आहोश्विदकृतमिति, उभयथाऽपि दोषः, कृतपक्षे भावादेव करणानुपपत्तेः, अकृतपक्षेऽपि वान्ध्येयादेरिव करणानुपपत्तिरेवेति, अत्र निर्वचनं, 'कृताकृतं' कृतं चाकृतं च कृताकृतं, नयमतभेदेन भावना कार्या, केन कृतमिति वक्तव्यं, तथा केषु द्रव्येष्विष्टादिषु क्रियते ?, कदा वा कारकोऽस्य भवतीति वक्तव्यं, 'नयत' इति केनालोचनादिना नयेनेति, तथा करणं 'कइविहं' कतिभेदं 'कथं' केन प्रकारेण लभ्यत इति वक्तव्यमयं गाथासमासार्थः ॥१०२७॥ अवयवार्थं तु भाष्यकार एव प्रतिद्वारं वक्ष्यति,

तत्राऽऽद्यद्वारावयवार्थाभिधित्सयाऽऽह—

**उप्पन्नाणुप्पन्नं कयाकयं इत्थ जह नमुक्कारे । ( दा० १ )**
**केणंति अत्थओ तं जिणेहिं सुत्तं गणहरेहिं ॥१७५॥ ( दा०२ भा० )**

---

ગાથાર્થ : (૧) કૃતાકૃત, (૨) કોનાવડે સામાયિક કરાયું ?, (૩) કયા દ્રવ્યો વિશે સામાયિક કરાય છે, (૪) ક્યારે સામાયિકનો કારક હોય છે, (૫) કયા નયથી ?, (૬) કેટલા પ્રકારનું કરણ છે ?, (૭) કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

ટીકાર્થ : (૧) **'કૃતાકૃત'** દ્વારમાં 'સામાયિકનું કરણ' આ પ્રમાણે સામાયિકને કરવાની ક્રિયાને સાંભળીને શિષ્ય પ્રશ્ન પૂછે છે કે—આ સામાયિક તે સામાયિક કરવાની ક્રિયા પૂર્વે શું કરાયેલું કરાય છે ? કે નહિ કરાયેલું કરાય છે ? બંને પક્ષમાં દોષ છે. જો એમ કહો કે પૂર્વે કરાયેલું કરાય છે તો જે થઈ ગયું છે તેને કરવું એ ઘટતું નથી. જો એમ કહો કે પૂર્વે કરાયેલું નહોતું તો જેમ વાન્ધ્યેય (વન્ધ્યાપુત્ર) પૂર્વે સર્વથા અસત્ હોવાથી પછીથી પણ તેનું કરણ સંભવી શકતું નથી, તેમ ક્રિયા પૂર્વે સર્વથા અસત્ એવા સામાયિકનું પછીથી પણ કરણ સંભવી શકતું નથી. અહીં આચાર્ય સમાધાન આપે છે કે -કૃત અને અકૃત, આ વિષયમાં જુદા જુદા નયની અપેક્ષાએ વિચારણા કરવા યોગ્ય છે. (જે પછી દેખાડાશે.)

(૨) **કોનાવડે કરાયું છે ?** દ્વારમાં – સામાયિકકર્તા કહેવા યોગ્ય છે. (૩) **કયા દ્રવ્યોમાં ?** દ્વારમાં - ઈષ્ટાદિ કયા દ્રવ્યોમાં સામાયિક કરાય છે ? તે કહેવું. (૪) અથવા આ સામાયિકનો કર્તા **ક્યારે** ગણાય ?તે કહેવા યોગ્ય છે. (૫) **નયથી** એટલે કે આલોચના વિગેરે ક્યા નયથી સામાયિક થાય છે ? તે કહેવું. (૬) સામાયિકનું કરણ **કેટલા પ્રકારનું** છે ? તે કહેવું, (૭) સામાયિકનું કરણ **કેવી રીતે પ્રાપ્ત થાય છે.** તે કહેવા યોગ્ય છે. આ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૦૨૭॥ દરેક દ્વારનો વિસ્તારથી અર્થ ભાષ્યકાર પોતે જ કહેશે.

**અવતરણિકા :** તેમાં પ્રથમદ્વારના વિસ્તારાર્થને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે ➪

ગાથાર્થ : **અહીં કૃતાકૃત એટલે ઉત્પન્ન – અનુત્પન્ન, આ વિષય નમસ્કારનિર્યુક્તિમાં જે રીતે કહ્યો તે પ્રમાણે જાણવો. 'કોણે કર્યું છે ?' તો કે – અર્થથી જિનોવડે અને સૂત્રથી ગણધરોવડે**

व्याख्या : इहोत्पन्नानुत्पन्नं कृताकृतमभिधीयते, सर्वमेव च वस्तूत्पन्नानुत्पन्नं क्रियते, द्रव्यपर्यायोभयरूपत्वाद्वस्तुन इति, अत्र नैगमादिनयैर्भावना कार्येति, अत एवाऽऽह–अत्र यथा नमस्कारे नयभावना कृता तथैव कर्तव्येति गम्यते, सा पुनर्नमस्कारानुसारेणैव भावनीयेति द्वारम् । [११]सा पुण भावणा–इह केइ उप्पन्नं इच्छंति, केइ अणुप्पन्नं इच्छंति, ते य णेगमाई सत्त मूलणया, तत्थ णेगमोऽणेगविहो, तत्थाइणेगमस्स अणुप्पन्नं कीरइ णो उप्पण्णं, कम्हा ?, जहा पंच अत्थिकाया णिच्चा एवं सामाइयंपि ण कयाइ णासि ण कयाइ ण भवदि ण कयाइ ण भविस्सइ, भुविं च भवइ अ भविस्सइ, धुवे णिइए अक्खए अव्वए अवट्ठिए णिच्चे ण एस भावे केणइ उप्पाइएत्तिकट्टु, जदावि भरहेरवएहिं वासेहिं वोच्छिज्जइ तयावि महाविदेहे वासे अव्वोच्छित्ती तम्हा अणुप्पन्नं । सेसाणं णेगमाणं छण्ह य संगहाईण नयाणं उप्पन्नं कीरइ, जेणं पण्णरससुवि

કરાયું છે.

ટીકાર્થ : અહીં ઉત્પન્ન - અનુત્પન્નને જ કૃતાકૃત કહેવાય છે. ઉત્પન્ન - અનુત્પન્ન એવી જ સર્વ વસ્તુઓનું કરણ થાય છે, કારણ કે દરેક વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ છે. આ વિષયમાં નૈગમાદિનયોવડે વિચારણા કરવા યોગ્ય છે. તેથી જ મૂળમાં કહ્યું કે - જેમ નમસ્કારમાં નયોવડે પદાર્થની વિચારણા કરાયેલી છે, તે રીતે અહીં પણ કરવા યોગ્ય છે. તે વિચારણા નમસ્કારને અનુસારે જ સમજવાની છે. તે આ પ્રમાણે →

અહીં કેટલાક નયો સામાયિકને ઉત્પન્ન ઇચ્છે છે, તો કેટલાંક નયો સામાયિકને અનુત્પન્ન ઇચ્છે છે. તે નયો નૈગમાદિ સાત મૂલનયો છે. નૈગમ અનેક પ્રકારનો છે. તેમાં આદિનૈગમ (=સર્વ સંગ્રાહી નૈગમનય) અનુત્પન્ન વસ્તુનું જ કરણ માને છે, ઉત્પન્ન વસ્તુનું નહિ, કારણ કે જેમ પાંચ અસ્તિકાયો નિત્ય છે તેમ, સામાયિક પણ પૂર્વે ક્યારેય નહોતું એવું નથી, અત્યારે નથી એવું પણ નથી કે પછી ક્યારેય હશે નહિ એવું પણ નથી, અર્થાત્ પૂર્વે હતું, અત્યારે છે અને પછી પણ રહેવાનું છે. આમ આ ભાવ = સામાયિક કોઈવડે ઉત્પન્ન કરાયો ન હોવાથી ધ્રુવ છે, નૈત્યિક છે, અક્ષત છે, અવ્યય છે, અવસ્થિત છે, નિત્ય છે. જ્યારે પણ ભરત કે ઐરાવતક્ષેત્રમાં આ સામાયિક નાશ પામશે, ત્યારે પણ મહાવિદેહમાં સામાયિકની અવ્યુચ્છિત્તિ (અવિનાશ) જ હોવાથી સામાયિક એ અનુત્પન્ન છે. શેષ નૈગમો (દેશસંગ્રાહી વગેરે) અને સંગ્રહ વિગેરે છ નયોના મતે ઉત્પન્ન સામાયિક કરાય છે, કારણ કે પંદરે કર્મભૂમિમાં પુરુષને આશ્રયીને સામાયિક ઉત્પન્ન થાય

११. सा पुनर्भावना–इह केचिदुत्पन्नमिच्छन्ति, केचिदनुत्पन्नमिच्छन्ति, ते च नैगमादयः सप्त मूलनयाः, तत्र नैगमोऽनेकविधः, तत्रादिनैगमस्यानुत्पन्नं क्रियते नोत्पन्नं, कस्मात् ?, यथा पञ्चास्तिकाया नित्या एवं सामायिकमपि न कदाचिन्नासीत् न कदाचिन्न भवति न कदाचिन्न भविष्यति, भूतं च भवति च भविष्यति, ध्रुवं नैत्यिकं अक्षयमव्ययं अवस्थितं नित्यं नैष भावः केनचिदुत्पादित इतिकृत्वा, यदापि भरतैरवतेषु वर्षेषु व्युच्छिद्यते तदाऽपि महाविदेहेषु वर्षेषु अव्यवच्छित्तिः तस्मादनुत्पन्नं । शेषाणां नैगमानां षण्णां च संग्रहादीनां नयानामुत्पन्नं क्रियते, यतः पञ्चदशस्वपि

[१] कम्मभूमीसु पुरिसं पडुच्च उप्पज्जइ, जइ उप्पन्नं कहं उप्पन्नं ?, तिविहेण सामित्तेण उप्पत्ती भवइ, तंजहा–समुट्ठाणेणं वायणाए लद्धीए, तत्थ को णओ कं उप्पत्तिं इच्छइ ?, तत्थ जे पढमवज्जा णेगमा संगहववहारा य ते तिविहंपि उप्पत्तिं इच्छंति, समुट्ठाणेणं जहा तित्थगरस्स सएणं उवट्ठाणेणं वायणाए वायणायरियणिस्साए जहा भगवया गोयमसामी वाइओ, लद्धीए वा अभवियस्स णत्थि, भवियस्स पुण उवएसगमंतरेणावि पडिमाइ दट्ठूणं सामाइयावरणिज्जाण कम्माण खओवसमेणं सामाइयलद्धी समुप्पज्जइ, जहा सयंभूरमणे समुद्दे पडिमासंठिया य मच्छा पउमपत्तावि पडिमासंठिदा साहुसंठिया य, सव्वाणि किर तत्थ संठाणाणि अत्थि मोत्तूण वलयसंठाणं, एरिसं णत्थि जीवसंठाणंति, ताणि संठाणाणि दट्ठूण कस्सइ संमत्तसुयचरित्ताचरित्तसामाइयाइ उप्पज्जेज्जा ।

છે. જો સામાયિક ઉત્પન્ન છે ? તો કેવી રીતે તે ઉત્પન્ન થયું ? તે કહે છે - ત્રણ કારણોથી સામાયિકની ઉત્પત્તિ થાય છે- સમુત્થાન, વાચના અને લબ્ધિ. તેમાં ક્યો નય ક્યા કારણને ઇચ્છે છે ? તે કહે છે - તેમાં આદિનૈગમને છોડીને શેષ નૈગમો અને સંગ્રહ તથા વ્યવહારનય ત્રણે પ્રકારના કારણોને ઇચ્છે છે. જેમ કે, તીર્થંકરો સંબંધી શરીરવડે (અર્થાત્ તીર્થંકરના શરીરમાંથી સામાયિકની ઉત્પત્તિ થઈ છે.), વાચનાવડે એટલે કે વાચનાચાર્યની નિશ્રાવડે, જેમ કે, ભગવાને ગૌતમસ્વામીને સામાયિકની વાચના આપી. લબ્ધિવડે, અભવ્યજીવને સામાયિકની લબ્ધિ હોતી નથી. જ્યારે ભવ્યજીવને ઉપદેશ વિના પણ પ્રતિમા વિગેરેને જોઈને સામાયિકનું આવરણ કરનારા કર્મોનો ક્ષયોપશમ થતાં સામાયિકલબ્ધિ ઉત્પન્ન થાય છે.

જેમ કે, સ્વયંભૂરમણસમુદ્રમાં પ્રતિમા જેવા આકારના માછલાઓ અને પ્રતિમા તથા સાધુ જેવા આકારના કમળો પણ છે. ટૂંકમાં ત્યાં વલયાકારને છોડીને સર્વાકારના માછલાઓ અને કમળો છે. વલયાકાર ન હોવાનું કારણ એ છે કે કોઈપણ જીવનો (અહીં કે ગમે ત્યાં) વલયાકાર હોતો જ નથી. (જો સ્વયંભૂરમણ સમુદ્ર સિવાય કોઈપણ અન્ય ક્ષેત્રમાં વલયાકારે કોઈપણ પ્રકારનો જીવ હોત, તો વલયાકારે તે સમુદ્રમાં માછલા અને કમળો પણ હોત,) આવા પ્રકારના આકારોને જોઈને કોઈક જીવને સમ્યક્ત્વસામાયિક, શ્રુતસામાયિક કે દેશવિરતિસામાયિક ઉત્પન્ન થાય છે.

१. कर्मभूमिषु पुरुषं प्रतीत्योत्पद्यते, यद्युत्पन्नं कथमुत्पन्नं ?, त्रिविधेन स्वामित्वेनोत्पत्तिर्भवति, तद्यथा–समुत्थानेन वाचनया लब्ध्या,तत्र को नयः कामुत्पत्तिमिच्छति ?, तत्र ये प्रथमवर्जा नैगमाः संग्रहव्यवहारौ च ते त्रिविधामप्युत्पत्तिमिच्छन्ति, समुत्थानेन यथा तीर्थकरस्य स्वकेनोत्थानेन, वाचनया वाचनाचार्यनिश्रया यथा भगवता गौतमस्वामी वाचितः, लब्ध्या वाऽभव्यस्य नास्ति, भव्यस्य पुनरुपदेशकमन्तरेणापि प्रतिमादि दृष्ट्वा सामायिकावरणीयानां कर्मणां क्षयोपशमेन सामायिकलब्धिः समुत्पद्यते, यथा स्वयम्भूरमणे समुद्रे प्रतिमासंस्थिताश्च मत्स्याः पद्मपत्राण्यपि प्रतिमासंस्थितानि साधुसंस्थितानि च, सर्वाणि किल तत्र संस्थानानि सन्ति मुक्त्वा वलयसंस्थानं, ईदृशं नास्ति जीवसंस्थानमिति, तानि संस्थानानि दृष्ट्वा कस्यचित्सम्यक्त्वश्रुतचारित्राचारित्रसामायिकादिरुत्पद्येत ।

**[२]उज्जुसुओ पढमं समुट्ठाणेणं नेच्छइ, किं कारणं ?, भगवं चेव उट्ठाणं, स एव वायणायरिओ गोयमप्पभिईणं, तेण दुविहं–वायणासामित्तं लद्धिसामित्तं च, जं भणियं–वायणायरियणिस्साए सामाइयलद्धी जस्स उप्पज्जइ, तिण्णि सद्दणया लद्धिमिच्छंति, जेण उट्ठाणे वायणायरिए य विज्जमाणेवि अभवियस्स ण उप्पज्जइ, लब्धेरभावात्, एवं उप्पण्णं अणुप्पण्णं वा सामाइयं कज्जइ, कयाकयंति दारं गतं, अधुना द्वितीयद्वारमधिकृत्याऽऽह–'केन' इति, केन कृतमित्यत्र निर्वचनम्, 'अर्थतः' अर्थमङ्गीकृत्य 'तत्' सामायिकं 'जिनैः' तीर्थकरैः, सूत्रं त्वङ्गीकृत्य गणधरैरिति, व्यवहारमतमेतत्, निश्चयमतं तु व्यक्त्यपेक्षया यो यत्स्वामी तत्तेनैवेति, व्यक्त्यपेक्षश्चेह तीर्थकरगणधरयोरुपन्यासो वेदितव्यः, प्रधानव्यक्तित्वाद्, अन्यथा पुनरुक्तदोषप्रसङ्ग इति, उक्तं च**

ઋજુસૂત્રનય સમુત્થાનને કારણ તરીકે માનતો નથી, કારણ કે તેનું એવું કહેવું છે કે ભગવાન (=ભગવાનનું શરીર) પોતે જ સમુત્થાન છે, અને ભગવાન પોતે જ ગૌતમસ્વામી વિગેરેના વાચનાચાર્ય છે. આમ,બંને કારણો એક જ હોવાથી બે પ્રકારના જ કારણો માનવા જોઈએ–વાચના અને લબ્ધિ. કારણ કે કહ્યું છે કે – વાચનાચાર્યની નિશ્રાવડે સામાયિકલબ્ધિ પ્રાપ્ત થાય છે. (માટે વાચના પણ કારણ છે જ.) શબ્દાદિ ત્રણ નયો લબ્ધિને જ ઇચ્છે છે, કારણ કે સમુત્થાન અને વાચનાચાર્ય વિદ્યમાન હોવા છતાં અભવ્યને લબ્ધિનો અભાવ હોવાથી સામાયિક પ્રગટ થતું નથી. આ પ્રમાણે કેટલાક નયોની અપેક્ષાએ ઉત્પન્ન અને કેટલાક નયોની અપેક્ષાએ અનુત્પન્ન એવું સામાયિક કરાય છે. કૃતાકૃત દ્વાર પૂર્ણ થયું.

હવે બીજા દ્વારને આશ્રયીને કહે છે – કોનાવડે સામાયિક કરાયું=રચાયું છે ? અહીં ઉત્તર અપાય છે કે – અર્થને આશ્રયીને તે સામાયિક તીર્થંકરોએ અને સૂત્રને આશ્રયીને ગણધરોએ રચેલું છે. આ વ્યવહારનયની અપેક્ષાએ જાણવું. બાકી નિશ્ચયનયના મતે વ્યક્તિની અપેક્ષાએ અર્થાત્ જે જેનો સ્વામી હોય તે વસ્તુ તેનાવડે જ કરાઈ કહેવાય છે અને અહીં જે તીર્થંકર - ગણધરોનો ઉપન્યાસ કર્યો છે, તે વ્યક્તિની અપેક્ષાએ જાણવા યોગ્ય છે, કારણ કે તેઓ પ્રધાનવ્યક્તિ છે. (અર્થાત્ અહીં વ્યવહારથી નહીં, પરંતુ નિશ્ચયમતે સામાયિકના સ્વામી બતાવ્યા છે. તેથી નિશ્ચયથી સામાયિકના સ્વામી તો સાધુ વિગેરે બધાં જ છે છતાં તે સર્વોમાં તીર્થંકર–ગણધર પ્રધાન હોવાથી મૂળમાં તેઓનું ગ્રહણ કર્યું છે. આમ, જે જેનો સ્વામી હોય તે તેનાવડે કરાયેલું કહેવાય એ ન્યાયે તે તે વ્યક્તિની અપેક્ષાએ અહીં આ દ્વાર સમજવાનું છે.)

અન્યથા = જો આ રીતે વ્યક્તિની અપેક્ષાએ કહેવાને બદલે વ્યવહારથી કહેવાનું હોય તો પૂર્વે ઉપોદ્ઘાતનિર્યુક્તિના નિર્ગમદ્વારમાં સામાયિકના કર્તા તીર્થંકરો અને ગણધરો છે એમ કહી જ દીધું હોવાથી પુનરુક્ત દોષ આવીને ઊભો રહે છે. (તે ન આવે તે માટે એટલું જ જાણવું

**૨. ऋजुसूत्रः प्रथमां समुत्थानेन (इति) नेच्छति, किं कारणं ?, भगवानेवोत्थानं, स एव वाचनाचार्यो गौतमप्रभृतीनां, तेन द्विविधं वाचनास्वामित्वं लब्धिस्वामित्वं च, यद्भणितं–वाचनाचार्यनिश्रया सामायिकलब्धिर्यस्योत्पद्यते, त्रयः शब्दनया लब्धिमिच्छन्ति, येन उत्थाने वाचनाचार्ये च विद्यमानेऽपि अभव्यस्य नोत्पद्यते, एवमुत्पन्नं अनुत्पन्नं वा सामायिकं क्रियते, कृताकृतमिति द्वारं गतं ।·**

भाष्यकारेण—

*'[3]णणु णिग्गमे गयं चिय केण कयंति त्ति का पुणो पुच्छा ? ।*
*भण्णइ स बज्झकत्ता इहंतरंगो विसेसोऽयं ॥१॥"*

बाह्यकर्ता सामान्येनान्तरङ्गस्तु व्यक्त्यपेक्षयेति भावना, अयं गाथार्थः ॥

साम्प्रतं केषु द्रव्येषु क्रियत इत्येतद् विवृण्वन्नाह—

**तं केसु कीरई तत्थ नेगमो इट्ठदव्वेसु ।**
**सेसाण सव्वदव्वेसु पज्जवेसुं न सव्वेसुं ॥१७६॥ (दा०३) (भा०)**

व्याख्या : 'तत्' सामायिकं 'केषु' द्रव्येषु स्थितस्य सतः 'क्रियते' निर्वर्त्यत इति द्रव्येषु प्रश्नः, नयप्रविभागेनेह निर्वचनं तत्र 'णेगमो भणइ' नैगमनयो भाषते—'इष्टद्रव्येषु' इति मनोज्ञपरिणामकारणत्वान्मनोज्ञेष्वेव शयनासनादिद्रव्येष्विति, तथाहि—

*"[4]मणुण्णं भोयणं भोच्चा, मणुण्णं सयणासणं ।*
*मणुण्णंसि अगारंसि, मणुण्णं झायए मुणी ॥१॥"*

इत्यागमः, 'शेषाणां' सङ्ग्रहादीनां सर्वद्रव्येषु, शेषनया हि परिणामविशेषात् कस्यचित्

---

કે પૂર્વે નિર્ગમદ્વારમાં જે કર્તા કહ્યા તે વ્યવહારથી કહ્યા. જ્યારે અહીં તે તે વ્યક્તિઓને કર્તા કહ્યા છે.) ભાષ્યકારે કહ્યું છે – "શંકા – 'કોનાવડે કરાયું છે ?' એ દ્વાર નિર્ગમમાં જ જણાવી દીધું હોવાથી અહીં શા માટે ફરી પૃચ્છા કરો છો ? **સમાધાન :** પૂર્વે બાહ્ય કર્તા બતાવ્યા, અહીં અભ્યંતરકર્તા બતાવ્યા એટલો જ ભેદ જાણવો ॥વિ.આ.ભા. ૩૩૮૩॥" બાહ્યકર્તા સામાન્યથી જાણવા, અંતરંગકર્તા વ્યક્તિ અપેક્ષાએ જાણવા. (અર્થાત્ સામાયિકનો પરિણામ જેને જાગ્યો તે તેનો કર્તા કહેવાય.) આ પ્રમાણે ભાવાર્થ જાણવો. ॥૧૭૫॥

**અવતરણિકા :** હવે કયા દ્રવ્યોને વિશે સામાયિક કરાય છે ? એ દ્વારનું વર્ણન કરતા કહે છે ⇨

**ગાથાર્થ : સામાયિક શેમાં કરાય છે ? ત્યાં નૈગમના મતે ઈષ્ટદ્રવ્યોને વિશે કરાય છે. શેષ નયોના મતે સર્વદ્રવ્યોને વિશે પરંતુ સર્વપર્યાયોને વિશે નહિ.**

**ટીકાર્થ :** કયા દ્રવ્યોને વિશે રહીને જીવ સામાયિક કરે છે ? (અર્થાત્ કયા દ્રવ્યોને વિશે રહેલાને સામાયિકનો લાભ થાય છે ?) એ પ્રમાણે દ્રવ્યો માટેનો આ પ્રશ્ન છે. તેનો ઉત્તર જુદા જુદા નયોની અપેક્ષાએ જાણવો. તેમાં નૈગમનય કહે છે કે - મનોજ્ઞ પરિણામને કરનારા હોવાથી મનોજ્ઞ એવા શયન-આસન વિગેરે ઈષ્ટ દ્રવ્યોને વિશે રહેલાને સામાયિકનો લાભ થાય છે, કારણ કે - "મનોજ્ઞ એવું ભોજન કરીને મનોજ્ઞ એવા શય્યા-આસન ઉપર બેઠેલો, મનોજ્ઞ એવા ગૃહમાં રહેલો મુનિ મનોજ્ઞ ધ્યાન ધરે છે." ઈત્યાદિ આગમવચન છે. શેષ સંગ્રહાદિનયોના મતે સર્વદ્રવ્યોને

---

३. ननु निर्गमे गतमेव केन कृतमितीति का पुनः पृच्छा ? भण्यते स बाह्यकर्त्ता इहान्तरङ्गो विशेषोऽयम् ॥१॥

४. मनोज्ञं भोजनं भुक्त्वा मनोज्ञं शयनासनम् । मनोज्ञेऽगारे मनोज्ञं ध्यायति मुनिः ॥१॥

**किञ्चिन्मनोज्ञमिति व्यभिचारात्, सर्वद्रव्येषु स्थितस्य क्रियते यत्र मनोज्ञः परिणाम इति मन्यन्ते, पर्यायेषु न सर्वेष्ववस्थानाभावात्, तथाहि—यो यत्र निषद्यादौ स्थितः न स तत्र तत्सर्वपर्यायेषु, एकभाग एव स्थितत्वात्, इत्थं चैतदङ्गीकर्तव्यम्, अन्यथा पुनरुक्तदोषप्रसङ्गः, तथा चोक्तं भाष्यकारेण—**

*"[5]णणु भणियमुवग्घाए केसुत्ति इहं कओ पुणो पुच्छा ? ।*
*केसुत्ति तत्थ विसओ इह केसु ठियस्स तल्लाहो ॥१॥*

વિશે સામાયિકની પ્રાપ્તિ થાય છે. તેમનું એવું કહેવું છે કે – પરિણામવિશેષથી કોઈક જીવને કોઈક વસ્તુ મનોજ્ઞ હોય છે. (અર્થાત્ કયા જીવને કઈ વસ્તુ ક્યારે મનોજ્ઞ બને એ નક્કી હોતું નથી. તેથી સર્વદ્રવ્યોને વિશે રહેલાને સામાયિકની પ્રાપ્તિ થાય એમ આ નયો કહે છે.) આમ, પરિણામવિશેષથી કોઈકને કોઈક વસ્તુ મનોજ્ઞ બનતી હોવાથી માત્ર ઈષ્ટદ્રવ્યો માનવામાં વ્યભિચાર આવે છે. (વ્યભિચાર આ પ્રમાણે – મનોજ્ઞ વસ્તુ હંમેશા મનોજ્ઞ પરિણામ જ ઉત્પન્ન કરે એવું હોતું નથી, ક્યારેક પોતાનો અભિપ્રાય બદલાતા તે વસ્તુ જ અમનોજ્ઞ પરિણામ ઉત્પન્ન કરે એવું ય બનવું શક્ય છે. તથા પોતાને મનોજ્ઞ વસ્તુ બીજા માટે અમનોજ્ઞ પણ હોઈ શકે અથવા બીજાની મનોજ્ઞ વસ્તુ પોતાને અમનોજ્ઞ પણ હોઈ શકે.

આમ વ્યભિચાર આવતો હોવાથી 'મનોજ્ઞદ્રવ્યોને વિશે' શબ્દ યોગ્ય નથી.)તેથી જેને જેની ઉપર ઊભા રહીને મનોજ્ઞ પરિણામ ઉત્પન્ન થાય, તેને તેની ઉપર ઊભા રહીને સામાયિક પ્રાપ્ત થાય છે. એ ન્યાયે 'સર્વદ્રવ્યોમાં' એ પ્રમાણે શેષ નયો કહે છે. સર્વપર્યાયોમાં રહેવું શક્ય ન હોવાથી સર્વપર્યાયોમાં રહીને સામાયિક પ્રાપ્ત થઈ શકતું નથી. તે આ પ્રમાણે કે જે જીવ જે આસન વિગેરે ઉપર રહેલો હોય તે જીવ તે આસનના સર્વ પર્યાયોમાં રહેલો છે એવું નથી કારણ કે તે આસનના એક ભાગમાં જ રહેલો છે. માટે સર્વ પર્યાયોમાં રહીને સામાયિક પ્રાપ્ત થઈ શકતું નથી. અહીં જે કહ્યું કે સર્વદ્રવ્યોમાં રહેલો જીવ સામાયિક પ્રાપ્ત કરે છે. એ વાત એ પ્રમાણે જ જાણવી. અન્યથા પુનરુક્ત દોષ આવશે.

(આશય એ છે કે અહીં 'केसु' શબ્દમાં જે સપ્તમી છે તે અધિકરણ અર્થમાં લેવાની છે, પણ વિષય અર્થમાં સપ્તમી લેવાની નથી. અહીં વિષય અર્થમાં એટલે કે સામાયિક એટલે સમતાભાવ, અને તે શેમાં રાખવાનો છે ? તો કે સર્વ દ્રવ્યોમાં સમતાભાવ રાખવાનો છે. એટલે સર્વદ્રવ્યો સામાયિકના વિષય બન્યા. આ વિષય-અર્થમાં સપ્તમી વિભક્તિ થઈ. પરંતુ આવો અર્થ અહીં લેવાનો નથી, નહિ તો ઉપોદ્ઘાત નિર્યુક્તિમાં આ વાત કહી ગયા હોવાથી પુનરુક્ત દોષ આવે.)

ભાષ્યકારે કહ્યું છે - "**શંકા** - ઉપોદ્ઘાતમાં केसु દ્વાર કહી દીધું છે તો અહીં ફરી શા માટે પુછો છો ? **સમાધાન :** 'केसु' આ દ્વાર ઉપોદ્ઘાતમાં વિષય-અર્થમાં હતો. જ્યારે અહીં કયા દ્રવ્યો ઉપર રહેલાને સામાયિકનો લાભ થાય ? તેની પૃચ્છા છે. ॥૧॥

**५. ननु भणितमुपोद्घाते केष्वितीह कुतः पुनः पृच्छा ? । केष्विति तत्र विषय इह केषु स्थितस्य तल्लाभः ॥१॥**

*[६]तो किह सव्वदव्वावत्थाणं ? णणु जाइमेत्तवयणाओ ।*
*धम्माइसव्वदव्वाहारो सव्वो जणोऽवस्सं ॥२॥"*

**શંકા :** શેષ નયો સર્વદ્રવ્યોમાં રહેલાને સામાયિક થાય એમ કહે છે. પરંતુ એક જ વ્યક્તિનું સર્વદ્રવ્યોમાં અવસ્થાન કેવી રીતે ઘટે?અર્થાત્ ન ઘટે કારણ કે તે તો સર્વદ્રવ્યોના એક દેશમાં જ રહેલો છે. **સમાધાન :** અહીં જાતિમાત્રના વચનથી કહેલું જાણવું [**દા.ત. :** જેમ યુરોપમાં ગયેલા કોઈ ભારતીયને પુછવામાં આવે કે "તું ક્યાંનો રહેવાસી છે ?" તો એ જવાબ આપશે કે "હું ભારતનો રહેવાસી છું."

અહીં આખું ને આખું ભારત તો એ માણસનો આધાર નથી જ. ભારતનું કોઈ એક રાજ્ય, એનું કોઈ એક નગર, એનો કોઈ એક ભાગ, એનું કોઈ એક મકાન, એનો કોઈ ફ્લેટ.... જ એ માણસનો આધાર છે. છતાં મામાન્યથી એમ બોલાય કે એ માણસ ભારતનો રહેવાસી છે, કેમકે એ ફલેટ, એ મકાન એ ભારતનો જ એક ભાગ છે, એટલે ભારતનો ભાગ એ **ભારત** કહી શકાય.

એમ જીવ આસનાદિ દ્રવ્ય પર રહેલો હોય, તો એમ બોલાય કે જીવ દ્રવ્ય ઉપર છે. અહીં દ્રવ્યશબ્દથી તમામે તમામ દ્રવ્યો લઈ શકાય જેમ ઉપર ભારત શબ્દથી આખું ભારત લેવાય છે... આ રીતે 'તમામ દ્રવ્યો જીવનો આધાર છે' એ સામાન્યથી કહી શકાય છે.]

પંક્તિનો અર્થ આ પ્રમાણે :

**સમાધાન :** જાતિમાત્રના વચનથી અર્થાત્ "જીવ દ્રવ્યમાં રહે છે" એમ **દ્રવ્ય** એ જાતિવાચક શબ્દ અહીં વાપરીએ છીએ, એના આધારે એમ કહેવાય કે જીવ તમામ દ્રવ્યોમાં રહે છે. "જીવ આસન પર રહે છે" વગેરે બાલીએ, તો **આસન** વગેરે શબ્દો તમામ દ્રવ્યોના વાચક નથી. એટલે ત્યાં એ શબ્દોના આધારે એવો નિર્ણય ન થાય કે જીવ સર્વદ્રવ્યોમાં રહ્યો છે......આ રીતે સમજવું.

**શંકા :** આસન એ પુદ્ગલદ્રવ્યનો એક ભાગ છે, એટલે આસન પર રહેલો જીવ "પુદ્ગલદ્રવ્યમાં રહેલો છે" એમ બોલવામાં તો વાંધો નથી, પણ આસન એ ધર્માસ્તિકાયનો એક ભાગ નથી, એટલે જીવ ધર્મદ્રવ્યમાં રહેલો છે એમ શી રીતે કહેવાય ? એ જ પ્રમાણે અધર્મદ્રવ્ય - કાળદ્રવ્યોમાં પણ જીવનું અવસ્થાન શી રીતે ઘટી શકે ? અને એટલે જ જીવ સર્વદ્રવ્યોમાં રહેલો છે, એમ શી રીતે કહેવાય ?

**સમાધાન :** તેનું કારણ એ છે કે જીવ જ્યાં રહેલો છે, ત્યાં ધર્મનો પણ એક ભાગ છે, અધર્મનો પણ એક ભાગ છે, આકાશનો પણ એક ભાગ છે, જીવદ્રવ્યનો પણ એક ભાગ છે (ખુદ પોતે તો છે જ ...) ...આમ ત્યાં તમામ દ્રવ્યોનો એક-એક ભાગ છે જ, અને જીવ ત્યાં રહેલો છે, એટલે એ રીતે જીવ સર્વદ્રવ્યોમાં રહેલો છે .... એમ ચોક્કસ કહી શકાય. (અહીં ધર્માસ્તિકાયાદિ સર્વદ્રવ્યો એ છે આધાર જેનો એવો સર્વ જન એ પ્રમાણે સમાસ જાણવો. ॥**વિ.આ. ભા.** ૩૩૮૭-૮૮॥)

**६. तदा कथं सर्वद्रव्यावस्थानं ? ननु जातिमात्रवचनात् । धर्मादिसर्वद्रव्याधारः सर्वो जनोऽवश्यम् ॥२॥**

अथवोपोद्घाते सर्वद्रव्याणि विषयः सामायिकस्य, इह तान्येव सर्वद्रव्याणि सामायिकस्य हेतुः, श्रद्धेयज्ञेयक्रियानिबन्धनत्वात्, अथवाऽन्यथा पुनरुक्तपरिहारः–कृताकृतादिगाथायां कृतमकृतं वा सामायिकं कार्यं कर्म, कर्तुरीप्सिततमत्वात्, केन कृतमिति कर्तुः प्रश्नः, केषु द्रव्येष्विति साधकतमकरणप्रश्नः, प्राकृते तृतीयाबहुवचनं सप्तमीबहुवचनतुल्यं तृतीयार्थे वा सप्तमीं कृत्वा निर्देशः, न चैतदपि स्वमनीषिकाव्याख्यानं, यतो भाष्यकारेणाप्यभ्यधायि–

*"विसँओवि उवग्घाए केसुत्तीहं स एव हेउत्ति ।*
*सद्धेयणेयकिरियाणिबंधणं जेण सामइयं ॥१॥*
*अहवा कयाकयाइसु कज्जं केण व कयं च कत्तत्ति ।*
*केसुत्ति करणभावो ततियत्थे सत्तमीं काउं ॥२॥"*

इत्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥१७६॥ द्वारं ॥

साम्प्रतं कदा कारकोऽस्य भवतीत्येतन्नयैर्निरूपयन्नाह –

---

અથવા ઉપોદ્ઘાતમાં સર્વદ્રવ્યો એ સામાયિકના વિષય તરીકે જાણવા અને અહીં તે જ સર્વદ્રવ્યો સામાયિકના કારણ તરીકે જાણવા, કારણ કે સામાયિકના ત્રણ કારણ છે. શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયા. આ સર્વદ્રવ્યો એ શ્રદ્ધેય છે જ્ઞેય છે, અને ચારિત્રક્રિયાનું કારણ છે. (અર્થાત્ સર્વદ્રવ્યો ઉપરની શ્રદ્ધા તેમનું જ્ઞાન અને યથાયોગ્ય નિર્વૃત્તિ/પ્રવૃત્તિની ક્રિયા સામાયિકની પ્રાપ્તિ કરાવી આપે છે. માટે સર્વદ્રવ્યો સામાયિકના કારણ કહ્યા છે) અથવા ત્રીજી રીતે પુનરુક્તદોષનો પરિહાર બતાવે છે–કૃતાકૃતાદિ ગાથામાં કરાયેલું કે નહિ કરાયેલું સામાયિક કરવા યોગ્ય છે. અર્થાત્ કર્તાને પોતાની ક્રિયાવડે અત્યંત ઇચ્છિત હોવાથી અહીં સામાયિક એ કર્મ બને છે. 'કોનાવડે કરાયું ?' અહીં સામાયિક કરનાર એવા કર્તા માટેનો પ્રશ્ન છે. (જ્યારે ઉપોદ્ઘાતમાં શેમાંથી પ્રગટ થયો છે ? એ પ્રમાણે મૂળકર્તાનો પ્રશ્ન હતો.)

કયા દ્રવ્યોમાં ? અહીં તૃતીયા બહુવચન અને સપ્તમીબહુવચન બંને પ્રાકૃતમાં તુલ્ય જ હોય છે. અથવા તૃતીયા અર્થમાં સપ્તમીવિભક્તિ જાણી કરણ માટેનો પ્રશ્ન જાણવો. (અર્થાત્ કયા દ્રવ્યોવડે સામાયિક કરાય છે ?) આ પ્રમાણેના અર્થો પોતાની બુદ્ધિથી કરેલા નથી, કારણ કે ભાષ્યકારે પણ આ જ વાત કહી છે-"ઉપોદ્ઘાતમાં 'केसु' દ્વારમાં વિષયો કહેલા છે અને અહીં તે જ વિષય (સર્વદ્રવ્યો) હેતુરૂપ જાણવો, કારણ કે સામાયિક એ શ્રદ્ધેય, જ્ઞેય અને ક્રિયારૂપ હેતુવાળું છે. ॥૧॥ અથવા, કૃતાકૃતાદિ દ્વારોમાં પ્રથમ દ્વારમાં કર્મ, બીજા દ્વારમાં કર્તા અને ત્રીજા દ્વારમાં સપ્તમીને તૃતીયાર્થે કરી કરણભાવ જાણવો. (જેથી ઉપોદ્ઘાત સાથે પુનરુક્ત દોષ આવે નહિ.) પ્રાસંગિક ચર્ચાવડે સર્યું. ॥૧૭૬॥

**અવતરણિકા :** હવે સામાયિકનો કર્તા ક્યારે કહેવાય ? આ દ્વારનું નયોવડે નિરૂપણ કરતાં ભાષ્યકાર કહે છે ➪

---

७. विषयोऽप्युपोद्घाते केष्विती‌ह स एव हेतुरिति । श्रद्धेयज्ञेयक्रियानिबन्धनं येन सामायिकम् ॥१॥ अथवा कृताकृतादिषु कार्यं केन वा कृतं च कर्त्तेति । केष्विति करणभावः तृतीयार्थे सप्तमीं कृत्वा ॥२॥

**काहं ? उदिट्ठे नेगम उवट्ठिए संगहो अ ववहारो ।**

**उज्जुसुओ अक्कमंते सद्दु समत्तंमि उवउत्तो ॥१७७॥ (दा०४) (भा०)**

व्याख्या : कदाऽसौ सामायिकस्य कारको भवतीति प्रश्नः, इह नयैर्निर्वचनं 'उद्दिट्ठे णेगम'त्ति उद्दिष्टे सति नैगमो मन्यते, इयमत्र भावना—सामान्यग्राहिणो नैगमनयस्योद्दिष्टमात्र एव सामायिके गुरुणा शिष्योऽनधीयानोऽपि तत्क्रियाऽननुष्ठायी सन् सामायिकस्य कर्ता वनगमनप्रस्थितप्रस्थकर्तृवत्, यस्मादुद्देशोऽपि तस्य कारणं सामायिकस्य तस्मिंश्च कारणे कार्योपचारः, 'उवट्ठिए संगहो य ववहारो'त्ति सङ्ग्रहो व्यवहारश्च मन्यते—उपस्थितः सन् कारको भवतीति, इयमत्र भावना इहोद्देशानन्तरं वाचनाप्रार्थनाय यदा वन्दनं दत्त्वोपरिस्थितो भवति तदा प्रत्यासन्नतरकारणत्वात् सङ्ग्रहव्यवहारयोः कारक इति, ऋजुसूत्र आक्रामन् कारको भवतीति मन्यते, एतदुक्तं भवति—उद्देशानन्तरं गुरुपादमूले वन्दित्वोपस्थितः—सामायिकं पठितुमारब्धः कारकः, बुद्धास्तु व्याचक्षते—न पठन्नेव, किन्तु ★समाप्ते कारक इति सामायिकक्रियां वा प्रतिपद्यमानस्तदुपयोगरहितोऽपि कारकः, यस्मात् सामायिकार्थस्य सामायिकशब्दक्रिये असाधारणं कारणम्, असाधारणकारणेन च व्यपदेश

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : સામાયિકનો કર્તા ક્યારે કહેવાય ? આ પ્રશ્ન છે. અહીં નયોને આશ્રયીને આ પ્રશ્નનો ઉત્તર અપાય છે. તેમાં નૈગમનય ઉદ્દેશ થયા પછી સામાયિકનો કર્તા માને છે. આશય એ છે કે - સામાન્યગ્રાહી એવા નૈગમનયના મતે ગુરુવડે સામાયિકનો ઉદ્દેશ કરાતા એટલે કે 'હું તને (શિષ્યને) સામાયિકસૂત્ર ભણવાની રજા આપું છું' આ પ્રમાણે ગુરુવડે સામાયિકસૂત્રની રજા અપાતા, સામાયિકસૂત્રને હજુ ભણવાનું ચાલુ કર્યું નથી એવો પણ તે શિષ્ય સામાયિકક્રિયાને નહિ કરતો હોવા છતાં પૂર્વે કહેલ વનગમન માટે પ્રયાણ કરેલા પ્રસ્થકદૃષ્ટાન્તની જેમ નૈગમનયના મતે સામાયિકનો કર્તા કહેવાય છે, કારણ કે ઉદ્દેશો પણ સામાયિકનું કારણ છે, અને તે કારણમાં કાર્યનો (સામાયિકનો) ઉપચાર કરવાથી આ રીતે કહેવામાં કોઈ દોષ નથી.

સંગ્રહ અને વ્યવહારનયના મતે જે શિષ્ય ઉપસ્થિત થયો છે તે જ સામાયિકનો કર્તા કહેવાય છે, નહિ કે માત્ર ઉદ્દેશો કરવાથી. આશય એ છે કે — અહીં ઉદ્દેશો કર્યા પછી સામાયિકસૂત્રની વાચના આપવા પ્રાર્થના કરવા માટે વંદન કરીને (વાચના સાંભળવા) જે શિષ્ય ઉપસ્થિત થયો છે તે શિષ્ય જ સામાયિકનું અત્યંત નજીકનું કારણ હોવાથી સંગ્રહ અને વ્યવહારનયના મતે સામાયિકનો કર્તા કહેવાય છે. ઋજુસૂત્રનયના મતે શરૂઆત કરતો શિષ્ય કર્તા છે અર્થાત્ ઉદ્દેશ પછી ગુરુચરણોમાં વંદન કરીને ઉપસ્થિત થઈ સામાયિકને ભણવા માટે શરૂ કરનાર શિષ્ય સામાયિકનો કર્તા છે. અહીં વૃદ્ધો આ પ્રમાણે કહે છે કે — માત્ર ભણતો હોય તે જ નહિ પરંતુ સામાયિકસૂત્ર જે ભણી ગયો છે = ભણવાનું સમાપ્ત થઈ ગયું છે એવો શિષ્ય કર્તા છે. અથવા સામાયિકની ક્રિયાને સ્વીકારનારો, સામાયિકના ઉપયોગથી રહિત હોવા છતાં પણ સામાયિકનો કર્તા કહેવાય છે, કારણ કે સામાયિકના શબ્દો અને તેની ક્રિયા સામાયિકનું (સામાયિકના પરિણામને

★ समाप्तेः—मुद्रिते ।

इति, 'स समत्तंमि उवउत्तो'त्ति शब्दादयो नया मन्यन्ते—समाप्ते सत्युपयुक्त एव कारको भवति, त्रयाणां च शब्दादीनां नयानां शब्दक्रियावियुक्तोऽपि सामायिकोपयुक्तः कारकः, मनोज्ञतथा-परिणामरूपत्वात् सामायिकस्येति भावना, अयं गाथार्थः ॥१७७॥

कदा कारक इति गतं, नयतो—नयप्रपञ्चत इत्यर्थः, अथवा कदा कारक इत्येतावद् द्वारं गतं, नयत इत्येतत्तु द्वारान्तरमेव, अतस्तदभिधित्सयाऽऽह —

**आलोअणा य १ विणए २ खित्त ३ दिसाऽभिग्गहे अ ४ काले ५ ।**

**रिक्ख ६ गुणसंपया वि अ ७ अभिवाहारे अ ८ अट्ठमए ॥१७८॥ (दा० ५) (भा०)**

व्याख्या : इहाऽऽभिमुख्येन गुरोरात्मदोषप्रकाशनम्—आलोचनानयः,तथा विनयश्च पदधावनानुरागादिः, तथा 'क्षेत्रम्' इक्षुक्षेत्रादि, तथा दिगभिग्रहश्च वक्ष्यमाणलक्षणः, कालश्चाहरादिः, तथा रिक्षसम्पत्—नक्षत्रसंपत् गुणसंपच्च गुणाः—प्रियधर्मादयः, अभिव्याहरणम् अभिव्यवहारश्चाष्टमो नय इति गाथासमासार्थः ॥१७८॥ व्यसार्थं तु प्रतिपदं भाष्यकार एव सम्यग् न्यक्षेण वक्ष्यति,

तथा चाऽऽद्यद्वारव्याचिख्यासयाऽऽह —

**पव्वज्जाए जुग्गं तावइ आलोअणं गिहत्थेसुं ।**

---

ઉત્પન્ન કરવા માટેનું) અસાધારણ કારણ છે અને આ અસાધારણ કારણને આશ્રયી તે શિષ્યમાં કર્તાનો વ્યપદેશ (આ કર્તા છે એ પ્રમાણેનું કથન) થાય છે.

શબ્દાદિનયો એમ માને છે કે - સામાયિકસૂત્રની સમાપ્તિ થયા પછી પણ જે શિષ્ય સામાયિક અર્થમાં ઉપયુક્ત હોય તે જ શિષ્ય કર્તા કહેવાય છે. શબ્દ વિગેરે ત્રણે નયોના મતે સામાયિક એ મનોજ્ઞ તેવા પ્રકારના પરિણામરૂપ હોવાથી જે શિષ્ય સામાયિક અર્થમાં ઉપયુક્ત છે એટલે કે સામાયિકના પરિણામોથી યુક્ત છે તે શિષ્ય ભલે પછી સામાયિકના સૂત્રો કે ક્રિયા કરતો ન હોય તો પણ કર્તા છે. ॥૧૭૭॥

**અવતરણિકા :** નયના વિસ્તારવડે 'કર્તા ક્યારે કહેવાય ?' આ દ્વાર પૂર્ણ કર્યું. અથવા કર્તા ક્યારે કહેવાય ? એટલું જ દ્વાર સમજવું અને તે પૂર્ણ થયું. 'નયથી' એ બીજું દ્વાર જ જાણવું. આથી હવે તે દ્વારને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ : (૧) આલોચના, (૨) વિનય, (૩) ક્ષેત્ર, (૪) દિશાનો અભિગ્રહ, (૫) કાળ, (૬) નક્ષત્ર, (૭) ગુણસંપદા અને (૮) આઠમો અભિવ્યવહારનય (શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર.)**

**ટીકાર્થ :** સામેથી ગુરુને પોતાના દોષો કહેવા તે આલોચનાનય છે. તથા પગ ધોવા, બહુમાન વિગેરે વિનયનય જાણવો. ઇક્ષુક્ષેત્રાદિ ક્ષેત્ર જાણવા. આગળ કહેશે તે દિશાભિગ્રહ જાણવો. દિવસ વિગેરે કાળ જાણવો, તથા શુભ નક્ષત્રો, પ્રિયધર્મ વિગેરે ગુણો જાણવા. પ્રશ્નોત્તરી એ આઠમો અભિવ્યવહારનય છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૭૮॥ વિસ્તારથી દરેક પદોનો અર્થ ભાષ્યકાર પોતે જ સમ્યગ્ રીતે જણાવશે.

**અવતરણિકા :** તેમાં પ્રથમદ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ : પ્રવ્રજ્યા માટે યોગ્ય કોણ છે ? તે જોવું - આને આલોચના કહેવાય છે. આ**

**उवसंपयाइ साहुसु सुत्ते अत्थे तदुभए अ ॥१७९॥ (प० १) (भा०)**

व्याख्या : प्रव्रज्यायाः—निष्क्रमणस्य यत् प्राणिजातं स्त्रीपुरुषनपुंसकभेदं 'योग्यम्' अनुरूपं तदन्वेषणं, यदिति वाक्यशेषः, तावत्येवाऽऽलोचनाऽवलोकना वा, केषु ?—'गृहस्थेषु' गृहस्थविषय इति एतदुक्तं भवति—योग्यं हि सर्वोपाधिशुद्धमेव भवति, ततश्च तदन्वेषणेन सर्वस्यैव विधेः कस्त्वं ?, को वा ते निर्वेदः ? इत्यादिप्रश्नादेराक्षेप इति, ततश्च प्रयुक्तालोचनस्य योग्यताऽवधारणानन्तरं सामायिकं दद्यात्, न शेषाणां प्रतिषिद्धदीक्षाणामिति नयः । एवं तावद् गृहस्थस्याकृतसामायिकस्य सामायिकार्थमालोचनोक्ता, साम्प्रतं कृतसामायिकस्य यतेः प्रतिपादनायाह—उपसम्पदि साधुषु आलोचनेति वर्तते, सूत्रे अर्थे तदुभये च, इयमत्र भावना—सामायिकसूत्राद्यर्थं यदा कश्चिदुपसम्पदं प्रयच्छति यतिस्तदाऽसावालोचनां ददाति, अत्र विधिः सामाचार्यामुक्त एव, आह—अल्पं सामायिकसूत्रं, तत्कथं तदर्थमपि यतेरुपसम्पत् ?, तदभावे वा कथं यतिः ? कथं वा प्रतिक्रमणमन्तरेण शुद्धिरिति ? अत्रोच्यते, मन्दग्लानादिव्याघाताद् विस्मृतसूत्रस्य यतेः सूत्रार्थमप्युपसम्पदविरुद्धैव, एष्यत्कालं

**આલોચના ગૃહસ્થોને વિશે કરવાની છે. સાધુઓને વિશે જ્યારે કોઈ સૂત્ર-અર્થ કે તદુભય માટે ઉપસંપદાદિ સ્વીકારે ત્યારે આલોચના થાય છે.**

**ટીકાર્થ :** પ્રવ્રજ્યા માટે એટલે કે દીક્ષા માટે સ્ત્રી,પુરુષ કે નપુંસકરૂપ જે જીવસમૂહ અનુરુપ છે તેની તપાસ કરવી. આટલી જ આલોચના કે અવલોકના ગૃહસ્થોને વિશે જાણવી. આશય એ છે કે - યોગ્ય જીવ સર્વ ઉપાધિઓથી શુદ્ધ હોય છે. તેથી મૂળમાં કહ્યું કે 'યોગ્ય જીવની તપાસ કરવી.' આ તપાસવડે અહીં યોગ્યની તપાસ કરવા માટેની જે કોઈ વિધિ હોય તે બધી જ વિધિનો આક્ષેપ કરવાનો છે. (એટલે કે તે બધી જ વિધિ અહીં જાણી લેવાની છે. તે વિધિ કેવા પ્રકારની છે ? તે કહે છે-) તું કોણ છે ? અથવા કેવા પ્રકારનો તારો વૈરાગ્ય છે? ઈત્યાદિ પ્રશ્નો પૂછવા વિગેરેરૂપ બધી વિધિઓ અહીં જાણવાની છે, અને આ રીતે આલોચના કર્યા પછી સામે આવેલા મુમુક્ષુની યોગ્યતા નક્કી થાય પછી જ સામાયિક આપવું જોઈએ, પરંતુ શેષ પ્રતિષેધ કરાયેલા એવા જીવોને સામાયિક આપવું નહિ. આ પ્રમાણે પ્રથમ આલોચનાનય જાણવો.

જે જીવે સામાયિક કર્યું નથી એવા ગૃહસ્થની સામાયિક માટેની આલોચના કહી. હવે જેણે દીક્ષા લઈ લીધી છે એવા યતિની આલોચના પ્રતિપાદન કરવા માટે કહે છે - સાધુઓમાં સૂત્ર-અર્થ અને તદુભયને આશ્રયી ઉપસંપદા વખતે આલોચના હોય છે. આશય એ છે કે - જ્યારે કોઈ સાધુ સામાયિકસૂત્રાદિ માટે કોઈની ઉપસંપદા = નિશ્રા સ્વીકારે છે. ત્યારે તે સાધુ આલોચનાને આપે છે. આ વિષયની સંપૂર્ણ વિધિ ઉપસંપદ્ સામાચારીમાં કહી છે.

**શંકા :** સામાયિકસૂત્ર તો નાનું છે. તેની માટે પણ સાધુને શું નિશ્રા સ્વીકારવી પડે ? અને જો સામાયિસૂત્ર જ ન આવડતું હોય તો તે સાધુ કેવી રીતે કહેવાય ? વળી સામાયિકસૂત્ર જ ન આવડતું હોય તો તે પ્રતિક્રમણ કેવી રીતે કરી શકે ? પ્રતિક્રમણ વિના તેની શુદ્ધિ કેવી રીતે થાય ?

**સમાધાન :** મંદ ક્ષયોપશમ કે ગ્લાનાદિ વિઘ્નને કારણે સૂત્ર ભૂલાઈ જવાથી સાધુને તે ભૂલાઈ

वा दुष्षमान्तमालोक्यानागतामर्षकं सूत्रमिति, तदभावेऽपि च तदा चारित्रपरिणामोपेतत्त्वादसौ यतिरेव, शुद्धिश्चास्य यावत् सूत्रमधीतं तावत् तेनैव प्रतिक्रमणं कुर्वत इत्यलं विस्तरेणेति गाथार्थः ॥१७९॥ द्वारम् ॥

अधुनैकगाथयैव विनयादिद्वारत्रयं व्याचिख्यासुराह—

**आलोइए विणीअस्स दिज्जए तं ( पडि २ ) पसत्थखित्तंमि । ( प० ३ )**
**अभिगिज्झ दो दिसाओ चरंतिअं वा जहाकमसो ॥१८०॥ ( प० ४ ) ( भा० )**

व्याख्या : आलोचिते सति विनीतस्य पादधावनानुरागादिविनयवत इत्यर्थः, उक्तं च भाष्यकारेण—

*"[८]अणुरत्तो भत्तिगओ अमुई अणुयत्तओ विसेसण्णू ।*
*उज्जुत्तगऽपरितंतो इच्छियमत्थं लहइ साहू ॥१॥"*

दीयते 'तत्' सामायिकं, तस्यापि न यत्र तत्र क्वचित्, किं तर्हि ?, 'प्रशस्तक्षेत्रे' इक्षुक्षेत्रादाविति, अत्राप्युक्तं—

*'[९]उच्छुवणे सालिवणे पउमसरे कुसुमिए य वणसंडे ।*

ગયેલા સૂત્ર-અર્થ માટે બીજાની નિશ્રાં સ્વીકારવી અવિરુદ્ધ જ છે. અથવા દુષમનામના પાંચમા આરાના અંત સુધીના ભવિષ્યકાળને જોઈને ભવિષ્યની મતિમંદતાને આશ્રયી આ સૂત્ર જાણવું. સામાયિકસૂત્રનો અભાવ હોવા છતાં પણ ત્યારે ચારિત્રના પરિણામથી યુક્ત હોવાથી તે જીવ સાધુ જ છે. તથા જેટલું સૂત્ર તે ભણ્યો છે (કે યાદ છે) તેટલા સૂત્રથી જ પ્રતિક્રમણ કરતા સાધુને શુદ્ધિ થાય જ છે. (આ પાઠના આધારે વર્તમાનકાળમાં પણ વૃદ્ધાવસ્થા વિગેરેને કારણે વિધિ ભૂલાઈ ગઈ હોય, તે તે સૂત્રોમાં વચ્ચે-વચ્ચે શબ્દો ભૂલાઈ જતાં હોય છતાં તેટલા સૂત્રથી પ્રતિક્રમણ કરતા વૃદ્ધો-ગ્લાનો વિગેરેને શદ્ધિ થાય જ છે, એમ જાણવું.) વિસ્તારવડે સર્યું. ॥૧૭૯॥

**અવતરણિકા :** હવે એક ગાથાવડે જ વિનયાદિ ત્રણ દ્વારોને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આલોચના કર્યા પછી વિનીત જીવને એટલે કે પગ ધોવા, બહુમાન વિગેરે વિનયવાળા જીવને સામાયિક અપાય છે. (વિનયવાળાને જ કેમ ?) કહ્યું છે-"અનુરક્ત, ભક્તિમાન, ગુરુને નહિ છોડનારો, ગુરુની આજ્ઞાને અનુસરનારો, વિશેષજ્ઞ, ઉદ્યમવાળો, ખેદરહિત એવો સાધુ ઇચ્છિત અર્થને પામે છે. ॥**વિ.આ.ભા. ૩૪૦૨**॥" તે જીવને પણ ગમે ત્યાં અપાય નહિ, તો ક્યાં આપવું ?– શેરડીનું ખેતર વિગેરે પ્રશસ્તક્ષેત્રોમાં અપાય છે. અહીં પણ કહ્યું છે – "ઇક્ષુક્ષેત્ર કે શાલિક્ષેત્રની બાજુમાં અથવા કમળોના સમૂહથી શોભતા એવા સરોવરની પાસે અથવા પુષ્પોથી ખીલી ઉઠેલા ચંપકવૃક્ષાદિવનખંડોમાં અથવા પર્વતની ગુફા વિગેરેમાં. જુદી જુદી જાતના પ્રશસ્ત વૃક્ષસમૂહોથી

८. अनुरक्तो भक्तिगतोऽमोची अनुवर्त्तको विशेषज्ञः । उद्यतकोऽपरितान्त इष्टमर्थं लभते साधुः ॥१॥
९. इक्षुवने शालीवने पद्मसरसि कुसुमिते च वनखण्डे ।

*[10]गंभीरसाणुणादे पयाहिणजले जिणघरे वा ॥१॥*
*देज्ज ण उ भग्गझामियसुसाणसुण्णासु ★सण्णगेहेसु ।*
*छारंगारकयारामेज्झाईदव्वदुट्ठे वा ॥२॥"*

**तथा 'अभिगृह्य' अङ्गीकृत्य द्वे 'दिशौ' पूर्वां वोत्तरां वा दीयत इति वर्तते, तथा चरन्तीं वा, तत्र चरन्ती नाम यस्यां दिशि तीर्थकरकेवलिमनःपर्यायज्ञान्यवधिज्ञानिचतुर्दशपूर्वधरादयो यावद् युगप्रधाना इति विहरन्ति, यथाक्रमश इति गुणापेक्षया तासु दिक्षु यथाक्रमेण दीयत इति, उक्तं च–**

*"[11]पुव्वाभिमुहो उत्तरमुहो व देज्जाऽहवा पडिच्छिज्जा ।*
*जाए जिणादओ वा दिसाएँ जिणचेइयाइं वा ॥१॥"*

**इति गाथार्थः ॥१८०॥**

**द्वारत्रयं गतम्, अधुना कालादिद्वारत्रयमेकगाथयैवाभिधित्सुराह—**

**पडिकुट्ठदिणे वज्जिअ रिक्खेसु अ मिगसिराइ भणिएसुं ।**
**पियधम्माई गुणसंपयासु तं होइ दायव्वं ॥१८१॥ ( भा० )**

યુક્ત એવો પ્રદેશ ગંભીર કહેવાય છે અને સાનુનાદ એટલે જ્યાં પડઘો પડતો હોય તેવો પ્રદેશ, આવા ગંભીર અને સાનુવાદવાળા પ્રદેશમાં અથવા જે નદી વિગેરેમાં પાણી જમણી બાજુથી પ્રદક્ષિણા આપતું હોય તે નદી વિગેરેની બાજુમાં, અથવા જિનગૃહમાં શિષ્યને સામાયિક આપે. ॥૧॥ પરંતુ ભાંગેલું, બળેલું સ્મશાન, શૂન્યગૃહ, સંડાસ વિગેરે સંજ્ઞાગૃહ, ક્ષાર, અંગારાઓ કે કચરાના ઢગલા પડ્યા હોય, અથવા અશુચિથી ખરડાયેલા એવા સ્થાનમાં સામાયિક આપવું નહિ ॥૨॥ (૩૪૦૪, ૩૪૦૫) તથા પૂર્વ અથવા ઉત્તર આ બે દિશાને સ્વીકારી સામાયિક અપાય અથવા ચરતી દિશા એટલે કે જે દિશામાં તીર્થંકરો, કેવલી, મનઃપર્યયજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વધર વિગેરેથી લઈ યુગપ્રધાન જેવા મહાપુરુષો વિચરતાં હોય તે દિશામાં આપવું. આ દિશાઓમાં પણ ક્રમશઃ = ગુણની અપેક્ષાએ ક્રમશઃ તે તે દિશામાં સામાયિક આપવું. (અર્થાત્ પૂર્વ કરતાં ઉત્તર દિશામાં ગુણો = ફાયદા વધારે છે, ઉત્તર કરતાં ચરતી દિશા વધારે ગુણકારી છે. क्रमेण प्रधानास्त्वेतासु दिक्षु इति दीपिकायां) કહ્યું છે – "પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ રહીને (ગુરુએ) સામાયિક આપવું અથવા (શિષ્યએ) સ્વીકારવું અથવા જે દિશામાં તીર્થંકરો વિચરતા હોય કે જિનચૈત્યો હોય તે દિશા સન્મુખ રહીને આપવું કે લેવું. ॥૩૪૦૬॥" ॥૧૮૦॥

**અવતરણિકા :** ત્રણ દ્વાર પૂર્ણ થયા. હવે કાળાદિ ત્રણ દ્વારોને એક ગાથાવડે કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ : નિષેધ કરેલા દિવસોને છોડીને (શ્રેષ્ઠ દિવસોએ) અન્ય ગ્રંથોમાં કહેવાયેલા મૃગશિર વિગેરે નક્ષત્રોમાં પ્રિયધર્મ વિગેરે ગુણસંપત્તિઓવાળા શિષ્યને સામાયિક આપવા યોગ્ય થાય છે.**

१०. गम्भीरसानुनादे प्रदक्षिणजले जिनगृहे वा ॥१॥ दद्यात् न तु भग्नध्यामितश्मशानशून्येषु संज्ञागेहेषु । क्षाराङ्गारकचवरामेध्यादिद्रव्यदुष्टे वा ॥२॥ ११. पूर्वाभिमुख उत्तरमुखो वा दद्यादथवा प्रतीच्छेत् । यस्यां जिनादयो वा दिशि जिनचैत्यानि वा ॥१॥ ★ ०ण्णामणुण्ण० प्र.

**व्याख्या : प्रतिक्रुष्टानि–प्रतिषिद्धानि दिनानि–वासराः, प्रतिकुष्टानि च तानि दिनानि चेति विग्रहः, तानि चतुर्दश्यादीनि वर्ज्जयित्वाऽप्रतिक्रुष्टेष्वेव पञ्चम्यादिषु दातव्यमिति योगः, उक्तं च– '[12]चाउद्दसिं पण्णरसिं वज्जेज्जा अट्ठमिं च नवमिं च । छट्ठिं च चउत्थिं बारसिं च दोण्हंपि पक्खाणं ॥१॥' एतेष्वपि दिनेषु प्रशस्तेषु मुहूर्तेषु दीयते, नाप्रशस्तेषु, तथा 'ऋक्षेषु' नक्षत्रेषु च मृगशिरादिषु, 'उक्तेषु' ग्रन्थान्तराभिहितेषु, न तु प्रतिषिद्धेषु, उक्तं च–'[13]मिगसिरअद्दापूसो तिण्णि य पुव्वाइ मूलमस्सेसा । हत्थो चित्ता य तहा ★दसवुड्ढिकराइं णाणस्स ॥१॥' तथा–'संझागयं रविगयं विड्डेरं सग्गहं विलंबिं च । राहुहयं गहभिन्नं च वज्जए सत्त नक्खत्ते ॥२॥' तथा प्रियधर्मादिगुणसम्पत्सु सतीषु 'तत्' सामायिकं भवति दातव्यमिति, उक्तं च–'[14]पियधम्मो दढधम्मो संविग्गोऽवज्जभीरु असढो य । खंतो दंतो गुत्तो थिरव्वय जिइंदिओ उज्जू ॥१॥' विनीतस्याप्येता गुणसम्पदोऽन्वेष्टव्या इति गाथार्थः ॥१८१॥ ( प. ५-६-७ )**

**ટીકાર્થ :** પ્રતિષેધ કરાયેલા જે દિવસો તે પ્રતિકૃષ્ટ દિવસો-એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો. ચૌદશ વિગેરે પ્રતિષિદ્ધ દિવસો છે. તેને છોડીને અપ્રતિકૃષ્ટ એવા જ પાંચમ વિગેરે દિવસોએ સામાયિક આપવા યોગ્ય છે. એ પ્રમાણે અન્વય જોડવો. કહ્યું છે–"બંને પખવાડીયાઓની ચૌદશ, પૂનમ, આઠમ, નોમ, છઠ, ચોથ અને બારસ આટલી તિથિઓ છોડી દેવી. ॥૩૪૦૭॥" પાંચમ વિગેરે અપ્રતિષિદ્ધ દિવસોમાં પણ પ્રશસ્ત મુહૂર્તમાં જ સામાયિક આપવું., અપ્રશસ્તમુહૂર્તમાં આપવું નહિ, તથા અન્ય ગ્રંથોમાં કહેવાયેલ મૃગશિર વિગેરે નક્ષત્રોમાં આપવું, પણ પ્રતિષિદ્ધ નક્ષત્રોમાં આપવું નહિ. કહ્યું છે – "મૃગશિર, આર્દ્રા, પુષ્ય,ત્રણ પૂર્વ એટલે કે પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની અને પૂર્વાભાદ્રા, મૂળ, આશ્લેષા, હસ્ત અને ચિત્રા નક્ષત્રોમાં (સામાયિક આપવું) કારણ કે આ દશ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે. ॥૩૪૦૮॥" તથા –

સંધ્યા[H]ગત એટલે કે સાંજના સમયે જે નક્ષત્રનો ઉદય થતો હોય તે નક્ષત્ર, રવિગત એટલે જે નક્ષત્રમાં સૂર્ય હોય તે, વક્રગ્રહથી અધિષ્ઠિત નક્ષત્ર વિડ્ડેર કહેવાય, ક્રૂરગ્રહથી અધિષ્ઠિત જે હોય તે સગ્રહ નક્ષત્ર, જે સૂર્યવડે ભોગવાઈને હમણાં જ મૂકાયું હોય તે વિલંબિત, જે નક્ષત્રમાં સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ થયું હોય તે રાહુહત, જે ગ્રહથી ભેદાયેલું હોય તે ગ્રહભિન્ન, આ સાત નક્ષત્રોમાં સામાયિક આપવું નહિ. ॥૩૪૦૯॥" તથા પ્રિયધર્મ વિગેરે ગુણોની સંપત્તિ હોય તેવા શિષ્યને સામાયિક આપવા યોગ્ય થાય છે. કહ્યું છે- "પ્રિયધર્મી, દૃઢધર્મી, સંવિગ્ન, પાપભીરુ, અમાયાવી, ક્ષમાવાન, ઇન્દ્રિયોનું દમન કરનારો, ગુપ્ત હોય, સ્થિરવ્રતી, જિતેન્દ્રિય અને ઋજુ હોય ॥૩૪૧૦॥" વિનીત એવા પણ શિષ્ય પાસે આવી ગુણસંપદા છે કે નહિ તે જોવી. ॥૧૮૧॥

**१२. चतुर्दशीं पञ्चदशीं वर्जयेत् अष्टमीं च नवमीं च । षष्ठीं च चतुर्थीं द्वादशीं च द्वयोरपि पक्षयोः ॥१॥ १३. मृगशिरः आर्द्रा पुष्यं तिस्रश्च पूर्वा मूलमश्लेषा । हस्तश्चित्रा च तथा दश वृद्धिकराणि ज्ञानस्य ॥१॥ संध्यागतं रविगतं विड्वरं सग्रहं विलम्बि च । राहुहतं ग्रहभिन्नं च वर्जयेत् सप्त नक्षत्राणि ॥१॥ १४. प्रियधर्मा दृढधर्मा संविग्नोऽवद्यभीरुरशठश्च । क्षान्तो दान्तो गुप्तः स्थिरव्रतो जितेन्द्रिय ऋजुः ॥१॥ ★ दह –मुद्रिते ।**

साम्प्रतं चरमद्वारव्याचिख्यासयाऽऽह—

अभिवाहारो कालिअसुअंमि सुत्तत्थतदुभएणं ति ।
दव्वगुणपज्जवेहि अ दिट्ठीवायंमि बोद्धव्वो ॥१८२॥ (प०८) (भा०)

व्याख्या : 'अभिव्याहरणम्' आचार्यशिष्ययोर्वचनप्रतिवचने अभिव्याहारः, स च 'कालिकश्रुते' आचारादौ 'सुत्तत्थतदुभएणंति सूत्रतः अर्थतस्तदुभयतश्चेति, इयमत्र भावना—शिष्येणेच्छाकारेणे-दमङ्गाद्युद्दिशत इत्युक्ते सतीच्छापुरस्सरमाचार्यवचनम्—अहमस्य साधोरिदमङ्गमध्ययनमुद्देशं वोद्दिशामि—वाचयामीत्यर्थः, आप्तोपदेशपारम्पर्यख्यापनार्थं क्षमाश्रमणानां हस्तेन, न स्वोत्प्रेक्षया, सूत्रतोऽर्थत-स्तदुभयतो वाऽस्मिन् कालिकश्रुते अथोत्कालिके, दृष्टिवादे कथमिति ?, तदुच्यते—'दव्वगुणपज्जवेहि य दिट्ठीवायंमि बोद्धव्वो' द्रव्यगुणपर्यायैश्च 'दृष्टिवादे' भूतवादे बोद्धव्योऽभिव्याहार इति, एतदुक्तं भवति—शिष्यवचनानन्तरमाचार्यवचनमिदमुद्दिशामि सूत्रतोऽर्थतश्च द्रव्यगुणपर्यायैरनन्तगमसहितैरिति, एवं गुरुणा समादिष्टेऽभिव्याहारे शिष्याभिव्याहारः—ब्रवीति शिष्यः—उद्दिष्टमिदं मम, इच्छाम्यनुशासनं क्रियमाणं पूज्यैरिति, एवमभिव्याहारद्वारमष्टमं नीतिविशेषैर्नयैर्गतमिति गाथार्थः ॥१८२॥

**અવતરણિકા** : હવે છેલ્લા દ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ : કાલિકસૂત્રમાં સૂત્ર, અર્થ અને તદુભયથી અભિવ્યાહાર જાણવો. દૃષ્ટિવાદમાં દ્રવ્ય,ગુણ અને પર્યાયવડે અભિવ્યાહાર હોય છે.**

**ટીકાર્થ** : આચાર્ય અને શિષ્યના વચન-પ્રતિવચન એટલે કે પ્રશ્નોત્તરી એ અભિવ્યાહાર છે. ([H]અર્થાત્ પ્રશ્નોત્તરીપૂર્વક સામાયિકાદિશ્રુતની ઉદ્દેશ, સમુદ્દેશ વિગેરેની વિધિ એટલે અભિવ્યાહાર.) અને તે આચારાંગ વિગેરે કાલિકશ્રુતમાં સૂત્ર-અર્થ અને તદુભયને આશ્રયીને થાય છે. આશય એ છે કે— "આપની ઇચ્છાપ્રમાણે આચારાંગાદિ સૂત્ર મને ઉદ્દેશો અર્થાત્ તેની ભણવા માટેની રજા આપો" એ પ્રમાણે શિષ્યવડે કહ્યા પછી ઇચ્છાપૂર્વક આચાર્ય આ પ્રમાણે કહે છે કે—"હું આ સાધુને આ અંગ અથવા આ અધ્યયન અથવા આ ઉદ્દેશો ઉદ્દેશું છું=રજા આપું છું એટલે કે હું તેને વંચાવીશ." (કેવી રીતે ?) આપ્તોપદેશની પરંપરાને બતાડવા માટે ગુરુઓના હાથે, અર્થાત્ ગુરુઓ પાસેથી મારી પાસે જે આવેલું છે તેની હું વાચના આપીશ, પણ મારી બુદ્ધિથી વિચારેલું કહીશ નહિ.

(શું કહીશ ?) કાલિક તથા ઉત્કાલિક શ્રુતના સૂત્ર-અર્થ અથવા તદુભયને કહીશ. દૃષ્ટિવાદમાં કેવી રીતે અભિવ્યાહાર કરે ? તે કહે છે—દ્રવ્ય-ગુણ-પર્યાયવડે દૃષ્ટિવાદમાં અભિવ્યાહાર જાણવો, અર્થાત્ શિષ્યના વચન પછીનું આચાર્યનું વચન આ પ્રમાણે જાણવું કે—"અનંત પ્રકારો સહિતના દ્રવ્ય-ગુણ-પર્યાયોવડે સૂત્ર અને અર્થથી હું ઉદ્દેશ કરું છું એટલે કે તને દૃષ્ટિવાદ ભણવાની રજા આપું છું" આ પ્રમાણે ગુરુવડે અભિવ્યાહાર કરાતા શિષ્યનો અભિવ્યાહાર (કથન) આ પ્રમાણે થાય છે કે "આપે મને દૃષ્ટિવાદ ભણવાની રજા આપી તેથી પૂજ્યોવડે અપાતી હિતશિક્ષાને હું ઇચ્છું છું અર્થાત્ આપ મને હિતશિક્ષા આપો." આમ આઠમુ અભિવ્યાહારદ્વાર નીતિવિશેષ એવા નયો સાથે પૂર્ણ થયું. (અર્થાત્ ગાથા ૧૭૮માં જે આઠ નયો બતાવ્યા તે આલોચનાદિ નયો નીતિવિશેષ નયો છે. તેની સાથે આઠમું દ્વાર અહીં પૂર્ણ

व्याख्याता प्रतिद्वारगाथा, साम्प्रतमधिकृतमूलद्वारगाथायामेव करणं कतिविधमिति व्याचिख्यासुराह –

**उद्देस १ समुद्देसे २ वायण ३ मणुजाणणं च ४ आयरिए ।**
**सीसम्मि उद्दिसिज्जंतमाइ एअं तु जं कइहा ॥१८३॥** ( भा०दा० ६ )

व्याख्या : इह गुरुशिष्ययोः सामायिकक्रियाव्यापारणं करणं, तच्चतुर्द्धा–'उद्देस समुद्देसे'त्ति उद्देशकरणं समुद्देशकरणं 'वायणमणुजाणणं च'त्ति वाचनाकरणमनुज्ञाकरणं च, छन्दोभङ्गभयादिह वाचनाकरणमत्रोपन्यस्तम्, अन्यथाऽमुना क्रमेण इह–उद्देशो वाचना समुद्देशोऽनुज्ञा चेति गुरोर्व्यापारः, 'आयरिए'त्ति गुराविदं करणं गुरुविषयमित्यर्थः, 'सीसम्मि उद्दिसिज्जंतमाइ' शिष्ये–शिष्यविषयम् उद्दिश्यमानादि–उद्दिश्यमानकरणं वाच्यमानकरणं समुद्दिश्यमानकरणम् अनुज्ञायमानकरणं च, 'एयं तु जं कइह'त्ति एतदेव चतुर्विधं तद् यदुक्तं कतिविधमिति गाथार्थः ॥१८३॥ आह–पूर्वमनेकविधं नामादिकरणमभिहितमेव, इह पुनः किमिति प्रश्नः ?, उच्यते, तत् पूर्वगृहीतस्य करणमनेकविधमुक्तम्, इह पुनरस्मिन् गुरुशिष्यदानग्रहणकाले चतुर्विधं करणमिति, पूर्वं वा करणमविशेषेणोक्तम्, इह गुरुशिष्यक्रियाविशेषाद् विशेषितमिति न पुनरुक्तम्, अथवाऽयमेव

---

થયું.) ॥૧૮૨॥

**અવતરણિકા :** પ્રતિદ્વારગાથા (૧૭૮)નું વ્યાખ્યાન કર્યું. હવે અધિકૃત એવી મૂળ દ્વારગાથા (૧૦૨૭)માં જ 'કરણ કેટલા પ્રકારનું છે ?' તે દ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અહીં ગુરુ અને શિષ્યનો સામાયિક ક્રિયા માટેનો જે વ્યાપાર તે કરણ કહેવાય છે. તે ચાર પ્રકારે છે - ઉદ્દેશકરણ, સમુદ્દેશકરણ, વાચનાકરણ અને અનુજ્ઞાકરણ. મૂળગાથામાં છંદનો ભંગ થવાના ભયથી અહીં વાચનાકરણ ત્રીજા ક્રમે કહ્યું છે બાકી આ ક્રમ જાણવો કે- ઉદ્દેશ, વાચના, સમુદ્દેશ અને અનુજ્ઞા આ પ્રમાણે ગુરુનો વ્યાપાર બતાવ્યો, અર્થાત્ ગુરુવિષયક કરણ ચાર પ્રકારનું કહ્યું. શિષ્યવિષયક કરણ ઉદ્દિશ્યમાનાદિ એટલે કે ઉદ્દિશ્યમાનકરણ, વાચ્યમાનકરણ, સમુદ્દિશ્યમાનકરણ અને અનુજ્ઞાયમાનકરણ. પૂર્વે જે પૂછાયું હતું કે "કરણ કેટલા પ્રકારનું છે ?" તે આ કરણ ચાર પ્રકારનું કહ્યું. ॥૧૮૩॥

**શંકા :** પૂર્વે તમે નામાદિ અનેક પ્રકારનું કરણ બતાવ્યું હતું. તો પછી 'કરણ કેટલા પ્રકારનું છે? એવો પ્રશ્ન શા માટે ફરી પૂછ્યો ?

**સમાધાન :** પૂર્વે જે અનેક પ્રકારનું કરણ બતાવ્યું. તે પૂર્વે ગ્રહણ કરાયેલ સામાયિકનું કરણ બતાવ્યું હતું. જ્યારે અહીં ગુરુ-શિષ્યના દાન-ગ્રહણ સમયનું ચાર પ્રકારનું કરણ બતાવ્યું છે. (અર્થાત્ અહીં ગ્રહણ કરતી વખતે સામાયિકનું કરણ કેટલા પ્રકારનું હોય ? તે કહ્યું છે.) અથવા પૂર્વે સામાન્યથી કરણ કેટલા પ્રકારનું હોય ?' તે કહ્યું. અહીં ગુરુ-શિષ્યની ક્રિયાવિશેષથી વિશેષિત થયેલું કરણ કેટલા પ્રકારના હોય ? તે કહ્યું છે, માટે પુનરુક્ત દોષ આવતો નથી. અથવા વાસ્તવિક રીતે આ જ કરણનો અવસર છે. પૂર્વે અનેકાન્ત બતાવવા (અર્થાત્ જેનો અવસર હોય તેનું જ

करणस्यावसरः, पूर्वत्रानेका-तद्द्योतनार्थं विन्यासः कृत इति विचित्रा सूत्रस्य कृतिरित्यलं विस्तरेण, द्वारं ६ ।

कथमिति द्वारमिदानीं, तत्रेयं गाथा—

**कह सामाइअलंभो ? तस्सव्वविघाइदेसवाघाई ।**
**देसविघाईफड्डुगअणंतवुड्ढीविसुद्धस्स ॥१०२८॥**
**एवं ककारलंभो सेसाणवि एवमेव कमलंभो( दा० ) ।**
**एअं तु भावकरणं करणे अ भए अ जं भणिअं ॥१०२९॥**

अस्या व्याख्या : 'कथं' केन प्रकारेण सामायिकलाभ इति प्रश्नः, अस्योत्तरं—तस्य—सामायिकस्य सर्वविघातीनि देशविघातीनि च स्पर्द्धकानि भवन्ति, इह सामायिकावरणं—ज्ञानावरणं दर्शनावरणं मिथ्यात्वमोहनीयं च, अमीषां द्विविधानि स्पर्द्धकानि—देशघातीनि सर्वघातीनि च, तत्र सर्वघातिषु सर्वेषूद्घातितेषु सत्सु देशघातिस्पर्द्धकानामप्यनन्तेषूद्घातितेष्वनन्तगुणवृद्ध्या प्रतिसमयं विशुद्ध्यमानः शुभशुभतरपरिणामो भावतः ककारं लभते, तदनन्तगुणवृद्ध्यैव प्रतिसमयं विशुद्ध्यमानः सन् रेफमित्येवं शेषाण्यपि, अत एवाऽऽह—देशघातिस्पर्द्धकानन्तवृद्ध्या विशुद्धस्य सतः, किं ? — 'एव'मित्यादि पूर्वार्द्धं गतार्थम्, आह—उपक्रमद्वारेऽभिहितमेतत्—क्षयोपशमात् जायते, पुनश्चोपोद्घातेऽभिहितमेतत् कथं लभ्यत इति तत्रोक्तम्, इह किमर्थं प्रश्न इति पुनरुक्तता, उच्यते,

નિરૂપણ થાય અન્યનું નહિ એવો એકાંત નથી એવું જણાવવા) પૂર્વે અવસર ન હોવા છતાં ઉપન્યાસ કર્યો હતો કારણ કે સૂત્રની રચના વિચિત્ર હોય છે. વધુ વિસ્તારથી સર્યું.

અવતરણિકા : હવે 'કથં' દ્વારનું નિરૂપણ કરે છે. તેમાં આ ગાથા છે ⇨

**ગાથાર્થ : બંને ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કેવી રીતે સામાયિકની પ્રાપ્તિ થાય છે ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર - સામાયિકના સર્વઘાતી અને દેશઘાતી સ્પર્દ્ધકો છે. તે આ પ્રમાણે કે — સામાયિકનું આવરણ કરનાર કર્મો ત્રણ પ્રકારના છે — જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મોહનીય. આ ત્રણે કર્મોના બે પ્રકારે સ્પર્દ્ધકો છે - દેશઘાતી અને સર્વઘાતી. તેમાં સર્વઘાતી એવા સર્વ સ્પર્દ્ધકોનો નાશ થાય અને દેશઘાતીમાંથી પણ અનંત સ્પર્દ્ધકોનો નાશ થઈ પ્રતિસમયે અનંતગુણ વૃદ્ધિવડે વિશુદ્ધિને પામતો = શુભ-શુભતરપરિણામને પામતો જીવ ભાવથી (કરેમિ ભંતે !....સૂત્રના) કકારને પામે છે. ત્યારપછી અનંતગુણવૃદ્ધિવડે જ પ્રતિસમયે વિશુદ્ધિને પામતો જીવ રેફને = રેકારને પામે છે. આ જ પ્રમાણે શેષ અક્ષરોને પણ પામે છે. માટે જ મૂળમાં કહ્યું છે કે — દેશઘાતી સ્પર્દ્ધકોના પણ અનંત સ્પર્દ્ધકોનો નાશ થતાં અનંતગુણવૃદ્ધિવડે વિશુદ્ધિને પામતાં જીવને શું ? તે કહે છે - આ પ્રમાણે = કહેવાયેલ પ્રકારવડે કકારનો લાભ થાય છે અને એ જ પ્રમાણે શેષ અક્ષરોનો પણ ક્રમશઃ લાભ થાય છે.

**શંકા :** પૂર્વે ઉપક્રમદ્વારમાં તમે કહ્યું હતું કે ક્ષયોપશમથી સામાયિકની પ્રાપ્તિ થાય છે. ફરી ઉપોદ્ઘાતમાં પણ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? તે પ્રશ્નના ઉત્તરમાં આ જ વાત કરી અને અહીં પણ આ જ પ્રશ્ન તમે શા માટે કર્યો ? શું આ પુનરુક્ત દોષ નથી ?

त्रयमप्येतदपुनरुक्तं, कुतः ?, यस्मादुपक्रमे क्षयोपशमात् सामायिकं लभ्यत इत्युक्तम्, उपोद्घाते स एव क्षयोपशमस्तत्कारणभूतः कथं लभ्यत इति प्रश्नः, इह पुनर्विशेषिततरः प्रश्नः—केषां पुनः कर्मणां स क्षयोपक्षम इति प्रत्यासन्नतरकारणप्रश्न इत्यपुनरुक्तत्वमित्यलं प्रसङ्गेन । द्वारमेवोपसंहरन्नाह— एतदेव—अनन्तरोदितं सामायिककरणं यत्तद्भावकरणं 'करणे य'त्ति उपन्यस्तद्वारपरामर्शः । 'भए य'त्ति भयमपि 'यद् भणितं' यदुक्तमिति गाथाद्वयार्थः ॥१०२८-२९॥ मूलद्वारगाथायां करणमित्येतद् द्वारं व्याख्यातम्, एतद्व्याख्यानाच्च सूत्रेऽपि करोमीत्ययमवयव इति ॥

अधुना द्वितीयावयवव्याचिख्यासयाऽऽह —

**होइ भयंतो भयअंतगो अ रयणा भयस्स छब्भेआ ।**
**सव्वंमि वन्निएऽणुक्कमेण अंतेवि छब्भेआ ॥१८४॥ ( भा० )**

**व्याख्या :** भवति भदन्त इत्यत्र 'भदि कल्याणे सुखे च' अर्थद्वये धातुः 'जृविशिभ्यां झच्' ( उ.पा. ४०६ ) औणादिकप्रत्ययो दृष्टः, तं दृष्ट्वा प्रकृतिरूह्यते, भदि कल्याण इति

---

**સમાધાન :** આ ત્રણે સ્થાનોમાં ક્યાંય પુનરુક્ત દોષ નથી, કેમ ? કારણ કે ઉપક્રમદ્વારમાં ક્ષયોપશમથી સામાયિક પ્રાપ્ત થાય છે એમ કહ્યું. ઉપોદ્ઘાતમાં સામાયિકના કારણભૂત એવો તે ક્ષયોપશમ કેવી રીતે થાય ? એ પ્રશ્ન હતો અને અહીં વિશેષિતતર પ્રશ્ન છે કે તે ક્ષયોપશમ કયા કર્મોનો થાય છે ? એ પ્રમાણે અત્યંત નજીકનું કારણ જાણવા માટેનો આ પ્રશ્ન હોવાથી ક્યાંય પુનરુક્ત દોષ આવતો નથી. પ્રાસંગિક ચર્ચાવડે સર્યું. હવે આ દ્વારનો જ ઉપસંહાર કરતા કહે છે - હમણાં જેનું વર્ણન કર્યું તે સામાયિકકરણ એ ભાવકરણ છે. 'करणे य' અહીં કરણ શબ્દ પૂર્વે કહેલી દ્વારગાથા (૧૦૧૬) ના પ્રથમ કરણદ્વારને જણાવનાર છે. એ જ પ્રમાણે ભય શબ્દ પણ દ્વારને જણાવનાર છે. (અહીં ભાવાર્થ એ છે કે – પૂર્વે 'करणे य भए य....' ઇત્યાદિ ગાથામાં શાસ્ત્રકારે પૂર્વે જે ભાવકરણ કહ્યું હતું તે ભાવકરણ તરીકે આ હમણાં કહેલ સામાયિકકરણ જાણવાનું છે.) ॥૧૦૨૮-૨૯॥ મૂળદ્વારગાથામાં કરણ એ પ્રમાણે જે દ્વાર હતું તેનું વ્યાખ્યાન કર્યું. અને એના વ્યાખ્યાનથી સૂત્રમાં પણ 'करोमि' આ અવયવનું વ્યાખ્યાન થઈ ગયું.

**અવતરણિકા :** હવે બીજા 'ભદન્ત' અવયવની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ : ભદન્ત અને ભયઅંતક એમ બે પ્રકારે શબ્દ થાય છે. તેમાં ભયના છ પ્રકારે રચના=નિક્ષેપાઓ છે. સર્વ નિક્ષેપાનું વર્ણન કર્યા પછી અંત શબ્દના પણ છ પ્રકારે નિક્ષેપા છે.**

**ટીકાર્થ :** મૂળમાં રહેલા "भवति भदन्त=ભદન્ત થાય છે" આ શબ્દનો અર્થ કરતા કહે છે કે– અહીં भद् ધાતુ કલ્યાણ અને સુખ અર્થમાં છે. 'जृ' અને विश् ધાતુને झच् પ્રત્યય લાગે છે. (આ સૂત્રની ટીકામાં જણાવ્યું છે કે આ બે સિવાયના બીજા અમુક ધાતુઓને झच् પ્રત્યય થાય છે. 'झोऽन्त' (પા. ૭-૧-૩) સૂત્રથી 'झ'નો 'अन्त' આદેશ થાય છે.) 'भदन्त'માં પણ ઔણાદિક झच् (એટલે કે 'अन्त') પ્રત્યય દેખાય છે. આ પ્રત્યય જોઈને અહીં 'भदन्त'માં भद् પ્રકૃતિ (ધાતુ) નક્કી થાય છે. અહીં भद् ધાતુ કલ્યાણ અર્થમાં છે. (પાણીની વ્યાકરણમાં 'भदि' એ પ્રમાણે જે 'इ'

---

★ भदुङ् सुख-कल्याणयोः ( धा.पा.-७२२ ) तथा सीमन्त....( उणादय-२२२ ) इति सिद्धहेम.

**अनुनासिकलोपश्चेति, तस्यौणादिकविधानात्, ततश्च भदन्त इति भवति, भदन्तः—कल्याणः सुखश्चेत्यर्थः, प्राकृतशैल्या वा भवति भवान्त इति, अत्र भवस्य—संसारस्यान्तस्तेनाऽऽचार्येण क्रियत इति भवान्तकरत्वाद् भवान्त इति, तथा—भयान्तश्चेत्यत्र भयं—त्रासः तमाचार्यं प्राप्य भयस्यान्तो भवतीति भयान्तो—गुरुः, भयस्य वाऽन्तको भयान्तक इति, तस्याऽऽमन्त्रणं, 'रचना' नामादिविन्यासलक्षणा, भयस्य 'षड्भेदाः' षट्प्रकाराः—नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदभिन्नाः, तत्र पञ्च प्रकाराः प्रसिद्धाः, षष्ठं भावभयं सप्तधा—इहलोकभयं परलोकभयमादानभयम-** ***कस्माद्भयमश्लोकभयमाजीविकाभयं मरणभयं चेति, तत्रापीहलोके भयं स्वभवाद् यत् प्राप्यते*** **परलोकभयं परभवात्, किञ्चनद्रव्यजातमादानं तस्य नाशहरणादिभ्यो भयम् आदानभयं, यत्तु बाह्यनिमित्तमन्तरेणाहेतुकं भयम् अकस्माद् भवति तदाकस्मिकं, 'श्लोक श्लाघायां' श्लोकनं श्लोकः श्लाघा—प्रशंसा तद्विपर्ययोऽश्लोकस्तस्माद् भयमश्लोकभयम्, आजीविकाभयं—**

લાગ્યો છે તે અનુબંધ છે. તેના કારણે भद् ધાતુમાં 'न्' નો ઉમેરો થાય છે. તેથી ધાતુ 'भन्द' થાય છે. પછી તેને ઔણાદિક ''अन्त' પ્રત્યય લાગતા 'भन्दन्त' શબ્દ બનવો જોઈએ. પરંતુ) ઔણાદિક अन्त પ્રત્યય લાગતા (भन्देर्नलोपश्च उ.पा. ४१० સૂત્રથી) અનુનાસિકનો લોપ થવાથી ભદન્ત શબ્દ બને છે. ભદન્ત એટલે કલ્યાણ અને સુખ.

અથવા પ્રાકૃતશૈલીથી ભવાન્ત શબ્દ જાણવો. અહીં સંસારનો અંત તે આચાર્યવડે કરાય છે માટે ભવનો અંત કરનારા હોવાથી ગુરુ ભવાન્ત કહેવાય છે. તથા પ્રાકૃતશૈલીથી જ 'ભયાન્ત' શબ્દ પણ થઈ શકે છે. અહીં ભય એટલે ત્રાસ, તે આચાર્યને પામીને શિષ્યના ભયનો નાશ થતો હોવાથી આચાર્ય = ગુરુ ભયાન્ત કહેવાય છે. અથવા ભયનો અંત કરનારા ગુરુ છે માટે તેમને ભયાન્તક કહેવાય છે. ભવાન્ત કે ભયાન્ત શબ્દ આમંત્રણાર્થમાં હોવાથી મૂળ સૂત્રમાં ભન્તે ! પ્રયોગ થાય છે. ભય શબ્દની છ પ્રકારે નામાદિના વિન્યાસરૂપ રચના (નિક્ષેપ) છે. તે છ પ્રકારો આ પ્રમાણે છે – નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર,કાળ અને ભાવ. તેમાં પ્રથમ પાંચ પ્રકારો પ્રસિદ્ધ જ છે. (ટૂંકમાં વિચારી લઈએ - નામભય, સ્થાપનાભય સુખેથી જણાય તેવા છે. દ્રવ્યથી જે ભય થાય તે દ્રવ્યભય. આ પ્રમાણે ક્ષેત્ર અને કાળમાં પણ પંચમી તત્પુરુષ સમાસ કરતા અર્થ સુખેથી જણાય જાય છે.)

છઠ્ઠું ભાવભય સાત પ્રકારે છે - ઇહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માત્ભય, અપયશભય, આજીવિકાભય અને મરણભય. તેમાં સ્વભવથી (એટલે કે મનુષ્યને મનુષ્યથી, તિર્યંચને તિર્યંચથી) જે ભય પ્રાપ્ત થાય તે ઇહલોકભય. પરભવથી (એટલે કે મનુષ્યને તીર્યંચથી) જે ભય પ્રાપ્ત થાય તે પરલોકભય. કંઈક ધનનો સમૂહ તે આદાન, તેનો નાશ કે ચોરી થવી વિગેરેથી જે ભય તે આદાનભય. જે બાહ્યનિમિત્ત વિના અકસ્માત્થી નિર્હેતુક ભય થાય તે આકસ્મિકભય. 'શ્લોક' ધાતુ શ્લાઘા = પ્રશંસા અર્થમાં વપરાય છે. પ્રશંસા કરવી તે શ્લોક એટલે કે શ્લાઘા = પ્રશંસા, તેનો વિપર્યય તે અશ્લાઘા, તેનાથી જે ભય તે અશ્લોકભય. દુર્જીવિકાનો

दुर्जीविकाभयं, प्राणपरित्यागभयं मरणभयमिति, एवं सर्वस्मिन् वर्णिते 'अनुक्रमेण' उक्तलक्षणे-नान्तेऽपि षड् भेदा इति, तत्र 'अम गत्यादिषु' अमनमन्तः अवसानमित्यर्थः, अस्मिन्नपि षड् भेदाः, तद्यथा—नामान्तः स्थापनान्तः द्रव्यान्तः क्षेत्रान्तः कालान्तः भावान्तश्चेति, नामस्थापने क्षुण्णे, द्रव्यान्तो घटाद्यन्तः, क्षेत्रान्त ऊर्ध्वलोकादिक्षेत्रान्तः, कालान्तः समयाद्यन्तः, भावान्तः औदयिकादि-भावान्तः ॥

**एवं सव्वंमिऽवि वन्निअंमि इत्थं तु होइ अहिगारो ।**
**सत्तभयविप्पमुक्के तहा भवंते भयंते अ ॥१८५॥ ( भा० )**

व्याख्या : 'एवम्' उक्तेन प्रकारेण 'सर्वस्मिन्' अनेकभेदभिन्ने भयादौ वर्णिते सति 'अत्र तु' प्रकृते भवत्यधिकारः—प्रकृतयोजना सप्तभयविप्रमुक्तो यस्तेन, तथा भवान्तो यः भदन्तश्चेति, पश्चानुपूर्व्या ग्रन्थ इति गाथार्थः ॥१८५॥ मूलद्वारगाथायां व्याख्यातं भयान्तद्वारद्वयं, तद्व्याख्यानाच्च भदन्तभवान्तभयान्त इति गुर्वामन्त्रणार्थः सूत्रावयव इति, उक्तं च भाष्यकारेण—[१५] 'आमंतेइ करेमी भदंत ! सामइयंति सीसोऽयं । आहामंतणवयणं गुरुणो किंकारणमिणंति ? ॥१॥ भण्णइ—

(અર્થાત્ આજીવિકાના ઉચ્છેદનો) ભય તે આજીવિકાભય. પ્રાણના પરિત્યાગનો ભય તે મરણભય. આ પ્રમાણે કહેવાયેલા નામ, સ્થાપનાદિના ક્રમથી સર્વ ભયોનું વર્ણન કર્યા પછી 'અંત' શબ્દના પણ છ પ્રકારના ભેદો છે. તેમાં 'अम्' ધાતુ ગતિ વિગેરે અર્થમાં છે. અમનં = અંત એટલે કે અવસાન. અંતશબ્દના પણ છ પ્રકારે નિક્ષેપા છે. તે આ પ્રમાણે—નામાન્ત, સ્થાપનાન્ત, દ્રવ્યાન્ત, ક્ષેત્રાન્ત, કાળાન્ત, અને ભાવાન્ત તેમાં નામ-સ્થાપના સુગમ જ છે. ઘટાદિનો અંતભાગ એ દ્રવ્યાન્ત જાણવો. ઊર્ધ્વાદિક્ષેત્રનો અંતભાગ એ ક્ષેત્રાન્ત જાણવો. સમયાદિનો અંત તે કાળાન્ત, અને ઔદાયિકાદીભાવોનો જે અંત (નાશ) તે ભાવાન્ત જાણવો.

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઉક્ત પ્રકારવડે અનેક ભેદોવાળા ભય વિગેરેનું વર્ણન કર્યા પછી અહીં પ્રસ્તુતમાં જે સાતભયોથી મુકાયેલા છે તેમનું પ્રયોજન છે. તથા જે ભવાન્ત છે (એટલે કે જેને ભવનો અન્ત કર્યો છે તે) અને જે ભયાન્ત છે (તે બેનું પણ અહીં પ્રયોજન છે. કોઈ [H]અહીં પ્રશ્ન કરે કે - પૂર્વે ગાથા ૧૮૪ માં ભદન્ત, ભવાન્ત અને ભયાન્ત પ્રમાણે ક્રમ બતાવ્યો હતો તો અહીં શા માટે ક્રમ બદલી નાખ્યો ? તેનો ઉત્તર આપે છે કે-) પશ્ચાનુપૂર્વીવડે=ઉંધા ક્રમે આ સૂત્ર જાણવું. માટે કોઈ દોષ નથી. ॥૧૮૫॥ મૂળદ્વાર ગાથામાં આપેલા ભય અને અન્ત આ બંને દ્વારોનું વ્યાખ્યાન થયું અને તેના વ્યાખ્યાનથી ભદન્ત, ભવાન્ત કે ભયાન્ત એ પ્રમાણે ગુરુના આમંત્રણ માટેનો 'ભંતે!' અવયવ પણ કહેવાઈ ગયો.

ભાષ્યકારે કહ્યું છે - "હે ભદન્ત ! હું સામાયિક કરું છું એ પ્રમાણે શિષ્ય ગુરુને આમંત્રણ કરે છે. શંકા : સામાયિક કરવામાં ગુરુને આમંત્રણની શી જરૂર છે. ॥૧॥ **ઉત્તર :** ગુરુકુળવાસનો

१५. आमन्त्रयति करोमि भदन्त ! सामायिकमिति शिष्योऽयम् । आह आमन्त्रणवचनं गुरोः किंकारणमिदमिति ? ॥१॥ भण्यते—

[१६]गुरुकुलवासोवसंगहत्थं जहा गुणत्थीह । णिच्चं गुरुकुलवासी हवेज्ज सीसो जओऽभिहियं ॥२॥ नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य । धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचंति ॥३॥ आवस्सयंपि णिच्चं गुरुपामूलंमि देसियं होइ । वीसुंपि हि संवसओ कारणओ जयइ सेज्जाए ॥४॥ एवं चिय सव्वावस्सयाइ आपुच्छिऊण कज्जाइं । जाणावियमामंतणवयणाओ जेण सव्वेसिं ॥५॥ सामाइयमाईयं भदंतसद्दो य जं तयाईए । तेणाणुवत्तइ तओ करेमि भंतेत्ति सव्वेसु ॥६॥ किच्चाकिच्चं गुरवो विदंति विणयपडिवत्तिहेउं च । ऊसासाइ पमोत्तुं तयणापुच्छाय पडिसिद्धं ॥७॥ गुरुविरहंमिवि ठवणा गुरूवदेसोवदंसणत्थं★ च । जिणविरहंमिऽवि जिणबिंबसेवणामंतणं सफलं ॥८॥ रन्नो व्व परोक्खस्सवि जह सेवा मंतदेवयाए वा । तह चेव परोक्खस्सवि गुरुणो सेवा विणयहेउं ॥९॥" इत्यादि, कृतं विस्तरेण ॥

નજીકથી સંગ્રહ કરવા માટે ફરી આમંત્રણ વચન છે, કારણ કે ગુણાર્થી એવા શિષ્યે નિત્ય ગુરુકુળવાસી થવું જોઈએ. જે માટે કહ્યું છે કે ॥૨॥ ગુરુકુળવાસી શિષ્ય જ્ઞાનનો ભાગી બને છે, દર્શન અને ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે; તેઓને ધન્ય છે કે જેઓ યાવજ્જીવ સુધી ગુરુકુળવાસને મૂકતા નથી. ॥વિ.આ.ભા. ૩૪૫૭-૫૮-૫૯॥ વળી (ઉ[H]પાશ્રય નાનો હોય વિગેરે) કારણવશાત્ જો જુદી વસતિમાં રહેવાનું હોય તો પણ પ્રતિક્રમણ ગુરુ પાસે આવીને જ કરે, (સૂવા માટે બીજી વસતિમાં જાય, પરંતુ જો જંગલી પશુ વિગેરેનો ભય હોવાથી ગુરુ પાસે આવી શકતા ન હોય તો તે) જુદી વસતિમાં પણ ગુરુની સ્થાપના વિગેરેના ક્રમથી યતના કરે. ॥૪॥ આ પ્રમાણે સર્વ આવશ્યકાદિ કાર્યો ગુરુને પૂછીને કરવા જોઈએ, એમ આમંત્રણ વચનથી જણાવેલું થાય છે. ॥૫॥ કારણ કે સર્વ આવશ્યકોમાં સામાયિક એ પ્રથમ આવશ્યક છે, અને તે સામાયિકની શરૂઆતમાં આ ભદન્ત શબ્દ છે. તેથી 'કરેમિ ભંતે !' શબ્દ સર્વ આવશ્યકોમાં અનુસરે છે. ॥૬॥ કૃત્ય કે અકૃત્ય સર્વ આચારો ગુરુઓ જાણે છે અને વિનયની પ્રાપ્તિ માટે ઉચ્છ્વાસાદિને છોડીને અન્ય કોઈ કાર્ય ગુરુને પૂછ્યા વિના કરવાનો નિષેધ કર્યો છે. ॥૭॥ (જ્યાં ગુરુ ન હોય ત્યાં શું કરવું ? તે કહે છે) જેમ તીર્થંકરના વિરહમાં જિનબિંબની સેવા અને આમંત્રણ સફળ છે તેમ, ગુરુના વિરહમાં ગુરુની સ્થાપના એ ગુરુનો ઉપદેશ (આજ્ઞા) ને જણાવવા માટે થાય છે. ॥૮॥ જેમ પરોક્ષ એવા રાજા કે મંત્રદેવતાની સેવા સફળ થાય છે, તેમ પરોક્ષ એવા પણ ગુરુની સેવા

१६. गुरुकुलवासोपसंग्रहार्थं यथा गुणार्थीह । नित्यं गुरुकुलवासी भवेत् शिष्यो यतोऽभिहितम् ॥२॥ ज्ञानस्य भवति भागी स्थिरतरो दर्शने चारित्रे च । धन्या यावत्कथं गुरुकुलवासं न मुञ्चन्ति ॥३॥ आवश्यकमपि नित्यं गुरुपादमूले देशितं भवति । विष्वगपि हि संवसतः कारणतो यतते शय्यायाम् ॥४॥ एवमेव सर्वावश्यकानि आपृच्छ्य कार्याणि । ज्ञापितमामन्त्रणवचनात् येन सर्वेषाम् ॥५॥ सामयिकमादौ भदन्तशब्दश्च यत्तदादौ । तेनानुवर्त्तते ततः करोमि भदन्त इति सर्वेषु ॥६॥ कृत्याकृत्यं गुरवो विदन्ति विनयप्रतिपत्तिहेतवे च । उच्छ्वासादि प्रमुच्य तदनापृच्छया प्रतिषिद्धम् ॥७॥ गुरुविरहेऽपि स्थापना गुरूपदेशोपदर्शनार्थं च । जिनविरहेऽपि जिनबिम्बसेवनामन्त्रणं सफलम् ॥८॥ राज्ञ इव परोक्षस्यापि यथा सेवा मन्त्रदेवताया वा। तथैव परोक्षस्यापि गुरोः सेवा विनयहेतवे ॥९॥ ★ गुरुवसेवोप०-इति मुद्रितप्रतौ ।

साम्प्रतं सामायिकद्वारव्याचिख्यासयाऽऽह—

**सामं १ समं च २ सम्मं ३ इग ४ मवि सामाइअस्स एगट्ठा ।**
**नामं ठवणा दविए भावंमि अ तेसिं निक्खेवो ॥१०३०॥**

व्याख्या : इह सामं समं च सम्यक् 'इगमवि' देशी*पदं क्वापि +प्रवेशार्थे वर्तते, सम्पूर्णशब्दावयवमेवाधिकृत्याऽऽह—सामायिकस्यैकार्थिकानि । अमीषां निक्षेपमुपदर्शयन्नाह—नामस्थापनाद्रव्येषु भावे च नामादिविषय इत्यर्थः, 'तेषां' सामप्रभृतीनां निक्षेपः कार्य इति गम्यते, स चायं—नामसाम स्थापनासाम द्रव्यसाम भावसाम च, एवं समसम्यक्पदयोरपि द्रष्टव्यः ॥ १०३०॥

तत्र नामस्थापने क्षुण्णे एव, द्रव्यसामप्रभृतींश्च प्रतिपादयन्नाह —

**महुरपरिणाम सामं १ समं तुला २ संम खीरखंडजुई ३ ।**
**दोरे हारस्स चिई इग ४ मेआइं तु दव्वंमि ॥१०३१॥**

व्याख्या : इहौघतो मधुरपरिणामं द्रव्यं—शर्करादि द्रव्यसाम, समं 'तुला' इति भूतार्थालोचनायां

---

વિનય માટે થાય છે. ॥૩૪૬૧-૬૬॥ વધુ વિસ્તારવડે સર્યું.

**અવતરણિકા :** હવે 'સામાયિક' દ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે ➪

**ગાથાર્થ : સામ,સમ, સમ્યક્ અને ઈક એ સામાયિકના સમાનાર્થી શબ્દો છે. આ ચારે શબ્દોના નામ,સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર-ચાર નિક્ષેપા છે.**

**ટીકાર્થ :** (અહીં સામાયિકશબ્દ બે પદથી બનેલો છે. તેમાં પહેલું પદ ત્રણ પ્રકારે છે) સામ, સમ અને સમ્યગ્ (તથા બીજું પદ) ઈક છે જે દેશીપદ છે અને તે પ્રવેશ અર્થમાં કો'ક દેશમાં વપરાય છે. (સામ,સમ વિગેરે ટુકડા પડેલા શબ્દોની અપેક્ષાએ સામાયિકશબ્દ સંપૂર્ણ શબ્દ કહેવાય અને સામાયિકસૂત્રમાં સામાયિક એક અવયવ છે તેથી) સંપૂર્ણશબ્દાત્મક એવા આ અવયવને આશ્રયીને હવે કહે છે કે - સમ વિગેરે ચારે શબ્દો સામાયિકનાં સમાનાર્થી શબ્દો છે. આ બધાના નિક્ષેપાઓને બતાડતા કહે છે— નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને વિશે એટલે કે નામાદિવિષયક સામ વિગેરેનો નિક્ષેપ કરવા યોગ્ય છે, તે આ પ્રમાણે - નામસામ, સ્થાપનાસામ, દ્રવ્યસામ અને ભાવસામ, આ પ્રમાણે સમ અને સમ્યગ્ પદનો નિક્ષેપ પણ જાણવો. ॥૧૦૩૦॥

**અવતરણિકા :** તેમાં નામ અને સ્થાપના જણાઈ જાય એવું જ છે. તેથી દ્રવ્યસામ વિગેરેનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : મધુરપરિણામવાળું જે હોય તે સામ કહેવાય, વજનકાંટો તે સમ, દૂધ અને સાકરનો સંયોગ એ સમ્યક્ કહેવાય અને દોરામાં હારનો પ્રવેશ એ ઈક કહેવાય. આ ઉદાહરણો દ્રવ્યવિષયક જાણવા.**

**ટીકાર્થ :** સામાન્યથી મધુરપરિણામવાળું સાકરાદિદ્રવ્ય એ દ્રવ્યસામ જાણવું. તથા સદ્ભૂત

---

+ 'प्रदेशार्थे'—मुद्रिते प्रत्यन्तरे च । * देशीपदे ।

समं तुलाद्रव्यं, सम्यक् 'क्षीरखण्डयुक्तिः' क्षीरखण्डयोजनं द्रव्यसम्यगिति, तथा 'दोरे' इति सूत्रदवरके मौक्तिकान्येवाधिकृत्य भाविपर्यायापेक्षया 'हारस्य' मुक्ताकलापस्य चयनं चितिः— प्रवेशनं द्रव्येकम्, अत एवाह—'एयाइं तु दव्वंमि'त्ति एतान्युदाहरणानि 'द्रव्य' इति द्रव्यविषयाणीति गाथाद्वयार्थः ॥१०३१॥

साम्प्रतं भावसामादि प्रतिपादयन्नाह—

**+आतुवमाए परदुक्खमकरणं १ रागदोसमज्झत्थं २ ।**
**नाणाइतिगं ३ तस्साइ पोअणं ४ भावसामाई ॥१०३२॥**

व्याख्या : आत्मोपमया—आत्मोपमानेन परदुःखाकरणं भावसामेति गम्यते, इह चानुस्वारोऽलाक्षणिकः, एतदुक्तं भवति—आत्मनीव ★परदुःखाकरणपरिणामो भावसाम, तथा 'रागद्वेषमाध्यस्थ्यम्' अनासेवनया रागद्वेषमध्यवर्तित्वं समं, सर्वत्राऽऽत्मनस्तुल्यरूपेण वर्तनमित्यर्थः, तथा ज्ञानादित्रयमेकत्र सम्यगिति गम्यते, तथाहि—ज्ञानदर्शनचारित्रयोजनं सम्यगेव, मोक्षप्रसाधकत्वादिति भावना, 'तस्य' इति सामादि सम्बध्यते, 'आत्मनि प्रोतनम्' आत्मनि

અર્થની આલોચનાને વિશે એટલે કે (H)આ વસ્તુનું વજન કેટલું છે ? એ પ્રમાણે વસ્તુના વજનને જાણવાની જિજ્ઞાસા થતાં વજનકાંટો એ યથાવસ્થિત વજનનું પ્રતિપાદન કરતો હોવાથી તે વજનકાંટો સમ કહેવાય છે. દૂધ અને સાકરનું મિશ્રણ એ દ્રવ્યસમ્યગ્ કહેવાય છે. દોરામાં મોતિઓના સમૂહરૂપ હારનો પ્રવેશ તે દ્રવ્યઇક કહેવાય છે. ખરેખર તો દોરામાં મોતીઓનો પ્રવેશ હોય પણ હારનો નહિ, છતાં ભાવિમાં હાર બનવાનો હોવાથી આ ભાવિપર્યાયની અપેક્ષાએ કહ્યું છે કે 'દોરામાં હારનો પ્રવેશ'. આ બધા દ્રવ્યનિક્ષેપા હોવાથી મૂળ ગાથામાં કહ્યું છે કે - આ બધા ઉદાહરણો દ્રવ્યવિષયક જાણવા. (અર્થાત્ દ્રવ્યનિક્ષેપાના ઉદાહરણો જાણવા.) ॥૧૦૩૧॥

**અવતરણિકા :** હવે ભાવસામાદિનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : (૧) આત્માની ઉપમાવડે પરને દુઃખનું અકરણ, (૨) રાગદ્વેષની મધ્યમાં રહેવું, (૩) જ્ઞાનાદિત્રિક, (૪) સામાદિનો આત્મામાં પ્રવેશ, આ ભાવસામાદિના ઉદાહરણો છે.**

ટીકાર્થ : આત્મોપમવડે એટલે કે જેમ પોતાને દુઃખ ગમતું નથી તેમ બીજાને પણ ગમતું નથી એ રીતે પરને પોતાની જેમ જોવાવડે બીજાને દુઃખ ન પહોંચાડવું એ ભાવસામ છે. અહીં મૂળમાં परदुखमकरण આ શબ્દમાં દુઃખ પછી જે અનુસ્વાર છે તે અલાક્ષણિક છે. આશય એ છે કે – પોતાની જેમ બીજાને દુઃખી ન કરવાનો પરિણામ એ ભાવસામ છે. તથા રાગ–દ્વેષને નહિ કરવા દ્વારા મધ્યસ્થપણું એ સમ છે, અર્થાત્ સર્વત્ર આત્માનો એક સરખો વ્યવહાર એ સમ છે. તથા જ્ઞાનાદિત્રયનો એક સ્થાને જે સંયોગ તે ભાવસમ્યગ્ જાણવો. તે આ રીતે કે – જ્ઞાનદર્શન અને ચારિત્રનો સંયોગ એ સાચો સંયોગ છે કારણ કે તેનાથી મોક્ષ સિદ્ધ થાય છે. મૂળમાં રહેલ 'तस्य' શબ્દથી ભાવસામાદિ લેવા. તે ભાવસામાદિનો આત્મામાં પ્રવેશ તે ભાવઈક કહેવાય છે. આથી જ મૂળમાં કહ્યું છે કે આ બધા ઉદાહરણો ભાવસામાદિમાં જાણવા. ॥૧૦૩૨॥

+ 'आओवमाइ'—मुद्रिते । ★ परदुःखाकरणं—प्र० ।

**प्रवेशनम् इकमुच्यते, ▲अत एवाऽऽह–'भावसामाई' भावसामादावेतान्युदाहरणानीति गाथार्थः ॥१०३२॥**
✓ सामायिकशब्दयोजना चैवं द्रष्टव्या–इहाऽत्मन्येव साम्न इकं निरुक्तनिपातनात् यद् यल्लक्षणेनानुपपन्नं तत् सर्वं निपातनात् सिद्धमिति साम्नो नकारस्याऽऽयआदेशः, ततश्च सामायिकम्, एवं समशब्दस्याऽऽयादेशः, समस्य वा आयः समायः स एव सामायिकमिति, एवमन्यत्रापि भावना कार्येति कृतं प्रसङ्गेन ॥

साम्प्रतं सामायिकपर्यायशब्दान् प्रतिपादयन्नाह–

**समया सम्मत्त पसत्थ संति सुविहिअ सुहं अनिंदं च ।**
**अदुगुंछिअमगरिहिअं अणवज्जमिमेऽवि एगट्ठा ॥१०३३॥**

**व्याख्या : निगदसिद्धैव । आह–अस्य निरुक्तावेव 'सामाइयं समइय' मित्यादिना पर्यायशब्दाः प्रतिपादिता एव तत् पुनः किमर्थमभिधानमिति ?, उच्यते, तत्र पर्यायशब्दमात्रता, इह तु वाक्यान्तरेणार्थनिरूपणमिति, एवं प्रतिशब्दम★न्वर्थभेदतोऽनन्ता गमा अनन्ताः पर्याया इति चैकस्य**

✓ સામાયિકશબ્દનો વ્યુત્પત્તિ અર્થ આ પ્રમાણે જાણવો - અહીં આત્માને વિશે જ સામ (સમતા)નો ઈક = પ્રવેશ તે સામાયિક કહેવાય છે. જે લક્ષણવડે ઘટતું ન હોય તે બધું નિપાતનાથી સિદ્ધ થાય છે એવો નિયમ હોવાથી અહીં નિરુક્ત નિપાતનથી સામન્ શબ્દના 'ન્' નો આય આદેશ થાય છે. તેથી સામન્ શબ્દનો સામાય શબ્દ બન્યા પછી તેમાં ઈક શબ્દ ઉમેરતા સામાયિક શબ્દ બને છે અર્થાત્ આત્મામાં સામનો પ્રવેશ કરાવવો તે સામાયિક કહેવાય છે. આ જ પ્રમાણે સમ શબ્દનો આય આદેશ થશે (અર્થાત્ સમ શબ્દ પછી 'અય' નો ઉમેરો કરવો અને સ દીર્ઘ બનતા સામાય શબ્દ બનશે.) અથવા સમનો જે આય (લાભ) તે સમાય, અને તે જ સામાયિક એ પ્રમાણે શબ્દ બનશે. આ જ પ્રમાણે સમ્યગ્ વિગેરેમાં પણ વિચારી લેવું. (તેમાં સમ્યગ્ શબ્દના યગ્નો આય આદેશ થઈ સમાય બનશે. આ જ્ઞાનાદિત્રિકના યોજનરૂપ સમાયને આત્મામાં ઈક = પ્રવેશ કરાવવો તે સામાયિક.) પ્રાસંગિક વાતોવડે સર્યું.

**અવતરણિકા :** હવે સામાયિકના પર્યાયવાચી શબ્દોનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : સમતા, સમ્યક્ત્વ, પ્રશસ્ત, શાંતિ, સુવિહિત, શુભ, અનિન્દ્ય, અજુગુપ્સિત, અગર્હિત, અનવદ્ય, આ બધા પણ સામાયિકના એકાર્થિક નામો છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ પ્રમાણે જાણવો.

**શંકા :** ઉપોદ્ઘાતના છેલ્લા નિરુક્તદ્વારમાં જ સામાયિક, સમયિક વિગેરે શ્લોકમાં પર્યાયવાચી શબ્દો કહ્યા જ હતા, તો અહીં શા માટે પર્યાયવાચી શબ્દોનું ફરી કથન કરો છો ?

**સમાધાન :** પૂર્વે જે કથન કર્યું તેમાં તે બધાં શબ્દો જ જુદા જુદા હતા, અર્થ એક જ હતો. જ્યારે અહીં જુદા જુદા વાક્યવડે જુદા જુદા અર્થનું નિરૂપણ કરેલ છે (જેમ કે, સામાયિકથી મધ્યસ્થપણું ઉત્પન્ન થાય છે તેથી તેને સમતા કહેવાય છે, સામાયિક એટલે આત્મામાં રત્નત્રયનો

**▲ इत्यत एवाह–'भावसामाई' भावसामादिनि प्रतिपत्तव्यानीति प्र० । ★ '०मर्थाभेदतो' इत्यशुद्धः पाठो मुद्रिते ।**

सूत्रस्येति ज्ञापितं भवति, अथवाऽसम्मोहार्थं तत्रोक्तावप्यभिधानमदुष्टमेव इत्यत एवोक्तम्—'इमेऽवि एगट्ठ'त्ति एतेऽपि तेऽपीत्यदोषः ॥

साम्प्रतं कण्ठतः स्वयमेव चालनां प्रतिपादयन्नाह ग्रन्थकारः—

**को कारओ ?, करंतो, किं कम्मं ?, जं तु कीरई तेण ।**
**किं कारयकरणाण य अन्नमणन्नं च ? अक्खेवो ॥१०३४॥**

व्याख्या : इह 'करोमि भदन्त ! सामायिकम्' इत्यत्र कर्तुकर्मकरणव्यवस्था वक्तव्या, यथा करोमि राजन् ! घटमित्युक्ते कुलालः कर्ता घट एव कर्म दण्डादि करणमिति, एवमत्र कः कारकः कुलालसंस्थानीयः ? इत्यत आह—'करेंतो'त्ति तत् कुर्वन्नात्मैव, अथ किं कर्म घटादिसंस्थानीयम् ? इत्यत्राऽऽह—यत्तु 'क्रियते' निर्वर्त्यते 'तेन' कर्त्रा तच्च तद्गुणरूपं सामायिकमेव, तुशब्दः करणप्रश्ननिर्वचनसङ्ग्रहार्थः, यथा कर्म निर्दिष्टमेवं किं करणमित्युद्देशादिचतुर्विधमिति निर्वचनम्, एवं व्यवस्थिते सत्याह—'किं कारगकरणाण य'त्ति किं कारककरणयोः ?, चशब्दात् कर्मणश्च

---

યોગ = જોડાણ કરવું. તેથી સામાયિકને સમ્યક્ત્વ કહેવાય છે. એ રીતે પ્રશસ્ત વિગેરે દરેક શબ્દો માટે જાણી લેવું.) આમ, દરેક શબ્દે અર્થનો ભેદ હોવાથી એક સૂત્રના અનંતા અર્થના પ્રકારો અને અનંત પર્યાયો છે એવું જણાવેલું થાય છે. અથવા ઉપોદ્ઘાતમાં કહેલા હોવા છતાં અહીં એકાર્થિક નામોનું જે ફરી અભિધાન કર્યું છે તે અસંમોહ માટે હોવાથી અદુષ્ટ છે. આથી જ મૂળમાં કહ્યું છે કે - આ પણ એકાર્થિક નામો છે. (અર્થાત્ 'પણ' શબ્દનો પ્રયોગ કરવા દ્વારા બંને સ્થળે જણાવેલા નામો એકાર્થિક જ છે એવો આશય છે.) ॥ ૧૦૩૩ ॥

**અવતરણિકા :** હવે ગ્રંથકારશ્રી પોતે જ કંઠથી (ગર્ભિત રીતે નહિ, પણ સાક્ષાત્) ચાલનાનું = પ્રશ્નનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

**ગાથાર્થ : સામાયિકનો કર્તા કોણ છે ?, સામાયિકને કરતો આત્મા કર્તા છે. કર્મ શું છે ?, તે આત્માવડે જે કરાય છે તે કર્મ છે. શું કર્તા અને કરણનું પરસ્પર અન્યત્વ છે કે અનન્યત્વ છે ? આ પ્રમાણે આક્ષેપ = પ્રશ્ન જાણવો.**

**ટીકાર્થ :** અહીં 'હે ભંતે ! હું સામાયિક કરું છું' આ વાક્યમાં કર્તા કોણ ? કર્મ કયું ? અને કરણ = સાધન કયું ? તેની વ્યવસ્થા કરવા યોગ્ય છે. જેમ કે 'હે રાજન્ ! હું ઘટ કરું છું' વાક્યમાં કુંભાર એ કર્તા છે, ઘટ જ કર્મ છે અને દંડ-ચક્ર વિગેરે સાધન છે. આ પ્રમાણે ઉપરોક્ત વાક્યમાં કુંભારના સ્થાને કર્તા કોણ છે ? આવી આશંકા સામે ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે - કરતો એટલે કે તે સામાયિકને કરતો આત્મા જ કર્તા છે. ઘટાદિના સ્થાને કર્મ કયું છે ? તે કહે છે - કર્તાવડે જે કરાય છે તે કર્મ છે. તે કર્મ તરીકે અહીં ગુણરૂપ એવું સામાયિક જ જાણવું. મૂળમાં રહેલ 'તુ' શબ્દ કરણ માટેના પ્રશ્ન-જવાબનો સંગ્રહ કરનાર છે. તેથી જે રીતે કર્મ કહ્યું તે જ પ્રમાણે કરણ = સાધન કયું છે ? તે (પ્રશ્ન 'તુ' શબ્દથી જાણવો. હવે તેનો ઉત્તર કહે છે—) ઉદ્દેશાદિ ચાર પ્રકારનું કરણ જાણવું.

**શંકા :** આ પ્રમાણે કર્તાદિની વ્યવસ્થા થતાં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે - કારક અને કરણ

परस्परतः कुलालघटदण्डादीनामिवान्यत्वम्, आहोश्विदनन्यत्वमेवेति ?, उभयथाऽपि दोषः, कथम् ?, अन्यत्वे सामायिकवतोऽपि तत्फलस्य मोक्षस्याभावः, तदन्यत्वाद्, मिथ्यादृष्टेरिव, अनन्यत्वे तु तस्योत्पत्तिविनाशाभ्यामात्मनोऽप्युत्पत्तिविनाशप्रसङ्ग इति, अनिष्टं चैतत्, तस्यानादिमत्त्वाभ्युपगमादित्याक्षेपक्षालनेति गाथार्थः ॥१०३४॥ विजृम्भितं चात्र भाष्यकारेण—"[१५]अन्नत्ते समभावाभावाओ तप्पओयणाभावो । पावइ मिच्छस्स व से सम्मामिच्छाऽविसेसो य ॥१॥ अहव मई— भिन्नेणवि धणेण सधणोत्ति होइ ववएसो । सधणो य धणाभागी जह तह सामाइयस्सामी ॥२॥ तं ण जओ जीवगुणो सामइयं तेण विफलता तस्स । अन्नत्तणओ जुत्ता परसामइयस्स वाऽफलता

તથા 'ચ' શબ્દથી કર્મ આ ત્રણેનો કુંભાર,ઘટ, દંડાદિની જેમ પરસ્પર ભેદ છે કે અભેદ છે ? બંને વિકલ્પો ઘટતા નથી કારણ કે ભેદ કે અભેદ બંને પક્ષમાં દોષ છે. કેવી રીતે ? તે કહે છે - જો ત્રણેનો પરસ્પર ભેદ માનશો અર્થાત્ કર્તા, કર્મ અને કરણ ત્રણે જુદા માનશો તો જેમ મિથ્યાત્વી જીવ સામાયિકરૂપ કર્મથી જુદો હોવાથી સામાયિકનું મોક્ષરૂપ ફળ પામતો નથી, તેમ સામાયિકવાળો જીવ પણ સામાયિકરૂપ કર્મથી જુદો હોવાથી મોક્ષરૂપ ફળ પામશે નહિ. હવે જો ત્રણેનો પરસ્પર અભેદ માનો તો, સામાયિકની ઉત્પત્તિ-વિનાશ દ્વારા (અર્થાત્ આત્મામાં સામાયિકના પરિણામો ઉત્પન્ન થાય કે તે પરિણામો નાશ પામે ત્યારે) સામાયિકનો આત્મા સાથે અભેદભાવ હોવાથી આત્માના પણ ઉત્પત્તિ - વિનાશ માનવાનો પ્રસંગ આવે. પરંતુ આત્માના ઉત્પત્તિ-વિનાશ એ મનાય નહિ કારણ કે આત્માને અનાદિ તરીકે સ્વીકારેલો છે. આ પ્રમાણે આક્ષેપ એટલે કે ચાલના (પ્રશ્ન) કહી. ॥૧૦૩૪॥ આ વિષયમાં ભાષ્યકારે કહ્યું છે કે —

"જો ભેદ માનવામાં આવે તો મિથ્યાત્વીની જેમ સમભાવનો અભાવ થવાથી સામાયિકના પ્રયોજનરૂપ મોક્ષનો અભાવ તે જીવને પ્રાપ્ત થશે. વળી સામાયિક કરનાર સમ્યક્ત્વી છે અને બીજા મિથ્યાત્વી છે એવો તફાવત પણ રહેશે નહિ, બંને સમાન જ બની જશે કારણ કે બંનેના સામાયિક ભિન્ન છે. ॥૧॥ અથવા જો એવી તમારી મતિ હોય કે -જુદા એવા પણ ધનવડે ધનવાન એવો વ્યવહાર થાય છે તથા તે ધનવાન ધનનો આભાગી પણ બને છે તેમ સામાયિકનો સ્વામી પણ મોક્ષરૂપ ફળનો આભાગી બને એમાં શું વાંધો છે ? ॥૨॥ આવી તમારી મતિ યોગ્ય નથી કારણ કે સામાયિક એ જીવનો ગુણ છે. તેથી જો તેને જીવથી ભિન્ન માનો તો, જેમ એકનું સામાયિક બીજાથી ભિન્ન હોવાથી તે સામાયિક બીજા માટે નિષ્ફળ છે. તેમ સામાયિક કરનારથી પણ ભિન્ન હોવાથી તે સામાયિક કરનાર વ્યક્તિ માટે પણ નિષ્ફળ બની જાય છે. (ધન એ ધનવાનનો ગુણ ન હોવાથી ભિન્ન હોવા છતાં ધનનો આભાગી બને છે.) ॥૩॥ વળી જો કર્તાથી સામાયિક ભિન્ન

१५. अन्यत्वे समभावाभावात् तत्प्रयोजनाभावः । प्राप्नोति मिथ्यादृष्टेरिव तस्य सम्यक्त्वमिथ्यात्वाविशेषश्च ॥१॥ अथ च मतिः—भिन्नेनापि धनेन सधन इति भवति व्यपदेशः । सधनश्च धनाभागी यथा तथा सामायिकस्वामी ॥२॥ तत्र यतो जीवगुणः सामायिकं तेन विफलता तस्य । अन्यत्वात् युक्ता परसामायिकस्य वाऽ(स्येवा)फलता ॥३॥

॥३॥ [१६]जइ भिन्नं तब्भावेऽवि नो तओ तस्सभावरहिओत्ति । अण्णाणिच्चिय णिच्चं अंधो व समं पईवेणं ॥४॥ एगत्ते तन्नासे नासो जीवस्स संभवे भवणं । कारगसंकरदोसो तदेकयाकप्पणा वावि ॥५॥" इत्यादि,

इत्थं चालनामभिधायाधुना प्रत्यवस्थानं प्रतिपादयन्नाह –

**आया हु कारओ मे सामाइय कम्म करणमाया य ।**
**परिणामे सइ आया सामाइयमेव उ पसिद्धी ॥१०३५॥**

*व्याख्या : [*]इहाऽऽत्मैव कारको मम, तस्य स्वातन्त्र्येण प्रवृत्तेः, तथा सामायिकं कर्म* तद्गुणत्वात्, करणं चोद्देशादिलक्षणं तत्क्रियत्वादात्मैव, तथाऽपि यथोक्तदोषाणामसम्भव एव, कुत इत्याह–यस्मात् परिणामे सत्यात्मा सामायिकं, परिणमनं–परिणामः कथञ्चित् पूर्वरूपापरित्यागेनोत्तररूपापत्तिरिति, उक्तं च–

*"नार्थान्तरगमो यस्मात्, सर्वथैव न चाऽगमः ।*

---

માનશો તો, જેમ પ્રદીપ નજીક હોવા છતાં આંધળી વ્યક્તિ પાસે સ્વભાવભૂત ચક્ષૂ ન હોવાથી તે અજ્ઞાની રહે છે, તેમ સામાયિક હોવા છતાં પણ સામાયિકના ભાવથી રહિત હોવાથી તે જીવ સામાયિક રહિત જ રહે છે. ॥૪॥ હવે જો કર્તા સાથે સામાયિકનો અભેદભાવ માનો તો સામાયિકના નાશમાં જીવનો નાશ, અને સામાયિકની ઉત્પત્તિમાં જીવની ઉત્પત્તિ માનવી પડે જે ઇષ્ટ નથી. તથા જો ત્રણે વચ્ચે અભેદ માનો તો કારક-કર્મ અને કરણનો સાંકર્યદોષ (એટલે કે એકબીજામાં મિશ્ર થવાનો દોષ) આવે અથવા ત્રણે એક બની જવાની આપત્તિ આવે અથવા ત્રણે કલ્પનારૂપ બની જવાની આપત્તિ આવે. ॥**વિ.આ.ભા. ૩૪૨૬ થી ૩૦**॥

**અવતરણિકા** : આ પ્રમાણે શંકા કહીને હવે તેનું સમાધાન આપતા કહે છે ➪

**ગાથાર્થ : મારા મતે આત્મા જ કર્તા છે, સામાયિક એ કર્મ છે અને આત્મા જ કરણ છે. પરિણામની વિદ્યમાનતામાં આત્મા સામાયિક જ છે. આ પ્રમાણે ઉપરોક્ત શંકાનું સમાધાન જાણવું.**

**ટીકાર્થ** : અહીં મારા મતે આત્મા જ કર્તા છે કારણ કે તેની કર્તા તરીકેની સ્વતંત્ર પ્રવૃત્તિ છે. તથા સામાયિક એ આત્માનો ગુણ હોવાથી કર્મ છે. (અહીં સામાયિકને કર્મ કહ્યું છે, તે સામાયિક આત્માથી કથંચિત્ અભિન્ન હોવાથી આત્મા જ કર્મ છે એમ જાણવું.) અને ઉદ્દેશાદિરૂપ કરણ પણ આત્માની જ ક્રિયારૂપ હોવાથી આત્મા જ છે. આમ આત્મા જ કર્તા, કર્મ અને કરણ હોવા છતાં તમે કહેલા દોષોનો સંભવ નથી. શા માટે ? કારણ કે – પરિણામની વિદ્યમાનતામાં આત્મા સામાયિક જ છે. પરિણમવું તે પરિણામ અર્થાત્ કોઈક રીતે પૂર્વરૂપનો ત્યાગ કર્યા વિના ઉત્તરરૂપનો સ્વીકાર.

કહ્યું છે – "જે કારણથી સર્વથા અન્ય અર્થમાં ગમન નથી, કે સર્વથા અગમન નથી તે

---

**१६. यदि भिन्नं तद्भावेऽपि न सकः ( सामायिकयुक्तः ) तत्स्वभावरहित इति । अज्ञान्येव नित्यं अन्धो यथा समं प्रदीपेन ॥४॥ एकत्वे तन्नाशे नाशो जीवस्य संभवे भवनम् । कारकसंकरदोषस्तदेकताकल्पना वापि ॥५॥ * इहात्मनैव ।**

*परिणामः प्रमासिद्ध, इष्टश्च खलु पण्डितैः ॥१॥"*

**इत्यादि, तस्मिन् परिणामे सति, अयमत्र भावार्थः—परिणामे सति तस्य नित्यानित्याद्यनेकरूपत्वाद् द्रव्यगुणपर्यायाणामपि भेदाभेदसिद्धेः, अन्यथा सकलसंव्यवहारोच्छेदप्रसङ्गाद्, एकान्तपक्षेणान्यत्वानन्यत्वयोरनभ्युपगमाद्, इत्थं चैकत्वानेकत्वपक्षयोः कर्तृकर्मकरणव्यवस्थासिद्धेः 'आत्मा' जीवः सामायिकमेव तु प्रसिद्धिः, तथाहि—न तदेकान्तेन अन्यत् ★तद्गुणत्वान्न चानन्य- द्गुणत्वादेवेति, इत्थं चैतदङ्गीकर्तव्यम्, अन्यथा गुणगुणिनोरेकान्तभेदे विप्रकृष्टगुणमात्रोपलब्धौ प्रतिनियतगुणिविषय एव संशयो न स्यात्, तदन्येभ्योऽपि तस्य भेदाविशेषात्, दृश्यते च यदा कश्चिद्धरिततरुतरुणशाखाविसररन्ध्रोदरान्तरतः किमपि शुक्लं पश्यति तदा किमियं**

કારણથી પ્રમાણથી સિદ્ધ તે પરિણામ પંડિતોને ઈષ્ટ છે. ॥૧॥" ભાવાર્થ આ પ્રમાણે છે કે- આત્માનો પરિણામ હોવાથી (એટલે કે આત્મા પરિણામી હોવાથી) આત્માના નિત્ય-અનિત્ય વિગેરે અનેક રૂપો છે અને આ અનેક રૂપો દ્રવ્ય,ગુણ, પર્યાયોનો પરસ્પર ભેદ-અભેદ સિદ્ધ હોવાથી સિદ્ધ થાય છે. અન્યથા = જો દ્રવ્યાદિનો પરસ્પર ભેદાભેદ ન હોય તો સકલ વ્યવહારનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આવે. (કેવી રીતે ? તે આગળ બતાવશે.) કારણ કે એકાંતે ભેદ કે એકાંતે અભેદ સ્વીકારેલો નથી. આ પ્રમાણે ભેદ-અભેદ પક્ષમાં કર્તા, કર્મ અને કરણ વ્યવસ્થા સિદ્ધ થતી હોવાથી આત્મા સામાયિક જ છે એ પ્રમાણે શંકાનું સમાધાન જાણવું.

તે આ પ્રમાણે - સામાયિક આત્માથી એકાંતે જુદુ નથી કારણ કે તે આત્માનો ગુણ છે. તથા આત્માથી એકાંતે અભેદ પણ નથી કારણ કે તે આત્માનો જ ગુણ છે. અમે જે કહ્યું તે એ પ્રમાણે જ સ્વીકારવું. અન્યથા જો ગુણ-ગુણીનો એકાંતે ભેદ માનશો તો, દૂરથી કાળો વર્ણ દેખાતા ચોક્કસ એવા ગુણીનો (એટલે કે આ કાગડો છે કે કોયલ છે ? એમ ચોક્કસ પંખી માટેનો) જે સંશય થાય છે તે થવો જોઈએ નહિ કારણ કે તે ચોક્કસ ગુણી કરતા અન્ય ગુણીઓથી પણ તે ગુણનો ભેદ સરખો જ છે. (આશય એ છે કે ગુણી એવો કાગડો કે કોયલથી કૃષ્ણવર્ણરૂપ ગુણનો જો તમે એકાંતે ભેદ માનશો તો જેમ કાગડા કે કોયલથી કૃષ્ણવર્ણનો ભેદ છે, તેમ કાગડા-કોયલ સિવાયના બીજા કબૂતર વિગેરે પક્ષીઓથી પણ તે કૃષ્ણવર્ણનો ભેદ સમાન જ છે.

તેથી દૂરથી કૃષ્ણવર્ણને જોઈને વ્યક્તિને કાગડા કે કોયલ માટેનો જ સંશય જે થાય છે તે થવો જોઈએ નહિ અર્થાત્ કબૂતરાદિ પક્ષીઓ માટે પણ તે સંશય થવો જોઈએ કે આ કબૂતર છે કે પોપટ છે ? કારણ કે કબૂતરાદિ પક્ષીઓથી કૃષ્ણવર્ણનો ભેદ કાગડાદિની જેમ સમાન જ છે. પરંતુ આવા જુદા જુદા સંશય થતાં નથી, પણ ચોક્કસ ગુણીઓવિષયક સંશય જ થતો દેખાય છે. જેમ કે) જ્યારે કોઈ વ્યક્તિ લીલાછમ વૃક્ષની લીલીછમ ડાળીઓના સમૂહ વચ્ચેના કાણાંઓમાંથી કંઈક સફેદવસ્તુ જુએ છે, ત્યારે શું આ સફેદ ધજા છે કે સફેદ બગલો છે ? એ પ્રમાણે ચોક્કસ ગુણી વિષયક સંશય થતો દેખાય છે, પરંતુ જો ગુણ-ગુણી વચ્ચે એકાંતે ભેદ માનો તો આવો સંશય થાય નહિ માટે ગુણ-ગુણી વચ્ચે એકાંતે ભેદ નથી.

★ तद्ग्रहणत्वा०

**पताका किं वा बलाकेत्येवं प्रतिनियतगुणिविषय इति, अभेदपक्षे तु संशयानुत्पत्तिरेव, गुणग्रहणत एव तस्यापि गृहीतत्वादित्यलं विस्तरेणेति गाथार्थः ॥१०३५॥ भाष्यकारदूषणानि त्वमूनि–"[१७]आया हु कारओ मे सामाइय कम्म करणमाआ य । तम्हा आया सामाइयं च परिणामओ एक्कं ॥१॥ जं णाणाइसहावं सामाइय जोगमाइकरणं च । उभयं च स परिणामो परिणामाणण्णया जं च ॥२॥ तेणाया सामइयं करणं च चसद्दओ अभिण्णाइं । णणु भणियमणण्णत्ते तण्णासे जीवणासोत्ति ॥३॥ जइ तप्पज्जयनासो को दोसो होउ ? सव्वहा नत्थि । जं सो उप्पायव्वयधुवधम्माणंतपज्जाओ ॥४॥**

હવે જો એકાંતે અભેદ માનો તો, સંશય જ થાય નહિ કારણ કે ગુણના ગ્રહણથી ગુણીનું પણ ગ્રહણ થઈ જાય, પણ એવું થતું નથી માટે એકાંતે અભેદ પણ મનાય નહિ. (આમ, આવા ચોક્કસ સંશયોરૂપ વ્યવહાર થતાં દેખાય છે માટે ગુણ-ગુણી વચ્ચે એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયની વચ્ચે કંથચિત્ ભેદાભેદની સિદ્ધિ થાય છે. તેનાથી આત્મા નિત્ય-અનિત્ય વિગેરે અનેક રૂપે સિદ્ધ થાય છે. આ રીતે આત્માના નિત્યત્વ-અનિત્યત્વ વિગેરે અનેક પરિણામો સિદ્ધ થતાં પૂર્વે જે કહ્યું કે પરિણામ હોતે છતે આત્મા સામાયિક જ છે એ વાત સિદ્ધ થાય છે, કારણ કે સામાયિક એ આત્માનો જ એક પરિણામ છે. વળી, સામાયિકનો નાશ થતાં આત્માનો નાશ થવાની જે આપત્તિ આપી હતી તે પણ નહિ આવે કારણ કે સામાયિકરૂપ એક પરિણામ નાશ થવા છતાં આત્મા અનંતપર્યાયવાળો હોવાથી બીજા પર્યાયોવડે આત્મા સદા અવસ્થિત રહે જ છે.) વધુ વિસ્તારથી સર્યું. ॥૧૦૩૫॥

ભાષ્યકારવડે અપાયેલા દૂષણો આ પ્રમાણે છે-"અમારા મતે આત્મા જ કારક છે, સામાયિક એ કર્મ છે અને કરણ પણ આત્મા જ છે. તેથી કર્તા, સામાયિક અને કરણ એ ત્રણે એક જ છે કારણ કે આ ત્રણે આત્મપરિણામરૂપ જ છે. ॥૧॥ સામાયિક એ જ્ઞાનાદિ સ્વભાવરૂપ છે અને મન-વચન-કાયાનો યોગ = વ્યાપાર એ કરણ છે. આ સામાયિક અને કરણ બંને આત્માના પરિણામ જ છે, કારણ કે પરિણામ એ પરિણામી એવા આત્મા સાથે અભેદરૂપે છે ॥૨॥ તેથી આત્મા, સામાયિક અને 'ચ' શબ્દથી કરણ આ ત્રણે પરસ્પર અભિન્ન છે.

**શંકા :** જો આ ત્રણે અભિન્ન માનશો તો, પૂર્વે કહ્યું કે સામાયિકના નાશમાં જીવનો નાશ થશે, તેનું શું ? ॥૩॥

**સમાધાન :** સામાયિકપર્યાયરૂપે આત્માનો નાશ થાય તેમાં દોષ શું છે ? સર્વથા આત્માનો નાશ થતો નથી, કારણ કે તે આત્મા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવરૂપ અનંતપર્યાયવાળો છે. (એટલે એક પર્યાયનો નાશ થવા છતાં અન્ય પર્યાયે આત્માની વિદ્યમાનતા છે જ.) ॥૪॥

---

१७. आत्मैव कारको मे सामायिकं कर्म करणमात्मैव । तस्मादात्मैव सामायिकं च परिणामत ऐक्यम् ॥१॥ यस्माज्ज्ञानादिस्वभावं सामायिकं योगादि (कर्माहं) करणं च । उभयं च स परिणामः परिणामानन्यता यच्च ॥२॥ तेनात्मा सामायिकं करणं च चशब्दतोऽभिन्नानि । ननु भणितमनन्यत्वे तन्नाशे जीवनाश इति ॥३॥ यदि तत्पर्यायनाशः को दोषो भवतु ? सर्वथा नास्ति । यत्सः (आत्मा) उत्पादव्ययध्रौव्यधर्माऽनन्तपर्यायः ॥४॥

[18]सव्वं चिय पइसमयं उप्पज्जइ णासए य णिच्चं च । एवं चेव य सुहदुक्खबंधमोक्खादिसब्भावो ॥५॥ एगं चेव य वत्थुं परिणामवसेण कारगंतरयं । पावइ तेणादोसो विवक्खया कारगं जं च ॥६॥ कुंभो विसज्जमाणो कत्ता कम्मं स एव करणं च । णाणाकारगभावं लहइ जहेगो विवक्खाए ॥७॥ जह वा नाणाणण्णो नाणी नियओवओगकालंमि । एगोऽवि तिस्सभावो सामाइयकारगो चेवं ॥८॥"

साम्प्रतं परिणामपक्षे सत्येकत्वानेकत्वपक्षयोरविरोधेन कर्तृकर्मकरणव्यवस्थामुपदर्शयन्नाह—

**एगत्ते जह मुट्ठि करेइ अत्थंतरे घडाईणि ।**
**दव्वत्थंतरभावे गुणस्स किं केण संबद्धं ? ॥१०३६॥**

**व्याख्या :** 'एकत्वे' कर्तुकर्मकरणाभेदे कर्तृकर्मकरणभावो दृष्टः, यथा मुष्टिं करोति, अत्र

---

દરેક વસ્તુ પ્રતિસમયે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને નિત્ય રહે છે એવું માનવાથી જ સુખ,દુઃખ, બંધ,મોક્ષ વિગેરે પદાર્થો ઘટે છે. ॥૫॥ એક જ વસ્તુ પરિણામના વશથી જુદા જુદા કારકપણાંને પામે છે. (અર્થાત્ એક જ વ્યક્તિ અમુક વિવક્ષાથી કર્તા બને, અમુક વિવક્ષાથી કર્મ બને કે અમુક વિવક્ષાથી કરણ બને છે.) તેથી આત્માને જ કર્તા, કર્મ, કરણ માનવા છતાં સાંકર્યાદિ કોઈ દોષ આવતો નથી, કારણ કે વિવક્ષાથી કારક (કર્તાદિ) બને છે. ॥૬॥ નાશ પામતો ઘટ નાશ પામવાની ક્રિયાના કર્તા તરીકે વિવક્ષા કરો ત્યારે કર્તા બને છે, નાશક્રિયાને વ્યાપ્ત તરીકે વિવક્ષા કરવાથી કર્મ બને છે અને 'ઘટપર્યાયવડે કરીને ઘટ નાશ પામી રહ્યો છે' એવું બોલો ત્યારે ઘટપર્યાય પોતાનો જ હોવાથી ઘટ કરણ બને છે.

આ પ્રમાણે જેમ એક ઘડો વિવક્ષાથી જુદા જુદા કર્તાદિ ભાવને પામે છે. ॥૭॥ અથવા જેમ જ્ઞાનથી અભિન્ન એવો જ્ઞાની પોતાનામાં જ જ્ઞાનોપયોગકાળે એક હોવા છતાં ત્રણ સ્વભાવવાળો છે. (સ્વોપયોગમાં ઉપયોગવાળો હોવાથી કર્તા છે, સંવેદ્યમાનપણાથી (=પોતાનું જ્ઞાન થતું હોવાથી) કર્મ છે, અને કરણભૂત એવા જ્ઞાનથી અનન્ય હોવાથી કરણ છે.) એમ સામાયિકનો કારક પણ કર્તાદિ ત્રણ સ્વભાવવાળો જાણવો. ॥૩૪૩૧ થી ૩૮॥

**અવતરણિકા :** હવે પરિણામપક્ષની વિદ્યમાનતામાં એકત્વ-અનેકત્વપક્ષમાં વિરોધ વિના કર્તા-કર્મ-કરણની વ્યવસ્થાને બતાવતા કહે છે ➪

**ગાથાર્થ : અભેદમાં જેમ મુષ્ટિને કરે છે. ભેદમાં જેમ ઘટાદિને કરે છે. દ્રવ્યથી એકાંતે ગુણનો ભેદ માનવાથી કંઈ વસ્તુ કોની સાથે સંબદ્ધ થાય ? (અર્થાત્ ન થાય.)**

**ટીકાર્થ :** કર્તા-કર્મ અને કરણના અભેદમાં કર્તા-કર્મ-કરણભાવ દેખાયેલો જ છે. જેમ કે,

---

१८. सर्वमेव प्रतिसमयमुत्पद्यते नश्यति च नित्यं च । एवमेव च सुखदुःखबन्धमोक्षादिसद्भावः ॥५॥ एकमेव च वस्तु परिणामवशेन कारकान्तरताम् । प्राप्नोति तेनादोषो विवक्षया कारकाणि यत् ॥६॥ कुम्भो विशर्यमाणः कर्ता कर्म च स एव करणं च । नानाकारकभावं लभते यथैको विवक्षया ॥७॥ यथा वा ज्ञानानन्यो ज्ञानी निजोपयोगकाले। एकोऽपि त्रिस्वभावः सामायिककारकश्चैवम् ॥८॥

देवदत्तः कर्ता तद्धस्त एव कर्म तस्यैव च प्रयत्नविशेषः करणमिति, तथाऽर्थान्तरे–कर्तृकर्मकरणानां भेदे दृष्ट एव तद्भावः, तथा चाऽऽह—घटादीनि यथा करोतीति वर्तते, तत्रापि कुलालः कर्ता घटः कर्म दण्डादि करणमिति । इह च सामायिकं गुणो वर्तते, स च गुणिनः कथञ्चिदेव भिन्न इति । विपक्षे बाधामुपदर्शयति–द्रव्यात् सकाशाद्, गुणिन इत्यर्थः, एकान्तेनैवार्थान्तरभावे–भेदे सति, कस्य ?–गुणस्य, किं केन सम्बद्धमिति ?, न किञ्चित् केनचित् सम्बद्धं, ज्ञानादीनामपि गुणत्वात्तेषामपि चाऽऽत्मादिगुणिभ्य एकान्तभिन्नत्वात्, संवेदनाभावतः सर्वव्यवस्थानुपपत्तेरिति भावना, एवमेकान्तेनानर्थान्तरभावेऽपि दोषा अभ्यूह्या इति गाथार्थः ॥१०३६॥ कण्ठतस्तावदुक्ते चालनाप्रत्यवस्थाने, अत एव चात्र पुनरुक्तदोषोऽपि नास्ति, अनुवादद्वारेण चालनाप्रत्यवस्थानप्रवृत्तेरित्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः, तत्र सर्वं सावद्यं योगमित्याद्यवशिष्यते, तदिह सर्वशब्दनिरूपणायाऽऽह —

**नामं १ ठवणा २ दविए ३ आएसे ४ निरवसेसए ५ चेव ।**

દેવદત્ત મુદ્ધિ વાળે છે. અહીં દેવદત્ત કર્તા છે, તેનો હાથ જ કર્મ છે અને તેનો પ્રયત્નવિશેષ એ કરણ છે. તથા કર્તા, કર્મ અને કરણના ભેદમાં પણ કર્તા, કર્મ અને કરણનો ભાવ દેખાયેલો જ છે. જેમકે-કુંભાર ઘટાદિને કરે છે અહીં કુંભાર કર્તા છે, ઘટ એ કર્મ છે, અને દંડાદિ કરણ છે.

અહીં સામાયિક એ આત્માનો ગુણ છે અને તે આત્માથી કંથચિત્ જ ભિન્ન છે, એકાંતે નહિ. જો એકાંતે ભિન્ન માનશો તો, દ્રવ્યથી = ગુણીથી એકાંતે ગુણનો ભેદ માનતાં કંઈ વસ્તુ કોની સાથે સંબંધને પામશે ? અર્થાત્ કોઈ વસ્તુ કોઈ સાથે સંબંધને પામશે નહિ (એટલે કે આ જ્ઞાની છે, આ સુખી છે, વિગેરેમાં જ્ઞાન-સુખાદિનો આત્મા સાથેનો સંબંધ જ ઘટશે નહિ કારણ કે) જ્ઞાનાદિ પણ ગુણો છે અને તે ગુણો (તમારા મતે) ગુણીથી એકાન્તે ભિન્ન હોવાથી આત્માને સંવેદનાનો જ અભાવ થતાં (હું સુખી, હું દુઃખી વિગેરે) સર્વવ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જશે. આ પ્રમાણે ગુણ અને ગુણી વચ્ચે એકાંતે અભેદમાં પણ દોષો વિચારી લેવા. (આમ, ગુણ ગુણી વચ્ચે કંથચિત્ ભિન્નાભિન્નત્વ માનતા કર્તા-કર્મ-કરણની વ્યવસ્થા ઘટી જાય છે.) ॥૧૦૩૬॥

આ પ્રમાણે સાક્ષાત્ શંકા અને સમાધાન કહ્યા અને આથી જ ([H]એટલે કે આત્મા સામાયિક છે વિગેરે પૂર્વે અનેક સ્થાનોમાં સામાયિકાદિનું સ્વરૂપ બતાવ્યું હોવા છતાં અહીં શંકા-સમાધાનરૂપે જ ફરી બતાવ્યું હોવાથી) અહીં પુનરુક્ત દોષ પણ નથી, કારણ કે શંકા અને સમાધાનની પ્રવૃત્તિ અનુવાદ કરવાવડે જ થાય છે. ([H]અર્થાત્ જે કંઈ પણ કર્તાદિનું સ્વરૂપ ગુરુ કહેશે તેનું હું ખંડન કરીશ એ પ્રમાણે ચાલના કરવાની ઇચ્છાથી સામેવાળાની શંકા અને મારાવડે કહેવાયેલ સ્વરૂપનું જો તે ખંડન કરે તો હું તેનું ફરી મંડન કરીશ એવા અભિપ્રાયથી ગુરુનું સમાધાન પ્રવર્તે છે, પણ વાસ્તવિક રીતે કર્તાદિનું સ્વરૂપ બતાવવા આ શંકા-સમાધાન છે એવું નથી. માટે પુનરુક્ત દોષ આવતો નથી.) પ્રાસંગિક વાતવડે સર્યું. પ્રસ્તુત વાત ઉપર આવીએ. તેમાં 'સર્વ સાવદ્ય યોગ' વિગેરે વાક્ય બાકી છે. તેમાં અહીં સર્વશબ્દનું નિરૂપણ કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**तह सव्वधत्तसव्वं च ६ भावसव्वं च सत्तमयं ७ ॥ १०३७ ॥**

**व्याख्या :** इह सर्वमिति कः शब्दार्थः ?, उच्यते, 'सृ गतौ' इत्यस्य औणादिको वप्रत्ययः सर्वशब्दो वा निपात्यते स्त्रियते स इति श्रियते वाऽनेनेति सर्वः, तदिदं च नामसर्वं स्थापनासर्वं द्रव्यसर्वमादेशसर्वं निरवशेषसर्वं तथा सर्वधत्तसर्वं च भावसर्वं च सप्तममिति समासार्थः ॥१०३७॥ व्यासार्थं तु भाष्यकारः स्वयमेव वक्ष्यति,

तत्र नामस्थापने क्षुण्णत्वादनादृत्य शेषभेदव्याचिख्यासया पुनराह –

**दविए चउरो भंगा सव्व १ मसव्वे अ २ दव्व १ देसे अ २ ।**
**आएस सव्वगामो नीसेसे सव्वगं दुविहं ॥१८६॥ ( भा० )**

**व्याख्या :** 'द्रव्य' इति द्रव्यसर्वे चत्वारो भङ्गा भवन्ति, तानेव सूचयन्नाह–'सव्वमसव्वे अ दव्व देसे य'त्ति–अयमत्र भावार्थः–इह यद्विवक्षितं द्रव्यमङ्गुल्यादि तत् कृत्स्नं–परिपूर्णम् अन्यूनं स्वैरवयवैः सर्वमुच्यते, सकलमित्यर्थः, एवं तस्यैव द्रव्यस्य कश्चित्स्वावयवो देशः कृत्स्नतया–स्वावयवपरिपूर्णतया यदा सकलो विवक्ष्यते तदा देशोऽपि सर्वः, एवमुभयस्मिन् द्रव्ये तद्देशे च सर्वत्वं, तयोरेव यथास्वमपरिपूर्णतायामसर्वत्वं, ततश्चतुर्भङ्गी–द्रव्यं सर्वं देशोऽपि सर्वः १ द्रव्यं सर्वं देशोऽसर्वः २ देशः सर्वः द्रव्यमसर्वं ३ देशोऽसर्वः द्रव्यमप्यसर्वम् ४, अत्र यथाक्रममुदाहरणं–

---

**ટીકાર્થ :** અહીં સર્વશબ્દનો અર્થ શું થાય છે ? તે કહે છે - 'સૃ' ધાતુ ગતિ અર્થમાં છે. આ ધાતુને ઔણાદિક 'વ' પ્રત્યય લાગતાં સર્વ શબ્દ બને છે. અથવા નિપાતનથી સર્વશબ્દ બનેલો જાણવો. અથવા જે ખસેડાય તે સર્વ અથવા જેનાવડે આશ્રય કરાય તે સર્વ. સર્વના નિક્ષેપાઓ આ પ્રમાણે છે-નામસર્વ, સ્થાપનાસર્વ, દ્રવ્યસર્વ, આદેશસર્વ, નિરવશેષસર્વ, સર્વધત્તસર્વ અને સાતમુ ભાવસર્વ-આ પ્રમાણે સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૦૩૭॥ વિસ્તારથી ભાષ્યકાર પોતે જ કહેશે.

**અવતરણિકા :** તેમાં નામ-સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને શેષભેદોની વ્યાખ્યા કહેવાની ઇચ્છાથી કહે છે ➪

**ગાથાર્થ : દ્રવ્યને વિશે ચાર ભાંગા છે - સર્વ, અસર્વ, દ્રવ્ય અને દેશ. આદેશમાં સર્વગ્રામ અને નિરવશેષમાં બે પ્રકારે સર્વ છે.**

**ટીકાર્થ :** દ્રવ્યસર્વમાં ચાર ભાંગા થાય છે. તેને જ દેખાડતા કહે છે- સર્વ, અસર્વ, દ્રવ્ય અને દેશ. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે કે- જે આંગળી વિગેરે વિવક્ષિત દ્રવ્ય પોતાના અવયવો વડે સંપૂર્ણ હોય તે સર્વ કહેવાય છે. એ જ પ્રમાણે તે જ દ્રવ્યનો કોઈ પોતાનો દેશ સ્વ અવયવથી પરિપૂર્ણ હોવાથી જ્યારે સકલ તરીકે વિવક્ષા કરાય ત્યારે તે દેશ પણ સર્વ કહેવાય છે. (જેમ કે, આંગળીના એક દેશ તરીકે એક પર્વનો ભાગ લઈએ અને તે પર્વનો ભાગ પણ જ્યારે સંપૂર્ણરૂપે વિવક્ષા કરીએ તો તે પર્વના ભાગરૂપ દેશ પણ સર્વ કહેવાય. આ રીતે બંનેમાં = દ્રવ્ય અને તેના દેશમાં સર્વપણું છે. તથા તે જ દ્રવ્ય અને તેનો દેશ જ્યારે પોતપોતાના અવયવોથી પરિપૂર્ણ ન હોય તો બંનેનું અસર્વપણું કહેવાય છે. તેથી ચતુર્ભંગી થાય છે— (૧) દ્રવ્ય સર્વ અને દેશ પણ સર્વ, (૨) દ્રવ્ય સર્વ અને દેશ અસર્વ, (૩) દેશ સર્વ અને દ્રવ્ય અસર્વ, (૪) દેશ અસર્વ અને દ્રવ્ય પણ અસર્વ.

सम्पूर्णमङ्गुलि द्रव्यसर्वं तदेव देशोनं द्रव्यमसर्वं, तथा देशः—पर्व तत्सम्पूर्णं देशसर्वम् पर्वैकदेशः देशासर्वम्, एवं द्रव्यसर्वम् । अथाऽऽदेशसर्वमुच्यते—आदेशनम् आदेश उपचारो व्यवहारः, स च बहुतरे प्रधाने वाऽऽदिश्यते देशेऽपि, यथा विवक्षितं घृतमभिसमीक्ष्य बहुतरे भुक्ते स्तोके च शेषे उपचारः क्रियते—सर्वं घृतं भुक्तं भक्तं वा, प्रधानेऽप्युपचारः, यथा ग्रामप्रधानेषु पुरुषेषु गतेषु ग्रामो गत इति व्यपदिश्यते, तत्र प्रधानपक्षमेवाधिकृत्याऽऽह ग्रन्थकारः—'आएस सव्वगामो'त्ति आदेशसर्वं सर्वो ग्रामो गत इत्यायात इति वेति क्रियाभावनोक्तैव । एवमादेशसर्वमुक्तम्, अथ निरवशेषसर्वमभिधीयते, तत्राऽऽह—'निस्सेसे सव्वगं दुविहं'ति निरवशेषसर्वं 'द्विविधं' द्विप्रकारं (ग्रन्थाग्र० १२०००) सर्वापरिशेषसर्वं तद्देशापरिशेषसर्वं चेति गाथार्थः ॥१८६॥

अत्रोदाहरणमाह, तत्र—

**अणिमिसिणो सव्वसुरा सव्वापरिसेससव्वगं एअं १ ।**
**तद्देसापरिसेसं सव्वे काला जहा असुरा २ ॥१८७॥ (भा०)**

व्याख्या : 'अनिमेषिणः सर्वसुराः' अनिमिषनयनाः सर्वे देवा इत्यर्थः, सर्वापरिशेषसर्वमेतत्, यस्मान्न कश्चिद्देवानां मध्येऽनिमिषत्वं व्यभिचरतीति, तथा तद्देशापरिशेषमिति—तद्देशापरिशेषसर्वं

---

અહીં ક્રમશઃ ઉદાહરણો આ પ્રમાણે જાણવા—સંપૂર્ણ આંગળી એ દ્રવ્યસર્વ છે, તે જ દ્રવ્ય જ્યારે દેશથી ઉન હોય ત્યારે દ્રવ્ય-અસર્વ જાણવું. તથા દેશ એટલે પર્વ, તે સંપૂર્ણ હોય ત્યારે દેશસર્વ. પર્વનો એક દેશ એ દેશ-અસર્વ જાણવું. આ પ્રમાણે દ્રવ્યસર્વ નામનો ત્રીજો નિક્ષેપો પૂર્ણ થયો.

હવે આદેશસર્વ કહેવાય છે - તેમાં આદેશ એટલે ઉપચાર=વ્યવહાર. અને તે ઉપચાર બહુતર દેશમાં કે પ્રધાન દેશમાં કરાય છે. જેમ કે વિવક્ષિત એવા ઘીને આશ્રયીને ઘણું બધું ઘી ખવાયું હોય અને થોડું બાકી હોય ત્યારે સર્વશબ્દનો ઉપચાર કરાય કે- બધું ઘી ખવાયું. અથવા બધું ઘી વહેંચાઈ ગયું. પ્રધાનમાં પણ ઉપચાર કરાય છે. જેમ કે, - ગામના પ્રધાન પુરુષો ગયા હોય ત્યારે ગામ આખું ગયું એ પ્રમાણે બોલાય છે. મૂળમાં પ્રધાનપક્ષને આશ્રયીને ગ્રંથકાર કહે છે - ગામ આખું ગયું અથવા આખું ગામ આવ્યું. આવા પ્રકારનો ઉપચાર એ આદેશસર્વ કહેવાય છે. 'ગયા અથવા આવ્યા' એ પ્રમાણે ક્રિયાપદ બતાવી દીધું છે. આ પ્રમાણે આદેશસર્વ કહ્યું. હવે નિરવશેષસર્વ કહેવાય છે. તેમાં મૂળગાથામાં જ ગ્રંથકારશ્રી કહે છે - નિરવશેષસર્વ બે પ્રકારનું છે. સર્વ-અપરિશેષસર્વ અને તદ્દેશ-અપરિશેષસર્વ. ॥૧૮૬॥

**અવતરણિકા :** અહીં ઉદાહરણ જણાવે છે તેમાં ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** બધાં દેવો અનિમિષનયનવાળા હોય છે (અર્થાત્ તેઓની આંખો સ્થિર હોય છે, પલકારા મારતી નથી.) આ સર્વ-અપરિશેષસર્વ કહેવાય છે, કારણ કે દેવોમાંથી એક પણ દેવ અનિમિષનયન વિનાનો હોતો નથી. તથા અસુરનિકાયના સર્વ દેવો કૃષ્ણવર્ણવાળા હોય છે. આ

सर्वे काला यथा असुरा इति, इयमत्र भावना—तेषामेव देवानां देश एको निकायः असुराः, ते च सर्व एवासितवर्णा इति गाथार्थः ॥१८७॥

सर्वधत्तसर्वप्रतिपादनायाऽऽह –

**सा हवइ सव्वधत्ता दुपडोआरा जिआ य अजिआ य ।**
**दव्वे सव्वघडाई सव्वद्धत्ता पुणो कसिणं ॥१८८॥ ( भा० )**

व्याख्या : सा भवति 'सव्वधत्ता' इत्यत्र सर्वं—जीवाजीवाख्यं वस्तु धत्तं—निहितमस्यां विवक्षायामिति सर्वधत्ता, ननु '★दधातेर्ही' ( पा० ७-४-४२ ) ति हिशब्दादेशाद्धितमिति भवितव्यं कथं धत्तमिति ?, उच्यते, प्राकृते देशीपदस्याविरुद्धत्वान्न दोषः, अथवा धत्त इति डित्थवदव्युत्पन्न एव यदृच्छाशब्दः, अथवा सर्वं दधातीति सर्वधं—निरवशेषवचनं सर्वधमात्तं—आगृहीतं यस्यां विवक्षायां सा सर्वधात्ता, एवमपि निष्ठान्तस्य पूर्वनिपातः, 'जातिकालसुखादिभ्यः परवचन ( पा० ६-२-१७० ) मिति परनिपात एव, अथवा सर्वधेन आत्ता सर्वधात्ता तया यत् सर्वं तत्

તદ્દેશ-અપરિશેષસર્વ છે. ભાવાર્થ એ છે કે – તે જ દેવોનો એક દેશ અસુરનિકાય છે અને તે બધાં કૃષ્ણવર્ણવાળા છે. તેમાંથી એક પણ દેવ કૃષ્ણવર્ણ વિનાનો નથી તેથી તે તદ્દેશ-અપરિશેષસર્વ કહેવાય છે. ॥૧૮૭॥

**અવતરણિકા :** સર્વધત્તસર્વનું પ્રતિપાદન કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : તે સર્વધત્તા બે પ્રકારે છે - જીવ અને અજીવ. દ્રવ્યસર્વમાં સર્વ ઘટાદિ આવે છે, જ્યારે સર્વધત્તામાં બધી વસ્તુ આવે છે.**

**ટીકાર્થ :** જે વિવક્ષામાં જીવ-અજીવ નામની બધી વસ્તુ સ્થાપિત કરવામાં આવે છે તે વિવક્ષા સર્વધત્તા કહેવાય છે.

**શંકા :** દધાતેર્હી સૂત્રથી ધા ધાતુનો हि આદેશ થવાથી 'हितं' થવું જોઈએ તેની બદલે તમે धत्तं કેવી રીતે કર્યું ?

**સમાધાન :** પ્રાકૃતમાં દેશીપદનો અવિરોધ હોવાથી (એટલે કે આ દેશીપદ હોવાથી) કોઈ દોષ નથી. અથવા 'ધત્ત' શબ્દ ડિત્થશબ્દની જેમ વ્યુત્પત્તિ અર્થ વિનાનો યદચ્છાશબ્દ (પોતાની ઈચ્છા પ્રમાણેનો શબ્દ) જાણવો (અર્થાત્ તે શબ્દનો કોઈ અર્થ કરવો નહિ.) અથવા સર્વને જે ધારણ કરે તે સર્વધ = નિરવશેષવચન, જે વિવક્ષામાં સંપૂર્ણ વચનો ગ્રહણ કરેલા છે તે વિવક્ષા સર્વધાત્તા કહેવાય છે. આ પ્રમાણે પણ નિષ્ઠાન્તનો (ત (क्त) પ્રત્યયાન્ત એવા ભૂતકૃદંત શબ્દનો) પૂર્વ નિપાત જાણવો. (અર્થાત્ 'સર્વધાત્તા' શબ્દમાં 'आत्त' શબ્દ પૂર્વપદમાં આવવું જોઈએ, પર નિપાત શા માટે કર્યો છે ? તે કહે છે) 'જાતિ, કાલ, સુખાદિ શબ્દોને નિષ્ઠાન્ત પર જાણવો' આવા વચનથી 'आत्त' શબ્દ પછી મુક્યો છે. અથવા સર્વધવડે = નિરવશેષ વચનવડે જે ગ્રહણ કરાય તે સર્વધાત્તા અને તેનાવડે જે સર્વ તે સર્વધાત્તાસર્વ. (ટૂંકમાં સર્વધાત્તા એટલે એવી એક

★ धागः ( सिद्धहेम.-४.४.१५ ) तथा जातिकुल...... ( ३.१.१५२ )

सर्वधात्तासर्वमिति, सा च भवति सर्वधात्ता 'दुपडोयार'त्ति द्विप्रकारा—जीवाश्चाजीवाश्च, यस्मात् यत् किञ्चनेह लोकेऽस्ति तत् सर्वं जीवाश्चाजीवाश्च न ह्येतद्व्यतिरिक्तमन्यदस्ति, अत्राऽऽह—द्रव्यसर्वस्य सर्वधत्तासर्वस्य च को विशेष इति ?, अयमभिप्रायः—द्रव्यसर्वमपि विवक्षया-ऽशेषद्रव्यविषयमेव, अत्रोच्यते, 'दव्वे सव्वघडाई' इह द्रव्यसर्वे सर्वे घटादयो गृह्यन्ते, आदि-शब्दादङ्गुल्यादिपरिग्रहः, सर्वधत्ता पुनः कृत्स्नं वस्तु व्याप्य व्यवस्थितेति विशेष इत्ययं गाथार्थः ॥१८८॥

अधुना भावसर्वमुच्यते —

**भावे सव्वोदइओउदयलक्खणओ जहेव तह सेसा ।**
**इत्थ उ खओवसमिए अहिगारोऽसेससव्वे अ ॥१८९॥ ( भा० )**

व्याख्या : 'भाव' इति द्वारपरामर्शः, सर्वो द्विप्रकारोऽपि शुभाशुभभेदेन औदयिकः—उदयलक्षणः कर्मोदयनिष्पन्न इत्यर्थः यथैवायमुक्तस्तथा शेषा अपि स्वलक्षणतो वाच्या इति वाक्यशेषः, तत्र मोहनीयकर्मोपशमस्वभावतः शुभः सर्व एवौपशमिकः, कर्मणां क्षयादेव शुभः सर्वः क्षायिकः, शुभाशुभश्च मिश्रः सर्वः क्षायोपशमिकः, परिणतिस्वभावः सर्वः शुभाशुभश्च पारिणामिकः एवं

વિવક્ષા જેમાં જગતવર્તી તમામ વસ્તુ ગ્રહણ થતી હોય.) તે સર્વધાત્તા બે પ્રકારે છે—જીવ સર્વધાત્તા અને અજીવસર્વધાત્તા, કારણ કે આ લોકમાં જે કંઈ પણ છે તે બધું કાંતો જીવસ્વરૂપ છે કાંતો અજીવસ્વરૂપ છે. આ બે સિવાયની ત્રીજી કોઈ વસ્તુ જગતમાં નથી.

**શંકા :** દ્રવ્યસર્વ અને સર્વધત્તાસર્વ આ બેમાં તફાવત શું છે ? કારણ કે દ્રવ્યસર્વમાં પણ વિવક્ષાવડે બધા દ્રવ્યો આવી ગયા અને સર્વધત્તાસર્વમાં પણ વિવક્ષાવડે બધા દ્રવ્યો આવી ગયા.

**સમાધાન :** દ્રવ્યસર્વમાં બધાં ઘટાદિ દ્રવ્યો ગ્રહણ કરાય છે. 'આદિ' શબ્દથી આંગળી વિગેરે જાણવા. જ્યારે સર્વધત્તા જીવ-અજીવ બધી જ વસ્તુને વ્યાપીને રહેલી છે. માટે બંનેમાં મોટો તફાવત છે. ॥૧૮૮॥

**અવતરણિકા :** હવે ભાવસર્વ કહેવાય છે ⇨

ગાથાર્થ : **ભાવસર્વમાં ઉદયસ્વરૂપ સર્વ ઔદયિકભાવ જાણવા. જે રીતે આ કહ્યો તેમ શેષ ભાવો પણ જાણવા. અહીં ક્ષાયોપશમિક ભાવસર્વ અને નિરવશેષસર્વ, આ બેવડે અધિકાર છે.**

**ટીકાર્થ :** મૂળમાં 'ભાવ' શબ્દ ભાવસર્વદ્વારને જણાવનારો છે. સર્વ એટલે કે શુભાશુભ ભેદથી બંને પ્રકારનો ઔદયિકભાવ એ ઉદયસ્વરૂપ અર્થાત્ કર્મોના ઉદયથી બનેલો જાણવો. જેમ ઉદયસ્વરૂપ સ્વલક્ષણથી આ ઔદયિકભાવ કહ્યો, તેમ શેષ ભાવો પણ 'સ્વલક્ષણથી કહેવા યોગ્ય છે' આટલો વાક્યશેષ સમજી લેવો. તેમાં શુભ એવા સર્વ ઔપશમિકભાવ મોહનીયકર્મના ઉપશમસ્વભાવવાળા છે, શુભ એવો સર્વ ક્ષાયિકભાવ કર્મક્ષયના સ્વભાવવાળો છે. શુભાશુભ એવો સર્વ ક્ષાયોપશમિકભાવ એ મિશ્ર = ક્ષય અને ઉપશમસ્વભાવવાળો છે. શુભાશુભ એવો સર્વ પારિણામિકભાવ એ પરિણતિસ્વભાવવાળો જાણવો. આ પ્રમાણે ઔદયિકાદિ પાંચે ભાવોની

व्युत्पत्त्यर्थप्ररूपणां कृत्वा प्रकृतयोजनामुपदर्शयन्नाह—'एत्थ उ' इत्यादि, अत्र तु 'क्षायोपशमिक' इति क्षायोपशमिकभावसर्वेण अधिकारः, अवतार उपयोग इत्यर्थः, 'अशेषसर्वेण च' निरवशेषसर्वेण चेति गाथार्थः ॥१८९॥

व्याख्यातः सौत्रः सर्वावयवः, साम्प्रतं सावद्यावयवव्याचिख्यासयाऽऽह —

कम्ममवज्जं जं गरिहिअंति कोहाइणो व चत्तारि ।
सह तेण जो उ जोगो पच्चक्खाणं हवइ तस्स ॥१०३८॥

व्याख्या : 'कर्म' अनुष्ठानमवद्यं भण्यते, किमविशेषेण ?, नेत्याह—'यद् गर्हितम्' इति यन्निन्द्यमित्यर्थः, क्रोधादयो वा चत्वारः, अवद्यमिति वर्तते, सर्वावद्यहेतुत्वात् तेषां कारणे कार्योपचारात्, सह तेन—अवद्येन 'यस्तु योगः' य एव व्यापारः असौ सावद्य इत्युच्यते, 'प्रत्याख्यानं' निषेधलक्षणं भवति 'तस्य' सावद्ययोगस्य, पाठान्तरं वा 'कम्मं वज्जं जं गरहियं'ति इह तु 'वृजी वर्जने' इत्यस्य वर्जनीयं वर्ज्यं त्यजनीयमित्यर्थः, शेषं पूर्ववत्, नवरं सह वर्ज्येन सवर्ज्यः प्राकृते सकारस्य दीर्घादेशात् सावज्जमिति गाथार्थः ॥१०३८॥

अधुना योगोऽभिधीयते, स च द्विधा—द्रव्ययोगो भावयोगश्च, तथा चाऽऽह—

વ્યુત્પત્તિ-અર્થની પ્રરૂપણાને કરીને પ્રકૃતયોજનાને દેખાડતા કહે છે કે - અહીં ક્ષાયોપશમિક ભાવસર્વ (કારણ કે શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક છે અને અહીં સૂત્ર શ્રુતરૂપ છે.) અને નિરવશેષસર્વ ઉપયોગી છે. ॥૧૮૯॥

**અવતરણિકા :** સૂત્રસંબંધી 'સર્વ' અવયવ વ્યાખ્યાન કરાયો. હવે 'સાવદ્ય' અવયવને કહેવાની ઇચ્છાથી કહે છે ➪

**ગાથાર્થ : જે ગર્હિત કાર્યો છે તે પાપ છે. અથવા ક્રોધાદિ ચાર એ પાપ છે. તે પાપ સાથેનો જે વ્યાપાર છે તેનું પચ્ચક્ખાણ થાય છે.**

**ટીકાર્થ :** કર્મ એટલે કે અનુષ્ઠાન એ પાપ કહેવાય છે. શું સામાન્યથી બધા અનુષ્ઠાન પાપ કહેવાય ? ના, જે નિન્દ્ય હોય તેવા અનુષ્ઠાન પાપ કહેવાય છે.. અથવા ક્રોધાદિ ચાર કષાયો પાપ જાણવા, કારણ કે તે ચારે કષાયો સર્વપાપનું કારણં છે, તેથી કારણમાં (ક્રોધાદિ કષાયમાં) કાર્યનો (પાપનો) ઉપચાર કરવાથી તે કષાયો પાપ છે એમ કહેવાય છે. જે વ્યાપાર પાપસહિતનો હોય તે સાવદ્ય કહેવાય છે. તે સાવદ્યયોગનું નિષેધરૂપ પચ્ચક્ખાણ થાય છે. અથવા મૂળમાં પાઠાન્તર જાણવો. જે નિન્દ્ય અનુષ્ઠાન છે તે વર્જ્ય છે. અહીં 'વૃજ્ ધાતુ ત્યાગ અર્થમાં છે. આ ધાતુ પરથી વર્જ્ય શબ્દ બન્યો છે. તેનો અર્થ 'ત્યાગવા યોગ્ય' થાય છે તેથી જે નિન્દ્ય કર્મ છે તે ત્યાગવા યોગ્ય છે એમ અર્થ જાણવો. શેષ ગાથા પૂર્વની જેમ જાણવી. માત્ર વર્જ્ય સહિતનું કર્મ સવર્જ્ય કહેવાય, પ્રાકૃતમાં 'સ' દીર્ઘ થતાં 'સાવજ્જ' શબ્દ બને છે. ॥૧૦૩૮॥

**અવતરણિકા :** હવે 'યોગ' અવયવ કહેવાય છે. તે બે પ્રકારે છે – દ્રવ્યયોગ અને ભાવયોગ. તે કહે છે ➪

दव्वे मणवयकाए जोगा दव्वा दुहाउ भावंमि ।
जोगा सम्मत्ताई पसत्थ इअरो उ विवरीओ ॥१०३९॥

व्याख्या : 'द्रव्य' इति द्वारपरामर्शः, 'मणवइकाए जोगा दव्वे'त्ति मनोवाक्काययोग्यानि द्रव्याणि द्रव्ययोगः, एतदुक्तं भवति—जीवेनागृहीतानि गृहीतानि वा स्वव्यापाराप्रवृत्तानि द्रव्ययोग इति, द्रव्याणां वा हरीतक्यादीनां योगो द्रव्ययोगः, 'दुहा उ भावंमि'त्ति द्विधैव द्विप्रकार एव, 'भाव' इति भावविषयः 'जोगो'त्ति योगोऽधि-कृतः—प्रशस्तोऽप्रशस्तश्च, तत्र 'सम्मत्ताई पसत्थ'त्ति सम्यक्त्वादीनाम्, आदिशब्दाद् ज्ञानचरणपरिग्रहः, प्रशस्तः युज्यतेऽनेन करणभूतेनाऽऽत्माऽपवर्गेणेतिकृत्वा, 'इयरो उ विवरीओ'त्ति इतरस्तु मिथ्यात्वादिर्योगः, 'विपरीत' इत्यप्रशस्तो वर्तते, युज्यतेऽनेनाऽऽत्माऽष्टविधेन कर्मणेतिकृत्वाऽयं गाथार्थः ॥१०३९॥

सावद्यं योगमिति व्याख्यातौ सूत्रावयवाविति, अधुना प्रत्याख्यामीत्यवयवप्रस्तावात् प्रत्याख्यानं निरूप्यते, इह प्रत्याख्यामीति वा प्रत्याचक्षे इति वा उत्तमपुरुषैकवचने द्विधा शब्दौ, तत्राऽऽद्यः प्रत्याख्यामीति, प्रतिशब्दः प्रतिषेधे आङ् आभिमुख्ये ख्या प्रकथने, प्रतीपं आभिमुख्येन ख्यापनं सावद्ययोगस्य करोमि प्रत्याख्यामीति, अथवा 'चक्षिङ् व्यक्तायां वाचि' प्रतिषेधस्याऽऽदरेणाभिधानं

---

ગાથાર્થ : દ્રવ્યમાં મન-વચન-કાયાને યોગ્ય દ્રવ્યો એ દ્રવ્યયોગ છે. ભાવમાં યોગ બે પ્રકારે છે. સમ્યક્ત્વાદિ પ્રશસ્ત અને મિથ્યાત્વાદિ અપ્રશસ્ત.

ટીકાર્થ : મૂળમાં 'દ્રવ્ય' શબ્દ દ્રવ્યયોગદ્વારને જણાવનાર છે. મન-વચન-કાયાને યોગ્ય દ્રવ્યો દ્રવ્યયોગ છે, અર્થાત્ જીવવડે નહિ ગ્રહણ કરાયેલા કે ગ્રહણ કરાયેલા પણ પોત-પોતાના વ્યાપારમાં અપ્રવૃત્ત એવા મન-વચન-કાયાને યોગ્ય દ્રવ્યો એ દ્રવ્યયોગ છે. અથવા હરડે વિગેરે દ્રવ્યોનો જે યોગ તે દ્રવ્યયોગ. ભાવવિષયક યોગ બે પ્રકારે જ કહેવાયેલો છે પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં સમ્યક્ત્વાદિનો, આદિશબ્દથી જ્ઞાન-ચારિત્રનો યોગ એ પ્રશસ્તયોગ છે કારણ કે કરણભૂત એવા આ યોગવડે આત્મા મોક્ષ સાથે જોડાય છે. (इति कृत्वा શબ્દ <u>માટે</u> અથવા <u>હોવાથી</u> અર્થમાં વપરાય છે, અર્થાત્ સમ્યક્ત્વાદિ આત્માને મોક્ષ સાથે જોડી આપે છે <u>માટે</u> તે પ્રશસ્ત ભાવયોગ છે.) મિથ્યાત્વાદિનો યોગ એ આત્માને આઠ પ્રકારના કર્મો સાથે જોડી આપતો હોવાથી અપ્રશસ્તભાવયોગ છે. ॥૧૦૩૯॥

સાવદ્ય અને યોગ આ બે સૂત્રઅવયવો વ્યાખ્યાન કરાયા. હવે 'પચ્ચક્ખામિ' અવયવનો અવસર હોવાથી પ્રત્યાખ્યાનનું નિરૂપણ કરાય છે. અહીં 'પ્રત્યાખ્યામિ' અથવા 'પ્રત્યાચક્ષે' એ પ્રમાણે પ્રથમ પુરુષના એક વચનમાં બે પ્રકારના શબ્દો છે. તેમાં પ્રથમ 'પ્રત્યાખ્યામિ' શબ્દનો અર્થ બતાવે છે. – પ્રતિ શબ્દ પ્રતિષેધ અર્થમાં છે, આઙ્ અભિમુખતાના અર્થમાં છે.અને ખ્યા ધાતુ કથન કરવું અર્થમાં છે હું સાવદ્યયોગનું સામેથી પ્રતીપ ખ્યાપન કરું છું. (અર્થાત્ હું સામે ચડીને સાવદ્યયોગોના પ્રતિષેધનું કથન કરું છું.) આ પ્રમાણે 'પ્રત્યાખ્યામિ' શબ્દનો અર્થ જાણવો. અથવા चक्ष् ધાતુ 'સ્પષ્ટ રીતે બોલવું' અર્થમાં છે. તેથી પ્રત્યાચક્ષે એટલે હું સાવદ્યયોગના

करोमि प्रत्याचक्षे, प्रतिषेधस्याख्यानं प्रत्याख्यानं निवृत्तिरित्यर्थः, इदं च षट्प्रकारं नामस्थापनाद्रव्यक्षेत्रातीच्छाभावभेदभिन्नमिति, +तत्र च नामस्थापने क्षुण्णत्वादनादृत्य द्रव्यप्रत्याख्यानादि प्रतिपादयन्नाह—

**दव्वंमि निण्हगाई ३ निव्विसयाई अ होइ खित्तंमि ४ ।**
**भिक्खाईणमदाणे अइच्छ ५ भावे पुणो दुविहं ६ ॥१०४०॥**

**व्याख्या :** द्रव्यमिति द्वारपरामर्शः, 'निण्हगाइ'त्ति निह्नवादिप्रत्याख्यानम्, आदिशब्दाद् द्रव्ययोर्द्रव्याणां द्रव्यभूतस्य द्रव्यहेतोर्वा यत् प्रत्याख्यानं तद् द्रव्यप्रत्याख्यानमिति, 'निव्विसयाई य होइ खित्तंमि'त्ति निर्विषयादि च भवति क्षेत्र इति, तत्र निर्विषयस्याऽऽदिष्टस्य क्षेत्रप्रत्याख्यानम्, आदिशब्दान्नगरादिप्रतिषिद्धपरिग्रहः, 'भिक्षादीनामदानेऽतिगच्छे'ति भिक्षणं—भिक्षा प्राभृतिकोच्यते, आदिशब्दाद् वस्त्रादिपरिग्रहः, तेषामदाने सत्यतिगच्छेति वचनमतीच्छेति वेति प्रत्याख्यानं, 'भावे पुणो दुविहं'ति भाव इति द्वारपरामर्शः, भावप्रत्याख्यानं पुनर्द्विविधं, तत्र भावप्रत्याख्यानमिति भावस्य—सावद्ययोगस्य प्रत्याख्यानं भावप्रत्याख्यानं भावतो वा—शुभात् परिणामोत्पादाद्

---

પ્રતિષેધનું આદરપૂર્વક કથન કરું છું. ટૂંકમાં પ્રત્યાખ્યાન એટલે પ્રતિષેધનું કથન કરવું, અર્થાત્ નિવૃત્તિ. આ પ્રત્યાખ્યાન નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, અતીચ્છા અને ભાવ એમ છ પ્રકારનું છે.

**અવતરણિકા :** તેમાં નામ-સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને દ્રવ્યપ્રત્યાખ્યાદિનું પ્રતિપાદન કરતા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : દ્રવ્યને વિશે નિહ્નવાદિનું પ્રત્યાખ્યાન જાણવું. ક્ષેત્રને વિશે નિર્વિષયાદિ જાણવા. ભિક્ષાદિના અદાનમાં અતીચ્છા, ભાવમાં બે પ્રકારનું પ્રત્યાખ્યાન જાણવું.**

**ટીકાર્થ :** દ્રવ્યશબ્દ દ્વારને જણાવનારો છે. નિહ્નવાદિનું પ્રત્યાખ્યાન અહીં આદિશબ્દથી બે દ્રવ્યોનું, ઘણા દ્રવ્યોનું, દ્રવ્યભૂત એવા સાધુનું કે દ્રવ્ય માટેનું જે પ્રત્યાખ્યાન તે દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે. ક્ષેત્રમાં નિર્વિષયાદિ જાણવા, અર્થાત્ જે જીવને દેશનિકાલનો આદેશ આપેલો હોય તે જીવનું તે ક્ષેત્રમાં ફરી ન આપવા માટેનું જે પ્રત્યાખ્યાન તે ક્ષેત્રપ્રત્યાખ્યાન (જો કે અહીં કોઈ પ્રત્યાખ્યાન લેવાનું નથી તો પણ તે વ્યક્તિને તે ક્ષેત્રમાં આવવા માટેનો જે પ્રતિષેધ કરાયો છે તે પ્રતિષેધ જ ક્ષેત્રપ્રત્યાખ્યાન જાણવું.) આદિશબ્દથી નગરાદિ પ્રતિષિદ્ધ ક્ષેત્રો લેવા. ભિક્ષા એટલે પ્રાભૃતિકા, 'ભિક્ષાદિના' અહીં આદિ શબ્દથી વસ્ત્રાદિ જાણવા. તે ભિક્ષાદિના અદાનમાં 'ચાલ્યો જા' એવું વચન બોલવું તે અતિગચ્છપ્રત્યાખ્યાન અથવા અતીચ્છા (અદિત્સા) પ્રત્યાખ્યાન છે. મૂળમાં 'ભાવ' શબ્દ દ્વાર જણાવનારો છે. ભાવપ્રત્યાખ્યાન બે પ્રકારનું છે. (જે આગળ બતાવશે. અહીં માત્ર ભાવપ્રત્યાખ્યાન એટલે શું ? તે કહે છે-) ભાવનું એટલે કે સાવદ્યયોગનું જે પ્રત્યાખ્યાન

---

**+ तथा चाह - नामं ठवणा दविए खित्तमदिच्छ य भावओ तं च । नामाभिहाणमुत्तं ठवणागारक्खनिक्खेवो ॥१॥ इति गाथा क्वचित् ॥**

भावहेतोर्वा—निर्वाणार्थं वा भाव एव वा—सावद्ययोगविरतिलक्षणः प्रत्याख्यानं भावप्रत्याख्यानमिति गाथार्थः ॥१०४०॥

साम्प्रतं द्वैविध्यमेवोपदर्शयन्नाह—

**सुअ णोसुअ सुअ दुविहं पुव्व १ मपुव्वं २ तु होइ नायव्वं ।**
**नोसुअपच्चक्खाणं मूले १ तह उत्तरगुणे अ २ ॥१०४१॥**

व्याख्या : 'सुयणोसुय'त्ति श्रुतप्रत्याख्यानं नोश्रुतप्रत्याख्यानं च, 'सुयं दुविहं'ति श्रुतप्रत्याख्यानं द्विविधं, द्वैविध्यमेव दर्शयति—'पुव्वमपुव्वं तु होइ णायव्वं'ति पूर्वश्रुतप्रत्याख्यानमपूर्वश्रुतप्रत्याख्यानं च भवति ज्ञातव्यमिति, तत्र पूर्वश्रुतप्रत्याख्यानं प्रत्याख्यानसंज्ञितं पूर्वमेव, अपूर्वश्रुतप्रत्याख्यानं त्वातुरप्रत्याख्यानादिकमिति, तथा 'नोसुयपच्चक्खाणं'ति नोश्रुतप्रत्याख्यानं श्रुतप्रत्याख्यानादन्यदित्यर्थः, 'मूले तह उत्तरगुणे य'त्ति मूलगुणप्रत्याख्यानमुत्तरगुणप्रत्याख्यानं च, तत्र मूलगुणप्रत्याख्यानं देशसर्वभेदं, देशतः श्रावकाणां सर्वतस्तु संयतानामिति, इहाधिकृतं सर्वं, सामायिकानन्तरं सर्वशब्दोपादानादिति गाथार्थः ॥१०४१॥

इह च वृद्धसम्प्रदायः '[११]पच्चक्खाणे उदाहरणं रायधूयाए—वरिसं मंसं न खाइयं, पारणए अणेगाणं जीवाणं घाओ कओ, साहूहिं संबोहिया, पव्वइया, पुव्वं दव्वपच्चक्खाणं पच्छा

---

અથવા શુભ એવા પરિણામો જાગવાથી થતું પ્રત્યાખ્યાન અથવા ભાવ માટેનું એટલે કે નિર્વાણ માટેનું જે પ્રત્યાખ્યાન અથવા સાવદ્યયોગની વિરતિરૂપ ભાવ પોતે જ પ્રત્યાખ્યાન, આ બધા પ્રત્યાખ્યાન તે ભાવપ્રત્યાખ્યાન જાણવા. ॥૧૦૪૦॥

**અવતરણિકા :** હવે બે પ્રકારના ભાવપ્રત્યાખ્યાનને જ બતાડતા કહે છે ➪

**ગાથાર્થ : શ્રુતપ્રત્યાખ્યાન અને નોશ્રુતપ્રત્યાખ્યાન. તેમાં શ્રુતપ્રત્યાખ્યાન બે પ્રકારનું છે - પૂર્વ અને અપૂર્વ. નોશ્રુતપ્રત્યાખ્યાન મૂલ અને ઉત્તરગુણસંબંધી જાણવુ.**

**ટીકાર્થ :** શ્રુતપ્રત્યાખ્યાન અને નોશ્રુતપ્રત્યાખ્યાન એમ બે પ્રકારે ભાવપ્રત્યાખ્યાન જાણવું. શ્રુતપ્રત્યાખ્યાન બે પ્રકારે છે. તે બે પ્રકારો જ બતાવે છે-પૂર્વશ્રુતપ્રત્યાખ્યાન અને અપૂર્વશ્રુતપ્રત્યાખ્યાન. તેમાં પ્રત્યાખ્યાન નામનું ચૌદપૂર્વોમાંનું એક (નવમું) પૂર્વ જ પૂર્વશ્રુતપ્રત્યાખ્યાન જાણવું. તથા આતુરપ્રત્યાખ્યાન વિગેરે અપૂર્વશ્રુતપ્રત્યાખ્યાન છે. તથા શ્રુતપ્રત્યાખ્યાનથી જુદું એવું નોશ્રુતપ્રત્યાખ્યાન મૂલગુણપ્રત્યાખ્યાન અને ઉત્તરગુણપ્રત્યાખ્યાન એમ બે પ્રકારે જાણવું. તેમાં મૂલગુણપ્રત્યાખ્યાન દેશ અને સર્વથી એમ બે પ્રકારે છે. દેશથી શ્રાવકોને અને સર્વથી સાધુઓને જાણવું. અહીં સામાયિકસૂત્રમાં સામાયિક શબ્દ પછી સર્વશબ્દ ગ્રહણ કરેલ હોવાથી સર્વથી મૂલગુણપ્રત્યાખ્યાન ઉપયોગી છે. ॥૧૦૪૧॥

અહીં પચ્ચક્ખાણના વિષયમાં વૃદ્ધોની પરંપરાએ આવેલું રાજપુત્રીનું ઉદાહરણ જાણવું - એક રાજપુત્રી વરસ સુધી માંસ ખાતી નથી. પારણાના દિવસે અનેક જીવોનો ઘાત કરાયો.

---

**११. प्रत्याख्याने उदाहरणं राजदुहितुः—वर्षं मांसं न खादितं, पारणकेऽनेकेषां जीवानां घातः कृतः, साधुभिः संबोधिता, प्रव्रजिता, पूर्वं द्रव्यप्रत्याख्यानं, पश्चाद्**

[२०]भावपच्चक्खाणं जातमिति कृतं प्रसङ्गेन । प्रत्याख्यामीति व्याख्यातः सूत्रावयवः,

अधुना यावज्जीवतयेति व्यख्यायते—इह चाऽऽदौ भावार्थमेवाभिधित्सुराह—

**जावदवधारणंमि जीवणमवि पाणधारणे भणिअं ।**
**आपाणधारणाओ पावनिवित्ती इहं अत्थो ॥१०४२॥**

व्याख्या : यावद् इत्ययं शब्दोऽवधारणे वर्तते, जीवनमपि प्राणधारणे भणितं, 'जीव प्राणधारण इति वचनात्, ततश्चाप्राणधारणात्—प्राणधारणं यावत् पापनिवृत्तिरित्यर्थः, परतस्तु न विधिर्नापि प्रतिषेधो, विधावाशंसादोषप्रसङ्गात् प्रतिषेधे तु सुरादिषूत्पन्नस्य भङ्गप्रसङ्गादिति गाथार्थः ॥१०४२॥ इह च जीवनं जीव इति क्रियाशब्दोऽयं, न जीवतीति जीव आत्मपदार्थः, जीवनं तु प्राणधारणं, जीवनं जीवितं चेत्येकोऽर्थः,

तत्र जीवितं दशधा वर्तते, तदेव तावदादौ निरूपयन्नाह —

**नामं १ ठवणा २ दविए ३ ओहे ४ भव ५ तब्भवे अ ६ भोगे अ ७ ।**

---

સાધુઓએ રાજપુત્રીને સમ્યગ્ બોધ આપ્યો. તેણીએ દીક્ષા લીધી. અહીં વરસ સુધી માંસ ન ખાવાની પ્રતિજ્ઞા એ દ્રવ્યપ્રત્યાખ્યાન અને પછી દીક્ષા લીધી તે ભાવપ્રત્યાખ્યાન થયું. પ્રાસંગિક વાતોવડે સર્યું. 'પ્રત્યાખ્યામિ' અવયવનું વ્યાખ્યાન કર્યું.

**અવતરણિકા :** હવે 'યાવજ્જીવ સુધી' અવયવનું વ્યાખ્યાન કરાય છે. અહીં પ્રથમ તેના ભાવાર્થને જ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'યાવદ્' શબ્દ અવધારણ (અર્થાત્ 'સુધી' એવા) અર્થમાં છે. 'જીવન' શબ્દ પણ પ્રાણધારણ કરવું અર્થમાં કહેવાયેલો છે, કારણ કે જીવ્ ધાતુ પ્રાણધારણ અર્થમાં છે. તેથી જ્યાં સુધી પ્રાણોનું ધારણ થાય ત્યાં સુધી પાપથી નિવૃત્તિ જાણવી. તેના પછી = પ્રાણત્યાગ પછી વિધાન પણ નથી કે પ્રતિષેધ પણ નથી, કારણ કે પ્રાણત્યાગ્યા પછી પાપનું વિધાન કરવામાં આશંસાદોષ રહેલો છે. (અર્થાત્ જ્યાં સુધી જીવું ત્યાં સુધીનું મારે પ્રત્યાખ્યાન પછી નહિ, આવું વિધાન કરવામાં વિધાન કરતી વેળાએ જ પ્રત્યાખ્યાન પુરું થયા પછી હું પાપ સેવીશ એવી આશંસા પડેલી છે.) તથા પાપનો પ્રતિષેધ કરવામાં પ્રાણ ત્યાગ્યા પછી દેવાદિમાં ઉત્પન્ન થયેલા તેને પ્રત્યાખ્યાનભંગ થવાનો પ્રસંગ આવે. (કારણ કે દેવાદિમાં વિરતિ રહેવાની નથી.) માટે જીવન પુરું થયા પછી વિધિ કે નિષેધ હોતો નથી. ॥૧૦૪૨॥ (હવે આગળ જીવિતશબ્દના નિક્ષેપા બતાવવા છે. તેથી તેની સાથેનો સંબંધ જોડવા કહે છે કે) અહીં જીવવું એ જીવ આ પ્રમાણે જીવશબ્દ ક્રિયાવાચી છે, પણ જે જીવે છે તે જીવ એટલે કે 'આત્મા' વાચી જીવ શબ્દ લેવાનો નથી. જીવવું એટલે પ્રાણધારણ કરવું. જીવન અને જીવિત બંને એકાર્થિક શબ્દો છે.

**અવતરણિકા :** તેમાં જીવિત દશ પ્રકારે છે. તે દશ પ્રકારના જીવિતને જ (જીવનને જ) પ્રથમ નિરૂપણ કરતાં કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

**२०. भावप्रत्याख्यानं जातम् ।**

**संजम ८ जस ९ कित्तीजीविअं च १० तं भण्णई दसहा ॥१०४३॥**

व्याख्या : नामजीवितं स्थापनाजीवितं द्रव्यजीवितम् ओघजीवितं भवजीवितं तद्भवजीवितं भोगजीवितं च तथा संयमजीवितं यशोजीवितं कीर्तिजीवितं च तद्भण्यते दशधेति गाथासमासार्थः ॥१०४३॥ अवयवार्थं तु भाष्यकारः स्वयमेव वक्ष्यति,

तत्र नामस्थापने क्षुण्णत्वादनादृत्य शेषभेदव्याचिख्यासयाऽऽह—

**दव्वे सच्चित्ताई ३ आउअसद्दव्वया भवे ओहे ४ ।**
**नेरइयाईण भवे ५ तब्भव तत्थेव उववत्ती ६ ॥१९०॥ ( भा० )**

व्याख्या : 'द्रव्य' इति द्वारपरामर्शः, द्रव्यजीवितं सच्चित्तादि, आदिशब्दान्मिश्राचित्तपरिग्रहः, इह च कारणे कार्योपचाराद् येन द्रव्येण सचित्ताचित्तमिश्रभेदेन पुत्रहिरण्योभयरूपेण यस्य यथा जीवितमायत्तं तस्य तथा तद्द्रव्यजीवितमिति, द्विपदादिद्रव्यस्य चान्ये*, उक्तं द्रव्यजीवितं, 'आउय-सद्दव्वया भवे ओहे'त्ति आयुरिति प्रदेशकर्म तद्द्रव्यसहचरितं जीवस्य प्राणधारणं सदैव संसारे भवेदोघ इति द्वारपरामर्शः ओघजीवितं, सामान्यजीवितमित्यर्थः, इदं चाङ्गीकृत्य यदि परं सिद्धा

**ટીકાર્થ :** નામજીવિત, સ્થાપનાજીવિત, દ્રવ્યજીવિત, ઓઘજીવિત, ભવજીવિત, તદ્ભવજીવિત, ભોગજીવિત, સંયમજીવિત, યશોજીવિત અને કીર્તિજીવિત આ પ્રમાણે દશ પ્રકારે જીવિત કહેવાય છે. ॥૧૦૪૩॥ નામ,સ્થાપના વગેરે દરેક અવયવોનો અર્થ ભાષ્યકાર સ્વયં જ જણાવશે.

**અવતરણિકા :** તેમાં નામ-સ્થાપના સુગમ હોવાથી તેને છોડી શેષભેદોની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** દ્રવ્યશબ્દ દ્વાર જણાવનારો છે. સચિત્તાદિ દ્રવ્યજીવિત છે. આદિશબ્દથી મિશ્ર અને અચિત્તનો પરિગ્રહ કરવો. અહીં કારણમાં (સચિત્તાદિ દ્રવ્યોમાં) કાર્યનો (જીવિતનો) ઉપચાર કરવાથી સચિત્તાદિ એ દ્રવ્યજીવિત કહેવાય છે. તેથી પુત્ર,હિરણ્ય, ઉભયરૂપ એવા (ક્રમશઃ) સચિત્ત, અચિત્ત અને મિશ્રભેદરૂપ જે દ્રવ્યવડે જેનું જીવિત જે રીતે આધીન હોય, તેનું તે જીવિત તે રીતે તદ્દ્રવ્યજીવિત જાણવું. (જેમ કે, જેનું જીવિત સચિત્ત એવા પુત્રને આધીન હોય તેનું તે જીવિત સચિત્તદ્રવ્યજીવિત કહેવાય, જેનું જીવિત હિરણ્ય વિગેરે અચિત્ત દ્રવ્ય ઉપર ચાલતું હોય તેનું તે જીવિત અચિત્તદ્રવ્યજીવિત કહેવાય, કારણ કે કારણમાં (હિરણ્યાદિમાં) કાર્યનો (સચિત્તાદિ જીવિતનો) ઉપચાર કરેલ છે.) કેટલાક આચાર્યો દ્વિપદ = મનુષ્યાદિ, ચતુષ્પદ= ગાયાદિ અને અપદ = વૃક્ષાદિ દ્રવ્યોનું જીવિત દ્રવ્યજીવિત કહે છે. દ્રવ્યજીવિત કહ્યું.

તથા (आयुःसद्द्रव्यता = आयुःकर्मसहचरिता) આયુ એટલે આયુષ્યકર્મના દલિકો, તેનાથી સહચરિત = તેની સહાયથી થતું એવું જીવનું પ્રાણધારણ એ હંમેશા સંસારમાં હોય માટે તે જીવિત ઓઘજીવિત કહેવાય છે, (અર્થાત્ દેવનું જીવિત, નારકનું જીવિત એમ વિશિષ્ટ જીવિત નહિ પણ, દરેક ગતિમાં પ્રાપ્ત થતું સામાન્યજીવિત એ ઓઘજીવિત કહેવાય છે.) આ ઓઘજીવિતને આશ્રયીને

* पारदादिद्रव्यावस्थेत्यन्ये ।

मृताः, न पुनरन्ये कदाचन इत्युक्तमोघजीवितं, 'णेरइयाईण भवे 'त्ति नारकादीनामिति, आदिशब्दात् तिर्यङ्नरामरपरिग्रहः, भव इति द्वारपरामर्शः, स्वभवे स्थितिर्भवजीवितमिति, उक्तं भवजीवितं, 'तब्भव तत्थेव उववत्ति 'त्ति तस्मिन् भवे जीवितं तद्भवजीवितं, इदं चौदारिकशरीरिणामेव भवति, यत आह—तत्रैवोपपत्तिः, तत्रैवोपपात इत्यर्थः, भवश्च तदायुष्कबन्धस्य प्रथमसमयादारभ्य यावच्चरसमयानुभवः, स चौदारिकशरीरिणां तिर्यङ्मनुष्याणां तद्भवोपपत्तिमागतानां तद्भवजीवितं

સિદ્ધો મૃત્યુ પામ્યા છે, પરંતુ સિદ્ધ સિવાય બીજા કોઈ અન્ય જીવો ક્યારેય આ જીવિતને આશ્રયીને મૃત્યુ પામ્યા નથી. ઓઘજીવિત કહ્યું. નારકાદિની, આદિશબ્દથી તિર્યંચ, દેવ, મનુષ્યોની પોત-પોતાના ભવમાં જે સ્થિતિ = રહેવું તે ભવજીવિત કહેવાય છે. ભવજીવિત કહ્યું.

હવે તદ્ભવજીવિત કહેવાય છે. તે ભવમાં જીવિત=જીવન એ તદ્ભવજીવિત. આ તદ્ભવજીવિત ઔદારિકશરીરવાળાઓ (અટલે કે તિર્યંચ – મનુષ્યોને જ) હોય છે, કારણ કે તે જ ભવમાં ઉપપત્તિ=જન્મ એ તદ્ભવજીવિત છે અને એ ઔદારિકશરીરીઓને જ હોય છે. (આશય એ છે કે દેવ કે નારક પોતાના ભવમાં રહે છે, એટલે એમને એ ભવજીવિત તો ઘટે છે પરંતુ દેવ કે નારક ફરી તે જ ભવમાં ઉત્પન્ન થતા નથી માટે તેમને તદ્ભવજીવિત ન સંભવે.)

તે તે આયુષ્યના બંધ પછીના પહેલા સમયથી માંડીને આ ભવના છેલ્લા સમય સુધીનો અનુભવ એ ભવ કહેવાય છે.

(દા. ત. કોઈ મનુષ્ય ૯૯ વર્ષના આયુષ્યવાળો હોય, ૬૬ વર્ષની ઉંમરે એ ૧૦,૦૦૦ વર્ષનું દેવાયુષ્ય બાંધે, તો ૬૬ વર્ષથી માંડીને ૩૩ વર્ષ મનુષ્યભવના=અબાધાકાળના અને દેવભવના ૧૦,૦૦૦ વર્ષ. આમ ૧૦ હજાર + ૩૩ વર્ષ દેવનું ભવજીવિત કહેવાય. આ રીતે ચારે ગતિ માટે સમજી લેવું. અહીં 'ભવજીવિત'માં જે 'ભવ' શબ્દ છે તેનો આ અર્થ સમજવો. પરંતુ તદ્ભવજીવિતમાં રહેલ 'ભવ' શબ્દનો નહીં, કારણ કે જો તદ્ભવજીવિતના ભવ શબ્દનો આ અર્થ સમજીએ તો તદ્ભવજીવિત અબાધાકાળ સહિતનું માનવું પડે, જ્યારે હવે પછી આગળ તદ્ભવજીવિત અબાધાકાળથી ન્યૂન જણાવ્યું છે, તેથી પૂર્વાપર વિરોધ આવે. તે ન આવે માટે ઉપરોક્ત અર્થ ભવજીવિતમાં રહેલ 'ભવ' શબ્દનો જાણવો.)

આ ચરમસમયાનુભવરૂપ ભવ એ જ તદ્ભવજીવિત બને છે. (स च ...... तद्भव-जीवितं भवति..... એમ અન્વય કરવો. તે કોને હોય છે ? તો તે બતાવે છે કે) ઔદારિકશરીરવાળા તિર્યંચ-મનુષ્યો છે કે જેઓ તિર્યંચ-મનુષ્યભવમાં જન્મ પામી ચૂક્યા છે, એમનો એ ભવ જ તદ્ભવજીવિત બને છે. (દા.ત. ૬ માસ બાકી રહેતા દેવ ૧૦૦ વર્ષનું મનુષ્યાયુ બાંધે, ત્યારે ૧૦૦ વર્ષ + ૬ માસ એ મનુષ્યનું ભવજીવિત છે. હવે એ જ દેવ ૬ માસ પસાર કરીને જ્યારે મનુષ્યભવમાં જન્મ પામે, મનુષ્ય બને, ત્યારથી માંડીને એ જ ભવજીવિત હવે તદ્ભવજીવિત ગણાશે અર્થાત્ તદ્ભવજીવિત અહીં ૧૦૦ વર્ષનું થશે.) આ તદ્ભવજીવિત માત્ર ઔદારિકશરીરીઓને જ માનવું.

भवति, ननु च भवजीवितमनन्तरं चतुर्द्धा वर्णितं नारकादिगतिसमापन्नानां याऽवस्था, तत्र स्वायुष्कबन्धकालात् प्रभृति सर्वैव भवस्थितिः यथास्वमबाधासहिता भवजीवितम्, इह तु तद्भवजीविते अबाधोनिका कर्मस्थितिः, तद्भवोदयात् प्रभृति कर्मनिषेकः तद्भवजीवितमिति महान् विशेषः, तत् किमर्थमौदारिकाणामेव ?, उच्यते, तेषां हि गर्भकालव्यवहितं योनिनिःसरणं जन्मोच्यते, तेन च गर्भकालेन सहैव तद्भवजीवितं, वैक्रियशरीरिणां तूपपातादेव कालान्तराव्यवहितं जन्मेति जीवितं स्वाबाधाकालसहितमितिकृत्वा तद्भवजीवितमौदारिकाणामेव सुप्रतिपादमिति,

(**શંકા** : શા માટે ? તમારી વ્યાખ્યા પ્રમાણે તો દેવોને પણ આ ઘટી શકે છે. તે આ પ્રમાણે → મનુષ્ય ૨૫ વર્ષ બાકી હોય ત્યારે ૧૦ હજારનું દેવાયુ બાંધે, તો ૧૦ હજાર + ૩૦ વર્ષ દેવનું ભવજીવિત, ૩૦ વર્ષ પસાર થયા બાદ દેવ બને, એટલે એ ૧૦ હજાર વર્ષ દેવનું તદ્દભવજીવિત. આમ દેવને પણ તદ્દભવજીવિત ઘટી શકે છે.

**સમાધાન :** તમારી વાત સાચી પણ જો આ રીતે માનીએ, તો તદ્દભવજીવિત અને ભવજીવિતમાં કોઈ તફાવત=ભેદ રહેશે નહીં.)

**શંકા** : (કેમ નહીં રહે ? તે બે વચ્ચે ચોક્ખો ભેદ રહેશે જ. તે આ પ્રમાણે →) તે તે આયુષ્યનાં બંધકાળથી માંડીને આખી ય ભવસ્થિતિ એ ભવજીવિત અર્થાત્ અબાધાકાળ + પછીનો આખો ભવ. જ્યારે તદ્દભવજીવિતમાં અબાધા વિનાની કર્મસ્થિત જ લેવાની હોવાથી અબાધાકાળ વિનાનો આખો ભવ એ તદ્દભવજીવિત છે.આમ બંનેમાં મોટો ભેદ છે. તેથી ચારેય ગતિમાં બંને જીવિત માનીએ, તો ય કોઈ વાંધો આવે એમ નથી. તો શા માટે માત્ર ઔદારિકશરીરીજીવોને જ તદ્દભવજીવિત માનો છો ?

**સમાધાન** : ગર્ભમાં અવતર્યા પછી યથાયોગ્ય ગર્ભકાળ પસાર કરી યોનિમાંથી નીકળવું તે ઔદારિકશરીરજીવોનો જન્મ કહેવાય છે. આ ગર્ભકાળ સહિતનું જ તદ્દભવજીવિત હોય છે. જ્યારે વૈક્રિયશરીરી એવાં દેવ-નારકોને ઉપપાત થયો એ જ જન્મ છે. અહીં કોઈ બીજો ગર્ભકાળ પસાર કરવાનો હોતો નથી. તેથી તેઓનું જીવિત એ માત્ર પોતાના અબાધાકાળ સહિતનું હોવાથી તદ્દભવજીવિત ઔદારિકશરીરી જીવોને જ કહ્યું છે. (ટૂંકમાં ભવજીવિતની જેમ તદ્દભવજીવિત પણ જો ચારે ગતિમાં માનો તો, તિર્યંચ-મનુષ્યનું તદ્દભવજીવિત ગર્ભકાળસહતિનું અને દેવ-નારકનું ગર્ભકાળવિનાનું માનવું પડે. આ રીતે માનતા તદ્દભવજીવિતની એક સરખી વ્યાખ્યા રહે નહીં, પણ જુદી જુદી થઈ જાય, તે ન થાય તે માટે એક જ વ્યાખ્યા બનાવી કે અબાધાકાળ વિનાનું, ગર્ભકાળસહિતનું જે જીવિત તે તદ્દભવજીવિત. અને આવું જીવિત ઔદારિકશરીરી જીવોને જ સંભવે છે. ભવજીવિત એ અબાધાસહિતનું હોવા છતાં તેમાં ગર્ભકાળ હોતો નથી જ્યારે તદ્દભવજીવિતમાં અબાધા ન હોવા છતાં ગર્ભકાળ હોવાથી આ જીવિત ઔદારિકશરીરીને જ હોય એમ કહ્યું છે. આ સંપૂર્ણ ચર્ચાનો સાર એટલો જ છે કે પૂર્વભવના આયુબંધકાળથી આ ભવ સુધીનું જીવન એ ભવજીવિત જાણવું, અને વારંવાર તેના તે જ ભવમાં જનમવું તે તદ્દભવજીવિત કહેવાય. દેવ-નારક વારંવાર તેના તે જ ભવમાં જનમતા ન હોવાથી તદ્દભવજીવિત ઔદારિકશરીરીઓને જ કહ્યું છે. તથા તેના તે જ ભવમાં જનમવું એ તદ્દભવજીવિતની વ્યાખ્યા હોવાથી આગળ કહે છે કે) ઔદારિકશરીરીજીવોને

तेषां चेदं स्वकायस्थित्यनुसारतो विज्ञेयमिति गाथार्थः ॥१९०॥ उक्तं तद्भवजीवितं,

**भोगंमि चक्किमाई ७ संजमजीअं तु संजयजणस्स ८ ।**
**जस ९ कित्ती अ भगवओ १० संजमनरजीव अहिगारो ॥१०४४॥**

व्याख्या : भोगंमित्ति द्वारपरामर्शः, भोगजीवितं च चक्रवर्त्यादीनाम्, आदिशब्दाद्बलदेव-वासुदेवादिपरिग्रहः, उक्तं च भोगजीवितं, 'संजमजीयं तु संजयजणस्स'त्ति संयमजीवितं तु 'संयतजनस्य' साधुलोकस्य, उक्तं संयमजीवितं, 'जसकित्ती य भगवओ'त्ति यशोजीवितं भगवतो महावीरस्य, कीर्तिजीवितमपि तस्यैव, अयं चानयोर्विशेषः—दानपुण्यफला कीर्त्तिः, पराक्रमकृतं यशः' इति, अन्ये त्विदमेकमेवाभिदधति, असंयमजीवितं चाविरतिगतं संयमप्रतिपक्षतो गृह्णन्तीति, 'संजमनरजीव अहिगारो'त्ति—संयमनरजीवितेनेहाधिकार इति गाथार्थः ॥१०४४॥ यावज्जीवता चेह 'जीव प्राणधारण' इत्यस्याव्ययीभावे समासे '★यावदवधारण' (पा० २-१-८) इत्यनेन निर्वृत्ते भावप्रत्यय उत्पादिते यावज्जीवं भावः षष्ठ्या अव्ययादाप्सुपः (पा० २-४-८२) इति सुपलुक्,

આ તદ્ભવજીવિત સ્વકાયસ્થિતિ અનુસારે જાણવા યોગ્ય છે. (અર્થાત્ તદ્ભવજીવિત કેટલાકાળ સુધીનું હોય ? તેનો ખુલાસો કરતા કહે છે કે જે જીવની જેટલી કાયસ્થિતિ હોય તેટલું તેનું જીવન તદ્ભવજીવિત કહેવાય છે.) ॥૧૯૦॥ તદ્ભવજીવિત કહ્યું.

**ગાથાર્થ : ચક્રવર્તીઓનું ભોગજીવિત, સાધુઓનું સંયમજીવિત, ભગવાન મહાવીરનું યશ અને કીર્તિજીવિત જાણવું. અહીં સંયમજીવિત અને નરભવજીવિતનું પ્રયોજન છે.**

**ટીકાર્થ :** 'ભોગ' શબ્દ ભોગજીવિત નામના દ્વારને જણાવનારો છે. ચક્રવર્તી વિગેરેનું આદિશબ્દથી બળદેવ, વાસુદેવાદિ લેવા. તેઓનું જીવિત એ ભોગજીવિત છે. ભોગજીવિત કહ્યું. સાધુલોકનું જીવન સંયમજીવિત જાણવું.સંયમજીવિત કહ્યું. ભગવાન મહાવીરનું જીવન યશોજીવિત અને તેમનું જ જીવન કીર્તિજીવિત કહેવાય છે. યશ અને કીર્તિનો ભેદ આ પ્રમાણે જાણવો-દાન અને પુણ્યવડે ઉત્પન્ન થનારી કીર્તિ છે, (અર્થાત્ કોઈકને દાન આપવાથી કીર્તિ ઉત્પન્ન થાય છે. જ્યારે કોઈક વ્યક્તિને દાન ન આપતી હોવા છતાં પૂર્વ-ભવના પુણ્યથી કીર્તિ ઉત્પન્ન થાય છે.) અને પરાક્રમથી ઉત્પન્ન થનાર યશ છે. કેટલાક આચાર્યો યશ અને કીર્તિને એક જ માને છે. તેથી તેઓ દશમા ભેદ તરીકે સંયમના પ્રતિપક્ષથી અવિરતિને પામેલા અસંયમજીવિતને ગ્રહણ કરે છે. અહીં સંયમજીવિત અને નરભવજીવિતનું પ્રયોજન છે. ॥૧૦૪૪॥ (હવે 'યાવજ્જીવતા' શબ્દ કેવી રીતે બન્યો ? તે કહે છે.)

અહીં जीव् ધાતુ 'પ્રાણધારણ કરવું' અર્થમાં અને યાવદ્ શબ્દ અવધારણ અર્થમાં છે. 'यावदवधारण' સૂત્રથી આ બે શબ્દો વચ્ચે અવ્યયીભાવ સમાસ કરી ભાવપ્રત્યય લગાડતા 'यावज्जीवस्य भावः' આવું સ્વરૂપ તૈયાર થાય છે. ત્યારપછી अव्यया...... સૂત્રથી ષષ્ઠી વિભ.નો લોપ અને तस्य..... સૂત્રથી ભાવઅર્થમાં સ્ત્રીલિંગમાં ता (तल्) પ્રત્યય લગાડતા यावज्जीवता શબ્દ બને છે.

★ સિદ્ધહેમ. પ્રમાણે—यावदियत्वे (३-१-३१), अमव्य... (३-२-२), भावे त्व.... (७-१-५५)

'तस्य भावस्त्वतला'( पा० ५-१-११९ ) विति तलि स्त्रीलिङ्गता यावज्जीवता तया यावज्जीवतया, तत्रीलाक्षणिकवर्णलोपात् 'जावज्जीवाए' इति सिद्धम्, अथवा प्रत्याख्यानक्रिया अन्यपदार्थ इति तामभिसमीक्ष्य समासो बहुव्रीहिः, यावज्जीवो यस्यां सा यावज्जीवा तयेत्यलं प्रसङ्गेन, तिस्रो विधा यस्य योगस्य स त्रिविधः सावद्ययोगः, स च प्रत्याख्येय इति कर्म संपद्यते, कर्मणि च द्वितीया विभक्तिः, तं त्रिविधं योगं, त्रिविधेनैव करणेन, करणे तृतीयेति, मनसा वाचा कायेन चेति, अत्र मनःप्रभृतीनां पूर्वं स्वरूपं दर्शितमेवेति न प्रतन्यते, नवरं भावार्थ उच्यते—तत्र 'त्रिविधं त्रिविधेने' त्यत्रानन्तरस्य करणस्य विवरणसूत्रमेवेदं यदुत—मनसा वाचा कायेनेति, तस्य च करणस्य कर्म प्रत्याख्येयो योगस्तमपि सूत्र एव विवृणोति—न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि—नानुमन्येऽहमिति । अत्राऽऽह—किं पुनः कारणमुद्देशक्रममतिलङ्घ्य व्यत्यासेन निर्देशः

તેની ત્રીજી વિભક્તિ કરતા यावज्जीवतया શબ્દ બન્યો. હવે અલાક્ષણિક એવા 'त' વર્ણનો લોપ થતાં 'यावज्जीवया' થાય. તેનું પ્રાકૃતમાં 'जावज्जीवाए' રૂપ સિદ્ધ થાય છે. અથવા 'जावज्जीवाए' શબ્દ પ્રત્યાખ્યાનની ક્રિયાનું વિશેષણ બને તે રીતે આ ક્રિયાને આશ્રયીને બહુવ્રીહિ સમાસ કરવો— યાવજ્જીવ છે જેને વિશે તે યાવજ્જીવ એવી પ્રત્યાખ્યાનની ક્રિયા, તેનાવડે (અર્થાત્ જ્યાં સુધીનું જીવન છે ત્યાં સુધીના જીવનવાળી પ્રત્યાખ્યાનની ક્રિયા કરું છું.) પ્રાસંગિક વાતવડે સર્યું.

ત્રણ પ્રકાર છે જે યોગના તે ત્રિવિધ સાવદ્યયોગ, અને તેનું પ્રત્યાખ્યાન કરવાનું હોવાથી તે સાવદ્યયોગ કર્મ બને છે. કર્મને બીજી વિભક્તિ થતી હોવાથી 'તે ત્રિવિધ સાવદ્યયોગને' (એ પ્રમાણે કર્મ અર્થાત્ શબ્દ તૈયાર થાય છે.) ત્રિવિધ કરણવડે, અહીં કરણને તૃતીયા વિભક્તિ થતી હોવાથી મન-વચન અને કાયાવડે (સાવદ્યયોગને કરીશ નહિ.....વિગેરે અન્વય જાણી લેવો.) અહીં મન વિગેરેનું પૂર્વે સ્વરૂપ બતાવી દીધું હોવાથી ફરી તેનું સ્વરૂપ બતાવાતું નથી. માત્ર ભાવાર્થ કહેવાય છે – 'त्रिविधं त्रिविधेन' અહીં 'त्रिविधेन' શબ્દનો અર્થ હમણાં જ બતાવેલ કરણના વિવરણસૂત્રમાં જ છે કે – 'મન-વચન-કાયાવડે. (આશય એ છે કે– त्रिविधं त्रिविधेन मणेणं वायाए कायेणं न करेमि....... વિગેરે જે સામાયિકસૂત્ર છે તેમાં त्रिविधेन શબ્દથી શું લેવું ? તે આ સૂત્રમાં જ જણાવ્યું છે કે 'મન-વચન-કાયાવડે' માટે त्रिविधेन શબ્દનું વિવરણ કરનાર આ સૂત્ર જ છે એમ કહ્યું છે.) તે કરણનું કર્મ પ્રત્યાખ્યેય એવો યોગ છે. તે યોગનું પણ સૂત્ર જ વિવરણ કરે છે. કરીશ નહીં, કરાવીશ નહીં કે સાવદ્યયોગને કરતા એવા અન્યની અનુમોદના કરીશ નહીં. (અહીં પણ ત્રિવિધ એવા યોગથી શું લેવું ? તે સૂત્રમાં જ જણાવ્યું હોવાથી 'તે યોગનું સૂત્ર વિવરણ કરે છે' એમ કહ્યું છે.)

**શંકા :** શા માટે ઉદ્દેશ ક્રમને ઓળંગીને ઊંધા ક્રમે નિર્દેશ કરાયો છે ? (અર્થાત્ 'त्रिविधं त्रिविधेन' આ રીતે ઉદ્દેશ કર્યો છે, અર્થાત્ પ્રથમ યોગ અને પછી કરણનો ઉદ્દેશ કર્યો છે અને ત્યાર પછી मनसा, वचसा...... વિગેરેમાં પ્રથમ કરણ અને પછી યોગનો આ રીતે વિપરીત ક્રમે નિર્દેશ શા માટે કર્યો છે ? જે રીતે ઉદ્દેશ કર્યો હોય તે રીતે જ નિર્દેશ કરવો જોઈએ.)

कृत इति ?, अत्रोच्यते, योगस्य करणतन्त्रोपदर्शनार्थं, तथाहि—योगः करणवश एव, करणानां भावे योगस्यापि भावादभावे चाभावादिति, करणानामेव तथा क्रियारूपेण परिणतेरित्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति, अपरस्त्वाह—न करोमि न कारयामि कुर्वन्तं न समनुजानामीत्येतावता ग्रन्थेन गतेऽन्यमपीत्यतिरिच्यते, तथा चातिरिक्तेन सूत्रेण नार्थः, उच्यते, साभिप्रायकमिदम्, अनुक्तस्याप्यर्थस्य सङ्ग्रहार्थं, यस्मात् सम्भावेनऽपिशब्दोऽयं, सोऽयमपिशब्दः उभयशब्दमध्यस्थ एतत् करोति—यथा कुर्वन्तं नानुजानामि एवं कारयन्तमप्यनुज्ञापयन्तमप्यन्यं नानुजानामि, तथा यथा वर्त्तमानकाले कुर्वन्तमन्यं न समनुजानामीति एवमपिशब्दादतीतकाले कृतवन्तमपि कारितवन्तमपि तथाऽनागतेऽपि काले करिष्यन्तमपि कारयिष्यन्तमपीति त्रिकालोपसङ्ग्रहो वेदितव्य इति, न क्रियाक्रियावतोर्भेद एव अतो न केवला क्रिया सम्भवतीति ख्यापनार्थमन्यग्रहणम्, अत्रापि बहु वक्तव्यं तत्तु

**સમાધાન :** યોગ એ કરણને આધીન છે એ બતાવવા માટે આ રીતે વિપરીત ક્રમે નિર્દેશ કર્યો છે. યોગ એ કરણને આધીન જ છે, કારણ કે કરણ હોય તો યોગ હોય, કરણ ન હોય તો યોગ હોતો નથી. (શંકા : કરણ હોય તો યોગ હોય, તે ન હોય તો યોગ ન હોય એવું તમે કેવી રીતે કહી શકો છો ? તેનું સમાધાન આપે છે કે) કરણો જ તેવા પ્રકારની ક્રિયારૂપે પ્રવૃત્તિ કરે છે. (અર્થાત્ મન પોતે જ અનુમોદનારૂપ ક્રિયાને કરે છે, મન પોતે જ કરાવવારૂપ યોગને કરે છે, અને મન પોતે જ કરવારૂપ યોગને કરે છે. એ જ પ્રમાણે વચન-કાયામાં પણ જાણવું. આમ, કરણ જ યોગરૂપે કાર્ય કરતું હોવાથી કહ્યું છે કે કરણ હોય તો યોગ હોય, તે ન હોય તો યોગ ન હોય.) આ વિષયમાં ઘણું કહેવાનું હોવા છતાં ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી.

**શંકા :** કરીશ નહીં વિગેરેમાં 'કરતા એવાની અનુમોદના કરીશ નહીં' આટલા વાક્યવડે જ અન્ય જણાઈ જતો હોવાથી 'કરતા એવા પણ અન્યની' એમ અહીં 'પણ' અને 'અન્ય' શબ્દો વધારાના લાગે છે. તેથી વધારાનું એ સૂત્ર નકામું કહેવાય.

**સમાધાન :** अन्य અને अपि શબ્દો ચોક્કસ અભિપ્રાયવાળા છે. તે શબ્દો નહીં કહેવાયેલા એવા પણ અર્થનો સંગ્રહ કરવા માટે છે. (તેમાં પહેલા 'अपि' શબ્દ શા માટે છે ? તે કહે છે કે) આ अपि શબ્દ સંભાવના જણાવે છે. તે આ પ્રમાણે કે – कुर्वन्तं અને अन्यं બે શબ્દો વચ્ચે રહેલ अपि શબ્દ એ વાતની સંભાવના જણાવે છે કે જેમ કરતાને હું અનુમોદીશ નહિ, તેમ કરાવતા એવા અન્યને કે અનુમોદના કરતા એવા અન્યને હું અનુમોદીશ નહિ. તથા જેમ વર્તમાનકાળમાં કરતા એવા અન્યને અનુમોદીશ નહિ તેમ अपि શબ્દથી ભૂતકાળમાં સાવદ્યયોગ સેવી ચૂકેલાને, તેમજ બીજા પાસે સેવડાવી ચૂકેલાને તથા ભવિષ્યમાં સાવદ્યયોગનું સેવન કરનારને, કે કરાવનારને હું અનુમોદીશ નહિ એ પ્રમાણે ત્રણે કાળનો સંગ્રહ अपि શબ્દથી જાણવા યોગ્ય છે. (હવે 'अन्य' શબ્દનું શું પ્રયોજન છે ? તે કહે છે કે) ક્રિયા અને ક્રિયાવાનનો એકાંતે ભેદ જ છે એવું નથી. તેથી = અભેદ હોવાથી એકલી ક્રિયા સંભવી શકતી નથી એવું જણાવવા માટે

नोच्यते मा भूत् मुग्धमतिविनेयसम्मोह इति, किञ्चित्तु सूत्रस्पर्शनिर्युक्तौ वक्ष्याम इति । एवं तावदिदमेतावत् सूत्रस्य व्याख्यातम् ॥

इह च सर्वं सावद्यं योगं प्रत्याख्यामीत्यत्र प्रत्याख्यानं गृहस्थान् साधूंश्चाधिकृत्य भेदपरिणामतो निरूपयन्नाह –

**सीआलं भंगसयं तिविहं तिविहेण समिइगुत्तीहिं ।**
**सुत्तप्फासिअनिज्जुत्तिवित्थरत्थो गओ एवं ॥१०४५॥**

व्याख्या : गुरवस्तु व्याचक्षते–तदिदमेतावत् सूत्रस्य व्याख्यातं, साम्प्रतं त्रिविधं त्रिविधेनेत्येतदेव किल व्याचष्टे, तत्र त्रिविधं सावद्यं योगं प्रत्याख्येयं कृतकारितानुमतिभेदभिन्नं त्रिविधेन मनसा वाचा कायेनेति करणेन प्रत्याख्याति यतः अतस्तद्भेदोपदर्शनायैवाऽऽह–सिआलं भंगसयं गाहा ॥ अत्राऽऽह–यद्येवमिह सर्वसावद्ययोगप्रत्याख्यानाधिकारात् सप्तचत्वारिंशदधिकशतं प्रत्याख्यानभेदानां गृहस्थप्रत्याख्यानभेदत्वादयुक्तमेतदिति, अत्रोच्यते, न, प्रत्याख्यानसामान्यतो गृहस्थप्रत्याख्यानभेदाभिधानेऽप्यदोषत्वादित्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः, तत्र 'सीयालं भंगसयं'त्ति–एतद्भाव्यते, '[२१]सीयालं भंगसयं गिहिपच्चक्खाणभेयपरिमाणं । तं च विहिणा इमेणं भावेयव्वं पयत्तेणं ॥१॥ तिन्नि

'अन्य' શબ્દનું ગ્રહણ કર્યું છે. અહીં પણ ઘણું વક્તવ્ય હોવા છતાં મંદમતિવાળા એવા શિષ્યોને સંમોહ ન થાય તે માટે કહેવાતું નથી. થોડુંક વર્ણન આગળ સૂત્ર-સ્પર્શિકનિર્યુક્તિમાં અમે કહીશું. આ પ્રમાણે સૂત્રના આટલા અવયવોનું વર્ણન કર્યું. ॥૧૦૪૪॥

**અવતરણિકા :** અહીં 'સર્વ સાવદ્યયોગનું હું પ્રત્યાખ્યાન કરું છું' એમાં ગૃહસ્થો અને સાધુઓને આશ્રયીને ભેદોની સંખ્યાવડે પ્રત્યાખ્યાનનું નિરૂપણ કરતાં કહે છે ➪

**ગાથાર્થ : ૧૪૭ ભેદો (ગૃહસ્થપ્રત્યાખ્યાનના છે.) સમિતિગુપ્તિવડે અને ત્રિવિધ-ત્રિવિધવડે (૨૭ ભાંગા સાધુના થાય છે.) આ પ્રમાણે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો વિસ્તારાર્થ પૂર્ણ થયો.**

**ટીકાર્થ :** ગુરુઓ ઉપરોક્ત ગાથાની અવતરણિકા આ પ્રમાણે કહે છે કે - સૂત્રના આટલા અવયવો જણાવ્યા. હવે 'ત્રિવિધ-ત્રિવિધેન' શબ્દ જ વિસ્તારથી ગ્રંથકારશ્રી કહે છે. તેમાં કૃત-કારિત-અનુમતિભેદથી જુદા જુદા પ્રત્યાખ્યેય ત્રણ પ્રકારના સાવદ્યયોગનું મન-વચન અને કાયારૂપ ત્રિવિધ કરણવડે (સાધુઓ) પ્રત્યાખ્યાન કરે છે. તેથી તે પ્રત્યાખ્યાનના ભેદોને બતાવવા માટે ગ્રંથકારશ્રી ૧૪૭ ભેદો... ઈત્યાદિ (ગાથા – ૧૦૪૫) જણાવે છે.

**શંકા :** જો અહીં સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનનો અવસર હોય તો ૧૪૭ ભેદો ગૃહસ્થ-પ્રત્યાખ્યાનના ભેદો હોવાથી હવે તમે જે વર્ણન બતાવો છો એ અયુક્ત છે.

**સમાધાન :** અયુક્ત નથી, અહીં સામાન્યથી પ્રત્યાખ્યાનનું વિધાન હોવાથી ગૃહસ્થ પ્રત્યાખ્યાનના ભેદોનું કથન કરવા છતાં પણ કોઈ દોષ નથી. પ્રાસંગિક ચર્ચાથી સર્યું. પ્રસ્તુત વિચારીએ -

તેમાં ૧૪૭ ભેદો વિચારાય છે. કહ્યું છે - "ગૃહસ્થપચ્ચક્ખાણોના ભેદની સંખ્યા ૧૪૭ જાણવી. આ વિધિવડે પ્રયત્નથી તે ભેદસંખ્યા વિચારવા યોગ્ય છે. ॥૧॥ ત્રિસંયોગિક ત્રણ,

२१. सप्तचत्वारिंशं शतं भङ्गानां गृहिप्रत्याख्यानभेदपरिमाणम् । तच्च विधिनैतेन भावयितव्यं प्रयत्नेन ॥१॥ त्रय–

**[२२]तिया तिन्नि दुगा तिन्निक्किक्का य होंति जोगेसु । तिदुएक्कं तिदुएक्कं तिदुएक्कं चेव करणाइं ॥२॥ पढमे लब्भइ एगो सेसेसु पएसु तिय तिय तियं च । दो नव तिय दो नवगा तिगुणिय सीयालभंगसयं ॥३॥' [ ३३३ २२२ १११ — योगाः खल्वमी । ३२१ ३२१ ३२१ — अमूनि तु करणानि । १३३ ३९९ ३९९ इदं पुनर्लब्धफलम् । ] का पुनरत्र भावना ?, उच्यते ण करेइ ण कारवेइ करेंतमपि अण्णं ण समणुजाणइ मणेणं वायाए काएणं एस एक्को भेदो १ । चो०—न करेईच्चाइतिगं गिहिणो कह होइ देसविरअस्स ? । आ०—भन्नइ विसयस्स बहिं पडिसेहो अणुमईएवि ॥४॥ केई भणंति गिहिणो तिविहं तिविहेण नत्थि संवरणं । तं ण जओ णिद्दिट्ठं पन्नत्तीए विसेसेउं ॥५॥**

દ્વિસંયોગિક ત્રણ, એકસંયોગિક ત્રણ આ પ્રમાણે યોગને આશ્રયીને થાય. કરણોને આશ્રયીને ત્રણ-બે-એક, ત્રણ-બે-એક, ત્રણ-બે-એક ॥૨॥ તેમાં ત્રણ કરણ અને ત્રણ યોગરૂપ પ્રથમ સંયોગિક પદમાં એક ભાંગો પ્રાપ્ત થશે. શેષ પદોમાં ત્રણ, ત્રણ, ત્રણ બે વાર નવ, ત્રણ, બેવાર નવ (આ પ્રમાણે ૪૯ ભાંગા વર્તમાનકાળના થાય તેને) ત્રિકાળ સાથે ગુણતા ૧૪૭ ભાંગા થાય છે. ॥૩॥ (કેવી રીતે ભાંગા લાવવા ? તે હવે બતાવે છે.) કહેવાનો ભાવાર્થ શું છે ? ઉત્તર આપે છે (૧) મન, વચન અને કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ, કરતા એવા અન્યને અનુમોદીશ નહિ. આ એક ભેદ થયો. (અહીં ત્રણ કરણ અને ત્રણ યોગરૂપ પ્રથમ સંયોગિક પદને આશ્રયી એક ભાંગો પ્રાપ્ત થયો.)

**શંકા :** ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ દેશવિરત એવા ગૃહસ્થને કેવી રીતે સંભવે ? (કારણ કે અનુમતિનો દોષ તો તેને લાગે જ છે.)

**સમાધાન :** ગૃહસ્થને અઢીદ્વીપની બહાર થતાં સાવદ્યયોગનો અનુમતિથી પણ નિષેધ સંભવે છે. ॥૪॥

કેટલાક કહે છે કે ગૃહસ્થને ત્રિવિધ-ત્રિવિધે સંવરણ નથી.

**સમાધાન :** તેમનું આ કહેવું યોગ્ય નથી કારણ કે ભગવતીગ્રંથમાં ગૃહસ્થને વિશેષ વસ્તુને આશ્રયીને ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કહ્યું જ છે. (અર્થાત્ જે વસ્તુ પોતાને પ્રયોજન વિનાની હોય અથવા અપ્રાપ્ય હોય જેમ કે ક્ષીરસમુદ્રાદિનું પાણી વિગેરે. આવી નિષ્પ્રયોજન કે અપ્રાપ્ય વસ્તુવિશેષને આશ્રયીને ગૃહસ્થ ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કરે તો કોઈ દોષ નથી. इति दीपिकायां) ॥૫॥

**શંકા :-** જો પ્રજ્ઞપ્તિમાં ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ ગૃહસ્થોને કહ્યું હોય તો આગળ બતાવશે

२२. त्रिकास्त्रयो द्विकास्त्रय एककाश्च भवन्ति योगेषु । त्रयो द्वावेकस्त्रयो द्वावेकस्त्रयो द्वावेकश्चैव करणानि ॥२॥ प्रथमे लभ्यते एकः शेषेषु पदेषु त्रिकं त्रिकं त्रिकं च । द्वौ नवकौ त्रिकं द्वौ नवकौ त्रिगुणिते सप्तचत्वारिंशं भङ्गशतम् ॥३॥ न करोति न कारयति कुर्वन्तमप्यन्यं न समनुजानाति मनसा वाचा कायेनैष एको भेदः । चोदकः—न करोतीत्यादित्रिकं गृहिणः कथं भवति देशविरतस्य ? । आचार्य आह—भण्यते विषयाद्बहिः प्रतिषेधोऽनुमतेरपि ॥४॥ केचिद् भणन्ति गृहिणस्त्रिविधं त्रिविधेन नास्ति संवरणम् । तन्न यतो निर्दिष्टं प्रज्ञप्तौ विशिष्य ॥५॥ [ ] मध्यवर्तिपाठो मुद्रिते नास्ति ।

[23]तो कह निज्जुत्तीएऽणुमइणिसेहोत्ति ? सो सविसयंमि । सामण्णेणं नत्थि उ तिविहं तिविहेण को दोसो ? ॥६॥ पुत्ताईसंतइणिमित्तमित्तमेक्कारसिं पवण्णस्स । जंपंति केइ गिहिणो दिक्खाभिमुहस्स तिविहंपि ॥७॥ आह कहं पुण मणसा करणं कारावणं अणुमई य । जह वयतणुजोगेहिं करणाई तह भवे मणसा ॥८॥ तदहीणत्ता वइतणुकरणाईणं अहव मणकरणं । सावज्जजोगमणणं पन्नत्तं वीयरागेहिं ॥९॥ कारवणं पुण मणसा चिंतेइ य करेउ एस सावज्जं । चिंतेई य कए पुण

---

તે પ્રત્યાખ્યાનનિર્યુક્તિમાં અનુમતિનો નિષેધ શા માટે કર્યો છે ?

**સમાધાન :** તે નિષેધ સ્વવિષય= સ્વદેશને આશ્રયીને કરેલ છે, અર્થાત્ જ્યાંથી આવેલી વસ્તુને ગૃહસ્થ ભોગવી શકે તે દેશની વસ્તુઓને આશ્રયી અનુમતિનો નિષેધ કર્યો છે. પણ અઢીદ્વીપ બહારના પ્રદેશમાં રહેલી વસ્તુને આશ્રયી ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કરે તો કોઈ દોષ નથી. અથવા અમુક ક્ષેત્રવર્તી જીવો હણવા નહિ આ પ્રમાણે વિશેષ અભિગ્રહ કર્યા વિના સામાન્યથી ગૃહસ્થ એવો અભિગ્રહ કરે કે 'બેઇન્દ્રિયાદિ જીવોને હણવા નહિ' તો તે ગૃહસ્થને ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ સંભવતું નથી. પરંતુ 'સ્વયંભૂરમણ વિગેરે વિશેષક્ષેત્રોમાં રહેલ જીવોને હું મારીશ નહિ' આ પ્રમાણે વિશેષથી અઢીદ્વીપની બહારના ક્ષેત્રને આશ્રયી ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કરે તો શું દોષ છે ? (અર્થાત્ કોઈ દોષ નથી.) ॥૬॥

દીક્ષા લેવાની ઇચ્છાવાળો શ્રાવક પુત્રાદિ સંતતિનિમિત્તે (એટલે કે પુત્રાદિ હજુ નાના છે માટે મોટા થઈ ઘરનો ભાર વહન ન કરે ત્યાં સુધી) દીક્ષાને લંબાવતો અગિયારમી પ્રતિમા સ્વીકારે ત્યારે ત્રિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કરે એવું કેટલાક લોકો કહે છે. ॥૭॥ **(વિ.આ.ભા. ૩૫૪૨/૪૩/૪૪)**

**શંકા :** મનથી કરવું, કરાવવું, અનુમોદવું કેવી રીતે ઘટે ?

**સમાધાન :-** જે રીતે વચન- કાયાથી કરણાદિ સંભવે છે તેમ મનથી પણ જાણવું. ॥૮॥ કેવી રીતે ? તે કહે છે - વચન-કાયાના કરણ, કરાવણાદિ મનને આધીન છે, અર્થાત્ વચન-કાયાથી જે કરણાદિ સંભવે છે તે મનમાં વિચાર્યા વિના પ્રાયઃ સંભવતા નથી. આથી મનમાં પણ વચન-કાયાના કરણાદિનો ઉપચાર કરાય છે, અથવા સાવદ્યયોગ સેવવા માટેની વિચારણા તે વીતરાગોવડે મનથી કરણ કહેવાયું છે. ॥૯॥ તથા 'આ વ્યક્તિ આ સાવદ્યને કરે' આ રીતે મનથી વિચારવું એ મનથી કરાવ્યું કહેવાય, સાવદ્યયોગનું સેવન કર્યા પછી આ બહુ સરસ કર્યું એવી વિચારણા એ મનથી અનુમોદના કહેવાય છે. ॥૧૦॥ આ પ્રમાણે યોગત્રિક અને કરણત્રિકરૂપ **પ્રથમ સંયોગિકભાંગો** કહ્યો.

---

२३. तत्कथं निर्युक्तौ अनुमतिनिषेधः इति ?, स स्वविषये । सामान्येन नास्त्येव त्रिविधं त्रिविधेन को दोषः ? ॥६॥ पुत्रादिसंततिनिमित्तमात्रेणैकादशीं प्रपन्नस्य । जल्पन्ति केचिद्गृहिणो दीक्षाभिमुखस्य त्रिविधमपि ॥७॥ आह–कथं पुनर्मनसा करणं कारणमनुमतिश्च । यथा वाक्तनुयोगाभ्यां करणादयस्तथा भवेयुर्मनसा ॥८॥ तदधीनत्वात् वाक्तनुकरणादीनामथवा मनःकरणं । सावद्ययोगमननं प्रज्ञप्तं वीतरागैः ॥९॥ कारणं पुनर्मनसा चिन्तयति च करोत्येष सावद्यम् । चिन्तयति च कृते पुनः

[२४]**सुट्ठु कयं अणुमई होइ ॥१०॥ एस एक्को भेदो गदो ॥ इदाणिं बितिओ भेदो–ण करेइ ण कारवेइ करेंतंपि अण्णं ण समणुजाणइ मणेण वायाए एस एक्को १, तहा मणेणं काएण य बितिओ २, तहा वायाए काएण य ततिओ ३, एस बितिओ भूलभेदो गदो ॥ इदाणिं तइओ–ण करेइ न कारवेइ करेंतंपि अण्णं ण समणुजाणइ मणेण एक्को १ वायाए बितिओ २ काएण ततिओ ३ एस तइओ मूलभेदो गदो । इदाणिं चउत्थो–ण करेइ ण कारवेइ मणेण वायाए काएणं एक्को १ ण करेइ करेंतंपि णाणुजाणइ बितीओ २ ण कारवेइ करेंतं णाणुजाणइ तइओ ३ एस चउत्थो**

(૨) હવે યોગત્રિક અને કરણદ્વિકરૂપ બીજા સંયોગિકભાંગાને આશ્રયી ત્રણ ભેદ પડશે (A) મન-વચનથી કરીશ નહિ, કરાવીશ નહિ, કરતા બીજાની અનુમોદના કરીશ નહિ (B) એ જ રીતે મન-કાયાથી, (C) એ જ રીતે વચન-કાયાથી, આ **બીજો મૂળભેદ** પૂરો થયો. (પૂર્વે ગાથા ૩માં શેષ પદોમાં ક્રમશઃ ત્રણ, ત્રણ,.... વિગેરે જે સંખ્યા બતાવી તેમાં શેષ પદ તરીકે આ બીજો મૂળ ભાંગો, તેમાં ત્રણ ભેદ બતાવ્યા. એમ આગળ મૂળભાંગામાં તે તે ભેદોની સંખ્યા બતાવશે.)

(૩) હવે યોગત્રિક અને એક કરણરૂપ **ત્રીજા મૂળસાંયોગિકભાંગાને** આશ્રયી ત્રણ ભેદ બતાવે છે – (A) મનથી કરીશ નહિ, કરાવીશ નહિ, કરતા એવા બીજાને અનુમોદીશ નહિ. (B) એ જ રીતે વચનથી (C) કાયાથી, (આ પ્રમાણે પૂર્વની ગા.૨માં બતાવેલ तिन्नि तिया, तिदुएक्कं પદ વર્ણવ્યું. અહીં तिया એટલે ત્રણ યોગ અને तिदुएक्कं એટલે ક્રમશઃ ત્રણ કરણ, બે કરણ, અને એક કરણ. ત્રણ યોગને ક્રમશઃ ત્રણ કરણ સાથે સંયોગ કરતા એક ભેદ પડે, બે કરણ સાથે સંયોગ કરતા ત્રણ ભેદ અને એક કરણ સાથે સંયોગ કરતા ત્રણ ભેદ પડે, આ જ રીતે આગળ બધે જાણી લેવું.)

(૪) (હવે 'तिन्नि दुगा' એટલે બે યોગને ક્રમશઃ ત્રણ-બે-એક કરણ સાથે સંયોગ કરવાથી બીજા ત્રણ મૂળ ભાંગા આવશે. તે બતાવે છે.) તેમાં કરણત્રિક અને યોગદ્વિકરૂપ **ચોથા મૂળભાંગાને** આશ્રયી ત્રણ ભેદ બતાવે છે - (A) મન-વચન-કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ, (B) મન-વચન-કાયાથી કરીશ નહિ, કરતા એવા પણ અન્યને અનુમોદીશ નહિ, (C) મન-વચન-કાયાથી કરાવીશ નહિ, કરતા એવા પણ અન્યને અનુમોદીશ નહિ.

**२४. सुष्ठु कृतमनुमतिर्भवति ॥१०॥ एष एको भेदो गतः १ । इदानीं द्वितीयो भेदः–न करोति न कारयति कुर्वन्तमप्यन्यं न समनुजानाति मनसा वाचा एष एकः १ तथा मनसा कायेन च द्वितीयः २ तथा वाचा कायेन च तृतीयः ३ एष द्वितीयो मूलभेदो गतः २ । इदानीं तृतीयः–न करोति न कारयति कुर्वन्तमपि अन्यं न समनुजानाति मनसैकः १ वाचा द्वितीयः २ कायेन तृतीयः ३ एष तृतीयो मूलभेदो गतः ३ । इदानीं चतुर्थो–न करोति न कारयति मनसा वाचा कायेनैकः १ न करोति कुर्वन्तमपि नानुजानाति द्वितीयो २ न कारयति कुर्वन्तं नानुजानाति तृतीयः ३ एष चतुर्थो**

[૨૫] मूलभेदो । इदाणिं पंचमो–ण करेइ ण कारवेइ मणेणं वायाए एस एक्को १ ण करेइ करेंतं णाणुजाणइ एस बितिओ २ ण कारवेति करेंतं णाणुजाणइ एस तइओ ३ एए तिन्नि भंगा मणेण वायाए लद्धा अन्नेऽवि तिन्नि, मणेणं काएण य एवमेव लब्भंति ३, तहाऽवरेवि वायाए काएण य लब्भंति तिन्नि तिन्नि ३, एवमेव एए सव्वे णव, एवं पञ्चमोऽप्युक्तो मूलभेद इति । इयाणिं छट्ठो–ण करेइ ण कारवेइ मणेणं एस एक्को १ तह य ण करेइ करेंतं णाणुजाणइ मणेणं एस बितिओ २ ण कारवेइ करेंतं णाणुजाणइ मणसैव तृतीयः ३ एवं वायाए काएणवि तिन्नि तिण्णि भंगा लब्भंति, उक्तः षष्ठोऽपि मूलभेदः, अधुना सप्तमोऽभिधीयते इति–ण करेइ मणेणं वायाए काएण य एक्को, एवं ण कारवेइ मणादीहिं एस बितिओ, करेंतं णाणुजाणइत्ति तइओ, सप्तमोऽप्युक्तो मूलभेद इति। इदानीमष्टमः–ण करेइ मणेणं वायाए एक्को १ तहा मणेण काएण य एस बितिओ २ तहा वायाए

(૫) કરણદ્વિક- યોગદ્વિકરૂપ **પાંચમા મૂળભાંગાને** આશ્રયી નવ ભેદ (A) મન-વચનથી કરીશ નહિ, કરાવીશ નહિ, (B) મન-વચનથી કરીશ નહિ, કરતાને અનુમોદીશ નહિ, (C) મન-વચનથી કરાવીશ નહિ, કરતાને અનુમોદીશ નહિ. આ પ્રમાણે મન-વચનને આશ્રયીને ત્રણ ભેદ પ્રાપ્ત થયા. એ જ પ્રમાણે બીજા ત્રણ ભેદો મન-કાયાને આશ્રયી પ્રાપ્ત થાય છે. તથા બીજા ત્રણ ભેદ વચન-કાયાને આશ્રયી પ્રાપ્ત થતાં કુલ નવભેદ થાય છે. આ પ્રમાણે પાંચમો મૂળભાંગો કહ્યો.

(૬) હવે એક કરણ અને યોગદ્વિકરૂપ છઠ્ઠા ભાંગાને આશ્રયી નવ ભેદ બતાવે છે - (A) મનથી કરીશ નહિ, કરાવીશ નહિ, (B) મનથી કરીશ નહિ, કરતાને અનુમોદીશ નહિ, (C) મનથી કરાવીશ નહિ, કરતાને અનુમોદીશ નહિ. આ જ રીતે વચન અને કાયાથી પણ ત્રણ-ત્રણ ભેદ પડતા કુલ નવ ભેદો પડે છે. **છઠ્ઠો મૂળભેદ** પણ કહ્યો.

(૭) હવે કરણત્રિક અને એકયોગરૂપ સાતમા ભાંગાને આશ્રયી ત્રણ ભેદ – (A) મન-વચન-કાયાથી કરીશ નહિ, (B) આ જ પ્રમાણે મનાદિથી કરાવીશ નહિ, અને (C) કરતાને અનુમોદીશ નહિ. **સાતમો મૂળભાંગો** કહ્યો.

(૮) હવે કરણદ્વિક-એક યોગરૂપ આઠમા ભાંગાને આશ્રયી નવ ભેદો – (૧) મન-વચનથી

૨૫. मूलभेदः ४ इदानीं पञ्चमः–न करोति न कारयति मनसा वाचा एष एकः १ न करोति कुर्वन्तं नानुजानाति एष द्वितीयः २ न कारयति नानुजानाति एष तृतीयः ३ एते त्रयो, भङ्गा मनसा वाचा लब्धाः अन्येऽपि त्रयो, मनसा कायेन चैवमेव लभ्यन्ते ३ तथाऽपरेऽपि वाचा कायेन च लभ्यन्ते त्रयः २, ३, एवमेते सर्वे नव, एवं पञ्चमोऽप्युक्तो मूलभेदः ५ इति । इदानीं षष्ठो–न करोति न कारयति मनसा एष एकः, तथैव न करोति कुर्वन्तं नानुजानाति मनसा एष द्वितीयः, न कारयति कुर्वन्तं नानुजानाति मनसैव तृतीयः, एवं वाचा कायेनापि त्रयस्त्रयो भङ्गा लभ्यन्ते ६ । न करोति मनसा वाचा कायेन चैकः, एवं न कारयति मनआदिभिरेष द्वितीयः, कुर्वन्तं नानुजानातीति तृतीयः ७ । न करोति मनसा वाचा एकः तथा मनसा कायेन च एष द्वितीयः तथा वाचा

[२६] काएण स एस तइओ ३ एवं ण कारवेइ एत्थवि तिन्नि भंगा एवमेव लब्भंति, करेंतं णाणुजाणइ एत्थ वि तिण्णि, एष उक्तोऽष्टमः । इदानीं नवमः—न करेइ मणेण एक्को १ ण कारवेइ बितिओ २ करेंतं णाणुजाणइ एस तइओ ३ एवं वायाए बितियं काएणवि होइ तितयमेव, नवमोऽप्युक्तः इदानीमागतगुणनं क्रियते—'लद्धफलमाणमेअं भंगा उ हवंति अउणपण्णासं । तीयाणागयसंपइगुणियं कालेण होइ इमं ॥१॥ सीयालं भंगसयं कहं ? कालतिएण होइ गुणणाओ । तीयस्स पडिक्कमणं पच्चुप्पन्नस्स संवरणं ॥२॥ पच्चक्खाणं च तहा होइ य एसस्स एव गुणणाओ । कलतिएणं भणियं जिणगणहरवायएहिं च ॥३॥ एवं तावद् गृहस्थप्रत्याख्यानभेदाः प्रतिपादिताः, साम्प्रतं साधुप्रत्याख्यानभेदान् सूचयन्नाह—'तिविहं तिविहेणं'त्ति अयमत्र भावार्थः—त्रिविधं त्रिविधेनेत्यनेन सर्वसावद्ययोगप्रत्याख्यानादर्थतः सप्तविंशतिभेदानाह— ते चैवं भवन्ति—इह सावद्ययोगः प्रसिद्ध एव हिंसादिः, तं

કરીશ નહિ, (૨) મન-કાયાથી કરીશ નહિ, (૩) વચન-કાયાથી કરીશ નહિ, આ જ પ્રમાણે 'કરાવીશ નહિ' આશ્રયીને ત્રણ ભેદો પ્રાપ્ત થશે અને 'અનુમોદીશ નહિ' યોગને આશ્રયી ત્રણ ભેદો પ્રાપ્ત થતાં કુલ નવ ભાંગા પ્રાપ્ત થશે. **આઠમો મૂળભેદ** કહ્યો.

(૯) હવે એક કરણ અને એક યોગરૂપ નવમા મૂળભાંગાને આશ્રયી નવ ભેદો – (૧) મનથી કરીશ નહિ (૨) કરાવીશ નહિ (૩) કરતાને અનુમોદીશ નહિ. આ પ્રમાણે વચનથી ત્રણ અને કાયાથી ત્રણ મળી કુલ નવ ભેદો પ્રાપ્ત થાય. **નવમો મૂળભેદ** પણ કહ્યો.

હવે આ બધાનો સરવાળો કરાય છે – પ્રાપ્ત થયેલ ફળમાન આ પ્રમાણે છે કે– ॥૧॥ આ બધા ભેદોનો સરવાળો કરતાં ઓગણપચાસ ભેદો થાય છે. આ સંખ્યાને અતીત-અનાગત અને વર્તમાન એમ ત્રણ કાળવડે ગુણતા ૧૪૭ ભાંગા થાય છે. ॥૨॥ કેવી રીતે ? કાળત્રિકવડે ગણવાથી અતીત એવા સાવદ્યનું નિંદાદિવડે પ્રતિક્રમણ કરવાથી, વર્તમાન એવા સાવદ્યયોગોના અકરણથી ॥૩॥ અને ભવિષ્યકાળસંબંધી એવા સાવદ્યયોગોનું પ્રત્યાખ્યાન કરવાથી, આ પ્રમાણે ત્રણ કાળ સાથે ગુણાકાર કરવાથી ૧૪૭ ભાંગા તીર્થંકર, ગણધર અને ઉપાધ્યાયોવડે કહેલા છે. આ પ્રમાણે ગૃહસ્થપ્રત્યાખ્યાનના ભેદોનું પ્રતિપાદન કર્યું. હવે સાધુપ્રત્યાખ્યાનના ભેદોને જણાવતાં કહે છે - "ત્રિવિધ-ત્રિવિધવડે' ભાવાર્થ એ છે કે - 'ત્રિવિધં ત્રિવિધેન' વાક્યવડે સર્વસાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કહ્યું. તેના દ્વારા અર્થાપત્તિથી સત્તાવીશ ભેદોને કહ્યાં. તે આ પ્રમાણે છે - અહીં હિંસાદિ સર્વસાવદ્યયોગ તરીકે પ્રસિદ્ધ જ છે. આ સર્વસાવદ્યયોગોને પોતે સ્વયં સાધુ કરે નહિ, કરાવે નહિ

२६, कायेन च एष तृतीयः, एवं न कारयति अत्रापि त्रयो भङ्गा एवमेव लभ्यन्ते, कुर्वन्तं नानुजानाति अत्रापि त्रयः ८ । न करोति मनसा एकः न कारयति द्वितीयः कुर्वन्तं नानुजानाति एष तृतीयः, एवं वाचा द्वितीयं कायेनापि भवति त्रितयमेव ९ । लब्धफलमानमेतत् भङ्गास्तु भवन्त्येकोनपञ्चाशत् । अतीतानागतसम्प्रतिगुणितं कालेन भवतीदम् ॥१॥ सप्तचत्वारिंशं भङ्गशतं, कथं ? कालत्रिकेण भवति गुणनात् । अतीतस्य प्रतिक्रमणं प्रत्युत्पन्नस्य संवरणम् ॥२॥ प्रत्याख्यानं च तथा भवति चैष्यस्य एवं गुणनात् । कालत्रिकेन भणितं ( सप्तचत्वारिंशं शतं ) जिनगणधरवाचकैश्च ॥३॥

स्वयं सर्वं न करोति न कारयति कुर्वन्तमप्यन्यं न समनुजाति, एकैकं करणत्रिकेन—मनसा वाचा कायेनेति नव भेदाः, अतीतानागतवर्तमानकालत्रयसम्बद्धाश्च सप्तविंशतिरिति, इदं च प्रत्याख्याने भेदजालं 'समिइगुत्तीहिं'ति समितिगुप्तिषु सतीषु भवति, समितिगुप्तिभिर्वा निष्पद्यते, तत्रेर्यासमितिप्रमुखाः प्रवीचाररूपाः समितयः पञ्च गुप्तयश्च प्रवीचाराप्रवीचाररूपा मनोगुप्त्याद्यास्तिस्त्र इति, उक्तं च—

*"[२७]समिओ नियमा गुत्तो गुत्तो समियत्तणंमि भइयव्वो ।*
*कुसलवइमुदीरंतो जं वइगुत्तोऽवि समिओऽवि ॥१॥"*

अन्ये तु व्याचक्षते—किलैता अष्टौ प्रवचनमातरः सामायिकसूत्रस( ङ्गृहिताः )ङ्ग्रहः तत्र '[२८]करेमि भंते ! सामाइयं'ति पंच समिईओ गहिआओ, 'सव्वं सावज्जं जोगं पच्चक्खामि'त्ति तिण्णि गुत्तीओ गहियाओ, एत्थ समिईओ पवत्तणे निग्गहे य गुत्तीओत्ति, एयाओ अट्ठ पवयणमायाओ जाहिं

કે કરતા એવા અન્યને અનુમોદે નહિ. દરેકે દરેક યોગને મન-વચન-કાયારૂપ દરેક કરણવડે ગણતા નવ ભેદો પ્રાપ્ત થાય. આ નવ ભેદો અતીત-અનાગત અને વર્તમાનકાળ સાથે જોડતા સત્યાવીશ ભાંગા થાય છે. સાધુપ્રત્યાખ્યાનના આ સત્યાવીસ ભાંગા સમિતિ-ગુપ્તિ હોય તો જ થાય છે. અથવા સમિતિ-ગુપ્તિવડે આ સત્યાવીશ ભાંગા થાય છે. તેમાં ઈર્યાસમિતિ વિગેરે પાંચ સમિતિઓ પ્રવૃત્તિરૂપ છે અને મનગુપ્તિ વિગેરે ત્રણ ગુપ્તિઓ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયરૂપ છે. (પ્રવૃતિ-નિવૃત્તિ ઉભયરૂપ એટલે, સમ્યગ્ ભાષા બોલવી એ પ્રવૃત્તિ-આત્મક વચનગુપ્તિ છે અને તદ્દન મૌન રહેવું એ નિવૃત્તિ-આત્મક વચનગુપ્તિ છે. આમ વચનગુપ્તિ ઉભયરૂપ છે. એ જ પ્રમાણે ઈર્યાસમિતિ પાળવી એ પ્રવૃત્તિ-આત્મક કાયગુપ્તિ છે અને બિલકુલ શરીરનું હલનચલન ન કરવું તે નિવૃત્તિ-આત્મક કાયગુપ્તિ છે. આથી જ)

કહ્યું છે — જે ઈર્યાસમિતિ વિગેરેથી સમિત છે તે નિયમા કાયાદિગુપ્તિથી ગુપ્ત છે. પરંતુ જે કાયાદિગુપ્તિથી ગુપ્ત છે તે સમિત હોય પણ ખરો કે ન પણ હોય. (કારણ કે સમિતિ માત્ર પ્રવૃત્તિ આત્મક જ છે. તેથી જે મૌન હોય તે વચનગુપ્તિથી ગુપ્ત છે પરંતુ તે સમયે તે ભાષાસમિતિવાળો બનતો નથી. એનાથી વિપરીત) કુશળવચનો બોલતો (એટલે કે ભાષાસમિતિવાળો) પુરુષ વચનથી ગુપ્ત પણ છે અને ભાષાસમિતિથી સમિત પણ છે. ॥૧॥ કેટલાક આચાર્યો કહે છે કે — આ અષ્ટ પ્રવચનમાતાઓ સામાયિકસૂત્રવડે ગ્રહણ કરાયેલી છે. તે આ પ્રમાણે - 'करेमि भंते ! सामाइयं' આ વાક્યથી પાંચ સમિતિઓ ગ્રહણ કરી છે અને 'સર્વ સાવદ્યયોગનું હું પ્રત્યાખ્યાન કરું છું.' આ વાક્યથી ત્રણ ગુપ્તિઓ ગ્રહણ કરી છે. અહીં પાંચ સમિતિઓ પ્રવૃત્તિરૂપ છે અને ગુપ્તિઓ અસત્ક્રિયાના નિગ્રહરૂપે છે. આ આઠ પ્રવચનમાતા એવી છે કે જેમાં સામાયિક અને ૧૪ પૂર્વો

२७. समितो नियमाद्गुप्तो गुप्तः समितत्वे भक्तव्यः । कुशलं वच उदीरयन् यद्वचोगुप्तोऽपि समितोऽपि ॥१॥

२८. करोमि भदन्त ! सामायिकमिति पञ्च समितयो गृहीताः, सर्वं सावद्यं योगं प्रत्याचक्ष इति तिस्रो गुप्तयो गृहीताः, अत्र समितयः प्रवर्त्तने निग्रहे च गुप्तय इति, एता अष्ट प्रवचनमातरो यासु

**[२९]सामाइयं चोद्दसय पुव्वाणि मायाणि, माउगाओत्ति मूलं भणियंति होइ ॥ इहैव प्रायः सूत्रस्पर्शनिर्युक्तिवक्तव्यताया उक्तत्वात् मध्यग्रहणे च तुलादण्डन्यायेनाऽऽद्यन्तरयोरप्याक्षेपादिदमाह– 'सुत्तप्फासियणिज्जुत्तिवित्थरत्थो गओ एवं'ति सूत्रस्पर्शनिर्युक्तिविस्तरार्थो गतः, 'एवम्' उक्तेन प्रकारेणेति गाथार्थः ॥१०४५॥**

**साम्प्रतं सूत्र एवातीतादिकालग्रहणं त्रिविधमुक्तमिति दर्शयन्नाह–**

**सामाइयं करेमी पच्चक्खामी पडिक्कमामित्ति ।**
**पच्चुप्पन्नमणागयअईअकालाण गहणं तु ॥१०४६॥**

**व्याख्या : सामायिकं करोमि तथा प्रत्याख्यामि सावद्यं योगमिति, तथा प्रतिक्रमामीति प्राकृतस्य, इदं हि यथासङ्ख्यमेव प्रत्युत्पन्नानागतातीतकालानां ग्रहणमिति, उक्तं च–'[३०]अतीतं णिंदति पडुप्पन्नं संवरेति अणागतं पच्चक्खादि'त्ति गाथार्थः ॥१०४६॥**

સમાઈ ગયા છે. અહીં માતા એટલે મૂળ એવો અર્થ જાણવો. (અર્થાત્ સામાયિક અને ૧૪ પૂર્વોની આ આઠ માતાઓ=મૂળ છે. હવે મૂળમાં 'સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો વિસ્તારાર્થ પૂર્ણ થયો એ પ્રમાણે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિની પૂર્ણાહૂતિ ગ્રંથના અંતમાં કરવાને બદલે અહીં મધ્યમાં શા માટે કરી ? તેનો ખુલાસો કરતા કહે છે કે –) પ્રાયઃ અહીં જ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિની વક્તવ્યતા કહેલી હોવાથી અને મધ્યના ગ્રહણમાં તુલાદંડન્યાયે (અર્થાત્ ત્રાજવાને વચ્ચેથી પકડતા બંને છેડા હાથમાં આવી જાય તેમ) આદ્ય-અંતનું પણ ગ્રહણ થઈ જતું હોવાથી મૂળમાં કહે છે કે – ઉપરોક્ત પ્રકારવડે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો વિસ્તારાર્થ પૂર્ણ થયો. (આશય એ જ છે કે સામાયિકસૂત્રસંબંધી સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ મોટા ભાગની કહેવાઈ ગઈ. હવે જે શેષ બાકી છે તેના પછી સમાપન કરવું જોઈએ છતાં મૂળમાં અહીં જ સમાપન કરેલું હોવાથી તુલાદંડન્યાયે આ સમાપનમાં હવે પછી કહેવાતી સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનું સમાપન પણ ભેગું સમજી લેવું.) ॥**૧૦૪૫**॥

**અવતરણિકા :** હવે સૂત્રમાં જ અતીતાદિ ત્રણ પ્રકારનાં કાળનું ગ્રહણ કર્યું છે, તે કેવી રીતે ? તે બતાવે છે ➪

**ગાથાર્થ : સામાયિકને કરું છું, (સાવદ્યયોગનું) પ્રત્યાખ્યાન કરું છું અને (પૂર્વે કરાયેલા સાવદ્યયોગોને) પ્રતિક્રમું છું. આ પ્રમાણે વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળનું ગ્રહણ (સૂત્રમાં) કર્યું છે.**

**ટીકાર્થ :** સામાયિકને કરું છું, તથા સાવદ્યયોગોનું પ્રત્યાખ્યાન કરું છું, અને પૂર્વે કરાયેલ સાવદ્યયોગોને પ્રતિક્રમુ છું=નિંદુ છું. આ ક્રમશઃ વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળનું ગ્રહણ છે. (પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ વિગેરે શબ્દોથી તે તે કાળને ગ્રહણ કર્યાં છે એવું શી રીતે જાણ્યું ?) કહ્યું છે – 'અતીત સાવદ્યયોગોને નિંદુ છું, વર્તમાન સાવદ્યયોગોનો સંવર કરું છું = તેનાથી અટકું છું, ભવિષ્યના સાવદ્યયોગોનું પચ્ચક્ખાણ કરું છું.' (આ ગાથા ઉપરથી જણાય છે કે તે તે શબ્દોથી તે તે કાળ ગ્રહણ કર્યા છે.) ॥ ૧૦૪૬ ॥

**२९. सामायिकं चतुर्दश च पूर्वाणि मातानि, मातर इति मूलं इति भणितं भवति ।**
**३० अतीतं निन्दति प्रत्युत्पन्नं संवृणोति अनागतं प्रत्याख्याति ।**

साम्प्रतं तस्य भदन्त ! प्रतिक्रमामीत्येतद् व्याख्यायते—तत्र 'तस्ये'त्यधिकृतो योगः संबध्यते, ननु च प्रतिक्रमामीत्यस्याः क्रियायाः सोऽधिकृतो योगः कर्म, कर्मणि च द्वितीया विभक्तिरतस्तमित्यभिधेये तस्येत्यभिधीयते किमर्थमिति ?, आह–प्रयोजनार्थं षष्ठी विवक्षातः प्रयुक्ता सम्बन्धलक्षणाऽवयवलक्षणा वा, योऽसौ योगस्त्रिकालविषयस्तस्यातीतं सावद्यमंशमवयवं प्रतिक्रमामि न शेषं वर्तमानमनागतं वा, केचित् पुनरविभागज्ञाः अविशिष्टमेव सामान्यं योगं सम्बन्धयन्ति, तत्र युज्यते, अविशिष्टस्य त्रिकालविषयस्य प्रतिक्रमणप्रयोजनाभावात्, ग्रन्थगुरुत्वापत्तेश्च, अविशिष्टमपि संबध्य पुनर्विशेषेऽवस्थापनीयस्तच्छब्द इति ग्रन्थगुरुता, यदेतत् प्रतिक्रमणमेतत् प्रायश्चित्तमध्ये पठितमतः प्रायश्चित्तमासेवितेऽतीतविषयमिति गतत्वाद-तीतप्रतिक्रमणमिति न वक्तव्यम्, इह पुनरुक्तत्वप्रसङ्गात्, यस्मादस्य प्रतिक्रमामीतिशब्दस्य कर्मणा

---

હવે 'तस्स भंते ! पडिक्कमामि' વાક્યનું વર્ણન કરાય છે. તેમાં 'तस्य' શબ્દથી અધિકૃત સાવદ્યયોગ જાણવો.

**શંકા :** 'प्रतिक्रमामि' આ ક્રિયાનું કર્મ સાવદ્યયોગ છે અને કર્મને બીજી વિભક્તિ લાગે તેથી બીજી વિભક્તિને બદલે ષષ્ઠી વિભક્તિ શા માટે કરી ?

**સમાધાન :** અહીં ચોક્કસ પ્રયોજન માટે વિવક્ષાથી સંબંધના અર્થમાં અથવા અવયવના અર્થમાં ષષ્ઠી વિભક્તિ કરેલ છે. તે આ પ્રમાણે કે–જે આ ત્રિકાળવિષયક યોગ છે. તેના સંબંધી અતીત એવા અંશરૂપ અવયવને હું નિંદુ છું, પણ વર્તમાન કે ભવિષ્યકાળના અંશરૂપ અવયવની હું નિંદા કરતો નથી. (કારણ તેની નિંદા ન હોય.) આ પ્રમાણે અર્થ જાણવાનો છે. આ પ્રમાણેના વિભાગને નહિ જાણનારા કેટલાક લોકો 'तस्य' શબ્દ સાથે સામાન્યથી અવિશિષ્ટ એવા જ (અતીતાદિ ભેદ પાડ્યા વિના) યોગને જોડે છે. પરંતુ તે ઘટતું નથી, કારણ કે ત્રિકાળવિષયક *એવા યોગની નિંદા* કરવાનું કોઈ પ્રયોજન નથી અને ગ્રંથ મોટો થવાની આપત્તિ આવે. તે આ રીતે કે–પ્રથમ સામાન્યથી અવિશિષ્ટ યોગનો સંબંધ કરી ફરીથી તત્ શબ્દ વિશેષમાં સ્થાપવો પડે, તેથી ગ્રંથની ગુરુતા થાય.

(**શંકા :** તો પછી 'अतीतं भंते ! पडिक्कमामि' એટલું જ કહોને ?)

***સમાધાન :*** *'અતીતનું પ્રતિક્રમણ કરું છું'* એવું પણ બોલાય નહિ કારણ કે જે આ પ્રતિક્રમણ છે તે દશ પ્રકારના પ્રાયશ્ચિત્તોમાં કહેવાયેલું છે. તેથી આ પ્રતિક્રમણ પણ એક પ્રકારનું પ્રાયશ્ચિત્ત જ છે અને તે પ્રાયશ્ચિત્ત ભૂતકાળમાં (નજીકના કે દૂરના ભૂતકાળમાં) કોઈ અતિચાર સેવાયો હોય તો જ કરવાનું હોય છે. આમ, આ પ્રતિક્રમણ અતીતવિષયક હોય એ જણાઈ જ જાય છે. માટે 'અતીતનું હું પ્રતિક્રમણ કરું છું' આવું બોલવામાં એક 'અતીત' શબ્દ તો છે જ અને પ્રતિક્રમણ શબ્દ પણ અતીતવિષયક હોવાથી અતીત શબ્દને આશ્રયી પુનરુક્ત દોષ આવે, માટે અતીતનું પ્રતિક્રમણ કરું છું આવું બોલાય નહિ.

વળી, જે કારણથી 'પ્રતિક્રમામિ' શબ્દનું કર્મ હોવું આવશ્યક છે અને તે કર્મ તરીકે ભૂતકાળ સંબંધી સાવદ્યયોગ સિવાય કોઈ બની શકે એમ નથી, તે કારણથી 'तस्य' શબ્દને અવયવરૂપ

भवितव्यमवश्यं, तच्च भूतं सावद्ययोगं मुक्त्वा नान्यत् कर्म भवितुमर्हति, तस्मात्तस्येत्यवयवलक्षणया षष्ठ्या सम्बन्धः ॥

आह—यद्येवं पुनरुक्तादिभयादभिधीयते तत इदमपरमाशङ्कापदमिति दर्शयति—

तिविहेणंति न जुत्तं पडिपयविहिणा समाहिअं जेण ।
अत्थविगप्पणयाए गुणभावणयत्तिको दोसो ? ॥१०४७॥

व्याख्या : 'त्रिविधं त्रिविधेने'त्यत्र त्रिविधेनेति न युक्तं, किमित्यत आह—'प्रतिपदविधिना समाहितं येन' यस्मात् प्रतिपदमभिहितमेव 'मनसा वाचा कायेने'ति, अत्रोच्यते, अर्थविकल्पनया गुणभावनयेति वा को दोषः ?, एतदुक्तं भवति—अर्थविकल्पसङ्ग्रहार्थं न पुनरुक्तम्, अथवा गुणभावना पुनः पुनरभिधानाद्भवतीति न दोषः, अथवा मनसा वाचा कायेनेत्यभिहिते प्रतिपदं न

---

ષષ્ઠી વિભક્તિવડે સંબંધ જોડ્યો છે. (અર્થાત્ 'तस्य' શબ્દને અવયવ-અવયવિના સંબંધમાં ષષ્ઠી વિભક્તિ કરી છે. અહીં અવયવિ તરીકે સર્વસાવદ્યયોગ અને તેના અવયવ તરીકે અતીત સાવદ્યયોગ જાણવો.)

**અવતરણિકા : શંકા :** જો પુનરુક્ત દોષના ભયથી આ પ્રમાણે તમે કહેતા હો, તો અમારો આ બીજો પ્રશ્ન છે. તે પ્રશ્ન હવે આગળ બતાવે છે ➪

**ગાથાર્થ : 'ત્રિવિધેન' શબ્દ યુક્ત નથી, કારણ કે સૂત્રમાં આગળ 'મન, વચન, કાયાવડે' એ પ્રમાણે દરેક પદ જણાવવા દ્વારા 'ત્રિવિધેન' શબ્દનો અર્થ જણાઈ જ જાય છે. (સમાધાન :) અર્થની વિકલ્પના અથવા ગુણભાવના વડે આ કહ્યું છે તેમાં શું દોષ છે ?**

**ટીકાર્થ : શંકા :** 'ત્રિવિધં ત્રિવિધેન' અહીં 'ત્રિવિધેન' શબ્દ યોગ્ય નથી. શા માટે ? તે કહે છે – કારણ કે 'મન-વચન-કાયાથી' આ રીતે સૂત્રમાં આગળ દરેક પદવડે 'ત્રિવિધ' શબ્દનો અર્થ કહી જ દીધો છે. (માટે અહીં પણ તમારે પુનરુક્તદોષ શું ન આવે ?)

**સમાધાન :** અર્થની વિકલ્પના અથવા ગુણભાવનાવડે આ કહેલું છે એમાં કયો દોષ છે? કહેવાનો આશય એ છે કે – અર્થોના વિકલ્પોનો સંગ્રહ કરવા માટે હોવાથી પુનરુક્ત દોષ નથી. ([H]અર્થાત્ વિકલ્પ એટલે ભેદ, દરેક અર્થ=પદાર્થના સામાન્ય અને વિશેષ એમ બે ભેદો પડે છે. સૂત્રમાં 'ત્રિવિધેન' અને 'મન-વચન-કાયાવડે' આ બંને પદોવડે દરેક પદાર્થ સામાન્ય – વિશેષ ઉભયરૂપે છે એવું જણાવેલું છે. 'ત્રિવિધેન' પદથી સામાન્ય સ્વરૂપ બતાવ્યું. અને 'મન.....' પદ વડે વિશેષ સ્વરૂપ બતાવ્યું. આમ બંને વિકલ્પોનો સંગ્રહ કરવા માટે આ રીતે સૂત્રમાં કહેલું હોવાથી પુનરુક્તદોષ આવતો નથી. इति मलयपूज्याः) અથવા વારંવાર આ રીતે કથન કરવાથી ગુણભાવના થાય છે માટે કોઈ દોષ નથી. (અર્થાત્ આ રીતે વારંવાર કથન કરવામાં જે સામાયિકરૂપ ગુણ છે તેની ભાવના = અભ્યાસ થાય છે અને ગુણોની ભાવના એ કર્મક્ષયનું કારણ હોવાથી અહીં પુનરુક્ત દોષ આવતો નથી.

અથવા જો સૂત્રમાં 'ત્રિવિધેન' શબ્દ લખ્યો ન હોત અને માત્ર 'મન વચન કાયાવડે' શબ્દો

करोमि न कारयामि नानुजानामीति 'यथासङ्ख्यमनुदेशः समानाना'मिति यथासङ्ख्यकमनिष्टं मा प्रापदिति त्रिविधेनैकैकमुच्यते, त्रिविधमित्यत्राप्ययमेव प्रायः परिहार इति गाथार्थः ॥१०४७॥ इत्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः, 'तस्य भदन्त ! प्रतिक्रमामी'त्यत्र भदन्तः पूर्ववद् अतिचारनिवृत्तिक्रियाभिमुखश्च तद्विशुद्ध्यर्थमामन्त्रयत इति अत्राऽऽह—ननु पूर्वमुक्त एव भदन्तः स एवानुवर्तिष्यते, एवमर्थं चादौ प्रयुक्त इत्यतः किं पुनरनेनेति ?, अत्रोच्यते, अनुवर्तनार्थमेव अयं पुनरनुस्मरणाय प्रयुक्तः, यतः परिभाषा—अनुवर्तन्ते च नाम विधयो, न चानुवर्तनादेव भवन्ति, किं, तर्हि ?, यत्नाद्भवन्ति, 'स चायं यत्नः पुनरुच्चारण'मिति, अथवा सामायिकक्रियाप्रत्यर्पणवचनोऽयं

જ લખ્યા હોત તો આ ત્રણે પદોને કોઈ 'કરીશ નહી, કરાવીશ નહિ કે કરતા એવા અન્યને અનુમોદીશ નહિ' એ પદો સાથે ક્રમશઃ જોડી 'મનથી કરીશ નહિ, વચનથી કરાવીશ નહિ અને કાયાથી અનુમોદીશ નહિ' આવો અનિષ્ટ અર્થ પ્રાપ્ત કરી બેસે, કારણ કે 'સમાનોનો ક્રમશઃ સંબંધ જોડાય છે' (અર્થાત્ આગળ ત્રણ પદો છે અને પાછળ ત્રણ પદો છે. માટે બંને સ્થાને ત્રણ-ત્રણ પદો હોવાથી સમાન એવા આ પદોનો ક્રમશઃ સંબંધ જોડાય) એવો ન્યાય છે. આમ આ રીતે જોડવાથી કોઈ ખોટો અર્થ કરી ન બેસે તે માટે ત્રિવિધવડે એકેક કહેવાય છે. (અર્થાત્ ત્રિવિધેન કરીશ નહિ, ત્રિવિધેન કરાવીશ નહિ વિગેરે. આ કારણથી 'ત્રિવિધેન' શબ્દ મૂક્યો છે.)

આ જ રીતે 'ત્રિવિધં ત્રિવિધેન્' અહીં 'ત્રિવિધં' શબ્દ પણ અયોગ્ય છે કારણ કે સૂત્રમાં આગળ કરીશ નહિ... વિગેરે કહ્યું જ છે.' આવી 'ત્રિવિધ' શબ્દ માટે કોઈ શંકા કરતું હોય તો ત્યાં પણ આ જ પ્રમાણે પ્રાયઃ પરિહાર = ઉત્તર જાણી લેવો. ॥ **૧૦૪૭** ॥ પ્રાસંગિક ચર્ચાવડે સર્યું. પ્રસ્તુત વિચારીએ. તેમાં "તે સાવદ્યયોગની હે ભદન્ત ! હું નિંદા કરું છું." — અહીં ભદન્ત શબ્દ પૂર્વે કહ્યું તે પ્રમાણે બનેલો છે અને અતિચારોથી નિવૃત્તિક્રિયાને અભિમુખ એવો શિષ્ય અતિચારોની વિશુદ્ધિ માટે ગુરુને આ શબ્દ દ્વારા આમંત્રણ કરે છે.

**શંકા :** પૂર્વે કહેવાયેલો ભદન્ત શબ્દ જ અહીં પણ સમજી લેવાનો, કારણ કે આમંત્રણ માટે જં શરૂઆતમાં ભદન્તશબ્દનો પ્રયોગ કર્યો હતો. તો અહીં ફરીથી ભદન્ત શબ્દ શા માટે ગ્રહણ કર્યો ?

**સમાધાન :** પૂર્વે જે શબ્દ કહ્યો છે તે શબ્દ જ અહીં જાણવાનો છે, છતાં (હું શુદ્ધિ માટે ગુરુ પાસે ઉપસ્થિત થયો છું એવા પ્રકારનું) અનુસ્મરણ પોતાને (=શિષ્યને) થાય તે માટે આ શબ્દ ફરીવાર અહીં ગ્રહણ કર્યો છે, કારણ કે પાણિની વિગેરે વ્યાકરણકારોની આ પરિભાષા છે કે - વિધિઓ અનુસરે છે (અર્થાત્ શરૂઆતમાં કરેલું વિધાન સંપૂર્ણ સૂત્રને અનુસરે છે.) પરંતુ અનુસરવા માત્રથી વિધિઓની અનુવૃત્તિ થઈ નથી (અર્થાત્ શરૂઆતમાં વિધાન કરવા માત્રથી સંપૂર્ણ સૂત્રને લાગુ પડી જાય એવું નહિ.) તો કેવી રીતે અનુવૃત્તિ થાય ? યત્નથી થાય, ફરીથી તેનું ઉચ્ચારણ કરવું એ જ એનો યત્ન છે. આમ, ફરીથી તેનું ઉચ્ચારણ કરવાથી અનુવૃત્તિ થાય છે.

भदन्तशब्दः, अनेन चैतत् ज्ञापितं भवति—सर्वक्रियावसाने गुरोः प्रत्यर्पणं कार्यमिति, उक्तं च भाष्यकारेण—'[31]सामाइयपच्चप्पणवयणो वाऽयं भदंतसद्दोत्ति । सव्वकिरियावसाणे भणियं पच्चप्पणमणेणं ॥१॥" इति कृतं प्रसङ्गेन,

प्रतिक्रमामीत्यत्र प्रतिक्रमणं मिथ्यादुष्कृतमभिधीयते, तच्च द्विधा—द्रव्यतो भावतश्च, तथा चाह निर्युक्तिकारः—

दव्वंमि निण्हगाई कुलालमिच्छंति तत्थुदाहरणं ।
भावंमि तदुवउत्तो मिआवई तत्थुदाहरणं ॥१०४८॥

व्याख्या : द्रव्य इति द्वारपरामर्शः, द्रव्यप्रतिक्रमणं तदभेदोपचारात् तद्वदेवोच्यते, अत एवाह—निह्नवादि, आदिशब्दादनुपयुक्तादिपरिग्रहः, कुलालमिथ्यादुष्कृतं तत्रोदाहरणं, तच्चेदम्—[32]एगस्स कुंभकारस्स कुडीए साहुणो ठिया, तत्थेगो चेल्लओ तस्स कुंभगारस्स कोलालाणि अंगुलिधणुहएणं पाहाणएहिं विंधइ, कुंभगारेण पडिजग्गिउं दिट्ठो, भणिओ य—कीस मे कोलालाणि

---

અથવા, સામાયિકક્રિયાનું પ્રત્યર્પણ જણાવનાર આ ભદન્ત શબ્દ છે. આ શબ્દના ગ્રહણ દ્વારા એ વાત જણાવેલી થાય છે કે—સર્વ ક્રિયા પૂર્ણ થયા બાદ ગુરુને તેનું પ્રત્યર્પણ કરવું જોઈએ. (અર્થાત્ "પૂર્વે જે સામાયિક ક્રિયાનો આરંભ કર્યો હતો, તે મેં પૂર્ણ કર્યું છે" એ પ્રમાણે સામાયિકની ક્રિયાનું પ્રત્યર્પણ જણાવનાર આ શબ્દ છે.) ભાષ્યકારે કહ્યું છે - 'અથવા સામાયિક ક્રિયાનું પ્રત્યર્પણ જણાવનાર આ ભદન્ત શબ્દ છે. આનાવડે સર્વ ક્રિયાઓના અંતે પ્રત્યર્પણ કરવું જોઈએ એમ કહેવાયેલું થાય છે. ॥૧॥ (વિ.આ.ભા. ૩૫૭૧) પ્રાસંગિક ચર્ચાવડે સર્યું.

**અવતરણિકા :** 'પ્રતિક્રમામિ' શબ્દમાં પ્રતિક્રમણ એટલે મિથ્યાદુષ્કૃત. તે પ્રતિક્રમણ બે પ્રકારનું છે – દ્રવ્યથી અને ભાવથી. આ વાતને જ નિર્યુક્તિકાર કહે છે ➪

**ગાથાર્થ : દ્રવ્યમાં નિહ્નવાદિનું પ્રતિક્રમણ જાણવું. અહીં કુંભારના મિચ્છા મિ દુક્કડંનું ઉદાહરણ છે. ભાવપ્રતિક્રમણમાં ઉપયુક્ત જીવનું પ્રતિક્રમણ જાણવું. અહીં મૃગાવતીજીનું ઉદાહરણ છે.**

**ટીકાર્થ :** 'દ્રવ્ય' શબ્દ દ્વાર જણાવનારો છે. તેથી દ્રવ્યપ્રતિક્રમણ તરીકે નિહ્નવાદિ જાણવા. અહીં પ્રતિક્રમણ અને પ્રતિક્રમણવાળાનો અભેદ ઉપચાર કરેલો હોવાથી નિહ્નવાદિના પ્રતિક્રમણને દ્રવ્યપ્રતિક્રમણ કહેવાને બદલે નિહ્નવાદિને જ દ્રવ્યપ્રતિક્રમણ કહ્યું છે. આદિશબ્દથી અનુપયુક્ત સાધુ વિગેરે જાણવા. અહીં કુલાલનું મિથ્યાદુષ્કૃત ઉદાહરણ તરીકે જાણવું. તે આ પ્રમાણે – એક કુંભારની શાળામાં સાધુઓ રહ્યા. તેમાં એક બાળસાધુ તે કુંભારના માટીના વાસણોને આંગળીથી બનાવેલા ધનુષવડે (અર્થાત્ અંગુઠો અને તર્જની આંગળીએ દોરો બાંધી) પથ્થરોવડે ફોડે છે. કુંભારે ઉઠીને બાળસાધુને વાસણો ફોડતા જોયા. તેણે કહ્યું – 'શા માટે તમે મારા વાસણોને કાણા પાડો

---

૩૧. सामायिकप्रत्यर्पणवचनो वाऽयं भदन्तशब्द इति । सर्वक्रियावसाने भणितं प्रत्यर्पणमनेन ॥१॥

૩૨. एकस्य कुम्भकारस्य कुट्यां (गृहे) साधवः स्थिताः, तत्रैकः क्षुल्लकस्तस्य कुम्भकारस्य भाजनानि अङ्गुलधनुषा पाषाणैः काणीकरोति, कुम्भकारेण प्रतिजागर्य दृष्टः, भणितश्च—कथं मम भाजनानि

[33]काणेसि ?, खुड्डुओ भणइ—मिच्छा मि दुक्कडंति, एवं सो पुणो पुणो विंधिऊण मिच्छा मि दुक्कडं देइ, पच्छा कुंभगारेण तस्स खुड्डगस्स कन्नामोडओ दिन्नो, सो भणइ—दुक्खाविओऽहं, कुंभगारो भणइ—मिच्छा मि दुक्कडं, एवं सो पुणो पुणो कन्नामोडियं दाऊण मिच्छा दुक्कडंति करेइ, पच्छा चेल्लओ भणइ—अहो सुंदरं मिच्छा मि दुक्कडंति, कुंभगारो भणइ—तुज्झवि एरिसं चेव मिच्छा दुक्कडंति, पच्छा ठिओ विंधियव्वस्स ।

*"जं दुक्कडंति मिच्छा तं चेव णिसेवई पुणो पावं ।*
*पच्चक्खमुसावाई मायाणियडिप्पसंगो य ॥१॥ "*

एयं दव्वपडिक्कमणं ॥ भावप्रतिक्रमणं प्रतिपादयति—भाव इति द्वारपरामर्श एव, 'तदुपयुक्त एव' तस्मिन्—अधिकृते शुभव्यापारे उपयुक्तस्तदुपयुक्तो यत् करोति, मृगावतिः तत्रोदाहरणं, तच्चेदम्—[34]भगवं वद्धमाणसामी कोसंबीए समोसरिओ, तत्थ चंदसूरा भगवंतं वंदगा सविमाणा ओइण्णा,

છો ?' બાળસાધુએ કહ્યું – મિચ્છા મિ દુક્કડં. થોડીવાર પછી એ જ પ્રમાણે કાણા પાડીને મિચ્છા મિ દુક્કડં માંગ્યું. પાછળથી તે કુંભારે સાધુના કાન મરોડ્યા. બાળ સાધુએ કહ્યું – 'મને પીડા થાય છે.' કુંભારે મિચ્છા મિ દુક્કડં માંગ્યું. ફરી ફરી તે કુંભાર કાન મરોડીને મિચ્છા મિ દુક્કડં કરે છે. આ જોઈ પછીથી બાળસાધુએ કહ્યું – "અહો ! બહુ સરસ મિચ્છા મિ દુક્કડં કરો છો." કુંભારે કહ્યું – "તમારું પણ આવા પ્રકારનું જ મિચ્છા મિ દુક્કડં છે." આ સાંભળી સાધુને પોતાની ભૂલ દેખાતા કાણા પાડવાનું અટકાવી દીધું. કહ્યું છે – "જે પાપનું મિચ્છા મિ દુક્કડં કર્યા પછી તે જ પાપ જો ફરીથી સેવે તો, તે જીવ પ્રત્યક્ષમૃષાવાદી છે. તેને માયા (અભ્યંતર અસત્યપણું) અને નિકૃતિ (બાહ્ય અસત્યપણું)નો પ્રસંગ થાય છે અર્થાત્ તે બંને પ્રકારનો અસત્યવાદી જાણવો." (ઉપદેશમાળા-૫૦૭)

હવે ભાવપ્રતિક્રમણનું પ્રતિપાદન કરે છે –'ભાવ' શબ્દ દ્વાર જણાવનારો જ છે. અધિકૃત એવા શુભવ્યાપારમાં ઉપયુક્ત વ્યક્તિ જે પ્રતિક્રમણ કરે છે તે ભાવપ્રતિક્રમણ કહેવાય છે. અહીં મૃગાવતીજીનું ઉદાહરણ જાણવું.

### ❀ મિચ્છા મિ દુક્કડં – મૃગાવતી ❀

ભગવાન વર્ધમાનસ્વામી કોશાંબીનગરીમાં પધાર્યા. ત્યાં ચંદ્ર-સૂર્યદેવ ભગવાનને વંદન કરવા માટે પોતાના વિમાન સાથે નીચે આવ્યા. ત્યાં ઉદાયનરાજાની માતા સાધ્વી મૃગાવતીજી દિવસ

३३. काणयसि ?, क्षुल्लको भणति—मिथ्या मे दुष्कृतमिति, एवं स पुनः पुनः काणयित्वा मिथ्या मे दुष्कृतं ददाति पश्चात् कुम्भकारेण तस्य क्षुल्लकस्य कर्णामोटको दत्तः, स भणति—दुःखितोऽहं, कुम्भकारो भणति—मिथ्या मे दुष्कृतं, एवं स पुनः पुनः कर्णामोटकं दत्त्वा मिथ्या दुष्कृतमिति करोति, पश्चात्क्षुल्लको भणति—अहो सुन्दरं मिथ्या मे दुष्कृतमिति, कुम्भकारो भणति—तवापि ईदृशमेव मिथ्या मे दुष्कृतमिति, पश्चात्स्थितः काणनात्-। यद्दुष्कृतमिति मिथ्या (कृत्वा) तदेव निषेवते पुनः पापम्। प्रत्यक्षमृषावादी मायानिकृतिप्रसङ्गश्च ॥१॥ एतद्द्रव्यप्रतिक्रमणं ।

३४. भगवान् वर्धमानस्वामी कौशाम्ब्यां समवसृतः, तत्र चन्द्रसूर्यौ भगवन्तं वन्दितुं सविमानाववतीर्णौ,

[३५]तत्थ मियावई अज्जा उदयणमाया दिवसोत्तिकाउं चिरं ठिया, सेसाओ साहुणीओ तित्थयरं वंदिऊण सनिलयं गयाओ, चंदसूरावि तित्थयरं वंदिऊण पडिगया, सिग्घमेव वियालीभूयं, मियावई संभंता, गया अज्जचंदणासगासं । ताओ य ताव पडिक्कंताओ, मियावई आलोएउं पवत्ता, अज्जचंदणाए भण्णइ–कीस अज्जे ! चिरं ठियासि ?, न जुत्तं नाम तुमं उत्तमकुलप्पसूयाए एगागि-णीए चिरं अच्छिउंति, सा सब्भावेण मिच्छा मि दुक्कडंति भणमाणी अज्जचंदणाए पाएसु पडिया, अज्जचंदणा य ताए वेलाए संथारं गया, ताहे निद्दा आगया, पसुत्ता, मियावईएवि तिव्वसंवेगमा-वण्णाए पायपडियाए चेव केवलणाणं समुप्पण्णं । सप्पो य तेणंतेणमुवागओ, अज्जचंदणाए य संथारगाओ हत्थो ओलंबिओ, मियावईए मा खज्जिहितित्ति सो हत्थो संथारगं चडाविओ, सा विउद्धा भणइ–किमेयंति ?, अज्जवि तुमं अच्छसित्ति मिच्छा मि दुक्कडं, निद्दप्पमाएणं

---

છે એમ સમજીને લાંબાકાળ સુધી ત્યાં જ રહ્યા. (કારણ કે સૂર્ય પોતાના મૂળ વિમાન સાથે આવેલ હોવાથી ત્યાં રાત હોવા છતાં પ્રકાશને કારણે દિવસ જ લાગતો હતો.) શેષ અન્ય સાધ્વીજીઓ તીર્થંકરને વંદન કરીને પોતાના સ્થાને ગયા. એવામાં ચંદ્ર-સૂર્ય પણ તીર્થંકરને વંદન કરીને પાછા ફર્યા. તેથી ત્યાં તરત જ અંધારું થઈ ગયું. મૃગાવતીજી ગભરાઈ ગયા અને ચંદનાસાધ્વીજી પાસે ગયા. ત્યાં બધા સાધ્વીજીઓએ પ્રતિક્રમણ કરી લીધું હતું. મૃગાવતીએ પ્રતિક્રમણ કરવાનું શરૂ કર્યું. તેથી ચંદનાસાધ્વીજીએ કહ્યું – 'હે સાધ્વીજી ! તમે કેમ લાંબાકાળથી ત્યાં રહ્યા હતા ? તમારા જેવા ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલાને એકલા આટલી બધી વાર ત્યાં રહેવું યોગ્ય નથી.'

મૃગાવતીજી પૂર્ણ સદ્ભાવવડે મિચ્છા મિ દુક્કડં બોલતા ચંદનાસાધ્વીજીના પગમાં પડ્યા. તે વેળાએ ચંદનાસાધ્વીજી સંથારા ઉપર બેઠા હતા. એવામાં એમને નિદ્રા આવી. તેઓ સૂઈ ગયા. તીવ્ર સંવેગભાવને પામેલા અને પગમાં પડેલા મૃગાવતીજીને તે જ સમયે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. એવામાં સંથારાની બાજુમાંથી એક સાપ પસાર થતો હતો. ચંદનાસાધ્વીજીનો એક હાથ સંથારાથી બહાર આવેલો હતો. મૃગાવતીજીએ સાપ ડંખ ન મારે તે માટે તેમનો હાથ સંથારા ઉપર ચઢાવ્યો. એટલે તરત જ જાગેલાં એવા ચંદનાસાધ્વીજીએ મૃગાવતીજીને કહ્યું – "અરર ! તમે હજુ અહીં જ છો, મારું મિચ્છા મિ દુક્કડં, નિદ્રાપ્રમાદને કારણે મેં તમને જવા માટેની રજા આપી નહિ."

---

३५. तत्र मृगावती आर्योदयनमाता दिवस इतिकृत्वा चिरं स्थिता, शेषाः साध्व्यस्तीर्थकरं वन्दित्वा स्वनिलयं गताः, चन्द्रसूर्यावपि तीर्थकरं वन्दित्वा प्रतिगतौ, शीघ्रमेव विकालीभूतं, मृगावती संभ्रान्ता, गता आर्यचन्दनासकाशं । ताश्च तावत्प्रतिक्रान्ताः, मृगावत्यालोचितुं प्रवृत्ता, आर्यचन्दनया भण्यते–कथमार्ये ! चिरं स्थिताऽसि ?, न युक्तं नाम तव उत्तमकुलप्रसूताया एकाकिन्याः चिरं स्थातुमिति, सा सद्भावेन मिथ्या मे दुष्कृतमिति भणन्ती आर्यचन्दनायाः पादयोः पतिता, आर्यचन्दना च तस्यां वेलायां संस्तारके स्थिता, तदा निद्राऽऽगता, प्रसुप्ता, मृगावत्या अपि तीव्रसंवेगमापन्नायाः पादपतिताया एव केवलज्ञानं समुत्पन्नं । सर्पश्च तेन मार्गेणोपागतः, आर्यचन्दनायाश्च हस्तः संस्तारकादवलम्बितः, मृगावत्या मा खादीदिति स हस्तः संस्तारके चटापितः, सा विबुद्धा भणति–किमेतदिति, अद्यापि त्वं तिष्ठसीति मिथ्या मे दुष्कृतं, निद्राप्रमादेन

**[३६] णं उट्ठावियासि, मियावई भणइ–एस सप्पो मा भे खाहिइत्ति अतो हत्थो चडाविओ, सा भणइ–कहिं सो ?, सा दाएइ, अज्जचंदणा अपेच्छमाणी भणइ–अज्जे ! किं ते अइसओ ?, सा भणइ–आमं, तो किं छाउमत्थिओ केवलिओत्ति ?, भणइ–केवलिओ, पच्छा अज्जचंदणा पाएसु पडिऊण भणइ–मिच्छा मि दुक्कडंति, केवली आसइओत्ति, इयं भावपडिक्कमणं । एत्थ गाहा–**

*"जइ य पडिक्कमियव्वं अवस्स काऊण पावयं कम्मं ।*
*तं चेव न कायव्वं तो होइ पए पडिक्कंतो ॥१॥"*

**त्ति गाथार्थः ॥१०४८॥ इह च प्रतिक्रमामीति भूतात् सावद्ययोगान्निवर्तेऽहमित्युक्तं भवति, तस्माच्च निर्वृत्तिर्यत्तदनुमतेर्विरमणमिति, तथा निन्दामीति गर्हामि, अत्र निन्दामीति जुगुप्से इत्यर्थः गर्हामीति च तदेवोक्तं भवति, एवं तर्हि को भेद एकार्थत्वे ?, उच्यते, सामान्यार्थभेदेऽपीष्टविशेषार्थो**

મૃગાવતીજીએ કહ્યું – "આ સાપ આપને ડંખ ન મારે માટે મેં આપનો હાથ સંથારા ઉપર ચઢાવ્યો." ચંદનાસાધ્વીજીએ પૂછ્યું – "ક્યાં છે સાપ ?" મૃગાવતીજીએ સાપને દેખાડ્યો. પરંતુ સાપને નહિ જોતા એવા ચંદનાસાધ્વીજીએ પૂછ્યું "હે સાધ્વી ! શું તમને કોઈ અતિશય પ્રાપ્ત થયો છે ? (કે જેથી આવા ઘોર અંધકારમાં પણ તમને સાપ દેખાય છે.)" મૃગાવતીજીએ કહ્યું – "હા." ચંદનાસાધ્વીજીએ પૂછ્યું– " શું છદ્મસ્થાવસ્થાનો અતિશય છે કે કેવલીઅવસ્થાનો ?' મૃગાવતીજીએ કહ્યું – "કેવલી અવસ્થાનો." પછીથી ચંદનાસાધ્વીજી મૃગાવતીના પગમાં પડીને મિચ્છા મિ દુક્કડં માંગે છે – "મેં કેવલીની આશાતના કરી, મારું મિચ્છા મિ દુક્કડં." આ ભાવપ્રતિક્રમણ થયું.

અહીં આ ગાથા જાણવી કે – "જો પાપ કરીને તેનું પ્રતિક્રમણ અવશ્ય કરવાનું જ હોય તો પાપ ન કરવું એ જ ઉત્સર્ગ માર્ગે પ્રતિક્રમણ છે. પાપ ન કરનાર વ્યક્તિ જ ઉત્સર્ગમાર્ગે પ્રતિક્રાન્ત છે. ॥૧॥" ॥૧૦૪૮॥ અહીં 'પ્રતિક્રમામિ' એટલે હું ભૂતકાળના સાવદ્યયોગોથી પાછો ફરું છું' અને તેથી પાછા ફરવારૂપ જે નિર્વૃત્તિ છે તેનો અર્થ 'અનુમતિથી અટકવું.' (ટૂંકમાં प्रतिक्रमामि એટલે ભૂતકાળમાં સેવાયેલા પાપોથી હું પાછો ફરું છું અર્થાત્ તે પાપોની અનુમોદના કરતો નથી. આ પ્રમાણે **प्रतिक्रमामि** શબ્દનો વિસ્તારથી અર્થ કહ્યો.)

હવે निन्दामि અને गर्हामि બે શબ્દો છે. તેમાં निन्दामि અને गर्हामि બંને જુગુપ્સા અર્થમાં જ છે એટલે કે હું જુગુપ્સા કરું છું, અર્થાત્ તિરસ્કાર કરું છું.

**શંકા :** જો निन्दामि અને गर्हामि નો એક જ અર્થ થતો હોય તો બેમાં તફાવત શું છે ?

**સમાધાન :** સામાન્યથી અર્થનો અભેદ હોવા છતાં પણ ઈષ્ટ એવા વિશેષઅર્થવાળો ગર્હાશબ્દ

**३६. नोत्थापिताऽसि, मृगावती भणति–एष सर्पो मा भवन्तं खादीदिति भावत्को (अतो) हस्तश्चटापितः, सा भणति–क्व सः ?, सा दर्शयति, आर्यचन्दना अपश्यन्ती भणति–आर्ये किं तवातिशयः ?, सा भणति–ओम्, तर्हि किं छाद्मस्थिकः कैवलिक इति ?, भणति–कैवलिकः, पश्चादार्यचन्दनापादयोः पतित्वा भणति–मिथ्या मे दुष्कृतमिति केवल्याशातित इति, इदं भावप्रतिक्रमणं । अत्र गाथा–यदि च प्रतिक्रान्तव्यमवश्यं कृत्वा पापकं कर्म । तदेव न कर्त्तव्यं तदा भवति पदे प्रतिक्रान्तः ॥१॥ इति**

गर्हाशब्दः, यथा सामान्ये गमनार्थे गच्छतीति गौः, सर्पतीति सर्पः, तथाऽपि गमनविशेषोऽवगम्यते शब्दार्थादेव, एवमिहापि निन्दागर्हयोरिति ॥

तं चार्थविशेषं दर्शयति—

**सचरित्तपच्छयावो निंदा तीए चउक्कनिक्खेवो ।**
**दव्वे चित्तयरसुआ भावेसु बहू उदाहरणा ॥१०४९॥**

**व्याख्या :** सचरित्रस्य सत्त्वस्य पश्चात्तापो निन्दा, स्वप्रत्यक्षं जुगुप्सेत्यर्थः, उक्तं च— "*आत्मसाक्षिकी निन्दा*" 'तीए चउक्कनिक्खेवो 'त्ति तस्यां तस्या वा नामादिभेदचतुष्को निक्षेप इति, तत्र नामस्थापने अनादृत्याऽऽह—'दव्वे चित्तकरसुया भावेसु बहू उदाहरण 'त्ति द्रव्यनिन्दायां चित्रकरसुतोदाहरणं, [३७] सा जहा रण्णा परिणीया अप्पाणं णिंदियाइयत्ति, भावनिन्दायां सुबहून्युदाहरणानि योगसङ्ग्रहेषु वक्ष्यन्ते, लक्षणं पुनरिदं—

*"[३८] हा ! दुट्ठु कयं हा ! दुट्ठु कारियं दुट्ठु अणुमयं इत्ति ।*
*अंतो अंतो डज्झइ पच्छातावेण वेवंतो ॥१॥"त्ति*

गाथार्थः ॥१०४९॥

---

જાણવો. જેમ કે—જે જાય છે તે ગાય, જે સરકે છે તે સાપ. અહીં સામાન્યથી ગમન અર્થમાં ગાય અને સર્પ શબ્દ હોવા છતાં સર્પ શબ્દ વિશેષપ્રકારની ગમન પદ્ધતિને જણાવનાર છે, તેમ અહીં પણ નિંદા અને ગર્હા શબ્દોનો સામાન્ય અર્થ એક હોવા છતાં ગર્હાશબ્દ વિશેષઅર્થને જણાવનાર છે.

**અવતરણિકા :** તે વિશેષ અર્થને જ બતાવે છે ⇨

ગાથાર્થ : **ચારિત્રવાળાનો પશ્ચાત્તાપ એ નિંદા છે. તેના ચાર નિક્ષેપા છે. દ્રવ્યમાં ચિત્રકારની પુત્રીનું ઉદાહરણ જાણવું અને ભાવમાં ઘણા ઉદાહરણો છે.**

**ટીકાર્થ :** ચારિત્રયુક્ત જીવનો જે પશ્ચાતાપ તે નિંદા છે અર્થાત્ આત્મસાક્ષીએ નિંદા કરવી તે નિંદા. કહ્યું છે, 'નિંદા આત્મસાક્ષિકી છે'. નિંદાને વિશે અથવા નિંદાના નામાદિ ચાર નિક્ષેપ છે. તેમાં નામ, સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને કહે છે – દ્રવ્યનિંદામાં ચિત્રકારની પુત્રીનું ઉદાહરણ જાણવું.

રાજા સાથે પરણ્યા પછી એકાન્તમાં તે જે રીતે પોતાની જાતને નિંદતી હતી તે રીતે અહીં સમજી લેવું. (આ દૃષ્ટાન્ત આગળ પ્રતિક્રમણ અધ્યયનમાં ગા. ૧૨૪૨માં છે.) ભાવનિંદામાં ઘણા બધાં ઉદાહરણો છે. જે આગળ યોગસંગ્રહમાં કહેવાશે. નિંદાનું લક્ષણ આ પ્રમાણે જાણવું – "હા ! ખોટું કર્યું, હા ! ખોટું કરાવ્યું, હા ! ખોટું અનુમોદ્યું. આ પ્રમાણે પશ્ચાત્તાપવડે ધ્રુજતો મનમાં ને મનમાં બળ્યા કરે છે. ॥૧॥" ॥ ૧૦૪૯ ॥

---

३७ सा यथा राज्ञा परिणीताऽऽत्मानं निन्दितवतीति ।

३८. हा ! दुष्टु कृतं हा ! दुष्टु कारितं दुष्ट्वनुमतं इति । अन्तरन्तर्दह्यते पश्चात्तापेन चैवान्तः ( वेपन् ) ॥१॥ इति ।

गरहावि तहाजाईअमेव नवरं परप्पगासणया ।
दव्वंमि मरुअनायं भावे सुबहू उदाहरणा ॥१०५०॥

व्याख्या : गर्हाऽपि 'तथाजातीयैवे'ति निन्दाजातीयैव, नवरमेतावान् विशेषः—परप्रकाशनया गर्हा भवति, या गुरोः प्रत्यक्षं जुगुप्सा सा गर्हेति, *'परसाक्षिकी गर्हे'*ति वचनाद्, असावपि चतुर्विधैव, तत्र नामस्थापने अनादृत्यैवाह—'दव्वंमि मरुअणायं भावे सुबहू उदाहरण'त्ति । तत्र द्रव्यगर्हायां मरुकोदाहरणं, तच्चेदम्—[३९]आणंदपुरे मरुओ ण्हुसाए समं संवासं काऊण उवज्झायस्स कहेइ जहा सुविणए ण्हुसाए समं संवासं गओमित्ति । भावगर्हाए साधू उदाहरणं—

*"गंतूण गुरुसगासे काऊण य अंजलिं विणयमूलं ।*
*जह अप्पणो तह परे जाणावण एस गरहा उ ॥१॥"*

त्ति गाथार्थः ॥१०५०॥

तत्र निन्दामि गर्हामीत्यत्र गर्हा जुगुप्सोच्यते, तत्र किं जुगुप्से ?, 'आत्मानम्' अतीतसावद्ययोगकारिणमश्लाघ्यम्, अथवाऽत्राणम्—अतीतसावद्ययोगं त्राणविरहितं जुगुप्से, सामायिकेनाधुना त्राणमिति, अथवा 'अत सातत्यगमने' अतनं—अतीतसावद्ययोगं सततभवनप्रवृत्तं

---

**ગાથાર્થ :** ગર્હા પણ નિંદા સમાન જ છે છતાં બીજાને કહેવાવડે ગર્હા થાય છે. દ્રવ્યમાં બ્રાહ્મણનું દૃષ્ટાન્ત અને ભાવમાં ઘણા ઉદાહરણો છે.

**ટીકાર્થ :** ગર્હા પણ નિંદા સમાન જ છે. પરંતુ આટલો તફાવત જાણવો કે - પરપ્રકાશ વડે ગર્હા થાય છે, અર્થાત્ ગુરુની સાક્ષિએ પોતાના અતિચારોની જે નિંદા તે ગર્હા કહેવાય છે. કહ્યું છે - 'પરસાક્ષિકી ગર્હા હોય.' આ ગર્હા પણ ચાર પ્રકારે છે. તેમાં નામ, સ્થાપનાને છોડીને જણાવે છે. દ્રવ્યગર્હામાં બ્રાહ્મણનું ઉદાહરણ—આનંદપુર નગરમાં એક બ્રાહ્મણ પોતાની પુત્રવધૂ સાથે રાત્રિ પસાર કરીને ઉપાધ્યાય પાસે ગર્હા કરવા બોલે છે કે 'મેં સ્વપ્નમાં પુત્રવધૂ સાથે રાત્રિ પસાર કરી.' એની આ ગર્હા ખોટી હોવાથી દ્રવ્યગર્હા કહેવાય છે.

ભાવગર્હામાં સાધુનું ઉદાહરણ જાણવું – ગુરુ પાસે જઈને વિનયપૂર્વક અંજલિ જોડીને જે રીતે પોતાને પાપનું જ્ઞાન છે તે રીતે બીજાને=ગુરુને પાપ જણાવવું તે ગર્હા કહેવાય છે. (ઓઘનિર્યુક્તિ-૧૫૮) ॥૧૦૫૦॥

'निंदामि, गर्हामि' અહીં જુગુપ્સાને ગર્હા કહેવાય છે. કોની જુગુપ્સા હું કરું છું ? તે કહે છે – અતીતકાળમાં સાવદ્યયોગને કરનારા અપ્રશંસનીય આત્માની અથવા અત્રાણ એટલે કે સંસારના ભયથી બચાવવા માટે અસમર્થ, માટે જ ત્રાણથી રહિત એવા અતીત સાવદ્યયોગની હું જુગુપ્સા કરું છું, કારણ કે હવે સામાયિકવડે મારું રક્ષણ થશે. ([H]ભાવાર્થ છે કે - હવે રક્ષણ કરનાર એવું સામાયિક પ્રાપ્ત થયા પછી ત્રાણ રહિત એવા અતીત સાવદ્યયોગની હું નિંદા કરું છું) અથવા અત્ ધાતુ 'સતત ગમન કરવું' અર્થમાં છે. તેથી અતનને='સતત થવામાં પ્રવૃત્ત એવા

---

३९. आनन्दपुरे मरुकः स्नुषया समं संवासं कृत्वा उपाध्यायाय कथयति, यथा स्वप्ने स्नुषया समं संवाशं गतोऽस्मीति । भावगर्हायां साधुरुदाहरणम्—गत्वा गुरुसकाशं कृत्वा चाञ्जलिं विनयमूलम् । यथाऽऽत्मनस्तथा परेषां ज्ञापनमेषा गर्हा तु ॥१॥

**निवर्तयामीति, 'व्युत्सृजामी'ति विविधार्थो विशेषार्थो वा विशब्दः उच्छब्दो भृशार्थः सृजामि–त्यजामीत्यर्थः, विविधं विशेषेण वा भृशं त्यजामिव्युत्सृजामि अतीतसावद्ययोगं, व्यवसृजामीति वा, अवशब्दोऽधःशब्दस्यार्थे विशेषेणाधः सृजामीत्यर्थः, नन्वेवं सावद्ययोगपरित्यागात् करोमि भदन्त ! सामायिकमिति सावद्ययोगनिवृत्तिरुच्यते, तस्य व्यवसृजामि शब्दप्रयोगे वैपरीत्यमापद्यते, तत्र, यस्मात् मांसादिविरमणक्रियानन्तरं व्यवसृजामीति प्रयुक्ते तद्विपक्षत्यागो मांसभक्षण-निवृत्तिरभिधीयते, एवं सामायिकानन्तरमपि प्रयुक्ते व्यवसृजामिशब्दे तद्विपक्षत्यागोऽवगम्यते, स च तद्विपक्षः सुगम एवेत्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते, ग्रन्थविस्तरभयाद्, गमनिकामात्रप्रधानत्वात् प्रारम्भस्य ॥**

**साम्प्रतं व्युत्सर्गप्रतिपादनायाऽऽह ग्रन्थकारः—**

---

અતીત સાવદ્યયોગને અટકાવું છું. હવે 'व्युत्सृजामि' શબ્દનો અર્થ કરે છે – વિ શબ્દ વિવિધ અર્થમાં કે વિશેષ અર્થમાં છે. ઉત્ શબ્દ અત્યંત અર્થમાં છે. સૃજામિ એટલે હું ત્યાગ કરું છું. સંપૂર્ણ અર્થ – વિવિધ એવા સાવદ્ય- યોગોનો અથવા સામાન્યથી નહિ પણ વિશેષથી સાવદ્યયોગોનો અત્યંત = ખૂબ સારી રીતે હું ત્યાગ કરું છું. અથવા व्यवसृजामि શબ્દ સમજવો. અહીં अव શબ્દ अधः શબ્દના અર્થમાં જાણવો. તેથી વિશેષ કરીને નીચેથી (દૂરથી) ત્યાગ કરું છું.

